# મધ્યકાલીન ગુજરાતી કથાકોશ

મધ્યકાલીન ગુજરાતી
લૌકિક કથાત્મક કૃતિઓનો
વર્ણાનુક્રમે પ્રસ્તુત
કથાસાર

**પહેલો ખંડ**


સંપાદક
હરિવલ્લભ ભાયાણી

સંશોધન-સહાયક અને મુખ્ય અધિકરણ-લેખક
કનુભાઇ શેઠ વસંતરાય દવે



ગુજરાત સાહિત્ય અકાદમી
ગાંધીનગર

મધ્યકાલીન ગુજરાતી કથાકોશ

કહબંધે તં નત્થિ જયમ્મિ જં કહ વિ ચુક્કં ॥

(ઉદ્દ્યોતનસૂરિકૃત ‘કુવલયમાલાકથા’)

‘જગતમાં એવો કોઈ પદાર્થ નથી જેને કથારચનામાં સ્થાન ન મળ્યું હોય’.

# મધ્યકાલીન ગુજરાતી કથાકોશ

મધ્યકાલીન ગુજરાતી
લૌકિક કથાત્મક કૃતિઓનો
વર્ણાનુક્રમે પ્રસ્તુત
કથાસાર

## પહેલો ખંડ

સંપાદક
હરિવલ્લભ ભાયાણી

સંશોધન-સહાયક અને મુખ્ય અધિકરણ-લેખક
કનુભાઈ શેઠ	વસંતરાય દવે

ગુજરાત સાહિત્ય અકાદમી
ગાંધીનગર

**Madhyakālīn Gujarātī Kathākoś**

(Treasury of Medieval Gujarati Tales and Narratives)

Edited by Harivallabh Bhayani

Published by Gujarat Sahitya Akademi
Daftarbhandar Bhavan, Sector-17,
Gandhinagar-382 017

© ગુજરાત સાહિત્ય અકાદમી

પહેલી આવૃત્તિ : ૧૯૯૧    પ્રત : ૧૧૫૦

કિંમત : રૂ. ૧૩૫-૦૦    Rs. 135-00

પ્રકાશક : ડૉ. હસુ યાજ્ઞિક
મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી
દફ્તરભંડાર, ભવન, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨ ૦૧૭

મુદ્રક : હરજીભાઈ એન. પટેલ
ક્રિશ્ના પ્રિન્ટરી
૯૬૬, નારણપુરા જૂના ગામ,
અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન : ૪૮૪૩૯૩

# પ્રકાશકીય

ગુજરાત સાહિત્ય અકાદમીની ૧૯૮૩માં સ્થાપના થતાં આરંભમાં જ અકાદમીની પ્રકાશન–પ્રવૃત્તિ અંગે વિચારવામાં આવ્યું હતું અને ગુજરાતી ભાષાસાહિત્યના ઉત્કર્ષ–વિકાસ માટે ઉપયોગી હોય એવાં પુસ્તકોનું પ્રકાશન હાથ ધરવામાં આવ્યું હતું. એ સમયે જ કેટલાક મહત્ત્વના સંદર્ભગ્રન્થો તૈયાર કરાવવાની પણ વિવિધ યોજના વિચારણામાં લેવામાં આવી, તે પૈકીની મહત્ત્વની યોજના, મધ્યકાલીન ગુજરાતી કથાકોશના નિર્માણ–પ્રકાશનની હતી. ગુજરાતી ભાષામાં પ્રાચીન–મધ્યકાલીન કુળની અનેક કથાઓ આજ સુધી વિવિધ સ્વરૂપ અને પ્રકારોમાં જળવાયેલી રહી છે, પરંતુ તે સઘળી નહીં તો છેવટે અભ્યાસમૂલ્ય ધરાવતી મહત્ત્વની કથાઓનાં કથાનકોનો સંક્ષેપમાં પરિચય આપી શકે અને તેના વિશેષ અભ્યાસમાં સહાયભૂત બને તેવા જરૂરી સંદર્ભ પણ પૂરા પાડે એવો ગુજરાતી ભાષામાં એક પણ ગ્રન્થ ઉપલબ્ધ નથી. સ્વ. શ્રી. ડાહ્યાભાઈ દેરાસરીનો પુરાણકથા–કોશ ગુજરાતીમાં છે, પરંતુ ગુજરાતીની મહત્ત્વની કથાઓનો કોઈ પણ કોશ નથી.

આથી મધ્યકાલીન કથાકોશની યોજનાનો અકાદમીએ અમલ કર્યો ને તેનું સંપાદન આ પ્રકારના કાર્ય માટેના ઉત્તમ અધિકારી વિદ્વાન ડૉ. હ. ચૂ. ભાયાણીને સોંપ્યું. અનેક બીજાં હાથ પરનાં કામો હોવા છતાં ડૉ. ભાયાણી સાહેબે અકાદમીની આ ખાતાકીય યોજનાનું સંપાદન સ્વીકાર્યું એનું કારણ એ છે કે મૂળભૂત તો આ સમગ્ર યોજના ડૉ. ભાયાણીનું જ સ્વપ્ન છે. મધ્યકાલીન વિષયના અભ્યાસમાં જે પ્રમાણમાં આપણે ત્યાં કૃતિકેન્દ્રી અભ્યાસો થયા છે તેને મુકાબલે સ્વરૂપલક્ષી કે પ્રવાહલક્ષી અભ્યાસો થયા જ નથી એમ કહીએ એ જ ઉચિત છે. ડૉ. ભાયાણીનું સ્વપ્ન હતું કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અભ્યાસની આ ઊણપ દૂર કરવી અને કૃતિકેન્દ્રી અભ્યાસો, જે સામાન્ય સ્વીકૃત સાહિત્યકીય ધોરણે થાય છે, તેને બદલે વિષયવસ્તુ અને પ્રવાહના, આ પ્રકારના સાહિત્ય માટે અપેક્ષિત છે તેવાં શાસ્ત્રીય ધોરણે અભ્યાસો થાય એ માટે નવી દિશા ઉઘાડવી. ડૉ. ભાયાણીએ ખુદે તો 'શોધ અને સ્વાધ્યાય' જેવા સંગ્રહ દ્વારા આ પ્રકારના ગતકાલીન યુગના સાહિત્યનો, સવિશેષે તો કથાસાહિત્યનો અભ્યાસ કેવી રીતે થવો જોઈએ તેના પાશ્ચાત્ય પરિપાટીનાં ઉત્તમ ધોરણો સ્થાપ્યાં જ હતાં ને એમના મનમાં આખ્યાન, રાસ જેવાં સ્વરૂપો અને પ્રેમકથા જેવા પ્રકારોના વિષયવસ્તુલક્ષી અભ્યાસોની દિશામાં નવદીક્ષિતો ઘડવાનો ખ્યાલ હતો. એટલે તો એમણે આખ્યાનસાહિત્યનો શશિન્ ઓઝા પાસે, રાસસાહિત્યનો ડૉ. ભારતી વૈદ્ય પાસે અને પ્રેમકથાઓનો આ લખનાર પાસે પીએચ. ડી. નિમિત્તે અભ્યાસ કરાવ્યો. કથાકોશની કામગીરી કોઈ એક વ્યક્તિને સોંપી પૂર્ણ કરી શકાય તેવી ન હતી તેથી કોઈ યુનિવર્સિટી જેવી સંસ્થા આ કામ હાથમાં લે અને એક વિદ્વાનના માર્ગદર્શનમાં બીજા ચાર–પાંચ સહાયકો કામ કરે, એવી યોજના વિચારણામાં હતી. પરંતુ યુનિવર્સિટી કે અન્ય સંસ્થાઓના માળખામાં આ પ્રકારની યોજના ગોઠવાઈ ન શકી અને અંતે અકાદમીની સ્થાપના થતાં આ સ્વપ્ન આ રીતે આજ ચરિતાર્થ થયું.

મધ્યકાલીન સાહિત્યના અભ્યાસની નૂતન દિશાનો આરંભ ડૉ. ભાયાણીથી થયો છે ને એમના વિધિસર–અવિધિસર માર્ગદર્શનમાં પ્રા. જયંત કોઠારી, પ્રા. ડૉ. ચિમનભાઈ ત્રિવેદી, ડૉ. જનક દવે, ડૉ. રમેશ જાની, ડૉ. શશિન ઓઝા, ડૉ. ભારતી વૈદ્ય ને આ લખનાર જેવા મધ્યકાલીન સાહિત્યમાં રસ લેતાં, કામ કરતાં થયાં ને એ સાથે ડૉ. વસંત દવે, ડૉ. કનુભાઈ શેઠ પણ આ કામમાં, ભાયાણી–વિદ્યાકુલમાં જોડાયેલા જ રહ્યા છે. આ દિશામાં કામ કરતા વિદ્વાનોની બીજી પેઢીમાં ડૉ. બલવંત જાની અને ડૉ. નિરંજન રાજ્યગુરુએ પણ આ ગુરુકુલની દીક્ષામાં ધન્યતા અનુભવી.

આવા સંસ્થા જેવા સંપાદકને હાથે આ કામ થયું એ અકાદમીનું સદ્ભાગ્ય છે. સામાન્ય રીતે આ પ્રકારનાં કાર્યો સમયસર ભાગ્યે જ પૂરાં થાય છે ને પૂર્ણતા ને શાસ્ત્રીયતાના આદર્શો અધૂરાં જ રહેતાં હોય છે. ડૉ. ભાયાણી શાસ્ત્રીયતા ને પૂર્ણતાના આગ્રહી છે, પરંતુ એ સાથે આ પ્રકારના કામનું પ્રથમ પગલું મંડાતું હોય ત્યારે સમયગત અને સાધનગત જે ન્યૂનતા હોય એને સ્વાભાવિક રીતે સ્વીકારીને ચાલનારા વિદ્વાન છે. આથી તો એ કામ તા. ૨૩–૧–૮૭ના રોજ શરૂ થયું અને તા. ૨૮–૧–૯૧ ના રોજ પૂર્ણ પણ થઈ ગયું અને આ ગ્રન્થનું પ્રકાશન શક્ય બન્યું.

અકાદમી તો આ પ્રોજેક્ટને હજુ પણ ડૉ. ભાયાણી જેવા વિદ્વાનના માર્ગદર્શનમાં આગળ વધારવા ઇચ્છે જ. પરંતુ હાથ પરનાં બીજાં કામોનાં ભારણ, વધતી વય અને જે સ્વીકારવું તે સમયસર જ પૂર્ણ કરવાના અફર નિર્ણયના કારણે આ ચાર વર્ષમાં જે કામ થયું તેને ગ્રન્થસ્થ કર્યું છે. અને બીજી જે કંઈ સામગ્રી છે એને આધારે બીજો ગ્રન્થ પણ તૈયાર થશે.

આમ આ યોજનાના પ્રાણથી માંડીને એના દેહ સુધીના પ્રત્યેક તબક્કે ડૉ. ભાયાણીના જ માર્ગદર્શન, શ્રમ, સૂઝ, નિષ્ઠા છે. પુસ્તકના પ્રકાશન અંગેની કેટલીક જવાબદારી સ્વાભાવિક રીતે જ અકાદમીની વહીવટી ફરજ ગણાય, તેમ છતાં એ ભાર પણ એમણે જ લીધો. આ કામ પૂર્ણ થાય છે ત્યારે ડૉ. ભાયાણીનું ઋણ સ્વીકારું છું ને એમના સહાયકો તરીકે ડૉ. કનુભાઈ શેઠ અને ડૉ. વસંતભાઈ દવેએ સક્રિય સેવા આપી એ બદલ, તથા પુસ્તકનું સમયસર મુદ્રણ પૂર્ણ કરી આપવા બદલ ક્રિશ્ના પ્રિન્ટરીના શ્રી હરજીભાઈ પટેલનો આભાર માનું છું.

૧૯–૧૧–૯૧

હસુ યાજ્ઞિક
મહામાત્ર

# સંપાદકીય

**પ્રાસ્તાવિક**

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યના વિષયમાં કેટલાંક વરસ સંશોધન–અનુશીલનનું કામ કર્યા પછી મેં આજથી પચીશેક વરસ પહેલાં એક વિચાર વ્યક્ત કરેલો : 'ખરી રીતે તો આપણા મધ્યકાલીન સાહિત્યનો એક કથાકોશ તૈયાર કરવો એ અત્યારે ખૂબ જ જરૂરી કાર્ય છે. કોઈક વિદ્યાસંસ્થાને કોઈક આ સુઝાડે તો સારું.' (ભારતી વૈદ્ય, 'રાસા–સાહિત્ય', ૧૯૬૬, મારું પુરોવચન, પૃ. ૮). એ પછી આઠ વરસે ૧૯૭૪માં મેં એ ઉક્તિનું પુનરાવર્તન કર્યું હતું: 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું વસ્તુલક્ષી, ઐતિહાસિક–તુલનાત્મક અને વિશેષે તો કથાઘટકાશ્રિત અધ્યયન કરવા તરફ મેં જે કેટલાંક વરસોથી વારંવાર ધ્યાન દોર્યા કર્યું છે, તેના નક્કર પ્રતિભાવ રૂપે જનક દવે, હીરાબહેન પાઠક, હસુ યાજ્ઞિક, કનુભાઈ શેઠ વગેરેએ તેમનાં મધ્યકાલીન કૃતિઓને લગતાં સંશોધનોમાં કથાઘટકોની તારવણી અને તુલનાને લગતું કેટલુંક મૂલ્યવાન કાર્ય કર્યું છે. આવા પ્રયાસો વડે જ આપણે પ્રાચીન ગુજરાતી કથાકોશ તૈયાર કરવા માટે યોગ્ય ભૂમિકા બાંધી શકીશું.' (હસુ યાજ્ઞિક, 'મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ'. ૧૯૭૪, મારું પ્રાસ્તાવિક, પૃ. ૮).

નાનપણમાં 'કરતાં જાળ કરોળિયો'ની કવિતા હું ભણેલો, એટલે મનમાં રહેતું કે કરોળિયો જો 'ભીડ્યો છઠ્ઠી વાર,' તો આપણે ભીડવા માટે તો હજી ઠીકઠીક તકો બાકી છે. ૧૯૭૬ના અરસામાં એકવાર મેં લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના તત્કાલીન નિર્દેશક દલસુખભાઈ માલવણિયાને સૂચવ્યું કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સમૃદ્ધ કથાસામગ્રીનું અનેક દૃષ્ટિએ મહત્ત્વ હોવાથી જો તે આજના અભ્યાસીઓને સુલભ કરવાની યોજના તેમની સંસ્થા દ્વારા હાથ ધરાય તો એક મહત્ત્વનું કામ સિદ્ધ થશે. સંસ્થામાં હસ્તપ્રત–વિભાગની દેખભાળનું કામ સંભાળી રહેલા ડૉ. કનુભાઈ શેઠ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંનિષ્ઠપણે અને રસપૂર્વક કાર્ય કરતા રહેતા હતા. એટલે તેમની બીજી ફરજોની સાથે જો કથાકોશ તૈયાર કરવામાં પણ મને સહાયક તરીકે થોડોક સમય આપી શકે તો ધીમે ધીમે એ કામ પણ ચાલતું રહે, દલસુખભાઈ સંમત થયા અને કનુભાઈ શેઠે જૂની ગુજરાતીની કથાપ્રધાન કૃતિઓની સૂચિ તૈયાર કરવા માંડી. પરંતુ આગળ જતાં તેમનો બીજો કાર્યભાર વધતાં એ કામ આગળ ન ચાલ્યું.

તે પછી ૧૯૭૮માં ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. હસુ યાજ્ઞિકની સૂચનાથી મેં આ વિષયની એક સંશોધન–યોજનાની ટૂંકી રૂપરેખા અકાદમીને મોકલી આપી. પરંતુ ત્યારે અકાદમી તરફથી હાથ ધરવાનાં કામોમાં આ યોજનાનો સમાવેશ ન થઈ શક્યો. ડૉ. યાજ્ઞિક પોતે મધ્યકાલીન કથાસાહિત્યમાં સંશોધનદૃષ્ટિએ ઊંડો રસ ધરાવે છે અને અનેક નવલકથાઓના સર્જક પણ છે. એટલે એ સંશોધનયોજના અમલી બનાવવાની તક માટે તેઓ આતુર હતા. છેવટે યોજનાને અકાદમી તરફથી ૧૯૮૭માં મંજૂરી મળી, જેના ફળસ્વરૂપે મધ્યકાલીન ગુજરાતી કથાકોશનો આ પહેલો ખંડ અભ્યાસીઓ અને વાચકો સમક્ષ રજૂ થઈ રહ્યો છે.

આ કથાકોશ બે ખંડમાં પ્રકાશિત કરવાની યોજના છે. બે ખંડોમાં કરેલું આ વિભાજન વિષયવસ્તુનો ભેદ કે એવા બીજા કોઈ સ્પષ્ટ, ચોક્કસ અને વ્યાવર્તક ધોરણોને આધારે નથી કર્યું અને કદાચ એ બાબતને આયોજનની ગંભીર ખામી લેખે ગણવી હોય તો ગણી શકાય. પહેલા ખંડમાં લૌકિક કથાઓ તથા લૌકિક તત્ત્વની પ્રધાનતાવાળી કથાઓનો સમાવેશ કરવાનું વિચાર્યું—જેવી કે 'પંચતંત્ર', 'સિંહાસનબત્રીસી', 'વેતાલપચીસી', 'સૂડાબહોંતેરી', 'હંસાવલી', 'કામાવતી' 'માધવાનલ–કામકંદલા', 'મદનમોહના' વગેરેની કથાઓ. બીજા ખંડમાં પૌરાણિક, ધાર્મિક, ઔપદેશિક કે સાંપ્રદાયિક કથાઓમાંથી જે કથાતત્ત્વની દૃષ્ટિએ રસપ્રદ જણાય તેમનો સમાવેશ કરવાનું નક્કી કર્યું. આમાં દેખીતી સમસ્યા એ છે કે ઘણી વાર લૌકિક અને ધાર્મિક કથાઓ વચ્ચે ભેદ કરી શકાય તેવું નથી હોતું. ઉપરઉપરના ધાર્મિક કે ઔપદેશિક કવચ નીચે ઘણી વાર લૌકિક કથાઓ દૃષ્ટાંત રૂપે આપેલી હોય છે અને કથાઘટકની દૃષ્ટિએ તો પૌરાણિક કથાઓ અને લૌકિક કથાઓ વચ્ચે ઘણાં સમાન તત્ત્વો મળે છે. તેમ છતાં આવા વિભાજનને સગવડભર્યું ગણીને ચાલવામાં અમને બહુ વાંધો લેવા જેવું નથી લાગ્યું. પરંતુ એ પ્રકારનાં વિભાજનને પણ સાધનસામગ્રીની કેટલીક મૂળભૂત મર્યાદાઓને કારણે અમે પૂરેપૂરા કે ચુસ્તપણે વળગી રહી શક્યા નથી. પ્રકાશિત થયેલી બધી મધ્યકાલીન ગુજરાતી કથાપ્રધાન કૃતિઓ જ્યાં ઉપલબ્ધ હોય તેવા પુસ્તકાલયને અભાવે વરસો પહેલાં પુસ્તકરૂપે કે સામયિકોમાં પ્રકાશિત થયેલી કૃતિઓ મેળવવા–જોવાનું કામ ઘણું દુષ્કર હતું. વળી સામગ્રીનું પ્રમાણ એટલું મોટું છે કે બધી કૃતિઓ પહેલેથી જોવાનો આગ્રહ રાખવા જતાં પૂર્વ તૈયારીમાં જ બેએક વરસ નીકળી જાય અને પછી પણ બધાં સાધનો સમયસર હાથવગાં થવાની કશી નિશ્ચિતતા ન હતી. આ કારણે

જાણીતી અને સાધારણ પ્રયત્ને પ્રાપ્ત થઈ તેવી મુખ્યત્વે લૌકિક કથાવસ્તુવાળી કૃતિઓનો સાર આ પહેલા ખંડમાં આપ્યો છે. એ પ્રકારની થોડીક બાકી રહી ગયેલી કૃતિઓનો તેમ જ ઇતર પ્રકારની કૃતિઓનો કથાસાર બીજા ખંડમાં અપાશે.

જે લેખકોએ જે જે અધિકરણનું લેખન કર્યું છે, તેમને લગતી વિગતો આ પ્રમાણે છે :

પ્રવીણભાઈ શાહ : કામાવતી, ચંદ્ર અને ચંદ્રાવતી, હંસાવતી અને વિક્રમચરિત્ર.

હરિવલ્લભ ભાયાણી : મદન અને મોહના, રત્નચૂડ, સિંહાસનબત્રીશી–૨ (મુખ્ય કથા અને ૧ થી ૩૧ કથાઓ), હંસાવલી.

કનુભાઈ શેઠ અને વસંતરાય દવે : બાકીનાં બધાં અધિકરણો.

કથાસારો વચ્ચે પ્રમાણની, શૈલીની, ભાષાની વગેરે દૃષ્ટિએ થોડીક પણ એકરૂપતા કે સળંગસૂત્રતા સધાય તે માટે સંપાદકે અધિકરણલેખકો દ્વારા તૈયાર કરાયેલા કથાસારોમાં જરૂરી લાગ્યું ત્યાં સંક્ષેપ, વિસ્તાર કે નાનામોટા ફેરફાર કરી તેમને અંતિમ રૂપ આપ્યું છે.

કથાસાર–વિભાગની પછી આપેલું ટિપ્પણ થોડુંક તો અધ્યયન–સંશોધન માટેની ઉપયોગિતાની દૃષ્ટિએ તૈયાર કર્યું છે. તેનાં સ્વરૂપ, વ્યાપવિસ્તાર અને પ્રમાણ અનિયત રહેવા દીધાં છે. કોઈક કથાના રૂપાંતર વિશે કેવળ ટૂંકી નોંધ કે સંદર્ભ આપવાથી માંડીને જરા વિસ્તૃત તુલનાત્મક કે ઐતિહાસિક નોંધ, રીતસરનો કથાસાર કે તુલનાત્મક કોઠા સુધીનું જે હાથે ચડયું કે નજરમાં આવ્યું કે ઠીક લાગ્યું તે રજૂ કર્યું છે. કથાવાર્તાના ચાળીશેક વરસ ચાલતા રહેલા મારા તુલનાત્મક–ઐતિહાસિક અધ્યયન–સંશોધન દરમિયાન જે અનેક નાનીમોટી વેરવિખેર નોંધો એકઠી થયેલી, તેમાંથી જેટલું હાથવગું થયું તેટલું સમાવી લેવાની દૃષ્ટિ રાખી છે. આવી અવ્યવસ્થિત, છૂટકતૂટક સામગ્રી પણ આ વિષયના ભવિષ્યના સંશોધકોનો કેટલોક સમય બચાવશે અને તે દ્વારા તેમને કેટલીક નવી માહિતી મળશે એવી આશા છે.

**ઋણસ્વીકાર : આભારદર્શન**

આ કામમાં જે મિત્રોનો સાથસહકાર સાંપડયો તેમના પ્રત્યે મારો કૃતજ્ઞભાવ અહીં વ્યક્ત કરું છું. વિશેષે ડૉ. કનુભાઈ શેઠ અને ડૉ. વસંતરાય દવેએ એટલા મનમેળ અને સમજ સાથે આ કામમાં તેમને ફાળવેલી જવાબદારી નિભાવી છે કે તેમના વિના આ કાર્ય કેમ અને ક્યારે પાર પડત એમ અત્યારે મનમાં થાય છે. છેલ્લા થોડાક દસકામાં મધ્યકાળના અધ્યયનની આપણે ત્યાં થયેલી ઘોર ઉપેક્ષાની પરિસ્થિતિ જોતાં એમના જેવા અભ્યાસીઓને આ વિષયના અધ્યયન પરત્વે રણમાં વીરડા જેવા જ ગણાવા પડે. તેમણે કથાસાર તૈયાર કરવા ઉપરાંત ટિપ્પણી તૈયાર કરવામાં અને સંદર્ભો મેળવવા–ચકાસવામાં પણ ઘણી સહાય કરી છે. અનેક નાની–મોટી બાબતોમાં તેમની ચોકસાઈ, ઝીણવટ અને જાણકારી ઉપયોગી થઈ છે.

લોકકથાવિષયક અનેક પૂર્વવર્તી ગ્રંથો અને ગ્રંથકારોની સામગ્રીનો આ કથાકોશમાં યથાશક્ય લાભ લીધો છે. એ પૂર્વસૂરિઓનું ઋણ ઘણું મોટું છે. એમને ખભે ચડીને જ થોડુંક આગળ જોઈ શકાય. મુખ્યત્વે લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરનું અને ક્વચિત ગુજરાત વિદ્યાપીઠનું પુસ્તકાલય અમારા આ કામમાં ઉપયોગી થયું છે, તે માટે તેમના આભારી છીએ.

જ્યારે આપણી ઘણીખરી વિદ્યા અને સાહિત્યની સંસ્થાઓમાં મધ્યકાલીન અને પરંપરાગત સાહિત્યને લગતું સંશોધન અને અધ્યયનનું કાર્ય ઉપેક્ષિત કે સ્થગિત બની ગયું છે, ત્યારે ગુજરાત સાહિત્ય અકાદમીએ હમણાં એ વિષયના કેટલાક સંદર્ભગ્રંથો અને સંશોધનગ્રંથો પ્રકાશિત કરીને તે દ્વારા તેનો જે ગણનાપાત્ર પુરસ્કાર કર્યો છે, તે બદલ તેને મોટું શ્રેય ઘટે છે. આમાં અકાદમીના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ ડૉ. સુરેશ દલાલ અને વિશેષે તેના મહામાત્ર ડૉ. હસુ યાજ્ઞિક તેમની સક્રિય સામેલગીરીને લીધે યશભાગી છે. તેમના વિના આ યોજના કાર્યાન્વિત ન થઈ શકી હોત. ડૉ. યાજ્ઞિકે ડગલે ને પગલે અને પ્રત્યેક તબક્કે—યોજનાના સ્વીકારથી માંડીને કથાકોશના આ પ્રથમ ખંડના મુદ્રણની સમાપ્તિ સુધી—અંગત રસ લઈને સહાય કરી છે.

અંતમાં આ પ્રયાસમાં જે કોઈ માહિતીદોષ, પદ્ધતિદોષ, ઉપેક્ષાદોષ, અપ્રસ્તુતદોષ, વિસંગતિદોષ, અસમતોલતાદોષ વગેરે દોષો રહ્યા હોય તે માટે તથા મુદ્રણદોષો માટે ક્ષમાયાચના કરી, આ દિશાના જે ભાવી પ્રયાસો થાય તેમાં એ દોષોનું નિવારણ થશે એવી અભિલાષા હું વ્યક્ત કરું છું. કથાકોશના બીજા ખંડના કામનો આરંભ થયો છે અને બધી પરિસ્થિતિ અનુકૂળ રહેશે તો નિયત સમયમાં તેનું કામ પણ પૂરું થશે એવી ધારણા છે.

**હરિવલ્લભ ભાયાણી**

**અમદાવાદ**
**૧ જાન્યુઆરી ૧૯૯૨**

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રકાશકીય | [ ૫ ] |
| સંપાદકીય | [ ૭ ] |
| અનુક્રમણિકા | [ ૯ ] |
| ભૂમિકા | [૧૦] |
| કથાકોશ | |
| (૧) કથાસાર | ૧–૩૫૦ |
| (૨) ઐતિહાસિક–તુલનાત્મક ટિપ્પણ | ૩૫૧–૩૭૬ |
| સંદર્ભસૂચિ | ૩૭૭ |
| શુદ્ધિપત્ર | ૩૮૭ |

# ભૂમિકા

## ભારતીય કથાસાહિત્ય

ભારતીય કથાભંડાર જગતનો સૌથી વધુ સમૃદ્ધ કથાભંડાર છે. અઢી–ત્રણ હજાર વરસથી ભારતની પ્રાચીન અર્વાચીન અનેક ભાષાઓમાં કથાવાર્તાઓ રચાતી આવી છે. હજારો ગ્રંથોમાં એ સંગૃહીત થયેલી છે અને અત્યારે મૌખિક પરંપરામાં પણ હજારો કથાઓ જીવતી છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને અર્વાચીન ભારતીય-આર્યભાષાઓની તથા દ્રાવિડી પરિવારની ભાષાઓની લિખિત તેમ જ મૌખિક પરંપરાઓમાં સમગ્રપણે જે કથાવાર્તાઓ મળે છે તેમની સંખ્યાનો કોઈ અંદાજ બાંધી શકાય તેમ નથી. મૂળ કથાઓ, તેમનાં રૂપાંતરો, ઘટકો અને મિશ્રણોની દૃષ્ટિએ આનાં લાખે લેખાં થાય. વિશ્વની બીજી કોઈ પણ સાંસ્કૃતિક પરંપરા પાસે, વિપુલતા, વૈવિધ્ય અને સાતત્યની દૃષ્ટિએ આની સ્પર્ધામાં ઊભું રહી શકે તેવું કથાસાહિત્ય નથી. ભારતીય કથાસાહિત્યને અગાધ અને અફાટ મહાસાગરની ઉપમા આપીએ તો તેમાં કશી અતિશયોક્તિ નથી. યુરોપ, એશિયા, આફ્રિકા વગેરે પ્રદેશોની લોકકથાઓના ઇતિહાસ અને તુલનાત્મક અધ્યયનને માટે, તથા કથાઓના એક કેન્દ્રમાંથી બીજા કેન્દ્રમાં થતા પ્રસરણ અને રૂપાંતરણની તપાસ માટે ભારતીય કથાઓ અને કથાગુચ્છો સર્વાધિક મહત્ત્વ ધરાવે છે. 'બૃહત્કથા', 'જાતકકથાઓ', 'પંચતંત્ર', 'સિંહાસન–દ્વાત્રિંશિકા', 'વેતાલપંચવિંશતિ', 'શુકસપ્તતિ' વગેરેનું આ દૃષ્ટિએ ઘણા લોકકથાવિદોએ સઘન અને વ્યાપક અધ્યયન કરેલું છે.

## મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય

ભારતીય કથાસાહિત્યની પરંપરામાં પ્રાચીન–મધ્યકાલીન ગુજરાતીનું કથાસાહિત્ય—એટલે કે બારમા શતાબ્દીથી ઓગણીશમી શતાબ્દીના પૂર્વાર્ધ સુધીનું—ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. અન્ય મધ્યકાલીન ભારતીય ભાષાઓની સરખામણીમાં ગુજરાતી કથાસાહિત્ય સૌથી વધુ સમૃદ્ધ છે. કશી વ્યવસ્થિત કે ચોક્કસ તપાસ તો થઈ નથી, પણ અટકળે–અંદાજે બેથી ત્રણ હજાર જેટલી નાની મોટી વાર્તાઓ, આખ્યાયિકાઓ, આખ્યાનકો, કથાનકો ને કહાણીઓ એ સાડા છ સો વરસમાં રચાયેલા સાહિત્યમાં સંગ્રાહાયેલી છે, અને તેમાંની કેટલીક કથાઓ પર તો બેથી પચીશ–ત્રીશ સુધીની વિવિધ લેખક અને સમયની રચનાઓ મળે છે.

## કથાકોશ

મધ્યકાલીન ગુજરાતી કથાપ્રવાહની આ વિપુલ સામગ્રીનો ઐતિહાસિક, તુલનાત્મક અને સાહિત્યિક અધ્યયન માટે આપણે તો જ ઉપયોગ કરી શકીએ, જો એ સામગ્રીને કશાક વ્યવસ્થિત અને સગવડભર્યા રૂપમાં ગોઠવીને રજૂ કરી હોય. આ માટે કોશનું સ્વરૂપ ઘણું ઉપયોગી છે, કેમ કે કથાકોશના રૂપમાં રજૂ થતી કથાસામગ્રી વર્ણાનુક્રમે ગોઠવેલી હોવાથી, જોઈતી માહિતી શબ્દકોશની જેમ તેમાંથી સરળતાથી ખોળી શકાય છે.

પ્રસ્તુત કથાકોશ મધ્યકાલીન કે જૂની ગુજરાતીના સાહિત્યની જે કૃતિઓ મુખ્યત્વે કથાત્મક છે તેમનો સારસંગ્રહ છે. ઇસવી બારમી શતાબ્દીથી ઓગણીશમી શતાબ્દીના પૂર્વાર્ધ સુધીના સમયગાળામાં રચાયેલી જે કૃતિઓમાં કથાવાર્તાનું તત્ત્વ પ્રધાન છે તેમનું કથાવસ્તુ—એટલે કે કથાનું માળખું, રૂપરેખા કે સાર અહીં કૃતિવાર આપવામાં આવેલ છે. તેમાં સંળગસૂત્ર ઘટનાપ્રવાહ, કોની બાબતમાં શું બન્યું અને કેમ બન્યું તેનો કડીબદ્ધ વૃત્તાંત સંક્ષેપમાં તારવીને આપવાનું લક્ષ્ય છે.

## સંજ્ઞાનું તાત્પર્ય

આ કથાઓનો કોશ છે. 'કથા' શબ્દ આજે મુખ્યત્વે ધાર્મિક કથાનો અર્થ ધરાવે છે. કથા એટલે ધર્મકથા. 'પુરાણકથા,' 'ભાવગતકથા', 'કથાવાર્તા' વગેરે જેવા પ્રયોગોમાં એ અર્થછાયા સ્પષ્ટ છે. 'કથા સુણી સુણી ફૂટ્યા કાન, અખા તોય નાવ્યું બ્રહ્મજ્ઞાન' કે 'આંધળો સસરો ને શણગટ વહુ, કથા સાંભળવા ચાલ્યાં સહુ' જેવા પ્રયોગોમાં પણ એ જ અર્થ છે. 'ધર્મકથા'નો સંક્ષેપ 'કથા' એ જ અર્થમાં વપરાતો થયો, એટલે પછી 'વાર્તા' શબ્દ લૌકિક કથાના અર્થમાં પ્રચલિત થયો. 'વાર્તા' શબ્દ મૂળે તો 'સમાચાર' કે 'વાતચીત'નો અર્થ ધરાવતો હતો, પણ પછી લૌકિક કથાના અર્થમાં તે રૂઢ થયો. જેમ કે 'બત્રીશ પૂતળીની વાર્તા', 'મડાપચીશીની વાર્તા', 'ઢોલામારુની વાર્તા', 'સદેવંત સાવળિંગાની વાર્તા.' રાજસ્થાનીમાં 'બાત' રૂપે તે આ જ અર્થમાં રૂઢ છે. પરંતુ અહીં સર્વત્ર 'કથા' શબ્દ 'ધર્મકથા'ના અર્થમાં નહીં, પણ 'કથાનક', 'કહાણી' કે 'વાર્તાના' અર્થમાં જ યોજ્યો છે. એટલે કે 'કથા'ને 'વાર્તા'નો પર્યાય જ ગણ્યો છે.

કથાઓના સાર અહીં કોશના રૂપે વર્ણાનુક્રમે રજૂ કર્યા છે—એટલે કે અકારથી શરૂ કરીને હકાર સુધીના ક્રમે ગોઠવીને મૂક્યા છે. આ વર્ણાનુક્રમ કથાઓને જે શીર્ષકો આપ્યાં છે, તેમના પહેલા શબ્દના પહેલા વર્ણ અનુસાર છે. શબ્દકોશ શબ્દોના વર્ણાનુક્રમ પ્રમાણે ગોઠવાયો હોય છે. પર્યાયકોશ અર્થવર્ગોની ગોઠવણી પ્રમાણે હોય છે. ચરિત્રકોશ ચરિત્રનાયકોના નામના વર્ણાનુક્રમે હોય છે. કથાનામકોશ કથાપાત્રના નામના વર્ણાનુક્રમે હોય છે. સાહિત્યકોશ કર્તા, કૃતિઓ, વિભાગો, વાદો, પ્રવાહો વગેરેમાંથી એક કે વધુ વિષયનાં નામોના વર્ણાનુક્રમે હોય છે, અથવા તો વિષયના વર્ગીકરણ પ્રમાણે હોય છે. જ્ઞાનકોશ તેમાં સમાવિષ્ટ વિષયોનાં શીર્ષકોના વર્ણાનુક્રમે હોય છે. પ્રસ્તુત કથાકોશ તેનાં પ્રયોજન અને સામગ્રીની દૃષ્ટિએ એ બધાથી ભિન્ન છે. તેમાં કથાની પ્રધાનતા છે.

### પ્રયોજન અને લક્ષ્ય

આવા પ્રયાસનો હેતુ કે પ્રયોજન શું? આપણી પ્રાચીન પરંપરમાં ગ્રંથકાર ગ્રંથરચનાને આરંભે પોતે જ આવો પ્રશ્ન કરીને તેનો ઉત્તર આપતો અને તે દ્વારા પોતાનાં આશય અને લક્ષ્ય સ્પષ્ટ કરતો. તે પ્રમાણે મધ્યકાલીન ગુજરાતી કથાકોશ દ્વારા જે મુખ્ય પ્રયોજનો સિદ્ધ થશે તે આ પ્રમાણે દર્શાવી શકાય :

૧. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યગત કથાસમૃદ્ધિ અને કથાપ્રવાહનું સમગ્રદર્શી, સવિગત અને પ્રમાણભૂત ચિત્ર પહેલી જ વાર ઉપલબ્ધ થશે.

૨. સંગૃહીત કથાસામગ્રીનો ઉપયોગ ભારતની તથા ભારતબહારની પૂર્વકાલીન અને ઉત્તરકાલીન કથાઓ સાથે તુલના કરવા માટે થઈ શકશે.

૩. તેને આધારે પૂર્વપરંપરામાંથી કઈ કઈ કથાઓ, ક્યા રૂપમાં જળવાઈ રહી તથા કેટલી નવી કથાઓનું નિર્માણ થયું તેનું ચિત્ર આંકી શકાશે. બીજા શબ્દોમાં, આપણા પ્રાચીન કથાવાર્તાના સાહિત્યનો કેટલો વારસો ગુજરાતના લોકોને—ગુજરાતીભાષી લોકોને—મળ્યો હતો, અને તેમાં કેવા પ્રકારની શુદ્ધવૃદ્ધિ તેમણે કરી હતી તેનું ચિત્ર આપણે જોઈ શકીશું.

૪. તેમાંથી કઈ કઈ કથાઓ આજે લોકપ્રચલિત રહી છે તે તપાસવા માટે પણ એ માહિતી ઉપયોગી બનશે.

૫. કથાપ્રકૃતિ તથા કથાઘટકના અભ્યાસ માટે તે કામમાં આવશે.

૬. મધ્યકાલીન જીવનમાં ડોકિયું કરવાની બારીઓ તરીકે પણ આ કથાસાહિત્યને જોઈ શકાશે.

૭. કથારસિકોને માટે પણ આ રસપ્રદ સામગ્રી હાથવગી બનશે.

૮. ભારતના અન્ય મધ્યકાલીન પ્રાદેશિક સાહિત્યોના અભ્યાસીઓને પણ આમાંથી પ્રેરણા મળશે.

આમ વિવિધ પ્રયોજનો સાધતા સંદર્ભગ્રંથ તરીકે આ કથાકોશ ઉપયોગી નીવડશે.

આ હેતુઓને ધ્યાનમાં રાખીને કથાતત્ત્વ ધરાવતી કૃતિઓનો કથાસાર આપવામાં આવેલ છે. આ કથાસાર એટલે આડકથા બાજુએ રાખી, વર્ણનો અને ઝીણી અનાવશ્યક વિગતો ગાળી કાઢીને, ઉત્તરોત્તર બનતી ઘટનાઓ અને આવતા પ્રસંગોને અનુસરીને આપવામાં આવેલ કથાવસ્તુનો સંક્ષિપ્ત સાર, કથાનું માળખું, રૂપરેખા કે આદિથી અંત સુધીનું સળંગસૂત્ર કથાનક.

### વ્યાપવિસ્તારની મર્યાદા

સંશોધન યોજનાઓનાં સ્વરૂપ અને વ્યાપ, ઠરાવેલ સમયાવધિ અને ખર્ચની સીમા પર અવલંબતાં હોય છે. આ હકીકતને અનુલક્ષીને તથા સામગ્રીની વિપુલતા, જાણકાર કાર્યકરોની અછત, પુસ્તકો વગેરે મૂળ સ્રોતોની અલભ્યતા કે દુલર્ભતા—એવી એવી બાબતોને ધ્યાનમાં રાખીને, અતિ વિસ્તૃત, સર્વસ્પર્શી બૃહત્કોશ તૈયાર ન કરવો પણ મર્યાદિત વ્યાપવાળો મધ્યમ કક્ષાનો કોશ બનાવવો એ અમને વ્યવહારુ લાગ્યું. તે અનુસાર સામાન્યત: નીચેનાં ધોરણો પ્રમાણે કથાસાર માટેની કૃતિઓનું પ્રમાણ મર્યાદિત કર્યું છે :

૧. નજીવા અપવાદે મુદ્રિત કૃતિઓને જ ઉપયોગમાં લેવી. જે હજી માત્ર હસ્તપ્રતના રૂપે રહેલી છે તેવી હજારો કૃતિઓ અસ્પૃષ્ટ રહેવા દેવી.

૨. જેમને આપણે સામાન્ય રીતે કલ્પિત કે લૌકિક કથાઓ કહીએ છીએ તેમનો જ મુખ્યત્વે સમાવેશ કરવો.

૩. સામાન્ય રીતે નીચેના પ્રકારની કૃતિઓની કથાસામગ્રીનો કથાકોશમાં સમાવેશ ન કરવો :

(૧) પૌરાણિક પરંપરાનાં આખ્યાનો, રાસાઓ, રામકથા, પાંડવકથા, કૃષ્ણકથા વગેરે.

(૨) તીર્થંકરચરિત્રો, ચક્રવર્તીચરિત્રો, જૈન રામાયણ અને હરિવંશ, સ્થવિરાવલીચરિત્રો, ઐતિહાસિક વ્યક્તિઓનાં ચરિત્રો.

(૩) પ્રબંધો : જેમ કે કાન્હડદે, વિમલ, હમ્મીર વગેરેને લગતા પ્રબંધો.

(૪) રૂપકકથાઓ, સીધીસપાટ બોધકથાઓ.

(૫) તત્ક્ષણ બનાવી કાઢેલી દષ્ટાંતકથા, નાના ટુચકા, ઓઠાં વગેરે.

૪. પરંતુ કલ્પિત કથાતત્ત્વની પ્રધાનતાવાળી કથાઓ અને ઉપર્યુક્ત પ્રકારની કથાઓ વચ્ચે ઘણીવાર ભેદરેખા દોરી શકાતી નથી. વળી પાછલા પ્રકારની કૃતિઓમાં કેટલીક વાર વચ્ચે દષ્ટાંત લેખે કોઈ કોઈ લૌકિક કથાઓ પણ આવે છે. આથી એ પ્રકારમાંથી પણ જે રસપ્રદ હોય, કથાતત્ત્વના ઐતિહાસિક અને તુલનાત્મક અધ્યયન માટે ઉપયોગી હોય એવી કેટલીક રચનાઓને આવરી લેવી.

૫. જ્યાં એક જ કથાને લગતી અનેક રચનાઓ મળે છે ત્યાં કોઈ એકનો જ કથાસાર માટે ઉપયોગ કરવો.

૬. એક જ કથાનાં વિવિધ રૂપાંતરો મળતાં હોય, તો તેમની વચ્ચેના નાના તફાવતોને અવગણીને એક સમાન કથાસાર આપવો. ઘટનાદષ્ટિએ મહત્ત્વનો વધારો હોય તો જ તેની નોંધ લેવી.

૭. દુષ્પ્રાપ્ય કૃતિઓને બીજા ખંડમાં લેવાનું રાખી સુલભ કૃતિઓને આધારે પહેલો ખંડ તૈયાર કરવો.

પ્રસ્તુત કથાકોશમાં અમુક શીર્ષક કે મથાળા નીચે કથાસાર આપેલો છે અને કથાસારને અંતે તે માટેની આધારભૂત કૃતિનો નિર્દેશ કરેલો છે. કથાસાર પ્રસ્તુત કરવા સાથે તથા શીર્ષકો આપવા સાથે વિવિધ સમસ્યાઓ સંકળાયેલી છે. તેની વિચારણા પર, અને તે અનુસાર લીધેલા કામચલાઉ કે વ્યવહારુ નિર્ણય પર કથાસામગ્રીની રજૂઆત અને ગોઠવણી નિર્ભર હોવાથી તે અંગે થોડાક વિસ્તારથી કહેવું જરૂરી બને છે. તે માટે પ્રથમ આપણે મધ્યકાલીન કથાઓનાં સ્વરૂપ અને પ્રકારો તરફ એક દષ્ટિપાત કરીએ.

### કથાઓનું સામાન્ય સ્વરૂપ અને પ્રકારો

સાદી કથાઓ અને સંકુલ કથાઓ એવા બે કામચલાઉ સગવડિયા વ્યાપક વિભાગ કરી શકાય. સાદી કથાઓના બે પ્રકાર : કેટલીક એવી, જેમાં મુખ્ય કથામાં વચ્ચે વચ્ચે થોડીક આડકથાઓ દષ્ટાંત રૂપે આવે, તો કેટલીકમાં કથાવસ્તુ આવા કશા અંતરાય વગર વર્ણવાયું હોય. આ બંને પ્રકારની ઘણી કથાઓનું તેમના મુખ્યપાત્ર કે પાત્રોને આધારે નામકરણ થયેલું હોય છે. જેમ કે

(૧) ચંદનબાલા, શીલવતી, ઋષિદત્તા, ચંદ્રલેખા, હંસાવલી, કર્પૂરમંજરી, આરામશોભા, કામાવતી, મદનરેખા, અંજનાસુંદરી, ભદ્રાભામિની, પદ્માવતી.

(૨) મૂલદેવ, સદયવત્સ, માધવાનલ, વિદ્યાવિલાસ, ચંદ્રહાસ, અગડદત્ત, રૌહીણેય, સગાળશા, રત્નચૂડ, પૃથ્વીચંદ્ર, ચારુદત્ત, વિક્રમચરિત્ર, નંદબત્રીસી.

(૩) હંસરાજ–વત્સરાજ, ગોરાબાદલ, અમરસેન–વયરસેન, ઢોલામારુ, હંસાવતી–વિક્રમચરિત્ર, વિક્રમ–લીલાવતી, વિક્રમ–ખાપરો ચોર, મદન–મોહના, સદેવંત–સાવલિંગા, રૂપ–સુંદર, ચંદ્ર–ચંદ્રાવતી, માનતુંગ–માનવતી, ચિત્રસેન–પદ્માવતી.

સંકુલ કથાઓના ચારપાંચ પેટાવિભાગ પાડી શકાય :

(૧) **કથાગુચ્છ** : મુખ્ય કથા, તેના એક કે અનેક પાત્ર દ્વારા ક્રમશઃ કથિત વિવિધ કથાઓ અને મુખ્ય કથાનો ઉપસંહાર.

(૨) **કથાચક્ર** : મુખ્ય કથા અને તેના મુખ્ય પાત્રનાં પરાક્રમો કે ભવાંતરો ક્રમશઃ વર્ણવતા વિવિધ કથાપ્રસંગો, જેમ કે 'સિંહાસનબત્રીશી', 'વેતાલપચીશી', 'પંચ દંડ', 'અંબડ–ચરિત્ર.'

(૩) **કથાસંપુટ** : મુખ્ય કથા અને તેમાં પ્રસંગવશ દષ્ટાંત રૂપે કે સ્થળ, પ્રથા વગેરેના ઇતિહાસ રૂપે આવતી આડકથાઓ. જેમ કે 'પંચાખ્યાન', 'જંબૂચરિત્ર', 'ચઉઓલા'.

(૪) **કથાકોશ :** ધર્મતત્ત્વ, આચારતત્ત્વ, ધર્મોપદેશ કે નીતિબોધને લગતા પ્રકરણ–ગ્રંથમાં આવેલી તે તે તત્ત્વ આદિને લગતી દૃષ્ટાંતકથાઓ. જેમ કે 'ષડાવશ્યક–બાલાવબોધ', 'શીલોપદેશમાલા' બાલાવબોધ.'

(૫) **કથાસંગ્રહ કે કથાસંચય :** અનેક અલગ અલગ રચનાઓમાંથી ઉદ્‌ધૃત સમાનવિષયક કથાઓ, જેમાં કોઈ એક મધ્યવર્તી પાત્ર કે ઘટનાનું સળંગ સંબંધસૂત્ર નથી. જેમ કે 'ભરડક–બત્રીસી' અથવા 'પંચશતી–પ્રબોધ'.

(૬) **કથાવલિ :** એક જ પ્રખ્યાત નાયકને લગતી વિવિધ રચનાઓ, જે વિવિધ સ્વતંત્ર ગ્રંથો રૂપે હોય. જેમ કે વિક્રમાદિત્યને લગતી વિવિધકથાઓ સંબંધી વિવિધ રચનાઓ.

વળી આ પ્રકારોનાં વિવિધ મિશ્રણો રૂપે ગણવી પડે એવી કૃતિઓ પણ છે જ, અને આ પ્રકારોને પણ એકબીજાથી જુદા પાડવાની દેખીતી મુશ્કેલીઓ છે.

આ ઉપરાંત ધાર્મિક, પૌરાણિક કે ઐતિહાસિક વ્યક્તિચરિત્રો, રૂપકકથાઓ અને ચતુરાઈની કથાઓ, વિનોદી ટુચકાઓ વગેરેનો પણ વિશાળ વર્ગ છે. મુખ્યત્વે સ્વરૂપ અને ગોઠવણીને આધારે પાડેલા આવા પ્રકાર ઉપરાંત, પરંપરાથી બીજી રીતે પણ પુરુષાર્થ કે પ્રયોજન ઉપર આધારિત પ્રકારો ગણાવાયા છે : ધર્મકથા, અર્થકથા, કામકથા. ધર્મકથામાં ધર્મોપદેશ માટેની દૃષ્ટાંતકથાઓ, રૂપકકથાઓ, પૌરાણિક આખ્યાનો અને ધાર્મિક પુરુષોનાં ચરિત્રોનો સમાવેશ થાય છે. અર્થકથા અને કામકથામાં સાહસ અને પ્રણયની કલ્પિત અને લૌકિક કથાઓનો અને ઇતિહાસખ્યાત વરિષ્ઠ વ્યક્તિઓનાં ચરિત્રોનો સમાવેશ થાય છે.

### કથાકોશમાં સામગ્રી પ્રસ્તુત કરવાની પદ્ધતિ

કથાઓમાં સ્વરૂપ અને સામગ્રીની એટલી બધી વિવિધતા અને સંકુલતા છે કે તેમનું કોઈ પણ વર્ગીકરણ સંપૂર્ણ કે સંતોષપ્રદ નહીં હોવાનું, તે સ્થૂળ અને સગવડિયું જ રહેશે અને સંખ્યાબંધ કથાઓ એવી મળશે જે પાડેલાં ખાનાંને ગણકારતી નહીં હોય. એ કારણે કથાકોશમાં આપવાની કથાસામગ્રીના ક્રમ અને ગોઠવણી માટે જો કોઈ એક જ પદ્ધતિને ચુસ્તપણે અખત્યાર કરવા જઈએ તો કેટલીક અપરિહાર્ય અડચણો ઊભી થાય. કથાકોશ માટે દેખીતા જ બે સિદ્ધાંત પાયાના ગણાય : તેમાં સર્વ કથાસામગ્રીનો સમાવેશ થવો જોઈએ અને ગોઠવણીની પદ્ધતિ એવી હોવી જોઈએ કે કથાવાર્તા જે નામે જાણીતી–ઓળખાતી હોય તેનો આધાર લઈને કોશમાંથી તેનું સ્થાન ખોળીને જોઈતી માહિતી સહેલાઈથી મેળવી શકાય. આ બે સિદ્ધાંતો સામગ્રી અને તેને પ્રસ્તુત કરવાની પદ્ધતિના નિયામક બને છે. આથી, ઉદાહરણ તરીકે, જો માત્ર પાત્રના નામના વર્ણાનુક્રમ પ્રમાણે કોશસામગ્રીને ગોઠવીએ તો તેથી બે મોટા દોષ ઉદ્‌ભવે :

(૧) કથાગુચ્છો અને કથાવલિઓમાં અનેક કથાઓ સમાવિષ્ટ હોઈને તે અનુસાર જુદાં જુદાં મુખ્ય પાત્ર હોય. મુખ્ય કથા અને તેની આંતરકથાઓનાં મુખ્ય પાત્ર જ્યાં અલગઅલગ હોય ત્યાં રજૂઆત ઘણી ગૂંચવાય અને એમની એકસૂત્રતા અસ્પષ્ટ બને.

(૨) કથાગુચ્છો કશાક વર્ણનાત્મક નામે, તો કથાવલિઓ તેમનાં પ્રયોજનોને નામે જાણીતી હોય છે, મુખ્યપાત્રના નામ પ્રમાણે નહીં. આ હકીકત માત્ર પાત્રાનુસારી ગોઠવણી રાખતાં ચૂકી જવાશે. આ કારણે મિશ્ર રૂપનો ગોઠવણીક્રમ જ વધુ ઉપયોગી ઠરે છે. આ રીતની રજૂઆતમાં કોશની સળંગસૂત્રતા અને એકવાક્યતા સાધવા સહેજે ઠેકઠેકાણે અરસપરસનો હવાલો કે સંદર્ભનિર્દેશ આપી શકાય. આ પદ્ધતિમાં અધિકરણો કથાકૃતિઓનાં નામના વર્ણાનુક્રમ પ્રમાણે ગોઠવાય, કથાગુચ્છો, કથાવલિઓ અને એક જ વિષયજૂથ સાથે સંકળાયેલી છૂટક છૂટક દૃષ્ટાંતકથાઓવાળી કૃતિઓ પણ તેમનાં નામ પ્રમાણે ક્રમાનુસાર આવે. એમની (તેમ જ અન્ય કૃતિઓમાં પણ મળતી) અંતર્ગત કથાઓનાં અલગ નામનિર્દેશથી અલગ અધિકરણો આવે. આ બાબત આગળ વિગતે વાત કરી છે.

### કથાસાર અને શીર્ષકોને લગતી સમસ્યાઓ

જેમાં વચ્ચે આડકથા કે દૃષ્ટાંતકથા ન હોય, કથાવસ્તુ સળંગસૂત્ર હોય તેવી કૃતિનો કથાસાર કૃતિના નામ નીચે સહેજે આપી શકાય. જેમાં વચ્ચે આડકથા આવતી હોય તેવી કૃતિ અંગે ઉપસ્થિત થતો પ્રશ્ન એ છે કે એ આડકથા કેટલીક વાર અન્યત્ર સ્વતંત્રપણે પણ મળતી હોય. અને ત્યારે એ સ્વતંત્ર શીર્ષક નીચે મૂકવાની રહે. સંકુલકથાઓ પરત્વે

આ પ્રશ્ન વધુ ગૂંચવાયેલો છે. જેમ કે 'સિંહાસનબત્રીશી'ની કથાઓમાં મુખ્ય કથાની સાથે, સ્વતંત્ર કથાનો મોભો ધરાવતી બત્રીશ કથાઓ છે, અને ક્વચિત્ તે કથાઓમાં પેટાકથાઓ (બત્રીશમી કથામાં તો પચીસ જેટલી) આવે છે. એ બધીને એક જ સ્થળે, એક જ મથાળા નીચે, એ જ ક્રમે મૂકવાથી, એ કથાઓ શોધવાની ભારે અગવડ ઊભી થાય. આથી મુખ્ય કથામાં આડકથાનો તેના સ્થાને માત્ર નિર્દેશ આપીને એ આડકથાનો સાર સ્વતંત્ર મથાળા નીચે આપવો ઇષ્ટ ગણ્યો છે.

કથાસાર કરતાં પણ કથાસારનાં શીર્ષકો સાથે સંકળાયેલી સમસ્યાઓ વધુ ગૂંચવાયેલી છે. કથાઓના પરંપરાગત નામકરણમાં કશી એકરૂપતા હોતી નથી. અનેક રીતે નામકરણ થયેલું જોવા મળે છે, અને પ્રસિદ્ધ કથાઓ અનેક નામે જાણીતી હોય છે. જેમ કે 'સિંહાસનબત્રીશી', 'બત્રીશ પૂતળીની વાર્તા', 'વિક્રમચરિત્ર', 'પરમાર્થપુરાણ,', 'સિંહાસનદ્વાત્રિંશિકા', 'વેતાલપચીશી', 'મડાપચીશી', 'વેતાલપંચવિંશતિકા' વગેરે. આ ઉપરાંત પ્રકારની દૃષ્ટિએ પણ નામકરણમાં ઘણી વિવિધતા જોવા મળે છે. જેમ કે

(૧) મુખ્ય પાત્રનું નામ ધરાવતી કથાઓમાં એક જ પાત્રના નામવાળી અને અનેક પાત્રોનાં નામવાળી (નાયકનાયિકા, બે ભાઈઓ, બે મિત્રો વગેરે) કથાઓ હોય છે.

(૨) મુખ્ય પાત્રના નામની સાથે તેનું પદ, મોભો, વ્યવસાય, પ્રશસ્ત ગુણ વગેરેના નિર્દેશવાળી (રાજા, શેઠ, ચોર, સતી વગેરે) કે નિર્દેશ વિનાની કથાઓ હોય છે.

(૩) કેટલીક કથાઓનું નામકરણ તેમાં ભાગ ભજવતી કોઈ વિશિષ્ટ ચીજવસ્તુને આધારે, ધર્મોપદેશ, આચાર કે પછી માનવસ્વભાવની કોઈ લાક્ષણિકતાને આધારે થયેલું છે.

(૪) કેટલીક કથાઓનું નામકરણ ઘટકરૂપ વાર્તાઓની સંખ્યા કે તેમની સળંગસૂત્રતા સાધતી કોઈક વિગતને આધારે થયું હોય છે.

(૫) કેટલીક દૃષ્ટાંતકથાઓ વિશિષ્ટ નામનિર્દેશ વિનાની—માત્ર તેમના પ્રયોજનનો જ નિર્દેશ કરતી હોય છે.

મધ્યકાલીન નામોની પરંપરાગત જોડણી બાબત પણ એકવાક્યતા જોવા મળતી નથી. સિંહાસનબત્રીસી/°શી, સિંઘાસણ°/સીઘાસણ°; વેતાલપચીસી/°શી, વેતાળ°; સામલ/શામલ/શામળ/સાંમલ/શાંમલ ભટ/ભટ્ટ, સામલદાસ/શામળદાસ; વારતા/વાર્તા; નાપિકની/નાપિતની વાર્તા; વચ્છરાજ/વછરાજા/વત્સરાજ; કાળીહાર/કાળિયાર હરણ; વિરોચન/વૈરોચન; સિંહલસિંહ/સીંઘલસી/સીઘલસી.

આ બધી સમસ્યાઓ અને તેમનાં વિવિધ પાસાંને ધ્યાનમાં રાખીને, સિદ્ધાંત અને વ્યવહાર વચ્ચે યથાશક્ય મેળ બેસાડી આ કથાકોશમાં સામગ્રીની ગોઠવણી કરી છે. તે અંગે અનેક બાબતમાં દૃષ્ટિભેદ અને મતભેદ તો રહેશે જ.

### સામગ્રી પ્રસ્તુત કરવાની પદ્ધતિ

### ૧. અધિકરણ

કથાકોશમાં કૃતિઓનો કથાસાર તે તે અધિકરણ નીચે અપાયો છે. અધિકરણ કથાના શીર્ષકના પહેલા શબ્દના વર્ણાનુક્રમે ગોઠવ્યાં છે. સામાન્ય રીતે અધિકરણ ત્રણ ઘટકનું બનેલું છે. એ ઘટકો આ પ્રમાણે છે : (૧) કથાનું નામ, શીર્ષક કે મથાળું, (૨) કથાસાર, (૩) આધારનો નિર્દેશ.

### ૨. કથાનું નામ કે શીર્ષક

(૧) જ્યાં બીજા કોઈ કારણે ફેરફાર કરવો ઇષ્ટ નથી માન્યો ત્યાં કથા જે નામે જાણીતી–ઓળખાતી કે સામાન્ય રીતે નિર્દિષ્ટ થયેલી હોય તે નામ નીચે કથાસાર આપ્યો છે.

(૨) જ્યાં એક જ કથાનાં વિવિધ નામાંતર મળે છે, ત્યાં એકને મુખ્ય ગણી, તેને અધિકરણ-નામ તરીકે રાખ્યું છે અને નામાંતરને તેની સાથે કૌંસમાં આપ્યું છે. મુખ્ય સિવાયનાં વૈકલ્પિક નામાંતરોનો કોશમાં વર્ણાનુક્રમે નિર્દેશ કર્યો છે અને તેમની નીચે મુખ્ય અધિકરણનો માત્ર હવાલો જ આપ્યો છે. જુદીજુદી કથા એક જ નામે મળતી હોય તેવી બાબતમાં નામ સાથે (૧), (૨) એમ ક્રમાંક આપીને અલગઅલગ અધિકરણ આપ્યાં છે.

(૩) જ્યાં પરંપરામાં કથાને કોઈ નામ આપેલું નથી (જેમ કે 'પંચતંત્ર'ની કે 'વેતાલપચીસી'ની કથાઓ) ત્યાં કથાવસ્તુને, કથાપ્રકૃતિને કે કથાઘટકને લક્ષમાં રાખીને નામ યોજ્યું છે તેની સાથે જે મુખ્ય કથામાં જે ક્રમે એ કથા મળતી હોય તેનો નિર્દેશ કરેલ છે.

(૪) કેટલીક વાર કથાનું પરંપરાગત નામ કથાવસ્તુનો કે તેના મર્મનો કશો ખ્યાલ આપે તેવું નથી હોતું અથવા તો તદ્દન સામાન્ય પ્રકારનો નિર્દેશ કરતું હોય છે (જેમ કે 'હરણની વાર્તા', 'કમળની વાર્તા', 'ગુટિકાની વાર્તા'). આવું જ્યાં લાગ્યું છે ત્યાં કથાવસ્તુ, કથાપ્રકૃતિ કે કથાઘટકને ઉચિત રીતે સૂચવતું નવું શીર્ષક યોજ્યું છે. કથાસાર એ શીર્ષક નીચે આપીને, મૂળ શીર્ષક તથા નવા શીર્ષકનો સામસામો હવાલો આપ્યો છે.

## ૩. કથાસાર

(૧) કેવળ કથાસૂત્ર અનુસાર બનતી ઘટનાઓ કે પ્રસંગોનું માળખું ઘટનાક્રમે આપ્યું છે.

(૨) કથાવસ્તુનાં પ્રસંગોનાં, પાત્રોનાં અને તેમના મનોભાવોનાં વર્ણનો, સંવાદો, ઝીણી વિગતો અને અનાવશ્યક વિશેષનામોને (પાત્રો, નગર, આદિ સ્થળો વગેરેનાં) ટાળ્યાં છે.

(૩) પાત્રોનાં કાર્ય પાછળના કે તેમનાં વર્ણન પાછળના આશયનો સમાવેશ કર્યો છે.

(૪) જ્યાં કથાવસ્તુમાં સ્પષ્ટ વળાંક આવતો હોય, અથવા કથાઘટક કે અલગ કથાપ્રસંગ ગણી શકાય તેવી ઘટના હોય, તેવા પ્રકારની કથાઓમાં ક્રમાંકથી વિભાગો દર્શાવ્યા છે. ક્વચિત્ પેટાશીર્ષકો આપ્યાં છે.

(૫) કથામાં વચ્ચે આવતી આંતરકથા માત્ર ટુચકા જેવી હોય તો તે તેના સ્થાને જ સારમાં આપી છે. જ્યાં તે સ્વતંત્ર કથા જેવી લાગી છે ત્યાં મુખ્ય કથાના સારમાં તેનો યથાસ્થાને માત્ર નિર્દેશ કર્યો છે અને એ આડકથાનું સ્વતંત્ર અધિકરણ કરી તેની સાથે મુખ્ય કથાનો હવાલો આપ્યો છે.

(૬) એક જ કથાવસ્તુને લઈને ઘણીવાર સમયે સમયે અનેક રચનાઓ થયેલી છે. જેમ કે મલયચંદ્ર અને શામળની 'સિંહાસનબત્રીસી', નરપતિ, સિંધકુલ અને શામળની 'નંદબત્રીસી', શિવદાસ અને વીરસિંહની 'કામાવતી', ગણપતિ અને શામળની 'માધવાનલ–કામકંદલા' વગેરે. વળી એવી કથા તેવા જ રૂપે કે રૂપાંતરે કેટલીક વાર બીજી કોઈક કથાના પેટામાં દૃષ્ટાંતકથા લેખે કે અન્યથા પણ યોજેલી હોય છે. એવી બધી કથાઓનાં બધાં રૂપાંતરો જોઈને તેમાંથી કયું સવિસ્તર, સુસંગત અને રસપ્રદ છે તે નક્કી કરીને મુખ્યત્વે માત્ર તેનો સાર આપી શકાય તો તે દેખીતું જ સૌથી વધુ ઇષ્ટ ગણાય. પણ એ રીતનું કાર્ય અનેક દૃષ્ટિએ ભગીરથ હોઈને પ્રસ્તુત સીમિત યોજનાની મર્યાદાની બહાર છે. અહીં તો જાણીતી મુદ્રિત રચનાઓમાંથી જેટલી સુલભ બની તેમાં, જો એક જ નામવાળી અને કથાસૂત્રની બહુધા સમાનતાવાળી વિવિધ રચનાઓ હોય તો કોઈ એકની પસંદગી કરી તેનો જ સાર આપેલો છે.

એક કથાને લગતી વિવિધ કૃતિઓમાંથી જે મુખ્ય કૃતિને આધારે કથાસાર આપ્યો છે તે સિવાયની કોઈ કૃતિ કે કથાવસ્તુમાં ગણનાપાત્ર વધારો મળતો હોય તો તેની નોંધ સાથે આપી છે.

(૭) જૈન લેખકોની કથાઓમાં ઉપસંહાર તરીકે કેટલીક વાર કથાના પાત્રો જૈન ધર્માનુસાર ધાર્મિક જીવન જીવીને, અથવા તો સંસારત્યાગ કરી તપોમય સાધુજીવન જીવીને અંતે સ્વર્ગભાગી થયાનો, કે પછીના ભવમાં કેવળજ્ઞાનને પામી નિર્વાણ પામ્યાનું કહ્યું હોય છે. પરંતુ ઘણીવાર તો કથાપાત્રોના પૂર્વભવનો વૃત્તાંત પણ આપેલો હોય છે, જેમાં સાધુને દાન આપવું, એવા દાન પ્રત્યે દુર્ભાવ દાખવવો, સાધુની સેવા કે અવહેલના કરવી, હિંસા, કપટ વગેરે આચરવાં, લીધેલા વ્રતનું પાલન કે ભંગ કરવો વગેરે જેવા ધર્માચરણ કે અધર્માચરણના ફળરૂપે તેમને આ ભવ અને તેનાં સુખદુઃખ પ્રાપ્ત થયાં હોવાની વાત હોય છે. કથાતત્ત્વની દૃષ્ટિએ આ ભાગ આનુષંગિક, પછીથી જોડેલો કે સર્વસામાન્ય અંશોવાળો હોવાથી કથાસારમાં ઘણુંખરું તેનો સમાવેશ નથી કર્યો, સિવાય કે પૂર્વજન્મનો વૃત્તાંત સ્વયં કથા તરીકે ગુણવત્તા ધરાવતો હોય. કેટલીક વાર એવી રીતે પૂર્વ ભવનાં સત્કર્મ–દુષ્કર્મનો વૃત્તાંત પહેલાં આપીને તેના ફળરૂપે પછીના ભવનો વૃત્તાંત મુખ્ય કથા તરીકે અપાયેલો હોય છે. તેની પણ નોંધ લીધી નથી. પરંતુ શીર્ષકની સાથે, જ્યાં આવશ્યક લાગ્યું ત્યાં, કથા કયા વિષયનો લગતી છે તેનો નિર્દેશ આપ્યો છે. જેમ કે 'શીલપાલન વિશે દૃષ્ટાંતકથા'.

(૮) **શીર્ષકો :** ઉપર કહ્યું તેમ કેટલાક કથાસંગ્રહો કે કથાગુચ્છોમાં (જેમ કે 'વેતાલપચીસી', 'સૂડા-બહોંતેરી', 'પંચાખ્યાન' વગેરેમાં) જે કથાઓ છે તેમને મૂળમાં અલગઅલગ નામ અપેલાં હોતાં નથી. તે જ પ્રમાણે મુખ્ય કથામાં આવતી અવાંતર કથાઓ કે દૃષ્ટાંતકથાઓ પણ ઘણુંખરું નામ વગરની હોય છે. કવચિત્ અર્વાચીન સંશોધકોએ એવી કથાઓનું નામકરણ કરેલું જોવા મળે છે. એવું હોય ત્યાં પણ કથાના તાત્પર્ય, પ્રયોજન, મુખ્ય પાત્ર વગેરેને અનુલક્ષીને જુદાંજુદાં નામ અપાયાં હોય એ સમજી શકાય તેમ છે. ત્યાં અમે કથાને અનુરૂપ શીર્ષકો યોજ્યાં છે. આ નવનિર્મિત શીર્ષકો સાથે કેટલાક પ્રશ્નો સંકળાયેલા છે. મુખ્યત્વે તે શૈલી કે પદ્ધતિને અને શબ્દક્રમને લગતા છે : તત્સમ શબ્દ વાપરવો કે તદ્ભવ શબ્દ, શબ્દોનો સમાસ કરવો કે છૂટા રાખવા, શબ્દગુચ્છમાં મુખ્ય શબ્દ કોને ગણવો વગેરે. જેમ કે

૧. 'માછલાંનું હસવું', 'માછલાનું હાસ્ય', 'મત્સ્યહાસ્ય', 'મત્સ્યહસિત', 'મરેલ (કે૦ લા)/ મૃત માછલાનું હાસ્ય', 'હસતું (મરેલ) માછલું'.

૨. 'માથાંની અદલાબદલી', 'મસ્તકોની અદલાબદલી'.

૩. 'લઢકણી/વઢકણી સોઢી', 'મુગ્ધકથાઓ'/'મૂર્ખકથાઓ', 'મનુષ્યનું/માણસનું' 'ગર્દભમાં/ગધેડામાં' રૂપાંતર; 'મૃત્યુ/મરણ', 'લેખ/પત્ર', 'વિધાત્રીની/વિધાતાની/નિયતિની/ભાગ્યદેવતાની' શોધમાં.

૪. 'જોસફ અને પોટિફર' 'પોટિફરની પત્ની', 'બળાત્કારનું આળ', 'અત્યાચારનું આળ'.

૫. 'નાગને ઉદરમાં આશ્રય આપતો પરોપકારી રાજા', 'પરોપકારી રાજા', 'નાગને/સાપને/સર્પને', 'ઉદરમાં/પેટમાં'.

૬. 'અસતી સ્ત્રીનું ચરિત્ર', 'કુલટાચરિત્ર', 'કુશીલ સ્ત્રીનું ચરિત્ર', 'દુ:શીલ સ્ત્રીનું ચરિત્ર', 'શીલભ્રષ્ટ સ્ત્રીનું ચરિત્ર', 'સ્ત્રીચરિત્ર'.

૭. 'વિક્રમ', 'વિક્રમ રાજા', 'વિક્રમાદિત્ય', 'રાજા વિક્રમાદિત્ય', 'વિક્રમાદિત્ય રાજા'.

૮. 'અદ્ભુત સિંહાસન', 'ચમત્કારી સિંહાસન', 'દૈવી સિંહાસન', 'ઇંદ્રનું સિંહાસન', '૦ની પ્રાપ્તિ'.

૯. 'ધન્નો/ધન્ય/ધન્યકુમાર અને શાલિભદ્ર' 'શાલિભદ્ર અને ધન્યકુમાર'.

આમાંથી જેતી કથાસારના શીર્ષક તરીકે પસંદગી કરાય તે અનુસાર કથાકોશમાં તેનું સ્થાન એટલે કે ક્રમ નક્કી થાય. 'ચાર વર અને એક કન્યા' એવું શીર્ષક આપતાં એ શીર્ષક અને 'ત્રણ વર અને એક કન્યા' એ શીર્ષક, વર્ણાનુક્રમને કારણે, અલગ અલગ સ્થાને મૂકવાં પડશે. વળી એ કથાઓમાં સંખ્યા કરતાં વરકન્યાના સંબંધનું મહત્ત્વ છે, એટલે 'વર ચાર અને કન્યા એક' એવો શબ્દક્રમ એ હકીકતને ન્યાય આપશે. અને 'વર ત્રણ અને કન્યા એક' એ શીર્ષક તેની લગોલગ આવી શકશે.

સમસ્યાગર્ભ કથાઓમાં 'સૌથી મોટું પુણ્ય કયું ?', 'કયું પુણ્ય સૌથી મોટું', 'વધુ મોટું પુણ્ય કયું ?', 'ઉત્તમ પુણ્ય કયું ?', 'કયું પુણ્ય શ્રેષ્ઠ ?' વગેરે શક્ય વિકલ્પોમાંથી એકાદની પસંદગી કરવાની રહે. પ્રસ્તુત કથાકોશમાં આ બધી સમસ્યાને લગતો વ્યવહારુ ઉકેલ કાઢવા પ્રયાસ કર્યો છે અને જ્યાં બે કે વધુ વિકલ્પો સ્વીકારવા ઉચિત લાગ્યા ત્યાં એકને મુખ્ય ગણી બાકીનાનો સામસામે હવાલો આપ્યો છે. આ પ્રકારના કથાકોશ માટે કોઈ પૂર્વવર્તી નિદર્શન, જે આપણા સંદર્ભમાં ઉપયોગી અને બંધબેસતું થઈ શકે, તે ન હોવાથી, પદ્ધતિ અને વ્યવસ્થાની સુસંગતિ તથા ઉપયોગ કરનારની સગવડ એ બે ધોરણોને આધારે ગૂંચવણોમાંથી માર્ગ કાઢયો છે.

# મધ્યકાલીન ગુજરાતી કથાકોશ

## પહેલો ખંડ

### ૧. કૃતિઓનો કથાસાર

**અકાળે બોલવાનાં માઠાં પરિણામ :** જુઓ હંસનું જોડું અને કાચબો (**પંચાખ્યાન**માં આવતી દૃષ્ટાંતકથા)

**અગડદત્ત :** ૧. શંખપુરના સુંદર રાજાની રાણી સુલસાનો પુત્ર અગડદત્ત સ્વરૂપવાન અને પરાક્રમી હોવાની સાથેસાથે સર્વ દોષથી ભરેલ પણ હતો. લોકોએ એક વાર રાજાને અગડદત્તના વર્તન અંગે ફરિયાદ કરી તેથી રાજાએ કુમારને ઠપકો આપ્યો.

રિસાયેલો રાજકુમાર રાત્રે ગૃહત્યાગ કરી વારાણસી નગરીની એક શાળામાં ઉપાધ્યાય પાસે આવ્યો. ઉપાધ્યાયે તેનાં માતાપિતા અને વતન વિશે તથા ગૃહત્યાગના કારણ વિશે પૂછી કેટલીક સલાહ-શિખામણ આપી. તેને પુત્રવત્ ગણીને ઉપાધ્યાયે સર્વશાસ્ત્રો ભણાવ્યાં.

એક વાર વનમાં રમતા કુમારને ફૂલનો દડો વાગતાં પાછળ જોયું તો એક તરુણી દેખાઈ. તેમની વચ્ચે પરસ્પર આકર્ષણ થયું. કુમારે તરુણીનાં નામઠામ પૂછતાં, મદનમંજરીએ પોતે ત્યક્તા હોવાનું જણાવી પોતાના મનોરથ સફળ કરવા કહ્યું.

નગરમાં પ્રવેશતાં જ એક પ્રચંડ હાથીને સામેથી દોડતો આવતો જોઈને વીજળીવેગે ધસી જઈ કુમારે તેને વશ કરી લીધો. રાજાએ પોતાની સમક્ષ બોલાવી તેના વંશ વિશે જાણવા માગતાં ઉપાધ્યાયે સર્વવૃત્તાંત કહ્યો. રાજાએ કહ્યું, ‘રાજબીજ સિવાય બીજું કોઈ આવું પરાક્રમી ન હોઈ શકે.’

૨. એક વાર નગરના લોકોએ રાજા પાસે કોઈ અદૃષ્ટ ચોર દ્વારા થતી રંજાડની ફરિયાદ કરતાં રાજાએ પહેરેગીરોનો ઊધડો લીધો. પહેરેગીરોએ કહ્યું કે ચોર કોઈ સિદ્ધ કે મંત્રવાદી લાગે છે. કારણ કે, ઘણું ધ્યાન રાખવા છતાં તે એમની નજરે ચડતો નથી. એ સાંભળી કુમારે ચોરને પકડવાનું બીડું ઝડપ્યું. અનેક ઠામઠેકાણાં જોઈ તે નગર બહાર નીકળ્યો. એવામાં સામેથી આવતા એક પરિવ્રાજકને જોઈ તેણે તે જ ચોર હોવાની અટકળ કરી. પરિવ્રાજકને કુમારે પોતે ગરીબ વિદેશી હોઈને ધન માટે ફાંફાં મારતો હોવાનું કહેતાં એ ચોર–પરિવ્રાજકે તેને સાથી તરીકે પોતાની સાથે લીધો. એ કોશ, એ ખડ્ગ લઈ, સૂતેલા નગરજનો ઉપર વિદ્યાબળે ઘારણ વાળી તેણે વેપારીને ઘેર ખાતર પાડ્યું. રત્ન, આભરણ, વસ્ત્રોથી ભરેલી બે પેટી ઉઠાવી લઈ એક દેવમંદિરમાં બંને જણ આવ્યા. ચોરે અગડદત્તને મંદિરમાં સૂતેલા વિદેશીઓ સાથે સૂઈ જવા કહ્યું. તે પછી સૌને સૂઈ ગયેલા જાણીને ચોર બંને પેટીઓ ઉપાડી મંદિરમાં સંતાડી કપટથી સૂઈ ગયો. ચેતી જઈને અગડદત્ત ગુપચુપ ઊઠી પોતાની જગ્યાએ પછેડી લાંબી કરી ગોઠવીને મંદિરની પાસેના વડના કોટરમાં ભરાઈ ગયો. પેલા ચોરે થોડી વાર પછી ઊઠીને ત્યાં સૂતેલા બધાની હત્યા કરી. કુમારની પથારી પાસે પણ આવી તેણે તલવારના ઘાથી પછેડીના બે ટુકડા કરી નાખ્યા. કુમારને પથારીમાં ન જોયો એટલે તેણે ચારે બાજુ તપાસ કરી. એવામાં અગડદત્તે તેની ઉપર ખડ્ગનો પ્રહાર કરી તેની

બેય જાંઘ કાપી નાખી. ચોરે અગડદત્તની પ્રશંસા કરી અને પોતાના ગુપ્ત રહેઠાણની ભાળ આપી. ત્યાં રહેલી તેની પુત્રી વીરમતી પાસે રહેઠાણની શિલા ઉઘડાવી, ખડ્ગનો સંકેત આપીને તેનું પાણિગ્રહણ કરવા કહ્યું. વીરમતી તેને લૂંટેલો ભંડાર પણ બતાવશે એવી લાલચ પણ આપી.

અગડદત્તે વીરમતી પાસે જઈ સર્વ વાત કહેતાં વીરમતીએ તેનું સ્વાગત કરી, પલંગ પર બેસાડી તે ઘરના બીજા માળે ગઈ. સાવચેત બનેલો અગડદત્ત પલંગ પરથી ઊઠી ખૂણામાં લપાઈ ગયો. વીરમતીએ ઉપર જઈ યંત્રશિલાનું દોરડું કાપ્યું એટલે શિલા પલંગ પર પટકાઈ. પલંગ ભાંગીને ભુક્કો થઈ ગયો. પછી અગડદત્ત વીરમતીને પકડીને રાજા પાસે લઈ ગયો. રાજાએ અગડદત્તના પરાક્રમથી પ્રસન્ન થઈ તેને અનેક ભેટો આપી અને રાજકુમારી કમલસેનાને તેની સાથે પરણાવી.

૩. અગડદત્ત સપરિવાર સુખથી રહેતો હતો. એવામાં એક દૂતીએ આવી તેને જણાવ્યું, 'બંધુદત્ત શ્રેષ્ઠીની પુત્રી મદનમંજરીએ ચોરને પકડવાના તમારા પરાક્રમની અને રાજકુમારી સાથેના વિવાહની વાત સાંભળી મને તમારી પાસે મોકલી છે.' અગડદત્તે તેને વળતો સંદેશો મોકલ્યો કે પોતે નગર છોડીને જશે ત્યારે તેને પણ સાથે લઈ જશે. દૂતી સાથે તેણે પોતાની મુદ્રિકા મોકલાવી. એવામાં પોળિયાએ આવી શંખપુરના બે પ્રધાન આવ્યા હોવાનું કહ્યું. પ્રધાનોએ અગડદત્તના ચાલ્યા જવાથી રાજારાણી કેટલાં દુઃખી છે તેની વાત કરી. અગડદત્તે માતાપિતા પાસે જવા તૈયારી કરી.

ભુવનપાલ રાજાએ પુત્રીને શીખ આપી. ઉપાધ્યાયની રજા લઈ અગડદત્તે રક્ષકો સાથે પ્રયાણ કર્યું. માર્ગમાંથી મદનમંજરીને પણ સાથે લીધી. વિંધ્યવનમાં થઈને જતાં, ભીલરાજે તેમના પર આક્રમણ કર્યું. અગડદત્તે મદનમંજરીને સારથિ તરીકે બેસાડી ભીલરાજને ભરમાવીને હણ્યો અને ભીલસેનાને છિન્નભિન્ન કરી નાખી.

૪. કુમારે આગળ પ્રયાણ કર્યું ત્યારે માર્ગમાં મળેલા બે પુરુષોને તેણે શંખપુરનો માર્ગ પૂછ્યો. જમણી તરફનો માર્ગ લાંબો અને નિર્ભય, તો ડાબી બાજુનો માર્ગ ટૂંકો પણ ભયજનક હોવાનું તેમણે કહ્યું. ટૂંકા માર્ગે દુર્યોધન નામના ચોરનો, મદોન્મત્ત હાથીનો અને એક સિંહનો ભારે ડર હતો. છતાં અગડદત્તે ટૂંકો માર્ગ લીધો. આગળ જતાં એક કાપાલિક તેને મળ્યો. તે કાપાલિકે પોતે તીર્થયાત્રા માટે જતો હોવાનું કહી તેનો સંગાથ કર્યો. એક સ્થાને આવતાં કાપાલિકે તેમની પરોણાગત કરવા વિષમિશ્રિત દૂધ અગડદત્ત અને તેના સાથીઓને આપ્યું. પરંતુ અગડદત્તે તે ન પીધું. જે સાથીઓએ પીધું તે સર્વ મરણને શરણ થયા.

ભાતું કાઢી અગડદત્ત જમવા બેઠો. એવામાં કાપાલિક તેની પાસે આવ્યો. પોતે દુર્યોધન ચોર હોવાનું કહીને તેણે ખડ્ગ ઉગામ્યું અને સુંદરી તેમજ ધન આપી દેવા કહ્યું. તરત જ અગડદત્તે ખડ્ગના પ્રહારે કાપાલિકના બે ટુકડા કરી નાખ્યા. કુમારના પરાક્રમથી પ્રસન્ન થયેલા કાપાલિકે મરતાંમરતાં પોતાના રહેઠાણની એંધાણી આપી, ત્યાંથી પોતાનું ધન અને સુંદરી ભાર્યા લેતા જવાનું તેને કહ્યું.

અગડદત્ત આગળ ચાલ્યો. સામે આવતાં જંગલી હાથીઓના ટોળાને તેણે વશ કર્યું. આગળ જતાં, ઝપટ મારવા આવતા કેસરી સિંહને પણ તેણે મારી નાખ્યો. એટલામાં પોતાનાથી વિખૂટી પડી ગયેલી પત્ની કમલસેના સહિત પોતાની સેના તેને આવી મળી. છેવટે તે શંખપુર પહોંચ્યો. રાજાએ તેને યુવરાજની પદવી આપી. અગડદત્તે મદનમંજરીને પટ્ટરાણી અને કમલસેનાને નાની રાણી બનાવી.

૫. એક વાર અગડદત્ત વનવિહારે ગયો ત્યારે મદનમંજરીને સર્પે ડંશ દીધો. તેને અચેત થયેલી જોઈ કુમારને પણ મૂર્છા આવી ગઈ. એટલામાં એક વિદ્યાધરે મંત્રેલું જળ છાંટી મદનમંજરીનું વિષ ઉતાર્યું. તે પછી મદનમંજરી અને અગડદત્તે એક દેવાલયમાં જઈ આશ્રય લીધો. મદનમંજરીએ પોતાને ઠંડી લાગતી હોઈ ઉપાય કરવા કહેતાં કુમાર અરણીનાં લાકડાં લેવા ગયો.

દેવાલયમાં પાંચ ચોર અગાઉથી છુપાયેલા હતા. એ પાંચ ચોર જે ભીલરાજને અગડદત્તે માર્યો હતો તેના ભાઈઓ હતા અને અગડદત્ત ઉપર વેર લેવા અહીં સંતાયા હતા. છુપાયેલા ચોરોએ દીવો પ્રગટાવ્યો અને મદનમંજરીને જોઈ. એક ચોરનું રૂપ જોઈ મોહ પામેલી મદનમંજરીએ તેને કહ્યું, 'જો તું મારો સ્વીકાર કરે તો હું મારા વરને મારી નાખી તારી સાથે આવું.' ચોર સંમત થયો. એવામાં અરણીનાં લાકડાં લેતાં અગડદત્તે દેવાલયમાં ઉજાસ થયેલો જોયો. મદનમંજરીને પૂછતાં તેણે કહ્યું, 'તમે અરણીનાં લાકડાંની જે આગ પ્રગટાવી તેને લીધે પ્રકાશ થયો.' તે પછી અગડદત્તે પોતાની તલવાર મદનમંજરીના હાથમાં આપી, તેની ઠંડી ઉડાડવા તાપણું સળગાવવા માંડ્યું. એવામાં જ મદનમંજરીએ ખડ્ગનો તેના પર ઘા કર્યો, પણ કુમાર સહેજમાં બચી ગયો. 'આમ કેમ બન્યું ?' એમ અગડદત્તે પૂછતાં મંદનમંજરીએ કહ્યું, 'ઠંડીથી ધ્રૂજતા મારા હાથમાંથી તલવાર અચાનક પડી ગઈ.' અગડદત્તે એ સાચું માન્યું. મદનમંજરીનું આવું વર્તન જોઈને ચોરોને થયું કે એને ખાતર જે પ્રાણાર્પણ કરવા તૈયાર હતો તેને પણ જો આ સ્ત્રી વફાદાર ન રહી તો તે આપણને કેમ રહેશે ? આવા વિચારે વૈરાગ્ય આવતાં એ પાંચેય ચોરોએ દીક્ષા લીધી.

મુનિએ જે વાત કરી તે ઉપરથી અગડદત્તે જાણ્યું કે પોતે જે દેવળમાં રાત ગાળી હતી ત્યાં ભીલરાજના પાંચ ભાઈઓ પોતાને હણવા માટે છુપાઈ બેઠા હતા. પરંતુ મદનમંજરી તેમનામાં આસક્ત થઈ એટલે સ્ત્રીની આવી ચંચળ પ્રકૃતિ જોઈને વૈરાગ્ય આવતાં એમણે સંસારત્યાગ કર્યો, અને તે જ આ પાંચ મુનિ હતા.

[ આધાર : **શીલોપદેશમાલા–બાલાવબોધ**, ચાળીશમી દૃષ્ટાંતકથા ]

**અગમબુદ્ધિ, તરતબુદ્ધિ અને પચ્છમબુદ્ધિ :** જુઓ **અનાગતવિધાતા, પ્રત્યુત્પન્નમતિ અને યદ્દભવિષ્ય** ( **પંચાખ્યાન**માં આવતી દૃષ્ટાંતકથા )

**અટપટાં સગપણ :** જુઓ **સગપણની સંબંધજાળ-૧** ( = **વેતાલપચીસી-૧**, ચોવીશમી કથા ) અને **૨** ( = **વેતાલપચીસી-૨**, પચીશમી કથા ).

**અઢાર નાતરાંની કથા ( = અઢાર સગપણની કથા )** જુઓ **કુબેરદત્ત અને કુબેરદત્તા** ( **જંબૂકુમાર**ની કથામાં આવતી દૃષ્ટાંતકથા ).

**અઢાર સગપણની કથા ( = અઢાર નાતરાંની કથા )** જુઓ **કુબેરદત્ત અને કુબેરદત્તા** ( **જંબૂકુમાર**ની કથામાં આવતી દૃષ્ટાંતકથા ).

**અતિ લોભી વૃદ્ધા :** જુઓ **બુદ્ધિ અને સિદ્ધિ** ( **જંબૂકુમાર**ની કથામાં આવતી દૃષ્ટાંતકથા ).

**અદ્દભુત કમળ ( = કમળની વાર્તા ) ( સિંહાસનબત્રીસી-૨** ત્રીજી કથા ) : **૧.** ફરી ભોજ રાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે ધનદા નામની ત્રીજી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી : એક ભયાનક શિકારની પાછળ જતાં અઘોર વનમાં ભૂલા પડેલ વિક્રમ રાજાએ કોઈક ગળી ગયેલા હાડવાળા માણસને એક કૂવા પાસે બેઠેલો જોયો. વિક્રમે તેને પોતાની ઓળખાણ આપી, અને તેનું દુઃખ ભાંગવાનું વચન આપ્યું. પેલાએ પોતાની વાત કરી. એ એક રાજકુમાર હતો. પૃથ્વીની પ્રદક્ષિણાએ નીકળેલો હતો. એક માસે તે આ વનમાં આવી પહોંચ્યો. કૂવાકાંઠે તે પાણી પીવા આવ્યો. આઠમનો દિવસ. એક અદ્દભુત સહસ્રપાંખડી કમળ કૂવામાંથી બહાર નીકળ્યું. તે લેવા તેણે હાથ લંબાવ્યો. ત્યાં તો કૂવામાં જ તે કમળ સમાઈ ગયું. એટલે એ કમળ માટે ઝૂરતો તે ત્યાં બેઠો હતો. દર આઠમે કમળ દેખાતું, પણ જેવો રાજકુમાર તે લેવા જતો તેવું જ અલોપ થઈ જતું. આઠ માસથી આમ ચાલતું હતું. વિક્રમે રાજકુમારને આશ્વાસન આપ્યું.

**૨.** તે પછી નિયમ પ્રમાણે પછીની આઠમે કમળ દેખાયું એટલે વિક્રમે તે લેવા કૂવામાં ઝંપલાવ્યું. પાણીએ તેને માર્ગ આપ્યો. પાણી નીચે એક અદ્દભુત નગરી વિક્રમે જોઈ. ત્યાંના સરોવરમાં એવાં હજારો અદ્દભુત કમળ હતાં. વિક્રમ એ તોડવા ગયો ત્યાં રક્ષકો તેના ઉપર તૂટી પડ્યા. વેતાલ વગેરેની સહાયથી વિક્રમે સૌને હરાવ્યા. નગરીની શાસક ચામુંડાને ફરિયાદ પહોંચી. તેણે આવીને વિક્રમને પોતાનો પરિચય આપ્યો. પોતે તથા જયા, વિજયા ને બહુચરા એ ચાર પાર્વતીની સખીઓએ પાર્વતીના કહેવાથી ચાર દિશામાં પોતપોતાનાં અદ્દભુત સ્થાનક રચ્યાં. તેમાં આ ચામુંડાનું સ્થાનક હતું.

વિક્રમે ચામુંડાને પોતાની ઓળખાણ આપી અને ત્યાં આવવાનો હેતુ જણાવ્યો. ચામુંડા તો વિક્રમની વાટ જોતાં જ હતાં. કેમ કે, એક વાર નવરાત્રમાં પાર્વતીના પૂજને જતાં ચામુંડાને રસ્તામાં એક નમાઈ બાલિકા મળી. પાર્વતીના કહેવાથી તેને ઉછેરી મોટી કરીને વિક્રમને સોંપવાની હતી. અત્યારે તે સોળ વરસની થઈ હતી. ચામુંડાએ તેને પરણવા વિક્રમને કહ્યું. વિક્રમના કહેવાથી તેને ખાંડા સાથે પરણાવી. હાથી ઉપર લાદેલાં રત્નો અને એક હજાર સદાવિકસિત કમળો આપીને બંનેને વળાવ્યાં. ફરી એ સ્થાનકે આવશે તો નાશ થશે એવી ચેતવણી પણ ચામુંડાએ દીધી, અને પળવારમાં તેને કૂવાની બહાર મૂકી દીધો.

૩. વિક્રમે રાજકુમારને એક કમળ આપવા માંડ્યું. પણ સુંદરી, રત્ને લાદેલો ગજરાજ અને હજાર દૈવી કમળો વિક્રમને મળ્યાં તે જોઈને કુમારની દાઢ ગળી. પોતે સાહસ કરીને કૂવામાં ન ઝંપલાવ્યું તે માટે તે દુઃખી થયો. વિક્રમે ઉદારભાવે તેને બધું જ ભેટ આપી દીધું. આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.

આ કથા ભોજ રાજાને કહીને ધનદા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[ આધાર : **સિંહાસનબત્રીસી ૨**, ત્રીજી કથા **કમળની વાર્તા** ]

**અદ્દભુત નૌકા ( = નૌકાની વાર્તા ) ( સિંહાસનબત્રીસી-૨** ચૌદમી કથા ) **૧. પ્રધાનની યાત્રા :** સાત વરસની ચોખાની બાધા છોડવા માટે ફરી પાછો ભોજ રાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો ત્યારે ક્રાન્તા નામની ચૌદમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી : સેતુબંધ રામેશ્વરની જાત્રાએ જવા દેવાની એક પ્રધાને વિક્રમ રાજાની પાસે આજ્ઞા મેળવી. પગપાળા તે જાત્રાએ ઊપડ્યો. છ માસે તે રામેશ્વર પહોંચ્યો. ત્યાં રહી સ્નાન કરીને તેણે રામકથાનું શ્રવણ કર્યું.

પ્રધાનને ગયાને સાત વરસ થઈ ગયાં. વિક્રમને અનેક પ્રધાન હોવાથી તે આ પ્રધાનને ભૂલી ગયો. એક રાતે તે નગરચર્યા જોવા નીકળ્યો, ત્યારે તેણે લાંબા પતિવિરહે અને અશુભ સ્વપ્ન આવ્યાને કારણે પ્રધાનપત્નીને રડતી જોઈ. વિક્રમે છ માસમાં પ્રધાનને પાછો લાવવાનું વચન આપ્યું અને બીજે દિવસે પોતાના એક પ્રધાનને રાજ્ય સોંપીને તે રામેશ્વર જવા નીકળ્યો. રામેશ્વર પહોંચ્યા, દર્શન કરી, બીજા દિવસથી તેણે પ્રધાનની શોધ આદરી. જોતાંજોતાં સમુદ્રકાંઠે કદલીવનમાં તેને દીનહીનને ગળી ગયેલા શરીરે પડેલો તેણે જોયો. પૂછતાં તેણે પોતાની કહાણી કહી :

**૨. અદ્દભુત નૌકા :** " એક વાર ફરતો ફરતો હું અહીં આવ્યો ત્યારે મધરાતે એક અદ્દભુત નૌકા તરતીતરતી અને અંધારે અજવાળાં કરતી અહીં આવી. તેના નવ ખંડમાંથી એકમાં સાત સાગર, બીજામાં દશ દિગ્પાળ, ત્રીજામાં પક્ષી, ચોથામાં પાતાળ, પાંચમામાં દેવ, છઠ્ઠામાં મનુષ્ય, સાતમામાં ઋષિ, ગંધર્વ અને દાનવ, આઠમામાં વનસ્પતિ, નવ નાગ અને આઠ કુળપર્વત, નવમામાં પૃથ્વીનું પીઠ હતાં. વળી, તેમાં એક અદ્દભુત વૃક્ષ પણ હતું. તેમાં બેઠેલી એક સુંદરી કાંઠે ઊતરી અને વાડીમાંથી ફૂલ વીણી શિવપૂજન

કરીને તેની સખી સાથે નૌકા તરફ તે પાછી ફરી. હું તેને જોવા ગયો, એટલે તેની સખીએ મને તમાચો ચોડી દીધો, તે સાથે મારું બધું બળ હરાઈ ગયું. ત્યારથી હું એ સુંદરી માટે ઝૂરતો અહીં પડ્યો છું. દરરોજ મધરાતે એ આવે છે. વિક્રમ વિના કોણ મારું આ દુઃખ ભાંગે ?" એટલે વિક્રમે તેને પોતાની ઓળખાણ આપી. તેની પત્નીએ તેને શોધવા મોકલ્યો હોવાનું જણાવીને તેનું કામ કરી આપવાનું તેણે વચન વચન દીધું.

**૩. નૌકાનો ભેદ :** નિત્યના ક્રમે મધરાતે ત્યાં નૌકા આવી. વિક્રમ પાછી ફરતી સુંદરીની પાછળપાછળ અદૃષ્ટ બનીને તેમાં પેઠો. એક યોજન દૂર આવેલા બેટ પર નૌકા ઊતરી. સુંદરી ગુફા જેવા એક ઘરમાં પેઠી. વિક્રમ તેની પાછળ ગયો. પછી પ્રગટ થઈને તેણે તેને પોતાની ઓળખ આપી. સુંદરીને પૂછતાં તેણે તેને પોતાની વાત કહી. એ રામાવતીનગરીની રાજકુંવરી હતી. તેની સાથે જે બીજી હતી તે પ્રધાનપુત્રી હતી. શત્રુના હલ્લામાં રાજા મરાયો ત્યારે બંને જણી જંગલ તરફ નાઠી. ત્યાં એક દાનવના હાથે ચડી અને તેણે તેમને અહીં લાવીને રાખી. દીકરીની જેમ તે તેમને સુખમાં રાખતો હતો. અજિત નામનો એ દાનવ મહારુદ્રને પ્રતાપે કોઈથી જિતાય તેમ ન હતો. શિવે વિષપાન કર્યું ત્યારથી તેમને શરીરે જે દાહ થયેલો તેમાં, આ દાનવે મલયાચલથી બાવના-ચંદન લાવીને પૂજા કરી, તેથી તેમણે શીતળતા અનુભવી. વરદાનમાં દૈત્યે શિવની પાસે કૈલાસ જેવો આવાસ માગ્યો, એટલે તેને આ અદ્ભુત નૌકા આપી. વળી "તારા જેવી પૂજા જે કરશે તેના સિવાય બીજા કોઈને હાથે તું નહીં મરે" એવું બીજું વરદાન પણ તેને દીધું.

**૪. બાવનાચંદનની પ્રાપ્તિ :** સવારે ઊઠીને દૈત્ય ફરવા ગયો. વિક્રમ શિવદહેરે ગયો. શક્તિની સ્તુતિ કરી. મલયાચલમાં ચંદનના છોડ પાસે વિક્રમને પંખિણી–રૂપધારી જોગણી લઈ જાય તેવી ગોઠવણ દેવીએ કરી આપી. વળી નાગથી બચવા નાગમંત્ર અને ઇષ્ટમંત્ર પણ શીખવ્યા. પછી સમળી રૂપે જોગણી વિક્રમના પગ ચાંચમાં લઈને ઊડી. ચંદનના છોડ પાસે તેને મૂક્યો. વિક્રમ છોડને અડવા ગયો ત્યાં 'આને દેવતા જ અડી શકે, તારા જેવા મનુષ્યથી ન અડાય' એવો શબ્દ ઊઠ્યો. એ હાક સાંભળીને વિક્રમ ઇષ્ટમંત્ર ભૂલી જઈ ધરણીએ ઢળી પડ્યો. પછી તેણે હરિસિદ્ધને સ્મરી. એટલે માતાએ વિક્રમના હાથમાં ચંદન આપ્યું. જોગણી વિક્રમને ઊંચકીને પાછો લાવી. જોગણીએ સમળી રૂપે વિક્રમને સહાયતા કરી તેથી માતાએ તેને વરદાન આપ્યું, જેથી સમળી દિવ્યચક્ષુ બની.

**૫. નૌકાની પ્રાપ્તિ : પ્રધાનનું ગાંડપણ :** વિક્રમે ચંદન વડે પૂજા કરીને શિવને પ્રસન્ન કર્યા. એટલામાં દૈત્ય ત્યાં આવ્યો અને વિક્રમ ઉપર ધસ્યો. 'તું મને નમે, તો તને જીવતો મૂકું,' એમ વિક્રમે તેને કહ્યું. એટલે તેણે ગાળો દીધી. વિક્રમે ખડ્ગના ઘાએ તેને પૂરો કર્યો. બંને સુંદરીઓ વિક્રમને વરવા તૈયાર થઈ. તેણે તેમને ખાંડા સાથે વરાવી. બંનેને નૌકામાં બેસાડીને વિક્રમ પ્રધાનની પાસે આવ્યો. 'વિક્રમ ઘડીકમાં બધું લઈ આવ્યો, ને મને આટલા વખત સુધી કાંઈ ન મળ્યું એમ લોકો જાણશે તેથી ઉજ્જેણીમાં મારી નામોશી થશે' એવા વિચારે પ્રધાન ગાંડો થઈ ગયો. તે ઘણાં ઘેલાં કાઢવાં લાગ્યો. વિક્રમ પોતે મેળવેલું બધુંય તેને સોંપી દેવા તૈયાર થયો, તોપણ કશું ન વળ્યું. પછી પ્રધાનને નૌકામાં નાંખી છ દિવસે વિક્રમ ક્ષિપ્રાતટે આવી પહોંચ્યો. નગર આખું જોવા ઊમટ્યું. અદ્ભુત નૌકા અને ગાંડા કાઢતો પ્રધાન બેય કૌતુક સૌએ જોયાં. પ્રધાનના ભાઈઓએ તેને સમજાવવાને ચિત્તભ્રમ થયાનું કારણ પૂછ્યું. 'મને મળેલી નૌકા અને સુંદરીઓ વિક્રમે લૂંટી લીધી તેનું આ પરિણામ છે,' એમ કહીને પ્રધાન વિક્રમને ભાંડવા લાગ્યો. તેને તેના ઘરે પહોંચાડીને વિક્રમે નૌકાને વાડીમાં મૂકી.

**૬. પ્રધાનના ગાંડપણનો ઉપાય :** રાતે નગરચર્યા જોતાં વિક્રમે, 'પ્રધાનને જે મળ્યું તે વિક્રમે પડાવી લીધું' એવું આળ તેના ઉપર લોકો લગાડતા હતા તે સાંભળ્યું. સવારે પડો વગડાવ્યો કે જે પ્રધાનને ડાહ્યો કરે તેને રાજકુંવરી અને અડધું રાજ્ય આપવામાં આવશે. એક જૈન યતિ પ્રધાનને ત્રણ શરતે ડાહ્યો કરવા તૈયાર થયો. વિક્રમ જૈનધર્મ સ્વીકારે, જૈનધર્મને રાજધર્મ તરીકે સ્થાપે અને બ્રાહ્મણોનો અનાદર કરે. યતિ પાસે જે કામણટૂમણ હતાં તે બ્રાહ્મણો પાસે હતાં નહીં, એટલે તેમણે પ્રધાનને સાજો કરવાની અશક્તિ બતાવી પણ તે સાથે કુળધર્મ ન ત્યજવા વિક્રમને આગ્રહ કર્યો. કામમાં સફળ ન થાય તો વિક્રમ જે દંડ આપે તે પામવા યતિ કબૂલ થયો. યતિએ ચાંડાલી નામની જે યક્ષિણીને અભક્ષ્ય આહાર આપીને સાધેલી તેને પ્રધાનને સાજો કરવા ફરમાવ્યું. પણ હરિસિદ્ધ માતાએ તેને અટકાવી, અને વિક્રમને આદેશ દીધો કે 'તું ઇષ્ટદેવતાને ઉત્તમ ભોજનનો થાળ નૈવેદ્ય તરીકે ધરી, તેમાંથી ત્રણ ઉચ્છિષ્ટ ગ્રાસ યક્ષિણીના બલિદાન માટે કાઢીને મંત્ર ભણજે, એટલે પ્રધાન ડાહ્યો થઈ જશે. યતિને ઘટતી શિક્ષા કરજે.'

યતિએ ચાંડાલીને બોલાવી પણ તે ન આવી, તેથી શરત પ્રમાણે વિક્રમે શિક્ષારૂપે બધા જૈન યતિઓને ગધેડે બેસાડીને મારવાડ મોકલી આપ્યા. પછી ચાંડાલીને આપવાના બલિદાનના ગ્રાસ કાઢ્યા. તેની સૂચના પ્રમાણે પ્રધાન પર ગંગાજળ છાંટી યક્ષિણીનો મંત્ર ભણતાં પ્રધાનનો ચિત્તભ્રમ દૂર થયો. તેણે જે બન્યું હતું તેની સાચી હકીકત જણાવી અને પશ્ચાત્તાપથી ગંગામાં ઝંપલાવવાનો પોતાનો નિર્ધાર જણાવ્યો. વિક્રમે નૌકા તથા બંને સુંદરીઓ તેને આપી દઈને તેને બચાવ્યો.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.

આ કથા ભોજ રાજાને કહીને કાન્તા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **સિંહાસનબત્રીસી–૨**, ચૌદમી વાર્તા : **નૌકાની વાર્તા**]

**અદ્ભુત રચના : મધરાતની–જુઓ હરણુ રાજા ( સિંહા-સનબત્રીસી–૨,** પહેલી કથા ).

**અનાગતવિધાતા, પ્રત્યુત્પન્નમતિ અને યદ્ભવિષ્ય (= અગમબુદ્ધિ, તરતબુદ્ધિ અને પચ્છમબુદ્ધિ) ( પંચાખ્યાનમાં** આવતી દૃષ્ટાંતકથા ) : એક વિશાળ જળાશયમાં અનાગતવિધાતા, પ્રત્યુત્પન્નમતિ અને યદ્ભવિષ્ય નામનાં ત્રણ મોટાં માછલાં રહેતાં હતાં. તેમનાં ગુણ પ્રમાણે નામ હતાં : એક આવનાર આપત્તિનો ઉપાય વિચારી લેતો. બીજો આપત્તિ આવતાં પોતાની બુદ્ધિથી માર્ગ કાઢતો. ત્રીજો થનાર હશે તે થશે એમ માની નિષ્ક્રિય રહેતો. હવે એક વાર અનાગત-વિધાતાએ કોઈક માછીમારને એમ કહેતાં સાંભળ્યો કે માછલાં ભરેલા આ ધરામાંથી કાલે સવારે માછલાં પકડશું. તેથી તેણે પ્રત્યુત્પન્ન-મતિ અને યદ્ભવિષ્યને બોલાવીને આ સ્થાન છોડી જવા કહ્યું. એ સાંભળી પ્રત્યુત્પન્નમતિએ કહ્યું કે આપણું જૂનું સ્થાન છોડી જવું ઠીક નહીં. આફત આવશે ત્યારે બુદ્ધિ વાપરી જાતનું રક્ષણ કરશું. યદ્ભવિષ્યે કહ્યું કે બીજે જશું ત્યાં પણ કોઈ મારશે નહીં એવું થોડું છે ? અને માછીમાર અહીં આવે કે ન પણ આવે.

અનાગતવિધાતા અગમચેતી વાપરી એ સ્થાન છોડી ગયું. પછી એક દિવસ જાળ લઈને માછીમાર આવ્યા ત્યારે પ્રત્યુત્પન્ન-મતિ જાળને છેડે મરેલું હોવાનો ઢોંગ કરી પડી રહ્યું. તેને મરેલું જાણી માછીમારે કાંઠે નાંખી દીધું, એટલે તે કૂદીને પાણીમાં પેસી ગયું. યદ્ભવિષ્યને જાળમાં તરફડતું ભાળી લાકડે કૂટી માર્યું.

( સંદર્ભ : **પંચાખ્યાન** ઘટક ૨.૧૩ : દમનકે સંજીવકને કહેલ **ટીટોડો અને સમુદ્ર** દૃષ્ટાંતકથામાં ટીટોડાએ કહેલ પેટા દૃષ્ટાંતકથા ).

**અપમાનિત નીચ : ઊંચને અધિકારભ્રષ્ટ કરતો–જુઓ દંતિલ શેઠ અને કચરો વાળનાર ગોરંભ ( પંચાખ્યાનમાં** આવતી દૃષ્ટાંતકથા )

**અબોલા રાણી ( = ચઉબોલા રાણી) (સિંહાસન બત્રીસી–૨,** છઠ્ઠી કથા) : ફરી ભોજ રાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે ચિત્રાંગના નામની છઠ્ઠી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**પૂર્વપીઠિકા :** ૧. ઉજ્જેણીના તંબોળી પાસેથી એક સ્ત્રી રોજ એક સોનામહોર આપી પાનબીડું લઈ જતી. તંબોળીના કહેવાથી એ સ્ત્રીનો ભેદ પામવા તેની પાછળપાછળ ગયેલો બ્રાહ્મણ ઘોર ઘોર વનમાં એક ગુફામાં પેઠો. એ ગુફાની અંદર સ્ત્રીઓની અદ્ભુત નગરી હતી. ત્યાં અબોલા રાણીનું રાજ હતું. પોતાની મેળે ફરતા સોનાના રહેંટે પાણી ભરીને પાછી ફરતી દાસીઓ પાસેથી ગોરે અબોલા રાણીની વાત જાણી, 'તે પુરુષમુખ જોતી નથી. જે તેને ચાર વાર બોલાવીને ચાર પડદા છોડાવે, તેને જ તે વરે.' બ્રાહ્મણે હત્યા આપવાની બીક દેખાડીને અબોલાને જોવાની હઠ કરી. એ માટે તેને બ્રાહ્મણ જાણી કારાગારમાં ન નાખતાં, એક કુંડમાં નાહીને આવવા કહ્યું. બ્રાહ્મણ જેવો કુંડમાં પડ્યો, તેવો જ વિદ્યાપ્રભાવે તે તંબોળીના હાટ પાસે આવી પડ્યો. મધરાતે તે કલ્પાંત કરવા લાગ્યો. નગરચર્યા જોવા નીકળેલા વિક્રમે કલ્પાંત કરવાનું કારણ પૂછ્યું. પોતાની વાત કહીને બ્રાહ્મણે અબોલાના વિરહદુઃખે મરવાનો પોતાનો નિશ્ચય વિક્રમને જણાવ્યો. વિક્રમે તેને અબોલા રાણી મેળવી આપવા વચન આપ્યું.

વળતે દિવસે પેલી સ્ત્રીની પછવાડે વિક્રમ ગુફામાં પેઠો. કોઈ રૂપાળો રાજવી આવ્યાની વાત અબોલાને કાને પહોંચી. તેના તરફથી વિક્રમનું સ્વાગત થયું. વિક્રમે પોતાની ઓળખાણ આપી. 'મને બોલાવવામાં જો નહીં ફાવશો તો કારાગારમાં જવું પડશે,' એમ અબોલાએ વિક્રમને દાસી મારફત ચેતવ્યો. દાસીઓએ કારાગારમાં પડેલા આઠસો તેર રાજવીઓ દેખાડ્યા.

**અબોલાની ઉત્પત્તિ :** ૨. વિક્રમના પૂછવાથી દાસીએ અબો-લાની ઉત્પત્તિ કહી : અહીંયાં ભદ્રકાળીનું સ્થાનક છે. એક વાર સૂર્યપર્વે દસવીસ જોગણીઓ કુંડમાં નહાવા આવી. તેમણે રમતમાં કેટલીક માટીની પૂતળીઓ બનાવી. જતાંજતાં જોગણીઓએ પૂતળી-ઓની ઉપર અમીદૃષ્ટિ નાંખી, તેથી જડ પૂતળીઓ સચેતન બની ગઈ. તેમાં જે સૌથી નાની અને સૌથી મોટી હતી તેમને રાણી સ્થાપી. બીજી બધી તેમની સખીઓ તરીકે રહી. પુરુષવિમુખ અબોલાને જે પુરુષ તેનો મૌનભંગ કરીને બોલાવે તે તેને જીતે, પણ તેનો પ્રયાસ નિષ્ફળ જાય તો તે હારે અને તેને કારાગૃહમાં પૂરી દેવામાં આવે – એવી તેની પ્રતિજ્ઞા હતી. વિક્રમે ઊંઘ ન આવતી હોવાથી કથાવાર્તા કરીને રાત ગાળવાનો વિચાર હોવાનું જણાવ્યું, અને અબોલાને હોંકારો દેવા કહ્યું. ચાર પડદાની પાછળ બેઠેલી અબોલાએ એ વાત ન માની એટલે વિક્રમના કહેવાથી, અબોલાએ કાન પર પહેરેલી ઝાલ બોલી કે હું હોંકારો દઈશ. હકીકતે તો વિક્રમની આજ્ઞાથી વેતાળે જ એ ઝાલમાં પેસીને વાર્તામાં હોંકારો ભરવાનું સ્વીકાર્યું હતું. વિક્રમે પહેલી વાર્તા માંડી.

**પહેલી અવાંતરકથા : ચાર નિર્માતા અને એક સુંદરી :** ૩. બ્રાહ્મણ, વૈશ્ય (સુતાર), સોની અને સાળવી એ ચાર મિત્રો હતા. તેમનાં માબાપે દીધેલા મૂરખપણાના મેણાથી તેઓ વિદ્યા મેળવવા પરદેશ ઊપડ્યા. આગળ વધતા ગયા તેમ તેમ સોની, સુતાર ને સાળવી એક પછી એક ગામમાં પોતપોતાના નાતભાઈને ત્યાં ધંધો શીખવા રહી ગયા. બ્રાહ્મણ આગળ ગયો. નર્મદાતીરના એક ગામમાં ગુરુસેવા કરતો તે બાર વરસ શાસ્ત્રો ભણ્યો. અંતે રજા લઈને તે પાછો આવવા નીકળ્યો. ત્રણેય ગામમાંથી એક પછી એક મિત્રોને બોલાવીને તેણે સાથે લીધા. આગળ જતાં તેઓ વનમાં ભૂલા પડ્યા. રાત પડી. વારાફરતી એક એક જણે પહેરો ભરવાનું ઠરાવીને તેઓ સૂતા. પહેલો સુતારનો વારો હતો. તેણે વખત વિતાવવા એક પૂતળી ઘડી. તેના પછી સાળવીનો જાગવાનો વારો આવ્યો. તેણે વસ્ત્ર વણીને એ પૂતળીને પહેરાવ્યાં. સોનીનો વારો આવ્યો ત્યારે તેણે ઘરેણાં ઘડી તેના વડે પૂતળીને શણગારી

છેલ્લે બ્રાહ્મણે મંત્રેલું જળ છાંટી પૂતળીને સજીવન કરી. સવારે એ ચારે જણ વચ્ચે એ નિર્મિત કરેલી સુંદરીની માલિકી માટે વિવાદ થયો. લોકો પાસે તેઓ ન્યાય કરાવવા ગયા.

આટલી વાર્તા કહી વિક્રમે હોંકારો દેતી ઝાલને પૂછ્યું; 'એ ચાર જણામાંથી કોણ એ સુંદરીનો સાચો હક્કદાર ગણાય?' ઝાલ બોલી : 'પૂતળીમાં જીવ મૂકનાર બ્રાહ્મણ તેનો હક્કદાર ગણાય.' એટલે કોપ કરી ઝાલને ધરતી પર પછાડીને અબોલા બોલી ઊઠી : 'જૂઠું! પૂતળીનો ઘડનારો તેનો બાપ, જેણે તેને કપડાં આપ્યાં તે તેનો ભાઈ, અને તેમાં જીવ મૂકનાર ઈશ્વર ગણાય, પણ જેણે તેને ઘરેણાં ચડાવીને પલ્લું કર્યું તે જ તેનો પતિ.' આમ એક પહોર રાત વીતી અને અબોલાને વિક્રમે બોલાવી તેથી એક પડદો છૂટ્યો.

**૪. બીજી અવાંતરકથા : માથાંની અદલાબદલી :** બીજે પહોરે રાજા વિક્રમે બીજી વાર્તા માંડી. અબોલાના હારમાં ભરાઈને વેતાળ હોંકારો ભરવા લાગ્યો.

એક ગામના અપુત્ર રાજાને શિવકૃપાથી પુત્ર થયો. તે બાર વરસનો થયો. તેને નિત્ય શિવપૂજાનું વ્રત હતું. તેનો વિવાહ થયો. સારું મુહૂર્ત ન હોવાથી એક મહિના પછી કન્યાને વળાવવાનું નક્કી થયું. મુદત પૂરી થતાં ગોર તેડું કરવા ગયો. પણ 'કુંવર પોતે માત્ર એક મિત્રને લઈને તેડવા આવે તો જ હું આવું' એવી કુંવરીએ હઠ કરી. કુંવર અને પ્રધાનપુત્ર તેનું તેડું કરવા ઊપડ્યા. રસ્તામાં શિવનું દહેરું આવ્યું. પાસેના સરોવરમાંથી કમળ ચૂંટી કુંવરે શિવની પૂજા કરી, અને વળતાં પણ કમળપૂજા કરવાની પ્રતિજ્ઞા કરી. આ દરમિયાન પ્રધાનપુત્ર રથ પાસે જ રહેલો. આગળ ચાલી તેઓ કુંવરને સાસરે પહોંચ્યા. ત્યાં તેઓ દોઢ માસ રહ્યા. પછી કુંવરીને લઈને કોઈ રક્ષક કે અનુચર લીધા વિના કુંવર અને પ્રધાનપુત્ર પાછા આવવા ઊપડ્યા. રસ્તામાં પેલું શિવનું દહેરું આવ્યું. કુંવરીને અને મિત્રને રથની પાસે રાખી કુંવર પૂજા કરવા માટે કમળ લેવા ગયો. પણ સરોવર અને કમળ સુકાઈ ગયેલાં; એટલે કુંવરે દહેરામાં જઈ પોતાને હાથે પોતાનું મસ્તક વધેરીને શિવની આગળ ધરી દીધું અને એમ તેણે, કમળપૂજા કરવાની જે પ્રતિજ્ઞા લીધી હતી તે પાળી.

કુંવરને આવતાં વાર થઈ એટલે પ્રધાનપુત્ર તપાસ કરવા ગયો. કુંવરનું માથું અને ધડ કપાઈને પડેલાં જોઈને, પોતાના ઉપર કુંવરને માર્યાનું આળ આવશે એ બીકે તેણે પણ પોતાનું મસ્તક વધેરી દીધું. પ્રધાનપુત્ર પણ પાછો ન ફર્યો એટલે કુંવરી તપાસ કરવા દહેરામાં ગઈ. બંનેનાં માથાં વઢાયેલાં પડેલાં જોઈને, પોતાના ઉપર આળ આવશે એ બીકે કુંવરી પણ જ્યાં પોતાને ગળે ખડ્ગ લગાડવા ગઈ, ત્યાં જોગીના રૂપે શંકર પ્રગટ થયા અને કુંવરીને વરદાન આપ્યું કે ધડ પર મસ્તક ગોઠવી, ઉપર વસ્ત્ર ઢાંકીને જળ છાંટતાં મરેલા બંને જણ સજીવન થશે. હરખમાં ને હરખમાં હાંફળી-ફાંફળી કુંવરીએ ભૂલથી એકનું માથું બીજાના ધડ પર લગાડી દીધું. રાજકુંવર અને પ્રધાનપુત્ર સજીવન તો થયા, પણ તેમના માથાની અદલાબદલી થઈ ગઈ. હવે આમાંથી કુંવરીનો પતિ કોને ગણવો, રાજકુમારના ધડવાળાને કે તેના શીશવાળાને? એ પ્રશ્ન સાથે વિક્રમ વાર્તા કહેતાં અટક્યો.

એટલે અબોલાના હારે જવાબ આપ્યો : 'જેણે વિવાહવેળા કુંવરીનો જમણો હાથ ઝાલ્યો હતો, તેની જ પત્ની ગણાય.' રીસથી હારને તોડીને ફેંકી દેતાં અબોલાથી બોલાઈ ગયું : 'જૂઠું! માણસનું મુખ અનુપમ રત્ન ગણાય, મુખથી જ માણસ ઓળખાય. માટે જેના ઉપર રાજકુંવરીનું શીશ છે તે જ કુંવરીનો સાચો હક્કદાર.' આમ અબોલાને બીજી વાર વિક્રમે બોલાવી એટલે બીજો પડદો છૂટ્યો. રાતનો બીજો પહોર વીતી ગયો.

**૫. ત્રીજી અવાંતર કથા : ત્રણ મૂરતિયા અને એક કન્યા :** વિક્રમ રાજાએ ફરી પાછી વાર્તા માંડી. અબોલાના ઝાંઝરમાં ભરાઈને વેતાળ હોંકારો ભરવા લાગ્યો.

એક ગામનો રાજા, પ્રધાન અને રાજકુંવરીનો મામો રાજકુંવરીનાં લગ્ન એક જ તિથિએ જુદાજુદા ત્રણ વર સાથે નક્કી કરી આવ્યા. લગ્નને દિવસે જુદીજુદી ત્રણ જાન આવી. તે દિવસે કન્યા નહાવા બેઠી, ત્યારે તેને ખાળમાંથી નીકળેલો સાપ ડસતાં તે મરી ગઈ. પરણવા આવેલા ત્રણેય મૂરતિયા નિરાશ થયા. ત્રણેયને વૈરાગ્ય આવ્યો. ત્રણેએ તેના નિમિત્તે જુદી જુદી પ્રતિજ્ઞા કરી. તે અનુસાર એક મૂરતિયો કન્યાનાં અસ્થિ લઈ કાશીએ ગયો. બીજો મૂરતિયો અડસઠ તીરથ કરવા ગયો. ત્રીજો મૂરતિયો કન્યાનાં અસ્થિ અને ભસ્મ પર મઢૂલી બાંધીને રહ્યો.

જે તીરથ કરવા ગયો હતો તે દસ માસે દક્ષિણ દેશ પહોંચ્યો. એક સતીને ત્યાં ભિક્ષા લેવા તે ગયો. તેને બેસાડીને સ્ત્રીએ રસોઈ માંડી. તેનો પતિ ઘી લેવા ગયો. સ્ત્રીનું બાળક રડ્યું. રડતાં બાળકને સ્ત્રીએ ઊંચકીને બળતા ચૂલામાં નાખી દીધું. હત્યારીનું ભોજન લેવામાં પાપ ગણી અભ્યાગત ઊઠીને ચાલતો થયો. સામે મળેલો પતિ તેને સમજાવીને પાછો લાવ્યો. પોતાની પાસેની પોથીમાંથી તેણે મૃતસંજીવની મંત્ર ભણી, જળ છાંટીને બાળકને જીવતું કર્યું. એટલે 'મને એ મંત્ર શીખવો તો જ હું ભિક્ષા લઉં' એવી હઠ કરીને તીરથયાત્રી મૃતસંજીવની મંત્ર શીખ્યો. પછી મરણ પામેલી રાજકુંવરીને ગામ પાછા આવી, ત્યાં જ રહેલા મૂરતિયાની પાસેથી કુંવરીનાં અસ્થિ માગી તેણે મંત્રબળે કુંવરીને સજીવન કરી. એટલામાં જે કાશીએ ગયેલો તે મૂરતિયો પણ આવી પહોંચ્યો. હવે એ કુંવરીને પરણવા ત્રણ મૂરતિયામાંથી કોણ હક્કદાર?

આટલી વાત કરીને વિક્રમ અટક્યો એટલે ઝાંઝર બોલ્યું : 'જેણે કુંવરીને સજીવન કરી તે મૂરતિયો પરણવાને હક્કદાર ગણાય.' એટલે રીસમાં ઝાંઝર કાઢીને ફેંકી દઈ અબોલા બોલી પડી : 'જે મૃત કુંવરીનાં અસ્થિ ગંગામાં નાખી આવ્યો તે પુત્રને સ્થાને ગણાય, કુંવરીને સજીવન કરનાર તેના બાપને સ્થાને ગણાય, મઢૂલી બાંધીને જે રહ્યો, તે જ મૂરતિયો કુંવરીને વરે.' અબોલાને વિક્રમે

ત્રીજી વાર બોલાવી તેથી ત્રીજો પડદો છૂટ્યો. આ રીતે રાતનો ત્રીજો પહોર પૂરો થયો.

**૬. ચોથી અવાંતરકથા : આંધળો અને પાંગળો :** વિક્રમે ચોથી વાર્તા માંડી. અબોલાના કંકણમાં ભરાયેલો વેતાળ હોંકારો ભરવા લાગ્યો.

એક હતો આંધળો અને એક હતો પાંગળો. બંનેય જાતે શૂદ્ર ને માબાપ વગરના. એક જણ એના કાકાને ત્યાં, અને બીજો જણ એના મોટાભાઈને ત્યાં ઓશિયાળા દિવસો કાઢે. એમ કરતાં એક વાર બંનેય સાથે મળીને ભાગ્ય અજમાવવા પરદેશ જવા નીકળ્યા. આંધળો પાંગળાને ઊંચકે અને પાંગળો રસ્તે દોરે. તેઓ એક નગરીમાં પહોંચ્યાં. ત્યાંની રાજકુંવરીની છાતીમાં એક વિકરાળ મસો હતો, તેથી કોઈ તેને વરતું ન હતું. રાજાએ સ્વયંવર રચ્યો. આંધળો અને પાંગળો તે જોવા ગયા. ત્યાં હાથણીએ તેમના પર કળશ ઢોળ્યો. આંધળાની કાંધે ચડી પાંગળો ફેરા ફર્યો. પછી તેમણે ઘરસંસાર માંડ્યો. એક વાર આંધળાનું કાસળ કાઢવા પાંગળાએ ઝેર તૈયાર કરવા માંડ્યું. ઝેરી નાગને મારી તેના કટકા ચૂલે બાફવા મૂક્યા. એટલામાં ભૂખ્યા થયેલા આંધળાએ ખાવાનું માગ્યું. 'ખાવાનું હજી ચૂલે ચડે છે' એવા ઉત્તરથી અધીરો થઈને, આંધળો ચૂલાની પાસે પહોંચ્યો. ચૂલા પરનું માટલું ઉઘાડતાં તેમાંથી નીકળેલી ઝેરી વરાળ તેની આંખે લાગી. આંધળાની આંખોનાં પડળ હટી ગયાં. દેખતો થતાં, પોતાને મારવાનું કાવતરું થતું હતું એમ તે સમજી ગયો. તેણે પાંગળાને બે પગે પકડીને કુંવરીની ઉપર ઝાપટ્યો. પાંગળાના પગ સીધા થઈ ગયા ને કુંવરીનો છાતીનો મસો ખરી પડ્યો. તો હવે એમાંથી કોણ કુંવરીનો વર ગણાય ?

એવા પ્રશ્ન સાથે વિક્રમે વાર્તા પૂરી કરી. જવાબમાં કંકણ બોલ્યું : 'આંધળા સાથે કુંવરીએ ફેરા ફર્યા હતા એટલે કુંવરી એની ગણાય.' આ સાંભળીને રીસમાં કંકણ ભાંગી નાંખી અબોલા કુંવરી બોલી ગઈ : લગ્નમાં ફેરા ફર્યા ત્યારે આંધળો અશ્વ થયેલો અને પાંગળો તેના પર બેઠેલો. વાહનને કન્યા ન જાય. કન્યા પાંગળાની જ ગણાય. આમ રાતનો ચોથો પહોર પૂરો થયો. અબોલાને ચોથી વાર બોલાવી તેથી ચોથો પડદો હટી ગયો.

**૭. ઉપસંહાર :** આ રીતે અબોલાનો અહંકાર તૂટ્યો. વિક્રમે કહ્યું, 'હું તો એક બ્રાહ્મણને માટે તને લેવા આવ્યો છું.' એટલે અબોલાએ પોતાની નાની બહેનને રાજ્ય સોંપી, તેને અબોલારાણી સ્થાપીને ચાર પડદા બંધાવ્યા. બધા કેદી રાજાઓને છૂટા કર્યા. ઉજેણી આવી વિક્રમે બ્રાહ્મણને અબોલા પરણાવી.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.

આ કથા ભોજ રાજાને કહીને ચિત્રાંગના પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[ આધાર : **'સિંહાસનબત્રીસી'—૨**, છઠ્ઠી કથા ]

**અભયકુમાર મંત્રી : શ્રેણિકનો વૃત્તાંત ૧.૧.** મગધ દેશમાં કુશાગ્રપુરમાં રાજ્ય કરતા પ્રસેનજિત રાજાને તેની ધારિણી પટ્ટરાણીથી શ્રેણિક નામે પુત્ર હતો. પ્રસેનજિતને બીજા પણ અનેક પુત્રો હતા. પુત્રોની બુદ્ધિપરીક્ષા કરવાનું રાજાએ વિચાર્યું. બધા કુમારોને થાળીમાં ભોજન પીરસી જમવા બેસાડ્યા. કુમારો જમતા હતા એવામાં રાજાએ તેમની તરફ કૂતરા છોડી મૂક્યા. થાળી પડતી મૂકીને બીજા બધા કુમારો ઊઠીને નાઠા. માત્ર શ્રેણિક બેસી રહ્યો. બાજુની થાળીઓમાંથી ખાવાનું નાખી તેણે બધા કૂતરાને રોકી રાખ્યા, અને પોતે પોતાની થાળીમાંથી ભોજન કરતો રહ્યો. આ જોઈ રાજા પ્રસેનજિતને શ્રેણિકની બુદ્ધિમત્તાની ખાતરી થઈ ગઈ.

૧.૨. બંધ કરંડિયાને ઉઘાડ્યા વિના તેમાંથી લાડુ ખાઈ બતાવવાનો અને બંધ કોરા માટલાને ઉઘાડ્યા વિના તેમાંથી પાણી પી બતાવવાનો રાજાએ કુમારોને આદેશ આપ્યો. શ્રેણિકે કરંડિયાને હલાવી લાડુનો ભૂકો કરી છિદ્રોમાંથી ખેરવીને ખાધો અને ઘડામાંથી ઝમતા પાણીને એક કચોળામાં એકઠું કરીને પીધું. એમ તેણે બીજી કસોટી પણ પાર કરી.

૧.૩. રાજાએ બધા કુમારોને સોનાના કળશમાં પાણી લાવીને એનાં ચરણ પખાળવા જણાવ્યું. આ માટે બીજા કુમારો પોતાના ખભા પર જળકુંભ મૂકીને આવ્યા. જ્યારે શ્રેણિક મિત્રના પુત્રને પોતાને ખભે બેસાડીને આવ્યો. એના હાથમાં જળ ભરેલી ઝારી આપી રાખી હતી. તે વડે તેણે પિતાના ચરણ પખાળ્યા.

૨. એકવાર કુશાગ્રપુરમાં આગ ફાટી નીકળી. એ પછી રાજાએ આદેશ દીધો કે નગરમાં જેને ત્યાં આગ લાગશે તેને નગરમાંથી બહાર કાઢી મૂકવામાં આવશે. સંયોગવશ રાજાના રસોડામાં જ રસોઈયાના પ્રમાદને કારણે આગ ફાટી. રાજાએ જાહેર કર્યું કે, જે જે ચીજવસ્તુ રાજકુમારો બચાવીને લઈ જશે તે તે વસ્તુ તેમને ભેટ અપાશે. બીજા કુમારોએ આભૂષણો વગેરે પોતાની મનગમતી વસ્તુઓ ઉઠાવી. પણ શ્રેણિકે તો 'ભંભા' (એટલે કે તોરી) લીધી. આથી બીજા કુમારો અંદરોઅંદર હસવા લાગ્યા. પછી આ અંગે જ્યારે રાજાએ પૂછ્યું ત્યારે શ્રેણિકે જણાવ્યું. 'ભંભા એ યુદ્ધમાં વિજયપ્રાપ્તિનું ચિહ્ન છે, અને રાજા માટે વિજય એ જ સર્વસ્વ છે.' આ સાંભળી પ્રસેનજિત અત્યંત પ્રસન્ન થયો અને તેણે શ્રેણિકને 'ભંભાસાર' એવું બિરુદ આપ્યું.

પોતે પહેલાં કરેલી ઘોષણાને અનુસરીને પ્રસેનજિત નગરની બહાર નવો આવાસ બનાવીને રહ્યો. આથી વખત જતાં નગરનું નામ 'રાજગૃહ' પડ્યું.

૩. પ્રસેનજિતે બીજા કુમારોને પોતાના રાજ્યના જુદા જુદા દેશો વહેંચી આપ્યા, પણ શ્રેણિકને કોઈ દેશ ન આપ્યો. તે એવું વિચારીને કે એને તો આખું રાજ્ય મળવાનું છે. પણ આથી પોતાનું અપમાન થયેલું સમજીને શ્રેણિક રાજગૃહ છોડી ગયો. તે

વેણ્ણાતટ નગર પહોંચ્યો. ત્યાં તે એક કરિયાણાના વેપારીની દુકાને જઈને બેઠો. તે દિવસે ઉત્સવ હોવાથી ઘરાકી હતી. શ્રેણિકે પડીકાં વાળી આપવામાં મદદ કરી. શેઠને ઘણો લાભ થયો. શેઠે તે દિવસે વહેલી સવારે આવેલા સ્વપ્નમાં જે પુરુષને પોતાની પુત્રીનું પાણિ-ગ્રહણ કરતો જોયો હતો, તેના જેવો જ તેને શ્રેણિક લાગ્યો. આથી શ્રેણિકને તે પોતાના ઘરે લઈ ગયો અને પોતાની પુત્રી નંદાનો શ્રેણિક સાથે વિવાહ કર્યો. આપેલા આવાસમાં દંપતી સુખીથી રહેવા લાગ્યું. નંદા ગર્ભવતી થઈ. દરમિયાનમાં પ્રસેનજિતે પુત્રની ભાળ મેળવી તેને પાછો બોલાવ્યો. નંદાની રજા લઈ તેને પોતાની ખરી ઓળખાણ આપ્યા વિના તેના હાથમાં એક પત્ર આપીને શ્રેણિક પિતાની પાસે રાજગૃહ આવ્યો. પ્રસેનજિતે રાજ્યભાર શ્રેણિકને સોંપ્યો.

૪. યોગ્ય સમયે નંદાએ એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ અભયકુમાર પાડ્યું. આઠ વર્ષનો થતાં તે બધી કલામાં નિપુણ થયો. એક વાર રમતમાં બાળકો સાથે અભયકુમારને ઝઘડો થતાં, બાળકોએ તેને નબાપો હોવાનું મહેણું માર્યું, અભયકુમારે માતા પાસે જઈને પોતાના પિતા અંગે પૂછ્યું. માતાએ પિતાએ આપેલો પત્ર દેખાડ્યો. એના પરથી અભયકુમારે જાણ્યું કે પોતે રાજગૃહના રાજાનો પુત્ર છે. તે માતાને લઈને પિતાને મળવા રાજગૃહ પહોંચ્યો. માતાને નગર બહાર ઉદ્યાનમાં રાખીને પોતે એકલો નગરમાં આવ્યો. લોકો પાસેથી તેણે જાણ્યું કે રાજા શ્રેણિક પોતાના ચારસો નવાણું મંત્રીઓના વડા તરીકે એક પાંચસોમો મંત્રી નિમવા માગે છે. એવા મંત્રીની પરીક્ષા અર્થે રાજાએ પોતાની મુદ્રિકા એક સુકાઈ ગયેલા કૂવામાં નાખી છે. જે કોઈ કૂવાને કાંઠે રહીને પોતાના હાથવતી એ મુદ્રિકા બહાર કાઢી આપશે, એને મુખ્યમંત્રી બનાવવામાં આવશે. અભયકુમારે એ કામ માથે લીધું. તેણે છાણ મંગાવી લોંદો પેલી મુદ્રિકા પર ફેંક્યો એટલે તે તેમાં ચોંટી ગઈ. પછી છાણને સૂકવી નાખવા માટે ઘાસનો પૂળો સળગાવીને કૂવામાં નાખ્યો. પછી બાજુના કૂવાના પાણીથી સૂકો કૂવો ભરાવ્યો એટલે પેલું સુકાઈ ગયેલું છાણું પાણીની ઉપર તરી આવ્યું. અભયે મુદ્રિકા કાઢી લીધી. સેવકો અભયને રાજા પાસે લઈ ગયા. અભયે આપેલા પરિચય પરથી શ્રેણિકે તેને પોતાના પુત્ર તરીકે ઓળખી આવકાર્યો. નંદાને ઉદ્યાન-માંથી વાજતેગાજતે રાજમહેલમાં લાવવામાં આવી. શ્રેણિકે તેને મુખ્ય પટરાણી તરીકે સ્થાપી અને અભયને મુખ્યમંત્રી બનાવ્યો. તેને પોતાની ભાણેજ પરણાવીને રહેવા આવાસ આપ્યો.

### સુલસાપુત્રો

૫. શ્રેણિક રાજાના નાગ નામક સારથિની પત્ની સુલસા પુત્ર-પ્રાપ્તિ માટે વ્રત અને તપ કરવા લાગી. દેવરાજ ઇંદ્રે સભામાં સુલસાની પ્રશંસા કરી. આથી તેની કસોટી કરવા એક દેવ સાધુવેશ ધારણ કરી તેની પાસે આવ્યો, અને મોંઘામૂલું લક્ષપાક તેલ માગ્યું. સુલસા તેલનો ઘડો લઈને આવે કે દેવની શક્તિથી તે તેના હાથમાંથી પડીને ફૂટે એ પ્રમાણે ત્રણ વાર બન્યું. સુલસાએ સહેજે ક્રોધ કર્યો નહીં. દેવે પ્રગટ થઈને સુલસાની પ્રશંસા કરી. સુલસાએ પુત્ર માટે વરદાન માગ્યું. દેવે તેને બત્રીસ ગુટિકા આપી, જે ખાવાથી સુલસાને બત્રીસ પુત્રો જન્મ્યા. યુવાન થઈ તેઓ શ્રેણિક રાજાના સારથિ બન્યા.

### ચેલ્લણા

૬. વૈશાલીનગરીના ચેટક રાજાને સાત પુત્રીઓ હતી. તેમાંથી પ્રભાવતીને ઉદયન રાજા સાથે, પદ્માવતીને દધિવાહન સાથે, મૃગા-વતીને શતાનીક રાજા સાથે, શિવાને પ્રદ્યોત રાજા સાથે અને જ્યેષ્ઠાને નંદવર્ધન રાજા સાથે પરણાવી હતી. સુજ્યેષ્ઠા અને ચેલ્લણા એ બે પુત્રીઓ પરણાવવી બાકી હતી.

એક વાર સુજ્યેષ્ઠાની સાથે વાદવિવાદમાં હારી અપમાનિત થયેલી એક વૃદ્ધ તાપસીએ બદલો લેવા સુજ્યેષ્ઠાને શોક્ય હોય એવા સ્થળે પરણાવવા વિચાર્યું. એને ચિત્રપટ પર આળેખીને રાજગૃહના રા શ્રેણિકને બતાવી. મુગ્ધ થયેલા રાજાએ ચેટક પાસે દૂત મો સુજ્યેષ્ઠાની માગણી કરી. ચેટકે તે તરછોડી. અભયકુમારે સુજ્યેષ્ઠાન મેળવવાની યુક્તિ કરી. વેપારીવેશે તે વૈશાલીના રાજમહેલની પા ગાંધીહાટ રાખીને રહ્યો. ત્યાં ચીજવસ્તુઓ લેવા આવતી રાજદાસી મારફત યુક્તિથી તેણે શ્રેણિકનું ચિત્ર સુજ્યેષ્ઠાને પહોંચાડ્યું. તે જોઈને સુજ્યેષ્ઠાએ શ્રેણિકને જ વરવાનું નક્કી કર્યું. એ વાત જાણીને અભયકુમારે રાજમહેલ સુધી જતી એક સુરંગ તૈયાર કરાવી પછી શ્રેણિક રાજાને બોલાવી લીધો. સુરંગ વાટે શ્રેણિક રાજા રાજમહેલમાં પહોંચ્યો. ચેલ્લણા પણ શ્રેણિકને વરવા તૈયાર થઈ એટલે તેને રથમાં બેસાડી સુજ્યેષ્ઠા પોતે પોતાનાં ઘરેણાં લેવા ગઈ. રથમાં સુજ્યેષ્ઠા જ આવીને બેસી ગઈ છે એમ માની શ્રેણિકે રથ ઉપાડ્યો. પાછી આવી પહોંચેલી સુજ્યેષ્ઠા રથ ચાલ્યો ગયેલો જાણીને 'ચેલ્લણાને શ્રેણિક રાજા ઉપાડી જાય છે' એવી બૂમાબૂમ કરી મૂકી એટલે રાજા સૈન્ય સાથે સુરંગમાં આવી પહોંચ્યો. યુદ્ધમાં શ્રેણિકના સારથિ બત્રીસ સુલસાપુત્રો માર્યા ગયા. ચેલ્લણા સાથે નાસી છૂટેલા શ્રેણિકે તેની સાથે વિવાહ કર્યો. સુજ્યેષ્ઠા દીક્ષા લઈ સાધ્વી બની.

### શ્રેણિકનો પૂર્વભવ : સેનક અને સુમંગલ

૭. પહેલાંના સમયમાં વસંતપુરના જિતશત્રુ રાજાનો સુમંગલ રાજકુમાર મંત્રીપુત્ર સેનક કુરૂપ હોવાથી એની અનેક પ્રકારે કનડગત કરતો. તેથી વૈરાગ્ય ઉત્પન્ન થતાં સેનકે દીક્ષા લીધી. સમય વીતતાં સુમંગલને રાજગાદી મળી. તપસ્વી સેનકમુનિ વિહાર કરતાકરતા એક વાર વસંતપુર આવ્યા. એક માસના ઉપવાસ આદર્યા. એનાં દર્શને આવેલા સુમંગલે ઉપવાસ પૂરા થતાં પારણા માટે પોતાને ત્યાં આવવા નિમંત્રણ આપ્યું. ઉપવાસને અંતે સેનક રાજદ્વારે ગયો, પણ રાજા માથાના શૂળથી પીડાતો હતો, એટલે સેવકોએ તેને પ્રવેશવા ન દીધો. સેનકે પાછા ફરીને બીજા માસના ઉપવાસ શરૂ કર્યા. સુમંગલે આવી ક્ષમા માગી, ફરી વાર પારણા માટે આવવા નિમંત્રણ આપ્યું. બીજી વાર પણ એવું જ બન્યું અને ત્રીજી વાર પણ પુત્રજન્મના ઉત્સવને કારણે ભિક્ષા લીધા વિના સેનકને પાછા

ફરવું પડયું. આથી રાજા પર ક્રોધે ભરાયેલો સેનક 'આવતા જન્મે હું સુમંગલનો વધ કરનારો થાઉં,' એવું નિદાન કરીને મૃત્યુ પામ્યો. તે વ્યંતર તરીકે જન્મ્યો. સુમંગલ પછીના જન્મમાં જ્યારે શ્રેણિક તરીકે અવતર્યો ત્યારે પેલો વ્યંતર બનેલો તપસ્વી રાણી ચેલ્લણાના ગર્ભમાં પુત્રરૂપે અવતર્યો. ગર્ભવતી ચેલ્લણાને પતિનું માંસ ખાવાનો દોહદ થયો. અભયકુમારે સસલાનું માંસ મગાવી તે રાજા શ્રેણિકના પેટે ગુપ્તપણે બાંધી તે કાપીને રાણીને ખવડાવીને તેનો દોહદ પૂરો કર્યો. રાણીએ પૂરે માસે પુત્રને જન્મ આપ્યો. તે અમંગલકારી હોવાનું ગણીને રાણીએ અશોકવાટિકામાં તેને ત્યજી દીધો. પણ રાજા એને પાછો લઈ આવ્યો. તેનું નામ અશોકચંદ્ર રાખ્યું. પણ અશોકવાટિકામાં તે જેટલો વખત પડ્યો રહ્યો તે દરમિયાન કૂકડાએ એની એક આંગળી કરડી ખાધી હતી. વખત જતાં એ ઠૂંઠી આંગળી પરથી એનું કુણિક એવું અમર નામ પડયું. એ પછી ચેલ્લણાને અનુક્રમે બીજા બે પુત્ર થયા, તેમનાં નામ હલ્લ અને વિહલ્લ રાખ્યાં.

### મેઘકુમાર

૮. શ્રેણિક રાજાની ધારિણી રાણી ગર્ભવતી થઈ ત્યારે તેને ગ્રીષ્મઋતુમાં અકાળે મેઘવૃષ્ટિ જોવાનો દોહદ થયો. અભયકુમારે પૂર્વપરિચિત કોઈ દેવની સહાયથી મેઘવૃષ્ટિ કરાવીને તેનો દોહદ પૂરો કર્યો. ધારિણીને પુત્ર જન્મ્યો, તેનું નામ મેઘકુમાર રાખ્યું. તે સર્વકલામાં નિપુણ થયો. તેને આઠ કન્યાઓ પરણાવી. વર્ધમાન મહાવીરનો ધર્મોપદેશ સાંભળીને મેઘકુમારે દીક્ષા લીધી. નવદીક્ષિત થયેલા મેઘમુનિને સૂવા માટે ઉપાશ્રયનાં દ્વાર પાસે જગા મળી. સાધુઓની સતત અવરજવર થવાને લીધે તેને ઊંઘ ન આવી. દુઃખી થઈને તેણે સાધુવ્રત તજી દેવા વિચાર્યું, પણ મહાવીરની સમજાવટથી તેણે આકરું તપ કરીને સાધુવ્રત દીપાવ્યું.

### અભયકુમારનું બુદ્ધિચાતુર્ય

૯.૧. શિયાળાની એક રાત્રે નિદ્રામાં રાણી ચેલ્લણાનો એક હાથ સોડ બહાર રહી ગયો. તે જાગી ગઈ અને તેણે ઠરી ગયેલો હાથ સોડમાં લીધો. તે વેળા તેને આગલે દિવસે સંધ્યા સમયે સરોવરકાંઠે જોયેલા શીત સહન કરતા નગ્નમુનિનું સ્મરણ થયું અને તેનાથી બોલાઈ ગયું; 'એનું શું થયું હશે ?' જાગી ગયેલા શ્રેણિકને એ શબ્દો સાંભળી ચેલ્લણાના ચારિત્ર અંગે શંકા થઈ. એટલે બીજા દિવસે સવારે, અભયકુમારને અંતઃપુરને બાળી મૂકવાનો આદેશ આપીને શ્રેણિક સર્વજ્ઞ મહાવીરનો ધર્મોપદેશ સાંભળવા ગયો. ચેલ્લણા સતી હોવાનું તેમની પાસેથી જાણીને શ્રેણિકને પોતે આપેલા આદેશ માટે પસ્તાવો થયો. પછી જ્યારે તેણે જાણ્યું કે તેના આદેશને અઘટિત સમજીને અભયકુમારે માત્ર અંતઃપુર પાસેની એક ઝૂંપડી સળગાવી દીધેલી ત્યારે તેણે તેની બુદ્ધિની પ્રશંસા કરી.

૯.૨. એક વાર, વનમાં એક વૃક્ષમાં વાસ કરી રહેલા યક્ષે અભયકુમાર પર પ્રસન્ન થઈને તેની ઇચ્છા અનુસાર ત્યાં રાણી ચેલ્લણાને માટે અનેક મહેલ બનાવી આપ્યો. અને તેની ફરતે ઉદ્યાનમાં બધી ઋતુઓમાં ફળ આપતો એક આંબો ઉગાડી દીધો. નગરમાં રહેતા એક ચાંડાલે તેની ગર્ભવતી પત્નીનો અકાળે કેરી ખાવાનો દોહદ પૂરો કરવા ચેલ્લણાના ઉદ્યાનના આંબાની ડાળને અવનામિની વિદ્યાથી નીચી નમાવી કેરીઓ તોડી અને પોતાની પત્નીને તે આપી. કેરીની ચોરીની જાણ થતાં શ્રેણિકે ચોરને પકડી લાવવા અભયકુમારને આદેશ દીધો આ માટે અભયકુમારે એક યુક્તિ વિચારી કાઢી. વેશપલટો કરીને તે જ્યાં માણસોનું ટોળું હોય ત્યાં નીચેની વાર્તા કહેતો :

### નવવધૂનું વચનપાલન

૯.૨.૧ વસંતપુર નગરના નિર્ધન જીર્ણ શેઠની સ્વરૂપવાન પુત્રી કામદેવની પૂજા કરવા માટે એક ઉદ્યાનમાંથી ફૂલ ચોરી લાવતી હતી. એક વાર માળીએ તેને પકડી પાડી અને પરણ્યા પછીની પહેલી રાત પોતાની સાથે ગાળવાનું વચન તેની પાસેથી લઈને તેણે તેને જવા દીધી. યથાસમયે તે કન્યાના વિવાહ થયા. પોતે આપેલા વચનની પતિને વાત કરી, તેની રજા લઈને તે પેલા માળીની પાસે જવા નીકળી. રસ્તામાં ચોર મળ્યા. તેમને તેણે હકીકત જણાવી વચનપાલન માટે જવા દેવા વીનવ્યા. પાછા ફરતાં પોતાની પાસે આવવાનું વચન લઈને તેમણે તેને જવા દીધી. આગળ જતાં મળેલા એક રાક્ષસે પણ તેની વાત સાંભળી પાછા ફરતાં મળવાનું વચન લઈને તેને જવા દીધી. પછી તે માળીની પાસે પહોંચી. માળીએ બધી વાત જાણી તેને વચનમાંથી મુક્ત કરી. વળતાં ચોરોએ અને રાક્ષસે પણ તેની સચ્ચાઈ જાણીને તેને નિર્વિઘ્ને પાછી જવા દીધી. પતિને મળીને તેણે બનેલી બીના જણાવી.

આ પ્રમાણે વાર્તા પૂરી કરીને અભયકુમાર શ્રોતાઓને પ્રશ્ન કરતો : 'આ વાર્તામાંના પતિ, ચોરો, રાક્ષસ અને માળી એમાંથી સૌથી વધુ ઉદાર કોણ ?' કેરી ચોરનાર ચાંડાલ જે ટોળામાં હતો, તેને જ્યારે આ પ્રશ્ન પૂછ્યો ત્યારે ચાંડાલે ચોર સૌથી વધુ ઉદાર હોવાનું કહ્યું. અભયકુમારે તેને કેરીના ચોર તરીકે પકડી પાડયો અને અવનામિની વિદ્યા શીખવવાની શરતે અપરાધની ક્ષમા આપી.

### દુર્ગંધા

૯.૩. એક વાર મહાવીરને વંદન કરવા જતા શ્રેણિક રાજાએ રસ્તામાં જેના શરીરમાંથી ખૂબ દુર્ગંધ નીકળતી હતી તેવી એક બાળકીને જોઈ. પછી તે સંબંધમાં મહાવીરને પૂછતાં તેમણે જણાવ્યું : આગલા જન્મમાં તે છોકરી શાલિગ્રામમાં રહેતા એક વણિકની પુત્રી ધનશ્રી હતી. તેના વિવાહપ્રસંગે આવી લાગેલા એક સાધુને તેણે ભિક્ષા તો પ્રસન્ન ભાવે આપી, પણ મલિન સાધુની દુર્ગંધ પ્રત્યે તેણે મોં મચકોડ્યું. એ દુષ્કર્મના ફળ તરીકે તે આ ભવમાં ગણિકાને ત્યાં પુત્રી તરીકે અવતરી. તેના શરીરમાંથી ભારે દુર્ગંધ નીકળતી હોવાથી ગણિકાએ તેને ત્યજી દીધી. જ્યારે શ્રેણિકે તેના ભાવી વિશે પૂછ્યું ત્યારે મહાવીરે જણાવ્યું : 'થોડા સમયમાં તેની દુર્ગંધ ચાલી જશે. મોટી થતાં એ આઠ વર્ષ સુધી તારી પત્ની તરીકે રહેશે. એ દુર્ગંધિકા જ હોવાનું તારે એ

ઘટનાને આધારે માનવું કે ક્રીડાવિનોદ કરતાં તે તારી પીઠ પર સવાર થશે.' એ પછી શ્રેણિક પોતાને આવાસે પાછો ફર્યો.

પેલી બાળકીને કોઈક મહિયારીએ લઈ જઈને ઉછેરી મોટી કરી. એક વાર કૌમુદીમહોત્સવમાં રાજા શ્રેણિક અને અભયકુમાર ગુપ્તવેશે ફરતા હતા, તે વખતે પેલી મહિયારીની પુત્રીએ રાજા શ્રેણિકના ખભે અજાણપણે હાથ મૂકી દીધો. તેના પર મુગ્ધ થયેલ રાજાએ છૂપી રીતે એની સાડીએ પોતાની મુદ્રિકા બાંધી દઈને મુદ્રિકા ખોવાયાનું જાહેર કર્યું. અભયકુમારે એકઠા થયેલા લોકોને તપાસીને ગોવાળણ પાસેથી મુદ્રિકા પકડી પાડી. પિતાનું મન વરતી જઈ તેણે ગોવાળણને રાજા સાથે પરણાવી દીધી. એક વાર શ્રેણિક તેની રાણીઓ સાથે રમત રમતો હતો, તેમાં તે હારી ગયો. શરત મુજબ ગોવાળણ રાણી રાજાની પીઠ પર ચઢી બેઠી. તે વખતે શ્રેણિકને મહાવીરે કહેલાં વચનો યાદ આવ્યાં, અને તે હસ્યો. રાણીએ હસવાનું કારણ પૂછ્યું. થોડી આનાકાની પછી રાજાએ પૂર્વવૃત્તાન્ત જણાવ્યો. એથી વૈરાગ્ય ઉત્પન્ન થતાં ગોવાળણ રાણીએ સંસારત્યાગ કર્યો.

### રોહિણિયો ચોર

૯.૪. રાજગૃહી નગરીની બહાર ગુફામાં લોહખુર નામનો ચોર રહેતો હતો. રોહિણી એની પત્ની હતી. તેમને રોહિણિયો નામનો પુત્ર હતો. લોહખુરે એની સઘળી ચોરવિદ્યા પુત્રને ભણાવી. મૃત્યુ સમયે તેણે રોહિણિયાને ધંધાસંબંધી શિખામણ આપી અને વર્ધમાન મહાવીરનો ધર્મોપદેશ કદી પણ ન સાંભળવાનું તેની પાસેથી વચન લીધું.

એક દિવસ રોહિણિયો ચોર ચોરી કરીને પાછો વળતો હતો તે વેળા, જે સ્થળે મહાવીર ધર્મોપદેશ આપતા હતા ત્યાંથી તે પસાર થયો. ઉપદેશના શબ્દો પોતે સાંભળી ન બેસે તે માટે રોહિણિયો કાનમાં આંગળીઓ ખોસીને ઝડપથી ચાલવા લાગ્યો. પગમાં કાંટો વાગતાં તે કાઢવા તેણે કાન આડેથી આંગળી ખસેડી એ દરમિયાન તેને કાને મહાવીરના શબ્દો પડ્યા, "દેવોએ પહેરેલી ફૂલમાળા કરમાતી નથી, એમની આંખો મટકું મારતી નથી, અને એમને શરીરે ધૂળ કે પરસેવો હોતો નથી." એ પછી ઝડપથી નાસીને ચોર પોતાને સ્થાને ગયો.

એક વાર તે ચોરને રાજાના સૈનિકોએ પકડ્યો. એને પૂછતાં તેણે પોતે શાલિગ્રામનો દુર્ગચંડ નામે ખેડૂત હોવાનું જણાવ્યું. તપાસ કરાવતાં શાલિગ્રામના લોકોએ તે વાતનું સમર્થન કર્યું. પુરાવાને અભાવે તેને છોડી દેવો પડ્યો. અભયકુમારે એ ચોરને પુરાવા સાથે પકડવા એક પ્રપંચની રચના કરી. એક રત્નજડિત મહેલમાં સ્વર્ગીય લાગતા શયનખંડમાં અપ્સરાઓનું રૂપ ધરેલી વારાંગનાઓ અને ગંધર્વોને ગોઠવી કેફી દ્રવ્યોવાળું મદ્ય રોહિણિયાને પાઈ, તેને દિવ્ય વસ્ત્રાભરણ પહેરાવીને તે શયનખંડમાં રખાવ્યો. ઘેન ઊતરતાં રોહિણિયો જ્યારે જાગ્યો ત્યારે પોતે સ્વર્ગમાં આવી પડ્યો હોવાનું તેને લાગ્યું. ત્યાં રહેલાઓએ એને તેનાં પાપપુણ્યનો હિસાબ આપવા કહ્યું. ત્યાં તો રોહિણિયાને પૂર્વે સાંભળેલાં મહાવીરનાં વચનો યાદ આવી ગયાં. ત્યાં રહેલાઓની આંખો મટકું મારતી જોઈને તે પ્રપંચ પામી ગયો. ચેતી જઈને પોતે નિરંતર સત્કર્મો જ કર્યાં હોવાનું તેણે જણાવ્યું. એ પછી અભયકુમારે મહાવીર પાસે જઈ પોતે પકડેલ ચોર અંગે પૂછતાં એમણે કહ્યું : "અત્યાર સુધી ચોર હતો એ વાત સાચી પણ હવે તેને વૈરાગ્ય આવ્યો છે." આ સાંભળી અભયકુમારે રોહિણિયાને મુક્ત કર્યો. અકસ્માત કાને પડેલાં મહાવીરનાં બેચાર વચનોએ પણ તેને પ્રાણસંકટમાંથી બચાવ્યો તો તેમનો ધર્મોપદેશ કેટલો બધો હિતકર હશે એમ વિચારી રોહિણિયો ચોર મહાવીર પાસે દીક્ષા લઈ સાધુ બની ગયો.

### આર્દ્રકુમાર

૯.૫. આર્દ્રનપુરના આર્દ્રન રાજા અને આર્દ્રિકા રાણીને આર્દ્રકુમાર નામે પુત્ર હતો. આર્દ્રન રાજા અને શ્રેણિક રાજા વચ્ચે મૈત્રી હતી.

એક વાર શ્રેણિકે આર્દ્રન રાજાને પોતાના એક પ્રધાન દ્વારા ભેટ મોકલાવી. આર્દ્રકુમારે અભયકુમાર સાથે મિત્રતા બાંધવા એ પ્રધાન દ્વારા સંદેશો અને એક ભેટ મોકલાવ્યાં. પ્રસન્ન થયેલા અભયકુમારે આર્દ્રકુમારને વળતી ભેટ તરીકે જૈન તીર્થંકર ઋષભદેવની પ્રતિમા ભેટ મોકલી. એ પ્રતિમાને જોઈને એને પોતાના આગલા જન્મનું સ્મરણ થયું. તેણે પિતા પાસે અભયકુમારને મળવા જવાની રજા માગી પણ પુત્રવિરહ થશે એમ જાણી આર્દ્રન રાજાએ સંમતિ ન આપી અને એના પર ચોકીપહેરો મૂક્યો. પણ આર્દ્રકુમાર છટકીને ભાગી નીકળ્યો. માર્ગમાં દેવવાણીએ મના કરવા છતાં તેણે સાધુવ્રત લીધું. વિહાર કરતાં આર્દ્રમુનિ વસંતપુર આવ્યા. ત્યાં જે સ્થળે આર્દ્રમુનિ ધ્યાન ધરીને ઊભા હતા ત્યાં એક શેઠની શ્રીમતી નામની કન્યા (જે પૂર્વજન્મમાં એમની પત્ની બિંદુમતી હતી) તેની સાહેલીઓ સાથે વર વરવાની રમત રમતી હતી. બીજી કન્યાઓએ એક એક થાંભલાને વર તરીકે પકડી લીધો, ત્યારે શ્રીમતીએ આર્દ્રમુનિનો પગ પકડી એને વર તરીકે ધટાવ્યો. પણ આર્દ્રમુનિ તો ત્યાંથી એકદમ ભાગી નીકળ્યા. દેવે આ પ્રસંગે રત્નોની વર્ષા કરી, જે લેવા રાજા આવ્યો પણ દેવે સર્પરૂપે દેખાઈને એને લેતાં વાર્યો. કન્યાએ મુનિને પરણવાનો આગ્રહ રાખ્યો. તે પછી વિહાર કરતાંકરતાં બાર વર્ષે ફરીથી આર્દ્રમુનિ વસંતપુરમાં અચાનક શ્રીમતીના ઘરે આવી ઊભા રહ્યા. રાજા વગેરેએ મળીને એમને શ્રીમતી જોડે પરણાવ્યા. પુત્ર જન્મ્યા પછી આર્દ્રકુમાર ફરી સાધુ બનવા તત્પર થયા, પણ બાળપુત્રે તેમને જતા રોકવા તેમને પગે સૂતરના તાંતણાના બાર આંટા વીંટી દીધા એટલે પુત્રસ્નેહને વશ થઈ આર્દ્રમુનિ બાર વર્ષ ઘરવાસમાં જ રહ્યા. તે પછી આર્દ્રકુમારે દીક્ષા ગ્રહણ કરી. વિહારમાં તેમણે મખલિપુત્રને પ્રતિબોધ પમાડ્યો અને અંતે તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

### સ્ત્રીહઠ : બ્રહ્મદત્ત ચક્રવર્તીનું દૃષ્ટાંત

**૧૦.** એક પ્રસંગે દેવે ભેટ આપેલો હાર શ્રેણિકે ચેલ્લણા રાણીને આપ્યો અને કુંડળ નંદા રાણીને. પોતાને એ કુંડળ પણ આપવાની હઠ કરીને ચેલ્લણા ગવાક્ષ પરથી પડી આપઘાત કરવા ગઈ ત્યારે તેણે નીચે ઊભેલા રાજાના મહાવત અને હસ્તિપાલ વચ્ચે થતી વાતચીત સાંભળી. હસ્તિપાલે પોતાની માનીતી મહાસેના ગણિકાએ રાજહસ્તીનું આભૂષણ લાવી આપવાની અને નહીં તો આપઘાત કરવાની હઠ લીધાની વાત કરી અને મહાવતને જણાવ્યું કે, રાજાના ડરે તેણે મહાસેનાની માગણીને નકારી દીધી હતી એટલે મહાવતે પણ સ્ત્રીને વશ ન થવાના સંબંધમાં બ્રહ્મદત્ત ચક્રવર્તીનું દૃષ્ટાંત કહ્યું.

કાંપિલ્યનગરના ચક્રવર્તી રાજા બ્રહ્મદત્તને એક દેવ તરફથી સર્વ પ્રાણીઓની બોલી સમજવાનું વરદાન મળેલું પણ તે સાથે દેવે ચેતવણી આપેલી કે જો રાજા તેની આ શક્તિની વાત કોઈને પણ કરશે તો રાજાનું તરત જ મૃત્યુ થશે. એક વાર રાજા–રાણી જ્યાં બેઠાં હતાં ત્યાં રહેલી કોયલે તેની સાથે રહેલા નરપક્ષી, પાસે રાજાનું અંગલેપન મેળવી આપવા હઠ કરી, નહીં તો પોતે મરી જશે એમ કહ્યું. પણ રાજાના ભયે નરપક્ષીએ તેમ કરવા ના પાડી, તેમની આ વાતચીત સાંભળી રાજા હસ્યો. રાણીએ હસવાનું કારણ પૂછ્યું. રાજાએ તે કહેવાની ના પાડી. રાણીએ હઠ કરી. "કારણ કહું તો મારું મૃત્યુ થાય," એમ જણાવ્યા છતાં રાણીએ હઠ છોડી નહીં. રાણીના પ્રેમને વશ બ્રહ્મદત્તે ચિતાપ્રવેશની તૈયારી કરીને, ચિતા પાસે હસવાનું કારણ રાણીને કહેવા તે તેની સાથે નીકળ્યો. રસ્તામાં તેણે બકરા–બકરીને વાત કરતાં સાંભળ્યાં. રાજાનો ઘોડો જે જવ ખાતો હતો તેમાંથી થોડા લાવી આપવાની પોતાની માગણી પૂરી નહીં કરશે તો પોતે આપઘાત કરશે એવી બકરીની ધમકીને પણ જ્યારે બકરાએ ગણકારી નહીં, ત્યારે બકરીએ પ્રેમ ખાતર પ્રાણત્યાગ કરવા નીકળેલા બ્રહ્મદત્ત રાજા તરફ બકરાનું ધ્યાન દોર્યું. બકરાએ સ્ત્રીને વશ થઈ મરવા નીકળેલો બ્રહ્મદત્ત મૂર્ખ હોવાનું કહ્યું. એ સાંભળી બ્રહ્મદત્તની આંખ ઊઘડી ગઈ. તેણે ગળામાંથી હાર કાઢી બકરાને પહેરાવ્યો અને રાણીને હસવાનું રહસ્ય કહેવાની સ્પષ્ટ ના સુણાવી દીધી.

### મેતાર્ય મુનિ

**૧૧.** રાજગૃહમાં ધન શેઠ. નંદુ તેની સ્ત્રી. નંદુને એક ચંડાળણી સાથે પ્રીતિ હતી. નંદુને પુત્રી અવતરી, ને ચંડાળણીને પુત્ર. નંદુએ પુત્રીના બદલામાં પુત્ર માગી લીધો. તેનું મેતાર્ય નામ આપ્યું. મોટો થતાં તેને આઠ કન્યા પરણાવી. ચંડાળમાં આગલા ભવના મેતાર્યના મિત્રદેવે પ્રવેશ કર્યો. ચંડાળણીએ "વૈભવશાળી મેતાર્ય એ આપણો જ પુત્ર છે," એમ કહીને તેના પતિને પોતે કરેલ બાળકોની અદલાબદલાની વાત કરી, ત્યારે પતિએ મેતાર્યને ઘેર બોલાવ્યો અને સંસારત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો. પણ મેતાર્યે કહ્યું કે મને શ્રેણિક રાજાની કુંવરી પરણાવો તો હું બાર વરસ તેની સાથે ઘરવાસ ભોગવી પછી સંયમ ગ્રહણ કરું. ચંડાળમાં રહેલા દેવે મેતાર્યને એક ચમત્કારી બોકડો આપ્યો, જે રત્નની લીંડી પાડતો હતો. આ રત્નો ભરેલો થાળ રાજાને ભેટ મોકલી રાજકુમારીનો વિવાહ મેતાર્યની સાથે કરવા તેના પિતાએ માગણી કરી, પણ રાજાએ ના પાડી. મેતાર્યનો પિતા તેમ છતાં રોજ થાળ ભરીને રાજાને રત્ન ભેટ મોકલતો રહ્યો. જ્યારે અભયકુમારે જાણ્યું કે મેતાર્યના પિતા પાસે રત્નની લીંડી પાડતો ચમત્કારી બોકડો હોવાથી તે આટલાં રત્નો ભેટ મોકલે છે, ત્યારે તેણે તે બકરો માગી લીધો, પણ તેને ત્યાં તો બકરાએ રત્નોને બદલે લીંડીઓ જ કરી. આ દેવમાયા જાણીને તેણે બકરો પાછો આપી દીધો. પછી આ દેવની સહાયથી સમુદ્રજલ ઉત્પન્ન કરાવી એમાં મેતાર્ય સ્નાન કરી શુદ્ધ થયો. પછી શ્રેણિકે તેને રાજકુમારી પરણાવી. તે પછી બાર વરસે મેતાર્યે દીક્ષા લીધી.

એક વાર વિહાર કરતા મેતાર્ય મુનિ રાજગૃહમાં એક સોનીને ત્યાં ભિક્ષા લેવા ગયા, ત્યારે તે સોની દેવપૂજામાં મૂકવા રાજાને માટે સોનાના જવ બનાવતો હતો. કોઈ કારણે તે ઊઠીને ગૃહના અંદરમાં ભાગમાં ગયો. એટલામાં કોઈ એક કૌંચ પક્ષી ત્યાં આવીને પેલા જવ ગળી ગયું, બહાર આવેલા સોનીએ જવ ગૂમ થયેલા જોઈ મુનિને પૂછ્યું, પણ મેતાર્ય પક્ષી પર દયા લાવી મૌન રહ્યા. 'મુનિએ જ જવ ચોર્યા છે' એમ માનીને સોનીએ મેતાર્યના માથા પર લીલું ચામડું એવું કચકચાવીને બાંધ્યું કે તેના બંને આંખના ડોળા બહાર નીકળી આવ્યા, પણ મેતાર્યે તે વેળા શુભ ધ્યાનમાં મન એકાગ્ર કર્યું. તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને તે મુક્તિ પામ્યા. એટલામાં પેલા પક્ષીને કોઈ લાકડાનો ટુકડો વાગતાં એણે ગળેલા જવ ઓકી કાઢ્યા. આ જોઈ સોનીને પસ્તાવો થયો. શ્રેણિકે તેને સપરિવાર પ્રાણદંડ ફરમાવ્યો, પણ તેમણે સૌએ દીક્ષા ગ્રહણ કરી લીધી.

### ચેલ્લણાનો દિવ્ય હાર

**૧૨.** એક વાર રાણી ચેલ્લણાનો દિવ્ય હાર તૂટી ગયો. સાંધી આપનારને શ્રેણિકે એક લાખ સોનામહોર આપવાની ઘોષણા કરી. એક મણિયારે તે કામ માથે લીધું, તેને આગળથી અડધો લાખ ચૂકવી. હાર સાંધી દઈને મણિયાર મૃત્યુ પામ્યો. શ્રેણિકે બાકી આપવાની અડધો લાખ ન આપી. મરીને વાનર તરીકે જન્મેલા મણિયારે પૂર્વજન્મ સ્મરી ઘરે આવી પુત્રો પાસેથી જ્યારે જાણ્યું કે શ્રેણિકે પૂરી રકમ નથી ચૂકવી, ત્યારે તેણે વનવિહારે ગયેલી ચેલ્લણાનો હાર તેની દાસી પાસેથી ચોરી લઈ પોતાના પૂર્વજન્મના પુત્રોને આપ્યો. સાત દિવસમાં હાર મેળવી આપવાનો આદેશ શ્રેણિકે અભયકુમારને દીધો. છ દિવસ વીતી ગયા. ડરી ગયેલા મણિયારના પુત્રોએ હાર વાનરને પાછો દીધો. વાનરે તે ધ્યાનસ્થ સુસ્થિત મુનિના ગળામાં પહેરાવી દીધો.

રાત્રિના પહેલા પહોરે સુસ્થિત મુનિનો શિષ્ય શિવ મુનિ ગુરુ–સેવા અર્થે આવ્યો, ત્યારે ગુરુના ગળામાં હાર જોઈ "ભય"

એવો શબ્દ ઉચ્ચાર્યો. ત્યાં રહેલા અભયકુમારે ખુલાસો પૂછતાં શિવ મુનિએ પોતાનો અનુભવ વર્ણવ્યો :

**શિવ મુનિનો અનુભવ**

**૧૨.૧** 'સૌરાષ્ટ્રથી ધન રળીને સ્વદેશ પાછા ફરતાં મારા અને મારા ભાઈ શિવદત્તના મનમાં ધનની થેલી વારાફરતી સાચવતાં, બધું ધન એકલા જ પચાવી પાડવાનો કુવિચાર આવ્યો. આ ધન અનર્થનું છે એમ સમજી જઈને મેં મારા ભાઈને તે વાત કરી. તેણે પણ પોતાને તેવો જ વિચાર આવ્યાનું કબૂલ્યું. અમે થેલી નગર પાસેના જળાશયમાં નાખી દઈ ઘર તરફ ચાલ્યા.

પેલી થેલી માછલી ગળી ગઈ. તે માછલીને એક માછીમારે પકડી. તેને વેચવા તે બજારમાં આવ્યો. અમારી બહેન તે ખરીદી લાવી. ઘેર આવી તેણે માછલી કાપતાં પેલી થેલી નીકળી પડી. તે ઝટપટ સંતાડી દીધી. તેની માએ પૂછ્યું કે 'તેં શું સંતાડી દીધું ?' ત્યારે બહેને લાગ જોઈ માની હત્યા કરી. એટલામાં અમે બન્ને ભાઈઓ ત્યાં આવી પહોંચ્યા. ત્યાં બહેનની પાસે પેલી થેલી પડેલી જોઈ એટલે અમે બધી વાત સમજી ગયા. માતાનો અગ્નિસંસ્કાર કર્યો અને બધું ધન બહેનને આપી દીક્ષા ગ્રહણ કરી. ધનને કારણે થયેલા અનર્થનો મારો અનુભવ સાંભરી આવતાં મારા મોઢામાંથી "ભય" એવો ઉદ્‌ગાર નીકળી ગયો.' એના વૃત્તાંતથી અભયકુમાર પ્રભાવિત થયો.

**સુવ્રત મુનિનો અનુભવ**

**૧૨.૨** રાત્રિના બીજા પહોરે ગુરુસેવા અર્થે આવેલા બીજા શિષ્ય સુવ્રતે ગુરુના ગળામાં રહેલો હાર જોઈને "મહાભય" એવો શબ્દ ઉચ્ચાર્યો. આ અંગે અભયકુમારે ખુલાસો પૂછતાં મુનિએ પોતાનો પૂર્વવૃત્તાન્ત આ પ્રમાણે કહ્યો :

'હું અંગદેશના કોલ્લાસ નગરમાં રહેતો હતો. એક સમયે ગામમાં ચોરોએ ધાડ પાડી ત્યારે મારી પત્ની એક ચોર જોડે ચાલી નીકળી. ચોરે એને લઈ જઈને પોતાના પલ્લીપતિને સોંપી. એણે તેને પત્ની તરીકે રાખી. એને પાછી મેળવવા હું ચોરપલ્લી પહોંચ્યો. એક ડોશી મારફત પત્નીને ગુપ્તસંદેશો મોકલાવ્યો. તેણે પલ્લીપતિની ગેરહાજરીમાં અને પોતાની પાસે શય્યા પર બેસાડ્યો. એટલામાં પલ્લીપતિ આવ્યો, એટલે તેણે મને શય્યા નીચે સંતાડી દીધો. પછી વાતચીતમાં ઇશારાથી તેણે પલ્લીપતિને હું નીચે સંતાયો હોવાની જાણ કરી દીધી. પલ્લીપતિએ મને પકડી માર મારી લીલી વાધરીથી ઝાડ સાથે બાંધી દીધો. પછી બન્ને પેલી શય્યામાં એક સાથે સૂઈ ગયાં. એટલામાં ત્યાં આવી ચડેલા કૂતરાએ મારાં બંધન કરડી ખાધાં. છૂટીને હું પેલાં બંને ઊંઘતાં હતાં ત્યાં ગયો. પત્નીને જગાડી, 'બોલશે તો મારી નાંખીશ' એવી ધમકી આપી, તેને સાથે લઈને હું અંધારામાં નાઠો. મારી પત્ની પોતાના વસ્ત્રના ટુકડા રસ્તામાં વેરતી ચાલી. પાછળથી જાગેલા પલ્લીપતિએ નિશાનીને આધારે અમને પકડી પાડ્યાં. હું વાંસજાળમાં સંતાઈ ગયો, પણ મને ઘાયલ કરી મારી પત્નીને લઈને તે ચાલ્યો ગયો. એક વાનરે ઔષધ લગાડી મને બેઠો કર્યો. એ પૂર્વભવમાં મારો વૈદ્ય હતો. તેણે કરેલા ઉપકારનો બદલો વાળવા મેં તેના કહેવાથી તેના પ્રતિસ્પર્ધીને મારીને તેને વાનરટોળીનો સરદાર બનાવ્યો. પછી છૂપી રીતે જઈને મેં પલ્લીપતિને મારી નાંખ્યો અને પત્નીને લઈને ઘેર આવ્યો.

આવા અનુભવોથી સંસાર અસાર લાગતાં મેં દીક્ષા લીધી. મુનિના ગળામાં હાર ભાળી મારો ભૂતકાળ યાદ આવતાં મારા મોઢામાંથી "મહાભય" એવો ઉદ્‌ગાર નીકળી ગયો.' એ સાંભળી અભયકુમારે સુવ્રત મુનિની પ્રશંસા કરી.

**ધન મુનિનો અનુભવ**

**૧૨.૩** રાત્રિના ત્રીજા પહોર ગુરુસેવા માટે આવેલા ધન મુનિ ગુરુના ગળામાં રહેલો હાર જોઈને "અતિભય" એવો શબ્દ બોલી ગયા. અભયકુમારે તે અંગે ખુલાસો પૂછતાં મુનિએ પોતાનો વૃત્તાન્ત કહ્યો :

'હું મારા પૂર્વાશ્રમમાં ઉજ્જેણી નગરીમાં વસતો ગુણસુંદર ક્ષત્રિય હતો. મારી પત્નીનું આણું કરવા હું અવન્તીપુર જતો હતો. રસ્તામાં મેં સ્મશાનમાં એક સ્ત્રીને રડતી જોઈ. તેના શૂળીએ લટકતા વરમાં હજી જીવ હોઈ તે તેને પોતાને હાથે જમાડવા માગતી હતી. પણ શૂળી ઊંચી હોવાથી તેનો હાથ પહોંચતો ન હતો. મેં તેને મારે ખભે ચઢાવી. મારા પર લોહીનાં ટીપાં પડ્યાં, એટલે મેં ઊંચે જોયું તો તે સ્ત્રી શૂળીએ લટકતા માણસનું માંસ કાપીને ખાતી હતી. બીકનો માર્યો હું તેને નીચે નાંખી દઈને નાઠો. મારી તલવાર ત્યાં જ પડી રહી. પેલી સ્ત્રી તે ઉઠાવીને મારી પાછળ આવી. હું નગરના દરવાજે પહોંચ્યો. ત્યાં તે સ્ત્રી મને આંબી ગઈ. મારી જાંઘમાંથી તેણે માંસનો લોચો કાપી લીધો. નગરદેવતાએ મને બચાવ્યો. હું મારે સાસરે પહોંચ્યો. ત્યારે દરવાજાની તડમાંથી મેં મારાં સાસુવહુને મારા માંસની ને મદિરાની ઉજાણી કરતાં દીઠાં, ત્યાંથી તરત ઘરે પાછા ફરીને મેં સંસારત્યાગ કર્યો.

મારો એ અનુભવ યાદ આવતાં હું "અતિભય" બોલી ઊઠ્યો હતો.' અભયકુમારે તેની વીતકકથા સાંભળી તેને વંદન કર્યાં.

**જોનક મુનિનો અનુભવ**

**૧૨.૪** રાત્રિના ચોથા પહોરે ગુરુસેવા અર્થે શિષ્ય જોનક મુનિ આવ્યા. ગુરુના ગળામાં હાર પડેલો જોઈને તે "ભયાતિભય" એવો શબ્દ બોલી ઊઠ્યા. અભયકુમારે તે અંગે ખુલાસો પૂછતાં તેમણે પોતાનો અનુભવ વર્ણવ્યો :

'હું ઉજ્જેણીનગરના ધનદત્ત ક્ષત્રિયનો પુત્ર. મારી પત્ની શ્રીમતી મારા પર ઘણો પ્રેમ બતાવતી. હું તેના પર મુગ્ધ હતો. એક વાર શ્રીમતીએ મને કહ્યું કે, હરણના પુચ્છનું માંસ ખાવાનું તેને બહુ મન છે. શ્રેણિક રાજાના મહેલમાં પાળેલું હરણ છે ત્યાંથી તમે લઈ આવો. તેના કોડ પૂરા કરવા હું રાજગૃહ પહોંચ્યો. ત્યાં ઉદ્યાનમાં ક્રીડા કરતી માગધિકાને કોઈ વિદ્યાધર ઉઠાવી અંતરિક્ષમાં ઊડ્યો.

મેં બાણપ્રહારે તેને બાંધ્યો. માગધિકા નીચે જળાશયમાં પડી એટલે બચી ગઈ. આભારવશ તેણે મારો સત્કાર કર્યો. મેં જ્યારે તેને રાજગૃહ આવવાનું કારણ જણાવ્યું ત્યારે તેણે કહ્યું કે, તમારી પત્ની કુશીલ હોઈને તમને દૂર કરી, મરાવી નાખવાનો તાગડો રચ્યો છે, પણ મેં તેના કહેવાનો વિશ્વાસ ન કર્યો. તે મને તેના આવાસે લઈ ગઈ. એક વાર તે રાજસભામાં નૃત્ય કરવા ગઈ. એ સારો લાગ છે એમ જાણી રાજા અને રક્ષકો નૃત્ય જોવામાં લીન હતા ત્યારે મહેલમાં જઈને મેં રાજાના હરણના પુચ્છમાંથી માંસ કાપી લીધું. પણ બહાર નીકળતાં હું પકડાઈ ગયો. નૃત્યમાં રસભંગ ન થાય તે માટે રાજાએ મને એકાંતમાં પૂરી મૂકવાનો આદેશ દીધો. માગધિકાના નૃત્યથી પ્રસન્ન થયેલા રાજાએ તેને વરદાન માગવા કહ્યું, ત્યારે માગધિકાએ મારી મુક્તિ માગી લીધી. પછી માગધિકાને ત્યાં કેટલોક સમય રહી, તેની સાથે હું ઉજ્જેણી પાછો આવ્યો. માગધિકાને વનમાં રાખી હું ઘેર આવ્યો. ત્યાં શ્રીમતીને મેં પરપુરુષ સાથે સૂતેલી દીઠી એટલે તે પુરુષને મારી નાખીને હું છુપાઈ રહ્યો. થોડી વારે જાગેલી શ્રીમતીએ શબને ત્યાં જ ખાડો ખોદી દાટી દીધું અને તે જગ્યાએ પીઠ (સમાધિ) બનાવી. ત્યાંથી નીકળીને હું પાછો ઉજ્જેણી આવ્યો. "મૃગપુચ્છનું માંસ મેળવી ન શક્યો," એમ મેં શ્રીમતીને જણાવ્યું, પણ તેને મારો મનોભાવ જણાવા ન દીધો. તેને પેલા જારની સમાધિ ઉપર બલિ ચડાવતી હું જોતો હતો. એક વાર મેં તેને ઘેવર બનાવીને ખવરાવવા કહ્યું. તેણે બનાવેલો પહેલો ઘેવર "હાય, દાઝી દાઝી" કહીને પેલા જારની સમાધિ પર તે નાખ્યો. એટલે "પાપણી, તારાં ચરિત્ર હું જાણું છું" એમ હું બોલી ઊઠ્યો. ત્યાં તેણે ધગધગતી કડાઈ ઉઠાવીને મારા તરફ ફેંકી. હું ઝડપથી નાઠો. સંસારથી ત્રાસીને મેં દીક્ષા લઈ લીધી. પૂર્વનો અનુભવ યાદ આવ્યો એટલે "ભયાતિભયં" બોલાઈ ગયું.' એટલામાં સૂર્યોદય જોતાં, અભયકુમાર મુનિના કંઠમાં રહેલો હાર કાઢી લઈને રાજમહેલે આવ્યો અને તે શ્રેણિકને સુપ્રત કર્યો.

### ચંડપ્રદ્યોત

૧૩. ઉજ્જેણીનગરીમાં ચંડપ્રદ્યોત રાજા. ચૌદ સામંતોનાં સૈન્યની સહાય સાથે ઉજ્જેણીનો રાજા ચંડપ્રદ્યોત રાજગૃહી ઉપર આવે છે એ ખબર જાસૂસોએ આપ્યા. એટલે રાજકુમારે તેને પાછો કાઢવા પ્રપંચ રચ્યો. ચંડપ્રદ્યોતની સેનાના પડાવની જગ્યાએ સોનામહોરો દટાવી અને જ્યારે ચંડપ્રદ્યોતે આવીને પડાવ નાંખ્યો ત્યારે તેને ગુપ્તચર દ્વારા પત્ર પહોંચાડ્યો કે તમારા સામંતને શ્રેણિકે ફોડ્યા છે. તેઓ યુદ્ધ થતાં તમને પકડી શ્રેણિકને સોંપી દેશે. આ વાતની ખાતરી કરવા તમે પડાવની ભોંય ખોદાવી જુઓ. તમે મારા માસા હોવાથી આ ગુપ્ત સમાચાર તમને પહોંચાડ્યા છે. શંકાશીલ બનેલો ચંડપ્રદ્યોત ભોંય ખોદાવતાં સોનામહોરના ચરુ નીકળેલા જોઈને નાઠો. સામંતો પણ ભાગ્યા. ઉજ્જેણી જઈને ચંડપ્રદ્યોતની શંકા તેમણે દૂર કરી ત્યારે તેણે એ અભયકુમારનો પ્રપંચ હોવાનું જાણ્યું.

ચંડપ્રદ્યોતે અભયકુમારના કપટનું વેર વાળવા માટે એને પકડી લઈ આવવાનું એક ગણિકાને સોંપ્યું. જૈન ધર્મના આચારની જાણકારી મેળવી, બીજી એક જુવાન ગણિકાને સાથે લઈ, શ્રાવિકાનો સ્વાંગ સજી તે બન્ને રાજગૃહી આવી. દહેરામાં પૂજા કરી બહાર નીકળતાં અભયકુમારે તેમને જોઈ. પોતે અને પોતાની પુત્રવધૂ વિધવા હોઈ, ઉજ્જેણીથી જાત્રાએ નીકળી છે એમ તેમણે પોતાનો પરિચય આપ્યો. અભયકુમારે તેમને પોતાને ત્યાં ભોજન માટે નિમંત્રી. વળતાં અભયકુમાર તેમને ઉતારે ભોજન લેવા ગયો, ત્યારે તેને મદિરા પાઈ બેભાન બનાવી રથમાં નાંખી ચંડપ્રદ્યોતને સોંપ્યો. ચંડપ્રદ્યોતે તેને પિંજરામાં પૂર્યો.

અભયકુમારને આ સમયે પૂર્વે ચંડપ્રદ્યોતની મહારાણી અને તેની ફઈ શિવાદેવીએ એક વિદ્યાધર કન્યા પરણાવી હતી તે અભયકુમારને વધુ માનીતી બની. આથી અભયકુમારની બીજી પત્નીઓએ એ શોક્યનું સાલ કાઢવા વિદ્યાસિદ્ધ ચાંડાળણીઓને સાધી. તેમણે ઉજ્જેણીનગરીમાં મહામારીનો રોગ ફેલાવ્યો. અભયકુમારે તેમને બોલાવીને કારણ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે તેનું કારણ તારા ઘરમાં જ છે. પછી રાત્રે વિદ્યાબળે તેના આવાસમાં પ્રવેશ કરીને સૂતેલી વિદ્યાધરીના મોંને લોહીથી તેણે ખરડ્યું. એ રીતે તેના પર ડાકણનું કલંક લગાડ્યું. અભયકુમારે વિદ્યાધરીને ચાંડાળણીઓના હાથમાં સોંપી દીધી. પછી ચાંડાળણીઓએ મહામારીનો પ્રકોપ ટાળ્યો અને વિદ્યાધરીને વનમાં કાઢી મૂકી. વિલાપ કરતી તે એક તાપસ–આશ્રમે પહોંચી. ત્યાંથી તાપસોએ તેને ઉજ્જેણી મોકલી આપી. શિવાદેવીએ તેને આશ્રય આપ્યો. હવે અભયકુમારને ઉજ્જેણી લાવવામાં આવ્યો, એટલે શિવાદેવીએ વિદ્યાધરી નિષ્કલંક હોવાની તેને ખાતરી કરાવીને તેને અભયકુમારને સોંપી. બન્ને ત્યાં સુખચેનથી રહેવા લાગ્યાં.

અભયકુમારે ચંડપ્રદ્યોતનાં ચાર રત્ન–શિવાદેવી રાણી, અનલગિરિ હાથી, અગ્નિભીરુ રથ અને લોહજંઘ કાસદને હસ્તગત કરવા પ્રતિજ્ઞા કરી.

એક વાર અભયકુમારે લોહજંઘ કાસદને એક માંડલિક રાજાએ ગુપ્તપણે ભાતામાં દૃષ્ટિવિષ સર્પ આપેલો તેનો ભેદ અભયકુમારે બતાવ્યો તેથી ચંડપ્રદ્યોતે પ્રસન્ન થઈ તેને વરદાન માગવા કહ્યું. અભયકુમારે તે વરદાન અનામત રાખ્યું.

ચંડપ્રદ્યોતની પુત્રી વાસવદત્તા સંગીત સિવાયની બધી કળામાં પ્રવીણ હતી. વત્સદેશનો રાજા ઉદયન વીણાવાદનમાં નિષ્ણાત હોવાનું અભયકુમાર પાસેથી જાણીને, ચંડપ્રદ્યોતે તેને લઈ આવવા કપટયુક્તિ રચી. અંદર સૈનિક બેસારીને એક કૃત્રિમ હાથી વત્સદેશ પાસે વનમાં મૂક્યો. હાથી પકડવાનો વ્યસની ઉદયન તેને વશ કરવા આવ્યો એટલે અંદરથી સૈનિકોએ નીકળી ઉદયનને પકડી એને ઉજ્જેણી લઈ ગયા. તેને વાસવદત્તાને સંગીત શીખવવાનું કામ સોંપતાં ચંડપ્રદ્યોતે કહ્યું કે પોતાની પુત્રી એક આંખે કાણી છે, તેથી તેનું મોઢું તે દેખાડતી નથી. વાસવદત્તાને કહ્યું કે તારો સંગીતશિક્ષક કોઢિયો છે. બન્ને વચ્ચે આકર્ષણ ન જન્મે તે માટે આવું કપટવચન કહી

પડદા પછવાડે રહી વાસવદત્તા સંગીત શીખે એવી ગોઠવણ કરી. સંગીતશિક્ષક કેવો છે તે જાણવા વાસવદત્તાએ જાણી જોઈને વીણાવાદનમાં ભૂલ કરી. ઉદયને "કાણી ધ્યાન કેમ નથી રાખતી ?" એમ કહેતાં વાસવદત્તાએ તેને કહ્યું, "કોઢિયા વગરવિચાર્યું કેમ બોલે છે ?" બન્ને સમજી ગયાં કે તેઓ એકબીજાને ના જુએ માટે ચંડપ્રદ્યોતે પ્રપંચ રચ્યો છે. પડદો ખસેડી એકબીજાને જોતાં તેમની વચ્ચે પ્રેમ પ્રગટ્યો. વાસવદત્તાએ ઉદયનના કંઠમાં પોતાની સુવર્ણમાળા આરોપી.

એક વાર અનલગિરિ હાથી તોફાને ચડ્યો. અભયકુમારની સલાહથી, ઉદયન અને વાસવદત્તાએ હાથી સમક્ષ મધુર સ્વરે ગીત ગાતાં તે થંભી ગયો. ઉદયને તેના પર સવાર થઈ તેને હસ્તિશાળામાં લાવી સ્તંભ સાથે બાંધી દીધો. પ્રસન્ન થયેલા ચંડપ્રદ્યોતે અભયકુમારને ઇચ્છિત વરદાન માગવા કહ્યું. એ બીજું વરદાન પણ અભયકુમારે અનામત રાખ્યું.

હવે ઉદયનને છોડાવવા તેનો મંત્રી યુગંધર ગુપ્ત રીતે ઉજ્જેણીમાં આવી ચીંથરેહાલ વેશ ધરી એમ બોલતો નગરમાં રખડવા લાગ્યો કે વસ્તુ ઉઠાવી જાઉં તો જ હું મારા રાજાનો સાચો મંત્રી. તેને રક્ષકોએ પકડ્યો, પણ ગાંડો ગણીને ચંડપ્રદ્યોતે તેને છોડી મૂક્યો. એક વાર ચંડપ્રદ્યોતે ઉદ્યાનમાં વાસવદત્તા અને ઉદયનનો ગાયનસમારંભ ગોઠવ્યો. તે તકનો લાભ લઈ, યુગંધરે મહાવતને સાધી વેગવતી હાથણી સજ્જ કરી, તેના મૂત્રના ચાર ઘડા ભરી તેના પર રાખ્યા અને લાગ જોઈ ઉદયન અને વાસવદત્તાને તેના પર ચડાવી હાથણી દોડાવી. ઉદયને ઘોષણા કરી કે હું વાસવદત્તાનું હરણ કરીને જાઉં છું. ચંડપ્રદ્યોતે તેમની પાછળ અનલગિરિ હાથી દોડાવ્યો. એક એક ઘડો ફોડી હાથણીનું મૂત્ર રસ્તામાં ઢોળી અને એમ અનલગિરિને રોકી રાખતાં જઈ ઉદયન કૌશાંબી પહોંચી ગયો. અભયકુમારની સલાહથી ચંડપ્રદ્યોતે વૈરવૃત્તિ શમાવી દીકરી–જમાઈનો આદર કર્યો.

એક વાર ઉજ્જેણીમાં પ્રચંડ આગ લાગી અને તે બધે ઝડપથી ફેલાવા લાગી. અભયકુમારે તે શમાવી દીધી. ચંડપ્રદ્યોતે એ માટે અભયકુમારને વરદાન માગવા કહ્યું ત્યારે એ ત્રીજું વરદાન પણ તેણે અનામત રાખ્યું. વળી તે જ રીતે જ્યારે અભયકુમારે વ્યંતરનો ઉપદ્રવ ચંડપ્રદ્યોતની રાણીના દૃષ્ટિપાતથી અને તેના હાથ વડે પિંડદાન કરાવીને શમાવ્યો ત્યારે તેને ચંડપ્રદ્યોતે વચન માગવા કહ્યું. અભયકુમારે ચાર વરદાન પેટે રાણી શિવાદેવી, અનલગિરિ હાથી, અગ્નિભીરુ રથ અને લોહજંઘ કાસદ–એ ચાર વસ્તુ માગી. ચંડપ્રદ્યોતે હાથ જોડીને એ આપવા પોતે અસમર્થ હોવાનું કહ્યું, અને અભયકુમારને મુક્ત કર્યો. "પોકાર કરતા તમારું છડેચોક અપહરણ કરીને હું લઈ જઈશ," એવી પ્રતિજ્ઞા તેને સંભળાવીને અભયકુમાર પોતાની પત્નીને સાથે ઉજ્જેણી પહોંચ્યો.

તે પછી એક વાર એ ગણિકાને સાથે લઈ વેપારીવેશે અભયકુમાર ઉજ્જેણીમાં વેપારવણજ કરવા લાગ્યો. ગણિકાને જોઈને મોહ પામેલા ચંડપ્રદ્યોતને એ ગણિકાએ સાતમે દિવસે પોતાને ત્યાં આવવા નોતર્યો. દરમિયાન અભયકુમારે ચંડપ્રદ્યોતને મળતા આવતા પોતાના એક માણસને ગાંડપણનો ઢોંગ કરી નગરમાં એલફેલ બોલતાં રખડવા કહ્યું. તેને દરરોજ અભયકુમારના સેવકો બાંધીને લોકો વચ્ચે થઈ વૈદ્યને ત્યાં લઈ જતા ત્યારે તે બરાડા પાડતો, 'અરે આમને રોકો, પકડો, હું રાજા ચંડપ્રદ્યોત છું. મને આ લોકો ઉઠાવી જાય છે." લોકોને કૌતુક થતું. પછી સાતમે દિવસે રાજા ચંડપ્રદ્યોત અભયકુમારે નિયુક્ત કરેલી ગણિકાને ત્યાં આવ્યો ત્યારે સેવકો તેને પકડી ખાટલી સાથે બાંધીને ચૌટામાંથી લઈ જવા માંડ્યા. ચંડપ્રદ્યોતે બૂમબરાડા પાડ્યા, પણ લોકોએ તે પેલો ગાંડો હોવાનું સમજી કશું ધ્યાન ન દીધું. અભયકુમાર બંદીવાન બનાવેલા ચંડપ્રદ્યોતને રાજગૃહી લઈ આવ્યો અને તેને શ્રેણિક રાજા પાસે રજૂ કર્યો. પછી તેને મુક્ત કરી સંમાનપૂર્વક ઉજ્જેણી વિદાય કર્યો.

### ધનદત્ત અને કૃતપુણ્ય

૧૪. રાજગૃહ નગરમાં ધનદત્ત શેઠનો પુત્ર કૃતપુણ્ય(કેકયવન્ના)ને પરણાવ્યા છતાં વિષયભોગ પ્રત્યે અનાસક્ત રહેતો એટલે માતાએ એને વિલાસી પુરુષોની સોબતમાં મૂક્યો. સોબતને કારણે તે દેવદત્તા વેશ્યામાં આસક્ત થયો, અને પછી ઘર છોડીને વેશ્યાગૃહે જ રહેવા લાગ્યો. માતાપિતા એને ધન મોકલતાં. આમ વર્ષો વીત્યાં અને મા–બાપ મૃત્યુ પામ્યાં. પછી એની પત્ની પણ ધન મોકલતી રહી. આમ બાર વર્ષ વીત્યાં. અંતે ધન ખૂટતાં પત્નીએ પોતાનાં ઘરેણાં દેવદત્તાને મોકલ્યાં. વેશ્યાની માતા ધન ખૂટ્યું હોવાનું સમજી ગઈ. કૃતપુણ્યને કાઢી મૂકવા દેવદત્તાને કહ્યું. પણ દેવદત્તાએ ન માન્યું. માતાએ પુત્રી ઉદ્યાનવિહારે ગઈ હતી તે વખતે કૃતપુણ્યને ઘરમાંથી કાઢી મૂક્યો. ઘણો દુઃખી થઈ તે પોતાના ગૃહે આવ્યો. પત્નીએ તેને આવકાર્યો. દેવદત્તા પણ માતાને છોડીને કૃતપુણ્યને ઘેર આવીને રહી. પત્ની ગર્ભવતી થઈ. કૃતપુણ્યે ધન રળવા વિદેશ જવાનું ઠરાવ્યું. પત્નીનાં ઘરેણાં અને સોનામહોર લઈ સંઘ સાથે વિદેશ જવા તે પૂર્વરાત્રિએ સંઘના ઉતારે દેવળમાં જઈ પલંગ પર સૂઈ ગયો.

વિદેશ ગયેલા રાજગૃહના અપુત્ર સુદર્શન શેઠ સમુદ્રમાં ડૂબી ગયાના સમાચાર મળતાં તેની માતાએ તે વાત ગુપ્ત રાખી. કેમ કે, અપુત્રનું ધન રાજા જપ્ત કરે. પછી તેણે પોતાની ચાર પુત્રવધૂઓને બીજો ભરતાર કરી લેવાની વાત સમજાવી. દેવપૂજાને બહાને તે પુત્રવધૂઓની સાથે દેવળમાં કૃતપુણ્ય સૂઈ ગયો હતો ત્યાં આવી પહોંચી. તેને ગુપચૂપ પલંગસહિત પુત્રવધૂઓ પાસે ઉપડાવીને પોતાને ઘેર આણ્યો. જાગી ઊઠેલા કૃતપુણ્યને સુદર્શન શેઠની માતાએ કુલદેવતાએ આપેલ પોતાના પુત્ર તરીકે ઓળખાવ્યો. આ પછી કૃતપુણ્ય સુખેથી એ સ્ત્રીઓના પતિ તરીકે ત્યાં બાર વર્ષ રહ્યો. તે દરેક સ્ત્રીને એક એક પુત્ર થયો. પોતાનું ધાર્યું કામ પતી ગયું એટલે સુદર્શન શેઠની માતાએ એક રાત્રે ઊંઘતા કૃત-

પુણ્યને પલંગસહિત ઊંચકાવીને પેલા દેવળમાં જ મુકાવી દીધો. તેના ઓશીકા નીચે પુત્રવધૂઓએ એક ભાતાનો ડબો મૂકી દીધો, જેમાં લાડુની અંદર રત્નો પણ છુપાવી દીધાં હતાં. કૃતપુણ્ય જ્યારે જાગ્યો ત્યારે અકસ્માત ત્યાં આવી પહોંચેલી તેની પત્ની તેને ઘેર લઈ ગઈ.

પત્નીએ પુત્રને ભાતાના ડબામાંથી એક લાડુ ખાવા આપ્યો. એમાંથી નીકળેલ મણિ કંદોઈને આપીને તે મીઠાઈ લાવ્યો. એ મણિ પાણીની કુંડીમાં પડતાં પાણીનું વિભાજન થયેલું જોઈને કંદોઈએ જાણ્યું કે આ તો જલકાંત મણિ છે, તેણે તે છુપાવી દીધો. એ પછી ભોજનવેળાએ લાડુ ભાંગતાં તેમાંથી રત્ન નીકળ્યું એટલે જયશ્રીએ બધા લાડુ ભાંગીને રત્નો કાઢી લીધાં. આ અંગે પૂછતાં કૃતપુણ્યે કહ્યું કે ચોરના ડરે તેણે એ રીતે રત્નો છુપાવ્યાં હતાં. પછીથી તે સુખપૂર્વક રહેવા લાગ્યો.

એક વાર રાજહસ્તિ સેચનક પાણી પીવા ગયો ત્યારે જળાશયમાં કોઈક જલચરે એનો પકડ્યો. રાજાએ પડો વગડાવ્યો કે જે કોઈ હાથીને છોડાવશે તેને એક હજાર ગામ અને રાજકુમારી આપવામાં આવશે. પેલા કંદોઈએ પોતાની પાસેના જલકાંત મણિની સહાયથી પાણીમાં ભાગ કરી હાથીને છોડાવ્યો. પૃચ્છપરછ કરતાં તેની પાસેથી જાણ્યું કે તેને કૃતપુણ્યના પુત્ર પાસેથી જલકાંત મણિ મળ્યો હતો. રાજાએ કંદોઈને કાઢી મૂકીને કૃતપુણ્યને બોલાવી, તેને હજાર ગામ આપી રાજકુમારી પરણાવી. ત્યારથી કૃતપુણ્યને અભયકુમાર જોડે મિત્રતા થઈ. તેણે અભયકુમારને પોતાની વીતકકથા કહી અને પહેલાંની પોતાની ચાર સ્ત્રીઓનો પત્તો મેળવી આપવા તેને વીનવ્યો.

અભયકુમારે એક દેવાલય બનાવી તેમાં કૃતપુણ્યને બરાબર મળતી આવતી યક્ષપ્રતિમા સ્થાપી અને લોકોને એવો આદેશ આપ્યો કે પ્રત્યેક નાગરિકે પોતાનાં બાળકોના રોગનિવારણ માટે એ યક્ષની પૂજા કરવા જવું. અભયકુમાર અને કૃતપુણ્ય પૂજા કરતા લોકો પર ધ્યાન રાખતા એક તરફ બેઠા હતા. કૃતપુણ્યની પેલી ચાર સ્ત્રીઓ પૂજા કરવા આવી ત્યારે યક્ષપ્રતિમાને જોઈ આંસુ સારવા લાગી, અને તેમનાં છોકરાં "બાપા, બાપા" બોલતાં પ્રતિમાના ખોળામાં ચડી બેઠાં. કૃતપુણ્યે તેમને ઓળખી કાઢ્યાં. તેમને ઘેર લાવીને તે સાત સુંદરીઓ સાથે સુખવૈભવ ભોગવતો રહ્યો.

આ રીતે રાજા શ્રેણિકને અને પ્રજાજનોને પોતાની અસાધારણ બુદ્ધિપ્રતિભાથી પ્રભાવિત કરીને પછી અભયકુમાર મંત્રીએ મહાવીર પાસે દીક્ષા લીધી. મુનિને યોગ્ય વ્રતતપ આરાધીને તે સ્વર્ગે ગયો.

**અભયકુમાર મંત્રી**માં આવતી પેટાકથાઓ :

૧. સુલસાપુત્રો. ૨. શ્રેણિકનો પૂર્વભવ : સેનક અને સુમંગલ. ૩. મેઘકુમાર. ૪. અભયકુમારનું બુદ્ધિચાતુર્ય. ૫. નવવધૂનું વચનપાલન. ૬. રોહિણિયો ચોર. ૭. આર્દ્રકુમાર. ૮. સ્ત્રીહઠ : બ્રહ્મદત્ત ચક્રવર્તીનું દૃષ્ટાંત. ૯. મેતાર્ય મુનિ. ૧૦. ચેલ્લણાનો દિવ્ય હાર. ૧૧. શિવ મુનિનો અનુભવ. ૧૨. સુવ્રત મુનિનો અનુભવ. ૧૩. ધન મુનિનો અનુભવ. ૧૪. જોનક મુનિનો અનુભવ. ૧૫. ચંડપ્રદ્યોત. ૧૬. ધનદત્ત અને કૃતપુણ્ય.

[ આધાર : (૧) **અભયકુમાર મંત્રીશ્વર રાસ**; (૨) **ધન્ના-શાલિભદ્ર ચોપાઈ** : જુઓ આ કથાકોશમાં **ધન્યકુમાર અને શાલિભદ્ર**, ઘટક ૧૧ થી ૧૩, ૨૩ થી ૨૭ ]

**અમરફળ-૧ ( = પંખીની વાર્તા ) ( સિંહાસનબત્રીસી-૨,** સત્તરમી કથા ) : ફરી પાછો ભોજ રાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી પંકજનયના નામની સત્તરમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. અમરફળ મરણફળ નીવડ્યું :** એક વાર વિક્રમ રાજા શિવપૂજન કરીને પાછો વળ્યો ત્યારે રસ્તામાં એકેય દુઃખિયાને તેણે ન જોયો, તેથી તે હરખાયો. એક વડના ઝાડ તળે તે બેઠો. ઉપર બેઠેલાં પોપટ–પોપટીની વાત તેણે સાંભળી. પોપટ કહેતો હતો : ઉત્તરાપથમાં હિમાચળ પાસેના વનમાં રહેતો મારો એક મિત્ર સૂડો મને બાર વરસે મળ્યો અને દુઃખે રડતાં તેણે મને પોતાની વાત કરી : એને ત્યાં એક મહિનો મહેમાન રહી ગયેલો તેનો મિત્ર તેને એક અમરફળ ભેટ આપતો ગયો. એ ફળનો ચમત્કાર એવો હતો કે તે ખાનાર નિત્ય યૌવન અને આરોગ્ય ભોગવે. સૂડાએ ઉત્તરાપથના ઇંદ્રજિત રાજાને ફળ ભેટ આપ્યું, કેમ કે એ રાજા પંખીપ્રેમી હતો. રાજાએ પંખીઓ માટે વન ઉગાડેલાં અને નવાણ બનાવેલાં. 'રાજા કોઈનો મિત્ર ન હોય' એવું જાણતાં બીજાં પંખીઓએ સૂડાના એ કામને વખોડ્યું. આ બાજુ રાજાએ "મારે એકલાએ અમર થઈને શું કરવું ?" એવા વિચારે એ અમરફળને વાડીમાં વાવ્યું. રક્ષણ કરવા ચોકી મૂકી. છોડ ઊગ્યો અને તેને ફળ બાઝ્યાં. ફળની પહેલી શાખ પડી તેના સાત ભાગ કરીને તેમાંથી પાંચ ભાગ પુરોહિત વગેરે પાંચ બ્રાહ્મણને, એક ભાગ પ્રધાનને અને એક ભાગ એકના એક રાજકુંવરને આપ્યો. ફળ ખાતાં સાતેયને ઝેર ચડ્યું અને બધાય શીંગડું થઈ ગયા. કોપેલો રાજા બધાં પંખીઓનું નિકંદન કાઢવા તૈયાર થયો. તેણે વનને ઘેર્યું. ઠેકઠેકાણે જાળ નખાવી એટલે એક ઘરડા પ્રધાને કહ્યું : ઉતાવળ ન કરવી. એક-બે દિવસ વાટ જુઓ. જો ઝેર વળી જશે, તો પંખીઓની નકામી ઘાત કરી ગણાશે. સહસા કોઈ પણ કામ ન કરવા ઉપર પ્રધાને એક દૃષ્ટાંત કહ્યું :

**૨. સહસા કામ ન કરવા ઉપર દૃષ્ટાંત :** પાંચ વરસનો પુત્ર અને અઢાર વરસની સ્ત્રીને ઘરે મૂકીને એક વહાણવટી વેપાર અર્થે વિદેશ ગયો. તેર વરસે કમાણી કરીને તે પાછો આવ્યો. ગુપ્ત રીતે રાતે વેશપલટો કરીને તે ઘરચર્યા જોવા ગયો. આંખ દુઃખતી હતી તેની પીડાએ તેનો પુત્ર લીંડોળાખાટે માના ખોળામાં માથું મૂકીને સૂતેલો હતો. મા પણ ઊંઘી ગઈ હતી. શરીરે હૃષ્ટપુષ્ટ છોકરો

તેની ઉંમર કરતાં ઘણો મોટો લાગતો હતો. તેને જાર માનીને વહાણવટીએ કટારથી મારી નાંખ્યો અને વહાણ પર તે પાછો ફર્યો. સવારે પુત્રને મરેલો જોઈને તેની માતા કાયા પછાડીને મરી. ઘરધણીએ ઘરે આવીને સાચી વાત જાણી, એટલે તે પોતે પણ કાયા પછાડીને મર્યો.

સૂડાની આટલી વાત કરીને પોપટ પોપટીને કહેતો હતો કે અમરફળવાળા બનાવથી મારા મિત્ર સૂડાને અપાર દુઃખ છે. તે ગંગામાં જઈને દેહ પાડવાનો છે. હું પણ સાથે જઈશ. એટલે પોપટીએ કહ્યું કે પાંચ બચ્ચાં સાથે લઈને હું પણ આવીશ.

પછી પોપટ પેલા સૂડા મિત્રને તેડી લાવ્યો, અને પરદુઃખ-ભંજક રાજા વિક્રમની પાસે જઈને પોતાની વાત કહેવા તેને સલાહ આપી. પણ મિત્રે કહ્યું કે આવી વાતમાં વિક્રમ શું કરી શકે ? આ સાંભળીને વિક્રમ છતો થયો. તેણે આ પંખીઓને ઉગારવાની પ્રતિજ્ઞા કરી. ત્યાંથી તે ઇંદ્રજિત રાજા પાસે જવા ઊપડયો.

**૩. કોઢિયો રાજા :** રસ્તામાં ઊના ગામે મધરાતે એક માણસ એક છોકરાને પકડીને લઈ જતો તેણે જોયો. છોકરાએ વિક્રમને વળગી પડીને તેની પાસે શરણ માગ્યું. પેલા માણસે ઝઘડો કરવા માંડ્યો. વિક્રમે તેને ખડ્ગ દેખાડયું, એટલામાં સવાર પડી. વિક્રમનું પ્રભાવશાળી રૂપ જોઈ, પેલો માણસ – જે ત્યાંનો રાજા અજયપાળ હતો, તે પોતાને ત્યાં તેને તેડી ગયો. પૂછતાં છોકરાએ પોતાની વાત કરી : અજયપાળ રાજાને રક્તપિત્તનો રોગ હતો. બત્રીસલક્ષણાને મારીને તેની મલાઈ ખાતાં રોગ જાય એવું વૈદ્યે તેને ઓસડ બતાવ્યું. હું બત્રીસલક્ષણો બ્રાહ્મણપુત્ર છું એવું પુરોહિત પાસેથી જાણીને રાજાએ મારા બાપને વચને બાંધી લઈ, તેને એક લાખ સોનામહોર આપી, અને મધરાતે તે મને લઈ જવા લાગ્યો. મારા બાપને એમ કે દીકરો રાજાને ત્યાં સુખમાં રહેશે, પણ હું રાજાનો હેતુ સમજી ગયેલો. રસ્તામાં કોઈ મળશે તો જ હું બચીશ, એવું વિચારતો હું જતો હતો, ત્યાં તમે મળ્યા. તમારામાં સામર્થ્ય હોય તો મને બચાવો અને રાજાનો રોગ મટાડો.

વિક્રમે તે એકાદશીની રાત પૂરતો બ્રાહ્મણબાળકને પૂછવા માટે માગી લીધો, અને સવારે તેને પાછો સોંપવા વચન દીધું. વિક્રમ એકાંતે રહ્યો. હરિસિદ્ધ માતાનું સ્મરણ કરીને તે પોતાનું મસ્તક છેદવા જતો હતો ત્યાં માતાએ પ્રત્યક્ષ થઈને ઉપાય બતાવ્યો : એ રાજાએ પૂર્વજન્મે ખૂબ પાપ કર્યાં હતાં, તેથી તેને રોગ થયો છે. સો સોનાના હાથીનાં પેટમાં મોતી ભરીને તે બ્રાહ્મણને દાનમાં આપે તો તેનો રોગ ટળે, અને બત્રીસલક્ષણાનું નવેય નાડીએથી કાઢેલું લોહી ઊકળતા તેલમાં નાખીને એ તેલમાં રાજા નહાય તો તેનાં કોઢનાં ચાઠાં મટે.

ગરીબ રાજા દાન દેવા એટલું બધું ધન ક્યાંથી કાઢે ? વિક્રમે તેલકઢાઈ તૈયાર કરાવીને નવેય નાડીએથી પોતાનું લોહી તેમાં નાખ્યું. એમ કરતાં તેણે લાખો વીંછીની વેદના ભોગવી, અને સવારે તે મૂર્ચ્છિત થઈને પડયો. આ તરફ બ્રાહ્મણપુત્રને નિશાળે જવા લેવા આવેલા તેના ગોઠિયા પુરોહિતપુત્રે, રાજા છોકરાને શું કામ લઈ ગયો છે, તે બાબત પિતાજીને વાત કરતાં તે સાંભળી ગયેલો, તે પરથી બ્રાહ્મણને જણાવ્યું. આથી બ્રાહ્મણ ધા નાખતો રાજા પાસે આવ્યો. તારું ધન તું પાછું લઈ અને મારો પુત્ર મને સોંપી દે, નહીં તો હું તને હત્યા દઈશ એમ તેને જણાવ્યું. "વેચેલો માલ પાછો નહીં આપું," એમ કહીને રાજાએ તેને કાઢી મૂકવા કર્યું. નગરમાં રાજા પર ફીટકાર વરસ્યો. રાજાને પણ થયું કે બ્રહ્મહત્યા લઈ જીવવું તે કરતાં બૂડી મરવું સારું. એટલામાં વિક્રમની મૂર્છા વળી. તેણે બ્રાહ્મણને ધીરજ દીધી. રાજાની પાછળ તેની રાણીઓ, દાસીઓ અને પ્રધાન પણ મરવા તૈયાર થયેલાં, તેમને પણ વિક્રમે ધીરજ આપી. રાજાને સમજાવીને છોકરો બ્રાહ્મણને સોંપ્યો અને ઉપર તેને દક્ષિણા આપી. વિક્રમે ચાર ઘડી પછી રોગ મટાડવા કહ્યું. પછી તેણે ગામના બ્રાહ્મણોને દાનનો કાગળ આપ્યો અને તે લઈને ઉજ્જેણીના પ્રધાનને મળવા જવા તેમને વીનવ્યા. અંદર મોતી ભરેલા સો સોનાના હાથી દાનમાં આપવાનું એ કાગળમાં લખ્યું હતું, એ જાણીને અવિ-શ્વાસથી પાછા વળતા બ્રાહ્મણોને વિક્રમે સમ ખાઈને રવાના કર્યા. પત્ર લખનાર વિક્રમ હતો, તે સમજી જઈને પ્રધાને બ્રાહ્મણોને સોને બદલે હજાર સોનાના હાથી આપ્યા. પછી વિક્રમે અજયપાળને તેલમાં નવડાવ્યો. કંચન જેવી તેની કાયા બની.

અજયપાળે તેની ઓળખાણ માગી. શિવના સેવક તરીકે ઓળખાણ આપીને ઉતાવળનું કામ હોવાનું કહી વિક્રમ તરત ત્યાંથી નીકળીને પંખીવન પહોંચ્યો.

**૪. અમરફળને વિષમુક્ત બનાવતો વિક્રમ :** કરોડો પંખી-ઓને જાળમાં પકડી બાળી મૂકવાની તૈયારી થતી હતી. વિક્રમ રાજસભામાં ગયો અને પંખીઓને મારવાનું રાજાને કારણ પૂછ્યું. રાજાએ અમરફળની વાત કરી. વિક્રમે પંખીને છોડી મૂકવા કહ્યું અને જેમને ઝેર ચડયું છે તેમને સાજા કરવાનું વચન આપ્યું. પણ રાજાએ કહ્યું કે ઝેરી અમરફળને અમૃત જેવાં તમે બનાવી દો, તો જ હું પંખીઓને છોડું અને પહેલાં કરતાં તેમની બમણી સેવા કરું. વિક્રમે બે દિવસની મુદત માગી. રાત્રે તેણે પાર્શ્વ-ચિંતામણિની પૂજા કરી. ગેબી શબ્દ થયો : 'લોભી રાજાએ એકનાં અનેક કરવા જે ફળ વાવેલું, તેને બાજુના રાફડામાંથી કર્કોટક નાગ ડસ્યો, તેથી ઝાડ ઝેરી થયું. એ કર્કોટકે એક યોજન દૂર કદમના ઝાડ પાસે નવો રાફડો બનાવ્યો છે. તેની જમણી દાઢે અમૃત અને ડાબીએ ઝેર છે. અમૃતદાઢે એ ફળના બીજને ડસશે, તો ફળ અમૃત થશે.'

આ સાંભળીને વિક્રમ કર્કોટકની પાસે ગયો. તે પશુપંખીની બોલી સમજતો હતો. પ્રણામ કરીને તેણે નાગને પોતાની વાત કહી. એટલે નાગે આવીને અમૃતદાઢે ઝાડનું બીજ ડસ્યું અને પછી ઝેરી બીજને ડસવાથી પોતાને થયેલી પીડાને વામવા, પહેલેથી ફરેલી

શરત પ્રમાણે, તેણે વિક્રમની અમ્રત કાયાને ડંખ દીધો. વિક્રમની રગેરગ ઝેર ચડ્યું. અસહ્ય પીડાથી તે ધરતી પર ઢળી પડ્યો. વેતાળે હરિસિદ્ધ માતાનું સ્મરણ કર્યું. તેમના કહેવાથી હિમાચળમાંની માતાની ગુફામાંથી વેતાળ મણિમહોરો લઈ આવ્યો. દરમિયાનમાં લોકોને વિક્રમની દશાની જાણ થઈ. ત્યાં રાજા પણ આવ્યો. ઠગારો પંથી ઝેરી ફળનો ભોગ બનીને પડ્યો, આપણને છેતરીને એ પંખીઓને છોડાવી જાત,—એમ સૌ કહેવા લાગ્યા. રાજાએ પંખીઓને બાળી મૂકવા હુકમ દીધો. એટલામાં વેતાળે આવીને વિક્રમના હાથમાં મહોરો મૂક્યો. ઝેર ઊતર્યું. વિક્રમે ફળ તોડીને કુંવર વગેરેને ખવરાવવા કહ્યું. તેના કહેવામાં કોઈને શ્રદ્ધા ન બેઠી. તેમણે વિક્રમને જ પહેલાં ફળ ખાવાનું કહ્યું. પણ પંખીઓ છૂટ્યા પહેલાં કશુંય ન ખાવાની વિક્રમની પ્રતિજ્ઞા હતી.

ગામની એક ક્ષયરોગી અને મરવાનો લાગ ખોળતી દુઃખી કુંભારણે અમરફળને કરડ્યું. તરત તેનો રોગ ગયો અને તે રૂપવતી નવયૌવના બની ગઈ. ઝાડ ઉપર નવાં ફળ નહીં થાય, માટે જેટલાં ફળ હતાં, તેનો ઉપયોગ કરી લેવા વિક્રમે સલાહ આપી, પણ કોઈની હિંમત ન ચાલે. પછી સિત્તેર વરસના વૃદ્ધ પ્રધાને દેહથી છૂટવા માટે ફળ ખાધું. તેની કાયા કનકવર્ણી ને યુવાન થઈ ગઈ. પછી કુંવર વગેરે જે મૂર્છિત પડ્યા હતા તેમને ફળ ખવરાવતાં, તે પણ નવયુવાન રૂપે બેઠા થઈ ગયા. બાકી રહેલું એક ફળ રાજાએ ખાધું. પંખીઓને તેણે છોડી મૂક્યાં. તેમને માટે ખાનપાનની નવી સગવડો કરાવી. અમરફળ આપનાર સૂડાને રાજાએ માન સાથે બોલાવી, સોનાના પાંજરામાં રાખ્યો. ત્યારથી લોકો પોપટને પાંજરામાં રાખવા લાગ્યા. રાજાને પછી વિક્રમની ઓળખાણ મળી.

તે પછી વિક્રમ ઘરે જવા ઊપડ્યો. રસ્તામાં ઊના ગામમાં તે આવી પહોંચ્યો. પેલા બ્રાહ્મણો સોનાના હાથી લઈને આવી ગયા હતા, તેમણે પેલો પંથી બીજો કોઈ નહીં પણ વિક્રમ હોવાનું અજયપાળને જણાવ્યું. એટલામાં વિક્રમ ત્યાં આવી પહોંચ્યો. રાજાએ તેનાં દર્શન કર્યાં. ત્યાંથી જઈને વિક્રમ પોપટ–પોપટીને મળ્યો. તેમણે આશીર્વાદ ઉચ્ચાર્યા, તે પછી વિક્રમ ઉજ્જેણીમાં પાછો આવ્યો.

આવો મહિમા જેનો હોય તેને જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે. આ કથા ભોજ રાજાને કહીને પંકજનયના પૂતળી આકાશમાં ઊડી ગઈ.

**અમરફળ—૨ જુઓ વધુ ડાહી કોણ ?**

**અવધૂતનો ચમત્કાર** (**સૂડાબહોંતેરી,** સાઠમી કથા) : જેતા જાટને પાંચ વહુ હતી પણ એકેને પેટે પુત્ર થયો ન હતો. એક વાર એક પરદેશી વૈદ્ય ઓસડિયાંની કોથળી સાથે ફરતો ફરતો આવ્યો. તેને નાની વહુએ બોલાવીને નાડ બતાવી. વૈદ્યે કહ્યું, 'તમારા પતિના વીર્યમાં ખામી છે, માટે તમને સંતાન નથી થતું. મારી પાસે એવી જડીબૂટી છે કે તે ખાધાથી તમને ગર્ભ રહે અને છોકરો થાય, પણ તે માટે મારી એક શરત છે. તમારે એક રાત મારી સાથે ગાળવાની.' જાટણી એ સાંભળી પહેલાં તો હબકી ગઈ. જડીબૂટીના પ્રભાવે, વાવેલા બીને પાણી સીંચતાં તરત અંકુર ફૂટ્યા એ જાટણીને વૈદ્યે પ્રત્યક્ષ બતાવ્યું, એટલે તેનું મન ગળ્યું, પણ તે સાથે ડર પણ પ્રગટ કર્યો, 'જાટ ભારે જોરાવર છે, એને સહેજ પણ વહેમ જાય તો આપણા બંનેનું મોત જ થાય.' વૈદ્યે કહ્યું, 'એની ચિંતા તમે ન કરો. એને એવું ઓસડ પાઉં કે એ પાંચ પહોર મૂર્છિત રહે. તે પછી એને હું ભાનમાં લાવી દઈશ.' વૈદ્યે જડીબૂટી લઈને એક સાંજે જાટણીને ઘરે આવવાનો વાયદો કર્યો. જાટ થોડો સમય બહાર રહેવાનો હતો. ત્યારે જાટણીએ વૈદ્યને બોલાવ્યો. જાટણીએ જડીબૂટી ખાધી, પછી શરીર વૈદ્યને સોંપે એટલામાં જાટે આવીને બારણું ખખડાવ્યું. વૈદ્યે જાટણીના હાથમાં ઓસડની એક પડીકી આપી. જાટ અફીણનો ઝાઝો અમલ કરીને આવેલો તેણે પાણી માગ્યું અને પડસાળમાં પલંગ ઢાળી આપવા કહ્યું. જાટણીએ ઓસડ ભેળવીને પાણી આપ્યું. તે પીને જાટ તરત શીંગડું થઈને પડ્યો. જાટણી અને વૈદ્યે એકબીજાનો સંગ માણ્યો, અને 'સવારે સ્મશાનમાં મળીશ' એવું કહીને વૈદ્ય ગયો. પછી જાટણીએ બૂમાબૂમ કરીને સગાંસંબંધીને બોલાવ્યાં. રડારોળ કરી મૂકી. જાટને ચેતન વગરનો જોઈને સવારે તેને બાળવા લઈ ગયા. જાટણીએ સતી થવાનું જાહેર કર્યું વાજતેગાજતે તે સ્મશાને પહોંચી. સ્મશાનમાં વૈદ્ય ભભૂત ચોળેલા નાગાબાવાના વેશે બેઠો હતો. જાટણી જઈને તેને પગે પડી. અવધૂતે આશિષ દીધી, 'અખંડ સૌભાગ્યવતી અને પુત્રવતી થજે.' જાટણીએ કહ્યું, 'મહારાજ તમારાં વચન મિથ્યા છે. હું તો હમણાં જ ચિતાએ ચડું છું.' લોકોએ હસાહસ કરીને અવધૂતનો ફજેતો કર્યો. અવધૂતે કહ્યું, 'મારું વચન મિથ્યા નહીં થાય.' પછી તેણે જાટના શબ પાસે આવી મંત્રમાળા જપી. ઘીમાં કાલવીને એક ભૂકી જાટના મોંમાં મૂકી અને બોલ્યો, 'મેં કરેલા જપ, તપ અને તીરથનું પુણ્ય અને મારું અરધું આયુષ આને આપું છું.' થોડી જ વારમાં હાથપગ હલાવી, બગાસું ખાઈને જાટ બેઠો થયો. સૌ ઘરે પાછાં આવ્યાં. અવધૂતે જાટણીને વરદાન માગવા કહ્યું, તેણે પોતાની ચારેય શોક્ય માટે એક એક દીકરો માગ્યો. અવધૂતે તથાસ્તુ કહ્યું, અવધૂતનો ભારે આદરસત્કાર કર્યો. પછી અવધૂત એ ગામમાંથી અદશ્ય થઈ ગયો. સમય જતાં પાંચેય જાટણીને એક એક દીકરો થયો.

[આધાર : **સૂડાબહોંતેરી,** સાઠમી કથા]

**અશોકચંદ્ર અને રોહિણી** : ચંપાનગરીના મઘવા નામે રાજાની પુત્રી રોહિણી ચોસઠ કળાઓમાં પારંગત થઈ હતી; જેમાં સંગીત, નૃત્ય, નાટક, ચિત્ર જેવી કલાઓ મુખ્ય હતી.

રાજાએ ચંપાનગરમાં સ્વયંવર રચ્યો ત્યારે કલિંગના રાજાના પુત્ર અશોકચંદ્ર ઉપર રોહિણીએ પસંદગી ઉતારી. રાજાએ રંગેચંગે રોહિણીને તેની સાથે પરણાવી. અશોક તેને લઈ કલિંગ ગયો.

રોહિણીએ ઉત્તરોત્તર આઠ પુત્રો અને ચાર પુત્રીઓને જન્મ આપ્યો.

કલિંગના રાજા અશોકચંદ્ર અને તેની રાણી રોહિણી એકવાર તેમના મહેલમાં બેઠાં બેઠાં તેમના સૌથી નાના પુત્ર લોકપાલને આનંદપૂર્વક રમાડમાં હતાં. એવામાં જ પાડોશમાંથી કોઈ દુઃખી સ્ત્રીનો રડવાનો અવાજ આવ્યો. તે રડતાં રડતાં કહેતી હતી કે પુત્રનો સંયોગ કરાવીને પછી દૈવે તેને હરી લીધો. રડતે રાગે કરાતાં પેલી સ્ત્રીના વિલાપને ગીત સમજીને રોહિણીએ અશોકચંદ્રને પૂછ્યું, "એ સ્ત્રી કયો રાગ ગાય છે?" એનું કારણ એ હતું કે રોહિણીએ કોઈ દિવસ દુઃખ કેવું હોય તે જોયું–સાંભળ્યું ન હતું. વળી તેના સંગીતના જ્ઞાનમાં રડવાના અવાજને કયો રાગ કહેવાય તે કદી તેણે જાણ્યું નહોતું. અશોકના મનમાં ગેરસમજ ઊભી થઈ. તેના પ્રશ્નથી અશોકને થયું કે પારકાના દુઃખ પ્રત્યે આને સહેજ પણ દયાભાવ નથી. રોહિણી તેને વહાલી હતી, છતાં પરપીડા ન જાણનાર સ્ત્રીને શું કહેવું?

અશોકચંદ્રે રોહિણીને ઠપકો આપ્યો. રોહિણીએ પોતે રુદનની વાત ન જાણતી હોવાથી અજ્ઞાનને કારણે પ્રશ્ન કર્યો હોવાનું કહ્યું. પણ અશોકચંદ્રને તેના કહેવામાં વિશ્વાસ ન બેઠો. ક્રોધે ભરાયેલા રાજાએ રાણીને એ રાગ શીખવવાનું કહી તેના ખોળામાં રમતા લોકપાલને ઉપાડીને સાતમા માળેથી હેઠો નાખ્યો. સેવકો દુઃખથી ચીસ પાડી ઊઠ્યા. રોહિણીએ આ જોયું, પણ તેને લવલેશ દુઃખ ન થયું. બીજી બાજુ આટલે ઊંચેથી પડ્યા છતાં બાળકનો વાળ પણ વાંકો ન થયો. એ જોઈ રાજા વિસ્મય પામ્યો. ફરીથી રાણીએ રાજાને પૂછ્યું "ક્યારે તમે મને એ રાગ શીખવશો?" રાજાએ કહ્યું, "હમણાં એ શીખવવાનો અવસર નથી." આટલે ઊંચેથી પુત્ર પછાડવા છતાં તેને કશું ન થયું એ અસંભવિત વાતને સંભવિત થયેલી જોઈને અશોકચંદ્રને આશ્ચર્ય થયું. આનો યશ રોહિણીના શીલને અપાયો. એ પ્રસંગથી રોહિણીની કીર્તિ વધી. એ સાચે જ શીલની મૂર્તિ હોવાની પ્રતીતિ થઈ.

એક વાર કલિંગ આવેલા બે જ્ઞાની સાધુઓની ધર્મદેશના સાંભળવા અશોકચંદ્ર અને રોહિણી ગયાં. તે વેળા અશોકચંદ્રના પૂછવાથી મુનિઓએ રાજા, રાણી તથા તેમનાં પુત્રપુત્રીઓનાં પૂર્વભવનો વૃત્તાંત કહ્યો, જેમાં રોહિણીએ તેના એક પૂર્વભવમાં જૈનસાધુને કડવું તૂંબડું વહોરાવ્યું હતું, તેના પરિણામે તે સાધુ કાળધર્મ પામ્યા હોવાનું જણાવ્યું. પૂર્વભવમાં સિદ્ધિમતિ રાણીના રૂપે રહેલી રોહિણીને તેના પતિએ કાઢી મૂકી. તેણે કરેલ અતિ ઉગ્ર પાપનું પરિણામ સિદ્ધિમતિને મળ્યું અને તે કોઢણી થઈ ગઈ.

પછી તેને પશ્ચાત્તાપ થયો. ગુરુમુખેથી તેણે રોહિણી નક્ષત્રમાં રોહિણી તપ કરવાનો તથા જ્ઞાનપંચમી વ્રતનો મહિમા સાંભળી તે તપ કર્યું. પછીના ભવે તે રાજકુમારી રોહિણી તરીકે અવતરી.

[આધાર : '**અશોકચંદ્ર-રોહિણીરાસ**']

**અસંતોષી વાનર** (**જંબૂ કુમારમાં આવતી દૃષ્ટાંતકથા**): ગંગાકિનારાના વનમાં વાનર અને વાનરી સુખે રહેતાં હતાં. એક વાર રમતાંરમતાં વાનર વંજુલના ઝાડ પરથી નીચે પડ્યો, અને તીર્થપ્રભાવે તે વાનરમાંથી નર બની ગયો. તે જોઈ વાનરીએ પણ ઝાડ પરથી પડતું મૂક્યું, અને તે પણ નારી બની ગઈ. મનુષ્યદેહે એ બંને પહેલાંની જેમ સુખે રહેવા લાગ્યાં. હવે એ નરને લોભ થયો કે ફરી આપણે એ રીતે પડીને દેવ થઈએ. નારીએ મળ્યું તેટલાંથી સંતોષ માનવા કહ્યું અને લોભે વધુ મેળવવાનું કરતા તેને વાર્યો. નર માન્યો નહીં અને વંજુલના ઝાડે ચડીને તેણે નીચે પડતું મૂક્યું, એટલે તે ફરી પાછો વાનર બની ગયો. ભૂમિનો પ્રભાવ એવો હતો જે ફરી વાર પડે તેને તેનું મૂળ રૂપ મળે. નારી તેને અનુસરી નહીં, અને વનસુંદરી રૂપે તે ત્યાં વિચરતી રહી. એક વાર તેને પાસેની નગરીના રાજાના માણસોએ ભાળી. તેને પકડીને રાજા પાસે લઈ આવ્યા. તેના રૂપગુણથી પ્રભાવિત થઈ રાજાએ તેને પટરાણી બનાવી. આ તરફ પેલા વાનરને એક મદારીએ પકડીને નાચતાં શીખવ્યું અને એક વાર એ રાજા અને તેની પટરાણીને એનો નાચ દેખાડવા લઈ આવ્યો. પોતાની વાનરીને પટરાણી રૂપે જોઈને વાનરની આંખમાં આંસુ આવ્યાં. તે જોઈ વાનરીએ તેને સંબોધીને કહ્યું, "ત્યારે મેં તને ફરીથી પડવા જતાં વારેલો, હવે એ બધું સંભારીને રડવું નિરર્થક છે.

(સંદર્ભ : **જંબૂ કુમાર**, ઘટક ૫ : પદ્મશ્રીએ જંબૂ કુમારને કહેલું દૃષ્ટાંત)

**અસંભવિત સંભવિત બનવા પર દૃષ્ટાંતકથા. જુઓ કનકરથ રાજા અને મતિસાગર મંત્રી** (**અંબડ-વિદ્યાધરમાં આવતી** દૃષ્ટાંતકથા).

**અંજનાસુંદરી અને પવનંજય કુમાર** : વૈતાઢ્ય પર્વત પાસે પ્રહલાદનપુર નામે નગરના પ્રહલાદ રાજાને પદ્માવતી નામે રાણી હતી અને પવનંજય નામે પુત્ર હતો. તેને ઋષભદત્ત નામે મિત્ર હતો. બંને મિત્રો આનંદપ્રમોદમાં સમય વિતાવતા.

આ જ વૈતાઢ્ય પર્વત પર અંજનપુર નામનું નગર હતું, ત્યાં અંજનકેતુ નામે રાજા અને તેની અંજનાવતી રાણી રહેતાં હતાં. તેની પુત્રી અંજનાસુંદરી પણ અતિ સ્વરૂપવાન હતી. તેના રૂપની પ્રશંસા સાંભળી રાજાઓએ પોતાના પ્રધાનો અને પોતાના રૂપના પટ અંજનકેતુને મોકલ્યા. રાજાને તેમાંથી એકે ગમ્યા નહીં. એ પછી પવનંજય કુમારનો પટ લાવતાં અંજનાસુંદરી અને પવનંજય કુમારનાં સરખાં રૂપ જોઈ રાજાએ પ્રધાનને કહ્યું, "જોયું ને, કેવાં સરખાં રૂપ છે!" તે વખતે પ્રધાને કહ્યું, રૂપ જોતાં તો દેવદત્ત કુમારનું રૂપ અધિક છે પણ કેવળીએ કહ્યું છે કે તે અઢારમે વર્ષે મુક્તિગામી થશે. આથી થોડા સમયનો જ એ સંબંધ રહે, માટે પવનંજય સાથે જ સંબંધ કરો."

એવામાં એક વખત નંદીશ્વરના શાશ્વત ક્ષેત્રની યાત્રાએ અંજનપુરનો અધિપતિ પણ આવ્યો હતો, તેણે પ્રહલાદન રાજાના પુત્ર

પવનંજયને જોઈ, યોગ્ય જાણી અંજનાસુંદરી તેને આપી. લગ્ન લેવાયાં. બંને પક્ષે લગ્નની તૈયારી થવા લાગી. અંજનકેતુએ સઘળી તૈયારી કરી પ્રહલાદન રાજાને લગ્નની કંકોતરી મોકલી. પ્રહલાદને જાન જોડી.

ઋષભદત્તે પવનંજય કુમારને કહ્યું, "હે મિત્ર, આપણી મૈત્રીમાં હવે ભાગ પડશે એમ લાગે છે." તે વખતે કુમારે કહ્યું, "મિત્ર, ચાલો, કન્યા કેવી છે તે કૌતુક જોઈ આવીએ." પછી બંને મિત્રો વિમાનમાં બેસી રાત્રિએ ગુપ્તપણે અંજનકેતુને ઘેર આવ્યા. ત્યાં અંજનાસુંદરી સખીઓથી વિંટળાઈને વાતો કરતી હતી. તે વખતે એક સખી કહેતી હતી, "હે અંજનાસુંદરી, તારા માટે જે વર જોયો હતો તે અલ્પ આયુષ્યવાળો હતો. તેની સાથેનો તારો વિવાહ બંધ રહ્યો. વળી, એ અંબંધને શું કરીએ જેનાથી વિયોગ થનાર હોય?" ત્યારે અંજનાસુંદરીએ કહ્યું કે થોડા પણ અમૃતના છાંટા ક્યાંથી મળે? તે દેવદત્ત કુમાર તો મુક્તિગામી છે. એ સાંભળી કોપાયમાન થયેલ પવનંજય કુમાર સિંહની જેમ ગર્જના કરી ખડ્ગ લઈ તેને મારવા દોડ્યો. પરંતુ ઋષભદત્તે હાથ વડે ખડ્ગ પકડી લીધું, "આટલા બધા કોપનો કંઈ અર્થ? ભલા મનુષ્યને માટે આ વાત બરાબર નથી. વળી, આપણે પારકા ઘરમાં છીએ, રાત્રિ છે, અને અપરિણીત સ્ત્રી પારકી કહેવાય." કુમારે ખડ્ગ પાછું લીધું, પણ તેનું મન દુભાયું. તે ઘેર પાછો આવ્યો.

રાજાએ હાથી, ઘોડા, રથ–વગેરે સાથે લઈ જાન જોડી. કુમારે એ જોઈ મિત્રને કહ્યું, "આ આરંભ બરાબર નથી, આ વિવાહ દુર્જનની ગોષ્ઠિની જેમ રુચતો નથી." એ વાત માતાએ સાંભળી એટલે તેણે આવી સામાન્ય લોકોની આશા પૂરવા કહ્યું. રાજાએ વાત સાંભળતાં કુમારને કહ્યું, "આ શરમજનક વાત હું શું સાંભળું છું? અમારું કરેલું કામ ક્યાંય ઢીલું ન હોય. અમારા જીવતાં એવું બીજું કોણ છે જે એ કન્યાને પરણશે?" એમ ગુસ્સે ભરાયેલા રાજાએ કુમારને તૈયાર કરી જાન ચલાવી. વહુ ચોરીમાં આવી. ત્યાં અંજનાસુંદરી અને પવનંજય કુમારનું પાણિગ્રહણ થયું. અંજનકેતુ રાજાએ સર્વનું સન્માન કર્યું.

અંજનાસુંદરી કુલાચાર પાળતી કુટુંબને સંતોષતી હતી. પરંતુ ભવાંતરનાં કર્મોને લીધે પવનંજય કુમાર અંજનાસુંદરીની સામું પણ જોતા નહોતા. અંજનાસુંદરી દેવતાની જેમ ભરથારને આરાધતી હતી.

પછી લંકાધિપતિ રાવણે પ્રતિ–વાસુદેવ સાથે યુદ્ધ કરવા લશ્કર મોકલ્યું હોવાથી સહાય માટે પ્રહલાદને તેડું મોકલવામાં આવ્યું. તેથી પ્રહલાદને રણનિશાન વગડાવ્યાં. કુમારે એ વાત સાંભળી પિતાને કહ્યું, "પુત્ર હોવા છતાં તમે લડવા જાવ તે શોભતું નથી." એમ કહી કુમાર માતાપિતાને પ્રણામ કરવા આવ્યો. એ વખતે અંજનાસુંદરી સાસુની પાસે આવી વ્યગ્ર બની ઊભી રહી. કુમારે માતાની આશિષ લીધી પરંતુ અંજનાસુંદરી સામે નજર સરખીય ન કરી. તેથી અશ્રુપાત કરતી તે ઘેર આવી

યુદ્ધ માટે નીકળેલા કુમારે જ્યાં પહેલો મુકામ કર્યો ત્યાં ચક્રવાક અને ચકવાકી રાત્રિનો વિયોગ સહન ન થતાં વિલાપ કરતાં હતાં. એ સાંભળી પવનંજયે વિચાર્યું, "જો પંખીઓ વિરહથી આટલાં તપ્ત હોય તો મેં તો અંજનાસુંદરીને બાર વર્ષથી બિલકુલ બોલાવેલ નથી. તેના શા હાલ હશે?" મિત્રે ઠપકો આપતાં પવનંજયે પાછા જઈને અંજનાસુંદરીને બોલાવી. ઋતુસ્નાતા અંજનાસુંદરીને વીર્યદાન કર્યું. અંજનાએ શંકા વ્યક્ત કરી કે કદાચિત સંતાનપ્રાપ્તિ થશે તો સાસુ–સસરા ખોટો આક્ષેપ કરશે. પવનંજયે નિશાની રૂપે મુદ્રિકા આપી અને પોતે યુદ્ધમાં ગયો.

અંજનાસુંદરીને ત્રીજા માસે ગર્ભ પ્રગટ થયો. સાસુ અને સસરાએ શંકા–કુશંકા કરી ત્યારે અંજનાએ તેને પતિએ આપેલ મુદ્રિકારત્ન દેખાડ્યું. તોપણ તેઓ માન્યાં નહીં. ગર્ભ પાંચ માસનો થયો સસરાએ મનમાં વિચાર્યું કે તેના ભરથારે તેને કોઈ દિવસ સ્પર્શ પણ કર્યો નથી, તો પછી ગર્ભ કેવી રીતે રહ્યો. નક્કી આ દુશ્ચરિત સ્ત્રી છે, એમ વિચારી તેને ઘર બહાર કાઢી મૂકી.

તે પિયર તરફ ચાલી. માર્ગમાં તેણે માતાપિતાને ત્યાં જવાનું ઉચિત નથી એમ વિચાર્યું અને વનમાં સૂર્યસમાન તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. અંજનાના શીલરૂપી શસ્ત્રને કારણે કોઈ હિંસક પ્રાણી કે ચોર નજીક આવતાં નહીં. એક વખત અંજનાએ પાણીની તપાસ માટે દાસીને મોકલી. દાસીએ પાછા આવીને અંજનાસુંદરીને પર્વતના શૃંગ ઉપર કોઈ મહાત્મા કાઉસગ્ગ રહ્યા હોવાનું કહ્યું. પછી અંજના બાળકને લઈ મહાત્મા પાસે આવી. મહાત્માએ ધર્મલાભ આપ્યો. અંજનાએ પોતાનાં પૂર્વભવનાં કર્મો વિશે પૂછ્યું. મુનિએ કહ્યું, "કોઈ વેપારીની તું પત્ની હતી. તારી જે શોક્ય હતી તે જિનધર્મી હતી. તેણે અભિગ્રહ લીધેલો કે વીતરાગની પ્રતિમાની પૂજા કર્યા બાદ જ જમવું. એક વખત તેં મિથ્યાત્વને કારણે પ્રતિમાને બાર પ્રહર સુધી ઉકરડામાં ગોપવી રાખી. પેલી શોક્ય દેવપૂજા કર્યા વગર જમી નહીં. એમ બાર પ્રહોર વીતી ગયા પછી તેં દયા આવવાથી ઉકરડામાંથી પ્રતિમા કાઢી આપી. આ કર્મના વિપાકને કારણે તારે પતિનો વિયોગ બાર વર્ષ સહન કરવો પડશે." અંજનાએ પોતાની પાછળ દાસીને પણ દુઃખ ભોગવવું પડે છે તેનું કારણ પૂછતાં મુનિએ કહ્યું, "તેં જ્યારે પ્રતિમા છુપાવી ત્યારે તેણે તે થોડી ઉઘાડી રહી ગઈ હોવાનું કહેલું જેથી તે તેને બરાબર ઢાંકી દીધી. એ કર્મને કારણે તે પણ તારી પાછળ દુઃખ પામી રહી છે." તે પછી સતી પર્વત પર સત્યનું આચરણ કરતી રહી.

એવામાં તેનો મામો સૂર્યકેતુ નામનો વિદ્યાધર નંદીશ્વરની યાત્રા કરી ઘર ભણી જતો હતો ત્યારે તેનું વિમાન મુનિના પ્રભાવથી, તીર્થનું ઉલ્લંઘન કરવાને કારણે થંભી ગયું હતું. સૂર્યકેતુ વિમાનમાંથી ઊતરી મુનિને પગે લાગ્યો. ત્યાં રહેલી પોતાની ભાણેજને તેણે ઓળખી. પછી અંજનાસુંદરીને દાસી અને તેના પુત્ર સાથે વિમાનમાં બેસાડી સૂર્યકેતુ ચાલ્યો. એવામાં વિમાનની ઘંટડીઓ વાગવા માંડી. બાલસહજ સ્વભાવથી, અંજનાનો પુત્ર

મામાના ખોળામાંથી ઊછળી વિમાનની ઘંટડીઓને પકડવા ગયો એવામાં તે ભોંય પર પડ્યો. અંજનાસુંદરી વિલાપ કરતી કહેવા લાગી, "અરે દૈવ! પહેલાં તો આટલું બધું દુઃખ સહન કર્યું અને હવે જ્યારે પુત્રનું મુખ જોઈને સુખ પામતી હતી તે પણ સાંખી ન શક્યા?" એમ વિલાપ કરતી દૈવને ઉપાલંભ આપતી તે કહેવા લાગી, "પુત્ર શિલા સાથે અફળાયો હશે કે ભોંય પડ્યો હશે?" એટલામાં સૂર્યકેતુ વિમાનમાંથી ઊતરી, જ્યાં બાળક પડ્યો હતો તે પ્રદેશમાં આવ્યો. જોયું તો અંજનાના શીલને કારણે બાળકના પ્રહારથી શિલાનો ચૂરો થઈ ગયો હતો અને બાળક નિરાંતથી સૂતો હતો. પછી સૂર્યકેતુ બાળકને લઈ, બે હાથ પર બેસાડી ભાણેજ પાસે આવ્યો. બાળકને હેમખેમ જોઈ માતા હર્ષ પામી. તેણે પુત્રનું નામ શિલાચૂરણ રાખ્યું. પછી સૂર્યકેતુ ઉત્સાહપૂર્વક તેને ઘેર લઈ આવ્યો.

હવે અંજનાસુંદરી દાનપુણ્ય કરી પોતાના દિવસો સુખથી પસાર કરતી હતી. એવામાં પવનંજય કુમાર પણ વરુણને જીતી ઘેર આવ્યો. ત્યારે તેણે ઘરમાં પોતાની પ્રિયાને ન જોતાં તે વ્યાકુળ થયો. તે વિલાપ કરવા લાગ્યો. વિલાપ કરતાં પવનંજયે નગરની બહાર ચંદનનાં લાકડાંની ચિતા રચાવી. તેનાં માતાપિતાએ તેને સમજાવવા વ્યર્થ પ્રયત્ન કર્યો. ઋષભદત્તે આવી કાલક્ષેપ કરવા ત્રણ દિવસની મહેતલ માગી અને વળી કુમારને કહ્યું કે અંજનાસુંદરી શીલને કારણે જીવતી હશે. પછી પવનંજય, મિત્રને આપેલા વચનને કારણે ત્રણ દિવસ સુધી થોભી ગયો.

હવે ઋષભદત્ત વિમાને ચડી તપાસ કરતો કરતો ત્રીજે દિવસે સૂર્યપુરના ઉદ્યાનમાં આવ્યો. ત્યાં સ્ત્રીઓ ગોષ્ઠિ કરતી હતી કે શિલાચૂરણ બાળક જેવું બીજું કોઈ સોહાગી લાગતું નથી. એ નામ સાંભળી ઋષભદત્તે વિચાર્યું, "અંજનાસુંદરીના પુત્રનું જ આ નામ હશે." પછી તે સૂર્યકેતુ રાજાની સભામાં ગયો તો ત્યાં અંજનાસુંદરીને પુત્ર સહિત જોઈ. તેણે તેને ઓળખી લીધી. અંજનાએ પણ ઋષભદત્તને ઓળખ્યો. તેણે સૂર્યકેતુને પોતાના પતિનો મિત્ર આવ્યો હોવાનું કહી તેનું સ્વાગત કરાવ્યું. ઋષભદત્તે અંજનાને તેના વિરહથી પવનંજય કુમાર અગ્નિપ્રવેશ કરવા તૈયાર થયા હોવાનું કહી તેમને ત્રણ દિવસમાં તમને મેળવી આપવાનું કહી રોકી રાખેલ છે એમ પણ કહ્યું. અંજના તેની સાથે ગઈ. ઋષભદત્તે અંજના સાથે પવનંજયનો મેળાપ કરાવ્યો. પુત્રનું નામ શિલાચૂરણ હતું તે બદલી હનુમંત એવું નામ રાખ્યું. પવનંજય કુમાર રાજગાદીએ બેઠા અને અંજનાને પટરાણી બનાવી. છેવટે બંનેએ દીક્ષા લીધી.

[ આધાર : **શીલોપદેશમાલા-બાલાવબોધ** છવ્વીસમી દૃષ્ટાંતકથા ]

**અંબડ વિદ્યાધર :**

**૧. કથાપીઠ :** જંબુદ્વીપમાં આવેલ ભરતક્ષેત્રમાં વાસપુરી નગર. વિક્રમસિંહ રાજા. એક દિવસ એની રાજસભામાં આવેલ એક પરદેશીએ કહ્યું; "ધનગિરિ ઉપર ગોરખયોગિનીના નિવાસસ્થાને ધ્યાન–કુંડલિકા નીચે ધનભંડાર છે." આ વાત એણે કેમ જાણી એમ વિક્રમસિંહે પૂછતાં પેલાએ જણાવ્યું, "હું અંબડ ક્ષત્રિયનો કુરબક નામનો પુત્ર છું." પછી તેણે અંબડનો જીવનવૃત્તાન્ત આ પ્રમાણે કહ્યો :

કર્મસંજોગે જન્મથી નિર્ધન એવા અંબડને અનેક પ્રયત્નો કરવા છતાં પણ ધન પ્રાપ્ત થયું નહીં. આખરે તે ધનગિરિ પર્વત પર ગોરખયોગિની પાસે ગયો અને એને જણાવ્યું કે કોઈ પણ ઉપાયે ધન જોઈએ. યોગિનીએ કહ્યું, "જો તું સાહસ કરીને મેં આપેલા આદેશોનું પાલન કરી શકીશ તો તારા બધા મનોરથ સિદ્ધ થશે."

**૨. ગોરખયોગિનીનો પહેલો આદેશ : શતશર્કરા ફળની પ્રાપ્તિ :** અંબડને પ્રથમ આદેશ આપતાં ગોરખયોગિનીએ પૂર્વ-દિશામાં આવેલ ગુણવર્ધન વાડીમાંના શતશર્કરા વૃક્ષનું ફળ લાવી આપવા જણાવ્યું.

આદેશ અનુસાર પૂર્વદિશામાં ચાલતાં અંબડે કમંડલ નગરના સરોવર પાસે એક આશ્ચર્ય જોયું : પુરુષો માથા પર ઘડો મૂકી પાણી લાવી રહ્યા હતા અને સ્ત્રીઓ ઘોડા પર સવાર થઈને ફરતી હતી. તેવામાં એક વૃદ્ધા પોતે અંબડને સર્વ બીના જણાવવાનું કહી પોતાને ગૃહે લઈ ગઈ.

એના વૈભવશાળી ભવનના પ્રાંગણમાં એક નવયૌવના સૂર્ય, ચંદ્ર, મંગલ અને રાહુ એ ચાર ગ્રહોને દડાની જેમ ઉછાળીને રમતી હતી. પેલી વૃદ્ધા ભદ્રાવલીએ અંબડને કહ્યું, "તું ગોરખ-યોગિની માટે શતશર્કરા ફળ લેવા આવ્યો છે, તો જ્યાં સુધી એ ફળ તને ન મળે ત્યાં સુધી તું આ મારી પુત્રી ચંદ્રાવલીની સાથે દડાની રમત રમ."

ચંદ્રાવલીએ એવી શરત કરી કે જેના હાથમાંથી દડો ઊછળતાં પડી જાય, તે બીજાની ચરણસેવા કરે. પછી ચંદ્રાવલી એક પછી એક દડા ઉછાળવા લાગી, પણ એકેય દડો પૃથ્વી પર પડ્યો નહીં.

આ પછી ચંદ્રાવલીએ દડાઓ અંબડને આપ્યા. સૂર્યના દડાને જોઈ અંબડ મૂર્છા ખાઈને સૂર્યબિંબમાં પડ્યો. એટલે ચંદ્રાવલીએ અંબડ સહિત સૂર્યબિંબને સ્થગિત કરી દીધું. સૂર્યપુત્ર નાગડ સારથિએ સૂર્યબિંબ પાસે આવતાં તેણે બેભાન પડેલા અંબડને જોયો. તેને ભાનમાં લાવવા તે અમૃત લેવા ચંદ્રમંડલ તરફ દોડ્યો. પણ ચંદ્ર ચંદ્રાવલીના ઘેર હોવાનું ચંદ્રપત્ની રોહિણીએ જણાવ્યું અને તેને છોડાવવા વિનંતી કરી.

નાગડ ચંદ્રાવલીની પાસે પહોંચ્યો, એટલે તેને ચંદ્રાવલીએ નાગપાશથી બાંધી દીધો. નાગડની શોધમાં એની બહેન ત્યાં આવી પહોંચી. ભાઈને નાગપાશમાં બંધાયેલો જોઈને વિદ્યાબળે એણે એને મુક્ત કર્યો.

નાગડ આ પછી ચંદ્રાવલીની માતા ભદ્રાવલી પર વૈર લેવા તત્પર થયો. સૂર્યની સલાહથી તેણે કુંડલિનીની આરાધના કરી,

તેથી પ્રાપ્ત થયેલ શક્તિ વડે એણે ભદ્રાવલીને મારી નાખી. આથી માનભંગ થયેલી ચંદ્રાવલીએ ચંદ્રને મુક્ત કરી રોહિણીને સોંપ્યો. નાગડે ચંદ્ર પાસેથી અમૃત લાવી અંબડને પાઈને તેને સજીવન કર્યો.

અંબડે **સૂર્ય**ની સ્તુતિ કરી. પ્રસન્ન થયેલ **સૂર્યે** અંબડને "ઇંદ્રજાલ" અને "આકાશગામિની" વિદ્યાઓ આપી. નાગડે **સૂર્યની** સૂચનાથી શતશર્કરા ફળ લાવીને અંબડને આપ્યું.

**૨.૧. શિવરૂપધારી અંબડ : ચંદ્રાવલીને શિક્ષા :** નાગડે અંબડને ચંદ્રાવલીના ઘર પાસે મૂક્યો. વિદ્યાબળે અંબડે શિવનું રૂપ ધારણ કર્યું. ઘરે શિવને આવેલા જોઈ ચંદ્રાવલીએ એની ભક્તિ કરી. એટલામાં શિવ રડવા લાગ્યા. ચંદ્રાવલીએ પૂછ્યું એટલે શિવે પાર્વતી મૃત્યુ પામી હોવાનું જણાવ્યું અને તેનું સ્થાન ચંદ્રાવલીને લેવાનું કહ્યું. શિવની સૂચના પ્રમાણે ચંદ્રાવલી વાળ કપાવી, મેલાંઘેલાં કપડાં પહેરી કૈલાસ જવા તૈયાર થઈ.

અંબડ વૃષભ પર બેસીને ચંદ્રાવલીને લેવા આવ્યો. લોકો ચંદ્રાવલીના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા. એટલામાં વૃષભે ચંદ્રાવલીને લાતો લગાવી અને શિવ અને વૃષભ બન્ને અદૃશ્ય થઈ ગયા. ચંદ્રાવલીની આવી અવદશા જોઈને લોકો એની હાંસી કરવા લાગ્યા.

[અહીં ભાગ્યની વિચિત્રતા ઉપર ધનવંત વણિકનું દૃષ્ટાંત આપેલું છે. એ માટે જુઓ આ કથાકોશમાં **ધનવંત વણિક**]

ચંદ્રાવલી રડતી હતી એટલામાં અંબડે અસલ સ્વરૂપમાં આવી ચંદ્રાવલીને જણાવ્યું : "મેં સૂર્યમંડળમાં જઈ વિજય મેળવ્યો છે." અંબડને જોઈને ચંદ્રાવલી શિવનું રૂપ ધરીને સતાવવા બદલ તેના પર ખિજાઈ. તે પછી અંબડે દડાની રમતમાં પણ વિજય મેળવ્યો. ચંદ્રાવલીએ ચરણસેવાને બદલે અંબડ સાથે લગ્ન કરવાનું સ્વીકાર્યું. નગરની ઊલટી રીતરસમ અંગે પૂછતાં નગર પોતાની શક્તિથી જ વસાવ્યું હોવાનું ચંદ્રાવલીએ જણાવ્યું. અંબડે ચંદ્રાવલી પાસેથી આકાશગામિની, ચિંતિતગામિની, સ્વરૂપપરાવર્તિની અને આકર્ષણી—એમ ચાર વિદ્યાઓ મેળવી.

થોડો સમય ત્યાં રોકાઈ અંબડ ચંદ્રાવલીને લઈને રથનૂપુર નગરમાં આવ્યો અને શતશર્કરા ફળની ગોરખયોગિનીને ભેટ ધરી.

**૩. બીજો આદેશ : યોગી-પુત્રી અંધારીની પ્રાપ્તિ :** અંબડે ગોરખયોગિની પાસે જઈ બીજો આદેશ માગતાં એણે દક્ષિણ દિશામાં સમુદ્ર વચ્ચે આવેલા હરિબંધ દ્વીપમાં રહેતા કમલકાંચન યોગીની પુત્રી અંધારીને લઈ આવવા જણાવ્યું.

અંબડ ગગનગામિની વિદ્યા વડે હરિબંધ દ્વીપ પહોંચ્યો. કમલકાંચન યોગીએ તેને એક સેવક સાથે પોતાને ઘેર મોકલ્યો. યોગીની પત્નીઓ કાગી અને નાગીએ અંબડને ભોજન કરાવ્યું અને પાન ખાવા આપ્યું. પાન ખાતાંની સાથે જ અંબડ કૂકડો બની ગયો. કાગી અને નાગી બિલાડીઓનું રૂપ ધારણ કરી કૂકડારૂપ અંબડને ત્રાસ આપવા લાગી. કમલકાંચન યોગી ઘેર આવી અંબડને મહેણાં મારવા લાગ્યો. અંબડ ત્યાં દુઃખી થઈને રહ્યો.

[અહીં કર્મસંજોગે અસંભવિત પણ સંભવિત થવા પર દૃષ્ટાંત આપેલું છે.]

ઘરઆંગણે રહેલો કૂકડારૂપ અંબડ જીવહત્યા અને ગંદકી કરે છે, એવે બહાને તેને વનમાં મૂકી આવવા કમલકાંચને આદેશ આપ્યો. કાગી અને નાગી બિલાડી બની દાંતથી પકડીને તેને વનમાં એક ગુફામાં મૂકી આવી.

વનમાં ફરતાંફરતાં એક દિવસ એક વાવમાંથી પાણી પીવાથી અંબડ કૂકડામાંથી ફરી માણસના રૂપમાં પલટાઈ ગયો.

વનમાં ફરતાંફરતાં એક દિવસ મધ્યરાત્રિએ કોઈ એક નારીનો રડવાનો અવાજ સાંભળી તે એની પાસે ગયો અને એને રડવાનું કારણ પૂછ્યું. તે નારીએ પોતાનો વૃત્તાન્ત જણાવતાં કહ્યું : તે રોલગપુરનાં રાજહંસ અને રાણી શ્રીમતિની પુત્રી રાજહંસી હતી. તેનું લગ્ન નક્કી થતાં, રાજકુમાર મહિચંદ લગ્ન કરવા રોલગપુર આવ્યો. લગ્નમંડપમાં સૂર્યદેવે આપેલી કંચુકી પહેરીને તે આવી તે વેળા કોઈ દુષ્ટ તેને ઊંચકીને આકાશમાં ઊડી ગયો. તેણે કંચુકી આંચકવાનો પ્રયાસ કર્યો. પણ રાજહંસીએ તે નિષ્ફળ બનાવ્યો. એટલે પેલો રાજહંસીને જંગલમાં ફેંકીને ચાલ્યો ગયો. આવી આપત્તિમાં ભયભીત બનેલી તે રડતી હતી.

આ પછી અંબડે સૂર્યે આપેલી કંચુકી અંગે પૂછતાં રાજહંસીએ તેનો વૃત્તાન્ત કહ્યો :

**૩.૧. જોગણીઓના બલિ બનવાથી યુક્તિપૂર્વક બચતી શિષ્યાઓ :** મારી બાલ્યાવસ્થા પૂર્ણ થતાં મને મારા પિતાએ વિદ્યાભ્યાસ માટે સરસ્વતી નામની પંડિતા પાસે મોકલી. મારી સાથે બીજી સાત કન્યા વિદ્યાભ્યાસ કરતી હતી.

એક વાર મધરાતે જાગી ઊઠતાં મેં જોયું કે સરસ્વતીએ રચેલા મંડળમાં ચોવીસ જોગણીઓ આવી ક્રીડા કરવા લાગી. જોગણીઓએ સરસ્વતીને પિંડદાન કરે તો સિદ્ધિ આપવાનું કહ્યું. પંડિતાએ એમને આઠ કન્યાઓ તે પિંડદાન અર્થે આપવાની વાત કરીને, પિંડદાનની વિધિ પૂછી. તેમણે આવતી ચૌદશને રવિવારે આઠ કન્યાઓને નૈવેદ્ય સાથે પોતાને અર્પણ કરવાનું જણાવ્યું અને એને એક સાડી આપી, જે વિધિ કરતી વેળા ધારણ કરવાથી એના દેહનું રક્ષણ કરશે. એટલું કહીને જોગણીઓ ચાલી ગઈ.

આ સાંભળી હું ખૂબ ડરી ગઈ. બધી વાત મેં મારી સાત સખીઓને કહી. પછી અમે આ વાત મારા પિતાને જણાવી. મારા પિતાએ પંડિતાનો વધ કરવાનું કહ્યું, પણ મેં સૂર્યની આરાધના કરવાનું જણાવ્યું. પછી મેં વિધિપૂર્વક સૂર્યની આરાધના કરતાં, સૂર્યે પ્રસન્ન થઈ બચાવ માટે મને કંચુકી આપી અને મારી સખીઓ માટે સાત ગુટિકા આપી. અમારી ઉપર આવી પડનારી આફતમાંથી ઉગારવાના બહાને કાળી ચૌદશે પંડિતાએ અમને પોતાના ઘરે બોલાવી. વિધિ દરમિયાન ઘરની અંદર સાડી પહેરવા ગઈ. એટલામાં મેં કંચુકી પહેરી લીધી અને મારી સખીઓએ પોતાના મોંમાં ગુટિકા રાખી દીધી. પંડિતા સાડી પહેરી બહાર આવી એટલે અમે

બાંદીએ એની સાડી ખેંચી કાઢી. આથી તે આપોઆપ મૃત્યુ પામી. આ રીતે મેં સૂર્ય પાસેથી કંચુકી મેળવી હતી એમ કહી રાજહંસી રડવા લાગી.

આ પછી અંબડે પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કર્યું. અંબડનું દેવસ્વરૂપ જોઈને રાજહંસીએ એની સાથે લગ્ન કરવાની ઇચ્છા પ્રગટ કરી. અંબડે એનું પાણિગ્રહણ કરી ત્યાં જ તેની સાથે સુખેથી રહેવા લાગ્યો.

**૩.૨. મનુષ્યને ગર્દભમાં રૂપાંતરિત કરતું ફળ : મૂળ રૂપ પાછું આપતું જળ :** એક વાર વનવાડીના એક વૃક્ષ પર સુંદર ફળ જોઈ તે તોડીને ખાતાં, રાજહંસી ગધેડી બની ગઈ અને ભૂંકવા લાગી. અંબડે તેને પેલી ચમત્કારી વાવ પાસે લઈ જઈ તેનું પાણી પીવડાવ્યું એટલે તેને તરત જ પોતાનું મૂળ નારીસ્વરૂપ પ્રાપ્ત થયું.

રાજહંસીએ અંબડને એ વાવના જળના પ્રભાવ અંગે પૂછતાં, તેણે પૂર્વનો સર્વ વૃત્તાન્ત જણાવ્યો. પછીથી રાજહંસીએ રૂપપરિવર્તનકારી વૃક્ષનાં ફળો અંબડને બતાવ્યાં. અંબડે થોડાં ફળ તોડી પોતાની પાસે રાખી લીધાં.

અંબડના કહેવાથી રાજહંસી પંડિતાને યોગિનીઓએ આપેલી ચમત્કારી સાડી લઈ આવી. પછી રાજહંસીને સાથે લઈને અંબડ ગગનગામિની વિદ્યાના બળે રોલગપુર આવ્યો. અંબડ નગર બહાર રહ્યો. રાજહંસી પોતાનાં માતાપિતાને મળવા ગઈ. પુત્રી પાસેથી બધી વાત જાણી હંસ રાજાએ અંબડનું સ્વાગત કર્યું. રાજહંસીનાં લગ્ન અંબડ જોડે કર્યાં. અંબડને પોતાનું અર્ધરાજ્ય આપ્યું. પેલી સાત કન્યાઓનાં લગ્ન પણ અંબડ સાથે કરવામાં આવ્યાં. થોડો સમય ત્યાં રહીને પછી અંબડ હરિબંધ દ્વીપ ભણી ચાલી નીકળ્યો.

હરિબંધ દ્વીપમાં જઈ અંબડે કમલકાંચન યોગીનું રૂપ ધારણ કર્યું અને સીધો યોગીના ઘરે કાગી પાસે પહોંચી ગયો. એને શાક આપી ભોજન માટે તે તરત તૈયાર કરવા જણાવ્યું. અંબડે એ શાક સાથે રૂપપરિવર્તનકારી ફળ ભેળવી દીધું હતું. ત્યાંથી તે કાગીનું રૂપ ધરી કમલકાંચન યોગીની ઝૂંપડીએ ગયો. કૃત્રિમ સ્નેહ બતાવીને કમલકાંચનને જલદીથી જમવા આવવા આગ્રહ કર્યો. આથી કમલકાંચન પોતાના ઘર તરફ રવાના થયો. એટલે ઝૂંપડીમાં રહેલી અંધારીને ઉઠાવી અંબડ પોતાની શિબિરમાં આવ્યો અને અંધારીને રાજહંસીને સોંપી. પછી પોતાના મૂળ સ્વરૂપમાં તે કમલકાંચનને ઘેર પહોંચ્યો. ત્યાં એક ગધેડો અને બે ગધેડીઓ એક બીજાને લાતંલાત કરતાં અને ભૂંકતાં તથા લોકોને એ તમાશો જોતાં તેણે જોયાં.

અંબડે એ ત્રણને ખૂબ ફટકાર્યાં. કમલકાંચનને જણાવ્યું : તારી પુત્રી અંધારીને હું હરી જાઉં છું. ફરી એણે તે ત્રણને ટીપ્યાં. પછી લોકોની વિનંતિથી વાવનું પાણી પીવડાવીને તેમને ફરી માણસ બનાવ્યાં. શિબિર પર આવી અંબડ રાજહંસી અને અંધારીને લઈ પોતાને નગર પહોંચ્યો. પછી ગોરખ યોગિની પાસે જઈને તેણે તેને અંધારી સોંપી.

**૪. ત્રીજો આદેશ : રત્નમાળાની પ્રાપ્તિ :** અંબડ ફરી ગોરખયોગિની પાસે ગયો. એણે ત્રીજો આદેશ આપ્યો કે સિંહલ દ્વીપમાં સોમચંદ રાજાના ભંડારમાં જે રત્નમાળા છે તે લઈ આવ.

અંબડ સિંહલ દેશ પહોંચ્યો. તે વાડીમાં વિશ્રામ કરતો હતો ત્યારે તેણે માથા ઉપર બગીચો ધારણ કરેલી એક યુવતીને જોઈ. અંબડે એને રાજકુંવરી ચંદ્રયશા માનીને બોલાવી, પણ તે તો પ્રધાન વૈરોચનની પુત્રી રાજલદેવી હતી.

**૪.૧. મસ્તક પર રહેતા સદાબહાર ઉદ્યાનનું વરદાન :** માથા પર રહેલા બગીચા અંગે પૂછતાં તેણે અંબડને જણાવ્યું : એક વખત રાજકુમારી ચંદ્રયશા સાથે તે વનક્રીડા અર્થે ગઈ હતી ત્યારે તેમને એક ડોશી મળી. તે શિવની પ્રતિહારી હોઈને, પોતાની શક્તિથી તેમને શિવલોક લઈ ગઈ. શિવે પ્રસન્ન થઈને ચંદ્રયશાને એક રત્નમાળા અને પોતાને કર્મદંડ આપ્યો. રત્નમાળા ધારણ કરનાર ઇચ્છા મુજબ રૂપ બદલી શકે અને સર્વત્ર જય પામે. કર્મદંડ ધારણ કરનારના સર્વ શત્રુઓ અને રોગોનો નાશ થાય.

નિત્ય દર્શને આવવાની તેમની ઇચ્છા જાણી શિવે તેમને ત્રિદંડ વૃક્ષ આપ્યું, જે પર બેસી આકાશમાર્ગે ઊડીને શિવલોક પહોંચી શકાય. તે પછી તે બન્ને સ્ત્રીઓ ધરતી પર આવી. દરરોજ મંત્રબળે વૃક્ષ પર બેસી તેઓ શિવદર્શને જતી. એક વાર એ રીતે ઊડીને તેઓ જતી હતી, ત્યારે કોઈ પોતાને ગળવા આવે છે એવી શંકા સૂર્યને થઈ. પણ નજીક આવી ત્યારે એમને માનવીના રૂપમાં જોઈને સૂર્યની શંકા દૂર થઈ ગઈ. તે બન્ને શિવભક્ત છે એ જાણી સૂર્યે પ્રસન્ન થઈને ચંદ્રયશાને અંધકારમાં દિવ્યપ્રકાશ પથરાઈ જાય તેવું તિલકાભરણ અને રાજલદેવીને કાયમ લહેરાતો રહે એવો બગીચો આપ્યો.

એ પછી અંબડ રાજલદેવી સાથે નગરમાં આવ્યો. નટનું સ્વરૂપ ધારણ કરીને નૃત્યસંગીતકલાના પ્રદર્શનનું તેણે આયોજન કર્યું. લોકોમાં વાહવાહ બોલાવા લાગી. બાદમાં તેણે પોતાના વિદ્યાબળે એકત્રીસ નટનટીઓને સરજી. રાજલદેવી એમાં બત્રીસમી નટી તરીકે ભળી ગઈ. બધાએ મળીને અદ્‌ભુત નાટ્યપ્રયોગ કર્યો.

ચંદ્રયશા પણ નાટક જોવા આવી. રાજલદેવીને નાટક કરતી જોઈને ચંદ્રયશાએ એની ટીકા કરી. રાજલદેવીએ કહ્યું કે સંગીત તો પાંચમો વેદ ગણાય છે. એને પણ નાટકમાં જોડાઈ જવા તેણે નિમંત્રણ આપ્યું.

રાજલદેવીનાં માતાપિતાએ રાજા સોમચંદ પાસે જઈને નટ લુચ્ચો છે અને એણે રાજલદેવીને ફસાવી છે એમ ફરિયાદ કરી.

રાજા સોમચંદ પણ નાટક જોવા આવ્યો. અંબડે વિષ્ણુ, મહેશ અને બ્રહ્માનું સ્વરૂપ બનાવી દિવ્યસંગીતનું આયોજન કરી, નૃત્ય–નાટકની રચના કરી. રાજાએ પુરસ્કાર આપવા ઇચ્છા બતાવી, પણ અંબડે તેનો અસ્વીકાર કર્યો. લોકોએ માન્યું કે આ કોઈ સિદ્ધપુરુષ છે

રાજલદેવી ઘરે ગઈ, ત્યારે તેનાં માતાપિતાએ ધૂર્ત નટે તેને ફસાવી છે એમ ઠપકો આપ્યો. એટલે રાજલદેવીએ નટને પોતે પતિ તરીકે સ્વીકારવાની છે એવું જણાવતાં તેઓ ગુસ્સે થયાં.

પછી રાજલદેવી ચંદ્રયશાને મળવા ગઈ. તેની પાસેથી અંબડનો વૃત્તાન્ત જાણીને ચંદ્રયશાએ પણ એને પરણવાનો નિર્ણય કર્યો; અને એને પોતાના મહેલમાં મોકલી આપવા રાજલદેવીને જણાવ્યું.

રાજલદેવીએ અંબડને ચંદ્રયશાની વાત કરી. તેના આગ્રહથી અંબડ તે રાત્રે ચંદ્રયશાના મહેલમાં જઈ પહોંચ્યો. પરસ્પર પ્રેમાલાપ થયો. વિદાય વખતે રૂપપરિવર્તનકારી ચૂર્ણ ભેળવેલું પાનનું બીડું રાજકુમારીને આપીને અંબડ પોતાના આવાસે પાછો ફર્યો.

રાજકુમારી પાન ચાવતી ચાવતી સૂઈ ગઈ. સવારે દાસીઓએ ચંદ્રયશાને સ્થાને ગધેડી જોઈ. તેમણે રાજા સોમચંદ્રને બોલાવ્યો. તેણે વૈદ્યો અને મંત્રવિદો પાસે અનેક ઉપાયો કરાવ્યા. રાજલદેવીને બોલાવીને કોઈ ઉપાય હોય તો બતાવવા કહ્યું. તેની સૂચનાથી રાજાએ ઢંઢેરો પિટાવીને રાજકુમારીનું સ્વાભાવિક રૂપ કરી આપનારને અડધું રાજ્ય અને રાજકુમારી આપવાની ઘોષણા કરી. અંબડ યોગીના રૂપે રાજા સમક્ષ હાજર થયો, અને ચંદ્રયશાને સ્વસ્થ કરવાનું માથે લીધું.

[અહીં આડંબરના પ્રભાવ પર દૃષ્ટાંતકથા આપેલી છે. એ દૃષ્ટાંતકથા માટે જુઓ આ કથાકોશમાં.]

અંબડે ચંદ્રયશાને સાજી કરવા અર્થે આડંબર કરી ત્રણ દિવસ સુધી હોમ-જાપ કર્યા. પછી પેલી વાવનું જળ રાજકુમારીને પીવડાવ્યું એટલે તે ફરી નારીરૂપ થઈ ગઈ. રાજા સોમચંદ્રે પોતાનું અડધું રાજ્ય અંબડને અર્પણ કર્યું, અને રાજકુમારી ચંદ્રયશા પરણાવી. શિવે આપેલી રત્નમાળા પણ આપી. પ્રધાન વૈરોચને પણ રાજલદેવીને અંબડ જોડે પરણાવી. થોડા દિવસ રહીને અંબડે પ્રયાણ કર્યું. તે રથનૂપુર આવ્યો. તેણે ગોરખયોગિનીને રત્નમાળા અર્પણ કરી.

**૫. ચોથો આદેશ : લખી વાંદરીની પ્રાપ્તિ :** થોડા દિવસ બાદ અંબડે ગોરખયોગિની સમક્ષ જઈને ચોથા આદેશની માગણી કરી એટલે યોગિનીએ કહ્યું : મલયચંદ્ર રાજાના નવલક્ષપુરમાં રહેતા સમુદ્રના વેપારી બોહિત્થ પાસે લખી વાંદરી છે તે તું લઈ આવ.

આદેશ પ્રાપ્ત થતાં અંબડ નવલક્ષપુર તરફ ચાલી નીકળ્યો. માર્ગમાં તે સુગંધવનમાં રોકાયો. તે બકુલ વૃક્ષ નીચે આરામ કરતો હતો તે વખતે તેણે એક નવયૌવનાને ત્યાંથી પસાર થતી જોઈ. અંબડ ઊઠીને તેની પાછળપાછળ જવા લાગ્યો. તે નવયૌવના એક સરોવરમાં પ્રવેશી અદૃશ્ય થઈ ગઈ. અંબડ વ્યાકુલ બનીને તેને આમતેમ શોધતો રહ્યો.

એક દિવસ અંબડ એક વૃક્ષ નીચે બેઠો હતો, ત્યારે એક બટુકે આવીને એની સમક્ષ ફળ મૂકીને કહ્યું, 'અમરાવતીએ તમને બોલાવ્યા છે, તો મારી સાથે ચાલો.'

અંબડના પૂછવાથી પેલા બટુકે અમરાવતીનો વૃત્તાન્ત કહ્યો.

**૫.૧. અમરાવતી :** ક્ષત્રિયકુંડ નગરમાં દેવાદિત્ય રાજાને લીલાવતી વગેરે અનેક રાણીઓ હતી. એક વાર એક અણમાનીતી રાણીએ રાજાને જમવા માટે નોંતરી, કામણટૂમણ કરીને પોપટ બનાવી દીધો. આ જાણી નગરમાં હાહાકાર મચી ગયો. દેવાદિત્યના પુત્રોએ પેલી રાણીને દેશનિકાલ કરી દીધી. પોપટને રાણી લીલાવતીને સોંપ્યો. પોપટ-જીવનથી કંટાળીને રાજા આત્મહત્યા કરવા તૈયાર થયો. તે વેળા આકાશમાર્ગે જતા મહામુનિ ફૂલચંદે નીચે ઊતરી આવી મંત્રબળે રાજાને ફરી માનવ બનાવી દીધો. પછી ફૂલચંદ મુનિના ઉપદેશથી રાજારાણીએ દીક્ષા લીધી.

રાજર્ષિ દેવાદિત્ય અને અને રાણી લીલાવતી વનમાં રહી તપ કરવા લાગ્યાં. કેટલાક સમય બાદ રાણી લીલાવતી સગર્ભા હોવાનાં લક્ષણ જોઈને રાજાએ પૂછ્યું ત્યારે, 'ગર્ભ ગૃહવાસ દરમ્યાન રહેલો, દીક્ષા લેવામાં અંતરાય ન આવે તે માટે વાત છાની રાખી હતી,' એમ રાણીએ જણાવ્યું. રાજા મૌન રહ્યો. યથાસમયે સાધ્વી લીલાવતીએ એક પુત્રીને જન્મ આપ્યો. જન્મ આપીને સાધ્વી દેવલોક પામી. પુત્રીનું નામ અમરાવતી પાડ્યું. આશ્રમમાં રહીને તે વિદ્યાભ્યાસ કરી યૌવનને પામી.

અમરાવતી એક દિવસ એકલી વનમાં બેઠી હતી, ત્યારે તેને જોઈને આકાશમાર્ગે જઈ રહેલો ધનદ વિદ્યાધર એના પર મુગ્ધ થઈ નીચે ઊતરી આવ્યો અને રાજા દેવાદિત્ય પાસે એની કન્યાની માગણી કરી. વળી તેણે રાજર્ષિને ત્રણ દિવ્યરત્નો આપ્યાં. જેમનો પ્રભાવ અનુક્રમે જલ-ઉપદ્રવ, અગ્નિ-ઉપદ્રવ અને ભૂતપ્રેત-ઉપદ્રવ શાંત કરવાનો હતો. અમરાવતીએ ધનદને પોતાનો "ભાઈ" કહી પોતાની રક્ષા થાય એમ કરવાનું સૂચવ્યું એટલે ધનદે કામ-રાગ છોડીને એની પ્રત્યે ભગિનીભાવ ધારણ કર્યો. એના નિવાસ માટે એક સરોવરનું નિર્માણ કર્યું. એમાં એક રત્નજડિત મહેલ બનાવ્યો. અને તેમાં પ્રવેશ કરવા પાતાલમાર્ગ પણ કર્યો. અમરાવતીની વરપ્રાપ્તિ અંગે રાજર્ષિને પૂછતાં તેણે અવધિજ્ઞાનથી જાણીને કહ્યું કે આજથી સાતમે દિવસે બકુલવૃક્ષ પર બેઠેલો અંબડ અમરાવતીને દેખાશે અને તે એનો પતિ થશે.

બટુકે વૃત્તાન્ત પૂરો કર્યો. અંબડ એની સાથે અમરાવતીના મહેલે પહોંચ્યો. અમરાવતીએ અંબડનું સ્વાગત કર્યું. પછી દેવાદિત્યને મળવા અંબડ બટુકની પાછળપાછળ જવા લાગ્યો.

**૫.૨. માછલીથી ગ્રસાતો અંબડ :** તેઓ જલમાર્ગે જઈ રહ્યા હતા ત્યારે પાછળ રહેલા અંબડને પ્રચંડ માછલી ગળી ગઈ. એ માછલીને લઈને એક બગલો આકાશમાં ઊડ્યો. આમ ઊડતા બગલાને એક ગીધે પકડ્યો અને એ બન્નેને લઈને તે આકાશમાં ઊડ્યું.

બટુકે પાછળ ફરીને જોયું તો અંબડ દેખાયો નહીં. એની શોધ કરી પણ મળ્યો નહીં. બટુકે ત્યાંથી પાછા ફરી આ વાત અમરાવતીને કરી, એટલે તે બેભાન થઈ ઢળી પડી. દેવાદિત્યે આવા ઉપચાર કરાવી તેને ભાનમાં આણી. પછી તે રડવા લાગી. અનેક પ્રકારે સમજાવ્યા છતાં તે પોતાનું દુઃખ વીસરી શકી નહીં.

આ તરફ માછલી સહિત બગલાને લઈ જતું ગીધ એક ઝાડ પર બેઠું. એક શિકારીએ તીર મારીને તેને નીચે પાડ્યું. એટલે બગલો એના પંજામાંથી છૂટી ગયો અને તે આકાશમાં ઊડ્યો પણ એની ચાંચમાંથી માછલી નીચે પડી ગઈ. માછલી લઈ શિકારી પોતાને ઘેર ગયો.

માછલી ચીરતાં તેમાંથી એક પુરુષ નીકળ્યો. શિકારીએ ઉપચાર કરી એને ભાનમાં આણ્યો. અંબડે પોતાનો સર્વ વૃત્તાન્ત એને જણાવ્યો. શિકારીએ એને પોતાના ઘરમાં રાખ્યો. શિકારી નવલક્ષપુરનો જ હતો. અંબડ તેને ત્યાં થોભી ગયો.

**૫.૩. કુમારિકાઓનું આકાશમાર્ગે રાત્રિભ્રમણ :** શિકારીના ઘેર રહેલો અંબડ એક વાર મધરાતે શિકારીની પુત્રીને બહાર જતી જોઈ નવાઈ પામી એની પાછળપાછળ જવા લાગ્યો.

શિકારીની પુત્રી અમુક જગ્યાએ જઈ અટકી. તેણે ક્ષત્રિયપુત્રી નાગિની, વણિકપુત્રી સોહી, બ્રાહ્મણપુત્રી રામતીને બોલાવી. પછી તે ચારેય આગળ ચાલવા લાગી.

રસ્તામાં શિકારીની પુત્રીએ સમુદ્રના વેપારીને ઘેર જવાની વાત કરી, એટલે તે ચારેય બકરીનું રૂપ ધારણ કરી આગળ જવા લાગી. અંબડે બકરાનું રૂપ ધારણ કરી તે બકરીઓને ડરાવી, એટલે તે ચારેય અધવચ્ચેથી જ પોતપોતાના ઘેર પાછી ફરી. અને બીજે દિવસે મળીને પેલા બકરાની તપાસ કરવાનું નક્કી કર્યું. આ વાત પણ ગુપ્તપણે રહેલો અંબડ જાણી ગયો.

બીજી રાત્રે ફરી પાછી પેલી ચારેય સ્ત્રીઓ બકરીનું રૂપ ધારણ કરી નીકળી એટલે અંબડ પણ બોકડો બની એમની પાછળ જવા લાગ્યો. જેવી તે આગળ વધી કે અંબડે પોતાની વિદ્યા વડે તેઓને સ્થંભિત કરી દીધી, અને તેના કહેવાથી જ્યારે તેમણે તેની સાથે જઈને બોહિત્થનું ઘર બતાવ્યું, ત્યારે તેમને મુક્ત કરી.

બોહિત્થની પુત્રી રૂપિણી એક સોનેમઢ્યા ઓરડામાં વાંદરી સાથે બેઠી હતી. ચારેય બકરીઓ અને પાંચમો બકરારૂપે રહેલો અંબડ તેની પાસે પહોંચ્યા.

રૂપિણીએ પેલી ચારેય સખીઓને તેમની સાથે આવેલ બકરો અંબડ હોવાનું જણાવ્યું. રૂપિણીની વિનંતીથી અંબડ મનુષ્યરૂપે પ્રગટ થયો. પોતાનો પરિચય આપતાં તેણે કહ્યું : ગોરખયોગિનીની કૃપાએ મને અનેક વિદ્યાઓ અને સિદ્ધિઓ મળી છે. પછી અંબડે રૂપિણી પાસે રહેલી વાંદરીની માગણી કરી, એટલે રૂપિણીએ તે વાંદરીનું રહસ્ય એને જણાવ્યું. આરાધનાથી પ્રસન્ન થયેલા ચંદ્રદેવે તેને એક વાંદરી આપી. એ વાંદરી દરરોજ લાખેણાં રત્નો આપતી હતી. એ એની પાસે છે, ત્યાં સુધી કોઈ તેનો પરાભવ ન કરી શકે, પણ તેનાથી વિયોગ થશે તેવું જ તેનું મૃત્યુ થશે. તો રૂપિણીએ અંબડને પોતાની સાથે લગ્ન કરવા કહ્યું.

અંબડે રૂપિણીને લગ્ન અંગે માતાપિતાની સંમતિ મેળવવાનું કહ્યું. તેના ઉપાય તરીકે રૂપિણીની સૂચના પ્રમાણે અંબડે અજવિદ્યા પ્રાપ્ત કરીને તેના બળે નવલક્ષપુરના રાજા મલયચંદ્રને બકરો બનાવી દીધો. તે પછી બહુરૂપિણી વિદ્યા વડે તેણે ચતુરંગિણી સેના ઉત્પન્ન કરી એને રથનૂપુર નગરના રાજા તરીકે ઓળખાણ આપીને મળવા આવ્યો હોવાની જાણ કરી. મુખ્ય પ્રધાને અંબડનું સ્વાગત કર્યું. નગર સૂમસામ કેમ જણાય છે એમ પૂછતાં વિચિત્ર દૈવયોગે રાજા બકરો બની ગયાની પ્રધાને વાત કરી.

અંબડે વિદ્યાપ્રભાવથી રાજાને મનુષ્યનું રૂપ આપ્યું. બધી વાત જાણીને રાજા મલયચંદ્રે અંબડને અર્ધું રાજ્ય આપ્યું અને પોતાની પુત્રી વીરમતી પણ પરણાવી.

આ સર્વ બીના જાણી પેલા બોહિત્થે પણ રૂપિણીનું લગ્ન અંબડ સાથે કર્યું. રૂપિણીની ચાર સખીઓએ તેને અનુસરી અંબડ જોડે લગ્ન કર્યાં.

અંબડ, રૂપિણી વગેરે પત્નીઓ સહિત સુગંધવન આવ્યો. ત્યાં દેવાદિત્યની અનુમતિથી તે અમરાવતીને પરણ્યો અને પોતાના નગરે પાછો ફર્યો. ગોરખયોગિની પાસે જઈને તેણે તેને પેલી ચમત્કારી વાંદરી સોંપી. ગોરખયોગિનીએ અંબડના સાહસની પ્રસંશા કરી.

**૬. પાંચમો આદેશ : રવિચંદ્ર-દીપકની પ્રાપ્તિ :** થોડા દિવસ પછી ગોરખયોગિનીએ અંબડને પાંચમો આદેશ આપ્યો. સૌરાષ્ટ્રના દેવપત્તન નગરના દેવચંદ્ર રાજાના મંત્રી વૈરોચન પાસે જે રવિચંદ્ર–દીપક છે, તે લઈ આવ.

અંબડ સૌરાષ્ટ્ર તરફ ઊપડ્યો. રસ્તામાં એને દેવપત્તનનો બ્રાહ્મણ મળ્યો. તે સિંહપુરની રાજકુમારી રોહિણી પાસેથી પરકાયા–પ્રવેશ વિદ્યા મેળવવા નીકળ્યો હતો. રાજા સાગરચંદ્રે વનવાસ માટે જતાં પહેલાં પુત્ર સમરસિંહને રાજ્ય સોંપ્યું હતું અને પુત્રી રોહિણીને પરકાયાપ્રવેશ વિદ્યા આપી હતી. વિદ્યા એવી શરતે આપેલી કે રોહિણીએ પોતાના ભાઈ સિવાય બીજા કોઈ પુરુષનું મુખ ન જોવું અને જે પુરુષને તે પરકાયાપ્રવેશ વિદ્યા આપશે, તે તેનો પતિ થશે.

રોહિણી એકાંતવાસમાં સિંહપુરમાં રહેતી હતી. બ્રાહ્મણની પાસે મોહિની વિદ્યા હતી, જેના બદલામાં તે પરકાયાપ્રવેશની વિદ્યા રોહિણી પાસેથી મેળવવા માગતો હતો. રોહિણી કોઈ પુરુષનું મુખ જોતી ન હોવાથી કશીક યુક્તિથી તેને મળવાનું તે વિચારી રહ્યો હતો. પછી અંબડે પોતાની પાસે અક્ષય લક્ષ્મી પ્રાપ્ત કરી શકાય એવી વિદ્યા હોવાનું તેને જણાવ્યું. બન્નેએ એકબીજાની વિદ્યાનું આદાનપ્રદાન કર્યું. પછી તે બન્ને સિંહપુર પહોંચ્યા અને નગર બહારના ઉદ્યાનમાં રોકાયા.

પછી અંબડની સૂચનાથી બન્નેએ જુદા પડી અલગઅલગ માર્ગે નગરમાં પ્રવેશ કર્યો. બ્રાહ્મણ અને અંબડ પોતપોતાની રીતે રોહિણીને મેળવવાનું કાર્ય સિદ્ધ કરવાના પ્રયાસમાં પડી ગયા.

**૬.૧. તપસ્વિનીને રૂપે અંબડનો રાજકુમારી સાથે સંપર્ક :** અંબડ નગરમાં પ્રવેશ કરી તપસ્વિનીનું રૂપ ધારણ કરી ચાર રસ્તા પર જઈને બેઠો અને એણે મોહિનીવિદ્યાના પ્રભાવથી બધાને મુગ્ધ કરી દીધા. થોડા જ સમયમાં તપસ્વિની ભૂત, ભવિષ્ય અને વર્તમાન સર્વની જાણકાર છે એવી વાત સર્વત્ર પ્રસરી ગઈ.

પેલો બ્રાહ્મણ હજી રોહિણીને મેળવવામાં સફળ થયો ન હતો. તે પોતાની કાર્યસિદ્ધિ અંગે જાણવા આ તપસ્વિની પાસે આવ્યો. અંબડે તેને જણાવ્યું કે જે વિદ્યા શીખવા તું અહીં આવ્યો છે, તે વિદ્યા તને પ્રાપ્ત નહીં થાય. એ પછી અનેક પ્રયાસ કરીને બ્રાહ્મણ દેવપત્તન પાછો ફર્યો.

તપસ્વિનીના જ્યોતિષજ્ઞાનના સમાચાર રાજકુમારી રોહિણી પાસે પહોંચી ગયા. તેણે તેને રાજપ્રાસાદમાં બોલાવી. તેના રૂપથી અને ધર્મવૈરાગ્યની વાતોથી પ્રભાવિત થયેલી રોહિણીએ આગ્રહ-પૂર્વક પૂછતાં તેણે પોતાનો પૂર્વવૃત્તાન્ત કહ્યો :

તે શૌરિપુરના રાજા શૂરસેન અને રાણી જયવંતીની માણેક નામે પુત્રી હતી.

તે પાઠશાળામાં વિદ્યાભ્યાસ કરતી હતી ત્યારે મણિભદ્ર વિદ્યાધર તેનું અપહરણ કરી તેને વૈતાઢ્ય પર્વત પર લઈ ગયો. વિદ્યાધરે એને 'ગૌરી' અને 'પ્રજ્ઞપ્તિ' નામની બે વિદ્યાઓ શીખવી. પછી તે તેને પરણવા તૈયાર થયો. પણ માણેક પર આસક્ત બનેલા તેના પુત્ર ભદ્રવેગે તેનો ઘાત કર્યો. તે પછી વિદ્યાધર નગરરાજે ભદ્રવેગને મારી નાંખ્યો. પોતાને ખાતર આવી હત્યાઓ થવાથી માણેક આપઘાત કરવા એક વૃક્ષ પર ચઢીને નીચેની વાવમાં કૂદી, પણ નગરરાજે આવીને તેને બચાવી લીધી. પછી તેણે તેની સાથે લગ્ન કર્યાં. એક દિવસ નગરરાજને અન્ય સ્ત્રીમાં આસક્ત થયેલો જોઈને તેને વૈરાગ્ય આવ્યો. ગંગાકિનારે જઈ તાપસીવ્રત લીધું અને તીર્થયાત્રા કરતી તે અત્રે સિંહપુર આવી પહોંચી.

રોહિણીએ પણ પોતાનો પૂર્વવૃત્તાન્ત જણાવ્યો. પછી રોહિણીએ અત્યંત આગ્રહ કરીને તપસ્વિનીને પરકાયાપ્રવેશ વિદ્યા આપી. પોતાના ભાવિ પતિ વિશે રોહિણીએ પૂછ્યું એટલે તપસ્વિનીએ કહ્યું કે થોડા જ સમયમાં એક પુરુષ તને માલણ દ્વારા પુષ્પકંચુક મોકલશે અને એ તારો પતિ બનશે. પછી તપસ્વિની સ્વસ્થાને પાછી ફરી.

પછી અંબડ પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરી આકાશગામિની વિદ્યા વડે દેવપત્તન પહોંચ્યો. ઉદ્યાનમાં માળીને ઘેર તે ઊતર્યો. માળીના કુટુંબને મોહિની વિદ્યા વડે વશ કરી માળીની પુત્રી દેમતી જોડે લગ્ન કરી, ત્યાં સુખેથી રહેવા લાગ્યો.

એક દિવસ રામિણી માલણ ફૂલના હાર લઈને રાજદરબારમાં જઈ રહી હતી, તેને અટકાવી અંબડે બે હાર લઈ એને મંત્રિત કરી એ બે હાર અનુક્રમે રાજા દેવચંદ્ર અને પ્રધાન વૈરોચનને આપવા માલણને સૂચના આપી.

રાજા અને પ્રધાનને હાર આપીને માલણ પોતાના ઘેર પાછી ફરી. અંબડે થોડું મંત્રેલું ચૂર્ણ નગરદ્વાર પર, રાજમંદિરના દ્વાર પર તથા પ્રધાનના ઘરના દ્વાર પર છાંટી દીધું. મંત્રપ્રભાવે બધાં દ્વાર ધ્રૂજવા લાગ્યાં. ભૂતપ્રેતના કોપનું આ પરિણામ હોવાનું સમજી ભયભીત બનેલા લોકો રાજા પાસે પહોંચ્યા. ત્યાં તેમણે (મંત્રિત પુષ્પહારના પ્રભાવે) રાજા અને પ્રધાનને મૂર્છિત પડેલા જોયા. રાજવૈદ્યને બોલાવી અનેક ઉપચાર કરવા છતાં તેઓ ભાનમાં ન આવ્યા.

બીજે દિવસે બન્નેને ભાન આવ્યું ત્યારે તેઓ શિયાળની જેમ લાળી કરવા લાગ્યા. રાજા અને પ્રધાનની સ્થિતિ દિવસે દિવસે બગડતી ચાલી. તેઓ ક્યારેક નાગા બનીને નાચવા લાગતા, ક્યારેક કપડાં ફાડતા, ક્યારેક કાદવમાં આળોટતા, તો ક્યારેક એકબીજાને ભેટીને રુદન કરતા. નગરમાં હાહાકાર મચી ગયો. પછી માલણ પાસેથી જાણીને લોકોએ અંબડને આપત્તિ દૂર કરવા વીનવ્યો. અંબડે દેવપત્તનનું અર્ધું રાજ્ય, રાજકુમારી સાથે લગ્ન અને વૈરોચનનો રવિચંદ્ર–દીપક એટલું આપવાની શરતે, થોડોક આડંબર કરીને પોતાના વિદ્યાબળે રાજા અને પ્રધાનને સ્વસ્થ કરી દીધા. તેમણે બધી શરતો પૂરી કરી. પ્રધાને પોતાની પુત્રી કર્પૂરમંજરીનું લગ્ન પણ અંબડ સાથે કરાવી દીધું.

પછી પોતાની ત્રણે પત્નીઓ અને રવિચંદ્ર–દીપક લઈને અંબડ સિંહપુર આવી પહોંચ્યો.

ત્યાં અંબડે એક સ્ત્રીને બાળકના શબની પાસે બેસી કરુણ વિલાપ કરતી જોઈ. તે સિંહપુરના ઉદ્યાનરક્ષકની પરિણીત પુત્રી હતી. એક દિવસ તે પિયર આવી ત્યારે એની પાછળ જ એનો પુત્ર મરી ગયો. પુત્રમરણથી દુઃખી તે પોતાના પુત્ર સાથે બળી મરવા માગતી હતી. તેને આશ્વાસન આપવા અંબડે સંસારની નશ્વરતા અને જન્મમરણની અનિવાર્યતા અંગે નટવીની દૃષ્ટાંત-કથા કહી. (એ દૃષ્ટાંતકથા માટે જુઓ આ કથાકોશમાં **નટવીની દૃષ્ટાંતકથા**). પછી ઉદ્યાનરક્ષકની પુત્રીના આશ્વાસન ખાતર અંબડે પરકાયાપ્રવેશ વિદ્યાના બળે મૃતપુત્રમાં પ્રવેશ કરી થોડી વાર માટે એને સજીવન કર્યો. તેની માતાએ તેની સાથે વાતચીત કરી. ત્યાર પછી અંબડે એના શરીરમાંથી પોતાનો આત્મા કાઢી લીધો. પુત્ર ફરી શબરૂપ બની ગયો. બન્નેએ મળીને બાળકનો અંતિમસંસ્કાર કર્યો. અંબડ તે પછી ઉદ્યાન-રક્ષકની પુત્રી સાથે તેને ઘેર આવ્યો.

[અહીં સંઘરેલી વસ્તુની ઉપયોગિતા ઉપર દૃષ્ટાંતકથા આપેલી છે. એ દૃષ્ટાંતકથા માટે જુઓ કથાકોશમાં **સંઘર્યો સાપ પણ કામનો**.]

માલણે અંબડનો વિશેષ સત્કાર કર્યો. રાજકુમારી રોહિણીએ, અંબડે બાળકને સજીવન કર્યાની વાત માલણ પાસેથી જાણી.

બીજે દિવસે અંબડે ફૂલની કંચુકી બનાવી તે માલણ સાથે રાજકુમારી રોહિણીને મોકલાવી. પુષ્પકંચુક મળતાં જ રોહિણીને તપસ્વિનીની વાત યાદ આવી અને તે વાત પોતાના ભાઈ અમરસિંહને જણાવી. એણે રોહિણીના કહેવાથી એનાં લગ્ન અંબડ સાથે કર્યાં.

પછી અંબડે (રથનૂપુર) આવીને ગોરખયોગિનીને રવિચંદ્ર-દીપક સમર્પિત કર્યો.

**૭. છઠ્ઠો આદેશ : સર્વાર્થસિદ્ધિ દંડની પ્રાપ્તિ :** થોડા દવસ બાદ અંબડે ગોરખયોગિની પાસે છઠ્ઠો આદેશ મેળવ્યો : સૌવીર દેશના સિંધુ પર્વતની તળેટીમાં આવેલ કૂર્મકરોડી નગરમાં રહેલા સોમેશ્વર બ્રાહ્મણ પાસે 'સર્વાર્થસિદ્ધિ દંડ' છે તે લઈ આવ.

આદેશ મેળવી કૂર્મકરોડી નગરે જતાં માર્ગમાં એક સ્થળે અંબડે કેળનાં પત્રથી ઢંકાયેલી ઝૂંપડી જળ પર તરતી જોઈ. ઝૂંપડીની પાછળ એના રખેવાળ જેવો એક યોગી બેઠો હતો. તેની પાસે એક હરણી સોનાની સાંકળથી બાંધેલી હતી. યોગી એ હરણીને પોતાના વસ્ત્ર વડે પવન નાંખતો હતો.

અંબડ ઝૂંપડીમાં પ્રવેશ્યો. હરણી પાસે એક રાતી અને એક શ્વેત સોટી પડી હતી. તેણે રાતી સોટી હરણીને અડાડી, એટલે તે હરણી સુંદર તરુણી બની ગઈ. સુંદરીએ પોતાનો વૃત્તાન્ત આ પ્રમાણે કહ્યો :

**૭.૧ કપટી સિદ્ધ : રાજાનો બલિ દઈ સિદ્ધ કરેલો સુવર્ણપુરુષ :** અંગદેશના ભોજકટક નગરના રાજા વૈરસિંહની પુત્રી રત્નવતી. એક યોગી તેને જોઈને મોહી પડ્યો.

પોતાનો પ્રભાવ જમાવવા તે એક દિવસ વૈરસિંહની રાજ-સભામાં આવ્યો. તેણે વિદ્યાબળે ત્યાં એક કેળનું વૃક્ષ પ્રગટ કર્યું. એને ચીરીને એમાંથી એક નવયૌવના સુંદરી પ્રગટ કરી. યોગીએ તેને મણિવેગ વિદ્યાધરની પુત્રી રત્નમાલા તરીકે ઓળખાવી અને તેને તે, રાજા વૈરસિંહની જોડે પરણાવવા જ લાવ્યો હોવાનું જણાવ્યું.

પછી યોગીએ રાજા વૈરસિંહને પોતાની મહાન સાધનાના ઉત્તરસાધક તરીકે પોતાની પુત્રી રત્નવતી સાથે આવવા જણાવ્યું. રાજાએ એનો સ્વીકાર કર્યો. અને તે વેળા રાજાએ આપેલ વચન અનુસાર તે યોગિની સાથે આઠમની રાત્રે તેના ઉત્તરસાધક તરીકે નદીકાંઠે ગયો. રાજકુમારીને પણ પોતે વચનબદ્ધ હોવાથી, મંત્રીની સલાહ અવગણીને રાજા પોતાની સાથે લઈ ગયો.

નદીકાંઠેના પર્વતની ગુફામાં અગ્નિકુંડની પાસે રાજા અને રત્નવતીને બેસાડીને યોગી યજ્ઞ કરવા લાગ્યો. યજ્ઞ પૂર્ણ થતાં તે બન્નેને ઝૂંપડીમાં લઈ ગયો.

**(ક) બે ચમત્કારી સોટી :** ત્યાં તેણે રત્નવતીને મંત્રેલી સફેદ સોટી ફટકારીને હરણી બનાવી દીધી અને સોનાની સાંકળથી બાંધી દીધી. યોગી રાજાને લઈને ફરી અગ્નિકુંડ પાસે આવ્યો. તેણે રાજા પાસે ત્રણ ગુટિકા કુંડમાં નખાવી અને છેલ્લે રાજાને અગ્નિકુંડમાં નાંખી દીધો એટલે તે સુવર્ણપુરુષ બની ગયો. તેને, હરણીને અને ઝૂંપડીને સાથે લઈને તે નદીકિનારે આવ્યો. ઝૂંપડીને પાણી પર તરતી રાખીને તે રહેતો હતો. આ પછી રત્નવતીએ 'કર્મની ગતિ' પર આહિરાણીનું દૃષ્ટાંત કહ્યું.

**૭.૨ કર્મની ન્યારી ગતિ પર આહિરાણીનું દૃષ્ટાંત :** લક્ષ્મીપુર નગર. રાજા શ્રીચંદ. એકવાર તે ઘોડા પર પસાર થતો હતો ત્યારે એક છાશ વેચનારી આહિરાણી એના ઘોડાને નજીક આવેલો જોઈને ગભરાઈ ગઈ. એટલે એના માથા પર રહેલી માટલી પડી ગઈ અને ફૂટી ગઈ. છાશ ઢોળાઈ ગઈ. આ જોઈ તે હસી. એટલે રાજાએ એને પૂછતાં તેણે પોતાનો વૃત્તાન્ત આ પ્રમાણે કહ્યો :

ધનદપુરીમાં એક વણિકની વહુ પુત્રને જન્મ આપ્યા પછી ગર્વિષ્ટ બની ગઈ. એક દિવસે આ ગર્વના તોરમાં પુત્રને પતિ પાસે મૂકી પિયર ચાલી ગઈ. સાસરિયાં એને તેડવા ગયાં, છતાં તે સાસરે ન ગઈ.

એક વર્ષ બાદ એનો પતિ તેડવા આવ્યો, એટલે માબાપની સમજાવટથી પતિ સાથે રથમાં બેસી સાસરે જવા નીકળી. રથ પોતાના નગરની સમીપ આવતાં, તેડવા મોકલવાનું કહી વણિકવધૂનો પતિ રથ એક વડ હેઠળ ઊભો રાખી, પત્નીને મૂકી પોતાના ઘેર ગયો. એટલામાં ત્યાંથી એક રાજાનું લશ્કર પસાર થયું. રાજા વડ હેઠળ રથમાં બેઠેલી વણિકવધૂને જોઈ મોહ પામ્યો અને તેને ઉપાડીને પાલખીમાં બેસાડી, લશ્કર સહિત જલદીથી રવાના થઈ ગયો. આ પછી પેલી સ્ત્રીનો દિયર એને તેડવા નગર બહાર આવ્યો. પણ ત્યાં તો ન મળે રથ, કે ન મળે સ્ત્રી! એટલે તે પાછો ફર્યો. પેલી સ્ત્રીનો પતિ પોતે આવ્યો. તપાસ કરી પણ પત્નીનો પત્તો ન મળ્યો. પેલા રાજાએ વણિકવધૂને પોતાની પટ્ટરાણી બનાવી.

યોગીવેશે ભમતો પતિ એક દિવસ ભિક્ષા અર્થે પેલા રાજાના મહેલે આવી પહોંચ્યો. ગોખે બેઠેલી સ્ત્રીએ પતિને ઓળખી કાઢ્યો. દાસી મારફતે યોગીને બોલાવીને પૂછતાં પતિ પણ પત્નીને ઓળખી ગયો. પત્નીએ પોતે પરવશ હોઈ એની સાથે આવી શકતી નથી, પણ તે રાજાને મારીને નગર બહાર આવેલા દેવપ્રાસાદમાં એને મળશે, એવો સંકેત આપ્યો. પછી સૂચના પ્રમાણે પતિ મંદિરમાં રહ્યો. રાત્રે લાગ મળતાં રાજાને મારી વણિકવધૂ નગર બહાર દેવપ્રાસાદમાં આવી. સૂતેલા

પતિને જગાડવા પ્રયત્ન કર્યો. પણ તે ઊઠયો નહિ. પતિને મરેલો જાણી તે વેશપલટો કરી ત્યાંથી ચાલી નીકળી. તે સોનપુરી આવી ત્યાં ગણિકા તરીકે રહી. એક દિવસ એક નર સાથે ભોગ ભોગવ્યા પછી આલિંગન આપતાં, તેના સ્તનમાં દૂધ ઉભરાઈ આવ્યું. પેલા નરને પૂછતાં જાણવા મળ્યું કે તે એનો પોતાનો જ પુત્ર છે. આ જાણી વૈરાગ્ય ઉત્પન્ન થતાં, તે નદીકિનારે આવી, ત્યાં ચિતા ખડકી બળી મરવા તૈયાર થઈ. એટલામાં નદીમાં પૂર આવ્યું અને તે તણાઈ ગઈ અને આહીરના નેસ પાસે આવી પડી. આહીર લોકોએ એને પાણીમાંથી કાઢી. એક આહીરે એને પત્ની તરીકે રાખી. તે છાશ વેચવા નીકળી હતી અને ફરતીફરતી નગરમાં આવી ચઢી. એની છાશ ઢોળાઈ ગઈ ત્યારે તે રડવાને બદલે કર્મની કેવી ગતિ છે, એનો વિચાર કરી ખડખડાટ હસી.

**[ દૃષ્ટાંત સમાપ્ત ]**

આ સાંભળી શ્રીચંદ રાજા પણ કર્મની ગતિનો વિચાર કરવા લાગ્યો.

આ પછી અંબડે રત્નવતીને ત્યાં ઝૂંપડીમાં પડેલાં રત્ન-કુંડળોનું રહસ્ય પૂછયું. રત્નાવલીએ ખુલાસો કર્યો : આરાધનાથી પ્રસન્ન થઈને કાલિકાદેવીએ બે કુંડલો યોગીને આપ્યાં હતાં. એક કુંડલને આકાશમાં ફેંકવામાં આવે તો તે એક વર્ષ સુધી ચંદ્રપ્રકાશ આપે અને તે જ રીતે બીજું કુંડલ સૂર્યપ્રકાશ આપે.

પછી અંબડે પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કર્યું. અંબડનું દિવ્ય સ્વરૂપ જોઈને રત્નવતીએ તેની સાથે ગાંધર્વવિવાહ કર્યો.

અંબડ રત્નવતીને લઈને આકાશમાર્ગે ભોજકટક નગરે પહોંચ્યો. તે વેળાએ શત્રુઓએ તે નગરને ઘેરી લીધું હતું. અંબડે વિદ્યાબળે શત્રુઓને નસાડયા. સમરસિંહે બહેન–બનેવીનું સ્વાગત કર્યું.

**૭.૩ અંબડને સારથિ બનાવી કુમારિકાઓનું પાતાલગમન :** તે પછી એક દિવસ રાત્રે રત્નવતીને સૂતી મૂકીને અંબડ આકાશમાર્ગે કૂર્મકરોડી નગર પહોંચ્યો અને કામદેવ યક્ષના મંદિરમાં જઈ રહ્યો. મધરાત્રે એક યુવતી મંદિરમાં આવી. ત્યાં રહેલી ત્રણ પૂતળીઓની પાસે જઈને તે ઊભી રહી, એટલે તે ત્રણેય સજીવન થઈ ગઈ. તે પછી તે ચારેય જણીએ નૃત્ય કર્યું. અંબડ તેમની પાસે પ્રકટ થયો અને પોતાને એક પ્રવાસી તરીકે ઓળખાવ્યો. મંદિરમાં આવેલી યુવતી રાજ-પુરોહિત સોમેશ્વરની પુત્રી ચંદ્રકાન્તા હતી. તેના કહેવાથી તેઓ તેમની સખી વાસવદત્તાને મળવા પાતાલ જવા નીકળી. અંબડને પણ સાથે લીધો. નગર બહાર એક રમકડાંનો રથ પડેલો હતો. યુવતીઓ એમાં બેસી ગઈ. સારથિ તરીકે અંબડને રથમાં બેસાડયો. મંત્ર ભણતાં રથ ચાલવા લાગ્યો. પણ અંબડે અધવચ્ચે જ તે રથને પોતાની વિદ્યાથી સ્થગિત કર્યો. મંત્રબળે રથ ચલાવવાની વિદ્યા યુવતી પાસેથી મેળવ્યા પછી જ અંબડે રથને આગળ ચાલવા દીધો. પાતાળમાં પહોંચતા, વાસવદત્તાએ બધાંનું સ્વાગત કર્યું. અંબડને નવા સારથિ તરીકે ઓળખા-વવામાં આવ્યો. એ પછી અંબડ સહિત યુવતીઓ તેમની સખી નાગશ્રીને ઘેર ગઈ. ત્યાં જે પાનબીડાં ખાવા માટે આપ્યાં, તેમાં અંબડે છૂપી રીતે ચૂર્ણ ભેળવી દીધું. જેથી બીડાં ચાવતાં જ નાગશ્રી ગધેડી બની ગઈ. પછી અંબડે ચારેય સખીઓને શ્વેત સોટી અડાડી, એટલે તે હરણી થઈ ગઈ.

એ પછી અંબડ કૂર્મકરોડી નગર પાછો આવ્યો. ચારેય હરિણીઓ પણ ગમે તેમ કરી પાતાલમાંથી નીકળી કૂર્મકરોડી નગર આવી અને તે કામદેવ યક્ષના મંદિરમાં રહી. હરિણી રૂપમાં ચંદ્રકાન્તા પોતાને ઘેર આવી. નગરમાં પુરોહિતપુત્રી હરિણી બની ગયાની વાત સર્વત્ર ફેલાઈ ગઈ. વાત સાંભળીને રાજા રાજપુરોહિતના ઘેર જવા નીકળ્યો. રસ્તામાં એણે બળદ વિનાના રથમાં બેઠેલા અંબડને જોયો. રાજાને થયું આ કોઈ ચમત્કારી પુરુષ છે. તે અંબડને સાથે લઈને રાજપુરોહિતના ઘેર પહોંચ્યો. અંબડે રાજપુરોહિતની પાસેનો સર્વાર્થસિદ્ધિ દંડ આપવાની શરતે રાતી સોટી અડાડીને ચંદ્રકાન્તાને માણસ બનાવી. તેની સખીઓને પણ મૂળ રૂપમાં લાવી દીધી. રાજ-પુરોહિતે પોતાની પુત્રી અંબડ જોડે પરણાવી અને સર્વાર્થસિદ્ધિ દંડ આપ્યો. પેલી કન્યાઓ પણ અંબડને પરણાવવામાં આવી. રાજાએ પણ પોતાની પુત્રી અંબડ સાથે પરણાવી. પછી પાતાલમાં જઈને અંબડે નાગશ્રીને વાવનું ચમત્કારી પાણી પાઈને મનુષ્યરૂપમાં લાવી દીધી.

પછી અંબડ કૂર્મકરોડી નગર આવ્યો. ત્યાંથી ભોજકટક આવી રત્નવતીને લઈને રથનૂપુર આવ્યો અને ગોરખયોગિનીને સર્વાર્થસિદ્ધિ દંડ સમર્પિત કર્યો.

### ૮. સાતમો આદેશ : સોપારકનગરના રાજાના મુકુટ-માંથી પછેડાની પ્રાપ્તિ :

થોડા દિવસ પછી અંબડ ગોરખયોગિની પાસે ગયો અને સાતમો આદેશ મેળવ્યો. દક્ષિણ દિશામાં આવેલા સોપારક નગરમાં ચંડીશ્વર રાજાના મુગટમાં રહેલો 'પછેડો' લઈ આવવાનો.

અંબડ સોપારક નગર પહોંચ્યો. એક બગીચામાંથી તે ફળ તોડવા જતો હતો, ત્યારે તેને અટકાવીને એક વાનર મનુષ્ય-વાણીમાં બોલ્યો : 'પહેલાં તું અહીંથી દક્ષિણમાં તંબુગિરિ પર્વત પર આવેલ આંબાના વૃક્ષનું ફળ લઈ આવ. એ ફળ ભૂખ–તરસનું શામક છે, તે પછી તું આ ફળ તોડજે.'

અંબડ તે સ્થળે પહોંચ્યો. જેવો તે ફળ લેવા આંબા પર ચઢયો કે તે ઝાડ આકાશમાં ઊડયું અને એક વનમાં જઈને અટકયું. સમીપમાં અંબડે એક અગ્નિકુંડ જોયો, જેમાંથી અનેક સ્ત્રીપુરુષો આવતાંજતાં હતાં અને ચાલતાં નાટારંભના નાદ સંભળાતાં હતા. ત્યાં એક પુરુષ આવ્યો. અંબડને તેણે જણાવ્યું તે પ્રમાણે તે લક્ષ્મીપુરનો હંસ રાજા હતો. તે જ વાનર અને આંબાના વૃક્ષનું રૂપ ધારણ કરીને અંબડને લઈ આવ્યો હતો. અંબડને ત્યાં લાવવાનું કામ વિદ્યાધરે સોંપ્યું હતું, એટલું કહીને તેણે વિદ્યાધરોનો વૃત્તાન્ત કહ્યો :

**૮.૧ વિદ્યાધરોનો વૃત્તાન્ત : ધરણેંદ્ર વડે પાતાલ નગરસ્થાપન અને વિદ્યાધરોને આદેશ : પુરુષની સગર્ભતા :** સુંદરપુરમાં શિવંકર રાજા અપુત્રક. પુત્ર મેળવવા અનેક ઉપાય કર્યા પણ નિષ્ફળતા સાંપડી. વિશ્વદીપક નામના તાપસે સુંદરપુરના અપુત્ર રાજા શિવંકરને પુત્રપ્રાપ્તિ અર્થે એક ફળ આપ્યું. તે પતિ-પત્ની બન્નેએ ખાવાનું હોવા છતાં શિવંકરે એકલાએ જ ખાધું. પરિણામે એને ગર્ભ રહ્યો. સાતમે માસે એને પેટમાં અત્યંત પીડા થવા લાગી. અનેક ઉપાય કર્યા પણ તે નિષ્ફળ નીવડયા. આ અસંભવિત વાતનો ઉપાય વિદ્યાધરો અંદરોઅંદર વિચારવા લાગ્યા.

[અહીં અસંભવિત લાગતું સંભવિત હોવા પર નીચેનું દૃષ્ટાંત આપેલું છે.]

**૮.૨ અ. અસંભવિત લાગતું સંભવિત હોવા પર ધનપાલ વણિકનું દૃષ્ટાંત :** મણિચંદ્રા નગરીમાં કનકકેતુ રાજા, રાણી પ્રેમાવતી, વિમલબુદ્ધિ મંત્રી. શ્રીપાલ વણિકનો પુત્ર ધનપાલ સમુદ્રયાત્રાએ નીકળ્યો. માર્ગમાં એક બેટ આવ્યો એટલે તે બેટના પર્વત પાસે પાણી ભરવા વહાણ થોભાવ્યું. ત્યાં સમુદ્રમાં કૌતુક જોયું. બાવન હાથની શિલા પાણી પર તરતી હતી. ધનપાલે પિતાને આ યાદ રાખવા જણાવ્યું. પછી તેઓ મણિચંદ્રા પાછા આવ્યા. ધનપાલે રાજસભામાં બાવન હાથવાળી શિલાની વાત કરી. કોઈ માનવા તૈયાર નહીં. શ્રીપાલને સાક્ષી આપવા બોલાવતાં, એણે પુત્ર સમજણ વગરની વાત કહે છે એમ જણાવ્યું.

એકવાર શ્રીપાલ અને ધનપાલ વાનરદ્વીપના શૂન્ય નગરમાં જઈ ચડયા. એક મંદિરના પૂજારીને પૂછતાં જાણવા મળ્યું કે ત્યાં હનુમાનનું રાજ્ય છે અને તે પોતાના કુટુંબ સહિત જનસમુદાયને લઈ રમવા જાય છે અને રથના રથ ભરીને ફૂલો અહીં લાવીને શિવની પૂજા કરે છે. પૂજારીએ તે આવે તે પહેલાં તેઓને ચાલ્યા જવાની સૂચના કરી, નહીં તો તે એને મારશે એમ કહ્યું. પછી તેણે ધનપાલને એક ફૂલના ઢગલામાં સંતાડી દીધો. એટલામાં રાજા આવ્યો. પૂજારીએ ધનપાલને રજૂ કર્યો. રાજાએ તેનો સત્કાર કર્યો. ધનપાલે વાનરરાજાને પોતાને ત્યાં આવવા વિનંતી કરી. તે એણે કબૂલ્યું અને તે બન્ને મણિચંદ્રા આવ્યા.

ધનપાલે પરદેશમાં બેટમાં રહેલા વાનરદ્વીપ અને તેના રાજાની વાત રાજસભામાં કરી પણ, કોઈ માનવા તૈયાર ન થયા. ધનપાલની વિનંતીથી વાનર રાજા અને એનો વિપ્રપ્રધાન ત્યાં હાજર થયા અને પેલી તરતી શિલા અંગેની સાક્ષી પૂરી. પછી વાનરરાજા કનકકેતુ રાજાની આજ્ઞા લઈ પાછા ગયા.

**[ દૃષ્ટાંત સમાપ્ત ]**

એક વિદ્યાધરની સલાહથી શિવંકરના નાનાભાઈ શુભંકરે ધરણેન્દ્રની આરાધના કરી. ધરણેન્દ્રે શિવંકરની પીડા શમાવી. નવ માસે શિવંકર પુત્રને જન્મ આપી મૃત્યુ પામ્યો. એ પુત્રને ચૂડામણિ નામ આપીને ધરણેંદ્રે સુંદરપુરનો રાજા સ્થાપ્યો અને તેને ચંદ્રકાન્ત મણિનું સિંહાસન ભેટ આપ્યું. ધરણેન્દ્રે પાતાલ નગરની સ્થાપના કરી. અગ્નિકુંડમાં થઈને ત્યાં પહોંચવાનો માર્ગ બનાવ્યો. સુંદરપુરમાંથી લોકો ત્યાં જઈ વસ્યા. ત્યાં પાર્શ્વનાથનું જિનાલય બનાવ્યું. પાંચ પર્વતિથિએ બધા વિદ્યાધરોને પાર્શ્વનાથની પૂજા કરવાનો આદેશ દીધો. તેમ ન કરનારની વિદ્યા લુપ્ત થશે અને તે કોઢિયો થઈ જશે એવી ચેતવણી આપી.

**[ વિદ્યાધરોનો વૃત્તાંત સમાપ્ત ]**

હંસ રાજાએ વાત પૂરી કરતાં જણાવ્યું કે અહીં આજે પૂજા-ઉત્સવ ચાલી રહ્યો છે. અંબડે તે જોવાની ઇચ્છા દર્શાવી. રાજા હંસ અને અંબડ અગ્નિકુંડમાં થઈને જિનપ્રાસાદમાં ગયા અને પાર્શ્વનાથની સ્તુતિ કરી.

પછી અંબડે હંસ રાજાને પોતાને આ પ્રમાણે લઈ આવવાનું કારણ પૂછતાં તેણે કહ્યું : 'ચૂડામણિ રાજાએ પાર્શ્વનાથની પૂજા કર્યા વિના એકવાર ભોજન કર્યું, તેથી તેને કોઢ થયો છે.'

રાણી અનશન કરી જાપ જપવા બેસી ગઈ. તેને એકવીશ ઉપવાસ થયા. ત્યારે ધરણેન્દ્રે સ્વપ્નમાં આવી રાણીને જણાવ્યું કે, સોપારક નગર આવી પહોંચેલ અંબડ નામના વીરને અહીં લઈ આવ. તે રાજાને દુઃખમુક્ત કરી શકશે. તે અનુસાર હંસ અંબડને અહીં લાવ્યો હતો. અંબડે પાર્શ્વનાથના મંદિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવી મંત્રિતજલ રાજાને પાયું એટલે રાજા રોગમુક્ત થયો. રાણીએ પારણું કર્યું.

રાજકુમારી મંદનમંજરીને અંબડ સાથે પરણાવી અને ચંદ્રકાન્તમણિ જડેલું સિંહાસન તેને ભેટ આપ્યું. અંબડ વિદ્યાધરો પાસેથી અનેક વિદ્યાઓ શીખ્યો. મંદનમંજરીને લઈને અંબડ સોપારક નગર પાછો ફર્યો.

અંબડ યોગીનો વેશ ધારણ કરી નગરીમાં ગયો અને અનેક ચમત્કારો કરીને તેણે લોકોને ચમકાવી દીધા, પણ તે રાજાના **મહેલમાં પ્રવેશી** શક્યો નહીં.

એકવાર વસંત ઋતુ આવતાં રાજકુમારી સુરસુંદરી ક્રીડા અર્થે વનમાં આવી. અંબડે રાજકુમારીને મોહિનીવિદ્યા વડે મોહિત કરી દીધી. તે મુગ્ધભાવે યોગીવેશધારી અંબડની પાસે બેસી ગઈ. અંબડે રાજકુમારીને બંગાલ, કલિંગ, કૌશલ વગેરે અનેક દેશોની રસિક વાતો સંભળાવી. રાજકુમારી અંબડની પાછળ ને પાછળ જવા લાગી. સખીઓએ વારવા છતાં તે રોકાઈ નહીં. યોગીને પકડવા સેના મોકલી. અંબડે મોહિની-વિદ્યાનો પ્રયોગ કરી બધાને પોતાની આસપાસ બેસાડી દીધાં. સેનાપતિને પણ વિકરાળ રૂપ ધારણ કરીને અંબડે ભગાડ્યો.

પછી રાજા જાતે આવીને બાણપ્રહાર કરવા લાગ્યો, પણ **વિદ્યાપ્રભાવે એક** પણ બાણ યોગીને વાગ્યું નહીં. પછી અંબડે **સૈન્ય** સહિત રાજાને સ્થંભિત કરી દઈને તેના મુકુટમાંથી 'પછેડો' કાઢી લીધો, અને પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું. સુરસુંદરીની વિનંતીથી તેણે રાજાને અને સુભટોને મુક્ત કર્યા. પછી રાજાએ સુરસુંદરીનું લગ્ન અંબડ જોડે કર્યું.

અંબડ સુરસુંદરી અને મદનમંજરી સહિત રથનૂપુર પાછો ફર્યો અને ગોરખયોગિનીને 'પછેડો' સમર્પિત કર્યો.

આ રીતે અંબડે ગોરખયોગિનીએ આપેલા સાતેય આદેશ પૂર્ણ કર્યા.

એ પછી અંબડ પોતાની બત્રીસ રાણીઓ સાથે સુખપૂર્વક રહેવા લાગ્યો.

**૯. ઉપસંહાર : વિક્રમાદિત્ય રાજાના સિંહાસનની પ્રાપ્તિ:**

આ રીતે પોતાના પિતાનો વૃત્તાન્ત પૂરો કરી કુરબકે વાત આગળ ચલાવી.

કુરબક જ્યારે આઠ વર્ષનો હતો ત્યારે એના પિતા અંબડને ગોરખયોગિનીએ ધ્યાનકુંડલિકા નીચે રહેલ હરિચંદ્ર રાજાનો ભંડાર દેખાડ્યો. અગ્નિવૈતાલ એનું રક્ષણ કરતો હતો. અગ્નિવૈતાલે ગોરખયોગિનીની ઉપસ્થિતિમાં જ તે અંબડને સોંપ્યો. અંબડે વૈતાલને ચંદ્રકાન્તમણિનું સિંહાસન ભેટ આપ્યું. સુવર્ણપુરુષને પણ તે ભંડારમાં મૂકવામાં આવ્યો.

કાલક્રમે યોગિની સ્વર્ગે ગઈ. અંબડ એના વિયોગમાં શોકમગ્ન રહેવા લાગ્યો.

કેશી ગણધરના ઉપદેશથી અંબડે શ્રાવકધર્મ સ્વીકાર્યો.

એકવાર મહાવીર ભગવાન વિશાલા નગરીમાં પધાર્યા ત્યારે અંબડ એમનાં દર્શને ગયો.

**૯.૧ સુલસાની સ્વધર્મનિષ્ઠાની કસોટી :** મહાવીરે સુલસા સતીની ધર્મનિષ્ઠાની પ્રશંસા કરી. અંબડ સુલસાના સમ્યક્ત્વની પરીક્ષા કરવા રાજગૃહ નગર ગયો. તેણે નગરની સમીપના ઉદ્યાનમાં રહી વારાફરતી બ્રહ્મા, વિષ્ણુ અને શંકરનું રૂપ ધર્યું. નગરજનો તેનાં દર્શનાર્થે આવ્યા, પણ સુલસા ન આવી. એ પછી અંબડે તીર્થંકરનું રૂપ ધરીને સમવસરણની રચના કરી, પણ જિનવચન પ્રમાણે ચોવીસ જ તીર્થંકર થાય, પચીસમા નહીં, એવું જાણતી સુલસા દર્શન કરવા ન આવી.

સુલસાને ત્યાં ભિક્ષા લેવા ગયેલા અંબડે દાસી પાસેથી ભિક્ષા લેવાની ના પાડી. સુલસા પૂજામાં બેઠી હોવાથી ભિક્ષા આપવા નહીં આવે એવું જાણી તપસ્વીએ દાસી પર મુષ્ટિ-પ્રહાર કર્યો, એટલે તે તત્કાલ નવયૌવના સુંદરી બની ગઈ. તેણે એ વાત સ્વામિનીને જણાવી, આવા મહાન યોગીને મળવા જવા જણાવ્યું. પણ સુલસા મળવા ન આવી.

પછી અંબડ શ્રાવકના રૂપે સુલસા પાસે ગયો. ભગવાન મહાવીરે એના સમ્યક્ત્વની પ્રશંસા કરી, તેથી એની પરીક્ષા માટે જ પોતે આ બધો પ્રપંચ કર્યો હોવાનું જણાવ્યું અને ક્ષમા માગી.

પછી એકવાર વૈરાગ્ય ઊપજતાં અંબડ, રાજકાર્ય પોતાના પુત્રને સોંપી સર્વસ્વનો ત્યાગ કરી, બાર વ્રતનું પાલન કરવા લાગ્યો અને અંતે આરાધનાપૂર્વક અનશન કરી સમાધિપૂર્વક પ્રાણ છોડી તે દેવલોક ગયો.

**૯.૨ ભોજ રાજાને સિંહાસનપ્રાપ્તિ :** અંબડના પુત્ર કુરબક પાસે વિશાળ રાજ્ય આવ્યું, પણ તેનું રાજ્ય શત્રુઓએ જીતી લીધું અને તે નિર્ધન થઈ ગયો. જીવનનિર્વાહનું કોઈ સાધન ન રહ્યું એટલે તેણે ગોરખયોગિનીની ધ્યાનકુંડિલિકાની નીચે રહેલો ભંડાર ખોદી કાઢવાનો વિચાર કર્યો. જ્યારે કુરબક ધ્યાનકુંડિલિકા પાસે ગયો, ત્યારે એની માતા ચંદ્રાવલીએ પ્રગટ થઈ કહ્યું કે મારા સહિત બત્રીસેય રાણીઓ મરીને વ્યંતરીઓ થઈ છે અને અમો અંબડના રાજસિંહાસનનું બત્રીસ પૂતળીઓના રૂપમાં રક્ષણ કરીએ છીએ. વળી એણે કુરબકને કહ્યું કે તે ધનભંડાર તારા ભાગ્યમાં નથી. માટે તારે તે મેળવવા પ્રયત્ન ન કરવો. આથી કુરબક ત્યાંથી પાછો ફર્યો. પછી તે કોઈ ભાગ્યશાળી અને પરાક્રમી એ ધનભંડાર મેળવે એવું વિચારીને રાજા વિક્રમ પાસે આવ્યો.

વિક્રમ કુરબક સહિત અન્યને સાથે લઈને ધ્યાનકુંડિલિકા નીચે રહેલો ભંડાર કાઢવા આવ્યો, એટલે કોઈ ગેબી અવાજ સંભળાયો : ભંડાર તને નહીં મળે. ઉજ્જયિનીમાં વિક્રમા-દિત્યના નામે રાજા થશે તેને આ ધનભંડાર અને સિંહાસન પણ મળશે. એટલે વિક્રમસિંહ રાજા ત્યાંથી પાછો ફર્યો. તેણે કુરબકના જીવનનિર્વાહની વ્યવસ્થા કરી.

કાલક્રમે ઉજ્જયિનીમાં વિક્રમાદિત્યનો જન્મ થયો. એણે અગ્નિવૈતાલને વશ કર્યો. વૈતાલે રાજાને અંબહતું દિવ્ય સિંહાસન, સુવર્ણપુરુષ અને ધનભંડાર મેળવી આપ્યાં. તે સિંહાસન પર વિક્રમાદિત્ય બેઠો. તેના મૃત્યુ પછી તે સિંહાસન ભોંયમાં દટાઈ ગયું. ભોજ રાજાના સમયમાં તે ભોંયમાંથી નીકળ્યું. જેવો ભોજ એ સિંહાસન પર બેસવા ગયો તેવો પૂતળીઓએ એને વાર્યો અને વિક્રમાદિત્યની ઉદારતા, સાહસ અને પરાક્રમની તેને વાર્તા કહી. પછી તે સિંહાસન અદૃશ્ય થઈ ગયું.
[આધાર : **'અંબડ–વિદ્યાધર–રાસ'** ]

**આરામશોભા (સુગંધ દશમી કથા)** : (૧) કુશાઢ્યમાં સ્થાનાશ્રય ગામમાં અગ્નિશર્મા નામે બ્રાહ્મણ તેની પત્ની જ્વલનશિખા સાથે રહેતો હતો. તેમને આઠ વર્ષની વિદ્યુત્પ્રભા નામે સ્વરૂપવાન પુત્રી હતી. જ્વલનશિખાના મૃત્યુ પછી ઘરનો બધો ભાર નાની વિદ્યુત્પ્રભા પર આવી પડ્યો. તે કામથી ખૂબ થાકી જતી. તેથી પિતાએ દીકરીની ઇચ્છાને માન આપી બીજી પત્ની કરી. પણ અપરમા આળસુ અને એશઆરામી હતી, એટલે વિદ્યુત્પ્રભાની સ્થિતિ એની એ જ રહી. એમ કરતાં વિદ્યુત્પ્રભા બાર વર્ષની થઈ.

એક દિવસ વિદ્યુત્પ્રભા ગાયો ચરાવવા વનમાં ગઈ હતી. તે વખતે એક નાગને, પાછળ પડેલા ગારુડીઓથી બચાવવા તેણે તેની વિનંતી માનીને પોતાના વસ્ત્ર નીચે સંતાડી દીધો. પૂછપરછ કરવા આવતા ગારુડીઓને પણ તેણે એ બાબત પોતે અજાણ હોવાનું કહીને પાછા કાઢ્યા.

પોતાને બચાવવા માટે નાગદેવે મનુષ્યવાણીમાં વિદ્યુત્પ્રભાને જે જોઈએ તે માગવા કહ્યું. વિદ્યુત્પ્રભાએ કહ્યું; 'હું જ્યારે ગાયો ચરાવવા જાઉં છું, ત્યારે માથે સૂર્ય તપે છે. તો તેનાથી બચી શકું તેવું કાંઈક કરો.' નાગદેવે તેની સાથે રહી હમેશાં તેને છાંયડો આપે અને લીલો ને લીલો રહે એવા આરામનું (એટલે કે બગીચાનું) વરદાન આપ્યું, અને સ્મરણ કરે તે વખતે સહાય આપવા વચન આપીને જતા રહ્યા. એ આરામના પ્રભાવે વિદ્યુત્પ્રભાને ભૂખતરસ કદી પીડતી નહીં અને ગાયો ચરાવતી વખતે તેના પર સતત છાંયડો રહેતો.

(૨) એકવાર ગાયો ચરાવવા વનમાં ગયેલી વિદ્યુત્પ્રભા પોતાના આરામની છાયામાં સૂતી હતી ત્યારે પાટલીપુરનો જિતશત્રુ રાજા સેના સાથે ત્યાં આવી લાગ્યો. છાંયડો જોઈને ત્યાં પડાવ નાખવાની તેણે તૈયારી કરી. કોલાહલથી વિદ્યુત્પ્રભા જાગી ગઈ. ગાયો હાથીથી ભડકીને દૂર ભાગી ગઈ. વિદ્યુત્પ્રભા પાછી વાળવા દોડી. દોડી એટલે આરામ પણ તેની પાછળ પાછળ ચાલ્યો. આ આશ્ચર્યથી પ્રભાવિત રાજા વિદ્યુત્પ્રભાના રૂપથી પણ આકર્ષાયો. તેના મંત્રીએ વિદ્યુત્પ્રભાના પિતાને મળી એના હાથની માગણી કરી. રાજાએ વિદ્યુત્પ્રભા સાથે ગાંધર્વ-વિવાહ કર્યા અને તેના ચમત્કારી આરામ ઉપરથી તેને 'આરામશોભા' એવું નામ આપ્યું. વિદ્યુત્પ્રભાના પિતાને બાર ગામ બક્ષિસમાં આપ્યાં. રાજા વિદ્યુત્પ્રભાને લઈને નગરમાં આવ્યો. સુખચેનમાં તેમના દિવસ વીતવા લાગ્યા.

(૩) અગ્નિશર્માની બીજી પત્નીને પુત્રી આવી. સમય જતાં તે જુવાન થઈ. અપરમાએ આરામશોભાને ખતમ કરી એને સ્થાને પોતાની પુત્રીને ગોઠવવાની યુક્તિ વિચારી. તેણે ઝેર ભેળવેલા સિંહકેસર લાડુનો પડો લઈને, અગ્નિશર્માને પરાણે, આરામશોભાને મીઠાઈની ભેટ આપવા મોકલ્યો. રસ્તામાં અગ્નિશર્મા એક વૃક્ષની છાયામાં વિશ્રાંતિ લેવા બેઠો અને ઊંઘી ગયો. દરમિયાન અપરમાની યુક્તિ જાણી ગયેલા નાગદેવતાએ ઝેરના લાડુની જગ્યાએ સારા સ્વાદિષ્ટ લાડુ મૂકી દીધા. જાગીને અગ્નિશર્મા આગળ ચાલ્યો. રાજમહેલે પહોંચી આરામશોભાને તેની માતાએ મોકલેલી મીઠાઈ આપી. સ્વાદિષ્ટ લાડુ ખાઈને રાજાએ પણ આરામશોભાની માતાની આવડતનાં વખાણ કર્યાં. અગ્નિશર્મા થોડા દિવસ રહીને પોતાને ઘેર પાછો ફર્યો, અને પત્નીને બધી વાત કરી. અપરમાએ ફરીથી વિષયુક્ત સૂતરફેણી મોકલી, પણ નાગદેવે તેને બદલી તેની જગ્યાએ સારી વાનગી મૂકી દીધી. આરામશોભા સગર્ભા હોવાનું જાણી ફરીથી અગ્નિશર્માને ઝેરી મીઠાઈ આપીને મોકલ્યો અને ગમે તેમ કરીને આરામશોભાને ઘેર લઈ આવવા માટે કહ્યું. નાગદેવે આ વખતે પણ વિષયુક્ત મીઠાઈમાંથી ઝેર દૂર કર્યું.

અગ્નિશર્મા રાજાને ત્યાં પહોંચ્યો. પહેલી સુવાવડ દીકરીને પિયર થતી હોવાથી આરામશોભાને પોતાની સાથે મોકલવા તેણે આગ્રહ કર્યો. રાજાએ રાજરાણીને પ્રસૂતિ માટે પિયર જવાનું ન હોય એમ કહી અગ્નિશર્માની માગણી નકારી એટલે તેણે આત્મહત્યા કરવાની ધમકી આપી. બ્રહ્મહત્યા લાગવાથી ડરી જઈને રાજાએ આરામશોભાને અગ્નિશર્મા સાથે રવાના કરી.

(૪) દરમિયાન અપરમાએ ઘરની પાછળના ભાગમાં એક કૂવો ખોદાવી રાખ્યો. પિયરમાં આવ્યા પછી આરામશોભાએ પુત્રને જન્મ આપ્યો. એ એક દિવસ ઘરની પાછળ કૂવો જોઈને કુતૂહલવશ એમાં પાણી જોવા નીચું વળી. એ વેળા લાગ જોઈ અપરમાએ ધક્કો મારી તેને કૂવામાં નાંખી દીધી. પડતાં પડતાં આરામશોભાએ નાગદેવનું સ્મરણ કર્યું. નાગદેવે તરત એને ઝીલી લીધી. તેમણે કૂવા નીચે પાતાલભવન રચીને એમાં આરામશોભાને રાખી. તેનો આરામ પણ તેની સાથે કૂવામાં પ્રવેશી ગયો.

આ બાજુ અપરમાએ આરામશોભાને સ્થાને પોતાની પુત્રીને મૂકી દીધી. પરિચારિકાઓએ જ્યારે આરામશોભા

એકાએક આવી બદલાઈ કેમ ગઈ ?' એમ પૂછ્યું ત્યારે આરામશોભાને પ્રસૂતિરોગ થયો હોવાનું કહીને અપરમા ઢોંગી કલ્પાંત કરવા લાગી.

થોડા સમય પછી મંત્રી આરામશોભાને તેડવા આવ્યા ત્યારે આરામ ન જોવા મળતાં તે બાબત અપરમાને પૂછ્યું. તેણે જણાવ્યું કે તે તરસ્યો થવાથી કૂવે પાણી પીવા ગયો છે. પાછળથી આવીને એમને મળશે. નગરમાં પહોંચતાં રાજાએ કપટી આરામશોભાને તેના આરામ અંગે પૂછ્યું, ત્યારે તેણે તેની માએ કરેલો તે જ ખુલાસો કર્યો, અને કહ્યું કે જ્યારે હું આરામનું સ્મરણ કરીશ ત્યારે તે પાછો આવશે.

રાજાને કંઈક કપટ થયું હોવાની શંકા આવી. એક દિવસે તેને રાજાએ તેનો આરામ પાછો બોલાવી લેવા કહ્યું ત્યારે કપટી આરામશોભાએ કહ્યું કે અવસર આવ્યે બોલાવશું. આથી રાજાની શંકા દૃઢ થઈ.

(૫) આરામશોભાએ નાગદેવને વિનંતી કરી કે મારે મારા દીકરાને જોવો છે. નાગદેવે તેની ગોઠવણ કરી, પણ ચેતવણી આપી કે સૂર્યોદય થતાં પહેલાં જો તું પાછી નહીં ફરે તો મારું મૃત્યુ થશે. તારા ચોટલામાંથી જ મારો મૃતદેહ પડશે. સૂર્યોદય પૂર્વે પાછા ફરવાનું વચન આપીને આરામશોભા નાગદેવની સહાયથી રાત્રે પોતાના પુત્ર પાસે પહોંચી. પુત્રને એણે પ્રેમથી રમાડ્યો. આરામમાંથી ફળ ખવરાવ્યાં અને સવાર થતાં પહેલાં તે પાછી ફરી.

સવારે દાસીએ બાળકની પાસે પડેલાં ફળફૂલની વાત કહેતાં, કપટી આરામશોભાએ એવો ખુલાસો કર્યો કે મેં રાત્રે આરામને બોલાવ્યો હતો. ફરી બોલાવવાનું કહેતાં તે રાત્રે જ આવે છે એવું કહ્યું. રાજાને થયું કે નક્કી સાચી આરામશોભા જ રાત્રે આવી હોવી જોઈએ.

બીજી રાત્રે આરામશોભા પુત્રને મળવા આવી ત્યારે રાજાએ તેને પકડી પાડી. તેને રોકાઈ જવા રાજાએ હઠ કરી ત્યારે આરામશોભાએ બધી વાત કરી અને સવાર પહેલાં પાછી ફરવા પોતે વચનબદ્ધ હોવાનું કહ્યું, પણ વાત પૂરી કરે ત્યાં તો સૂર્યોદય થઈ ગયો અને તેના ચોટલામાંથી મરેલ નાગ પડ્યો. આરામશોભા વિલાપ કરતી બેભાન થઈ ભોંય પર ઢળી પડી. રાજાએ એને ઉપચાર કરી શુદ્ધિમાં આણી.

રાજાનો રોષ કપટી આરામશોભા પર ઊતર્યો. સાચી આરામશોભાએ તેને તથા પોતાનાં માતપિતાને બચાવી લીધાં પછી રાજા સાથે આરામશોભા સુખેથી રહેવા લાગી.

[આધાર : 'આરામશોભા ચોપાઈ']

**આર્દ્રકુમાર : જુઓ અભયકુમાર મંત્રી,** ઘટક ૯.૫

**આર્દ્રકુમાર (વિષયાસક્તિ ઉપર દૃષ્ટાંતકથા) :**

(૧) આદ્રક દેશના આદ્રકપુરના આદ્રક રાજાની પત્ની ચંદ્રિકાએ આર્દ્રકુમાર નામે પુત્રને જન્મ આપ્યો. અતિ ગુણવંત અને જીવદયાવાળા તેણે સર્વ કલાઓનો અભ્યાસ કરતાં યૌવનમાં પ્રવેશ કર્યો.

રાજગૃહ નગરના જિનભક્ત રાજા શ્રેણિકને અભયકુમાર નામે પુત્ર હતો. આદ્રક રાજા અને શ્રેણિક વચ્ચે ઘણી પ્રીતિ હતી. તેને લીધે શ્રેણિકે પોતાના પ્રધાનની સાથે આદ્રક રાજાને ઘણી ભેટ મોકલી. પ્રધાને સભામાં જઈ આદ્રક રાજા સમક્ષ કંબલ વગેરે ઘણી ચીજો રજૂ કરી. રાજાએ ભેટનો સ્વીકાર કરી શ્રેણિક રાજાના ક્ષેમકુશળ પૂછ્યા. એ વખતે આર્દ્રકુમારે પોતાના પિતાને મગધના રાજા શ્રેણિક વિશે પૂછ્યું. આદ્રક રાજાએ મગધના રાજા શ્રેણિક સાથે પોતાની પ્રીતિ પરંપરાથી ચાલી આવતી હોવાનું કહ્યું. પિતાનાં વચન સાંભળી આર્દ્રકુમારે શ્રેણિકના પ્રધાનને પૂછ્યું : 'રાજા શ્રેણિકને કોઈ બેટો છે જેની સાથે હું પણ પ્રીતિ બાંધું ?' પ્રધાને તેને અભયકુમાર નામે પુત્ર હોવાનું કહ્યું. આર્દ્રકુમારે આદ્રક રાજા પાસેથી પાછો જાય ત્યારે તેને મળ્યા વગર ન જાય એમ પ્રધાનને કહ્યું.

આદ્રક રાજાએ ઘણી ભેટસોગાદો આપી પ્રધાનને પાછો વળાવ્યો. તેની સાથે પોતાના એક પ્રધાનને મોકલ્યો. જતી વખતે પ્રધાન આર્દ્રકુમારને મળ્યો. તેણે (આર્દ્રકુમારે) તેની સાથે અભયકુમાર માટે ભેટ મોકલી. ભેટ જોઈ અભયકુમારે વિચાર્યું કે નક્કી કોઈ ચારિત્ર્યવાન વ્યક્તિ અનાર્ય દેશમાં જન્મી છે. તેણે એક પેટીમાં પૂજાની તમામ સામગ્રી સાથે રત્નમય જિનપ્રતિમા મોકલીને આદ્રક રાજાના પ્રધાનને કહ્યું કે આ ભેટ આર્દ્રકુમારને આપીને કહેજો કે એકાંતમાં એ ભેટ જુએ.

પ્રધાને આવીને શ્રેણિક રાજાએ મોકલેલી ભેટ આદ્રક રાજાને આપી. આર્દ્રકુમારને ભેટની પેટી આપી સંદેશો કહ્યો. આર્દ્રકુમારે એકાંતમાં બેસી પેટી ખોલી જોયું તો તેમાંથી જૈન તીર્થંકરની પ્રતિમા નીકળી. તે જોઈ તેણે વિચાર્યું કે પોતાના મિત્રે મોકલેલ ભેટ માથે, હાથે, ખભે બંધ બેસે તેવી નથી. આવું વિચારતાં તેને પોતાના પૂર્વભવનું સ્મરણ થયું. પ્રતિમા મોકલીને પોતાને પ્રતિબોધ પમાડવા માટે તેણે અભયકુમારને મનથી ધન્યવાદ આપ્યા. તેને નહીં મળી શકવા બદલ આર્દ્રકુમાર અફસોસ કરતો.

(૨) એકવાર આર્દ્રકુમારે અભયકુમારને મળવા જવાની રજા માગી. ત્યારે આદ્રક રાજાએ કહ્યું કે આપણી પ્રીતિ પોતાના સ્થાને રહીને જ છે, જવા–આવવામાં નહીં. એ સાંભળી

આર્દ્રકુમાર અભયકુમારનું ધ્યાન ધરવા લાગ્યો. સૂતાં-બેસતાં તે 'મારે પાંખ હોય તો ઊડીને મગધદેશ કેવો છે ? રાજગૃહ કેવું છે ? અને અભયકુમાર કેવો છે ? તે જોઈ આવું' એમ વિચારતો. આર્દ્રક રાજાએ પાંચ સો સુભટોને આર્દ્રકુમારના રખોપા તરીકે મૂક્યા, જે પડછાયાની જેમ તેનો સાથ છોડતા નહોતા. આથી આર્દ્રકુમાર ગુપ્ત રીતે પોતાના મિત્ર પાસે વહાણુ તૈયાર કરાવી તેમાં રત્ન અને જિનપ્રતિમા મૂકી, ઘોડેસવારીનું બહાનું બનાવી એકલો વહાણમાં બેસી ચાલી નીકળ્યો. આર્યદેશમાં આવી પ્રતિમા અભયકુમારને મોકલીને તે દીક્ષા લેવા તૈયાર થયો. દેવતાએ આકાશવાણી દ્વારા તેને કહ્યું; કે 'તારાં ભોગકર્મ બાકી હોઈ, ભોગફળ ભોગવી પછી ચારિત્ર્ય લેવું.' પણ એ વચનોને અવગણીને તેણે દીક્ષા લીધી.

(૩) વિહાર કરતો તે વસંતપુરની બહાર એક દેવળમાં આવી રહ્યો. તે નગરના ધનાવહ શ્રેષ્ઠિની યુવાન પુત્રી શ્રીમતી એક દિવસ પોતાની પાંચ-સાત સખીઓ સાથે તે દેવળમાં રમવા આવી. તે યુવતીઓ મંદિરના એક એક થાંભલાને 'આ મારો પતિ' એમ કહીને વળગી. પછી આર્દ્રકુમારે પોતાને પ્રાપ્ત થયેલા ઉપસર્ગ ને તપવિઘ્નને જોઈ પોતાના પગ છોડાવી ત્યાંથી વિહાર કર્યો. તે વખતે શ્રીમતીએ કહ્યું, 'આ ભવમાં મારા પતિ તમે હજો, બીજો કોઈ નહીં.'

(૪) શ્રીમતીના વિવાહનાં માગાં ઘણે ઠેકાણેથી આવતાં હતાં, પરંતુ શ્રીમતીએ તો તેના પિતાને કહ્યું; 'મેં જેને પતિ કહ્યો છે તે જો મળશે તો જ હું વિવાહ કરીશ.' ધનાવહ શેઠે પુત્રીને ભમરાની જેમ વિચરનાર પુરુષ કેવી રીતે તેને ફરી મળશે એમ પૂછ્યું. શ્રીમતીએ મુનિના પગે પદ્મનું ચિહ્ન જોયેલું તેનું એંધાણ આપ્યું. ધનાવહ શેઠે જ્યારે મુનિઓ આવે ત્યારે દાન દઈ તેમનાં પગ જોવા પુત્રીને કહ્યું. શ્રીમતીએ એ પ્રમાણે કરવા માંડ્યું. એમ કરતાં બાર વર્ષ વીતી ગયાં. એવામાં આર્દ્રકુમાર મહાત્મા ત્યાં આવ્યા. શ્રીમતીએ તેમને ઓળખ્યા. તેમને પગે વળગીને તેણે કહ્યું; 'હે સ્વામી, તે વખતે તમે મને ભોળવી ગયા, પણ હવે કેવી રીતે જશો ?' પછી આર્દ્રકુમારે દેવતાનું વચન સંભારી, ભોગફળ જાણી, શ્રીમતી સાથે પાણિગ્રહણ કર્યું. ત્રીજે વરસે પુત્ર થયો. તે પુત્ર નવ વરસનો થયો ત્યારે આર્દ્રકુમારે દીક્ષા લેવાનો નિર્ણય શ્રીમતીને જણાવ્યો. પછી શ્રીમતી કાંતવા બેઠી. તે જોઈ પુત્રે કાંતવા માટેનું કારણ પૂછ્યું. ત્યારે માતાએ કહ્યું; 'તું તો નાનો છે. તારા પિતા દીક્ષા લે છે.' એ સાંભળી બાળકે પિતાને સુતરના તાંતણે બાંધી રાખવાનું કહ્યું. એ વાત આર્દ્રકુમારે ઊંઘમાં સાંભળી. તેણે મનમાં નિશ્ચય કર્યો કે જેટલા તાંતણાથી તે મારા પગ બાંધશે એટલાં વર્ષ હું ઘેર રહીશ. બાળકે તાંતણા લઈ બાપના પગ બાંધી માતાને જઈને કહ્યું; 'મેં પિતાને બાંધ્યા છે, તે કેવી રીતે જશે ?' પછી આર્દ્રકુમારે પોતાને પગે બાંધેલ તાંતણા ગણ્યા તો તે બાર થયા એટલે તે બીજાં બાર વર્ષ ઘેર રહ્યા. આમ ચોવીસ વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહેલા આર્દ્રકુમારે એક દિવસ રાત્રે વિચાર કર્યો. 'આગલા જન્મમાં તો મેં મને કરીને ચારિત્ર્યની વિરાધના કરી હતી, તેથી હું અનાર્ય દેશમાં ઉત્પન્ન થયો છું. અને આ ભવે કાયાએ કરીને ચારિત્ર્યની વિરાધના કરી તેમાંથી હું કેમ છૂટીશ ?' એ પછી શ્રીમતીની વિદાય લઈ મુનિવેશ ધારણ કરી તે પૃથ્વી પર વિહાર કરવા લાગ્યો.

(૫) પહેલાં આર્દ્રકુમારની રક્ષા માટે જે પાંચ સો સામંતો રહેતા હતા, તેઓ રાજદંડના ડરથી આર્દ્રકપુર છોડીને નિર્વાહ માટે ચોરી કરવા માંડ્યા. એક વાર રાજગૃહ નગર તરફ જતા આર્દ્રકુમારને તેઓ રસ્તામાં મળ્યા. તેના ધર્મોપદેશથી તેમણે દીક્ષા લીધી. પછી આર્દ્રઋષિ હસ્તિતાપસ-આશ્રમે આવ્યા. 'ઘણા નાના જીવોને બદલે એક મોટા જીવનો વધ સારો.' એવું માનતા અને તેથી હાથીને મારી નિર્વાહ કરતા હોવાથી તે તાપસો હસ્તિતાપસ કહેવાતા. તેમણે વધ કરવા બાંધી રાખેલો હાથી બંધન તોડીને મહાત્મા તરફ દોડ્યો. લોકોમાં હાહાકાર થઈ ગયો. હાથી મુનિને પ્રણામ કરી તેમની સમક્ષ ઊભો રહી ગયો. એ જોઈ સર્વ તાપસો આર્દ્રમુનિને પ્રણામ કરીને મહાવીરના સમવસરણ તરફ ચાલ્યા. તે સાંભળી રાજા શ્રેણિક અને અભયકુમારે આર્દ્રકુમાર પાસે આવીને હાથીનાં બંધન તૂટવાનું રહસ્ય પૂછ્યું. આર્દ્રકુમારે કહ્યું; 'હાથીનાં બંધન તૂટવાં સહેલાં છે, પણ સૂતરના તાંતણાથી બાંધેલાં બંધન છૂટવાં મુશ્કેલ છે.' એમ કહીને તેમણે આત્મવૃત્તાંત કહ્યો. તે સાંભળી સભા બોધ પામી. ધર્મભાવનાના ઉદય માટે આર્દ્રમુનિએ અભયકુમારનો ઉપકાર માન્યો.

[આધાર : **'શીલોપદેશમાલા બાલાવબોધ'** ચૌદમી દૃષ્ટાંતકથા]

**આસક્ત પરપુરુષોને બુદ્ધિપ્રપંચથી ઠગતી શીલવતી :**

રાજપુરના ધનવંત શેઠના પુત્ર જયવંતની વહુ ગુણાવલી દૃઢ પતિવ્રતા હતી. એક દિવસ પરદેશથી કામકાજ અર્થે આવેલો ધન સાર્થવાહ શેઠને ઘરે ઊતર્યો. ગુણાવલીના રૂપથી મુગ્ધ થઈને તેણે દાસીને સાધી તેની મારફત ગુણાવલીને પોતાનો સમાગમ કરવા સંદેશો મોકલ્યો. ગુણાવલીએ કશી મચક ન આપી. છેવટે પોતાને ગામ પાછા ફરવાના દિવસે ફરીથી ધનની ભારે લાલચ આપીને તેણે ગુણાવલીને પોતાની સાથે નાસી આવવા દાસી મારફત કહેવરાવ્યું. ધન સાર્થવાહને પાઠ શીખવવા પતિવ્રતા ગુણાવલીએ સાંજે તેની સાથે નીકળી

જવાનો સંકેત કર્યો. યક્ષને મંદિરે પૂજા કરવાને બહાને નીકળીને તે ધન સાર્થવાહને સંકેતસ્થાને મળી. માલ લાદેલી સાંઢણી ઉપર બેસીને બંને ઊપડ્યાં. થોડેક જતાં ગુણાવલીએ પોતે એક ઝાંઝર ઘરે ભૂલી ગઈ હોવાનું કહી તે લઈ આવવા ધન સાર્થવાહને મોકલ્યો. તે ગયો એટલે સાંઢણી હંકારીને ગુણાવલી આગળ ચાલી. રસ્તામાં એક ચોરે તેને પકડી. માલ ભરેલી સાંઢણી અને સુંદરી મળતાં ચોરનાં ભાગ્ય ઊઘડી ગયાં. ગુણાવલીએ તેના પ્રત્યે કપટપ્રેમ બતાવ્યો. આગળ એક નગરને સીમાડે વનમાં બંને પહોંચ્યાં ત્યારે તેણે ચોરને નગરમાં ખાનપાન લેવા મોકલ્યો. એટલામાં વનપાલે તેને એકલી જોઈને નગરના રાજાને જાણ કરી. રાજાએ સાંઢણી સાથે ગુણાવલીનો કબજો લીધો. ગુણાવલીએ કહ્યું; "હું તમને વરવાને જ આવેલી, પણ પહેલાં રાજપુરના કામદેવના મંદિરે પૂજા કરી પછી હું તમારી રાણી બનીને રહીશ." રાજાએ આપેલાં શણગાર સજી, સાંઢણી પર બેસી સૈનિકોના રક્ષણ નીચે તે રાજપુર પહોંચી અને સીધી જ પોતાને સાસરે ચાલી ગઈ. સૈનિકોએ પાછા ફરી રાજાને જે બન્યું હતું તે કહ્યું. નિરાશ બનેલો રાજા રાજ્ય છોડી દઈ ભભૂત ચોળીને જોગી બન્યો. ધન સાર્થવાહ પણ દાસી મારફત ઝાંઝર મંગાવી તે લઈને પાછો આવ્યો ત્યારે ગુણાવલીને ગુમ થયેલી જાણીને જોગી બન્યો. તે જ પ્રમાણે ભોજન, લઈ પાછા ફરેલા ચોરે પણ એ જ રસ્તો લીધો. અને વહાલી પત્ની ગૂમ થયાથી ગુણાવલીનો પતિ જયવંત ચોથો જોગી બન્યો. ભમતા–ભટકતા એ ચારેય જોગી એકવાર એક સરોવરની પાળે ભેગા થઈ ગયા. તેમણે પરસ્પરને જોગ લેવાનું પોતપોતાનું કારણ કહ્યું. એ સાંભળીને જયવંત પોતાને ઘરે પાછો ફર્યો. ગુણાવલીનાં શીલ અને બુદ્ધિની પ્રશંસા કરતો તે તેની સાથે સુખપૂર્વક કાળ વ્યતીત કરવા લાગ્યો.

[સંદર્ભ : **ચંદ્રશેખર રાજા**ની કથામાં આવતી **ચિત્રસેન અને પદ્માવતી'** આડકથામાં પદ્માવતીએ કહેલી દૃષ્ટાંતકથા]

**આંધળો અને પાંગળો :** જુઓ, **અબોલા રાણી** ચોથી અવાંતર કથા.

**આહિરાણીની દૃષ્ટાંતકથા** (કર્મની ન્યારી ગતિ પર-) જુઓ **અંબડ વિદ્યાધર** ઘટક ૭.૨)

**ઇંદ્રનો સૂડો (પંચાખ્યાન,** ઘટક ૨.૧૫) **:** સર્વવિદ્યામાં પારંગત, અતિ રૂપાળો એવો પુષ્પક નામે એક પોપટ ઇંદ્ર પાસે હતો. એ ઇંદ્રના હાથ પર બેસી અનેક સુભાષિત બોલતો હતો. એકવાર ઇંદ્રની સેવામાં આવેલા યમને જોઈને પુષ્પક નાસી ગયો. દેવોએ તેને યમને જોઈને નાસી જવાનું કારણ પૂછતાં તેણે કહ્યું; 'બધા જીવોના મારણહારને જોઈને હું કેમ ન નાસી જાઉં ?' દેવતાઓએ પોપટનું દુઃખ ફેડવા તેને સાથે લઈને યમને વિનંતી કરી; 'અમારા વચને કરી તમારે પોપટને ન મારવો.' યમે કહ્યું; 'આ બાબતમાં કાળનો અધિકાર છે.' એટલે દેવોએ કાળને જઈને પોપટને ન મારવા વિનંતી કરી. કાળે કહ્યું, 'એ વાત તો મૃત્યુ જાણે.' એટલે દેવો પુષ્પકને લઈને મૃત્યુની પાસે ગયા. મૃત્યુને જોઈને જ પોપટ મરણ પામ્યો. યમે કહ્યું કે એ રીતે પોપટ મરણ પામે એવું નિર્માણ હતું.

[સંદર્ભ : **પંચાખ્યાન,** ઘટક ૨.૧૫ : કરટકે દમનકને કહેલ **નગ્ન શ્રમણ અને મંત્રી**ની દૃષ્ટાંતકથામાં મંત્રીએ કહેલ **સર્પને પરણનારી રાજકુમારી**ની દૃષ્ટાંતકથામાં રાજકુમારીએ કહેલું દૃષ્ટાંત.]

**ઉત્તમકુમાર : ૧.** વારાણસી નગરીના મકરધ્વજ રાજાની લક્ષ્મીવતી રાણીનો પુત્ર જન્મથી જ ઉત્તમ ગુણોવાળો હોઈ તેનું નામ ઉત્તમકુમાર પાડ્યું. તે ઘણો પરોપકારી અને ન્યાયવંત હતો. યુવાન થતાં પિતાનું ધન ન ભોગવતાં પોતાના કર્મની પરીક્ષા કરવાનું વિચારી તે સાહસયાત્રાએ નીકળ્યો નગર નગર ફરતો તે ચિત્રકૂટ આવી પહોંચ્યો. ત્યાંના અપુત્રવંત મહાસેન રાજાની ઇચ્છા એવી હતી કે કોઈ પુણ્યવંત પુરુષને રાજ્ય સોંપવું. તેની પાસે એક યુવાન છતાં મંદગતિએ દોડતો વછેરો હતો. રાજા મહાસેન વછેરાની મંદગતિનું કારણ જાણવા ખૂબ આતુર હતો. ઉત્તમકુમારે રાજાને જણાવ્યું કે વછેરાના જન્મ પછી તેની માતા(ઘોડી)નું મૃત્યુ થતાં તે ભેંસનું દૂધ પીને ઉછર્યો હતો. વછેરાની મંદગતિનું કારણ ઉત્તમકુમાર પાસેથી જાણવા મળતાં મહાસેન રાજી થઈને તેને પોતાનું રાજ્ય આપવા તૈયાર થયો. પણ વળતાં રાજ્ય ગ્રહણ કરીશ એમ કહી ઉત્તમકુમાર ત્યાંથી આગળ ચાલ્યો.

**૨.** માર્ગમાં મરહટ્ઠપુર આવ્યું. ત્યાંના દેવમંદિરે દર્શન કરી કુંવર સાગરતટે આવ્યો. ત્યાં કુબેરદત્ત વાણિયો વેપારઅર્થે સાગરયાત્રાએ જતો હતો એમ જાણ્યું, એટલે ભ્રમણના કૌતુકથી કુંવર તેની સાથે વહાણમાં બેસી ગયો. આગળ જતાં વહાણમાં પાણી ખૂટ્યું. પાણીની શોધમાં સૌ એક દ્વીપ પર ઊતર્યાં. અહીં રહેતા ભ્રમરકેતુ રાક્ષસના ભયથી બીજા બધા વહાણ પર પાછા ફરી ગયા. ઉત્તમકુમાર દ્વીપ પર જ રહ્યો અને તેણે ભ્રમરકેતુને મારી નાખ્યો. એ જોઈને તે દ્વીપની દેવી ઉત્તમકુમાર

પ્રત્યે આકર્ષાઈ. તેણે પોતાની સાથે ભોગ ભોગવવાનું ઉત્તમકુમારને જણાવ્યું, પણ ઉત્તમકુમારે તેની ના પાડી. દેવીએ મોતનો ભય બતાવ્યો, છતાં ઉત્તમકુમાર અડગ રહ્યો. એટલે દેવીએ પ્રસન્ન થઈ તેને સોનાની બાર કોડીઓ ભેટ આપી. એટલામાં સમુદ્રદત્ત શેઠનાં વહાણ એ દ્વીપ પાસે આવી પહોંચ્યાં. વહાણમાં પાણી ખૂટતાં બધાં તરસે મરતાં હતાં, પણ ભ્રમરકેતુ રાક્ષસના ભયથી નીચે ન ઊતર્યા. ઉત્તમકુમારે તેમનું રક્ષણ કરવાનું વચન આપ્યું. એટલે સૌ નીચે ઊતર્યા. પાણીની શોધમાં તેમાંથી કેટલાક એક કૂવા પાસે પહોંચ્યા. પણ કૂવામાં પાણી ન દેખાયું એટલે ઉત્તમકુમાર કૂવામાં ઊતર્યો. કૂવાને તળિયે એક સોનાની જાળી હતી અને તેની નીચે પાણી હતું. ઉત્તમકુમારે જાળી ખસેડી લીધી એટલે ઉપરના સૌએ પાણી ખેંચ્યું. ઉત્તમકુમારે કૂવાની દીવાલની નીચેના ભાગમાં બારણું જોયું. તે ખોલી કૌતુકથી તે અંદર પેઠો. આગળ જતાં એક ભવ્ય પ્રાસાદ આવ્યો. તેના દ્વારે એક દાસી બેઠી હતી. તેણે રાક્ષસ ભ્રમરકેતુ અને તેની પુત્રી મદાલસાની બધી વિગત ઉત્તમકુમારને કહી. પોતાની પુત્રી કોઈ ભૂચરને પરણશે એવી ભવિષ્યવાણીથી બચવા ભ્રમરકેતુ ત્યાં પુત્રી સાથે છુપાઈને રહેતો હતો.

૩. એ પછી ઉત્તમકુમાર સાદા વેશે અહીંતહીં ફરવા માંડયો. મદાલસા તેને જોતાં જ આકર્ષાઈ. દાસીએ બંનેનાં ગાંધર્વલગ્ન કરાવ્યાં. મદાલસાને લઈ કુંવર કૂવાના બારણેથી કૂવામાં પ્રવેશી ત્યાંથી કૂવાની બહાર નીકળ્યો. બંને સમુદ્રદત્તના વહાણમાં બેઠાં. આગળ જતાં વહાણમાં પાણી ખૂટયું. મદાલસાએ ઉત્તમકુમારને કહ્યું કે તેની પાસે પાંચ રત્નો છે, જે માગ્યું આપશે. એટલે ઉત્તમકુમારે તેમાંના એક નીરરત્નથી મેઘવૃષ્ટિ કરાવી. સૌ રાજી થયાં. સમુદ્રદત્તે આ કિંમતી રત્નો મેળવી લેવા ઉત્તકુમાર સાથે કપટી મૈત્રી કરી. તેણે લાગ જોઈ કુંવરને પાણીમાં ધકેલી દીધો. સમુદ્રદત્તે મદાલસાને પોતાની સ્ત્રી બનવા ઘણું સમજાવી. તેણે સ્ત્રીચરિત્ર આદરી થોડો સમય શેઠની માગણી ટાળી.

૪. આ બાજુ પાણીમાં પડેલા ઉત્તમકુમારને ગળી ગયેલા એક મગરને માછીમારે પકડયો. તેને ચીરતાં અંદરથી કુંવર નીકળ્યો. તેને સાથે લઈ માછીમાર મોટપલ્લી ગામે આવ્યો. સમુદ્રદત્તનાં વહાણ પણ મોટપલ્લી આવી પહોંચ્યાં. સમુદ્રદત્ત મદાલસાને લઈ નગરના રાજા નરવર્માને મળ્યો. મદાલસા પોતાની પત્ની બનવાની છે એમ તેણે રાજાને કહ્યું, ત્યારે મદાલસાએ ગુપ્તપણે રાજાને પોતાની ખરી વિગત જણાવી. આથી નરવર્માએ સમુદ્રદત્તને કારાગારમાં પૂર્યો. મદાલસા રાજાને ત્યાં રહી. રાજપુત્રી તિલોત્તમાએ તેને સગી બહેનની જેમ રાખી. પોતાની પાસેની સંપત્તિથી મદાલસા દાન–પુણ્ય કરી સંયમી જીવન ગાળતી, ધર્મધ્યાન કરતી. પેલો માછીમાર કુંવરને લઈ રાજા પાસે આવ્યો. તે વેળા નરવર્મા પુત્રી માટે આવાસ બંધાવતો હતો. ઉત્તમકુમારે પોતાની વાસ્તુવિદ્યાની જાણકારીથી સાત માળનો મહેલ બાંધી તૈયાર કર્યો. નરવર્મા તે જોવા આવ્યો. તિલોત્તમા પણ પ્રાસાદ જોવા આવતી હતી. માર્ગમાં સર્પ કરડતાં તેને ઝેર વ્યાપ્યું. કુંવરીનું ઝેર ઉતારનારને કુંવરી તથા અર્ધું રાજ્ય આપવાનો રાજાએ પડો વજડાવ્યો. ઉત્તમકુમારે ઝેર ઉતાર્યું. રાજાએ તેને તિલોત્તમા પરણાવી. બંને નવનિર્મિત પ્રાસાદમાં રહેવા લાગ્યાં.

નરવર્માને ત્યાં રહેતી મદાલસાએ ઉત્તમકુમારની શોધ આદરી. તે માટે તેની દાસી અહીંતહીં ફરતી પેલા સાત માળના મહેલે આવી. તેણે કુંવરને જોયો. તે ઉત્તમકુમાર હોવાનું તેને લાગ્યું, પણ તેની આકૃતિમાં ફેર લાગ્યો. મહેલે પાછી ફરી તેણે મદાલસાને આ માહિતી આપી. ઉત્તમકુમારે પણ દાસી મહેલે શું કામ આવી હતી એમ પૂછતાં તિલોત્તમાએ પોતાની સખી મદાલસાની બધી વિગત કહી. આ જાણી ઉત્તમકુમારે તિલોત્તમા મારફત મદાલસાને મહેલે તેડાવી. કુંવરે મદાલસાને ઓળખી, પણ તે વાત મનમાં રાખી. એક દિવસ ઉત્તમકુમાર પૂજન કરવા મંદિરે ગયો ત્યારે માર્ગમાં સર્પ કરડતાં તે બેભાન બન્યો. નગરની ગણિકા અનંગસેના તેને પોતાને ત્યાં લઈ ગઈ. તેણે તેના પગે ચમત્કારી દોરો બાંધી તેને પોપટ બનાવી દીધો. રાત્રે દોરો છોડી તેને મૂળ રૂપમાં લાવી તેની સાથે તે ભોગવિલાસ કરતી.

૫. આ તરફ પૂજન અર્થે ગયેલો પતિ પાછો ન ફરતાં તિલોત્તમાએ તેની શોધ આદરી. નરવર્માએ કુંવરીના પતિની ભાળ આપનારને અને મદાલસાની પૂર્વની બધી વિગત કહેનારને અડધું રાજ્ય આપવાનો પડો વજડાવ્યો. તે સાંભળીને પેલો પોપટ રાજદરબારમાં આવ્યો. તેણે ઉત્તમકુમાર સર્પદંશને કારણે બેભાન બન્યાનું તથા ગણિકા અનંગસેનાને ત્યાં તે હોવાનું કહ્યું. પોપટે મદાલસાની પણ પૂર્વની બધી હકીકત કહી. દરબારમાંથી ઊડીને તે ગણિકાને ત્યાં પાછો આવ્યો. પોપટના કહ્યાની ખાતરી કરવા નરવર્માએ સેવકોને ગણિકાને ત્યાં મોકલ્યા. ત્યાં તેમણે પોપટ જોયો. સેવકો પોપટને મહેલે લઈ આવ્યા. રાજાએ તેના પગે બાંધેલી દોરી છોડી નાખી એટલે પોપટ ઉત્તમકુમાર રૂપે પ્રગટ થયો. રાજાએ મદાલસાને ઉત્તમકુમાર સાથે પરણાવી. નગરના શેઠ મહેશ્વરદત્તે પોતાની પુત્રી સહસ્રકલાને ઉત્તમકુમાર સાથે પરણાવી. ગણિકા અનંગસેના પણ ઉત્તમકુમારની પત્ની બની. આમ તિલોત્તમા, મદાલસા, સહસ્રકલા અને અનંગસેના સાથે ઉત્તમકુમાર એ સાત માળના મહેલમાં રહી સુખમાં દિવસો પસાર કરવા લાગ્યો.

૬. **એક દિવસ** વારાણસીથી તેના પિતાનો પત્ર આવ્યો. પત્રની વિગત વાંચી ઉત્તમકુમાર ચારેય પત્નીઓને લઈને પિતાને મળવા વારાણસી તરફ ચાલી નીકળ્યો. માર્ગમાં ચિત્રકૂટના રાજા મહાસેન તથા ગોપાલગિરિના રાજા વીરસેનને હરાવી તે વારાણસી આવી પહોંચ્યો. પિતાએ ભવ્ય સ્વાગત કરી તેનો નગરપ્રવેશ કરાવ્યો. સૌ અરસપરસ હળ્યાં–મળ્યાં. સમય જતાં ઉત્તમકુમારને રાજપાટ સોંપી મકરધ્વજ રાજાએ સંસાર-ત્યાગ કર્યો.

[આધાર : **'ઉત્તમકુમાર–ચરિત્ર–રાસ'**]

**ઊંઘ વેચી ઉજાગરો લીધો** : મધુ ભટ્ટ બ્રાહ્મણને ત્યાં રોજનું મણ દૂધ દેતી ભેંસ હતી. ભેંસનું નામ 'ઊંઘ' પાડ્યું હતું. એના દૂધમાંથી બનતા ઘીથી બ્રાહ્મણની આજીવિકા ચાલતી. એકવાર ઘી વેચવા તે રાજદરબાર ગયો. ઘીની કિંમતના રૂપિયા રાજકુમારે મેડી ઉપરથી નીચે નાખ્યા. તેમાં એ રૂપિયા ભોંય પર પડેલી ઘોડાની લાદમાં પડ્યા. મૂર્ખ બ્રાહ્મણે 'લાદમાં રૂપિયા ક્યાંથી ?', એમ કુંવરને પૂછ્યું, એટલે તેના ભોળપણનો લાભ લઈ કુંવરે કહ્યું; 'અમારે ત્યાં "ઉજાગરો" નામનો એક ચમત્કારી વછેરો છે, તે રોજ લાદમાં રૂપિયા કાઢે છે. એને પ્રતાપે તો અમારી પાસે અઢળક લક્ષ્મી છે.' બ્રાહ્મણે એ વછેરાની માગણી કરી. કુંવરે બ્રાહ્મણની ઊંઘ નામની ભેંસના બદલામાં પોતાનો ઉજાગરો વછેરો તેને આપ્યો. બ્રાહ્મણે વછેરાને દાણાપાણી વગેરે આપી તેની ઘણી સેવા કરી, પણ તેને વછેરાની લાદ સિવાય કશું મળ્યું નહીં, અને ઊલટી ભેંસની આવક ખોઈ. ત્યારથી કહેવત પડી ગઈ : "ઊંઘ વેચીને ઉજાગરો લેવો."

[સંદર્ભ : **ચંદ્રશેખર રાજા**ની કથામાં મથુરામાં જ્ઞાની મુનિએ ચંદ્રશેખરને મૂર્ખતા વિશે કહેલી દૃષ્ટાંતકથા.]

**ઊંટ અને લુચ્ચા સિંહસેવકો (પંચાખ્યાન,** ઘટક ૨.૧૧) : એક વેપારી કીમતી વસ્ત્રો સેંકડો ઊંટ પર લાદીને વેચવા માટે પરદેશ જવા નીકળ્યો. રસ્તામાં એક ઊંટ ભાર અને થાકથી ઢળી પડ્યું. તેને ત્યાં જ છોડી દઈને વેપારી આગળ ચાલ્યો. ત્યજી દીધેલું ઊંટ ઘાસ ખાઈને પુષ્ટ થયું. તેને જોઈ તે વનના રાજા સિંહે તેના સેવક કાગને પૂછ્યું; 'આ અપૂર્વ જીવ કોણ છે ? અહીં કેમ આવ્યો છે ?' ઊંટે સઘળી હકીકત કહી, તેથી સિંહે તેને અભયદાન આપ્યું. ત્યારબાદ એકવાર એ સિંહ હાથી સાથેના યુદ્ધમાં ઘવાયો. અશક્ત બનેલો તે ગુફામાં પડી રહ્યો. તેના સેવકો ભૂખથી વ્યાકુળ બન્યા. ઊંટથી ગુપ્ત રીતે મંત્રણા કરતાં કાગડાએ કહ્યું; 'ઊંટ ઘાસ ખાનારો છે, જ્યારે આપણે માંસ ખાઈએ છીએ. આપણો એની સાથે શો સંબંધ ? એને જ આપણો ભક્ષ્ય બનાવવો.' તેમણે ઊંટને મારવાની સિંહને સલાહ આપી. પણ તેને અભયદાન દીધું હોવાથી તેવું અઘટિત કાર્ય ન કરાય એમ સિંહે કહ્યું. કાગડાએ તેનો યુક્તિથી રસ્તો કાઢવાનું માથે લીધું. સૌ સેવકો સિંહ પાસે આવ્યા. વારાફરતી કાગડા, શિયાળ અને બીજા તાબેદાર સિંહે પોતાને મારીને ભૂખ સંતોષવા સિંહ રાજાને વિનંતી કરી. નાનું પ્રાણી પૂરું ન પડે અને પોતાના જાતભાઈ સિંહને ન મરાય એમ કહીને સિંહ રાજાએ તેમની વિનંતી સ્વીકારી નહીં. પછી ભોળા ઊંટે પોતાની જાતને ધરી, એટલે સિંહે તેને મારીને સૌને સંતોષ્યા.

[સંદર્ભ : **પંચાખ્યાન,** ઘટક ૨.૧૧ સંજીવકે દમનકને કહેલી દૃષ્ટાંતકથા.]

**ઋષિદત્તા** : ૧. મધ્યદેશની રથમર્દન નગરીના હેમરથ રાજાને સુયશા નામે રાણી હતી. તેના પુત્ર કનકરથકુમારનો વિવાહ કાવેરી નગરીના સુંદરપાણિ નામે રાજાની પુત્રી રુક્મિણી સાથે વિવાહ કર્યો. પછી સારો દિવસ જોઈ, પિતાનો આદેશ લઈ, કુમાર પાણિગ્રહણ કરવા નીકળ્યો. માર્ગમાં આવતા સીમાડાના રાજાઓને વશ કરતો તે ગાઢ વનમાં આવી પહોંચ્યો. આગળનો પંથ જોવા માટે બધી દિશાઓમાં મોકલેલા માણસોએ આવી કુમારને કહ્યું; 'તમારો આદેશ લઈ અમે દૂર ગયા ત્યાં એક અપૂર્વ તળાવ જોયું. અમે તેને કાંઠે આવ્યા. ત્યાં વનમાં એક કન્યાને ઝાડની ડાળીએ ઝૂલતી જોઈ. અમે નજીક ગયા તો દૂર નાસી ગઈ તેથી અમે તેને ઓળખી શક્યા નહીં. તે ખેચરીની જેમ વનમાં ગાયબ થઈ ગઈ. અમે વનમાં તેને ઘણી શોધી પણ ક્યાંય જોઈ નહીં.' એ વાત સાંભળી કુમાર પેલા માણસોને લઈને તે તરફ ચાલ્યો.

ગહન વનમાં કન્યાને જોઈ કુમારે વિચાર્યું, 'આ દેવાંગના મુનિના શાપથી અહીં આવી પડી લાગે છે. નહીં તો આવી કન્યા અહીં ન હોય.' તેના રૂપથી મોહ પામેલો કુમાર સૈન્યસહિત આઘેરો ચાલ્યો. એટલે કટકનો કોલાહલ સાંભળી કન્યા નાઠી. કામબાણથી ઘવાયેલો કુમાર કન્યાની શોધમાં વનમાં ફરવા લાગ્યો, પણ કન્યાને ન જોઈ. કુમારે આગળ જતાં ઉત્તુંગ તોરણવાળું એક દેવાલય જોયું. કુમાર એ દેવાલયમાં કન્યા હશે એમ વિચારી તેમાં પ્રવેશ્યો, તો તેણે ત્યાં આદિનાથની પ્રતિમા જોઈ. પોતાની જાતને ધન્ય માનતા તેણે વનફૂલથી પ્રતિમાની પૂજા કરી. એટલામાં જટાધારી એક વૃદ્ધ તાપસ કન્યાને સાથે લઈ ત્યાં આવ્યો. કન્યાએ કનકરથને જોઈ વિચાર્યું કે આ ઇંદ્ર હશે કે ચંદ્ર હશે કે કામદેવ હશે ? કુમારે તાપસને વંદન કર્યાં. તાપસે 'ચિરંજીવ હો' એવી આશિષ દીધી અને કુમારનાં નામઠામ અને કુળ પૂછ્યાં. તે બધું

કહ્યા પછી કુમારે કન્યાના મુખ સામે જોઈ તાપસને પૂછ્યું; 'આ કન્યા કોણ છે? આ દહેરું કોનું છે? તમે કોણ છો?' તાપસે કહ્યું; 'એ વાત લાંબી છે. એ માટે હું પૂજા ભણીને પાછો આવું ત્યાં સુધી ઊભો રહે.' પછી ઋષિ પેલી કન્યા સહિત દેવગૃહમાં ગયા અને દેવ પૂજી પાછા આવ્યા. વળી, કુમાર કન્યાની સામે જોવા લાગ્યો.

૨. તાપસે વાત કહેવા માંડી : 'વત્સ, મંત્રસંજ્ઞા નામની નગરી હતી. ત્યાં હરિષેણ રાજાને પ્રિયદર્શના નામે રાણી હતી. તેને અજિતસેન નામે પુત્ર હતો. એક વખત રાજા ઘોડા ખેલવવા વક્રશિક્ષિત ઘોડા પર બેસી નીકળ્યો. એવામાં ઘોડાએ રાજાનું અપહરણ કર્યું અને વનમાં લઈ ગયો. રાજાએ પણ ડહાપણ વાપરી વડની ડાળી પકડી લીધી. ઘોડો આગળ નીકળી ગયો. વડની ડાળીએથી ઊતરીને તરસ્યો થયેલો રાજા પાણીની શોધમાં વનમાં ફરવા લાગ્યો. એટલામાં તેણે એક તળાવ જોયું. ત્યાં તેણે પાણી પીધું. એવામાં વિશ્વભૂતિ નામે એક તાપસ ત્યાં આવ્યા.

રાજા અને ઋષિ પરસ્પરના કુશળ સમાચાર પૂછતા હતા એવામાં વનમાં કોલાહલ થતાં આશ્રમવાસી ઋષિએ કોલાહલ વિશે પૂછ્યું. રાજાએ પોતાનું લશ્કર તેની પાછળ આવ્યું હોવાનું વિચાર્યું. સર્વ સામંતોએ આવીને રાજાને પ્રણામ કર્યા. પછી તાપસે રાજાને એક માસ ત્યાં રાખ્યો. રાજાએ પણ તાપસની સેવા કરી. રાજાએ ત્યાં એક દેવાલય બંધાવ્યું. તેમાં આદિનાથ તીર્થંકરની જૈન પ્રતિમા મુકાવી. પછી રાજા પોતાના નગર તરફ જતો હતો ત્યારે તાપસે તેને વિષનિવારણ મંત્ર આપ્યો. રાજા પાછો આવી સુખેથી રાજ્ય ચલાવતો હતો. એક વખતે દ્વારપાલે આવી રાજાને વિનંતી કરી, 'સ્વામી, મંગલાવતી નગરીના પ્રિયદર્શન રાજા અને વિદ્યુત્પ્રભા રાણીની પુત્રી પ્રીતિમતિને સર્પે ડંખ દીધો છે. તેનું ઝેર ઊતરતું નથી. રાજાએ અમને તમારી પાસે મોકલેલ છે. તેને જીવતદાન મળે એવું કંઈક કરો.' હરિષેણ રાજાએ ત્યાં જઈ તત્કાળ પ્રીતિમતિને વિષમુક્ત કરી. પ્રિયદર્શન રાજાએ પોતાની કન્યા હરિષેણ સાથે પરણાવી.

કેટલોક સમય રાજ્ય ચલાવી, પુત્રને રાજ્ય આપી હરિષેણે વિશ્વભૂતિ તાપસ પાસે પ્રિયાસહિત દીક્ષા દીધી. પછી બંને શીલ વ્રત પાળવા લાગ્યાં. એવામાં પ્રીતિમતિને લજ્જાકારક એવો પાંચ માસનો ગર્ભ પ્રગટ થયો. રાજાએ કારણ પૂછ્યું. પ્રીતિમતિએ કહ્યું; "દીક્ષા પહેલાં જ ગર્ભ રહ્યાની મને શંકા હતી. પણ મને થયું કે જો હું કહીશ તો વ્રતમાં અંતરાય થશે. તેથી મેં ન કહ્યું." રાજાએ પ્રભાત થતાં બીજે ચાલ્યા જવા વિચાર્યું. સવાર થતાં જોયું તો એકેય તાપસ વનમાં નહોતો.
તેથી તે બંને વ્યથિત થયાં. એવામાં એક તાપસને જતો જોઈ હરિષેણે તેને પૂછ્યું; "આજ વન સૂનું કેમ લાગે છે?" ઋષિએ કહ્યું; 'તમારાં કુકર્મો જોઈ સર્વ તાપસ ચાલ્યા ગયા.' પછી રાજા ત્યાં જ રહ્યો. સમય જતાં પ્રીતિમતિએ અતિ રૂપવાન દીકરીને જન્મ આપ્યો. તેને ઋષિદત્તા એવું નામ આપ્યું. પછી માતા અવસાન પામતાં પિતાએ તેને ઉછેરીને આઠ વર્ષની કરી. રાજાએ વિચાર્યું કે આ રૂપવતી પુત્રીને વનચરો, ભીલો વગેરે ઉપદ્રવ કરશે. આથી તેણે તેની આંખમાં અદૃશીકરણ અંજન આંજ્યું, જેને પ્રભાવે ઋષિદત્તાને કોઈ જોઈ ન શકે. વાત પૂરી કરતાં તાપસે કહ્યું કે એ હરિષેણ રાજા તે હું પોતે. ઋષિદત્તાને તેં જોઈ એ એક વિરલ અકસ્માત હતો.

પછી કનકરથકુમાર અને ઋષિદત્તાના પરસ્પર સ્નેહભાવને જાણી તાપસે કન્યાનું કુમાર સાથે પાણિગ્રહણ કરાવ્યું. કેટલાક દિવસ કુમાર તાપસ-આશ્રમમાં રહ્યો. ઋષિદત્તા પણ કુમારના સંસર્ગે વનચરી મટી વિચક્ષણ, ડાહી થઈ ગઈ. પછી પુત્રી-જમાઈને જાણ કરી ઋષિએ વૈરાગ્યભાવે અગ્નિપ્રવેશ કર્યો. તે વેળા ઋષિદત્તાએ ઘણો વિલાપ કર્યો.

કુમાર પોતાનું કટક લઈ ઋષિદત્તા સાથે પોતાના નગર તરફ જવા નીકળ્યો. જતાં જતાં ઋષિદત્તા માર્ગમાં જલ્દી ઊગી નીકળે તેવાં વૃક્ષોનાં બીજ આખે રસ્તે વેરતી ગઈ. તેઓ રથમર્દન નગર આવી પહોંચ્યાં. રાજા વગેરે તેનું રૂપ જોઈ વિસ્મયમાં પડી ગયાં.

ઋષિદત્તા પતિને પ્રિય બની અને સાસુ-સસરાનાં ચિત્તને આકર્ષ્યાં. રાજાએ કુમારને યુવરાજપદ આપ્યું.

૩. એવામાં કાવેરી નગરીમાં સુંદરપાણિ રાજાએ વાત સાંભળી કે પાણિગ્રહણ માટે નીકળેલો રાજકુમાર માર્ગમાં જ ઋષિની પુત્રીને પરણીને પાછો ગયો છે. રુક્મિણીએ પણ એ વાત સાંભળી. યૌવનના ઉન્માદમાં આવી વિચારવા લાગી, 'કોઈપણ ઉપાયે ઋષિદત્તાને અસુખ થાય તો હું કુમારનું પાણિગ્રહણ કરું.' તેણે સુલભા યોગિનીને તેડાવી. તે અનેક મંત્ર-તંત્ર-યંત્રની જાણકાર હતી. સુલસાએ તેને જે માગે તે આપવા કહ્યું, ત્યારે રુક્મિણીએ ઋષિદત્તાને કલંકિત કરવા અને કુમારને પોતાનો પતિ બનાવવાની માંગણી કરી. સુલસાએ રથમર્દન નગરીમાં આવી અંધકાર પ્રસરાવ્યો. અવસ્વાપિની વિદ્યા પ્રયોજી એક મનુષ્યને મારી નાખી, કુમારને ઘેર આવી, દુષ્ટબુદ્ધિથી ઋષિદત્તાના મુખને લોહીથી ખરડ્યું, અને માંસનો પિંડ તેની ગાંઠડીએ બાંધ્યો. સૂતેલી ઋષિદત્તાને આનો ખ્યાલ આવ્યો નહીં. એવામાં જેનો માણસ હણાયો હતો તે જાગી જતાં તેણે કોલાહલ મચાવ્યો એટલે કુમાર જાગી ગયો. પેલા પુરુષની વાત સાંભળી; કુમારે ઋષિદત્તાનું મુખ જોયું તો તે

લોહીથી ખરડાયેલું હતું અને વસ્ત્રને છેડે માંસનો પિંડ હતો. કુમારના ચિત્તમાં શંકા ઊપજી કે અગાઉ સાંભળ્યું હતું તે મુજબ આ સ્ત્રી રાક્ષસી તો નહીં હોય ? પરંતુ એવું સંભવિત નહીં હોવાનું પણ તેણે વિચાર્યું. પછી કુમારે તત્કાળ તેને જગાડીને પૂછ્યું, તેં આજે રાત્રે એક પુરુષને માર્યો હોવાના મને કોઈએ સમાચાર આપ્યા છે. તારું મુખ લોહીથી ખરડાયેલું છે અને ઓશીકે માંસપિંડ મૂકેલો છે. તો કહે, તું મુનિપુત્રી છે કે પછી કોઈ રાક્ષસી ? જે પ્રત્યક્ષ છે તેને સાચું કેમ ન માનવું ?' પતિનાં આવાં વચન સાંભળી ડરતી ઋષિદત્તાએ કુમારને કહ્યું; 'સ્વામી, બાળપણમાં જો મેં માંસની સ્પૃહા કરી હોત, તો આજે ઇચ્છા થાત. પણ જે વાત મુખથી પણ ઉચ્ચારી શકાય એવી નથી તે સંભવિત કેમ બને ? કોઈ વેરીનું આ કામ છે અથવા મારાં પૂર્વજન્મનાં કર્મોનું ફળ ભોગવું છું. અને જો કદાચ અવિશ્વાસ હોય તો ઘટસર્પ લાવી આપો તેથી પ્રતીતિ કરાવી આપું.' પછી કુમારે તેને નિર્દોષ હોવાનું કહ્યું. તેણે પોતાને હાથે જ પ્રિયાના મુખને સાફ કર્યું.

આમ, રોજ રાત્રે સુલસા કોઈ પુરુષને હણી, અવસ્વાપિની વિદ્યાના બળથી કુમારના ઘેર આવી સૂતેલી ઋષિદત્તાના મુખને લોહીથી ખરડી, ઓશીકે માંસપિંડ મૂકી, જતી રહેતી. કુમાર રોજ પ્રિયાનું મુખ ધોઈ, પિંડને બહાર નાખી દેતો. એમ કરતાં ઘણો વખત વીત્યો. પેલી વાત ફેલાતી ફેલાતી રાજાના કાને પહોંચી. પછી રાજાએ પ્રધાનને બોલાવીને મનુષ્યહત્યાની વાત કરી. પ્રધાને હત્યારાને જાણવા પ્રયત્ન કર્યા હોવાનું અને તેનો પત્તો ન લાગવાનું કહ્યું. તેણે સર્વ પાખંડીઓને નગર બહાર કાઢવાનું કહ્યું. રાજાએ જૈનમુનિઓ સિવાયના સર્વ દર્શનીઓને કાઢ્યા. હવે પાપિણી સુલસા રાજા પાસે એકાંત માગી કહેવા લાગી; 'સ્વામી, આજે સ્વપ્નામાં આવી કોઈ કહી ગયું કે નિરપરાધ પાખંડીઓને રાજા શાથી કાઢી મૂકે છે ? કુમારે વનચરી ઋષિદત્તા આણી છે તેનાં જ આ કામ છે. અને જો માનવામાં ન આવતું હોય તો જાતે જઈને એ કૌતુક જુઓ." એ પછી રાજાએ સુલસાને જવા દીધી. તે રાત્રે રાજાએ કુમારને પોતાની પાસે રાખ્યો અને ઋષિદત્તાની પાસે ગુપ્તચર મૂક્યા. આથી કુમારે વિચાર્યું; 'આજે ઋષિદત્તા ખુલ્લી પડી જશે તો શું કરીશ ? એક તરફ પિતાનો આદેશ અને બીજી તરફ પ્રિયાનું દુ:ખ.' તે મહાસંકટમાં પડી ગયો.

સુલસાએ અવસ્વાપિની વિદ્યાના બળથી પુરુષને હણી ફરીથી ઋષિદત્તાને ઓશીકે માંસપિંડ મૂક્યો. રાજાને ગુપ્તચરે તે વાત કહી. રાજાએ કુમારને ઠપકો આપતાં કહ્યું; 'અરે, પુત્ર, સ્ત્રીના આવા આચાર જાણવા છતાં તેને ઘરમાં રાખે છે ? રાક્ષસીને તેં તારા ઘરમાં રાખી મારા કુળને કલંક લગાવ્યું છે.' કુમારે રાજાને પગે લાગી કહ્યું; 'કોપ ન કરો. આ કોઈ દુષ્ટનું કામ છે.' આ સાંભળી રાજાને ક્રોધ ચઢ્યો, તે કહેવા લાગ્યો; 'અરે, પુત્ર, તું ન માનતો હોય તો જઈને જો.' પછી રાજાના આદેશથી કનકરથે નિરાશ વદને ઋષિદત્તા પાસે આવી કહ્યું, 'હે પ્રિયે, તારાં પૂર્વકર્મો ઉદય આવ્યાં છે. હવે શું કરીશું ? તારી ઉપર રાક્ષસીનું કલંક સુલસા યોગિનીએ ચડાવ્યું છે. આજે રાજાના ગુપ્તચરે રુધિરથી ખરડાયેલા મુખવાળી તને જોઈ.'

પછી રાજાએ ઋષિદત્તાને ચોટલે ઝાલી પકડી લાવવા નગરરક્ષકને કહ્યું. તેને નગરમાં ફેરવી, પ્રેતવનમાં લઈ જઈ મારી નાખવા આદેશ આપ્યો. નગરરક્ષકોએ એ પ્રમાણે કરવા માંડ્યું એટલે કુમારે ગળે ફાંસો ખાવા માંડ્યો. રાજાએ તેને રોક્યો. કુમાર વિલાપ કરવા લાગ્યો. નગરરક્ષકોએ ઋષિદત્તાને ગધેડે બેસાડી નગરમાં ફેરવી નગર બહાર કાઢી મૂકી ત્યારે તે મૂર્છિત થઈ ગઈ. તેથી નગરરક્ષકોએ માન્યું, 'બેય વાના થયાં, અમને સ્ત્રીહત્યા ન લાગી અને રાજાનો આદેશ પણ પળાયો.' ઋષિદત્તાને ત્યાં જ છોડી દઈ નગરરક્ષકો પોતાને ઘેર ગયા.

૪. બેભાન થયેલી ઋષિદત્તા જાગી. ચારે બાજુ જોયું તો કોઈ ન જણાયું, ઋષિદત્તા પિતાના આશ્રમે આવી રોતી રોતી બોલવા લાગી; 'હે પિતાજી, તમે મને એક વાર દર્શન આપો. અગાઉ હું આ તાપસવનમાં રહેતી હતી. હવે પાછું એ જ તપોવન મારું શરણ બન્યું. આ વનમાં હું શીલ કેવી રીતે પાળીશ ?' આમ વિચારતાં તેને સ્ત્રી પુરુષ થઈ જાય એવી ઔષધિ પોતાના પિતાએ દર્શાવી હોવાનું યાદ આવ્યું. તે ઔષધિ લઈ તેને કાને બાંધી. તત્કાળ તે પુરુષરૂપ થઈ ગઈ. તાપસના વેશે ઋષિદત્ત નામ ધારણ કરીને તે ત્યાં રહી.

હવે કુમાર પ્રિયાના વિરહથી શૂન્યચિત્ત થઈ ફરવા લાગ્યો. તે પછી સુલસાએ રુક્મિણી પાસે જઈને પોતાની કાર્યસિદ્ધિની જાણ કરી. કાવેરીપતિએ રથમર્દન નગરીના હેમરથ રાજા પાસે એક દૂતને મોકલી પુછાવ્યું કે કયા કારણે તેનો પુત્ર હજી સુધી કુમારીના પાણિગ્રહણ માટે નથી આવ્યો ? આ સંદેશો મળતાં રાજાએ પુત્રને મનાવવાના પ્રયત્નો કર્યા. પિતાની આજ્ઞા માની કનકરથ રુક્મિણીના પાણિગ્રહણ માટે ચાલ્યો. માર્ગમાં ઋષિદત્તાની સાથે જ્યાં લગ્ન કર્યાં હતાં તે સ્થાન આવતાં તેને બધું પરિચિત લાગ્યું. ત્યાં ઋષિદત્ત તાપસે કુમારને ફળફૂલ આપ્યાં. કુમારે પણ તેના સ્નેહભાવથી પ્રસન્નતા અનુભવી.

ઋષિદત્તાના મનમાં થયું, 'કનકરથનાં લક્ષણ જોતાં તે રુકિમણીના પાણિગ્રહણ માટે જતો હોય એમ લાગે છે. હું મારું અસલ સ્વરૂપ પ્રગટ કરું, પણ હમણાં નહીં.' પછી કુમાર તાપસને સાથે લઈ કટકમાં આવ્યો. કુમારે ઋષિને આશ્રમ વિશેનો વૃત્તાંત પૂછ્યો.

મુનિએ કહ્યું; 'અગાઉ આ આશ્રમમાં હરિષેણ મુનિ હતા. તેની પુત્રી ઋષિદત્તા સાથે કોઈ રાજપુત્રે પાણિગ્રહણ કરેલું. તે પછી ઋષિએ અગ્નિપ્રવેશ કર્યો. હું તીર્થયાત્રામાં ભ્રમણ ભમી અહીં આવ્યો અને પાંચ વરસથી અહીં રહું છું.' બંને વચ્ચે મૈત્રીભાવ થયો.

કુમારે મુનિને પોતાની સાથે આવવા કહ્યું. તેણે ના પાડી, પણ કુમારે ભારે આગ્રહ કરીને ઋષિદત્ત મુનિને સાથે લીધા. બંને આનંદપ્રમોદ કરતા કાવેરી નગરી આવ્યા. કાવેરીપતિને કનકરથ આવ્યાની વધામણી આપવામાં આવી. શુભમુહૂર્ત જોઈ કુમારે રુકિમણીનું પાણિગ્રહણ કર્યું.

**૫.** એક વખત રુકિમણીએ કુમારને પૂછ્યું; 'હે સ્વામી, પહેલાં જે ઋષિદત્તાની સાથે લગ્ન કર્યાં હતાં તે એવી કેવી રૂપાળી હતી કે તને વશ કરી લીધો ?' આંખમાં આંસુ સાથે કુમારે કહ્યું, 'વિશ્વમાં જેટલી સ્ત્રી છે તે તેના પગની રજ સમાન છે. તેના વિરહનું દુઃખ વીસરવા મેં તારું પાણિગ્રહણ કર્યું છે.' એ સાંભળી રુકિમણીએ તેને કહ્યું, 'મેં જ તારા મનમાંથી ઋષિદત્તાને ઉતારી. સુલસા યોગિનીને મોકલી મેં જ તેની ઉપર કલંક ચડાવ્યું'. 'આ રીતે ઋષિદત્તા ખરેખર નિર્દોષ હોવાનું અને રુકિમણીના તરકટનો ભોગ બની હોવાનું જાણીને પાપનું પ્રાયશ્ચિત્ત કરવા કુમારે અગ્નિપ્રવેશ કરવાનો નિશ્ચય જાહેર કર્યો અને ચિતા તૈયાર કરાવી. રાજા કુમારને તેમ કરતાં વારવા લાગ્યો. તે વેળા ઋષિદત્ત મુનિએ ત્યાં આવી તેને કહ્યું; તું જીવતો હોઈશ તો તારી પ્રિયા તને મળશે. તે હજી જીવતી પણ હોય.' ઋષિદત્તાને મુનિએ જોઈ હોય તો લાવી આપવા કનકરથે કહ્યું. તાપસ ત્યાંથી વિદાય થયા. પછી પડદા પાછળ જઈ મૂળ રૂપ ધારણ કરીને ઋષિદત્તા ત્યાં ઉપસ્થિત થઈ. સૌએ સતીનો જયજયકાર કર્યો. રુકિમણી તેની સમક્ષ દાસી સમાન લાગી. કાવેરીપતિ જમાઈને જીવતો જોઈ હર્ષ પામ્યો. સુલસા યોગિનીને નાક–કાન કાપીને દેશનિકાલ કરી. એક વાર કુમારે ઋષિદત્તાને કહ્યું, 'તને શોધવા મેં એક ઋષિને મોકલેલા તે હજી સુધી પાછા નથી ફર્યા, તેથી ચિંતા થાય છે.' ત્યારે ઋષિદત્તાએ પોતે ઔષધપ્રયોગથી કરેલા રૂપપરિવર્તનની વાત કરી. તેણે પોતાની જેટલું જ રુકિમણીને પણ સન્માન દેવા કનકરથને સમજાવ્યો. પછી કુમાર બંને પત્નીઓને લઈ પોતાને નગર પાછો ફર્યો.

કનકરથને રાજ્ય આપી રાજાએ દીક્ષા લીધી. કનકરથ પોતાનું રાજ્ય ચલાવતો હતો. કાળક્રમે ઋષિદત્તાએ એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ સિંહરથ રાખ્યું.

એકવાર નગરમાં પધારેલા સાધુની વંદના કરવા ગયેલી ઋષિદત્તાએ પોતાને રાક્ષસીનું કલંક કેમ લાગ્યું હતું તેનું કારણ પૂછતાં સાધુએ તેના પૂર્વભવનો વૃત્તાંત કહી તે દ્વારા ખુલાસો કર્યો.

[ આધાર : **'શીલોપદેશમાલા–બાલાવબોધ'** ઓગણત્રીશમી કથા ]

**'કખદધન'નું દૃષ્ટાંત** : કોઈ એક ગામમાં કોઈ એક ઝાડ નીચે રાતના દાવાનળ સળગ્યો હતો. એને લીધે ઝાડ પરના કાગડાઓ બળીને નીચે પડ્યા હતા. બીજે દિવસે ત્યાં આગળથી કેટલાક અણઘડ, ગામડિયા, ગમાર એવા ભૂખ્યા બ્રાહ્મણો પસાર થયા. તેમને તે કાગડા ખાવાનું મન થયું. પરંતુ તે ખવાય કે નહિ તે પૂછવા માટે તેઓ ગામમાં દેડના એક બ્રાહ્મણ ગુરુ પાસે ગયા. તે ગુરુ પણ સાવ અણઘડ અને અજ્ઞાન હતા. તેમને માત્ર બારાખડી સિવાય કશું આવડતું નહોતું. એટલે બ્રાહ્મણોની શંકાનું સમાધાન એમણે બારાખડીથી કર્યું. એમણે કહ્યું કે શાસ્ત્રમાં (બારાખડીમાં) "કખ" આવે છે. "ક" એટલે કાગડા અને "ખ" એટલે ખવાય. માટે કાગડા ખવાય. આથી તે બ્રાહ્મણો બળેલા કાગડા ખાવા માટે એકઠા કરવા લાગ્યા. એવામાં કોઈ, શાસ્ત્રનો જાણકાર, ડાહ્યો માણસ ત્યાંથી જતો હતો. એણે બ્રાહ્મણોને ઠપકો આપ્યો. ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે 'અમે ખોટું કરતા નથી, કારણ કે ગુરુ મહારાજે અમને કહ્યું છે !' પેલા માણસે કહ્યું; 'એમ બને જ નહિ. ચાલો, તમારા ગુરુ પાસે.' પછી તેઓ ગુરુ પાસે ગયા. તે માણસે ગુરુને પૂછ્યું; 'કાગડા ખવાય એમ તમે કયા શાસ્ત્રના આધારે કહ્યું ?' ગુરુએ કહ્યું; "કખ" એટલે કાગડા ખવાય.' હવે આવા ગુરુ આગળ શાસ્ત્રની વાત કરવી નકામી છે, એમ પેલા માણસને લાગ્યું. પરંતુ ગુરુના જ જ્ઞાનથી આ પાપ જો અટકાવી શકાય તો સારું એમ એને લાગ્યું, અને ગુરુનું જ્ઞાન બારાખડી જેટલું હતું. પેલાં માણસે તરત વિચાર કરી કહ્યું; 'ગુરુ મહારાજ, આપની વાત સત્ય છે. ક એટલે કાગડા અને ખ એટલે ખવાય. પણ શાસ્ત્રમાં (બારાખડીમાં) દ...ધ ..ન એ પ્રમાણે આગળ આવે છે. એનો અર્થ એ કે 'દગ્ધ નહિ.' એટલે 'બળી ગયેલા ન ખવાય.' ગુરુએ કહ્યું; 'હા, એ વાત સાચી. બળેલા ન ખવાય'. ગુરુએ બ્રાહ્મણોને એ કાગડા ખાવાની ના પાડી. આ રીતે, જે માણસ જે રીતે સમજતો હોય તે રીતે સમજાવવાથી કેટલીક વાર તાત્કાલિક કામ થાય છે.

[આધાર : **'જંબૂસ્વામી રાસ'** બીજો અધિકાર, છઠ્ઠી ઢાળ, ૧૭૪મી કડીમાં આ દૃષ્ટાંતનો કુબેરસેનાએ કહેલી કથામાં નિર્દેશ છે.]

**૯. કણબીકુળની ઉત્પત્તિ (=ભાભારામની વાર્તા) સિંહાસનબત્રીસી,** ઓગણીશમી કથા) : ફરી પાછો ભોજ રાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો. ત્યારે સિંહાસન પર રહેલી પ્રદ્યુમ્ના નામની ઓગણીશમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. કણબીનું મહત્ત્વ અને ઉત્પત્તિકથા :** એકવાર વિક્રમ રાજાએ ઉજ્જેણીમાં વસતા અઢારેય વર્ણના વાસ જોવાનું વિચાર્યું. બ્રાહ્મણ, વાણિયા, ક્ષત્રિય વગેરે વિવિધ વર્ણના વાસ જોયા પછી તેણે કણબીવાસમાં એ લોકોનું કઠોર જીવન જોયું. વિક્રમે પંચાણું વરસના ભાભારામ કણબીને પૂછતાં તેણે સૌ વર્ણો ખેડૂત પર અવલંબિત હોવાનું દર્શાવીને કણબીને બારેય માસ પડતા કષ્ટનો ચિતાર આપ્યો. તેણે કણબીની ઉત્પત્તિ અને તેનામાં પ્રચલિત નાતરાપ્રથાનાં મૂળને લગતી કથા કહી. શક્તિ દ્વારા થયેલી બ્રહ્મા, વિષ્ણુ અને શિવની ઉત્પત્તિ, બ્રહ્માએ કરેલું સૃષ્ટિનિર્માણ અને મનુષ્યયોનિને જીવાડવા કણનું તથા કણ ઉત્પન્ન કરનાર કણબીનું સર્જન, કણબીનો વંશ ટકી રહે તે માટે તેમનામાં નાતરાની પ્રથાની સ્થાપના અને કણબીનો મહિમા એ બધું કહ્યું.

**૨. મોક્ષપ્રાપ્તિના ઉપાયની ખોજ :** વિક્રમે પોતાની પાસેથી કશુંક માગવાનો તેને આગ્રહ કર્યો એટલે ભાભારામે પોતાને મોક્ષ અપાવવા કહ્યું. મોક્ષમાર્ગ વિશે પંડિતોને પૂછતાં તેમણે સૃષ્ટિમાં અનેક રૂપે વ્યાપેલા ઈશ્વરસ્વરૂપની વાત કરી. મોક્ષપદવી મેળવવાનો ઉપાય પૂછવા વિક્રમને હરસિદ્ધ માતાએ ઈંદ્ર પાસે મોકલ્યો. ઈંદ્ર ધર્મરાજાને પૂછવા ગયો. ધર્મરાજાએ પાપના ફળરૂપે નરકનું વર્ણન કર્યું. અને મોક્ષમાર્ગ પૂછવા તે બ્રહ્મા પાસે ગયો. બ્રહ્મા બ્રહ્મલોકનો અધિકારી કોણ થાય તે જણાવીને મોક્ષમાર્ગ પૂછવા વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુ વૈકુંઠનો અધિકારી કોણ થાય તે જણાવીને મોક્ષમાર્ગ પૂછવા શિવ પાસે ગયા. શિવે કૈલાસનો અધિકારી કોણ થાય તે જણાવીને જીવ ફીટીને શિવ થવાના ઉપાય તરીકે (૧) સમદૃષ્ટિ કેળવવી, (૨) સત્ય આચરવું અને (૩) કાશીવાસ, એટલાં વાનાં બતાવ્યાં. વિક્રમને આ જાણકારી પહોંચી. તેણે ઈંદ્ર દ્વારા ધર્મરાજા પાસેથી જાણ્યું કે ભાભારામનું સાત દિવસ પછી એકાદશીને દિવસે મૃત્યુ થશે. આટલું જાણીને વિક્રમ ઉજ્જેણીમાં પાછો આવ્યો.

**૩. ભાભારામનો કાશીમાં દેહાંત અને મુક્તિપદની પ્રાપ્તિ :** ભાભારામ તાવગ્રસ્ત હતો. વિક્રમ તેને જોવા ગયો. ભાભારામને પોતાનો અંતકાળ નજીક દેખાયો. તેની પત્ની રામાદેએ તેની પાછળ સતી થવાનો પોતાનો નિર્ધાર જણાવ્યો. વિક્રમે ભાભારામને કાશી પહોંચાડ્યો, ગંગાસ્નાન કર્યા પછી તેનો દેહ પડ્યો. રામાદે સતી થઈ. બંને મુક્તિ પામ્યાં. તે વેળા આકાશવાણી થઈ: એકવીશમી પેઢીએ ગુજરાતમાં ભાભારામ નામનો પુત્ર થશે અને પછી તે લોકોમાં દેવ તરીકે પૂજાશે. કથા સમાપ્ત કરતાં કહ્યું કે આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.

આ કથા ભોજ રાજાને કહીને પ્રદ્યુમ્ના પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી'** ઓગણીશમી કથા]

**કનકરથ રાજા અને મતિસાગર મંત્રી (અસંભવિત બનવા પર દૃષ્ટાંતકથા) (અંબડ વિદ્યાધરમાં** આવતી દૃષ્ટાંત કથા) : કનકાવતી નગરીમાં કનક રાજા. ચંદ્રમુખી રાણી. મતિસાગર મંત્રી. એની પત્ની ચંપાવતી, ચંદ્રમુખી અને ચંપાવતી બંને ગર્ભવતી થઈ. પુત્રપુત્રીઓ જન્મે તો તેમને એકબીજા સાથે પરણાવવાનું રાજાએ મંત્રીની સાથે નક્કી કર્યું. એ વાત ગુપ્ત રખાઈ મંત્રીએ પોતાની પત્નીને વાત કરતાં તે આનંદ પામી. બંનેને ત્યાં પુત્રી જન્મી પણ મંત્રીએ પુત્રીને પુત્ર તરીકે જાહેર કરી અને તેને મદનકુમાર તરીકે ઉછેરી. રાજાએ મંત્રીને વિવાહ અર્થે બોલાવ્યો, મંત્રીએ ઇન્કાર કર્યો, પણ રાજાએ આગ્રહ રાખ્યો. પછી મદનકુમારને ભૂમિગૃહમાં ગુપ્ત રાખીને અભ્યાસ કરાવવામાં આવ્યો. રાજકુમારીએ પણ અભ્યાસ કર્યો. અગિયાર વર્ષે રાજકુમારીને મદનકુમાર સાથે પરણાવી.

એકવાર રાજ્યના પૂર્વ વિભાગમાં પ્રવેશેલ શત્રુને હરાવવા રાજા ગયો. શત્રુને હરાવીને તે ત્યાં જ રહી ગયો. પોતાના પરિવારને તેણે ત્યાં બોલાવી લીધો. પછી રાજકુમારીને તેને સાસરે – એટલે કે મંત્રીને ઘરે વળાવી. એ ત્રણ વાર ત્યાંથી આવ્યા–ગયા બાદ પાછી આવી ત્યારે માતાએ પૂછતાં પુત્રીએ પોતે પતિસુખથી વંચિત હોવાનું જણાવ્યું. રાજારાણીને જમાઈ નપુંસક હોવાની શંકા ગઈ. પરીક્ષા કરવા બીજી પુત્રીના લગ્નપ્રસંગે જમાઈને તેડવા માણસો મોકલ્યા. મંત્રી મૂંઝાઈ ગયો. પણ ચંપાવતીએ હિંમત આપી. મંત્રી સપરિવાર જ્યાં કનક રાજા હતો ત્યાં આવી પહોંચ્યો.

રાજા કનકે જમાઈને જમવા તેડ્યો. આ પ્રસંગે મતિસાગર મૂંઝાઈ ગયો. આખરે મદનકુમારે આ માટે

એક યુક્તિ-પ્રપંચ રચી કાઢયો. પૂર્વનિર્ધારિત સવારો દ્વારા અચાનક સહાય માટે પોકાર પડાવી પોતે વનમાં નાસી જઈ જળમાં પડી આપઘાત કરવો, જેથી પરિવારની શાખ જળવાઈ રહે અને રાજકોપથી બચી જાય. આ માટે પિતાને તેણે મનાવી લીધા

રાજારાણીએ જમાઈની પરીક્ષા માટે તે સ્નાન કરવા બેસે ત્યારે દાસીઓને ટીખળને બહાને એની પોતડી ખેંચી કાઢી નગ્ન કરીને તેના પુરુષત્વની ખાતરી કરવા ગોઠવણ કરી. પણ જ્યારે તેને સ્નાન કરવા બેસાડવામાં આવ્યો ત્યારે મંત્રીએ પહેલેથી કરી રાખેલી ગોઠવણ પ્રમાણે "દોડો, દોડો"નો પોકાર પાડવામાં આવ્યો. મદનકુમાર સ્નાન કરવાનું છોડી તત્કાલ શત્રુનો સામનો કરવા સજ્જ થઈ ઘોડા પર ચઢી રવાના થયો. સૈન્ય પણ એની પાછળ ગયું. મદનકુમાર વનમાં એક ગુફામાં પેઠો. ત્યાં તેણે જાણે કે દેવસભામાં નાચ થતો હોય એવું દૃશ્ય જોયું ! એટલે તે સમીપમાં ગયો. દેવે તેને "નરરાજા" તરીકે સંબોધી આવકાર્યો. પણ પછી જ્ઞાનબળે તેણે જાણ્યું કે આગંતુક તો નરવેશધારી નારી છે. પોતાના વચનની સિદ્ધિ માટે દેવે મદનકુમારને એવી "ચમત્કારી મૂળી" આપી કે જે એક હાથ ઉપર બાંધવાથી નારીનો નર બની જાય. પછી મદનકુમાર નરસ્વરૂપે નગરમાં આવ્યો. અને સર્વ બીના માતાપિતાને જણાવી.

'સ્નાન કરતી વખતે દાસીઓએ એની પોતડી ખેંચી કાઢી તેના પુરુષરૂપની ખાતરી કરી.' એ સમાચાર રાણીને આપ્યા. તેણે પુત્રીને તેડાવી જમાઈને વગોવવા માટે ઠપકો આપ્યો. રાજાએ પોતાની બીજી પુત્રીનો વિવાહ પણ મદનકુમાર જોડે કર્યો.

[સંદર્ભ : **અંબડ (વિદ્યાધર** ઘટક : ૩.૧]

**કન્યાને અનુરૂપ વર—ચારમાંથી કોને કયો અનુરૂપ ?** : એક ગામમાં એક બ્રાહ્મણકન્યા, ક્ષત્રિયકન્યા, વૈશ્યકન્યા અને શૂદ્રકન્યા નિત્ય વિષ્ણુપૂજન કરતી હતી. તેમણે પોતપોતાના પિતાને તેમને માટે વર ખોળવાની ના કહીને જણાવ્યું કે ભગવાન વિષ્ણુ પોતે જ તેમને યોગ્ય વર મેળવી આપશે. તેમની પૂજાથી પ્રભાવિત થઈ લક્ષ્મીએ વિષ્ણુને કન્યાઓની ઇચ્છા પૂરવા કરવા આગ્રહ કર્યો. એટલે વિષ્ણુએ એક દિવસે પોતાના મુખમાંથી એક પુરુષને ઉત્પન્ન કરીને આપતાં કહ્યું કે, એક જણ આને પરણજો. બાકીની કાલે આવજો. એ પ્રમાણે બીજે દિવસે છાતીમાંથી, ત્રીજે દિવસે હાથમાંથી અને ચોથે દિવસે ચરણમાંથી એક એક પુરુષ ઉત્પન્ન કરી તે કન્યાઓને આપ્યો.

આટલી કથા કહી વેતાળે પ્રશ્ન કર્યો, 'આ ચાર પુરુષમાંથી કયા પુરુષને કઈ કન્યા પરણી ?'

વિક્રમે ઉત્તર આપ્યો, "વિષ્ણુના મુખમાંથી જે પ્રગટ્યો તે બ્રાહ્મણ, છાતીમાંથી પ્રગટ્યો તે ક્ષત્રિય, હાથમાંથી પ્રગટ્યો તે વૈશ્ય અને ચરણમાંથી પ્રગટ્યો તે શૂદ્ર. એટલે એ કન્યાઓ પોતપોતાના વર્ણના પુરુષને પરણી.

[સંદર્ભ : **વેતાલપચીસી**–૨, ત્રેવીશમી કથા]

**કપટી રૂપધારી** : જુઓ, **સિંહાસનબત્રીસી–૨** કથાપીઠ, બીજું રૂપાંતર; **જુગારી દેવદાસ અને કૃપણ શેઠ, ધન્યકુમાર અને શાલિભદ્ર**, ઘટક ૨૦.

**કમળની વાર્તા** : જુઓ અદ્‌ભુત કમળ (**સિંહાસનબત્રીસી–૨**, ત્રીજી કથા)

**કર્પૂરમંજરી** : ૧. સિદ્ધપુરમાં સિદ્ધરાજ જયસિંહ રાજ્ય કરતો હતો. તે નગરના ઉજ્જયિની–દરવાજે રુદ્રમહાલયનું મંદિર હતું. તેમાં સલાટ ગંગાધરે આરસની એક સુંદર પૂતળી બનાવીને મૂકી હતી. સલાટ પહેલાં એકવાર સ્ત્રીરાજ્યમાં ગયો હતો ત્યારે તેણે ત્યાંની રાણી કર્પૂરમંજરીને જોઈ હતી. તેનાં દશેય અંગોનું રૂપ વિદ્યાબળે તાદૃશ કરીને તેણે આ પૂતળીમાં આરોપ્યું હતું. જોનારને એ પૂતળીના મુખ પર અનેક પ્રકારના હાવભાવ દેખાતા. સલાટે એના રૂપને લોકોત્તર બનાવ્યું હતું. જે કોઈ પુરુષ એની ઉપર દૃષ્ટિ માંડતો તે સત્વરે એના મોહપાશે બંધાઈ જતો.

ગંગાધરે સિદ્ધરાજ પાસે જઈને પૂતળી જોવા આવવા વિનંતી કરી પૂતળી જોઈને સિદ્ધરાજ એટલો બધો પ્રભાવિત થઈ ગયો કે તેણે એને પોતાની પટરાણીના સોળે શણગારે સજાવી

૨. કર્પૂરમંજરી પૂતળીની ખ્યાતિ દેશવિદેશમાં પ્રસરી ચંપા નગરીના રાજા ચંપકસેનના કુંવર રૂપસેને આ વાત સાંભળી, એટલે મંત્રી બુદ્ધિસેનના પુત્ર અને પોતાના મિત્ર સીંધલસીને સાથે લઈ, સાર્થવાહનો વેશ ધારણ કરી, રૂપસેન સિદ્ધપુર આવ્યો. મહારુદ્રને પ્રણામ કરીને રૂપસેન પૂતળી સમીપ જોવા ગયો. ભૂખ–તરસ ભૂલીને તે તેને જોવામાં તલ્લીન થઈ ગયો. આ સ્થિતિ જોઈને સીંધલસીએ પાસે જઈને એને મોહમાંથી જાગૃત કરવા પ્રયત્ન કર્યો, અને ચંપા નગરી પાછા જવા વીનવ્યો. પણ રૂપસેને ત્યાંથી ખસવાની જ ના પાડી. આમ ત્યાં રહેતાં નવ માસ વીત્યા.

૩. સીંધલસીએ તપાસ કરીને પૂતળીના ઘડનાર ગંગાધરને શોધી કાઢ્યો. એને મળતાં એણે જણાવ્યું કે દક્ષિણમાં રહેતા ગોવિંદ સુતાર પાસેથી મેળવેલી દિવ્યવિદ્યાના બળે તેણે પૂતળી ઘડી હતી. એટલું જાણી, "તમારા પિતાને તમારા સમાચાર આપવા જાઉં છું" એવે બહાને રૂપસેનની રજા લઈ, સીંધલસી ગોવિંદ સુતરને મળવા દક્ષિણ દેશ ગયો.

એક માસ પ્રવાસ કર્યા પછી સીંધલસી ચંદનપુર પહોંચ્યો. અંધ બની ગયેલા ગોવિંદ સુતારે પગલાંના અવાજથી એને ઓળખી લીધો. સીંધલસીએ રાજકુમાર રૂપસેનની સ્થિતિનું વર્ણન કરી તે કુંવરી રૂપસેનને કેવી રીતે મળે તેનો ઉપાય બતાવવા તેને વીનવ્યો. ગોવિંદ સુતારે સ્ત્રી-રાજ્યની રાણી કર્પૂરીમંજરી ઉપર એવી મતલબનો પત્ર લખી આપ્યો કે રૂપસેનકુમાર બત્રીસલક્ષણો હોઈ, રાણીએ તેની સાથે વિવાહ કરવા યોગ્ય છે

૪. પત્ર લઈને સીંધલસી સ્ત્રીરાજ્યમાં પહોંચ્યો અને કર્પૂરમંજરીને મળ્યો. પત્ર વાંચીને કર્પૂરમંજરીએ એની સાથે સિદ્ધપુર જવા તૈયારી કરી. સીંધલસી પાસે વનમાંથી ચંદનનાં લાકડાં મંગાવી એમાંથી એક ઊડતો યાંત્રિક ઘોડો બનાવ્યો. બંને જણ તેના પર બેઠા. કર્પૂરમંજરીએ મંત્ર ભણીને જળ છાંટ્યું એટલે ઘોડો આકાશમાં ઊડ્યો અને ત્રણ દિવસે સિદ્ધપુર આવીને ઊભો રહ્યો.

૫. સરસ્વતી નદીમાં સ્નાન કરી સોળ શણગાર સજી, કર્પૂરમંજરી તૈયાર થઈ, ત્યાં તેને યાદ આવ્યું કે પોતાનો મનગમતો એકાવલિ હાર તો તે સ્ત્રીરાજ્યમાં જ ભૂલી આવી છે. સાત દિવસમાં હાર લઈ પાછી ફરવાનો વાયદો કરી યાંત્રિક ઘોડા પર બેસીને તે પાછી પોતાના નગરે ગઈ. પછી ઘોડાને સુરક્ષિત સ્થાને મૂકવાનું દાસીઓને કહી તે મહેલમાં ગઈ. ઘોડાને જ્યાં દાસીઓએ રાખ્યો હતો ત્યાં અકસ્માત રાત્રે આગ લાગી. ઘોડાનું એક અંગ બળી ગયું. એકાવલિ હાર લઈને કર્પૂરમંજરીએ પોતાનો ઘોડો મંગાવ્યો, પણ તે તો હવે નકામો થઈ ગયો હતો. કોઈ બત્રીસલક્ષણો પુરુષ કાષ્ઠ ન લાવી આપે ત્યાં સુધી નવો ઘોડો બનાવી શકાય તેમ ન હતું.

આ તરફ સીંધલસીને ઘણી ચિંતા થવા માંડી. તે સ્ત્રીનો વિશ્વાસ કરીને પસ્તાયો. ફરી પાછો રૂપસેનની આજ્ઞા લઈને તે કર્પૂરમંજરીની તપાસ કરવા સ્ત્રીરાજ્યમાં જવા નીકળી પડ્યો. છ માસે કર્પૂરમંજરી પાસે પહોંચ્યો. તેની પાસે કાષ્ઠ મંગાવીને નવો ઘોડો બનાવી તેઓ સિદ્ધપુર પહોંચ્યાં.

૬. નગરના દ્વારમાં જ પ્રવેશ કરતાં કર્પૂરમંજરીને અપશુકન થયા. તે ઉપરથી તેણે સીંધલસીને જણાવ્યું કે હું નગરમાં પ્રવેશ કરીશ તો રૂપસેન ઉપર ચાર ઘાત આવશે. એ વાત સીંધલસી રૂપસેનને કહેશે તો તે પાષાણ બની જશે. એટલે તેને કહ્યા વગર ઘાત ટાળવાનો ઉપાય કરવાનો રહેશે. પછી બંને જણ રૂપસેન પાસે આવ્યાં, અને ત્રણેય ચંપાનગરી જવા નીકળ્યાં.

કુહાડા ગામ પાસે વડલો હતો. બન્ને કુમારો ઘોડો દોડાવતા તેની નીચેથી નીકળ્યા ત્યારે એની ડાળ ભાંગી પડી પણ કુંવર બચી ગયો

એમ કરતાં પોતાને ગામ સૌ પહોંચ્યા ત્યાં એક તેજીલો ઘોડો જોઈને રૂપસેનને તેના પર સવારી કરવાનું મન થયું, પણ સીંધલસીએ રૂપસેનને સમજાવી પાલખીમાં બેસાડ્યો અને ઘોડા પર બીજા માણસને બેસાડ્યો. ઘડીભરમાં તો એ ઘોડાએ પેલા માણસને ખાઈમાં પાડી દઈ તેનું મોત નીપજાવ્યું. પછી કુંવરે પોતાની અપરમા પાસે જઈ તેને પ્રણામ કર્યા. માતાની નજર બગડી અને તેણે કુંવરને વિષના લાડુ પીરસ્યા. ત્યાં સીંધલસીએ આવીને કહ્યું, 'સ્વામી, તમે મને મૂકીને જમશો ?" કુંવરે બધા લાડુ એને આપી દીધા. સીંધલસી લાડુ ગાંઠે બાંધીને ગયો, અને એમ કુંવર બચી ગયો. કુંવરને ચોથી ઘાતથી બચાવવા કર્પૂરમંજરી અને રૂપસેન શયનગૃહમાં પહોંચ્યાં તે પહેલાં સીંધલસી આગળથી આવી માળિયા પર છુપાઈને બેઠો. બંને જણ નિદ્રાવશ થઈ ગયાં, તે વખતે સાંકળ ઉપરથી સાપને ઊતરતો સીંધલસીએ જોયો. સર્પ કુંવરને દંશ દેવા જાય, તેટલામાં તેણે તેને તલવારથી કાપી નાખ્યો. એના લોહીની છાંટ કર્પૂરમંજરીના સ્તન પર પડી. રખે તેને ઝેર ચડે એવા ડરથી સીંધલસી તે લોહી લૂછવા ગયો ત્યાં રૂપસેનની આંખ ઊઘડી ગઈ. ઉઘાડી તલવારે ઊભેલા સીંધલસીને જોઈને તેને શંકા પડી કે તે એને મારવા જ આવ્યો છે. સીંધલસી ત્યાંથી તરત ચાલ્યો ગયો.

૭. સવારમાં રાજાની આજ્ઞાથી સીંધલસીને બાંધીને રાજસભામાં લાવવામાં આવ્યો. પાસેના લોકોની વીનવણીથી સીંધલસીને મૃત્યુદંડ આપતાં પહેલાં તેને ખુલાસો કરવાની તક આપવામાં આવી. સીંધલસીએ કહ્યું, 'હું સાચી વાત કહીશ તો પથ્થરનો બની જઈશ, અને નહીં કહું તો રાજા મને મારશે. માટે હું સાચી હકીકત કહી દઉં છું.' એ પછી તેણે રૂપસેન પર આવી પડનાર ચારે ઘાતની વાત કર્પૂરમંજરી પાસેથી જાણીને પોતે તેને કેવી રીતે એ ઘાતોમાંથી ઉગાર્યો તે વર્ણવ્યું. એક એક ઘટનાનું વર્ણન પૂરું થતું ગયું, તેમ તેમ તે ક્રમે ક્રમે ઢીંચણ સુધી, કમર સુધી, ગળા સુધી અને પછી પૂરેપૂરો પથ્થરનો બની ગયો.

૮. આવું બનતાં રાજાને પોતાનો દોષ સમજાયો. પ્રાયશ્ચિત્ત કરવા રૂપસેન અને કર્પૂરમંજરી ચિતા પર ચડી બળી મરવા તૈયાર થયાં. વાજતેગાજતે સૌ સ્મશાને પહોંચ્યાં. એટલામાં સાંજ પડી ગઈ. રાત્રે ચિતા પર ચડવાનો નિષેધ હોવાથી સૌ મહાદેવના દેવળ પાસે રહ્યાં. તે વેળા કર્પૂર-મંજરીનો કરુણ વિલાપ સાંભળીને પાર્વતીનું હૈયું દ્રવ્યું. તેમણે

સીંધલસીને તેનું મૂળ રૂપ આપવા શંકરને વીનવ્યા. શંકરે વરદાન માગવાનું કહ્યું, એટલે દંપતી તેમને પગે લાગ્યાં અને સીંધલસી હતો તેવો બની રહે એવું વરદાન માગ્યું. શંકરે રૂપસેનને દેવળની પાછળ જઈ સીંધલસીને સાદ પાડવા કહ્યું. રૂપસેન દેવળ પાછળ ગયો, એટલે શંકરે અમીછાંટો નાંખ્યો અને સીંધલસીનો પાષાણનો દેહ માનવનો થઈ ગયો અને બધે આનંદમંગળ પ્રવર્ત્યો.

[આધાર : **કર્પૂરમંજરી**]

**કલિયુગનો પ્રભાવ (= વધુ મોટું પુણ્ય કયું ?) :** કલિયુગનો પ્રારંભ થવાનો હતો તે પૂર્વે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને ધર્મરાજા એ ચાર દેવો કલિયુગ પાસે આવ્યા, અને તેને કહ્યું, 'તારા રાજ્યમાં ધર્મનો ક્ષય થશે અને બધા પ્રકારના અધર્મનો જય થશે ત્યારે અમારું સ્થાન ક્યાં રહેશે ?' કલિયુગે કહ્યું, 'મારા રાજ્યમાં તરત દાન અને તરત ફળનો નિયમ છે.' તે વખતે પેલા દેવોએ એક કજિયાનું દૃશ્ય જોયું.

એક બ્રાહ્મણે પોતાનું ઘર એક વણિકને વેચ્યું. ખતપત્ર થઈ ગયું. પછી તે ઘરમાંથી એક સોનામહોર ભરેલો ચરુ મળી આવ્યો. વણિકે વિચાર્યું, 'આ ધન મારું ન કહેવાય. મેં તો માત્ર ઘર વેચાતું લીધું છે. આ ધન ઉપર મારો હક નથી.' એટલે તે ધન લઈને મૂળ ધણી બ્રાહ્મણને આપવા ગયો. બ્રાહ્મણે તે ધન લેવાની ના પાડી, કેમ કે ઘર ખરીદનારનો તેના પર હક ગણાય. આ વિવાદનો અંત આણવા તે બંને ન્યાતના પંચને એ ધન આપવા ગયા. તેમણે તે ન લીધું. એટલે તે ધન રાજાને સુપરત કરવા રાજસભામાં ગયા. રાજાએ પણ તે ધન લેવાની ના કહી. આખરે તે ધન એક શાહુકારના ઘરમાં અનામત લેખે દાટયું. આ ઘટના બન્યા પછી એક માસે કળિયુગ બેઠો. તેના પ્રભાવે પેલા વાણિયા, બ્રાહ્મણ, પંચ, રાજા અને શાહુકારની દાનત બગડી અને દરેકે એ ધનનો કબજો લેવાની ઇચ્છા કરી. અંદરોઅંદર લડવા લાગ્યા. એટલે કળિયુગ લવાદ બનીને આવ્યો અને સૌએ ધન સરખે ભાગે વહેંચી લેવું એવો ચુકાદો આપ્યો. એ ધન ખોદી કાઢવામાં આવ્યું પણ જુએ તો ધનના કોલસા બની ગયા. કળિયુગે દેવોને કહ્યું, 'જોયો મારો પ્રભાવ ! લોભ કરવા જતાં સૌએ ગુમાવ્યું'. પછી કળિયુગે પોતાના પ્રભાવનું બીજું એક દૃષ્ટાંત દેવોને બતાવ્યું. એક વાવમાં ચાર ચોર પાણી પીવા ગયા ત્યારે તેમને એક એક હજાર સોનામહોર ભરેલી ચાર કોથળી મળી. ખુશ થઈ તેમણે એક એક વહેંચી લેવાનું નક્કી કર્યું, અને બે ચોર ખાવા-પીવાનું લેવા બાજુના નગરમાં ગયા. ત્યાં તેમણે પેલા બે ચોરનો નિકાલ કરી સોનામહોરની બબ્બે થેલી વહેંચી લેવા વિચાર્યું. ઝેર ભેળવેલી મીઠાઈ લાવીને તેમને આપી એ બે તેમની બાજુમાં ઉનાળાની ગરમીથી થાકી ઊંઘી ગયા. મીઠાઈ ખાતાં બંને ચોરોએ પણ બબ્બે થેલી લેવાના લોભે ઊંઘતા ચોરનો ઘાત કર્યો. પછી ઝેર ચડતાં તે બંને પણ મર્યા. આ ઘટના બતાવી કળિયુગે દેવોને કહ્યું, 'જેવું કરે તેવું ભોગવે. મારા રાજ્યમાં થોડુંક દાન કરે તેને અનેકગણું પુણ્ય મળે.' પછી દેવો સ્વર્ગે ગયા. જતાં જતાં તેમણે પેલા મરણ પામેલા ચોરોને જીવતા કરવાની ઇચ્છા વ્યક્ત કરી. દેવોના ગયા પછી પેલી વાવ પાસે સુંદરીઓ આવી. તેમણે ચાર પુરુષોને મરેલા પડેલા જોયા અને તેમની બાજુમાં સોના-મહોર ભરેલી ચાર કોથળી જોઈ. તેમણે મરેલાને સજીવન કરી તેમને પરણવા ઠરાવ્યું અને તેમને જીવતા કરવા પોતપોતાનું પુણ્ય આપ્યું. એકે તીર્થયાત્રા કરી હતી તેનું, બીજીએ જપ કર્યાનું, ત્રીજીએ વ્રત કર્યાનું, ચોથીએ હંમેશાં સત્ય બોલ્યાનું પુણ્ય સમર્પિત કર્યું. ચારે ચોર જીવતા થયા. એક એક સુંદરી એક એક ચોરને વરી.

એટલી કથા કહી, પીઠે બાંધી શબને મૂંગાં મૂંગાં લઈ જતા વિક્રમ રાજાને શબમાં ભરાયેલા વેતાળે વિક્રમનો મૌન-ભંગ કરાવવા પ્રશ્ન કર્યો : 'કહે રાજા, કોના પુણ્યે એ ચાર મરેલા સજીવન થયા ?' વિક્રમે ઉત્તર દીધો, 'સત્યવાદી સુંદરીના પુણ્યે. એ પુણ્ય બીજાં બધાંથી ચડિયાતું.' એ સાંભળી 'શાબાશ, સત્યવાદી' એમ બોલી શબ ઊડીને ફરી સિદ્ધવડ ઉપર લટકી ગયું.

[આધાર : **વેતાલપચીસી-૨**, દસમી કથા]

**કળશની વાર્તા (= સિંહાસન બત્રીસી-૨,** અગિયારમી કથા) જુઓ **ચોરની ઓળખ**

**કાગડાનું જોડું અને કાળો નાગ** (બળથી ન થાય તે કળથી કરવા વિશે દૃષ્ટાંતકથા ( = **પંચાખ્યાન** ઘટક ૨.૫) : એક મોટા વડના ઝાડ ઉપર કાગડો અને કાગડી રહેતાં હતાં. તે વડની બખોલમાં રહેતો કાળો નાગ હમેશાં તેમનાં બચ્ચાંને ખાઈ જતો. આથી દુઃખી થયેલ કાગડીએ બીજે રહેવા જવા કાગડાને વીનવ્યો, પણ ચિરપરિચિત રહેઠાણ છોડવા કાગડો તૈયાર ન થયો. તેણે કશાક ઉપાયથી નાગનો કાંટો કાઢવા વિચાર્યું. તે માટે તે પોતાના મિત્ર શિયાળને ઉપાય પૂછવા ગયો. જે નિર્બળ હોય તે પોતાના બળવાન શત્રુનો પણ યુક્તિથી નાશ કરી શકે એ વિશે શિયાળે બગલા અને કરચલાનું દૃષ્ટાંત કહ્યું. (એ કથા માટે જુઓ આ કથાકોશમાં **'બગલો અને કરચલો'** એ દૃષ્ટાંતકથા). તે પછી શિયાળે કાગડાને એક યુક્તિ બતાવી. તે પ્રમાણે કરવા

કાગડો અને કાગડી એક રાજાની વાડીમાં પહોંચ્યાં. ત્યાં પોતાનાં ઘરેણાં કાંઠે ઉતારીને હોજમાં રાણી નહાતી હતી, ત્યારે કાગડી તેનો સોનાનો હાર ચાંચમાં પકડીને ઊડી અને વડમાં રહેતા નાગની બખોલમાં નાખ્યો. પછી તે દૂર જઈ બેઠી. હાર લઈને ઊડી જતી કાગડીની પાછળ દોડેલા રાજસેવકો એ વડ પાસે આવી પહોંચ્યા. બખોલમાં નાગને ભાળી તેને મારી નાખ્યો અને હાર લઈને તેઓ પાછા ફર્યા. પછી કાગડો–કાગડી સુખે રહ્યાં. [સંદર્ભ : **પંચાખ્યાન**, દમનકે કરટકને કહેલું દૃષ્ટાંત, ઘટક ૨.૫]

**કાદંબરી : ૧.** વેત્રવતી નદીને કાંઠે વિદિશા નગરીમાં શૂદ્રક નામનો રાજા રાજ્ય કરતો હતો. એક વખત એ દરબારમાં બેઠો હતો ત્યારે દક્ષિણ દેશમાંથી એક ચાંડાલકન્યા પોતાની સાથે એક સેવકને લઈને ત્યાં આવી. તે સેવકના હાથમાં પોપટનું પાંજરું હતું. સેવકે આવી શૂદ્રકને માટે પોતાના રાજવી તરફથી પક્ષીઓમાં રત્નરૂપ એવા પોપટની ભેટ ધરી. રાજાએ વૈશંપાયન નામના એ પોપટનો સ્વીકાર કર્યો, ત્યારે પોપટે 'જય જય' ઉચ્ચારી રાજાને નમસ્કાર કર્યા અને છંદમાં રાજાની પ્રશસ્તિ કરી. એ સાંભળી રાજાને આશ્ચર્ય થયું, પરંતુ વૃદ્ધ અમાત્યે પોપટ–મેના જેવાં ચતુર પંખી પ્રગટ વાણી બોલે તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી એમ કહ્યું. પોપટે આહાર લીધા પછી, રાજાને તેની પૂર્વકથા સાંભળવાનું કુતૂહલ થયું. પોપટને રાજસભામાં બોલાવ્યો. તેણે પોતાની જીવનકથા આ પ્રમાણે કહી :

**૨. વૈશંપાયન પોપટની આત્મકથા :** દંડકારણ્યમાં અગસ્ત્ય ઋષિના આશ્રમની પાસે પંપાસરોવરને કાંઠે આવેલ શીમળાના એક વિશાળ વૃક્ષની બખોલમાં મારાં માતાપિતા રહેતાં હતાં. મારા જન્મ પછી મારી માતા કષ્ટને કારણે મૃત્યુ પામી. વૃદ્ધ પિતા મારું પોષણ કરતા હતા. એકવાર પંખીના શિકારે ભીલો આવ્યા ત્યારે એક વૃદ્ધ ભીલે વૃક્ષના માળામાં રહેલાં અનેક બચ્ચાંઓને પકડી મારી નાખ્યાં. મારા પિતાને મારીને તેણે માળામાંથી નીચે નાખ્યા ત્યારે લપાઈને તેમના પગની વચ્ચે બેઠેલો હું પણ ભોંય પર પટકાયો. પેલો ભીલ પોતાનો શિકાર લઈને જતો રહ્યો. પછી તરસથી પીડાતો હું પાણી શોધવા લાગ્યો. એ વખતે ત્યાં નજીકના આશ્રમમાં રહેતા જાબાલિ ઋષિનો શિષ્ય હારીત બીજા ઋષિકુમારો સાથે સ્નાન કરવા ત્યાં આવ્યો. તેણે અનુકંપાથી મને ઉપાડી લીધો અને ઋષિના આશ્રમમાં લઈ ગયો. જાબાલિ ઋષિએ મને જોઈ કહ્યું, 'પોતાના પૂર્વજન્મનાં પાપને કારણે આની આવી દશા થઈ છે.' એ સાંભળી સૌને મારી કથની સાંભળવાનું કુતૂહલ થયું. ઋષિએ નિત્યકર્મ અને ભોજન પતાવી વાત શરૂ કરી.

**૩. વૈશંપાયનના પૂર્વભવનો વૃત્તાંત : ચંદ્રાપીડનો વૃત્તાંત :** પૂર્વે ઉજ્જયિની નગરીમાં તારાપીડ નામનો રાજા રાજ્ય કરતો હતો. રાજકાજનો બોજો પોતાના પ્રધાન શુકનાસ ઉપર નાખી રાજા આનંદપ્રમોદ માણતો. રાજા બધી વાતે સુખી હોવા છતાં અપુત્ર હોવાથી રાજારાણી દુઃખ અનુભવતાં હતાં. એક વાર પટરાણી વિલાસવતી મહાકાલનાં દર્શને ગઈ ત્યારે તેણે પુરાણીના મુખેથી સાંભળ્યું કે અપુત્રના પિતૃઓ નરકમાં પડ્યા રહે છે. એ સાંભળી વ્યથિત થયેલી રાણીને રાજાએ દિલાસો આપ્યો અને રાણી ધર્મકર્મમાં પ્રવૃત્ત રહેવા લાગી. એક વાર રાજાએ સ્વપ્નમાં પૂર્ણ ચંદ્રને રાણીના મુખમાં પ્રવેશ કરતો જોયો. પ્રધાન શુકનાસે પણ કોઈ શ્વેત-વસ્ત્રધારી પુરુષને હજાર પાંખડીવાળું કમળ પોતાની પત્ની મનોરમાના ખોળામાં મૂકતો જોયો. રાજાએ સ્વપ્નનો અર્થ શુકનાસને પૂછતાં તેણે રાજાને ત્યાં પુત્રજન્મ થશે એમ કહ્યું. દાસીએ રાણીને ગર્ભ રહ્યાની વધામણી રાજાને આપી. પૂરા માસે વિલાસવતીએ એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ સ્વપ્ન અનુસાર 'ચંદ્રાપીડ' રાખ્યું. શુકનાસની પત્ની મનોરમાએ પણ પુત્રને જન્મ આપ્યો. એનું નામ 'વૈશંપાયન' રાખ્યું. મોટા થતાં તેમના વિદ્યાભ્યાસ માટે વિદ્યાશાળા શરૂ કરવામાં આવી. ચંદ્રાપીડ અને વૈશંપાયન વચ્ચે અભ્યાસકાળ દરમિયાન ગાઢ મૈત્રી બંધાઈ. કુમારનો અભ્યાસ પૂરો થતાં તારાપીડે સેનાપતિ બલાહકને ઇંદ્રાયુધ નામનો ઘોડો આપીને કુમારને તેડી લાવવા મોકલ્યો. દૈવી ઘોડા પર બેસીને રાજકુમાર મિત્ર વૈશંપાયનની સાથે ઉજ્જયિની આવ્યો. રાણીએ ચંદ્રાપીડની પરિચર્યા માટે કુંતલ નરેશની રાજકુમારી પત્રલેખાને મૂકી. ચંદ્રાપીડ ઉંમરલાયક થતાં તેનો યુવરાજ તરીકે અભિષેક કરવામાં આવ્યો. એ વખતે શુકનાસે તેને ઉચિત શિખામણ આપી. એ પછી પ્રથા પ્રમાણે ચંદ્રાપીડ વૈશંપાયનની સાથે દિગ્વિજય કરવા નીકળ્યો. ત્રણ વર્ષમાં ચારે દિશાઓ પર વિજય મેળવી છેવટે કૈલાસની પાસે આવેલા કિરાતોના સુવર્ણ-પુર ઉપર પણ તેણે વિજય મેળવ્યો. કુમારે ત્યાં છાવણી નાખી.

૪. એક દિવસ ઇંદ્રાયુધ પર સવાર થઈને શિકારે નીકળેલા ચંદ્રાપીડે એક કિન્નરયુગલને જોયું. એની પાછળ પડેલો કુમાર સૈનિકોથી વિખૂટો પડી ગયો. કિન્નરયુગલ પર્વત પર ચડી જઈ અદૃશ્ય થયું. નિરાશ થયેલો રાજકુમાર પાછો વળ્યો. માર્ગમાં થાક અને તરસથી પીડાતો તે પાણી શોધવા લાગ્યો. તેણે અચ્છોદ નામનું એક સરોવર જોયું. ઘોડાને પાણી પાઈ પોતે સ્નાનવિધિ પતાવી કાંઠે એક શિલા ઉપર આરામ કરતો હતો ત્યાં તેણે કશેકથી આવતા આહ્લાદક સંગીતના સૂર સાંભળ્યા. ઇંદ્રાયુધ પર સવાર થઈ ચંદ્રાપીડ સંગીતની દિશામાં આગળ વધ્યો. ચતુર્મુખ મહાદેવના મંદિરમાં

એક સ્વરૂપવાન સ્ત્રીને વીણા વગાડતી તેણે જોઈ. કુમારને જોતાં તેણે તેનું સ્વાગત કર્યું. કુમારે નિર્જન સ્થળમાં તે એકલી કેમ રહેતી હતી તે પૂછતાં તે સ્ત્રી રડી પડી. પછી તેણે પોતાની કથની કહી :

**૫. મહાશ્વેતાનો વૃત્તાંત** : "સ્વર્ગમાં અપ્સરાઓનાં ચૌદ કુળ પ્રગટ થયાં હતાં. દક્ષ પ્રજાપતિની મુનિ અને અરિષ્ટા નામની બે કન્યાઓથી ગંધર્વોનાં બે કુળ ઉત્પન્ન થયાં. તેમાંથી મુનિ નામની કન્યાના ચિત્રરથ નામના પુત્રને ઇન્દ્રે ગંધર્વોનું મુખીપણું આપ્યું. તેણે હેમકૂટ પર્વતમાં નિવાસ કર્યો. અને 'ચૈત્રરથ' નામનું વન, અચ્છોદ સરોવર અને ચતુર્મુખ શિવાલયનું પણ નિર્માણ કર્યું. દક્ષની બીજી પુત્રી અરિષ્ટાને છ પુત્રો થયા. તેમાંથી હંસને મુખી તરીકે ચિત્રરથે મૂક્યો. ચંદ્રના કિરણમાંથી પ્રગટેલ કુળમાં જન્મેલ ગૌરીને હંસ સાથે પરણાવવામાં આવી. એ બંનેની પુત્રી તે હું. મારું નામ મહાશ્વેતા. એક વાર હું મારી સખી તરલિકાની સાથે અચ્છોદ સરોવરમાં સ્નાન કરવા જતી હતી ત્યારે માર્ગમાં ફૂલોની અદ્‌ભુત સૌરભ પ્રસરી હતી. મેં જોયું તો સામેથી આવતાં એક ઋષિકુમારે કાન પર કુસુમમંજરી પહેરી હતી, જેમાંથી એ સુગંધ આવતી હતી. એને જોઈ મારા મનમાં પ્રેમની સરવાણી ફૂટી. એ પણ મારા તરફ આકર્ષાયો. મેં એના સાથીદાર કપિંજલ પાસેથી ઋષિકુમાર વિશે જાણવા માગ્યું અને તેના કાન પરની કુસુમમંજરી ક્યાંથી મળી તે અંગે પ્રશ્ન કર્યો. કપિંજલે કહ્યું, 'મંદાકિની નદીમાં શ્વેતકેતુ નામના ઋષિ સ્નાન કરતા હતા ત્યારે સાક્ષાત્ લક્ષ્મીએ એના સંગની ઇચ્છા કરી અને ઋષિની દૃષ્ટિમાત્રથી લક્ષ્મીએ ગર્ભ ધારણ કર્યો. પુંડરીક એટલે કે કમળો વચ્ચે કુમારનો જન્મ થવાથી એનું નામ પુંડરીક પાડવામાં આવ્યું. નંદનવનની લક્ષ્મીએ તેને ભેટ આપેલ પારિજાતવૃક્ષની કુસુમમંજરી તે મારા આગ્રહથી અત્યારે કાન પર ધારણ કરી રહ્યો છે.' મહાશ્વેતાએ પોતાની વાત આગળ ચલાવતાં કહ્યું, 'પુંડરીકે એ કુસુમમંજરી મારા કાન ઉપર પહેરાવી એ વખતે મારા ગાલનો સ્પર્શ થતાં એ વ્યાકુળ થઈ ગયો. એની માળા જમીન પર પડી ગયાનો પણ એને ખ્યાલ ન રહ્યો. એ માળા ઉપાડી લઈ મેં મારા ગળામાં પહેરી લીધી. એ જોઈ એને અપાર આનંદ થયો. એટલામાં મારી માતા તરફથી તેડું આવતાં મારે એનાથી વિખૂટું પડવું પડ્યું. એ વખતે કપિંજલના કહેવાથી પુંડરીકે એની માળા પાછી માગી, પરંતુ મેં મારી મુક્તામાળા આપી જેનો એને ખ્યાલ ન રહ્યો. હું મારા પ્રાસાદની અટારીએ બેઠી હતી એ વખતે મારી સખી તરલિકાએ આવી પુંડરીકની પ્રેમપત્રિકા મને આપી. સાંજે કપિંજલે આવી પુંડરીકની રુદ્રાક્ષની માળા માગી અને તેની ઉત્કટ વિરહદશાનો મને ખ્યાલ આપ્યો. એ વખતે મારી માતા મારી તબિયત જોવા આવી તેથી કપિંજલ ઝડપથી ચાલ્યો ગયો. પુંડરીકના વિરહમાં હું પણ ઝૂરવા લાગી. તરલિકાએ પ્રેમના આવેગમાં કાંઈ ન કરી બેસું એ માટે મને શિખામણ આપી. હું પુંડરીકને મળવા નીકળી પડી. એના સ્થાન નજીક પહોંચતાં કોઈના ભારે કલ્પાંતનો સ્વર મારે કાને પડ્યો. મેં પાસે જઈને જોયું તો પુંડરીક શબ થઈને પડ્યો હતો અને કપિંજલ તેની પાસે બેસી કલ્પાંત કરતો હતો.'

મહાશ્વેતા ચંદ્રાપીડને પોતાની કથની કહી રહી હતી ત્યારે તેને પુંડરીકની યાદ આવતાં એ બેભાન થઈને પડી. ચંદ્રાપીડે તેને ટેકો આપ્યો. થોડીવારે મહાશ્વેતા ભાનમાં આવતાં ચંદ્રાપીડે વાત અટકાવી દેવા કહ્યું. પરંતુ જરા સ્વસ્થ થઈ તેણે પોતાની વાત આગળ ચલાવી, 'મેં દેહત્યાગ કરવાનું નક્કી કરી તરલિકાને તે માટે ચિતા તૈયાર કરવા કહ્યું. એવામાં જ ચંદ્રમંડળમાંથી ઊતરી આવેલા એક દિવ્યપુરુષે પુંડરીકનું શબ ઉઠાવી લીધું અને મને દેહત્યાગ ન કરવા કહીને જણાવ્યું કે તને પુંડરીકની પુનઃપ્રાપ્તિ થશે. એ પછી એ પુંડરીકના દેહને લઈને આકાશમાં ચાલ્યો ગયો. કપિંજલ પોતાના મિત્રને પાછો લઈ આવવા એની પાછળ ગયો. પુનર્મિલનની આશાએ મેં પુંડરીકનાં કમંડળ, વલ્કલ અને હાર ઉઠાવી લીધાં અને પિતાને ઘેર પાછી ન ફરતાં આ શિવાલયમાં તેની પ્રતીક્ષા કરતી રહી છું.'

આટલું કહી વિલાપ કરવા લાગેલી મહાશ્વેતાને આશ્વાસન આપી દેહત્યાગ ન કરવા ચંદ્રાપીડે શિખામણ આપી અને તેની સખી તરલિકા અંગે પૂછ્યું.

**૬. કાદંબરીનો વૃત્તાંત** : મહાશ્વેતાએ કહ્યું, 'અપ્સરાઓના કુળમાં જન્મેલી મદિરા નામની અપ્સરાને ચિત્રરથથી કાદંબરી નામની પુત્રી થઈ. તેની સાથે મહાશ્વેતાને ગાઢ સખીપણું બંધાયું. કાદંબરીએ પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી મહાશ્વેતાને પુંડરીક પાછો ન મળે ત્યાં સુધી પોતે કોઈની સાથે લગ્નગ્રંથિથી જોડાશે નહીં. એ વાત સાંભળી મેં તરલિકાને કાદંબરી પાસે એવા સંદેશા સાથે મોકલી છે, 'હઠ છોડી દઈને તું માબાપના કહ્યા પ્રમાણે લગ્ન કરી લે.'

ચંદ્રાપીડ તે રાત ત્યાં રોકાઈ ગયો. બીજે દિવસે કાદંબરીના સેવક કેયૂરક સાથે તરલિકા પાછી આવી અને કાદંબરીને પોતાના નિશ્ચયમાં અડગ હોવાનું કહ્યું. એ પછી મહાશ્વેતા અને ચંદ્રાપીડ હેમકૂટ પર કાદંબરીના નિવાસસ્થાને ગયાં. ત્યાં ચંદ્રાપીડ અને કાદંબરી એકબીજાથી આકર્ષાયાં. કાદંબરીની સખી મદલેખાએ ચંદ્રાપીડનો સત્કાર કર્યો.

મહાશ્વેતા કાદંબરીનાં માબાપને મળવા ગઈ અને ચંદ્રાપીડ પોતાના ઉતારે ગયો. સાંજે કેયૂરક અને તરલિકાની સાથે આવી મદલેખાએ, વરુણદેવે ચિત્રરથને જે હાર આપ્યો હતો, તે કાદંબરી તરફથી ચંદ્રાપીડને ભેટ આપ્યો. રાત્રે કેયૂરકે આવી કાદંબરી તેને મળવા આવતી હોવાનો સંદેશો આપ્યો. કાદંબરીએ કેટલીક દાસીઓ સાથે આવી ચંદ્રાપીડ સાથે વાર્તાલાપ કર્યો. સવારે ચંદ્રાપીડે સ્વદેશ જવાની ઇચ્છા મહાશ્વેતા દ્વારા પ્રગટ કરતાં કાદંબરીએ તેને વળાવિયાઓ સાથે રવાના કર્યો. પાછા ફરતાં તેણે અચ્છોદ સરોવરના કાંઠે મહાશ્વેતાના આશ્રમ પાસે પોતાની શોધમાં આવેલા સૈનિકોને જોયા. ચંદ્રાપીડે આખી રાત કાદંબરીના વિરહના અજંપામાં ગાળી. સવારે કેયૂરકે આવી કાદંબરીનું શરીર અસ્વસ્થ હોવાનો મહાશ્વેતાનો સંદેશો આપ્યો. આથી વૈશંપાયનને છાવણીનો હવાલો સોંપી, ચંદ્રાપીડ પત્રલેખાને સાથે લઈ ઇંદ્રાયુધ ઉપર સવાર થઈ હેમકૂટ ગયો. ત્યાં કાદંબરી કામજ્વરથી પીડાતી હતી. કેયૂરકે પત્રલેખા સાથે કાદંબરીનો પરિચય કરાવ્યો. ચંદ્રાપીડે એ વેળા કાદંબરીના હૃદયને ચકાસવા પ્રયત્ન કરી કામરૂપી રોગ ખૂબ ઊંડો અને દુઃસાધ્ય હોવાનું કહ્યું. કાદંબરીએ એનો કંઈ ઉત્તર ન આપ્યો. પરંતુ મદલેખાએ ચંદ્રાપીડને એની જ રીતે ઉત્તર આપતાં કહ્યું, 'કામદેવના વિકાર ભયાનક હોય છે.' પછી પત્રલેખાને કાદંબરી પાસે મૂકી ચંદ્રાપીડ પોતાની છાવણી તરફ ગયો. ચંદ્રાપીડ છાવણીમાં પહોંચ્યો ત્યારે તેના પિતા તારાપીડ તરફથી એ પત્ર લઈને એક દૂત તેની પાસે આવ્યો હતો. વૈશંપાયનના પિતા શુકનાસે મોકલેલા તેવા જ પત્રો દૂતે વૈશંપાયનને આપ્યા. એ પત્રોમાં તરત ઉજ્જયિની પાછા ફરવાનો આદેશ હતો. ચંદ્રાપીડે સેનાને પ્રયાણ કરવાનો આદેશ આપી સેનાપતિ બલાહકના પુત્ર મેઘનાદને પત્રલેખાના આવવાની રાહ જોવા કહ્યું, અને પત્રલેખા સાથે આવનાર કેયૂરકને કાદંબરી માટેનો સંદેશો આપવાનું પણ કહ્યું. સેનાનો હવાલો વૈશંપાયનને સોંપી ચંદ્રાપીડ પોતે ઝડપથી ઉજ્જયિની પહોંચ્યો. ચંદ્રાપીડને જોઈ રાજા–પ્રજા સૌને આનંદ થયો. થોડા દિવસ પછી પત્રલેખા આવી પહોંચી. તેને એકાંતમાં બોલાવી ચંદ્રાપીડે પૂછતાં તેણે કાદંબરીનો ચંદ્રાપીડ પ્રત્યે શુદ્ધ પ્રેમ હોવાની પ્રતીતિ આપી. અને ચંદ્રાપીડને વહેલામાં વહેલી તકે લાવી આપવાની શરતે કાદંબરીએ તેને જવા દીધી હોવાનું પણ પત્રલેખાએ તેને જણાવ્યું.

કાદંબરીના સમાચારથી ચંદ્રાપીડ વિરહથી વ્યથિત થયો અને ઉજ્જયિનીમાંથી કયા નિમિત્તે નીકળી કાદંબરી પાસે જવું એનો ઉપાય વિચારવા લાગ્યો.

૭. એક વાર સિપ્રા નદીને કાંઠે ફરતાં ફરતાં ચંદ્રાપીડે સામે કાંઠે કેટલાક ઘોડેસવારો સાથે કેયૂરકને જોયો. ચંદ્રાપીડે પત્રલેખા અને કેયૂરકને એકાંતમાં લઈ જઈ કાદંબરીનો સંદેશો પૂછ્યો. કેયૂરકે કાદંબરીની વિરહાવસ્થાનો એવો સચોટ ખ્યાલ આપ્યો કે એ સાંભળી કુમાર બેભાન થઈ ગયો. થોડી વારે ભાનમાં આવ્યા બાદ કોઈ પણ રીતે કાદંબરી પાસે તાત્કાલિક પહોંચવાનો તેણે નિશ્ચય કર્યો. સવારે તેણે, પોતાની સેના છેક દશપુર સુધી આવી પહોંચી હોવાનો સંદેશો મળતાં, પોતે સામે જઈને વૈશંપાયન સાથે મસલત કરવાનું વિચાર્યું. એણે મેઘનાદને મહાશ્વેતાના આશ્રમ સુધી પહોંચાડવા એણે પત્રલેખા અને કેયૂરકને સૂચના આપી. જેથી એ બંને કાદંબરીને આશ્વાસન આપે કે ચંદ્રાપીડ આવી પહોંચે છે. પછી કુમાર તારાપીડ પાસે અનુજ્ઞા લેવા ગયો ત્યારે રાજાએ તેનાં લગ્નની વાત ઉચ્ચારી.

**વૈશંપાયનનો વૃત્તાંત** : રાત પડતાં ચંદ્રાપીડ વૈશંપાયનને મળવા છાવણીમાં ગયો, પણ તે ત્યાં નહોતો. સૈનિકોએ માઠા સમાચાર આપ્યા કે ચંદ્રાપીડના ગયા પછી વૈશંપાયને વિદાય થતાં પહેલાં સૌને અચ્છોદ સરોવરમાં સ્નાન કરી લેવા જણાવ્યું. એ વખતે કાંઠા પર ફરી રહેલ વૈશંપાયન રુદન કરતો કરતો બેભાન થઈ ગયો. એ કાંઈક શોધ્યા કરતો હોય એવું લાગ્યું. તે ભાનમાં આવ્યો તે પછી તેને સાથે પાછા ફરવા ખૂબ સમજાવ્યો છતાં તે ન માન્યો અને સૈનિકો ન છૂટકે તેને ત્યાં જ મૂકીને આવતા રહ્યા. એ સાંભળી ચંદ્રાપીડને ભારે દુઃખ થયું. પરંતુ બીજી રીતે એને માટે ઇષ્ટાપત્તિ હતી. એણે વિચાર્યું કે વૈશંપાયનની તપાસ કરવાને બહાને પોતે તારાપીડની સંમતિ મેળવી શકશે. નગરમાં આવી તેણે જાણ્યું કે તેના પિતા શુકનાસને આશ્વાસન આપવા ગયા છે એટલે એ ત્યાં ગયો. ત્યાં તેણે વૈશંપાયનની માતાનો ભારે સંતાપ જોયો. વૈશંપાયન પાછો નહિ ફરવાના મૂળમાં ચંદ્રાપીડ કારણભૂત હોવાનું તારાપીડે સમજાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ શુકનાસે વૈશંપાયનનો જ વાંક જોયો. તારાપીડે કુમારને વૈશંપાયનની ભાળ મેળવવા જવાની અનુજ્ઞા આપી. બીજે જ દિવસે તે થોડાક સૈનિકોને સાથે લઈ રવાના થયો. ભૂખતરસ અને થાકની પરવા કર્યા વિના પોણા ભાગનો પ્રવાસ તેણે પૂરો કર્યો ત્યારે કેયૂરકે મોકલેલો મેઘનાદ તેને મળ્યો. વ્યથિત હૈયે ચંદ્રાપીડ અચ્છોદ સરોવર નજીક આવ્યો. ત્યાં સૈનિકોને ગોઠવી પોતે એકલો જ ઘોડા ઉપર બેસી આગળ ગયો, પરંતુ ક્યાંય વૈશંપાયનની ભાળ ન મળતાં તે મહાશ્વેતાની ગુફામાં આવ્યો. ત્યાં મહાશ્વેતા તરલિકાને ટેકે બેસીને ભારે વિલાપ કરતી હતી. તેને પૂછતાં મહાશ્વેતાએ જણાવ્યું, 'કેયૂરક પાસેથી તમે હેમકૂટ છોડી ગયા હોવાનું

જાણી મેં મારા આશ્રમમાં આવી તપશ્ચર્યા શરૂ કરી. ત્યાં કશાકની શોધમાં પડેલા એક બ્રાહ્મણ જુવાનને મેં જોયો. મને જોતાં જ તેણે મારી પાસે આવી પ્રેમની લાગણી વ્યક્ત કરી, પરંતુ પુંડરીકના મૃત્યુ પછી વિરક્ત થઈ ચૂકેલી મેં તરલિકાને તેને મારી પાસે ન આવવા દેવા કહ્યું. એક રાત્રે હું મારી ગુફામાં પથારીમાં પડી હતી ત્યારે અચાનક આવી તેણે મારી પાસે પ્રેમયાચના કરી. આથી ક્રોધિત થયેલી મેં 'તું પોપટ થઈ જા" એવો તેને શાપ આપ્યો. એ તરત જ ભોંય પર પટકાઈ પડ્યો. એના સેવકો પાસેથી મને જાણવા મળ્યું કે એ તમારો ગાઢ મિત્ર હતો.'

૮. મિત્રના સમાચાર સાંભળી ચંદ્રાપીડ ભાંગી પડ્યો અને નિશ્ચેતન થઈ જમીન ઉપર પટકાઈ પડ્યો. એ જોઈ મહાશ્વેતા વગેરેએ કલ્પાંત કરવા માંડ્યું. એ દરમિયાન કાદંબરી પણ ત્યાં આવી પહોંચી. ચંદ્રાપીડના શબને જોતાં જ કાદંબરી પણ બેભાન થઈ પટકાઈ પડી. પત્રલેખાને પણ સુધબુધ ન રહી. ભાનમાં આવતાં જ કાદંબરીએ મદલેખાને ચિતા તૈયાર કરવાનું કહ્યું. મહાશ્વેતાને ભેટીને તેણે કહ્યું, 'તને તો તારા પ્રિયતમને મળવાની આશા છે તેથી વિરહનું દુઃખ સહન કરીને તું ટકી રહી છે. મારે માટે એ શક્ય નથી. છેલ્લી વિદાય.' એમ કહી ચંદ્રાપીડના દેહને ખોળામાં લઈ ચિતા પર બેઠી. પરંતુ કાદંબરીનો હસ્તસ્પર્શ થતાં જ ચંદ્રાપીડના દેહમાંથી એક દિવ્ય તેજપુંજ નીકળ્યો અને આકાશવાણી સંભળાઈ, 'પુત્રી મહાશ્વેતા, પુંડરીકનો દેહ મારા લોકમાં અબાધિત પડ્યો છે, અને તારી સાથે એનો મેળાપ થશે ત્યાં સુધી તે ત્યાં રહેશે. ચંદ્રાપીડનું મૃત્યુ કોઈ શાપનું કારણ છે. એ પૂરો થાય ત્યાં સુધી એના દેહને જાળવજો.' આ સાંભળતાં જ સૌ જડવત્ બની ગયાં. એટલામાં પત્રલેખા ઊઠીને ઇંદ્રાયુધ ઘોડા પાસે પહોંચી અને તેની લગામ હાથમાં લઈને ઘોડા સાથે તે સરોવરના પાણીમાં સરકી ગઈ. એ જ વખતે પાણીમાંથી એક જુવાન ઋષિકુમાર બહાર નીકળ્યો, જેને મહાશ્વેતાએ કપિંજલ તરીકે ઓળખી કાઢ્યો. એણે પોતાની વીતક કથા કહી :

**૯. કપિંજલનો વૃત્તાંત :** "પુંડરીકનું શબ ચંદ્રમંડળમાં લઈ ગયેલા એ દિવ્યપુરુષે મને કહ્યું કે 'હું ચંદ્ર છું.' વગર વાંકે પુંડરીકે કામાવેશમાં મને શાપ આપ્યો કે 'અતૃપ્ત કામેચ્છાને લીધે પિડાતા મને તું વધુ પીડી રહ્યો છે તો તારે ભારતવર્ષમાં એકથી વધુ વાર જન્મ લેવા પડશે.' એવા અકારણ શાપને કારણે મને ક્રોધ ચડતાં મેં પણ વળતો શાપ આપ્યો કે 'તારે પણ મારા પ્રત્યેક જન્મ વખતે મારી પાસે રહીને સુખદુઃખ સહન કરવાં પડશે.' ક્રોધ શાંત પડતાં મને ખ્યાલ આવ્યો કે મારા વંશમાં જન્મેલી મહાશ્વેતાનો એ વરેલો પતિ છે. આથી મારે એ વાર મૃત્યુલોકમાં જન્મ લેવાનું થયું. અને એથી જ મેં એના દેહને મારા મંડળમાં લઈ જઈને સાચવી રાખ્યો છે.' આ વાત પુંડરીકના પિતા શ્વેતકેતુને જણાવવાનું તેણે મને સોંપ્યું, જેથી તે કોઈક માર્ગ કાઢે. એ કામે હું ચિંતામાં આકાશમાર્ગે જતો હતો ત્યારે કોઈક અર્ધ-દિવ્ય વ્યક્તિને ભૂલથી હું ઓળંગી ગયો. એથી ક્રોધે ભરાઈ તેણે મને શાપ આપ્યો કે તું ઘોડાની જેમ મારી ઉપર થઈને ગયો તેથી તું ઘોડો થઈ જા. મેં ક્ષમા માગી ત્યારે તેમનો ક્રોધ શમ્યો અને તેમણે કહ્યું, 'તારે શાપ તો ભોગવવો જ પડશે, પરંતુ જેનો તું ઘોડો થઈશ તેના મૃત્યુ સુધી જ તારે એ શાપ ભોગવવાનો રહેશે. એ વખતે તું સ્નાન કરીશ કે તરત જ શાપથી મુક્ત થઈશ. મારી વિનંતીથી એણે વધુમાં જણાવ્યું કે ચંદ્ર પોતે તારાપીડને ત્યાં એના પુત્ર તરીકે અને પુંડરીક એના પ્રધાનને ત્યાં એના પુત્ર તરીકે અવતરશે. તું તારાપીડના પુત્ર ચંદ્રાપીડનો ઘોડો થઈશ. એણે વાત પૂરી કરતાં હું સમુદ્રમાં પડ્યો. જ્યાંથી ઘોડારૂપે હું બહાર આવ્યો. ઘોડાના અવતારમાં પણ મને સતત પૂર્વ-ભવનું સ્મરણ રહ્યા કરતું હતું. આથી ચંદ્રાપીડ કુમારને કિન્નરયુગલ પાછળ હું લઈ આવ્યો હતો. મહાશ્વેતા, તેં જેને શાપ આપ્યો તે વૈશંપાયન પોતે પુંડરીક જ હતો." આ સાંભળતાં જ મહાશ્વેતા બેભાન થઈ જમીન ઉપર પટકાઈ પડી. પછી ભાનમાં આવેલી મહાશ્વેતાને કપિંજલે યાતનાઓનો અંત પાસે હોવાનું કહ્યું. પત્રલેખાના કોઈ સમાચાર ન હોવાનું પણ એણે કહ્યું. વૈશંપાયન એટલે કે પુંડરીક અત્યારે કયા જન્મમાંથી પસાર થઈ રહ્યો છે એ જાણવાને માટે કપિંજલ આકાશમાં ચાલ્યો ગયો.

**૧૦. ચંદ્રાપીડ અને વૈશંપાયનનો વૃત્તાંત :** કાદંબરી અને મહાશ્વેતા આશામાં દિવસો પસાર કરતી હતી. ચંદ્રાપીડના શરીરમાં કોઈ વિકૃતિ ન જણાતાં વિશ્વાસ વધતાં કાદંબરીએ પોતાનાં માબાપને એની જાણ કરવા મદલેખાને મોકલી આપી. ચંદ્રાપીડનાં માતાપિતા તેના દેહનાં દર્શને આવતાં હોવાનું મેઘનાદે જણાવ્યું. દૂતો સાથે કાદંબરીએ ત્વરિતક નામના સેવકને મોકલ્યો કે જેથી તેમને વિશ્વાસ બેસે. પુત્રના પાછા ફરવાની આશાએ માતૃકાઓના મંદિરમાં ગયેલી રાણી વિલાસવતીએ સંદેશવાહકોને જોયા. એમણે આ ત્વરિતક વિગત આપશે એમ કહેતાં રાણી બેભાન થઈ ગઈ. ત્વરિતક પાસેથી ચંદ્રાપીડના અંતની વાત સાંભળી તારાપીડને દુઃખ થતાં તેણે બળી મરવા ચિતા તૈયાર કરાવવા આજ્ઞા આપી.

શુકનાસે તેને એમ કરતાં વાર્યો. પછી ચંદ્રાપીડનો દેહ જ્યાં હતો ત્યાં જવા તારાપીડ રવાના થયો. રાજા અચ્છોદ સરોવરની પાસે પહોંચ્યો ત્યારે તેણે મેઘનાદને સામેથી આવતો જોયો. તેણે ચંદ્રાપીડનો દેહ વધુ કાંતિ ધારણ કરતો હોવાનું કહ્યું. તારાપીડ મહાશ્વેતાની ગુફા પાસે પહોંચ્યો. એને જોઈ કાદંબરી બેભાન થઈ ગઈ. વિલાસવતી ચંદ્રાપીડના દેહને જોઈ કલ્પાંત કરવા લાગી. તારાપીડે તેને આશ્વાસન આપતાં કહ્યું કે કાદંબરી એને મન પુત્ર ચંદ્રાપીડ કરતાં વિશેષ છે. કાદંબરી ભાનમાં આવી ત્યારે તે રાજારાણીને પગે લાગી. પછી તારાપીડ–વિલાસવતી તથા શુકનાસ–મનોરમાએ ત્યાં અચ્છોદ સરોવરને કાંઠે ભાવિની પ્રતીક્ષા કરતાં નિવાસ કર્યો.'

આટલો વૃત્તાંત કહી જાબાલિ ઋષિ બોલ્યા : 'મારે કહેવાનું હતું તેના કરતાં મેં કંઈક વધુ કહ્યું છે. તમને હવે સમજાયું હશે કે શુકનાસનો પુત્ર વૈશંપાયન શાથી પોપટનો જન્મ પામ્યો ?'' વૈશંપાયન પોપટે પોતાનો વૃત્તાંત આગળ ચલાવતાં કહ્યું, 'ઋષિએ આટલું કહેતાં તો હું મારા મનથી મૂળ વૈશંપાયન બની ચૂકયો. મેં માત્ર માનવદેહ ધારણ કર્યો નહીં એટલું જ. મેં ઉગ્રતાથી ચંદ્રાપીડ કયાં છે તે પૂછ્યું. ઋષિએ પાંખ આવી જાય ત્યાં સુધી મને ધીરજ રાખવા કહ્યું. મુનિ થઈ ચૂકેલો હું માનવપ્રેમમાં કેવી રીતે પડ્યો તે અંગે હારીતે પિતાને પૂછતાં તેમણે શ્વેતકેતુ મુનિથી લક્ષ્મીને ત્યાં થયેલા મારા પુંડરીક તરીકેના જન્મની યાદ આપી. તેમણે કહ્યું, 'જેવી માબાપની ભાવના તેવાં સંતાન થાય. પુંડરીક પહેલા જન્મમાં હતો તેવો જ છે. પોપટ તરીકેનો એનો બીજો જન્મ વૈશંપાયન તરીકેના એના પહેલા જન્મની જેમ જ થોડા સમય માટે જ છે. એને મળેલ શાપનો અંત આવતાં તે શાશ્વત જીવન પ્રાપ્ત કરશે.' મેં દુઃખપૂર્વક ઋષિને પૂછ્યું, 'હું ક્ષુદ્ર પોપટ હોઈને શાશ્વત જીવન પ્રાપ્ત કરી શકાય તેવાં કર્મ કરવાની આશા કેવી રીતે રાખી શકું ?'

સવાર થતાં ઋષિ પ્રાતઃકર્મ કરવા ગયા. હારીત પણ પ્રાતઃકર્મ કરવા ગયેલો તે પાછો આવ્યો. તેણે મને કપિંજલ મળવા આવી પહોંચ્યો હોવાનું કહ્યું. કપિંજલ મને વળગી પડી ભારે કલ્પાંત કરવા લાગ્યો. તેણે કહ્યું, "હું ઘોડાના જન્મમાંથી મુક્ત થઈને શ્વેતકેતુ મુનિ પાસે ગયો. મુનિએ પોતાનો જ વાંક હોવાનું કહ્યું. પોતાના પુત્રને સુખી જીવન જીવી શકે એવા કામમાં પોતે લગાડી શકયો નહોતો. મુનિ શ્વેતકેતુએ પહેલાં તો તને જોવા માટે રજા ન આપી, પરંતુ પછી કહ્યું, 'પુંડરીક તો અત્યારે પોપટના જન્મમાં છે. તે જાબાલિ ઋષિના આશ્રમમાં છે અને એને પૂર્વજન્મની સ્મૃતિ પ્રાપ્ત થઈ છે.' મુનિ શ્વેતકેતુ અને માતા લક્ષ્મી તારા ઉદ્ધાર માટેના યજ્ઞકાર્યમાં રોકાયાં છે. એમણે મને તારી પાસે મોકલ્યો છે અને કહેવડાવ્યું છે કે યજ્ઞ પૂરો થાય ત્યાં સુધી જાબાલિ ઋષિના આશ્રમમાં જ રહેવું. તે પછી મને આશ્રમ ન છોડવાનું કહી કપિંજલ જતો રહ્યો. વૈશંપાયને વાત આગળ ચલાવી. "જ્યારે મને પાંખો આવી ત્યારે પિતા, મિત્ર વગેરેનું કહેણ અવગણીને હું જાબાલિના આશ્રમમાંથી, જે દિશામાં ચંદ્રાપીડનો દેહ હતો અને જ્યાં મહાશ્વેતા હતી તે ઉત્તર દિશામાં નાસી છૂટયો. થોડા જ સમયમાં થાકી જતાં એક ઝાડની નીચી ડાળી પર હું ઊંઘી ગયો. ઊઠયો ત્યારે હું વનવાસીની જાળમાં ફસાઈ ગયેલો હતો. મને છોડી મૂકવા મેં વિનંતી કરી ત્યારે એણે કહ્યું, 'હું ચાંડાલ છું. મેં તને માંસના લોભે નથી પકડયો પરંતુ અમારા ચાંડાલ રાજવીની કુંવરીએ જાબાલિ ઋષિના આશ્રમમાંથી નાસી છૂટેલા કોઈક દિવ્ય પોપટને પકડવા મોકલેલા અનેક શિકારીઓમાંનો એક છું. હું તને એની પાસે લઈ જઈશ. પછી એને જે કરવું હોય તે કરશે.' ચાંડાલના સંપર્કમાં આવી પડવાથી પવિત્ર ઋષિ શ્વેતકેતુનો પુત્ર એવો હું મારા જન્મની પળોને ધિક્કારવા લાગ્યો. એ ચાંડાલ મને તેના રાજાની કુંવરી પાસે લઈ ગયો. એણે મને પાંજરામાં પૂરી દીધો. ત્યારથી મેં બોલવું બંધ કર્યું અને અનશન આદરવાનો નિર્ણય કર્યો. પરંતુ કુંવરીએ મને સમજાવતાં મેં ફળો અને પાણી લીધાં. આટલી સમજથી એને વાત કરતી જોઈને અને ઇંદ્રભુવન જેવું એનું સ્થાન જોઈને મને થયું, 'આ ખરેખર ચાંડાલકન્યા હશે કે એના વેશમાં બીજું કોઈ હશે ?' મને સોનાના પાંજરામાં રાખવામાં આવ્યો. હે રાજા, એ મને અહીં લઈ આવેલી એ ચાંડાલ-કન્યાને તમે જોઈ છે. એ પોતાની જાતને શા માટે ચાંડાલકન્યા તરીકે ઓળખાવે છે ? અને મને અહીં શા માટે લાવી છે ? એ વિશે આપની જેમ જ હું કશું જાણતો નથી.''

**૧૧. શૂદ્રકનો વૃત્તાન્ત :** એ પછી રાજા શૂદ્રકે ચાંડાલકન્યાને બોલાવી. એણે રાજાને કહ્યું, 'જગતના પ્રકાશરૂપ, રોહિણીપતિ, કાદંબરીની આંખોના આનંદરૂપ હે ચંદ્ર, તમે તમારા પૂર્વજન્મની અને આ શાપિત પોપટની વાત સાંભળી છે. એ શાપિતની માતા હું લક્ષ્મી છું. પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યાથી તેની હજી વધુ પડતી અવદશા ન થાય એ માટે મેં એને કબજે કર્યો. લોકોના સંપર્કથી દૂર રહેવા મેં ચાંડાલકન્યાનું રૂપ ધારણ કર્યું. સમય પાકી જતાં મેં તમને બંનેને એકઠા કરી આપ્યા છે. આ સાંસારિક દેહોનો ત્યાગ કરી, જન્મ, દુઃખ અને મૃત્યુની ઉપાધિ છોડી તમે સાથે રહી સુખી થાઓ.' એટલું કહી એ આકાશમાં ઊડી ગઈ.

આ શબ્દો સાંભળીને રાજા શૂદ્રકનું હૃદય કાદંબરીની નિરાશાજનક યાદથી ઊભરાઈ ગયું. પુંડરીકનો શાપ પૂરો થયો અને ચંદ્રમાએ પણ નિષ્ફળ પ્રેમમાં બે જન્મ પસાર કર્યા. શૂદ્રકના સાંસારિક દેહનો તરત જ વિલય થયો.

[અહીં પોપટ વૈશંપાયન અને શૂદ્રકનો પ્રસંગ પૂરો થાય છે.]

**૧૨.** એક વાર વસંત ઋતુએ કાદંબરીની વિરહવ્યથાને વધારી મૂકતાં તે ચંદ્રાપીડના દેહના ગળે બાઝી પડી. એના હાથનો સ્પર્શ થતાં જ દેહમાં ચેતન આવ્યું અને ચંદ્રાપીડ કાદંબરીને ભેટી પડ્યો. ચંદ્રાપીડે ઊઠીને કહ્યું : "તારા હાથના સ્પર્શે મને જીવતદાન મળ્યું છે. આજે મારો શાપ પૂરો થતાં શૂદ્રક તરીકેના મારા દેહનો મેં ત્યાગ કર્યો છે. હવે ચંદ્રાપીડના દેહે હું સદા આનંદ માણીશ." આટલું કહેતાંમાં તો પુંડરીક પણ જે પરિધાનમાં મહાશ્વેતા પ્રત્યે પ્રેમ બતાવતાં એ મરણ પામ્યો હતો તેમાં જ આકાશમાંથી આવી પહોંચ્યો. એને જોતાં જ કાદંબરી મહાશ્વેતા પાસે સારા સમાચાર આપવા દોડી ગઈ. તારાપીડે રાણી સાથે આવીને પોતાના પુત્ર તરીકે અને રાત્રિના પતિ તરીકે ચંદ્રાપીડને સત્કાર્યો. કપિંજલ શ્વેતકેતુનો સંદેશો લઈને આવ્યો કે મુનિએ શુકનાસના લાભમાં પુંડરીકના પિતા તરીકેનો પોતાનો અધિકાર જતો કર્યો છે. કાદંબરી અને મહાશ્વેતાનાં મા-બાપ પણ આવી પહોંચ્યાં. કાદંબરી અને ચંદ્રાપીડનાં લગ્ન ઊજવવા માટે સૌ આશ્રમને છોડીને નીકળ્યાં.

પત્રલેખા વિશે જાણવા મળ્યું કે એ સાક્ષાત્ ચંદ્રની પત્ની રોહિણી હતી. ચંદ્ર જ્યારે પહેલી વાર પૃથ્વી પર આવ્યો ત્યારે તે સાથે આવી હતી. પણ શૂદ્રકના અવતાર વખતે તેને સાથે આવવાની મનાઈ કરવામાં આવી હતી. કાદંબરી સાથે ચંદ્રાપીડનાં લગ્ન થયાં પછી તે ઉજ્જયિની આવવા નીકળ્યો. પુંડરીકને હેમકૂટનો રાજ્યાધિકાર સોંપ્યો. ચંદ્રાપીડ માતા-પિતાની સેવામાં ઉજ્જયિનીમાં, તો કેટલોક સમય હેમકૂટ ઉપર, તો વળી થોડો સમય ચંદ્રમંડળમાં રહેતો. તે પછી ચંદ્ર અને કાદંબરી, કાદંબરી અને મહાશ્વેતા, મહાશ્વેતા અને પુંડરીક, પુંડરીક અને ચંદ્ર કદી પણ વિખૂટાં ન પડ્યાં.

[આધાર : **કાદંબરી**]

**કપાયેલું નાક સાજું કરી બતાવી સાચી સતી ઠરતી કુલટા (સૂડાબહોંતેરી**, સાતમી કથા) : બહારગામ ગયેલા રામસિંહને જ્યારે એના ભાઈબંધોએ સોગનપૂર્વક કહ્યું કે તારી વહુએ તારી ગેરહાજરીમાં કેટલાયે પુરુષને ભોગવ્યા છે, ત્યારે કાળઝાળ થઈને તે મારતે ઘોડે ઘેર આવ્યો. રજપૂતાણીએ એને ઊલટથી આવકાર આપ્યો. પણ ખીજેભર્યા રામસિંહે તેને ધમકાવી કાઢીને કહ્યું, 'આજે તારું મોત આવ્યું સમજ. તેં અત્યાર સુધીમાં કોની કોની સાથે વ્યભિચાર કર્યો છે એની કબૂલાત કર તો જ તને જીવતી જવા દઈશ.' રજપૂતાણીએ પોતે સતી હોવાનું વારંવાર જણાવ્યું. રામસિંહે તેનું કહ્યું સહેજ પણ ન માન્યું અને દોરડા વડે તેને થાંભલા સાથે બાંધીને બોલ્યો, 'સવાર સુધીમાં તું કબૂલ કર નહીં કરે તો સવારે તારું માથું વાઢીશ.' એમ કહીને એ અફીણિયો બાજુમાં પલંગ પર લંબાવીને ઘોરવા લાગ્યો. એટલામાં રજપૂતાણીની દૂતીનું કામ કરતી હજામડી કળથી બારણું ઉઘાડીને અંદર આવી અને બોલી, 'તારો પ્રેમી મારે દરવાજે વાટ જોતો બેઠો છે. વાયદો કરીને તું આવે નહીં એ કેમ ચાલે?' પછી હજામડી રજપૂતાણીનાં બંધન છોડીને તેની જગ્યાએ બંધાઈ અને રજપૂતાણી પોતાના જારને ઘરે પહોંચી. એ પછી થોડી વારે રામસિંહ જાગ્યો અને હજામડીને ધમકાવીને બોલ્યો, 'રાંડ, જીવવું હોય તો હજી પણ તું કબૂલ કરી દે.' પણ પોતે ઓળખાઈ જાય એ બીકે હજામડી ચૂપ જ રહી, એટલે વધુ ખીજાયેલા રામસિંહે કટાર વતી હજામડીનું નાક કાપીને એના હાથમાં આપ્યું અને 'સવારે આમ જ તારું માથું વાઢીશ' કહેતો અફીણ લઈને ફરી ઊંઘી ગયો. એટલામાં જાર સાથે ભોગ કરીને રજપૂતાણી પાછી ફરી અને હજામડીનું નાક કપાયેલું જોઈ દુઃખી થઈ. હજામડીને છૂટી કરી પોતે પાછી થાંભલા સાથે બંધાઈ.

હજામડી કપાયેલું નાક હાથમાં રાખી લોહીનીતરતા મોઢા સાથે ઘેર આવી. ઊંઘતા ધણીને જગાડીને કહ્યું, 'પટલાણીને છોકરો આવ્યો છે ને મારે નાળ વધેરવા જવું છે. તો અસ્ત્રો આ બાજુ ફેંક.' ઊંઘમાંથી ઊઠેલા હજામે જેવો અસ્ત્રો હજામડી તરફ અંધારામાં ફેંક્યો તેવી જ હજામડીએ બૂમાબૂમ અને રડારોળ કરી મૂકી 'ફટ ફટ ચંડાળ, તેં મારું નાક વાઢી નાખ્યું" એ સાંભળી હજામ પાસે આવ્યો. જે અજાણતાં થઈ ગયું તેનું દુઃખ કરી ચિંતા ન કરવાનું કહી હજામડીનું નાક સાંધેસાંધો મેળવી બેસાડ્યું ને ઓસડિયાં લગાડી ઉપર પાટો બાંધ્યો.

આ તરફ સવારનો એક પહોર બાકી રહ્યો, ત્યારે ફરી રામસિંહ જાગ્યો. કોરડો લઈને રજપૂતાણીને ચાર-પાંચ ફટકા માર્યા અને એનાં પરાક્રમો કહી બતાવવા ફરી દબાણ કર્યું. રજપૂતાણીએ પોતે સતી-શિરોમણિ હોવાનું અને બધા દેવતા તેના સાક્ષી હોવાનું કહ્યું. 'એવું હોય તો સૂરજને કહે તારું કપાયેલું નાક સાજું કરી દે', રામસિંહે તેને પડકાર ફેંક્યો. રજપૂતાણીએ કહ્યું. 'હરિ મારા હાથનું, પ્રભુ મારા પગનું, જગદીશ્વરી મારા જીવનું ને સૂરજ-

નારાયણ મારા નાકનું રક્ષણ કરે છે. તું મારું શીશ કાપીશ તો ચતુર્ભુજ મારું શીશ પાછું ચોંટાડશે.' એટલામાં સવાર થયું. રામસિંહે જોયું તો રજપૂતાણીનું નાક જેવું ને તેવું હતું. પોતાની કટાર ઉપર અને નીચે બધે લોહી લોહી હતું. આ ચમત્કારથી ઢીલો પડી જઈ તેણે રજપૂતાણીને છોડી, મોટી સતી સાધ્વી માનીને વસ્ત્રાભૂષણની ભેટ આપી. બધો ઘરકારભાર તેના હાથમાં સોંપ્યો.

[આધાર : '**સૂડાબહોંતેરી**', સાતમી કથા]

**કામધેનુ** (=**સિંહાસનબત્રીસી–૨**, બાવીશમી કથા) : ફરી પાછો ભોજ રાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી સુભગા નામની બાવીશમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. વિક્રમની ગોસેવા : કામધેનુ દ્વારા કસોટી :** રાજગોરના કહેવાથી વિક્રમે ગોસેવા આદરી. ઉજ્જેણીમાં પણ પ્રજાને ઘેરઘેર ગોપાલન માટે ઉત્તેજન આપ્યું. એક વાર શિવપૂજન કરીને પાછા ફરતા વિક્રમે એક ગાયને કાદવમાં ખૂંપેલી જોઈ. તેને બહાર કાઢી રાજપ્રાસાદે લાવીને રાખી. પ્રતિદિન વિક્રમ તેની સેવા કરતો. એક વાર સભામાં વિક્રમનાં ગુણગાન થતાં સાંભળીને રોષે ભરાયેલા દેવરાજ ઇન્દ્રે કામધેનુને આદેશ દીધો કે તું જઈને વિક્રમનું સત ચુકાવીને તેને શાપ દે. કામધેનુએ વાઘનું રૂપ ધરીને, ચરવા ગયેલી વિક્રમની ગાયને આંતરી. ગાયે કાલાવાલા કર્યા છતાં તેને જવા ન દીધી. એટલામાં વિક્રમ ગાયની તપાસમાં ત્યાં આવી પહોંચ્યો. તેણે વાઘને આહ્‌વાન આપ્યું. વાઘે પોતે ભૂખ્યા હોવાનું કારણ આગળ ધર્યું, ત્યારે વિક્રમે પોતાની જાતનું ભક્ષણ કરવા અને ગાયને જતી કરવા તેને કહ્યું. પણ વાઘને એકલો વિક્રમ ભક્ષ્ય તરીકે ઓછો પડે, એટલે વિક્રમ પોતાની રાણીને અને પુત્રને બોલાવી લાવ્યો અને વાઘનું મન રાખવા પોતાને હાથે તેમને કાપીને વાઘને ધરવા વિક્રમ તૈયાર થયો. પણ પુત્રે પોતાને હાથે જ પોતાનો વધ કરવા જ્યાં તલવાર ખેંચી ત્યાં શંકરે તેનો હાથ ઝાલ્યો. વાઘ અલોપ થઈ ગયો. તેને સ્થાને કામધેનુ પ્રગટ થઈ. વિક્રમને ધન્યવાદ આપીને વરદાન આપ્યું કે તારી ગાયના દૂધથી અને તેનાં મળમૂત્રને પ્રભાવે રોગીઓના રોગ મટશે, દરિદ્રને લક્ષ્મી મળશે અને વાંઝિયાને પુત્ર થશે. પછી ભીડ પડયે સંભારવાનું કહીને કામધેનુ અંતરિક્ષમાં ઊડી ગઈ.

**૨. વિક્રમે મેળવેલ ઇંદ્રાણીનો હાર અને શેષનાગની નાગણીની ઝાલ :** એક વાર વિક્રમની રાજસભામાં એક પરદેશી બ્રાહ્મણે આવીને વિક્રમ પાસે કાશીએ કરવત મેલાવવા માટે ચિઠ્ઠી માગી. વિક્રમે કરવત મુકાવવા જવાનું કારણ પૂછતાં તેણે પોતાનો વૃત્તાંત કહ્યો : 'કનકકુબ્જ ગામનો હું અભણ નાગર બ્રાહ્મણ છું. મારો વૃદ્ધ બાપ આંધળો અને રક્તપીત્તિયો છે. વૃદ્ધ માતાને ક્ષયરોગ અને કોઢ છે. બહેન વિધવા અને લૂલી છે. મારે ઘેર ખાવાનાં સાંસાં છે. કોઈ મને કન્યા દે તેમ ન હતું તેથી વાંઢામહેણું ટાળવા મેં ગામના રાજા પાસે તેની રૂપાળી કુંવરી મને આપવા માગણી કરી. રાજાએ ઇન્દ્રાણીના ગળાનો હાર, શેષનાગની નાગણીના કાનની ઝાલ અને બત્રીશલક્ષણાનું માથું–એટલી ચીજ એક વરસમાં લાવી આપવાની શરતે રાજકુંવરી મને પરણાવવાની હા કહી.' આ બાબતમાં બ્રાહ્મણને સહાય કરવા, આદ્યશક્તિના કહેવાથી વિક્રમે કામધેનુનું સ્મરણ કર્યું. તેના કહેવા પ્રમાણે તેણે ઇન્દ્રયજ્ઞ અને નાગયજ્ઞ કરીને ઇન્દ્રાણીનો હાર અને નાગણીની ઝાલ મેળવ્યાં. તે બ્રાહ્મણને આપીને કહ્યું કે તારા રાજાને આપજે અને કહેજે કે હસ્તમેળાપ વખતે બત્રીશલક્ષણાનું માથું આપીશ.

**૩. આત્મ–બલિદાન આપતો વિક્રમ :** બ્રાહ્મણે પોતાને ગામ આવી રાજાના હાથમાં હાર અને ઝાલ સોંપ્યાં અને કન્યાદાન વખતે બત્રીશલક્ષણાનું માથું આપવાનો વાયદો કર્યો. બ્રાહ્મણનાં લગ્ન લેવાયાં. કન્યાદાનની વેળા થતાં વિક્રમ પ્રગટ થયો. રાજા તેને ઓળખી ગયો અને શિરચ્છેદ કરતાં અટકાવ્યો. વિપ્ર રાજકન્યાને પરણ્યો. તેનાં માબાપના રોગ વેતાળ પાસે કામધેનુ મગાવી તેમને બારણે બંધાવીને મટાડ્યા

આવો મહિમા જેનો હોય તેનો આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.

આ કથા ભોજ રાજાને કહીને સુભગા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : '**સિંહાસનબત્રીસી**'–૨, બાવીશમી કથા]

**કામાવતી : ૧. પહેલો અવતાર :** દંતનગરનો રાજા ચંદ્રસેન અને રાણી કંપાવતીને શોભાવતી નામે સ્વરૂપવાન પુત્રી હતી. તે ઉંમરલાયક થવા છતાં તેને યોગ્ય વર ન મળતાં રાજારાણી ઘણાં દુઃખી હતાં.

એક દિવસ ચંદ્રસેન શિકારે ગયો હતો ત્યારે રાજદરબાર, મહેલ વગેરે જોવાની ઇચ્છાથી નીકળેલી શોભાવતી પોતાની સખીઓ સાથે સભાગૃહમાં આવી અને પિતાના સિંહાસન પર બેસી વિનોદવાર્તા કરવા લાગી. એટલામાં ત્યાં યાચકવૃત્તિથી આવી પહોંચેલા એક બ્રાહ્મણે શોભાવતીને જોઈ અને તે તેના પર મુગ્ધ થયો. ધન ન માગતાં તેણે કુંવરીનો હાથ માગ્યો. શોભાવતી ગુસ્સે થતાં બ્રાહ્મણે કહ્યું, 'નવા અવતારે તું મારી પત્ની બને એવી ઇચ્છા સાથે હું કાશીએ જઈ કરવત મુકાવીશ.' એટલું કહીને તે મહેલ છોડી ગયો. આવો કદરૂપો બ્રાહ્મણ પોતાનો પતિ બનશે એથી ચિંતિત થયેલી શોભાવતી થોડાક માસ પછી છાનીમાની મહેલ છોડી ભૈરવજાપ ખાવા કાશી ગઈ. પેલો યાચક બ્રાહ્મણ નવા અવતારે પોતાના ભાઈ તરીકે અવતરે એવી ઇચ્છા સાથે તેણે ભૈરવજાપ ખાધો. શિકારેથી પાછા ફરેલા ચંદ્રસેન રાજાએ કુંવરી ગુમ થયાનું જાણી આપઘાત કર્યો. કંપાવતી પણ અન્ય રાણીઓ સાથે ચંદ્રસેનની પાછળ સતી થઈ. રાજાનાં દાસદાસીઓ માંહોમાંહે કપાઈ મૂઆં અને નગરજનો દેશ છોડી જતા રહ્યા.

**૨. બીજો અવતાર :** પૂર્વભવનાં બ્રાહ્મણ અને શોભાવતીની પરસ્પર વિરુદ્ધ એવી ઇચ્છા પૂરી કરવા એ બંને જીવોને પંખીકુળમાં જન્મ આપવાનો ઉપાય પાર્વતીએ શંકરને સૂચવ્યો. એ પછી બ્રાહ્મણ અને કુંવરી કામવનના પોપટ રાજાનાં બચ્ચાં તરીકે—પુત્રપુત્રી તરીકે એક જ માતાની કૂખે અવતર્યાં. પંખીકુળમાં સ્વાભાવિક છે તેમ બાલ્યકાળમાં ભાઈ–બહેન અને તે પછી પતિ–પત્ની બની તેઓ ભોગવિલાસમાં પડ્યાં. આનો લાભ લઈ જોડેના કાગવનના રાજાએ કામવનના પોપટ રાજાનું રાજ્ય જીતી લીધું. એટલે પોપટ–પોપટીએ પાસેના ધુવડવનમાં એક વાંસજાળની બખોલમાં આશરો લીધો. તે દરમિયાન પોપટીએ બે બચ્ચાંને જન્મ આપ્યો. એક વાર વનમાં દવ લાગતાં તેને ઓલવવા પાણી લેવા ગયેલા પોપટને પાછા આવતાં ખૂબ મોડું થયું. દરમિયાન અગ્નિઝાળ માળા સુધી પહોંચી ગઈ હતી. પાછો આવી પહોંચેલો પોપટ તે ઓલવવા જતાં ઝાળ લાગવાથી જીવ બચાવવા પાછો ખસ્યો. આથી ક્રોધે ભરાયેલી પોપટીએ 'નવા અવતારે હું રાજકુંવરી તરીકે જન્મું અને બધા જ પુરુષોનો ઘાત કરું' એવી ઇચ્છા રાખી બચ્ચાં સાથે દવમાં ઝંપલાવ્યું. આથી દુઃખી થયેલા પોપટે પણ 'ભવોભવ આ પોપટીનો જીવ જ મને પત્ની રૂપે મળે' એવી ઇચ્છા સાથે દવમાં ઝંપલાવ્યું.

**૩. ત્રીજો અવતાર :** **૩.૧** પોપટ જોતનપુરના વણિક **ભાણચંદ**ના પુત્ર કરણકુંવર તરીકે અવતર્યો અને પોપટી **કનકદેશ**ના રાજા કામસેનની પુત્રી કામાવતી રૂપે અવતરી. પૂર્વજન્મના સ્મરણને કારણે કામાવતી રોજેરોજ પુરુષોનો ઘાત કરતી. પિતાએ ગોઠવ્યા મુજબ તે દર રવિવારે કાલિકાના પૂજન અર્થે જતી અને માર્ગમાં મળતા પુરુષોનો ઘાત કરતી. આથી રવિવારે કોઈ પુરુષ બહાર નીકળતો નહીં. બાર વર્ષની થતાં સ્વરૂપવાન નારી બનેલી કામાવતીએ પુરુષદ્વેષને કારણે તેના હાથ માટેનાં બધા રાજાઓનાં માગાં પાછાં વાળ્યાં.

એક વાર ચંદનાવતી નગરના ચિત્રસેન રાજાના દરબારમાં કોઈ બ્રાહ્મણે આવી કામાવતીનું રૂપ વર્ણવ્યું. આથી તેને મેળવવા ઉત્સુક ચિત્રસેને પોતાના પ્રધાન બુદ્ધિસાગરને કનકદેશ મોકલ્યો. ત્યાં આવી તેણે નગર બહારની વર્ષો જૂની સૂકી વાડીને પોતાની વિદ્યાથી નવપલ્લવિત કરી દીધી. પ્રધાને કરેલો આ ચમત્કાર જોઈને ખોખલી માલણ આશ્ચર્યચકિત થઈ અને તે પ્રધાનને પોતાને ઘરે લઈ ગઈ. બુદ્ધિસાગરે પોતાના આગમનનું પ્રયોજન જણાવ્યું. માલણે કામાવતીના પુરુષ-દ્વેષની વાત કરી. કામાવતીના મનમાં રહેલા પુરુષદ્વેષને દૂર કરવા પ્રધાને યુક્તિ વિચારી. પછીના શનિવારે તે મંદિરે પહોંચી દ્વાર અંદરથી બંધ કરી મૂર્તિની પાછળ સંતાઈ રહ્યો. રવિવારે જ્યારે કામાવતી સખીઓ સાથે પૂજા કરવા આવી ત્યારે મંદિરનાં દ્વાર બંધ જોતાં નિરાશ થઈ. તેણે માતાને કોપનું કારણ પૂછ્યું. મૂર્તિ પાછળ સંતાઈ રહેલા પ્રધાને તેને પુરુષદ્વેષ ત્યજી ચિત્રસેન રાજા સાથે લગ્ન કરવા માતાને નામે આદેશ દીધો. કામાવતી પોતાના મહેલમાં પાછી ફરી. પછી પ્રધાને માલણ મારફતે પોતાના રાજા ચિત્રસેન વતી કામાવતીનું માગું કરાવ્યું. કામાવતીની તેમાં સંમતિ અને હોંશ જાણી કામસેને તેનાં લગ્ન લીધાં. કામાવતીને લઈ પ્રધાન બુદ્ધિસાગર સ્વદેશ પાછો ફર્યો. ચિત્રસેને કામાવતીને અન્ય રાણીઓથી જુદો આવાસ આપ્યો.

**૩.૨** કામાવતીને મહેલ જવા નીકળેલો ચિત્રસેન વચમાં વચમાં મળતી અન્ય રાણીઓનો સહવાસ કરતો કરતો સાતમે વર્ષે કામાવતીને મહેલે પહોંચ્યો. આટલા લાંબા સમય સુધી રાહ જોવરાવવાને કારણે ચિત્રસેન ઉપર ગુસ્સે થયેલી કામા-વતીએ તેને ભાઈ–બાપ ગણ્યો. આથી અપમાનિત થયેલા ચિત્રસેને કામાવતીને બજારમાં વેચવા મૂકી. માલ ભરેલાં સાત વહાણ સાથે ચંદનાવતી આવેલા વણિકપુત્ર કરણકુંવરે પોતાનું સઘળું ધન આપી દઈ કામાવતીને ખરીદી. તે પછી બંને વચ્ચે અંતરની પ્રીત જાગી. ત્યાંથી તેઓ બંને ચાલી નીકળ્યાં અને પાટણપુર આવીને જુદું ઘર લઈને રહ્યાં. ગુજરાન અર્થે કામાવતીએ ભરત ભરેલી પછેડી બનાવીને તે વેચવા કરણકુંવરને બજારમાં મોકલ્યો. એમાં આલેખાયેલું કન્યાનું રૂપ જોતાં ત્યાંના રાજા વીરસેનના પ્રધાને તે ખરીદીને

રાજાને બતાવી. પછેડી બનાવનારીને હાથ કરવા રાજાએ બીજી એવી પછેડી ખરીદવાના બહાને કામાવતીને તેડાવી લીધી. બીજી તરફ પછેડીની કિંમત ચૂકવી દઈને કરણકુંવરને અન્ય માર્ગેથી વિદાય કર્યો. કામાવતીને ઘેર ન જોતાં કપટ થયાનું જાણી કરણકુંવર બધું છોડી જોગી બનીને તેનાં ગુણગાન ગાતો ઠેરઠેર ફરવા લાગ્યો.

૩.૩ કામાવતીએ સ્ત્રીચરિત્ર આદરી વીરસેન રાજાને પોતાનાથી દૂર રાખી એકદંડિયા મહેલમાં વાસ કર્યો. એક રાત્રે ત્યાં જોગીવેશે આવેલા કરણકુંવરને ઓળખી કામાવતીએ તેની સાથે ભાગી જવાની ગોઠવણ કરી. તેમાં રાત્રિના અંધકારને કારણે ગરબડ થતાં તે કરણકુંવરને બદલે ભૂલથી કોઈક અજાણ્યા ચોર સાથે ઘોડે બેસી ચાલી નીકળી. સવાર થતાં તેને પોતાની ભૂલ જણાઈ. ચોરે તેને પોતાની સાથે પરણવા કહ્યું. કામાવતીએ સ્ત્રીચરિત્ર આદરી ચોરની માગણીનો હસતે મોંએ સ્વીકાર કર્યો. તેણે ચોરને શહેરમાં લગ્નની સામગ્રીની ખરીદી માટે મોકલ્યો. ચોર ગયો કે તરત જ કામાવતી ઘોડા પર બેસી નાસી છૂટી. આગળ જતાં મળેલા હંસ-વચ્છ નામના રાજકુંવરો તેની પાછળ પડયા. આથી તેમનો પીછો છોડાવવા પોતે ફેંકેલું તીર જે પહેલો લઈ આવશે તેની સાથે તે પરણશે એમ કહી તેમને તીરની પાછળ દોડાવી અને પીછો છોડાવ્યો. કામાવતી ત્યાંથી સ્થંભનગર પહોંચી. પેલી તરફ પેલો ચોર અને કામાવતીએ તીર લેવા મોકલેલા હંસ-વચ્છ પાછા ફર્યા અને કામાવતીને ન જોતાં તેઓ દુ:ખી થયા અને સંસારત્યાગ કરી જોગી બન્યા. કામાવતી એકદંડિયા મહેલમાંથી નાસી ગયાનું જાણી રાજા વીરસેન પણ જોગી બન્યો. કામાવતીના વિરહમાં જોગી બનેલા આ પાંચ જણ તેની શોધમાં ભટકવા લાગ્યા.

૩.૪ સ્થંભનગર આવી રાતવાસો રહી બીજી સવારે કામાવતી પુરુષવેશ ધારણ કરી ત્યાંના પ્રધાનને મળી. પ્રધાન તેને રાજા સંઘસેન પાસે લઈ ગયો. કામાવતીએ કનક દેશના રાજાના પુત્ર કામકુંવર તરીકે પોતાની ઓળખાણ આપી. અપુત્ર સંઘસેને પોતાનું રાજ્ય સોંપ્યું અને તેની સાથે પોતાની કુંવરી પણ પરણાવી. પ્રધાને પણ પુરુષવેશે રહેલ કામાવતી સાથે પોતાની પુત્રી પરણાવી. આ પ્રમાણે પુરુષવેશે રહેલી કામાવતી રાજપુત્રી અને પ્રધાનપુત્રીને પરણીને રાજકારભાર ચલાવતી હતી. કરણકુંવરની શોધ અર્થે કામાવતીએ પોતાનું મૂળ રૂપ આલેખતો એક ચિત્રફલક બનાવી નગર બહાર મુકાવ્યો. કામાવતીના વિરહમાં અગાઉ જોગી બનેલા કરણકુંવર, ચોર, હંસ-વચ્છ અને વીરસેન ત્યાં આવી ચઢયા. ચિત્રફલકમાં આલેખાયેલી સ્ત્રી પોતાની પત્ની છે એમ કહી તેઓ માંહોમાંહે ઝઘડવા લાગ્યા. કામાવતીને આની જાણ થતાં સૌને દરબારમાં બોલાવ્યા. કરણકુંવરને ઓળખી તેને મહેલમાં રાખ્યો. બાકીનાને ભેટસોગાદ આપી વિદાય કર્યા. રાત્રે તેણે કરણકુંવર સમક્ષ પોતાનું સ્ત્રીરૂપ પ્રગટ કર્યું. રાજકુંવરી અને પ્રધાનપુત્રીએ પણ કરણકુંવરને પતિ તરીકે સ્વીકાર્યો. કામાવતી અને કરણકુંવરનું રૂપ એક જ સરખું હતું, એટલે હવે કરણકુંવર રાજકારભાર ચલાવતો હોવા છતાં આની કોઈને ખબર ન પડી. બંને સુખભોગમાં દિવસો પસાર કરવા લાગ્યાં.

૩.૫ પંદર વર્ષ પહેલાં ઘેરથી વેપાર અર્થે નીકળેલા કરણકુંવરને એક દિવસ પોતાનાં મા-બાપ સાંભર્યાં. તેમની તપાસ અર્થે પોતાને દેશ મોકલેલા પ્રધાને પાછા ફરી દેશ ઉજ્જડ થઈ ગયાની વાત કહી, એટલે માતાપિતાની ભાળ મેળવવા યુક્તિ વિચારી કરણકુંવરે સરોવર ખોદાવવા માંડયું. ત્યાં ચાકરીએ આવતાં સૌની તે માહિતી મેળવતો. એક દિવસ તેનાં માબાપ, તેમની બે પુત્રવધૂઓ સાથે ત્યાં આવ્યાં. અધિકારીએ આની ખબર આપતાં કરણકુંવર ત્રણેય પત્નીઓ સાથે તેમને મળવા ગયો અને તેમને સાથે લઈ મહેલે પાછો ફર્યો. કરણકુંવરે માતાપિતાનું, ભાભીનું અને પોતાની અગાઉની પત્નીનું સ્વાગત કર્યું. વહુવારુઓએ અંદરોઅંદર ક્ષેમકુશળ પૂછયા. પંદર વર્ષનો વિજોગ ટળતાં સૌ ભેગાં મળ્યાં. કરણકુંવરે પહેલી પત્નીને પટરાણી કરી અને ચારેય પત્નીઓ સાથે તે સુખમાં દિવસો પસાર કરવા લાગ્યો.

[આધાર : (૧) શિવદાસકૃત **'કામાવતીની કથા'**;
(૨) વીરજીકૃત **''કામાવતીની કથા'**]

**કામી પુરુષોને ઠગતી શીલવતી** (કામવાસનાની પ્રબળતા ઉપર દૃષ્ટાંતકથા) : વસંતપુરીના રાજા શ્રીસારના દરબારમાં ચંદ્રધવલ નામે સેનાપતિ અને સુરદત્ત નામે એક રાજપુરોહિત હતા. પુરોહિતનો મિત્ર શ્રીદત્ત નામે શેઠ હતો. તેને શ્રીમતી નામે સતી સ્ત્રી હતી. શેઠ જ્યારે વ્યાપાર અર્થે પરદેશ જતા ત્યારે ઘરની સંભાળ રાખવાનું પુરોહીતને કહેતા.

એક વાર શેઠ પોતાની સ્ત્રી પુરોહિતને ભળાવી વ્યાપાર અર્થે ગયા. તે દરમિયાન પુરોહિતની મતિ બગડતાં તેણે શ્રીમતી પાસે અનિચ્છનીય કામની પ્રાર્થના કરી. શ્રીમતીએ વાડ જ ચીભડાં ગળે તો ફરિયાદ કોને કરવી એમ કહી પુરોહિતને ઠપકો આપ્યો, પણ પુરોહિતે તેને ધમકી આપી. આથી શ્રીમતીએ પહેલા પહોરે આવવાનું કહી વિદાય કર્યો.

શ્રીમતીએ જઈને સેનાપતિ સમક્ષ પુરોહિત અંગે ફરિયાદ કરી. તેણે પુરોહિતથી શ્રીમતીને બચાવવાનું કહી પોતાની

વાસના પ્રગટ કરી. શ્રીમતીએ તેને બીજે પહોર આવવાનું કહ્યું. ત્યાંથી તેણે પ્રધાનને ત્યાં જઈ ફરિયાદ કરી. પ્રધાને પેલા બંનેથી બચાવવાનું કહી તેને નિમંત્રણ આપવા શ્રીમતીને જણાવ્યું. શ્રીમતી પ્રધાનને ત્રીજા પહોરે આવવાનું કહી રાજા સમક્ષ ફરિયાદ કરવા ગઈ. રાજાએ પણ શ્રીમતી સમક્ષ અયોગ્ય માગણી કરી ત્યારે તેણે પ્રજાના ધણીનું વચન ન ઉવેખવાનું કહી ચોથા પહોરે આવવા નિમંત્રણ આપ્યું.

પછી શ્રીમતીએ એક પડોશણ સાથે ચોથા પહોરે રડતાં રડતાં તેના (શ્રીમતીના) પતિના અવસાનના સમાચાર આપવા આવવાનો પેંતરો રચી, કામી પુરુષો માટે ચાર ખાનાંની એક પેટી તૈયાર કરાવી.

રાત્રિના પહેલા પહોરે બનીઠનીને આવેલ પુરોહિતને ભોજન વગેરે કાર્યમાં રોકી રાખ્યો. એટલામાં બીજો પહોર થતાં સેનાપતિએ બારણું ખખડાવ્યું. પુરોહિતે પોતાને સંતાડવા માગણી કરતાં પેટીના એક ખાનામાં તેને બંધ કરી દીધો. આમ એક પછી એક ત્રણ જણને પેટીમાં પૂર્યા બાદ રાજા આવતાં યોજના પ્રમાણે પડોશણે આવી શ્રીમતીના પતિના અવસાનના સમાચાર આપ્યા. રાજા પણ પકડાઈ ન જવાય એ માટે પેટીમાં પેઠો. શ્રીમતીએ પેટી બંધ કરી દીધી.

શેઠના અવસાનની વાત બધે પ્રસરી ગઈ. શેઠ અપુત્ર હોવાના સમાચાર જાણી તેનું ધન જપ્ત કરવા રાણીએ રાજા, પ્રધાન, સેનાપતિ કે પુરોહિત જે કોઈ હોય તેને બોલાવવા સેવકોને મોકલ્યા. પણ એ બધામાંથી કોઈ ન મળતાં રાણીએ જ સેવકોને શેઠને ત્યાં મોકલ્યા. શ્રીમતીએ પેલી પેટી દેખાડી તે લઈ જવા કહ્યું. સેવકો પેટી લઈ ગયા. પેટી વજનદાર હોવાનું જાણી રાણીએ રાજા આવે તે પહેલાં છાનામાના તે ધન લઈ લેવાનું વિચારી પેટી ખોલતાં ચારેય કામીપુરુષો નીકળ્યા. એકબીજાને જોઈ તેઓ ભોંઠા પડ્યા.

પછી શ્રીમતીને તેડાવી રાણીએ તેનું સન્માન કર્યું.
[સંદર્ભ : **'સુરસુંદરી અને અમરકુમાર'**માં આવતી આડકથા]

**કાષ્ઠનો ઘોડો : ઊડતો : (સિંહાસનબત્રીસી–૨**, સોળમી કથા) : ફરી પાછો ભોજ રાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી પવિત્રા નામની સિંહાસન પર રહેલી સોળમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. ત્રિયારાજ્યની તરુણી :** વિક્રમ રાજાએ એક વાર ગણપતિવ્રત કર્યું. બ્રહ્મભોજન કરાવી, રાત્રે પૂજાથાળ લઈને તે ભાલચંદ્રના (શિવના) દહેરે પહોંચ્યો. ત્યાં શિવ સમીપે એક બ્રાહ્મણ ખડ્ગથી પોતાનો શિરચ્છેદ કરવા જતો હતો તેને તેણે વાર્યો. બ્રાહ્મણે પોતાની કથની કહી : 'હું એક ગરીબ કનોજિયો બ્રાહ્મણ છું. કોઈ મને કન્યા આપતું ન હતું. એક વાર મેં એક જોગી પાસેથી જાણ્યું કે દક્ષિણમાં રામેશ્વરથી આગળ બારમલારમાં કામરુ દેશ છે. ત્યાં ત્રિયા-રાજ્ય છે—એટલે કે આખા રાજ્યમાં માત્ર સ્ત્રીઓ જ છે, કોઈ પુરુષ નહીં. જો કોઈ પુરુષ ત્યાં જાય તો ત્યાં હનુમાનની અવારનવાર વાગતી હાક તેને કાને પડતાંવેંત તે પુરુષ પુરુષાતન ગુમાવી બેસે એવો સીતાનો શાપ હતો. ત્યાંની સ્ત્રીઓ ઘોડે ચડીને પુરુષની શોધમાં નીકળે. તેને લાવી ઘેર રાખી કામભોગ ભોગવે. હનુમાનની હાક તેને ન સંભળાય તેમ ગુપ્ત રાખે. જુદાજુદા પુરુષ સાથે ભોગ ભોગવતાં ત્યાં સ્ત્રીને પાપ નથી બેસતું. એ ત્રિયારાજ્યમાં એક વાર ઇંદુમતી નામે સુંદરી એક બ્રાહ્મણને પકડી લાવી. બ્રાહ્મણે તેના આવા કામને ઉતારી પાડ્યું અને પોતાને જવા દેવા તે કરગર્યો. આથી ક્રોધમાં તેણે બ્રાહ્મણને છોડી દીધો અને તે પુરુષદ્વેષિણી બની. પણ માતાના સમજાવવાથી તે એવી શરત કરીને બેઠી કે જે પુરુષ તેને ચાર વાર બોલાવી ચાર પડદા ખોલાવશે તેને જ તે વરશે. તેને મહેલે જો કોઈ પુરુષ આવે તો ન કોઈ તેને આવકાર આપે, ન કોઈ તેની સાથે બોલે. સવાર થતાં તેને બાંધી, નાક વીંધી, નથ પહેરાવી, માર મારી, મોઢું કાળું કરીને નગરની બહાર કાઢી મૂકે.

જોગી પાસેથી આવી વાત સાંભળીને હું આ ત્રિયા-રાજ્યમાં પહોંચ્યો. બીજી સુંદરીઓનું સ્વાગતવચન કાને સાંભળ્યા વિના હું ઇંદુમતીને મહેલે પહોંચ્યો. ત્યાં કોઈ કોઈ બોલ્યું નહીં અને સવાર થતાં મને નાક વીંધી, માર મારીને કાઢી મૂક્યો. એટલામાં હનુમાનની હાક વાગી. તે સાંભળીને હું નપુંસક થઈ ગયો. દુઃખી થઈને ઘેર પાછો આવ્યો. ત્યાં સૌએ મારી હાંસી ઉડાવી. વિક્રમ રાજા દુઃખ ભાંગશે એવી આશાએ હું અહીં ઉજેણી આવ્યો. પણ આમાં વિક્રમ શું કરશે, એમ મનમાં થતાં હું મસ્તકપૂજા કરવા જતો હતો ત્યાં તમે મને અટકાવ્યો.

**૨. વિક્રમ ત્રિયારાજ્યમાં :** વિક્રમે એક વરસમાં તે સુંદરી લાવી દેવાનું બ્રાહ્મણને વચન આપ્યું. રાજ્ય પ્રધાનને સોંપી, બ્રાહ્મણનો વેશ ધરી, સાથે વેતાળને લઈને વિક્રમ ત્રિયારાજ્યમાં પહોંચ્યો. ઇંદુમતીના મહેલે જઈને જોયું તો ત્યાં સૂનકાર હતો. કોઈનો કશો બોલાશ નહોતો સંભળાતો, વિક્રમના કહેવાથી વેતાળ ત્યાં બાંધેલા પહેલા પડદા આગળ રહેલા સોનાના પોપટની અંદર પેઠો. ઇંદુમતી અને તેની દાસીઓના આશ્ચર્ય વચ્ચે

પોપટે વિક્રમને આવકાર આપીને તેનો મહિમા વર્ણવ્યો. અને કોઈક રૂડી વાત કહેવા તેને વીનવ્યો. 'મને ઘરમાંથી હુકમ મળે, તો જ હું વાત કહું' એવી વિક્રમે શરત કરી. 'એક પડદો છૂટે તેમાં કશું નથી જવાનું' એમ દાસીઓના સમજાવવાથી, કુતૂહલ સંતોષવા ઇંદુમતીએ વિક્રમને વાત કહેવા વીનવ્યો, એટલે પહેલો પડદો ખૂલ્યો અને વિક્રમે વાત માંડી.

**૩. બે મિત્રો :** કોંકણમાં કેરલપાટણના અપુત્ર રાજાને શિવકૃપાએ પચાસ વરસે પુત્ર થયો. સાત વરસનો થતાં તેને નિશાળે મૂકયો. ત્યાં સુતારના છોકરા સાથે તેને ભાઈબંધી થઈ. તેના ઉપર રાજકુંવરને ખૂબ પ્રેમ હતો. ઘડી પણ તેનાથી તે અળગો ન થતો. રાજારાણી વગેરેને આ વાતનો ઘણો અણગમો હતો, એટલે સુતાર ભાઈબંધને મરાવી નાખવાનો તેમણે વિચાર કર્યો. એ વાતની કુંવરને ગંધ આવી ગઈ. તેણે ધમકી આપી કે જો તમે મિત્રને મારી નાખશો, તો હું પણ મરી જઈશ.

'રાજકુંવરની પ્રીતનું શું ઠેકાણું' એવા વિચારે સુતારનો છોકરો સુતારી વિદ્યા ભણવા પરદેશ ઊપડયો. રાજકુમારને તેણે પહેલેથી વચને બાંધી લીધેલો, એટલે તેણે તેને જવા દીધો, પણ મિત્ર પરદેશથી પાછો આવે ત્યાં સુધી રાજકુંવરે પાનના બીડાની બાધા રાખી, અને પોતાને માટે કોઈક અવનવી રમતની ચીજ લેતા આવવાનું તેની પાસેથી વચન લીધું. સુતાર મીઠા મેરામણ પાસે રહેતા એક કારીગરને ત્યાં આઠ વરસ રહી કામ શીખ્યો. ગુરુએ રજા આપી ત્યારે રાજકુંવરને માટે ગુરુએ તેને પવનવેગે ઊડતો, અને દોરી ખેંચતાં સંચાથી ચાલતો એવો એક યાંત્રિક કાષ્ઠનો ઘોડો આપ્યો. દોરી ખેંચવાની બધી ખૂબી સુતારે શીખી લીધી.

સુતારનો છોકરો ઘેર આવ્યો એટલે રાજકુમાર ઘણા ઉમળકાથી તેને મળવા ગયો- વળતે દિવસે કુંવરે ભેટની માગણી કરી, એટલે સુતારે કાષ્ઠના ઘોડાની વાત કરી અને તેને જણાવ્યું કે તેના દોરીસંચાર બરાબર શીખતાં છ મહિના લાગશે ત્યાં સુધી ઘોડો પોતાને ઘરે જ રહેવા દેવા સુતારે કહ્યું. પણ કુંવરે ન માન્યું, અને એ ઘોડો તરત જ દેખાડવાની હઠ પકડી. છેવટે સુતાર ભાઈબંધ વળતે દિવસે સવારે કાષ્ઠના ઘોડા પર બેસીને ઘોડેસવાર કુંવરની સાથે ફરવા જવા કબૂલ થયો. સવારે કીમતી વસ્ત્રાભૂષણ પહેરી ઘોડેસવાર થઈ કુંવરને એકલો જતો જોઈને રાજારાણીએ સેવકો સાથે લઈ જવા તેને કહ્યું. તેને ઘરેણાંના લોભે કોઈ મારી નાખશે એવી તેમને શંકા હતી. પણ કુંવર ન માન્યો.

કુંવર અને સુતારનો છોકરો રાજવાડીએ રમવા ગયા. પાછા ફરતાં, હઠ કરીને કુંવર કાષ્ઠને ઘોડે ચડયો. દોરી જોરથી ખેંચતાં, ઘોડો આકાશમાં ઊડયો. પોતે રાજાના વાંકમાં આવશે એવા વિચારે સુતારનો છોકરો ફફડતો હતો, ત્યાં. તપાસે આવેલા રાજસેવકોએ તેને કુંવરના શણગાર પહેરીને એકલો ઊભેલો જોયો; એટલે તેને પકડી લાવીને તેમણે રાજા આગળ ઊભો કર્યો. કુંવરને મારી નાખ્યાનું તેના પર આળ મુકાયું. સુતારે કહ્યું, 'હા ભાઈ, મેં મારે હાથે માર્યો.' એટલે તરત જ તેને શૂળીએ દેવાનો હુકમ થયો. તેને પકડીને સેવકોએ શૂળી તરફ દોટ દીધી.'

વિક્રમે આટલે સુધી વાત કહી, ત્યાં પોપટ ઊંઘની અસર તળે હોંકારો દેવાનું ચૂકયો. વિક્રમને દુઃખ થયું. પોપટે કહ્યું : 'એક પહોર થઈ ગયો. હું થાકયો છું. હવે મેનાનો વારો.' વેતાળ પોપટમાંથી નીકળી બીજા પડદા પાસે રાખેલી સોનાની મેનામાં પેઠો. મેના કહે, 'મને હુકમ થાય તો હોંકારો દઉં.' દાસીઓએ રસિક વાર્તા પૂરી સાંભળવા ઇંદુમતીને વીનવી. તેણે બીજો પડદો છોડયો અને વાર્તા આગળ કહેવા વિક્રમને સાદ દીધો. મેનાને હોંકારે વિક્રમે વાત આગળ ચલાવી.

**૪. કાષ્ઠનો ઘોડો :** 'સુતારે કુંવરને માર્યો હોત તો ઘોડો લઈને આવવાને બદલે નાસી ગયો હોત', એ વિચારે માણસો ટાઢા પડયા, સુતાર પાસેથી સાચી વાત જાણીને તેમણે રાજાને કહી. સુતારને કારાગૃહમાં પૂર્યો.

ઘોડા સાથે કુંવર કનકપુરને સીમાડે વાડીમાં ઊતર્યો. થાકયો–પાકયો તે સૂતો. અપુત્ર માલણે તેને પુત્ર કરીને પોતાને ત્યાં રાખ્યો. એક માસ વીત્યો. એક વાર તેને સાથે લઈ માલણ રાજકુંવરીને ફૂલના શણગાર આપવા ગઈ. પ્રતિહારે પુત્રને અંદર ન જવા દીધો. બીજે દિવસે કુંવરે ફૂલની ચોળીની અંદર પોતાની સવા લાખની વીંટી ગૂંથી મોકલી. એટલે કુંવરીએ વળતે દિવસે માલણ પાસેથી તેના પાલિત પુત્રની વાત જાણીને, તેને લાડવામાં સંતાડીને ચિઠ્ઠી મોકલી. તેમાં મહેલની ઊંચી ને લપસણી પાછલી બારીએથી મધરાતે આવીને પોતાને પરણી જવાનું નોતરું હતું. તે પ્રમાણે કુંવર ઘોડે ચડી માળિયે ગયો. કુંવરી સાથે ગાંધર્વવિવાહ કર્યો. એમ રોજ રાતે એક વરસ સુધી કુંવર કુંવરી પાસે આવતો રહ્યો. કુંવરીને ગર્ભ રહ્યો. નવ માસ થયા. કલંક લાગવાની બીકે કુંવરી કુંવર સાથે પેલા કાષ્ઠને ઘોડે બેસીને નાઠી. ઘોડો વીશ યોજનના વિસ્તારવાળા વનમાં પહોંચ્યો. તપતા મધ્યાહ્ને તેઓ ભૂખ્યાંતરસ્યાં નીચે ઊતર્યાં. ત્યાં કુંવરીએ પુત્ર પ્રસવ્યો. કુંવર ઘોડે બેસી દેવતા અને પાણી લેવા ગયો. તે પાણી લઈને પાછો આવતો હતો, ત્યાં દાવાનળની ઝાળ લાગતાં ઘોડાની દોરી બળી ગઈ. કુંવર ઘોડા ઉપરથી નીચે પડયો.

કુંવર ન આવ્યો તેથી ઉચાટ કરતી કુંવરી પાણીની તપાસમાં ઊપડી. પાછળ શિયાળ આવીને બાળકને ચાર જોજન દૂર ઊંચકી ગયું.''

વિક્રમે એટલી વાત કહી ત્યાં તો મેના ઊંઘવા માંડી, એટલે વેતાળ ત્રીજા પડદા પાસેના સોનાના મોરમાં પેઠો. મોરે વિક્રમને વાર્તા આગળ ચલાવવા વીનવ્યો. 'દૂર બેઠાં અને વણનોતર્યે હું વાર્તા કેમ કહું ?' એમ વિક્રમે અનિચ્છા બતાવી. એટલે સુંદરીએ તેને બોલાવ્યો. ત્રીજો પડદો ખૂલ્યો. વિક્રમે વાર્તા આગળ ચલાવી.

**૫. રાજકુંવરીનાં વીતક :** 'ઘોડા પરથી નીચે પડતાં કુંવરને મગર ગળી ગયો. તે પછી મગર તરતો તરતો કોકિલાપુરની પાસે પહોંચ્યો. માછીમારે તેને પકડી ચીર્યો. પેટમાંથી કુંવર નીકળ્યો. એ નગરીમાં કુંવર વહાણવટી વેપારી થઈને રહ્યો.

આ તરફ પાણીની તપાસ કરીને પાછી ફરેલી કુંવરીએ પોતાનું બાળક ન ભાળ્યું. દુઃખી થઈ રખડતી તે કોકિલાપુરમાં પહોંચી. લોકોએ ગામબહાર કાઢી મૂકેલી એક ડાકણને ત્યાં તે શાકણ નામે રહી.

પેલા બાળકને ઉપાડી જતા શિયાળની પાછળ વાઘ પડ્યો. શિયાળ બાળકને નાખી દઈને નાઠું. વાઘ તેનો શિકાર કરીને ચાલ્યો ગયો. એટલામાં શિકારે નીકળેલા કોકિલાપુરના વાંઝિયા રાજાની નજરે પેલું બાળક પડ્યું. તેણે તેને પુત્ર તરીકે પાળીને મોટો કર્યો. બધી વિદ્યા ભણીને એ બત્રીશલક્ષણો પંદર વરસનો થયો ત્યારે રાજા મૃત્યુ પામ્યો. પુત્રને ગાદી મળી. પરણવાની વાતને તે નકાર્યા કરતો હતો.

આ તરફ ડાકણનું મૃત્યુ થતાં તેને ત્યાં રહેતી કુંવરીને તેનું બધું ધન મળ્યું. તેણે રાજમહેલ જેવો મહેલ બંધાવી, ખૂબ શોભા કરી. સો દાસી રાખી. સોળ શણગાર સજી સોનાને હીંડોળે બેસીને તે હીંચકતી. લોકોમાં અપ્સરા જેવા તેના રૂપની ખ્યાતિ થઈ. રાજસભામાં વાત ગઈ. કુતૂહલથી રાજા રાતે ગામબહારનો મહેલ અને શાકણસુંદરીને જોઈ આવ્યો. સવારે પ્રધાનને વાત કરી કે મારે એ સુંદરીને જ પરણવું છે. તેના કહેવાથી પ્રધાને શાકણસુંદરીને કંકોત્રી મોકલી કે તું રાજીખુશીથી રાજાને પરણીશ તો તને રાણી બનાવશે, નહીં તો બધું ખૂંચવી લઈ, નાકાકાન વીંધી, નગરમાં ફેરવી, દાસી બનાવીને રાખશે. કંકોત્રી વાંચી, કુંવરીએ પોતાનો સ્વામી પોતાને વનમાં મૂકીને સોળ વરસથી વિદેશ ગયો હોવાનું જણાવ્યું. રાજાએ કહેવરાવ્યું કે સોળ વરસ સુધી ન આવ્યો તે મરી ગયો હશે. એટલે હવે નવણિયાતો માલ રાજાનો ગણાય. આથી કુંવરી શણગાર સજી રથમાં બેસી રાજાના રંગમહેલે પહોંચી. રાતે રાજા આવ્યો.'

વાર્તા એટલે સુધી આવી ત્યાં તો મોર ઊંઘી ગયો. વિક્રમ અટકી ગયો. વેતાળ ચોથા પડદા પાસેની ઢેલમાં પેઠો. ઢેલે વિક્રમને વાર્તા ચાલુ રાખવા વીનવ્યો. વગર તેડે આવવાની તેણે ના કહી. કુતૂહલથી વ્યાકુળ ઇંદુમતીએ ચોથો પડદો ખોલ્યો. રાજાને તેણે આવકાર આપ્યો અને પગે લાગીને તેની ક્ષમા માગી. પોતાની હાર કબૂલીને તે તેને વરવા તૈયાર થઈ, અને વાર્તા પૂરી કરવા વિનંતી કરી. વિક્રમે ઢેલને હોંકારે વાર્તા પાછી ચાલુ કરી.

**૬. સૌનો મેળાપ :** જ્યાં રાજા શાકણકુંવરીની પાસે જતો હતો, ત્યાં ચોકમાં બાંધેલા ગાય–વાછરડાની વચ્ચે થતી વાત તેને કાને પડી : 'આ દુષ્ટ રાજા પોતાની માતાનો સંગ કરવા જાય છે.' એ સાંભળીને સંદેહમાં પડેલો રાજા પાછો વળ્યો. તેણે રાણીમાતાને પૂછ્યું, 'મારી માતા કોણ ?' રાણીએ પોતે જ માતા હોવાનું કહ્યું. બીજી રાતે ફરી રાજા કુંવરી પાસે જતો હતો, ત્યારે ગાય–વાછરડાની એ જ વાત તેણે સાંભળી. તે પાછો વળ્યો અને પ્રાણ આપવાની ધમકીએ માતા પાસેથી સાચી વાત જાણી. એટલામાં કુંવરીની દાસી કુંવરને બોલાવવા આવી. જેવો તે કુંવરીની પાસે પહોંચ્યો તેવી જ કુંવરીના થાનથી છૂટેલી દૂધની ધારાથી રાજાનું મોઢું ભીંજાઈ ગયું. કુંવરીએ તેની પોતાની વાત વીગતે કરી. વનમાં જે સ્થળેથી પોતે મળેલો, તે સ્થળની કુંવરે પ્રધાન દ્વારા ખાતરી કરી. સાચી માતા અને પુત્ર એકબીજાને મળ્યાં. કુંવરે પંડિત પાસે માફી માગીને પ્રાયશ્ચિત્ત કર્યું. તેમાં દાનમાં આપવા માટે ચાર રત્નની જરૂર પડી. એટલામાં પરદેશથી વહાણમાં લાવેલા માલ માટે દાણ પેટે ચાર રત્ન આપવા એક વહાણવટી વેપારી આવ્યો. કુંવર અને વહાણવટીનાં મોં પરસ્પર ખૂબ મળતાં આવતાં હતાં. રાજાના પૂછવાથી વહાણવટીએ પોતાનો વૃત્તાંત કહ્યો. રાજાએ માતાને એ વાત કરી. માતાએ પતિને ઓળખ્યો. લોહી મળતું આવતું હોવાનું પારખું કરવામાં આવ્યું. આ રીતે કનકપુરની રાજકુંવરી, કેરળપાટણનો રાજકુંવર અને તેમનો પુત્ર પરસ્પરને સોળ વરસે મળ્યાં. પુત્રે રાજ્ય પિતાને સોંપ્યું. પછી સુતાર મિત્ર યાદ આવતાં, પુત્રને રાજ્ય સોંપીને કુંવર કેરળપાટણ પહોંચ્યો. ત્યાં સુતારને શૂળીએ દેવાની વાત થતી હતી. તેણે તેને છોડાવ્યો. સૌ ભેટ્યા.''

**૭. નપુંસકને પુરુષત્વની પ્રાપ્તિ :** વિક્રમે વાર્તા પૂરી કરી. પોતે બ્રાહ્મણને કામે આવ્યો હોવાની વાત વિક્રમે ઇંદુમતીને કરી. ઇંદુમતી બ્રાહ્મણને વરવા કબૂલ થઈ. તેને સાથે

લઈને વિક્રમ ઉજેણી આવ્યો, અને તેને બ્રાહ્મણની સાથે પરણાવી. એ પછી નપુંસક બ્રાહ્મણને પુરુષત્વ અપાવવા રાજાએ એક માસની મુદ્દત માગી. હરિસિદ્ધ માતાને પૂછતાં તેમણે બહુચરાના સ્થાને જઈને નહાવાનો ઉપાય બતાવ્યો. વિક્રમના પૂછવાથી માતાએ એ સ્થાનની ઉત્પત્તિ કહી સંભળાવી :

**૮. બહુચરાના સ્થાનકની ઉત્પત્તિ :** મેવાડમાં પાટણને ટીંબે રમતમાં ગોવાળે ખાડો ખોદીને ગોખમાં માતાનું સ્થાનક કર્યું. પોતાની પાસે એક કુલડી ચોખા હતા, તેનું તેણે નૈવેદ્ય ધરાવ્યું. બીજા ગોવાળિયાઓએ એક પાડાને હાંકી લાવીને વધેર્યો. એટલામાં લશ્કર સાથે ત્યાં રાજા આવ્યો. 'એક કુલડી ભાતમાં આખું લશ્કર તમે જમાડો તો આ માતાનું સ્થાનક સાચું હોવાનું હું માનું, નહીં તો તમને મારું ને ગોખ પાડી નાખું.' એવી તેણે ધમકી દીધી. ગોવાળોએ માતાની સ્તુતિ કરી. આખું લશ્કર એક કુલડી ભાતમાં જમ્યું. તો પણ રાજા માતાને માનવા તૈયાર નહોતો, એટલે હજારો ભમરા ને વીંછી પ્રગટ્યા અને રાજાને તથા લશ્કરને એવો ત્રાસ આપ્યો કે સૌ નાઠા.

એ વાત સમય જતાં વીસારે પડી. દેવળ ગામના અપુત્ર રાજાની બે રાણીઓને અંબાજીની આરાધનાથી ગર્ભ રહ્યો. માનીતી રાણીને પુત્રી આવી, પણ તેણે કપટ કરીને પોતાને પુત્ર આવ્યો હોવાની વાત રાજાને કરી. જાત છાની રાખીને પુત્રીને પુત્ર તરીકે મોટી કરી. સાત વરસની થતાં તેને માટે માલવરાજાની કન્યાનું માગું આવ્યું. ખાંડા સાથે લગ્ન કર્યાં. પુત્રીરૂપ પુત્ર બાર વરસનો થયો; ત્યારે કન્યાએ પોતાનો વર પુરુષ નહીં પણ સ્ત્રી હોવાની વાત સખીઓમાં અને પિયરમાં કરી. કલંકથી બચવા 'કુંવર' મધરાતે ઘોડી ઉપર બેસીને નીકળી પડ્યો. એક વનમાં મધ્યાહ્ને ઝાડે ઘોડી બાંધીને ભૂખ્યો-થાક્યો તે સૂતો. ઘોડી અકસ્માત છૂટીને બાજુના પાણીના ખાબોચિયામાં નાહી, ત્યાં તો તે ઘોડો બની ગઈ અને હણહણવા લાગી. 'કુંવર' જાગ્યો. તેણે ઘોડીમાં થયેલો ફેરફાર જોયો, એટલે તેણે પણ ખાબોચિયામાં સ્નાન કર્યું. તે નારી મટીને નર થઈ ગયો. તે ઘરે પાછો આવ્યો. માબાપને સાથે લઈને એ સ્થાને તે જાત્રાએ આવ્યો. પંડિતોએ પુરાણને આધારે, એ જગ્યાએ બહુચરા માતાએ દૈત્યોનો સંહાર કર્યાંથી તે પાવન સ્થાનક હોવાનું જણાવ્યું. ત્યાં નજીકમાં રહેતા એક વૃદ્ધે વરસો પહેલાં બનેલી ગોવાળિયાવાળી વાત કહી. કુંવરે ત્યાં માતાનું દહેરું બનાવ્યું, અને બહુચરપુર ગામ વસાવ્યું. સર્વત્ર બહુચરાનો મહિમા થયો.

**૯. ઉપસંહાર :** ઉત્પત્તિ સાંભળીને પછી વિક્રમ પેલા બ્રાહ્મણને બહુચરાના સ્થાનકે તેડી ગયો. ત્યાં નહાતાં બ્રાહ્મણનું પુરુષત્વ પાછું આવ્યું. વિક્રમને તેના આશીર્વાદ મળ્યા. 'આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.' આટલું કહીને પવિત્રા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

**કાળકા માતાની આજ્ઞાને બહાને બચતી કુલટા** (**સૂડાબહોંતેરી**, પહેલી કથા) : સુરસિંહરાય રાજાને કનકાવતી અને નંદા નામની બે રાણી હતી. પહેલી માનીતી અને બીજી અણમાનીતી. રાજા કનકાવતીને અને તેના પુત્રને ખૂબ ચાહતો હતો અને નંદાની સર્વથા ઉપેક્ષા કરતો હતો.

એક દિવસે રાજમહેલના ગોખમાં બેસીને દુઃખી નંદા નિસાસા નાખતી હતી, ત્યારે નીચે રહેલા જતિએ નિસાસા સાંભળી સમભાવથી તેને પૂછ્યું. નંદાએ એને ઉપર બોલાવીને પોતાના દુઃખની વાત જણાવીને તેની શોક કનકાવતી, એનો પુત્ર, રાજા અને તેનો સાળો કે જે પ્રધાન હતો, એ ચારેયનું કશોક ઉપાય કરીને કાટલું કાઢી નાખે તો તેણે જતિની દાસી થઈને રહેવાનો કોલ આપ્યો. જતિ કામણટૂમણ, વશીકરણ વગેરે મેલી વિદ્યાનો જાણકાર હતો. તેણે કહ્યું, 'વનમાં મહાકાળીને મંદિરે આવતી કાલે શરદપૂનમ હોઈને તું રાત્રે માંસ, મત્સ્ય, મદિરા વગેરે પાંચ પ્રકારની મહાપૂજાની સામગ્રી લઈને આવજે. તને બ્રહ્મદશ્ય બતાવીશ અને માતાજીની કૃપાથી તારા ચારેય શત્રુનું મૃત્યુ થશે.'

જતિ અને નંદા વચ્ચે થયેલી આ વાતચીત રાણી કનકાવતીની દાસી સાંભળી ગઈ. એણે એ વાત કનકાવતીને કરી અને કનકાવતીએ રાજાને કહી. રાજાએ એ બાબતની ખાતરી કરવાનું નક્કી કર્યું અને તે પ્રમાણે બીજે દિવસે રાત પડતાં તે મહાકાળીના મંદિરે જઈને મૂર્તિની પાછળ છુપાયો. મૂર્તિની આજુબાજુ પડદા હતા. બે ઘડી રાત્રિ જતાં નંદા અને જતિ ત્યાં આવી પહોંચ્યાં. ભોજન કરી અમુક પૂજન–વિધિ કરીને પછી જતિએ નંદા સાથે સંભોગ કર્યો. રાત્રિના ચારેય પ્રહરે આવી વામમાર્ગી પૂજા અને સંભોગક્રિયા થઈ. જતિએ દરેક પ્રહરને અંતે અનુક્રમે રાજા, રાણી, પુત્ર અને પ્રધાનનું મોત આ સાધનાથી તરતમાં જ થશે એમ કહ્યું. મૂર્તિની પાછળ છુપાયેલો રાજા સુરસિંહ આ બધું જોઈને ગુસ્સાથી ધ્રૂજી ઊઠ્યો અને પડદો હલી ગયો. આટલી કથા કહ્યા પછી પોપટે પ્રભાવતીને પૂછ્યું, 'શું હવે નંદા બચી શકે?' નંદાએ કહ્યું. 'રાણી તો પાપ કરતાં પકડાઈ ગઈ છે. નંદા અને જતિ કોઈપણ હિસાબે ન બચે.' પોપટે કહ્યું, 'પણ હકીકતમાં તો નંદા ભારે સ્ત્રીચરિત્ર કરીને છટકી ગઈ.' પ્રભાવતી તે કઈ રીતે બન્યું એ જાણવા તત્પર થઈ એટલે

પોપટે કહ્યું, 'આજની રાત તમે પરપુરુષને મળવા જવાનું માંડી વાળો તો હું તમને કહું.' પ્રભાવતી રોકાઈ ગઈ અને પોપટે કથા આગળ ચલાવી :

'પડદો હાલતાં ચતુર નંદા ચેતી ગઈ કે કોઈક પડદા પાછળ છુપાયું છે, એટલે તેણે સ્ત્રીચરિત્ર કરીને બાજી ફેરવી નાખી. કાળકા માતા આગળ ખોળો પાથરીને કહેવા લાગી : 'માતાજી, આસો સુદી આઠમે તમે મને સ્વપ્નમાં જણાવ્યું હતું કે તમારા પતિ, શોક, શોકના પુત્ર અને શોકના ભાઈ પર મરણની ઘાત છે. પૂનમે રાતના એક પહોરે એક એક મરશે. કાલે મેં તમને બચાવવાનો ઉપાય પૂછતાં તમે કહ્યું, 'તું સુખસાગર યતિને બોલાવીને એના કહેવા પ્રમાણે પૂજા અને વિધિ કરજે. મેં તમારી આજ્ઞાનો આજે અમલ કર્યો છે, પણ આથી હું શીલભ્રષ્ટ થઈ છું તો હવે હું જીવીને શું કરું?' આટલું કહી નંદાએ કટાર કાઢી પોતાની છાતી સામે ધરી. રાજા એકદમ પડદા પાછળથી બહાર નીકળ્યો અને રાણીનો કટારીવાળો હાથ પકડી રાખીને બોલ્યો, 'રાણી, તમારે મરવાનું ન હોય, તમે કોઈ પાપ નથી કર્યું. તમે તો બીજાને બચાવવાનું પુણ્ય કર્યું છે.' આ પછી રાણીને વાજતેગાજતે નગરમાં લઈ જવામાં આવી. સૌએ એનું સ્વાગત અને ગૌરવ કર્યાં.

[આધાર : **સૂડાબહોંતેરી**, પહેલી કથા]

**કાળકાનો ઓતાર આવ્યાનો ઢોંગ કરીને બચતી કુલટા (સૂડાબહોંતેરી** આઠમી કથા) : રામપુર ગામમાં કટુલા નામનો એક શૂરવીર કોળી રહેતો હતો. એની વહુ એક વાર ઘીના વેપારીને હાટે ગઈ. વાણિયાનું રૂપ જોઈને તે એના પર મોહી પડી. પોતાને ઘેરે મણ જેટલું ઘી ભેગું થાય છે, તો લેવા ઘરે આવવા એને કહ્યું. વાણિયો ઘી લેવા કટુલાને ત્યાં આવ-જા કરવા લાગ્યો. પણ કટુલાની વહુના ચેનચાળા જોઈને ગભરાયો. કટુલો જોશે તો જીવથી મારશે એ બીકે એણે 'ઘી લેવા હવે નહીં આવું" એમ તેને કહ્યું. કોળણે તેને આંચ નહીં આવવા દે, તેની ખાતરી આપી. પણ વાણિયાની બીક ન ગઈ. એટલે કોળણે કહ્યું, 'મારું નહીં માને તો હું કટુલાને કહીશ કે શેઠે મારા પર હાથ નાખ્યો એટલે તને જીવતો નહીં રહેવા દે.' આ ધમકીથી વાણિયો કોળણને વશ થયો. કોળણની ઇચ્છા પૂરી કરવા એક વાર વાણિયો આવતો હતો, ત્યારે કટુલો અણધાર્યો ઘરે જ હતો. કોળણે યુક્તિ કરી, 'ઘરના વાડામાંથી કોઈક કોળાં ચોરી જાય છે. તો કાંટાળી વાડ કરવા માટે હમણાં ને હમણાં તું ઝાંખરાં લઈ આવ' એવું કહી કટુલાને રવાના કર્યો. એટલામાં વાણિયો ઘરમાં દાખલ થયો. કટુલાને ઝાંખરાં લઈ આવતાં વાર લાગશે એમ માની કોળણ અને વાણિયો ભોગ માણવા કપડાં કાઢીને નગ્ન બન્યાં, પણ ત્યાં તો ઝાંખરા લઈને કટુલો આવી પહોંચ્યો. કોળણે બચવા માટે નાટક કર્યું. નાગી નાગી હાથ ઊંચા કરી, નાચતીકૂદતી ને ચિચિયારી પાડતી એ કટુલાની સામે દોડી, ને હાકોટાતાબોટા પાડતી બોલવા લાગી, 'હું જ્વાળામુખી કાળકા. મારી વાડનાં ઝાંખરાં તેં લીધાં. તને ને તારા પાંચે ભાઈને ભરખી જાઉં. તારી વહુ સતી છે એટલે જ તને અહીં સુધી જીવતો આવવા દીધો.' ગભરાઈ ગયેલો કટુલો એને પગે પડીને કાલાવાલા કરવા લાગ્યો. અને પોતાને જીવતો જવા દેવા વીનવવા લાગ્યો. એટલે કોળણ બોલી, 'ઝાંખરાં જ્યાંથી લાવ્યો છે ત્યાં પાછાં મૂકી આવ અને તારી વહુને કદી દુઃખી કરતો નહીં.' કટુલો ઝાંખરાં ઊંચકીને પાછાં મૂકવા દોડ્યો. કોળણે કપડાં પહેરી વાણિયાને ઘરમાંથી રવાના કરી દીધો.

[આધાર : **સૂડાબહોંતેરી**, આઠમી કથા]

**કુબેરદત્ત અને કુબેરદત્તા (=અઢાર નાતરાંની કથા) (=અઢાર સગપણની કથા) (જંબૂકુમાર**ની કથામાં આવતી દૃષ્ટાંતકથા) : મથુરાની ગણિકા કુબેરસેનાને ગર્ભ રહ્યો અને સમય જતાં તેણે પુત્રપુત્રીના બેલડાને જન્મ આપ્યો. તેમનાં નામ કુબેરદત્ત અને કુબેરદત્તા રાખ્યાં. માતાના દબાણથી કુબેરસેનાએ બંનેને એક પેટીમાં મૂકી સાથે તેમનાં નામવાળી બે વીંટી અને રત્નો મૂકીને એ પેટીને યમુના નદીના પ્રવાહમાં તરતી મૂકી દીધી. શૌરપુર પાસે નદીપ્રવાહમાં તે પેટી તરતી આવતી બે શ્રેષ્ઠીપુત્રોએ જોઈ. તે કાઢી–ઉઘાડીને જોતાં તેમાં એક બાલક અને બાલિકાને જોયાં. વીંટી ઉપરથી તેમનાં નામ અને ભાઈબહેન હોવાનું જાણ્યું. એક જણે પુત્રને રાખ્યો અને બીજા જણે પુત્રીને. કુબેરદત્ત અને કુબેરદત્તા યુવાન થયાં. સરખી જોડ જોઈને તેમનો વિવાહ કર્યો. તે પછી એક દિવસ ચોપાટ રમતાં હતાં ત્યારે કુબેરદત્તના હાથ પરની વીંટી કુબેરદત્તાના ખોળામાં પડી. પોતાની વીંટી જેવી જ વીંટી જોઈ તેના પરનું નામ વાંચી તે સમજી ગઈ કે અમે બન્ને ભાઈ-બહેન છીએ પછી બન્ને વીંટી કુબેરદત્તને જોવા આપી. તેણે પણ તેમના પરથી એ વાત જાણી. કુબેરદત્તે પોતાની માતાને આગ્રહ કરીને પોતે તેનો પેટનો જણ્યો છે કે કેમ તે પૂછ્યું. તેણે કુબેરદત્ત તથા કુબેરદત્તા થોડાં દિવસનાં જન્મેલાં બાળક રૂપે નદીમાંથી કેવી રીતે મળ્યાં તે વાત જણાવી, અને તેમની જોડની કન્યા કે વર ન મળવાથી તેમનો વિવાહ કર્યાનું કહ્યું. પછી કુબેરદત્ત શૌરપુર છોડી વેપાર નિમિત્તે મથુરા ગયો, અને ત્યાં રહી કુબેરસેના ગણિકા (કે જન્મસંબંધે તેની માતા

હોવાનું તે જાણતો ન હતો) તેને પોતાની પત્ની બનાવી. તેમને એક પુત્ર થયો. કુબેરદત્તાને સંસાર પર વૈરાગ્ય આવતાં દીક્ષા લઈને સાધ્વી બની. તેણે ગુપ્ત રીતે નામાંકિત વીંટી પોતાની પાસે રાખી હતી. કઠોર તપસ્યા કરતાં તેને દૂર દૂરની વસ્તુઓનું પણ જ્ઞાન થાય એવી શક્તિ પ્રાપ્ત થઈ. એ અવધિજ્ઞાનને બળે કુબેરદત્ત તેની માતા કુબેરસેનાને પરણ્યો હોવાનું જાણી, તેને બોધ પમાડવા તે મથુરા આવી પહોંચી. કુબેરસેનાએ પોતાના આવાસની પાસે સાધ્વીઓને આવાસ આપ્યો. પોતાના પુત્રને કુબેરદત્તા સાધ્વીની પાસે મૂકતાં તે કુબેરદત્ત સાંભળે તેમ હાલરડું ગાતી શિશુને હુલરાવવા લાગી, કેમકે જેને જે રીતે પ્રતિબોધ થાય તે રીતે ઉપદેશ આપવો જોઈએ.

કુબેરદત્તાએ બાળકને સંબોધીને એવા અર્થનું હાલરડું ગાયું કે તું મારો ભાઈ છે, બેટો છે, દિયર છે, ભત્રીજો છે અને પૌત્ર છે. તારો પિતા મારો ભાઈ થાય, પિતા થાય, દાદો થાય, પતિ થાય, બેટો થાય, અને સસરો થાય. અને એ જ રીતે તારી માતા મારી માતા, દાદી, ભાભી, વહુ, સાસુ અને શોકય થાય.' કુબેરદત્તે આ સાંભળીને અસંગત વચનો કેમ બોલો છો એમ પૂછયું. સાધ્વી કુબેરદત્તાએ ખુલાસો કર્યો : આપણે બન્ને ભાઈબહેન પતિપત્ની બન્યાં, અને તું આપણી માતા કુબેરસેનાનો જ પતિ બન્યો. તેનું પરિણામ આપણી વચ્ચેના આવા અઢાર વિવિધ સગપણ–સંબંધો. આ હકીકત જાણી કુબેરદત્તને સંસાર પર વૈરાગ્ય આવ્યો અને દીક્ષા લઈને તે સાધુ બન્યો. કુબેરસેનાએ પણ શીલવ્રત લીધું.

[સંદર્ભ : **જંબૂકુમાર**, ઘટક ૨, જંબૂકુમારે પ્રભવ ચોરને કહેલું દૃષ્ટાંત]

**કુલટાચરિત્રની દૃષ્ટાંતકથાઓ ( = જારવિદ્યાની દૃષ્ટાંત-કથાઓ = જારીવિજારીની દૃષ્ટાંતકથાઓ) :**

**કુલટા—**

૧. અવધૂતનો ચમત્કાર (સૂ. ૬૦)
૨. કાપેલું નાક સાજું કરી બતાવી સાચી સતી ઠરતી (સૂ. ૭)
૩. કાળકા માતાની આજ્ઞાને બહાને બચતી (સૂ. ૧)
૪. કાળકાનો ઓતાર આવ્યાનો ઢોંગ કરીને બચતી (સૂ. ૮)
૫. કૂવામાં લટકીને બચતી (સૂ. ૧૪)
૬. કૂવે પડયાનો પ્રપંચ રચી બચતી (સૂ. ૬)
૭. ક્ષત્રિયવટનો પ્રપંચ રચીને બચતી (સૂ. ૨૧)
૮. ઘરેણાં ઊતરાવ્યાં અને પાછાં ચડાવ્યાં (સૂ. ૫૦)
૯. ચંદરવાનું પોટલું (સૂ. ૬૪)
૧૦. જક્ષ ઉઠાવી ગયાની બનાવટ કરી બચતી (સૂ. ૧૩)
૧૧. જાર અને પતિની અદલાબદલી કરી બચતી (સૂ. ૫૮)
૧૨. જારનું ભાભીરૂપે આગમન, દેરાણીરૂપે વિદાય (સૂ. ૪૩)
૧૩. જારને ઓરમાન દીકરો ઠરાવી બચતી (સૂ. ૪૯)
૧૪. જારને કનાતમાં વીંટીને બચાવતી (સૂ. ૬૯)
૧૫. જારને કાસદ તરીકે ખપાવીને બચતી (સૂ. ૨૭)
૧૬. જારને બેપિયા તરીકે ખપાવીને બચતી (સૂ. ૨૭)
૧૭. જારને ગોવાળિયો બનાવીને બચાવતી (સૂ. ૪૧)
૧૮. જારને તકિયામાં સંતાડી બચાવતી (સૂ. ૫૪)
૧૯. જારને દાસીની બદલીમાં રવાના કરી દઈને બચતી (સૂ. ૩૨)
૨૦. જારને ધણી તરીકે ખપાવીને બચતી (સૂ. ૩૫)
૨૧. જારને ધણી પાસે જ લવરાવતી અને વળાવતી (સૂ. ૨)
૨૨. જારને પોતાનાં કપડાં પહેરાવી મોકલી દેતી (સૂ. ૩૬)
૨૩. જારને પોતાની માતા તરીકે ઓળખાવીને બચતી (સૂ. ૪૦)
૨૪. જારને બચાવવા રાજાને અને ધણીને એકસાથે થાપ દેતી (સૂ. ૪૨)
૨૫. જારને બૈરીનાં કપડાં પહેરાવીને બચતી–૧ (સૂ. ૨૯)
૨૬. જારને બૈરીનાં કપડાં પહેરાવીને બચતી–૨ (સૂ. ૩૯)
૨૭. જારને બૈરીમાં ખપાવી, પ્રપંચથી શોકયને ફસાવીને બચતી (સૂ. ૩૧)
૨૮. જારને ભાભીવેશે બચાવવો (સૂ. ૬૭)
૨૯. જારને ભૂતમાં ખપાવીને બચતી (સૂ. ૧૭)
૩૦. જારને સાપ પકડનાર તરીકે ખપાવીને બચતી (સૂ. ૩૪)
૩૧. જારનો સ્ત્રીવેશે અંતઃપુરપ્રવેશ (સૂ. ૫૨)
૩૨. જોગણીરૂપધારી જાર સાથે મિલન (સૂ. ૬૩)
૩૩. જોશીના જોષનું બહાનું બનાવીને બચતી (સૂ. ૩)
૩૪. જ્વાળામુખી કાળકાદેવી બનીને બચતી (સૂ. ૧૫)
૩૫. ઝાંઝરના પુરાવાને ખોટો પાડીને બચતી (સૂ. ૪)
૩૬. ઝેર ખાધાનો ઢોંગ (સૂ. ૭૨)
૩૭. ઝેર ચઢયાનો ઢોંગ (સૂ. ૪૫)
૩૮. ઝેરી લાડવાને સાપનાં ઝેરથી દૂષિત થયેલા કહીને બચતી (સૂ. ૨૮)
૩૯. ઠગાઈ કરનાર જારને ઠગતી (સૂ. ૩૭)
૪૦. દાઢી વધારનાર પર બદલો લીધો (સૂ. ૪૭)
૪૧. દિયરની મનગમતી વસ્તુઓ મેળવવાને બહાને બચતી (સૂ. ૨૬)
૪૨. દેવીનો પરચો (સૂ. ૫૭)

૪૩. ધણીને ઘાતમાંથી ઉગારવાનું બહાનું બનાવીને બચતી (સૂ. ૫)
૪૪. ધણીને ફસાવતી (સૂ. ૯)
૪૫. નરસિંઘો વીર (સૂ. ૪૮)
૪૬. પહેરવેશની અદલાબદલીની યુક્તિ (સૂ. ૨૦)
૪૭. પંડિતને પાઠ ભણાવતી (સૂ. ૨૪)
૪૮. પાટપૂજા (સૂ. ૭૦)
૪૯. પોતાની જ ભાભી બનીને બચતી (સૂ. ૧૦)
૫૦. બળી મરીને સજીવન થયાનો પ્રપંચ રચી બચતાં જાર અને કુલટા (સૂ. ૨૫)
૫૧. ભટ્ટજીનાં પગરખાં (સૂ. ૧૮)
૫૨. ભાડિયા કૂવામાં ઊતરીને બચતી (સૂ. ૩૦)
૫૩. ભૂતિયા આંબલી : મામા પાંચાનો પરચો (સૂ. ૫૧)
૫૪. યુક્તિથી શોકયનું સાલ કાઢતી (સૂ. ૩૩)
૫૫. યુક્તિબાજ વણઝારી (સૂ. ૩૮)
૫૬. રાણીવેશે પંડિતને બચાવતી પંડિતાણી (સૂ. ૪૬)
૫૭. રૂપિયો પડી ગયો (સૂ. ૧૯)
૫૮. લવિંગનો અર્ક (સૂ. ૬૫)
૫૯. વંતરી બનેલી શોકયનો વળગાડ (સૂ. ૭૧)
૬૦. વાઘણનું દૂધ (સૂ. ૬૮)
૬૧. વીર્ય વેચાતું લેતી વેજા (સૂ. ૬૬)
૬૨. વેજા વાણિયણ અને જોગી (સૂ. ૬૨)
૬૩. વેશપલટાની યુક્તિથી બચવું (સૂ. ૫૯)
૬૪. સતનાં પારખાં (સૂ. ૪૪)
૬૫. સતી બનતી, ધણીની હત્યારી (સૂ ૧૨)
૬૬. સપનાનું ભૂત સાક્ષાત્ થયું (સૂ. ૫૩)
૬૭. સર્પ ડસ્યાનો ઢોંગ કરીને બચતી (સૂ. ૧૬)
૬૮. સાક્ષાત્ મહાલક્ષ્મી પ્રસન્ન થયાં (સૂ. ૫૬)
૬૯. સાત પ્રેમીઓને બચાવી લેતી કુલટા (સૂ. ૨૨)
૭૦. સ્ત્રીચરિત્રનો નમૂનો બતાવતી (સૂ. ૧૧)
૭૧. સ્થાનબદલો : પોતાને સાટે બીજીને મોકલી શીલ બચાવવું (સૂ. ૫૫)
૭૨. હાલતીચાલતી કઠપૂતળી (સૂ. ૬૧)

**કુલટા બ્રાહ્મણી :** ૧. તિલકપુરમાં નારાયણ બ્રાહ્મણની વહુ પદ્મા રહેતી હતી. નારાયણ કશાક કામે પરદેશ ગયો. પાછળ પદ્મા સ્વચ્છંદ મોજ કરતી હતી. બે વરસે નારાયણ ઘરે આવ્યો. તેને જમાડીને પદ્મા બાળક પુત્રને લઈ પિયર જવાને બહાને પોતાના જારને એક દેવળમાં મળી. દીકરાને નીચે રમવા મૂકી, જારનો સમાગમ કરીને તે ઘરે પાછી આવવા નીકળી, ત્યારે તેનો દીકરો એક પ્રતિમા સાથે રમતો હતો. ઉતાવળમાં પદ્મા દીકરાને બદલે પ્રતિમાને લઈને ઘેર આવી. બ્રાહ્મણે પૂછ્યું એટલે તે યુક્તિ લડાવીને બોલી, 'તમે પરદેશ હતા ત્યારે તમારું કુશળ થાય તે માટે મેં માનતા માનેલી કે તમે આવશો ત્યારે આપણે સાથે યક્ષની પૂજા કરીશું. તમે થાક્યા હતા એટલે હું એકલી પૂજા કરી આવી. અને પૂજારી પાસેથી તમારી પૂજા કરવા માટે આ પ્રતિમા લેતી આવી. પ્રતિમા પાછી આપવાની ખાતરી તરીકે દીકરાને પૂજારી પાસે રાખી આવી છું. તમે પૂજા કરી લો એટલે પ્રતિમા આપીને દીકરાને પાછો લઈ આવું.' આથી નારાયણે પદ્માને સાચી પતિવ્રતા માની.

૨. તે પછી એક દિવસ નારાયણ વનમાં ફળફૂલ લેવા ગયો ત્યારે ત્યાં પડેલું એક લાકડાનું ખોડસું માથે ઉપાડીને ઘરે લાવ્યો. તેની ગેરહાજરીમાં પદ્માનો જાર ઘરમાં પેઠો હતો. નારાયણને અણધાર્યો વહેલો આવેલો જોઈ પદ્માએ જારને ઘરમાં સંતાડ્યો, અને કોઈ ભૂત ભરાયું હોય તેમ નાચતી, લવરી કરતી, ધૂળ ઉડાડતી, ધૂણતી તે સામે આવીને બોલી, 'હું જંગલનું ભૂત છું. તું લાકડું લઈ આવ્યો તેમાં મારો વાસ છે. મને પાછું મૂકી આવ, નહીં તો તારો જીવ લઈશ.' નારાયણ લાકડું પાછું મૂકવા ગયો. પદ્માએ જારને રવાના કરી દીધો. પદ્મા નિત્ય ચામુંડાના મંદિરે પૂજા કરવા જતી. નારાયણને થયું, 'રોજ પૂજા કરવા શું કામ જતી હશે ?' એક દિવસ તે વહેલો નીકળીને ચામુંડાની મૂર્તિ પાછળ સંતાયો. પદ્માએ ચામુંડાને પૂજીને માગ્યું, 'માતાજી મારા વરને આંધળો કરવાની મારી પ્રાર્થના ક્યારે પૂરી કરશો ?' અવાજ બદલીને નારાયણ બોલ્યો, 'હું તારા પર રૂઠી છું. તું તારા વરને ભોજનમાં ભરપૂર ઘી પીરસજે, એટલે તે ધીમે ધીમે આંધળો થઈ જશે.' પદ્માએ તે પ્રમાણે કરતા, નારાયણે 'આંખે ઝાંખું દેખાય છે,' એમ કહી ઢોંગ કરવા માંડ્યો. ઘીથી પુષ્ટ બનેલા તેણે એક વાર કહ્યું, 'હું તો સાવ આંધળો થઈ ગયો છું.' એટલે પદ્મા પોતાના જારને ઘરે બોલાવી બેધડક તેની સાથે ક્રીડા કરવા લાગી. એક દિવસ જાર સૂતો હતો ત્યારે નારાયણે દંડો લઈને ખૂબ માર્યો. તે મરી ગયો એટલે તેને ઘર બહાર નાખી દેતા, પદ્માને કહ્યું કે હવેથી સરખી નહીં ચાલે તો તારી પણ આવી વલે કરીશ.

૩. એક વાર એક જુવાન રૂપાળો જોગી નારાયણને ત્યાં ભિક્ષા લેવા આવ્યો. તેના પર પદ્મા મોહી પડી. પછી સાતમે માળે ચડીને તેણે જોયું તો જોગી દૂરની ટેકરી તરફ જતો હતો. રાત્રે નારાયણ ઊંઘી ગયો ત્યારે પદ્મા ઘરેથી નીકળીને ટેકરી પર જોગીની મઢીએ પહોંચી, અને પોતાની સાથે સમાગમ કરવા તેની પાસે માગણી કરી. જોગીએ પરનારીથી

વેગળો રહીને પોતે તપ કરતો હોવાનું કહ્યું એટલે પદ્મા ઘરે પાછી ફરી. નારાયણને તલવારને ઝાટકે પૂરો કરી જોગીની પાસે પાછી આવી. પતિહત્યારીને જોગીએ જાકારો દીધો. એટલે પદ્માએ ઘરે આવીને શોર મચાવ્યો કે ચોરે આવીને મારા વરને મારી નાખ્યો. તે પછી દીકરાને પિયરમાં સોંપીને પોતે નારાયણના શબ સાથે ચિતા પર ચડીને સતી થઈ.

[સંદર્ભ : **ચંદ્રશેખર રાજા**માં વીરસેન પ્રધાનના આત્મવૃત્તાંતમાં આવતી સ્ત્રીચરિત્રની દૃષ્ટાંતકથા]

**કુસુમશ્રી અને વીરસેન** : **૧.** રત્નપુરીના રણધવલ રાજાને ત્યાં અનેક પુત્રો પછી એક પુત્રી જન્મી. નામ કુસુમશ્રી રાખ્યું. પુત્રીને ભરયૌવનમાં આવેલી જાણી કનકશાલના રાજકુંવર વીરસેન સાથે કુસુમશ્રીનો વિવાહ ગોઠવ્યો. મંત્રી સાથે વીરસેન રત્નપુરી આવ્યો.

રાજાએ લગ્ન–મહોત્સવ માંડ્યો. વીરસેને કુંવરીનું પાણિગ્રહણ કર્યું. રાજાએ કન્યાદાનમાં વીરસેનને ઇચ્છા પ્રમાણે હાથી, ઘોડા, રથ, મકાન, ગામ માગવા કહ્યું ત્યારે વીરસેને, કુસુમશ્રીએ પહેલેથી તેને મળીને શીખવ્યા પ્રમાણે રાજા પાસેનાં ત્રણ રત્નોની માગણી કરી. એ હતાં—કમળામેલા નામનો ચમત્કારી ઘોડો, ઇચ્છાગામી પલંગ અને ચૂડામણિ પોપટ. રાજા સમજી ગયો કે કુંવરીએ જ ઘરનો ભેદ વીરસેનને બતાવ્યો હશે, પણ તેણે જમાઈને માગેલી ત્રણેય વસ્તુઓ આપી દીધી. પોતાના સર્વ પરિવારને અગાઉથી વિદાય કરી દઈને કુસુમશ્રી અને વીરસેન ત્રણ દિવસ પછી પોતાને ગામ જવા નીકળ્યાં.

**૨.** તેમણે ત્રણેય રત્નોની પરીક્ષા કરવા વિચાર્યું. કુસુમશ્રી, પોપટ અને પલંગ–એ ત્રણેને ઘોડા ઉપર સાથે લઈ વીરસેને ઘોડાના કાનમાં ભૂલથી કનકશાલના ઉદ્યાનને બદલે કુસુમપુરીના ઉદ્યાનમાં તેમને પહોંચાડી દેવા કહ્યું. ઘોડાએ આદેશ મુજબ કર્યું. વીરસેન ગુસ્સે થયો. ઘોડાએ એ સ્થાને લઈ જવાનો આદેશ તેણે જ તેને દીધો હોવાનું સમજાવ્યું. કુસુમશ્રી, પોપટ અને પલંગને ત્યાં જ મૂકી ઘોડા ઉપર બેસી વીરસેન નગર જોવા ગયો. નગર અત્યંત રળિયામણું હતું, પણ તે સાવ નિર્જન હતું. તે જોઈને તેને કૌતુક થયું. પાછા વળતાં વીરસેને પાદરદેવીના સ્થાનકે વંદન કર્યું. ઉતારે આવી તેણે પોપટને પ્રશ્ન પૂછ્યો ત્યારે તેણે તેમને ચેતવ્યા કે ત્યાં રાત રહેવાથી વિઘ્ન આવશે અને ત્રણ રત્નો કોઈ ચોરી જશે, તો પોતાના નગર તરફ પ્રયાણ કરવું. પણ કુંવરે રાતનો પ્રવાસ જોખમી હોઈને સવારે નીકળવા ઠરાવ્યું.

**૩.** વારાફરતી ચોકી કરવાનું નક્કી કરીને પહેલાં અરધી રાત સુધી પોપટે ચોકી કરી. પછી મધ્યરાત્રિએ વીરસેન અને કુસુમશ્રી જાગ્યાં. દૂરથી આવતો નાટકધ્વનિ સાંભળી વીરસેને પેટમાં દુ:ખતું હોઈને દિશાએ જવાનું બહાનું કાઢીને નાટક જોવા ગયો. તેને પાછા આવતાં મોડું થયું. રાહ જોઈને થાકેલી કુસુમશ્રી સૂઈ ગઈ. દરમિયાનમાં કોઈ ધુતારો આવીને પલંગ તથા ઘોડો ઉઠાવી ગયો. પરોઢિયે બે રત્નો ગૂમ થયાની ખબર પડતાં, વીરસેને પોપટને ચારે બાજુ મોકલી તપાસ કરાવી. પણ કશી ભાળ મળી નહિ. છેવટે વીરસેને મંદિરમાં ત્રણ ઉપવાસ કરી પાદરદેવીને પ્રસન્ન કરી. દેવીએ ગૂમ થયેલાં રત્નો લાંબે ગાળે પાછાં મળશે એવું આશ્વાસન દીધું. પોતાને નગર પહોંચવા દેવીની સલાહથી તેઓ ધજા ફરકાવીને સમુદ્રકાંઠે બેઠાં.

**૪.** સાગર નામના એક વહાણવટીએ દૂર ધજા ફરકતી જોઈને કિનારે આવી બન્ને જણને વહાણમાં લીધાં. શેઠનો આશય કળી ગયેલી કુસુમશ્રીએ વીરસેનને ચેતવી દીધો, પરંતુ વીરસેને તે ન ગણકાર્યું. શેઠે તેને સમુદ્રમાં હડસેલી દીધો. એ જાણી કુસુમશ્રીએ સમુદ્રનાં ઝંપલાવ્યું. પાદરદેવીની સહાયથી બન્ને જણ બચી જઈને વહાણ પર પાછાં આવ્યાં.

આગળ ચાલતાં વહાણ પવનના તોફાનમાં સપડાયું અને ભાંગીને ભૂકો થઈ ગયું. વીરસેન અને કુસુમશ્રીને પાટિયાં હાથમાં આવી ગયાં. પણ તેઓ એકબીજાથી વિખૂટાં પડી ગયાં. તે બન્ને વચ્ચે સંદેશવાહક તરીકે પોપટ કામ કરતો હતો. કુંવર–કુંવરીને એકમેકના કુશળ સમાચાર તે કહેતો. એવામાં તેને તરસ લાગતાં તે કિનારે પાણી પીવા ગયો.

**૫.** સમુદ્રમાં પાટિયા ઉપર તરતી કુસુમશ્રીને મગરમચ્છ ગળી ગયો. તે મચ્છને શ્રીપુરનગરના એક માછીમારે પકડી નગરની પુષ્પા વેશ્યાને ત્યાં તેને વેચ્યો. તેને કાપતાં અંદરથી કુસુમશ્રી નીકળી. તેનું રૂપ જોઈ વેશ્યાએ તેનાથી થનાર લાભ વિશે વિચાર્યું.

મૂર્છામાંથી ભાનમાં આવેલી કુસુમશ્રીએ વેશ્યાના પૂછવાથી પોતાનો બનાવટી વૃત્તાંત આ પ્રમાણે કહ્યો :

'હું વસંતપુરના દેવદત્ત વ્યવહારીની પુત્રી રત્નવતી છું. એક વાર વસંતોત્સવમાં વનમાં પધારેલા નિમિત્તકે રાજાના પુત્રને કોઈ વિઘ્ન નડશે એવું ભવિષ્ય ભાખ્યું. તે મુજબ વડને છાંયે સૂતેલા રાજકુંવરને સર્પે દંશ દીધો. નગરના એક ધનપતિના વિદ્યાવંત પુત્ર વસંતસેને કુંવરનું ઝેર ઉતાર્યું. રાજાએ વચન માગવા કહ્યું ત્યારે તેણે તે રાજા પાસે અનામત રાખ્યું. તેના પર મુગ્ધ થયેલી એવી મને તેને પરણવાની ઇચ્છા થઈ એટલે માતાપિતાએ તેની સાથે મને પરણાવી.

એક વાર કોઈક લઘરવઘર ભારવાહકની વસંતસેને હાંસી ઉડાવી. ભારવાહકે તેને બાપકમાઈ ઉપર તાગડધિન્ના કરતો હોવાનું મહેણું માર્યું. પિતાને સમજાવીને તે પરદેશ જવા ઊપડયો. મેં સાથે જવાની હઠ લીધી. અમે વહાણે ચઢીને પરદેશ જવા નીકળ્યાં. રસ્તામાં સમુદ્રના તોફાનથી વહાણ ભાંગી ગયું. મારો પતિ ડૂબી ગયો અને મને મગરમચ્છ ગળી ગયો.'

પુષ્પાની ધમકીથી કુસુમશ્રી વેશ્યાનો ધંધો કરવા સંમત થઈ, પરંતુ તે પહેલાં છ માસ સુધી પતિશોક પાળવા દેવા અને દાનશાળા માંડી ગરીબગુરબાંને અને પક્ષીઓને દાણા આપવા દેવા વીનવી. વેશ્યા તેમ કરવા ખુશી થઈ. ચણવા આવતાં પક્ષીઓમાં કદાચ તેમનો ચૂડામણિ પોપટ પણ આવી લાગે એવી કુસુમશ્રીની ધારણા સાચી પડી. બન્નેએ એકબીજાને વીતકની વાત કહી. વેશ્યાને મળીને પોપટે તેને ધર્માચરણ કરવા સલાહ આપી. વેશ્યાએ પોપટ માટે સોનાનું પાંજરું કરાવ્યું અને તેને કુસુમશ્રીને સોંપ્યો.

કુંવરીએ પોપટને તેના શીલનું રક્ષણ કરવા કહ્યું. પોપટે તેને ધનવતીની કથા કહી.

**૬. શીલરક્ષા ઉપર ધનવતીનું દૃષ્ટાંત :** રતનપુરના ધનસુંદરે વેપાર અર્થે સમુદ્રમાર્ગે પરદેશ પ્રયાણ કર્યું. પત્ની ધનવતીની અને ઘરની દેખભાળ રાખવા તે પોતાના પુરોહિત મિત્રને કહેતો ગયો. પ્રવાસ કરતાં તે કાંતિનગર પહોંચ્યો. રાજાને ભેટ ધરીને ત્યાં વેપાર કરવાની તેણે રજા મેળવી.

બીજી તરફ ખબર પૂછવા આવતા પુરોહિતનું ધનવતીએ મીઠાં વચનોથી સ્વાગત કર્યું. એથી પુરોહિતનું મન ધનવતી ઉપર બગડયું. તેની પાસે પ્રેમની માગણી કરી. તે જેઠ સમાન હોવાનું ધનવતીએ કહ્યા છતાં પુરોહિતની માગણી ચાલુ રહેતાં એક દિવસ તેને તેણે રાત્રિના પહેલા પહોરે આવવા નોતર્યો.

હવે ધનવતીએ લંપટ પુરોહિતથી રક્ષણ મેળવવા કોટવાળની સહાય માગી. કોટવાળની દાઢ ગળી. તેને ભાઈ માનીને આવી હોવાનું ધનવતીએ કહ્યા છતાં કોટવાળે પોતાની હઠ ન છોડી. એટલે તેને રાતને બીજે પહોરે આવવા નોતરીને ધનવતી પ્રધાન પાસે સહાય માટે ગઈ. તેણે પણ ધનવતીને ઇચ્છા કે અનિચ્છાએ પોતાને વશ થવા માગણી કરી. છૂટવાના ઉપાય તરીકે ધનવતીએ પ્રધાનને રાતને ત્રીજે પહોર ઘરે આવવા કહ્યું.

પછી તે સહાય માટે રાજા પાસે પહોંચી. તેણે પણ બીજાઓના જેવી માગણી કરી, અને પટરાણી બનાવવાનું પ્રલોભન આપ્યું. ધનવતીએ તે પિતાને સ્થાને હોવાનું કહ્યા છતાં તેણે પોતાની માગણી ન છોડી, આથી ધનવતીએ તેને રાતને ચોથે પહોરે આવવાનું કહીને છૂટકારો મેળવ્યો.

ધનવતીએ ઘેર આવી મેડીએથી ચાર ખાનાંવાળી એક પેટી ઊતરાવી. એક વૃદ્ધ પડોશણને બોલાવી તેણે કહ્યું, 'તું પાછલી રાતે પરોઢિયે મારે ત્યાં આવી મારો (ધનવતીનો) પતિ મૃત્યુ પામ્યો હોવાની બૂમાબૂમ કરજે.' વૃદ્ધાએ તેમ કરવા સ્વીકાર્યું.

રાતના પહેલા પહોરે પુરોહિત બનીઠનીને આવ્યો. ધનવતીએ તેને એ પહોર પૂરો થાય ત્યાં સુધી વાતોમાં રોકી રાખ્યો. બીજો પહોર થતાં કોટવાલ આવી પહોંચ્યો. ધનવતીએ તેણે પહેલેથી ઉતારી રાખેલી ચાર ખાનાંવાળી પેટી પુરોહિતને બતાવી તેમાં સંતાઈ જવા કહ્યું. પુરોહિત પેટીમાં પેઠો એટલે ધનવતીએ તેને તાળું મારી દીધું.

કોટવાળને પણ ધનવતીએ બીજા પહોરના અંત સુધી વાતચીતમાં જ રોકી રાખ્યો. ત્રીજા પહોરે પ્રધાને ધનવતીનો દરવાજો ખખડાવ્યો. કોટવાળે પોતાને સંતાડવા વિનંતી કરતાં ધનવતીએ તેને પેટીના બીજા ખૂણે પૂરીને પેટી બંધ કરી દીધી.

ધનવતીએ ભોજન કરાવવાને બહાને પ્રધાનને ત્રીજો પહોર પૂરો થાય ત્યાં સુધી રોકી રાખ્યો.

ચોથો પહોર થતાં જ રાજા આવી પહોંચ્યો. રાજાએ દ્વાર ઉઘાડવા કરેલા સાદથી પ્રધાન ચમક્યો. ધનવતીએ પણ તપાસ કરીને રાજા આવ્યો હોવાનું કહ્યું. પ્રધાને પોતાને કયાંક સંતાડવા વિનંતી કરી. ધનવતીના કહેવાથી તે પેટીમાં પેઠો એટલે ધનવતીએ પેટી બંધ કરી.

ધનવતીએ રાજા સાથે પ્રેમાલાપ કરી સરસ રસોઈ જમાડવાના બહાને તેને રોકી રાખ્યો. થોડીવારમાં પાછલું પરોઢિયું થતાં, પહેલેથી ગોઠવણ કરી રાખ્યા પ્રમાણે ધનવતીની વૃદ્ધ પડોશણે આવીને ધનવતીનો પતિ પરદેશમાં ગુજરી ગયો હોવાનો સંદેશો આવ્યો હોવાનું કહીને બુમરાણ મચાવી મૂકી. એ સાંભળીને રાજાએ પોતાને કયાંક સંતાડવા ધનવતીને કહ્યું. ધનવતીએ તેને પેટીના ચોથા ખૂણે પૂરી પેટી બંધ કરી દીધી.

ધનવતીનો પતિ જે અપુત્ર હતો તે પરદેશમાં અવસાન પામ્યો હોવાના આ સમાચાર રાણીને મળ્યા. રાણીએ તે સમાચાર રાજાને આપવા અનુચરને મોકલ્યો. અનુચરે તપાસ કરી તો રાજા મહેલમાં નહોતો. પ્રધાન, કોટવાળ અને પુરોહિતને ત્યાં પૂછવા ગયેલો અનુચર ખબર લાવ્યો કે તેઓ પણ હાજર

ન હતા. રાણીએ વિચાર્યું કે એ ચારેય જણ સાથે મળીને પરદેશ ગયા હશે. રાણીએ અપુત્ર મરણ પામેલ વણિકને ત્યાંથી સઘળું ધન જપ્ત કરવા મોકલેલા સેવકોને ધનવતીએ પેલી પેટી સોંપી. સેવકોએ તે લાવીને રાણી સમક્ષ મૂકી. રાજા આવે તે પહેલાં પેટીમાંનો કિંમતી માલ હાથ કરી લેવા રાણીએ સેવકોને દૂર કરી પેટી ઉઘાડી તો તેમાંથી એક પછી એક પુરોહિત, પ્રધાન, કોટવાળ અને રાજા બહાર નીકળ્યા. લજ્જિત થયેલા ચારેય જણને રાણીએ ઠપકો આપ્યો. રાજાએ ધનવતીને સભામાં બોલાવી બહેન કહી પોતાના કૃત્ય અંગે માફી માગી. આમ, બુદ્ધિબળે ધનવતીએ પોતાના શીલની રક્ષા કરી.

પોપટે ધનવતીએ કરી તેવી કોઈક યુક્તિથી કુસુમશ્રીની શીલરક્ષા કરવા હૈયાધારણ આપી.

૭. આ પછી એક સેવિકાએ આવી કુસુમશ્રીને કેટલાક ગ્રાહકો તેની રાહ જોઈ રહ્યા હોવાનું જણાવ્યું. પોપટની શીખવણી પ્રમાણે પાંચસો દીનાર આપવા અને સવાર થતાં વિદાય થવાની શરતે એક પુરુષને કુસુમશ્રીએ બોલાવ્યો. તેને પહેલા પહોરે સ્નાન, બીજા પહોરે ભોજન, ત્રીજા પહોરે પ્રેમાલાપ અને ચોથા પહોરે નૃત્ય કરીને રોકી રાખ્યો. સવારે તેને રવાના કરી દીધો.

બીજી રાતે આવનારને કુસુમશ્રીએ આખી રાત ચોપાટ રમાડી સવાર થતાં તેને કાઢ્યો.

આમ પ્રત્યેક ગ્રાહકને કુસુમશ્રી યુક્તિપૂર્વક કાઢી મૂકતી. વેશ્યાને તો અઢળક ધન મળતું હતું તેથી તે રાજી થઈ.

એક વાર કુસુમશ્રીએ પોપટને તેનો પતિ મળવા અંગે પૂછ્યું. પોપટે તેને તે અંગેની ચિંતા છોડી દેવા કહ્યું.

૮. સમુદ્રમાં પડેલો વીરસેન પાટિયાને આધારે સાતમે દિવસે કિનારે પહોંચ્યો. એક અપુત્ર સાર્થવાહ તેને પુત્ર ગણી પોતાને ઘેર લઈ ગયો. આપબળે ધન કમાવા વીરસેને પરદેશે પ્રયાણ કર્યું. માલ વેચતો વેચતો તે શ્રીપુર પહોંચ્યો. ત્યાં તેણે જાણ્યું કે પુષ્પા વેશ્યાને ત્યાં રહેતી એક ગણિકા ગ્રાહકની પાસેથી એક રાતના પાંચસો દીનાર લઈને તેને સમાગમ વિના જ રવાના કરી દે છે.

કૌતુકથી વીરસેન પુષ્પાને ત્યાં ગ્રાહક તરીકે ગયો. કુસુમશ્રીએ પતિને ઓળખ્યો. તે પાસે આવ્યો ત્યારે તે કશું બોલ્યા વિના બેસી રહી. વીરસેનને થયું કે આવા ગુણ વેશ્યામાં ન હોય. તેની નજર પાંજરાના પોપટ ઉપર જતાં, પોપટ તેના ખોળામાં આવીને બેઠો. તેણે કુસુમશ્રીને ઓળખાવી. વીરસેનનો ક્રોધ ભડકી ઊઠ્યો. તેણે કુસુમશ્રીને કઠોર વચન કહ્યાં.

૯. એટલામાં જ રાજભવનમાં કોલાહલ સંભળાતાં વીરસેન ચૌટામાં આવ્યો. રાજાને કોઈ અગમ્ય વ્યાધિને કારણે બંધનમાં રાખ્યો હોવાના સમાચાર સાંભળતાં તેણે ભૂતપ્રેત જેવાં તત્ત્વો જો રાજાના દેહમાં પ્રવેશ્યાં હોય તો બહાર આવવા કહ્યું. રાજાનો પ્રાણ લેવાની વાત આકાશવાણીથી સાંભળી. વીરસેને દેવની સાધના કરી રાજાના અપરાધ વિશે તેને પૂછ્યું. દેવે કહ્યું કે એ રાજાએ બહુરૂપી વિદ્યાના બળે બીજા કોઈકના (એટલે કે વીરસેન–કુસુમશ્રીના) ચમત્કારી ઘોડો અને પલંગ હરી લીધા હતા. જો તે પાછાં સોંપે તો જ તેને રોગમુક્ત કરીશ. પ્રધાને બન્ને વસ્તુ હાજર કરી. આ પછી દેવ ચાલ્યો ગયો. પાદરદેવી ત્યાં પ્રગટ થઈ. કુંવરે પાદરદેવીને રાજાના બંધન છોડવા વિનંતી કરી ત્યારે દેવીએ જણાવ્યું કે કુસુમશ્રી આવીને જલ છાંટે તો રાજાનાં બંધન છૂટે. વીરસેને પૂછતાં તેણે કુસુમશ્રી પુષ્પા વેશ્યાને ત્યાં સીતાની જેમ શીલ પાળતી હોવાનું કહ્યું.

રાજકુમારે વેશ્યાઘેર રહેતી સ્ત્રી શીલવતી કેવી રીતે હોઈ શકે એમ પૂછતાં પાદરદેવીએ સઘળી વાત કરી. વીરસેન ગણિકાને ત્યાંથી કુસુમશ્રીને લઈ આવ્યો. રાજસભામાં આવી હાથમાં જલ લઈ રાજાને છાંટતાં તેનાં સર્વ બંધન તૂટી ગયાં. પોપટની મદદવા કુસુમશ્રીએ કેવી રીતે શીલવ્રત પાળ્યું તેની સઘળી વાત કરી.

રાજાએ ખુશ થઈ વીરસેનને અઢળક દ્રવ્ય આપ્યું અને રહેવા મહેલ આપ્યો. કેટલાક સમય પછી તેના પહેલાંના સસરા રાજા રણધવલે તેના શોધમાં મોકલેલ ચતુરંગ સેના ત્યાં આવી પહોંચી. તેની સાથે વીરસેન પોતાના નગર કનકશાલ પાછો ફર્યો ને માતાને મળ્યો.

૧૦. **પૂર્વભવનો વૃત્તાંત :** ક્ષેમંકર અને ક્ષેમનિધિ નામે બે ભાઈઓ હતા. ધારિણી અને પ્રિયમંજરી અનુક્રમે તેમની પત્નીઓ હતી.

દીકરીના વિવાહપ્રસંગે ધારિણીએ કપટ કરી દેરાણીને સુંદર વસ્ત્રોમાં સજાવી પોતાના દિયરને કહ્યું કે આપણે ઘેર એક સરસ ગણિકા આવી છે. તેને જોઈ દિયર લાજીને પાછો વળ્યો. દેરાણીએ હાંસી ખમી લીધી.

બીજા એક પ્રસંગે વાવના કાંઠે આનંદપ્રમોદ કરતાં ક્ષેમનિધિ અને પ્રિયમંજરીને ધારિણીએ ધક્કો મારી પાણીમાં નાખી દીધાં. ક્ષેમંકરે પોતાની પત્નીની ચતુરાઈ વખાણી.

વળી, એક દિવસ બાગમાં બેઠેલ પ્રિયમંજરીએ ક્ષેમનિધિને ફૂલો લાવવા કહ્યું. તે વખતે ધારિણીએ પ્રિયમંજરીને સંતાડી દીધી. ક્ષેમનિધિ દુઃખી થયો.

એક દિવસ વાવમાં સ્નાન કરતી ધારિણીને જોઈ પ્રિયમંજરીએ તેને મચ્છ ગળી જશે એમ કહ્યું ત્યારે તેણે મચ્છનું પેટ ચીરી તેને બહાર કાઢવા દેરાણીને કહ્યું. આમ હાંસી કરતાં ધારિણીનાં કર્મ બંધાયાં.

બીજા ભવે ક્ષેમંકર વીરસેન તરીકે અવતર્યો અને ધારિણી કુસુમશ્રી તરીકે અવતરી.

[આધાર : **'કુસુમશ્રી રાસ'**]

**ફૂલવાલૂઆ મુનિ** : **૧.** એક નગરમાં કોઈ એક આચાર્યને કુશિષ્ય સાંપડયો હતો. તે ઉદ્વેગકારી અને ઉદ્ધત હતો. ગુરુ તેને સારા સંસ્કાર આપે પણ તે તેને ગમે નહીં. તે ગુરુ ઉપર ગુસ્સે રહે. એક વખત ગિરનાર પર્વત પર શિષ્યે કોઈ સ્ત્રી પ્રત્યે કુદૃષ્ટિ કરી તેથી ગુરુએ તેને ઠપકો આપ્યો. એ વાતનો મનમાં ડંખ રાખીને શિષ્યે જ્યારે ગુરુ પહાડ ઊતરતા હતા ત્યારે તેની ઉપર શિલા ગબડાવી, પણ ગુરુ સહેજમાં બચી ગયા. ગુરુએ ક્રોધે ભરાઈને તેને કહ્યું, 'હે કુશિષ્ય, તું સ્ત્રીથી પતિત થઈશ.' શિષ્યે ગુરુવચન મિથ્યા કરવા વિચાર્યું કે જ્યાં સ્ત્રીનું નામ પણ સાંભળવા ન મળે ત્યાં જઈને રહેવું. પછી તે નર્મદા કિનારે જઈ રહ્યો. એક વાર નદીમાં પૂર આવતાં તેણે તેને તપના પ્રભાવથી વાળ્યું. આથી તે ત્યાંના લોકોમાં ફૂલવાલૂઆ મુનિને નામે પ્રખ્યાત થયો.

**૨.** શ્રેણિકને કોણિક ઉર્ફે અશોકચંદ્ર અને હલ્લ–વિહલ્લ નામે પુત્રો હતા. તેણે પોતાના બે નાના પુત્રો હલ્લ–વિહલ્લને હાર, કુંડલ અને વસ્ત્ર સહિત સેચનક હસ્તી ભેટ આપ્યાં. ત્યાર પછી અશોકચંદ્ર જેનું બીજું નામ કોણિક કે કુણિક હતું તેને રાજગાદી આપવાનું નક્કી કર્યું. પછી કોણિક પોતાના પિતાને કેદ કરી ગાદી પર બેઠો. પરંતુ કેદમાં રહેલાં શ્રેણિકના મૃત્યુથી વ્યથિત થયેલો તે નગરમાં ન રહી શકવાથી બહાર જઈને રહ્યો. પ્રધાનની સલાહથી તેણે ચંપાનગરી વસાવી. કોણિક કાલાદિક દશકુમારો સાથે ત્યાં આવીને રહ્યો. પદ્માવતીને પટરાણી બનાવી. રાણીના આગ્રહથી કોણિકે હલ્લ–વિહલ્લ પાસે કુંડલ માગ્યાં. હલ્લ–વિહલ્લ પરિસ્થિતિ પામી જઈ રાતોરાત પોતાના માતામહ ચેટક રાજા પાસે વિશાલાનગરી પહોંચી ગયા. કોણિકે ગમે તેમ કરી રત્નકુંડળ મેળવવા વિચારી ચેટક રાજા પાસે દૂતને મોકલી હલ્લ–વિહલ્લ બંનેને ચંપાનગરી મોકલવા કહેવરાવ્યું. ચેટક રાજાએ તેની વાત ન માની. તેથી કોણિકે વિશાલા પર ચડાઈ કરી. ચેટકને નિયમ હતો કે દરરોજ એક જ બાણ છોડવું. પહેલા જ દિવસે કોણિકનો ભાઈ અને સેનાની કાલ ચેટકના બાણથી હણાયો. બીજે દિવસે બીજો ભાઈ હણાયો. આમ નવ દિવસમાં કોણિકના નવ ભાઈઓને તેણે હણ્યા.

**૩.** હવે દરેક રાત્રે હલ્લ–વિહલ્લ સેચનક હાથી પર બેસી કોણિકના સૈન્યનો ઘાણ કાઢીને પાછા આવી જતા. કોણિકે ઘણા ઉપાય કર્યા પણ હલ્લ–વિહલ્લને વશ ન કરી શક્યો. છેવટે તેણે એક ખાઈ ખોદાવી તેમાં અંગારા ભરી તેને ઢાંકી દીધી. સેચનક પર બેસી હલ્લ–વિહલ્લ ત્યાં આવતાં હાથીએ આગળ વધવા આનાકાની કરી. છતાં જ્યારે પરાણે આગળ જવા હલ્લ–વિહલ્લે પ્રયત્ન કર્યો, ત્યારે તે બંનેને પીઠ પરથી ઉતારી હાથીએ ખાઈમાં ઝંપલાવ્યું. ત્યાં અંગારાભરી ખાઈ હોવાનું હલ્લ–વિહલ્લે જાણ્યું. વૈરાગ્યભાવ પ્રગટતાં તેમણે દીક્ષા લીધી.

**૪.** વિશાલાનગરી જીતી ન શકવાથી ક્રોધે ભરાયેલા કોણિકે પ્રતિજ્ઞા કરી, 'હું ગધેડાં જોતરી વિશાલામાં હળ ફેરવું તો જ ખરો. જો તેમ નહીં કરી શકું તો હું અગ્નિપ્રવેશ કરીશ.' પરંતુ ગઢ જિતાયો નહીં. પછી શાસનદેવતાએ આકાશવાણી કરી કે જો ફૂલવાલૂઆની પાસે કોઈક ગણિકાને મોકલી તેને ભોળવીને લઈ આવીશ તો તું વિશાલા પર વિજય મેળવી શકીશ.'

કોણિકે માગધિકા વેશ્યાને મોકલી. હાવભાવથી તેણે મુનિને ભોળવ્યા. માગધિકાએ નેપાળાનાં બી ભેળવી આપેલા લાડુથી મુનિને અતિસાર થઈ ગયો. વેશ્યા એ તકનો લાભ લઈ ફૂલવાલૂઆ પાસે રોકાઈ ગઈ. સમય જતાં તેમની વચ્ચે સ્ત્રી–પુરુષનો સંબંધ બંધાયો. છેવટે માગધિકા ફૂલવાલૂઆ મુનિને કોણિક પાસે લઈ આવી. રાજાએ તેને ગમે તેમ કરી વિશાલાનગરી જીતી આપવા કહ્યું.

**૫.** પછી મુનિએ વિશાલામાં જઈને જાણ્યું કે નગરમાં મુનિ સુવ્રતસ્વામીનો જે સ્તૂપ હતો. તેના પ્રચંડ પ્રભાવને કારણે તે નગર અજેય હતું. ફૂલવાલૂઆ વિશાલાને જીતવાનો માર્ગ વિચારતાં હતા એવામાં જ રાજા અને પ્રજાએ આવી વિગ્રહ હજી કેટલો વખત ચાલશે એમ પૂછ્યું. મુનિએ ઉત્તર આપ્યો કે જ્યાં સુધી આ સ્તૂપ નગરમાં રહેશે ત્યાં સુધી તેના પર આપત્તિ ઝઝૂમશે, માટે તેને ખોદી નાખો. એ સાંભળી લોકોએ પાયામાંથી સ્તૂપ ઉખેડી નાંખ્યો. છેવટે બારમા વર્ષને અંતે કોણિકે વિશાલાનગરી જીતી લીધી. ચેટક રાજાએ કંઠે પ્રતિમા બાંધી વાવમાં ઝંપલાવ્યું, તે વેળા નાગરાજ ધરણેન્દ્ર પ્રગટ થઈને ચેટકને લઈ ગયા.

કોણિકે હજે ગધેડાં જોતરી વિશાલાની ભૂમિ ખેડી પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી. પછી કોણિક રાજા પોતાના નગરમાં પાછો ફર્યો. કૂલવાલુઆ ઋષિ માગધિકા વેશ્યાના સંગમાં શીલનું ખંડન કરી અનેક ભવ સંસારમાં ફર્યા.

[આધાર : **'શીલોપદેશમાલા બાલાવબોધ'** છત્રીસમી દૃષ્ટાંતકથા]

**કૂવામાં લટકીને બચતી કુલટા (સૂડાબહોંતેરી,** ચૌદમી કથા) : ચતુરસેન ચૌહાણની પત્ની સરૂપાં જુવાન વણિકપુત્ર મલુકાના પ્રેમમાં હતી. એક વાર તે પતિને નવડાવતી હતી, તે વખતે રસ્તા પરથી મલુકાને પસાર થતો જોઈને તે કામાતુર બની ગઈ. તેણે પતિને કહ્યું, 'તમારે શરીરે એટલો મેલ છે, ને તમારું માથું એટલું બધું ચીકણું છે કે ટાઢા પાણી સિવાય ચોખ્ખું નહીં થાય. હું હમણાં જ જાંબુડી કૂઈનું પાણી લઈ આવું.' ચતુરસેન ના ના કરતો રહ્યો અને સરૂપાં બેડું લઈને ઝડપથી બહાર નીકળી ગઈ. ચતુરસેન ઉઘાડે ડીલે અને ભીને કપડે બેઠો રહ્યો. સરૂપાંએ જઈને મલુકાનો હાથ પકડ્યો અને જાગેલી કામેચ્છા તૃપ્ત કરવા કહ્યું. મધ્યાહ્નનો વખત હોઈને મલુકાએ પકડાઈ જવાનો ડર બતાવ્યો, પણ સરૂપાંએ તેને નિશ્ચિંત રહેવા કહ્યું. તે તેને એક એકાંત વાવમાં લઈ ગઈ. તેની સાથે યથેચ્છ સમાગમ કરી, પછી મલુકાને વિદાય કરીને, સરૂપાં બાજુના કૂવાની કાંઠેના પીપળાની અંદર ઊતરેલી ડાળ પકડી કૂવામાં લટકી રહી અને 'બચાવો, બચાવો'ની બૂમો પાડવા લાગી. સરૂપાંને ઘણી વાર થઈ એટલે ધૂંઆપૂંઆ થયેલા ચતુરસેને તેની તપાસ કરવા માણસો દોડાવ્યા. 'મને આમ લટકતો રાખીને નક્કી એ એના કોઈ જારના ઘરમાં પેઠી. આવતાંવેંત એને હું પૂરી કરું', એમ ઉશ્કેરાઈને ચતુરસેન બરાડતો હતો. આ તરફ કૂવે પાણી ભરવા આવેલી પણિયારીઓએ સરૂપાંને કૂવામાં લટકતી જોઈને બૂમાબૂમ કરી લોકોને ભેગા કર્યા. કોઈકે જઈને ચતુરસેનને જાણ કરી. સરૂપાંને બચાવે તેને મોટું ઇનામ આપવાનું તેણે જાહેર કર્યું. તારાઓએ તેને કૂવામાંથી બહાર કાઢી. સરૂપાંએ ઉતાવળે પાણી ખેંચવા જતાં, પગ લપસી ગયો અને પોતે જેમતેમ ડાળ પકડીને વળગી રહી તેની વિગતે વાત કરી. ચતુરસેને સરૂપાં બચી ગઈ તે માટે દેવતાને ભોગ ધર્યો અને તે પછી હમેશાં તેના ગુણગાન કરતો રહ્યો.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, ચૌદમી કથા]

**કૂવે પડ્યાનો પ્રપંચ રચીને બચતી કુલટા (સૂડાબહોંતેરી,** છઠ્ઠી કથા) : મંડણજી નાગરના પાંચ દીકરામાંથી સૌથી મોટા માણેકનાં લગ્ન માનકુંવર સાથે થયાં હતાં. માનકુંવરનું ચારિત્ર્ય ખરાબ હતું. રાત્રે ઘરનાં બધાં ઊંઘી ગયાં હોય ત્યારે તે ઘરની બહાર એના જાર જોડે રંગરાગ કરતી. એક દિવસ મંડણ પુત્રવધૂને મધરાતે છાનીમાની બહાર જતી જોઈ ગયો. એણે પુત્ર માણેકને જગાડ્યો. બંનેએ બહાર નીકળીને જોયું તો વીજળીના ઝબકારામાં દૂર બે પ્રેમીઓ ક્રીડામાં મગ્ન હતાં. પુત્રવધૂને પાઠ ભણાવવા બાપબેટાએ ઘરમાં પાછા ફરીને બારણાની અંદરથી સાંકળ વાસી દીધી, અને માનકુંવર પાછી ફરે એની રાહ જોતા બેઠા. જાર સાથે રંગરાગ માણીને માનકુંવર પાછી ફરી તો ઘરનું બારણું અંદરથી વાસેલું જોયું. પોતે પકડાઈ ગઈ છે એમ જાણીને માનકુંવરે યુક્તિ વિચારી કાઢી. ઘરના આંગણામાં એક કૂઈ હતી. માનકુંવરે એક મોટો પથ્થર લાવીને એની અંદર ધકેલ્યો, અને પોતે બીજી બાજુમાં ચાલી ગઈ. મોટો ધબાકો થયો. ઘરમાં રહેલા મંડણ અને માણેકે ધબાકો સાંભળીને માની લીધું કે લાજની મારી વહુ કૂવે પડી. રૂપિયાનો મોટો ઢગલો આપીને માંડણ અને માણેક નાગરાણીને લાવેલા, અને આમ તેને ખોઈ તે માટે માણેકે પિતાનો વાંક કાઢ્યો. બન્ને હાંફળા-ફાંફળા બની બારણું ઉઘાડી બહાર નીકળ્યા, અને દોડીને કૂવાની અંદર જોવા લાગ્યા. એ લાગ જોઈને માનકુંવર ગુપચૂપ ઘરમાં પ્રવેશી ગઈ અને બારણું અંદરથી બંધ કરી દઈને એણે મોટેથી બૂમ પાડી, 'બહાર કોનો બોલોચાલો સંભળાય છે?' આ સાંભળીને સસરાએ વહુને બારણાં ઉઘાડવાનું કહેતાં પૂછ્યું, 'તું ઘરમાં જ હતી, તો પછી આ કૂઈમાં કોણ પડ્યું?' આ સાંભળીને માનકુંવર રડતી રડતી બોલી, 'તમે બાપ-દીકરાએ ગજબ કર્યો. મારી નણંદ જ કૂવામાં પડી લાગે છે. છ મહિનાથી કોઈક એને રોજ રાત્રે મળવા આવતો એ હું જાણતી હતી. પણ ઘરની આબરૂ જાળવવા હું ચૂપ રહી હતી. પણ તમે આજે એને જોઈ ગયા. પકડાઈ જતાં શરમની મારી એણે કૂવો પૂર્યો લાગે છે.' આ સાંભળીને બાપ અને બેટાના હોશકોશ ઊડી ગયા : લોકોને મોઢું શું બતાવશે? પણ માનકુંવરે કહ્યું, 'કૂઈની અંદર પાણી નથી. તમે મૂંગા મૂંગા મેડીએ જાઓ. નણંદબાને હું બહાર કાઢી સમજાવી લાવીશ. પણ આ વાતની કોઈને પણ ખબર ન પડે તે જોજો.' એ રીતે ધણીને અને સસરાને ઘરમાં મોકલી દઈ, માનકુંવર કૂઈની પાસે જઈને ધણી ને સસરો સાંભળે તેમ બોલવા લાગી, 'આ દોરડું પકડી લો, હું ખેંચી લઉં છું. મૂંઝાશો મા. કોઈને કાને વાત નહીં જાય. હવે મારો ખભો પકડી રાખો. ચાલો, જઈને તમારી પથારીમાં સૂઈ જાઓ. આ હળદર ને ખાંડ

પી લો, સુવાણ થશે.' એવું નાટક કર્યું. સસરાએ અને ધણીએ માનકુંવરને બોલાવીને શાબાશી આપી અને સોનાનું ઝૂમણું ભેટ આપ્યું.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, છઠ્ઠી કથા]

**કૃતજ્ઞ પ્રાણીઓ અને કૃતઘ્ન માનવી (=પંચાખ્યાન,** ઘટક ૨.૮, **સિંહાસનબત્રીસી–૧,** પહેલી કથા, ઘટક ૨) : કોઈ એક નગરમાં યજ્ઞદત્ત નામે બ્રાહ્મણ રહેતો હતો. તે તદ્દન દરિદ્રી હતો. ભૂખથી પીડાતાં બાળકોને માટે કશુંક મેળવી લાવવા તેની પત્નીએ તેને કહ્યું. બ્રાહ્મણ ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં કેટલાક દિવસે તે એક વનમાં પહોંચ્યો. તરસ્યો થતાં પાણીની શોધમાં તે ઘાસથી ઢંકાયેલા એક કૂવા પાસે આવ્યો. તેણે કૂવામાં જોયું તો તેમાં એક વાઘ, વાનર, સાપ અને માણસ પડી ગયેલાં હતાં. વાઘે પોતાને બહાર કાઢવા બ્રાહ્મણને વીનવ્યો અને બહાર નીકળતાં, બ્રાહ્મણને ન મારવાના સમ ખાધા. પ્રાણીદયાથી પ્રેરાઈને બ્રાહ્મણે તેને બહાર કાઢ્યો. તે પછી વાનરે અને સર્પે વિનંતી કરતાં તેમને પણ બહાર કાઢ્યાં. પોતે સામેના ડુંગર પાછળ ગુફામાં રહે છે અને બ્રાહ્મણ તેની પાસે આવશે તો તે ઉપકારનો બદલો વાળશે એમ કહીને વાઘ ચાલ્યો ગયો. વાનરે પણ ત્યાં એક ઝરણા પાસેના ઝાડ પર પોતે રહેતો હોવાનું અને ફળ ખાવાની ઇચ્છા થાય ત્યારે ત્યાં આવવા કહ્યું. સર્પે સંકટસમયે યાદ કરવા કહ્યું. તે પછી કૂવામાં રહેલા મનુષ્યે પોતાને બહાર કાઢવા બ્રાહ્મણને વીનવ્યો. બ્રાહ્મણે તેને બહાર કાઢ્યો, એટલે તેણે પોતાની ઓળખાણ આપી, 'હું ભૃગુકચ્છનો સોની છું અને જરૂર પડે ત્યારે તું મારે ત્યાં આવજે,' એમ કહી તે રવાના થયો. તે પછી રખડતા બ્રાહ્મણને કંઈપણ પ્રાપ્તિ ન થઈ એટલે વાનરનું વચન યાદ કરીને તે તેની પાસે ગયો. વાનરે તેને ફળ આપ્યાં. પછી બ્રાહ્મણ વાઘ પાસે ગયો. તેણે તેને રત્ન, કુંડળ અને હાર આપ્યાં. એક રાજકુમાર ઘોડેસવાર થઈ તેની પાછળ પડ્યો હતો તેને તથા ઘોડાને વાઘે મારી નાખ્યા હતા અને તેનાં ઘરેણાં રાખી મૂક્યાં હતાં. તે પછી બ્રાહ્મણ એ ઘરેણાં લઈ સોની પાસે ગયો અને તેને વેચી આપવા કહ્યું. સોની એ ઘરેણાં ઓળખી ગયો. તેણે જ એ રાજકુમારને માટે ઘડ્યાં હતાં. બ્રાહ્મણને બેસવાનું કહીને તેણે રાજા પાસે જઈ એ ઘરેણાં બતાવ્યાં. એ કોણ લઈને આવ્યું છે તે પણ કહ્યું. રાજાએ બ્રાહ્મણને જ કુંવરનો ઘાતક માની લઈને તેને પકડી મંગાવી બંધનમાં નાખ્યો અને સવારે તેને શૂળીએ ચડાવવાનો આદેશ દીધો. બ્રાહ્મણે સર્પને યાદ કરી બંધનમાંથી પોતાને છોડાવવા વિનંતી કરી. સર્પે તે માટેનો ઉપાય બ્રાહ્મણને સમજાવ્યો. સર્પ જઈને રાણીને કરડ્યો. વૈદ્યો અને ભુવાના ઉપચારથી રાણીનું ઝેર ન ઊતર્યું. રાજાએ ઢંઢેરો પીટાવ્યો. તે સાંભળી બ્રાહ્મણે ઝેર ઉતારવાનું માથે લીધું. સર્પની સૂચના પ્રમાણે બ્રાહ્મણે રાણીને સ્પર્શ કરતાં તેનું ઝેર ઊતરી ગયું. રાજાએ બ્રાહ્મણને બંધનમુક્ત કર્યો. પછી તેને ઘરેણાં ક્યાંથી મળ્યાં તે પૂછતાં તેણે હકીકત જણાવી. રાજાએ સોનીને દેશવટો આપ્યો અને બ્રાહ્મણને એક હજાર ગામ ભેટ આપી પ્રધાન બનાવ્યો.

[આધાર : (૧) **પંચાખ્યાન** ઘટક ૨.૮ : દમનકે પિંગલકને કહેલું દૃષ્ટાંત; (૨) **સિંહાસનબત્રીસી–૧**, પહેલી કથા, ઘટક ૨]

**કૃપણ શેઠ શૃંગદત્ત : ૧.** શૃંગદત્ત શેઠ કરોડપતિ હોવા છતાં ઘણો જ કૃપણ હતો. તેના ચાર પુત્રો અને પુત્રવધૂઓને એ મખ્ખીચૂસ હોવાથી ઘણું દુઃખ હતું. એક વાર એક જોગણી અંતરિક્ષથી ઊતરી શૃંગદત્તના ઘરમાં પુત્રવધૂઓ પાસે આવી. પુત્રવધૂઓએ તેને પોતાના દુઃખની વાત કરી. જોગણીએ તેમને પઠિતસિદ્ધ આકાશગામિની વિદ્યા આપી. ઘરમાં એક મોટી લાકડાની પોલી લાટ હતી. પુત્રવધૂઓ રાત પડતાં તેના પર બેસીને વિદ્યાબળે દૂરદૂર ભ્રમણ કરવા નીકળી પડતી અને દિવસે ઊંઘતી. ઘરના નોકરને એ લાટને તેની મૂળ જગ્યાએથી અવારનવાર ખસેલી ભાળીને શંકા જતા તે રાત્રે તેના પોલાણમાં ભરાઈને બેઠો. પુત્રવધૂઓએ આવીને મંત્રબળે તે લાટને આકાશમાર્ગે ઉડાડી અને તેઓ સુવર્ણદ્વીપ પહોંચી. તેઓ રમીભમીને પાછી આવી તે દરમિયાન નોકર સોનાની બે ઈંટ લઈને પોલાણમાં ભરાઈ બેઠો. પુત્રવધૂઓ ઘરે પાછી આવીને સૂઈ ગઈ. તે દિવસથી નોકર નમ્ર મટીને શેઠની સામે બોલતો થયો અને કામકાજમાં પણ ઘણો બેદરકાર બન્યો. શેઠને વહેમ ગયો કે એની પાસે ક્યાંકથી ધન આવ્યું છે. તેણે નરમાશથી પૂછપરછ કરી એટલે નોકરે પોતાને કઈ રીતે સોનું મળ્યું તેની વાત કરી.

૨. તે રાતે શૃંગદત્ત પોતે પેલા લાકડાના પોલાણમાં ભરાઈ બેઠો. પુત્રવધૂ લાટને રત્નદ્વીપ લઈ ગઈ. ત્યાંથી એકવીશ રત્ન લઈને શૃંગદત્ત પાછો આવ્યો. બીજી રાતે તે જ પ્રમાણે શૃંગદત્ત સુવર્ણદ્વીપ પહોંચ્યો. તેની રેતીની ઘણીબધી ઈંટો બનાવીને લોભિયા શૃંગદત્તે પોલાણમાં ભરી. થોડીક જગ્યા બચી તેમાં તે જેમતેમ સંકડાઈને બેઠો. પુત્રવધૂઓ વિહાર કરીને પાછી આવી લાટ પર બેઠી. લાટ મંત્રબળે આકાશમાર્ગે ઊડી. ઈંટોના ભારથી તેની ગતિ ઘણી ધીમી થઈ ગઈ હતી. તે સમુદ્ર પરથી પસાર થઈ રહી હતી ત્યારે મોટી પુત્રવધૂ બોલી, 'આ લાકડું જીર્ણ થઈ ગયું છે, એટલે ઝડપથી

ચાલતું નથી. હવે ઘર નજીક છે, તો આપણે આને સમુદ્રમાં નાખી દઈ, એમ જ ઊડીને ઘેર પહોંચીએ, બીજું લાકડું કામ લેશું.' એ સાંભળી શૃંગદત્ત બોલ્યો, 'એવું રખે કરતાં. હું તમારાં ઘરેણાં કરાવવા ઘણું સોનું ભરી લાવ્યો છું.' એ સાંભળી પુત્રવધૂઓને થયું', 'આપણું રહસ્ય ઉઘાડું થઈ ગયું. આ ડોસો માથામાં નાંખવા તેલનું ટીપુંય આપતો નથી, એ ઘરેણાં શું ઘડાવી આપશે. ટાઢે પાણી ખસ કાઢો.' અને લાટને સમુદ્રમાં નાખી દઈને ચારે જણીઓ એકબીજાની આંગળીઓના આંકડા ભીડી આકાશમાર્ગે ઘરે પહોંચી.

[સંદર્ભ : **ચંદ્રશેખર રાજાની** કથામાં ક્ષેત્રપાળે અતિ લોભનાં ફળ વિશે ચંદ્રશેખરને કહેલી દૃષ્ટાંતકથા]

**ક્ષત્રીવટનો પ્રપંચ રચીને બચતી કુલટા (સૂડા-બહોંતેરી,** એકવીસમી કથા) : બાજીપુર ગામમાં એક ધોરો નામનો જોરાવર ક્ષત્રિય રહેતો હતો. એની વહુ ધિંગોજી એના ધણીના મિત્ર અને ગામના પટેલ ગાંગા પટેલ જોડે પ્રેમમાં હતી. વળી એ ગાંગા પટેલના પુત્ર પાંચાની સાથે પણ એનો જીવ મળી ગયો હતો. એક વાર ધોરાને બહારગામ જવાનું થયું. ધિંગોજીને કોઈપણ સગા કે અજાણ્યા પારકા પુરુષને ઘરે ન બોલાવવાની ચેતવણી તે આપતો ગયો. પછી ધિંગોજી પાણી ભરવા તળાવે ગઈ ત્યાં પાંચાને નહાતો જોઈને એને પોતાને ઘેર આવવા નોતર્યો. એ પાણી ભરીને ઘેર આવી, એટલે એની પાછળ પાંચો આવી પહોંચ્યો. ધિંગોજીએ પલંગ પાથરી એને બેસાડ્યો, અને આગતાસ્વાગતા કરી. એટલામાં ગાંગા પટેલે આવીને ડેલી ખખડાવી. ધિંગોજીએ પાંચાને મેડી પર સંતાવાનું કહીને કમાડ ઉઘાડ્યાં, અને ગાંગા પટેલને આવકારી ઘરમાં લીધો. બંનેએ થોડીવાર વાતચીત કરી એટલામાં તો ધોરાના ઘોડાનો હણહણાટ સંભળાયો. બારણાં ખુલ્લાં હતાં. ધોરાને આવતો જોઈ સપડાયેલા ગાંગાએ 'મારું કે મરું'' એવી મનમાં ગાંઠ વાળીને તલવાર ખેંચી. ગાંગાને ધિંગોજીની પાસે ઉઘાડી તલવારે ઊભેલો જોઈ, તલવાર ખેંચીને ધોરો પણ તેમની તરફ આગળ વધ્યો. મારામારી થતાં બેમાંથી એક તો મરશે જ અને પોતાની લોકોમાં ફજેતી થશે એવી પરિસ્થિતિ જોઈ ધિંગોજીએ ગાંગાને કહ્યું, 'તું ઉતાવળો ન થા. હું કપટબાજીથી ધોરાને ભોળવું છું.' તેણે ગાંગાને બોચીથી ઝાલી, હાથ પકડી બળથી બહાર ધકેલ્યો અને બોલતી ગઈ, 'તું મને મારી નાખીશ તોયે અમે ક્ષત્રિય શરણાગતને નહીં સોંપીએ.' આ જોઈ ધોરાએ 'આ બધું શું છે?' એમ પૂછ્યું. ધિંગોજીએ ખુલાસો કરતાં કહ્યું', 'આ ગાંગો પટેલ એના દીકરા પાંચાને શોધતો શોધતો અહીં આવ્યો છે. પાંચો એના કોઈ વાંકમાં આવ્યો હશે, એટલે તે એને મારવા ઊભો થયો. પાંચો ભાગ્યો અને શરણ માટે અહીંતહીં ભમ્યો, પણ કોઈએ આશરો ન દીધો. અંતે વીરપુરુષ તરીકે તમારી નામના જાણી તે અહીં શરણ લેવા આવ્યો. તમે ન હતા, પણ તમારી આબરૂ સાચવવા મેં એને આશરો આપી, મેડી પર સંતાડ્યો છે. હવે હું એની સોંપણી તમને કરું છું. તમારે એનું અને આનું જે કરવું હોય તે કરો.' આ સાંભળી ધોરાએ પત્નીને શાબાશી આપી, પોતાની આબરૂ જાળવવા માટે તેની પ્રશંસા કરી. પછી ગાંગા પટેલને સમજાવી ટાઢો પાડીને એને ઘરે મોકલ્યો. મેડી પરથી પાંચાને બોલાવી તેને ખાનપાન દઈ રીઝવ્યો.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, એકવીસમી કથા]

**ગર્દભ રાજા ( = ગંધર્વસેન = ગર્દભસેન = બોલતો ગર્દભ) (સિંહાસનબત્રીસી,** દસમી કથા) : ફરી પાછો ભોજ રાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી વનિતા નામની દસમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. ઇંદ્રપુત્રને શાપ :** મેનકાએ ઇંદ્રસભામાં કરેલા અદ્‌ભુત નૃત્યથી પ્રસન્ન થઈને ઇંદ્રે તેને શંકરની સેવામાં રહેવા મોકલી, કેમ કે, શંકરને પ્રતાપે જ તેને ઇંદ્રપદ મળ્યું હતું. પણ રસ્તામાં જ ઇંદ્રના પુત્રે મેનકાને પરાણે પોતાને ત્યાં લઈ જઈને રાખી. એક માસ પછી જ્યારે ઇંદ્ર શંકરને મળવા ગયો, ત્યારે તેણે જાણ્યું કે મેનકા ત્યાં નહોતી આવી. બોલાવીને પૂછતાં મેનકાએ બનેલી વાત કહી. ઇંદ્રે પુત્રને બોલાવીને શાપ આપ્યો, 'જા તું પૃથ્વીલોકમાં પડ અને ગર્દભનો અવતાર ભોગવ.' પુત્રે સ્તુતિ કરીને શંકરને વીનવ્યા. તેમના સમજાવવાથી ઇંદ્રે શાપને હળવો કર્યો, 'તું દિવસે ગર્દભ, પણ રાતે તારા મૂળ રૂપમાં રહીશ. પૃથ્વી ઉપર તું બહુમાન પામીશ, રાજપુત્રીને પરણીશ અને નવખંડમાં નામ રાખે તેવો તને પુત્ર થશે. કુંવરીને ગર્ભ રહે ત્યારે તું સ્વર્ગમાં પાછો આવજે.' પછી તરત જ ઇંદ્રપુત્ર ધરતીલોકમાં પડ્યો. ઇંદ્ર સ્વસ્થાને પાછો ફર્યો.

**૨. ગર્દભનો અવતાર :** ઇંદ્રપુત્ર સ્તંભતીર્થના રામજી કુંભારને ત્યાં ગર્દભરૂપે અવતર્યો. એક મધરાતે તેણે કુંભારને કહ્યું, 'તારા રાજા પાસે જઈને કહે કે મને તેની કુંવરી

પરણાવે, નહીં તો હું આ નગરનો નાશ કરીશ. અને જો તું જઈને નહીં કહે તો તારા પ્રાણ લઈશ.' કુંભારે જઈને પ્રધાનને આ વાત કરી. પ્રધાને પોતે પહેલાં વાતની ખાતરી કરી. પછી રાજાને સાથે લઈ ફરી તે કુંભારને ત્યાં ગયો. રાજા જે કહે તે શરત પૂરી કરવા ગધેડાએ તૈયારી બતાવી. રાજાને અને પ્રધાનને એ ગધેડો કોઈક દેવપુરુષ હોવાનું લાગ્યું. પણ ખાતરી કરવા તેમણે નગરની ફરતો રૂપાના કાંગરાવાળો ત્રાંબાનો ગઢ કરી દેવા માગણી કરી. ગર્દભે નગરની ફરતું સૂતર વીંટાળવા કહ્યું. રાત્રે વિશ્વકર્માને બોલાવીને રાજાએ જેવો કહ્યો હતો તેવો ગઢ કરાવી આપ્યો. ત્યારથી એ નગરનું નામ ત્રંબાવટી પડ્યું. રાજાએ તે ગધેડાને પોતાની કુંવરી પરણાવી અને રહેવા માટે આવાસ આપ્યો. દિવસે ગર્દભ ચરવા જાય. રાતે ગધેડાની ખાલ ઉતારી, સુંદર દેવરૂપ ધરી તે કુંવરીની સાથે ભોગ ભોગવે. એ વાત કોઈને પણ ન કહેવાની તેણે કુંવરીને ચેતવણી આપી. પ્રધાનની પુત્રી પણ રાજકુંવરીની સખી હોવાથી એ ગર્દભને વરી.

રાજકુંવરીએ એક વાર પોતાની માતાને પોતાની ગુપ્ત વાત કહી દીધી. માતાએ રાતે રોકાઈને બધું પોતાની આંખે જોયું. જમાઈનું દેવરૂપ જળવાઈ રહે તે માટે તેણે ગધેડાની ઉતારેલી ખાલને અંગારામાં નાંખી દીધી. આથી એ દેવને શરીરે લાય લાગી. શું બન્યું તે તરત તે સમજી ગયો. તેણે રાજકુંવરીને ચેતવી, 'મારું ખોળિયું કોઈએ બાળી નાખ્યું, તેથી મારો હવે અંત આવ્યો છે. આખી ત્રંબાવટી નગરી ઉપર કાલે પાણી ફરી વળશે. બધાનો નાશ થઈ જશે. સવાર થાય તે પહેલાં તું નસાય ત્યાં નાસી જા.' એટલું કહીને આવેલા વિમાનમાં બેસીને ઇંદ્રપુત્ર સ્વર્ગમાં ચાલ્યો ગયો.

**૩. વિક્રમનો જન્મ અને પરાક્રમ :** ગર્ભવતી કુંવરી અને પ્રધાનપુત્રી બંને નાઠાં. સવારે ત્રંબાવટી પાણીમાં ડૂબી ગઈ. તે પછી કોઈક કાળે એ જગ્યા પર ખંભાત નગર વસ્યું. આ તરફ નાસતી બંને સ્ત્રીઓ વનમાં નદીકાંઠે એક વૃદ્ધ ઋષિના આશ્રમમાં રહી. બંનેને પુત્ર અવતર્યા. કુંવરીના પુત્રનું નામ વીકો અને પ્રધાનપુત્રનું નામ પરભવ રાખ્યું. તેમનું રાજા અને પ્રધાન થવાનું ભવિષ્ય હતું. બંને વિદ્યા ભણ્યા. એકવાર રમવા ગયેલો પરભવ ભૂલો પડતાં તેને કોઈક વણજારો ઉઠાવી ગયો. પરભવ શુકનવિદ્યા ભણ્યો હતો, એટલે તે શાણવી કહેવાયો. વીકો અગિયાર વરસનો થયો, ત્યારે એકવાર શ્રાદ્ધને દિવસે નોતરેલા બ્રાહ્મણો જમવા બેસતા હતા. ત્યાં તે દસબાર હરણનો શિકાર કરી, તેમનાં મડદાં લઈને આશ્રમમાં આવ્યો. 'આવો પાપી જ્યાં હોય, ત્યાં અમે ન જમીએ' એમ કહી બ્રાહ્મણો જવા લાગ્યા. પણ એ છોકરાનો ત્યાગ કરવાની શરતે તેઓ જમવા તૈયાર થયા. પછી વીકાએ પોતે જ ત્યાંથી ચાલ્યા જવાનો નિર્ણય જણાવ્યો. 'ભાઈને શોધી કાઢી તેને રાજ્ય અપાવીને હું પાછો આવીશ' એમ માતાઓને કહીને તે ગયો.

**૪. વીકાનો તેના ભાઈ પરભવ સાથે મેળાપ :** ચાર દિવસના ભ્રમણ પછી તેને શાણવીવાળી વણજારાની પોઠ જંગલમાં મળી. વરસાદમાં રાતને પહેલે પહોર તે પોઠમાં ચોરી કરવા ઘૂસ્યો. ત્યાં વનચરોએ લાળી કરી. પોઠવાળાઓએ શુકનવિદ્યાના જાણકાર શાણવીને એ લાળીનો શો અર્થ છે એમ પૂછતાં તેણે ભાખ્યું, 'પોઠમાં કોઈક ચોર પેઠો છે.' આ સાંભળીને વીકો પોઠમાંથી નીકળી ઝાડ પર ચડી ગયો. બીજે પહોરે વનચરની લાળી પરથી શાણવીએ ભાખ્યું, 'નદીના પૂરમાં તણાતા આવતા સ્ત્રીના મડદા ઉપર ઘણાં ઘરેણાં છે. મડદું એક પહોરમાં કાંઠા પાસે આવશે, તો કોઈ તેને બહાર કાઢીને તે અમને ખાવા આપો' એમ વનચર બોલે છે. આ સાંભળીને વીકાએ ડર્યા વિના નદીમાં ઝંપલાવ્યું. મડદું પકડી લઈને, ઘરેણાં ઉતારી લઈ, મડદાને કાંઠે નાંખી, પોઠની પાસે તે પાછો આવ્યો. ત્રીજા પહોરે શાણવીએ લાળીનો અર્થ કર્યો, 'વનચરની વાણી સમજીને કોઈકે ઘરેણાં કાઢી લઈ મડદાને કાંઠે નાંખ્યું. તેને ખાતાં વનચર આશીષ દે છે કે મડદું કાઢનાર અવંતીનું રાજ્ય ભોગવશે.' ચોથા પહોરે થયેલી લાળીનો શાણવીએ એવો અર્થ બતાવ્યો કે 'સવાર થતાં આપણી પોઠ અને નાયક ઉપર મોટું સંકટ આવશે. કોઈક પોઠ લૂંટી લેશે કે આપણને ફસાવશે ને આપણને કલંક લાગશે.' આ સાંભળી વણજારાના નાયકે અપશુકન હતા ત્યાં જ ઉતાવળે પોઠને ઉપાડી. વીકાએ પોઠના અપશુકનનો લાભ લઈ, પોઠને ચીરીને એકમાં એક ઝાલ અને બીજીમાં એક ઝાંઝર ગુપ્ત રીતે મૂકી દીધાં.

આગળ ઉપર એક ગામ આવ્યું. તેના રાજા આગળ જઈને વીકે રાવ ખાધી કે 'વણજારો મારો માલ લૂંટીને નાસી જાય છે.' રાજાએ પોઠની ગૂણોની તપાસ લીધી તો ઝાલ અને ઝાંઝર નીકળ્યાં. તેમની જોડનાં ઝાલ અને ઝાંઝર પોતાની પાસેથી બતાવી વીકાએ આરોપ સાબિત કર્યો. તેણે શાણવીને પોતાને સોંપી દેવાના બદલામાં વણજારાની જપ્ત કરેલી પોઠને પાછી સોંપી. તેણે રાજાને ઝાલ અને ઝાંઝર ભેટ દીધાં. વીકો ને પરભવ આગળ ચાલ્યા. પરસ્પરની વીતક કહી.

**૫. વેતાળને વશ કર્યો :** ચાલતાં ચાલતાં બંને ઉજ્જેણી નગરીમાં ક્ષિપ્રાને કાંઠેના ભયંકર ગાંધર્વ મસાણમાં આવી પહોંચ્યા. સિદ્ધો, ભૂતો, વ્યંતરો, વીરો ને જોગણીઓનો ત્યાં

વાસ હતો. સૌમાં મુખ્ય હતી હરિસિદ્ધ માતા. પરભવ નગરીમાં ગયો. માતાએ સુંદરી રૂપે વીકા પાસે આવી દાણ તરીકે લોહી માગ્યું. વીકો તે આપવા તૈયાર થયો. તેણે વારાફરતી પોતાના સાથળ, પિંડી, બાવડું અને કાળજું પોતાને હાથે કાપ્યાં, પણ ટીપું લોહી ન નીકળ્યું. પછી જ્યાં તે માથું કાપવા જતો હતો ત્યાં માતાએ તેને અટકાવ્યો. સાજો કરીને, માતાએ તેને વરદાન આપ્યું, 'સાહસી પરદુઃખભંજન રાજા તરીકે તારી કીર્તિ અમર થશે.' પછી માતા અંતર્ધાન થયાં. એટલામાં પરભવ સામગ્રી લઈને આવ્યો. ભોજન કરીને ગામના કુંભારને ત્યાં તેઓ રાત રહ્યા.

રડતી કુંભારણે તેમને કહ્યું, 'ગામમાં નિત્ય આવતા એક દુષ્ટને ગામલોકોએ વારા પ્રમાણે એક મનુષ્યનો ભોગ ધરવો પડે છે. આજે અમારો વારો છે. જેનો વારો હોય તેને એક દિવસનું રાજ્ય મળે.' એટલે વીકો કુંભારના પુત્રની બદલીમાં ભોગ થવાને ગયો. તેને રાજા બનાવ્યો. તેણે ઠેકઠેકાણે દૂધના કુંભ, મદ્યનાં માટ, સાકરનાં શરબત, ખીચડો વગેરે ખાનપાન મુકાવ્યાં. પોતે ઉઘાડે ખડ્ગે પહેરો ભરવા લાગ્યો. એટલામાં વીર વેતાળ આવ્યો. ખાઈપીને તે પ્રસન્ન થયો. રાજમહેલમાં આવીને તેણે તે દિવસના રાજાને વરદાન માંગવા કહ્યું. વીકાએ વેતાળનું નામ અને શક્તિ પૂછ્યાં. વેતાળ બાવન વીરનો સરદાર હતો. ત્રણ લોકમાં તેની ગતિ હતી. તે અનેક વિદ્યા જાણતો હતો. વિક્રમની વિનંતીથી વેતાળ ઈશ્વરની પાસે જઈને જાણી લાવ્યો કે વીકાનું આયુષ્ય ૧૩૫ વરસનું છે. તેમાં એક દિવસ પણ વધારી કે ઘટાડી ન શકાય તે પણ વેતાળને ઈશ્વરની પાસે ફરીથી મોકલીને વીકાએ જાણી લીધું. એટલે પછી વીકાએ કૂદી વેતાળને ચોટલે પકડીને કહ્યું, 'તું મારો દાસ થઈ રહેવાની પ્રતિજ્ઞા લે તો તને જીવતો મૂકું. મારું આયુષ્ય નક્કી હોવાથી તું મને મારી નહીં શકે.' વેતાળ વીકાને વશ થયો અને પોતાને આહાર પૂરો પાડવાની શરતે, વીકો જ્યારે સંભારે ત્યારે આવીને સોંપેલું કામ કરી આપવાનું તેણે કબૂલ્યું. ત્યારથી વીકો વીરજિત વિક્રમ બન્યો.

**૬. વિક્રમનો રાજ્યાભિષેક** : વિક્રમે માતાઓને અને ઋષિને તેડાવ્યાં. નગરભોજન કરાવ્યું. કોઈ દુઃખી છે ખરું ? તે જોવા રાત્રે નીકળ્યો. પોતે જ્યાં રાતવાસો રહેલો તે કુંભારણ અને તેના પુત્રને એકબીજા સાથે લડતાં તેણે સાંભળ્યાં. પોતે ગયો હોત તો પોતાને પણ વેતાળ વશ થાત અને માલ મળત એ કુંભારપુત્રનું દુઃખ હતું. વિક્રમે તેને બોલાવ્યો અને રાજ્ય તેને સોંપી દેવાની તૈયારી બતાવી. પણ તેને તો ધન જ જોઈતું હતું. એટલે સવારે બોલાવીને વિક્રમે તેને બાણું કરોડ ટંકા આપ્યા. આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે. આટલી કથા ભોજરાજાને કહીને વનિતા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : '**સિંહાસનબત્રીસી–૨**', દસમી કથા]

**ગર્દભસેન (સિંહાસનબત્રીસી–૨, દસમી કથા)** : જુઓ **ગર્દભરાજા**

**ગળીથી રંગાયેલો શિયાળ (પંચાખ્યાન ઘટક ૨.૯)** : એક નગર નજીક રહેતો શિયાળ એક વાર ભૂખ્યો થતાં ખોરાકની શોધમાં ગામમાં પેઠો, પણ તેની પાછળ કૂતરાં પડતાં તે જીવ લઈને નાઠો. ગભરાટમાં તે રંગારાના ઘર પાસે ગળીના કુંડમાં પડ્યો. પછી જેમ તેમ કરીને તે બહાર નીકળી વનમાં પહોંચ્યો. ગળીથી રંગાયેલું તેનું શરીર જોઈ વનમાં કોઈ અપૂર્વ પ્રાણી આવ્યું છે, એમ માની બધાં પ્રાણીઓ ડરીને તેનાથી દૂર નાસવાં લાગ્યાં. આ તક ઝડપી લઈ શિયાળે પોતાને ઇંદ્રે સઘળા જીવનો રક્ષક નીમીને વન્ય પ્રાણીઓનો રાજા કકુદ્રુમ બનાવીને મોકલ્યો છે, એમ કહ્યું. એ સાંભળી બધાં પ્રાણીઓ તેને નમસ્કાર કરવા લાગ્યાં અને તેને માટે ભક્ષ લાવવા માંડ્યાં. તેણે સિંહને પ્રધાનપદ આપ્યું અને શિયાળોને પોતાનાથી દૂર કાઢ્યાં. એક વાર શિયાળોની લાળી સાંભળીને આ ગળીથી રંગાયેલા શિયાળે પણ મોટેથી લાળી કરી. "અરે, આ તો શિયાળિયું છે, આપણે તો છેતરાયા", એમ જાણી સિંહ વગેરેએ તેને મારી નાખ્યો.

[આધાર : '**પંચાખ્યાન બાલાવબોધ,**' ઘટક ૨.૯ : દમનકે પિંગલકને કહેલું દષ્ટાંત]

**ગંગસેન અને દૂધાં** (સ્ત્રીચરિત્ર વિશે દષ્ટાંતકથા) : સંભરદેશના રાજા માનસંગને ગંગસેન નામે ઘણો બળિયો પ્રધાન હતો. તે રોજ અઢી પૈસાભાર અફીણ અને સવામણ દૂધ લેતો. સિંહનો શિકાર ખેલતો. શરીરે પાતળો પણ બળ અપાર. સંભરથી સાત જોજન ઉપર ગાડા નામે ગામના ઠાકોર ઇંદ્રસેનને દૂધાં નામે બાર વરસની કુંવરી હતી. પોતાનું બોલ્યું પાળે એવા વરને વરવાનો તેનો નિર્ધાર જાણી ઠાકોરે તેનો સ્વયંવર રચ્યો. દેશ–દેશના રાણા અને રાજા સાથે ગંગ પણ સ્વયંવર જોવા આવ્યો. વેશ મેલોઘેલો. પણ તેની નામના નવે ખંડમાં. તેનાથી આકર્ષાઈને દૂધાં તેની આગળ ઊભી રહી. એટલે દાસીએ ગંગને કહ્યું : 'કુંવરીના સવાલનો જવાબ આપો તો તે તમને વરમાળા આરોપે.' એટલે ગંગ બોલ્યો, 'કુંવરી તારે પૂછવું હોય તે પૂછ. જવાબ હું જરૂર દઈશ પણ મારે તને પરણવાની પડી નથી. નારી કદી એકની થઈને નથી રહી.' સામું દૂધાંએ કહ્યું, 'નારીને નીચ શા માટે કહો

છો ? એક જ સ્ત્રીને વળગી રહ્યો હોય એવો કોઈ પુરુષ જ ક્યાં છે ?' ગંગે પુરાણકથામાંથી બ્રહ્મચારી અને એક પત્નીવ્રતધારીનાં નામ ગણાવ્યાં. તો સામે દૂધાંએ પરસ્ત્રી પાછળ ઘેલા થયેલાના દાખલા આપ્યા. દૂધાંએ ગંગની પાસે એક જ સ્ત્રીને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લેવરાવી, અને ગંગે દૂધાં પરપુરુષનો સંગ કરે તે દિવસે જારનું માથું અને તેનું નાક કાપવાનો કોલ લીધો. બંને પરણ્યાં. તેમની વચ્ચે પ્રીત વધતી ચાલી. એક જીવ અને બે દેહ જેવી એ સતી અને શૂરાની સ્થિતિ થઈ રહી. દૂધાં પતિસેવામાં જ તત્પર રહેતી. એક ક્ષણ પણ તેઓ અળગાં ન રહી શકતાં. ગંગ કદી બીજે રાતવાસો ન રહેતો. એક વાર સંભરરાજને સેના લઈને પરદેશ જવાનું થયું. સૌએ રાજાને કહ્યું : 'ગંગ નહીં આવે.' રાજાએ ગંગને કહ્યું : 'તમે સ્ત્રીને વશ હો અને ન અવાય તો ન આવતા.' અંદરથી ઢીલા ગંગે બહાદુરીનો દેખાવ કરી કહ્યું : 'અરે, ઘરે ગયા વિના ચાલો અહીંથી અત્યારે જ ઊપડીએ.' રાજાએ સૌને ઘરે જઈને શીખ માગી આવવા મોકલ્યા. ગંગે આવીને દૂધાંને વાત કરી. દૂધાં કહે : 'તમારા વિના હું એક ક્ષણ પણ નહીં જીવી શકું.' ગંગે કહ્યું : 'હવે મને નહીં જવા દે તો હું દેહત્યાગ કરીશ.' દૂધાંએ વિરહિણીનું જીવન ગાળવાનો અને રાતદિવસ ગંગના નામની માળા ફેરવવાનો નિર્ણય જણાવ્યો અને એકપત્નીવ્રતનું ગંગને સ્મરણ કરાવી વહેલાં પાછા વળવા કહ્યું.

ગંગને ગયાને ત્રણ પખવાડિયાં થયાં ત્યાં સુલતાનશેર નામનો કાબુલનો અસુર રાજા જબરા લાવલશ્કર સાથે દેશ-દેશ જીતતો સંભર આવ્યો. મહા પરાક્રમી. તેર મણની કાયા. નિત્ય પાશેર અફીણ અને પાંચ તોલા મદિરા પીનારો. જે નમે તેનું પૂતળું પગે બાંધીને આગળ વધે. સંભરરાજે જેને કારભાર સોંપેલો તે નરોત્તમે તરત જ કાબુલીને પૂતળું આપી દીધું. ત્યાં ડેરા નાખીને કાબુલી અગિયાર દિવસ રહ્યો. છાવણીમાં ઢોલશરણાઈ વાગતાં, નાચગાન અને રંગરાગ થતાં. એક મધરાતે છાવણીમાંથી આવતા ધનાશ્રી રાગના સૂર સાંભળી દૂધાં વિહ્વળ થઈ ગઈ અને તેનું મન કાબુલી પર ચોંટ્યું. સોળે શણગાર સજીને દૂધાં જવા તૈયાર થઈ. ગંગના ડાહ્યા પોપટ દામોદરાએ આ જોયું. તેના પૂછવાથી દૂધાંએ કહ્યું કે અસુર રાજાના વાજાએ મારું મન હર્યું છે, તો તે સાંભળવા જાઉં છું. દામોદરાએ દૂધાં પર ફિટકાર વરસાવ્યો અને ગંગ આવીને શિક્ષા કરશે એવી ધમકી બતાવી. દૂધાંએ કહ્યું : 'એંશી હજાર અસવારના અધિપતિનું માથું ગંગ કેમ છેદશે તેનું મારે પારખું જોવું છે.' પોપટે દૂધાંને ખૂબ તતડાવી. એટલે પોતાને મેણાં દેવા માટે તેને મરાવી નાખવાની ધમકી આપી. પોપટે કહ્યું : 'ઈશ્વર ઉગારનાર હોય તો કોઈ મારી શકતું નથી.' ઘણું જરઝવેરાત સાથે લઈ, હાથમાં પોપટનું પાંજરું લઈ દૂધાં કાબુલીની છાવણીમાં પહોંચી. કાબુલીએ તેને આવકાર આપ્યો. જોઈએ તે માગી લેવાનું અને પોતાની સાથે આવવાનું કહી તેનો હાથ ઝાલ્યો. દૂધાંએ કાબુલી આગળ પાંજરું મૂકીને કહ્યું : 'પહેલાં આ દુષ્ટ પોપટનું કાસળ કાઢ, નહીં તો એ તને મરાવશે અને મારું નાક કપાવશે.' દૂધાંને દેખીને કાલોઘેલો થઈ ગયેલો કાબુલી પરદેશી હોવાથી દૂધાંની ભાષા સમજ્યો નહીં, પણ પોપટે કાબુલીની ભાષામાં સૂબાને કહ્યું : 'તમને આ એમ કહે છે કે પોપટને છોડી મૂકો.' કાબુલીએ પાંજરું ઉઘાડી પોપટને છોડી મૂક્યો. ઊડીને મોભારિયે બેસી પોપટે દૂધાંને કહ્યું : 'રાંડ તારે જવાય ત્યાં જજે. કાલે ગંગને લાવી વેર લેવરાવું છું.'' દૂધાં અફસોસ કરતી રહી. સૂબો તેને કાબુલ તેડી ગયો. એ વૈભવશાળી નગરીમાં દૂધાં લહેર કરતી હતી અને તેને ગંગના આવ્યાના ભણકારા પણ વાગતા હતા.

આ તરફ પોપટ ગંગ પાસે પહોંચ્યો. તેને જોઈ નવાઈ પામી ગંગે પૂછ્યું : 'મારા વિરહે દૂધાંનો દેહ તો નથી પડી ગયો ને ?' પોપટે જ્યારે કહ્યું કે તે તો કાબુલના સૂબા સાથે નાસી ગઈ, ત્યારે 'વિરહદુઃખે વ્યાકુળ દૂધાંએ આની સારસંભાળ નહીં લીધી હોય, એટલે આ તેની ખોટી નિંદા કરે છે' એમ માની ગંગે ક્રોધમાં પોપટને બાંધીને તડકે નાખ્યો. તેને મરવા જેવો થયેલો જોઈ, દયા આવતાં તેનાં બંધન છોડી આસનાવાસના કરી, સાચી વાત કહેવા કહ્યું. પોપટે બધી વાત માંડીને કરી ત્યારે ગંગને વિશ્વાસ બેઠો કે દૂધાંએ સ્ત્રીચરિત્ર કર્યું છે. કોઈને કશું કહ્યા વિના ગંગ પોપટને લઈને ઊપડ્યો અને કાબુલ પહોંચ્યો. દરવાજામાં કોઈ એમ ને એમ પેસી શકે તેમ ન હતું. એટલે તે માલણને ત્યાં ઊતર્યો અને સંધ્યાટાણે ગાયોના ધણની રજને ઓથે નગરીમાં દાખલ થઈ ગયો. સાત દિવસ સુધી તેણે નગરી જોઈ. પછી એક ઘોર અંધારી મધરાતે વરસતા વરસાદમાં ઢાલકટાર લઈને ગંગ દૂધાં સૂતી હતી તે રાજમહેલની મેડીએ ઘો નાખીને ચડ્યો. સૂબો દારૂના ઘેનમાં ઘોરતો હતો. ગંગે જઈને દૂધાંનો ચોટલો ઝાલ્યો અને કટાર કાઢી. જાગી ઊઠેલી દૂધાંને મૃત્યુના ઓળા દેખાયા. કાંઈ બોલે તો બંનેને ત્યાંને ત્યાં ઠાર કરવાની ગંગે ધમકી આપીને કહ્યું કે પોતાને દૂધાં તેની જીભ ઉપર મૂકીને અફીણ ખવરાવતી તેમ એક વાર ખવરાવે તો તે બંનેને જીવતાં મૂકે. દૂધાંએ અફીણી ગંગની વાત માનીને પોતાની જીભ ઉપર અમલ ધર્યું, એટલે ગંગે તેની જીભ પકડી લીધી. પછી તેને ઊંચકીને તે નીચે ઊતર્યો અને ઘોડે નાખીને ભાગ્યો.

પાછળથી જાગેલા કાબુલીએ વાત જાણી એટલે ક્રોધે થરથરતો પલાણ પણ નાખ્યા વિના તે ઘોડે બેઠો અને ગંગને પીછો પકડ્યો. દૂધાં હાર વગેરે તોડીને રસ્તા ઉપર નિશાની વેરતી ગઈ, અને બહાનાં કાઢી ગંગને ઢીલ કરાવતી રહી. સવા પહોર દિવસ ચડયે સરોવરકાંઠે નહાવા માટે ગંગ ઊતર્યો, ત્યાં કાબુલી આવી પહોંચ્યો. બંને બાથે વળગ્યા. હાથોહાથની મારામારીમાં હૃષ્ટપુષ્ટ કાબુલીએ નબળા ગંગને ઢીલો કરી નાખ્યો. ગંગ હેઠો પડ્યો. અને પર્વત જેવો કાબુલી ઉપર ચડી બેઠો. ગંગની કમરે રહેલી કટારી ખેંચી કાઢી તેને પૂરો કરવા દૂધાંએ સૂબાને કહ્યું. તેનું કહેવું ન સમજતાં સૂબો 'શું ? શું ?' કરતો રહ્યો. ગંગને દૂધાંના બોલવા ઉપરથી કટારી યાદ આવી, અને 'શાબાશ! સુંદરી, તેં મારું જે ખાધુંપીધું, તેનો બદલો વાળ્યો ખરો', કહી કમરેથી કટાર કાઢીને દસવીશ ઘા કરી કાબુલીને પૂરો કર્યો, અને કળવિકળ કરી તેની નીચેથી નીકળ્યો. દૂધાંએ દોડીને પાણીમાં ઝંપલાવ્યું. ગંગ પાછળ પડ્યો. પકડીને દૂધાંને બહાર કાઢી. તેના હાથ બાંધી ઘોડે નાખીને તે પોતાને સાસરે પહોંચ્યો. સસરાએ આવકાર આપ્યો. નહાવા વખતે નવરાવવા આવેલી દૂધાંને ગંગે કહ્યું : 'મારું અંગ અભડાવીશ તો અહીં જ પૂરી કરીશ.' સૂતી વખતે ફરી દૂધાં પ્રેમ કરવા આવી, એટલે ચોટલો ઝાલી ગંગે કહ્યું : 'બોલ હવે નાક કાપી લઉં ને ? જા, હું વેર નથી રાખતો અને તને જીવતી મૂકું છું.' અને નાક ઉપર કાજળનો આંકો કરી તેને છોડી દીધી. સવાર થતાં ગંગ ત્યાંથી નીકળી ગયો. તેનાં સાસુસસરો તેને મનાવવા ગયાં અને દૂધાંને સાથે લઈ જવા કહ્યું. ત્યારે ગંગે ના કહી. બીજી દીકરી પરણાવવાનું કહેતાં ગંગે કહ્યું : 'કડવી તુંબડીનાં બધાં તુંબડાં કડવાં જ હોય.' આ સાંભળી ક્રોધે ભરાઈને સસરાએ પુત્રીનો શિરચ્છેદ કર્યો. ગંગે આવું પાપ કરવા માટે સસરાને ફિટકાર આપ્યો અને કહ્યું કે આવી ખબર હોત તો છેવટે દૂધાંને પોતે ગોલી કરીને ઘેર રાખત. ત્યાંથી પ્રધાન પોતાને ઘરે આવ્યો અને બીજીવાર કદી પરણ્યો નહીં.
[સંદર્ભ : **મદન અને મોહના**, ઘટક ૨ : પંડિતે મોહનાને કહેલી દૃષ્ટાંતકથા]

**ગંધર્વસેન** : જુઓ **ગર્દભરાજા**

**ગુટિકાની વાર્તા (=સિંહાસનબત્રીસી-૨,** ચોવીશમી કથા) : જુઓ **ચમત્કારી ગુટિકા**

**ગુણવર્મા અને રત્નાવલી** : **૧.** હસ્તિનાપુરના પ્રસિદ્ધ રાજા નટવર્મા અને રાણી લીલાવતીનો પુત્ર ગુણવર્મા ઘણો ધાર્મિક અને સદ્‌ગુણી હતો. ચંપાપુરીના સુરનરેશની પુત્રી રત્નાવલીના સ્વયંવરનું આમંત્રણ મળતાં પિતાની આજ્ઞા લઈ ગુણવર્મા ચંપાપુરી જતો હતો. તેના પ્રવાસ દરમિયાન તેને પોતાના પિતા દીક્ષા લેનાર છે એવા સમાચાર મળ્યા. એ સાંભળી તે પોતાને રાજ્ય પાછો ફરતો હતો ત્યાં તેને બીજા એવા સમાચાર મળ્યા કે રત્નાવલીને શરીરપીડા થવાથી તેનો સ્વયંવર બંધ રહ્યો છે. ગુણવર્મા હસ્તિનાપુર પાછો આવી પહોંચ્યો. નરવર્માએ દીક્ષા લીધી. ગુણવર્મા રાજા થયો.

**૨.** થોડા સમય પછી ગુણવર્માને સમાચાર મળ્યા કે રત્નાવલીનો સ્વયંવર બંધ રહ્યાનું ખરું કારણ એ હતું કે કોઈ વિદ્યાધર નિત્ય તેનું હરણ કરી, વૈતાઢય પર્વત પર લઈ તેને ત્યાં આદીશ્વરના મંદિરે પરાણે નૃત્ય કરાવતો હતો. એ પીડામાંથી બચાવવા માટે રત્નાવલીએ ગુણવર્માને સ્વયંવરનું આમંત્રણ આપ્યું હતું. આથી ગુણવર્મા ચંપાનગરી ગયો અને રત્નાવલીને પરણી પોતાની રાજધાનીમાં પાછો ફર્યો. હજુ પણ, પેલા વિદ્યાધરનો રત્નાવલીને વૈતાઢય પર્વત પર લઈ જઈ ત્યાં નૃત્ય કરાવી તેને પાછી મૂકી જવાનો નિત્યક્રમ ચાલુ રહ્યો હતો. ગુણવર્મા પત્નીની આ પીડા દૂર કરવાનો ઉપાય વિચારતો હતો.

**૩.** એક વાર ગુણવર્માના દરબારમાં ભૂતાનંદ નામે યોગી આવ્યો. તે સ્મશાને મંત્રસાધના કરતો ત્યારે કોઈ ચેટક તેમાં ભંગ પાડતો. સતત બાર વર્ષ સુધી યોગી મંત્રસાધના કરી શક્યો નહોતો. ભૂતાનંદની વિનંતીથી ગુણવર્મા તેના રક્ષણ માટે તેની સાથે સ્મશાને ગયો. ભૂતાનંદની સાધના દરમિયાન ગુણવર્મા ચોકી કરતો હોવાથી ચેટક હવે તેની સાધનામાં વિક્ષેપ પાડી ન શક્યો. રાજા તેનાં દર્શનથી પણ ધીરજ છોડતો નથી. આથી ખુશ થઈ ચેટકે ગુણવર્માને દિવ્ય અંજન આપ્યું. તે અંજનનો ઉપયોગ કરીને તે રત્નાવલીને લઈ જતા વિદ્યાધરના વિમાનમાં અદૃષ્ટપણે બેસી ગયો. વૈતાઢય પર્વત પર આવી તેણે પેલા વિદ્યાધરને શિક્ષા કરી અને રત્નાવલી તથા તેની સાથે નૃત્ય કરતી અન્ય ત્રણ કન્યાઓને મુક્ત કરી. આભારવશ થઈ તેમણે ગુણવર્માને પોતાનો પતિ થવા વીનવ્યો. પણ અદત્ત કન્યાઓને એટલે કે માબાપે જેનું કન્યાદાન નથી કર્યું એવી કન્યાઓને – પત્ની તરીકે સ્વીકારવાની ગુણવર્માએ ના પાડી. રત્નાવલીને લઈ તે પોતાની રાજધાનીમાં પાછો ફર્યો.

**૪.** અલકાનગરીના હેમાનંદ રાજાની કન્યા કનકાવતીને સમરકેતુ સાથે પરણાવવાની હતી, પણ તે ગુણવર્માએ જાણ્યું કે તે તેને ચાહતી હતી. આથી સમરકેતુ સાથે યુદ્ધ કરી ગુણવર્માએ કનકાવતીને મેળવવાનું વિચાર્યું. દરમિયાન કનકાવતીનું કોઈએ અપહરણ કર્યું. તેની શોધમાં નીકળેલા ગુણવર્માને

સાધુ થયેલા તેના પિતા નરવર્મા મળ્યા. તેનો ધર્મોપદેશ સાંભળવા સમરકેતુ પણ આવ્યો હતો. બોધ પામેલા સમરકેતુએ સ્વેચ્છાએ રત્નાવલી ગુણવર્માને સોંપી દીક્ષા લીધી. રત્નાવલીને લઈ પાછા ફરતાં ગુણવર્મા માર્ગમાં કોઈ જિનાલયમાં પૂજા કરવા ગયો. જિનદેવની મૂર્તિને જોતાં જ તેને મૂર્છા આવી. મૂર્છા વળતાં તેણે પોતાના મંત્રીને ધનાવહ શેઠના પુત્ર ધનદત્ત તરીકેનો પોતાના પૂર્વભવનો વૃત્તાંત આ પ્રમાણે કહ્યો :

હસ્તિનાપુરમાં ધનાવહ શેઠ અને ધનવતી નામે સ્ત્રી રહેતાં હતાં. તેને ધનદત્ત નામે એક પુત્ર થયો. તે પુત્ર સાથે ચાર સ્ત્રીઓ પરણાવી, જેમાં રત્નમાળા ચોથી સ્ત્રી હતી. એક વખત તેણે શિયાળનો શબ્દ સાંભળ્યો. સાંભળતાં જ તેને જાતિસ્મરણ થયું. પૂર્વભવમાં આ શિયાળ તેની બહેન હતું. રત્નમાલાને બે પુત્રો થયા હતા. આ શબ્દને આધારે પુત્રવધામણી આપવા તે તેની પાસે આવી. તેને શિયાળ પાસેથી રત્નની પ્રાપ્તિ થઈ. રત્નમાલાને રત્ન મળ્યાં જાણી ધનદત્તની બીજી સ્ત્રીઓ પણ શિયાળ પાસે ગઈ. પણ તેમને કંઈ મળ્યું નહીં. ઊલટાના શિયાળે સ્ત્રીઓના અંગ પર ઊઝરડા કર્યા. ફરીવાર રત્નમાલા પોતાના પતિ ધનદત્તને લઈ શિયાળ પાસે ગઈ ત્યારે શિયાળે તેને દ્રવ્યનો ભંડાર બતાવ્યો. તે વખતે એક વ્યંતર દેવે પ્રગટ થઈ, પોતે તે ભંડારનો માલિક છે એમ કહી તે દ્રવ્યનો ઉપયોગ ધર્મસ્થાન સ્થાપવા માટે કરવા સૂચના આપી. તે પછી ધનદત્તના પિતા ધનાવહે દીક્ષા લીધી. ધનદત્તે ધનનો સદુપયોગ કર્યો. ધનદત્તને ત્રણ સ્ત્રીઓથી ચાર ચાર અને રત્નમાલાથી પાંચ એમ સત્તર પુત્રો થયા.

**૫.** મંત્રીને પોતાનો પૂર્વભવ કહી ગુણવર્મા રત્નાવલી અને કનકાવતી સાથે પોતાને રાજ્ય પાછો ફરતો હતો. તે માર્ગમાં સિંહલદ્વીપની રાજકન્યા રત્નમાલા અને રત્નપુરીની રાજકન્યા કનકમાલાને પરણ્યો. ચારેય પત્નીઓ સાથે સુખ ભોગવતાં તેને સત્તર પુત્રો થયા. સમય જતાં ઉપદેશ સાંભળી વૈરાગ્ય ઉપજતાં તેણે સંસારત્યાગ કર્યો.
[આધાર : **'ગુણવર્મા રાસ'**]

**ગુણસુંદરી અને પુણ્યપાલ** (શીલપાલન ઉપર દૃષ્ટાંતકથા) :
**૧.** જંબૂદ્વીપના ભરતક્ષેત્રના ભદ્દિલપુર નગરના અરિકેસરી રાજાને શીલગુણથી શોભતી કમલમાલા નામે રાણી હતી. તેને ત્યાં ઘણા વખત પછી ગુણસુંદરી નામે એક પુત્રી અવતરી. તે મોટી થતાં ચોસઠ કલાઓ અને શાસ્ત્રોમાં પારંગત થઈ. તે યુવાન થતાં માતાએ તેને વસ્ત્રાલંકારથી સજાવી પિતાની પાસે મોકલી. પુત્રીનું રૂપ અને પોતાની રાજરિદ્ધિ જોઈ રાજાએ સભાને ગર્વથી પૂછ્યું, "તમે જે સમૃદ્ધિ મેળવી છે તે શાના કારણે ?" સભાજનોએ જવાબમાં રાજાની કૃપાથી એ મળી હોવાનું કહ્યું. એ સાંભળી માથું ધુણાવી ગુણસુંદરી હસવા લાગી. પુત્રીને હસતી જોઈ રાજાએ પૂછ્યું, "હે દીકરી, તું કેમ હસી ?" ગુણસુંદરીએ જણાવ્યું, "આ બધા લોકો ખોટું બોલે છે, જેવાં કર્મ બાંધીએ તેવું ફળ પામીએ. હું પણ મારા કર્મ પ્રમાણેનું જ ફળ ભોગવી રહી છું. આટલું કહેતાં જ ગુણસુંદરીને રાજાએ ખોળામાંથી ઉતારી મૂકી. તેણે નગરમાં સૌથી દુઃખી એવા એક કઠિયારાને પકડી મંગાવ્યો. તેની સાથે કુંવરીને પરણાવીને, "જા, તારાં કર્મનાં ફળ ભોગવ", એમ કહીને કાઢી મૂકી.

**૨.** ગુણસુંદરી પોતાની જાતને ધન્ય માનતી તે કઠિયારા સાથે જીર્ણઘરમાં રહેવા ગઈ. કઠિયારાએ તેને કહ્યું, "તારી ઇચ્છા હોય ત્યાં જા. સોનું જ્યાં જાય ત્યાં ગૌરવ પ્રાપ્ત કરે." ગુણસુંદરીએ પતિને આજ પછી ફરીથી એવી વાત ન કરવા જણાવ્યું. વાતચીત ચાલતી હતી તે વખતે બાવનાચંદનની સુગંધ આવતાં ગુણસુંદરીએ પોતાના પતિને "લાકડાનો ભારો કયાં વેચ્યો છે ?" એમ પૂછતાં કઠિયારાએ ભોજનના બદલામાં કંદોઈની હાટે તે મૂકયો હોવાનું કહ્યું. ગુણસુંદરી પોતાના પતિની સાથે કંદોઈની હાટે જઈ ભોજનના પૈસા ચૂકવી લાકડાનો ભારો ઘેર લઈ આવી. તેણે બાવનાચંદનનાં લાકડાંના ટુકડા કરી થોડાક ગાંધીની હાટે વેચવા મોકલ્યા. તેણે સોનાથી જોખી ચંદન લીધું. તે સોનાથી ગુણસુંદરીએ નવાં વસ્ત્રાભરણો લીધાં. ઘી અને ધાન્યથી ઘર ભરી દીધું. રાજકુમારીએ પોતાના પતિને સ્નાનકર્મ કરાવી 'પુણ્યપાલ' એવું નામ ધારણ કરાવ્યું.

એ પછી રાજકુમારીએ પુણ્યપાલ પાસે ચંદનવૃક્ષ કપાવી મંગાવી ઓરડો ભરી રાખ્યો. તે સર્વ ચંદનકાષ્ઠનું વેચાણ કરી, વ્યવહાર શીખવી, ધનરાશિ એકઠી કરી નગરમાં પોતાના પતિ પાસે તેણે વ્યાપાર શરૂ કરાવ્યો. પણ તે લેખાં જાણતો નહોતો. તેથી તેને ગુણસુંદરીએ સર્વ વ્યવહાર, અંકજ્ઞાન, સર્વ પરીક્ષા વગેરે શીખવ્યાં.

તે પછી તેણે પોતનપુર જઈ પુણ્યપાલ પાસે વેપાર મંડાવ્યો. તેનાથી થોડા દિવસમાં તે ધનવાન થયો. ગુણસુંદરીને પૂર્વજોના પુણ્યથી ઘરમાંથી એક પત્ર મળ્યો. તેમાં સાતમા પડમાં ઈંટો સોનાની કેવી રીતે થાય તે જાણી સુવર્ણ એકત્ર કરી રાજા પાસે જમીન માગી ત્યાં ઉત્તુંગ પ્રાસાદ બનાવ્યો. પછી મનમાં કંઈક વિચારી વહાણમાં ઘણી વસ્તુઓ ભરાવી ગુણસુંદરી અને પુણ્યપાલ સિંહલદ્વીપ તરફ ચાલ્યાં. ત્યાં ધનના બળથી અનેક ઘોડા, ઊંચી જાતના હાથી, અનેક મણિ-માણેક – રત્ન, મુક્તાફળનો સંગ્રહ કરી ગુણસુંદરીએ પોતાના પતિ પુણ્યપાલને હસીને કહ્યું કે જે ધન સ્વજન–સંબંધીઓને

આશ્ચર્યમાં ન મૂકે તે ધન શા કામનું ? એમ કહી ભદ્દિલપુરમાં પિતા અરિકેસરીને કર્મનાં ફળ દેખાડવાં પુણ્યપાલ પાસે વહાણ પાછાં લેવરાવ્યાં.

૩. ભદ્દિલપુર આવી સર્વ હાથી, ઘોડા વગેરે ત્યાં રાખી સમભૂમિ આવાસ કરાવી, અનેક ભેટસોગાદો લઈ રાજાને તેઓ મળ્યાં. રાજાએ ગુણસુંદરી તથા પુણ્યપાલને ઘણું માન આપ્યું. પ્રધાને રાજાને પુણ્યપાલ પાસેથી હાથી–ઘોડા ખરીદવા કહ્યું. ત્યારે પુણ્યપાલે પોતાના ઘેર આવી મનોરથ પૂરવા વિનંતી કરી. પછી રાજા અને પુણ્યપાલ ગુણસુંદરીના આવાસે આવ્યા. સ્નાનમજ્જન, દેવાર્ચન કરી રાજા ભોજનશાળામાં આવ્યો કે તરત જ તેની સમક્ષ સોનાના પાટલે સુવર્ણથાળ મૂક્યો. શ્વેત વસ્ત્રો અને શ્વેત આભરણો ધારણ કરી પૂર્વ દિશાના બારણેથી ગુણસુંદરીએ આવી રાજાને ફળો અને સુખડી પીરસ્યાં. નીલાં વસ્ત્ર અને નીલાં આભરણો પહેરી દક્ષિણદ્વારેથી નીકળી ગુણસુંદરીએ રસથાળ પીરસ્યો. વળી, પીળાં વસ્ત્ર અને પીળાં આભરણ પહેરી ઉત્તરના દ્વારેથી નીકળી ગુણસુંદરીએ પકવાન પીરસ્યાં. પછી રાતાં વસ્ત્ર અને રાતાં આભરણ પહેરી પશ્ચિમ દિશાએથી આવી ગોરસ વગેરે પીરસી ગુણસુંદરી પાછી ગઈ. પછી જ્યારે ભોજન કરી રાજા પુણ્યપાલ સાથે વાતો કરી રહ્યો હતો, ત્યારે પિતાએ આપેલાં વસ્ત્રો પહેરી રાજાને પ્રણામ કર્યા. રાજાએ પુત્રીને ઓળખી. તે શરમાયો. પુત્રીને ખોળામાં બેસાડી તેણે ગુણસુંદરીને સઘળો વૃત્તાંત કહેવા કહ્યું અને પુણ્યપાલ કોણ છે એમ પૂછ્યું. ગુણસુંદરીએ સાન કરતાં પ્રતિહારિણીએ સઘળો વૃત્તાંત કહ્યો. પછી માતાપિતા અપાર સ્નેહથી પુત્રી–જમાઈને ભારે સન્માનપૂર્વક નગરમાં લાવ્યાં.
[આધાર : **શીલોપદેશમાલા બાલાવબોધ**, પહેલી દષ્ટાંતકથા]

**ઘરેણાં ઉતરાવ્યાં અને પાછાં ચડાવ્યાં (કુલટાચરિત્રની દષ્ટાંતકથા)** ( = **સૂડાબહોંતેરી**, પચાસમી કથા) : ડુંગર નગરશેઠ શિવભક્ત હતા. એમની વહુ અચરતને ગામમાં આવેલા વૈષ્ણવ સ્વામી રિદ્ધિરામજી પાસે જઈ કાન ફૂંકાવી, ગુરુમંત્ર લઈ સમર્પણ લેવાની ઇચ્છા થઈ. શેઠે બધા સ્વામીઓ અને સાધુ-સંન્યાસી ઢોંગી અને લાલચી હોઈને એવાને ગુરુ ન કરવા શેઠાણીને સમજાવી. પણ જુવાન, રૂપાળા સ્વામીજીએ ઠાઠમાઠથી અને હરિકીર્તન અને ઓચ્છવોના ભપકાથી ગામલોકો પર ભૂરકી નાખી હતી. શેઠાણીએ સ્વામીજી પાસે જઈ કાન ફૂંકાવ્યો અને સમર્પણ આપવા તેમને વીનવ્યા. શેઠાણીને જોઈને સ્વામીજીની દાઢ ગળી. એકાંત જોઈ તેમણે કહ્યું, 'સમર્પણમાં તો તમારે ગુરુને તન, મન ને ધન સમર્પિત કરવાં પડે.' શેઠાણી પણ સ્વામીજી પર મોહી પડ્યાં. શેઠ શિવભક્ત હોવાથી ચૌદશની રાતે શિવને દહેરે જતા હોવાથી તેણે તે રાતે સ્વામીજીને ઘરે આવવા કહ્યું. ઠરાવેલ સમયે સ્વામીજી આવ્યા. શેઠાણી તેમને ત્રીજે માળે લઈ ગયાં. એટલામાં શેઠ કશુંક લેવા ઘરે આવી, ત્રીજે માળે ચડ્યા. જાળીમાંથી જોયું તો શય્યા પર સ્વામીજી બેઠા હતા, અને શેઠાણી વસ્ત્રાભૂષણથી સજ્જ થઈ પાસે ઊભાં હતાં. શેઠ એ બંને ન જુએ તેમ નીચે ઊતરી ગયા. રાત્રિના વખતે ભવાડા કરવા કરતાં સવારે ખુલાસો માગીને અપરાધીને દંડ દેવાનું તેમણે વિચાર્યું. એક ચતુર દાસીએ શેઠાણી પાસે જઈને કહ્યું, 'શેઠ આવ્યા છે, અને તમને બંનેને જોઈ ક્રોધથી ધ્રૂજતા નીચે ગયા છે. હવે શું કરશે તે કહેવાય નહીં.' એ સાંભળી સ્વામીજીની છાતી બેસી ગઈ. અને આપઘાત કરવાનું કહેવા લાગ્યા. શેઠાણીએ તેમને થોડા શાંત પાડ્યા. પછી તેમણે પહેરેલાં સોનાનાં બધાં આભૂષણ ઉતરાવી, એક માંચી ઉપર બેસાડી, દોરડા બાંધી એ માંચીને બારીમાંથી નીચે ઉતારી. અંધારામાં સ્વામીજી ઉતારા ભેળા થઈ ગયા. પછી નાહીધોઈને શેઠાણીએ ઠાકોરજીની પૂજા કરીને તેમને થાળ ધર્યો. એટલામાં શેઠ આવ્યા. પૂજા પૂરી કરીને શેઠાણી હસતાં હસતાં શેઠ પાસે આવ્યાં અને બોલ્યાં, 'તમે કહેતા હતા એ વાત સાચી નીકળી. હું મૂરખ હતી એટલે મેં ન માન્યું, અને તમારી વાતનું પારખું કરવા નક્કી કર્યું. મેં કપટ કરીને સ્વામીજી સાથે એકાંતમાં મળવાનો વાયદો કરી તેમને અહીં બોલાવ્યા, અને ઉપર ત્રીજે માળે તેમને લઈ ગઈ. પછી જેવો એ હાથ પકડવા ગયા, તેવી તેની સામે ભમર ચડાવીને કહ્યું, *'શેઠ આવી પહોંચ્યા છે.'* એ તો આપઘાત કરવા જતો હતો, પણ મેં એનાં બધાં ઘરેણાં ઉતરાવી લઈ, માંચી ઉપર બેસાડીને બારીએથી ઉતારી રવાના કરી દીધો.' શેઠને શેઠાણીના કહેવા ઉપર વિશ્વાસ બેઠો. શેઠે કહ્યું, 'એનું કર્યું એ ભોગવશે. આપણાથી એનાં ઘરેણાં ન રખાય. એના વગર એનો જીવ જશે, તો આપણને પાપ લાગશે. તમે એને હમણાં જ પાછાં આપી આવો.' શેઠાણીએ કહ્યું, 'હું આપવા જાઉં તો લોકો કલંક ચડાવે.' પછી શેઠે પગે પડીને શેઠાણીને મોકલ્યાં. વહેલી સવારે સ્વામીજીનાં દર્શન કરવા ગઈ. તેમને શણગાર પહેરાવી તેમનો સંગ કરી શેઠાણી પાછાં આવ્યાં. શેઠે સતી તરીકે તેમની સામે હાથ જોડ્યા. સ્વામીજીની સેવા કરવા બદલ ગામમાં શેઠાણીની વાહવાહ થઈ.
[આધાર : **'સૂડાબહોંતેરી'**, પચાસમી કથા]

**ચઉબોલા રાણી (સિંહાસનબત્રીસી–૨, છઠ્ઠી કથા)** : જુઓ, **અબોલારાણી**

**ચમત્કારી ગુટિકા (= ગુટિકાની વાર્તા) સિંહાસનબત્રીસી–૨,** ચોવીસમી કથા): ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો ત્યારે સિંહાસન પર રહેલી ચંદ્રવદની નામની ચોવીસમી પૂતળીએ વિક્રમરાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. પ્રધાનપુત્રીની પ્રતિજ્ઞા :** એક વાર રાત્રિચર્યા જોતાં, વિક્રમરાજાએ સોળ વરસની પ્રધાનપુત્રીને મધરાતે પોતાને ઘરેથી નીકળીને એકલી જતી જોઈ. વિક્રમ પાછળ પાછળ ગયો. પ્રધાનપુત્રી નગરશેઠને ઘરે તેના પુત્ર પ્રતાપચંદ્રની મેડીએ પહોંચી. પ્રતાપચંદ્રે તેને પાછી જવા કહ્યું. 'શિવદહેરે કોલ આપીને તેં મને બોલાવી અને હવે તું કેમ તરછોડે છે?' એમ પ્રધાનપુત્રીએ પૂછ્યું. પ્રતાપચંદ્રે કહ્યું : 'કુંવારી સાથે સંગ કરવો એ પાપ છે. બીજું, રાજા વિક્રમ રાત્રિચર્યા જોવા નીકળે છે. તેને જો ખબર પડે તો તે મારા બાપની લક્ષ્મી લૂંટી લે ને આપણને શૂળીએ દે. માટે તું પાછી જા'. પ્રધાનપુત્રીએ કહ્યું, 'વિક્રમ તે એવો કોણ મોટો છે? તું કહે તો હું સવાર પડે ત્યાં તેનું માથું કાપીને હાજર કરું. મારી પાસે તેનું શું ચાલે?' પ્રતાપચંદ્રે કહ્યું : "તું વિક્રમનું માથું લઈને જે દિવસે આવે તે દિવસે આ મેડીએ પગ મૂકજે." "મને તું તરછોડે છે પણ પસ્તાઈશ" એમ કહીને પ્રધાનપુત્રી ચાલી ગઈ. વિક્રમ તેની પાછળ પાછળ ગયો.

રાતને છેલ્લે પહોરે પ્રધાનપુત્રીનો જાર આવ્યો. પ્રધાનપુત્રીએ કહ્યું, 'હવેથી આપણો સંબંધ તૂટ્યો, માટે તું ન આવતો. હું પાંચ દિવસમાં પ્રાણ તજી દઈશ. જારે કારણ પૂછતાં કહ્યું : 'મારો વર ચોરી કરતો. એક બળિયા ગૃહસ્થને ત્યાં ચોરી કરતાં તે પકડાયો. ચોકીમાં ગયો. વનમાં ઊંધે માથે તેને લટકાવ્યો. તેના તેર વરસના દીકરે મરતા બાપ પાસે પ્રતિજ્ઞા કરી : 'વિક્રમને મારું નહીં, ત્યાં સુધી હું પાણી નહીં પીઉં.' દીકરો વિક્રમને મહેલે પહોંચ્યો. ખાતર પાડતાં પકડાયો. તરત જ તેને શૂળી દીધી. આ દુઃખે હું હવે નહીં જીવું.' તે જે કહે તે કરવા જારે વચન આપ્યું, એટલે પ્રધાનપુત્રીએ વિક્રમનું માથું લાવી આપવાની માગણી કરી. જાર પોતાને ઘરે ગયો. વિક્રમ તેનું ઘર જોઈને રાજમહેલે પાછો ફર્યો.

વળતી રાતે પ્રધાનપુત્રી સ્મશાનમાં રહેતા એક સિદ્ધ પાસે ગઈ અને તેને વચનથી બાંધી લઈને વિક્રમનું માથું માગ્યું. ધર્મિષ્ઠ પર ઝેર ન રાખવા તેને સમજાવી, પણ ન માન્યું. સિદ્ધે તેને વળતે દિવસે આવવા કહ્યું. સિદ્ધ પાંગળો હતો, પણ તેની પાસે એક એવી ગુટિકા હતી, મોઢામાં રાખવાથી ઇચ્છા હોય ત્યાં જવાય.

બીજે દિવસે, શેઠપુત્રી તેના મિત્ર સાથે જ્યારે વાતો કરતો હતો ત્યારે વિક્રમ અદૃષ્ટ રહીને તે સાંભળતો હતો. મિત્રે કહ્યું : 'આજે મધ્યાહ્ને હું વિક્રમના મહેલ પાસેથી જતો હતો, ત્યારે ઉપર અટારીએ બેસીને મોતી પરોવતી રાણીના હાથમાંથી એક મોતી મારી ઉપર પડ્યું. મેં તે લઈને ઊંચે જોયું, તો રૂપવતી રાણીને ભાળી. તેનો મને વિરહ લાગ્યો છે. આ મોતીના પૈસા તું મને આપ. એટલે હું કાશીએ જાઉં અને કરવત મુકાવું. શેઠપુત્રે વિક્રમના ડરે કાંઈ કરવાની ના કહી અને પોતે પણ પ્રધાનપુત્રીને કેમ કાઢી મૂકી હતી તે વાત કરી. મિત્રને મોતી પાછું આપી કાઢી મૂક્યો. વિક્રમે એ મિત્રનું ઘર જોઈ લીધું.

પૂજા કરવા જતી પ્રધાનપુત્રીને મિત્ર મળ્યો. તેને પોતાની વાત કરી ને વિક્રમનું મસ્તક તું કેમ લાવશે તે પૂછ્યું. પ્રધાનપુત્રીએ તેનું કામ કરી દેવા વચન દીધું. તે સિદ્ધ પાસેથી કામ થઈ રહ્યા પાછી સોંપવાનું વચન આપીને ગુટિકા લઈ આવી. રાજમહેલે જઈ પેલી રાણીને તેણે કહ્યું : 'ગામમાં એક ચમત્કારી સિદ્ધને જઈને હું મળી અને અપુત્ર રાણીને પુત્ર કેમ થાય તે તેને પૂછ્યું. તેણે ઉપાય તરીકે એક રાત પરપુરુષનો સંગ બતાવ્યો'. રાણીએ વિક્રમની બીકે તેની વાત માની. 'અંતરિક્ષથી કોઈ ન જાણે તેમ આવશે અને તારું ખોવાયેલું મોતી તને આપી જશે' એવી પ્રધાનપુત્રીએ ખાતરી આપીને ગોઠવણ કરી. વિક્રમે અદૃશ્ય રહી બધું જોયું.

દરમિયાન શેઠપુત્રીનો મિત્ર દુઃખી થઈ સિદ્ધ પાસે ગયો. તેના કાલાવાલાથી પીગળેલા સિદ્ધે તેને મંત્રેલા ચોખા આપીને કહ્યું, 'આને તું રસ્તે વેરતો જજે. જ્યાં સુધી ચોખા હાથમાં હશે, ત્યાં સુધી સૌ લોક નિંદ્રાવશ થશે.' બીજી રાતે મિત્ર પ્રધાનપુત્રીને મળ્યો. તેણે ગુટિકા આપીને કહ્યું : 'તું દરરોજ રાણી પાસે જજે. લાગ મળતાં વિક્રમનું માથું કાપી લાવજે'. મિત્ર રાણી પાસે ગયો. મોતીની એંધાણી આપી. બંને હેતપ્રીતે મળ્યાં. એક શય્યામાં સૂતાં.

**૩. બળતાનું માથું વાઢ્યું :** રાતે પેલો ચોર આવ્યો. શેઠપુત્રના મિત્રને વિક્રમ સમજી તેનું માથું કાપીને તે લઈ ગયો. પ્રધાનપુત્રીને આપ્યું. તેણે ભોંમાં દાટયું. માથું કાપતાં ગુટિકા મોંમાંથી પડી તે વિક્રમે લઈ લીધી. રાણી જાગી તો જારને મરેલો જોયો. શય્યા સહિત શબને ઉપાડીને બારી પાછળ વહેતી ક્ષિપ્રા નદીમાં તે ફેંકી દીધું. સવારે શેઠપુત્રનો મિત્ર ગુટિકા પાછી આપવા ન આવ્યો, એટલે પ્રધાનપુત્રીને ચિંતા થઈ. તેણે નગરશેઠના પુત્રને વાત કરી. પણ તેણે તો વાત વિક્રમને જણાવવાની ધમકી આપી. પ્રધાનપુત્રી સિદ્ધ પાસે ગઈ અને રડતાં રડતાં ગુટિકા સાથે

શેઠપુત્રનો મિત્ર ગુમ થયાની વાત કરી. પાંગળો સિદ્ધ તેને *ગુટિકા આપવા માટે પસ્તાયો. પ્રધાનપુત્રીએ અને સિદ્ધે* અન્નપાણી તજ્યાં. રાણીએ પણ પોતાનાં કર્મ માટે દુઃખ પામી અન્નપાણી તજ્યાં. ચોરની સ્ત્રીએ પણ ચોરને શૂળીએ ચડાવ્યો તેથી અન્નપાણી તજ્યાં. શેઠપુત્રના મિત્રના માબાપે, અને પ્રીત કરીને પ્રધાનપુત્રીને તરછોડયાથી પસ્તાતા નગરશેઠપુત્રે પણ અન્નપાણી તજ્યાં.

**૪. સૌનાં દુઃખ ભાંગતો વિક્રમ :** આ બધું જાણતાં વિક્રમે સૌના મનની આશા પૂરી કરીને પરદુઃખભંજનનું બિરુદ સાર્થક કરવાનો નિશ્ચય કર્યો. તે ચોરનું રૂપ ધરીને નગરશેઠના પુત્રની પાસે ગયો. તેણે પોતાની વાત કરી. રાજા પ્રકટ થયો. તે નિર્દોષ હોવાનું કહીને તેને સરપાવ આપ્યો. પછી વિક્રમે પ્રતાપ શેઠની પાસે જઈને જે બન્યું હતું તે કહ્યું. પુત્રનું માથું લાવી આપ્યું, અને તેનો અગ્નિદાહ કર્યો. સંતાન ન હોવાના કારણની શાસ્ત્રમાં તપાસ કરાવી. પૂર્વ જન્મે શેઠાણીએ શોક્યના પુત્રને ઝેર આપી મારી નાખ્યો હતો. તેના શાપે તે અપુત્ર રહી હતી. શાપના નિવારણ માટે સાડાત્રણ મણ સોનાનું પૂતળું કરીને તેનું શેઠશેઠાણીએ દાન કર્યું.

ચોરની સ્ત્રીને સમજાવી કે ચોરના તો એવા જ હાલ થાય. તેને પસાયતું આપ્યું. પછી વિક્રમે રાણીની પાસે જઈ તેના સમાચાર પૂછ્યા. તેણે બનેલી વાત કહી. તેને હરિવંશની કથા સાંભળતાં અને ચિંતામણિ મંત્રના પાંચ લાખ જાપ કરતાં પુત્ર થશે એમ ઉપાય બતાવ્યો. તે પછી વિક્રમ પ્રધાનપુત્રીની પાસે ગયો. ગુટિકા મેળવીને તે સિદ્ધને પાછી આપવા તેને વચન આપ્યું, ને પ્રધાનને સમજાવીને શેઠપુત્ર સાથે તેને પરણાવી.

તે પછી સિદ્ધ પાસે જઈને તેની વાત પૂછી. તેણે કહ્યું, 'મેં ભૂતનાથ બાવાએ આપેલો મંત્ર જપી, દેવીને કાયાનો ભોગ દેવા માંડયો. એ પગ કાપીને હોમ્યા. દેવીએ પ્રસન્ન થઈ મને ચમત્કારી ગુટિકા આપી. મેં માતાને મારું આયુષ્ય પણ પૂછેલું. તેમણે તે કહ્યું. એ હિસાબે કાલે મધરાતે મારું આયુષ્ય પૂરું થાય છે.' વિક્રમે પૂછ્યું, 'તો પછી ગુટિકાને તમારે શું કરવી છે?' સિદ્ધ કહે; 'ગુટિકા હોત તો જઈને નર્મદામાં સ્નાન કરી હું પવિત્ર થાત ને મુક્તિ પામત'. તે રેવાનો મહિમા કહે, તો તેને ગુટિકા પાછી આપવા વિક્રમે કહ્યું. સિદ્ધે મહિમા વર્ણવ્યો :

**૫. રેવામહિમા :** એક વાર પાર્વતીએ પાપી પવિત્ર થાય તેવા તીરથનું નામ શંકરને પૂછ્યું. શંકરે બીજાં પાપનાશન તીર્થો કરતાં રેવાનો મહિમા સૌથી વધુ જણાવ્યો. પાર્વતીએ રેવાની ઉત્પત્તિ પૂછી. શંકરે કહ્યું. 'ચાણુકય રાજા ઘોર પાપી હતો. એકેય પાપ બાકી ન હતું. તેણે પ્રજાનું બધું દ્રવ્ય લૂંટી લીધું. પછી કોઈની પાસે પૈસો હજી બાકી છે કે નહીં તે જોવા તેણે યુક્તિ કરી. ચોકમાં એક ઊંટ બાંધી જાહેર કર્યું કે એક દમડો આપે તે ઊંટ લઈ જાય. એક અસુરના પુત્રને તે લેવાનું મન થયું. તેણે પોતાના બાપને ભોંયે પછાડીને દમડો આપવા કહ્યું. બાપે ભોંયમાં દાટેલો દમડો કાઢી આપ્યો. છોકરો તે આપીને ઊંટ લઈ આવ્યો. આથી રાજાએ જાણ્યું કે હજી ભોંમાં પૈસો દાટેલો છે. તેણે બધે ભોંય ખોદાવી નાખી. કાગઋષિ યમલોકમાં જઈને ખબર લાવ્યા કે થોડા દિવસમાં ચાણુકય મરશે અને તેને અનેક ઘોર યાતના વેઠવી પડશે. તેમણે ચાણુકયને ચેતવ્યો. ચાણુકયે પગે પડી પોતે કેમ પાપથી છૂટે અને સ્વર્ગે જાય તે જાણી લાવવા ઋષિને કહ્યું. કાગઋષિએ યમલોકમાં જઈને કહ્યું કે 'ભરતખંડનો રાજા ચાણુકય વિમાનમાં બેસી સ્વર્ગમાં ગયો.' ચિત્રવિચિત્ર કહે, 'એ જૂઠ્ઠું.' કાગઋષિ કહે, 'મેં મારી આંખે જોયું.' ધર્મરાજા કહે, 'એ એક રીતે જ બને. જો તેણે નર્મદામાં સ્નાન કર્યું હોય, તો તેનાં બધાં પાપ બળી ગયાં હોય અને તેને સ્વર્ગ મળ્યું હોય.' કાગઋષિએ આવીને ચાણુકયને આ જણાવ્યું. ચાણુકય નર્મદાતીરે આવ્યો. સ્નાન-દાન કર્યાં. નર્મદાએ દર્શન દીધાં. ચાણુકયે રામ જેવું રાજ્ય દશસહસ્ર વરસ કરવાનું વરદાન માગ્યું. તે તેને આપ્યું. અવસાનકાળે ચાણુકય નર્મદા ગયો. વિમાને બેસી સ્વર્ગે ગયો. કાગઋષિને ધર્મરાજાએ શાપ દીધો, 'તમે ઊજળાના કાળા થાઓ, સ્વર્ગમાંથી મૃત્યુલોકમાં જાઓ, ભૂંડું ભક્ષ કરો.' પછી દયા લાવી ધર્મરાજાએ કહ્યું, 'તમે માર્યા વિના નહીં મરો. લોકો ભોજન પહેલાં તમને દાન દેશે, તેથી પિતૃ માન પામશે.' એવું વરદાન દઈને સૌ કાગને કાળા કર્યા.

પાર્વતીએ પૂછ્યું, 'જેનાં અસ્થિ પણ નર્મદામાં બોળાય તો તે તરી જાય એનું કારણ શું?' શંકરે કહ્યું, 'કાશીના રાજા શ્રીપતની પુત્રીએ લગ્નવેળા પરણવાની ના પાડી, કેમ કે તેનો પૂર્વભવનો ધણી હજી અવગત ભોગવતો હતો. પૂર્વ-જન્મમાં તેઓ મોર ને ઢેલ હતાં. નર્મદાતીરે શમીવૃક્ષ પર તેઓ રહેતાં. શિકારીએ બંનેને માર્યાં. ઢેલનું હાડકું લઈને બાજ ઊડયો. બીજા પક્ષી સાથે વાત કરતાં તે હાડકું નર્મદામાં પડયું, આથી ઢેલનો જીવ સ્વર્ગે ગયો. પતિમાં તેનું ચિત્ત ચોંટેલું તેથી તેને એક વાર ફરી જન્મવું પડયું, અને તે રાજકુમારી તરીકે તે અવતરી, પણ મોરનો જીવ હજી અવગતે હતો. આ સાંભળીને રાજાએ એક બ્રાહ્મણને એકવીશ ગામ

ભેટ આપવાનાં કહીને મોકલ્યો. તે નર્મદાતીરે શમી વૃક્ષ પાસે આવ્યો. ત્યાં એક રાક્ષસ આવ્યો. પિતાને શ્રાપે તેને બ્રાહ્મણ સાથે વેર. નિત્ય પાંચ બ્રાહ્મણ મારે. તે ઉઘાડી તરવારે આ બ્રાહ્મણને મારવા દોડ્યો. બ્રાહ્મણ નીચે પડી ગયો. રાક્ષસને નર્મદાના પ્રતાપે કાંઈક સદ્બુદ્ધિ આવી. તેણે હાથમાંના કાગળ વિશે બ્રાહ્મણને પૂછ્યું. તેણે વાત કરી. બંનેએ મળી ભોંય ખોદીને અસ્થિ કાઢ્યાં અને નર્મદામાં નાખ્યાં. પછી મોરનો જીવ રાજા તરીકે અવતર્યો. તેને દિવ્ય દેહ મળ્યો. રાજાએ એકવીસ દિવસ ઉપાસના કરી એટલે વિમાન આવ્યું. નરનારી તેમાં બેસીને સ્વર્ગે ગયાં. તેમણે બ્રાહ્મણને પણ સાથે આવવા કહ્યું, પણ ગામના લોભે તે ન ગયો.

**૬. ઉપસંહાર :** પાંગળા સિદ્ધની વાત સાંભળીને વિક્રમે તેને આ પ્રમાણે તેની ગુટિકા પાછી સોંપી. સિધ્ધે દેહ છૂટ્યા પછી વિક્રમને એ ગુટિકા આપવા ઇચ્છા બતાવી. વિક્રમ પોતાના મોંમાં ગુટિકા રાખી, ખોળામાં સિદ્ધને બેસાડીને રેવાકાંઠે ગયો. દાન દીધાં. સિધ્ધે મધરાતે સ્નાન કર્યું. વિમાને ચડીને સ્વર્ગે ગયો. વિક્રમ ઉજ્જેણી પાછો આવ્યો.

આવો મહિમા જેનો હોય તેને જ આ સિંહાસન પર બેસવાનો અધિકાર છે. આ કથા ભોજ રાજાને કહીને ચંદ્રવદની પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી'**–૨, ચોવીશમી કથા]

**ચમત્કારી જડીબુટ્ટી (ધનવંત શેઠની વાર્તા) (સિંહાસનબત્રીસી**–૨, આઠમી કથા) : ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી લક્ષ્મણા નામની આઠમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમરાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. તેજંતુરી બૂટીની પ્રાપ્તિ :** એકવાર રાજભંડારમાં કેટલું ધન છે તે પૂછતાં ભંડારીએ વિક્રમને પુણ્ય પ્રમાણે ધન હોઈને નિશ્ચિંત રહેવા કહ્યું. પણ કદીક માંગનારને ના પાડવી પડે તો પરદુઃભંજનનું વ્રત તૂટે, એ બીકે વિક્રમે અખૂટ ધનભંડાર મેળવવા વિચાર્યું. પ્રધાનને રાજ્ય સોંપીને તેણે વનમાં જઈ શિવને દહેરે ઊંધે માથે રહેવા સુધીનાં ઘણાં તપ કર્યાં. છેવટે દેહત્યાગ કરવા વિચાર્યું. પગ ને હાથની નસ છેદી લોહી વહેવડાવ્યું. પછી જ્યાં પોતાનું મસ્તક છેદવા જાય ત્યાં શંકર ભગવાન અવધૂતને વેશે પ્રગટ્યા. વિક્રમને સાજો કર્યો. વિક્રમે અખૂટ ભંડારનું વરદાન માંગ્યું. શંકરે કહ્યું : 'દક્ષિણ સાગરમાં એક બેટ છે. ત્યાં કદલીવનમાં શિવમંદિરમાં એક અવધૂત ચેલો ધ્યાન ધરે છે. તેની પાસે કથીરનું કાંચન કરવાની વિદ્યા છે. તે તને કશીક શુભવસ્તુ આપશે. તે તેજનો પુંજ છે એ એંધાણીએ તું તેને ઓળખજે. ત્યાં પહોંચવાનો માર્ગ વિકટ છે. પણ મારી કૃપાથી તું તે પાર કરીશ.' વિક્રમ ચાલ્યો. રસ્તે એક વાડીમાં તે પાણી પીવા પેઠો. ત્યાં ચાર જોગણીઓ ચોપાટ રમતી હતી. વિક્રમને જોઈ બોલી : 'ભલે આવ્યો, અમે વહેંચી ખાશું.' વિક્રમ બોલ્યો : 'હું જ તમને ખાઉં. પણ ચાલો, આપણે સોગઠે રમીએ. જોઈએ કોણ હારે છે ?' જોગણીઓએ ઓળખાણ પૂછી. એ વિક્રમ છે એમ જાણીને એ હરિસિદ્ધ માતાની દાસીઓએ તેને પવનપાવડી ભેટ આપી. પવનપાવડી વિના સાગરબેટ પહોંચતાં છ મહિના થાય. પાવડી પહેરી મંત્રબળે વિક્રમ તરત જ સાગરબેટના શિવદહેરે પહોંચ્યો. અવધૂતે તેને આવકાર દીધો. વિક્રમે ધન માગ્યું. સિદ્ધે તેને તેજંતુરી બૂટી આપી. તેનું બીજું નામ કનકલતા. છપ્પન તોલા કથીરમાં એ ચમત્કારિક બૂટીનું પા રતી જેટલું પાણી નાંખીને તપાવતાં કથીરનું સોનું થઈ જાય આખી બૂટીમાંથી છપ્પન કરોડ ટંકા સોનું થાય, અને તેના માલિકને ઘરે ગેબી ભૂંગળ વાગે. અવધૂતે બીજી વાર ત્યાં ન આવવાનો કોલ લીધો. આવી બૂટી ક્યાંથી મળે એમ વિક્રમે પૂછ્યું એટલે તે ચતુરાઈથી શોધી કાઢવાનું સિદ્ધે કહ્યું. પછી પાવડીએ ચડી વિક્રમ ઉજ્જેણી આવ્યો. ઉત્સવ ઊજવ્યો. છ માસે તેને ત્યાં છપ્પન કરોડ સોનાના ટંકા તૈયાર થતા ગેબી ભૂંગળ વાગી.

**૨. પૈસાની સગાઈ :** ઉજ્જેણીના ઉત્તર વિભાગમાં છપ્પન કરોડનો ધણી ધનપાલ કે ધનવંત શેઠ રહેતો હતો, અને તેના દક્ષિણ વિભાગમાં તેવો જ શ્રીવંત શેઠ રહેતો હતો. તેઓ એકબીજાને કદી મળ્યા નહોતા. એકવાર કોઈક પરદેશી વેપારી પાસેથી શ્રીમંત શેઠે છપ્પન કરોડ મૂલ્યનું ચિંતામણિ રત્ન ખરીદ્યું. તે પ્રસંગે બંને શેઠોને એકબીજા સાથે ઓળખાણ થઈ, અને શ્રીવંતે પોતાની પુત્રીની ધનપાલના પુત્ર સાથે સગાઈ કરી. તે પછી બેચાર વરસમાં ધનવંત (ધનપાલ)ની માઠી દશા થઈ. તેનું ધન નાશ પામ્યું અને તે પરદેશ રળવા ગયો. તેનો પુત્ર અને પત્ની પારકાં કામ કરી પેટ ભરતાં. તેમની આ પડતી દશા જોઈને શ્રીવંત શેઠે પુત્રીની સગાઈ ફોક કરી અને ઉજ્જેણીના પશ્ચિમ વિભાગમાં રહેતા ભાનુશાના પુત્રની સાથે તેની નવી સગાઈ કરી. જે દિવસે વિક્રમને ત્યાં છપ્પન કરોડ પૂરા થયાને નિમિત્તે નગરભોજન રાખેલું તે જ દિવસે શ્રીવંતની પુત્રીનાં લગ્ન હતાં. તેના તરફથી બીજે દિવસે નગરભોજન રાખવાનું મહાજનને ઠરાવ્યું. કોઈ ભૂખ્યું તો રહ્યું નથીને, તે જોવા વિક્રમ રાત્રિચર્યાએ નીકળ્યો. તેણે ધનવંત

શેઠની પત્ની અને પુત્ર બંનેને રડતાં જોયાં. શ્રીવંત શેઠની પુત્રીનાં કાલે બીજે લગ્ન થવાનાં તેથી લોકોમાં પોતાનું નીચાજોણું થશે એ કારણે તેઓ ઝેર ખાવાની તૈયારી કરતાં હતાં. વિક્રમે તેમને વાર્યાં. દુઃખ ભાંગવાનું વચન મળતાં તેમણે વિક્રમને પોતાના દુઃખની વાત કરી. રાજાએ કન્યા અપાવવા વચન આપ્યું. શ્રીવંતને બોલાવી આગલી સગાઈ ફોક કરવાનું કારણ પૂછ્યું. શ્રીવંતે કહ્યું કે મેં પૈસા જોઈને સગાઈ કરેલી. પૈસા ગયા એટલે તે ફોક કરી. વિક્રમે લક્ષ્મીની ચંચળતા સમજાવીને ધનવંતના પુત્રને કન્યા આપવા આગ્રહ કર્યો. પણ શ્રીવંત ન માન્યો. એટલે પછી વિક્રમે ધનવંતના પુત્રને રાજભંડારમાંથી છપ્પન કરોડ આપ્યા. આથી શ્રીવંત તેને પુત્રી પરણાવવા કબૂલ થયો. ધનવંતને પરદેશથી બોલાવ્યો. વરઘોડો નીકળ્યો. પણ પોતે લટકી ગયો ને લાજ ગઈ તેથી ભાનુશાનો પુત્ર ફાંસો ખાવા બેઠો. વિક્રમે તેને પ્રધાનપુત્રી પરણાવીને મનાવી લીધો.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.

આ કથા ભોજરાજાને કહીને લક્ષ્મણા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી'**–૨, આઠમી કથા]

**ચમત્કારી પંચદંડ–૧ (દૈવી સિંહાસનની પ્રાપ્તિ) :** **૧.૧** સમૃદ્ધ ઉજ્જયિની નગરીના મહાપ્રતાપી વિક્રમ રાજાની સવારી નીકળી. તેનાં દર્શનાર્થે માનવમેદની ઊમટી હતી. સવારી ફરતી ફરતી દેવદમની ઘાંચણના ઘર પાસે આવી ત્યારે તેણે પોતાની દાસીને માળ ઉપરથી વાસીદું વાળવાનો હુકમ કર્યો. પહેલાં તો બીકણ દાસીએ તેનું પાલન ન કર્યું. પરંતુ દેવદમનીએ તેને ધમકાવી : 'વિક્રમ આવે છે તેથી શું થયું ? એ કાંઈ પંચદંડછત્ર થોડો ધરાવે છે ?' એટલે દાસીએ ધૂળના વંટોળ ઉડાડ્યા. લોકોએ દોડીને દાસીને પકડીને માર માર્યો. દાસી લોકોના હાથમાંથી છટકી દમનીને પગે લાગીને પોતાને બચાવી લેવા વિનવણી કરવા લાગી. તેણે દાસીને એક ચમત્કારી દંડ આપ્યો અને કહ્યું : 'જા, આ દંડ વતી માર્ગ ઉપર ત્રણ આડી રેખા દોરજે.' દાસીએ તે પ્રમાણે કરતાં એક ચમત્કાર થયો. ત્યાં રસ્તા વચ્ચે ત્રણ વજ્રમય અભેદ્ય ભીંતો ઊભી થઈ ગઈ અને સવારીનો માર્ગ રોકાઈ ગયો. વાત જાણીને રાજવર્ગે દમનીને ભીંતોની આડશ દૂર કરવા વિનંતી કરી. ત્યારે દમનીએ કહ્યું, 'જે કોઈ ચમત્કારી પંચદંડ પ્રાપ્ત કરીને આવશે, એ જ આ ભીંતો હઠાવી શકશે.' વિક્રમ રાજાએ સવારી બીજે રસ્તે વાળી. પછી કોપે ભરાયેલા રાજાએ દેવદમનીને દરબારમાં બોલાવી પંચદંડ વિશે પૂછ્યું. દેવદમનીએ 'પહેલાં તમે મારી પુત્રી દમનીને ચોપાટની રમતમાં ત્રણ વાર જીતો અને તે પછી હું પંચદંડ વિશે કહું.' એ પ્રમાણે શરત મૂકી. રાજાએ તે શરત સ્વીકારી. ઘેરે આવી દેવદમનીએ પોતાની પુત્રીને શણગારી રાજદ્વારે મોકલી તેના અભૂતપૂર્વ રૂપને જોઈ સૌ અચંબામાં પડી ગયા.

**૧.૨** વિક્રમ રાજા અને દમનીએ ચોપાટની રમત માંડી. રમત રમતાં ત્રણ દિવસ પસાર થઈ ગયા. પરંતુ રાજા રમત જીતી શકતો નહોતો. તેણે વિચાર્યું કે, આ નીચ નારી મને જીતશે તો, જગતમાં મારી અપકીર્તિ થશે. વિક્રમે ઇષ્ટ દેવતાને મંદિરે જઈ આત્મસમર્પણ કરવા માંડ્યું. દેવતાએ કહ્યું, 'વીર વેતાળ તારો સહાયક છે. તારી જ જીત થશે.' રાજા એ પછી અદૃષ્ટરૂપે નગરચર્યા જોવા નીકળ્યો, ત્યારે તેણે એક ઘાંચણની છોકરી રાજાને હંફાવી રહી છે અને જો રાજા હારશે તો હાંસી થશે એવી ટીકા ઠેરઠેર થતી સાંભળી. તે પછી વળતે દિવસે પણ ચોપાટની રમતમાં હારજીતનો નિવેડો ન થયો. રાત્રે વિક્રમ આગિયાવેતાળ સાથે ગાંધર્વમસાણમાં શિવને દહેરે પહોંચ્યો. ત્યાં ચિંતામાં તેની આંખ મળી ગઈ. અર્ધ નિદ્રાવસ્થામાં ઉજ્જેણીનો રક્ષક ક્ષેત્રપાલ પ્રત્યક્ષ થયો. તેને બલિબાકળાને મિષ્ટાન્નનું ભોજન લઈ પ્રસન્ન કર્યો. તેણે દમની ઇંદ્રસભામાં જઈ નાચતી હોવાનું અને તેને કઈ રીતે હરાવવી તેનું રહસ્ય બતાવ્યું. તે પછી આઠ દિવસ ચોપાટની રમત એમ ચાલી. પૂનમની રાતે દમની ઇંદ્રસભામાં નૃત્ય કરવા ગઈ. વિક્રમ પણ હરસિદ્ધિ માતાની પૂજા કરી વેતાળ સાથે ઇન્દ્રસભામાં પહોંચ્યો. વિક્રમના કહેવાથી આગિયાવેતાળે ભમરાનું રૂપ ધરીને નૃત્ય કરતી દમનીના મુગટમાંથી ફૂલ લઈ લીધું, પવનરૂપે થઈ તેના પગનું ઝાંઝર લઈ લીધું અને જ્યારે નૃત્યની ભેટ તરીકે દમનીને બીડું આપવામાં આવ્યું ત્યારે વિક્રમે લઘુલાઘવી વિદ્યાથી તે બીડું હરી લીધું. તે પછી ઇંદ્રસભામાંથી પાછા આવીને વિક્રમ નિદ્રામાં પોઢી ગયો. બે પહોર દિવસ ચઢતાં દમનીએ વિક્રમને જગાડ્યો. રાજાનો નિંદ્રાભંગ કોપાયમાન થયેલા તેણે દમનીને ધમકાવી. દમનીએ કોપ દૂર કરી રમત માંડવા કહ્યું. અડધી રમત થઈ તેવામાં રાજાએ દમનીને પોતે સ્વપ્નમાં ઇંદ્રસભામાં ગયો હોવાનું અને ત્યાં તેને નાચતી જોઈ હોવાનું કહી તેના તેના મસ્તકનાં ફૂલ લીધાં હોવાનું કહ્યું. દમનીએ કહ્યું : 'કોઈ પ્રમાણ બતાવો તો સ્વપ્નમાં જોયું તે સાચું હોવાનું મનાય.' વિક્રમ રાજાએ દમનીને સ્વર્ગનું મંદારપુષ્પ બતાવતાં તે

રમતમાં ધ્યાન ચૂકી ગઈ અને પહેલો દાવ હારી ગઈ. બીજે દિવસે ચોપાટનો દાવ મંડાતાં રાજાએ ફરી સ્વપ્નની વાત કરીને દમનીનું ગુમ થયેલું પગનું ઝાંઝર દેખાડતાં તે બીજો દાવ હારી ગઈ. ત્રીજે દિવસે વિક્રમ રાજાએ સ્વપ્નની વાત કરી. ઇંદ્રે દમનીને આપેલું પાનનું બીડું રજૂ કર્યું અને ક્ષુબ્ધ દમની ત્રીજી વાર હારી. શરત પ્રમાણે દમની વિક્રમ રાજાને પરણી. આમ પહેલી શરત પૂરી કરીને વિક્રમે પોતાની સાસુ દેવદમની પાસે જઈને પહેલો ચમત્કારી દંડ ક્યાંથી મેળવવો તે પૂછ્યું. તે માટે દેવદમનીએ વિક્રમ રાજાને કોંકણ દેશમાં જઈ ત્યાં સોપારાનગરમાં રહેતા સોમશર્મા બ્રાહ્મણ અને તેની પત્ની ઉમાદેના ઘરની ચર્ચા જોવા કહ્યું. દેવદમનીએ નિશાળિયાનું રૂપ લઈ ગંભીર થઈ સાવચેતી–પૂર્વક રહેવા સમજાવ્યું.

**૨.૧** વિક્રમ રાજા પોતાની સહાયમાં રહેલા આગિયા-વેતાળની મદદથી સોપારાનગર પહોંચ્યો. તપાસ કરતાં તેને જાણવા મળ્યું કે સોમશર્મા ગુરુને ત્યાં ત્રેસઠ વિદ્યાર્થીઓ ભણતા હતા. વિક્રમ અગિયાર વર્ષના છોકરાનું રૂપ લઈ હાથમાં પાટી, પોથી, લેખણ અને ખડી સાથે પંડિતના દ્વારે પહોંચ્યો. પંડિતે નામઠામ પૂછતાં બાળકરૂપે રહેતા વિક્રમ રાજાએ શાલિગ્રામથી વિદ્યા મેળવવા પોતે આવ્યો હોવાનું કહ્યું. ઉમાદેએ બાળકનાં લક્ષણ જોઈ મનમાં વિચાર્યું કે નક્કી આ કોઈ બત્રીસલક્ષણી વ્યક્તિ છે. તે ચોસઠ જોગણીઓને બત્રીસલક્ષણાં ચોસઠ બાળકોનો ભોગ આપવા ઇચ્છતી હતી. તેથી તેણે પોતાનું કાજ સર્યું હોવાનું માની વિક્રમને નિશાળમાં પ્રવેશ આપવા પ્રસંગે મોટો ઉત્સવ કર્યો અને રોજ તેને મીઠાં ભોજન આપવા લાગી. વિક્રમ રાજાએ વિચાર્યું કે, બ્રાહ્મણના ઘરમાં ચારે બાજુ ગરીબી ડોકિયાં કરે છે, છતાં આ ગુરુપત્ની આટલું બધું ખર્ચ કેવી રીતે કરતી હશે?

**૨.૨** ત્રીજા દિવસે આગિયાવેતાળે બ્રાહ્મણના ઘરનું હીર જોવા વિચારી કપટનિદ્રા કરી ઊંઘતાં ઊંઘતાં સઘળું જોયું. સૌ સૌનાં ઠેકાણે જતા રહ્યા પછી ઉમાદેએ સ્નાન કરી સ્વચ્છ વસ્ત્ર પહેરી નવ નૈવેદ લઈ, હાથમાં રહેલા ચમત્કારી સિદ્ધિદંડ વડે દરવાજા પાસે રેખા દોરી, આંબલીના વૃક્ષ ઉપર ચડી. અદૃષ્ટ રહેલો વીર વેતાળ અને વિક્રમ રાજા પણ તે વૃક્ષના થડમાં છુપાઈ ગયાં. બંને જણે સ્ત્રીનું ચરિત્ર જોયું.

ત્રણ વાર દંડપ્રહાર કરી વૃક્ષને ઉડાડીને ઉમાદે જ્યાં ચોસઠ જોગણીઓ વસતી હતી તે રત્નસંચયાનગરીમાં આવી પહોંચી. વૃક્ષને પાદરમાં ઉતારી તે પગપાળી ચાલી. તેની પાછળ અદૃષ્ટ રહી વિક્રમરાજા પણ ચાલ્યો. ચૌમુખ દેવળમાં પહોંચી. ઉમાદેએ બાવન વીરનું આહ્વાન કર્યું. પરંતુ તેમણે 'અમે માગીએ છીએ તે આપ, નહીં તો તું તારા કર્મનું ફળ ભોગવીશ' એમ કહ્યું. ઉમાદેએ ચોસઠ બત્રીસ-લક્ષણા ભોગ માટે તૈયાર હોવાનું કહ્યું. તે પછી તે ત્યાં રહેલ ચોસઠ જોગણીઓને પીઠે પહોંચી. જોગણીઓએ તેમને આપેલા વચન પ્રમાણે ભોગ માગ્યો. 'ચોસઠમો બત્રીસલક્ષણો હમણાં જ મળ્યો એટલે તમને નોતરું આપવા આવી છું,' એમ ઉમાદેએ કહ્યું. એટલે જોગણીઓએ ભોગ લેવાનો દિવસ જણાવીને તે માટેની વિધિ કહી. એ પછી ઉમાદે વૃક્ષે ચડી સોપારાનગર પાછી આવી. વિક્રમ રાજાના મનમાં ત્રેસઠ નિશાળિયાના જીવ ઉગારવાની ભાંજગડ ચાલી. ગુરુની સાથે વનમાં ગયેલા સૌ ચેલાઓને તેમજ ગુરુને પોતાના નિમિત્ત-શાસ્ત્રના જ્ઞાનના આધારે ભાવિ ભયના ભણકારા સંભળાતા હોવાનું ગુરુને જણાવ્યું. વિક્રમે સઘળી બીના કહી. ઉમાદે સૌનો ભોગ કેવી રીતે આપશે તેની વિગતો આપી. ઉમાદેએ મંડપમાં મૂકેલો સિદ્ધિદંડ લઈને ભાગે ત્યારે સૌએ તેની પાછળ ભાગવું એમ તેણે સમજાવ્યું. તમારી અશક્તિને મટાડવા મારે શક્તિવ્રતનું ઉજમણું કરવું છે એમ સોમશર્માને સમજાવીને તેને અને ચોસઠેય નિશાળિ-યાઓને સાથે લઈ ઉમાદેએ કાળીચૌદશે માતાના ચાચરે પહોંચીને ભોગવિધિ આરંભી. તે ભોગસામગ્રી લેવા દૂર ગઈ તે વખતે લાગ જોઈ વિક્રમ રાજા સિદ્ધિદંડ લઈને ભાગ્યો. તેની પાછળ ગુરુ સહિત ચોસઠેય વિદ્યાર્થીઓ ભાગ્યા. ભોગ વગરની રહેલી જોગણીઓ ઉમાદેને ભરખી ગઈ.

**૨.૩** પંડિત સહિત વિદ્યાર્થીઓ સાગરકિનારે પહોંચ્યા. ત્યાંથી હોડીમાં બેસી સૌ કનકશેખર રાજાની કનકનગરીમાં આવ્યા. નગરી બધી રીતે સમૃદ્ધ છતાં સાવ નિર્જન હતી. વિસ્મિત થયેલો વિક્રમ તપાસ કરતો રાજમહેલે પહોંચ્યો. સાતમે માળે તેણે એક બિલાડીને જોઈ. તે બિલાડીએ સાન કરી વિક્રમને કાળા અને ધોળા આંજણની બે કૂંપીમાંથી આંખમાં કાળું આંજણ આંજવા કહ્યું. વિક્રમે તેમ કર્યું, તેવી તે બિલાડી નવયૌવના નારી બની ગઈ. વિક્રમ રાજા તેના રૂપને જોઈ મુગ્ધ થયો. એની પાસેથી વિક્રમે એનો વૃત્તાંત જાણ્યો. એ ત્યાંના કનકશેખર રાજાની પુત્રી કનકમાલા હતી. રાજા તેને વિક્રમ સાથે પરણાવવા માગતો હતો. ત્યાં એક નરભક્ષક રાક્ષસે નગરલોકોનો ઘાણ કાઢ્યો. બચ્યા તે લોકો અને રાજા નાસી ગયા. કનકમાલાને પકડીને રાક્ષસે પોતાની પાસે મહેલમાં રાખી. રાક્ષસ પાસે ચમત્કારી વિજયદંડ હતો. તેના બળે તે વૈતાઢ્ય પર્વત પર રાજ્ય કરતા પોતાના ભાઈનું રાજ્ય લઈ લઈને પછી કનકમાલાને પોતાની રાણી બનાવવા

માગતો હતો. મૂળે રાક્ષસ મનુષ્ય હતો, પણ મેલામંત્રોની સાધના કરતાં તે રાક્ષસ બની ગયો હતો. દિવસે તે ચારો ચરવા જતો ત્યારે ધોળું આંજણ આંજીને કનકમાલાને બિલાડી બનાવી દેતો. રાક્ષસ રોજ પૂજા કરતી વખતે થોડોક સમય વિજયદંડ બાજુમાં મૂકતો. એ દંડથી તેના મસ્તક પર પ્રહાર કરવામાં આવે તો જ તેનું મૃત્યુ થાય. અન્યથી તે અમર અને અજેય હતો.

એ પછી બાળકરૂપે રહેલા વિક્રમ રાજાએ સ્વરૂપ પ્રગટ કરી, પોતાની ઓળખ આપી, કન્યાને તેનું દુઃખ દૂર કરવાનું વચન આપ્યું. એટલામાં રાક્ષસના આવવાનો સમય થયો. વિક્રમે કનકમાલાની આંખમાં ધોળું આંજણ આંજીને તેને બિલાડી બનાવી દીધી.

એવામાં રાક્ષસ આવ્યો. તેને મનુષ્યની ગંધ આવી. તેણે કાળું આંજણ આંજીને બિલાડીને રાજકુંવરી બનાવી. તે પછી તેણે હાકલ કરી કે જે મનુષ્ય અહીં હશે તેને મારીશ, એમ કહી પૂજાની તૈયારી કરી. સ્નાન કરી વિજયદંડ મૂક્યો ત્યાં જ કન્યાએ રાજાને સાન કરતાં તેણે દંડ લઈ લીધો. રાજાએ રાક્ષસને તેનો કાળ ખૂટ્યો હોવાનું કહ્યું. રાજા અને રાક્ષસ વચ્ચે ઝપાઝપી થઈ. રાક્ષસ વિક્રમ ઉપર જે પ્રહારો કરતો તે આગિયો વચ્ચેથી અદૃષ્ટરૂપે ઝીલી લેતો. છેવટે વિક્રમે વિજયદંડથી રાક્ષસના માથા પર પ્રહાર કરી તેને મારી નાખ્યો. કન્યાએ વિક્રમને વરમાળા પહેરાવી.

વિક્રમાદિત્યે પોતે જે વિદ્યાઓ જાણતો હતો તેની કન્યાને વિગતે વાત કરી. રાક્ષસના મોતના સમાચાર જાણી કનકશેખર નગરમાં પાછો આવ્યો. તેણે કનકમાલાને વિધિસર વિક્રમ સાથે પરણાવી. પછી કનકશેખરને સાથે લઈને તે ગુરુ અને વિદ્યાર્થીઓ પાસે પહોંચ્યો. કનકશેખરે ગુરુચેલાને પહેરામણી આપી.

**૨.૪** ગુરુ, શિષ્યો અને કનકમાલા સાથે વિક્રમ સોપારાનગર પાછો આવ્યો. ત્યાં પંડિત સોમશર્મા અને નિશાળિયાઓ ગુમ થયાની અને કામણટૂમણ જાણતી ઉમાદેને જોગણીઓ ભરખી ગયાની લોકો વાત કરતા હતા. વિક્રમે પોતાની જાતને છતી કરી જે બન્યું હતું તે સર્વ કહ્યું.

સોપારાનગરના રાજા સોમપાલે વિક્રમનું સ્વાગત કરી તેની સાથે રાજકુંવરી પરણાવી. વિક્રમના કહેવાથી રાજપુરોહિત દેવશર્માની પુત્રી સુતારાને સોમશર્મા સાથે પરણાવી. તે પછી વિક્રમ બે નવવધૂઓ અને સિદ્ધિદંડ તથા વિજયદંડ લઈને ઉજ્જૈન પહોંચ્યો. દેવદમનીના ચરણ પાસે બંને દંડ મૂકીને તેની પાસે ત્રીજો આદેશ માગ્યો.

**૩.૧** દેવદમનીએ ત્રીજા આદેશ તરીકે ખંભાતના જયકર્ણરાય પાસેથી હીરા, માણેક અને મોતી ભરેલી સપ્તધાતુની પેટી લઈ આવવા વિક્રમને જણાવ્યું. વિક્રમ આગિયાવેતાળ સાથે ખંભાત પહોંચ્યો. ત્યાં વાડીમાં મુકામ કર્યો. વિક્રમે નગર બહાર ઘણી સ્ત્રીઓને બાળકનાં પારણાં સાથે જોઈ. લોકો જમી જમીને નગરમાં જતા હતા. પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે લોકોને નગર બહાર જઈને રસોઈ કરવાનો રાજાનો આદેશ હતો, કારણ કે, નહીં તો વૈભવી પ્રાસાદોના ઝગમગતા હેમકળશ ધુમાડાથી ધૂંધળા બની જાય. વિક્રમે અદૃષ્ટ રૂપ ધરી રાજભવનમાં પહોંચ્યો. ત્યાં ત્રીજે માળે શોકાતુર બની બેઠેલી રાજકુંવરી રત્નમંજરીને તેણે જોઈ. રાત્રિની છેલ્લી ચાર ઘડી બાકી હતી ત્યારે કુંવરી ચોથે માળે ગઈ અને હીરામોતી ભરી સપ્તધાતુની એક પેટી કાઢી. પછી તે કાલિકાની પૂજા કરવા બેઠી. ચૂપચૂપ પેટી ઉઠાવી જવાનું વિક્રમને અનુચિત લાગ્યું. તે અદૃષ્ટ બની બધું જોતો રહ્યો. એટલામાં નીચે આવી પહોંચેલા નરબ્રહ્મરાજાના દૂતે ત્રણ તાળી પાડી. રત્નમંજરીએ બારીમાંથી દોરડું નાખીને તેને ઉપર બોલાવ્યો. દૂતે કહ્યું : 'રાજા તેના વિરહે તરફડતો હોઈને મને ઘડિયાજોજન સાંઢણી સાથે મોકલ્યો છે. તો જલદી ચાલ.'

**૩.૨** એવામાં દેવદમનીનો મોકલેલો વિદ્યાવિશારદ પોપટ રત્નમંજરી પાસે સંદેશો લઈને આવ્યો. દેવદમનીએ લખ્યું હતું : 'હું વિક્રમ રાજાને પરણી કારાગૃહમાં પડી છું. જે સ્ત્રી રાજાને વરે તેનું જીવતર એળે જાય. માબાપનાં દર્શન તો આખો જન્મારો ન થાય. પરંતુ મારું એક વચન તું પાળજે, અને તારા નગરમાં આવેલા મારા પતિ વિક્રમ સાથે જ તું પરણજે, જેથી દુઃખમાં આપણે સાથે રહીએ. વિક્રમને પગે પદ્મની નિશાની છે. કાગળ વાંચીને તું ફાડી નાખજે, રખે તે વિક્રમના હાથમાં આવે.' રત્નમંજરીએ વળતો સંદેશો મોકલ્યો કે, ભાગ્યમાં હશે તે થશે. પાછો વળતાં પોપટ રતનપુરની અમૃતકંડિકા નામની વેશ્યાને ત્યાં પાંજરે પુરાયેલા પોતાના ભાઈ વિબુધપ્રિયને મળવા ગયો.

વિદ્યાવિશારદ પોપટે ભાઈને પોતે શા કામે નીકળ્યો હતો તે જણાવી, 'ખંભાતની રાજકુંવરી રત્નમંજરીને અને સાથે રત્નભરેલી પેટી લઈને વિક્રમ રાજા રતનપુરથી પસાર થશે,' એમ વાત કરી. એ વાત વેશ્યાએ સાંભળી. તે નગરદ્વારે આવીને વિક્રમ રાજા અને કન્યાની રાહ જોતી બેઠી.

**૩.૩** આ તરફ રત્નની પેટી રત્નમંજરીએ દૂતને સોંપી. વિક્રમે તેના હાથમાંથી આગિયાવેતાળની સહાયથી પેટી લેવરાવી લીધી. દૂત વિચાર કરવા માંડ્યો કે પેટી ક્યાં ગઈ ? એટલે વિક્રમ પ્રગટ થયો. દૂત અને વિક્રમ વચ્ચે લડાઈ થઈ. દૂત મરાયો.

૩.૪ વિક્રમે વિદ્યાબળે દૂતનું રૂપ ધારણ કર્યું અને રાજકુંવરીને સાંઢણી પર બેસાડી તે ચાલી નીકળ્યો. સાંઢણીને પશ્ચિમને બદલે પૂર્વ દિશાએ ચલાવાતી જોઈ રત્નમંજરીએ દૂતને પૂછયું અને તેણે આપેલા ઉત્તરના ઢંગ પરથી જાણી ગઈ કે કોઈક અજાણ્યો તેનું અપહરણ કરી લઈ જાય છે. દુઃખમાં ડૂબી ગયેલી રત્નમંજરીએ 'તું કોણ છે ?' એમ પૂછયું, એટલે વિક્રમે કહ્યું : 'હું તો માળવાનો જુગારી છું. હું મારી સ્ત્રીને જુગારમાં હારી ગયો છું. તને આપીને એને છોડાવીશ. હું મારું પોતાનું અને પારકાનું ઘણું ધન હારી ગયો છું, તેથી પેટીમાંનાં રત્ન વેચીને દેવામાંથી મુક્ત થઈશ.' રત્નમંજરીએ અપહરણ કરનારને કાયર કહ્યો, ત્યારે તેણે પોતાની શક્તિની પ્રતીતિ કરાવવા વનમાં શબ્દવેધી બાણ છોડી સિંહના પ્રાણ હરી લીધા. તે પછી વિક્રમે તેને પોતાની સાચી ઓળખ આપી. મનની ઇચ્છા આમ અણધારી પૂરી થઈ તેથી રત્નમંજરીના હૈયામાં આનંદ ઉભરાવા લાગ્યો.

૩.૫ વિક્રમ અને રત્નમંજરી રતનપુર પહોંચ્યાં. રત્નમંજરીને વાડીમાં મૂકી રાજા નગરમાં ગયો. તે વખતે અમૃતકંડિકા વેશ્યા રત્નમંજરીની પાસે પહોંચી ગઈ. તેની ઓળખ પૂછી અને પોતાને તેની માસી તરીકે ઓળખાવીને તેને પોતાને ઘેર લઈ ગઈ અને વિક્રમને તરતમાં ત્યાં તેડાવી મંગાવવાની ખાતરી આપી. વિક્રમ ભોજનસામગ્રી લઈને વાડીમાં પાછો આવ્યો. જોયું તો કુંવરી ત્યાં નહોતી. તેણે આખો દિવસ અને રાતભર તપાસ કરી, પણ પત્તો ન લાગ્યો. આ તરફ વેશ્યાના ઘરનો આચાર–વ્યવહાર જોઈને રત્નમંજરી પોતે ફસાઈ હોવાનું પામી ગઈ. વેશ્યાએ પણ બનાવટ કર્યાનું જણાવી દીધું. એટલે રત્નમંજરી ચિતાએ ચઢી સતી બનવા નીકળી પડી. નગરના રાજા રતનસિંહને જાણ થઈ કે, કોઈ અજાણી સ્ત્રી તેનો પતિ ગુમ થતાં સતી થઈ રહી છે. નદીકિનારે જઈ ચિતા ખડકાવી રત્નમંજરી સતી થવાની તૈયારી કરતી હતી, એવામાં જ વિક્રમે ત્યાં આવી તેનો હાથ પકડી લીધો. સતીને વધાવવા આવેલા રાજા રતનસિંહને પોતાની ઓળખાણ આપી. વિક્રમે તેને નગરમાં થયેલી છેતરપિંડીથી વાકેફ કર્યો.

એ પછી રતનસિંહે વેશ્યાનાં નાક–કાન કાપી એને અવળે ગધેડે બેસાડી દેશવટો આપ્યો. બીજી તરફ રત્નમંજરીનું હરણ થવાથી ખંભાતનો રાજા સેના સાથે હરણ કરનારનું પગેરું દબાવતો રતનપુર આવી પહોંચ્યો. બંને રાજાઓ વચ્ચે ત્રણ દિવસ યુદ્ધ ચાલ્યું. છેવટે રતનસિંહે ચડાઈનું કારણ પુછાવ્યું. જયકર્ણરાયે પોતાની પુત્રીનો ચોર રતનપુરમાં હોવાનું જણાવ્યું. વળતાં રતનસિંહે જ્યારે સ્પષ્ટતા કરી કે એ ચોર, બીજો કોઈ નહીં પણ, અવંતીનો ધણી વિક્રમ છે, ત્યારે આનંદિત થયેલા જયકર્ણે રત્નમંજરીને વિક્રમ રાજા સાથે પરણાવી, ઘણી પહેરામણી આપી. રત્નમંજરી અને રત્નમંજૂષા લઈ વિક્રમ ઉજ્જેણી જઈ દેવદમનીને મળ્યો અને ચોથો આદેશ માગ્યો.

૪.૧ દેવદમનીએ ચોથા આદેશરૂપે વિક્રમ રાજાને ધનશ્રેષ્ઠીના ઘરની ચર્યા જોઈ આવવા કહ્યું. વિક્રમે સભામાં આવી ધનશ્રેષ્ઠી વિશે પૂછપરછ કરી. ગામમાં ઘણા ધનશ્રેષ્ઠી હતા. તેથી જાણકારો વિચારમાં પડી ગયા. છેવટે એક સેવકે એંસી વરસનો એક વૃદ્ધ ધનશ્રેષ્ઠી પોતાની નજીક રહેતો હોવાનું કહ્યું. સેવકે કહ્યું, 'તેનો દેહ સાવ રોગિષ્ટ અને જર્જરિત થઈ ગયો છે. તેને કોઈ સ્ત્રી–પુત્ર નથી. અપાર ધન છે. શેઠ ઘણા ધર્મિષ્ઠ છે. તેમની પોળમાં જ રહેતા શ્રીપતિ શ્રેષ્ઠીની પુત્રી રત્નમંજરી યુવાન થઈ ત્યારે લગ્નનો ઇન્કાર કરવા લાગી. પરંતુ ધનશ્રેષ્ઠીનું દુઃખ સાંભળી, વૈધવ્યની ચિંતા કર્યા વગર તેણે તેની સાથે લગ્ન કર્યાં. રત્નમંજરી પતિવ્રતાધર્મ પાળતી અને વૃદ્ધ ધનશ્રેષ્ઠીની સેવા કરતી. અન્ય પુરુષ સાથે તે વાત પણ ન કરતી. તેનું ચરણોદક પીતાં વંધ્યાને ત્યાં પારણું બંધાતું.' પછી ભિક્ષુનો ભગવો વેશ ધારણ કરી વિક્રમ ધનશ્રેષ્ઠીને ત્યાં જઈ રાતવાસો માગ્યો. રત્નમંજરીએ ઓટલે પડયા રહેવા કહ્યું. રાજા ત્યાં બેઠો એવામાં ધનશ્રેષ્ઠી આવ્યો. રત્નમંજરીએ તેના પગ ધોઈ આચમન લીધું. અર્ધરાત્રિ થતાં એક સ્વરૂપવાન ચોર ઘરમાં પેઠો. રત્નમંજરી તેના રૂપથી મોહિત થઈ. તેણે તેને અઢળક ધન આપવાનું કહી પોતાનો સંગ કરવા માગણી કરી. ચોરે પતિ જીવતો હોય તેવી સ્ત્રીનો સંગ કરવાની ના પાડી. રત્નમંજરીએ છૂપી રીતે ધનશ્રેષ્ઠીને ગળે નખ દઈ મારી નાખ્યો. પતિ મરી ગયેલો હોવાનું ચોરને બતાવ્યું. પછી બંનેએ સંગસુખ માણ્યું. વિક્રમે જાળીમાંથી આ બધું જોયું. રત્નમંજરીએ ચોરને હીરામાણેક આપી જે રસ્તેથી તે આવ્યો હતો ત્યાંથી ચાલ્યા જવા કહ્યું. ચોર બહાર નીકળ્યો કે તરત જ વિક્રમે ખડ્ગપ્રહાર કરી તેની હત્યા કરી. ચોરની મરણચીસ સાંભળી રત્નમંજરીએ બહાર આવી જોયું તો ભિક્ષુક ચાલ્યો ગયો હતો, તેથી તે સમજી ગઈ કે એણે જ ચોરને માર્યો. રત્નમંજરીએ અપયશથી બચવા ધનશ્રેષ્ઠીના શબ ઉપર ઘા કર્યા, અને પછી પોકાર પાડ્યો. ચોરે અને શેઠે પરસ્પરને મારી નાખ્યાનું લોકો સમજ્યા.

૪.૨ વિક્રમ રાજાની રાણી શૃંગારસુંદરીએ રત્નમંજરી શેઠાણીનું સતી થવા વખતનું ચરણોદક મંગાવવા રાજાને કહ્યું, ત્યારે વિક્રમે તેને ઘડીક વાટ જોવા કહ્યું. પછી તેણે પોતાના માણસોને મોકલી પોતે આવે નહીં ત્યાં સુધી રત્નમંજરીને સતી ન થવા દેવા આદેશ દીધો. પછી સ્મશાનમાં જઈને વિક્રમે રત્નમંજરીને રાત્રે બનેલી સઘળી ઘટના કહી.

સતી થવાનો ઢોંગ છોડી દેવા કહ્યું. ત્યારે રત્નમંજરીએ 'સ્ત્રી-ચરિત્ર તો આવાં જ હોય. જો તારે એ જોવાં હોય તો કોચી કંદોયણને ઘેર જઈ જોઈ આવ.' એમ કહી અગ્નિપ્રવેશ કર્યો અને સતી થઈ.

૪.૩ વિક્રમ પરદેશી પ્રવાસીનો વેશ લઈ પત્તો મેળવી કોચી કંદોયણના ઘેર પહોંચ્યો. કોચી કંદોયણે વિક્રમને ઓળખી લીધો. તેણે તેનું સ્વાગત કર્યું. દેવદમની કોચીને મા કહેતી હતી એ સંબંધે વિક્રમે તેને પ્રણામ કર્યા અને સ્ત્રીચરિત્ર દેખાડવા કહ્યું. 'જે રત્નમંજરીએ તને અહીં મોકલ્યો તે મારી ચેલી હતી.' એમ જણાવી કોચીએ વિક્રમને એક પેટીમાં સંતાડ્યો.

થોડી વારે રાજાનો પ્રધાન બુદ્ધિસાગર ત્યાં આવ્યો અને કોચી કંદોયણને એક લાખ આપીને વિક્રમની રાણી શૃંગારસુંદરીનો મેળાપ કરાવી આપવાની માગણી કરી. કંદોયણે તેને પેટી પર બેસાડી, તેના હાથમાં ચમત્કારી કામિકદંડ આપ્યો, અને તેના વડે પેટી પર ત્રણ વાર પ્રહાર કરવા કહ્યું. બુદ્ધિસાગરે તે પ્રમાણે કર્યું. પેટી ઉડાડીને તે શૃંગારસુંદરી પાસે આવ્યો અને તેને ભોગવી. રાજા પેટીમાં બેઠોબેઠો આ બધું જોતો રહ્યો. તેણે વિચાર્યું કે, એ બંનેને મારીશ તો બાજી બગડી જશે. રાત્રિના છેલ્લા પહોરે પ્રધાન ત્યાંથી નીસરી પેટી પર બેસી કોચીને ત્યાં આવ્યો અને તેને કામિકદંડ પાછો સોંપી વિદાય થયો.

પેટી ઉઘાડી કંદોયણે વિક્રમ રાજાને બહાર કાઢ્યો. તેણે વિક્રમને કહ્યું : 'રાજા, તું મારી સ્ત્રી પર કભાવ ન કરીશ'. આટલું કહી કોચીએ તેને કામિકદંડ ભેટ આપ્યો. વિક્રમે દેવદમનીની પાસે જઈ કામિકદંડ તેને સોંપી. પાંચમો આદેશ માગ્યો.

૫.૧ દેવદમનીએ પાંચમો આદેશ આપતાં કહ્યું : 'માલવ-નરેશ, તારા પુરોહિત વિશ્વરૂપને બોલાવી તેને દાન આપ'. રાજાએ એ સાંભળી પુરોહિતને બોલાવ્યો અને તેની સમક્ષ આપવાનું અઢળક દાન ઉપસ્થિત કર્યું. પણ 'રાજાનું દાન લેનાર અને દાન આપનાર રાજા બંને નરકમાં જાય', એવું કહી તેણે દાન લીધું નહીં. આ સદાચારી બ્રાહ્મણના ઘરનો આચાર જોવા વિક્રમ રૂપ બદલી તેના ઘર પાસે જઈ રહ્યો. બ્રાહ્મણના ઘરની સામે આવેલા મંદિરે દાસી સાથે બ્રાહ્મણકન્યા ગોમતી પૂજા કરવા આવી. વિક્રમ અદૃષ્ટ રહીને બધું જોતો—સાંભળતો હતો. ગોમતીએ દાસીને પોતાની સખી જયતૂને તેડાવી લીધી. તેમની વાત પરથી વિક્રમે જાણ્યું કે તેઓ પાતાળલોકમાં તેમની બીજી બે બહેનપણીઓ હરિયાલી અને હરણુલીના સાથમાં રાજકન્યા શૃંગારસુંદરીનાં લગ્નમાં જવા નીકળી હતી. શૃંગારસુંદરી તેમની સૌની બહેનપણી હતી. એને પરણવા આવનાર વર ઘણો કદરૂપો અને મૂરખ હોવાનું પણ તેમની વાત પરથી વિક્રમે જાણ્યું. હરિયાલી અને હરણુલી સીધી સિદ્ધવડે પહોંચી ગઈ હશે એમ વિચારીને ગોમતી અને જયતૂ ત્યાં જવા નીકળી. સાથેનો ભેટનો સામાન ઊંચકવા કોઈક મજૂરની તપાસ કરવા દાસીને ચૌટે મોકલી. એટલે વિક્રમરાજા મજૂરવેશે હાજર થયો. ગોમતીએ બધો સામાન તેની પાસે ઉપડાવ્યો. બંને સ્ત્રીઓ આગળ ચાલી, પાછળ માંદકો મજૂર. બધાં ગાંધર્વ-મસાણમાં જક્ષના મંદિરે પહોંચ્યાં. બંને સખીઓએ માંદકાને ત્યાં જ બેસી રહેવા કહ્યું. માંદકાએ ભૂતપ્રેત વળગે એવો ભય બતાવી ત્યાં એકલા રહેવા ના કહી. એટલે તેને સાથે લઈ તેઓ સિદ્ધવડ પાસે પહોંચી. હરિયાલી અને હરણુલીને સિદ્ધવડની ડાળે લટકતા નાગને પકડીને હીંચકતી જોઈ. તેઓ બંને ચમત્કારી દંડ સાથે લઈ આવી હોવાની, પૂછીને ખાતરી કરી. પછી ચારે જણીનો સામાન ઉપાડવા માંદકાને મનાવી લઈ તેઓ હરસિદ્ધિના મંદિરે પહોંચી. પૂજાઅર્ચન કરી મૂર્તિને ખસેડી તેની નીચે રહેલા ભોંયરામાં ચાર કન્યા અને ભારવાહક માંદકો પ્રવેશ્યાં. તમહરદંડથી અંધારું દૂર કરી વિષહર-દંડથી સર્પોને ભગાડી તેઓ આગળ ચાલ્યાં. વચ્ચે એક કૂવો આવ્યો. તેમાં પાવડી પર બેસીને ઊતર્યાં. આગળ જતાં એક પોળ આવી. તેનો બંધ દરવાજો દંડના પ્રભાવે ઉઘાડીને આગળ ચાલ્યાં, ત્યાં પાતાળગંગાનો પ્રવાહ આવ્યો. શ્વેત પલાસના અર્કની પાવડી બનાવી તેના પર બેસીને તેમણે ગંગા પાર કરી. તે પછી ચંદનવન વચ્ચે અમૃત સરોવરને કાંઠે રહેલા મહાદેવના દહેરે તેઓ આવી પહોંચ્યાં. માંદકાના હાથમાં બંને દંડ અને વસ્ત્રાભરણ સોંપી ચારેય સખીઓ નાહીને પૂજા કરવા ગઈ. વિક્રમે આગિયાને બોલાવ્યો. તેના હાથમાં બધો સામાન સોંપી બંને જણ નગરમાં પહોંચ્યા. નગરના લોકો કન્યા રૂડી અને વર ભૂંડો હોવાથી ચિંતામાં પડ્યા હતા. રાજાએ વેતાળની સહાયથી વરનું હરણ કરાવ્યું અને તેને સ્થાને પોતે મૂળ રૂપ ધરીને બેસી ગયો. આગિયાને પ્રતાપે વરનાં, માબાપ, સગાંસંબંધી વગેરેનાં નામ અને ઓળખ જાણી લીધાં. કદરૂપા વરનું રાજવી રૂપ થઈ ગયું તે જોઈ સૌ અચંબામાં પડ્યા. વરરાજા તોરણે આવ્યા. હસ્તમેળાપ થયો. શૃંગારસુંદરી માહ્યરામાં બેઠી હતી ત્યારે સંદેશો આવ્યો કે, તેના લગ્નમાં આવેલી મૃત્યુલોકની તેની ચાર સખીઓ મહાદેવની પૂજા કરવા ગઈ ત્યારે તેમની સાથેનો ભારવાહક તેમનાં વસ્ત્રાભરણ, દંડ, ભેટ બધું લઈને ચાલ્યો ગયો છે. શૃંગારસુંદરીએ તેમને માટે વસ્ત્રાભરણ મોકલ્યાં. એ પહેરી ચારેય નગરમાં પહોંચી. શૃંગારસુંદરી પરણી ગયાનું સાંભળી તે ચારેય સર્વતોભદ્ર યક્ષ પાસે ગઈ અને પ્રણામ કરીને પૂછ્યું, 'તમે પાંચ સખીઓનો

એક જ વર હોવાનું કહ્યું હતું. આ તો એક જ પરણી.' યક્ષે કહ્યું : 'એ તમારા પાંચેયનો પતિ છે. તમે જઈને તેને વરો'. એ પછી ચારેયે ચોરીમાં આવી વરરૂપે રાજા વિક્રમને જોયો. ચારેય સખીઓ તેને વરમાળા પહેરાવવા ગઈ ત્યારે પોતે માગે તે આપવાની શરતે વિક્રમે વરમાળા પહેરી. વર-રાજા વિક્રમ પોતે હોવાનો અને તેમની સાથે આવેલ માંદકો પણ વિક્રમ હોવાનો ચારેય સખીઓને પાકો વહેમ ગયો. પછી વિક્રમના કહેવાથી મૂળના કદરૂપા વરને પાછો લાવ્યો. તેને ત્યાં રાખીને વિક્રમ રવાના થઈ ગયો. રાજા સુધી વાત પહોંચી કે, પરણનારને બદલે બીજો વર ક્યાંકથી આવી પડ્યો છે. પાતાલનરેશે ચાલ્યા ગયેલા વરને પકડી લાવવા સૈનિકો મોકલ્યા. આગિયાવેતાળે સૌને ભગાડી મૂક્યા. પછી રાજાએ વરનું નામઠામ પુછાવ્યું, ત્યારે વિક્રમે પોતાની જાતને છતી કરી. રાજાએ તેનો ભારે આદરસત્કાર કર્યો. આગિયાએ હરણ કરેલાં બંને દંડ અને વસ્ત્રાભરણ, ગોમતી વગેરેને પાછાં સોંપ્યાં. પછી શરત પ્રમાણે વિક્રમે ચારેય મૃત્યુલોકની સખીઓ પાસે તમહરદંડ, વિષહરદંડ અને સર્વસંમોહનવિદ્યા—એ ત્રણેય વસ્તુઓ માગી લીધી. પાંચેય કન્યાઓને અને વીર વિક્રમને આગિયાએ ક્ષિપ્રા નદીને તીરે લાવી મૂક્યાં. વિક્રમે દેવદમની પાસે જઈને બંનેય દંડ તેને ચરણે ધર્યા. દેવદમનીએ એ પાંચેય દંડનું છત્ર તૈયાર કરી મોકલી આપવાનું માથે લીધું. ઇંદ્રને આ વાતની જાણ થતાં તેણે એ પંચદંડ–છત્રને અનુરૂપ દેવતાઈ સિંહાસન વિક્રમને ભેટ મોકલ્યું. શુભમુહૂર્તે, ભારે મહોત્સવ કરીને, નવેય નવપરિણીતા સ્ત્રીઓ સાથે વિક્રમ એ સિંહાસન ઉપર એ છત્ર ધરીને તેની નીચે બિરાજ્યો.

[આધાર : **'પંચદંડની વાર્તા'**]

**ચમત્કારી પંચદંડ–૨ (=દૈવી સિંહાસનની પ્રાપ્તિ) (=પંચદંડનીવાર્તા) (સિંહાસનબત્રીસી–૨,** પાંચમી કથા) : ફરી ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો ત્યારે હંસા નામની પાંચમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી :

**૧. પૂર્વપીઠિકા : અભેદ્ય ભીંત** : વિક્રમની નગરસવારી ઘર પાસેથી પસાર થતી હતી, ત્યારે જ દેવદમની ઘાંચણની દાસીએ તેના કહેવાથી ઘર વાળવાઝૂડવા માંડ્યું. રાજસેવકોએ દાસીને શિક્ષા કરી. આથી દેવદમનીએ સવારીના માર્ગમાં ચમત્કારી દંડથી ત્રણ આડી રેખા કરીને ત્રણ અભેદ્ય ભીંત ખડી કરી દીધી અને જણાવ્યું કે જે પંચદંડછત્ર ધરાવશે તે જ ભીંતો તોડી પાડી શકશે. વિક્રમ રાજા પાછો ફર્યો. દેવદમનીને બોલાવીને પાંચ ચમત્કારી દંડોની પ્રાપ્તિ કઈ રીતે થાય તે તેને પૂછ્યું. પોતાની પુત્રી દમનીને રાજા ચોપાટની રમતમાં જીતે તો એ ભેદ તેને બતાવે એવી શરત દેવદમનીએ મૂકી. રમતમાં જે હારે તે દાસ બને એ શરતે ચાર દિવસની અવધિ રાખી વિક્રમે દમનીની સાથે ચોપાટ માંડી.

**૨. ઇંદ્રસભામાં નર્તકીની સેવા આપતી માનવ–સુંદરી** : ત્રણ દિવસ રસાકસી ચાલી. ચોથે દિવસે, નિરાશ થયેલા વિક્રમે મસ્તકપૂજાથી હરિસિદ્ધ દેવીને પ્રસન્ન કરી પંચદંડની પ્રાપ્તિનું વરદાન મેળવ્યું. દેવીએ વેતાળને સાથે લઈને ઇંદ્રસભામાં જવાની પણ વિક્રમને સલાહ આપી. ઇંદ્રસભામાં પહોંચેલા વિક્રમે તે રાત્રે ત્યાં દમનીને નૃત્ય કરતી જોઈ. તેના નૃત્યથી પ્રસન્ન થયેલા ઇંદ્રે તેને ગળાનો હાર, પાન, કાનની ઝાલ અને ઝાંઝર એમ એક પછી એક આપેલી ચારેય ભેટ વિક્રમે વેતાળ દ્વારા ગુપ્ત રીતે હરી લીધી. વળતે દિવસે ચોપાટની, રમતે વિક્રમે, ઇંદ્રસભામાં દમનીએ નૃત્ય કર્યાનું અને ઇંદ્રે તેને ભેટો આપ્યાનું પોતાને સ્વપ્ન આવેલું એવી વાત કરી. દમનીએ વાત ખોટી હોવાનું ચાર વાર કહ્યું. ચારેય વાર વિક્રમે એક એક ભેટનો પુરાવો રજૂ કરીને રમતમાંથી દમનીનું લક્ષ ચુકાવ્યું. ચાર વાર તે હારી અને પછી રાજાને વરી.

શરત પ્રમાણે દેવદમનીએ સોપારા, ત્રંબાવટી અને ઉજ્જેણીમાં બતાવેલાં સ્થળોએ જઈ, પરાક્રમ ને પુરુષાર્થથી વિક્રમે પાંચેય ચમત્કારી દંડ મેળવ્યા. તેમના વડે પ્રહાર કરીને દેવદમનીએ આડશ તરીકે ઊભી કરેલી ભીંતો તોડી પાડી. પછી ઇંદ્રે ભેટ મોકલેલા દેવતાઈ સિંહાસન પર એ પાંચ દંડ જડી ઉપર છત્રની રચના કરીને બત્રીસ અદ્ભુત પૂતળીની શોભાવાળું રાજસિંહાસન વિક્રમને માટે નિર્મિત કરવામાં આવ્યું. વાજતે-ગાજતે તે તેના પર આરૂઢ થયો. વિક્રમે એ ચમત્કારી દંડો કઈ રીતે પ્રાપ્ત કર્યા તેની વાત આ પ્રમાણે છે :

**૩. ઊડણદંડની પ્રાપ્તિ** : સાસુ દેવદમની ઘાંચણની સૂચના પ્રમાણે વિક્રમ રાજા સોપારા જઈને સોમશર્મા બ્રાહ્મણને ઘેર બટુકરૂપ ધરીને ત્રેસઠમા શિષ્ય તરીકે રહ્યો. રાત્રિચર્યા જોતાં, તેણે ગોરાણીને મધરાતે હાથમાં દંડ લઈને બહાર નીકળતી જોઈ. વિક્રમ તેની પાછળ ગયો. ગોરાણી એક આંબલીના વૃક્ષ પર ચડી. વિક્રમ ચુપચુપ આંબલીના થડના પોલાણમાં પેસી ગયો. ગોરાણીએ હાથમાંના ચમત્કારી દંડ વતી ત્રણ પ્રહાર કરી 'ઊડ' 'ઊડ' કહ્યું, એટલે આંબલી આકાશ-માર્ગે ઊડતી ચાલી. સો યોજન પરના મસાણમાં તે ઊતરી. ત્યાં ગોરાણી ચોસઠ જોગણીઓને મળી અને ભોગ સ્વીકારી પોતાને જોગણી બનાવવા તેમને વીનવી. જોગણીઓએ ચૌદશને દિવસે આવવાનું નોતરું દીધું. પૂજાવિધિ બતાવી. આંબલી સાથે ગોરાણી અને વિક્રમ પાછાં ફર્યાં.

ગુરુ સ્નાન કરવા ગયા ત્યારે સ્વપ્નું જોયાને બહાને વિક્રમે ગુરુને બનેલી વાત કહી. વિક્રમ જે સૂચના આપે તે પ્રમાણે ચૌદશને દિવસે ગુરુએ તથા બટુકોએ કરવું એવી ગોઠવણ થઈ. નૈવેદ્ય તરીકે ગોરાણીએ ચૌદશને દિવસે સૌને મંડળમાં બેસાડી, બાજુમાં ઊડણદંડ મૂકી પ્રદક્ષિણા કરીને જોગણીનું આહ્‌વાન કર્યું. એટલે વિક્રમ ઊડણદંડ લઈ, સૌને હાક મારીને નાઠો. ગુરુ સહિત સૌ તેની સાથે ઊડયા. પછી જોગણીઓએ આવીને ગોરાણીને વહેંચી ખાધી. ઊડણદંડને પ્રભાવે નાસતા વિક્રમ, ગુરુ તથા બટુકો બાર જોજન દૂર એક નગરને સીમાડે ઊતર્યા. વિક્રમ ભોજન લેવા તે નગરમાં ગયો.

**૪. અજિતદંડની પ્રાપ્તિ** : નગર પહેલાં વસેલું હતું. પણ પછી તે સાવ નિર્જન થઈ ગયું હતું. વિક્રમ રાજમહેલે પહોંચ્યો. ઊંચી અટારીએ એક બિલાડીને તેણે સેજમાં સૂતેલી દીઠી. બિલાડીએ સાન કર્યા પ્રમાણે વિક્રમે કાજળકૂપીમાંથી કાજળ લઈને બિલાડીને આંજતાં તે એક સુંદરી બની ગઈ. દૈત્યે એ નગરી ઉજ્જડ કરીને માત્ર તેની રાજકુંવરીને બચાવેલી. તેને તે દીકરીની જેમ રાખતો હતો. દૈત્ય જ્યારે ચારો કરવા જતો ત્યારે કુંવરીને બિલાડી બનાવતો જતો. દૈત્ય પાસે અજિતદંડ હતો. જેને માથે એ દંડ મારે તે તરત મરણ પામે. માત્ર પૂજા વખતે જ દૈત્ય દંડને નીચે મૂકતો. કુંવરીને ફરી બિલાડી બનાવી વિક્રમ સંતાઈને રહ્યો. પૂજા કરતાં દૈત્યને તેણે અજિતદંડના પ્રહારથી માર્યો. એ નગર ફરી વસ્યું. વિક્રમે ગુરુ તથા શિષ્યોને ભોજન અપાવ્યું. નગરના રાજાએ કુંવરી વિક્રમને આપી. સૌ સોપારા પાછા આવ્યા. વિક્રમે પોતાની જાતને જાહેર કરી. તે રાજકન્યાને પરણ્યો. બ્રાહ્મણને પુરોહિત કન્યા પરણાવી. ઉજેણીનગરીમાં આવીને પ્રાપ્ત કરેલા બંનેય દંડ વિક્રમે પોતાની સાસુ દેવદમનીને સોંપ્યા.

**૫. અભયદંડની પ્રાપ્તિ** : સાસુ દેવદમની ઘાંચણનો મોકલ્યો વિક્રમ ત્રંબાવટી ગયો. અદશ્ય રહી નગરચર્ચા જોતાં તે રાજમહેલમાં પહોંચ્યો. ત્યાં અધરાતે વાટ જોતી એક યુવતીએ આવી પહોંચેલા સાંઢણીસવારને બારી નીચે ઊભો રાખ્યો તે વિક્રમે જોયું. એટલામાં વિક્રમનો પોતાનો જ પોપટ એ યુવતી કે જે રાજકુમારી રત્નમંજરી હતી તેના ઉપર દમનીનો પત્ર લઈને આવ્યો. એમાં દમનીનો સંદેશો હતો, 'હું રાજા વિક્રમને વરી છું. એ ત્રંબાવટી આવ્યો છે. તો તું પણ તેને વરજે.' રત્નમંજરીએ વરવાની હા પાડતો ઉત્તર લખી પોપટની ડોકે બાંધીને તેને રવાના કર્યો પણ પછી તરત જ દમનીની ચિઠ્ઠી ફાડી નાખી, દાસીને મોઢે તેણે વિક્રમનો તુચ્છકાર કર્યો.



પછી તેણે સાંઢણી પર આવેલા દૂતને અંદર બોલાવ્યો. તે વીરભ્રમ રાજાનો સંદેશો લાવેલો. સાથે લઈ જવાનો કીમતી માલ અને અભયદંડ રત્નમંજરીએ દૂતને સોંપ્યા. દૂત તે સાંઢણી ઉપર મૂકવા ગયો ત્યારે વિક્રમે તેને મારી નાખી પોતે દૂતનું રૂપ લીધું. ત્યાં રત્નમંજરી આવીને સાંઢણી પર બેઠી એટલે વિક્રમે પશ્ચિમને બદલે તેને પૂર્વમાં હંકારી. કુંવરીએ પૂછ્યું, એટલે પોતે વીરભ્રમરાજાનો દૂત નહીં પણ માલવદેશનો જુગારી હોવાનું વિક્રમે જણાવ્યું. દુઃખી કુંવરીએ પોતાને વિક્રમ પાસે લઈ જવા કહ્યું, ત્યારે વિક્રમે પોતાનું ખરું રૂપ પ્રગટ કર્યું, અને કુંવરી સાથે ગાંધર્વવિવાહ કર્યો.

રત્નમંજરીનો ઉત્તર લઈને પાછો જતો વિક્રમનો પોપટ વચ્ચે રતનપુરની અમૃતગણિકાને ત્યાં રહેતા પોતાના ભાઈને મળવા ગયો. રાજકુંવરી અને અભયદંડને લઈને સાંઢણી પર બેસી વિક્રમ આવતો હોવાની પોપટે તેના મિત્રને વાત કરી. ગણિકા તે વાત સાંભળી ગઈ. તેણે લાગ સાધ્યો. વિક્રમની સાંઢણી આવી પહોંચી. રત્નમંજરીને એકલી મૂકીને વિક્રમ ભોજનની તપાસમાં ગયો. એટલે ગણિકા કુંવરીની પાસે આવી. માશી તરીકે પોતાને ઓળખાવી, 'વિક્રમ મારે ત્યાં જ આવ્યો છે,' એમ કહીને કુંવરીને તે પોતાને ઘેર લઈ ગઈ. વિક્રમ પાછો આવ્યો, તો કુંવરીને ન દીઠી. ફસાયેલી કુંવરી ગણિકાને ત્યાંથી રાત્રે નાઠી. બૂમાબૂમ કરીને તેણે લોકોને એકઠા કર્યા. રાજા આગળ વાત ગઈ. પોતાને પતિનો વિયોગ પડ્યો માટે સતી થવાની ગોઠવણ કરી આપવા રત્નમંજરીએ કહ્યું. તે ચિતા પર ચડતી હતી ત્યાં તો વિક્રમ આવી પહોંચ્યો. બંને મળ્યાં. વિક્રમે રાજાને પોતાની ઓળખાણ આપી. વેશ્યાને શિક્ષા થઈ. એટલામાં કુંવરીને ઉપાડી જનારનું પગેરું કાઢીને ત્રંબાવટીનો રાજા રતનપુર પર ચઢી આવ્યો. પણ કુંવરીને ઉપાડી જનાર બીજો કોઈ નહીં પણ વીર વિક્રમ હોવાનું જાણીને તે રાજી થયો. રતનપુરની કુંવરીને પણ વિક્રમ વર્યો. પછી ત્રંબાવટી જઈને રત્નમંજરીની સાથે વિધિસર વિવાહ કર્યો. ઉજેણી આવી વિક્રમે અભયદંડ દેવદમનીને સોંપ્યો.

**૬. વિષહરદંડની પ્રાપ્તિ** : સાસુ દેવદમની ઘાંચણના કહેવાથી વિક્રમે બ્રાહ્મણ વીરભટને બોલાવીને પાંચ લાખની દક્ષિણા તેની આગળ ધરી. 'રાજપ્રતિગ્રહ મને ન ખપે' કહીને તે ચાલ્યો ગયો. રાત્રે વિક્રમ તેના ઘરની ચર્ચા જોવા ગયો. બે ઘડી રાત વીતતાં બ્રાહ્મણની કુંવરી હાથમાં વિષહરદંડ લઈને બહાર નીસરી. ચૌટામાં પ્રધાનની, વણિકની ને ખત્રીની પુત્રીઓ પણ આવી લાગી. ચારેય જણીઓએ ખાનપાન વગેરે બધી ચીજો સાથે લીધી અને વજન ઉપાડવા તેઓ મજૂરને

શોધવા લાગી. વિક્રમે મજૂરનું રૂપ લીધું. તેમનું પોટકું તેણે માથે ઊંચક્યું. સૌ નગરબહાર ગાંધર્વમસાણમાં હરિસિદ્ધ દેવીના મંદિરે આવ્યાં. પૂજા કરી તરુણીઓએ માતાની પાસે માગણી કરી, 'અમારી સહિયર કુંકુમવતી પાતાળમાં પરણે છે. એ જેને પરણે તેને અમારે પરણવાનું વચન છે. તો પાતાળમાં જવાનો માર્ગ બતાવો.' માતાના કહ્યા પ્રમાણે દંડપ્રહારે ગુફા ખુલ્લી કરીને સૌ તેની અંદર પેઠાં. 'પાછળ એકલા રહેતાં મને બીક લાગે છે', એમ મજૂરરૂપી વિક્રમે કહ્યું, એટલે તેને પણ સાથે લીધો.

એ પાતાળનગરને પાદરે એક સરોવર હતું. દંડ, વસ્ત્ર વગેરે મજૂરને સોંપીને તરુણીઓ નગ્ન થઈ તેમાં નહાવા પડી. વેતાળે એ બધાંનું હરણ કર્યું એટલું જ નહીં, કુંકુમવતીને પરણવા આવેલા વરને પણ તે હરી ગયો. તરુણીઓએ નાહીને વસ્ત્ર માગ્યાં, તો મજૂર કહે, 'એ તો કોઈક લઈ ગયું.' પછી તેમણે કુંકુમવતી પાસેથી વસ્ત્ર મંગાવીને પહેર્યાં અને સૌ મહેલે પહોંચ્યાં. સુંદરરૂપ ધરીને કોઈક પરદેશી તરીકે વિક્રમ જાનીવાસે દેખાયો. જાનવાળાઓએ તેને ભાડૂતી વર તરીકે રાખી લીધો. પાંચેય કન્યાઓને તે વર્યો. કુંવરીઓને તેણે કહ્યું કે, હું તો તમારો મજૂર છું. મને ભાડૂતી વર તરીકે લઈ આવ્યા છે, એટલે હવે મને કાઢી મૂકશે. કન્યાઓને તે રાજા વિક્રમ જ હોવાની શંકા ગઈ. તેઓ તેને પગે પડી. વિક્રમ મૂળ રૂપે પ્રગટ થયો. પરણવા આવેલા વરને વેતાળ પાછો લાવ્યો. તેને કુંકુમવતીની નાની બહેન અપાવી. ઉજ્જેણી આવી વિક્રમે વિષહરદંડ દેવદમનીને સોંપ્યો.

**૭. પ્રતાપદંડની પ્રાપ્તિ :** સાસુ દેવદમનીએ વિક્રમને ઉજ્જેણીના વૃદ્ધ વેપારી ધનશેઠને ત્યાં મોકલ્યો. તે એક સો બાર વરસનો હતો. તેની સત્તર વરસની સ્ત્રી શ્યામકુંવરની સતી તરીકે ખ્યાતિ હતી. તે ભોગવિમુખ અને પતિભક્ત હતી. માત્ર સેવા કરવા જાણીજોઈને વૃદ્ધ પતિને તે વરી હતી. સતીશિરોમણિ ગણાતી. વિક્રમ રાત્રિચર્યા જોવા તેને ઘરે આવ્યો. મધરાતે ખાતર પાડવા શેઠના ઘરમાં એક રૂપાળો, જુવાન ચોર પેઠો. શ્યામકુંવરે પોતાની સાથે ભોગસુખ માણવા એ ચોરની પાસે માંગણી કરી અને દરરોજ આવવા તેમ જ જોઈએ તેટલું ધન લઈ જવા પણ તેને નોતર્યો. તેના ધણીના દેખતાં સંગ કરવામાં ચોરને અધરમ લાગ્યો એટલે શેઠાણીએ શેઠને ગળાટૂંપો દીધો. શેઠાણીનો સંગ કરી, ધન લઈ, બહાર નીકળતા ચોરનું વિક્રમે માથું ઉડાવી દીધું. ચીસ સાંભળી શેઠાણીએ બારણું ખોલીને જોયું. તેણે માન્યું કે ચોકીદારે ચોરને માર્યો એટલે ઘરની અંદર જઈ પતિનું માથું કાપી તેણે બુમરાણ મચાવ્યું કે, 'દોડો, દોડો, શેઠને ચોરે મારી નાખ્યા.' વિક્રમે આ બધું જોયું. સવારે બધું ધન દાનમાં લૂંટાવીને શેઠાણી સતી થવા નીકળી. સૌ તેનાં દર્શને આવ્યાં. જ્યારે પ્રધાન પાસે તેને સતી થવા દેવાની આજ્ઞા લેવા લોકો આવ્યા, ત્યારે વિક્રમ પ્રધાનને સાથે લઈને સ્મશાને ગયો. સતીએ તેમને આશીર્વાદ દીધા. વિક્રમે તેનાં રાતનાં બધાં કરતૂક પોતે જોયાં હોવાની વાત કરી, ધમકાવી અને ઢોંગ છોડીને ઘરે પાછા ફરવા કહ્યું. શેઠાણીએ એવું તો ઘેર ઘેર હોવાનું, સ્ત્રીનો અંત ન લેવાનું અને જો વધુ જાણવું હોય તો કોચી કંદોયણને ત્યાં જઈ જાણી આવવા કહ્યું. વિક્રમે તેનું માન્યું. શેઠાણી સતી થઈ.

**૮. સ્ત્રીચરિત્ર :** પછી અદૃષ્ટ વિદ્યાર્થી વિક્રમ કોચીને ત્યાં ગયો. વિદ્યાપ્રભાવે કોચી કંદોયણ તે કોણ હતો અને શા માટે આવ્યો છે તે જાણી ગઈ. તેની પાસે ત્રણ લોકને જીતવાના પ્રભાવવાળો પ્રતાપદંડ હતો. શેઠાણીએ કહેલું કે, સૌ સ્ત્રી સરખી હોય છે, તો તેનું પારખું બતાવવા વિક્રમે કોચીને કહ્યું. એટલામાં કોચીને ત્યાં પ્રધાન આવ્યો. વિક્રમને કોચીએ પેટીમાં સંતાડ્યો.

વિક્રમની રાણી પ્રધાનના પ્રેમમાં હતી. તેને મળવા આડી રહેલી ચોકીને વટાવીને કેમ જવું તેનો ઉપાય પૂછવા પ્રધાન કોચી પાસે આવેલો. વિક્રમવાળી પેટી પર તેને બેસાડી કોચીએ તેને પ્રતાપદંડ સોંપ્યો. દંડપ્રહારે પેટી રાજમહેલમાં પહોંચી. રાણીની સાથે પ્રધાને રાત ગાળી. રોજ આવવાનું રાણીનું નોતરું સ્વીકારી પ્રધાન સવારે કોચીને ત્યાં પેટીની સાથે પાછો આવ્યો અને પછી પોતાને ઘેર ગયો. વિક્રમનો સંદેહ ભાંગ્યો.

**ઉપસંહાર :** પછી વિક્રમે માગણી કરી એટલે કોચીએ તેને પ્રતાપદંડ આપ્યો. વિક્રમ તે દંડ લઈને દેવદમનીની પાસે આવ્યો. દંડપ્રહારે તેણે પેલી રસ્તા વચ્ચે ખડી કરેલી અભેદ્ય ભીંતો તોડી. પછી દંડપ્રભાવે વિક્રમે સૌને જીત્યા.

આની ઇંદ્રને જાણ થતાં તેણે હીરામાણેકથી મઢેલું, બત્રીસ પૂતળીવાળું સોનાનું અદ્ભુત સિંહાસન વિક્રમને ભેટ મોકલ્યું. વિક્રમે તેના પર પોતે પ્રાપ્ત કરેલા પાંચેય અદ્ભુત દંડો જડીને તેના પર રાજછત્રનું નિર્માણ કર્યું. ત્યારથી તે એ દૈવી સિંહાસન ઉપર બેસીને બધું રાજકાજ કરતો.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે. આ કથા ભોજરાજાને કહીને હંસા-પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી–૨'** પાંચમી કથા]

**ચમત્કારી પાનબીડાં (=પાનનીવાર્તા) (સિંહાસન-બત્રીસી–૨,** એકવીશમી કથા) : ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી કર્પૂરગૌરા નામની એકવીસમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. ચમત્કારી પાનબીડાં :** એક વાર રાજસભા ભરી બેઠેલા વિક્રમરાજા પાસે કોઈક તંબોળી છાબભરીને નાગરવેલનાં પાનબીડાં ભેટ લાવ્યો. સૌને વહેંચીને વિક્રમ છેલ્લું બીડું પોતાના મોંમાં મૂકવા ગયો ત્યાં, "રખે એ બીડું ખાતાં." એવા ગેબી શબ્દ સંભળાયા. 'કોણુ બોલ્યું?' એમ પૂછતાં કોઈનો જવાબ ન મળ્યો. બીજી વાર પણ એમ જ બન્યું. તંબોળીને પૂછતાં તેણે જણાવ્યું કે બાર યોજન દૂર આવેલી તેની વાડીમાં આપોઆપ ઊગી ઊઝરેલી નાગરવેલનાં સરસ પાનની પહેલી ભેટ તે રાજાને આપવા આવ્યો હતો. ઝેરી હોવાની બીકે કોઈ સભાજને એ પાન ન ખાધાં અને છાબમાં પાછાં નાખ્યાં. ભેટ મળવાની આશાએ આવેલા તંબોળીને નિરાશ થઈ પાછો ફરતો જોઈ ને વિક્રમ સાહસ કરીને છાબમાંનાં બધાં પાન એક પછી એક ખાઈ ગયો. પરિણામે તેની કાયા કંચન જેવી થઈ ગઈ અને ત્રિલોકમોહન રૂપ થઈ ગયું.

**૨. પ્રશ્નો પૂછતી ચાર કુંવરીઓ :** આથી સૌ સભાજનોને બીડું ખાવાનો લોભ થયો. તંબોળીને બીજાં પાન લાવવા વાડીએ મોકલ્યો. પાછા આવીને તેણે કહ્યું કે એ નાગરવેલ તો સુકાઈ ગઈ. વિક્રમે એવાં પાન લાવી સભાજનોને ખવરાવવા પ્રતિજ્ઞા કરી અને તેની તપાસમાં એ વાડીએ જવા નીકળ્યો. રસ્તામાં આવેલા અઘોર વનમાં તેને એક ધ્રુજતો માણસ મળ્યો. તેણે વિક્રમને આગળ જતાં વાર્યો. કહ્યું કે, આગળ જતાં જે ગામ આવે છે ત્યાંના ચોકીદાર જે વટેમાર્ગુ પોતે નામર્દ હોવાનું કહે છે તેને જવા દે છે, પણ જે પોતે મર્દ હોવાનું કહે છે તેને ગામના રાજાની, પ્રધાનની, રાજાના સાળાની અને શેઠની પુત્રીઓ પાસે લઈ જઈને ખડો કરે છે. કુંવરીઓ તેને જે પ્રશ્નો પૂછે તેના સાચા જવાબ આપનારની તેઓ દાસી બને, પણ પ્રશ્નના સાચા જવાબ જેને ન આવડે તેની દુર્દશા કરીને તેના પ્રાણ લે. વિક્રમે એ પ્રવાસીને સમજાવીને પરાણે પોતાની સાથે લીધો. તેણે કહેલા ગામમાં પહોંચી વિક્રમ પેલી કુંવરીઓ પાસે ગયો અને તેમને પ્રશ્નો પૂછવા કહ્યું.

**૩. શેઠપુત્રીએ પૂછેલી સમસ્યા :** "બધી સ્ત્રીઓ કાને અકોટો, છાતીએ હાર, હાથે ચૂડો અને પગે નૂપુર એ નર-જાતિનાં નામવાળાં આભૂષણ પહેરે છે તેનું રહસ્ય શું ?" ઉત્તરમાં વિક્રમે આ કથા કહી : ચાર ઋષિપુત્રો નદીમાં સ્નાન કરતા હતા ત્યારે ત્યાં વિમાનમાંથી એક અપ્સરા ઊતરી અને સ્નાન કરીને વિમાનમાં બેસી ચાલી ગઈ. તેનાથી મુગ્ધ થયેલા ઋષિપુત્રોએ તપ કરીને શિવની પાસેથી વરદાન મેળવ્યું કે તેઓ જડ આભૂષણનું રૂપ ધરશે. જે ઋષિપુત્ર અપ્સરાના મુખ પર મોહ્યો તે અકોટો, છાતી પર મોહ્યો તે હાર, હાથ પર મોહ્યો તે ચૂડો અને નગ્ન અંગ પર મોહ્યો તે નૂપુર બનશે અને તે તે સ્થાન નિત્ય ભોગવશે.

**૪. ક્ષત્રિયપુત્રીએ પૂછેલી સમસ્યા :** તે પછી ક્ષત્રિય-પુત્રીએ ચાર સમસ્યા પૂછી : (૧) એકસરખા છેડાવાળા વેલણની ટોચ કઈ અને થડ કયું ? (૨) બે એકસરખી સ્ત્રીવેશધારી "બાળા"ઓમાં છોકરો કયો અને છોકરી કઈ ? (૩) બે એકસરખી ઘોડીઓમાંથી મા કઈ અને વછેરી કઈ ? (૪) ચોથી સમસ્યા તરીકે ક્ષત્રિયપુત્રીએ, જે પતિનો એક રાત સંગ પામી છે અને જેનો પતિ સંગ કર્યા વિના જ પ્રવાસે ચાલ્યો ગયો છે એવી બે નવપરિણીતાને વિક્રમ પાસે ઊભા કરીને તેમની વચ્ચે ભેદ કરી બતાવવા વિક્રમને કહ્યું. વિક્રમે પહેલી ત્રણ સમસ્યાના ઉચિત ઉત્તરો આપી ચોથી સમસ્યાના ઉત્તરરૂપે એક કથા કહી :

**૪. ચોથી સમસ્યાના ઉત્તરરૂપ કથા :** પરણીને સ્ત્રીનો સંગ કર્યા વિના એક બ્રાહ્મણપુત્ર વિદ્યાધ્યયન કરવા પરદેશ ગયો. પત્ની તેને પિયર રહી. તેનો પ્રધાનપિતા મરણ પામતાં રાજાએ પુત્રીને પ્રધાનપદું આપ્યું. તેની બાર વરસે વિદ્યા ભણીને બ્રાહ્મણપુત્ર પાછો ફર્યો. રસ્તામાં તેના સસરાનું ગામ આવ્યું. પ્રધાનપદું કરતી પત્ની શુદ્ધ રહી હશે કે કેમ તેની કસોટી કરવાનું તેણે વિચાર્યું. તેણે ગણિકાને સો રૂપિયા આપવાના ઠરાવી તેને ત્યાં એક રાત ગાળી. સવારે સોને બદલે તેને પચાસ રૂપિયા આપ્યા. ગણિકાએ પ્રધાનપુત્રી આગળ ફરિયાદ કરી. બ્રાહ્મણે કહ્યું કે, રાત્રે અમે બંનેએ અરધું અરધું સુખ ભોગવ્યું માટે મારે ઠરાવ્યાથી અરધું જ આપવાનું રહે. પ્રધાન-પુત્રીએ કહ્યું કે, મને આ વાતનો અનુભવ નથી. જેને અનુભવ હોય તે ન્યાય ચૂકવે.

આટલું કહી વિક્રમે પેલી બે સ્ત્રીઓને પૂછતાં એક બ્રાહ્મણપુત્રને સાચો અને ગણિકાને જૂઠી કહી. એ સ્ત્રીને પુરુષસંગનો અનુભવ હોવાનું વિક્રમે જણાવ્યું.

**૬. પ્રધાનપુત્રીએ પૂછેલી સમસ્યા :** એ પછી પ્રધાન-પુત્રીએ ચાર પ્રશ્ન પૂછ્યા : (૧) શિવનું લિંગ કેમ પુજાય છે ? (૨) વિષ્ણુ શાલિગ્રામરૂપે કેમ પુજાય છે ? (૩) બ્રહ્માની મૂર્તિપૂજા કેમ નથી થતી ? (૪) ગાયનું પુચ્છ કેમ પૂજ્ય

ગણાય છે ? વિક્રમે ઉત્તરમાં અનુક્રમે (૧) લિંગપૂજાની ઉત્પત્તિની, (૨) શાલિગ્રામપૂજાની ઉત્પત્તિની, (૩) બ્રહ્મા બ્રાહ્મણસ્વરૂપે પૂજાવાની અને (૪) દશરથશ્રાદ્ધની પૌરાણિક કથાઓ કહી સંભળાવી.

**૭. રાજપુત્રીએ પૂછેલી સમસ્યા** : એ પછી રાજકુંવરીએ વિવિધ સમસ્યાઓ પૂછી. તેના વિક્રમે ઉચિત ઉત્તર આપ્યા. વિક્રમની જીત થતાં પોતે પથિકને ખાતર આવેલો હોઈને તેને વરવાનું કુંવરીઓને તેણે કહ્યું. કુંવરીઓ વિક્રમને ઓળખી ગઈ. વિક્રમે એએક દિવસ તેનું નામ પ્રગટ ન કરવા જણાવ્યું.

**૮. વિક્રમે નાગરવેલને નવપલ્લવિત કરી** : પથિકને સાથે લઈ વિક્રમ વાડીએ પહોંચ્યો. સ્વપ્નમાં આવી હરિસિદ્ધ માતાએ કહ્યું, "વાઘે નાગરવેલને કરડી તેથી તેના ઝેરે તે કરમાઈ ગઈ. વાઘણના દૂધે સીંચવાથી તે નવપલ્લવિત થશે." વિક્રમ વાઘની ગુફામાં ગયો. દૂધથી પાંચગણું પોતાનું લોહી આપીને તે વાઘણનું દૂધ લઈ આવ્યો અને તેનાથી વેલ સીંચી. નવપલ્લવિત બનેલી વેલનાં પાન લઈને તે પેલી કુંવરીઓ પાસે આવ્યો. ઘરડા પથિકને પાન ખવરાવી રૂપાળો જુવાન બનાવી દીધો. ચારેય કન્યાનું તેણે પાણિગ્રહણ કર્યું. પછી વિદાય લેતા વિક્રમને ચારેય કુંવરીઓએ ત્રણત્રણ સમસ્યા પૂછી. વિક્રમે તેના ઉત્તર આપ્યા. પછી ઉજ્જેણીમાં આવીને સૌ સભાજનોને પાન વહેંચ્યાં. કથા સમાપ્ત કરતાં પૂતળીએ કહ્યું : 'આવો મહિમા જેનો હોય તેને આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે'.

આ કથા ભોજરાજાને કહીને કર્પૂરગૌરા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી–૨'**, એકવીશમી કથા]

**ચંડપ્રદ્યોત** : જુઓ **અભયકુમાર મંત્રી** ઘટક–૧૩

**ચંદન અને મલયાગિરી–૧ ( = વિભક્ત કુટુંબ અથવા વિયુક્ત કુટુંબ)** : કુસુમપુરમાં ચંદન નામે રાજા હતો. મલયાગિરી નામે એની પટ્ટરાણી હતી. તેમને બે પુત્રો હતા : (૧) સાયર અને, (૨) નીર.

૧. એક સમયે રાજા પલંગ પર પોઢયો હતો, તે વેળા કુળદેવીએ તેના સ્વપ્નમાં આવી જણાવ્યું, "તારા પર આફતઆવનારી છે. તને તારી રાણી અને બે પુત્રોથી વિયોગ થશે. જો તું અહીં રહેશે તો તારા પર અનેક આપદા આવશે." તે સાંભળી રાજા ભયભીત થઈ ગયો અને આપદાઓમાંથી ઉગારવાની કુળદેવીને અરજ કરી. કુળદેવીએ કહ્યું : "એમાં મારું કશું ન ચાલે. સૌએ પોતાનાં પૂર્વકર્મનું ફળ ભોગવવું જ પડે". તેણે રાજાને રાજ્ય છોડી ચાલ્યા જવાની સલાહ આપી.

ચંદન રાજા ઊઠયો. મલયાગિરીને જગાડીને બનેલો વૃત્તાંત જણાવ્યો. રાજ્ય છોડવાનું નક્કી કર્યું. પછી બંને પુત્રો સાથે તેઓ પરદેશે ચાલી નીકળ્યાં. ચાલતાં ચાલતાં તેઓ કનકપુર આવી પહોંચ્યાં. ત્યાંના સબલશાહને મળી ચંદને પોતાને સેવાચાકરીએ રાખવા વિનંતી કરી. રાજાએ તેમને રાખી લીધાં.

૨. એક દિવસ ત્યાં એક સોદાગર પોતાના મોટા કાફલા સાથે આવી પહોંચ્યો. કનકપુર નગર બહાર સપાટ ભૂમિ જોઈને તેણે ત્યાં પડાવ નાખ્યો. અનેક તંબુઓ તાણવામાં આવ્યા. જંગલમાંથી બળતણનાં લાકડાં લાવી કાફલાને વેચવા માટે મલયાગિરી ચંદનને કહી લાકડાની ભારી લઈ આવી, અને પડાવ પાસે જઈ લાકડાં જોઈએ તો લેવા બૂમ પાડી. સોદાગરે સેવકોને ભારાવાળીને બોલાવી લાવવા કહ્યું. મલયાગિરી ભારી લઈને સોદાગરની પાસે આવી. તેના રૂપથી મુગ્ધ બનીને સોદાગરે તેના વિશે પૂછપરછ કરવા માંડી. 'ભાગ્યમાં હોય તે સુખદુઃખ ભોગવવું પડે,' એવું કહી, પોતે કઠિયારી હોઈ લાકડાંનો ભારો વેચવા આવી છે એમ મલયાગિરીએ કહ્યું. સોદાગરે પ્રેમાલાપ કરવાની ચેષ્ટા કરી. પણ મલયાગિરીએ પોતે પતિનિષ્ઠ હોવાનું જણાવી જલદી દામ ચૂકવવા કહ્યું. સોદાગરે બમણા દામ આપવાનું અને દરરોજ એક ભારી આપી જવાનું કહ્યું.

આ પ્રમાણે મલયાગિરી દરરોજ એક ભારી લાવતી અને સોદાગર બમણું મૂલ્ય આપી તે ખરીદી લેતો. આ પછી એક દિવસ સોદાગરે પોતાના કાફલાને અગાઉથી આગળ રવાના કરી દીધો. પોતે એકલો જ પાછળ રહ્યો. જેવી મલયાગિરી ભારી લઈને આવી તેવો જ તે રથ લઈને એની સમીપ આવી પહોંચ્યો. મલયાગિરીને ઉપાડી રથમાં ઘાલીને તે ત્યાંથી ભાગી નીકળ્યો. મલયાગિરીએ બૂમાબૂમ કરી પણ સોદાગરે તેને બળજબરીથી પકડી રાખી, ઝડપથી રથ હંકારી તે પોતાના કાફલામાં આવી પહોંચ્યો. કાફલો આગળ વધ્યો. મલયાગિરીએ અનેક પ્રકારે વિલાપ કર્યો. તેની ભૂખતરસ પણ મરી ગઈ. શરીર સુકાઈને હાડપિંજર બની ગયું. સોદાગરે સમજાવી, પણ તે તેને વશ ન થઈ.

૩. મલયાગિરી સાંજે ઘેર ન આવતાં ચંદનને ચિંતા થઈ. ગાય ચરાવીને પુત્રો સાયર અને નીર પણ આવી ગયા. ચંદને આખી નગરીમાં મલયાગિરીની શોધ કરી પણ મળી નહીં. તે વિલાપ કરવા લાગ્યો. બીજે દિવસે સવારે પુત્રોને

લઈ તે ફરી આખી નગરીમાં ફરી વળ્યો. તેઓ જંગલમાં તપાસ કરવા ગયા. રસ્તામાં નદી આવી. એક પુત્રને ઝાડ સાથે બાંધી; બીજાને લઈ તેણે નદી પાર કરી એ પુત્રને ત્યાં બાંધી, પહેલાને લેવા તે પાછો ફરીને નદીમાં પેઠો, પણ પ્રવાહમાં તણાવા લાગ્યો. નસીબસંજોગે એના હાથમાં એક પાટિયું આવી ગયું, એટલે તેની સહાયથી તે તરતોતરતો એક નગરીના કિનારે આવી પહોંચ્યો. પછી તે એક ઘર પાસે આવીને બેઠો. ઘરની ધણિયાણી ચંદનના રૂપથી મોહ પામી. એને પોતાના ઘરમાં બોલાવી આગતા-સ્વાગતા કરી ભોજન આપ્યું. ચંદનને મલયાગિરી યાદ આવે. તે સ્ત્રીએ ચંદનને ત્યાં જ રહી પોતાની સાથે ભોગ ભોગવવા કહ્યું. પણ ચંદને તેનો ઇન્કાર કરી ત્યાંથી પોતાની નગરી તરફ ચાલી નીકળ્યો. માર્ગમાં સારા શુકન થયા એટલે તેણે વિચાર્યું કે, હવે આપદા ટળશે અને ફરી રાજ્ય પ્રાપ્તિ થશે.

ચંદન ચંપાનગરીની ભાગોળે આવી પહોંચ્યો. તે વેળા નવા રાજાની શોધમાં છત્ર, ચામર વગેરે પંચદ્રવ્ય સાથે નીકળેલા હાથીએ એના પર કળશ ઢોળ્યો. ચંદન ચંપાનગરીનો રાજા બન્યો.

નદી કિનારે બંધાઈ રહેલા સાયર અને નીરને ત્યાંથી પસાર થઈ રહેલા એક સાર્થવાહે જોયા. તેણે બંનેને છોડી પોતાની સાથે લીધા અને પુત્રો તરીકે ઉછેર્યા. બાર વર્ષના થયા ત્યારે બધી વિદ્યા ભણી તેઓ ચંપાનગરી આવી પહોંચ્યા અને ત્યાં કોટવાલની નોકરીમાં રહ્યા.

પોતાનું શીલ સાચવી રાખતી મલયાગિરિને લઈને એક દિવસ સોદાગર ચંપાનગરી આવી પહોંચ્યો. ભેટસોગાદ લઈને રાજાને મળ્યો, અને રાત્રિ દરમિયાન પોતાના માલસામાનની ચોકી માટે રખેવાળ આપવા વિનંતી કરી. રાજાના આદેશથી કોટવાલે સાયર અને નીરને રખેવાળ તરીકે આપ્યા.

બંને ભાઈઓ ચોકી કરતા રાત્રે ઊંઘ નિવારવા માટે તેઓ પરસ્પર કથાવાર્તા કહેતા, અને તે પોતાની જ વીતકકથા હતી. ત્યાં રહેલી મલયાગિરિએ આ કથા સાંભળી. એટલે તે પોતાના પુત્રોને ઓળખી ગઈ. આમ, માતા અને પુત્રોનું પુનર્મિલન થયું. પછી પુત્રોએ રાજા પાસે જઈને સોદાગરને બોલાવી પોતાને ન્યાય આપવાની વિનંતી કરી- સોદાગરે પણ એ વાત જાણી.

બીજે દિવસે મલયાગિરિને લઈને સોદાગર રાજા પાસે ગયો અને બનાવટી વાત કરી કે, આ સ્ત્રી એકલી વનમાંથી એને મળી આવી છે. તેની સોંપણી કરવા જ તે આવ્યો છે. રાણીને જોઈ ચંદન રાજા હર્ષ પામ્યો. એટલામાં સાયર અને નીર પણ આવી પહોંચ્યા. તેમણે સોદાગરને પોતાની માતાના ચોર તરીકે ઓળખાવ્યો. ચંદને સોદાગરને માફી આપી.

આમ, અંતે રાજા, રાણી અને પુત્રોનો બાર વર્ષ પછી મેળાપ થયો. રાજાએ ઉત્સવ કર્યો. સોદાગર પછી રાજાને પ્રણામ કરી ચાલ્યો ગયો.

[આધાર : '**ચંદન-મલયાગિરી-ચોપાઈ**']

**ચંદન અને મલયાગિરી–૨ (વિભક્તકુટુંબ અથવા વિયુક્ત કુટુંબ) (વેતાલપચીસી–૨,** આઠમી કથા) **:** ચંદનાવતી નગરીમાં ચંદનસેન રાજા હતો. મલયાગિરી તેની રાણી હતી. સાયર અને નીર તેમના બે કુંવર હતા. એક સમયે રાજા રાણી સાથે સૂતો હતો તે વેળાએ તેણે ગેબી અવાજ સાંભળ્યો : 'પડું છું, પડું છું.' રાજાએ નીડરપણે ઉત્તર આપ્યો : 'પડ'. આ પછી પ્રભાતે જ્યોતિષીઓને બોલાવી આ અંગે પૂછતાં એમણે કહ્યું :' તમારી ઉપર આપત્તિ પડવાની છે. માઠી દશા આવવાનો આ સંકેત છે.'

આ ઘટના બન્યા પછી થોડા સમયમાં પડોશના દેશના રાજા પુંડરીકે ચંદનાવતી ઉપર ચઢાઈ કરી, તેમાં ચંદનસેન હાર્યો' અને પોતાની રાણી અને બે પુત્રોને લઈ તે વનમાં નાસી ગયો.

ભૂખ્યાંતરસ્યાં વનમાં ભમતાં તેઓ એક નદી પાસે આવ્યાં. ચંદનસેને બે પુત્રોને આ કિનારે રાખી મલયાગીરીને સામે કિનારે મૂકી. પુત્રોને લેવા તે પાછો આવતો હતો ત્યારે નદીની વચમાં મગર તેને પકડીને ગળી ગયો. મલયાગિરી અને સાયર–નીર સામસામે કાંઠે રહી ગયાં.

રાહ જોતી રહેલી નિરાધાર મલયાગિરિને ત્યાંથી પસાર થતો એક વણજારો ધરમની બહેન માનીને પોતાને ઘેર લઈ ગયો

આ કિનારે રાહ જોઈને બેઠેલા સાયર અને નીર, ત્યાં એક વાઘ આવતાં નાસી ગયા. પછી ટાઢ–તડકો વેઠતા, ભટકતા તેઓ એક વડ હેઠળ વિસામો લઈ રહ્યા. નીરને તરસ લાગતાં, સાયર નીરને મૂકી પાણી લેવા નીકળ્યો. આરામ લેવા સૂતેલા નીરને સાપ કરડ્યો ને મૃત્યુ પામ્યો. પાણી લઈને પાછો આવેલો સાયર નીરને મૃત્યુ પામેલો જોઈને ઘણો દુઃખી થયો. શબને વૃક્ષ પર બાંધીને ચિતાનાં લાકડાં મેળવવા તે પાસેના નગરમાં પહોંચ્યો. એક શાહુકારને ત્યાં પોતાની રત્નજડિત પહોંચી ગીરવી મૂકી, સુખડનાં લાકડાં ખરીદી, તેને

ગાડામાં મૂકી ને નીરને અગ્નિદાહ દેવા ફરી પાછો વનમાં પેલા વડ હેઠળ આવવા નીકળ્યો.

તે વડ પર ગરુડ પક્ષીનો માળો હતો. ત્યાં આવી પહોંચેલા ગરુડે નીરનું શબ જોયું. તેને દયા આવતાં જીભમાંથી અમૃત કાઢી નીરના દેહ પર છાંટી તેને સજીવન કર્યો. નીરે ગરુડને પોતાની બધી આપવીતી કહી. એટલે એણે નીરને રક્તપિત્તનો રોગ મટાડે એવી ઔષધિ અને અંધજનને દૃષ્ટિ આપે એવું અંજન ભેટ આપ્યાં. આ બે વસ્તુઓ લઈ નીર સાયરને શોધવા વનમાં ભટકવા લાગ્યો.

લાકડાનું ગાડું લઈને સાયર વૃક્ષ તળે આવી પહોંચ્યો, પણ વૃક્ષ પર શબ ન જોતાં દુઃખી થયો. નગરમાં પાછો આવી તેણે શાહુકાર પાસેથી પહોંચી પાછી માગી. ખોટી દાનતવાળા શાહુકારે એને પોતાને ઘેર લઈ જઈ જમાડયો. રાતે તે સૂતો હતો તે વખતે 'ચોર, ચોર' એમ બૂમ પાડીને એને ચોર ઠરાવીને બાંધ્યો. પછી તે એને વજીર સમીપ લઈ ગયો. વજીરને ધન આપીને તેણે ફોડયો અને સાયરને શિરચ્છેદની સજા ફરમાવી. શૂળીએ ચઢાવવા લઈ જતા ચાંડાલને સાયર પર દયા આવી. એક વહાણવટી વિદેશ જતો હતો તેની સાથે તેણે તેને રવાના કર્યો. હરણાને મારી ચાંડાલે તેની આંખો કાઢી લઈને તે સાયરનો વધ કર્યાની સાબિતી લેખે વજીરને બતાવી.

જે મગર ચંદનસેનને ગળી ગયો હતો તે એક માછીની જાળમાં પકડાયો. તેને ચીરતાં તેના પેટમાંથી ચંદન નીકળ્યો. માછીમારે તેને પોતાને ત્યાં નોકર તરીકે રાખ્યો. નીર ફરતો ફરતો પાસેના નગરમાં પહોંચ્યો. રક્તપિત્તના રોગનો ભોગ બનેલા ત્યાંના અપુત્ર રાજાએ રાજત્યાગ કરવાનું નક્કી કર્યું હતું. ઉત્તરાધિકારી શોધવા સૂંઢમાં કળશ સાથે નગરમાં ફરતી હાથણીએ નીરને જોઈ તેના પર કળશ ઢોળ્યો. પછી નીરે ચમત્કારી ઔષધિ લગાડીને રાજાનો રોગ મટાડયો. રાજાએ નીર સાથે પોતાની કુંવરીને પરણાવીને તેનો રાજ્યાભિષેક કર્યો.

સાયર જે વહાણવટી સાથે પ્રવાસે ગયો હતો, તેનાં વહાણ એક નગરમાં પહોંચ્યાં. ત્યાં વહાણવટી પોતાનો માલ વેચી રાજાને મળવા ગયો. તે સમયે રાજાએ પોતાની પાસેના બે તોફાની ઘોડાની વાત કરી. કોઈ તેના પર સવારી કરી શકતું ન હતું. તે વાત સાથે આવેલા સાયરે સાંભળી. તેણે ઘોડા પર સવારી કરી તેમને વશ કર્યા. રાજાએ તેને પોતાની કુંવરી પરણાવીને ઘણો દાયજો આપ્યો. એક માસના અંતે સસરાની રજા લઈ સાયર, રાજકુમારીને સાથે લઈ વહાણવટીની સંગાથે પોતાને નગરે પાછો જવા નીકળ્યો. સુંદરી અને સમૃદ્ધિ જોઈ વહાણવટીની દાનત બગડી. સાયર ઊંઘી ગયો હતો ત્યારે લાગ જોઈને તેણે તેને સમુદ્રમાં નાખી દીધો. ભાગ્યસંજોગે સાયરના હાથમાં એક પાટિયું આવી ગયું અને તે તરતો-તરતો એક નગરના કિનારે પહોંચ્યો. નીર ત્યાં રાજ્ય કરતો હતો. સાયર વહાણવટીની સામે ફરિયાદ કરવા રાજા પાસે ગયો. સાયર અને નીરે એકબીજાને ઓળખી કાઢયા. બંનેએ પોતપોતાની વીતકકથા વર્ણવી.

થોડા સમય બાદ પેલું વહાણ કિનારે આવી પહોંચ્યું. રાજાએ નીરની સૂચનાથી વહાણવટીને પકડી, રાજકુંવરી અને દાયજો પાછો મેળવી, વહાણવટીનો બધો માલ જપ્ત કરી તેને જીવતો જવા દીધો. સાયર અને નીર સુખે રહેવા લાગ્યા

વણજારા સાથે ફરતીફરતી મલયાગિરી સંજોગવશાત્ સાયર અને નીર જ્યાં હતા તે જ નગરમાં આવી ચઢી. વણજારો રાજાને મળવા ગયો ત્યારે તેણે નદીકાંઠેથી મળી આવેલી નિરાધાર મલયાગિરીની વીતકકથા કહી અને તેને પોતે ધરમની બહેન કરી રાખી હોવાનું કહ્યું. તે સાંભળી તેને ભેટોથી નવાજીને સાયર–નીર પોતાની માતાને મહેલે તેડી લાવ્યા. આમ, પુત્રો અને માતાનું પુનર્મિલન થયું.

હવે ચંદનસેનને શોધવા એક પત્રમાં 'કહાં ચંદન મલયાગીરી, કહાં સાયર કહાં નીર' એવો દોહરાનો પૂર્વાર્ધ લખીને તે પત્ર એક ગોરના હાથમાં આપી તેને ગામેગામ ફરવા મોકલ્યો; અને તે અધૂરો દોહરો જો કોઈ પૂરો કરે તો પાછા આવીને જણાવવા તેને કહ્યું. ગોર ઘણી રખડપટ્ટી કરી એક ગામમાં પહોંચ્યો. ત્યાં શિવદહેરે બેઠેલા એક જટા અને ભભૂતધારી બાવાએ ચોધાર આંસુ સારતી આંખે, 'જયમ જયમ પડે વિપત્તડી, ત્યમ ત્યમ સહે શરીર' એમ લખી દઈને પેલો દોહરો પૂરો કરી આપ્યો. ગોરે આવી સાયર અને નીરને એ વાતની જાણ કરી. સાયર–નીર એ ગામ પહોંચ્યા. બાવાને પોતાના પિતા તરીકે ઓળખી વાજતેગાજતે તેને પોતાના નગરમાં તેડી લાવ્યા. પછી સેના લઈને ચંદનાવતી ઉપર આક્રમણ કરી, પુંડરીક રાજાને હરાવી ચંદનસેને પોતાનું રાજ્ય પાછું મેળવ્યું. સૌ સુખે રહેવા લાગ્યાં. એક રાત્રે શયન-ગૃહમાં એકલા જાગતા પડેલા ચંદનસેને ફરી પાછો 'પડું છું', પડું છું,' એવો ગેબી શબ્દ સાંભળ્યો. તેણે પ્રતિસાદ દીધો, 'પડવું હોય એટલું પડ, કશું બાકી ન રાખીશ', એટલે રત્નોનો ઢગલો પડયો અને તે સાથે પદ્મિની જેવી એક કન્યા પ્રગટ થઈ. તે પછી ફરી ચંદનસેને ગેબી વાણી સાંભળી : 'તમે પિતા અને બંને પુત્રોમાંથી જેણે સૌથી વધુ દુઃખ સહન કર્યું હોય તે આ કન્યાને પરણજો.' સવારે સૌ જાગ્યાં ત્યારે

આ વાત જાણી. પછી કોણે વધુ દુઃખ વેઠ્યું તે નક્કી કરી તેની સાથે પેલી કન્યાને પરણાવી.

આટલી કથા કહી સિદ્ધવડ પરથી ઉતારેલ શબને પીઠે બાંધી મૂંગા મૂંગા લઈ જતા વિક્રમને શબમાં ભરાયેલા વેતાલે તેનો મૌનભંગ કરવા પ્રશ્ન પૂછ્યો : 'કહે રાજા, ચંદનસેન, સાયર અને નીરમાંથી કોણે વધારે દુઃખ ભોગવ્યું હશે ? કન્યા કોને પરણાવવામાં આવી હશે ? તું જાણતો હોય અને બોલીશ નહીં તો તને બ્રહ્મહત્યા જેવાં મોટાં પાતક લાગશે.' રાજાએ ઉત્તર દીધો : 'કન્યા નીરને પરણાવી હશે કેમકે તેને વધસ્થાનેથી બચ્યા પછી ઘણાં વરસ બીજાની સેવાચાકરી કરવી પડી. 'શાબાશ, સત્યવાદી' ! કહી શબ ઊડીને ફરી સિદ્ધવડ પર લટકી ગયું.

[આધાર : '**વેતાલપચીસી–૨**' આઠમી કથા]

**ચંદરવાનું પોટલું** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડા-બહોંતેરી**, ચોસઠમી કથા) : એક ગામમાં મેઘો મોચી તેના એક ઓરડાના એકઢાળિયા ઘરમાં રહેતો હતો. એક વાર મોચી બહાર ગયેલો, ત્યારે એક વાણિયો પગરખાં સીવવા આપેલાં તે લેવા આવ્યો. વાણિયો કુંવારો, લંપટ અને પ્રપંચી હતો. મેઘાની રૂપાળી વહુ સાથે તે વાત કરતો બેઠો. મોચણ પણ તેની સાથે ચેનચાળા કરતી વાતે વળગી. પછી તો વારંવાર વાણિયો મોચીને ઘરે આવીને બેઠક કરતો. મોચીને તેની આંખ મોચણ ઉપર હોવાની શંકા આવી. પણ બીજું કશું વાંધાજનક તેની નજરે ચડ્યું નહીં. એક વાર પોતે માનેલી માનતા પૂરી કરવા મોચીએ વાણિયા પાસેથી કરજ લઈને નાતને જમાડી. પછી મોચણને તેણે કહ્યું : 'હું પીરને મલીદો ચડાવવા જઉં છું. કાલે સવારે આવીશ. દરમિયાનમાં તું મુખીને ત્યાંથી કનાત બાંધવા લાવેલો ચંદરવો એને ઘેર પહોંચાડી આવજે. મારી ગેરહાજરીમાં તેં જો કોઈ પારકા પુરુષને ઘરમાં ઘાલ્યો છે તો ધ્યાન રાખજે. હું તારું માથું વાઢીશ.' મોચણે પણ સામો પડકારો કરીને કહ્યું : 'મારા જેવી સતી ઉપર જે લંપટ હોય તે જ આળ ચડાવે'. પછી જેવો મોચી ગયો તેવો જ મોચણે વાણિયાને રાતે આવવા કહ્યું. વાણિયાને પકડાઈ જતાં બદનામ થવાનો અને દંડાવાનો ડર લાગ્યો, પણ મોચણે તેને કહ્યું : 'તને ઊની આંચ આવવા નહીં દઉં'. એટલે તે ડરતો ડરતો રાતના અંધારામાં ગુપચુપ મોચીને ઘેર આવી પહોંચ્યો. આસપાસના પડોશીઓએ તેને ઘરમાં પેસતો દીઠો. ઘરમાં દીવાનો ઝબકારો થયેલો પણ ભાળ્યો. પડોશીઓ મોચીના બારણાનું ધ્યાન રાખતા બેઠા. કેટલીક વારે મોચી તેનું કામ પત્યું એટલે અણધાર્યો આવી પહોંચ્યો. બહાર એકઠા થયેલા પાડોશીઓએ તેને કહ્યું કે, અમે તારા ઘરમાં કોઈ અજાણ્યા પુરુષને પેસતો જોયો. બહાર ઘુસપુસ સાંભળી મોચણને અને વાણિયાને મોચી આવી પહોંચ્યાની ખબર પડી ગઈ. વાણિયો ખૂબ ગભરાઈ ગયો. પણ મોચણે કશી ચિંતા ન કરવાનું કહી, તેને મુખીના ચંદરવામાં વીંટી પોટલું વાળીને બાજુએ મૂક્યું. પછી દરવાજો ઉઘાડ્યો. અંદર આવી પહોંચેલા મોચીને તેણે રોતાં રોતાં કહ્યું : 'પડોશીઓ મારા પર ખોટું આળ ચડાવી તમને જે કહેતા હતા તે બધું હું સાંભળતી હતી. કશા કારણ વગર મને ઉતારી પાડી.' મોચીએ જોયું કે ઘરમાં બીજું કોઈ ન હતું. તેણે મોચણને ટાઢી પાડી, અને પોતે જમવા બેઠો. મોચણે કહ્યું, 'મુખીનો માણસ આવીને ગાળો આપી ગયો, પણ હું ભારે પોટલું ઊંચકીને મુખીને ત્યાં કઈ રીતે પહોંચાડું. હવે તમે તરત જઈને આપી આવો.' મોચીએ જમતા ઊઠવાની ના કહી અને થાકી ગયો હોવાથી મોચણને જ જેમતેમ કરી પોટલું પહોંચાડી આવવા કહ્યું. એટલે મોચણે પોટલું માથે મૂક્યું અને આઘે જઈ છોડી, તેમાંથી વાણિયાને મુક્ત કરી, ચંદરવો મુખીને ઘરે આપી આવી. મોચીએ મોચણ ઉપર જૂઠું કલંક ચડાવવા માટે પડોશીઓની ધૂળ કાઢી નાખી. પડોશીઓએ મોચીમોચણની માફી માગી.

[આધાર : **સૂડાબહોંતેરી,** ચોસઠમી કથા.]

**ચંદરાજા અને પ્રેમલાલચ્છી : ૧.** આભાપુરી નગરીમાં વીરસેન નામે રાજા હતો. તેને વીરમતી નામે પટરાણી હતી. નગરમાં એક વખત કિંમતી ઘોડાઓ લઈ એક સોદાગર આવ્યો. અનેક પ્રકારના ઘોડા લઈને આવેલા સોદાગરે એ બધા ઘોડા રાજાને વેચી દીધા. એમાંના એક અત્યંત સુંદર ઘોડાએ રાજાને આકર્ષ્યો. એ ઘોડો અવળી તાલીમ પામેલો હોવાનો રાજાને ખ્યાલ ન આવ્યો.

રાજા તેની ઉપર સવાર થઈ મૃગયા કરવા વનમાં ગયો. અનેક પ્રાણીઓનો શિકાર કરતો રાજા એક હરણની પાછળ દૂર નીકળી ગયો. તેની સેના પાછળ રહી ગઈ. વક્રગતિ અશ્વ પણ કાબૂમાં ન રહેતાં રાજા વ્યાકુળ થયો. એક વડવાઈને પકડીને રાજા ઘોડા પરથી ઊતરી ગયો. ઘોડો પણ ઊભો રહી ગયો. રાજાએ તેને છાંયે બાંધ્યો. પાણી પીવા અને સ્નાન કરવા તે વાવમાં ઊતર્યો. નીચે જતાં તેણે પાતાળમાં વિશાળ વન જોયું. ત્યાં કોઈ સ્ત્રીનું રુદન સાંભળીને તેણે તપાસ કરી તો સાધના કરી રહેલા એક જોગીની બાજુમાં બંધનમાં બાંધેલી એક તરુણી રડી રહી હતી. તલવાર ખેંચી રાજાએ આહ્વાન આપતાં જોગી નાસી ગયો. રાજાએ બાળાને બંધનમુક્ત કરી.

તરુણીએ પદ્મપુરીની રાજકુંવરી ચંદ્રાવતી તરીકે પોતાની ઓળખાણ આપીને કહ્યું કે, એક જ્યોતિષીએ આવી ભવિષ્ય ભાખ્યું કે આભાપુરીનો રાજા વીરસેન આ કન્યાનો પતિ થશે. એ સાંભળી મારાં માતપિતાને આનંદ થયો. એક વાર હું જળક્રીડા કરવા ગઈ ત્યારે જોગી મારું અપહરણ કરી પુષ્કરિણીની જાળીમાં ઉતારીને મને આ વનમાં લઈ આવ્યો.

રાજા કુંવરીને લઈ વાવની બહાર આવ્યો. ત્યાં તેને તેની સેનાના માણસો મળ્યા. આભાપુરી પહોંચી વીરસેને પદ્મપુરી દૂત મોકલ્યો અને તેના રાજાને બોલાવ્યો. વીરસેન અને ચંદ્રાવતીનાં લગ્ન થયાં. આ કારણે વીરસેનની આગલી રાણી વીરમતીને દુઃખ થયું. સમય જતાં ચંદ્રાવતીને પુત્ર થયો. તેને ચંદ નામ આપ્યું. ચંદ આઠ વરસનો થયો.

**૨.** એક વાર વસંતઋતુમાં વસંતોત્સવ કરવા રાજા સહકુટુંબ વનમાં ગયો. નિઃસંતાન રહી હોવાથી હતાશ વીરમતી એક આંબા નીચે બેઠી હતી, ત્યાં એક પોપટ આવી ચડ્યો. તે એક વિદ્યાધર પાસે શિક્ષણ પામ્યો હતો. પછીથી વિદ્યાધરે તેને મુક્ત કર્યો હતો. વીરમતીનું દુઃખ જાણી તેણે તેને દુઃખ દૂર કરવાનો ઉપાય બતાવ્યો. તે અનુસાર વનની ઉત્તરે આવેલા ઋષભદેવના દહેરે ચૈત્રી પૂનમે તે વેશ–પરિવર્તન કરીને ગઈ. ઉત્સવમાં નાટક કરીને અપ્સરાઓ ન્હાવા પુષ્કરિણીમાં ગઈ, ત્યારે વીરમતી મુખ્ય અપ્સરાનું નીલાંબર ઉઠાવી લઈને દેવ-મંદિરમાં પ્રવેશી ગઈ અને દ્વાર બંધ કરી દીધાં. અપ્સરાઓએ સ્નાન કરી બહાર આવી, પોતપોતાનાં વસ્ત્રો ઓળખી પહેરી લીધાં. મુખ્ય અપ્સરાનું વસ્ત્ર હાથ ન લાગ્યું. દહેરું બંધ થયેલું જોઈ ચોર તેમાં ભરાયો હશે એમ સમજીને બધી અપ્સરાઓએ દહેરા પાસે આવી બારણાં ખોલવા વિનંતી કરી : "રાત થોડી રહી છે અને અમારે દૂર જવાનું છે, માટે અમારું લીધેલું વસ્ત્ર અમને પાછું આપો." કહે તે કામ કરી આપવાનું વચન લઈને વીરમતીએ દ્વાર ખોલ્યાં, અને પોતાને પુત્ર થાય એવું વરદાન માગ્યું. મુખ્ય અપ્સરાએ તેના ભાગ્યમાં પુત્ર નહીં હોવાનું કહીને તેને શત્રુહરણી, ગગનચારિણી, રૂપપરાવર્તની, નીરતરણી વગેરે અનુપમ વિદ્યાઓ આપી.

વિદ્યાના જોરે વીરમતી અભિમાનથી છકી ગઈ. તેણે પતિને વશ કર્યો. ચંદકુંવર પણ અનેક વિદ્યામાં પારંગત થયો. ગુણશેખરની ગુણાવલી નામે અત્યંત સ્વરૂપવાન પુત્રી સાથે તેનાં લગ્ન થયાં.

વીરસેનના માથામાં સફેદ વાળ આવેલો જાણીને ચંદ-કુમારને રાજપાટ આપી વીરસેન અને ચંદ્રાવતીએ દીક્ષા લીધી.

૩. વીરમતી મંત્રતંત્રની જાણકાર હતી. વિમલપુરીના રાજા મકરધ્વજની પુત્રી પ્રેમલાલચ્છીનાં લગ્ન કનકરથના પુત્ર કનકધ્વજ સાથે થવાનાં હતાં. તે જાણીને વીરમતીએ પુત્રવધૂ ગુણાવલીને પ્રેમલાલચ્છી અને કનકરથનો લગ્નોત્સવ જોવા જવા સંમત કરી. વીરમતીએ પોતાની વિદ્યાના જોરે ગામમાં અંધારું કરી ઠંડો પવન ફુંકાવ્યો. રાજાને એકદમ ઠંડી લાગવા માંડી. તેણે ગુણાવલી પાસે સગડી કરાવી શરીરમાં ઉષ્ણતા આણી. માથું એકદમ ઠંડું થઈ ગયું હતું, તેથી તે રાણીના ખોળામાં માથું નાખી સૂતો. હવે ગુણાવલીને સાસુ સાથે વિવાહોત્સવ જોવા જવાનું હોઈને તેણે રાજાને પલંગ પર નિરાંતે આરામ કરવા સૂચવ્યું. તેની ચતુરાઈને સમજી જઈને રાજા ઊંઘવાનો ડોળ કરી પલંગમાં પડ્યો રહ્યો. રાજા પાસેથી ગુપચુપ ઊઠી ગુણાવલી વીરમતી પાસે આવી. રાજા પણ ચૂપકીદીથી તેની પાછળ પાછળ ગયો. વીરમતીએ ગુણાવલીને કરેણના વૃક્ષની એક સોટી મંત્રી આપી, સૂતેલા રાજાની પથારી પર ત્રણ વાર ઠપકારવા કહ્યું. રાજા તે સાંભળી ઉતાવળો ઉતાવળો આવી પોતાને સ્થાને ઓશીકાં ગોઠવી છુપાઈ ગયો. ગુણાવલીએ આવીને પથારીમાં શું છે તે જોયા વિના જ સોટી ઠપકારી. ત્યાંથી ગુણાવલી પાછી ફરી. એ વખતે રાજા તે શું કરે છે તે છુપાઈને જોવા લાગ્યો. વીરમતીએ ગધેડીનું રૂપ લઈ મોટે સાદે ભૂંકી નગરજનોને નિદ્રાવશ કરી દીધા. પછી પોતાનું મૂળ રૂપ ધારણ કરી વીરમતીએ કહ્યું કે, આપણે રાજવાટિકામાંના આંબાના વૃક્ષ ઉપર ચડીને વિમલપુરી જઈશું. એ સાંભળી ચંદરાજા આગળથી જઈને એ આંબાના પોલાણમાં ભરાઈ બેઠો. વીરમતી અને ગુણાવલી આવ્યાં અને એ આંબા ઉપર ચડી ગયાં. વીરમતીએ ત્રણ વખત સોટી ઠપકારીને વૃક્ષને વિમલપુરી તરફ ઉડાડ્યું. વૃક્ષ થોડીવારમાં વિમલપુરી આવી પહોંચ્યું. સાસુ–વહુ ઊતરીને પરણનાર કન્યાને આવાસે ગયાં. ચંદરાજા વરપક્ષવાળાનો જ્યાં ઉતારો હતો તે તરફ ગયો.

લગ્ન હોવા છતાં રોશની કે ધામધૂમ ન જોતાં ચંદ વિચારમાં પડ્યો. એક પછી એક સાત પોળના રક્ષકો તરફથી 'પધારો, ચંદરાજા' એમ આવકાર પામતો તે સાતમી પોળમાં પહોંચ્યો. ત્યાં કનકરથ રાજા તેને મળ્યો અને તેણે પોતાના કુષ્ઠરોગી અને કદરૂપા પુત્ર માટે મકરધ્વજની પુત્રી પ્રેમલાલચ્છીને પરણી લાવવા તેને આગ્રહભરી વિનંતી કરી. ચંદે કહ્યું કે, જે પુરુષ પરણીને પોતાની સ્ત્રી બીજાને આપે તે અધમમાં અધમ ગણાય. એટલે કનકરથે તેને આખી પરિસ્થિતિ સમજાવતો વૃત્તાંત કહ્યો :

સિંધ દેશના સિંઘલપુર નગરમાં હું કનકરથ, મારી રાણી કનકવતી તથા મંત્રી હિંસક રહેતાં હતાં. હું નિઃસંતાન હતો. રાણીએ આરાધના કરી, ગોત્રજદેવીને પ્રસન્ન કરી સંતાનની માગણી કરી. ગોત્રજદેવીએ તેના નસીબમાં પુત્ર ન હોવાનું કહ્યું. રાણીએ હઠાગ્રહ કર્યો ત્યારે ગોત્રજદેવીએ કર્મની ગતિને વશ રહીને વરદાન આપ્યું કે પુત્ર થશે પરંતુ તે કુષ્ઠરોગી હશે.

પછી રાણીને આખા શરીરે કોઢવાળો પુત્ર થયો. તે કુંવરને કનકધ્વજ નામ આપવામાં આવ્યું. રાજારાણી કોઢિયા કુંવરને કોઈને બતાવતાં નહોતાં, માત્ર તેના રૂપની ખોટી ખોટી પ્રશંસા કરતાં.

માલ વેચવા વિમલપુરી ગયેલા એક વેપારીએ ત્યાંના રાજા મકરધ્વજ પાસે પોતાના રાજાના પુત્ર કનકધ્વજનાં રૂપ-ગુણની પ્રશંસા કરી. આથી મકરધ્વજે પોતાની પુત્રી પ્રેમલાલચ્છીનો વિવાહ કનકધ્વજ સાથે નક્કી કરી આપવાનું કામ વેપારીઓને સોંપ્યું. કુંવરનાં રૂપગુણ જોવા રાજાએ ચાર પ્રધાનોને મોકલ્યા. કુષ્ઠરોગી કુંવરનો વિવાહ કરવાની કનકરથની અનિચ્છા હતી, પણ મંત્રીએ કુલદેવીનું સ્મરણ કરી પરણાવવા સલાહ આપી. સિંઘલપુર આવેલા પ્રધાનોએ કુંવરને બતાવવા કહ્યું, ત્યારે મંત્રીએ તે મોસાળ ગયો હોવાનું કહ્યું. પછી યુક્તિ કરી વિમલપુરીના મંત્રીઓને ઘણું ધન આપીને ફોસલાવી લીધા. મંત્રીઓએ પોતાના રાજ્યમાં પાછા જઈ રાજાને તેનું કામ પતાવી આવ્યાનું કહ્યું. રાજાએ લગ્નનું મુહૂર્ત જોવડાવ્યું.

કનકરથે કુળદેવીને આરાધીને કુંવરને સાજો કરી કુળની લાજ રાખવા કહ્યું. કુળદેવીએ કુંવરનો રોગ કર્મદોષ હોઈને તે ટળશે નહીં એમ કહીને પરિસ્થિતિ નભાવવા એવો ઉપાય બતાવ્યો કે સાંજના સમયે એક પુરુષ વિમલપુરી આવશે. તેને તું "ચંદ રાજા" કહીને બોલાવી આદરમાન આપજે. તે તમારા કુંવર માટે કન્યા પરણી આપશે અને પછી પોતાને દેશ પાછો ફરશે. આ રીતે કુંવરનો વિવાહ નક્કી થતાં અમે સાજનમાજન તથા લાવલશ્કર લઈ અહીં આવ્યા છીએ. લગ્નની વેળા થતાં પુરોહિતોએ વર પધરાવવાનું કહ્યું, પરંતુ કોઈક કોઈક બહાના નીચે અમે તે અટકાવી રાખ્યું છે. એટલામાં દેવીવચન પ્રમાણે તમે આવી પહોંચતાં હવે તમારે જ આ કામ કરવું પડશે."

કનકરથના આ ખુલાસાથી ચંદે હા પાડી અને સજ્જ થઈ તે પરણવા ચાલ્યો. લગ્ન જોવા આવેલ ગુણાવલી વરરાજાને પોતાના પતિ તરીકે ઓળખી ગઈ. તેણે પોતાની સાસુને એ વાત કહી, પણ તેણે તેની વાત ન માની. લગ્નવિધિ પછી જ્યારે વરકન્યા સોગઠાંબાજી રમતાં હતાં ત્યારે ચંદે પ્રેમલાને પોતે આભાપુરીનો રાજા હોવાનો સંકેત કરી દીધો. ચંદ પરણીને જાનીવાસે આવ્યો. બહાનું કાઢી તે ત્યાંથી છટકી ગયો અને પેલા આંબાના વૃક્ષના કોટરમાં જઈ ભરાઈ બેઠો. સાસુ–વહુએ આવી વૃક્ષ ઉડાડયું અને પોતાના આવાસે પહોંચ્યાં. વીરમતીએ ગર્દભીનું રૂપ ધારણ કરી નગરની નિદ્રા હરી લીધી. ગુણાવલીના આવતાં પહેલાં ઢોંગ કરી ચંદ સૂઈ ગયો અને સોટીના ત્રણ ટપકા પછી તે જાગ્યો. જાગીને તેણે રાણીને અઢારસો કોશ દૂર જઈ આવ્યા અંગે વધાઈ આપી. રાણી એ સાંભળી ચમકી. રાણીએ રાજાને હાથે મીંઢળ બાંધેલ જોયું. તેણે જઈને સાસુને વાત કરી. એ સાંભળી ચંદની હત્યા કરવા જતી વીરમતીને ગુણાવલીએ વિનંતી કરીને વારી. વીરમતીએ ચંદની કેડે એક મંત્રેલો દોરો બાંધી તેને કૂકડો બનાવી દીધો. અને ગુણાવલીને તે વાતની કોઈને જાણ ન કરવા કહ્યું. ગુણાવલીએ કૂકડાને પોતાની પાસે રાખ્યો.

૪. રાત પડતાં પ્રેમલાલચ્છીને કોઢિયા પતિના ઓરડામાં ધકેલી દઈને બહારથી સાંકળ મારી દેવામાં આવી. પ્રેમલાએ કનકધ્વજની માગણી તરછોડીને તેનો પતિ તો ચંદ રાજા જ હોવાનું કહ્યું. એમ કરતાં રાત પૂરી થઈ. કુંવર પાસેથી તેની માતાએ જાણ્યું કે પ્રેમલાએ તેને અધમાધમ ગણીને તરછોડ્યો છે. માતાએ તરકટ રચી રડારોળ કરી મૂકી કે પ્રેમલાના સંગથી મારા પુત્રરત્નને રોગવિકાર થયો. સમાચાર જાણી મકરધ્વજ રાજાએ પુત્રીને ધિક્કારી અને પ્રધાનની સલાહને અને કનકરથની વિનંતીને અવગણીને તેણે પ્રેમલાનો વધ કરવા મારાઓને સોંપી દીધી. મારી નાખવા તૈયાર ઊભેલા મારાઓ સામે ખડખડાટ હસીને પ્રેમલાએ મને પોતાનો વધ કરવા કહ્યું. મારાઓએ મૃત્યુના દારુણ દુઃખની વેળા આમ હસવાનું કારણ પૂછ્યું. એટલે પ્રેમલાએ કહ્યું : 'જો રક્ષક પોતે જ ભક્ષક બને, જો વાડ થઈને ચીભડાં ગળતી હોય તો કોને કહેવા જઈએ ?' એક મારાએ આ વાત રાજા પાસે પહોંચાડી. છેવટે રાજાએ પુત્રીને તેડાવી તેના પતિ વિશેની સઘળી વાત કહેવા કહ્યું.

વળી, પ્રેમલાએ પાસા રમતી વખતે એ પરણનારે પોતે ચંદ રાજા હોવાનો સંકેત કરેલો તેની વાત કરી. સાથે સાથે મંત્રીએ કરેલા પ્રપંચની કથા પણ કહી. પોતે જેની સાથે પરણી હતી તે પેલો કુષ્ઠરોગી કુંવર નહોતો, એ તો કોઈ અન્ય વ્યક્તિ જ હતી એમ પ્રેમલાએ જણાવ્યું. મકરધ્વજના મંત્રીએ પણ પ્રેમલાના પતિને કોઢ ન હોવાની, ચંદના સંકેતની અને વિવાહ નક્કી કરવા માટે જે મંત્રીઓને મોકલ્યા હતા તેની તપાસ કરવા રાજાને સમજાવ્યો.

વિવાહ નક્કી કરવા ગયેલા ચારેય પ્રધાનોએ કબૂલ કર્યું કે, ધનની લાલચે અમે વરને જોયા વિના જ તેને જોયાનું રાજાને જણાવ્યું હતું. તે પછી ચંદરાજાની ભાળ મેળવવા રાજાએ પોતાના કેટલાક માણસોને રવાના કર્યા અને દાનશાળા શરૂ કરાવી પ્રેમલાને હાથે દાન અપાવવા માંડ્યું.

આ તરફ કૂકડો બનાવી દીધેલા ચંદરાજા વિના રાજ્ય ચલાવતા મંત્રીએ વીરમતીને જણાવ્યું કે, 'રાજા વગર એક માસથી પ્રજામાં અસંતોષ અને ડર વ્યાપ્યાં છે અને આપણા પર શત્રુરાજાના આક્રમણનો ભય તોળાઈ રહ્યો છે. તમે રાજાને કોઈ કારણે સંતાડી રાખ્યો છે, તો હવે તેને પ્રગટ કરો.' ઊલટો રાજાને મારી નાખ્યાનો મંત્રી ઉપર જ આરોપ મૂક્યો. મંત્રીએ તે નકાર્યો. રાજા વિદ્યાધરની વિદ્યા સાધે છે એમ જણાવી વીરમતી પોતે હમણાં રાજ ચલાવશે એમ જણાવ્યું. મંત્રીએ સોનાના પાંજરામાં રહેલા કૂકડાને જોઈને પૂછપરછ કરતાં વીરમતીએ કહ્યું કે, મેં મારા પોતાના ધનથી ગુણાવલીના વિનોદ માટે એ ખરીદ્યો છે. રાજ્યમાં હવે વીરમતીની આણ પ્રવર્તે છે એની જાણ નગરજનોને કરીને તમે ઘોષણા કરાવો કે, જે કોઈ નગર છોડી જશે તેને શિક્ષા થશે.

એમ કરતાં ત્રણ વર્ષ વીતી ગયાં, છતાં ચંદરાજાના મંત્રીને અને લોકોને કશા સમાચાર ન મળ્યા. રાજ્ય ઉપર એક સ્ત્રીની સત્તા જોઈ હિમાલયના રાજા હેમરથે આભાપુરી પર આક્રમણ કર્યું. બંને લશ્કરો સબળાં હતાં તેથી લડતાં લડતાં છ માસ વીતી ગયા. હેમરથને યુદ્ધ જીતવાનું અસંભવ લાગ્યું. વીરમતીએ દેવને આરાધી હેમરથને પકડ્યો. હેમરથે વીરમતીની આણ સ્વીકારી, દર વર્ષે ત્રણ લાખ સોનૈયા આપવા કબૂલી પુત્ર સિંહરથને તેની ચાકરીએ મૂક્યો. એ જોઈ અન્ય રાજાઓ પણ વીરમતીથી ડરવા લાગ્યા.

આ રીતે સાત વર્ષ પસાર થયાં. નગરમાં એક વખત નટ લોકો ખેલ કરવા આવ્યા. એમાંના શિવકુમાર નટની પુત્રી શિવમાલા પંખીઓની ભાષા જાણતી હતી. નાટકનો દિવસ નક્કી થયો. સભામાં રાજદ્વારીઓ અને મહાજન સહુ જોવા મળ્યાં. શિવમાલાએ શ્રી રાગ આલાપ્યો. હેમરથનો પુત્ર સિંહરથ તથા રાણી ગુણાવલી પણ વીરમતીની રજા લઈ જોવા બેઠાં. શિવમાલાએ પક્ષીની ભાષા સમજી લઈ ચંદરાજાની પ્રશસ્તિ કરવા માંડી. વીરમતી આથી નારાજ થઈ અને નટને કશી ભેટ આપવાની પહેલ ન કરી. પણ વખાણ સાંભળી કૂકડારૂપે રહેલા ચંદે સોનાનું કચોળું ચાંચે પકડી નટ તરફ નાખ્યું. બીજી વાર નટે કરેલા નાટકમાં પણ એવું જ બન્યું. તે જોઈ વીરમતી હાથમાં છરો લઈ કૂકડાને મારવા ધસી. ગુણાવલીએ પાંજરાને હૈયે લગાવી કૂકડાને ઉગારી લીધો. ત્રીજી વારના ખેલવેળા કૂકડાએ પંખીભાષા સમજતી શિવમાલાને ભેટરૂપે પોતાને માગી લેવા કહ્યું. ખેલથી, શિવમાલાની સૂચનાથી, નટે વીરમતીને રીઝવી કૂકડો ભેટ માગી લીધો. ગુણાવલી કૂકડો આપવા કેમેય તૈયાર ન હતી. તેણે મંત્રીને જણાવી દીધું કે, એ તો ચંદરાજા જ છે. મંત્રીએ તેને સમજાવીને કૂકડાને નટના હાથમાં સોંપ્યો અને નટને કૂકડાના રૂપમાં જે હતો તે ચંદરાજા હોવાનું જણાવ્યું. શિવમાલા એ જાણી ગઈ હતી. ગુણાવલીએ તેને કૂકડાની ભાળ રાખવા વારંવાર ભલામણ કરી.

નટો દેશેદેશ ફરતા પોતનપુર પહોંચ્યા. ત્યાંના મંત્રીની પુત્રી રૂપસુંદરી નગરશેઠના પુત્ર રૂપસુંદરને પરણી હતી. 'તું બાપકમાઈ ઉપર જ નભે છે,' એવું મહેણું સાંભળીને રૂપસુંદરે કમાવા માટે પરદેશ જવાની હઠ લીધી. એટલે રાજા, મંત્રી અને નગરશેઠે સાથે મળી જ્યોતિષીને સાધ્યો. એ જ્યોતિષીને પરદેશ જવાનું મુહૂર્ત પૂછવા બોલાવ્યો ત્યારે તેણે કહ્યું કે, છ–બાર મહિનામાં તો કોઈ સારું મુહૂર્ત આવતું નથી, માટે પ્રભાતમાં કૂકડો બોલે તેને ઉત્તમ મુહૂર્ત ગણીને તે દિવસે જઈ શકાય. રાજાએ ગુપ્ત આદેશ દ્વારા નગરના બધા કૂકડાને નગરબહાર પહેલેથી જ મોકલી આપ્યા હતા. રૂપસુંદર પ્રતિદિન કૂકડો બોલવાની રાહ જોઈ દિવસો વિતાવવા લાગ્યો. એવામાં પેલા નાટકિયા ત્યાં આવી પહોંચ્યા. પ્રધાનને ત્યાં રાતવાસો રહ્યા. સવાર થતાં તેમની પાસેનો કૂકડો બોલ્યો, એટલે રૂપસુંદરે પરદેશ જવાની તૈયારી કરી.

રાજાના હુકમનો ભંગ કરીને કૂકડાને રાખનાર નાટકિયા પાસેથી તે કૂકડો બળજબરીથી મેળવવા મંત્રીએ વિચાર્યું. પણ રૂપસુંદરીએ તેમ કરતાં તેને રોકી નાટકિયાઓને વિશ્વાસ આપી કૂકડો જોવા મંગાવ્યો. કૂકડાને રૂપસુંદરીએ ઠપકો આપ્યો ત્યારે દુઃખી થઈ કૂકડાએ સાનથી સમજાવીને પાટલો મંગાવી ઈંટનો ટુકડો ચાંચમાં લઈ પોતાની વીતકકથા લખી. તે વાંચીને રૂપસુંદરીને કૂકડા પ્રત્યે મોહ જાગ્યો. બીજા દિવસે નટ પાસેથી તેણે કૂકડો માગ્યો, પરંતુ નટોએ કૂકડો આપવાની ના પાડી. કૂકડાએ પણ નટો સાથે જવાની ઇચ્છા પ્રગટ કરી.

નાટકિયા ત્યાંથી નીકળી દેશવિદેશ ફરતા વિમલપુરી આવ્યા. પ્રસંગવશ રાજાને આભાપુરીની વાત કહી. મંત્રીએ કૂકડા વિશે પૂછપરછ કરતાં તે ચંદનરેશને ત્યાંથી મળ્યો હોવાનું કહ્યું. નટોએ ચોમાસુ એ નગરમાં ગાળવાનું રાખ્યું. પ્રેમલાએ નાટકિયા રહે ત્યાં સુધી કૂકડો પોતાની પાસે રાખવા માગી લીધો.

ચાર માસ વીતી જતાં નાટકિયાએ આવી કૂકડો માગ્યો. પ્રેમલાએ કૂકડાને વધુ ચાર દિવસ રાખવા સંમતિ મેળવી. પ્રેમલા કૂકડાને લઈ વિમલાચલની યાત્રાએ ગઈ, લાંબા સમયના

દુઃખથી છૂટવા અને સદ્ગતિ પામવા કૂકડાએ સૂરજકુંડમાં ઝંપલાવ્યું. પ્રેમલાએ પોતે કૂકડાની પાછળ ઝંપલાવી કુંડમાંથી તેને બહાર કાઢ્યો અને હાથવતી તેની પાંખો સમારવા લાગી, એટલે કૂકડાને પગે બાંધેલો દોરો તૂટી ગયો અને તે નરરૂપ થઈ ગયો. પ્રેમલાએ ચંદનરેશને ઓળખ્યો. તેણે પિતાને આની જાણ કરી. યાત્રાએથી પાછા ફરી વાજતેગાજતે ચંદનરેશનો નગરપ્રવેશ કરાવ્યો.

મકરધ્વજે પોતાની સાથે ઠગાઈ કરનાર કનકરથને ભારે દંડ દેવા વિચાર્યું. કનકરથે ચંદને વિનંતી કરતાં તેણે તેને બચાવી લીધો. ચંદ રાજાએ મંત્રી અને રાણી ગુણાવલીને ગુપ્ત રીતે પોતાની મુક્તિની વાત જણાવી. તેમણે તેને રાજ્ય સંભાળવા આવી પહોંચવા જણાવ્યું.

વીરમતીને આની જાણ થતાં તે દેવતાની સહાયથી ચંદને મારી નાખવા તેની પાસે પહોંચી. પણ ચંદને પ્રભાવે દેવતાએ વીરમતીને જ મારી નાખી.

ચંદનરેશે આભાપુરી જવા તૈયારી કરી અને પ્રેમલા તેનું શીલ અખંડ હોવાનું પુરવાર કરે તો હું તેનો અંગીકાર કરી તેને સાથે લઈ જઈશ, એમ પણ જણાવ્યું.

પ્રેમલાલચ્છીએ કનકરથના પુત્ર કનકધ્વજને સામે રાખી "મારું શીલ અખંડ હોય તો તેનો કોઢ ટળી જાઓ," એમ કહી તેના પર જલની અંજલિ છાંટી. કોઢીનો કોઢ ટળી ગયો. પ્રેમલા સતીશિરોમણિ તરીકે ખ્યાતિ પામી. ચંદ રાજાએ તેને સ્વીકારી. સહુ આભાપુરી પહોંચ્યાં. ગુણાવલીનું ચંદ રાજા સાથે મિલન થયું.

[આધાર : (૧) **'ચંદ રાજાનો રાસ'** અને (૨) **'સતીશ્રી પ્રેમલાલચ્છી રાસ'** અથવા **'ચંદચરિત'.**]

**ચંદ–ચંદ્રાવતી** : જુઓ, **ચંદ્રસેન અને ચંદ્રાવતી**

**ચંદ્રસેન અને ચંદ્રાવતી (=ચંદ્ર–ચંદ્રાવતી)** : ૧. શ્રીહઠના શ્રીપતરાય રાજાનો બત્રીશલક્ષણો કુંવર ચંદ્રસેન ધાર્મિક ભાવનાથી પ્રેરાઈ, પિતાની સંમતિ લઈ પ્રધાનપુત્ર સાથે અડસઠ તીર્થોની યાત્રાએ નીકળ્યો. દેશદેશની યાત્રા કરતાં કરતાં માર્ગમાં શ્રીવંતસંગ રાજાનું શ્રીમેલાપાટણ આવ્યું. નગરપ્રવેશ કરતી વખતે ત્યાંની માલા નામની માલણે ચંદ્રસેનને જોયો. 'આ કોઈ રાજબીજ છે', એમ માની તેને તે પોતાને ઘેર લઈ ગઈ. ચંદ્રસેને માલણને શિવપૂજા પછી જ ભોજનની પોતાની પ્રતિજ્ઞા કહી અને નગરના શિવમંદિરે પૂજા અર્થે જવા કહ્યું. માલણે અહીંની, તેના જેવા જ નિયમવાળા, રાજકુંવરી ચંદ્રાવતી ઇચ્છિત વર માગવા રવિવારે મંદિરે આવી જાય તે પછી ત્યાં જવા કહ્યું. કુતૂહલવશ ચંદ્રસેન અગાઉથી મંદિરના ગોખે છુપાઈને બેઠો. ચંદ્રાવતી ત્યાં આવી પહોંચી. તેને જોતાં જ ચંદ્રસેન મોહ પામ્યો. બીજા રવિવારે તેણે પોતાનાં નામઠામની વિગતવાળો પત્ર લખ્યો. પત્રને મહાદેવના લિંગ ઉપર મૂકી તે માલણને ઘેર પાછો આવ્યો. ચંદ્રાવતી મંદિરે આવી. તેણે પત્ર જોયો અને તે વાંચી તેના લખનારની તપાસ આદરી.

૨. ચંદ્રાવતીના મેળાપની પોતાની ઇચ્છા પૂરી થવાનો સંભવ ન લાગતાં ચંદ્રસેને આગળ જાત્રાએ જવા નક્કી કરી માલણને તેની જાણ કરી. એનું મન કળી ગયેલી માલણે તેને સાત દિવસમાં પોતે ચંદ્રાવતીનો મેળાપ કરાવી આપશે એવું વચન આપ્યું. માલણ ફૂલની ચાદર ગૂંથી ચંદ્રાવતીના મહેલે ગઈ. 'જે પૂછયું કહી શકે તે મારો વર', એવી પ્રતિજ્ઞાવાળી ચંદ્રાવતીએ માલણને મંદિરેથી મળેલા પત્રનું કૌતુક કહ્યું. માલણે તક સાધી. 'શિવજીએ જ તને આ વર આપ્યો છે', એમ કહી તેનામાં ચંદ્રસેન પ્રત્યે અનુરાગ જન્માવ્યો. શ્રીહઠનગર ખૂબ દૂર હોઈને ચંદ્રસેન સાથે મેળાપ અશક્ય છે એમ ચંદ્રાવતીએ કહેતાં માલણે તેનો ઉપાય બતાવ્યો. ચંદ્રાવતી જે સમસ્યાઓ લખે તેનો પ્રત્યુત્તર એક માસમાં ચંદ્રસેન પાસેથી એક ઈશ્વરી વરદાનવાળા ગોર મારફત મેળવી શકાય એવો ઉપાય સૂચવ્યો. એટલે ચંદ્રાવતીએ બત્રીસ સમસ્યાઓ–વાળો પત્ર લખ્યો. માલણે તે ચંદ્રસેનને આપ્યો. ચંદ્રસેને સમસ્યાઓ ઉકેલી આપી અને બીજી સામે બત્રીસ સમસ્યાઓ–વાળો પત્ર માલણને આપ્યો. એક જ દિવસમાં પ્રત્યુત્તર મળ્યો એટલે ચંદ્રાવતી સમજી ગઈ કે પત્ર લખનાર માલણને ઘેર જ છે. તેણે માલણને શણગાર ભેટ આપ્યો. રાજી થયેલી માલણે આ બંનેના મેળાપની યુક્તિ યોજી. તે ચંદ્રસેનને સ્ત્રીવેશે ચંદ્રાવતીને ત્યાં લઈ ગઈ. બંને પ્રત્યક્ષ મળ્યાં. ચંદ્રાવતીએ ચંદ્રસેનને પરણવાની ઇચ્છા વ્યક્ત કરી, પણ ચંદ્રસેને જાત્રા અધૂરી છે એમ કહી તે પૂરી કરી પાછા ફરતાં વિધિસર લગ્ન કરવાનું રાખ્યું. તે પહેલાં બંનેએ ગાંધર્વવિવાહ કર્યો. સમય જતાં ચંદ્રાવતી સગર્ભા બની. રાજાની શંકા ટાળવા જરૂર પડયે બધી વિગતોવાળો પત્ર માલણને આપી ચંદ્રસેન જાત્રાએ નીકળ્યો. માર્ગમાં રાજા રાજસંઘનું નગર આવ્યું. ત્યાંના પ્રધાને ચંદ્રસેનના પિતાની સાથેના કોઈ જૂના વેરને કારણે ચંદ્રસેનને પકડી કારાગારમાં પૂર્યો. છ માસ વીતી ગયા.

૩. આ બાજુ ચંદ્રાવતી ચંદ્રસેનની આતુરતાથી વાટ જોતી હતી. તેનાં માતાપિતાને તેની સગર્ભાવસ્થાની જાણ થતાં

રાજાએ ચંદ્રાવતીને વનવગડામાં મૂકી આવવાનું કામ પ્રધાનને સોંપ્યું. કુંવરીની વિનંતીથી અને વિકટ પરિસ્થિતિની દયા લાવી પ્રધાન ચંદ્રાવતીને પોતાને ઘેર લઈ ગયો. પૂરા માસે ચંદ્રાવતીએ પુત્ર પ્રસવ્યો. દિવસો વીતવા લાગ્યા.

૪. આ બાજુ કારાગારમાંથી ચોરીછૂપીથી ભાગતા ચંદ્રસેનને જોઈ ગયેલા રાજસંધ રાજાએ તેને શૂળી પર ચઢાવવાનો આદેશ દીધો. શૂળીને માર્ગે લઈ જવાતા ચંદ્રસેનને જોઈ તેના પર મોહી પડેલી રાજકુંવરી નિધિનંદિનીએ તેને પરણવાની હઠ લીધી. પુત્રીનો જીવ બચાવવા પિતાએ બંનેનાં લગ્ન કરાવી દીધાં. એમ કરતાં એક વર્ષ વીત્યું.

૫. ચંદ્રસેનની વિનંતીથી નિધિનંદિનીએ ચંદ્રસેનને શ્રીમેલાપાટણ જવા સૈન્ય સાથે મોકલ્યો. માર્ગમાં આવતા પ્રદેશો જીતતો જીતતો તે સસરાને ગઢ શ્રીમેલા પાટણ આવી પહોંચ્યો. 'કાં તો યુદ્ધ આપો, કાંતો રાજકુંવરી', એવું કહેણ તેણે રાજાને મોકલ્યું. રાજાએ પુત્રી ન હોવાનો પસ્તાવો કર્યો. પ્રધાને રાજાને આશ્વાસન આપ્યું. ગુપ્તપણે તે ચંદ્રસેનને મળ્યો અને ચંદ્રાવતી તેના પુત્ર સાથે પોતાને ત્યાં હોવાનું જણાવ્યું. પછી રાજાને પણ બધું વિગતે જણાવ્યું. રાજાએ ચંદ્રસેનનું સામૈયું કર્યું. ચંદ્રસેન અને ચંદ્રાવતી ધામધૂમથી પરણ્યાં.

૬. તે પછી ચંદ્રસેને નિધિનંદિનીને તેડાવી લીધી. માલણ માતાને કિંમતી ભેટો, પ્રતિહારીને અઢળક ધન આપી બંને રાણીઓ તથા એક પુત્ર સાથે તે શ્રીહઠનગર પાછો ફર્યો. બાર વરસે પુત્રનો મેળાપ થતાં અને સાથે બે પુત્રવધૂઓ અને એક પૌત્ર પામ્યાથી માબાપ ખુશ થયાં.
[આધાર : **'ચંદ્ર–ચંદ્રાવતીની વારતા'**.]

**ચંદ્રશેખર રાજા :** ૧. વારાણસીનગરીમાં મહાસેન રાજા. એને રત્નવતી રાણી. રાણીનો પુત્ર ચંદ્રશેખર અને ધનસાગર શેઠની પુત્રી ગુણસુંદરી વચ્ચે શાળામાં સાથે ભણતાં પ્રેમસંબંધ બંધાયો. ભારે ધામધૂમથી તેમને પરણાવ્યાં. એક વાર એક કાપાલિકની વિનંતીથી ચંદ્રશેખર તેના ઉત્તરસાધક તરીકે કાળીચૌદશે સ્મશાનમાં ગયો. કાપાલિક મડાના મુખમાં મંત્રોચ્ચાર સાથે હવન કરવા લાગ્યો. એટલામાં ત્યાં વિદ્યાવ્યંતરી આવી. ચંદ્રશેખરે તેને ખડ્ગ ઉગામી ભગાડી. એટલામાં કાપાલિકે ચંદ્રશેખરને દેવીને તેના મસ્તકનું બલિદાન દેવાનું કહીને તેના પર ખડ્ગનો ઘા કર્યો. ઘા ચૂકવીને ચંદ્રશેખર કૂદકો મારી કાપાલિકને ખભે ચડી બેઠો. એટલે મડાએ તેને આકાશમાં ઉછાળ્યો. આકાશમાર્ગે જતી ત્રિલોચના જક્ષણીએ તેને જોયો. તેના રૂપથી મોહિત તેણે નીચે રહેલા જોગીને મારી નાખ્યો અને ચંદ્રશેખરને રત્નગિરિના શિખરે પોતાના મહેલમાં લઈ ગઈ. પોતાની સાથે ભોગવિલાસ માણવાનું તેનું કહેણ ચંદ્રશેખરે ન માન્યું, કેમ કે તેણે પારકી સ્ત્રી સાથે સમાગમ ન કરવાનું વ્રત લીધું હતું. એથી તેના પર પ્રસન્ન થયેલી જક્ષણીએ તેને ધર્મનો ભાઈ ગણીને એ સંભારે ત્યારે સહાય કરવાનું વચન આપ્યું.

૨. ત્યાંથી નીકળીને ચંદ્રશેખર ફરતો ફરતો શિવપુરી પહોંચ્યો. ત્યાં સરોવરે પાણી ભરીને પાછી ફરતી લુહાર અને સુતારની સ્ત્રીઓ પાસેથી તેમના કારીગર પતિ અદ્‌ભુત યંત્ર બનાવતા હોવાની વાત જાણી. પહેલાં ચંદ્રશેખર એ લુહારને ત્યાં પહોંચ્યો. દેવીને પ્રસન્ન કરીને મેળવેલી વિદ્યાને બળે એ લુહારે ચંદ્રશેખરની વિનંતીથી લોખંડનો યાંત્રિક મત્સ્ય બનાવ્યો. તેના પુચ્છભાગે બે જણ બેસી શકે એવી કોટડી હતી. લુહાર અને ચંદ્રશેખર તેમાં પેઠા. પછી ચાવી દીધી એટલે એ આકાશમાં ઊડયો. અનેક દેશોનો પ્રવાસ કરતો તે મત્સ્ય સમુદ્રમાં પેઠો. તળિયેથી તેણે મોતી ગળી મોઢામાં ભર્યાં. પછી બીજી કળથી તેને સમુદ્રમાંથી બહાર કાઢીને લુહાર ઘરે પાછો લાવ્યો. મત્સ્યે ગળેલાં મોતી બહાર કાઢયાં. લુહારે કહ્યું કે, જો રાજાને એની વિદ્યાની જાણ થાય તો એ તેને જમને ઘેર પહોંચાડે. ચંદ્રશેખરે તેને વચન આપ્યું કે, પોતે રાજા થશે ત્યારે લુહારને પ્રધાનપદ આપશે. લુહારે તેને એ યાંત્રિક મત્સ્ય બનાવવાની વિદ્યા શિખવાડી અને મોતી ભેટ આપ્યાં. પછી ચંદ્રશેખર સુતારને ઘેર ગયો. તેને મોતી ભેટ ધર્યાં. સુતારે કાષ્ટનો યાંત્રિક ઘોડો બનાવ્યો. તેને ઉડાડવાની અને પાછો લાવવાની ખીલીઓ લઈને ચંદ્રશેખર એ ઘોડા પર બેસી આકાશમાર્ગે એક ભ્રમણ કરીને સુતારને ઘેર પાછો આવ્યો. તેણે રાજા થાય ત્યારે સુતારને સેનાપતિ બનાવવાનું વચન આપ્યું.

૩. શિવપુરીમાંથી નીકળી ચંદ્રશેખર આગળ ચાલ્યો. એક વડ તળે તેણે રાતવાસો કર્યો. અધરાત થતાં બે પુરુષ ત્યાં આવ્યા. ગુમ થયેલા કુમારને શોધવા મહાસેન રાજાએ તેમને મોકલ્યા હતા. ઘણી જગ્યાએ ભટકતાં ભટકતાં છેવટ તેમને કુમારનો પત્તો લાગવાથી તેઓ ઘણા ખુશી થયા. સવાર થતાં ત્રણે જણ આગળ ચાલ્યા. રસ્તામાં સામે વાઘને જોતાં જ પેલા બે જણ નાસી ગયા. કુમારે એક બાણથી વાઘને હણ્યો.

૪. આગળ ચાલતાં ચંદ્રશેખર એક સરોવરતીરે રહેલા કામદેવના દેવળે પહોંચ્યો અને તેમાં તેણે રાતવાસો કર્યો. મધરાતે ચોસઠ વિદ્યાધર કન્યાઓ આકાશમાંથી ઊતરી. નૃત્યગાન કરી તેમણે કામદેવની પાસે ઇચ્છિત વરની માગણી કરી. પછી વસ્ત્રો મંડપમાં રાખી તેઓ સ્નાન કરવા ગઈ.

ચંદ્રશેખરે તેમનાં વસ્ત્રો લઈ ઓરડાનાં કમાડ વાસી દીધાં. કન્યાઓ મંડપમાં આવી તો વસ્ત્રાભૂષણ ન જોયાં. ઓરડાનાં બારણાં બંધ હતાં. તેમણે વસ્ત્રો હરી જનારને ભારે શિક્ષા કરવાની ધમકી ઉચ્ચારી. પછી જરા નરમ પડી સજ્જનતાથી વસ્ત્ર પાછાં આપવા માગણી કરી. એટલે કમાડ ઉઘાડી ચંદ્રશેખરે તેમને વસ્ત્રો પાછાં સોંપ્યાં. વિદ્યાધરીઓએ ચંદ્રશેખરને અજિત ખડ્ગ અને પહેરનારનું દેવાંશી રૂપ બનાવી દેતો કંચવો ભેટ આપ્યો.

**૫.** સવાર થતાં કુંવર ચાલ્યો અને એક શૂન્યનગરે પહોંચ્યો. ચીજવસ્તુ, હાટચૌટાં બધું બરાબર પણ સાવ નિર્જન. શોભા જોતો જોતો ચંદ્રશેખર રાજમહેલમાં પ્રવેશી તેને સાતમે માળે પહોંચ્યો. ત્યાં સોનાના ઢોલિયા પર એક કાળી બિલાડીને સૂતેલી જોઈ. તેના ઓશીકે એક રાતા આંજણની અને એક ધોળા આંજણની એમ બે દાબડીઓ જોઈ. ચંદ્રશેખરે બિલાડીની આંખમાં ધોળું આંજણ આંજ્યું એટલે તે બિલાડી સ્ત્રીરૂપ થઈ ગઈ. ચંદ્રશેખરને તેણે પોતાની વીતકકથા કહી. એ આ કનકપુરના રાજાની પુત્રી રતિસુંદરી હતી. રાજાએ પોતાને ત્યાં પારણું કરવા નોતરેલા ઉપવાસી તાપસે, રતિસુંદરીના રૂપથી કામાતુર બનીને રાજા પાસે તેની માગણી કરી. રાજાએ તેનું અપમાન કરી કાઢી મૂકયો. માળણનો વેશ ધરી ફૂલછાબ લઈને તે રતિસુંદરી પાસે જતો હતો, ત્યારે તેને દાસીએ ઓળખી કાઢયો અને તેના મોઢા પર ધૂળ નાખી હાંકી કાઢયો. છતાં તેને લાજ ન આવી. તે પછી રાત્રે રતિસુંદરીના આવાસ પર ચડતાં તેને ચોકિયાતે પકડી પાડયો. રાજાએ તેને શૂળીએ ચઢાવ્યો. મરીને તે રાક્ષસ થયો. એક વાર કનકશેખર એક જ્ઞાની મુનિનાં દર્શને ગયા, ત્યારે મુનિએ તેને કહ્યું : 'કાશીરાજ મહાસેનનો કુંવર ચંદ્રશેખર રતિસુંદરીનો પતિ થશે. પેલો રાક્ષસ બનેલો તાપસ જે નગરમાં રહેશે તે સૌનો ઘાત કરશે.' એટલે મારા પિતા સહિત સૌ નગર છોડી જતાં રહ્યાં. રાક્ષસ મને ઉપાડીને વનમાં લઈ ગયો. પછી નગર નિર્જન થયેલું જોઈ તે મને અહીં લઈ આવ્યો. એને મને પરણવું છે. તે બહાર જાય છે ત્યારે ચમત્કારી આંજણ આંજી મને બિલાડી બનાવી દે છે. પછી ચંદ્રશેખરે પોતાની ઓળખાણ આપી. રાક્ષસ આવવાનો વખત થયાનું રતિસુંદરીએ જણાવ્યું. એટલે તેની આંખમાં રાતું આંજણ આંજીને ચંદ્રશેખર ત્યાં સંતાઈ રહ્યો. એટલામાં રાક્ષસે આવી બિલાડીને રતિસુંદરી બનાવી. તેને પોતાને માણસની ગંધ આવી. 'માણસ તો અહીં હું છું' એમ રતિસુંદરીએ કહ્યું, એટલે તે બોલ્યો : 'કોઈ અહીં આવ્યો હશે તો હું તમને બન્નેને ભરખી જઈશ.' ચંદ્રશેખરે રાક્ષસની સામે ખડા થઈ તેને આહ્વાન આપ્યું. અજિત ખડ્ગ વડે તેના પર પ્રહાર કર્યો. ત્રિલોચનાનું સ્મરણ કર્યું. તે સુભટોને લઈને આવી. તેમના મારથી રાક્ષસ નાસીને સમુદ્રના તળિયે ભરાયો. પછી રાજા અને લોકો કનકપુરમાં પાછા ફર્યા. રાજાએ રતિસુંદરીને ચંદ્રશેખર સાથે પરણાવી. વિદ્યાધરીએ આપેલો કંચવો પહેરતાં રતિસુંદરીનું રૂપ ઇંદ્રાણી જેવું થઈ ગયું.

**૬.** એક દિવસ ચંદ્રશેખર સાથે રતિસુંદરી જળક્રીડા કરવા ગઈ. સરોવર તીરે તેણે એક વૃક્ષ હેઠળ પોતાનો દિવ્ય કંચવો, આભૂષણો વગેરે મૂક્યાં. બંને ન્હાતાં હતાં ત્યારે રતિસુંદરીનો કંચવો લઈને એક વાનર ભાગી ગયો. રક્ષકો પાછળ દોડયા પણ તે પકડાયો નહીં. ચંદ્રશેખર રતિસુંદરીને આશ્વાસન આપીને મહેલે લઈ ગયો. પછી સાત માસમાં કંચવો લઈને પાછા આવવાનું વચન આપીને તે નીકળ્યો. રસ્તે જતાં માર્ગમાં તેણે અશોક વૃક્ષ હેઠળ બેઠેલા એક સાધકને જોયો. તેના ઉતરસાધક તરીકે ચંદ્રશેખરે સેવા આપી. સાધકને તેની વિદ્યા સિદ્ધ થઈ. તેણે ખુશ થઈ કુંવરને ચાર વિદ્યા આપી: રૂપપરાવર્તિની, ગોરી, પ્રજ્ઞપ્તિ અને આકાશગામિની. ત્યાંથી આગળ ચાલતાં ચંદ્રશેખર એક પર્વતશિખરે મહાકાળીના મંદિરે પહોંચ્યો. ત્યાં બે પુરુષોનું કાળિકાને બલિદાન આપવા બે જોગી ઉઘાડી તલવારે તેમની સામે ઊભેલા હતા. એ પણ પેલા કાપાલિકના શિષ્ય હતા. ચંદ્રશેખરે બન્નેને પકડીને હવનકુંડમાં હોમી દીધા. બલિદાન તરીકે તેમણે પકડેલા પુરુષો બીજા કોઈ નહીં પણ મહાસેને તેની શોધમાં મોકલેલા અને વાઘને જોઈને નાશી ગયેલા તે પુરુષો જ હતા. તેમને સુવર્ણસિદ્ધિનો મંત્ર આપવાની લાલચે તેઓ પકડી લાવ્યા હતા.

**૭.** આ પછી ત્રણે જણ નીચે ઊતરી જંગલ પાર કરી એક ગામ પાસે પહોંચ્યા. ત્યાં તેમણે તપ કરતી જશોમતી જોગણીનાં દર્શને લોકોને જતાં જોયાં. મિત્રોની સાથે ચંદ્રશેખર જોગણી પાસે ગયો અને નાની વયે વૈરાગ્ય લેવાનું કારણ પૂછ્યું. જશોમતીએ પોતાનો વૃત્તાંત કહ્યો : 'સુભગાપુરીના રાજા ચિત્રસેનની આઠ રાણીઓમાં તે સૌથી નાની અને અણમાનીતી હતી. તેને એક પુત્ર અને બે પુત્રીઓ હતાં. રાજા એક ચંડાળણીના ગાન ઉપર મુગ્ધ થઈ તેનામાં આસકત બન્યો. આથી જશોમતીને વૈરાગ્ય આવ્યો. એ પછી એક પરદેશી પાસેથી રાજાને વાત મળી કે કનકપુરની રાજકુમારી રતિસુંદરી પાસે એક દિવ્ય કંચવો છે, એટલે તેણે પોતાના મિત્ર એક દેવને તે હરી લાવવા કહ્યું. દેવે વાનરનું રૂપ લઈ એ કંચવો ઉઠાવી લાવી રાજાને આપ્યો. કંચવો જોઈને રાજાને થયું : 'આને પહેરનાર સ્ત્રી કેવી રૂપાળી હશે ?'

મિત્રદેવને ફરીથી બોલાવી તેની દ્વારા સૂતેલી રતિસુંદરીનું અપહરણ કરાવી એને પોતાના મહેલમાં રાખી છે.' એ સાંભળી ચંદ્રશેખરે એકવીસ દિવસ યોગસાધના કરીને વિદ્યા સિદ્ધ કરી એક વિમાન મેળવ્યું. તેમાં બેસીને તેના બે મિત્રો સાથે તે સુમિત્રાનગરી પહોંચ્યો અને તેની પાસેના વનમાં ઊતર્યો. રતિસુંદરીને પોતાને વશ થવા ચિત્રસેને અનેક રીતે લલચાવી, પણ તે અડગ રહી.

૮. પછી ચંદ્રશેખર બંને મિત્રોને સાથે લઈને જે મહેલના સાતમે માળે રતિસુંદરીને રાખેલી હતી ત્યાં વિદ્યાબળે પહોંચ્યો. કુંવરે દુઃખનો સમય પસાર થઈ ગયો હોવાનું કહી થોડા દિવસ રતિસુંદરીને ત્યાં જ રહેવા કહી ત્રણે જણા વનમાં પાછા ગયા. પછી ચંદ્રશેખરે અવધૂતનો અને બેય મિત્રોએ ચેલાનો વેશ ધારણ કરી એક વડના ઝાડ નીચે અડ્ડો કર્યો. અવધૂત સૌના મનની ઇચ્છા પૂરી કરે છે એવી ખ્યાતિ લોકોમાં પ્રસરી. એ સાંભળી ચિત્રસેને રત્નકંચવો પહેરનારી સ્ત્રી પોતાને વશ થાય તેમ કરવા અવધૂતને વીનવ્યા. ગુરુએ રાજાના મહેલે જઈ ચાર દિવસ જપ કરી, પછી પોતાના માથાનો એક વાળ આપીને કહ્યું : 'આને તું માદળિયામાં રાખજે એથી તારી મન-ગમતી સ્ત્રી વશ થશે. પણ તેમાં શરત એ છે કે તે સ્ત્રી જેમ કહે તેમ રહેવું અને જ્યાં જાય ત્યાં જવા દેવી. એમ કરવાથી એકવીસ દિવસમાં તે સ્ત્રી સંપૂર્ણપણે વશ થઈ જશે.' બીજે દિવસે ચિત્રસેન રતિસુંદરીને આવાસે ગયો. ત્યારે ચંદ્રશેખરના મિત્રોએ સમજાવી દીધેલું તે પ્રમાણે રતિસુંદરીએ મીઠી મીઠી વાતો કરી. તેથી ચિત્રસેનને થયું કે યોગેશ્વરની જ કૃપાથી આમ બન્યું છે. રાજાએ તેની જે ઇચ્છા હોય તે પૂર્ણ કરવા કહ્યું. અષ્ટાપદ પર્વતની યાત્રા કરવાની પોતાની બાધા રાજા પૂરી કરે તે પછી પોતે એની બનીને રહે એમ રતિ-સુંદરીએ જણાવ્યું. ચિત્રસેને એ યાત્રા કરાવવા અવધૂતને વિનંતી કરી. યોગીએ વિમાનની રચના કરી સૌને બેસવા કહ્યું. રાજાએ સુંદરીને બેસવા કહ્યું, પણ તેણે એકલા બેસવાની ના કહી, યોગી સાથે જવા કહ્યું. વળી બે પુત્રીઓને તેમજ રત્નજડિત કંચવો સાથે લઈ જવાનો આગ્રહ રાખ્યો. રાજાએ તે સ્વીકાર્યું અને બે કિંમતી હાર પણ આપ્યા. બધાને વિમાનમાં બેસાડી ચંદ્રશેખરે વિમાનને આકાશમાર્ગે ઉડાડ્યું. આકાશવાણી મારફતે રાજાને જણાવ્યું કે, 'તેની બે કન્યાઓનું હરણ કરાયું છે પાછી મેળવવી હોય તો સંગ્રામ કરવા આવજે.' એ સાંભળીને રાજા અને તેના સુભટો દોડી આવ્યા. પરંતુ ચંદ્રશેખરે વિદ્યાબળે તેમને અટકાવી રાખ્યા. ચંદ્રશેખરે કનકપુરમાં બેય કન્યાઓને લાવી પોતાના બેય મિત્રો સાથે પરણાવી. પછી બન્ને મિત્રોને રાજારાણીને ખુશખબર આપવા વિમાનમાં કાશી મોકલ્યા અને પોતે પાછો વનમાં એક યક્ષાલયમાં રાત રોકાયો.

૯. રાત્રે તેણે એક સ્ત્રીના રુદનનો અવાજ સાંભળ્યો. અવાજની દિશામાં જઈને જોયું તો એક સ્વરૂપવાન સ્ત્રીને જોઈ. ચંદ્રશેખરે તેને રડવાનું કારણ પૂછ્યું. સ્ત્રીએ કહ્યું : 'નગરના રાજાની સેવા કરતો મારો પતિ એક વાર રાજાના વાંકમાં આવતાં તેણે તેને શૂળીએ ચડાવ્યો. પતિનું મોઢું જોઈને જમવાની મારે બાધા છે. તમે મને તમારે ખભે ચડાવીને એનું મોઢું બતાવો.' એટલે ચંદ્રશેખરે તેને શૂળી પાસે જઈને ખભે ચઢાવી. થોડીવારે માંસનો એક ટુકડો ચંદ્રશેખર પર પડતાં તેણે ઉપર જોયું તો એ સ્ત્રીને લટકતા મડદાનું માંસ કાપીને ખાતી ભાળી. ચંદ્રશેખર તે ડાકણ હોવાનું પામી ગયો. તેણે તેને ભોંય પર નાખી દીધી. સ્ત્રી આકાશમાર્ગે નાસી જતી હતી ત્યારે ચંદ્રશેખરે તેનું વસ્ત્ર ખેંચી લીધું. પછી તે મંદિરમાં જઈને સૂતો.

તે પછી ચંદ્રશેખર ચિત્રકૂટ પર્વત તરફ ચાલ્યો. આગળ ચાલતાં સરોવરતીરે પડાવ નાખી રહેલા વસુદત્ત વણજારા પાસે પહોંચ્યો. ત્યાં ભીલનાયક પ્રવાસીઓને લૂંટી લેતો. રાત્રે સૌ સૂઈ ગયા ત્યારે ભીલો ત્રાટક્યા. એટલે ચંદ્રશેખરે ભીલને નાગપાશે બાંધ્યો. પછી બહુરૂપિણી વિદ્યાના બળે તેણે લાખ કપિંજલ પક્ષીનું રૂપ ધારણ કર્યું. એક એક ભીલને એક એક પક્ષી ચાંચમાં લઈને આકાશમાં ઊડ્યું. ભીલો નષ્ટભ્રષ્ટ થઈ ગયા. ચંદ્રશેખરે વણજારને સહીસલામત કાંતિપુર પહોંચાડીને પછી ભીલનાયકને લૂંટફાટ ન કરવા પ્રતિજ્ઞા લેવરાવી.

ચંદ્રશેખરે વિચાર્યું કે રાજાના મનમાં મામાની પુત્રીઓ હર્યાનો ડંખ હોવાથી તે નગરમાં રહેવું ઉચિત નથી. તે દક્ષિણ દિશા તરફ ચાલ્યો અને વિંધ્યાચલના ઉપવનમાં પહોંચ્યો. સરોવરમાં સ્નાન કરી વૃક્ષલતામાં રહેલા એક યક્ષમંદિરમાં તેણે પૂજા કરી. યક્ષના મસ્તક પર જિનમૂર્તિ હતી. પાછા ફરતાં તેણે સરોવરમાંથી એક સ્વરૂપવાન કન્યાને તેની દાસી સાથે નીકળીને યક્ષમંદિરમાં જતી જોઈ. કન્યાએ પૂજા કરીને વીણાવાદન કર્યું. એ વેળા ચંદ્રશેખર તેની પાસે ગયો અને સરોવરની અંદર રહેવાનું કારણ પૂછ્યું, અને યક્ષના મસ્તક પર જિનમૂર્તિ કેમ છે તે પણ તેણે જાણવા માગ્યું. કન્યાએ પોતાનો વૃત્તાન્ત કહ્યો :

૧૦. માકંદીપુરમાં યજ્ઞદત્ત નામે દરિદ્ર બ્રાહ્મણ રહેતો હતો. તેની સ્ત્રી પ્રિયમતી ગમેતેમ કરીને ગરીબીમાં દિવસો વિતાવતી. તેને તેર છોકરાં હતાં. સૌથી નાના છોકરા સોમનો જન્મ થયો ત્યારે બાર વર્ષનો દુષ્કાળ પડ્યો. તેમાં બ્રાહ્મણ–બ્રાહ્મણી અને બીજાં સૌ છોકરાંઓ મરી ગયાં. લોકોની દયાથી સોમ મોટો થયો. તે એક જુગારી સાથે રખડતો અને સ્મશાનના લાડવાથી

પેટ ભરતો. રાત્રે આશાપુરી દેવીના મંદિરમાં તે સૂઈ રહેતો. દેવીની મૂર્તિને ઊંધી નાંખી મંદિરના દીવામાંથી ઘી લઈ મૂર્તિની પીઠ પર તે આટામાં ભેળવી, દેવીના મસ્તક પર પગ દઈને જમતો. આથી ક્રોધે ભરાયેલી દેવીએ મોંમાંથી લાંબી જીભ કાઢી. એ જોઈ લોકો દેવીના પ્રકોપથી ભયભીત થયા. લોકોએ દેવીને પ્રસન્ન કરવા નૈવેદ્ય કર્યાં; છતાં તેણે જીભ પાછી ન ખેંચી. છેવટે સોમે લોકો પાસેથી સો સોનૈયા લઈને દેવીની જીભ અંદર લેવડાવી લેવાનું માથે લીધું. તેણે જીભ અંદર ન લે તો દેવીને મૂશળથી કચડી નાખવા ધમકી આપી. ડરીને દેવીએ જીભ અંદર લઈ લીધી. સોમને એ લાગ ફાવી ગયો. એક દિવસ મોટો પથ્થર લઈ દેવી સામે ઉગામીને તે બોલ્યો : 'મને ઘણું ધન આપ, નહીંતર તારી મૂર્તિના ચૂરા કરી નાખીશ'. દેવીએ ડરી જઈને એક હાર આપ્યો અને કહ્યું : 'હવે જો તું કંઈ માગીશ તો પ્રાણ લઈશ.' સોમ સોનૈયા અને હાર જુગારમાં હારી ગયો. ધન રળવા તે ત્યાંથી વિદેશ ચાલ્યો. કેટલાક દિવસે તે વિંધ્યના જંગલમાં પહોંચ્યો. ત્યાં ભમતાં તેણે એક સ્થળે ઋષભજિનની પ્રતિમા જોઈ. પછી તેના મનમાં ભક્તિભાવ જાગતાં મૂર્તિને ઉચ્ચાસને સ્થાપી તેની નિત્ય પૂજા કરવા લાગ્યો. એક દિવસ અતિ આહાર કરવાથી સોમના પેટમાં શૂળ ઊપડી અને તેનું મરણ થયું. તે રત્નશેખર નામે યક્ષ થયો. પોતાનો આગલો ભવ સ્મરીને તેણે ઉપકારવશ થઈ, વિંધ્યવનમાં એ જ સ્થળે દેવળનું નિર્માણ કર્યું. તેમાં પોતાની મૂર્તિ સ્થાપી અને તેના મસ્તક પર ઋષભજિનની મૂર્તિ બનાવી. તેથી એ પ્રતિમા જિનશેખરને નામે પ્રસિદ્ધ થઈ. 'હું રત્નશેખરની પરિચારિકા કનકપ્રભા દાસીને લઈ નિત્ય પૂજા કરવા આવું છું.' ચંદ્રશેખર વાત સાંભળી આનંદ પામ્યો.

કનકપ્રભાએ ચંદ્રશેખરને વિઘ્નહર એક જડીબુટ્ટી ભેટ આપી. તે લઈને ચંદ્રશેખર રેવા નદી ઊતરી સામે કાંઠે પહોંચ્યો. તેણે નદીની રેતીમાં પ્રાણીઓનાં પગલાંની શ્રેણી વચ્ચે એક સ્ત્રીનાં પગલાં જોયાં. તેને કૌતુક થયું. ઝડપથી આગળ જઈને જોયું તો પ્રાણીઓનાં ટોળાંઓની વચ્ચે વલ્કલ પહેરેલી એક નવયૌવના ચાલતી હતી. તેની આગળ એક પોપટ શાસ્ત્રવચન બોલતો ચાલતો હતો. વૃક્ષ નીચે તે પ્રાણીઓ સાથે ઘાસ પર બેઠી ત્યારે ચંદ્રશેખરે તેની પાસે જઈને પૂછ્યું : 'તમે પશુઓની સાથે કેમ રહો છો ?' પોપટે તેનો ઉત્તર આપતાં કહ્યું : 'મારી સ્વામિની પશુપક્ષીની સંગતમાં ઊછરી હોવાથી પુરુષો પ્રત્યે શંકાથી જુએ છે. એટલે તેને બદલે હું તેમનો વૃત્તાન્ત કહું છું" :

**૧૧.** નર્મદા નદીના દક્ષિણ તટે ગાઢ જંગલમાં એક માળામાં એક પોપટીને બચ્ચું અવતર્યું. તે મોટું થતાં એક વાર પારધીને હાથે પકડાયું. પારધીએ ભીલનાયકને અને તેણે ભરૂચના ભૃગુરાજાને તે ભેટ આપ્યું. એ પોપટ તે હું પોતે. ભૃગુરાજાએ મને રાજકુંવરી મદનમંજરીને રમવા કાજે આપ્યો. મદનમંજરીએ મને અનેક શાસ્ત્ર શીખવ્યાં. એક દિવસ નગરમાં આવી પહોંચેલા એક જ્ઞાની મુનિને વંદન કરવા રાજા મદન-મંજરીને અને મને સાથે લઈને ગયા. તે વેળા મુનિને વંદન કરવા આવેલા બે વિદ્યાધરોએ નર્મદાનદીને કાંઠેના વનમાં પશુઓના ટોળામાં રખડતી એક યુવતીને જોયાની વાત કરી, અને એ કોણ છે તે મુનિ પાસે જાણવા માગ્યું. મુનિએ કહ્યું : 'પદ્મપુરના પદ્મરાજાને ત્યાં જન્મેલી પુત્રીનું કોઈએ અપહરણ કરીને તેને નર્મદાકાંઠેના વનમાં ત્યજી દીધી. ત્યાં પાસે જ એક હરણીએ બચ્ચું પ્રસવ્યું. એ બચ્ચું અને પદ્મરાજાની પુત્રી હરણીને ધાવીને ઊછર્યાં. જંગલમાં મોટી થયેલી હોઈને એ કન્યા પશુઓની સંગતમાં જ રહેવા લાગી. એ એણિકા નામે જાણીતી છે.' પછી મુનિના કહેવાથી હું એ વનમાં જઈને એણિકાને મળ્યો. એને મનુષ્યનો વિવેક શીખવીને મેં શાસ્ત્રજ્ઞાન આપ્યું. પછી મેં તેને સમજ પાડી : 'તું હરણીનું બાળ નથી. તું તો પદ્મપુરના રાજાની પુત્રી છે'. પણ વનવાસથી ટેવાયેલી હોવાથી તેને મનુષ્યની વસતિમાં જવાનો ડર છે. એ પછી ચંદ્રશેખરના વર્તનથી વિશ્વસ્ત બની અને તેની સાથે પરિચય વધ્યો. ચંદ્રશેખરે તેને મૃગસુંદરી નામ આપ્યું. ત્રિલોચનાદેવીને સ્મરીને તેને માટે વસ્ત્ર મંગાવ્યાં. વિમાનની રચના કરી તેમાં બેસાડી ચંદ્રશેખર મૃગસુંદરીને પદ્મપુર લઈ ગયો. પોપટે આગળથી જઈને પદ્મરાજાને સમાચાર આપ્યા હતા. રાજારાણીએ મૃગસુંદરીને હરખનાં આંસુથી નવરાવી. પોપટે ભરૂચ જઈને ભૃગુરાયને બધી વાત જણાવી. ભૃગુરાય મદનમંજરીને લઈને પદ્મપુર આવ્યો. મોટા ઉત્સવ સાથે મદનમંજરી અને મૃગસુંદરીને ચંદ્રશેખર સાથે પરણાવી.

**૧૨.** એક વાર ભરૂચના રાજાએ કુંવરને મોકલીને ચંદ્ર-શેખરને મળવા બોલાવ્યો. મૃગસુંદરીને પિયર રહેવાનું કહીને વીરસેન ભરૂચ આવ્યો. ત્યાં રહેતાં એક દિવસ ઉદ્યાનમાં આવી રહેલા જયસેન મુનિએ ધર્મોપદેશ દઈને પછી દાન વગેરે ધર્મનો મહિમા દર્શાવતી ચિત્રસેન અને પદ્માવતીની દૃષ્ટાંત-કથા કહી.

(એ દૃષ્ટાંતકથા માટે જુઓ : આ કથાકોશમાં **ચિત્રસેન અને પદ્માવતી**)

**૧૩.** હવે પદ્મપુરમાં રહેલી મૃગસુંદરીનું એક વાર મનોવેગ વિદ્યાધર અપહરણ કરીને તેને હિમાલયની ગુફામાં લઈ ગયો. તે અમોઘ બાણ અને મોહિની વિદ્યાની સાધના કરતો હતો

અને તે માટે એક પદ્મિની સ્ત્રીની જરૂર હતી. બાર દિવસમાં એ બંને વાનાં સિદ્ધ થશે ત્યારે મૃગસુંદરીને પટરાણી બનાવવાનો પોતાનો ઇરાદો પણ તેણે જણાવ્યો. મૃગસુંદરીએ સતી તરીકે તેની નિર્ભર્ત્સના કરી. ચંદ્રશેખરને આ બનાવની જાણ થતાં તેણે જશોમતી જોગણી પાસેથી મૃગસુંદરીનો પત્તો મેળવ્યો. પછી હિમાલયની એ ગુફામાં પહોંચી મનોવેગને અજય ખડ્ગના પ્રહારે હણીને મૃગસુંદરી સાથે વિદ્યાબળે નિર્મિત કરેલા ગગનગામી રથમાં બેસીને ચંદ્રશેખર પદ્મપુર આવ્યો. ત્યાં આનંદવિનોદમાં દિવસો ગાળતાં એક વાર ચંદ્રશેખર મૃગસુંદરી સાથે વનવિહારે ગયો. ત્યાં એક સોનેરી મોર જોઈને મૃગસુંદરીએ તેને પકડી લાવવા કહ્યું. ચંદ્રશેખરને પકડવા આવતો જોઈને મોર નાઠો. ચંદ્રશેખર તેની પાછળ પાછળ દૂર સુધી ગયો. પછી તે મોર ઊડ્યો. ચંદ્રશેખર તેને પકડી તેના પર સવાર થયો. મોર હજારો યોજન સુધી ઊડી પછી ચંદ્રશેખરને યમુના નદીમાં પછાડી નાસી ગયો. ચંદ્રશેખર તરીને બહાર આવ્યો. પછી મથુરાનગરીમાં પહોંચી એક ઉદ્યાનમાં આવેલા જ્ઞાની સાધુનાં દર્શને તે ગયો. તેણે ખુલાસો કર્યો કે ચંદ્રશેખરને સોનેરી મોરનું રૂપ ધારી ઊંચકી લઈ જનાર એક વ્યંતરી હતી. આગલા જન્મના વેરને કારણે ચંદ્રશેખરને મારી નાખવાનો તેનો પ્રયાસ હતો. પણ પુણ્યબળે તે બચી ગયો હતો. વાતપ્રસંગમાં મુનિએ ઘરવ્યવહારમાં મૂર્ખપણા વિશે મૂર્ખ બ્રાહ્મણનો ટુચકો કહ્યો :

(ટુચકા માટે જુઓ આ કથાકોશમાં : '**ઊંઘ વેચી ઉજાગરો લીધો**)

મુનિ પાસેથી નીસરી ચંદ્રશેખર યમુનાને તીરે વૃક્ષઘટામાં ફરતો હતો ત્યારે તેણે એક ઝાડની ડાળે રત્નજડિત સોનાની મૂઠવાળી તલવાર લટકતી જોઈ. આસપાસ તપાસ કરતાં તેનો કોઈ ધણી દેખાયો નહીં. એ અદ્ભુત તલવારની ધારની પરીક્ષા કરવા ચંદ્રશેખરે હાથમાં લઈને તેના વડે વાંસના ઝૂંડને પ્રબળ ઝાટકો દીધો, એટલે લોહીની ધાર પડતી તેણે દીઠી. અંદર તપાસ કરતાં તેણે હવનકુંડ અને કોઈનું કપાઈ પડેલું મસ્તક જોયું. પોતે અજાણતાં કોઈ મંત્રસાધકનો વધ કર્યાનો તેને ભારે પસ્તાવો થયો. આગળ ચાલતાં તેણે એક વૃક્ષ પાસે ઊભેલી સુંદર યુવતીને જોઈ. પૂછતાં તેણે પોતાનો વૃત્તાંત કહ્યો : 'વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણિમાં આવેલી વિજયાપુરીના વિદ્યાધર રાજા હરિબળને બે પુત્ર અને આઠ પુત્રીઓ છે. એ આઠમાં હું સૌથી મોટી ચંદ્રાવલી છું. બીજી છપ્પન વિદ્યાધર કન્યાઓ મારી સખીઓ છે. અમે ચોસઠ જણીઓએ કોઈ એક જ વરને વરવો એમ નક્કી કર્યું. એક વાર વિદ્યાધરકુમાર મણિચૂડે અમારા પિતા હરિબળ પાસે અમારા હાથની માગણી કરી. પિતાએ કન્યાઓ ઇચ્છાવર સાથે પરણવાની હોવાથી તેની માગણી નકારી. મણિચૂડે વિજયાપુરી પર આક્રમણ કર્યું. મારા પિતાને પકડી લઈ ગયો અને તેને કારાગૃહમાં પૂર્યા. પછી જ્ઞાની મુનિને મારી માતાએ પૂછતાં તેણે કહ્યું કે, જે પુરુષ તારા બંને પુત્રનો વધ કરશે તે તારી આઠ પુત્રીઓનો સ્વામી થશે અને તે તારા પતિને છોડાવશે. તે પછી મારા બંને ભાઈઓને યમુના કાંઠે મહેલ બનાવી અમને અહીં લાવીને રાખી. એક ભાઈ ગિરિગુફામાં કોઈ પદ્મિની સ્ત્રીને લાવી રાખીને વિદ્યા સાધે છે. બીજો ભાઈ અહીં વાંસજાળની અંદર શત્રુથી અજેય ચંદ્રહાસ ખડ્ગ મેળવવા સાધના કરે છે. અમે ચોસઠ જણીઓ એક વાર કામદેવને મંદિર નૃત્ય કરવા ગયેલી, ત્યારે સ્નાન કરીને આવતાં મંદિરમાં રહેલા કોઈ પુરુષે અમારાં વસ્ત્રાભૂષણ સંતાડી દીધાં. પછી અમે ખડ્ગ અને રત્નકંચુક ભેટ આપીને તે પાછાં મેળવ્યાં. તમારું મોં એ પુરુષને જ મળતું છે. હું અહીં ચંદ્રાહાસની સાધના કરતા મારા ભાઈની ખબર લેવા આવી છું.' એટલે ચંદ્રશેખરે એના બંને ભાઈઓનો પોતાને હાથે વધ થયાની વાત કહી. જે નિર્મિત હતું તે થયું એમ બંનેએ મન વાળ્યું. પછી ચંદ્રાવલી બોલી : 'હું મહેલમાં જઈ ચંપકમાલાને આ વાત કરું છું. જો તે તમારા પર અનુરક્ત હશે, તો હું બારીમાંથી રાતી ધજા ફરકાવીશ અને તમે ત્યાં આવી પહોંચજો. જો તે વિરક્ત હશે તો પીળી ધજા ફરકાવીશ અને તમે જ અહીંથી જતા રહેજો,' એમ કહીને ચંદ્રાવલી મહેલમાં ગઈ. થોડી વારે બારીમાંથી પીળી ધજા ફરકતી જોઈને ચંદ્રશેખર ત્યાંથી ચાલી નીકળ્યો. અને એક તિલકવૃક્ષની નીચે જઈ નિદ્રાધીન થયો. તે જાગ્યો ત્યારે તેણે ચતુરંગ સેના સાથે વિદ્યાધર રાજા રત્નચૂડ અને કનકચૂડ તેની સેવામાં ઉપસ્થિત જોયા. જ્ઞાની મુનિએ તેમને કહ્યું હતું કે તેમની છસો છત્રીશ કન્યાનો વર યમુનાકાંઠે તિલકવૃક્ષ નીચે જે પુરુષ સૂતેલો છે તે થશે. પછી એ કન્યાઓ સાથે ચંદ્રશેખરનો ત્યાં વિવાહસમારંભ કર્યો. બીજે દિવસે ચંદ્રશેખર સહિત સૌ વૈતાઢ્ય પર્વત પર વિદ્યાધરોના નગરે પહોંચ્યાં. ચંદ્રશેખરને તેના બંને સસરાએ એક હજાર વિદ્યા આપી.

એક વાર ચંદ્રશેખર તીર્થયાત્રાએ નીકળ્યો. એક તીર્થસ્થાને વડ નીચે રાતવાસો કરી રહેલા ચાર યુવાન મુનિઓને જોઈ ચંદ્રશેખરે તેમને આત્મવૃત્તાંત કહેવા વિનતી કરી. તેમણે પોતાનો વૃત્તાંત આ પ્રમાણે કહ્યો. (આ માટે જુઓ: આ કથાકોશમાં **વિદ્યાચતુર અને બુદ્ધિચતુર શીલવતી**)

આત્મવૃત્તાંતનો ઉપસંહાર કરતાં મુનિઓએ કહ્યું : 'શીલવતીએ જે ચાર પ્રધાનોને પાઠ શીખવેલો અને જેમણે પછી સંસારત્યાગ કર્યો તે જ આ અમે ચાર જણ છીએ.'

**૧૪.** જયપુરના જયરથ રાજાના પ્રધાન દત્તની પુત્રી શૃંગારમંજરી જુવાન વયે પહોંચતાં છકી ગઈ હતી. પુરુષોને આકર્ષવા તે અનેક ચેનચાળા કરતી. તેને જોઈને રાજા તેના પર મોહી પડ્યો. પરણીને સાત માળના મહેલમાં તેને માનીતી રાણી તરીકે રાખી. એક વાર ધનંજય નામે વણિકપુત્ર મહેલ નીચેથી પસાર થતો હતો, ત્યારે શૃંગારમંજરીની અને તેની દૃષ્ટોદૃષ્ટ મળી. શૃંગારમંજરીએ ચિઠ્ઠી લખીને નીચે નાખી. તેનું મન જાણીને ધનંજયે નગરબહારના ઉદ્યાનથી શૃંગારમંજરીના મહેલ સુધી સુરંગ તૈયાર કરાવી. બંને તેની મારફત આવજા કરીને હળતાં–મળતાં. રાજાએ એક વાર તેને ઉદ્યાનમાં પરપુરુષની સંગતમાં જોઈ. પણ ચેતી ગયેલી રાણી પાછી આવીને મહેલના ગોખમાં બેસી ગઈ હતી. તેને ત્યાં જોઈ રાજાની શંકા ટળી. એવું જ બીજી વાર નૃત્યપ્રયોગ જોતાં પણ બન્યું. ત્યારે ચેતેલી શૃંગારમંજરી સુરંગ દ્વારા જલદી પાછી ફરીને પોતાની શય્યામાં સૂઈ ગઈ. પછી એક વાર રાજારાણી વનવિહારે ગયાં. લતામંડપમાં સૂતાં હતાં ત્યારે શૃંગારમંજરી સર્પદંશથી મૃત્યુ પામી. તેની પરના પ્રેમને કારણે રાજા તેની સાથે બળી મરવા તૈયાર થયો. એટલામાં આકાશમાં પસાર થતા એક વિદ્યાધરે આ જોઈ તેને અટકાવીને શૃંગારમંજરીને મંત્રેલું જળ છાંટી સજીવન કરી. તે પછી રાજારાણી મંડપમાં સૂતાં હતાં ત્યારે ધનંજય ત્યાં આવ્યો. શૃંગારમંજરીએ તેને કહ્યું: 'ચાલ આપણે નાસીને બીજે દેશ જતાં રહીએ.' પણ ધનંજયે ડર બતાવ્યો કે રાજા આપણને પકડી પાડ્યા વિના રહેશે નહીં, એટલે શૃંગારમંજરી સૂતેલા રાજાનું તલવારથી ગળું કાપવા તૈયાર થઈ. પણ ધનંજયે ત્યારે સમજાવીને તેને અટકાવી. અને પછી ધનંજયને થયું કે આ સ્ત્રી આગળ જતાં મારી પણ આવી દશા કરશે. તેને સંસાર પર વૈરાગ્ય આવ્યો અને દીક્ષા લઈને તે સાધુ બની ગયો. એ ધનંજય તે હું અને આ ભૂલો પડીને અહીં આવેલો છે તે શૃંગારમંજરીનો પતિ રાજા જયરથ. એ વૃત્તાંત સાંભળી જયરથને પણ સંસાર પર વૈરાગ્ય આવ્યો. પણ તેની વનમાળા નામે રાણીની બે જુવાન પુત્રી રતિ અને પ્રીતિને પરણાવ્યા પછી સાધુ બનવાનું તેણે જણાવ્યું. તેના નિમંત્રણથી ચંદ્રશેખર જયપુર ગયો. રતિ અને પ્રીતિએ પોતે પૂછેલા પ્રશ્નના જે સાચા ઉત્તર આપે તેને જ પરણવાની પ્રતિજ્ઞા કરેલી. તે પ્રમાણે તેમણે ચંદ્રશેખરને પંદર પ્રશ્નો પૂછી તે બધાનો એક જ ઉત્તર આપવા કહ્યું. ચંદ્રશેખરે 'પાલી નહી' એવો ઉત્તર આપ્યો, જેમાં "પાલી" શબ્દના જે પંદર અર્થ છે, તેમાં પંદરેય પ્રશ્નના ઉત્તરો આવી જાય છે. એટલે રતિ અને પ્રીતિ ચંદ્રશેખરને વરી. રાજાએ શૃંગારમંજરીને બોલાવી તેના ભ્રષ્ટ ચરિત્રને લીધે પોતાને વૈરાગ્ય આવ્યો છે, એમ કહીને તેને પિયર મોકલી દીધી.

એક વાર જયરથ અને ચંદ્રશેખર જળક્રીડા કરવા ગયા. નદીમાં નૌકાવિહાર કરતા હતા, ત્યાં એક દિવ્ય વસ્ત્રાભૂષણ ધારણ કરેલ પુરુષને જળપ્રવાહ ઉપર જોઈને તેને પકડવા તેની પાછળ નાવ હંકારી. પેલો પુરુષ આગળ અને આગળ ગતિ કરી રહ્યો. ઘણે દૂર ગયા પછી જયરથના હાથમાં તેનો ચોટલો આવતાં તેણે તે પકડીને ખેંચ્યો. એટલે પેલા પુરુષનું માત્ર માથું છૂટું પડી તેના હાથમાં આવ્યું. તેનું ધડ અદૃશ્ય થઈ ગયું. જયરથે ચોટલો પકડી રાખી માથું પાણીમાં નાખ્યું, એટલે તેની સાથે પેલા પુરુષનું ધડ જોડાઈ ગયું. એટલું જ નહિ, તે પુરુષ બે માથાળો બની ગયો. વિસ્મય પામી જયરથે તેને પૂછ્યું: 'તમે કોણ છો ?' પેલા પુરુષના એક મુખે કહ્યું: 'અમે દેવસ્વરૂપ છીએ.' ત્યારે બીજા મુખે કહ્યું: 'પ્રજાપાલક રાજવી થઈને તમે કોઈને ચોટલેથી પકડી ખેંચો એ તો ભારે અન્યાય !' જયરથે ચોટલો છોડી દીધો, એટલે પેલો પુરુષ હાથી બની ગયો. જયરથ અને ચંદ્રશેખર તેના પર આરૂઢ થયા. હાથી અંતરિક્ષમાં ઊડ્યો અને બંનેને એક વનમાં ઉતારીને ચાલ્યો ગયો. ત્યાં એક મુનિનો તેમને ભેટો થયો. તેમની પાસેથી ખુલાસો મળ્યો કે તેમને વનમાં લાવી મૂકનાર દિવ્ય પુરુષ જયરથનો ગુરુબંધુ હતો. તેના તપના ફળે તે દેવ તરીકે અવતર્યો હતો અને જયરથને સંયમ તરફ વાળવા તેમને લઈ આવ્યો હતો. એ સાંભળીને જયરથે દીક્ષા લીધી. ચંદ્રશેખર જયપુરનો રાજા બન્યો.

**૧૫.** એક વાર એક પુરુષ અંતરિક્ષથી ઊતરીને ચંદ્રશાળામાં બેઠેલા ચંદ્રશેખર પાસે આવીને બોલ્યો: 'મારા ગુરુના કહેવા પ્રમાણે મારે મંત્રવિધિ કરીને મલયપર્વત ઉપરથી ચાર ચમત્કારી ઔષધિ મેળવવી છે. પણ ત્યાંનો ક્ષેત્રપાળ વિઘ્ન કરે છે. મારા સિદ્ધ ગુરુ પગે કરેલા ઔષધિલેપથી એક સાથે સો યોજન આકાશમાર્ગે વિચરી શકે છે. તેમની કૃપાથી મને એ રીતે એક યોજન સુધી જવાની શક્તિ મળી છે. મારે સુદ આઠમને દિવસે સાધના કરવાની છે. આજે વદ ચૌદશ છે. તો તમે ત્યાં ઉત્તરસાધક તરીકે મારી સહાય કરવા આવો એવી મારી વિનંતી.' ચંદ્રશેખરે તેની વિનંતી માન્ય રાખી. પેલો વિદાય થયો. ચંદ્રશેખર સાતમને દિવસે મલયગિરિ પહોંચ્યો. મંત્રસાધના કરતા શિષ્યની તે ચોકી કરતો હતો ત્યારે અદૃશ્ય રહીને ક્ષેત્રપાલે કહ્યું: 'હું કોઈને ઔષધિ ચોરી લઈ જવા નહીં દઉં. તું હાથે કરીને મોતના મોંમાં ન પેસ. અહીંથી ચાલ્યો જા.' ચંદ્રશેખરે તેને યુદ્ધનું આહ્વાન આપ્યું. બંને

જણ વિદ્યાબળે જાતજાતનાં પ્રાણીઓનું રૂપ ધરી લડ્યા. ક્ષેત્રપાલે તાલપિશાચનું રૂપ ધર્યું. પણ ચંદ્રશેખરે તેને પરાસ્ત કર્યો. પછી પેલા શિષ્યને ચમત્કારી ઔષધિઓ આપવાનું ચંદ્રશેખરે ક્ષેત્રપાળને કહ્યું. ક્ષેત્રપાળ બોલ્યો: 'તું જાણતો નથી કે એ શિષ્ય ભારે કપટી અને ધૂર્ત છે. ગુરુને છેતરીને તેણે ગુપચુપ ઔષધિકલ્પ ઉતારી લીધો. ગુરુએ એનો ત્યાગ કર્યો છે. પછી તે એક ભીલડીને રાખી બેઠો છે અને મુનિવેશે ઠગવિદ્યાથી લોકોનું ધન હરીને એ ભીલડીનું ઘર ભરે છે. ઘર ધનથી ભરાઈ જતાં એ ભીલડી એનો પ્રાણ લેશે. અતિલોભ વિનાશકારી હોય છે.' એમ કહીને ક્ષેત્રપાળે તે સંબંધમાં કૃપણ શૃંગદત્ત શેઠની દૃષ્ટાંતકથા કહી. (એ માટે જુઓ આ કથાકોશમાં **કૃપણ શેઠ શૃંગદત્ત**)

પછી બંને જણ પેલા શિષ્યની પાસે આવ્યા. 'ચંદ્રશેખરના કહેવાથી તને ચાર ઔષધિ હું આપું છું. પણ તારી સાચી ગુરુભક્તિ હશે તો જ તે ફળશે.' એટલું શિષ્યને કહી જરૂર પડ્યે સંભારવાનું કહીને ક્ષેત્રપાળ અદૃશ્ય થયો. એ ચાર ઔષધિના ગુણો આ પ્રમાણે હતા : એક ઔષધિ રોગહર અને વિષહર હતી. બીજીનો રસ આંખે આંજતાં આંધળો દેખતો થાય અને દિવ્ય દૃષ્ટિ મળે. ત્રીજી સંજીવની બુટ્ટી નિર્જીવને સજીવન કરે અને સૂકા વૃક્ષને પલ્લવિત કરે. ચોથી બુટ્ટી પશુ સૂંઘે તો મનુષ્ય બની જાય અને મનુષ્ય સૂંઘે તો પશુ બની જાય. પછી પેલા શિષ્યની સાથે ચંદ્રશેખર મલયગિરિ ઉપરથી ઊતરી આગળ ચાલતાં ભૂતાટવીમાં પેઠો. ત્યાં તેણે એક સુંદર બાળાને વૃક્ષની ડાળે હીંચકતી જોઈ. ચંદ્રશેખરને જોઈને તે નાસી ગઈ. તેની પાછળ પાછળ ચંદ્રશેખર તાપસ આશ્રમમાં પહોંચ્યો. ત્યાં અંદર એક પલંગ પર એક સૂવરને બેઠેલો અને એક વૃદ્ધ તપસ્વીને તેની સેવા કરતો તેણે જોયો. ચંદ્રશેખરે તેને એ તપસ્વી વિશે તથા પોતે જોયેલી બાળા વિશે વીરસેન નામના તપસ્વીને પૂછ્યું. તેણે તેમનો તથા તેમની સાથે સંકળાયેલો પોતાનો વૃત્તાંત કહ્યો :

રાજપુરના સૂર્યકાન્ત રાજાનો પ્રધાન વીરસેન તીર્થયાત્રાએથી પાછો ફરતાં વિજયપુરના પ્રધાન નયમતિને ત્યાં રોકાયો. નયમતિએ તેને પોતાની પુત્રી રૂપાલી પરણાવી. રૂપાલી ગોવિંદ નામના ગોવાળ સાથે પેધેલી હોઈ વળાવતી વખતે તેણે માંદી પડ્યાનો ઢોંગ કર્યો. સાજી થયે તેડું કરવા આવવાનું કહી વીરસેન વિદાય થયો. રૂપાલી તરત સાજી થઈને પોતાના પ્રેમી સાથે રંગરાગ કરતી રહી. પછી વીરસેન તેનું તેડું કરવા આવ્યો, ત્યારે તેણે કોઈ વળગાડ વળગ્યાનો ઢોંગ કર્યો. વીરસેન તેને લીધા વગર પાછો ફર્યો. વીરસેને તેના મિત્ર રવિદત્ત વણિકને આ વાત કરી. રવિદત્તે તેને રૂપાલી કોઈના પ્રેમમાં હોવાથી ઢોંગ કરીને આવવાનું ટાળતી હોવાનો પોતાને પાકો વહેમ હોવાનું જણાવ્યું અને એ સંબંધમાં કુલટા બ્રાહ્મણીની દૃષ્ટાંતકથા કહી. (એ દૃષ્ટાંતકથા માટે જુઓ આ કથાકોશમાં **કુલટા બ્રાહ્મણી**) પણ રૂપાલીના મોહમાં આંધળા વીરસેનને તેની વાત ગળે ન ઊતરી. દરમિયાન રૂપાલીએ એક જોગણીને રીઝવીને તેની પાસેથી એક મંત્રેલો લોઢાનો કાંઠલો મેળવ્યો. એ કાંઠલો જે માણસ પહેરે તે વાનર બની જાય. થોડા વખત પછી વીરસેન ફરીથી રૂપાલીને તેડવા આવ્યો. રૂપાલીએ તેના પ્રત્યે કપટપ્રેમ બતાવ્યો. તેના કહેવાથી વીરસેને વિદાય લેતી વેળા સસરા પાસે ગોવિંદ ગોવાળને પોતાની સેવા કરવા માગી લીધો. વીરસેન રૂપાલીને લઈને રક્ષકો સાથે જતો હતો ત્યારે રસ્તામાં એક વનમાં રૂપાલીને નાગ ડસ્યો. તેને નિર્જીવ બનેલી જોઈ, વીરસેન તેની સાથે બળી મરવા તૈયાર થયો. પણ ત્યાં એક મુનિમહારાજે આવીને ગુરુમંત્રનો પાઠ કર્યો, એટલે ગરુડે નાગને બોલાવી ઝેર ચુસાવી રૂપાલીને સજીવન કરી. આગળ ચાલીને સૌ એક નદીતીરે વિશ્રામ કરવા રોકાયાં. રૂપાલીના કહેવાથી વીરસેન કોઈ પણ રક્ષકને સાથે લીધા વિના રથ હાંકવા માત્ર ગોવિંદને લઈને રૂપાલી સાથે વનમાં ફરવા નીકળ્યો. ઘણો સમય થયો છતાં તેઓ પાછાં ન ફર્યાં એટલે રક્ષકોએ તપાસ કરી. વીરસેનનું ખડ્ગ ભોંય પરથી મળ્યું, પણ તે સિવાય પેલા ત્રણ જણમાંથી કોઈનો પત્તો ન લાગ્યો. રક્ષકોએ રાજપુર પાછા ફરી જે બન્યું તે રાજાને જણાવ્યું. રાજાએ માણસો મોકલી શોધખોળ કરાવી, પણ કશું પરિણામ ન આવ્યું. એ વાતને સાત વરસ વીતી ગયાં. એક વાર રાજદરબારમાં એક બાજીગર વાનરોનો ખેલ બતાવવા આવ્યો. ખેલ કરતા વાનરોમાં જે મુખ્ય હતો, તે રાજાના પગે પડીને આંસુ સારવા લાગ્યો. રાજાએ તેની ખાસ સારસંભાળ લેવરાવી. તેને શણગારવા સોનાનાં ઘરેણાં ઘડાવ્યાં. ઘરેણાં પહેરાવવા જતાં એ વાનરના ગળામાં રહેલો લોઢાનો કાંઠલો જોયો. તે કપાવીને કાઢતાં જ વાનર વીરસેન પ્રધાન બની ગયો. તેણે પોતાનો વૃત્તાંત કહ્યો : 'રૂપાલીને લઈને હું એક લતામંડપમાં ગયો. ત્યાં તેણે મને કહ્યું કે, એક જોગણીને રીઝવીને તેણે મંત્રેલો કાંઠલો મેળવ્યો હતો. એ પહેનારને કશો રોગદોગ કે જાતજોખમ ન આવે. પછી સુરતક્રીડા કરીને હું ત્યાં ઊંઘી ગયો. જાગ્યો ત્યારે મારા ગળામાં તેણે કહેલો કાંઠલો હતો અને હું વાનર બની ગયો હતો. રૂપાલી ગોવિંદ સાથે રથમાં નાસી ગઈ હતી. મેં દોડીને તેમનો પીછો કર્યો. ગોવિંદે મને તલવારનો ઝાટકો દીધો અને હું નીચે પડ્યો. પછી એક દિવસ બાજીગરે મને પકડ્યો. નાચ શીખવી ગામેગામ ખેલ કરતાં તમારી પાસે આવ્યો. તમે મને ફરી માણસ બનાવ્યો'. એટલે રાજાએ તેને આશ્વાસન

આપી વિચિત્ર કર્મપરિણામ પર સુદર્શનકુમારની દૃષ્ટાંતકથા કહી. (એ દૃષ્ટાંતકથા માટે જુઓ આ કથાકોશમાં **સુદર્શનકુમાર**)

પેલી તરફ રૂપાલી અને ગોવિંદ ઉપર વનમાં ભીલ લૂંટારા ત્રાટક્યા. ગોવિંદ નાસી છૂટ્યો. રૂપાલીને ભીલોના મુખીએ પોતાની માનીતી પત્ની બનાવી. એક વાર એક ભિખારી રૂપાલી પાસે ભીખ માગવા આવ્યો, ત્યારે રૂપાલીએ અને ગોવિંદે એકબીજાને ઓળખી લીધાં. રૂપાલીએ ગોવિંદને ચામુંડાના મંદિરમાં આશરો લેવા કહ્યું. પછી રૂપાલીએ પેટમાં ચૂંક આવ્યાનો ઢોંગ કરીને ચૂંક મટે તો ચામુંડાની પૂજા કરવાની માનતા રાખી. ચૂંક મટી ગયાનું કહી ભીલધણીને સાથે લઈને તે માતાની પૂજા કરવા ગઈ. પૂજા પૂરી થતાં, ખડ્ગ પોતાના હાથમાં આપવાનું કહી, ધણીને માતાને સાષ્ટાંગ પ્રણામ કરવા કહ્યું. જેવું તેણે માથું નીચું નમાવ્યું તેવો ખડ્ગપ્રહારે તેનો ઘાત કરીને રૂપાલી ગોવિંદ સાથે ભાગી નીકળી. વનમાં વડ નીચે રાત ગાળતાં, ગોવિંદને વાઘ ઉઠાવી ગયો. રૂપાલી વડ ઉપર ચડીને વિલાપ કરતી હતી, ત્યાં તેણે નદીને સામે કાંઠે કોઈને મધુર કંઠે ગીત ગાતો સાંભળ્યો. નદી પાર કરીને તે ગાનાર જોગી પાસે પહોંચી. તે પાંગળો હતો. રૂપાલીએ તેને ધણી તરીકે સ્વીકાર્યો. થોડાક વખત પછી તેને ટોપલામાં ઘાલીને તે ગામેગામ ફરવા લાગી. બંને જણ ગીત ગાઈ ભીખ માગીને ગુજરાન ચલાવતાં રહ્યાં. રાજાને અને વીરસેનને સંસાર પર વૈરાગ્ય આવ્યો. વીરસેન અને રાજાએ રાણી સાથે તાપસી દીક્ષા લીધી. તે વેળા રાણી ગર્ભવતી હતી, પણ દીક્ષા લેવાનું અટકશે એ કારણે તે બોલી નહીં. પૂરે દિવસે આશ્રમમાં તેને પુત્રી અવતરી. તેનું નામ કનકવતી પાડ્યું. ચંદ્રશેખરે જેને જોઈ તે આશ્રમના કુલપતિની એ કનકવતી પુત્રી હતી. કનકવતી યુવાન થઈ. તેનો પિતા કે જે આશ્રમમાં કુલપતિ હતો અને જેણે પલ્યંક–વિદ્યા સિદ્ધ કરી હતી તે ચમત્કારી પલંગ પર બેસી દેશપરદેશમાં કનકવતીને માટે યોગ્ય વરની શોધમાં જતો. એક વાર કોઈકે આપેલા શાપથી તે સૂવર બનીને પલંગ પર પાછો આવ્યો. પોતાની દશા લખીને તેણે અમને જણાવી.' એટલું કહીને વીરસેને વૃત્તાંત સમાપ્ત કર્યો.

ચંદ્રશેખરે પોતાની પાસેની ચમત્કારી ઔષધિના પ્રયોગથી સૂવરમાંથી કુલપતિને તેમનું મૂળ સ્વરૂપ આપ્યું. કુલપતિએ કનકવતી ચંદ્રશેખરની સાથે પરણાવી. ક્ષેત્રપાલે આવીને બધી સુખસગવડ સાથે એક વૈભવી આવાસ બનાવી આપ્યો.

એક વાર રાત્રે સાતમે માળે ચંદ્રશેખર બેઠો હતો ત્યારે આકાશમાંથી એક વિદ્યાધર કન્યા ઊતરી તેની પાસે આવી. તે મણિચૂડ વિદ્યાધરની આઠ પુત્રીઓમાંની એક રતિમાલા હતી. પહેલાં ચંદ્રશેખરને હાથે મથુરામાં યમુનાકાંઠે ચંદ્રહાસ ખડ્ગની સાધના કરતા ભાઈનો અકસ્માત્ વધ થયેલો. ત્યારે ચંદ્રશેખરને એ કન્યાને વરવાની ભવિષ્યવાણી હોવાથી તે તેમના આવાસ પાસે ચંદ્રાવલીના કહેવાથી ગયેલો. પણ અત્યારે રતિમાલાએ ખુલાસો કર્યો તે પ્રમાણે આવાસની બારીમાંથી ચંદ્રશેખરનું સ્વાગત કરતી રાતી ધજા ફરકાવવાને બદલે ચંદ્રાવલીએ આનંદના આવેશમાં ભૂલથી પીળી ધજા ફરકાવી તેથી ચંદ્રશેખર ચાલ્યો ગયેલો. તે પછી રતિમાલા તેની શોધમાં અહીંતહીં ભટકતી હતી. છેવટે અહીં તેનો આ તાપસઆશ્રમમાં પત્તો લાગ્યો, એટલે તે ચોસઠ વિદ્યાધર કન્યાઓને પરણવા તેને યમુનાકાંઠે લઈ જવા માટે આવી હતી. રતિમાલા ચંદ્રશેખરને મળવા તાપસઆશ્રમમાં આવી. તેણે વિદ્યાધર કન્યાઓને પરણવા યમુના નદીને કાંઠે આવવા ચંદ્રશેખરને વીનવ્યો. પણ કનકમાલાને તીર્થયાત્રાએ જવું હતું એટલે બે માસ પછી તેઓ આશ્રમે પાછાં ફરે ત્યારે ચંદ્રશેખરને તેડવા વિમાન મોકલશે એમ નક્કી કરી રતિમાલા વિદાય થઈ.

ચંદ્રશેખર કનકમાલા સાથે વિમાનમાં બેસી તીર્થયાત્રા કરવા નીકળ્યો. વચ્ચે તેણે વનમાં હવનકુંડ પાસે આઠ જોગીઓને અંદરઅંદર ઝઘડો કરતા જોયા. કુંડની બાજુમાં આઠ કુમારિકાઓને બલિદાન તરીકે હોમવા તૈયાર રાખેલી હતી. નીચે ઊતરીને તેણે પૂછપરછ કરી. ચંદ્રશેખર બત્રીશલક્ષણો હોવાનું જાણીને જોગીઓને તેને ભોળવી કુંડમાં હોમી સોનાનું પૂતળું સિદ્ધ કરવાનો લોભ લાગ્યો. તેને વિશ્વાસમાં લેતાં તેમણે વાત કરી કે અમારી પાસે એક મંત્રપોથી છે, તેમાં બતાવેલો વિધિ કરતાં આઠ ચમત્કારી વસ્તુ સિદ્ધ થાય: પવનપાવડી, કંથા, પાત્ર, દંડ, કાંબા, જડીબુટ્ટી અને વસ્ત્રખંડ. અમે વિધિ કર્યો પણ સફળતા ન મળી. એક કાપાલિકે કહ્યું કે, વિધિ કરવા સાથે આઠ કુમારિકા આઠ દિશામાં ભોગ દે તો જ વસ્તુ સિદ્ધ થાય. એટલે અમે એ પ્રમાણે કુમારિકાઓ લાવીને વિધિ કર્યો. હવે અમારી વચ્ચે ઝઘડો એ વાતનો છે કે સિદ્ધ થયેલી કઈ વસ્તુ કોણ રાખે? ચંદ્રશેખરે આઠ વસ્તુ મંગાવીને પોતાની પાસે રાખી અને એમનાં નામ લખી ઝઘડો પતાવવાના બહાને એમને આઘા કર્યા. પછી કુમારિકાઓ પાસેથી જાણ્યું કે, તેઓ વિમલાપુરીમાં રહેતા બ્રાહ્મણની પુત્રીઓ હતી. તે પછી ચંદ્રશેખરે ઔષધિપ્રયોગથી પેલા જોગીઓને વાંદરા બનાવી દીધા. કુમારિકાઓને પોતાની સાથે વિમાનમાં લીધી. આગળ જતાં વનમાં એક ઘરડા જોગીને રડતો જોયો. પૂછતાં તેણે કહ્યું કે, તેના આઠ ચેલા તેની પાસેથી આઠ ચમત્કારી

ચીજ પડાવી લઈને નાસી ગયા હતા. ચંદ્રશેખરે એ વસ્તુ તેને પાછી સોંપી. જોગીએ તેને રોજની પાંચસો સોનામહોર આપતી કંથા અને શત્રુસંહારક દંડ ભેટ આપ્યાં. ત્યાંથી વિમલાપુરી આવીને ચંદ્રશેખરે કુમારિકાઓને તેમના પિતાને સોંપી. પછી ત્યાંના રાજાની આંધળી પુત્રીને ઔષધિપ્રયોગથી દેખતી કરી. તેને પરણી ત્યાં જ રાખી. પછી ચંદ્રશેખર કનકાવતી સાથે જાત્રા કરીને તાપસઆશ્રમ પાછો ફર્યો. પછી વિદ્યાધરો વિમાન લઈને આવ્યા. તેમાં બેસી ચંદ્રશેખર યમુનાતીરે પહોંચ્યો. ચોસઠ વિદ્યાધર કુમારિકાઓને તે પરણ્યો. એક વાર તેની સાસુની વિનંતીથી ચંદ્રશેખરે મણિચૂડ વિદ્યાધરને યુદ્ધમાં હરાવી તેની પાસેથી સસરા હરિબળને છોડાવ્યો. આથી અનેક વિદ્યાધરોએ તેમની કન્યાઓ ચંદ્રશેખરને પરણાવી. તે વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણિના વિદ્યાધરોનો રાજા થયો.

એક વાર ત્રિલોચનાએ આવીને ચંદ્રશેખરના વિદેશવાસથી તેની માતા તથા પત્ની મૃગસુંદરી દુઃખી હોવાનું તેને જણાવ્યું. એટલે ચંદ્રશેખર નવસો સોળ વિદ્યાધર કન્યાઓ સાથે વિમાનમાં બેસી કાશી આવી પહોંચ્યો. તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. મહાસેન રાજાએ પુત્રનો રાજ્યાભિષેક કર્યો. ચંદ્રશેખરે રવિશેખરને તેડાવી પ્રધાનપદ આપ્યું અને સૂરદેવને તેડાવી સેનાપતિપદ આપ્યું.

**'ચંદ્રશેખર રાજા'**માં આવતી આડકથાઓ : મૃગબાળા એણિકા; ચિત્રસેન અને પદ્માવતી; મડદું હોવાનો ઢોંગ કરી ધન ચોરી જતો ધુતારો; આસક્ત પરપુરુષોને બુદ્ધિપ્રપંચથી ઠગતી શીલવતી; ઊંઘ વેચી ઉજાગરો લીધો; વિદ્યાચતુર અને બુદ્ધિચતુર લીલાવતી; શૃંગારમંજરી (દત્તપુત્રી); કૃપણ શેઠ શૃંગદત્ત; વીરસેન અને રૂપાલી; કુલટા બ્રાહ્મણી; ઠગારી ગણિકા અને ચતુર પોપટ; સુદર્શનકુમાર.

[આધાર : **'ચંદ્રશિખરનો રાસ'**]

**ચંપક શેઠ : ૧.** ચંપાપુરી નગરીમાં છન્નુ કરોડ સુવર્ણ-મુદ્રાઓનો માલિક એવો વૃદ્ધદત્ત નામનો ધનિક વેપારી રહેતો હતો. તે પોતાના ધનમાંથી એક પાઈ પણ ખર્ચતો નહીં અને ખજાના પર આઠેય પહોર ચોકી ભરતો. વૃદ્ધદત્તને કૌતુકદેવી નામે પત્ની અને તિલોત્તમા નામે સુંદર પુત્રી હતી. શેઠનો ભાઈ સાધુદત્ત પણ સાથે રહેતો હતો. એક દિવસ સુવર્ણ-મુદ્રાઓની રક્ષા કરતાં સૂતેલા શેઠને મધરાતે એક દેવે આવીને એવી ચેતવણી આપી કે તેના ધનનો ભોગવનારો જન્મી ચૂક્યો છે. ત્રણ દિવસ સુધી સતત શેઠને આ ચેતવણી મળતાં ચિંતા થવા લાગી. આરાધના કરીને કુળદેવીની પાસેથી તેણે જાણ્યું કે, કંપિલપુરના ત્રિવિક્રમ વણિકની પુષ્પવતી દાસીની કૂખે તેના ધનનો ભોક્તા જન્મી ચૂક્યો છે. વૃદ્ધદત્તે પોતાના ભાઈ સાધુદત્ત સાથે વિચારવિમર્શ કર્યો. કોઈ પણ ઉપાયે ધનની રક્ષા કરવી જોઈએ, કેમ કે 'ઉદ્યમ, સાહસ અને બુદ્ધિની સામે દૈવ પણ પાછું પડે છે. વૃદ્ધદત્તના એવા મતની સામે સાધુદત્તે ભાગ્ય વિના ઉદ્યમની કોઈ કિંમત નથી હોતી એમ કહી તે વિષે એક દૃષ્ટાંત કહ્યું.

**૧.૧ રત્નદત્ત અને ચંદ્રાવતી :** (ભાગ્યના બળ ઉપર દૃષ્ટાંતકથા) રત્નસ્થળ નગરના રાજકુમાર રત્નદત્તનો વિવાહ ચંદ્રસ્થળના રાજા ચન્દ્રસેનની પુત્રી ચન્દ્રાવતી સાથે નક્કી થયો. લગ્નનું મુહૂર્ત સોળ દિવસ પછીનું જ આવ્યું. પાછા આવીને જવાઆવવામાં ચૌદ દિવસ લાગે તેમ હોવાથી રાજદૂતોએ રત્નસ્થળથી કુમારને ચન્દ્રસ્થળ તરફ રવાના કર્યો.

હવે સમુદ્રની વચમાં આવેલ ચિત્રકૂટ પર્વત પરની લંકા-નગરીમાં રાજા રાવણ રાજ્ય કરતો હતો. એક દિવસ તેની સભામાં એક જ્યોતિષી આવ્યો. તેને રાવણે પોતાના જેવા બળવાનનો ઘાતક કોણ હશે એમ પૂછ્યું. જ્યોતિષીએ અયોધ્યાના રાજકુમારો રામ-લક્ષ્મણ તમને મારશે એમ કહ્યું. આ વાતની પ્રતીતિ માટે તેણે જણાવ્યું કે આજથી સાતમા દિવસે જે રત્નસ્થળના રાજકુમારના વિવાહ ચંદ્રસ્થળની રાજકુમારી ચન્દ્રાવતી સાથે થવાના છે, તે જો રાવણ અટકાવી શકે તો રાવણ પોતાનું મૃત્યુ પણ અટકાવી શકે. રાવણે લગ્ન અટકાવવાનું માથે લીધું. તેણે રાક્ષસોને મોકલી ચંદ્રાવતીનું અપહરણ કરાવી તેને એક પેટીમાં બંધ કરી, વિદ્યાદેવીને એવો આદેશ આપ્યો કે તું તિમિંગલ માછલીનું રૂપ ધારણ કરી તારા મોઢામાં તે પેટી રાખી ગંગાસાગરના સંગમ પર રહેજે અને સાત દિવસ પછી પાછી ફરજે. વળી, રાવણના આદેશથી તક્ષક નાગે રત્નકુમારને દંશ દઈ નિર્જીવ કર્યો. સર્પદંશથી અચેત રાજકુમારનું ઝેર કોઈ પણ ઉપાયે ન ઊતરતાં મોટા વૈદ્યની સૂચનાથી તેને એક પેટીમાં બંધ કરી ગંગાના જળમાં વહેવડાવી દીધો. ગંગામાં વહેતી પેટી સમુદ્રમાં પ્રવેશી. એ વખતે સાત દિવસ સુધી કુમારીની પેટીને ઉઠાવીને થાકેલી, તિમિંગલ માછલીનું રૂપ ધારી રહેલી, વિદ્યાદેવીએ તેને કિનારે મૂકીને તે સમુદ્રમાં તરવા જતી રહી. પેટીની બહાર નીકળેલી રાજકુમારીએ રાજકુમારવાળી પેટીને જોઈ તેને સમુદ્રમાંથી બહાર કાઢી લીધી. પેટી ખોલતાં તેણે અચેત રાજકુમારને જોયો. પોતાના હાથમાંની મહોરથી તેનું ઝેર ઉતાર્યું. બંનેએ ગાંધર્વવિવાહ કર્યા. સમુદ્રકિનારેથી મોતી, માણેક, પ્રવાલ વગેરે સાથે લઈ બંને એક પેટીમાં બેસી ગયાં

અને પેટી બંધ કરી દીધી. થોડી વારમાં તિમિંગલ માછલીએ આવી પેટીને પોતાના મુખમાં લઈ લીધી. સાત દિવસની અવધિ પૂરી થતાં રાવણે તિમિંગલને બોલાવીને જ્યોતિષીની સામે પેટી ખોલાવી, તો તેમાંથી વરકન્યા નીકળ્યાં. તેમની પાસેથી સઘળો વૃત્તાંત જાણી જ્યોતિષીને ધન્યવાદ આપી રાવણે વિદાય કર્યો.

વૃદ્ધદત્તે સાધુદત્તનું દૃષ્ટાંત સાંભળી ઉદ્યમનું સમર્થક દૃષ્ટાંત સંભળાવ્યું.

**૧.૨. સુબુદ્ધિ મંત્રી :** (વિધાતાના લેખ પર મેખ મારવાની દૃષ્ટાંતકથા) મથુરાનગરીમાં હરિબલ રાજા રાજ્ય કરતો હતો. તેને સુબુદ્ધિ નામે મંત્રી હતો. સંજોગવશાત્ રાજાને ત્યાં હરદત્ત અને મંત્રીને ત્યાં મતિસાગર નામે પુત્રો એકસાથે જન્મ્યા. મંત્રીએ અડધી રાત્રે એક સ્ત્રીને મહેલમાંથી નીકળતી જોઈ તેનો હાથ પકડી, 'તમે કોણ છો ?' એમ પૂછ્યું. તેણે પોતે વિધાતા હોવાનું અને છઠ્ઠીના લેખ લખીને આવતી હોવાનું કહ્યું. 'શું લખ્યું ?' એમ પૂછતાં તેણે કહ્યું કે, ભરણપોષણ માટે રાજકુમાર શિકારમાં નિત્ય એક જ જીવ મેળવી શકશે અને મંત્રીપુત્ર પોતાના માથા પર નિત્ય એક ભારી ઊંચકી લાવશે. મંત્રીએ પોતાના બુદ્ધિબળથી લેખમાં મેખ મારવાનું નક્કી કર્યું. એક વાર શત્રુસેનાએ મથુરા પર આક્રમણ કર્યું. તેમાં હરિબલ હણાયો. મથુરા પર શત્રુઓએ રાજ્ય જમાવ્યું. રાજકુમાર હરિદત્ત અને મંત્રીપુત્ર મતિસાગર એ બંને નગરમાંથી ભાગીને ભિક્ષાવૃત્તિ કરતા લક્ષ્મીપુર ગામે આવ્યા. હરિદત્તે શરૂઆતમાં એક શિકારીને ત્યાં કામ કર્યું અને પછી પોતાની ઝૂંપડી બાંધી રહેવા લાગ્યો. તે ગમે તેટલું કરે તો પણ શિકારમાં રોજ એક જ જીવ તે મેળવી શકતો. મતિસાગર પણ એ જ ગામમાં બળતણની એક ભારી વેચીને ગમે તેમ કરી પેટ ભરતો. એક વખત સુબુદ્ધિ ફરતો ફરતો લક્ષ્મીપુર આવી પહોંચ્યો. તેણે રાજકુમારની અને પોતાના પુત્રની દુર્દશા જોઈ. મંત્રીએ મતિસાગરને જંગલમાં ચંદનનાં લાકડાં ઓળખાવીને હવેથી માત્ર દરરોજ તે જ લાવવા કહ્યું અને રાજકુમારને રોજ શિકારમાં માત્ર હાથીને જ પકડવા કહ્યું. વિધાતાને થયું કે જો આ બંનેને હું દરરોજ ચંદન અને હાથી પ્રાપ્ત નહીં કરાવું તો મારા લેખ ખોટા પડશે. આથી તેણે પેલા બંનેને દરરોજ ચંદન અને હાથી મળે તેવો પ્રબંધ કરવો પડ્યો. મંત્રીએ તેનો સંગ્રહ કરવા માંડ્યો. થોડા વખતમાં હજાર હાથી અને ચંદનનું વેચાણ કરી કરોડો રૂપિયા મેળવ્યા. આ પૈસાથી સેના એકત્ર કરી મથુરા પર ચઢાઈ કરી, તે જીતી લઈ, રાજકુમારે તેનું રાજ્ય પાછું અપાવ્યું. આમ, મંત્રીએ ઉદ્યમ દ્વારા વિધાતાના લેખમાં મેખ મારી.

૨. આ જ રીતે પોતે પણ વિધાતાના લેખને ખોટા પાડશે એમ વૃદ્ધદત્તે પોતાના ભાઈને કહ્યું. તેણે પુષ્પવતી દાસીને જ ખતમ કરી નાખવાની યોજના કરી. માલ વેચવાના બહાને તે કંપિલાનગરીમાં દુકાન રાખીને રહ્યો. ત્રિવિક્રમ શેઠ સાથે મિત્રતા બાંધવા તેણે વસ્તુઓ ઉધાર આપવા માંડી. શેઠે પણ તેના ભોજનનો પ્રબંધ પોતાને ત્યાં કરાવ્યો. વૃદ્ધદત્તે ત્રિવિક્રમને છૂટે હાથે ભેટસોગાદો આપી પોતાને વશ કરી લીધો. થોડા દિવસ પછી વૃદ્ધદત્તે વેપાર સમેટી ચંપાનગર જવાની તૈયારી કરી. પ્રવાસમાં ભોજન વગેરેના પ્રબંધ માટે ત્રિવિક્રમ શેઠની પુષ્પવતી દાસીને સુરક્ષિત રીતે પાછી મોકલવાની ખાતરી આપીને સાથે લીધી. ઉજ્જૈન નજીક આવતાં જકાતથી બચવાના બહાને સાથીદારોને આગળ રવાના કરી, એકાંત જોઈ તેણે પુષ્પવતીને માર મારી મરણતોલ કરી નાખી. તેને મરી ગયેલી સમજી માર્ગમાં જ છોડી દઈ પોતે પોતાના સાથીઓને જઈ મળ્યો. પુષ્પવતી ક્યાંક ભાગી ગઈ હોવાનું તેમને જણાવ્યું અને ત્રિવિક્રમને પણ એવા જ સમાચાર મોકલી દીધા.

વૃદ્ધદત્તના મારથી બેભાન થયેલી દાસીએ એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો અને પછી તે મૃત્યુ પામી. થોડી વાર પછી ઉજ્જૈન તરફ આવતી એક વૃદ્ધાએ બાળકને ઉઠાવી લીધું અને મૃત દાસીના દેહ પરનાં ઘરેણાંની પોટલી બાંધી લઈને તે ઉજ્જૈન પહોંચી. તેણે રાજાની સમક્ષ સુંદર બાળક અને દાગીનાની પોટલી મૂકી સઘળી હકીકત કહી સંભળાવી. રાજાએ બાળકનું ભરણપોષણ કરવાની જવાબદારી વૃદ્ધાને સોંપી, પુષ્પવતીના અંતિમસંસ્કાર પણ રાજપુરુષો દ્વારા કરાવ્યા. વૃદ્ધાએ બાળકનું નામ ચંપકકુમાર પાડ્યું. તે આઠ વર્ષનો થતાં તેને નિશાળે બેસાડ્યો. થોડા વખતમાં જ તે બોંતેર કળાઓમાં પારંગત થઈ ગયો. એક વાર છોકરાઓએ તેને "નબાપો" કહેતાં તેણે વૃદ્ધા પાસેથી પોતાનો સઘળો વૃત્તાંત જાણી લીધો. મોટો થતાં તેણે વેપાર આરંભ્યો. થોડા જ વખતમાં તે ખૂબ ધન કમાયો. રાજાએ તેને નગરશેઠની પદવી આપી.

૩. એક વાર ચંપાનગરીની પાસેના કોઈક ગામમાં એક લગ્નપ્રસંગે વૃદ્ધદત્તે ચંપક શેઠને જોયો. તેને પોતાની દીકરી માટે યોગ્ય વર માની તેની પૂછપરછ કરી. ચંપક શેઠે પોતાનો બધો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. આમ પોતાના ધનનો ભાવિ ભોક્તા જીવતો હોવાનું જાણીને વૃદ્ધદત્તે તેનું કાસળ કાઢવાની યોજના વિચારી લીધી. તેણે ચંપક શેઠને

પોતાની સાથે ભાગીદારીમાં વેપાર કરવાનું સમજાવીને ઉજ્જૈન મોકલ્યો. તેની સાથે પોતાના ભાઈ ઉપર એવો પત્ર મોકલ્યો કે, પત્ર લાવનારનું કાસળ કાઢી નાખજે. ચંપક શેઠ ચંપાનગરમાં વૃદ્ધદત્તને ઘેર પહોંચ્યો. ઘરમાં વૃદ્ધદત્તની પુત્રી તિલોત્તમા સિવાય બીજું કોઈ હાજર નહોતું. ચંપકકુમારે પત્ર તિલોત્તમાને આપ્યો. દેવકુમાર જેવા પુરુષની હત્યા કરવાની પિતાની આજ્ઞા વાંચીને તે ચકિત થઈ ગઈ. આગંતુક કુમાર પોતાનો પતિ થાય તો જીવન ધન્ય થઈ જાય એવા વિચારે તેણે પિતાના અક્ષરોની જ નકલ કરી બીજો પત્ર લખી નાખ્યો અને માતા બહારથી આવી ત્યારે તેને તે આપ્યો. તે જ દિવસે સંધ્યાસમયે ચંપક સાથે તિલોત્તમાનાં, સાધુદત્તે પત્રમાં કહ્યા પ્રમાણે, ધામધૂમથી લગ્ન કરી નાખ્યાં. બહારગામથી પાછો ફરેલો વૃદ્ધદત્ત ચંપક સાથે તિલોત્તમાનાં લગ્ન થયાના સમાચાર સાંભળી સળગી ઊઠ્યો. સાધુદત્તને પૂછતાં તેણે પત્ર બતાવ્યો. બધાં કરતૂત તિલોત્તમાનાં હોવાનું જાણી વૃદ્ધદત્તે મૌન સેવ્યું.

૪. ચંપક શેઠ હવે ચંપાનગરમાં રહેતો હતો. એક વાર તિલોત્તમાએ જાણ્યું કે તેના પિતા વૃદ્ધદત્તના કહેવાથી માતા કૌતુગદે તેના પતિ ચંપકને ઝેર આપવાની છે. આથી તિલોત્તમાએ પતિને જ્યોતિષના નામે વાત કરીને કહ્યું: 'બે મહિના તમારા ઉપર સંકટ છે. ઘરમાં કશું જ ખાવુંપીવું નહીં. મિત્રોને ત્યાં ખાનપાન કરી રાત્રિના સમયે ઘેર આવવું અને સવાર થતાં જ ચાલ્યા જવું.' ચંપકે પોતાની સ્ત્રીની વાત સાંભળી લીધી. હવે તે પોતાના મિત્રો સાથે દિવસભર ઘૂમતો રહેતો. તેની હત્યાનો કોઈ લાગ ન ફાવતાં વૃદ્ધદત્તે બીજો રસ્તો વિચાર્યો. પોતાના વિશ્વાસુ મારાઓને બોલાવી ચંપક શેઠનું કાસળ કાઢી નાખવા કહ્યું. આ વાતની ચંપક શેઠને જાણ થતાં તેમણે પોતાની સાથે અંગરક્ષક રાખવા માંડ્યા. આમ છ માસ વીતી ગયા. એક દિવસ રાત્રિના સમયે ચાલતો રાવળિયાનો ખેલ જોવા ચંપક શેઠ બેસી ગયો. તેને નિર્ભય હોવાનું માનીને અંગરક્ષકો પોતાને ઘેર ચાલ્યા ગયા. ખેલ પૂરો થયા પછી ચંપક શેઠ એકલો ઘેર આવ્યો. રાત્રે ઘરનાં બારણાં ઉઘાડાવવાને બદલે તે બહાર કંતાન પર જ સૂઈ ગયો. તે જ વેળા પેલા ભાડૂતી મારાઓ તેની હત્યા માટે ફરીથી મંત્રણા કરવા વૃદ્ધદત્ત પાસે આવ્યા. ચંપક શેઠ ઘરનાં બારણાં ખુલ્લાં જોઈને ઘરમાં જઈને સૂઈ ગયો. મારાઓએ જ્યારે તેને ન જોયો ત્યારે તેઓ છુપાઈને તેના આવવાની રાહ જોવા લાગ્યા. દરમિયાન વૃદ્ધદત્ત ચંપકનો નિકાલ થઈ ગયો કે કેમ તે જાણવા બહાર આવ્યો અને ચંપકને સ્થાને સૂઈ ગયો. થોડી વારે મારાઓએ તેને ચંપક શેઠ માનીને તેની હત્યા કરીને લાશને કૂવામાં નાખી દીધી. ભાઈના મૃત્યુના સમાચાર સાંભળતાં સાધુદત્તનું આઘાતથી મૃત્યુ થયું. બાર દિવસ પછી ચંપક ઉત્તરાધિકારી બન્યો. ચંપક શેઠે આમ પુણ્યના પ્રભાવથી અઢળક ધનસંપત્તિ પ્રાપ્ત કર્યાં.

**૫. ચંપક શેઠનો પૂર્વભવ : અન્યાયપુર પાટણ:** સુમેલિકાનગરી પાસેના વનમાં એક આશ્રમમાં ભવદત્ત અને ભવભૂતિ નામે તાપસો કંદમૂળ ખાઈને પંચાગ્નિ તપ કરતા હતા. તેમાં ભવદત્ત કુટિલ અને ભવભૂતિ સરળ સ્વભાવનો હતો. મૃત્યુ બાદ બંને યક્ષ થયા. તે પછી ભવદત્ત અન્યાયપુર પાટણમાં વંચનામતિ શેઠ તરીકે અવતર્યો, જ્યારે ભવભૂતિ પાટલીપુરમાં મહાસેન નામે ક્ષત્રિય થયો. મહાસેન પુણ્યાત્મા હતો. એક વાર તે તીર્થયાત્રાએ નીકળ્યો ત્યારે માર્ગમાં તેણે અન્યાયપુર પાટણમાં વંચનામતિ શેઠને ત્યાં પાંચ કિંમતી રત્નો સાથેની એક પોટલી થાપણ તરીકે મૂકી. શેઠે તેમાંથી એક રત્ન વટાવીને સુંદર હવેલી બનાવી. બાકીનાં રત્નોને છુપાવી, મૂકી રાખ્યાં. મહાસેને જાત્રાએથી પાછા આવી પોતાની થાપણ પાછી માગી, ત્યારે શેઠે તેને ઓળખતા હોવાનો ઇનકાર કરી દીધો. મહાસેન ન્યાય માગવા રાજસભામાં ગયો.

**૫.૧** અન્યાયપુર પાટણનો રાજા નિર્વિચાર, રાજગુરુ અજ્ઞાનરાશિ, રાજવૈદ જન્તુકેતુ અને પુરોહિત શિલાપાત હતા. ત્યાંની કપટકોશા નામની વેશ્યા પોતાના દાવપેચમાં નિષ્ણાત હતી. આ બધું જોઈ મહાસેને પોતાનાં રત્નો પાછાં મેળવવાનો પ્રયત્ન આરંભ્યો. એટલામાં ખાતર પાડવા ગયેલો એક ચોર ભીંત પડતાં દટાઈ ગયો તે અંગે ફરિયાદ કરવા આવેલી એક વૃદ્ધાની ફરિયાદ સાંભળી મકાનમાલિક, કડિયો, મકાનમાલિકની પુત્રી, પરિવ્રાજક, રાજાનો જમાઈ અને છેવટે વિધાતા બધાંને બોલાવીને રાજાએ 'કોણ અપરાધી ગણાય?' તે નક્કી કરવાનો પ્રયત્ન કર્યો. મહાસેનને આ જોઈ લાગ્યું કે આ રાજાના ન્યાયથી મને મારાં રત્નો પાછાં નહીં મળે. આથી એણે કપટકોશા વેશ્યાને મળી તેની કથની સંભળાવી. વેશ્યાએ તેને રત્નો પાછાં મેળવી આપવાની હૈયાધારણ આપી. વેશ્યાએ કિંમતી મણિમાણેક અને અન્ય ચીજો ભરેલી એક પેટી વંચનામતિને ત્યાં થાપણ તરીકે મૂકી. તેણે વંચનામતિને એવું કહીને આ થાપણ આપી કે હું વસંતપુરમાં મરણપથારીએ પડેલી મારી બહેનને મળવા જાઉં છું. જો મારી બહેન મરી જશે તો હું પણ તેની સાથે બળી મરીશ. જો તમને મારા મૃત્યુના સમાચાર મળે તો થાપણમાં મૂકવામાં આવેલ બધું ધન પુણ્યકાર્યમાં ખરચી નાખજો. શેઠ કપટકોશા મરી જાય તો કરોડોનું ધન હજમ કરી જવાય એમ વિચારતો હતો, ત્યાં જ સંકેત મુજબ મહાસેને આવી પોતાનાં પાંચ રત્નો પાછાં માગ્યાં. વેશ્યા સમક્ષ પોતાની પ્રતિષ્ઠા ઊભી કરવા શેઠે એ પાંચેય રત્ન પાછાં આપ્યાં.

એટલામાં અગાઉથી નક્કી કર્યા મુજબ કપટકોશાને પણ માણસોએ આવીને તેની બહેન સાજી થઈ ગઈ હોવાના સમાચાર આપ્યા. આમ, વંચનામતિ કપટકોશાથી ઠગાયો. આ પછી વંચનામતિ તાપસ થયો. મહાસેને અને તેની પત્નીએ દાનપુણ્ય કર્યાં. તેથી બીજે ભવે તેઓ ચંપક શેઠ અને તિલોત્તમા તરીકે જન્મ્યાં અને વંચનામતિ વૃદ્ધદત્ત તરીકે જન્મ્યો.

[આધાર : **ચંપક શેઠ–ચોપાઈ**]

**ચાર ઘડવૈયા અને એક સુંદરી** જુઓ : **વર ચાર એક કન્યા–૫**

**ચાલાક ચોર** : વિદ્યાધરે પોતાની ચારેય સ્ત્રીઓને સુરસુંદરીની ભક્તિ કરવા કહ્યું. એ ચારેય સ્ત્રીઓએ સુરસુંદરીને પોતાના પતિ પાસેની ચાર વિદ્યાઓ (૧) રૂપરાવર્તિની, (૨) દોષહારિણી, (૩) અદષ્ટિકરણી, (૪) કષ્ટસંહરણી તથા બીજી કેટલીક વિદ્યાઓ શીખવાની ભલામણ કરી. સુરસુંદરીએ એ શિખામણ ગ્રહણ કરી. થોડા સમય પછી વિદ્યાધર સુરસુંદરીને બેનાતટ મૂકવા જવા તૈયાર થયો. તે પહેલાં સુરસુંદરીને જે જોઈએ તે માગી લેવા કહ્યું. સુરસુંદરીએ પેલી વિદ્યાઓ શીખવવા કહ્યું. વિદ્યાધરે તે વિદ્યાઓ તેને શીખવી. પછી વિદ્યાધરે સુરસુંદરીને નગર પાસે ઉતારી. નગરમાં આવીને સુરસુંદરી પુરુષનું રૂપ ધારણ કરી વિમલયશ નામ રાખી એક માળીને ઘેર ગઈ. તેને કેટલુંક ધન આપવાથી માલણ આનંદ પામી.

એક દિવસ વિમલયશે પોતાના જ્ઞાન વડે એક અદ્ભુત વીંઝણો બનાવીને માલણને હાથ આપી કહ્યું : 'આ વીંઝણામાં ગમે તેવો દાહજ્વર શમાવવાનો ગુણ છે. તેને સવા લાખ રૂપિયામાં વેચજે.' માલણે રાજમાર્ગ ઉપર જઈ વીંઝણાની કિંમત કહેતાં સહુએ તેને હસી કાઢી. સંધ્યા સમયે એક વેપારીએ આવી વીંઝણાની પરીક્ષા કરવા તે વીંઝણો ખરીદ્યો. પોતાના પુત્રનો દાહજ્વર વીંઝણાથી મટી જતાં તેણે તે રાજાને ભેટ ધર્યો. રાજાએ વીંઝણો ક્યાંથી લાવ્યાનું વેપારીને પૂછતાં તેણે માલણ પાસેથી ખરીદ્યો હોવાનું કહ્યું. રાજાએ તેને બોલાવી પૂછ્યું, તો પોતાને ત્યાં એક પરદેશી આવ્યો હોવાનું માલણે કહ્યું. રાજાએ તે પુરુષને સભામાં બોલાવ્યો. તેની કળા જોઈ રાજા ખુશ થયો અને વરદાન માગવા કહ્યું. પેલાએ ના પાડી, પરંતુ છેવટે રાજાના આગ્રહથી તેણે માંડવી માગી લીધી. પછી વિમલયશ નામધારી સુરસુંદરીએ નગરમાં પોતાની કીર્તિ વિસ્તારી.

વિમલયશે પોતાના અનુચરોને આદેશ આપી રાખ્યો કે, જે કોઈ પરદેશી વેપારી આવે તેની મને જાણ કર્યા પછી જ તેની પાસેથી દાણ વસૂલ કરજો.

એવામાં એક વાર નગરમાં પેધા પડેલા ચોરે હાહાકાર મચાવ્યો. તે કોઈથી પકડાતો નહોતો. રાજાએ પડો વજડાવ્યો કે, ચોરને પકડી આપનારને મોંમાગ્યું ઈનામ અપાશે. સાદ સાંભળી કોટવાળે ચોરને પકડવા બીડું ઝડપ્યું. કોટવાળે ઉપાડેલ આહ્‌વાનની વાત સાંભળી ચોર રાજી થયો. તેણે વેશપલટો કરી નગરમાં જઈ ચોરના ઉત્પાત વિશે લોકચર્ચા સાંભળી, કોટવાળના સાહસની હાંસી ઉડાવી, એ જ રાત્રે તેનો કિંમતી ઘોડો ઉઠાવી ગયો. કોટવાળનું જોર તૂટી ગયું.

બીજે દિવસે પ્રધાને ચોરને પકડવા તૈયારી કરી. નગરના દરવાજે ડેરાતંબૂ તાણી ત્યાં પડાવ નાખ્યો. ચોરે મહિયારીનું રૂપ ધારણ કરી ઘડામાં ચંદ્રહાસ મદિરા ભરી, 'કોઈ મહી લ્યો', 'મહી લ્યો' કરી તંબૂ પાસેથી નીકળ્યો ત્યારે પ્રધાને તેને ડેરામાં બોલાવ્યો. મહિયારીરૂપે રહેલો ચોર પ્રધાનને મદિરા પાઈ હાથેપગે બેડીઓ પહેરાવી, અડધાં દાઢીમૂછ મૂંડી, મોઢા ઉપર જોડાં મૂકી, વસ્ત્ર, શસ્ત્ર લઈ જતો રહ્યો. સવારે રાજાએ આવી પ્રધાનની તપાસ કરી તો, તે ડેરામાં નશામાં પડેલો હતો. લોકોએ એની દશા જોઈ હાંસી ઉડાવી.

તે પછી રાજાએ જાતે ચોકીપહેરો ભર્યો છતાં તેની કુંવરીને ચોર લઈ ગયો.

વેશ્યાએ ચોરને પકડવા બીડું ઝડપ્યું હોવાનું જાણી તે વૈદ્યનો વેશ ધારણ કરી તેને ત્યાં ગયો. વેશ્યાની કુબ્જા દાસીને કમરે પ્રહાર કરી સાજી કરી દીધી. કુબ્જાએ જઈ વૈદ્ય વિશે વેશ્યાને વાત કહેતાં વેશ્યાએ યુવાન થવાની માગણી કરી. વૈદ્યરૂપે રહેલા ચોરે એક ઓરડામાં પૂરી વિદ્યાબળે તેને ગધેડી બનાવી દીધી. બીજે દિવસે ઓરડો ખોલવાનું કહી તે ચાલ્યો ગયો. સવારે આવી રાજાએ વેશ્યા અંગે પૂછપરછ કરી ઓરડો ખોલ્યો, તો તેમાંથી ગધેડી નીકળી. એ જોઈ રાજા ઘણો છોભીલો પડી ગયો.

રાજાએ ફરીથી પડો વજડાવી જાહેર કર્યું કે, જે કોઈ ચોરને પકડી આપશે તેને અર્ધું રાજ્ય અને કુંવરી આપીશ. પણ ચોરના ડરથી કોઈએ બીડું ઝડપ્યું નહીં. છેવટે વિમલયશ નામધારી સુરસુંદરીએ બીડું ઝડપ્યું. પરંતુ તેના બધા જ સેવકો ચોરથી ડરીને તેને છોડી ગયા. સુરસુંદરી એકલી જ રહી. તેણે અદષ્ટિકરણ અને પરવિદ્યાછેદની એ બે વિદ્યા સાધી ધીરજ ધરી બારણાં ખુલ્લાં મૂકી ચોરની રાહ જોવા લાગી. ચોર આવ્યો, કોઈને ન જોતાં સોનાનું પોટલું બાંધી

ચાલતો થયો. નગર બહાર એક વડના પોલાણમાં રહેલા ભૂમિગૃહમાં પેઠો. વિમલયશ તેની પાછળ ગયો. ચોર તેને જોઈ ન શક્યો. પ્રવેશદ્વાર આડે મોટી શિલા મૂકી ચોરે અંદર રહેલી રાજકન્યાને પોતે વિમલયશને છેતરીને ચોરી કરી આવ્યો હોવાનું કહ્યું. ચોરે કુંવરીને 'વિમલયશ અહીં આવી શકશે નહીં માટે મારી સાથે પરણ,' એમ કહ્યું. કુંવરીએ ના પાડતાં ચોર ક્રોધે ભરાઈને કુંવરી પર પ્રહાર કરવા તૈયાર થયો કે તરત જ વિમલયશે શતહસ્તિની વિદ્યાનું સ્મરણ કરી તેને પડકાર્યો અને તેની સાથે ઝઝૂમી પકડી લીધો.

આ તરફ રાજસભા વિમલયશને ચોરે અવશ્ય હણ્યો હશે એવી ચિંતા કરતી હતી. રાજા નગરની બહાર ચિતા રચાવી કાષ્ઠભક્ષણ કરવા તૈયાર થયો. એવામાં વિમલયશ ચોરને પકડીને ત્યાં આવ્યો. તે જોઈ રાજા આનંદ પામ્યો. તેણે પોતાની કુંવરી વિમલયશ સાથે પરણાવી અને અર્ધું રાજ્ય આપ્યું. વિમલયશે ચોરને છોડાવ્યો.

પછી થોડા દિવસે અમરકુમાર વિવિધ ચીજવસ્તુનાં વહાણ ભરી બેનાતટ આવ્યો. વિમલયશરૂપે રહેલી સુરસુંદરીએ પતિને ઓળખ્યો.

[સંદર્ભ : **સુરસુંદરી અને અમરકુમાર**]

**ચેલ્લણા** જુઓ : **અભયકુમાર મંત્રી**, ઘટક ૬

**ચેલ્લણાનો દિવ્ય હાર** જુઓ : **અભયકુમાર મંત્રી**, ઘટક ૧૨

**ચિત્રસેન અને પદ્માવતી** : ૧. કલિંગ દેશના વસંતપુરના રાજા વીરસેન અને રાણી રત્નમાલાના પુત્ર ચિત્રસેનને પ્રધાન-પુત્ર રત્નસાર સાથે મૈત્રી હતી. ચિત્રસેન નગરમાં નિરંકુશ ફરતો. રૂપાળી યુવતીને જોઈ ધન આપી તેની સાથે ક્રીડા કરતો. રાજકુમારના આવા સ્વચ્છંદી વર્તનની પ્રજાજનોએ રાજાને ફરિયાદ કરી, એટલે રાજાએ તેને દેશવટો દીધો. ચિત્રસેનની સાથે રત્નસાર પણ નગર છોડીને નીકળ્યો. પ્રવાસ કરતાં તેઓ એક વનમાં પહોંચ્યા. ત્યાં એક દેવાલય જોયું. તેમાં બંને દેવદર્શને ગયા ત્યારે ત્યાંની એક પાષાણની સુંદર પૂતળીને જોઈને ચિત્રસેન મંત્રમુગ્ધ થઈ ગયો. એ પૂતળી જેના પરથી કારીગરે બનાવી હશે તે તેને ન મળે તો અગ્નિપ્રવેશ કરવાનું ચિત્રસેને રત્નસારને જણાવ્યું. એટલામાં તેમને જાણવા મળ્યું કે કાંચનપુરનો સાગર સૂત્રધાર એક વાર રત્નપુરની યાત્રાએ ગયેલો ત્યારે તેણે ત્યાંની પુરુષદ્વેષિણી રાજકુમારી પદ્માવતીને જોઈ. તેના રૂપથી પ્રભાવિત થઈને તેના ચહેરામહોરા પ્રમાણે તેણે એક પૂતળી ઘડીને દેવાલયમાં મૂકી. ચિત્રસેન તે જ પૂતળી ઉપર મુગ્ધ બની ગયો હતો. આ વાત જાણી ચિત્રસેન અને રત્નસાર રત્નપુર પહોંચ્યા અને ધનંજય યક્ષના મંદિરમાં રાતવાસો રહ્યા. યક્ષે ચિત્રસેનની ભક્તિથી પ્રસન્ન થઈ તેને સંભારે ત્યારે સહાય કરવા વચન આપ્યું. સવારે રાજાનો પડો વાગતો સંભળાયો કે, જે રાજકુમારી પદ્માવતીનો પુરુષ-દ્વેષ દૂર કરશે તેને રાજા પોતાની કુંવરી પરણાવીને અરધું રાજ્ય આપશે. તે સાંભળીને ચિત્રસેન અને રત્નસારે એક ચિતારા પાસે ચિત્રપટ તૈયાર કરાવ્યું. તેમાં તેમણે જ્ઞાની મુનિ પાસેથી ચિત્રસેન અને પદ્માવતીના પૂર્વભવનો જે વૃત્તાંત જાણ્યો હતો, તેને ચિતરાવ્યો જેમાં; વનમાં વૃક્ષ પર માળામાં બે બચ્ચાં સાથે રહેતી હંસી, દાવાનળ, પાણી લેવા જતો હંસ, હંસ નાસી ગયો એવી આશંકા સાથે અગ્નિજ્વાળામાં બળી મરેલી હંસી, ચાંચમાં જળ ભરી પાછા આવેલા હંસનું અગ્નિસ્નાન વગેરેનાં ચિત્રો હતાં. આ ચિત્રપટ તેમણે લોકોમાં પ્રદર્શિત કરવા માંડ્યું. દાસીઓએ ચિત્રપટની વાત પદ્માવતીને કરી. તેણે ચિત્રપટવાળાને બોલાવી ચિત્રપટ જોયું. આગલા જન્મની સ્મૃતિ થતાં તેને મૂર્છા આવી, એટલે ચિત્રસેન અને રત્નસાર પટને ત્યાં જ મૂકીને નાસી ગયા. ભાનમાં આવેલી પદ્માવતીએ ચિત્રપટવાળાને ખોળી લાવવા દાસીઓને મોકલી, પણ તેમનો પત્તો ન લાગ્યો.

**૨.** પદ્માવતીની સખીએ તેને કહ્યું : 'એવા પરદેશી ધૂર્તોનો વિશ્વાસ ન કરવો' અને આ સંબંધે તેણે ધૂર્તોની ચતુરાઈ વિશે એક દૃષ્ટાંતકથા કહી. (એ દૃષ્ટાંતકથા માટે જુઓ આ કથાકોશમાં **'મડદું હોવાનો ઢોંગ કરી ધન ચોરી જતો ધુતારો'**)

૩. પદ્માવતીએ કહ્યું : 'બુદ્ધિમતી અને સુશીલ સ્ત્રી ધુતારા-ઓને પણ પોતાની ચતુરાઈથી મહાત કરે છે.' અને તે સંબંધી તેણે શીલવતી ગુણાવલીની દૃષ્ટાંત કથા કહી. (એ દૃષ્ટાંતકથા માટે જુઓ આ કથાકોશમાં **'આસક્ત પરપુરુષોને બુદ્ધિપ્રપંચથી ઠગતી શીલવતી'**)

૪. એ પછી પદ્માવતીએ પિતાને કહીને સ્વયંવર રચાવ્યો. ચિત્રસેન ધનંજય યક્ષની સહાયથી ધનુષ્ય ચડાવીને પદ્માવતીને વર્યો. સ્વયંવરમાં ભાગ લેવા આવેલા રાજાઓ વિફર્યા. ચિત્ર-સેને તેમને યુદ્ધમાં પરાજિત કર્યા. પછી થોડો વખત ત્યાં રહી ચિત્રસેન અને રત્નસાર માતાપિતાને મળવા વસંતપુર જવા નીકળ્યા. રસ્તામાં એક વડ નીચે રાતવાસો કર્યો.

**૫.** ઊંઘી ગયેલા ચિત્રસેનની ચોકી કરતા રત્નસારે વડ પર રહેલા યક્ષદંપતીની વાતચીત સાંભળી : 'ચિત્રસેનની માતા મૃત્યુ પામી હતી. તેની સાવકી માતા વિમળાએ પોતાના પુત્રને

રાજ્ય મળે તે માટે રાજાની સાથે મળીને કપટબાજી રચી હતી. તેથી ચિત્રસેન ઉપર ચાર ઘાત આવશે. તેના સત્કાર વેળા તેને બેસવા માટે તોફાની ઘોડો અપાશે. એમાંથી એ બચશે તો તે નગરપ્રવેશ કરશે ત્યારે યાંત્રિક પ્રવેશદ્વાર તેના પર તૂટી પડશે. તેમાંથી બચશે તો ઝેરી લાડવા પીરસવામાં આવશે. તેમાંથી બચશે તો તે ઊંઘી ગયો હશે ત્યારે સર્પદંશની ઘાત આવશે. એ ચારે ઘાતમાંથી ચિત્રસેન મિત્રના બુદ્ધિબળે બચી જશે તો જે મિત્ર એ વાત તેને કરશે તે પોતે પથ્થર બની જશે." સવારે સૌ આગળ ચાલીને વસંતપુર આવ્યા. ચિત્રસેનનું સ્વાગત કરતી વેળા જે ઘોડો સવારી માટે બોલાવવામાં આવ્યો હતો, તેની જગ્યાએ રત્નસારે યુક્તિપૂર્વક બીજો ઘોડો રખાવી દીધો. નગરના દરવાજામાં ચિત્રસેન પ્રવેશ કરવા જતો હતો ત્યારે ઘોડાને ચાબુક મારી રત્નસારે પાછો હઠાવ્યો. ત્યાં તો દરવાજો તૂટી પડ્યો. તે પછી જ્યારે વિમળાએ ચિત્રસેનને પોતાને ત્યાં ભોજન લેવા બોલાવ્યો ત્યારે રત્નસારે તેની થાળીમાં ઝેરી લાડવાને સ્થાને પોતે સાથે લાવેલો તે લાડવા, મૂકી દીધા. આ રીતે ચિત્રસેનને રત્નસારે ત્રણ ઘાતમાંથી બચાવી લીધો. તે પછી રાજાને ચિત્રસેનનો ઘાત કરવા કરેલી કપટબાજી માટે પસ્તાવો થતાં તેણે ચિત્રસેનને રાજગાદી ઉપર બેસારી, પોતે સંસારત્યાગ કર્યો. વિમળા તેને પણ અનુસરી. રત્નસારને ચિત્રસેને મુખ્ય પ્રધાન નીમ્યો. એક રાતે નિદ્રા કરતાં ચિત્રસેન અને પદ્માવતીની રત્નસાર ચોકી કરતો. હતો ત્યારે તેમના પલંગ ઉપર છતમાં કાળો નાગ તેણે જોયો. તલવારના ઘાથી તેના ટુકડા કરીને દૂર નાખ્યા, ત્યારે એક લોહીનું ટીપું પદ્માવતીની જાંઘ પર પડયું. રત્નસાર તે લૂછવા ગયો ત્યારે ચિત્રસેન જાગી ઊઠયો. તેણે રત્નસાર ઉપર વહેમાઈને તેની પાસે ખુલાસો માગ્યો. 'સાચી વાત કહેતાં હું પથ્થરની મૂર્તિ બની જઈશ,' એમ રત્નસારે ચિત્રસેનને ચેતવ્યો, પણ તોયે તેણે ખુલાસો આપવા માટે હઠ કરી. તે પછી યક્ષદંપતીની વાત પરથી મિત્રની ચાર ઘાત વિશે જાણીને પોતે એક પછી એક ઘાતમાંથી કેવી રીતે તેને ઉગાર્યો તે રત્નસાર કહેવા લાગ્યો. એક એક ઘટના કહેતાં ઉત્તરોત્તર તેના શરીરનો નીચેનો ભાગ પથ્થરનો બની જવા લાગ્યો. તોપણ ચિત્રસેને અંત સુધી બધી વાત જાણવાનો આગ્રહ ચાલુ રાખ્યો. વાત પૂરી થતાં રત્નસાર પથ્થરની મૂર્તિ બની ગયો. ચિત્રસેને ઘણો વિલાપ અને પસ્તાવો કર્યો. રત્નસારને મૂળ રૂપમાં લાવવા કોઈ ઉપાય સફળ ન થયો. છેવટે તે એકલો પેલા વડના ઝાડ તળે જઈ સૂતો. મધરાતે યક્ષદંપતીની વાત પરથી મિત્રને જીવંત કરવાનો ઉપાય જાણ્યો. શીલવતી સ્ત્રી ખોળામાં પુત્રને લઈને રત્નસારની મૂર્તિને સ્પર્શ કરે તો તે સજીવન બને. રાજમહેલે આવીને ચિત્રસેને પદ્માવતીને વાત કરી. પદ્માવતી પૂરે દિવસે હતી. તેણે થોડા દિવસમાં પુત્ર પ્રસવ્યો. પછી તેને ખોળામાં લઈ રત્નસારની મૂર્તિ ઉપર હાથ ફેરવતાં તે સજીવન થયો. આ પછી સૌના દિવસો સુખપૂર્વક વીતવા લાગ્યા.

[સંદર્ભ : **ચંદ્રશેખર રાજાની કથા**માં જયસેનમુનિએ કહેલી દૃષ્ટાંતકથા]

**ચોરની ઓળખ** (= **કળશની વાર્તા**) (**'સિંહાસન બત્રીસી'**–૨, અગિયારમી કથા) : ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો ત્યારે સિંહાસન પર રહેલી બાલા નામની અગિયારમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી:

**૧. ચાર ચોર** : એક વાર નગરચર્યા જોવા નીકળેલો વિક્રમ રાજા નગરની બહાર વાતો કરી રહેલા ચાર જણને અદૃષ્ટ બનીને સાંભળવા લાગ્યો. એ ચારે ચોરે પોતપોતાની વિદ્યાની વાત કહી. એકની પાસે ધરતીમાં રહેલું ગુપ્ત ધન જોવાની શક્તિ હતી. બીજામાં કોઈને ખબર ન પડે તેમ ઘરમાં ખાતર પાડવાની શક્તિ હતી. ત્રીજો ઊંઘતાની ઉપર ધારણ મૂકી શકતો. ચોથો પંખીની બોલી સમજતો. એ પછી એ ચારે ચોર નગરમાં પેઠા. વિક્રમ તેમની પાછળ ગયો. બ્રાહ્મણ અને વાણિયાનું ધન અણખપતું ગણીને ચોરો વિક્રમના મહેલે પહોંચ્યા. એક ચોરે પલંગની નીચે દાટેલા કળશમાં ધન હોવાનું જણાવ્યું. બીજાએ ખાતર પાડયું. ત્રીજાએ મહેલમાંના સૌની ઉપર ધારણ મૂકયું. છન્નું કરોડના એક એવા ચાર સોનાના કળશ લઈને ચોરો ઊપડયા. એટલામાં શિયાળે લાળી કરી. ચોથા ચોરે લાળીનો અર્થ કર્યો કે ચોરીને જે ધન આપણે લઈ જઈએ છીએ તે ધનનો ધણી આપણને જુએ છે, માટે ધન ઘેર ન લઈ જવું. એટલે કળશને એક ગુફામાં દાટીને ચોરો જુદાજુદા રસ્તે ચાલ્યા ગયા. રાજા મહેલે આવીને સૂતો. રાજમહેલના રખેવાળ ધારણમાંથી જાગતાં તેમને ચોરી થયાની ખબર પડી. પ્રધાને તપાસ કરાવી. ચોરનો પત્તો ન લાગ્યો. પાંચમે દિવસે રાતે રાજા એકલો રથ જોડીને ગુફામાં ગયો અને જે ગુફામાં ચોરેલા કળશ દાટ્યા હતા તે કળશ લઈને પાછો ફર્યો. રસ્તામાં, નગર છોડી પરદેશ જવા નીકળેલું એક દુઃખી બ્રાહ્મણકુટુંબ તેને મળ્યું. બ્રાહ્મણે પોતાનું દુઃખ કહ્યું. તેના નાનાભાઈનું લગ્ન પાસે આવેલું, પણ સાવ નિર્ધન હોવાથી અને બીજે ક્યાંયથી જોગ ન થતાં, લોકલાજથી બચવા તે પોતાની માતા, વહુ અને ભાઈને સાથે લઈને નગર છોડી

જઈ રહ્યો હતો. વિક્રમે તેની કથની સાંભળીને જોઈતું ધન કળશમાંથી લઈ લેવા કહ્યું. લોભી બ્રાહ્મણનું મન ચારેય કળશમાં ચોંટયું. વિક્રમે કળશ તેને સોંપી દીધા. બ્રાહ્મણે ઘરે જઈને આખી નાતને છ માસનું નોતરું દીધું. કળશ સવારે શુભ મુહૂર્તે ઉઘાડવાનું રાખીને સૌ સૂતા. દાટેલા કળશ ગુફામાં ન જોતાં, ચોરોએ વિદ્યાબળે તે બ્રાહ્મણને ત્યાં હોવાનું જાણ્યું. ખાતર પાડી ચારેય જણે એક એક કળશ વહેંચી લીધો અને તે પોતપોતાના ઘરમાં દાટી દીધો. સવારે ખાતર પડેલું જોઈ, વિક્રમનું જ એ કામ એમ માની, બ્રાહ્મણના ઘરનાં ચારે જણ વિક્રમની સામે આવીને હત્યા આપવા માંડયાં. વિક્રમે બીજું ધન આપવા કહ્યું, પણ બ્રાહ્મણે પેલા કળશનો જ આગ્રહ રાખ્યો. તાત્કાલિક બ્રાહ્મણને લાખ ટંકા આપી, બાર દિવસમાં કળશ લાવીને સોંપવાનું વચન આપી, વિક્રમે બ્રાહ્મણને પાછો મોકલ્યો. પછી વિક્રમ નગરચર્ચા જોવા નીકળ્યો. લોકોમાં આ બનાવ અંગે જાતજાતની વાતો થતી હતી. શિવ પૂજા કરી બીજા દિવસથી સભામાં વારાફરતી અઢારેય વરણને બોલાવીને પૂછવા માંડયું. પણ બધા ઉપાય અજમાવ્યા છતાં અગિયાર દિવસ સુધી ચોરની ભાળ ન લાગી. બારમે દિવસે જુગારીઓને બોલાવ્યા. પેલા ચોર જુગારખાનાના સરદાર હતા. તેઓ રોજ સભામાં આવતા. રાજાને ચોર જુગારીઓમાંથી જ હોવાની શંકા હતી. જુગારીઓને માનપાન આપીને વિક્રમે તેમને કાંઈક ચતુરાઈની વાત કહેવા કહ્યું, પણ જુગારીઓએ વાર્તા કહેવા રાજાને આગ્રહ કર્યો. રાજાએ વાત માંડી.

**૨. ચોરની ઓળખ માટે વિક્રમે કહેલી ચતુરાઈની વાર્તા (સૌથી ઉદાર કોણ ?)**: નિશાળે સાથે સાથે ભણતા એક વણિકના પુત્ર અને બીજા વણિકની પુત્રી વચ્ચે પ્રેમ થયો. પુત્રીના બાપે ગરીબના છોકરા જોડે પોતાની દીકરીને પરણાવવાની ના પાડી. એટલે વણિકપુત્રીએ પોતાના પ્રેમીને વચન આપ્યું કે પરણ્યાની પહેલી રાતે તેની સાથે સુખ માણ્યા પછી જ તે પોતાના પતિની સાથે સુખ માણશે. એ પછી તરતમાં તે વણિકપુત્ર બીજે પરણી ગયો અને તેને ત્રણ બાળક પણ થયાં. તે ફેરી કરીને ગુજરાન કરતો હતો. આ તરફ પેલી વણિકપુત્રીને એક વહાણવટીની સાથે પરણાવી. પરણીને તેનો પતિ તરત પરદેશ ગયો. સ્ત્રી વીસ વરસની થઈ ત્યારે તે અઢળક ધન કમાઈને પરદેશથી પાછો આવ્યો. પહેલી રાતે શણગાર સજીને પતિની પાસે વણિકપુત્રી આવી ત્યારે તેણે પ્રેમીને દીધેલો બાળપણનો કોલ સાંભર્યો. તેણે પોતાના પતિને વાત કરી. પતિએ એ વણિકપુત્ર પાસે જઈ આવવા તેને રજા આપી. સ્ત્રી ઊપડી. રસ્તે મળેલા ચાર ચોરે તેને લૂંટવા માંડી. એક ઘડીમાં પાછી આવીને ઘરેણાં કાઢી આપવા ચોરોને વચન આપી તે છૂટી, પણ પછી તેને જવા દેવા માટે ચોર પસ્તાયા. તેમણે એક વેપારીનું ઘર ફાડીને ઝવેરાત ચોર્યું અને તે પછી પારખું જોવા તેઓ વણિકપુત્રીની પાછા ફરવાની વાટ જોતા બેઠા. પેલી સ્ત્રી તેના બચપણના પ્રેમી વણિકપુત્રને ઘરે પહોંચી અને આપેલા વચન પ્રમાણે તે આવી હોવાનું જણાવ્યું. વણિકપુત્રે તેને બહેન માની પસલી આપીને પાછી વળાવી. સ્ત્રી ચોરો પાસે આવી, અને પોતાનાં ઘરેણાં ઉતારી આપવા લાગી. પણ ચોરોને તેના શુકને ચોરીમાં ખૂબ માલ મળ્યો તેથી ઊલટાની તેને એક રત્નજડિત કાંચળી ભેટ આપી. પછી તે સ્ત્રી વાટ જોતા પોતાના પતિની પાસે આવી અને બનેલી બધી વાત તેને કહી. પતિએ પણ તેને સાચી માનીને તેનું સ્વાગત કર્યું. વાત પૂરી કરીને વિક્રમે જુગારીઓને પૂછયું : 'આ વાતમાં સૌથી કોણ ભલો, ઉદાર અને સત્યવચની કોણ, પતિ ? સ્ત્રી ? ચોર કે પ્રેમીમિત્ર ? તમારામાંથી જે સોળ ડાહ્યા જણ હોય તે ઊઠો અને ચારચારનાં જૂથ પાડી, નક્કી કરીને તમારો મત કહો.' એ પ્રમાણે કરી એક જૂથે પતિ, બીજાએ સ્ત્રી, ત્રીજાએ મિત્ર અને ચોથાએ ચોર સૌમાં શ્રેષ્ઠ હોવાનું જણાવ્યું. એટલે વિક્રમે છેલ્લા જૂથના ચાર જણને કળશના ચોર ઠરાવ્યા.

**(૩) ઉપસંહાર** : ચોરોને એકાંતમાં બોલાવીને કળશ આપી દેવા કહ્યું પણ તેઓ ન માન્યા. વળતે દિવસે શૂળીએ ચડાવવાનું કહી તેમને કારાગારમાં નાખ્યા. રાજા રાત્રિચર્યાએ નીકળ્યો. જાતજાતની લોકવાયકા સાંભળી. સવારે ચોરોને બોલાવી ફરી મનાવવા પ્રયત્ન કર્યો. તોપણ તેઓ ન માન્યા. બ્રાહ્મણે તેમને જવા દેવા કહ્યું. છેવટે વિક્રમે ચોરોને એકાંતમાં બોલાવીને કહ્યું કે તમે કળશ પાછા સોંપો તો જે કહેશો તે બદલો તમને આપીશ. એટલે ચોરો માની ગયા. ચોરીના કલંકથી અને રાજદંડથી બચવા તેઓ નામુકર જતા હતા. રાજાએ તેમને વજીરપદું આપી બાર ગામ આપવા વચન દીધું. ચોરોએ રાજાને કળશ સોંપ્યા. રાજાએ તે બ્રાહ્મણને સોંપ્યા, અને ચોરને આપેલું વચન પણ પાળ્યું.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે. આ કથા ભોજરાજાને કહીને બાલા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : '**સિંહાસનબત્રીસી**'–૨ અગિયારમી કથા)

**છઠ્ઠીના લેખ : જુઓ, વિધાતાની વાર્તા**

**છળકપટથી કન્યાપ્રાપ્તિ (વેતાળપચીસી–૧, પહેલી કથા)** : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના

ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી :

'વારાસણી નગરીનો રાજકુમાર અને પ્રધાનપુત્ર એક વાર શિકારે નીકળ્યા. રસ્તામાં આવેલા એક શિવાલયમાં જઈને બંને શિવસ્તોત્રનો જાપ કરતા હતા, ત્યારે એક રાજકુમારી મંદિરમાં પાર્વતીની પૂજા કરવા આવી. પૂજાવિધિ કરી પાછાં ફરતાં રાજકુમારી અને રાજકુમાર પરસ્પરને જોઈ મુગ્ધ થયાં. રાજકુમારીએ એક કમળ લઈ માથા પર મૂકી પછી કાને અડાડયું, દાંત પર મૂકયું, પછી પગે મૂકયું. આમ ગૂઢ સંકેત કરી તે ચાલી ગઈ. પ્રધાનપુત્રે રાજકન્યાએ કરેલા સંકેતનો અર્થ રાજકુમારને સમજાવ્યો. એ કર્ણકુબ્જ નગરની રાજકુમારી હતી. તેના પિતાનું નામ દાંતીઘાટ અને પોતાનું નામ પદ્માવતી હતું. અને તે રાજકુમારના પ્રેમમાં પડી હતી. એ સાંભળી કુમાર પ્રધાનપુત્ર સાથે તે નગરમાં રહેતી એક માલણને ત્યાં ગયો. તેણે માલણ સાથે પદ્માવતીને સંદેશો કહેવડાવ્યો. માલણે કુંવરી આગળ ફૂલની છાબ મૂકીને પ્રધાને જે કહેવડાવેલું તે કહ્યું. એ સાંભળી કુંવરીએ ચંદનથી હાથ ખરડી દસેય આંગળીઓની છાપ પડે એમ માલણને થપ્પડ લગાવી અને ગાળો દઈને કાઢી મૂકી. માલણે ઘેર આવી રાજાને બનેલી બીના કહી. પ્રધાનપુત્રે સંકેત સમજાવ્યો કે અજવાળિયાના દસ દિવસ પૂરા થાય પછી તે મળશે. દસ દિવસ પછી સંદેશો લઈને ગયેલી માલણને ગાલે કુંવરીએ ત્રણ આંગળીઓથી થપ્પડ મારી અને તેને કાઢી મૂકી. પ્રધાનપુત્રે રાજકુંવરને તેનો અર્થ સમજાવ્યો કે તે રજસ્વલા હોઈને ત્રણ દિવસ બાદ આવવાનું તેણે સૂચવ્યું છે. ચોથા દિવસે માલણ સંદેશો લઈને ગઈ ત્યારે પદ્માવતીએ તેને ગાળો દઈ પાછળના દરવાજેથી કાઢી મૂકી. પ્રધાનપુત્રે સમજાવ્યું કે તેને આજે પાછલે દરવાજેથી આવવા કહેવરાવ્યું છે. રાત પડતાં કુંવર ગયો. તેણે બારીમાંથી લટકતી દોરી હલાવી એટલે રાજકુમારીએ તેને મહેલમાં ખેંચી લીધો. સ્નાન–ભોજન કરી શય્યામાં સુખોપભોગ કરતાં બંને બેઠાં હતાં ત્યારે રાજકન્યાએ કુમાર પાસેથી જાણ્યું કે તેના બધા સંકેતોનો ગૂઢાર્થ પ્રધાનપુત્ર બતાવતો હતો. પોતાને મૂર્ખ રાજકુમાર સાથે જોડી દેવા માટે પ્રધાનપુત્ર પર વેર લેવા, રાજકુમારીએ ઝેરના લાડવા બનાવી સોનાની થાળીમાં મૂકીને તે પ્રધાનપુત્રને મોકલાવ્યા. પ્રધાનપુત્રે પરીક્ષા કરવા લાડવાનો ટુકડો કૂતરાને નાખ્યો. તે તે ખાતાં જ મરી ગયું. એ જોઈને રાજકુમારને પદ્માવતી પર ક્રોધ ચડયો. પ્રધાનપુત્રે બદલો લેવાની યોજના કરી. તે અનુસાર રાજકુમારે પદ્માવતી પાસે જઈ તેની જાંઘે ત્રિશૂલની નિશાની કરી. તેના પગનું ઝાંઝર લઈ લીધું. તે પછી પ્રધાનપુત્ર જોગીનો વેશ લઈ સ્મશાનમાં જઈને બેઠો. રાજકુમારને ચેલો બનાવી, પદ્માવતીનું ઝાંઝર આપી બજારમાં તેને વેચવા મોકલ્યો. ચેલો એ નામાંકિત ઝાંઝરના ઘડનાર સોનીને ત્યાં જ જઈ ચઢયો. ઝાંઝર બાબત પૂછપરછ કરીને સોની ચેલાને કોટવાળ પાસે લઈ ગયો. ચેલો કોટવાળને પોતાના ગુરુ પાસે લઈ ગયો.

ગુરુએ કોટવાળને કહ્યું : 'કાળીચૌદશની રાત્રે હું હોમ કરતો હતો ત્યારે મધ્યરાત્રિએ ચાર સ્ત્રીઓએ સ્મશાનમાં આવી અઘોર મંત્ર ભણી, એક પુરુષનો ભોગ આપી તેઓ એને ખાવા બેઠી એવામાં મેં તેમને જોઈ. ત્રિશૂળ લઈને તેમની પાછળ પડયો ત્યારે એક સ્ત્રીના પગનું ઝાંઝર પડી ગયું. મેં તેની જાંઘમાં ત્રિશૂળ માર્યું અને ઝાંઝર લઈ લીધું. એ ઝાંઝર વેચવા મેં ચેલાને મોકલ્યો.'

કોટવાળે સઘળો વૃતાંત રાજાને કહેતાં રાજાએ તપાસ કરાવી તો રાજકુમારી પદ્માવતીનું ઝાંઝર ગૂમ થયેલું હતું અને જાંઘ પર ત્રિશૂળનું ચિહ્ન હતું. તેને દંડ દેવા રાજાએ જોગીની સલાહ માગી. વધ કરતાં સ્ત્રીહત્યાનું પાપ થાય તેથી રાજાએ પદ્માવતીને કાઢી મૂકી. રાજકુમાર અને પ્રધાનપુત્ર તેને પોતાને નગર લઈ ગયા. પદ્માવતીના દુઃખથી તેનો પિતા મરણ પામ્યો. માતા પતિની પાછળ સતી થઈ'

આટલી કથા કહી વેતાળે વિક્રમ રાજાને પૂછયું : 'પદ્માવતીનાં માતા–પિતાના મૃત્યુનું પાપ કોને માથે ? જો તું આ પ્રશ્નનો ઉત્તર જાણતો હોવા છતાં બોલીશ નહીં, તો તારું હૃદય ફાટી જશે અને તું મરણ પામીશ.' વિક્રમે કહ્યું, 'એ પાપ પદ્માવતીના પિતાને પોતાને માથે જ. જે રાજા હોય તેણે કોઈનો ન્યાય કરીને દંડ દેતાં પહેલાં બરાબર ચોકસાઈ કરવી જોઈએ. એવી ચોકસાઈ તેણે ન કરી માટે બધો દોષ તેનો જ ગણાય.' આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.' [આધાર : **'વેતાલપચીસી'**–૧, પહેલી કથા]

**જક્ષ ઉઠાવી ગયાની બનાવટ કરી બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, તેરમી કથા) : શંભુશેર રાજાની રાણી રંગા દરરોજ પાનનાં બીડાં આપવા આવતા જુવાન, ફૂટડા માલા તંબોળીને જોઈ કામાતુર થઈ. તેને એકાંતમાં બોલવી ધન વગેરે ભેટ આપી રીઝવ્યો. રાણી સાથે રંગરાગ કરતાં વીસ દિવસ વહી ગયા. પણ માલો રાજાની બીકે મનમાં ઘણો ફફડતો. તેથી દૂબળો પડી ગયેલો જોઈને રંગાએ પૂછયું ત્યારે તેણે મનની વાત કહી : "કોઈક દિવસ

પકડાઈશ તો મારું મોત આવશે એની મને ભારે બીક છે. હું તો આ ગામ છોડી બીજે ચાલ્યો જઈશ." રંગાએ તેનો આ ભય નીવારવા તેની સાથે નાસી જવાનું નક્કી કર્યું. એક વાર રાજા શિકારે ગયેલો, ત્યારે રંગા આગળથી નક્કી કર્યા પ્રમાણે મધરાતે વેશપલટો કરી, પુષ્કળ ધન અને ઘરેણાં-ગાંઠાનો દાબડો લઈને નીકળી. માલાને સાથે લીધો અને બંને ગામ છોડી આગળ ચાલ્યાં. માલાના મનમાં પોતાની વહુ અને છોકરાંને છોડી જવાનું દુઃખ હતું અને રાજાની ભોગ તજી પોતાના જેવા મજૂરિયા સાથે નાસી આવતી રંગા પ્રત્યે ઘણો તિરસ્કાર હતો. ઘણો પંથ કાપ્યા પછી એક વેરાનમાં મંદિર પાસે તેમણે ઉતારો કર્યો. માલાને ધનનો દાબડો સોંપ્યો. માલો ગામમાંથી વસ્ત્રાભરણ લઈ આવવા નીકળ્યો. રંગા વસ્ત્રો ઉતારી નદીમાં નાહવા પડી. માલો ધનનો દાબડો અને રંગાનાં વસ્ત્રો લઈને નાસી ગયો.

એટલામાં એક શિયાળ મોંમાં માંસનો ટુકડો લઈને નદી-કાંઠે આવ્યું. પાણીમાં માછલીઓ જોઈ તેને પકડવા શિયાળે માંસનો ટુકડો કાંઠે મૂક્યો અને તરાપ મારીને મોંમાં માછલી પકડી. એટલામાં બાજને પેલા માંસના ટુકડા પર ઝપટ મારતું જોઈ, તે બચાવવા શિયાળ દોડ્યું. તેમાં પેલી માછલી મોંમાંથી પડી પાણીમાં સરી ગઈ અને માંસનો ટુકડો ઉઠાવીને બાજ ઊડી ગયું. આ દૃશ્ય જોઈ રંગા તાળી પાડી શિયાળની હાંસી ઉડાવતાં બોલી, "જો તું માછલીના લોભમાં ન પડ્યો હોત તો માંસ તો ખાવા મળત, મૂર્ખાએ બંને ગુમાવ્યાં." એટલે શિયાળ બોલ્યું : "તું મારી હાંસી ઉડાવે છે પણ તારી પોતાની દશા તો તપાસ. રાજસુખ છોડીને તું માલા સાથે ભાગી આવી અને એ તો તારું બધું લઈને નાસી ગયો છે. તું તો હવે ક્યાંયની રહી નથી."

એટલામાં શિકારેથી મોડી રાતે પાછા ફરેલા શુંભુશેર રાજાએ વળતે દિવસે સવારે મહેલમાંથી રાણી ગૂમ થવાનું જાણી ચારે તરફ એની તપાસમાં માણસો મોકલ્યા. અને પોતે પણ માર-માર ઘોડે નીકળી પડ્યો. ગામેગામ જોતો તે રંગા ન્હાતી હતી તે નદી પાસે આવી પહોંચ્યો. રાજાને આવતો જોઈ બીકથી એની છાતી બેસી ગઈ. રાજા શિકારેથી બહુ મોડી રાત્રે પાછો ફરી ઊંઘી ગયો હશે અને સવારે રંગાને મહેલ-માંથી ગૂમ થયેલી જાણીને તપાસે નીકળી પડ્યો હશે—એમ સમજી જઈને તેણે સ્ત્રીચરિત્ર કર્યું. નાગીનાગી પાણીમાંથી નીસરી કાંઠે રહેલા સ્મશાનમાં સળગતી ચિતા ફરતા ફેરા ફરી નાચવાકૂદવા લાગી. ઘડીક હસે, ઘડીક રડે. રાજા કપડાં પહેરાવી તેને મહેલે લાવ્યો. ગાંડપણ કાઢવા રાજાએ ઘણા ઉપાય કર્યા, પણ કશું પરિણામ ન આવ્યું. એક વાર તેના બંધ બારણે રાજાએ કોઈના બોલ સાંભળ્યા : "મેં તારા વરનું અને તારું રક્ષણ કર્યું અને જક્ષને શેકી ખાધો. હવે સ્મશાન જઈ એકસો આઠ મણ ખીર, લાડુ ને બાકળાનો ભોગ ધરાવીશ તો તું સાજી થઈશ." રાજાએ પેલા સ્મશાનમાં દેવીને એણે કહ્યા પ્રમાણે ભોગ ધરાવ્યો. રંગાનું ગાંડપણ ગયું. પછી રાજાએ એને સમ દઈને જે બન્યું હતું તે સાચેસાચું કહેવા કહ્યું. રંગા કહે : "તમે શિકારેથી કોઈક વળગાડ સાથે લઈને આવેલા. રાત્રે તમે ભરઊંઘમાં હતા ત્યારે એ જક્ષ તમને ઉપાડીને શેકી ખાવા લઈ જતો હતો, ત્યારે મેં આડી પડીને તમારે બદલે મને લઈ જવા ઘણું ઘણું આપી તેને વીનવ્યો. તે તે મને સ્મશાનમાં લઈ ગયો. નગ્ન કરી, નવરાવીને મને શેકવા ચિતામાં નાખતો હતો ત્યારે મને બચાવવા દેવતાને મેં વિનંતી કરી. ચંડી માતા મારી વહારે આવ્યા. તેમણે જક્ષને ચિતામાં હોમી શેકી ખાધો અને મારાં વસ્ત્રાભૂષણ બ્રાહ્મણોને દાનમાં આપ્યાં. ચંડી માતાને ભોગ ન આપ્યો ત્યાં સુધી મને ચિત્તભ્રમ રહ્યું." જીવને ભોગે પોતાને જીવતદાન આપનાર રંગાને ભરપૂર નવાજી ને તે પછી શંભુશેર તેને પ્રેમવશ બનીને રહ્યો. [આધાર : **'સૂડાબહોંતેરી'**, તેરમી કથા]

**જન્મજન્માંતરનાં વિપરીત સગપણ** : જુઓ, **વધુ પુણ્ય કોનું ?**

***જંબૂકુમાર*** : **૧.** કેટલોક સમય અપુત્ર રહેલા રાજ-ગૃહ નગરીના ઋષભદત્ત શેઠને ત્યાં પુત્ર અવતર્યો. તેનું નામ જંબૂકુમાર રાખ્યું. જંબૂકુમાર યુવાન થયો એટલે એની સગાઈ સમુદ્રશ્રી, પદ્મશ્રી પદ્મસેના, કનકસેના, નભસેના, કનકશ્રી, કનકવતી અને જયશ્રી એ નામની આઠ કન્યાઓ જોડે કરવામાં આવી.

આ પછી જંબૂકુમાર તે નગરીમાં આવેલ જૈન મુનિ સુધર્મસ્વામીને વંદન કરવા ગયો. એમનો ધર્મોપદેશ સાંભળીને જંબૂકુમારના મનમાં વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો અને તેણે દીક્ષા લઈ સાધુ બનવાનું નક્કી કર્યું. તે માટે માતાપિતાની અનુમતિ લેવા તે પાછો ફર્યો, પણ રસ્તામાં ભીડ વગેરે કારણે ઘેર પહોંચી પાછા મુનિમહારાજ પાસે આવવામાં વિલંબ થાય તેથી તેણે વચ્ચેથી જ પાછા આવીને મુનિમહારાજ પાસે બ્રહ્મચર્યવ્રત લીધું. પછી ઘરે આવીને સંસાર ત્યજી દેવાની માતાપિતા પાસે અનુમતિ માગી. માતાપિતાએ તેમ ન કરવા જંબૂકુમારને સમજાવ્યો, પણ તે પોતાના નિર્ણયમાં અડગ રહ્યો. એટલે માતાપિતાએ જે આઠ કન્યાઓ સાથે સગાઈ કરી છે તેમની સાથે લગ્ન કરી પછી તેને રુચે તેમ કરવા

કહ્યું. સાધુ બનવાનો જંબૂકુમારનો નિર્ણય કન્યાઓના પિતાઓને અને તેમણે પોતાની પુત્રીઓને જણાવ્યો. પણ તેઓએ તો જંબૂકુમારને જ પરણવાનો આગ્રહ રાખ્યો.

૨. વિવાહવિધિ સમાપ્ત થયા પછી રાત્રે જંબૂકુમાર તેમની પત્નીઓ સાથે સૂતો હતો, ત્યારે એક ચોરની ટોળી ચોરી કરવા આવી. તેમના મુખીએ મંત્રશક્તિ વડે મહેલનાં ચોકીદાર વગેરે સૌને નિદ્રાવશ કરી દીધા અને મંત્રબળે તાળાં ખોલી નાખ્યાં. પ્રાસાદમાં પ્રવેશીને ચોરો સ્ત્રીઓનાં આભૂષણો ઉતારવા લાગ્યા. ઊંઘાડવાના મંત્રની જંબૂકુમાર પર કશી અસર ન થઈ હોવાથી તે જાગતો હોઈ તેણે ચોરોને વાર્યા. મંત્રનો પ્રભાવ જંબૂકુમાર ઉપર ન પડ્યાથી આશ્ચર્ય પામેલા ચોરનાયકે ઊંઘાડવાના મંત્રનું નિવારણ કરીને પછી જંબૂકુમારને પોતાનો પરિચય આપ્યો. તે જયપુરનો મોટો રાજકુમાર પ્રભવ હતો. પિતાએ નાનાભાઈને રાજ્ય આપ્યું તે અન્યાય સહન ન થતાં તે વિંધ્યાટવીમાં જઈને રહ્યો. લૂંટફાટ શરૂ કરી. તેણે અવસ્વાપિની અને તાલઉદ્ઘાટની વિદ્યા મેળવી હતી. જંબૂકુમારની પાસે સ્થંભન અને મોચનના મંત્ર હોવાનું જાણી પ્રભવે પોતાના મંત્રોની તેની સાથે આપલે કરવાની ઇચ્છા બતાવી. પણ જંબૂકુમારે કહ્યું : મેં સંસાર છોડી સાધુ બનવાનું નક્કી કર્યું હોવાથી મને હવે એવી કોઈ વિદ્યાનો મોહ રહ્યો નથી.' પ્રભવે મિત્રભાવે તેને પત્નીઓ સાથે ભોગ ભોગવી પછી સાધુ બનવા કહ્યું. જંબૂકુમારે તેનો પ્રતિવાદ કરતાં જણાવ્યું કે સંસારનું સુખ, ચોતરફ ભયંકર અને મરણાંત આફતોથી ઘેરાયેલો માણસ મધનું ટીપું ચાટવામાં જે આનંદ માણે તેના જેવું ક્ષણભંગુર છે. જંબૂકુમારે સંસારીસંબંધોનું વાસ્તવિક સ્વરૂપ કેવું જુગુપ્સાકારક હોય છે તે દર્શાવવા કુબેરદત્ત–કુબેરદત્તાની અને એવી બીજી દૃષ્ટાંતકથાઓ કહી, અને તેના સારરૂપે કહ્યું કે, બંધુબાંધવના સાંસારિક સંબંધો નિઃસાર છે. સંસારનાં બંધનમાંથી છોડાવે તે જ સાચો બંધુ.

(**કુબેરદત્ત અને કુબેરદત્તા**ની દૃષ્ટાંતકથા માટે જુઓ આ કથાકોશમાં એ શીર્ષક નીચે)

૩. આ વાતચીત દરમિયાન જંબૂકુમારની પત્નીઓ જાગી ગઈ. તેમણે જંબૂકુમારને પરોક્ષ સ્વર્ગસુખ મેળવવા પ્રત્યક્ષ સુખવૈભવ છોડી દેવામાં કેવું ડહાપણનું દેવાળું છે અને તેથી કેવો પસ્તાવાનો વારો આવશે તે સંબંધમાં એક પછી એક બોધક દૃષ્ટાંત આપ્યાં અને જંબૂકુમારે પણ તેમનો દરેકનો પ્રતિવાદ કરતાં બોધક દૃષ્ટાંતો પ્રત્યુત્તર રૂપે કહ્યાં. પહેલાં સમુદ્રશ્રીએ કહ્યું : 'તમે પેલા મૂર્ખ ખેડૂતની જેમ બંને ગુમાવવા બેઠા છો. બીજે ગામ કોઈને ત્યાં પરોણા તરીકે પહેલી જ વાર ગોળના પૂડા ખાતાં, એક મૂર્ખ ખેડૂતને એ ખૂબ મીઠા લાગ્યા. તેણે યજમાન પાસેથી જાણી લીધું કે એવા પૂડા માટે ઘઉં અને શેરડી જોઈએ. ઘરે આવીને તેણે પોતાના ખેતરમાં મોટા થયેલા કાંગ અને કોદરાના લીલાછમ કાચા મોલને, દીકરાઓના વારવા છતાં વાઢી નાખ્યો અને રેંટથી શેરડીને પાણી પાવા માટે કૂવો ખોદાવતાં તેમાંથી પાણી ન નીકળ્યું, એટલે ઘઉં કે શેરડી ઉગાડવાનું પણ ન બન્યું. એમ એ બંનેમાંથી લટક્યો. તમારું પણ એવું થશે.'

૪. તેનો પ્રતિવાદ કરતાં જંબૂકુમારે કહ્યું : 'સંસારસુખના તુચ્છ લાભથી મોહિત થનારની દુર્દશા થાય છે અને એ વિષે તેણે લાલચુ કાગડાનું દૃષ્ટાંત કહ્યું.

(એ માટે જુઓ આ કથાકોશમાં **લાલચુ કાગડો**)

**૫.** આ દૃષ્ટાંત સાંભળી પદ્મશ્રી બોલી : 'સ્વામી તમે અત્યારે જેટલું સુખ છે તેથી સંતોષ ન માનતાં સ્વર્ગસુખનો લોભ કરશો તો અસંતોષી વાનરની જેમ પસ્તાશો.' એમ કહી તેણે અસંતોષી વાનરની દૃષ્ટાંતકથા કહી.

(એ માટે જુઓ આ કથાકોશમાં **અસંતોષી વાનર**)

૬. તેના કહેવાનો પ્રતિવાદ કરતાં જંબૂકુમારે કહ્યું : 'વિષયસુખની તૃષ્ણા એ પસ્તાવા અને દુઃખનું કારણ બને છે. મને એવી કોઈ તૃષ્ણા નથી. તૃષ્ણાથી પીડિત માણસની દશા પેલા કોલસા પાડનારની કેમેય ન છીપતી તરસ જેવી છે. એ ભરઉનાળામાં જંગલમાં કોલસા પાડવા ગયો અને અતિશય તરસ્યો થયો. પાસેનું બધું પાણી પી ગયા પછી, પાણીની શોધમાં ભટકવા લાગ્યો. થાકથી રસ્તામાં પડી ગયો. ઊંઘમાં સ્વપ્નમાં તેણે વાવ, કૂવા અને તળાવનું પાણી પીને ખલાસ કર્યું તોય તેની તરસ ન છીપી. પછી ચાલતાં ચાલતાં તે એક ખાબોચિયા પાસે આવ્યો અને તેમાં રહેલું નજીવું પાણી નીચો વળીને જીભથી ચાટવા લાગ્યો. સંસારી જીવ તૃષ્ણાથી આ અંગારકારકની જેમ પીડાતો હોય છે.'

૭. જંબૂકુમારનાં આ વચનો સાંભળી પદ્મસેના બોલી : 'આપણે બાળક પાસેથી પણ હિતશિક્ષા ગ્રહણ કરવી જોઈએ. સ્વામી, આ વિષયમાં હું એક દૃષ્ટાંત કહું છું તે સાંભળો.' એમ કહી પદ્મસેનાએ નૂપુરપંડિતાની દૃષ્ટાંતકથા કહી.

(એ માટે જુઓ આ કથાકોશમાં **નૂપુરપંડિતા**)

પદ્મસેનાએ કહેલા દૃષ્ટાંતના પ્રતિદૃષ્ટાંતરૂપે જંબૂકુમારે બે વિદ્યાધરોની વાત કહી. એમાં વિદ્યા સાધવા માટે સાધનાના એક ભાગ તરીકે બે વિદ્યાધર યુવકો ચાંડાલકન્યાને પરણ્યા, પણ એકે નિયમ અનુસાર એક વરસ બ્રહ્મચર્ય પાળીને વિદ્યા સિદ્ધ કરી, જ્યારે બીજો સ્ત્રીના મોહમાં ચાંડાલ ગૃહસ્થ બનીને

પામર જીવન જીવતો વિદ્યાથી વંચિત રહ્યો. આમ સાંસારિક વિષયની લુબ્ધતા માણસને આંધળો બનાવી દેતી હોવાનું જંબૂકુમારે દર્શાવ્યું.

૮. એટલે કનકસેના બોલી: 'સ્વામી, તમે અતિશય આગ્રહથી તમારી વાતને વળગી રહેશો તો તમારે દુઃખી થઈ પસ્તાવું પડશે. અને એ વિશે તેણે શંખધમકની દૃષ્ટાંતકથા કહી.

(એ માટે જુઓ આ કથાકોશમાં **શંખધમક**)

આમ કનકસેનાએ જંબૂકુમારને મધ્યમ માર્ગે ચાલવાનું હિતકર હોવાનું કહ્યું.

૯. કનકસેનાને ઉત્તરરૂપે જંબૂકુમારે કહ્યું : 'જ્ઞાન વિના ક્રિયા કરનાર બંધનમાં પડે છે. અને સંકટમાં વધુ ફસાય છે. મારામારીમાં ઘવાયેલો ઘરડો વાનર તરસે પીડાતો શિલાજિતના રસને પાણી સમજી તેમાં મોઢું ઘાલે, મોઢું ચોંટી જતાં તે કાઢવા શિલાજિતમાં હાથપગ ઘાલે અને મરણશરણ થાય, તેમ માણસ નારીના મોહમાં ફસાઈને પછી પાંચે ઇંદ્રિયોથી તેમાં રચ્યોપચ્યો રહી મૃત્યુ પામતો હોય છે. એ જાણતો હોઈને હું મારા બ્રહ્મચર્યનો ભંગ નહીં કરું.' એટલે નભસેના બોલી : 'સ્વામી, તમારી વયને અનુરૂપ ગૃહસ્થજીવન સ્વીકારો અને અંતે દીક્ષા લેવાનું રાખો. વધારે મેળવવાના લોભમાં તણાશો તો બધું ખોશો. અને એ વિશે તેણે બુદ્ધિ અને સિદ્ધિની દૃષ્ટાંતકથા કહી.

(એ માટે જુઓ આ કથાકોશમાં **બુદ્ધિ અને સિદ્ધિ** અથવા **અતિલોભી વૃદ્ધા**)

**૧૦.** નભસેનાને ઉત્તર આપતાં જંબૂકુમારે કહ્યું : 'હું મોક્ષનું શાશ્વત સુખ મેળવવા ઇચ્છું છું, તો ક્ષણિક સંસાર-સુખથી મને કેમ સંતોષ થાય ? જેમ તાલીમ પામેલો જાતવાન ઘોડો પોતાનો માર્ગ છોડી આડે માર્ગ કદી જતો નથી, તેમ હું પણ મોક્ષમાર્ગને નહીં છોડું ?' એટલે કનકશ્રી બોલી : 'સ્વામી, અમે સૌ તમારા ગુણાનુરાગી છીએ. તમે જે પકડયું તે છોડતા નથી, તો પેલા મુખીના પુત્રની જેમ દુઃખી થશો.' અને તેણે મુખીના પુત્રની દૃષ્ટાંતકથા કહી.

(એ માટે જુઓ આ કથાકોશમાં **પૂંછડું પકડયું તે પકડયું**)

આ જાતનો હઠાગ્રહ છોડી દેવા કનકશ્રીએ જંબૂકુમારને કહ્યું. તેના ઉત્તરમાં જંબૂકુમારે કહ્યું : 'સ્ત્રીઆસક્ત પુરુષ તેને વશ બની જાય છે. હું તમારો સૌનો વશવર્તી દાસ બનવા નથી માગતો.'

**૧૧.** એટલે કનકવતી બોલી : 'સ્વામી, તમે માસાહસ પક્ષીની જેમ વર્તી રહ્યા છો. માસાહસ પક્ષી સૂતેલા વાઘના દાંતમાં ભરાયેલો માંસનો કકડો ખેંચી લઈ, 'માસાહસ' (એટલે કે અવિચારી કામ ન કરો) એમ બોલતું ઊડીને ઝાડ પર બેસે, એમ તમે પણ છતું સુખ છોડીને સુખની શોધમાં નીકળો છો.' કનકવતીનાં વચનના પ્રત્યુત્તરરૂપે જંબૂકુમારે ત્રણ પ્રકારના મિત્રનું દૃષ્ટાંત કહ્યું.

(આ માટે જુઓ આ કથાકોશમાં **ત્રણ મિત્ર**)

**૧૨.** એટલે જયશ્રી બોલી, 'તમે જૂઠાં દૃષ્ટાંતો અને કથાઓ કહી અમને ભોળવો છો અને મનુષ્યભવનો લહાવો ખુઓ છો.' એમ કહી તેણે જૂઠી કથા કહેવા ઉપર નાગશ્રીની દૃષ્ટાંતકથા કહી.

(આ માટે જુઓ આ કથાકોશમાં **નાગશ્રી (સત્યકથા લાગતી અસત્ય કથા)** :

એના પ્રત્યુત્તરરૂપે જંબૂકુમારે વિષયાસક્ત જીવ કેવી રીતે ફરી ગર્ભવાસના અને જન્મમરણનાં દુઃખ ભોગવે છે તે લલિતાંગકુમારના રૂપક દ્વારા સમજાવ્યું.

જંબૂકુમારની જ્ઞાનદૃષ્ટિ અને ઉપદેશથી પ્રભાવિત થઈ તેની આઠે પત્નીઓએ અને પ્રભવ ચોરે પણ સંસારત્યાગ કરીને જંબૂકુમારની સાથે જ સાધુવ્રત સ્વીકાર્યું.

[આધાર : **'જંબૂસ્વામી રાસ'**]

**જાર અને પતિની અદલાબદલી કરી બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, અઠ્ઠાવનમી કથા) : કડવા કડિયાની વહુ કપૂરા રખડુ હતી એ જ્યાં ત્યાં ભટકતી ફરતી. પરણાવેલી હોવા છતાં સાસરે ન જતાં પિયરમાં જ પડી રહેતી. માબાપે ઘણું સમજાવી, પણ તે સુધરી નહીં. છેવટે માબાપે વંઠેલી દીકરીને બાજુની શેરીમાં જુદું ઘર આપીને રાખી. શેરી જુદી, પણ કપૂરાના ઘરની અને તેના માબાપના ઘરની પછીત અડોઅડ હતી. તેના ઘરના જાળિયામાંથી માબાપ તેના પર નજર રાખતાં અને ચીજવસ્તુ આપતાં. કપૂરાની પછીતે ગોખલો હતો, તેમાં દેવનો દીવો મુકાતો. એક વાર નોરતાનો ઉત્સવ આવ્યો ત્યારે કપૂરાએ પોતાના મીઠા કંઠે અને મનમોહક ઢબે ગરબા ગાઈને લોકોને વશ કરી દીધા. તે વેળા ગામના લખપતિ ત્ર્યંબક શેઠનો જુવાન દીકરો ભોટવો ફૂટડી, ફાંકડી કપૂરાને જોઈને તેના પર મોહી પડ્યો. એક વાર કપૂરા નદીએ નાહવા જતી હતી ત્યારે ભોટવો તેને સામો મળ્યો. વાતચીતમાં તેનો મનોભાવ જાણી લઈને તેને રાત્રે પોતાને ઘેર આવવા નોતર્યો. પકડાઈ જાય તો બાપની નામોશી થાય અને રાજા દંડે એવી બીકે ડરતા ભોટવાને ધીરજ બંધાવીને કપૂરાએ કહ્યું : 'હું સૌને

પહોંચી વળીશ, તને કશી આંચ આવવા નહીં દઉં.' ભોટવો માબાપને એવું બહાનું આપીને ઘરેથી નીકળ્યો કે ગામમાં ઉત્સવ થાય છે તે જોઈને હું સવારે આવીશ. પછી તે કપૂરાને ઘેર પહોંચ્યો. બંને ખાનપાન અને લીલાવિલાસમાં ડૂબી ગયાં. હવે કપૂરાની પડોશમાં રૂપો નામે સૌભાગ્યચંદ શેઠનો નોકર રહેતો હતો. સૌભાગ્યચંદ શેઠ અને ત્ર્યંબક શેઠ વચ્ચે વેર હતું. રૂપાએ ત્ર્યંબક શેઠના દીકરાને કપૂરાના ઘરમાં પેસતો જોયો. એટલે તેણે તરત સૌભાગ્યચંદને વાત પહોંચાડી. સૌભાગ્યચંદે કોટવાળ પાસે જઈને કહ્યું, 'ત્ર્યંબકશેઠનો છોકરો કપૂરાના ઘરમાં એની સાથે મોજ માણી રહ્યો છે.' કોટવાળે કહ્યું : 'ત્ર્યંબક શેઠ લખપતિ છે અને એની ભારે શાખ છે, એટલે હું કશું ઉતાવળું પગલું ન લઉં, પણ અત્યારે ચોકીપહેરો મૂકીને પછી સવારે કપૂરાના ઘરની જડતી લઈશ'. શેરીમાં સિપાઈઓની ચોકી જોઈને કપૂરાના બાપને થયું : 'મારી દીકરીનાં કશાંક કરતૂત આમાં કારણ બન્યાં હશે.' તેણે ઘરે આવીને વાત કરી. માતાએ કપૂરાને બોલાવીને જાળિયામાંથી પૂછ્યું : 'શેરીમાં સિપાઈઓનો જાપ્તો છે, તો તારા ઘરમાં કોઈને તેં ઘાલ્યો છે કે શું?' કપૂરાએ હકીકત જણાવી. પછી શેઠના દીકરાનાં ઘરેણાંની પોટલી માતાના હાથમાં આપીને તેને કહ્યું : 'તું ગમે તેમ કરી મારે સાસરેથી મારા વરને સમજાવીને અત્યારે જ બોલાવી લાવ. કહેજે કે કપૂરા ઘણી પસ્તાય છે.' દરમિયાન કપૂરાના બાપે પેલા ગોખલાની ઈંટો કઢાવીને એ બાકોરા મારફત શેઠના છોકરાને બહાર કાઢી રવાના કરી દીધો. એટલામાં કપૂરાની માતા કપૂરાના વરને લઈને આવી પહોંચી. તેને ગોખલામાંથી કપૂરાના ઘરમાં દાખલ કર્યો અને પછી ઈંટો પાછી ચણી લઈ ગોખલો બંધ કરી દીધો. સવારે કોટવાળ તપાસ કરવા આવ્યો ત્યારે કપૂરાને અને તેના વરને અંદર જોયાં. કોટવાળ ભોંઠો પડ્યો અને ખોટી ચાડી ખાનાર શેઠને શિક્ષા કરી.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, અઠ્ઠાવનમી કથા.]

**જારનું ભાભીરૂપે આગમન, દેરાણીરૂપે વિદાય** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** તેંતાળીસમી કથા) : રૂડા પટેલે ઘણાં શાસ્ત્રપુરાણ અને કથાવાર્તા વાંચ્યાં. તેમાં સ્ત્રીનો સ્વભાવ પરપુરુષ સાથે સંબંધ બાંધવાનો અને વ્યભિચારને કૂડકપટથી ઢાંકવાનો છે એવી કવિઓની વાતો–એટલે કે સ્ત્રીચરિત્રની વાતો એને ગળે ઊતરી નહીં. એણે પોતાની વહુ રૂપાં સાથે આ વિશે વાત કરતાં રૂપાંએ કવિઓ સાચા હોવાનું કહ્યું. એટલે રૂડા પટેલે એ પ્રત્યક્ષ દેખાડવાનું રૂપાંને કહ્યું. રૂપાંએ એમાં ઇજ્જત–આબરૂનું અને જીવનું જોખમ હોવાનું કહ્યા છતાં રૂડાએ આગ્રહ રાખ્યો. છેવટે રૂપાંએ કહ્યું : 'હવે હું જારને તારી પાસે જ તેડાવી અને તારી પાસે જ વળાવી બતાવીશ. પછી તું મારું કરવું હોય તે કરજે'. એ વાતને કેટલાક દિવસ વીત્યા. એક વાર રૂપાં તળાવે પાણી ભરવા ગઈ ત્યારે મૂળચંદ શેઠનો દીકરો નાથો તેને જોઈને તેના ઉપર મોહી પડ્યો. એ પછી બંને જણ અવારનવાર મળતાં. નાથાએ છેવટે તેના સંગની માગણી કરી. અઠવાડિયામાં કશીક ગોઠવણ કરવાનું રૂપાંએ તેને વચન આપ્યું. વળતે દિવસે રૂડો પટેલ એક પ્રસંગે બે-ત્રણ દિવસ માટે પાસેના ગામે ગયો. રૂડાએ યજમાનને ઘરે ઘૂમટો તાણીને જતી એક જુવાન સ્ત્રીને જોઈને એ કોણ છે તે પૂછ્યું. યજમાને કહ્યું : 'એ તો મારી ભાણેજ છે, અને તમારા સાળાની વહુ. પંદર દિવસ માટે આવી છે. હવે બે ત્રણ દિવસમાં સાસરે પાછી જશે.' ઘરે આવીને રૂડાએ રૂપાંને કહ્યું : 'તારી ભાભી એને મોસાળ આવેલી છે, તો તું એકાદ દિવસ માટે એને આપણે ત્યાં તેડી આવ.' રૂપાં પોતાની ભાભીને તેડવા ગઈ, ત્યારે એના મામાએ કહ્યું કે એ તો ગઈ કાલે જ સાસરે ગઈ. ખાલી હાથે પાછી ફરેલી રૂપાંને પોતાના ગામની ભાગોળે નાથો મળ્યો. તેની સાથે એવી સંતલસ કરી કે થોડી વારમાં સ્ત્રીવેશે તને ઘરે લઈ જાઉં છું. પછી ઘરે જઈને રૂડાને કહ્યું : 'ભાભીને હું લઈ આવી, પણ તે ભાગોળે ઊભી છે, અને કહે છે કે, મારા નણદોઈ મને તેડવા આવે તો જ હું આવું. રૂડાએ કહ્યું : 'સાળાવેલીને હું તેડવા જાઉં તો લોકો ટીકા કરે.' પણ રૂપાંએ હઠ કરી અને કહ્યું : 'એક રાત રાખી, કોઈ જુએ નહીં તેમ તમે વહેલી સવારે તેને વળાવી આવજો.' રૂડાએ તેની વાત માની. પછી રૂપાંએ કહ્યું કે હું આગળથી જાઉં છું. તમે વાડીએથી ઘોડી લઈને ભાગોળે આવજો. રૂપાંએ ભાગોળે જઈ નાથાને સ્ત્રીનાં કપડાં, ચૂડીઓ વગેરે પહેરાવ્યાં અને તેનાં કપડાંનું પોટકું બાંધ્યું. એટલામાં રૂડો ઘોડી લઈને આવ્યો. ઘૂમટો કાઢેલી સાળાવેલીને ઘોડી પર બેસારી ઘરે લાવ્યો.

રૂપાંના હાથમાંનું પોટલું જોઈ રૂડાએ પૂછ્યું : 'આમાં શું છે?' રૂપાંએ કહ્યું : 'તમારે માટે મારી ભાભી મીઠાઈ લાવી હશે.' રૂડાએ પોટલી ખેંચી લઈને ઉઘાડી તો તેમાં પુરુષનાં કપડાં દીઠાં. રૂપાંએ કહ્યું : 'ઓહો! તમારે માટે તો વાઘા મોકલ્યા છે.' પછી રૂડાને જમાડીને રૂપાંએ કહ્યું, 'તમે બીજા ઓરડામાં સૂજો. હું ભાભી પાસે સૂઈશ.'

એ વખતે રૂડાને વહેમ ગયો કે રૂપાં સ્ત્રીચરિત્ર કરવા સ્ત્રીના વેશમાં કોઈ પુરુષને તો નહીં તેડી આવી હોય? પોટલામાં પુરુષનાં કપડાં જોયેલાં અને ઘૂમટાવાળીની ચાલ

પણ પુરુષ જેવી રૂડાને લાગેલી. એટલે તેણે રૂપાંને પોતાના વહેમની વાત કરી. રૂપાંએ આવો આરોપ મૂકવા માટે ઘણા ફંદ કર્યા અને કૂવે પડવાની ધમકી આપી. રૂડાએ મચક ન આપી અને કહ્યું : 'હું નોકરડીને બોલાવી લાવું છું, જેથી એ જોઈને ખાતરી કરે કે તું તેડી લાવી તે સ્ત્રી છે કે પુરુષ.' ઢીલી પડેલી રૂપાંએ તેને કહ્યું : 'તમને વિશ્વાસ ન હોય તો મારી ભાભી ભરઊંઘમાં હોય ત્યારે હું તમને બોલાવી જઈશ. તમે હાથ ફેરવીને જાતતપાસ કરી લેજો.' રૂડો એ વાત માનીને પરસાળમાં બારણા પાસે સૂતો. પછી રૂપાંએ સૂવાના ઓરડાનાં કમાડ બંધ કરી, રૂડાને વહેમ ગયાની નાથાને વાત કરી, અને પોતે બધું સંભાળી લેશે એવી ખાતરી આપી. તે પછી પાછલી બારીએથી નીકળીને બાજુમાંના તેના દિયરને ઘરે ગઈ. દિયર ખેતર સૂવા ગયેલો. રૂપાંએ ઊંઘમાંથી ઉઠાડી દેરાણીને કહ્યું : 'તમારા જેઠ મારી સાથે ઝઘડો કરી, મને મારી અને પોતે પરસાળમાં સૂઈ ગયા છે, હું તો કૂવે પડવા જાઉં છું.' દેરાણીએ તેને ટાઢી પાડી અને પોતે તેની પાસે સૂવા આવી. નાથાને રૂપાંએ પહેલેથી પોતાના ખાટલા નીચે સંતાવા જણાવી દીધું હતું. દેરાણી ખાટલામાં પડીને ઘસઘસાટ ઊંઘવા લાગી. એટલે રૂપાંએ રૂડાને જગાડી, અંદર જઈને ખાટલામાં સૂતેલીની ઉપર હાથ ફેરવી ખાતરી કરવા કહ્યું. રૂડાએ અંધારામાં રૂપાંની દેરાણી—એટલે કે પોતાના નાના ભાઈની વહુ ઉપર હાથ ફેરવ્યો. એનું મન ઠેકાણે ન રહ્યું. પેલી જાગી ગઈ. જોયું તો બાજુના ખાટલામાં જેઠાણી ન હતી. અને જેઠ અઘટિત ચાળા કરતો હતો. શરમની મારી તે કશું બોલી નહીં. રૂડાએ ઓરડાની બહાર નીકળી રૂપાંને કહ્યું: 'મારો વહેમ ખોટો હતો. મેં તારા પર આળ ચડાવ્યું તે માફ કરજે.' પછી રૂપાં સૂવા ગઈ, ત્યારે તેની દેરાણીએ કહ્યું: 'તમે ક્યાં ગયાં હતાં ? મારા જેઠ અંદર આવેલા. એમણે મને રૂપાં માની લીધી. હવે હું ઘરે જ જઈને સૂઈશ.' એમ કહીને તે ગઈ. પછી રૂપાંએ નાથાની ઇચ્છા પૂરી કરી અને વહેલી સવારે બંને જણ નીકળી જઈ ભાગોળે પહોંચ્યાં. ત્યાં નાથાને તેનાં કપડાં પાછાં આપ્યાં. રૂપાં ઘરે પાછી આવી એટલે રૂડાએ પૂછ્યું: 'તારી ભાભી કેમ ચાલી ગઈ, અને પેલી પોટકી ક્યાં ગઈ ?' રૂપાંએ કહ્યું: 'તમે કેવા નિર્લજ્જ છો ? સખણા ન રહ્યા અને એ બિચારીનો ખોટો લાભ લીધો ? શરમની મારી એ તો આપઘાત કરતી હતી. મેં તેને સમજાવીને વળાવી દીધી. તમારે માટે કપડાં લાવેલી, એ પાછાં લઈ ગઈ. કઈ હોંશે તમને આપે ? બ્રાહ્મણને દાનમાં દઈ દેશે. મારે હવે કોઈને મોઢું બતાવવા જેવું ના રહ્યું અને મને તમે વેશ્યા માની. હવે મારે જીવવા જેવું જ નથી રહ્યું.' રૂડો ઘણો ઢીલો પડી ગયો અને ઘણા કાલાવાલા કરીને એણે રૂપાંને મનાવી.

[આધાર : '**સૂડાબહોંતેરી,**' તેંતાળીશમી કથા]

**જારને ઓરમાન દીકરો ઠરાવીને બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** ઓગણપચાશમી કથા) : કાશીના પ્રાણચંદ કાયસ્થની વહુ મરી જતાં તે બીજી વાર પરણ્યો. નવી વહુ સરૂપાને જૂનીના જુવાન દીકરા પદ્માકર સાથે બનતું નહીં. સાવકીમાથી ત્રાસીને તે ઘર છોડીને પરદેશ ગયો. તે પછી કેટલાક સમયે પ્રાણચંદ મૃત્યુ પામ્યો. સરૂપા ઘર વેચીસાટી બધું ધન પોતાની સાથે લઈ અને પતિ પાછળ રામેશ્વરની જાત્રાએ જવાને બહાને કાશી છોડીને નીકળી. તેને ડર હતો કે જો સાવકો દીકરો પાછો આવશે તો બધી ધનદોલત એ પોતાને કબજે કરશે. સરૂપા કોંકણમાં આવીને વસી. ગામમાં કસલો કાયસ્થ પરદેશથી આવીને નોકરી કરતો હતો. તે ભારે બહાદુર અને વરણાગિયો હતો. એકલો જ હતો. એક વાર સરૂપા અને કસલાને એકાંતમાં મળવાનું થયું. સરૂપાની નજર કસલા પર ઠરી. તેની સાથે વાતચીત કરતાં જાણ્યું કે, કસલાની વહુ મરી ગયા પછી તે ફરી પરણ્યો ન હતો, કેમ કે બધી સ્ત્રીઓ શીલભ્રષ્ટ હોવાનું તે માનતો. સરૂપાએ પોતાની વાત કરી અને નાતરું કરવા તેને આગ્રહ કર્યો. કસલાએ કહ્યું: 'હું તારા ધનથી લલચાઉં તેમ નથી. તું પ્રતિજ્ઞા કર કે પર-પુરુષ તરફ કોઈ દિવસ દૃષ્ટિ નહિ કરું. તેમ કરતી તું પકડાશે તો તારો શિરચ્છેદ કરીશ'. બંનેએ શીલ પાળવાનું એકબીજાને વચન આપ્યું. પછી કસલાએ સરૂપા સાથે નાતરું કર્યું અને બંને સુખમાં રહેવા લાગ્યાં. એક વાર કસલાને બાજુના ગામે જવાનું થયું. સરૂપા કપડાં ધોવા તળાવે ગઈ. તે વખતે કોઈ રાજબીજ લાગતા પરદેશી જુવાનને પગ ધોતો તેણે દીઠો. તેની સાથે તે વાતે વળગી અને રાત પોતાને ઘરે ગાળવા આગ્રહ કર્યો. જુવાને એનો વર જીવતો ન જવા દે એવો ડર બતાવ્યો, ત્યારે સરૂપાએ તેને કશી આંચ ન આવવા દેવાના સમ ખાધા. પછી કરેલા વાયદા પ્રમાણે સાંજે તળાવે આવીને સરૂપા જુવાનને પોતાને ઘરે તેડી ગઈ. તેની આગતાસ્વાગતા કરતી હતી, એટલામાં કસલો બહારગામથી આવી પહોંચ્યો. કોઈ અજાણ્યા પુરુષને ઘરમાં બેઠેલો જોઈને તે ધૂંઆપૂંઆ થઈ ગયો. સરૂપાએ તેને ધીરેથી કહ્યું: 'તમારા ગયા પછી હું તળાવે કપડાં ધોવા ગઈ ત્યારે મેં એને ત્યાં ભાળ્યો. એ પણ મને જોઈ ગયો. એ પરદેશ ગયો હતો. તે મારો સાવકો દીકરો છે. એ પરદેશથી કાશી પાછો આવ્યો, ત્યારે તેણે તેના બાપના મરણની અને હું બધું ધન ઉઠાવીને ભાગી ગયાની વાત જાણી. એના કાકા પાસેથી બાપીકાં ઘરેણાંગાંઠાં અને ધનની બધી વિગતો જાણી, કાગળ પર લખી લઈ તે મને શોધતો અહીં આવી પહોંચ્યો અને ભાગ્યજોગે એણે મને અહીં જોઈ. હજમ કરેલું બાપનું બધું ધન સોંપી દેવાની એણે માગણી કરી. નહીં તો રાજદરબારે ઘસડી જવાની ધમકી આપી. હું

ગમે તેમ કરી એને સમજાવીને ઘરે લાવી છું. હવે તમે કહો તેમ કરું. આપણું બધું ધન એ આંચકી લેશે.' એ સાંભળી કસલો ઢીલો થઈ ગયો. એ જેટલું માગે તેટલું આપીને એને વળાવી દેવા કહ્યું. સરૂપાએ એની સાથે વિવેકથી વર્તવા કસલાને કહ્યું. પછી જુવાન નાહ્યોધોયો અને બંને સાથે તેણે ભોજન લીધું. કસલો પલંગ ઢાળી પરસાળમાં સૂતો. અંદર સરૂપા અને પરદેશી જુવાન કસલો સાંભળે તેમ વાતો કરતાં હતાં. જુવાને બધું ધન સોંપી દેવા અને નહીં તો રાજા પાસે ઘસડી જવા કહ્યું. સરૂપાએ પોતાનો વાંક કબૂલ કર્યો અને દયા કરવા કહ્યું. જુવાને કહ્યું: 'તું સામે નથી થઈ તેથી હવે તને જવા દઉં છું. મારી પાસે ધનની ખોટ નથી. એક પહોંચી મને આપી દે. હું સંતોષ માની લઈશ.' સવારે સરૂપા જુવાનને ભાગોળ સુધી વળાવી આવી. કસલાએ કુનેહથી પોતાને અને સંપત્તિને બચાવ્યાં તે માટે સરૂપાનાં વખાણ કર્યાં અને તેનો ઓશિયાળો બનીને રહ્યો.

[સંદર્ભ : **'સૂડાબહોંતેરી'**, ઓગણપચાસમી કથા]

**જારને કનાતમાં વીંટીને બચાવતી કુલટા** (કુલટા-ચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** ઓગણોસિત્તેરમી કથા) : એક ગામમાં પૂંજો પટવો રહેતો હતો. તે ભલોભોળો હતો, પણ તેની વહુ નંદા ભારે નટખટ અને વઢકણી હતી. બધાં સાસરિયાં સાથે ઝઘડો કર્યા કરતી. મોટા ઘરમાં સૌના આવાસ જુદાજુદા હતા. નંદાની ખરાબ ચાલચલગતની સૌ સાસરિયાંને જાણ હતી, પણ તેને દુરાચાર કરતી પકડી પાડવાનો સૌ લાગ જોતાં હતાં. એટલામાં નંદાને ગર્ભ રહ્યો. તેનો સીમંતનો પ્રસંગ ભારે ઠાઠમાઠથી ઉજવાયો. તે પછી એક વાર રાતના વખતે નંદા રસ્તામાં અભા વાણિયા સાથે ગુસપુસ કરતી હતી ત્યારે ત્યાંથી પસાર થતા તેના દિયરે તેને જોઈ અને બીજે દિવસે રાતે અભાને ઘેર આવવાનું કહેતી તે સાંભળી ગયો. ઘરે આવીને તેણે માબાપને અને પૂંજા સિવાયના બીજા ભાઈઓને એ વાત કહી. સૌએ ચાંપતી નજર રાખી. અભો અને નંદા મોજ કરતાં હોય ત્યારે તેમને ફસાવવાનું નક્કી કર્યું. બીજે દિવસે રાતે પૂંજો દુકાને જવા નીકળ્યો, ત્યારે નંદાએ તેને કહ્યું: 'સીમંતને દહાડે વહોરાની કનાત લઈ આવેલા, તે એને ત્યાં પાછી પહોંચાડવાની છે.' પૂંજાએ કહ્યું: 'હમણાં બહુ કામ હોવાથી હું પાછો આવું ત્યારે વાત.' એમ કહીને તે ગયો. થોડીવારે અભો આવી પહોંચ્યો. સાસરિયાંમાંથી એક જણે બહારથી બારણાંની સાંકળ વાસી દીધી અને પાંચસાત જણ ત્યાં ચોકી કરતાં બેઠાં. ત્રણચાર જણ પોળને નાકે ખડાં રહ્યાં. બે જણ પૂંજાને દુકાનેથી એમ કહી બોલાવી લાવ્યા કે ચાલ તારી સાસુ કશાક કામે તને મળવા આવ્યાં છે. પૂંજાએ ઘરે આવીને બારણું ખખડાવ્યું. અંદર નંદાને અને અભાને ધ્રાસકો પડ્યો. પણ અભાને ધીરજ આપી નંદાએ તેને કનાતમાં વીંટી બારણું ઉઘાડ્યું. આગ્રે ઊભેલાં સાસરિયાંને જોઈને તે બધું સમજી ગઈ. પછી પૂંજાને કહ્યું: 'વોરો એની કનાત લેવા આવ્યો હતો. દસબાર દિવસ થઈ ગયા એટલે ગમે તેમ બોલતો હતો. તમે હમણાં ને હમણાં આપી આવો.' પૂંજો કહે: 'કોઈ મજૂરને બોલાવીને મોકલી આપીએ.' નંદાએ કહ્યું: 'મને પૈસા આપી દો, હું જ મૂકી આવું છું.' એમ કહી કનાત માથે ઉપાડીને તે બહાર નીકળી ગઈ. એ પછી પૂંજા સાથે મળીને નંદાના સાસરિયાંઓએ ઘરમાં ઉપર નીચે બધે ખાંખાખોળા કર્યા, પણ કોઈ પુરુષનો પત્તો ન લાગ્યો. નંદા પાછી આવી. ઘરમાં ખાંખાખોળા કરીને બધાં શું ખોળે છે એમ પૂછતાં પૂંજાએ તેને કહ્યું: 'તું ખરાબ ચાલની છો અને તેં કોઈ પારકાને ઘરમાં ઘાલ્યો છે એમ માનીને બધાં તપાસ કરી રહ્યાં છે.' એ સાંભળી ઘણું ખોટું લગાડી રડારોળ કરતી નંદાએ જીભ કચરી મરી જવાનો ઢોંગ કર્યો. પૂંજાએ તેને વારી, સૌ સાસરિયાંએ તેની માફી માગી.

[આધાર : **'સૂડાબહોંતેરી',** ઓગણોસિત્તેરમી કથા]

**જારને કાસદ તરીકે ખપાવીને બચતી કુલટા** (કુલટા-ચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** સત્યાવીસમી કથા) : પ્રેમચંદ શેઠના દીકરા વેલચંદને એની વહુ ધોળીએ એટલો વશ કર્યો હતો કે ધોળીનો પ્રેમસંબંધ તેમના પડોશી સાથે હોવાની ફરિયાદ વેલચંદ કાને ધરતો ન હતો. સાસુની સાથે ધોળીને રોજ બોલાચાલી થતી હોવાથી અંતે વેલચંદ અને ધોળી શેઠશેઠાણીથી જુદાં થઈ બાજુમાં જ ઘર લઈને રહ્યાં. આથી ધોળીને સ્વેચ્છાચાર માટે મોકળાશ મળી, જોકે તેની સાસુ સતત ચાંપતી નજર રાખતી હતી. એક વાર વેલચંદ અને પ્રેમચંદ વેપાર અર્થે પરદેશ ગયા. તે પછી એક દિવસ ધોળી અંબાજીને મંદિરે દીવો મૂકીને પાછી ફરતી હતી ત્યાં રસ્તામાં તેને કોઈક પરદેશી પ્રવાસી મળ્યો. અને તેણે રાતવાસો રહેવા અંગે પૂછપરછ કરી. ધોળીએ તેને પોતાને ત્યાં નોતર્યો. પોતે હાલ એકલી છે તો બંને જણ રંગરાગ કરશું અને તેને કશી આંચ નહીં આવે એવી ધોળીએ પરદેશીને ખાતરી આપી. ધોળીની પાછળ કોઈ અજાણ્યા પુરુષને તેના ઘરમાં પેસતો જોઈને સાસુને થયું: 'ધોળીનાં કુકર્મને ખુલ્લાં પાડવાનો આ સારો લાગ છે.' તેણે પડોશમાં રહેતા એક ચાકિયાને વાત કરી. હવાલદાર વગેરે રાજાના માણસોને બોલાવી, સૌને સાથે લઈને ધોળીના

ઘરનાં કમાડ ખખડાવ્યાં. આથી પ્રવાસીના હોશકોશ ઊડી ગયા. પણ ધોળીએ બચવા માટેની યુક્તિ વિચારી તેના પ્રેમીને તે સમજાવી દીધી. તેણે એ વટેમાર્ગુને કાસદનો પાઠ ભજવવા કહ્યું. કચરો ભરેલો એક કોથળો તેને ખભે લટકાવી દીધો. ધોળીએ બે કાગળ લખીને તેના હાથમાં આપ્યા. એક કાગળ તે ઘરની બહાર નીકળે એટલે ત્યાં એકઠા થયેલા લોકોને આપવાનો હતો અને બીજો કાગળ પાછળથી કોઈક બીજા માણસને સાથે લઈને તેણે આપવા આવવાનું હતું.

તે પછી પ્રવાસી ડેલી ખોલીને સડસડાટ બહાર નીકળ્યો. લોકોએ તેને અટકાવ્યો. એટલે પોતે કાસદ હોઈ પરદેશથી કાગળ લાવ્યો હતો અને રાત અહીં ગાળી સવારે સૌની આગળ કાગળ રજૂ કરવાનો હતો, એમ કહીને તેણે તેમના હાથમાં એક કાગળ આપ્યો. એ કાગળમાં પરદેશ ગયેલા પ્રેમચંદ અને વેલચંદના સાથીએ જણાવ્યું હતું કે એ પિતાપુત્ર નદી ઊતરતાં તેમાં ડૂબી ગયા હતા. આ સાંભળીને સાસુ રોકકળ કરવા લાગી. ધોળી ધબ દઈને ભોંય પર પડી ગઈ. કાસદ ચાલતો થયો. ધોળીએ વરની પાછળ પોતે સતી થશે એમ જાહેર કર્યું. આથી સાસુને પણ એમ કહેવું પડયું. સ્મશાનમાં બે ચિતાઓ તૈયાર કરવામાં આવી. સાસુવહુ બંને તેના પર ચડવાની તૈયારી કરતાં હતાં ત્યાં પેલો કાસદ બનેલો પ્રવાસી પોતાની સાથે એક જણને લાવીને ત્યાં હાજર થયો અને કહ્યું: 'આ બીજો કાસદ વેલચંદનો કાગળ લઈને આવ્યો છે.' કાગળ વાંચી લોકોએ જાણ્યું કે વેલચંદ બચી ગયો હતો પણ પ્રેમચંદનું મૃત્યુ થયું હતું. એ સાંભળી ધોળીને સતી થવાનું રહ્યું નહીં. પણ સાસુને ચિતામાં બળી મરવા સિવાય છૂટકો ન હતો. આમ ધોળીએ પોતાને અને પ્રેમીને બચાવી લીધાં અને સાસુનો કાંટો કાઢી નાખ્યો.

એટલામાં રસ્તામાં અપશુકન થતાં, પ્રેમચંદ અને વેલચંદ ઘરે પાછા ફર્યા. ઘરે લોકોને એકઠા થઈ રોકકળ કરતાં જોયા અને લોકો તેમને જોઈને આભા બની ગયા. વાત સમજાઈ ગઈ કે કોઈએ ખોટા કાસદ અને ખોટા કાગળ મોકલીને તરકટ કર્યું હતું. આવું કોણે કર્યું હશે એની તપાસ કરતાં ધોળીએ પડોશમાં રહેતાં ચાડિયા ઉપર આરોપ મૂક્યો. હાકેમ અને હવાલદારને એ વાત ગળે ઊતરી ગઈ. એનાં ઘરબાર લૂંટી લઈ, નાકકાન કાપી, ગધેડે ચડાવીને ગામ બહાર કાઢી મૂક્યો. ધોળી સતી તરીકે ગામમાં પુજાવા લાગી.

[આધાર : **સૂડાબહોંતેરી,** સત્યાવીસમી કથા]

**જારને ખેપિયા તરીકે ખપાવીને બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** ત્રેવીસમી કથા) :

એક ગામમાં નરભો નામનો વાણિયો અને એની પત્ની વજી રહે. વજીનાં મા-બાપ અને સાસુ-સસરા પણ તે જ ગામમાં રહેતાં હતાં. નરભો પૈસા રળવા પરદેશ ગયો અને તે વાતને સાત વર્ષ થઈ ગયાં. પણ તેના તરફથી કશો કાગળપત્ર કે સંદેશો નહોતો. પતિની ગેરહાજરીમાં વજી પરપુરુષને ઘરમાં લાવી રંગરાગ માણતી. આ વાત એનાં સાસુ-સસરા સૌ જાણતાં હતાં. પણ ચતુર વજીના જારકર્મને તેઓ પકડી શકતાં ન હતાં. એક વખતે વજી સરોવરે ન્હાવાધોવા ગઈ તે સમયે ત્યાં આવેલા એક પરદેશી પ્રવાસીને જોઈને તે એના પર તે આસક્ત થઈ ગઈ. બન્ને એકબીજાનું મન વરતી ગયાં. વજીએ પરદેશીને એક રાત પોતાની સાથે ગાળવા ઘરે નોંતર્યો, અને તેને કશી આંચ નહીં આવવા દે એવી ખાતરી આપી. સંકેત પ્રમાણે પ્રવાસી વજીને ઘેર પહોંચ્યો. વજીએ વિવિધ વાનીનાં ભોજન બનાવી પ્રવાસીને જમાડયો. વસ્ત્રાલંકાર સજી તેની સાથે રંગરાગ કર્યો. એટલામાં સાંજે વજીની સાસુ કાંઈક કામે વજીને ઘરે આવી. પુરુષનો પડછાયો જોઈને તેણે જઈને વજીના સસરાને વાત કરી. તેણે વજીનાં પિયરિયાંને બોલાવી લીધાં સાસરિયાં અને પિયરિયાં વજીને બારણે આવી ઊભાં અને વજીનું બારણું ખખડાવ્યું.

ડેલી ખખડવાનો અવાજ સાંભળી પેલો જાર ગભરાઈ ગયો. પણ વજીએ તેને નિશ્ચિંત રહેવાનું કહી, બાજુના ઓરડામાં પલંગ પર સૂઈ જવા કહ્યું. વજીએ પહેલેથી એક પત્ર અને એક બનાવટી હૂંડી લખી રાખ્યાં હતાં. તેણે બારણું ઉઘાડયું ને બધાંને આવકારતાં બોલી: 'આવો, આવો, આપણાં ભાગ્ય ખૂલી ગયાં છે. પરદેશથી એમનો કાગળ લઈને ખેપિયો આવ્યો છે અને તે પાનાચંદ શેઠ ઉપરની એક હજાર રૂપિયાની હૂંડી લાવ્યો છે. સાસરિયાંને સૌને એક એક સાડલો મારે પહેરાવવો છે. ગઈ કાલે મેં માતાજીને મંદિરે જઈને નૈવેદ્ય માનેલાં, ત્યાં તો આજ ખેપિયો કાગળ ને હૂંડી લઈને આવ્યો. થાકીને એ બાજુના ઓરડામાં ઊંઘે છે. મેં નૈવેદ્ય તૈયાર કર્યાં, જેથી સવારે માતાજીને ધરાવી આવું અને પછી તમને સૌને ખબર કરું.' વાત જાણીને સૌ રાજીરાજી થઈ ગયાં.

બીજે દિવસે વજીનો સસરો હૂંડી વટાવવા પાનાચંદ શેઠની પેઢીએ ગયો. ત્યારે હૂંડી જોઈને એણે કહ્યું: 'આ તો બનાવટી હૂંડી છે.' સસરાએ ખેપિયો એ લઈ આવ્યો હોવાની વાત કરી એટલે શેઠે કહ્યું: 'ખરેખર કોઈ ગઠિયો તમારી વહુને છેતરી ગયો લાગે છે.' એ જાણી વજીનાં સાસરિયાં અને પિયરિયાંને થયું કે એ ધૂતારાથી વજી બચી ગઈ એ માતાજીને પ્રતાપે. તેમણે વજી ઉપર શંકા લાવ્યાનો પ્રસ્તાવો કર્યો.

[આધાર : '**સૂડાબહોંતેરી**', ત્રેવીસમી કથા]

**જારને ગોવાળિયો બનાવીને બચાવતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, એકતાળીશમી કથા) : પૂરોજી રજપૂત ભારે બહાદુર અને જોરાવર. એક વાર એની વહુ તેજા દેવદર્શને ગઈ, ત્યારે તેને ગામમાં નોકરી કરતા એક પરદેશી ગરાસિયાએ જોઈ. એનું નામ હતું ગુણરિયો. એ પણ જોરુકો હતો અને હથિયાર બાંધીને ફરતો. તેજાને જોઈને તેનું મન હાથ ન રહ્યું. પછી દરરોજ તે તેજાની પાછળ પાછળ ફર્યા કરે. એક વાર એકાંતમાં તેજાએ 'તું કેમ રોજ મારો પીછો કરે છે?' એમ પૂછ્યું ત્યારે ગુણરિયાએ કહ્યું: 'તને જોઈ ત્યારથી મારું દિલ હરાઈ ગયું છે. અન્નજળ હરામ થઈ ગયાં છે.' જ્યારે તેજાએ પૂરોજીનો ડર બતાવ્યો ત્યારે ગુણરિયાએ પ્રાણને ભોગે પણ તેજાને મળવાની તૈયારી બતાવી. તેજા મૂંઝાઈ. એ પછી એકાદ માસ વીતી ગયો. ગુણરિયો પાછળ પાછળ ભટકતો રહેતો. તેજાને થયું: 'એક વાર એનું મન રાખું, પછી હંમેશનો છૂટકો થાય.' એક દિવસ પૂરોજી વળાવિયા તરીકે પરગામ ગયો અને ત્યાં રાત રોકાવાનો હતો. તેજાએ તે રાત્રે ગુણરિયાને બોલાવ્યો. એ નવાં કપડાં ને હથિયારનો ભારે ઠાઠ કરીને આવ્યો હતો. તેજાએ વસ્ત્રાભૂષણ સજીને લાપશી વગેરે રાંધી તૈયાર રાખી હતી. એટલામાં તેજાના પિયરથી વાળંદ પિયરિયાના સમાચાર લઈને આવ્યો. તેજાએ તેને પરસાળમાં પલંગ નાખીને સુવાડ્યો. સુંદર ગુણરિયો બાજુમાં બાજોઠ ઉપર પાઘડી, ખેસ વગેરે કપડાં અને ઢાલતલવાર મૂકીને જમવા બેઠો. એટલામાં પૂરોજી એક સારો સંગાથ મળી જતાં પરગામથી ઘરે આવી પહોંચ્યો. આંગણામાં તેનો ઘોડો હણહણ્યો. મોત આવ્યું જાણી ગુણરિયો ધ્રૂજી ઊઠ્યો. પણ તેજાએ પરિસ્થિતિ જાળવા લીધી. એક ચીંથરું ગુણરિયાને માથે બાંધવા આપી, એના હાથમાં દોણી પકડાવી દીધી અને મોટેથી બોલી: 'જા, છોકરા, જલદી ભેંસ દોહી આવ. મારો વર આવી ગયો છે. એને દૂધ જોઈશે.' અને પછી પૂરોજીની સામે દોડીને હરખાતી હરખાતી બોલી: 'આવો, આવો, આ ડગલાદોટી અને પાઘડી પહેરો અને ઢાલતલવાર બાંધી લો, અને ઊનાંઊનાં સેવ-લાપશી જમી લો.' પૂરોજીએ 'આ બધું શું છે?' એમ પૂછ્યું, એટલે તેજા બોલી: 'મારે પિયરથી આવેલ વાળંદ તમારે માટે આ લઈ આવ્યો છે. તમને એક અઠવાડિયું ગ્રહો વાંકા હોઈ કશી આફત પડશે એવા સમાચાર જાણી મારાં માબાપે બ્રાહ્મણ જમાડ્યા અને તમારે માટે આ કપડાં હથિયાર ભેટ મોકલ્યાં છે. હું ભેંસ દોહવા ગઈ, ત્યાં ભેંસે પાટુ મારી. એટલે હું આ ભરવાડના છોકરાને બોલાવી લાવી. બિચારો ફાટ્યાંતૂટ્યાં કપડાં પહેરે છે. પૂરોજીએ ખુશખુશ થઈને 'ગોવાળિયા'ને પહેરવાં માટે કપડાં આપ્યાં. ગુણરિયો જીવ મૂઠીમાં રાખીને ઘરની બહાર નીકળી ગયો. વળતે દિવસે વાળંદને પણ પાઘડી બંધાવી રવાના કર્યો. એમ તેજાએ અગમચેતીથી પિયરનું માન વધાર્યું, પતિની પ્રીત વધારી, જારનો જીવ ઉગાર્યો, તેની ચીજવસ્તુ હસ્તગત કરી અને તેની રંજાડ બંધ કરી દીધી.

[આધાર : '**સૂડાબહોંતેરી**', એકતાળીસમી કથા]

**જારને તકિયામાં સંતાડી બચાવતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, ચોપનમી કથા) : ખૂબચંદ દીવાન અને વહુ નવરંગી વચ્ચે અરસપરસ ખૂબ પ્રેમ હતો. ગાદીતકિયા વગેરેથી સજેલા દીવાનખાનામાં તેઓ દીવાનના મિત્રો સાથે શતરંજ અને ચોપાટ રમતાં આનંદવિનોદ કરતાં હતાં. એક વાર એક ગરીબ માણસ પારકી સ્ત્રી સાથે છિનાળું કરતો પકડાયો અને તેને દીવાન પાસે લાવી ખડો કરવામાં આવ્યો. તે વેળા દીવાનના ચાર મિત્રોએ એવું કહ્યું કે ઘેર ઘેર માટીના ચૂલા હોય છે. જેઓ ધનવાન અને વગદાર હોય છે તેમનો વ્યભિચાર પકડાતો નથી. માત્ર ગરીબ દંડાય છે. બાકી સૌના ઘરની સ્ત્રીઓ આ બાબતમાં એકસરખી. એમની વાત સાંભળી દીવાને પેલા ગરીબને તો ધમકાવીને છોડી દીધો, પણ મિત્રોની વાતનો વિરોધ કરતાં તેણે કહ્યું: 'કદી પારકા પુરુષ સામે આંખ પણ ન માંડે એવી સ્ત્રીઓ પણ હોય છે,' અને તેણે પોતાની પત્નીના નિષ્કલંક ચરિત્રનો દાખલો આપ્યો. પણ મિત્રોએ પોતાની વાત પકડી રાખી. એટલે દીવાને કહ્યું: 'તમે મારી સ્ત્રીને કોઈ પરપુરુષ સાથે સંબંધ રાખતી હોવાનું પ્રત્યક્ષ બતાવો તો હું તમારી વાત સાચી માનું. તેમ કરતાં તમે જૂઠા પડો તો તમારો શિરચ્છેદ કરું.' મિત્રોએ એ આહ્વાન ઝીલી લીધું. તેઓ દીવાનના ઘર પર નજર રાખતા રહ્યા. દીવાને ઘરે આવીને નવરંગીને મિત્રો સાથે થયેલા વિવાદની વાત કરી. નવરંગીએ કહ્યું: 'ખોટું આળ ચડાવતા તેમને તમે ટોક્યા એ સારું કર્યું''. થોડાક મહિના પછી એક વાર એક રૂપાળો ઓળખીતો જુવાન નવરંગીને સંધ્યાવેળાએ મળવા આવ્યો. તેને જોઈને નવરંગીનું મન ગળી ગયું અને પોતાનો સંગ કરવા તેણે એને મનાવી લીધો. દીવાન રાતના પહેલા પહોર પછી ઘરે આવવાના હતા. દરવાજો બંધ કરીને બંને રંગરાગમાં મગ્ન બન્યાં, દેખરેખ રાખી રહેલા મિત્રો એ જોઈ ગયા. બે જણ બહાર ચોકી કરતા બેઠા અને બે જણ જઈને દીવાનને બોલાવી લાવ્યા. દીવાને આવીને બારણું ઠોક્યું. હબકી જઈને નવરંગીએ દીવાનખાનામાંના મોટા અતલસના તકિયામાંથી રૂ કાઢી લઈ તેમાં પ્રેમીને સંતાડી દોરી બાંધી દીધી અને રૂ

માટલામાં ભરી દીધું. 'જાઓ, અમે બારણું નથી ઉઘાડતાં' એમ લાડથી લટકામટકા કરતી રહી. પછી બારણાં ઉઘાડીને એ તકિયાને ટેકે બેસતાં, ચાર મિત્રો સહિત દીવાનને દાખલ થતા જોઈને નવરંગીએ પૂછ્યું: 'આજે આટલા વહેલા આવ્યા એ તો નવાઈની વાત. સાથે મિત્રોને પણ લેતા આવ્યા છો.' દીવાને કહ્યું: 'કેટલોક લાભ થયો છે, તેની વહેંચણી કરવી છે. તમે અહીં બહારથી સાંકળ વાસી દેજો અને બહાર જ બેસજો. અમે અંદર જઈ વહેવારનું કામ પતાવીએ છીએ.' તે પછી પાંચે જણ ઘરના ઓરડા અને મેડીમાળિયાં તપાસવામાં પડ્યા. દરમિયાન નવરંગીએ તકિયામાંથી બહાર કાઢીને પ્રેમીને રવાના કરી દીધો. મિત્રોને તેમની તપાસમાં કોઈ પુરુષ ક્યાંય દેખાયો નહીં. એટલે નરમઘેંશ થઈ ગયા. ક્રોધથી લાલચોળ બની દીવાને તેમને ધમકાવતાં, ધુત્કારતાં કટાર કાઢી અને નવરંગીને સાંકળ ઉઘાડવા કહ્યું. 'નવરંગીએ 'ભાગની વહેંચણીમાં નકામા શું ઝગડો છો ?' એમ કહ્યું, એટલે દીવાને શા માટે મિત્રો તેને ઘરે બોલાવી લાવ્યા હતા અને ઘરની અંદર જઈને શું કર્યું તેની વાત કરી. ચારેય મિત્રો નવરંગીને પગે પડ્યા. 'સોનાને કાળપ ન લાગે. જેવું કર્યું તેવું ભોગવશે. અમને છોકરા ગણીને છોડી મૂકો.' એટલે દીવાને ચારેયને જતા કર્યા. દીવાન નવરંગીને સાચી સતી ગણી તેને અદકાં માનપાન આપવા લાગ્યો.

[આધાર : '**સૂડાબહોંતેરી**', ચોપનમી કથા]

**જારને દાસીની બદલીમાં રવાના કરી દઈને બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, બત્રીસમી કથા): જસવંતસિંહ ઝાલાના રાણીવાસમાં છવ્વીસ રાણીઓ હતી. તેમાં સરૂપા પટરાણી રાજાની માનીતી હતી. આથી તેની શોકો તેના પર ખારે બળતી અને સરૂપા કશાક વાંકમાં આવે અને રાજાનું મન તેના પરથી ઊતરી જાય તેવો લાગ શોધતી. સરૂપાની બીજી રાણીની સેવામાં વીશ દાસીઓ રહેતી. એક વાર વાડીમાં નથુમલ નામના જુવાન ને રૂપાળા ગાયકનું સંગીત સાંભળી સરૂપા તેના પર મોહી પડી, પણ કડક ચોકીપહેરો અને રાજાનો ડર હોવાથી નથુમલનો સંગમ કરવાની કોઈ આશા ન હતી. એક વાર ફૂલછાબ લઈને આવેલી માલણે સરૂપાને ઉદાસ બેઠેલી જોઈને પૂછપરછ કરી તેના મનની વાત જાણી લીધી. અને ગાયક નથુમલને લાવી આપવા તે બંધાણી. પછી નથુમલને સરૂપાના પ્રેમની વાત કરી અને તેને સમજાવી સ્ત્રીવેશે પોતાની સાથે લઈને તે રાજમહેલે પહોંચી. પહેરેગીરને તેણે કહ્યું: 'આ મારી છોકરી ચતુરા મોસાળથી આવી છે, તે મારી સાથે ફૂલ આપવા આવી છે.' અંદર જઈ સરૂપાને એક બાજુ બોલાવીને પોતે પહેરેગીરને શું બહાનું આપીને આવી છે તે જણાવ્યું અને સંતોષ થાય તેટલા દિવસ સ્ત્રીવેશે રહેલા નથુમલ સાથે રંગરાગ માણવાનું કહ્યું. રાજદરબારના વિસ્તારમાં રહેલા માતાના મંદિરે પૂજન કરવાને બહાને સરૂપા, એકવીસ દાસીઓ અને માલણ સાથે બહાર નીકળી. પછી માલણ પોતાને ઘેર ચાલી ગઈ અને નથુમલ સહિત એકવીસ દાસીઓ રાણીવાસમાં પાછી ફરી. રાજા સાથે રાત ગાળવાનો વારો રાણીને મહિને એકવાર આવતો. ત્યાં સુધી સરૂપા મનથી નિશ્ચિંત હતી. નવી દાસીની ચાલચલગત પરથી બાકીની દાસીઓ વહેમાવા લાગી. સરૂપાની શોકોને પણ શંકા ગઈ કે સ્ત્રીવેશે કોઈ પુરુષને સરૂપાએ અંદર ઘાલ્યો છે. તેમણે સૌએ રાજાને ફરિયાદ કરી. રાજા તેમને સાથે લઈને રાણીવાસમાં આવ્યો. અષ્ટમી હોવાથી ઉત્સવ કરી રાત પોતે ત્યાં જ પડ્યો રહેશે, એમ તેણે સરૂપાને જણાવ્યું. એટલે સરૂપા મૂંઝવણમાં પડી. નથુમલના મોતિયા મરી ગયા. આ વાતની જાણ થતાં માલણ સવામણ ફૂલનો સૂંડલો ભરીને એક દાસીને સાથે લઈને રાણીવાસમાં આવી પહોંચી. લાગ જોઈને એ દાસીને ત્યાં જ રાખી. દાસીવેશે રહેલા નથુમલને માલણ પોતાની સાથે પાછો લેતી ગઈ. તે પછી નિશ્ચિંત બનેલી સરૂપાએ શણગાર સજ્યા. સાડી ભેટ આપીને શોકોનું સ્વાગત કર્યું, રાજાને શાલ ઓઢાડીને મુક્તપણે નાચગાન કરી તેને રીઝવ્યો. પછી રાજાએ સરૂપાને કહ્યું: 'તેં રાણીવાસમાં દાસીવેશમાં કોઈક પુરુષને ઘાલ્યો છે એવો તારી શોકોનો તારા પર વહેમ છે.' સરૂપાએ કહ્યું: 'એ વાત સાચી નીકળે તો તમે જે શિક્ષા કહેશો તે હું માથે ચડાવીશ.' બધી દાસીઓને નિર્વસ્ત્ર કરીને રાજાએ ખાતરી કરી કે તેમનામાં કોઈ પુરુષ નથી. પછી રાજાએ કબૂલાત કર્યા પ્રમાણે બીજે દિવસે સરૂપાની શોકોને અરધી ભોંયમાં દાટી પંચઈંટાળી કરવાનો પોતાનો નિર્ણય જણાવ્યો. પણ સરૂપાએ પગે પડીને તેમને બચાવી લીધી.

[આધાર : '**સૂડાબહોંતેરી**', બત્રીસમી કથા]

**જારને ધણી તરીકે ખપાવીને બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, પાંત્રીશમી કથા) : બન્ને વેવાઈઓ વચ્ચે વેરઝેર થયાને કારણે આંજણો કણબી ધરમો એની વહુ અમૂલાંને પિયરથી બોલાવતો ન હતો. એક વાર મૂળી માલણ ગામના સોની નરસિંહની હાટડીએ વાતો કરતી ઊભી હતી, ત્યારે અમૂલાં એના ઝાંઝરની જડ બેસારવા નરસિંહ પાસે આવી. નરસિંહે ઝાંઝર સમું કરી આપ્યું. એ લઈને અમૂલાં ગઈ, એટલે નરસિંહે નિસાસો નાખ્યો. માલણ

એના મનનો ભાવ સમજી ગઈ. એણે નરસિંહના મોંમાંથી કઢાવ્યું કે અમૂલાંનાં રૂપે એના પર કામણ કર્યું છે. માલણે બંનેનો સમાગમ કરાવી આપવાનું માથે લીધું. એણે નરસિંહની પાસેથી એક મોતીનો હાર લીધો. પછી અમૂલાંની સાથે બહેનપણાં બાંધી એક વાર એ હાર તેને બતાવ્યો. હાર ઉપર વારી ગયેલી અમૂલાંને માલણે નરસિંહના પ્રેમની વાત કરી અને અમૂલાંનો મેળાપ નહીં થાય તો એનો જીવ જશે એવું એને ગળે ઉતાર્યું. બીજે દિવસે અમૂલાંનો ભાઈ અને બાપ ખેતરે રખોપું કરવા જવાના હોવાથી નરસિંહને ત્યારે ઘરે લઈ આવવાનું માલણ સાથે નક્કી કર્યું. એ પ્રમાણે માલણ નરસિંહને સાથે લઈને છાનીમાની અમૂલાંને ત્યાં આવી પહોંચી. નરસિંહ અને અમૂલાં ખાનપાનમાં મશગૂલ બન્યાં. માલણ ચોકી કરતી ઓરડાની બહાર રહી. બાજુમાં રહેતી અમૂલાંની ભાભી બે જણને અમૂલાંના ઘરમાં પેસતાં જોઈ ગઈ. માલણને તે ઓળખી ગઈ, પણ પુરુષ કોણ હતો તે તેને બરાબર ન દેખાયું. નણંદ ભાભીનું લોહી પીતી હોઈને તેના પર વેર લેવાનો આ ખરો લાગ જાણીને ભાભી ધણીને અને સસરાને ખેતરેથી બોલાવી લાવી. અમૂલાંની માતાએ દીકરીનો પક્ષ લઈને કશું ઉતાવળું પગલું ભરતાં એ બંનેને વાર્યા. પછી તે અમૂલાંના ઓરડા તરફ ગઈ. એને આવતી ભાળી અમૂલાંએ સામે આવીને માતાને કહ્યું: 'આજ તો ભારે સુખનો દિવસ છે. તારા જમાઈ એમના બાપ સાથે ઝઘડો કરીને મને મળવા આવ્યા છે. સાથે માલણને લઈને મોતીનો હાર અને સુખડી લાવ્યા છે. એ તો તરત ચાલ્યા જતા હતા, પણ મેં એ શરતે રોકી રાખ્યા છે કે તમને કે બાપાને એમના આવ્યાની હું વાત ન કરું. અંદરના ઓરડામાં શરમાતા બેઠા છે. તમે કહો એમ કરું.' રાજી રાજી થતી માતાએ જમાઈને રાત રોકાઈ જવા સમજાવવાનું અમૂલાંને કહ્યું અને એને માટે સાકરિયું દૂધ મોકલ્યું. નરસિંહ એ રાત અમૂલાં સાથે રંગેચંગે ગાળીને વહેલી સવારે ત્યાંથી રવાના થઈ ગયો.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, પાંત્રીસમી કથા]

**જારને ધણી પાસે જ લવરાવતી અને વળાવતી કુલટા** ( કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) **(સૂડાબહોંતેરી,** બીજી કથા)**:** શાહપુર ગામમાં શામળ સોની અને શામા સોનારણ રહેતાં હતાં. પત્ની પર અપાર સ્નેહ, પણ એવો શંકાશીલ કે પત્નીને રેઢી ન મૂકે. પોતે બહાર જાય તો ઘરને તાળું દઈને જાય. પિયર ન જવા દે. પાણી પણ વેચાતું ભરાવે. કોઈ જોડે વાત કરવાની પણ મના. અંતે આવાં બંધનથી અકળાઈ ગયેલી સોનારણે સોનીને કહ્યું: 'તું મને બંદીવાન બનાવીને કેમ રાખે છે? હું કાંઈ તારી રાખી રહીશ નહીં. હું શીલ પાળું છું, તો તેમાં મારી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા છે. મને પવિત્ર રહેવું ગમે છે, એટલે હું પવિત્ર રહું છું. બાકી તારાં બંધન મને પવિત્ર રાખી શકશે નહીં. હું જો જારી કરવા ધારું તો મારા જારને તારી પાસે જ માથે ઉપડાવીને લવરાવું અને તારી પાસે જ પાછો મોકલાવવાનું કરું.'? સોનીએ કહ્યું: ''તારામાં જોર હોય તો કરી દેખાડ, હું તો તને એક ઘડી પણ એકલી મૂકવાનો નથી.'

આ વાદવિવાદ થયા પછી ઘણા દિવસે વાત વિસારે પડી ગઈ હતી ત્યારે, એક વાર કાને બહેરી અને આંખે ઝાંખપવાળી એક ડોશી વીસ ગદિયાણા રૂપું લઈને પોતાની પુત્રીને ઘેર પુત્ર અવતરેલો, તેનાં કડલાં કરાવવા સોની પાસે આવી. સોનીએ ડોશીને દૂર કરવા ઘરમાં સોનારણ સાથે બેસીને નિરાંતે વાતો કરવા મોકલી. ત્યાં વાતવાતમાં સોનારણે ધણીના શંકાશીલ સ્વભાવની અને પોતાની જીવતા કેદીની દશાની વાત કરી. ડોશીએ સોનારણને એમાંથી છોડાવવાનું આશ્વાસન આપ્યું.

એટલામાં રાત પડી. કડલાં બની ગયાં. ચાર ગદિયાણા ચાંદી સોનીએ ચોરી લીધેલી. જતાં જતાં ડોશી બોલી: 'પાંચસો ગદિયાણા જેટલું સોનું મેં મારા ઘરમાં દાટી રાખ્યું છે. મારે એનાય દાગીના કરાવવા છે, પણ ઘરમાં બીજો પટારો ભરીને કેટલોક કીમતી માલ પડયો છે. હું રહી એકલી, ઘર રેઢું મૂકીને મારાથી કેમ નીકળાય?' સોની એવડું મોટું કામ હાથમાંથી કેમ જવા દે. તે બોલ્યો, 'તમે સોનું અહીં લઈ આવો. આઠ જ દિવસમાં હું બધાં ઘરેણાં ઘડી આપીશ. તમે તેટલા દિવસ મારે ત્યાં જ રહેજો ને ખાજોપીજો. તમારો પટારો હું માથે ઊંચકીને અહીં લઈ આવીશ. તે હું ઉઘાડીશ નહીં ને મારા ઘરમાં જ સાચવી રાખીશ. તમારું કામ પતાવ્યા પછી હું જાતે જ એ પટારો તમારા ઘેર પાછો મૂકી જઈશ.' ડોશીએ હા ભણી. પછી તેણે પોતાના એક વરણાગિયા પડોશીને બધું સમજાવી એની સલામતી માટે સોગન ખાઈને તેને ખાલી પટારામાં બંધ કર્યો. પછી સોનીને બોલાવ્યો. તે પટારો માથે મૂકીને પોતાના ઘેર લઈ આવ્યો અને અંદરના ઓરડામાં મૂક્યો અને સોનારણને તે બરાબર સાચવવા કહ્યું. પછી બહારના ઓરડામાં આવીને તેણે રાતદિવસ જોયા વગર ઘરેણાં ઘડવા માંડ્યાં. કામ ખેંચી શકાય માટે સોની સુખડું ખાતો, પાણી પણ કામ કરતાં કરતાં જ પીતો અને થાકતો ત્યારે પડશાળમાં કોથળા પર આડે પડખે થતો.

ઓરડામાં રહેલી સોનારણે ડોશીએ આપેલી ચાવી વડે તાળું ઉઘાડીને પટારામાંથી પેલા જાર પુરુષને બહાર કાઢ્યો અને એની સાથે આઠ દિવસ રંગરાગ માણ્યો. આઠમા દિવસે સોનીનું કામ પૂરું થયું એટલે પેલો પુરુષ પટારામાં પેસી ગયો. સોની પટારો માથે મૂકીને ડોશીના ઘેર આવ્યો. પટારો માથેથી નીચે ઉતારતાં ભોંયે અથડાયો, તેથી અંદર રહેલા પુરુષને વાગ્યું અને તેનાથી ઊંહકારો થઈ ગયો. સોનીએ એ સાંભળ્યો. ઘરે આવીને એણે સોનારણને પૂછ્યું: 'સાચું બોલ, પેલા પટારામાં કોણ હતું? મેં એમાં કોઈક પુરુષનો કણસવાનો અવાજ સાંભળ્યો.' સોનારણે કહ્યું: 'યાદ કરો, તમે મને બંદીવાન બનાવી રાખતા હતા એટલે મેં તમારી સાથે હોડ કરી હતી. તે પ્રમાણે ડોશી સાથે ગોઠવણ કરી પેલા પટારામાં એક પુરુષને રાખીને તમારે માથે મુકાવીને અહીં મેં મંગાવ્યો. આઠ દિવસ એ પુરુષ સાથે મેં રંગરાગ માણ્યો અને તારી પાસે જ પટારો ઉપડાવીને એને વળાવ્યો. મેં જે કહેલું તે કરી બતાવ્યું.'

આ સાંભળી અકળાઈ ગયેલો સોની કટારી લઈને સોનારણને મારી નાખવા ઊઠ્યો. પરિસ્થિતિ પામી જઈને સોનારણે તરકટ રચ્યું. હસતાં હસતાં સોનીના ગળે હાથે મૂકીને બોલી: 'તમને મેં કેવા બનાવ્યા? હું તે એવું કદી કરું? ઊલટા મેં તો તમને મોતના મોંમાંથી ઉગાર્યા. એક જક્ષે આવીને મને કહ્યું: 'હું સોનીનું ભક્ષણ કરીને પછી તને પરણીશ. એટલે મેં એને કપટપ્રેમ દેખાડીને કહ્યું: 'તમે પટારામાં સંતાઈને રહો. રાત્રે આપણે ભોગ ભોગવીશું'. એ જેવો પટારામાં પેઠો એવું મેં ઢાંકણું બંધ કરી તાળું વાસી દીધું. એ મર્યો હશે કે જીવતો હશે ભગવાન જાણે.' અને એટલામાં ડોશી ત્યાં આવી પહોંચી અને બોલવા લાગી: 'તું ભલો માણસ છે, પણ આ તારી બૈરી ભારે નટખટ લાગે છે. મેં ખાતરી કરવા પટારો ઉઘાડ્યો તો તેમાં કોઈક પુરુષ મડદું થઈને પડેલો. એ ઘડીક ભાનમાં આવે ત્યારે બોલે કે હું જક્ષ છું. વળી પાછો મરેલો જણાય. હું તો ઉપાધિમાં પડી. ગામ જાણશે તો મને શૂળીએ દેશે.' એટલે સોનારણે જે કહ્યું હતું તે સોનીને ગળે ઊતરી ગયું. એણે પૈસા આપી ડોશીને મૂંગી રહેવા કહ્યું અને સોનારણને માનપાન દીધાં.

[આધાર : '**સૂડાબહોંતેરી**', બીજી કથા]

**જારને પોતાનાં કપડાં પહેરાવી મોકલી દેતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, છત્રીસમી કથા): કૂંપા કુંભારની વહુ, રાધા ઘણી રૂપાળી હતી. રાજાનો પ્રધાન એના પર આસક્ત હતો, પણ રાધા ડગતી ન હતી. બીજી બાજુ રાજાનો લાંચિયો, ભરાડી હજૂરિયો પણ રાધાની પાછળ પડ્યો હતો. પણ રાધા તેનેય મચક આપતી ન હતી. છેવટે તેને પાઠ શીખવવા રાધાએ પ્રધાન સાથે મળવાનો સંકેત કર્યો. તે વહેલી સવારે અંધારામાં જે ખાણે માટી ખોદવા જતી ત્યાં તેને આવવા કહ્યું. પ્રધાન બનીઠનીને ત્યાં પહોંચ્યો. રાધાની ચોકી કરતા હજૂરિયાએ દૂર કોઈક પુરુષને ખાણમાં પેસતાં જોયો. રાધા ઉપર વેર લેવાનો આ મોકો હોવાનું જાણીને હજૂરિયાએ રાજાને વાત કરી, થોડાક ચોકીદારોને લઈને ખાણ ભણી ઉપડ્યો. એને દૂરથી આવતો જોઈને પ્રધાન ગભરાયો. રાધાએ તેને પોતાનાં કપડાં પહેરાવીને કહ્યું: 'તમે ઘૂમટો કાઢી ગધેડાં હાંકતાં બહાર નીકળી જાઓ.' તેને જતો જોઈ હજૂરિયો તે કોઈક બીજી સ્ત્રી હોવાનું સમજ્યો અને પ્રધાન એમ છટકી ગયો. પછી હજૂરિયો ખાણમાં પેઠો. નાગીપૂગી ઊભેલી રાધાને તેણે પૂછ્યું: 'કોઈક પુરુષ અહીં આવેલો એને તે ક્યાં સંતાડ્યો છે?' એની સામે નખરાં કરતી રાધા બોલી: 'એ તારો બાપ તે હું પોતે જ છું. સાંભળ, તારી સાથે મારો જીવ મળ્યો છે. મારી દાસીને પુરુષનો વેશ પહેરાવીને અહીં લઈ આવી. પછી તેનાં કપડાં, કટાર બધું ઉતરાવી મારાં કપડાં પહેરાવીને એને તને બોલાવી લાવવા મોકલી છે. એ કપડાં, કટાર અને મારાં ઘરેણાંની પોટલી આ રહી. એ તારે માટે છે. આજે હવે મોડું થયું છે. તું કાલે અહીં ખાનપાન બધું લઈને આવી પહોંચજે. આપણે મજા કરશું.' ખુશ ખુશ થઈ હજૂરિયો એ કીમતી કપડાં પહેરી, કટાર બાંધી, ઘરેણાંની પોટલી લઈને ખાણમાંથી જેવો નીકળ્યો તેવી જ રાધાએ "ચોર, ચોર" એવી બૂમાબૂમ કરી મૂકી. અંધારામાં ચોકીદારોએ હજૂરિયા ઉપર ધા કરીને તેને પૂરો કર્યો. ભેગા થઈ ગયેલા લોકોને રાધાએ કહ્યું: 'એ મારાં ઘરેણાં, કપડાં આંચકી લઈ મને મારવા માંડ્યો, એટલે મેં બીજી ખાણમાં જઈ બૂમો પાડી.' રાજાએ રાધાને આશ્વાસન આપ્યું. કૂંપાએ પણ તેને ખાનપાન દઈને ધરપત આપી.

[આધાર : '**સૂડાબહોંતેરી**', છત્રીસમી કથા]

**જારને પોતાની માતા તરીકે ઓળખાવીને બચતી કુલટા** : (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, ચાળીસમી કથા): સેંધા પટેલની વહુ સુંદરને ભાટણ ભાગ્યવંતી સાથે બહેનપણાં હતાં. સુંદરની માતા દૂરના ગામમાં રહેતી હતી. એક વાર ભાગ્યવંતીને એ ગામમાં જવાનું થયું. એ પ્રદેશમાં દુકાળ પડેલો, તેથી સુંદરની માતાને અનાજની તાણ પડતી હતી. ભાગ્યવંતીએ તેને સુંદરને ઘરે આવી રહેવા

કહ્યું, પણ એ દીકરીના ઘરનું ખાવા માગતી ન હતી. ભાગ્યવંતીએ આવી સુંદરને તેની માતાની મુશ્કેલીની વાત કરી, એટલે સુંદરે માતાને ભાગ્યવંતીને મોકલી બોલાવી લીધી અને ભાગ્યવંતીને ત્યાં બેત્રણ માસ રાખવાની અને તે માટે ખર્ચ આપવાની ગોઠવણ કરી. એક વાર સુંદર તળાવે ગઈ ત્યારે ત્યાં આગળ એક સોનીને જોઈ એનું મન ગળી ગયું. બંનેએ એવી ગોઠવણ કરી કે બીજે દિવસે સોનીએ બૈરીનો વેશ લઈ સુંદરને ઘરે આવી પોતાને સુંદરની માતા તરીકે ઓળખાવવી. તે પ્રમાણે સોની સુંદરને ઘરે પહોંચ્યો એટલે સુંદરે 'માતા'ને આવકાર દીધો અને તેને ઘરની અંદર લઈ ગઈ. હવે બાજુમાં રહેતી સુંદરની દેરાણીએ સુંદરની માતાને જોઈ હતી, એટલે તેને વહેમ ગયો કે આવનાર સુંદરની મા નથી, પણ સ્ત્રીવેશે કોઈક પુરુષ છે. તેણે ઘરના માણસોને પોતાના વહેમની વાત કરી. સૌએ ઉતાવળ ન કરવાનું ઠરાવી, સુંદરના દરવાજાને બહારથી તાળું દઈને ત્યાં ચોકી કરતાં બેસવું અને સવારે બંનેને પકડવાં. અંદર સુંદર અને સોની રંગે રમીને સૂતાં. એ વાતની જાણ ભાગ્યવંતીને થઈ. તેણે સુંદરને ઘરે આવી તેને પછીતે બોલાવીને આવી પડેલા સંકટની વાત કરી. સુંદરે યુક્તિ વિચારી કાઢી, ભાગ્યવંતીને તે સમજાવી દીધી. ભાગ્યવંતી ચાલી ગઈ. પછી સોનીના હાથમાં કોશ આપીને પછીતે ખાતર પડાવી ત્યાંથી તેને રવાના કરી દીધો. દરમિયાનમાં ભાગ્યવંતી સુંદરની માતાને એને ઘરેથી લઈ આવી. તેને ઘરમાં દાખલ કરીને, જ્યાં ખાતર પાડેલું તેની નજીકમાં અનાજના દાણા વેરી દીધા. પછી સુંદર માતાને બાથ ભીડીને પલંગ પર સૂતી. સવાર થતાં કમાડ ઉઘડાવીને સૌ અંદર આવ્યાં. પલંગ પર સુંદરની માને સૂતેલી જોઈને સૌ ભોંઠાં પડ્યાં. ભીંતમાં પડેલા બાકોરા પાસે દાણા વેરાયેલા જોઈ બધાંએ માન્યું કે ચોરોએ ખાતર પાડ્યું છે. વાત રાજા પાસે પહોંચી. રાજાએ જૂઠું આળ લગાડનારને દંડ દેવા કહ્યું, પણ સુંદરે એમને માફી અપાવી.

[આધાર : '**સૂડાબહોંતેરી**', ચાળીસમી કથા]

**જારને બચાવવા રાજાને અને ધણીને એકસાથે થાપ દેતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, એંતાળીશમી કથા) : ભોજરાજાની ધારાનગરીમાં રહેતો કીકો કાછિયો જ્યારે પચાસનો થયો ત્યારે એની વહુ પાંચ છોકરાં મૂકીને મરી ગઈ. એણે નાનપણમાં રાંડેલી જુવાન રળિયાત સાથે ઘરઘરણું કર્યું. રળિયાતે શરત કરેલી કે જો તું કોઈ પારકી સ્ત્રી પર નજર નાખીશ તો હું બીજે ઘરથી જઈશ અને રાજા પાસે તને દંડ દેવરાવીશ. એક વાર રળિયાત વાડીમાં એકલી હતી ત્યારે રાજાનો ખવાસ પ્રતાપ વાડીએ તરબૂચને લોભે આવ્યો. એકબીજાને જોઈને બંનેનાં મન ગળી ગયાં. અને ત્યારથી પ્રતાપ છાનોછૂપો વાડીએ આવજા કરતો થઈ ગયો. એક વાર ભોજરાજા રાત્રિચર્યા જોવા નીકળ્યો ત્યારે તેણે કાછિયાની વાડીમાં પ્રતાપને પેસતો જોયો. તેને એક સ્ત્રી સામે મળી અને બંને જણને છાપરીમાં પેસતાં ભોજે જોયાં. તે એક બાજુ પ્રતાપની છાપરીમાંથી નીકળવાની વાટ જોતો બેઠો. એટલામાં બહારગામ ગયેલો કીકો કાછિયો ત્યાં આવી પહોંચ્યો. તેણે રાજા ભોજને લપાઈને બેઠેલો જોયો. રળિયાતે આઘેથી પોતાના ધણીને આવતો જોઈને પ્રતાપને બારીએથી રવાના કરવા માંડ્યો, પણ ત્યાં સામે ભોજરાજાને બેઠેલો જોઈને તેના હોશકોશ ઊડી ગયા. રળિયાતે તેને ધીરજ રાખવાનું કહ્યું અને સામે જઈને તે કીકાને મળી અને બોલી, 'આપણું મોત આવ્યું છે. પ્રતાપ ખવાસની દીકરીએ આવીને મારા ખોળામાં માથું મૂકીને કહ્યું : 'તમારા વરની સાથે મારે પ્રીત બંધાઈ છે. એને મળવાનો કોઈ લાગ મળતો ન હતો એટલે અત્યારે હું અહીં દોડી આવી. મારા બાપને ખબર પડી ગઈ એટલે તે ભોજરાજાને સાથે લઈને અહીં આવી પહોંચ્યો છે. મને મારી નાખશે, તો કૃપા કરીને તમે મને બચાવો.' એટલે મેં એને પરાળના ઢગલામાં સંતાડી છે. તમે કાંઈક ઉપાય કરો. એનું કહેવું સાચું હોય કે ખોટું, પણ જો એ પકડાશે તો તમારું માથું ઊડશે. પ્રતાપ એની દીકરીને મારશે અને હું તમારે માટે દલાલી કરું છું કહી મને પણ તે મારશે.' ગભરાઈને કીકો કહે આમાં જે કાંઈ સાચું ખોટું છે તેની તમને સવારે વાત કરીશ, પણ અત્યારે તો હું જીવ લઈને ભાગું છું.' રળિયાતે તેને કહ્યું: 'બીશ મા; હું કહું તેમ કરજે, તમે આંચ નહીં આવવા દઉં.' પછી તેના કહેવાથી બંને જણે બૂમ પાડી: 'અરે ધારાના ધણી રાજા ભોજ, દોડો, દોડો, તમારો ખવાસ અમારી વાંસે પડ્યો છે.' એટલે રાજા ભોજ છાપરીમાં આવ્યો. રળિયાત બોલી: 'પ્રતાપ થોડા વખત પહેલાં વાડીએ રોફ બતાવીને તરબૂચ અને ટેટી લેવા આવેલો. અમે તેને આપ્યાં નહીં એટલે આજે મારો વર બહારગામ ગયો છે, એવું જાણીને તે અહીં આવ્યો. પણ કાછિયો તો ઘરે જ હતો. અમને એને સૂતેલા જોઈ એણે માની લીધું કે મારી સાથે કોઈ પારકો પુરુષ છે. એટલે એણે મારઝૂડ કરવા માંડી. ભોજરાજાએ પ્રતાપને પકડીને પૂછ્યું. તેણે કહ્યું: 'મને કોઈએ કહેલું કે રળિયાત એનો વર બહારગામ જાય છે ત્યારે કોઈની સાથે છીનાળું કરે છે. એટલે તેને એ પાપ કરતી પકડવા હું અહીં આવેલો. મને ખબર નહીં કે સૂતેલો માણસ કાછિયો પોતે જ છે. મારી મોટી

ભૂલ થઈ ગઈ.' ભોજે રળિયાતને આશ્વાસન આપ્યું. પોતાની બહેન કરી અને પ્રતાપને લઈને રવાના થયો. રળિયાતે ફીકાને કહ્યું: 'હવે તું હમણાં બહાર બેસ. હું પ્રતાપની છોકરીને પરાળમાંથી બહાર કાઢું. તારું મન હોય તો એની સાથે ભોગ ભોગવ. તેં જ વાયદો કરીને એને બોલાવી હશે.' ફીકો રળિયાતને પગે લાગીને બહાર બેઠો. રળિયાત પ્રતાપની છોકરીને વળાવવાને બહાને બારીએથી બહાર નીકળી ગઈ. પ્રતાપ સાથે ભોગ ભોગવીને ચારપાંચ ઘડી પછી પાછી આવી ત્યારે ફીકાએ તેને વાત કરી, 'હું એક વાર ખવાસને ઘરે તરબૂચ આપવા ગયેલો, ત્યારે એની દીકરી ચોખાદાળ થાળીમાં ભરીને આપવા આવી. એ મારી આંખમાં વસી ગઈ. મેં એને પાંચ દાડમ આપ્યાં. તે પછી બેચાર વાર ખવાસને ઘરે જઈને એને કાંઈક આપતો. બસ, એથી વધુ એની સાથે મારે કશો સંબંધ નથી. એ એની મેળે જ અહીં આવી હશે.' રળિયાતે ફીકાનો ઉધડો લીધો. ફીકાએ કદી કોઈ સ્ત્રી ઉપર નજર ન નાખવાની પ્રતિજ્ઞા લીધી અને એમ તેને જીવનભર વશવર્તી કર્યો.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, બેંતાળીશમી કથા]

**જારને વૈરીનાં કપડાં પહેરાવી બચતી કુલટા–૧** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, ઓગણત્રીસમી કથા) : રામપર ગામમાં રહેતા રૂડો અને ગાંગો નામે બે રબારીને એકબીજાનાં ઘેર જવાઆવવાનો સંબંધ હતો. પરંતુ રૂડાને ગાંગાની વહુ જોડે અને ગાંગાને રૂડાની વહુ જોડે આડો વહેવાર બંધાયો હતો.

રૂડાની વહુને આથી ગાંગાની વહુ પર ઘણો ખાર હતો. એક વાર રૂડાને પસલી આપવા બહાર ગામ જવાનું થયું ત્યારે તે વાતની ગાંગાને આગળથી જાણ કરીને રૂડાની વહુએ તેને રાત ગાળવા ઘેર બોલાવ્યો. ગાંગો બનીઠની હથિયાર બાંધીને આવી પહોંચ્યો. બંને ખાનપાન અને પ્રેમગોષ્ઠીમાં મશગૂલ હતાં, એટલામાં રસ્તામાં અપશુકન થતાં રૂડો પાદરેથી જ પાછો ફર્યો. ઉઘાડી ડેલીમાં એને દાખલ થતો જોઈને ગાંગો પોતાની જાતને છુપાવવા ઓરડામાં દોડયો. તરત જ રૂડાની વહુ પરિસ્થિતિ પામી ગઈ અને ગાંગાનું માથું સાડીથી ઢાંકી દેતા રૂડો સાંભળે તેમ બોલી, 'આ મારાં કપડાં અંદર જઈને પહેરી લે. જેની રાવ કરવા તું આવી, એ પોતે જ બહારગામ જવાનો હતો, પણ અણધાર્યો આવી પહોંચ્યો છે. ઈશ્વર તારી લાજ રાખશે.' ગાંગો રૂડાની વહુનાં કપડાં પહેરી ઘૂમટો તાણી મૂંગો મૂંગો ઊભો રહ્યો. દરમિયાન, 'આ કોણ છે? અહીં મરદનાં લૂગડાં ક્યાંથી? અને તું શી વાત કરે છે?' એમ રૂડાએ પૂછ્યું એટલે એની વહુએ કહ્યું: 'એ છે ગાંગાની વહુ, તમે એની પાછળ પડ્યા છો. ગામલોકો એની વાત કરે છે. ત્રાસીને તે તમારી ફરિયાદ કરવા, કોઈ એના પર આળ ન ચઢાવે એટલે એના વરનાં લૂગડાં પહેરીને આવી છે.' પછી સ્ત્રીવેશે રહેલા ગાંગાને ઉદ્દેશીને તેણે કહ્યું; 'જો બહેન, એને હું વારીશ અને તારા વરનાં કપડાં ને હથિયાર તારે ઘેર મોકલી આપીશ.' ગાંગો રવાના થઈ ગયો. રૂડાને એની વહુએ ફરી કદી પણ ગાંગાને ત્યાં ન જવાની પ્રતિજ્ઞા લેવરાવી.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, ઓગણત્રીસમી કથા]

**જારને વૈરીનાં કપડાં પહેરાવી બચતી કુલટા–૨** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, ઓગણચાલીસમી કથા) : નારણ વાળંદ વૈદક પણ સારું જાણતો. એની જુવાન, રૂપાળી વહુ તારા તરુણ ગવૈયા ગિરધર ઉપર વારી ગઈ હતી. એક વાર નદીમાં ન્હાતા ગિરધરને તારાએ કહ્યું: 'લાવ તારો ચોટલો ચોળી દઉં.' એ બહાને તારાએ પ્રેમ-ચેષ્ટાથી ગિરધરને પોતાનો મનોભાવ બતાવી પોતાને ઘરે સમાગમ માટે આવવા સંમત કર્યો. સ્ત્રીના વેશે ગિરધરે બીજે દિવસે તારાને ઘેર જવું એમ નક્કી થયું. બીજે દિવસે તારાએ નારણને કહ્યું: 'આજે ગણેશચોથ છે, તો તમે સરખી કમાણી કરી લાડવા કરવાનો સામાન લઈ મોડેથી આવજો.' નારણના ગયા પછી સાંજની વેળાએ ગિરધર વૈરીના વેશે તારાને ઘરે આવી પહોંચ્યો. ભોજન કરી બંને રંગરાગ કરતાં પલંગ ઉપર સૂતાં હતાં ત્યાં નારણ આવી પહોંચ્યો. કોઈક વૈરી તારા સાથે પલંગ પર સૂતેલી જોઈને તે ચમક્યો. તેને આવેલો જોઈ તારા અને ગિરધર પલંગ પરથી નીચે ઊતર્યાં. તારા બોલી: 'આ ગિરધર ગવૈયાની વહુ ગુમાન મને નદીએ ભેગી થઈ ગઈ. બિચારીને એની સાસુ 'વાંઝણી' કહી ત્રાસ આપતી હોવાથી એ રાતાં આંસુએ રડતી હતી. મેં કહ્યું કે 'તું મારા વરને નાડ બતાવ. સૌ સારાં વાનાં થશે.' એટલે એ આવી છે. એની આંખો ઘેરાતી હતી એટલે મેં મારી સાથે પલંગ પર સુવાડી, ત્યાં તો તમે આવી ગયા.' ખુશી થઈને નારણે બાજુના ઓરડામાં ગિરધરને લઈ જઈ નાડ જોવા એનો હાથ પકડયો અને લાગ જાણીને એને બાથ ભીડી. ઘૂમટો તાણીને બેઠેલા સ્ત્રીવેશધારી ગિરધરે એને ધક્કો મારીને ધમકાવ્યો: 'તારાં આ અડપલાંની વાત હું મારા વરને કરીને ગામ આખામાં તારી ફજેતી કરીશ.' ત્યાં તો તારા પણ દોડી આવી. બંનેએ 'ગિરધરની વહુ'ની માફી માગી અને ગિરધરનું વતું અને પગચંપી મફત કરી આપવા નારણ

બંધાયો. ગિરધરના ગયા પછી તારાએ બેશરમ બનવા નારણનો ઊધડો લીધો અને આ પાપમાંથી છૂટવા ગોવિંદ બ્રાહ્મણ કે જે તારાનો પ્રેમી હતો, તે એક વરસ સુધી એમને ઘરે આવીને પાઠપૂજા કરે એવું તારાએ નારણ પાસે નક્કી કરાવ્યું.
[આધાર : **'સૂડાબહોંતેરી'**, ઓગણચાળીસમી કથા]

**જારને ઔરીમાં ખપાવી, પ્રપંચથી શોકને ફસાવી બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** એકત્રીશમી કથા) : ભવાની ભાવસાર રંગરેજનું કામ કરતો. તેની વહુ રંગા કપડાં ધોતી. એક વાર તે ઘાટે કપડાં ધોતી હતી ત્યારે એક પરદેશી પ્રવાસી ત્યાં આવ્યો. વાતચીત પરથી જાણ્યું કે તે ધોબી હતો. નાની ઉંમરમાં ઘરભંગ થતાં વૈરાગ્ય આવ્યો હતો તેથી તે જાત્રાએ જવા નીકળ્યો હતો. રંગાનું મન તેના પર મોહ્યું. તેને ચૌટે ક્યાંક રાત વીતાવીને સવારે ઘાટ પર આવવા કહ્યું. પછી ઘેર જઈ તેણે ધણીને વાત કરી કે, મારી મશિયાઈ બહેન બાળપણમાં રાંડી, તેથી વૈરાગ્ય આવતાં, જાત્રા કરવા કાશીએ જતાં વચ્ચે અહીં આવી લાગે છે. જુવાન સ્ત્રીને કોઈ હેરાન ન કરે માટે માથું મુંડાવી પુરુષવેશે તે નીકળી છે. તે ઘાટ પર આવી પહોંચી, ત્યારે મને જોઈ ને તે ઓળખી ગઈ અને પોતાની બધી વાત કરી. મેં પણ તેને ઓળખી લીધી. મેં તેને ઘેર આવવા ઘણું કહ્યું, પણ પુરુષ વેશમાં હોઈ ને બનેવીને શંકા જાય એની બીકે તેણે ન માન્યું. ચોકમાં હરજી વેપારીને હાટે તે બેઠી છે. તમે કહો તો આપણે ઘરે બોલાવી લાવીએ.' ભવાની તરત તૈયાર થયો. બંને ચોકમાં ગયાં. રંગાએ આગળ જઈને પ્રવાસીને જણાવી દીધું; 'તું પુરુષવેશે મારી મશિયાઈ બહેન હોવાનું મેં મારા વરને કહ્યું છે. અને તારે રાત મારી સાથે ગાળવાની છે.' એટલામાં ભવાની પણ આવ્યો. અને તાણ કરીને પ્રવાસીને પોતાને ઘેર લઈ ગયો. રંગાએ પ્રવાસીને પોતાની પાસેથી સ્ત્રીનાં કપડાં પહેરાવ્યાં. તેની સાથે તે ઓરડામાં સૂતી. ભવાની બહાર સૂતો. પ્રવાસી અણધાર્યો આ પરિસ્થિતિમાં આવી પડતાં ઘણો ગભરાયો, અને પોતાને જવા દેવા રંગાને તેણે ઘણી આજીજી કરી. પણ રંગાએ તેને કશું જ નહીં થાય તેવી ધરપત આપી. મધરાત થતાં રંગાના વરને મહેમાન ખરેખર સ્ત્રી છે કે પુરુષ છે ? એ બાબત શંકા ગઈ. તે ગુપચુપ અંદર જઈ રંગાના ખાટલા નીચે જઈ ને સંતાયો. રંગાએ અને પ્રવાસીએ પરસ્પર ભોગ કર્યો. તે બધું નીચે રહેલા રંગાના વરે જોયું. સવારે હાકેમને જાણ કરી બંનેને દંડવાનું તેણે નક્કી કર્યું અને ગુપચુપ ખાટલા નીચેથી નીકળી ગુસ્સાભર્યા શ્વાસ લેતો તે પોતાની સૂવાની જગ્યાએ ગયો. તેનો જોરદાર શ્વાસ સાંભળીને રંગા સમજી ગઈ કે તેના વરે બધું જોયું છે. તેણે પ્રવાસીને ઉઠાડીને મેડી ઉપર મોકલી દીધો અને પાછળને બારણેથી નીકળી ત્યાં જુદા ઓરડામાં રહેતી પોતાની શોક પાસે જઈને કહ્યું: 'આપણો બળદ ભાગી ગયો છે. તેને પકડી લાવવા ભવાની ગયો છે. હું પણ પાછળ જાઉં છું. ઘર ખુલ્લું છે. તો તું મારા ઓરડામાં જઈને સૂઈ જા.' એમ કહીને પોતે મેડીએ ચડી ગઈ, તેની શોકને પડોશી સાથે સંબંધ હતો. તે તેને બોલાવી લાવી અને બંનેએ રંગાના ખાટલા પર મોજ માણી. વહેલી સવારે રંગાનો વર હાકેમ પાસે ફરિયાદ કરવા ગયો. રંગાએ પ્રવાસીને રવાના કરી દીધો. તે એક હાર ભેટ આપતો ગયો. હાકેમના માણસોએ ભવાનીને ઘેર આવીને બહારથી સાંકળ મારી દીધી. સવાર થતાં અંદર જઈ ને જોયું તો ભવાનીની મોટી વહુ અને તેનો પડોશી સૂતાં હતાં. ભવાની આ જોઈ ને આભો બની ગયો. બંનેને પકડીને હાકેમ આગળ લઈ ગયો. રંગાએ ત્યાં પહોંચીને આવો ફજેતો કરવા માટે ભવાનીને ફિટકાર આપ્યો અને કહ્યું: 'હું મારી બેન સાથે મેડીએ જઈ ને સૂતી ત્યારે મોટી મારી જગ્યાએ પડોશીને બોલાવીને સૂતી. મારી બહેન તમે કરેલો ફજેતો જોઈ, મને હાર ભેટ આપીને જાત્રાએ જતી રહી. પછી હાકેમને હારની લાંચ આપી રંગાએ બંનેને છોડાવ્યાં. મોટી શોક, પડોશી અને ભવાની તે પછી રંગાનાં બનીને રહ્યાં.
[આધાર : **'સૂડાબહોંતેરી'**, એકત્રીશમી કથા]

**જારને ભાભીવેશે બચાવવો** (કુલટાચરિત્રની દૃષ્ટાંત-કથા) (**સૂડાબહોંતેરી,** સડસઠમી કથા) : એક ગામમાં શિવા સુતારની વહુ નાની રાસમંડળીનો ખેલ ભજવતા જુવાન નાયકને જોઈ તેના પ્રેમમાં પડી. પોતાના તરફથી વીસ દિવસ શિવપૂજન કરવા તેને રાખી દરરોજ ઘરે સીધુંપાણી ને દક્ષિણા આપવા નિમિત્તે તેને બોલાવીને હાવભાવ દર્શાવી તેનું મન પલાળ્યું. એક વાર સુતાર તેના પિતા અને બે ભાઈ સાથે બાજુના ગામે રાજાનો રથ ઘડવા ઊપડ્યો. દસ દિવસનું કામ હતું. આ લાગ જોઈને નાની સુતારણ નાયકને પોતાને ઘરે રાતે આવી પહોંચવાનું કહી આવી. તે હા–ના કરતો હતો, પણ નાનીએ સોનામહોરો દેવાની લાલચ આપી. તે રાતે નાયક આવી પહોંચ્યો અને બંને જણ રંગરાગમાં ડૂબ્યાં હતાં, ત્યાં બારણું ખખડ્યું. બંને જણ બીકથી ફફડી ઊઠ્યાં. નાનીએ નાયકને છાતી મજબૂત રાખવા કહી, સ્ત્રીનાં લુગડાં પહેરાવી દીધાં. અને એ ઘૂમટો કાઢીને ઊભો રહ્યો, એટલે બારણું

ઉઘાડયું. ચારે જણ અંદર આવ્યા. હજી રથનું લાકડું આવ્યું નહોતું એટલે તેમને પાછા આવવું પડયું, એમ કહીને શિવાએ પૂછ્યું: 'આ કોણ આવેલ છે?' નાનીએ કહ્યું: 'તમે ગયા પછી મને સાવ એકલું લાગ્યું એટલે માને કહીને મારી ભાભીને લાવી છું.' તે પછી તેણે સૌને જમાડ્યા. સસરો અને જેઠદિયર તેમને ઘરે ગયા. નાની અને નાયક વચ્ચે જગ્યા રાખીને ખાટલામાં સૂતાં. નાની પોતે રોજ જ્યાં સૂતી હતી તે ખાટલાને બદલે તેના વરવાળા ખાટલામાં સૂતી. સુતાર બારણાની બહાર સૂતો. રાતે તે પાણી પીવા ઊઠ્યો અને અંધારામાં અથડાતાં નાની જ્યાં સૂતી હતી તે ખાટલા પર તે પડ્યો. નાની તેને પાંચદસ ઠોંસા મારી ઝીણે સાદે રોવા લાગી. સુતાર સમજ્યો કે તે સાળાની વહુ પર પડ્યો, એટલે ગભરાઈને તે પોતાના ખાટલા પર જઈ બેઠો. નાનીએ ગુપચુપ ઊઠીને ઓરસિયાનો પથ્થર પાણીના ટાંકામાં નાખ્યો, અને ગભરાટનો દેખાવ કરી પતિના પલંગ પાસે જઈ, 'શેનો અવાજ થયો? ચોર આવ્યો કે શું?' એમ બોલી. સુતારે કહ્યું: 'હું પાણી પીવા ઊઠ્યો, ત્યારે અંધારામાં અથડાઈ તારી ભાભી ઉપર પડ્યો. તે એમ સમજી કે મારી બૂરી દાનત છે, એટલે તેણે ટાંકામાં પડતું મૂકયું લાગે છે. મારી તો ભારે ફજેતી થશે. હું તો પેટમાં વીંધણું ખોસીને મરું છું.' નાનીએ કહ્યું: 'તમે મુંઝાઓ નહીં, ટાંકામાં બહુ પાણી નથી, એટલે તે બચી ગઈ હશે. પણ તમે અત્યારે આપણી ગોરાણીને ઘેર ચાલ્યા જાઓ. હું ભાભીને સમજાવી લઈશ.' શિવાના ગયા પછી, નાનીએ નાયકને સોનાનો હાર આપી રવાના કરી દીધો. સવારે ગોરાણીને ત્યાં જઈને કહ્યું કે, મને વણવાંકે મારી, મારાથી રિસાઈને તમારા યજમાન તમારે ત્યાં ભાગી આવ્યા. પછી શિવાને કહ્યું; 'મેં સમજાવીને ભાભીના મનનો વહેમ ભાંગ્યો અને તેને મારો હાર આપીને રાજી કરી.' તે પછી શિવો નાનીને હંમેશાં વશવર્તીને રહ્યો. [આધાર : '**સૂડાબહોંતેરી**', સડસઠમી કથા]

**જારને ભૂતમાં ખપાવી બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, સત્તરમી કથા) : **૧.** ખેતા ખત્રીની વહુ રંગા તેના ઉપર ઘણો પ્રેમ હોવાનો દેખાડો કરતી, તેથી તે તેને પતિવ્રતા માનતો. તેના એક બ્રાહ્મણ મિત્રે 'સ્ત્રીઓ સ્વભાવથી જ પરપુરુષમાં આસક્ત થતી હોઈ, તેમાં રંગા કેમ અપવાદ હોય?' એવું કહીને તેને નીચેની દૃષ્ટાંતકથા કહી :

**૨.** ચંપાવતીના ચંદ્રસેન રાજાનો પ્રધાન કુલજી ભટ્ટ હસતો ત્યારે પૂર્વનાં પુણ્યે સાચે જ એના મોઢામાંથી ફૂલ ખરતાં. આ વાત આજુબાજુ પ્રસિદ્ધિ પામી. પ્રધાન ચમત્કારી પુરુષ હોવાની ખ્યાતિથી લોકો તેનાં દર્શને આવતા. એ વાતનું કુતૂહલ થતાં રાજાનો એક મિત્ર તે જોવા રાજાને ત્યાં આવીને રહ્યો. તેને ખાતરી કરાવવા રાજાએ પ્રધાનને તેડું મોકલ્યું. પ્રધાન રાજા પાસે જવા નીકળ્યો. રસ્તામાં એક પાનવાળાની દુકાન આગળથી પસાર થતાં, તેણે એક હલકી વર્ણના માણસને પાનવાળાને એક સોનામહોર આપીને કહેતાં સાંભળ્યો : 'મને સારામાં સારું પાનબીડું બનાવી આપ.' પાનવાળાએ પૂછતાં પેલાએ પોતાના સદ્ભાગ્યની વાત કહી: 'આજ રાત્રે પ્રધાન રાજાને મળવા જવાનો છે, એટલે એની પત્નીએ મને તેની સાથે રંગરાગ માણવા બોલાવ્યો છે.' આ સાંભળી પ્રધાનને ભારે આઘાત લાગ્યો. ત્યાં તો જલદી આવવાનો રાજાનો સંદેશો લઈને માણસો તેને સામા મળ્યા. નાછૂટકે પ્રધાન તેમની સાથે રાજસભામાં પહોંચ્યો. રાજાનો આગ્રહ અને વિવિધ પ્રયત્નો છતાં પ્રધાન પત્નીના આચરણના દુઃખે હસી શક્યો નહીં. રાજાના મિત્રે મોંમાંથી ફૂલ ખરવાની વાતને ગામગપાટા માનીને રાજાની હાંસી ઉડાવી, એટલે રાજા ગુસ્સે થયો અને પ્રધાનને ઘોડાર પાસેની એક કોટડીમાં પૂરી દેવડાવ્યો. મધરાતે રાજાની રાણી ત્યાં બાજુમાં રહેતા ઘોડાના રખેવાળ સાથે રંગરાગ માણવા આવી. મોડા આવવાથી ગુસ્સે થયેલા રખેવાળે તેને ધમકાવીને ચાબૂક વતી ફટકારી. રાણીએ એને રીઝવીને ટાઢો પાડ્યો. એની સાથે મનભર રંગ માણી, તેની પગચંપી કરીને રાણી ગઈ. આ દૃશ્ય જોઈને પ્રધાનને થયું: 'અહો, રાજાના ઘરની પણ આવી જ સ્થિતિ છે, તો મારા ઘરનું દુઃખ શું વિચારવું?' અને તે ખટખડાટ હસી પડ્યો. તે સાથે જ તેના મોંમાંથી ફૂલ ખર્યાં. બીજે દિવસે રાજાના સેવકોએ ફૂલ ખર્યાંની વાત રાજાને કરી. રાજાએ પ્રધાનને રાજસભામાં તેડાવ્યો. ત્યાં પ્રધાન ખૂબ હસ્યો, એટલે ફૂલના ઢગ થયા. રાજાના મિત્રને ખાતરી થઈ ગઈ. તેના ગયા પછી પ્રધાનને એકાંતમાં બોલાવીને રાજાએ તેના વિચિત્ર વર્તનનું કારણ પૂછ્યું. પ્રધાને પોતાને અને રાણી માટે અભયવચન મેળવીને પોતે રાત્રે જોયેલી ઘટનાની વાત કરી.

**૩.** આ દૃષ્ટાંત કહીને મિત્રે ખેતાને ચેતવ્યો. એ વાત સાંભળી ખેતાએ પત્નીના ચરિત્ર અંગે તપાસ કરવા નિર્ણય કર્યો. એક દિવસ એણે પત્નીને કહ્યું: 'હું બહારગામ જાઉં છું. મિત્રને ત્યાં ઉત્સવ છે. એટલે રાતવાસો રહીશ.' પતિના ગયા પછી રંગા પાણી ભરવા ગઈ. ત્યાં કોઈ વરણાગી હથિયારધારી રજપૂતને જોઈ તેના પર તે આસક્ત થઈ ગઈ અને તેને પોતાના ઘરે આવવાનો સંકેત કરી તે ઘેર આવી. ખેતો બહારગામ ન જતાં થોડી વારે ઘરમાં આવીને શાળના ખાડામાં સંતાઈ બેઠો હતો.

થોડી વારમાં હથિયારધારી રજપૂત એના ઘરમાં આવ્યો. રંગાએ એનું સ્વાગત કર્યું. હથિયારધારીને જોઈને ડરનો માર્યો ખેતો ચૂપ રહ્યો. તે પછી પેલા રજપૂત અને રંગાએ મનમાન્યા ભોગ ભોગવ્યા. સવારના રંગા રજપૂતને વળાવવા ઘર બહાર નીકળી. એટલે ખેતો સંતાવાના સ્થાનથી બહાર આવ્યો અને રંગાને મોઢે કબૂલાવી પછી તેને શિક્ષા કરવી એમ વિચારીને ખડકીની બહાર નીકળી ગયો. રજપૂતને વળાવીને બહાર નીકળેલી રંગાએ તૂટેલા તાર અને ઢીલી પડેલી શાળ જોઈને ખેતાએ સંતાઈને પોતાનું ચરિત્ર જોયું હોવાનું પામી ગઈ. સ્ત્રીચરિત્ર દેખાડતી તે પોક મૂકીને રડવા લાગી. પડોશની સ્ત્રીઓ દોડી આવી. બહારથી ઘરમાં આવેલો ખેતો હેબતાઈ ગયો. બધા લોકો વિદાય થયા એટલે ખેતાએ રંગાને રડવાનું કારણ પૂછ્યું. રંગાએ કહ્યું; 'હું પાપી છું અને મેં અધર્મ કર્યો છે, હું તે માટે મરવા માગું છું.' પછી મરવાનું કારણ પૂછતાં રંગાએ કહ્યું: 'હું આજે પાણી ભરવા ગઈ ત્યારે મેં મારા આગલા ધણીને જોયો. તેણે કહ્યું કે હું અવગતિઓ ભૂત થયો છું. ખેતાએ તારી સાથે નાતરું કર્યું છે અને મારું ધન એણે ઓળવ્યું છે, એટલે એના પર મારે વેર છે. હું એને ભરખી જઈશ.' મેં કાલાવાલા કર્યા એટલે એણે કહ્યું; 'જો તું પહેલાંની જેમ મને એક વાર સમાગમ સુખ આપે તો હું ખેતાને જીવતો જવા દઈશ. આજે તમે ન હતા એટલે મેં એને અહીં આવવાનો વાયદો કર્યો હતો અને એ પ્રમાણે તે આજે આવ્યો હતો અને મેં તેને પૂરો સંતોષ્યો. પણ આવું પાપ કર્યું એટલે હવે મરવા માગું છું. એ પાછો ચૌદશે આવશે. એ આપણી આ વાત પણ સાંભળતો હશે.' ખેતાએ કહ્યું, 'હું અહીં શાળના ખાડામાં જ છુપાયેલો હતો, એટલે મેં બધું જોયું. તું એને વળાવવા ગઈ હતી તો તે કયાં ગયો?' રંગાએ કહ્યું; 'એ તળાવે પહોંચીને ભડકો થઈ ગયો. તમે એક બે દિવસમાં એને પાછો જોશો.' પણ ખેતાને રંગાની વાત સાચી ન લાગી. આ પછી ખેતો સૂઈ ગયો. એટલે રંગા એક પડોશણને મળી અને બાજી ગોઠવીને પાછી ફરી. ગોઠવણી મુજબ પડોશણ શેરીમાં નીકળી અને તેણે સાપ કરડયો હોવાનો ઢોંગ કરીને બૂમાબૂમ કરી મૂકી અને બેભાન થઈને રસ્તામાં પડી. લોકો દોડી આવ્યા. ઝેર ઉતારનાર ગારુડીને બોલાવવામાં આવ્યો. શોરબકોર સાંભળી ખેતો પણ ત્યાં દોડી આવ્યો. એટલામાં પડોશણ જાગી અને ધૂણતી બોલવા લાગી; 'હું રંગાનો આગલો ધણી છું. અવગતિઓ ભૂત થયો છું અને અનેક વેશ લઉં છું. ખેતો મારી બૈરી ભોગવે છે, એટલે તે મારો વેરી છે અને હું તેને સાપ થઈને ડસવા જતો હતો ત્યાં રસ્તામાં આ બાઈનો પગ પડયો એટલે હું એને ડસ્યો. મારે એની જોડે વેર નથી પણ હું ખેતાને જરૂર ભરખી જઈશ.' આ સાંભળી ખેતો ગભરાઈ ગયો અને કાલાવાલા કરતો તે કહે તેમ કરવા તૈયાર થયો. એટલે પેલી પડોશણ બોલી; 'જો હવે કુટુંબસહિત તને જવા દઉં છું. તું મારું નામ લઈને પૂજા કરજે.' આ પછી ખેતાએ રંગાની વાત સાચી માની અને તેને સાદર માન આપતો રહ્યો.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, સત્તરમી કથા]

**જારને સાપ પકડનાર તરીકે ખપાવીને બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી** : ચોત્રીસમી કથા) : લાખા લુહારની વહુ જયવંતીની ચાલચલગત ખરાબ હતી. ઘણા પુરુષો સાથે તે સંબંધ રાખતી હતી. એક વાર લાખો એરણ, હથોડો વગેરે નવાં ઓજાર ખરીદવા બાજુના ગામે જવા નીકળ્યો. તેના ગયા પછી તળાવે ન્હાવા ગયેલી જયવંતીએ ત્યાં કોઈક જુવાન પરદેશી પ્રવાસીને જોયો. એના પર એનું મન ચોંટયું. પ્રવાસીએ પોતાનું ગામમાં સાત દિવસ રોકાણ હોઈને જે ઉતારો આપી સરભરા કરે તેને માગ્યું આપવાનું કહ્યું. જયવંતી તેને પોતાને ઘરે લઈ આવી. પ્રવાસીએ હજી ઘડીક આશરો લીધો, ત્યાં તો લાખાએ આવીને ડેલીનાં બારણાં ખખડાવ્યાં. જયવંતીએ પરદેશીને કોઢની અંદર ઘુસાડી આડાં લાકડાં ખડકી દીધાં અને પછી ડેલી ઉઘાડી. લાખાએ અંદર આવીને કહ્યું, 'રસ્તામાં અપશુકન થયા, એટલે હું પાછો ફર્યો. હવે કાલે જઈશ. પાછો આવતો હતો ત્યાં સામે ગામનો પટેલ મળ્યો. એને તરત જ કોશ ઘડીને આપવાની છે. તું ધમણ ધમ, હું આ લાકડાં કાઢીને સળગાવું છું.' એમ કહીને કોઢ ભણી જતા લાખાને બાથ ભીડી અટકાવી રાખતી જયવંતી બોલી, 'કોઢમાં તો કાળો નાગ પેઠો છે. તમે પહેલાં પડોશીને ત્યાંથી સાણસો લઈ આવી એને પકડીને માટલામાં પૂરી દો.' એ સાંભળીને ગભરાયેલો લાખો બોલ્યો, 'મારું એ કામ નહીં. તું કોઈકને બોલાવીને એ પતાવી દે.' એમ કહીને તે મેડી ઉપર ચડી ગયો. જયવંતી સાણસો લઈ આવી, હાથમાં માટલું લીધું અને પછી પેલા પરદેશીને કોઢમાંથી બહાર કાઢી, માટલા ઉપર કપડું બાંધી, એ એના હાથમાં પકડાવ્યું. પછી લાખાને મેડીએથી બોલાવ્યો. એણે પેલા જુવાનનો પાડ માની, એને લાડવાનું ભાતું બંધાવીને વળાવ્યો.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, ચોત્રીશમી કથા]

**જારનો સ્ત્રીવેશે અંતઃપુરપ્રવેશ** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** બાવનતી કથા) : રતનચંદ રાજાની રાણી રત્નાવલી નિઃસંતાન હતી. તંબોળણને તેણે

કોઈ ચમત્કારી સિદ્ધને પૂછીને સંતાન થાય તે માટે ઉપાય જાણી લાવવા કહ્યું. તંબોળણના જુવાન ભાણેજે એક વાર મામીને મોઢેથી રત્નાવલી રાણીનાં રૂપનાં વખાણ સાંભળ્યાં અને તેણે રાણીનો મેળાપ કરાવી આપવા રઢ લીધી. મામીએ તેના મનની ઇચ્છા પૂરી કરવાનું વચન આપ્યું. તંબોળણે રત્નાવલીને વાત કરી: 'મેં જોગી મહારાજને તમને કઈ રીતે સંતાન થાય તે પૂછ્યું, ત્યારે તેણે મને કહ્યું કે મહાદેવના શાપને લીધે રાજા વાંઝિયો છે. તેનાથી રાણીને સંતાન નહીં થાય. કોઈ ઉત્તમ પુરુષનો સંગ કરીને તે સંતાન મેળવે.' રત્નાવલીને એ વાત તંબોળણે યુક્તિપ્રયુક્તિથી ગળે ઉતારી, અને બધું ગુપ્ત રહે તે રીતે કામ પાર પાડવાની પ્રતિજ્ઞા કરી. તે પછી પોતાનો જુવાન ભાણેજ બધી રીતે લાયક હોવાનું જણાવી તેને યુક્તિપૂર્વક લઈ આવવાની ગોઠવણ કરી. જે દિવસે તંબોળણ ભાણેજને રત્નાવલી પાસે લઈ જવાની હતી, તે દિવસે પહેલાં તેણે પોતાની નાની બહેન સાથે રત્નાવલીને સંદેશો મોકલ્યો. પછી ભાણેજને સ્ત્રીનો વેશ પહેરાવીને તૈયાર કર્યો. તંબોળીનો પિતરાઈ પૂંજો પડોશમાં રહેતો હતો. તેને તંબોળી સાથે વેર હતું. તંબોળણ ભાણેજને સ્ત્રીનો વેશ પહેરાવતી હતી તે તેણે જોયું અને તેમની વાત સાંભળીને તેમનું શું કાવતરું છે તે પૂંજો જાણી ગયો. જેવી તંબોળણ ભાણેજને લઈને રત્નાવલી પાસે જવા નીકળી તેવો જ પૂંજો રાજસભામાં પહોંચ્યો અને રાજાને એકાંતમાં જણાવ્યું કે તંબોળણે એક પુરુષને સ્ત્રીનો વેશ પહેરાવીને રાણીવાસમાં ઘુસાડયો છે. રાજાએ તેની વાત સાંભળી. પણ કશું ઉતાવળિયું પગલું ન લેવાનું નક્કી કરીને માણસોને રત્નાવલી પાસેથી તંબોળણને બોલાવી લાવવા મોકલ્યા. આ તરફ તંબોળણ ભાણેજને લઈને રત્નાવલી પાસે પહોંચી અને જ્યાં રત્નાવલી અને એ જુવાન સંગસુખ માણી રહ્યાં હતાં, ત્યાં રાજાનો સંદેશો લઈને માણસ આવ્યા કે તંબોળણને સિરપાવ આપવા મહારાજ અબઘડીએ બોલાવે છે. રાણીએ તંબોળણને અને આગળ સંદેશો લઈને આવેલી તેની નાની બહેનને રથમાં બેસાડીને રાજા પાસે મોકલી આપ્યાં. પછી સાંજનું અંધારું થતાં તંબોળણના ભાણેજને ફાટયાંતૂટયાં સ્ત્રીનાં કપડાં પહેરાવીને રવાના કરી દીધો. રાજસભામાં તંબોળણની સાથે સ્ત્રીવેશમાં તેની નાની બહેનને જોઈને પૂંજો લેવાઈ ગયો. રાજાએ તેને ખોટી ચાડી ખાવા માટે ગવેડે ફેરવ્યો અને તેનાં ઘરબાર લૂંટી લીધાં. રત્નાવલીએ પોતાના પરનો આરોપ માની લેવા માટે રાજાનો ઉઘડો લીધો. રાજાએ તેની ક્ષમા માગી અને તે પછી તેનો વશવર્તી બનીને રહ્યો.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, બાવનમી કથા]

**જારવિદ્યાની દૃષ્ટાંતકથાઓ** (= **જારીવિજારીની દૃષ્ટાંતકથાઓ** = **કુલટાચરિત્રની દૃષ્ટાંતકથાઓ**) : જુઓ **સૂડાબહોંતેરી**

**જારીવિજારીની દૃષ્ટાંતકથાઓ** (= **જારવિદ્યાની દૃષ્ટાંતકથાઓ**) : જુઓ **સૂડાબહોંતેરી**

**જીમૂતવાહન—૧. (વેતાલપચીસી-૧,** પંદરમી કથા) : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી :

મલયાચલ પર્વતના રાજા જીમૂતકેતુએ પોતે અપુત્ર હોવાથી પોતાના આંગણામાં પુત્રાર્થે એક કલ્પવૃક્ષ રોપી તેને પ્રસન્ન કરતાં તેને ત્યાં જીમૂતવાહન નામે પુત્ર થયો. જીમૂતકેતુની પ્રજા સર્વ રીતે સુખી હતી. રામરાજ્ય હતું. તેણે પોતાની પ્રજામાંથી સૌનું ઋણ ફેડયું. જીમૂતકેતુની સમૃદ્ધિ જોઈને તેના પિતરાઈઓએ નગરને ઘેરો ઘાલ્યો. યુદ્ધમાં પિતરાઈઓનો નાશ કરવા કરતાં રાજ્યત્યાગ કરી પિતાપુત્રે વનમાં જઈ આશ્રમવાસ પસંદ કર્યો.

એક વાર વનમાં વિહાર કરવા ગયેલો જીમૂતવાહન દેવીના મંદિરમાં દર્શન કરવા ગયો. ત્યાં વીણા વગાડતી દેવાંગના મલયવતી તેને જોતાં તેના પ્રેમમાં પડી. તે વાત મલયવતીના પિતા પાસે પહોંચતાં રાજાએ પોતાના પુત્ર વિશ્વાવસુ સાથે જીમૂતવાહનને બોલાવી તેની સાથે મલયવતીનાં લગ્ન કર્યાં. એક વાર પોતાના સાળા વિશ્વાવસુ સાથે વનમાં શિકારે ગયેલા જીમૂતવાહને હાડકાંનો મોટો ડુંગર જોઈને તે વિશે વિશ્વાવસુને પૂછ્યું. વિશ્વાવસુએ કહ્યું કે, ગરુડ દરરોજ એક નાગનું અહીં ભક્ષણ કરે છે. એ રીતે તેણે મારેલા કરોડો નાગનાં આ હાડકાં છે. પોતાને દેવદર્શને જવું છે એમ કહી જીમૂતવાહને વિશ્વાવસુને રવાના કર્યો. દરમિયાન જીમૂતવાહને એક સ્ત્રીને રડતી સાંભળી. તેની પાસે જઈ કારણ પૂછતાં સ્ત્રીએ ગરુડના ભક્ષ માટે આજે પોતાના પુત્ર શંખચૂડનો વારો હોવાનું જણાવ્યું. જીમૂતવાહને શંખચૂડના બદલામાં ગરુડનો ભક્ષ બનવાની પોતાની ઇચ્છા જણાવી. શંખચૂડે એનું માનવાની આનાકાની કરી. એટલામાં ગરુડ આવી પહોંચ્યો. તેણે ભક્ષ્યસ્થાને રહેલા જીમૂતવાહનને પગે પકડીને અંતરિક્ષમાં ઘુમાવ્યો. તે વેળા જીમૂતવાહનના હાથનું લોહીખરડયું નામાંકિત કંકણ મલયવતીના ખોળામાં જઈ પડયું. એટલામાં શંખચૂડે બૂમ પાડી: 'ગરુડ, તેં જેને

પકડ્યો છે, તે તારું ભક્ષ્ય નથી.' ગરુડ દ્વિધામાં પડ્યો. એ દરમિયાનમાં આભરણ ઓળખી રડતી રડતી મલયવતી ત્યાં આવી પહોંચી. તેણે જીમૂતવાહનને મૂર્છિત પડેલો જોયો. તેનો વિલાપ સાંભળી પાતાળમાંથી અમૃત લાવી, છાંટીને જીમૂતવાહનને સજીવન કર્યો. પછી પ્રસન્ન થઈ ગરુડે જીમૂતવાહનને વરદાન માગવાનું કહેતાં તેણે હવે પછી નાગ ન મારવાનું ગરુડ પાસેથી વચન લીધું. પછી જીમૂતવાહન પોતાના આશ્રમે ગયો."

આટલી કથા કહી વેતાળે પૂછ્યું: 'હે રાજા વિક્રમાદિત્ય, ગરુડ અને જીમૂતવાહન એ બેમાંથી વધુ ઉદાર કોણ ? વિક્રમે ઉત્તર દીધો, 'જીમૂતવાહન.'

આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાળપચીસી'**–૧, પંદરમી કથા]

**જીમૂતવાહન–૨ ( = વધુ ભલું કોણ ?) (વેતાલપચીસી** –૨, પંદરમી કથા) : ધર્મના અવતાર સમા અને આદર્શ રાજવીના ગુણ ધરાવતા જીમૂતવાહન રાજાના પિતરાઈ ભાઈએ તેના પર આક્રમણ કર્યું. કુટુંબકલહ અને ગોત્રનું નિકંદન નિવારવા સમર્થ હતો છતાં જીમૂતવાહને, પિતાની સામનો કરવાની સલાહ અવગણીને, પિતરાઈને પોતાનું રાજ્ય સોંપી દીધું. માતા પોતાને પિયર જઈ રહી અને પિતાપુત્ર વનમાં જઈ એક ઋષિના આશ્રમમાં તેની સેવા કરતા રહ્યા. એક વાર તે શિવને દહેરે પૂજન કરતો હતો ત્યારે પોતાની સખીઓ સાથે ત્યાં પૂજા કરવા આવેલી એક કન્યા જીમૂતવાહનને જોઈને તેના પ્રેમમાં પડી ગઈ. પછી ઘરે જઈને પિતાને વાત કરી. પિતાએ વરની જાતભાત કે કુળ કશું પૂછ્યા વિના પુત્રીને જીમૂતવાહન સાથે પરણાવી. તે પછી પેલા પિતરાઈને જીમૂતવાહનની ઉદારતા મનમાં ઊગી ઊઠી અને પોતાના કામનો પસ્તાવો થતાં તેણે જીમૂતવાહન પાસે જઈ તેને તેનું રાજ્ય પાછું સોંપ્યું. જીમૂતવાહને પિતરાઈને રાજ્ય અરધોઅરધ વહેંચી આપ્યું.

આટલી કથા કહી વેતાળે પ્રશ્ન કર્યો : 'જીમૂતવાહનનાં માતાપિતા, જીમૂતવાહન, પેલી કન્યા, તેનો પિતા અને જીમૂતવાહનનો પિતરાઈ–એમાંથી સૌથી વધુ ભલાઈ કોની ?' વિક્રમે ઉત્તર દીધો: 'સૌથી ભલો જીમૂતવાહન, જેણે સમર્થ હોવા છતાં ત્યાગ કર્યો.'

[આધાર : **'વેતાલપચીસી'–૨**, પંદરમી કથા]

**જુગારી દેવદાસ અને કૃપણ શેઠ** (આડંબરના પ્રભાવ ઉપર દૃષ્ટાંતકથા) : કમલાનગરમાં સુંદર નામે રાજા. પદ્માવતી એની પત્ની. શંકર નામે શેઠ. નગરને બે ગઢ હતા. નાના ગઢમાં રાજા રહેતો. મોટા ગઢમાં અનેક વેપારીઓ રહેતા. દેવદાસ નામનો જુગારી હારીને નિર્ધન થયો. ચામુંડાદેવીના મંદિરમાં જઈને તેણે સાત ઉપવાસને અંતે 'જેનો હું વિચાર કરું, તેનું રૂપ લઈ શકું' એવું દેવી પાસેથી વરદાન મેળવ્યું. પછી શંકર શેઠને ગામ બહાર ગયેલા જાણીને તે શંકર શેઠનું રૂપ ધારણ કરી નગરમાં પ્રવેશ્યો. લોકોએ પૂછતાં, 'માઠાં શુકન થયાં એટલે પાછા ફરવું પડ્યું' એમ કહીને તે શંકર શેઠના ઘેર આવ્યો. કંજૂસ શંકર શેઠની ગેરહાજરીમાં મુક્તપણે આનંદપ્રમોદ કરતી તેની પત્નીઓ ગભરાઈ ગઈ. પણ રૂપધારી શંકર શેઠે બધાને અનંદપ્રમોદ કરવાની, સ્વાદિષ્ટ ભોજન બનાવીને ખાવાની અને શણગાર સજવાની છુટ્ટી આપી. બધી સ્ત્રીઓ પતિના બદલાઈ ગયેલા સ્વભાવને આનંદ અને આશ્ચર્યથી જોઈ રહી.

રાજાને રત્નોની ભેટ આપી કૃત્રિમ શંકર શેઠે તેને પ્રસન્ન કર્યો અને રાજસભામાં માનપાન પામ્યો. નગરજનોને પણ ભેટ સોગાદ આપવા લાગ્યો, એટલે એનું સમગ્ર નગરમાં માન વધી ગયું. જાનમાં ગયેલો અસલ શંકર શેઠ પાછો આવીને પોતાના ઘરમાં પ્રવેશવા લાગ્યો એટલે દ્વારપાલે તેને અટકાવ્યો અને કાઢી મૂક્યો. ન કોઈએ એની વાત માની કે ન કોઈએ એને સાથ આપ્યો. રાજાને ફરીયાદ કરી. પ્રધાને કૃત્રિમ શંકર શેઠને બોલાવ્યો. કૃત્રિમ શંકર અનેક રત્નો લઈ રાજાને મળવા આવ્યો અને તે આડંબરપૂર્વક રાજાને ભેટ આપ્યાં. એનો ઠાઠ જોઈને રાજાએ તેને આવકાર્યો. પોતાનાં રત્નો જોઈ કંજૂસ અસલ શંકરે આંચકો અનુભવ્યો. લોકોને પૂછતાં તેઓએ કૃત્રિમ શંકરને જ અસલી હોવાનું કહ્યું. સ્ત્રીઓને બોલાવી પૂછતાં તેમણે પણ કૃત્રિમ શંકર જ પોતાનો પતિ હોવાનું જણાવ્યું. આ પછી પ્રધાને એક નાળચાવાળો લોટો મંગાવ્યો અને જાહેર કર્યું કે, જે આ નાળચામાંથી પેસીને નીકળે તે સાચો શંકર.

અસલ શંકર આ સાંભળી ગભરાઈ ગયો. તે પેલા નાળચામાંથી નીકળી શક્યો નહીં. પછી કૃત્રિમ શંકર મચ્છરનું રૂપ ધારણ કરી નાળચામાંથી નીકળ્યો. એટલે પ્રધાને તે કૃત્રિમ રૂપધારી છે એમ પકડી પાડ્યો. પછી રાજાએ અસલ શંકર શેઠને ઘેર જવાની સૂચના આપી અને દાનપુણ્ય કરવાની તાકીદ કરી. ધૂર્ત શંકરને રાજાએ અભયદાન આપ્યું અને પોતાની સેવામાં રાખ્યો. આમ આડંબરથી રાજા પણ પ્રસન્ન થાય છે, તો અન્યની શી વાત ?

[સંદર્ભ : **'અંબડ વિદ્યાધર'**માં આવતી દૃષ્ટાંતકથા]

**જેવા સાથે તેવા થવું** : જુઓ **લોઢું ઊંદર ખાઈ ગયા**

**જોગણીની વાર્તા** (=**સિંહાસનબત્રીસી–૨**, પચીસમી કથા : જુઓ **મૌનવ્રતધારી જોગણીઓ**

**જોગણીરૂપધારી જાર સાથે મિલન** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** ત્રેસઠમી કથા) : ઈંદરોડ ગામનો શ્રીધર સોની ઘણો લુચ્ચો અને લોભી હતો. તેની પત્ની અનુપીને તે ઘડીભર એકલી ન મૂકતો. તે જ્યાં જાય ત્યાં પાછળ જતો. સગાંસંબંધીમાં પણ કોઈ પુરુષ સાથે તેને બોલવા ન દેતો. એક વાર અનુપી શણગાર સજી પતિની નજર ચૂકવીને ન્હાવા નીકળી. રસ્તામાં તેણે એક રૂડારૂપાળા જુવાનને જોયો. તેની સાથે વાત કરતાં જાણ્યું કે તે ઝવેરીનો દીકરો શોભાચંદ હતો. બંને એકબીજા ઉપર મોહી પડ્યાં અને કશીક યુક્તિ વિચારીને મિલન ગોઠવવાનું નક્કી કરી છૂટાં પડ્યાં. બંને એકબીજાને મળવા તલપાપડ થઈ રહ્યાં. થોડા દિવસ પછી રસ્તામાં એકબીજાને મળ્યાં. શોભાચંદે કહ્યું કે, મારી પત્ની અઠવાડિયા માટે પિયર ગઈ છે, એટલે અનુપીએ તેને કહ્યું, 'હું ગોઠવણ કરું તે પ્રમાણે તારે જોગણીનો વેશ ધરીને રાતે મારે ઘેર આવવું. પછી હું બધું સંભાળી લઈશ.' તે પછી અનુપીએ પતિને કહ્યું: 'એક ચમત્કારી જોગણી ઝવેરીને ત્યાં આવી છે. જો તે પ્રસન્ન થાય તો ન્યાલ કરી દે.' લોભી સોનીએ તેને રાજી કરીને ઘેર બોલાવી લાવવા કહ્યું. અનુપીએ કહ્યું: 'હું ગમે તેમ કરીને તેને લઈ આવીશ પણ તે રાતે જ આવે છે, દિવસે બહાર નથી નીકળતી.' તે પછી તે શોભાચંદ પાસે ગઈ અને જોગણીને વેશે તેને ઘેર તેડી લાવી. તેણે તેને એક પણ શબ્દ ન બોલવાની સૂચના આપી હતી. સોનીએ જોગણીની ભારે આગતાસ્વાગતા કરી. પછી અનુપીને તેની સેવામાં મૂકીને તે અલગ સૂવા ગયો. અનુપી અને શોભાચંદે રાત મોજમાં વીતાવી. તે રીતે શોભાચંદ અનુપી સાથે છ દિવસ રહ્યો. હવે તેની પત્ની પિયરથી પાછી આવવાની હતી, એટલે તેને જવું પડે તેમ હતું. જતાં પહેલાં સોનીને ધનપ્રાપ્તિ થાય એવો કશો ચમત્કાર બતાવ્યા સિવાય છૂટકો ન હતો. અનુપીએ તેને તે માટે યુક્તિ બતાવી. તે પ્રમાણે સોની સાંભળે તે રીતે અનુપીને જોગણીએ કહ્યું: 'આજે હું જાઉં છું. તે પહેલાં તારા વરને પાંચ હજાર સોનામહોર, સોનું બનાવવાનો કીમિયો અને પાંચ પુત્ર થવાનો આશીર્વાદ આપતી જઈશ. તારા ધણીને મારી પાસે મોકલ.' એટલે હરખાતો સોની જોગણી પાસે આવ્યો અને તેને પંખો નાખતો પાસે બેઠો. જોગણી તેની સાથે હસીને અને હાવભાવ સાથે કટાક્ષ કરવા લાગી. સોની તેની પગચંપી કરવા લાગ્યો અને તેના મુખભાવ જોઈને તેને થયું કે જોગણી મારા પર મુગ્ધ થઈ ગઈ છે. એટલે સોનીએ થોડીક છૂટ લેતાં હાથચાલાકી કરી, તેવી જ જોગણી કોપી ઊઠી. ગાળો વરસાવતાં તેણે સોનીને તમાચો માર્યો અને કટાર કાઢીને મારવા લીધો. એટલે અનુપી ત્યાં દોડી આવી. જોગણીને પગે પડી તેના પતિ પ્રત્યે દયા દર્શાવવા કહ્યું. જોગણીએ કહ્યું, 'આ ચંડાળ મારી સાથે પ્રેમચેષ્ટા કરવા લાગ્યો. તમારું લૂણ ખાધું છે. નહીં તો આને મેં પૂરો કર્યો હોત. જા, જીવતો મૂકું છું' એમ કહીને જોગણી ત્યાંથી રવાના થઈ ગઈ. સોની શરમનો માર્યો આપઘાત કરવા જતો હતો, પણ અનુપીએ તેને સમજાવીને રાખ્યો અને પછીની આખી જિંદગી પોતાનો ઓશિયાળો કર્યો.

[આધાર : **'સૂડાબહોંતેરી,'** ત્રેસઠમી કથા]

**જોનક મુનિ** : જુઓ **અભયકુમાર મંત્રી,** ઘટક ૧૨.૪

**જોશીના જોશનું બહાનું બનાવીને બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** ત્રીજી કથા): પાંસઠ વર્ષનો એક સુતાર અપુત્ર હોવાથી તેણે પંદર વર્ષની ધનાદે જોડે લગ્ન કર્યાં. ધનાદે પરપુરુષ સાથે આડો વહેવાર રાખવા માંડી, એની ધનાને કશી ભાળ ન હતી. આસપાસના સૌ આ વાત જાણતા હતા. ધનાના મિત્રે ધનાદેના શિથિલ ચારિત્ર્ય વિશે ધનાને વાત કરી, પણ ધનાએ વાત માની નહીં. છેવટે તેણે જાતે જોઈને ખાતરી કરવા નક્કી કર્યું. 'ધંધાના કામે પાંચ દિવસ બાજુને ગામ જાઉં છું,' એવે બહાને તે ઘરબહાર નીકળી ગયો. પછી સવારના વહેલા પહોરે ધનાદે ગામને તળાવે પાણી ભરવા ગઈ ત્યારે ધનો પાછળથી આવીને પલંગ નીચે સંતાયો. ધનાદે તળાવેથી એક રંગીલા જવાનને ઘરે લઈ આવી. તેને ખાનપાનથી તૃપ્ત કર્યો. બન્ને આનંદ–પ્રમોદ કરતાં પલંગ પર બેઠાં. તેમની એકબીજા સાથેની આલિંગનાદિ પ્રેમચેષ્ટા ધનો ક્રોધથી લાલચોળ થઈને પલંગ નીચેથી જોતો હતો. એમ કરતાં ધનાના મોઢામાંથી નિસાસા સાથે અરેરાટી નીકળી ગઈ. આ સાંભળીને સુતારણ ચેતી ગઈ અને એણે તરત બાજી પલટી નાખી. એણે પેલા પ્રેમીને કહ્યું: 'બસ. હવે આટલેથી આપણી વચ્ચેની પ્રેમચેષ્ટા બંધ. હવે જો તમે આગળ વધીને મારો સંગ કરશો તો તરત તમારું મોત થશે.' ધનાદેને એકાએક બદલાઈ ગયેલી જોઈને ડઘાઈ ગયેલા પ્રેમીએ કારણ પૂછ્યું. એટલે ધનાદે બોલી, 'તમે તો મારા ભાઈ જેવા છો. હું તો પવિત્ર સતી સ્ત્રી છું અને

સદા પવિત્ર સતી જ રહેવા માગું છું. તમારી સાથે મેં પ્રેમચેષ્ટા કરી એનું કારણ છે. મારો ધણી પરદેશ ગયો અને પછી બપોરે એક જોષી આવ્યો. એણે મારો હાથ જોઈને કહ્યું કે, 'આજ મધરાતે તારા પતિને મૃત્યુયોગ છે. એમાંથી ઊગરવાનો ઉપાય એણે એવો બતાવ્યો કે તને તળાવેથી જે પુરુષ મળે તેને લાવીને તેની આગતાસ્વાગતા કરીને તારા ધણી સાથે તું કરે તેવો પ્રેમવ્યવહાર તેની સાથે કરજે. પણ જો એ તારી સાથે સંભોગ કરશે તો એનું મોત થશે.' ધનાદેની વાત સાંભળી પ્રેમી તરત જ પલંગ પરથી નીચે ઊતરી ગયો. નીચે સંતાયેલા ધનાનો રોષ ઊતરી ગયો. તે બહાર નીકળીને ધનાની પતિભક્તિથી રાજી થઈને બોલ્યો, 'બીજાની ભંભેરણીથી હું બહારગામ જવાનું બહાનું કાઢીને આ પલંગ નીચે જ સંતાઈ બેઠેલો. તારા જેવી સતી પર શંકા લાવીને મેં પાપ કર્યું છે.' તે પછી ધનાએ પેલા પ્રેમી પુરુષને પાંચ દિવસ માટે મહેમાન રાખીને એનું બહુમાન કર્યું અને હંમેશ માટે ધનાદેનો વશવર્તી બનીને રહ્યો.

[આધાર : '**સૂડાબહોંતેરી**,' ત્રીજી કથા]

**જ્વાળામુખી કાળકાદેવી બનીને બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** પંદરમી કથા) : પરગામથી ઘણો માલ વેચવા આવેલા કર્મચંદ સોદાગરને, તેની સાથે જૂની ઓળખાણ ધરાવતો સૌભાગ્યચંદ દલાલ, તેને ઉતારે મળવા ગયો, અને પછી દરરોજ તે ઘરાકો સાથે તેના માલના સોદા નક્કી કરવા આવતો.

એક દિવસ સોદાગર આરામ લેવા સરોવરની પાળે બેઠો હતો, એટલામાં સૌભાગ્યચંદની પત્ની સૌભાગ્યસુંદરી ત્યાં પાણી ભરવા આવી. આગંતુક ઉપર આસક્ત બનેલી સૌભાગ્યસુંદરીએ સોદાગરને પોતાના ઘરની એંધાણી આપી, બપોરે પતિની ગેરહાજરીમાં પોતાના ઘરે બોલાવ્યો. તે પ્રમાણે કર્મચંદ તેને ત્યાં પહોંચ્યો. બંને રંગરાગ કરતાં હતાં, એટલામાં સૌભાગ્યચંદ આવી પહોંચ્યો અને ડેલી ખખડાવી. આ સાંભળી સોદાગર ગભરાઈ ગયો. પણ સૌભાગ્યસુંદરીની સૂચના પ્રમાણે ડેલીનાં ઉઘાડેલાં કમાડની ઓથે સંતાઈ સૌભાગ્યચંદ અંદર આવ્યો તેવો જ કર્મચંદ ડેલીની બહાર સરકી ગયો.

બીજે દિવસે સૌભાગ્યચંદ ધંધા અર્થે કર્મચંદને મળ્યો. ત્યારે સોદાગરે તેને આગલા દિવસના પોતાના પ્રેમપ્રસંગની વાત કરી અને આજે ફરી બપોરે એને બોલાવ્યો હોવાનું કહ્યું. સોદાગરે કરેલ વર્ણન પરથી સૌભાગ્યચંદ સમજી ગયો કે આ તો પોતાના જ ઘરની અને પોતાની જ વાત છે.

સૌભાગ્યચંદે કર્મચંદને કહ્યું, 'સુંદરી તમારા પર ખુશ છે અને ચાલાક છે. પછી જવામાં શો વાંધો ? તમતમારે આનંદ કરો.' તેણે નક્કી કર્યું કે અચાનક ઘરે જઈને બન્નેને પકડી પાડવાં. એટલે તે દિવસે રોજ કરતાં વહેલો ઘેર ગયો અને ડેલી ખખડાવી. ડેલી ઊઘડતાં જ એણે ડેલીનાં બારણાં પાછળ જોયું. પણ ત્યાં કોઈ ન હતું. એ ભોંઠો પડ્યો. સૌભાગ્યસુંદરીએ આજે તેને ડામચિયામાં સંતાડ્યો હતો અને જેવો સૌભાગ્યચંદ ઘરમાં અંદરના ઓરડામાં ગયો કે સૌભાગ્યસુંદરીએ કર્મચંદને ડામચિયામાં, ગોદડામાં, કૂંડી નીચે, ફાટેલા ઢોલમાં, કોઠીમાં, ટાંકામાં એમ જુદી જુદી જગ્યાએ આઠ દિવસ સંતાડ્યો. અને મૂર્ખ સૌભાગ્યચંદ એકેવાર તેને પકડી ન શક્યો. દરરોજ કર્મચંદ પોતાના પરાક્રમની વાત સૌભાગ્યચંદને કરતો. તે જાણતો ન હતો કે પોતે સૌભાગ્યચંદને જ ઘેર જઈ તેની જ પત્ની સાથે છીનાળું કરી રહ્યો છે.

અંતે કર્મચંદનો જવાનો સમય આવી પહોંચ્યો, ત્યારે સૌભાગ્યચંદે એને પોતાના ઘેર જમવા નોતર્યો. કર્મચંદ એ પ્રમાણે જમવા આવ્યો ત્યારે તે પામી ગયો કે પોતે સૌભાગ્યચંદની પત્ની સાથે જ પ્રેમલીલા કરતો હતો અને એની આગળ જ પોતાનાં દરરોજનાં પરાક્રમ વર્ણવતો હતો. સોદાગરને જોઈને સૌભાગ્યસુંદરી પણ મનમાં સમસમી ગઈ.

જમી રહ્યો એટલે તેને વળાવીને સૌભાગ્યચંદ ઘરે આવ્યો. દરમિયાન સૌભાગ્યસુંદરીએ બચવાની તરકીબ વિચારી રાખી હતી. તેણે જ્વાળામુખી કાળકાદેવીનું રૂપ લીધું. વજકછોટો મારી, હાથમાં ખડ્ગ લીધું અને પાછા આવેલા સૌભાગ્યચંદને જોતાં જ કૂદકો મારી તેની સામે દોડી. માતાનું વિકરાળ સ્વરૂપ જોઈ ગભરાયેલો રાંક વાણિયો તેના પગમાં પડીને વાંકગુનો માફ કરવા કરગરવા લાગ્યો. માતાના આવેશવાળી સૌભાગ્યસુંદરી બોલી, 'તારા પર પ્રસન્ન થઈને તને જીવતો મૂકું છું. તારી પત્ની પાણી ભરવા ગયેલી ત્યારે કર્મચંદ સોદાગર તેને જોઈને પ્રેમમાં પડ્યો પણ પરસ્ત્રીનો સંગ કરવાના પાપથી ડરી તે મારે મંદિરે આપઘાત કરવા આવ્યો. મેં તેને વાર્યો અને મારા કહેવાથી સૌભાગ્યસુંદરી તારો આદર કરશે એમ તેને કહ્યું. પછી મેં સ્વપ્નમાં સૌભાગ્યસુંદરીને આવનાર સોદાગરનો સંગ કરવા કહ્યું. તેણે જારકર્મ કરવાની ના પાડી. 'મારું વચન ઉથાપીશ તો તારાં માબાપ ને ભાઈઓને હું ભરખી જઈશ,' એમ મેં કહ્યું છતાં તે ન માની. પણ જ્યારે મેં કહ્યું કે, 'હું તારા પતિનું અપહરણ કરી તેને શેકીને ખાઈ જઈશ' ત્યારે તેણે એને બચાવવા મારું વચન રાખ્યું અને આઠ દિવસ કર્મચંદનો સંગ કર્યો. તું આમાં એને દોષિત ન ગણતો. હું તને અઢળક

ધન અને પુત્રોનું વરદાન આપું છું.' એ પછી સૌભાગ્યસુંદરીએ ઓતાર ઊતરી ગયાનો ઢોંગ કર્યો. વેશભૂષા બદલી તે સૌભાગ્યચંદને પગે પડી પોતાના સ્વપ્નની અને કર્મચંદ સાથેના સંબંધની વાત કરી અને કટારી લઈ આપઘાત કરવા તૈયાર થઈ. સૌભાગ્યચંદે તેને વારી અને પોતાનો જીવ બચાવવા માટે સતી જાણીને તેનાં ગુણગાન કર્યાં.
[આધાર : **'સૂડાબહોંતેરી'**, પંદરમી કથા]

**ઝાંઝરના પુરાવાને ખોટો પાડીને બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા), (**સૂડાબહોંતેરી,** ચોથી કથા) : દેવરાજ વેપારીની હાટડી નગરના ચૌટામાં આવેલી અને નગરમાં ચોરનો ભય એટલે દેવરાજનો દીકરો નરોત્તમ અને એની વહુ નાની ઘરે સૂવાને બદલે હાટડીએ સૂવા જાય. ઘરનું કામકાજ પતાવીને નાની હાટડીએ મોડી જતી. નરોત્તમ જમીને થોડો વહેલો પહોંચી જતો.

એક વાર નાનીને હાટડીએ જતાં રસ્તામાં એક વરણાગિયો રજપૂત મળ્યો.બન્ને અરસપરસ ખેંચાયાં અને એમનો સંબંધ પાંગર્યો. રસ્તામાં આવતી પીલુડીના જાળામાં એ રજપૂત અને નાની રંગરાગ માણે અને થાકેલો નરોત્તમ હાટડીમાં ઊંઘે. એક વાર નાની અને રજપૂત મળ્યાં, ત્યારે ગામમાં આવેલા ભવૈયાની ભૂંગળ સંભળાઈ. નાનીના કહેવાથી રજપૂત એને ભવાઈ જોવા લઈ ગયો. લોકોની પાછળ બન્ને ઊભાં રહ્યાં. પણ નાની નીચી હોઈને ભવાઈ જોઈ શકતી નહોતી. એટલે પછી રજપૂતે એને ઊંચકીને પોતાની કમર પર બેસાડી. નાનીનો સસરો દેવરાજ ભવાઈ જોવા આવેલો. તે નાનીને જોઈ ગયો. પુત્રવધૂના આ પરાક્રમથી તે ડઘાઈ ગયો. પછી તેણે સાબિતી મેળવી તેને શિક્ષા કરાવવા, પાછળ જઈને તેના પગમાંથી ઝાંઝર કાઢી લઈને ભાગ્યો. મેં પાછળ ફેરવીને નાની એને જતો જોઈ ગઈ. રજપૂતને કહીને તે નીચે ઊતરી અને તેને જાણ કરી કે મારો સસરો આપણને જોઈ ગયો છે અને મારું એક ઝાંઝર કાઢીને લઈ ગયો છે. પણ હું બધું સંભાળી લઈશ.

દેવરાજ ઘરે આવી ઝાંઝર પોતાની વહુને બતાવીને પુત્રવધૂની સવારે ખબર લેવાની વાત કરતો હતો, ત્યારે નાનીએ હાટડીએ પહોંચી નરોત્તમને ઉઠાડીને પોતાને ભવાઈ જોવા લઈ જવા કહ્યું. બંને જણ જ્યાં પહેલાં નાની રજપૂત સાથે આવીને ભવાઈ જોતી હતી, તે જ જગ્યાએ ઊભાં રહ્યાં. 'કશું દેખાતું નથી' એમ નાનીએ કહ્યું, એટલે નરોત્તમે તેને ઊંચકીને કમર પર બેસાડી. થોડી વારે નાનીએ નીચે ઊતરીને રડારોડ કરતાં કહ્યું, 'તમારા બાપ મારા પગનું ઝાંઝર ખેંચી કાઢીને લઈ ગયા. એ મને બદનામ કરશે. હવે હું તો કૂવે જ પડું.' નરોત્તમે એને આશ્વાસન આપતાં કહ્યું કે, તે બાપાને સાચી વાત સમજાવશે. બન્ને હાટડીએ આવીને સૂઈ ગયાં.

સવારે દેવરાજે વહુને પરપુરુષ સાથે ભવાઈ જોવા આવેલી જોયાની દીકરાને વાત કરી અને એની સાબિતી રૂપે ઝાંઝર પણ રજૂ કર્યું. ત્યારે નરોત્તમે દેવરાજને ધમકાવી કાઢતાં કહ્યું, 'વહુ મારી સાથે જ ભવાઈ જોવા આવી હતી અને ત્યારે તમે એનું ઝાંઝર કાઢીને લઈ ગયા. એ બિચારી તો આપઘાત કરવા તૈયાર થઈ છે.' એ સાંભળી દેવરાજ લેવાઈ ગયો અને બોલ્યો, 'હું નાનીની માફી માગું છું. ઘડપણને લીધે મને ઝાંખું ભળાય છે, એટલે હું તેને ઓળખી ન શક્યો.'
[આધાર : **'સૂડાબહોંતેરી'**, ચોથી કથા]

**ઝેર ખાધાનો ઢોંગ** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** બોંતેરમી કથા) : પેથા વાણિયાની વહુ છાબાંને સંતાન નહોતું થતું. એક વાર રસ્તામાં વનો વૈદ્ય મળી ગયો. તેને કશો ઉપાય કરવા તેણે કહ્યું. વૈદ્યે કહ્યું, 'મારી પડીકીથી તને ગર્ભ રહેશે. પણ બદલામાં તારે મારી સાથે એક રાત ગાળવાની.' છાબાંએ કોલ આપ્યો. વૈદ્યની સૂચના પ્રમાણે ઓસડ ખાધું અને તેને ગર્ભ રહ્યો. છ માસ થયા પછી સીમંત ઊજવવાનો છાબાંએ કશો ઉત્સાહ બતાવ્યો નહીં. વૈદ્યને આપેલું વચન કેમ પાળવું તેની એ ચિંતા કરતી હતી. પછી ગોરાણીને તેણે પેટની વાત કરી. તેણે પોતાને ઘરે વૈદ્ય સાથે છાબાંનો મેળાપ ગોઠવી આપવાનું માથે લીધું. છાબાં પૂનમને દિવસે પિયર જવા નીકળે ત્યારે વચ્ચે ગોરાણીને ઘરે રોકાઈ જાય એમ નક્કી કર્યું. ઉપરથી છાબાંનાં જેઠજેઠાણી તેમની થોડીક વાતચીત સાંભળી ગયાં. પૂનમને દિવસે ગોરાણીને ઘરે છાબાં કોઈને મળવાની છે એટલું તેઓ સમજ્યાં. ગોરાણી વૈદ્યને સંદેશો આપી આવી. પૂનમને દિવસે પિયર જવાનું કહીને નીકળેલી છાબાં ગોરાણીને ઘેર પહોંચી. વનો વૈદ્ય પણ ત્યાં આવી ગયો હતો. છાબાંની પાછળ તપાસ કરવા ગયેલા તેના જેઠે ગોરાણીના ઘરમાં છાબાંને કોઈ પુરુષ સાથે જોઈ લીધી. એટલે તેણે ઘરે આવીને પેથાને વાત કરી. પછી છાબાંનાં સાસુ–સસરા, જેઠ અને વર ગોરાણીને ઘરે પહોંચ્યાં. સસરે સાંકળ ખખડાવી એટલે ઘરની અંદર રહેલાં ત્રણે જણને ધ્રાસકો પડ્યો. ગોરાણીએ તેમને સહેજ પણ ન ગભરાવાનું કહીને તેમને શું કરવું તેની સૂચના દીધી. છાબાં ભોંય પર લાંબી થઈને ઓકવા લાગી. વૈદ્ય ઓસડ ઘસવા લાગ્યો. દોડીને ગોરાણીએ બારણાં ઉઘાડ્યાં. સાસરિયાંએ 'આ બધું શું ચાલે છે ?' એમ પૂછ્યું એટલે ગોરાણીએ કહ્યું, 'આજ

સવારે છાબાં અને એની સાસુ વચ્ચે મોટો ઝઘડો થયો. એની સાસુએ બહુ મેણાં માર્યાં એટલે છાબાંએ ઝેર ખાધું અને પિયર જવા નીકળી. પણ માંડ મારે ઘરે પહોંચીને પડી. તેણે તરત એના બાપ અને સસરાને તેડાવવા કહ્યું. હું વના વૈદ્યને તેડી લાવી. તેણે વમન કરાવીને ઝેર કાઢ્યું અને બચાવી લીધી.' સાસરિયાંએ વૈદ્યનો પાડ માની ભેટ ધરી, પણ વૈદ્યે તે લેવા ના કહી. છાબાંને ઘરે તેડી ગયાં. પૂરે માસે તેને દીકરો આવ્યો. વૈદ્યનો કુટુંબ સાથે સ્નેહસંબંધ બંધાયો.
[આધાર : **'સૂડાબહોંતેરી',** બોંતેરમી કથા]

**ઝેર ચઢ્યાનો ઢોંગ** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** પિસ્તાળીસમી કથા) : વૈજનાથ વૈદ્યની ગામ–પરગામમાં ભારે નામના હતી. રાતદિવસ દર્દી ઘેર આવતા કે લોકો એને બોલાવી જતા. વૈજનાથની વહુ ચતુરા ગાનતાનની રસિક હતી, મનની ચંચળ હતી અને રૂપાળા જુવાનો તરફ એનું મન ખેંચાતું. એના વરને અને સાસુસસરાને તેના આવા સ્વભાવની જાણ હોઈને તેના પર પૂરો જાપતો રાખતાં. તેને કશે એકલી જવા ન દેતાં. તેને ઘણુંખરું ઘરમાં જ રહેવું પડતું. એક વાર વૈદ્યે વિનોદમાં એને કહ્યું : 'તું ગમે તેવી ચતુરાઈ કર. મારી પાસે તારું કશું જ સ્ત્રીચરિત્ર ન ચાલે. તારી હોશિયારીનો મને પરચો બતાવ, તો તને ખરી કહું.' ચતુરાએ કહ્યું : 'મારાથી કુળ લાજે એવું કશું કામ ન થાય. બાકી હું ધારું તો તમારે હાથે જ બીજાને અહીં બોલાવીને તમારે હાથે જ એને વળાવું.' એ પછી થોડા દિવસ ગયા. વૈદ્યરાજને ધંધાને કારણે બહાર આવજા ઘણી રહેતી. એક વાર ચતુરા તળાવે નહાવા ગઈ ત્યારે રસ્તામાં તેને તેનો ચાહક સુખી ઘરનો બ્રાહ્મણ જુવાન વસ્તો મળ્યો. અને હજી સુધી ચતુરાનો સંગ ન થયાનો બળાપો કર્યો. ચતુરાએ તેને મનની ઇચ્છા પાર પાડવાની યુક્તિ દેખાડી. એક સવારે વૈજનાથ વૈદ્ય વસ્તાના ઘર પાસેથી જતો હતો ત્યારે માથું બાંધીને બારણે બેઠેલા વસ્તાએ વૈદ્યરાજને બોલાવી નાડી બતાવી. પેટના અસહ્ય દુખાવાની ફરિયાદ કરી, હાથમાં પાંચને બદલે સાત રૂપિયા મૂક્યા અને કહ્યું, 'મારાથી ચાલીને તમારે ઘરે દવા લેવા નહીં અવાય.' વૈદ્યે તેના હાથમાં લાકડી પકડાવી અને પોતે ટેકો આપીને ઘરે લઈ આવ્યો. નેપાળાની ગોળી આપી એને અશક્ત જાણી બપોર સુધી ત્યાં જ રોકાવાનું કહ્યું. ચતુરાને તેની સંભાળ રાખવાનું કહેવા વૈદ્ય અંદર ગયો એટલે વસ્તાએ નેપાળાની ગોળી થૂંકી નાખી. ચતુરાએ કહ્યું : 'મારા હાથ ચોખ્ખા ન હોવાથી મારાથી તેને કશું નહીં અપાય.' વસ્તાએ નેપાળાની ગોળીને કારણે રેચ લાગ્યાનો ઢોંગ કર્યો અને પાંચસાત વાર સંડાસે ગયો, ત્યારે વૈદ્ય તેને પાણી આપ્યું અને સાકરનું શરબત પાયું. એટલામાં ગામધણીને ત્યાંથી વૈદ્યને તેડું આવ્યું. ચતુરાને એક દાબડી બતાવી તેમાંથી વસ્તાને પડીકી આપવાનું કહીને વૈદ્ય ગયો. એ પછી ચતુરા વસ્તા પાસે આવી ઠઠ્ઠામશ્કરી કરતી બેઠી. સાસુસસરાએ એ જાળીમાંથી જોયું અને સાબિતી તરીકે તેમની તરફ એક કાંકરો ફેંક્યો. ચતુરા ચેતી ગઈ. તેણે વસ્તાને શી યુક્તિ કરી સંકટમાંથી છૂટવું તે સમજાવી દીધું. વૈદ્ય આવ્યો એટલે તેના માબાપે ચતુરાના ચેનચાળાની વાત કરી. ધુંઆપુંઆ થતો વૈદ્ય વસ્તા પાસે આવ્યો. વસ્તાએ શ્વાસ રૂંધીને જીવ તાળવે ચડાવી દીધો હતો અને અચેત જેવો પડ્યો હતો. એકાએક તેની આ દશા જોઈ વૈદ્ય ગભરાયો. ચતુરાએ કહ્યું : 'તમે કહ્યા પ્રમાણે મેં પેલી દાબડીમાંથી તેને પડીકી આપી હતી.' એમ કહીને તેણે વૈદ્યે જે દાબડીમાંથી દવા આપવા કહેલું તેથી જુદી જ દાબડી બતાવી. વૈદ્ય બોલી ઊઠ્યો : 'અરે, તેં ભૂલ કરી એને વછનાગ ખવરાવી દીધો. બ્રાહ્મણના દીકરાનું મોત થશે અને ગામ આખામાં મારી ફજેતી થશે.' સાસુસસરો સૌ ફફડી ઊઠ્યાં. ચતુરાએ કહ્યું : 'હું માતાજીને વીનવું છું. એમની કૃપા થશે તો એ ઊગરી જશે.' એમ કહી નાહી, દીવો કરી માતાજીની સ્તુતિ કરીને ચતુરા બોલી : 'હે માતાજી, જો હું સાચી સતી હોઉં તો દરદીને ઉગારજે. હું મારું અર્ધું આયુષ એને આપું છું.' એટલે વસ્તાએ સહેજ હાથ હલાવ્યો પછી પગ હલાવ્યા ને આંખો ઉઘાડી કહ્યું; 'મને હવે સુવાણ થઈ છે અને ભૂખ લાગી છે.' સાકરનો શીરો કરી તેને ખવરાવ્યો. પછી વૈદ્ય ટેકો કરીને વસ્તાને એને ઘરે પહોંચાડી આવ્યો. બ્રહ્મહત્યાના પાપથી ઉગારી લેવા માટે સાસુસસરાએ અને વરે ચતુરાનાં મોં ભરીને વખાણ કર્યાં.
[આધાર : **'સૂડાબહોંતેરી',** પિસ્તાળીસમી કથા]

**ઝેરી લાડવાને સાપના ઝેરથી દૂષિત થયેલા કહીને બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** અઠ્યાવીસમી કથા) હાથી પટેલ અને હાંસી પટલાણી ઘરનાં સુખી હતાં. પણ પટેલને સંતાન ન હતું. પટેલને એક વાર પરગામ જવાનું થયું. ત્યાં તેણે એક પટેલની રૂપાળી છોકરીને જોઈ, બીજું લગ્ન કરવાનો તેને વિચાર આવ્યો. ઘેર આવીને હાંસીને વાત કરી. તેની રાજીખુશી જાણી પટેલ એ કન્યાને પરણી લાવ્યા. છ માસ સુધી તો ઠીક ચાલ્યું, પણ પછી બંને શોક્ય વચ્ચે અણબનાવ થયો અને વેરઝેરનો ભાવ વધતો ગયો. બંને એકબીજી સામે કામણટુમણ અને દોરાધાગા કરવા

લાગી. મોટી શોકે એક જોશીને મળીને કહ્યું: 'મારી શોક વાંઝણી રહે અને મને મહિના રહે એવું કાંઈ કરી આપો, તો તમને મારું તન, મન અને ધન સમર્પું.' નાની શોકે એક જૈન યતિને મળીને કહ્યું: 'મને પુત્ર થાય, મારી શોક વાંઝણી રહે અને એનું સાલ કાઢો, તો હું તમને મારું તન, મન અને ધન સમર્પું.' એ પછી જતિએ નાની શોકને પટેલ ન હોય ત્યારે પોતાને બોલાવવા કહ્યું, જેથી તેને પુત્ર થાય અને મોટી શોક મરે એવા મંત્રતંત્ર અને પૂજાવિધિ તે કરે. તે પ્રમાણે બીજે દિવસે રાત્રે જતિ નાનીને ઘેર આવે તે પહેલાં પટેલ મારફત ઝેર ભેળવેલ લાડુ પ્રસાદને નામે મોટી શોકને મોકલાવવાનું નક્કી થયું. બીજે દિવસે સાંજે નાની શોકે ઝેર ભેળવેલા લાડવા પટેલના હાથમાં આપીને કહ્યું: 'મેં એક સિદ્ધને પૂછીને બધું નક્કી કરી રાખ્યું છે. કાલે તમે મોટીને ત્યાં રાત ગાળજો અને આ મંત્રેલો માતાજીનો પ્રસાદ તેને ખવરાવજો. એને જરૂર મહિના રહેશે અને દીકરો અવતરશે.' હવે પેલો જોષી અને જતિ બંને એકબીજાના મિત્ર હતા. જતિએ જોશીને કહ્યું: 'આજે રાત્રે હું નાની પટલાણીની સાથે રાત ગાળવાનો છું અને એ મોટીનો કાંટો ઝેરી લાડુ ખવરાવીને કાઢવાનો છું.' જોશીએ મોટી શોક પાસે જઈને આ વાતની જાણ કરી અને કહ્યું: 'નાની પટલાણી આમાં પકડાય અને પટેલ એને કાઢી મૂકે, તે પછી તને દીકરો થાય એનો ઉપાય કરી દઈશ.' પટેલે મોટી શોકને નાનીએ તેને માટે જે ભાવ બતાવ્યો તેની વાત કરીને લાડુનો પ્રસાદ આપ્યો. મોટીએ, નાનીએ લાડુમાં ઝેર ભેળવ્યું હોવાનું અને નાની જતિની સાથે મોજ માણતી હોવાનું કહ્યું અને ખાતરી કરાવવા એ પટેલને સાથે લઈને નાનીના સૂવાના ઓરડા પાસે પહોંચી બંને જણ છુપાઈને જાળીમાંથી જોવા લાગ્યાં. મહાકાળીનું પૂજન કરતી નાની શોક જતિની સાથે હસીખુશીથી વાત કરી રહી હતી. જતિએ પૂછ્યું: 'લાડવાનું શું કર્યું?' નાનીએ કહ્યું: 'મેં મારી શોકને મોકલાવી આપ્યા.' આ વાતચીત સાંભળી મોટીએ પટેલનો હાથ જોરથી દબાવ્યો. એથી ચૂડીનો ખડખડ અવાજ થયો. પટેલ કટારી કાઢી બન્નેને મારવા ઊઠ્યો. ચૂડીનો અવાજ સાંભળી નાની ચેતી ગઈ કે, તેમની પોલ પકડાઈ ગઈ છે. જતિને સાન કરીને તે બોલવા લાગી: 'પણ તેમાં તો ભારે ઉપાધિ આવી પડી. મેં એક લાડવો મારે માટે રાખેલો. ખાવા બેસું ત્યાં બિલાડી આવી. એને કટકો નાખ્યો એટલે તે ખાધા ભેળી મરી ગઈ. પછી મેં કૂતરાને ત્રણચાર કટકા નાખ્યા. તે પણ ખાતાંવેંત મરી ગયો. મેં જાણ્યું કે, લાડવામાં સાપનું ઝેર ભળી ગયું હશે. હું પટેલને આ વાત કહી આવું. નહીં તો ભારે ઉત્પાત થશે.' પછી મહાકાળીને પગે પડીને બોલી: 'મારું બધું પુણ્ય મોટીને આપજે અને એને દીકરો થજો. જતિએ કરેલા તપનું પુણ્ય પણ મોટી પટલાણીને મળજો.' આવો પ્રેમભાવ બતાવ્યો અને કહ્યું: 'ચંડી-પૂજનને પ્રભાવે પટેલ અને પટલાણીને સહેજ પણ આંચ નહીં આવે. આ પૂજાવિધિ પૂરી કરે તે પછી હું ઘેર જાઉં છું.' નાની શોકે કહ્યું: 'હું જઈને પટેલને જાણ કરું છું, તમે અહીં જ રાત રહી જાઓ.' આ બધું સાંભળી પટેલ અને મોટી શોક ઓરડાની અંદર આવ્યાં. બન્નેનાં મોંભરી વખાણ કર્યાં. સૌ સાથે બેસીને જમ્યાં અને જતિને સવારે વિદાય કર્યો.

[આધાર : **'સૂડાબહોંતેરી'** અઠયાવીસમી કથા]

**ટિટોડો અને સમુદ્ર (પંચાખ્યાન, ઘટક ૨.૧૩) :**
**૧.** એક સમુદ્રકાંઠે ટિટોડો અને ટિટોડી રહેતાં હતાં. ગર્ભવતી ટિટોડીએ ઈંડાં મૂકવાની સલામત જગ્યા શોધવા ટિટોડાને કહ્યું. ટિટોડાએ જ્યાં રહેતાં હતાં તે બાપદાદાના સ્થાનકે જ ઈંડાં મૂકવા કહ્યું. ટિટોડીએ સમુદ્રની ભરતી ઈંડાંને તાણી જશે એવો ભય દર્શાવતાં, ટીટોડાએ બડાશ હાંકી કે, સમુદ્ર મને શું કરવાનો છે? મારી તાકાત આગળ એનું કાંઈ જ ચાલે નહીં.

૨. ટિટોડી એ સાંભળી હસી અને કહ્યું; 'જે પોતાનું બલાબલ જાણ્યા વિના પરાક્રમ કરવા નીકળે તે દુઃખી થાય. આવી બાબતમાં જે હિતોપદેશ ન માને તે નાશ પામે.' અને એ વિષે ટિટોડીએ બે હંસ અને કાચબાનું દૃષ્ટાંત કહ્યું.

(એ માટે જુઓ આ કથાકોશમાં **બે હંસ અને કાચબો** એ દૃષ્ટાંતકથા)

૩. વળી ટિટોડી બોલી: 'જે માણસ ભવિષ્યનો આગળથી વિચાર કરે છે, અથવા તો જેનામાં પરિસ્થિતિ જોઈને તરત બુદ્ધિ સ્ફુરે છે તે સુખી થાય છે, પણ 'થવાનું હશે તે થશે' એમ માનીને જે રહે તે વિનાશ પામે છે.' અને એ વિશે ટિટોડીએ એક દૃષ્ટાંતકથા કહી.

(એ માટે જુઓ આ કથાકોશમાં **અનાગત વિધાતા, પ્રત્યુત્પન્નમતિ અને યદ્ભવિષ્ય**)

૪. ટિટોડીએ કહેલું દૃષ્ટાંત સાંભળી ટિટોડાએ કહ્યું; 'તું મને યદ્ભવિષ્ય જેવો ગણે છે, પણ તું નકામી ડરે છે. મને હરાવવા કોઈ સમર્થ નથી.' પછી ટિટોડીએ ઈંડાં મૂક્યાં. સમુદ્ર, ટિટોડાના અભિમાનને ગાળી નાખવા, ટિટોડી દંપતી ચણવા ગયું ત્યારે ભરતીમાં ઈંડાં તાણી ગયો. ટિટોડીએ આવીને જોયું તો ઈંડાં તણાઈ ગયાં હતાં. તેણે ટિટોડાને કહ્યું ન માન્યાનો દોષ દીધો અને તે આગમાં બળી મરવા તૈયાર થઈ. પણ ટિટોડે કહ્યું કે, સમુદ્રને હું મારી શક્તિ બતાવી આપીશ.

૫. તેણે સઘળાં પક્ષીઓને બોલાવી પોતાનું દુઃખ કહેવા કહ્યું. પક્ષીઓ સમુદ્રના જળને પાંખથી ફટકારવા લાગ્યાં. પછી ચાંચમાં ધૂળકાંકરા ભરી પાણીમાં નાખવા લાગ્યાં. આ રીતે કશું નહીં વળે એમ લાગતાં એક પક્ષીએ વૃદ્ધ હંસની સલાહ લેવા કહ્યું, કેમ કે વૃદ્ધો સંકટમાંથી માર્ગ બતાવી શકતા હોય છે. અને એ વિશે તેણે એક દૃષ્ટાંતકથા કહી.

(એ માટે જુઓ આ કથાકોશમાં **વૃદ્ધ હંસે બચાવેલ સંકટગ્રસ્ત હંસજૂથ**)

૬. એ દૃષ્ટાંત સાંભળીને પક્ષીઓ વૃદ્ધ હંસની સલાહ લેવા ગયાં. તેણે કહ્યું કે, ગરુડ આપણો રાજા હોવાથી તેની પાસે તમે આક્રંદપૂર્વક ફરિયાદ કરો. પક્ષીઓએ ગરુડ પાસે પહોંચીને કહ્યું કે, અમને નિર્બળ ગણીને સમુદ્ર આ ટિટોડીનાં ઈંડાં તાણી ગયો અને એ વિષયમાં તેમણે એક તગડા ઘેટાને જોઈને ડરી ગયેલા સિંહે પછીથી તેને ખડ ખાતો જોઈને નિર્બળ ગણી મારી નાખ્યાનું દૃષ્ટાંત કહ્યું. એ વખતે વિષ્ણુ ભગવાન કોઈક દૈત્યનો વધ કરવા જઈ રહ્યા હતા. ગરુડે તેમને નિવેદન કર્યું કે, તમારા જેવા સમર્થ સ્વામી હોવા છતાં સમુદ્ર મારી જાતિને દુઃખ દે છે. નારાયણે સમુદ્રને આદેશ દીધો કે, ટિટોડીનાં ઈંડાં પાછાં આપી દે, નહીં તો અગ્નેયાસ્ત્ર મૂકી તારું શોષણ કરીશ. એટલે સમુદ્રે ટિટોડીને તેનાં ઈંડાં પાછાં આપ્યાં.

[આધાર : **'પંચાખ્યાન બાલાવબોધ'** ઘટક ૨.૧૩ દમનકે સંજીવકને કહેલું દૃષ્ટાંત]

**ઠગનારી ઠગાઈ** : જુઓ **વધુ બળિયો કોણ ?**

**ઠગાઈ કરનાર જારને ઠગતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** સાડત્રીસમી કથા) : રૂડાં રજપૂતાણી એક વાર દેવીને દહેરે દીવો મૂકવા ગઈ ત્યારે બાજુના ગામનો ઘીનો વેપારી વેલો પણ ત્યાં દીવો મૂકવા આવ્યો હતો. તેને કોથળીમાંથી રૂપિયા કાઢી ગણતો જોઈ, રૂડાંએ ઓળખાણ પૂછી. રૂડાંનું મન પામી જઈને વેલાએ એના સમાગમની માગણી કરી. વેલો રૂડાંનો મામો બનીને, માથે ઘીનો ધાડવો લઈને રૂડાંને ત્યાં બીજે દિવસે આવે એવી તેમણે ગોઠવણ કરી. બીજે દિવસે વેલાએ લુચ્ચાઈ કરીને એક મોટા ઘડામાં પથરા ને છાણ ભરી, ઉપર અડધો શેર ઘી રેડી, ઘડાનું મોં બાંધી દઈને એ દહેરામાં તૈયાર રાખ્યો. રૂડાંએ આવીને વેલાને કહ્યું: 'એ ઘડો લઈને સાંજે ઘરે આવજે.' એ પ્રમાણે વેલો માથે ઘડો મૂકીને રૂડાંને ઘરે પહોંચ્યો. રૂડાંએ સાસરિયાં આગળ એને પોતાના મામા તરીકે ઓળખાવ્યો. બધાંએ પરોણાનું સ્વાગત કર્યું. જમવા બેસતી વખતે રૂડાંએ કહ્યું: 'મામા અને હું પછીથી સાથે જમીશું. તમારા ભાણામાં લાડવામાં પીરસવા હું મારા પિયરથી આવેલું ઘી લઈ આવું.' એમ કહી રૂડાં ધાડવા પાસે ગઈ અને કપડું છોડી ઘી લેવા તેમાં હાથ નાખ્યો, તો હાથમાં છાણ ને પથરા આવ્યા. વેલાએ પોતાને છેતરી જાણીને બદલો લેવા તેણે યુક્તિ વિચારી લીધી. સાસરિયાં પાસે એ આવીને બોલી: 'મને ચૂડો કરાવી આપવા કબૂલ થાઓ તો જ હું મારા પિયરનું ઘી ચખાડું.' આવું સાંભળી સાસુસસરા, દિયર સૌ ખિજાઈને બોલવા લાગ્યાં : 'તારા પિયરનું ઘી નાખ તારે નાખવું હોય ત્યાં. અમારે એ હરામ છે, ને તારે ચૂડો જોઈતો હોય તો લઈ આવ એ ઘી વેચીને.' એ પછી રૂડાંએ વેલા પાસે આવીને કહ્યું: 'બહાર રાજાના પાંચ ચોકિયાતો આંટા મારે છે. તમે ઘીના ધાડવામાં પથરા ને છાણની ભેળસેળ કરો છો, દગાખોર અને દાણચોર છો એ જાણી જઈને તમને પકડવા આવ્યા છે. મારા સસરાની ધાકે અંદર નથી આવતા.' એ સાંભળી ગભરાયેલા વેલાએ રૂડાંને પોતાની પાસેના પંદર રૂપિયા આપ્યા અને રૂડાંએ તેને ગુપચુપ પાછલી બારીએથી રવાના કરી દીધો. રૂડાંએ આવીને સાસરિયાંને કહ્યું: 'મારા મામા તો મને પસલીના પંદર રૂપિયા આપી જતા રહ્યા.' પછી તે ઘડાને ઉકરડે નાખી આવી અને એ પંદર રૂપિયા ખરચી પોતા માટે ચૂડો, સાસુ–જેઠાણી માટે કપડાં વગેરે લાવીને મોટો ઉત્સવ કર્યો.
[આધાર : **'સૂડાબહોંતેરી,'** સાડત્રીસમી કથા]

**ઠગારી ગણિકા** ( = **વહાણની વાર્તા**), (**સિંહાસનબત્રીસી–૨,** અઢારમી કથા) : ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો ત્યારે ઇંદુમતી નામની **અઢારમી** પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા **દર્શાવતી** નીચેની કથા કહી સંભળાવી :

**૧. વણિકપુત્રની ફસામણી :** એક વાર એક દુઃખી વણિકપુત્રે આવીને રાજમહેલની ઘડિયાળે ઘા દીધો. તેનું દુઃખ ભાગવા વિક્રમે વચન આપતાં તેણે પોતાની વાત કહી : તે ચંદનાવતીના નગરશેઠનો પુત્ર અભયચંદ્ર હતો. ચારણે દમલપુરના ભાનુશેઠની પુત્રીનાં વખાણ કર્યાં, તેથી પિતા તેને ત્યાં પરણાવવાના હતા, પણ તે પહેલાં તેમનું મૃત્યુ થયું. અભયચંદ્રનું મન એ કન્યાને જ વરવાનું હતું. પછી એક વરસ ગયું. પંચાણુ કરોડની બરાસકસ્તૂરીનાં ચૌદ વહાણ ભરીને તે દમલપુર ગયો. ભાનુશેઠને ત્યાં રહ્યો. શેઠનું મન તેને જમાઈ કરવાનું હતું, પણ ઇચ્છાવર વરવા માગતી કન્યાનું મન

પલળતું ન હતું. તે કન્યાને એક ગણિકા સાથે સહીપણાં હતાં. અભયચંદ્રે ગણિકાને કહ્યું કે, તું મને કન્યા મેળવી આપે તો હું તને મનવાંછિત આપું. ઠગારી ગણિકાએ તેનાં વહાણ પડાવી લેવાનો ત્રાગડો રચ્યો. કન્યાના કહેવાથી અભયચંદ્રની ચતુરાઈની પરીક્ષા કરવા ઠરાવ્યું. તે બંનેના કહેવાથી તે સ્ત્રી–ચરિત્ર–વિદ્યા ભણવા, દસ દિવસ પૂરતાં વહાણ વાણોતરને સોંપીને જાતરાને બહાને નીકળ્યો.

**૨. સ્ત્રીચરિત્ર શીખતો વણિકપુત્ર :** એક યોજન દૂરના ગામમાં એક રજપૂતાણી તેની વાત જાણીને વિદ્યા શીખવવા તેને પોતાને ઘરે લઈ ગઈ. એટલામાં ઘણે દિવસે પરદેશથી તેનો પતિ આવ્યો. તેણે રજપૂતાણી પર જારી કરવાનો આરોપ મૂકયો, અને સવાર સુધીમાં તે કબૂલ ન કરે તો મારી નાખવા ધમકી આપી. સ્ત્રીએ પોતે સતી હોવાના સેંકડો સમ ખાધા. રજપૂતે ન માન્યું. તેને થાંભલે બાંધી કોરડે મારીને તે સૂતો. એક પહોર પછી ઊઠીને ફરી તેને પૂછ્યું. રજપૂતાણીએ કહ્યું કે, સતીને ઈશ્વર બચાવશે. રજપૂત પાછો ઊંઘી ગયો. એટલામાં રજપૂતાણીની સહિયર હજામડીએ આવીને તેને પૂછ્યું : 'આવવાનો વાયદો કર્યો છતાં તું કેમ ન આવી ?' પછી રજપૂતાણીની સ્થિતિ જોઈ, હજામડીએ તેને છોડી અને તેની જગાએ પોતે બંધાઈ. રજપૂતાણી પોતાના યારને મળવા ગઈ. ત્યાં ફરી રજપૂત જાગ્યો. તેણે ફરી પૂછ્યું. હજામડી બોલી નહીં, તેથી ખિજાઈને રજપૂતે તેનું નાક વાઢી તેના હાથમાં મૂકયું. થોડી વારે રજપૂતાણી પાછી આવી અને હજામડીને છૂટી કરીને પોતે બંધાઈ. હજામડી પોતાને ઘરે ગઈ.

આ બધું જોતો અભયચંદ્ર હજામડીની પાછળ પાછળ ગયો. હજામડીએ તેના પતિને જગાડી કહ્યું, 'પટેલને ત્યાં પુત્ર આવ્યો તેની નાળ વધેરવી છે, તો સજાયો આપ.' ઊંઘમાં હજામે તે કાઢીને હજામડીના કહેવાથી તેના તરફ ફેંકયો. હજામડીએ 'મારું નાક વાઢી નાખ્યું" કહીને રડારોળ કરી મૂકી. જાણકાર હોવાથી હજામે તેનું નાક સાંધી આપ્યું. ત્યાંથી અભયચંદ્ર પાછો આવી રજપૂતને ત્યાંની ચર્ચા જોવા લાગ્યો. રજપૂતે જાગીને કહ્યું કે, 'તું સાચી સતી હો તો કાપેલું નાક આખું કરી દે.' સવારે રજપૂતાણીનું નાક આખું જોઈને તે તેના પગમાં પડયો. રજપૂતાણી સતી ઠરી. રજપૂત ફરી પરદેશ ગયો. અભયચંદ્ર પણ રજપૂતાણી પાસે શીખ માગીને પાછો આવ્યો.

**૩. ગણિકાની ઠગવિદ્યા :** તેણે સ્ત્રીચરિત્ર જાણી આવ્યાની શેઠપુત્રીને વાત કરી. પણ, 'ગણિકાની કસોટીમાંથી તું પસાર થાય તો જ તને વરું" એવી શરત શેઠપુત્રીએ મૂકી. ગણિકાએ અભયચંદ્ર પાસે એવું લખત કરાવી લીધું કે, છ માસ સુધીમાં પરનારીનો સંગ, ચોરી કે અસત્ય એ ત્રણમાંથી એકેય વાતું અભયચંદ્ર ન આચરે, તો તેને શેઠપુત્રી વરે. શરતનો ભંગ થાય તો તે પોતાનાં ચૌદેય વહાણ હારે.

ચાર માસ વીત્યા. એ ગણિકાને રાજાની સાથે પ્રીત હતી. એક વાર લાગ જોઈ તેણે રાજાનાં ચાર રત્ન ચોરી લીધાં. રાજાએ એક માસમાં રત્નોનો પત્તો મેળવી આપવાની સેવકોને આજ્ઞા કરી. ગણિકાની એક પુત્રી હતી. તેણે દરરોજ વાડીએ ફરવા જતા અભયચંદ્રને પુરુષવેશે મળીને, અને ઉઘરાણીએ આવેલા પરદેશી તરીકે પોતાની ઓળખાણ આપીને, તેની સાથે દોસ્તી કરી. એક વાર રાત્રે અભયચંદ્રને ત્યાં શતરંજ રમતાં મોડું થઈ ગયું, એટલે તે તેને ત્યાં જ સૂતી. રાત્રે પોતાની પાસેથી રાજાવાળાં ચાર રત્ન કાઢીને તેણે અભયચંદ્રના ઘરમાં સંતાડયાં અને પુરુષવેશ બદલીને સ્ત્રીવેશ પહેરી લીધો. પછી અભયચંદ્રને જગાડીને તે બોલી : 'હું ભાનુશેઠની પુત્રી છું. દેવીએ સ્વપ્નમાં આવીને મને તારો સંગ કરવાની અને પાંચ દિવસ પછી તને પરણવાની આજ્ઞા દીધી. એટલે હું મધરાતે આવી છું.' મુગ્ધ અભયચંદ્રે તેનો સંગ કર્યો. ગોઠવણ પ્રમાણે ગણિકાએ રાજદરબારે ફરિયાદ કરી કે મારી પુત્રીનું કોઈક અપહરણ કરી ગયું. તપાસ કરતાં અભયચંદ્રને ત્યાંથી તે મળી. ગણિકાએ રત્નોની ચોરીનું આળ પણ અભયચંદ્ર પર મૂકયું. તેના ઘરની જડતી લેતાં રત્નો મળી આવ્યાં. તેનું બધું લૂંટી લઈને રાજાએ તેને શૂળીએ દેવા માંડયો. પણ ભાનુશેઠે તેને બચાવ્યો. નિરાશ થઈને અભયચંદ્ર કાશીએ કરવત મુકાવવા કે પ્રયાગે દેહ પાડવા ઊપડયો. વચ્ચે ઉજ્જેણીનગરી આવી. વિક્રમની કીર્તિ સાંભળીને તેણે પોતાનું દુઃખ વર્ણવ્યું. બળ વાપરીને અભયચંદ્રનાં વહાણ પાછાં મેળવી આપવા, ભાનુશેઠની કન્યા પરણાવવા અને ગણિકાને તેને પગે પાડવા વિક્રમ તૈયાર થયો, પણ અભયચંદ્રના કહેવાથી યુક્તિ-ચતુરાઈથી જ બધું પાર પાડવાની તેણે ગોઠવણ કરી.

**૪. ગણિકાને પુરુષચરિત્ર બતાવતો વિક્રમ :** વિક્રમ અભયચંદ્રને સાથે લઈને અઠ્યાવીશ વહાણમાં છાણના પાંચ લાખ ગોળા ભરી દમલપુર આવી પહોંચ્યો. કોઈ મોટો શાહસોદાગર આવ્યો હોવાની વાત તેણે ત્યાંના રાજાને પહોંચાડી. દરબારીઓ સાથે રાજા મળવા આવ્યો. ગણિકા નાચ કરવા આવી. વિક્રમે રાજા સહિત સૌને એક એક વસ્તુને મોભા પ્રમાણે છાણના ગોળા ભેટ આપ્યા. સૌએ ઘરે જઈ તે ભાંગ્યા, તો દરેકમાંથી આમળા જેવડાં પાંચ પાંચ મોતી નીકળ્યાં. વળતે દિવસે ભાનુશેઠ મળવા ગયો. તેને પણ ગોળાની ભેટ આપી. ગણિકા વિક્રમને ભોળવવા ઘણું કરતી.

એક ગોળાના બદલામાં તેણે વિક્રમને સ્ત્રીચરિત્ર ભણાવવાની તૈયારી બતાવી. વિક્રમે કહ્યું: 'હું પુરુષચરિત્ર ભણ્યો છું, સ્ત્રીચરિત્ર કરતાં તે ઘણું ચડે.' બંનેએ હોડ બાંધી અને જે હારે તેણે બીજાને સર્વસ્વ સોંપવાનાં લખત કર્યાં.

ગણિકાએ વિક્રમને કહ્યું કે, 'તમારે સ્ત્રી નથી તે મોટી ખોડ છે.' પણ વિક્રમના કહેવાથી તેને ડેરામાં તપાસ કરી તો અપ્સરા જેવી ચાર સુંદરીઓ દીઠી. ખરેખર તો એ સુંદરીઓ કૃત્રિમ હતી. વિદ્યાબળે નિર્માણ કરેલી હતી. વિક્રમનું મન જાણી દલાલોએ ગણિકા પાસેની બરાસકસ્તૂરીનો સોદો વિક્રમની સાથે કરવા તેને સમજાવી, પણ દલાલી ન આપવાના લોભે તેણે સીધો જ વિક્રમની સાથે સોદો કર્યો. બરાસકસ્તૂરીના બદલામાં તેણે ચૌદે વહાણ ભરીને છાણના ગોળા લીધા. વિક્રમે એ ગોળા સાવ ખાલી હોવાનું પહેલેથી જણાવેલું. પણ તે વાત ગણિકાએ હસી કાઢી હતી. પછી ગણિકાએ ગોળા ભાંગી જોયા. બધા ખરેખર ખાલી નીકળ્યા. ગણિકા સમસમીને રહી. વાત બધે જાણીતી થઈ ગઈ. વિક્રમને સ્ત્રીચરિત્ર દેખાડીને બદલો લેવાની ગણિકાએ ગાંઠ વાળી.

**૫. કામી પુરુષોની ફસામણી :** તેણે વહાણવટીની ચારે સુંદરીઓ સાથે બહેનપણાં કર્યાં. પોતે લઈ આવે તે પુરુષને એક રાત રમાડવાનું તેમની પાસેથી વચન લીધું. 'એકાદશીને દિવસે વહાણવટી વાડીએ જઈને આખી રાત ઉત્સવ કરે છે, એટલે ત્યારે લાગ છે,' એમ સુંદરીઓ પાસેથી જાણી લઈ, ગોઠવણ કરીને ગણિકા રાત્રે કાજી, પ્રધાન, અમીન ને કોટવાળને વહાણવટીને ડેરે પેલી સુંદરીઓ પાસે લઈ ગઈ. 'હારીએ તો અમારા સોળે શણગાર આપી દઈએ, તમે હારો તો ગુલામ કરીએ,' એવી શરતે સુંદરીઓ ચોપાટ રમવા બેઠી. વેતાલના પ્રભાવે કાજી વગેરે હાર્યા. વસ્ત્રાભૂષણ આંચકી લઈ ચારેયને હોડીમાં બેસાડી એક બેટમાં કેદી તરીકે મોકલી આપ્યા. આ તરફ ગણિકાએ રાજાને જણાવ્યું, 'વહાણવટી ગણિકાઓનો ધંધો ચલાવે છે, દીવાન વગેરે સૌ તેને ત્યાં જાય છે ને એમ નગરલોકને તે લૂંટે છે, તો તરત તપાસ કરો.' રાજાએ વાડીમાં ઉત્સવ થતો હતો, ત્યાં વહાણવટી પર એ આરોપ મૂક્યો. આરોપ સાચો નીકળે તો વહાણવટીનાં વહાણ ખૂંચવી લેવાં, પણ તે ખોટો નીકળે તો રાજા પોતાનું રાજ્ય છોડી દે, એવી શરત થઈ. ડેરામાં તપાસ કરતાં ત્યાં કોઈ પરાયું ન નીકળ્યું. રાજા ભોંઠો પડ્યો. દંડ તરીકે શિવદહેરે એક દીવો કરી આવવા વહાણવટીએ માગણી કરી. રાજા એકલો દહેરામાં દીવો ઠરવા ગયો. ત્યાં વેતાલે તેને બાંધી અંતરિક્ષ વાટે ઉપાડી જઈને પેલા બેટમાં મૂકી દીધો. રાજાને ગુમ થયેલો જાણીને લોકોમાં હાહાકાર થઈ ગયો. સતવાદી વહાણવટી શેઠ ઉપર રાજાએ આળ ચડાવ્યું તેનું જ આ પરિણામ હોવાનું સૌએ માન્યું.

**૬. ઠગારી ગણિકાની ફસામણી :** ગોકર્ણતીર્થે જાત્રાએ જવાને બહાને વહાણવટીએ પોતાની જુવાન પત્ની ભાનુશેઠને ત્યાં રાખી. વેતાળે પોતે જ વહાણવટીની પત્નીનું રૂપ લીધેલું. ગણિકાએ તેની સાથે બહેનપણાં કર્યાં. પોતાને ત્યાં આગ્રહ કરીને તેને જમવા નોતરી. શેઠાણીએ તેને મોકલવા આનાકાની કરી, પણ 'ગણિકા તને રોકી રાખશે તો તારા વરને હું વરીશ' એવું શેઠપુત્રીએ વચન આપ્યું, એટલે તે ગણિકાને ત્યાં ગઈ. દરરોજ ચોરી કરીને ગણિકાને ધરવતો એક ચોર તે રાત ગાળવા એક અમૂલખ હાર લઈને ગણિકાને ત્યાં આવ્યો. પેલી સુંદરીને જોઈને તેણે તેની માગણી કરી. ગણિકાના કહેવાથી હારના બદલામાં ઘરાકને રાજી કરવા સુંદરી કબૂલ થઈ. હારવાળો ચોર છે, જાણીને તેને કેફથી ઢાળી દઈ, મારીને તેને સમુદ્રમાં નાખી દીધો. તે પછી સુંદરીરૂપધારી વેતાળ ગણિકાના માળિયામાંથી અલોપ થઈ ગયો. સવારે પેલી સુંદરીને ન જોતાં ગણિકાએ શેઠપુત્રીને જઈને કહ્યું કે, કોઈક જાર સુંદરીને ઉઠાવી ગયો. એટલામાં તો વહાણવટી જાત્રાએથી પાછો આવી ગયો અને પોતાની સ્ત્રીને મોકલી આપવા કહેવરાવ્યું. તે ગુમ થયાની ભાનુશેઠને ખબર પડતાં ભાનુશેઠ આવીને વહાણવટીને પગે પડ્યો અને બદલામાં વહાણવટી કહે તે આપવા તૈયાર થયો. બેટમાં કેદ રાખેલા રાજા અને બીજા ચારને વેતાળે સમુદ્રના પાણીમાં બોળીને ચાર દિવસ પછી દેવીને ભોગ ધરાવવાની ધમકી આપી. 'અમને જીવતદાન દો તો તમે કહો તે કરીએ,' એમ તેઓ કબૂલ થયા. એટલે તેણે તેમને લાવીને રાતે શિવદહેરે મૂક્યા.

**૭. ઉપસંહાર :** લોકોને જાણ થઈ. તેમણે વહાણવટીને અન્નદાતા માન્યો, તેની કીર્તિ સર્વત્ર પ્રસરી. રાજાએ વહાણવટીની ક્ષમા માગી. એ વખતે ડેરામાં રહેલી ચારેય સુંદરીઓએ પોતાના શણગાર કાઢી નાખીને પુરુષરૂપ પ્રગટ કર્યું. આ બધું કૂડ કરવાનું રાજાએ વહાણવટીને કારણ પૂછ્યું અને તેની ખરી ઓળખાણ માગી. વિક્રમે અભયચંદ્રની બધી વાત કરી. રાજા તેને પગે પડ્યો. રાજકુંવરી, પ્રધાન-કુંવરી અને નગરશેઠની પુત્રીને અભયચંદ્રની સાથે પરણાવીને તેને લાખોની ભેટ આપી. લોકોએ ગણિકાને શૂળીએ દેવાની માગણી કરી, પણ દયા કરીને તેને ક્ષમા આપી. વિક્રમ અને અભયચંદ્ર ઉજેણી આવ્યા. બધાં વહાણ, માલ ને કન્યા અભયચંદ્રને સોંપીને તેને પોતાને ગામ પહોંચાડ્યો.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.

આ કથા ભોજરાજાને કહીને ઇંદુમતી પૂતળી આકાશમાં ઊડી ગઈ.
[આધાર : '**સિંહાસનબત્રીસી**'—૨, અઢારમી કથા—'**વહાણની વાર્તા**']

**ઠગારી ગણિકા અને ચતુર પોપટ (શઠની સામે શઠતા)**: લક્ષ્મીપુરના અજિત રાજાને ત્યાં ધનદત્ત નામે એક ધર્મિષ્ઠ શેઠ હતો. એક વાર રાજાના દરબારમાં નૃત્ય કરતી શ્રીમતી વેશ્યાને રાજાએ અને પ્રધાને બક્ષિસ આપી, પણ શેઠે કંઈ ન આપ્યું. લોકોએ વેશ્યાને ચડાવી કે, તું ધનદત્ત પાસેથી બક્ષિસ મેળવે તો તું ખરી. તેણે કોઈ પણ રીતે શેઠ પાસેથી લાખ રૂપિયા મેળવવા ત્રાગડો રચ્યો. તેણે રાજાને કહ્યું: 'શેઠે મને સપનામાં આવીને લાખ રૂપિયા આપવાનું કહ્યું છે, તે અપાવો.' રાજાએ શેઠને તે આપી દેવા ફરમાવ્યું. ઘરે આવેલા ધનદત્તને શોકાતુર જોઈને તેના ચતુર પોપટે તેને યુક્તિ બતાવી. તે પ્રમાણે એક લાખ રૂપિયાની કિંમતનું રત્ન લઈ રાજસભામાં ગયો અને રત્ન અરીસા પાસે રાખીને તેનું અરીસામાં પડેલું પ્રતિબિંબ લેવા વેશ્યાને કહ્યું. વેશ્યાએ એ પ્રતિબિંબ કેવી રીતે લેવાય એમ પૂછ્યું. પ્રધાને કહ્યું: 'શેઠની વાત સાચી છે. જેવું સ્વપ્ન તેવું જ પ્રતિબિંબ.' વેશ્યા ખસિયાણી પડી ઘરે ચાલી ગઈ. પછી તેને ખબર પડી કે ધનદત્તને તેના પોપટે યુક્તિ બતાવી હતી. આથી તેણે પોપટ ઉપર વેર લેવા નક્કી કર્યું. રાજાને ફરી વાર નૃત્યથી રીઝવીને વેશ્યાએ ધનદત્તના પોપટની માગણી કરી. રાજાએ શેઠ પાસેથી તે અપાવ્યો. વેશ્યાએ પોપટની એક પાંખ ખેંચી કાઢી અને દાસીને પોપટનું માંસ રાંધવા કહીને તે બહાર ગઈ. દાસી પણ કામ અંગે બહાર ગઈ. તે દરમિયાન પોપટ એક પાંખે ઊડીને ખાળની અંદર પેસી ગયો. દાસીએ બહારથી માંસ લાવી, રાંધી વેશ્યાને પીરસ્યું. ખાળમાં રહી અન્ન વગેરે ખાતાં પોપટ સાજો થઈ ગયો. પછી બુદ્ધિબળે વેશ્યા સામે વેર વાળવાનું વિચારી પોપટ વિષ્ણુના મંદિરે ગયો. વેશ્યા રોજ ત્યાં મુજરો કરી રાજાના મહેલે જતી. એક દિવસ વેશ્યાએ ભગવાનના મંદિરમાં નૃત્ય કરી વૈકુંઠનું સુખ આપવા માગણી કરી. વિષ્ણુની મૂર્તિ પાછળથી પોપટે કહ્યું: 'હું તારા પર પ્રસન્ન થયો છું. મારા કહ્યા પ્રમાણે તું કર, એટલે હું તને વૈકુંઠમાં લઈ જઈશ. માથું મુંડાવી, ગળામાં રુંડમાલ પહેરી, હું બતાવું તે મંત્રનો એક રાત તું જાપ કરજે, પછી રાજા પાસે નૃત્ય કરી, 'હવે અમે વૈકુંઠ જઈશું' એમ તેને કહી, રસ્તે નાચ કરતાં કરતાં તું અહીં આવજે, એટલે હું તને વૈકુંઠ લઈ જઈશ.' વેશ્યાએ મંત્ર કહેવા કહ્યું. પોપટ મંત્ર બોલ્યો: 'ઓમ રુંડ મુંડ મુંડ, ગરબડ ગોટી, થાઉં મોટી, નારાયણાય નમઃ ......ફટ્ ફટ્ સ્વાહા.' તે પ્રમાણે વેશ્યાએ ઘરે જઈ માથું મુંડાવી, મંત્ર પાઠ કર્યો અને બીજે દિવસે નાચતી વિષ્ણુમંદિરે આવીને વૈકુંઠ લઈ જવા વિનંતી કરી. એટલે પોપટ ઊડીને ઝાડ પર બેસીને બોલ્યો: 'લોકો, જુઓ તો ખરા, આ ધુતારીને વૈકુંઠ જવું છે. વૈકુંઠ એમ રસ્તામાં નથી પડ્યું. રે મુંડા, તેં મારી પાંખ કાપી, તો મેં તારે માથે મુંડો કરાવ્યો. શઠની સાથે શઠતા જ કરવી પડે.' એમ કહીને પોપટ ઊડીને શેઠને ઘેર પહોંચ્યો.
[સંદર્ભ : **ચંદ્રશેખર રાજાની** કથામાં ચંદ્રશેખરે કાંતિપુરીના રાજા વિમલસેનને કહેલી દૃષ્ટાંતકથા]

**ડાકણનું આળ (સાંકેતિક ભાષાપ્રયોગ)**: રાજકુમાર પદ્માકર એક વાર મન બહેલાવવા નદીકિનારે બેઠો હતો, ત્યારે પરગામથી આવેલી એક હોડીમાંથી એક સુંદર તરુણી ઊતરી. તેણે નદીમાં સ્નાન કર્યું. રાજકુમારની અને તેની દૃષ્ટિ મળી. સુંદરીએ કેટલાક સંકેત કર્યા: ચંપાનું ફૂલ દેખાડ્યું. જળધાર કરી. ચોખાની ઢગલી કરી. તેના પર ચાર ફોફળ (એટલે કે સોપારી) મૂક્યાં. કંકુનું ટપકું કર્યું. પોતાની વેણી દેખાડી. છાતી પર હાથ મૂકી આંખ નીચી ઢાળી, પોતાના દાંત દેખાડી, ભોંય પર પાનની પિચકારી નાખી, પછી સોળ તાળી પાડી, હોડીમાં બેસીને તે ચાલી ગઈ. પદ્માકર તેના સંકેતો સમજ્યો નહીં, પણ તે તેના પ્રેમથી ઘેલો બનેલો મહેલે પાછો આવ્યો અને ખાવુંપીવું ને ઊંઘ છોડી દઈ, 'ગઈ, ગઈ' એમ બકવા લાગ્યો. તેને સાજા કરવા અનેક ઉપાય કરી છેવટે તેના મિત્ર પ્રધાનપુત્ર વત્સરાજને રાજાએ વાત કરી. તે સમજી ગયો કે, કોઈ સ્ત્રીના વિરહે રાજકુમારની એવી દશા થઈ છે. તે આવીને રાજકુમાર 'ગઈ, ગઈ' લવતો હતો તેના ઉત્તરરૂપે 'આવી, આવી' બોલ્યો. રાજકુમાર તેને ભેટી પડ્યો અને જે બન્યું હતું તે કહ્યું. વત્સરાજે તેને આશ્વાસન આપ્યું કે, થોડા દિવસમાં જ હું તને એ તરુણી સાથે પરણાવી દઈશ. કન્યાએ સંકેત વડે જે સૂચવ્યું હતું તે વત્સરાજે પદ્માકરને સમજાવ્યું. તેનું નામ ચંપા હતું. નદીને સામે કાંઠે ચોખાવટી નગરમાં વેણીશાના પુત્ર ફોફળશાની તે પુત્રી હતી. માતાનું નામ કંકુ હતું. બાપ ચૂડગર હતો. તે તારા પ્રેમમાં પડી ગઈ હતી. સોળ દિવસે તેને મળવા જવા તેણે જણાવ્યું હતું. તે પછી બંને જણ ચોખાવટી જઈ એ કન્યા ચંપાને ઘરે પહોંચ્યા. તેમને જોઈ ચંપાએ કાગળનો કટકો દેખાડ્યો અને એક હાથ ઊંચો કરી પોતાને માથે અડાડ્યો. વત્સરાજે મૂરખ પદ્માકરને સંકેતો સમજાવ્યા: 'હમણાં અજવાળિયું હોવાથી અંધારિયામાં ગુપ્ત રીતે તેને

મળવા જવું. કોઈ જોઈ જશે તો માથું વઢાશે, પણ ઉપરવાળો રક્ષણ કરશે.' પછી પદ્માકર અને વત્સરાજે માલણને ઘરે ઉતારો કર્યો. યથાસમયે તેમણે તેની સાથે ચંપાને સંદેશો મોકલ્યો. ચંપાએ કંકુવાળા હાથે માલણને ત્રણ તમાચા માર્યા અને ઘરના પાછળના દરવાજેથી તેને કાઢી મૂક્તાં ઉપરની અટારીએથી દોરડું લટકાવીને તે ઉપર ખેંચતી હોય તેમ બતાવ્યું. માલણે તેની સાથે ચંપાએ કરેલા વર્તનની વાત કરી. તેનો અર્થ વત્સરાજે પદ્માકરને સમજાવ્યો: 'ચંપા રજસ્વલા હોવાથી ત્રણ દિવસ પછી તેને ઘરે પાછલે દરવાજેથી જઈ દોરડાને આધારે ઉપર આવવાનો સંદેશો તેણે આપ્યો છે.' તે પ્રમાણે પદ્માકર ચંપાના આવાસે ગયો. ચંપાએ અનેક બુદ્ધિકસોટીઓ યોજી તેની ચતુરાઈ પારખવાનું કર્યું. પણ વત્સરાજની બુદ્ધિના પ્રભાવે તેમાં પદ્માકર પાર ઊતર્યો. પછી પદ્માકરને એકાંતમાં મળતાં ચંપાને તે મૂર્ખ હોવાનો અને તેને કોઈ બુદ્ધિશાળીનું માર્ગદર્શન મળતું હોવાનો ખ્યાલ આવ્યો. પછી પદ્માકર પાસેથી જાણ્યું કે તેના મિત્ર વત્સરાજની બુદ્ધિથી જ તે ચંપાને મળી શક્યો હતો. ચંપાએ વત્સરાજ પર ખાર રાખી તેને પદ્માકર મારફત ઝેરના લાડુ મોકલ્યા. પદ્માકરની વાત પરથી ચંપાનો મનોભાવ સમજી ગયેલા વત્સરાજે બિલાડાને લાડુનો કટકો નાખ્યો અને તે ખાતાં બિલાડાને મરી જતો જોયો, એટલે તેને ખાતરી થઈ. પછી તેણે ચંપા ઉપર બદલો લેવાની બાજી રચી.

થોડા દિવસ જવા દઈ પદ્માકરને તેણે સૂચના આપી: 'જ્યારે ચંપા ઊંઘી ગઈ હોય ત્યારે તેના કાનની ઝાલ ને પગનું ઝાંઝર કાઢીને લેતો આવજે અને ત્રિશૂળ વડે તેની જમણી જાંઘ પર આંકા કરી તે ત્રિશૂળ પણ પાછું લેતો આવજે.' પદ્માકરે તે પ્રમાણે કામ પાર પાડ્યું. તેના આ વર્તનથી કશુંક વિપરીત બનવાનો ડર ચંપાને લાગ્યો, પણ મનમાં સમસમીને તે બેસી રહી. તે પછી વત્સરાજ અને પદ્માકરે જોગીનો વેશ લઈ સ્મશાનમાં વાસ કર્યો અને રાજાના બાળપુત્રનું અપહરણ કરી તેનાં ઘરેણાં કાઢી લઈ તેને એક ગુફામાં સંતાડ્યો. રાજકુંવરની શોધાશોધ થઈ રહી. પછી વત્સરાજે રાજકુંવરનાં ઘરેણાં વેચવા પદ્માકરને મોકલ્યો. જેવાં તે વાણિયાને બતાવ્યાં તેવો તે ઓળખી ગયો અને રાજાને જાણ કરી. પદ્માકરને રક્ષકોએ બાંધીને રાજા આગળ ખડો કર્યો. તેણે જણાવ્યું કે સ્મશાનમાં રહેતા મારા ગુરુએ મને આ ઘરેણાં વેચવા મોકલ્યો છે. એટલે રાજા વત્સરાજની પાસે પહોંચ્યો. તેણે રાજાને કહ્યું : 'મધરાતે એક સ્ત્રી અંતરિક્ષમાંથી ઊતરી અને તેણે ચિતામાં એક બાળકને શેક્યો, તે તારો પુત્ર હોવો જોઈએ. તે સ્ત્રીએ તે બાળકને અરધો ખાધો, ત્યારે મેં તેને જોઈ. મેં તેના પર ત્રિશૂળનો પ્રહાર કર્યો. તે અરધા ખાધેલા બાળકને મૂકી દઈને અંતરિક્ષમાં ઊડી ગઈ. ત્યારે મેં તેના પર ઝપટ મારી ને તેની ઝાલ અને ઝાંઝર નીચે પડ્યાં. તમારા ગામમાં કોઈક ડાકણ છે, તેને પકડી પાડી શૂળીએ ચડાવો. પછી તું મારી પાસે આવજે. મહાદેવની કૃપા હશે તો તારો પુત્ર સજીવન થશે.' રાજાએ ગામમાં તપાસ કરાવતાં પેલાં ઝાલ અને ઝાંઝર ફોફળશાની પુત્રી ચંપાનાં હોવાનું જાણ્યું. એટલે તેને ડાકણ તરીકે પકડી. જોગીએ કહ્યું : 'તેને શૂળીએ ન દેશો, પણ તેનું અર્ધું અંગ ભોંયમાં દાટીને તેને અન્નજળ વગરની રાખશો.' બધા ગામલોકોએ ચંપાને ડાકણ તરીકે ફિટકાર આપ્યો. જોગીએ રાજકુંવર સજીવન થવાની રાજાને આશા આપીને બીજે દિવસે સવારે આવવા કહ્યું. પદ્માકરે ચંપાની આવી દુર્દશા શાથી કરી તેમ પૂછ્યું, એટલે વત્સરાજે કહ્યું: 'આ યુક્તિ ન કરી હોત તો તારા હાથમાં ન આવત. આપણે એને સાથે લઈ જશું.' પછી ચંપાને વત્સરાજે કહ્યું: 'તું વિશ્વાસ રાખજે. અમે તને અમારી સાથે લઈ જશું. આ તો તેં મને મારવા ઝેરના લાડુ મોકલ્યા હતા તેનું પરિણામ તને ચખાડ્યું છે.' ચંપાએ કહ્યું: 'તેં એટલી નીચતા મારી સાથે કરી છે કે, હું તારી સાથે આવું તો મને ધિક્કાર છે.' એમ કહી તે જીભ કચરીને મરી ગઈ. રાજકુંવરને ગુફામાંથી લઈ જઈ રાજમહેલ પાસે ગુપચુપ મૂકીને વત્સરાજ અને પદ્માકર એ ગામ છોડીને ભાગી ગયા.

એટલી કથા કહી, શબને પીઠે બાંધી મૂંગા મૂંગા લઈ જતા વિક્રમ રાજાને શબમાં ભરાયેલા વેતાળે વિક્રમનો મૌનભંગ કરાવવા પ્રશ્ન કર્યો: 'કહે, રાજા, એ સ્ત્રી મરી તેનું પાપ કોને લાગે– એનાં માબાપને, રાજાને, બંને મિત્રોને કે એ સ્ત્રીને પોતાને ?' વિક્રમે ઉત્તર દીધો: 'એ પાપ રાજાને માથે, કેમ કે એણે બરાબર તપાસ કરીને એ સ્ત્રીનો ન્યાય ન કર્યો.' એ સાંભળી શબ ઊડીને ફરી સિદ્ધવડ પર લટકી ગયું.

[આધાર : '**વેતાલપચીસી–૨**' અગિયારમી કથા]

**ઢોલો અને મારવણી : ૧.** મરુધર દેશમાં પુંગલનગરીમાં પિંગલ નામે નરેશ હતો. તેના રાજ્યનો વિસ્તાર ઉત્તર સિંધ સુધી હતો. તે અનેક વિદ્યામાં પારંગત હતો. એક દિવસ રાજા શિકાર કરવા નીકળ્યો. ભટકતાં થાકેલો તે આરામ માટેનું સ્થાન શોધતો હતો, એવામાં એક વૃક્ષ નીચે એક ભાટને બેઠેલો જોયો. એ નલવરગઢનો રહેવાસી ભાઉ ભાટ હતો. પિંગલ રાજાની કીર્તિ સાંભળી તે તેને મળવા આવી રહ્યો હતો. પિંગલે પોતાની ઓળખ આપી. વાતવાતમાં તેણે જણાવ્યું કે, તેણે જોયેલી અનેક સુંદર કુંવરીઓમાં જાલોરગઢના રાજા સામંતસી દેવડાની પુત્રી ઉમાદેવડીનું રૂપ અદ્ભુત હતું.

રાજા ભાટને લઈ પુંગલનગરીમાં આવ્યો. રાજાના ચિત્તનો કબજો ભાટે જેની પ્રશંસા કરી હતી તે ઉમાદેવડીએ લઈ લીધો હતો. તેણે જેસલ ખવાસને અને ભાઉ ભાટને ધનમાલ આપી શુભમુહૂર્તે ઉમાદેવડીનું માગું નાખવા જાલોરગઢ તરફ રવાના કર્યા.

૨. જેસલ ખવાસે પોતાના રાજા પિંગલ માટે ઉમાદેવડીનું માગું નાખતાં સામંતસીએ તેનો વિવાહ (સગાઈ) ગુજરાતના (પાટણના) રાજા ઉદયચંદ ચાવડાના કુંવર રણધવલ સાથે કર્યો હોવાનું કહ્યું. હવે સામંતસીની રાણીને એ સંબંધ મંજૂર નહોતો. તેણે પિંગલ સાથે ઉમાદેવડીનાં લગ્ન કરવાનો તખ્તો ગોઠવ્યો. ધનમાલ અને શ્રીફળ આપી પિંગલના પ્રધાનને રવાના કર્યો. લગ્ન આડે એક મહિનો બાકી રહેતાં સામંતસીએ પિંગલ રાજાને નક્કી કરેલા દિવસે આવી પહોંચવાનો સંદેશો મોકલ્યો. પિંગલ જાન લઈને એક હજાર રજપૂત સરદારોને સાથે રાખીને નીકળ્યો. માર્ગમાં જે કોઈ પૂછે તેને આગળથી ગોઠવ્યા પ્રમાણે, પોતે આબુની જાત્રાએ જતો હોવાનું કહ્યું. જાન જાલોરગઢ પહોંચી. સામંતસીએ પોતાના દરબારીઓને જણાવ્યું કે, પાટણના રણધવલકુમારને જાન લઈ આવવાનું કહેણ મોકલેલ, પણ કોઈ આવ્યું નથી. ગોધૂલિકવેળા થતાં તેણે મુહૂર્ત સાચવવાનું બહાનું કાઢી ઉમાદેવડીને પિંગલ સાથે પરણાવી દીધી. સોળ વરસનો કુમાર અને બાર વરસની કુંવરી અતિ શોભતાં હતાં.

૩. બીજી તરફ, કરેલી ગોઠવણ પ્રમાણે સામંતસીનો સંદેશો લઈને પાટણ ગયેલ સેવકે લગ્ન વચ્ચે એક જ દિવસ બાકી હોઈને તત્કાળ જાન લઈ જાલોર પહોંચવા ઉદયચંદને જણાવ્યું. તે સાંભળી ઉદયચંદ કોપે ભરાયો. પરંતુ જાનની તૈયારી કરી સોવનગિરી નજીક આવીને તેણે ડેરાતંબૂ તાણ્યા. સામંતસીએ તે સાંભળતાં પિંગલ અને ઉદયચંદ વચ્ચે જંગ નિવારવા ઉમાદેવડી નાની છે માટે અમે તેને પછી વળાવીશું, એમ સમજાવીને પિંગલને રવાના કરી દીધો. પછી સામંતસીએ મુહૂર્ત સાચવવા ઉમાદેવડીને પિંગલ સાથે પરણાવી દીધાની વાત રણધવલને જણાવી. રણધવલ જાલોરગઢને ઘેરો ઘાલીને રહ્યો.

૪. બીજી તરફ, ઉમાદેવડી પ્રત્યેના અપાર સ્નેહને કારણે પિંગલ તેના વિના વિરહવેદનાથી પિડાવા લાગ્યો. તેણે સામંતસીની મદદે જવાનું કહેવડાવ્યું, પરંતુ સામંતસીએ કટક લઈને આવવાની ના કહી. જેસલ ખવાસે પિંગલ રાજા સમક્ષ ઉમાદેવડીને આણું કરવાનો પ્રસ્તાવ મૂકી વાછડા જોડેલી વેલ તૈયાર હોવાનું કહ્યું. પિંગલે જેસલને એક જ દિવસમાં ઉમાદેવડીને તેડી આવવાનું કહેતાં તે તૈયાર થયો. પછી જેસલ ખવાસ પવનવેગી વાછડા જોડેલી એક વેલ સાથે જાલોરગઢ પહોંચ્યો. રાજાએ દીકરીને તેની સાથે વળાવી. પવનવેગે ઉમાદેવડીને લઈ જેસલ પુંગલગઢ આવી પહોંચ્યો. ઉમાદેવડીનું સામૈયું કરી નગરમાં લાવ્યા. રણધવલને ઉમાદેવડી પુંગલગઢ પહોંચી ગયાની જાણ થતાં તે પાટણ પાછો ફર્યો. બીજી બાજુ પિંગલરાયે ભાઉ ભાટને દાનદક્ષિણા આપી રાજી કર્યો. તેણે નલવરગઢ તરફ પ્રયાણ કર્યું. સમય જતાં ઉમાદેવડીએ પદ્મિનીનાં લક્ષણોવાળી દીકરીને જન્મ આપ્યો. એવામાં પિંગલ રાજાના રાજ્યમાં ભારે દુષ્કાળ પડ્યો. ઘાસચારો અને પાણીની શોધમાં પુંગલથી ઉચાળા ભરી પોહકર (પુષ્કર ?) પહોંચ્યા. ત્યાં પુષ્કળ લીલું ઘાસ અને પાણી હતાં. ત્યાં સૌએ વસવાટ કર્યો.

૫. ભાઉ ભાટે નલવરગઢ પહોંચી મહારાજા નલને પોતાના પ્રવાસની સઘળી વાત કહી. નલને ત્યાં દોમદોમ સાહ્યબી હોવા છતાં શેર માટીની ખોટ હતી. એક વખત એક જોગેશ્વરે તેને પુષ્કરની યાત્રા કરે તો સંતાન થાય, એમ કહેતાં તેણે તેની બાધા રાખી. સંયોગવશ તેને ત્યાં પુત્ર થયો. તેનું નામ સાલકુમાર રાખ્યું. પરંતુ સંતાન જીવતાં નહોતાં તેથી ઢોલો એવું ઉપનામ આપ્યું. ઢોલો ત્રણ વરસનો થતાં રાજા તેને લઈ જાત્રાએ ગયો. એ વખતે ખૂબ વરસાદ થતાં ચાર માસ તેને ત્યાં રોકાવું પડ્યું. તે દરમિયાન પિંગલ સાથે તેને ગાઢ મૈત્રી બંધાઈ. પિંગલની પુત્રી મારવણીનું અદ્‌ભુત રૂપ જોઈ નલે ઢોલા માટે તેનું માગું નાખવા વિચાર્યું. એક વખત નલ અને પિંગલરાય શતરંજ રમતા હતા ત્યારે નલનો કુંવર સાલકુમાર ત્યાં આવ્યો. નલે તેને દેખાડી પિંગલની પુત્રી માટે માગણી કરી. તેમનું સગપણ થયું. લગ્ન લેવાયાં. પુષ્કર તીર્થમાં મંગલ પ્રસંગ પતાવ્યો.

૬. ચોમાસું પૂરું થતાં સૌ સૌના ઠેકાણે જવા નીકળ્યાં. મારવણી અને સાલકુમાર બંને નાનાં હોવાથી તેઓ મોટાં થાય પછી મારવણીનું તેડું કરવું એમ નક્કી થયું. સૌ પોતપોતાનાં સ્થાને ગયાં. બંને પ્રદેશો વચ્ચે ઘણું અંતર હોવાથી કોઈ સમાચાર આવતા નહોતા. ઢોલો મોટો થયો. રાજાએ સૌને સૂચના આપી કે, કોઈએ તેનાં લગ્ન પુંગલનરેશની પુત્રી સાથે થયાં છે તેવું તેને જણાવવું નહીં. નલ રાજાએ માળવાના ભીમસેનની પુત્રી સાથે ઢોલાનાં લગ્ન કરાવ્યાં. તે બાળપણમાં મારવણીને પરણ્યો છે તેની જાણ તેને કોઈ થવા દેતું નહોતું. આમ કરતાં બાર વર્ષ વીતી ગયાં.

૭. એક વખત ઘોડાનો એક સોદાગર નલવરગઢ આવ્યો. જાતવંત ઘોડાની પરીક્ષા કરી ઢોલાએ તે ખરીદ્યા. ઢોલા અને સોદાગર વચ્ચે ગાઢ મૈત્રી બંધાઈ. પાંચસાત માસ બાદ ત્યાંથી નીકળી સોદાગર પુંગલનગર પહોંચ્યો. એક વખત સાંજના

સમયે સોદાગરે રાજકુંવરીને જોઈ તેનાં નામઠામ વગેરે પૂછયાં. પિંગલરાયની દીકરી મારવણી અંગે સઘળો વૃત્તાંત સાંભળ્યો અને એ પણ જાણ્યું કે, મારવણી સાથે પુષ્કર ખાતે ઢોલાનાં લગ્ન થયાં હતાં. સોદાગરે ઢોલાનાં લગ્ન ઉજ્જૈનની કુંવરી માલવણી સાથે થઈ ગયાના સમાચાર આપ્યા. મારવણીએ સોદાગરની સઘળી વાત સાંભળી. પિંગલ રાજાએ ઢોલાને પોતાને ત્યાં તેડાવવાના અનેક ઉપાય વિચાર્યા. મારવણી પણ વિરહે દુઃખી દુઃખી થઈ ગઈ હતી. દીકરીનું દુઃખ જોઈ પિંગલ રાજા રોજ રોજ ઢોલાને સંદેશા આપવા કોઈ ને કોઈ સંદેશવાહકને મોકલતો, પરંતુ જનારને માલવણી મરાવી નાખતી હોઈ, કોઈ પાછું ફરતું નહોતું.

૮. એક પ્રસંગે સાલકુમારની માતા ચંપાવતી મારવણી વહુનો કોઈની પાસે નિર્દેશ કરતી હતી ત્યારે અકસ્માત સાલકુંવર તે સાંભળી ગયો. માલવણીએ આ જાણીને ઢોલા પાસેથી વચન લીધું કે, પુંગલનગરથી કોઈ પણ આવે તો તેને પોતાને હવાલે કરવો. 'માલવણી કાસદોને મારી નખાવે છે', એ સમાચાર મળતાં પિંગલે ભીમસેન નામે પુરોહિતને ઢોલાને તેડી આવવાનું કામ સોંપ્યું. મારવણીએ પુરોહિતને બોલાવી ઢોલાને આપવાના સંદેશા અંગેના દુહા શીખવ્યા. તેમાં તેણે ઢોલા વગરની પોતાની સ્થિતિનું આબેહૂબ બયાન કર્યું. બધા દુહા શીખી પુરોહિત નીકળ્યો. તેણે ભાટનો વેશ ધારણ કર્યો હતો. માર્ગમાં માલવણીના ચોકિયાતોએ રોક્યો ત્યારે ભાટ હોવાનું કહીને તે છૂટયો. નલવરગઢમાં આવીને તે એક કુંભારને ત્યાં રહ્યો. ભાઉ ભાટને મળી પિંગલના સમાચાર કહ્યા. તેણે પુરોહિતને કુંભારને ત્યાં જ છુપાઈ રહેવા કહ્યું. તક મળતાં તેને લઈને ભાઉ ભાટ સાલકુંવર પાસે આવ્યો. પુરોહિતે મારવણીએ શીખવેલા દુહા તેની સમક્ષ ગાયા. ઢોલાએ મારવણી અંગે પૂછપરછ કરતાં ભાઉ ભાટે સઘળી હકીકત કહી. ઢોલાએ મારવણીને મળવાનો સંદેશો પુરોહિત સાથે કહેવડાવ્યો અને ભાઉ ભાટને પણ તેની સાથે મોકલ્યો. પુરોહિતે મારવણીની કરેલી પ્રશંસાથી ઢોલાનું મન તેને મળવા વ્યાકુળ બન્યું. માલવણીએ કુંવરના ખવાસને કુંવરની ચિંતાનું કારણ પૂછતાં ખવાસે ભાઉ ભાટની સાથે આવેલા પિંગલ રાજાના ગાયકે મારવણીનાં વખાણ કર્યાં, ત્યારથી ઢોલાનું મન ઊંચું થયું હોવાનું જણાવ્યું. માલવણીએ ઢોલા પાસે જઈને તેને રીઝવવા ઘણા પ્રયત્નો કર્યા પણ તેના મનમાંથી મારવણી ખસતી નહોતી. દરમિયાન ભાઉ ભાટે પુંગલ જઈ ઢોલાના સમાચાર કહ્યા અને આણાની તાકીદ કરવાનું પણ કહ્યું. મારવણી એ સાંભળી ખૂબ રાજી થઈ. ઢોલાએ માલવણી પાસે મારવણીને મળવા જવા રજા માગી. એ સાંભળી માલવણીએ ઊનો નિઃશ્વાસ નાખ્યો. ઢોલાએ પલાણ વગેરે નાખી ઊંટ તૈયાર કર્યો, પણ તેને ખોડંગાતો જોઈ ઢોલાએ તેને ડામ દેવડાવવા લુહારને બોલાવ્યો. ત્યારે માલવણીએ તેમ ન કરવા સમજાવ્યો. માલવણી જ્યાં સુધી જાગતી રહે ત્યાં સુધી ક્યાંય ન જવા ઢોલાએ વચન આપ્યું. તે પંદર દિવસ જાગતી રહી. પરંતુ છેવટે નિદ્રા આવી જતાં ઢોલો ઊંટ પલાણીને મારવણી ભણી ચાલ્યો.

૯. માલવણી જાગી. ઢોલાને ન જોતાં એક સૂડાને એવો સંદેશો આપીને પાછળ મોકલ્યો કે ઢોલો પાછો નહીં વળે તો માલવણી પ્રાણ ત્યાગશે. ઢોલાએ કોઈ ઉત્તર ન આપતાં સૂડો પાછો આવ્યો. ઢોલો ચંદેરીની બજારમાં નીકળ્યો ત્યારે એક વણિકે તેને જો તે પુષ્કર જતો હોય તો એક સંદેશો લઈ જવા કહ્યું. ઢોલાને પહોંચવાની ઉતાવળ હોઈને તેણે વણિકને ઊંટ ઉપર બેસીને પત્ર લખવા કહ્યું. પત્ર પૂરો થયો ત્યાં તો તેઓ પુષ્કર આવી પહોંચ્યા. પુષ્કરમાં ઢોલાએ એક કીર્તિસ્તંભ પર ઢોલો–મારવણી પરણ્યાં હોવાની સાક્ષી પૂરતું લખાણ વાંચ્યું. તેને આનંદ થયો. તે પુંગલનગર જવા આગળ ચાલ્યો. એવામાં ઉમર સુમરાનો એક ચારણ મળ્યો. ઢોલાને આવેલો સાંભળીને મારવણીનું પોતાને માટે માગું નાખવા ઉમરે ચારણને મોકલ્યો હતો. આગળ ચાલતાં પિંગલ રાજાનો પરગામ જતો બારોટ ઢોલાને મળ્યો. તેણે મારવણીની પ્રશંસા કરી. લાંબી વાટ કાપી ઢોલો મારવણીને નગર પહોંચ્યો. ઢોલાના આગમનના સમાચાર સાંભળી મારવણીને અપાર આનંદ થયો. પિંગલે તેની સારી આગતાસ્વાગતા કરી. ઢોલો અને મારવણી રંગરાગમાં સમય પસાર કરવા લાગ્યાં. બંનેએ વીતેલા સમયની પરસ્પરને વાત કહી.

૧૦. બીજી તરફ સુમરાએ ઢોલાને માર્ગમાં મારી નાખવાની યોજના કરી. એક મહિનો રહીને ઢોલો નલવરગઢ જવા નીકળ્યો ત્યારે સાથે મારવણીને લીધી. પિંગલે એક હજાર અસવારો પણ સાથે વળાવવા મોકલ્યા. સોળ ગાઉ ચાલ્યા પછી થાક લાગતાં ડેરાતંબુ તાણીને સૌએ મુકામ કર્યો. ઢોલો અને મારવણી સુખનિદ્રામાં પોઢયાં હતાં ત્યાં આવી એક સર્પે મારવણીને દંશ દીધો. મારવણીને નિશ્ચેતન થયેલી જોઈ ઢોલો અને તેના સાથીઓ વ્યથિત થયા. સાથીદારોએ ઢોલાને આશ્વાસન આપતાં કહ્યું કે, પિંગલ રાજાને મારવણીથી ત્રણ વર્ષે નાની ચંપાવતી નામે પુત્રી છે તેને પરણી ફરીથી સગપણ બાંધો. ઢોલાએ તેમ કરવા ના કહી. મારવણીની ચિતા સાથે તેણે પણ બળી મરવાનું નક્કી કર્યું. તે વખતે શંકરપાર્વતી

જોગી અને જોગણીનું રૂપ ધારણ કરી પૃથ્વી પર ફરવા નીકળ્યાં હતાં. તેમણે ઢોલા–મારવણીની ચિતા રચાયેલી જોઈ. તે જોઈ મહાદેવે પુરુષ પાછળ સ્ત્રી સતી થતી હોય એવું સાંભળ્યાનું, પણ સ્ત્રી પાછળ પુરુષ બળી મર્યો હોય એવું ન સાંભળ્યાનું કહ્યું. જોગણીને વેશે રહેલાં પાર્વતીજીએ મારવણીને સજીવન કરવા મહાદેવને વિનંતી કરી. શંકરે મારવણીને ઔષધ પાઈ સર્પનું ઝેર ઉતાર્યું. બધે આનંદ પ્રવર્ત્યો. પુંગલનગર પણ આ સમાચાર પહોંચાડવામાં આવ્યા.

**૧૧.** ઉમર સુમરાના ગુપ્તચરો ઢોલાની પાછળ પાછળ જઈ રહ્યા હતા. તેમણે ઉમરને ઢોલાનો માર્ગ રોકવા જણાવ્યું. ઉમરે પોતાના સાથીઓને ચૂપ રહેવાનું કહી ઢોલાનો માર્ગ રોકી પોતાના મહેમાન બનવા જણાવ્યું. ઢોલાને મારીને મારવણીને હાથ કરવાની સુમરાએ યોજના કરી. ઢોલો અને સુમરો ગાયનવાદન સાંભળી રહ્યા હતા. દારૂના નશામાં સૌ ચકચૂર હતા તે વખતે ઉમરના મનના ભાવોને કળી જનાર ડુંબણીએ મારવણીને સમસ્યા કહી. મારવણીએ ઢોલાને તે સમસ્યાનો અર્થ સમજાવી, બનતી ત્વરાએ ઊંટ પલાણી ત્યાંથી નીકળી જવા ચેતવ્યો. ઢોલો ઊંટ પલાણી મારવણીને લઈ પસાર થયો. પાછળ ઉમરના સૈનિકો હતા. માર્ગમાં મારવણીને ચિંતા થઈ કે સુમરા પાસે વિશાળ લશ્કર હોવાથી તે ઢોલાને અવશ્ય મારશે. ત્યારે ઢોલાએ ઊંટ કેટલો ઝડપી છે, તેની વાત કરીને તેને નિશ્ચિંત કરી. એવામાં માર્ગમાં એક ચારણ ઢોલાને મળ્યો. તેની સાથે ઢોલાએ ઉમરને પોતાની પાછળ દોડાવીને ઘોડાને મારી ન નાખવા સંદેશો કહાવ્યો. ઉમર સુમરાને મળીને ચારણે તેને જણાવ્યું કે પોતે ઢોલાને મળ્યો હતો અને તેની ખાતરીરૂપે ઢોલાએ આપેલ પટોળી અને છરીનું એંધાણ બતાવ્યું. બીજી તરફ ઢોલો ને મારવણી નલવરગઢ પહોંચી ગયાં. ત્યાં વાજતે–ગાજતે સ્વાગત થયું. મારવણી અને માલવણી ઢોલા પાસે બેઠાં હતાં, તે વખતે માલવણીએ પોતાના દેશનાં વખાણ કર્યાં તો મારવણીએ મારવાડનાં વખાણ કર્યાં. મારવણીના મીઠાબોલથી બંને વચ્ચેનો ઝઘડો મટી ગયો.

ઢોલો મારવણી અને માલવણી સાથે સુખે રહેવા લાગ્યો. બંનેને પુત્રસંતાન થયાં.

[આધાર : **'ઢોલા–મારવણીની કથા ચોપાઈ'**]

**દત્તદુહિતા** : જુઓ **શૃંગારમંજરી–૨** [**દત્તપુત્રી**]

**દત્તપુત્રી** : જુઓ **શૃંગારમંજરી**

**દંતિલ શેઠ અને કચરો વાળનાર ગોરંભ** (=અપમાનિત નીચ : ઉચ્ચને અધિકારભ્રષ્ટ કરતો—(**પંચાખ્યાન,** ઘટક ૨.૩) વર્ધમાનનગરનો દંતિલ શેઠ પોતાનાં કાર્યોથી રાજાનો અને નગરજનોનો પ્રીતિપાત્ર બન્યો હતો. તેણે પોતાના વિવાહપ્રસંગે મુખ્ય નગરવાસીઓને, રાજસેવકોને તેમ જ અંતઃપુર સહિત રાજાને પોતાને ઘેર બોલાવીને સત્કાર કર્યો. રાજાની સાથે તેના મહેલનો કચરો વાળનાર ગોરંભ નામે એક સેવક પણ આવેલો. તે વેળા તેને મોટાને સ્થાને બેસી ગયેલો જોઈ દંતિલે તેને ગળચીએ પકડીને કાઢી મૂકયો. ગોરંભ આ અપમાનથી સમસમી ઊઠયો. તે વિચારી રહ્યો હતો કે, કઈ રીતે દંતિલ ઉપર રાજાની અવકૃપા થાય. એક વાર તક જોઈને સવારે રાજા અર્ધનિદ્રામાં હતો ત્યારે તેની પથારી પાસે સાફસૂફી કરતાં ગોરંભ જાણે એકલો બબડતો હોય તેમ બોલ્યો: 'અરે ! દંતિલ શેઠની ધૃષ્ટતા તો જુઓ ! તે રાજાની રાણીને ભેટે છે!' આવાં વચનો સાંભળી રાજાએ તેને પૂછયું: 'તું બોલ્યો તે સાચું છે?' ત્યારે ગોરંભ બોલ્યો: 'સ્વામી, રાતના ઉજાગરાને કારણે મને કામ કરતાં ઝોકું આવી ગયું, તેમાં હું શું બબડયો તેનું મને ભાન રહ્યું નથી.' પણ રાજાને થયું કે દંતિલની મહેલમાં છૂટથી આવ–જા હોઈને અને ગોરંભનો પણ અહીં બધે પગપેસારો હોઈને તેણે જે જોયું તે જ અભાનપણે બબડયો હશે. રાજાના મનમાં શંકાનો કીડો સળવળ્યો. તેણે દંતિલનો મહેલમાં પ્રવેશ બંધ કરાવ્યો. રાજાની કૃપાથી વંચિત થયેલો દંતિલ વિચારવા લાગ્યો કે, કશું ખોટું કર્યા વિના હું કઈ રીતે રાજાના વાંકમાં આવ્યો ?

હવે એક વાર દંતિલને રાજદ્વારમાં પ્રવેશતાં અટકાવનાર દ્વારપાલોને ગોરંભે કહ્યું: 'એવું ન કરશો, નહીં તો એ મારા જેવી તમારી દુર્દશા કરશે.' આ સાંભળી દંતિલ પામી ગયો કે રાજાને ભંભેરવાનું કામ ગોરંભનું જ હશે. તેણે ગોરંભને પોતાને ઘેર બોલાવી, તેનો સત્કાર કરી વસ્ત્રની જોડી ભેટ આપી. ખુશ થયેલા ગોરંભે રાજાની દંતિલ પરની અવકૃપા દૂર થાય એવી યુક્તિ કરી. બીજે દિવસે સવારે સાફસૂફી કરતાં તે અર્ધનિદ્રામાં રાજા સાંભળે તેમ ધીમેથી બબડવા લાગ્યો: 'અમારા રાજાનો અવિવેક તો જુઓ ! ઝાડે ફરતાં ચીભડું ખાય છે!' રાજાએ તેને ખખડાવતાં પૂછયું: 'તું શું લવારો કરે છે?' હાથ જોડી ગોરંભે માફી માગતાં કહ્યું કે, રાતે મોડે સુધી જુગાર રમતાં મને ઉજાગરો થયો, એટલે મને કામ કરતાં ઝોકું આવી ગયું, ને હું કશું એલફેલ બબડયો હોઈશ. રાજા સમજ્યો કે આ ગોરંભને ઠેકાણા વિનાનું ગમે તે બબડવાની ટેવ છે. એના

બબડાટથી મેં શંકાશીલ બની દંતિલને દૂભવ્યો અને તેથી રાજકાર્યમાં શિથિલતા ઊભી કરી. પછી રાજાએ દંતિલને બોલાવી સંમાનપૂર્વક તેને ફરીથી અધિકારો સુપરત કર્યા.

[આધાર : **'પંચાખ્યાન બાલાવબોધ',** ઘટક ૨.૩ દમનકે સંજીવકને કહેલું દૃષ્ટાંત]

**દાઢી વધારનાર પર બદલો લીધો** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** સુડતાળીસમી કથા) : નાનપણમાં માબાપ મરી જતાં મોંઘા માળીને એના કાકા-કાકીએ મોટો કર્યો હતો અને પરણાવ્યો હતો. કાકી મરી જતાં કાકાએ બીજું લગ્ન કર્યું. મોંઘાની વહુ સુજાણ કપાતર હતી. કાકાકાકી સાથે ઝગડા કર્યા કરતી. તેની ચાલચલગત પણ સારી ન હતી. કાકાએ મોંઘાને જુદો કર્યો. શેરીની આગળના ભાગમાં કાકો રહેતો હતો, છેડાના ભાગમાં ભત્રીજો. કાકા-ભત્રીજા વચ્ચે વેર વધ્યું. કાકીએ કાકાને કહ્યું: 'વહુ વંઠી ગઈ છે. કોઈક વખત આપણને દંડાવશે ને ખોટાં કલંક ચડાવશે.' કાકાએ સુજાણને અનીતિ કરતી પકડી પાડવાની અને ત્યાં સુધી દાઢી વધારવાની પ્રતિજ્ઞા લીધી. ગામનો નરભો સુતરિયો વરણાગિયો હતો. એ સુજાણના પ્રેમમાં હતો. બંને વારંવાર મળી ગોઠડી કરતાં. સુજાણે તેને પોતાને ઘેર રાત ગાળવા આવવા કહ્યું. ગામ આખું નરભાને ઓળખતું હતું. એટલે નરભાને પકડાઈ જવાનો ડર હતો. તેણે રસ્તો કાઢ્યો. પોતાના મિત્ર ભગવાન ભવાયાની મદદથી વેશપલટો કર્યો. ખોટાં દાઢીમૂછ લગાડી, માથે પટાથી જટા બાંધી, ઉપર ધોળો ફેંટો બાંધીને તે સુજાણને ત્યાં રાતે પહોંચ્યો. એ પહેલાં તેણે પોતાના ભાઈબંધને આ વાત કરેલી, અને તેના ભાઈબંધ મારફત એ વાત સુજાણના વર મોંઘા પાસે પહોંચેલી. મોંઘાને સુજાણ પર પૂરો વિશ્વાસ હતો, એટલે તેણે સુજાણને વગોવનારાને ખોટા પાડવાનો આ લાગ છે એની મનમાં ગાંઠ વાળી. નરભો ખાટ પર જઈને બેઠો, ત્યાં તો મોંઘાએ આવીને કમાડની સાંકળ ખટખટાવી. અંદર રહેલાં બંને ભડકી ઊઠયાં. જેવું સુજાણે બારણું ખોલ્યું, તેવો નરભો હડી કાઢીને બહાર નીકળી ભાગ્યો. મોંઘાએ કોઈક દાઢીવાળાને ઘરમાંથી નીકળી, ભાગતો દીઠો. અંદર આવીને મોંઘો પાટ પર બેઠો. થોડી વારે સુજાણે દીવો કર્યો. જવ, તલ, તુલસી અને ગંગાજળથી નાહી. પછી મોંઘાને અંદર બોલાવી હાથમાં વાટકી લઈને તેને કહેવા લાગી: 'હું આ ઝેર પીને મરું છું. લોકોને તમે કહેજો કે શ્રાપ કરડવાથી મરી. પાંચ મહિને ફરી તમે પરણજો અને મને સંભારતા રહેજો', એમ કહી વાટકી મોઢે માંડે છે, ત્યાં મોંઘાએ તેનો હાથ પકડયો અને પૂછયું: 'કયા દુઃખે તું આપઘાત કરવા બેઠી છે? અને પેલો દાઢીવાળો ઘરમાં ધાલ્યો હતો તે કોણ હતો?' સુજાણે ઘણી હા--ના પછી કહ્યું: 'એ તમારો કાકો મારી લાજ લેવા આવ્યો હતો. મેં એને તરછોડી નાખ્યો. એટલામાં તમે આવ્યા અને હું બચી ગઈ. એણે મને વેશ્યા માની લીધી. હવે હું જીવું કઈ રીતે?' મોંઘાએ એને સમજાવી ટાઢી પાડી. કાકા પર વેરભાવ વધી ગયો. એને ખોટી ઉતારી પાડવા માટે મોંઘાએ કાકાકાકીને ઠપકો દીધો. ત્યારથી સુજાણને સતી સાધ્વી ગણીને મોંઘો તેને વશવર્તીને રહ્યો.

[આધાર : **'સૂડાબહોંતેરી',** સુડતાળીસમી કથા]

**દિયરની મનગમતી વસ્તુઓ મેળવવાને બહાને બચતી કુલટા** (**સૂડાબહોંતેરી,** છવ્વીસમી કથા) : એક ગામમાં દામોદર દરજી માતાપિતા સાથે રહેતો હતો. એક દિવસ ગામના કોઈ ગરાસિયાના દલા નામના છોકરાને જોઈ દરજી-પત્ની નાથી એના પર મોહી પડી. નાથીનો દિયર દયાળ એક વાર દલા સાથે રમવા ગયો. દલાની પાસે દાંતના પાસા અને હીરકસબથી ગૂંથેલી એક સરસ દડી હતાં. દયાળે દલા પાસેથી એ પાસા અને દડી મેળવી આપવાની હઠ પકડી, અન્ન તજી દીધું અને જો એ વસ્તુઓ નહીં મળે તો કૂવે પડવાની કે ઘર છોડી ભાગી જવાની બીક બતાવી. એ પછી નાથી લાગ જોઈને એક દિવસ દલાની વાડીએ પહોંચી. હા--ના કરતા દલાને રમતમાં એક થપ્પડ લગાવી તેને વશ કર્યા પછી દલો તેને પાછળથી બાથ ભરી વાડીમાં કોઠીના ઝાડ નીચે લઈ ગયો. નાથીને નીચે સુવાડી દઈ તેનો સંગ કર્યો. પછી ચોળાયેલાં કપડાં પરથી ધૂળ ખંખેરતી નાથી ઊઠી. ત્યારે દયાળ ઘરમાંથી નાશી ગયેલો. તેની તપાસ કરવા દલાની વાડી સુધી પહોંચેલાં નાથીનાં સાસુસસરાએ આ બધું જોયું. છડેચોક આવો વ્યભિચાર કરવા માટે તેમણે નાથીને ઘેર આવે ત્યારે પૂછપરછ કરી તેને ઉઘાડી પાડવા નક્કી કર્યું. તેઓ ઘર તરફ પાછાં ફરતાં હતાં, ત્યારે પાછી ફરતી નાથીએ તેમને જોયાં અને ફ્રાસકો પડયો. પણ પછી બચવાની યુક્તિ વિચારી લીધી. તેને દલા પાસેથી પાસા અને દડી મેળવી લીધાં. પછી ઘેર પહોંચી રડતાં રડતાં તેણે સાસુસસરાને કહ્યું: 'મેં ઘણું જ ખોટું કર્યું છે. દયાળની ખાતર દલા સાથે મેં બાથંબાથી કરી. પાસા દલાએ મોંમાં રાખ્યા હતા. તે મેં એને થપ્પડ મારીને મોંમાંથી કઢાવ્યા અને દડી પણ એની સાથે બાથંબાથા કરી બળજબરીથી લઈ લીધી. હવે કહો તો મારી આવી દશા કરવા માટે જઈને એનાં માબાપને ફરિયાદ કરું. મારા દિયર ખાતર આ બધું મેં કર્યું છે.' સાસુસસરાએ તેને શાબાશી

આપી અને દામોદરે પણ તેનાં ગુણગાન કરીને તેને ઘણાં લાડ લડાવ્યાં.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, છવ્વીસમી કથા]

**દેવશર્મા અને આષાઢભૂતિ : જુઓ પરિવ્રાજક અને ધુતારો (પંચાખ્યાન, ઘટક ૨. ૪)**

**દેવીનો પરચો :** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડા-બહોંતેરી,** સત્તાવનમી કથા) : કુંડિનપુરમાં રહેતી માંડણ માળીની વહુ માણેકદેને રાજપુત્રી, પ્રધાનપુત્રી અને નગરશેઠની પુત્રી સાથે બહેનપણાં હતાં. માણેકદેએ એક પોપટને કેળવીને એવો તૈયાર કર્યો હતો કે, તે જે કંઈ કામ સોંપે તે કરે અને જે બોલવાનું કહે તે બોલે. માણેકદેની ત્રણે સહિયરો નગરના દેવીના મંદિરે નિત્ય દર્શનપૂજા કરવા જતી. એ નગરમાં એક વાર વેપાર અર્થે પરદેશથી ઝવેરચંદ શેઠ તેના જુવાન દીકરા પ્રેમચંદ સાથે આવ્યો. પ્રેમચંદને જોઈને માલણ તેના ઉપર મોહી પડી. ફૂલના વાઘા બનાવી એ તેને ભેટ આપવા ગઈ અને તેના સંગની માગણી કરી. પ્રેમચંદે તેની આવી અનીતિવાળી અને સર્વનાશ નોતરતી માગણીને નકારી કાઢી અને તેને ફરી મોઢું ન દેખાડવા કહ્યું. માલણે તેને જે ઇચ્છા હોય તે તેની પાસેથી માગી લેવા કહ્યું. પ્રેમચંદે કહ્યું : 'મને, કરોડપતિના પુત્રને, તું ભૂખડીબારશ શું આપવાની હતી ?' માળણે કહ્યું : 'તું અહંકાર ન કર, માગી તો જો ?' પ્રેમચંદે કહ્યું : 'એમ કહે તો, ચાલ, તું મને તારા નગરના રાજાની, પ્રધાનની અને નગરશેઠની પુત્રી—ત્રણેય પરણાવી આપ.' માલણે એ કામ પાર પાડવાનું આહ્વાન ઝીલી લીધું. તેણે પોતાના પોપટને શીખવીને દેવીના મંદિરે મોકલ્યો. જ્યારે એ ત્રણ કન્યાઓએ દેવીની પૂજા કરી સારો વર આપવા માતા પાસે માગણી કરી, ત્યારે મૂર્તિ પાછળ સંતાયેલો પોપટ બોલ્યો: 'જાઓ, હું તમને ત્રણેયને પરદેશથી આવેલા ઝવેરચંદ શેઠનો પુત્ર પ્રેમચંદ વર તરીકે આપું છું. તેના સિવાય બીજા કોઈને પરણશો, તો રંડાપો આવશે. તમારાં માબાપને કહેજો'. ત્રણેય કન્યાઓએ પોતપોતાનાં માબાપને વાત કરી. તેમને ઘણી અચરજ થઈ અને દાળમાં કાંઈક કાળું હોવાનું લાગ્યું. માલણ સાથે છોકરીઓની બોલચાલ હોવાનું તેઓ જાણતાં હતાં. માલણને બોલાવીને પૂછતાં તેણે હરસિદ્ધ માતા હાજરાહજૂર હોવાનું અને કન્યાઓ જૂઠું ન બોલે, એવી વાત કરી. એટલે માલણને અને ત્રણેય કન્યાઓને સાથે લઈને કન્યાઓના પિતા દેવીને મંદિરે ગયા અને કન્યાઓને જે કહ્યું તે તેમને કહેવા માતાને વીનવ્યાં. એક પહોર ઊભા રહ્યા, પણ કશી વાણી થઈ નહીં. પછી પ્રેમચંદને બોલાવીને ધમકાવ્યો અને સાચી વાત નહીં કહે તો, રાજા તમારું બધું ધન લૂંટી લઈને દેહાંતદંડ દેશે, એમ કહ્યું. એટલે પ્રેમચંદે માલણ સાથે થયેલી વાતચીત જણાવી. રાજા, પ્રધાન અને નગરશેઠ સમજી ગયા કે માલણે જ બધો પ્રપંચ ગોઠવ્યો છે.

તેમણે માલણને પૂછ્યું: 'કયા જોરે તેં પ્રેમચંદને ત્રણેય કન્યાઓ પરણાવવાની બાંહેધરી આપી ?' માલણે કહ્યું: 'મને માતાજીએ સપનામાં આવીને કહ્યું કે, તારી ત્રણેય બહેનપણીઓ વહાણવટીના દીકરાને પરણશે, એટલે જ મેં પ્રેમચંદને વચન આપ્યું.' રાજાએ માલણને દંડ દેવા અરધી ભોંયમાં દાટીને પંચઈંટાળી કરવાં હુકમ આપ્યો. માલણ બોલી: 'મને દુઃખ દેશો તો માતાજી તમારું આખું નગર ઉજ્જડ કરશે. સૌને માથે ભારે સંકટ પડશે.' એટલે રાજાએ કહ્યું, 'તું સાચી હોવાનું કશુંક પારખું દેખાડ.' માલણે દેવીના મંદિરે જઈને ફરીથી માતાને વીનવણી કરી તેમનો શો આદેશ છે તે જાણી લાવવા કહ્યું. રાજા, પ્રધાન, નગરશેઠ વગેરે ફરી દેવીને મંદિરે ગયા. દરમિયાનમાં માલણે પોતાના પોપટને પત્ર લખીને ચાંચમાં આપ્યો અને માતાને જેવી વિનંતી કરાય તે જ વખતે તે નાખવા કહ્યું. કન્યાઓના પિતાઓએ માતાને કોઈક રીતે પારખું દેખાડવા વીનવ્યાં. એટલે શિખરમાં સંતાયેલા પોપટે પત્ર નીચે નાખ્યો. તે રાજાના ખોળામાં પડ્યો. પ્રધાને તે મોટેથી વાંચ્યો. તેમાં કન્યાઓને પ્રેમચંદને પરણાવવાનો અને માલણ જેવી સતીને દુઃખ નહીં દેવાનો આદેશ હતો. રાજા વગેરેએ માલણને પગે પડી તેની માફી માગી. ત્રણેય કન્યાનાં ધામધૂમથી પ્રેમચંદ સાથે લગ્ન કર્યાં. માલણને અનેક કીંમતી ભેટો આપી.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, સત્તાવનમી કથા]

**દેવી સિંહાસનની પ્રાપ્તિ : જુઓ ચમત્કારી પંચદંડ ૧ અને ૨**

**ધણીને ઘાતમાંથી ઉગારવાનું બહાનું બનાવીને બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** પાંચમી કથા) : ધારાનગરીના પૃથ્વીરાજ રાજાની રાણી એક દિવસ મહેલમાં ગોખમાં બેઠી હતી, ત્યારે એક જોગી ભિક્ષા માગવા આવ્યો. રાણી તેના પર મોહી પડી. તેનો અતિથિ-સત્કાર કરી એણે વીર્યદાન આપવાની માગણી કરી. જોગીએ તેની માગણી પૂરી કરવાની ના કહી, અને જો કોઈ કામ હોય તો નદી પાર વનમાં તેની મઢૂલીમાં આવવાનું કહીને તે

ચાલ્યો ગયો. બીજે દિવસે પૃથ્વીરાજે રાજસભામાં આવેલા એક સોદાગર પાસેથી ચાર લાખની કીમતનું ચીર ખરીદી રાણીને ભેટ આપ્યું. રાણીએ જોગી સાથે મેળાપ કરવા જતાં તે પહેરવાનું મનમાં નક્કી કર્યું. રાતે રાજા ઊંઘી ગયો છે, એમ જાણી રાણી એ ચીર પહેરીને સોળ શણગાર સજી, ઢાલ, કટારી, તીરકામઠું અને બીજાં હથિયાર બાંધી, એક ઘડો લઈને મધરાતે મહેલની બહાર નીસરી. રાજા ખરેખર તો જાગતો હતો. રાણી આવી વેળાએ ક્યાં ચાલી છે તે જોવા ગુપચુપ તેની પાછળ ચાલ્યો.

રસ્તે જતાં રાણીને સામે વાઘ મળ્યો. રાણીએ કટારના પ્રહારે તેને મારી નાખ્યો. આગળ જતાં નદી આવી. રાણીએ ઘડામાં વસ્ત્રો ભરી નગ્ન થઈ નદી પાર કરી. રાજા પણ એની પાછળ ચાલ્યો. એટલામાં રાણીને ચાર ચોર મળ્યા. રાણીએ તે ચારેયને એક એક બાણથી વીંધી નાખ્યા. એ પછી મસાણ આવ્યું. ત્યાં દાંત કચકચાવતાં ભૂતડાં રાણીને ઘેરી વળ્યાં. રાણીએ એક ભૂતને ચોટલીએથી પકડીને તેનું ગળું કાપવા માંડ્યું. એટલે ભૂતડાં પગે પડીને રવાના થયાં. આગળ ચાલી મઢુલીએ આવી રાણીએ જોગીને જગાડ્યો અને પોતાની સાથે ભોગ ભોગવવાની માગણી કરી. જોગીએ કહ્યું: 'મેં બધા ભોગ તજી દીધા છે અને જપતપમાં જીવન વીતાવું છું. તમારો સંગ કેમ કરું? અને અત્યારે તો હું ટાઢે ઠરી રહ્યો છું.' એટલે રાણીએ પેલું કીમતી ચીર બાળીને જોગી માટે તાપણું કર્યું અને કહ્યું: 'તારો સંગ કરવાની ઝંખનામાં મેં ખાનપાન ત્યજ્યાં છે, તો તું મારી માગણી સંતોષ.' જોગીએ રાણીની માગણી નકારતાં કહ્યું: 'તું રાજવી માનપાન ને વૈભવ તરછોડી મારા જેવા રખડતા ભિખારી ઉપર મોહી પડી, તો ધૂળ પડી તારી બુદ્ધિમાં.' આ રીતે ઝાટકણી કાઢી તરછોડતાં રાણીએ જોગીને ખડ્ગને ઝાટકે પૂરો કર્યો. તે પછી રાણી જેમ આવી હતી તેમ પોતાના મહેલે પાછી ફરી. રાજા પણ રાણીની પાછળ પાછળ જલદીથી મહેલે પહોંચ્યો. રાણી અટારીએ ચડવા ગઈ, એટલામાં એણે સામે ફણીધર સાપને આવતો જોયો. રાણીએ એને મારીને ટુકડા કરી એક માટલામાં ભર્યા. તે પછી રાણી મેડીએ પહોંચી. તે ચાવી ખોળવા ગઈ, ત્યાં નીચે બિલાડીએ મારેલો ઉંદર પગે અથડાતાં તે ભડકીને ઊછળી. દાદરના કઠેરા સાથે અથડાતાં એનું માથું ફૂટ્યું, એટલે પછી માથે પાટો બાંધ્યો.

રાજા જઈને પોતાની પથારીમાં સૂઈ ગયો. આવીને રાણીએ તેને જગાડ્યો અને એની સાથે પ્રેમાલાપ કર્યો. રાજા પણ પોતે કાંઈ જાણતો ન હોય એ રીતે વર્ત્યો. બીજે દિવસે રાજા રાજસભામાં ગયો અને સભાના પાંચસો પંડિતોને સમસ્યા પૂછી: 'અલંકારથી શોભતું મસ્તક કઈ રીતે ફૂટ્યું અને તેના પર પાટો બંધાયો?' આ પ્રશ્નનો જે ઉત્તર આપે તે સર્વોત્તમ પંડિત. કોઈ પંડિત ઉત્તર આપી ન શક્યો. રાજાએ મનમાં નક્કી કર્યું કે, પહેલાં રાણી પાસે પેલું કીમતી ચીર મગાવું અને તે જૂઠી પડે એટલે તેને શિક્ષા કરું. દરમ્યાન એક દાસીએ રાણી પાસે જઈને રાજાએ રાજસભામાં પંડિતોને પૂછેલી સમસ્યાની વાત કરી, એટલે રાણી ચેતી ગઈ. એટલામાં રાજાએ મોકલેલી એક દાસીએ આવીને રાણી પાસે ચીર માગ્યું. એટલે રાણીએ ચીર આપવા રાજાને મહેલે બોલાવ્યો. રાજા તરત જ રાણી પાસે આવ્યો. રાણીએ ચીર અંગે ખુલાસો કરતાં કહ્યું: 'ગઈ કાલે મારે અગિયારસનો ઉપવાસ હતો. એટલે મેં બ્રાહ્મણને બોલાવી સીધું આપ્યું. એણે મને સૌભાગ્યવતી થવાના આશીર્વાદ આપ્યા. એ સાંભળીને ત્યાં પાસે રહેલો એક જોગીનો ચેલો હસ્યો. મેં તેને હસવાનું કારણ પૂછતાં તેણે કહ્યું: 'તારા પતિ પર પાંચ ઘાત છે. કાં તો એને વાઘ મારી નાખશે, કાં તો ચોર હણશે, કાં તો ભૂત મારશે, કાં તો નાગ દંશ દેશે અથવા મૂર્ચ્છા ખાઈને એ મૃત્યુ પામશે.' આ પછી મેં કરગરીને પતિને બચાવવાનો એને ઉપાય પૂછ્યો. એટલે એણે કહ્યું: 'નદીને સામે કિનારે મારા ગુરુની મઢુલી છે, તું ત્યાં જજે. તેની પાસે ઘણી વિદ્યા છે. તે તારા પતિને ઉગારવાનો ઉપાય બતાવશે. ઉપાય તરીકે તે ભવાની માતાને બત્રીસલક્ષણા પુરુષનો ભોગ આપવાનું કહેશે, ત્યારે તું લાગ જોઈને તે જોગીનો જ ઘાત કરીને ભવાનીને ભોગ ધરજે, કેમકે એ બત્રીસલક્ષણો છે. એને મારવાથી તને પાપ નહીં લાગે. એ મોક્ષે જશે.' પછી ચેલાએ મને વાઘ મારવા કટાર, તરવા માટે મંત્ર, ચોરને મારવા માટે સોળ તીર, ભૂતને સાધવાનો મંત્ર અને સર્પ વશ થાય એવી ગુટિકા આપી. પછી ચેલાના કહ્યા પ્રમાણે હું તમારી ઘાત ટાળવા, બીક ગળી જઈને બધાં જોખમ ખેડીને, છાનીમાની જોગીને મળવા નીકળી. રસ્તામાં એક પછી એક મળેલા વાઘ, ચોર અને ભૂતને મારી કે વશ કરી, નદી પાર કરી, હું જોગીની મઢુલીએ પહોંચી. તેની ટાઢ શમાવવા ચીરનું તાપણું કર્યું. એણે કહ્યું: 'તારા પતિની ચાર ઘાત ગઈ છે. હવે તું માતાને બત્રીસલક્ષણાનો ભોગ આપીશ એટલે પાંચમી ઘાત પણ ટળશે.' એટલે મેં લાગ સાધીને એ જોગીનો વધ કર્યો. તે પછી હું મહેલમાં પાછી આવી. મેડીએ ચડતાં મેં સાપને જોયો. એટલે તેને મારીને ટુકડા ઘડામાં ભર્યા. આમ, તમે ઊગરો અને ચિરાયુ થાઓ તે માટે મેં જોગીને મારવાનું પાપ કર્યું છે. મારે તેનું પ્રાયશ્ચિત કાં તો અગ્નિપ્રવેશથી, કાં તો કરવત મુકાવીને, કાં તો અડસઠ તીરથ કરીને, કાં તો બધા ભોગવૈભવ તજી

રંક બનીને કરવું પડે. તો તમે કહો તેમ કરું.' રાજા રાણીને તેની પતિભક્તિ માટે ધન્યવાદ આપી, તેને તીર્થયાત્રાએ લઈ ગયો અને સદા તેને વશવર્તીને રહ્યો.

[આધાર : '**સૂડાબહોંતેરી**', પાંચમી કથા]

**ધણીને ફસાવતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી** નવમી કથા) : એક ગામમાં એક વિધવા બ્રાહ્મણીનો પુત્ર નામે નરભેરામ ઘર ચલાવતો હતો અને ફૂલફટાક બનીને ફરતો હતો. એક દિવસ ભિક્ષા માગવા નીકળ્યો તે વખતે વણિક ગુલાબરાયની નવજુવાન રૂપાળી પત્ની ગુલાબને મેડીએ ગોખમાં બેસી મોતીનો હાર પરોવતી જોઈને નરભેરામ એકાએક કામવિવશ થઈ ગયો અને બેભાન બની રસ્તા પર ઢળી પડયો. રસ્તામાં લોકોનું ટોળું એકઠું થઈ ગયું. કોઈકે ખબર આપતાં નરભેરામની માતા ત્યાં આવી અને લોકોની મદદથી પુત્રને ઘેર લઈ ગઈ. પણ તેને તો ચિત્તભ્રમ થઈ ગયો. હોય એમ તે ખાધાપીધા વગર પડી રહ્યો. માતાએ અનેક વૈદ્ય, ભૂવા વગેરેને બોલાવી ઉપાય કર્યા, પણ કશો ફેર પડયો નહીં. એક દિવસ ફૂલ આપવા આવેલી માલણને વાત કરતાં, નરભેરામને જોઈને તે સમજી ગઈ કે, એ કોઈ યુવતીના મોહમાં પડયો છે. પછી એકાંતમાં નરભેરામ સાથે વાતચીત કરી એની પાસેથી વિગત જાણી લીધી અને ગુલાબવહુ જોડે મિલન કરાવી આપવા તેને વચન આપ્યું.

માલણે કેટલાક દિવસ ફૂલનાં વસ્ત્રો ભેટ આપીને તેનું મન જીતી લીધું. તેની પાસેથી માગ્યું આપવાનું વચન લઈને તેણે નરભેરામ તેના પર મોહી પડયાની વાત કરી. એને સમાગમસુખ આપી એનો જીવ બચાવવા વીનવી. થોડીક આનાકાની પછી ગુલાબવહુ માલણને ત્યાં નરભેરામને મળવા તૈયાર થઈ. પછી માલણે નરભેરામને જાણ કરી. પૂનમની રાત્રે માલણને ઘેર મિલન ગોઠવાયું. સાસરેથી પિયર જવાને બહાને ગુલાબવહુ નીકળી. સાંજે પિયરથી એમ કહીને નીકળી કે હું પાછી સાસરે જાઉં છું. નક્કી થયા મુજબ તે માલણને ત્યાં આવી પહોંચી અને નરભેરામની વાટ જોતી બેઠી. નરભેરામ પણ નક્કી થયા મુજબ માલણના ઘેર જવા નીકળ્યો. પણ રસ્તામાં કોઈએ તેને કહ્યું કે, ગ્રહણના તહેવાર નિમિત્તે રાજા સોનામહોરનું દાન આપે છે, એટલે તે લોભમાં પડી બ્રાહ્મણો સાથે રાજદરબારમાં પહોંચી ગયો. દાન લેનારાઓ હજારો હતા એટલે દાન આપનાર અધિકારીએ બાકી રહેલા બ્રાહ્મણોને સવારે દાન આપવાની જાહેરાત કરી અને તે બધાને ત્યાં જ રોકી મકાનની બહાર તાળું માર્યું.

આ બાજુ સંકેત પ્રમાણે નરભેરામ ન આવ્યો. એટલે અકળાયેલી ગુલાબવહુએ માલણને બીજા કોઈ ફૂટડા જુવાનને લઈ આવવા મોકલી. માલણ ઘર બહાર જઈ પાનના ગલ્લેથી એક રૂપાળા જુવાનને લઈ આવી. એ જુવાન બીજો કોઈ નહીં, પણ ગુલાબવહુનો પતિ ગુલાબચંદ પોતે જ હતો.

ગુલાબચંદ ગુલાબવહુની શય્યા પાસે આવ્યો, એટલે તે તરત જ એને ઓળખી ગઈ અને ઘૂમટો તાણી છાનીમાની બેસી રહી. પેલાએ અનેક રીતે કાલાવાલા કરી એને મનાવવા પ્રયત્ન કર્યો, પણ તે તો ચૂપ રહી. પછી અચાનક પતિને તમાચો મારી ઘૂમટો ખોલી નાખી ધમકાવતી બોલી: 'આમ તમે રોજ પારકી સ્ત્રીઓ સાથે રંગરાગ માણો છો. તમે મોડા આવતા હતા એટલે મને વહેમ પડયો હતો. આજે હું તમારો પીછો કરતી માલણના ઘેર આવી પહોંચી છું. હવે હું આ તમારા પરાક્રમની વાત મારાં સાસુસસરા અને માબાપને કરીશ.' ગુલાબચંદ પોતાને ઉગારવા કાલાવાલા કરવા લાગ્યો. ગુલાબવહુને શીલવંતી કહી ઘણી પ્રશંસા કરી અને ત્યારપછી કોઈ પણ દિવસ પારકી સ્ત્રી પર નજર ન નાખવાનું વચન આપ્યું. ગુલાબવહુ મનાઈ ગઈ. બંને સવારે ઘેર પહોંચ્યાં.

[આધાર ; '**સૂડાબહોંતેરી**', નવમી કથા]

**ધનદત્ત અને કૃતપુણ્ય** : જુઓ **અભયકુમાર મંત્રી** ઘટક ૧૪

**ધનદત્ત શેઠ** : **૧.** અયોધ્યાનગરીના વેપારી ધનદેવના પુત્ર ધનદત્તે એક વાર એક જૈન મુનિના વ્યાખ્યાનથી પ્રભાવિત થઈને વ્યવહારશુદ્ધિનું એટલે કે નીતિમય વ્યવહાર કરવાનું વ્રત લીધું. ધનદત્તે એક દુકાન ખોલી. પોતે ગ્રહણ કરેલ વ્રત અનુસાર તે સચ્ચાઈથી વેપાર કરવા લાગ્યો. તેનો વેપાર ઘટવા લાગ્યો અને ઘરમાં ધનની તંગી પડવા લાગી. આથી ધનદત્તે પોતાની પત્ની પાસે વિદેશ જવાની રજા માગી. સ્ત્રીએ વિદેશમાં પણ વ્રતનું પાલન કરવા તેને કહ્યું અને પોતે ઘેર બેઠી શીલ પાળશે એમ જણાવ્યું. કેટલાક સાથીદારોની સાથે નીકળીને ધનદત્ત એક ગામમાં પહોંચ્યો અને જેણે વ્યવહાર-શુદ્ધિનું વ્રત લીધું હતું તેવા એક ધર્માત્મા ગણાતા શેઠને ત્યાં તે ગુમાસ્તા તરીકે રહ્યો. શેઠને ત્યાં ઘણી ગાયોભેંસો હતી. ખેડૂતોનાં ખેતરમાં ઘૂસી જઈને એ લીલોછમ પાક ખાઈ જતી. ખેડૂતો ફરિયાદ કરતા તો શેઠ 'ગોવાળિયાને મનાઈ કરી દઈશ' એમ કહેતા. પરંતુ મફતનું ધાન ચરીને ગાયોભેંસો શેઠને ત્યાં દૂધ, ઘી, દહીંની નદીઓ વહેવડાવતી હોવાથી તે ગોવાળિયાને

કશું કહેતા નહીં. ધનદત્તે શેઠનો આ વ્યવહાર જોઈ તેમની નોકરી છોડી દીધી.

૨. તે પછી બીજે ગામ જઈ એક શ્રાવિકાને ત્યાં નોકરી સ્વીકારીને તે તેનો વેપાર સંભાળવા લાગ્યો. શ્રાવિકા નિઃસંતાન હતી, પરંતુ લોભી હોવાથી રાત્રે પોતાના ઘરના દીવાને બદલે તે પડોશીના મહેલમાંથી આવતા પ્રકાશે સૂતર કાંતતી. ધનદત્તે તેને આ વ્યવહાર અનુચિત હોવાનું કહ્યું, ત્યારે તેણે તેને દૂધમાંથી પોરા કાઢવા માટે ઠપકો આપ્યો અને એટલી બચતમાંથી શાકભાજીનું ખર્ચ નીકળતું હોવાનું કહ્યું. એટલે ધનદત્ત તેની સાથે પોતાનો હિસાબ પતાવીને છૂટો થયો અને જઈને પોતાના સાથીદારોને મળ્યો. સાથીદારો વેપારમાં સારું કમાયા હતા, પરંતુ ધનદત્ત તો ખાલી ને ખાલી જ રહ્યો હતો. માલસામાન વેચી સાથીઓ સ્વદેશ પાછા ફરતા હતા. તેમણે ધનદત્તને પણ સાથે આવવા કહ્યું. ત્યારે તેણે પોતે કશું કમાયો ન હોઈ ને પાછા ફરવાની અનિચ્છા દર્શાવી. મિત્રોના આગ્રહથી તેણે પોતાની પાસે ધન નહીં હોવાથી, ત્યાં મળતાં સસ્તાં અને સ્વાદિષ્ટ બીજોરાંની એક ટોપલી પોતાની પત્ની માટે મોકલી.

૩. સાથીદારો વહાણમાં સ્વદેશ જવા રવાના થયા. માર્ગમાં એક બંદરના કિનારે ઊતર્યા. સંજોગવશાત્ તે નગરનો રાજકુમાર દાહજ્વરથી પિડાતો હતો. રાજવૈદે પરદેશી બીજોરું મળે તો છેવટનો ઇલાજ થઈ શકે એમ રાજાને કહ્યું. રાજાએ પરદેશી બીજોરું મેળવવા ઢંઢેરો પિટાવ્યો. તે સાંભળીને ધનદત્તના મિત્રોએ બીજોરાંનો કરંડિયો રાજાને ભેટ આપ્યો. બીજોરાના ઇલાજથી રાજકુમાર સાજો થઈ ગયો. રાજાએ પ્રસન્ન થઈ કરંડિયામાં મણિમાણેક અને સોનું ભરીને તે પાછો મોકલ્યો અને વહાણના વેપારીઓની જકાત પણ માફ કરી દીધી. આ પછી વેપારીઓ અયોધ્યા પહોંચ્યા. ધનદત્તના બધા સાથીદારો પાછા આવી ગયાનું અને પોતાનો પતિ નહીં આવ્યો હોવાનું જાણી ધનદત્તની પત્ની રડવા લાગી. તે વખતે ધનદત્તના એક સાથીએ આવી ધનદત્ત કુશળ હોવાનું કહી રત્નોથી ભરેલો કરંડિયો સોંપીને તે ચાલ્યો ગયો. ધનદત્તની સ્ત્રીને રત્નભરેલો કરંડિયો જોઈ થયું કે, મારા પતિએ વ્યવહારશુદ્ધિનું વ્રત તોડયું હોવું જોઈએ, નહીં તો આટલું બધું ધન ક્યાંથી પ્રાપ્ત થાય ? થોડી વાર પછી ધનદત્તનો મિત્ર પાછો આવ્યો અને ચિંતાતુર કેમ છો ? એમ પૂછ્યું. એટલે તે સ્ત્રીએ પોતાના દુઃખનું કારણ જણાવ્યું. ત્યારે મિત્રે કરંડિયાનો સઘળો વૃત્તાંત કહ્યો. ધનદત્તની સ્ત્રી આથી ઘણી રાજી થઈ અને ધર્મમાં તેની શ્રદ્ધા વધુ દૃઢ થઈ. ધનદત્તની સ્ત્રીએ તે ધનમાંથી રાજાને ભેટ આપી તેમે પ્રસન્ન કરી જમીનનો ટુકડો પ્રાપ્ત કર્યો. એની ઉપર સુંદર પ્રાસાદ, વાટિકા, સ્નાનાગાર વગેરે બનાવ્યાં. દાનશાળા ખોલીને તે દાન આપવા લાગી.

૪. બીજી તરફ ધનદત્ત લાંબો સમય વિદેશમાં રહ્યો છતાં ધન પ્રાપ્ત કરી શક્યો નહીં અને ચીંથરેહાલ થઈ સ્વદેશ પાછો ફર્યો. પોતાની (ધનદત્તની) સ્ત્રીએ બંધાવેલી નવી હવેલીની માહિતી લોકો પાસેથી મેળવી તે ત્યાં ગયો. દરવાને પ્રાસાદમાં પ્રવેશતાં તેને રોક્યો. ધનદત્તે અંદર જવાની હઠ કરી ત્યારે તેને શેઠાણી સમક્ષ ઉપસ્થિત કર્યો. શેઠાણીએ તેને ઓળખ્યો, અને આદરસત્કાર કર્યો. પણ પોતાને ત્યાં અઢળક સમૃદ્ધિ જોઈને ધનદત્તને પત્નીના શીલ પર શંકા ગઈ. શેઠાણીએ સઘળો વૃત્તાંત કહ્યો. તેમાં મિત્રે સાક્ષી પૂરતાં ધનદત્તને અપાર હર્ષ થયો. કેટલોક સમય સુખભોગ ભોગવી, પછી ધનદત્તે દીક્ષા લીધી.

[આધાર : **'ધનદત્ત શ્રેષ્ઠી—ચોપાઈ'**]

**ધન મુનિ** : જુઓ **અભયકુમાર મંત્રી**, ઘટક ૧૨.૩

**ધનવંત વણિક** (ભાગ્યની વિચિત્રતા ઉપર દૃષ્ટાંતકથા) : ધનપુરીમાં ધનવંત વણિક કટીબંધ વાસણમાં સુવર્ણનાં એક હજાર સિક્કા લઈ કનકાવતી નગરીમાં આવ્યો. ફરતોફરતો તે વેશ્યાવાડે આવ્યો. એક વેશ્યાને ત્યાં રાત રહ્યો.

કુટ્ટિનીએ એનો ખૂબ આદર કર્યો. પણ અમુક "બાધા" હોવાને બહાને ધનવંતે વેશ્યાને ત્યાં ભોજન લેવાનું ટાળ્યું. કુટ્ટિનીએ તેનું ધન પડાવી લેવા એક યુક્તિ કરી. વિષપ્રયોગ કરવા માટે ધનવંત સૂઈ રહ્યો ત્યારે તેના ગુદાદ્વારમાં ભૂંગળી વાટે ફૂંકીને કુટ્ટિનીએ ઝેર દાખલ કરવા માંડ્યું. ભાગ્યસંજોગે ધનવંતને અપાનવાયુ છૂટતાં ભૂંગળી મારફત ઝેર કુટ્ટિનીના મોંમાં પ્રવેશ્યું અને તે તરત મૃત્યુ પામી. વેશ્યાને, ધનવંતને અને કુટ્ટિનીના શબને રાજા પાસે લઈ જવામાં આવ્યાં. પૂછપરછ કરી રાજાએ સાચી હકીકત જાણી. તેણે પ્રસન્ન થઈ ધનવંતને અનેક ભેટ આપી. વેશ્યાનું ધન પણ ધનવંતને અપાવ્યું.

[આધાર : **'અંબડવિદ્યાધર'**માં બીજા ઘટકમાં આપેલી દૃષ્ટાંતકથા]

**ધનવંત શેઠ** (= **સિંહાસનબત્રીસી**–૨, આઠમી **કથા**) : જુઓ **ચમત્કારી જડીબુટ્ટી**.

**ધનશ્રી અને સમુદ્રદત્ત** (શીલપાલન ઉપર દૃષ્ટાંતકથા) : ૧ ઉજ્જેણીનગરીનો રાજા જિતશત્રુ રાણી કમલા સાથે સુખેથી રાજ્ય ચલાવતો. એ નગરમાં સાગરચંદ્ર શ્રેષ્ઠિ તેની પત્ની ચંદ્રશ્રી સાથે વસતા હતા. તેમણે પોતાના પુત્ર સમુદ્રદત્તને કલાચાર્ય પાસે શિક્ષણ લેવા મોકલ્યો. કલાચાર્યની ભાર્યાના સંસર્ગથી સમુદ્રદત્તની માતા કલાચાર્યના મોહમાં પડી. સમુદ્રદત્તને તેની ખબર પડતાં તેણે નહીં પરણવાની પ્રતિજ્ઞા કરી. પિતાએ તેને પરણાવવાના ઘણા પ્રયત્નો કર્યા, પણ તે ન માન્યો. એક વાર વ્યવસાયાર્થે સાગરચંદ્ર સોરઠ દેશના ગિરિપુરમાં ધન સાર્થવાહને ત્યાં ગયા. ત્યાંથી પાછા વળતાં, તેની પુત્રી ધનશ્રીનું માગું સમુદ્રદત્ત માટે કર્યું. ઘેર આવી પિતાએ સમુદ્રદત્તને ગિરિપુરમાંની પોતાની ચીજવસ્તુઓ લઈ આવવા કહ્યું, પણ તેની પાસે પરણવાની વાત ન કાઢી. સમુદ્રદત્તના મિત્રને અગાઉથી ગુપ્ત રીતે જણાવી દીધું કે, તેણે સમુદ્રદત્ત માટે ધનશ્રીનું માગું કર્યું છે અને ગમે તે પ્રપંચ રચી એનું પાણિગ્રહણ કરાવી દેજે. પછી સમુદ્રદત્ત અને તેનો મિત્ર ગિરિપુર પહોંચ્યા. ધન સાર્થવાહને સમુદ્રદત્તના આગમનની જાણ કરી વિવાહની તૈયારી કરાવી. સમુદ્રદત્તને ભોજન પર નિમંત્રી શરમમાં નાખી ધનશ્રી સાથે પાણિગ્રહણ કરાવ્યું. મિત્રે તેને પ્રેરી વાસગૃહમાં ધનશ્રી પાસે મોકલ્યો, પરંતુ તે પાછો આવ્યો અને દેહચિંતાનું બહાનું કાઢી ત્યાંથી ચાલ્યો ગયો. સાગરચંદ્રને તેની જાણ થતાં તે ગિરિપુર પહોંચ્યા, પરંતુ પુત્રની ભાળ ન મળી. એમ કરતાં બાર વર્ષ વીતી ગયાં.

૨. બારમા વર્ષને અંતે સમુદ્રદત્ત રખડતા ભિખારીના વેશે ધન સાર્થવાહને ત્યાં આવી બગીચાનું રખવાળું માગી કામે રહ્યો અને ઉદ્યાનને નંદનવનમાં ફેરવી નાખ્યો. એ જોઈ ધન સાર્થવાહે ખુશ થઈ તેને પોતાની દુકાને બેસાડ્યો. તેની નમ્રતા જોઈ વિનીતક એવું નામ આપ્યું. પછી ઘરનાં સર્વ કામકાજ કરતાં તેણે ધનશ્રીનું મન જીતી લીધું. હવે એક વખત ધનશ્રીથી આકર્ષાયેલા નગરરક્ષકે ગમે તેમ કરી તેને મેળવી આપવા વિનીતકને પ્રાર્થના કરતાં, પત્નીની કસોટી કરવા વિનીતકે ધનશ્રીને નગરરક્ષકની માગણી વિશે કહ્યું. ધનશ્રીએ પોતાનો ભર્તાર સમુદ્રદત્ત હોવાનું કહ્યું, ત્યારે વિનીતકે પોતાની ઓળખ છુપાવીને તેને પતિની રાહમાં યૌવન ન ગુમાવવા કહ્યું. ધનશ્રીએ શીલ વિનાની સ્ત્રી મૃતવત્ છે એમ કહી વિનીતકને તેના વર્તાવ બદલ ઠપકો આપ્યો. નગરરક્ષકે ફરીથી એક વાર ધનશ્રીને સમજાવવાનું કહેતાં ત્રીજી વખત ધનશ્રીએ પાઠ ભણાવવા યુક્તિ કરી નગરરક્ષકને અશોકવનમાં સર્વ ભોગસામગ્રી ગોઠવી નિમંત્રણ આપ્યું. નગરરક્ષકને ચન્દ્રહાસમદિરા પીવડાવી બેભાન બનાવી ખડ્ગથી તેનું મસ્તક છેદી વિનીતકને તેને ખાડામાં દાટી દેવા અને વાતને ગુપ્ત રાખવા કહ્યું.

૩. વિનીતકે ડરના માર્યા ધનશ્રી પાસે પોતાના અપરાધની માફી માગી અને 'સમુદ્રદત્ત કોણ ?' એમ પૂછતાં ધનશ્રીએ સઘળો વૃત્તાંત કહ્યો. વિનીતકે પોતે જ સમુદ્રદત્ત છે એ વાત ગોપવી રાખી ધનશ્રીને તેનો ભર્તાર શોધી આપવાનું કહી નીકળ્યો. પછી ધનશ્રી કુશીલ નથી એમ વિચારી તે તેની પ્રત્યે સાનુરાગ થયો. તે પોતાના પિતાના ઘરે આવ્યો. સાગરચંદ્ર શ્રેષ્ઠિએ ગિરિપુરમાં ધન સાર્થવાહને જમાઈના આગમનની વાત જણાવી. પછી સમુદ્રદત્ત ધનશ્રીને તેડવા ગિરિપુર ગયો, ત્યારે વિનીતક તરીકે રહી ગયેલા પુરુષને જ સમુદ્રદત્ત જાણી તે હર્ષિત થઈ. આમ ધનશ્રી પોતાના પતિને પામી નિષ્કલંક થઈ. [આધાર : **'શીલોપદેશમાલા—બાલાવબોધ'** તેંતાળીસમી દૃષ્ટાંતકથા]

**ધન્નો અને શાલિભદ્ર** : જુઓ **ધન્યકુમાર અને શાલિભદ્ર**

**ધન્યકુમાર અને શાલિભદ્ર** ( = **ધન્નો અને શાલિભદ્ર** = **શાલિભદ્ર અને ધન્યકુમાર**) : **૧. ધન્યકુમારનો જન્મ અને ગુણપરીક્ષા** : ગોદાવરી નદીને કાંઠે આવેલ પ્રતિષ્ઠાન નામે નગરમાં જિતશત્રુ નામે એક રાજા રાજ્ય કરતો હતો. એ નગરના ધનસાર નામે વણિકને શીલવતી નામની પત્ની અને ધનદત્ત, ધનદેવ અને ધનચંદ્ર નામના ત્રણ પુત્રો હતા. ત્રણેય પુત્રોની અનુક્રમે ધનશ્રી, ધનદેવી અને ધનચંદ્રા નામની પત્ની હતી. ગૃહસ્થજીવન ગાળતા ધનસારને ચોથો પુત્ર થયો જેનું નાળ દાટવા ગયા, ત્યારે જમીન ખોદતાં તેમાંથી ધન ભરેલો ચરુ મળી આવ્યો. તેથી પુત્રનું નામ ધન્યકુમાર પાડવામાં આવ્યું. તે અનેક શાસ્ત્રોમાં પારંગત થયો. ધનસાર ધન્યકુમારની પ્રશંસા કરતો તેથી તેના ત્રણેય મોટા પુત્રો નાના ભાઈની ઈર્ષ્યા કરતા. પિતાને કડવાં વેણ કહેતા. ધનસારે મોટા પુત્રોને નાના પુત્રની ઉત્કૃષ્ટતાની ખાતરી કરાવવા ગુણપરીક્ષા યોજી. ચારેય પુત્રોને સુવર્ણમહોરો આપી વેપાર કરવા તેની કમાણીમાંથી કુટુંબને ભોજન કરાવવા કહ્યું. ત્રણેય મોટા પુત્રો વેપારમાં ખાસ કશું ન કમાયા તેથી કુટુંબને માત્ર વાલ, તેલ, ચોળા વગેરેનું ભોજન કરાવ્યું.

બીજી બાજુ ધન્યકુમાર એક શેઠની દુકાને બેઠો હતો ત્યારે તે શેઠ ઉપર એક સાર્થવાહની એક ચિઠ્ઠી આવી કે, તે કીમતી કરિયાણાં લઈને આવી રહ્યો છે અને તે માલ વેચી વતન જવાની તેને ઉતાવળ છે. વેપારી ભોજન કરવા રોકાયો હતો, તે દરમિયાન ધન્યકુમારે તે ચિઠ્ઠી વાંચી પેલા સાર્થવાહ પાસે જઈ, માલનો સોદો કરી, વેપારીઓને તે માલ વેચી

સારો નફો મેળવી લીધો. ઘેર આવી તેણે આખા કુટુંબને ભાવતાં ભોજન કરાવ્યાં. આથી તેની ભાભીઓએ ધન્યકુમારની પ્રશંસા કરી. એટલે પોતાના મોટા પુત્રોને બોધ આપવા ધનસારે એક દૃષ્ટાંત કહ્યું:

**૨. વેશધારી પતિત મુનિનું દૃષ્ટાંત** (ઈર્ષ્યા ન કરવા વિશે) : ગોચરી માટે એક ઘેર ગયેલા તપસ્વી સાધુને વહોરાવવા એક યુવતી બહાર આવી. પરંતુ તે સાધુ કંઈ લીધા વિના ચાલ્યા ગયા. થોડા સમય પછી બીજા એક ગુણાનુરાગી સાધુએ ત્યાં આવી ભિક્ષા લીધી, તેથી યુવતીએ પહેલાં આવેલા સાધુએ ભિક્ષા ન લીધાનું કારણ પૂછ્યું. બીજા સાધુએ ખુલાસો કર્યો કે, ઘરનું બારણું નીચું હોઈને અંધારામાં ભિક્ષાન્ન કેવું છે તે સરખું ન દેખાય, તેથી તેમણે ભિક્ષા ન લીધી. પોતે ભિક્ષા લીધી, કેમ કે તે વેશધારી સાધુ (=પાસત્થો) છે. બીજા સાધુના ગયા પછી ભિક્ષા વહોરવા આવેલા ત્રીજા એક સાધુએ દ્વેષભાવે, આગળના બંને સાધુઓને પ્રપંચી અને દંભી ગણાવ્યા.

(દૃષ્ટાંત સમાપ્ત)

આ દૃષ્ટાંત દ્વારા ધનસારે ત્રણેય પુત્રોને ઈર્ષ્યા છોડી ગુણાનુરાગી બનવાનું કહ્યું, પરંતુ ત્રણેય પુત્રોએ ધન્યકુમાર કોઈ યોગાનુયોગે, વેપારી સૂઝથી નહીં, પરંતુ અકસ્માતે, પૈસા કમાયો હોવાનું માન્યું.

આથી ધનસારે ફરી કસોટી કરવાનું નક્કી કરી ચારેય પુત્રોને સોનામહોરો આપીને બીજી વાર વેપાર અર્થે મોકલ્યા. ત્યારે પણ મોટા ત્રણેય ખાસ નફો ન કરી શક્યા, પણ ધન્યકુમારે સારાં લક્ષણવાળો એક ઘેટો ખરીદી તેને રાજપુત્રના ઘેટા સાથે લડાઈમાં ઉતારી એક લાખ સોનૈયા શરતમાં મેળવ્યા. વળી, ઘેટાના વેચાણમાંથી પણ તેને સારી એવી રકમ પ્રાપ્ત થઈ. એ સાંભળી ભાઈઓની ઈર્ષ્યામાં વધારો જ થયો. એટલે ધનસારે તેમને સમજાવવા એક બીજું દૃષ્ટાંત કહ્યું :

**૩. 'પંકપ્રિય' કુંભારનું દૃષ્ટાંત** (ઈર્ષ્યા ન કરવા વિશે) : અયોધ્યાનગરીમાં રહેતા પંકપ્રિય નામના ધનવાન કુંભારનું કોઈની અસંબદ્ધ વાત સાંભળી માથું દુઃખતું, તેથી તે માથું કૂટતો. આથી તેના દીકરાઓએ તેને આવી ઉપાધિમાંથી છૂટવા, નગર છોડીને વનમાં રહેવા જવા કહ્યું. પંકપ્રિય પુત્રોની વાત સ્વીકારી જંગલની એક ઝૂંપડીમાં રહેવા લાગ્યો. શિકારે નીકળેલો એક રાજા ભૂલો પડતાં તે પંકપ્રિયની ઝૂંપડીએ પહોંચ્યો. ત્યાં તેને પંકપ્રિયે સરસ ભોજન જમાડ્યું. રાજાએ એકલા રહેવાનું કારણ પૂછતાં પંકપ્રિયે બધી હકીકત કહી. રાજા ઉપકારનો બદલો વાળવા પંકપ્રિયને સમજાવીને નગરમાં લઈ ગયો અને એની સમક્ષ અસંબદ્ધ વાત કરનારને કડક શિક્ષા કરવાનું વચન આપ્યું.

પંકપ્રિયને લઈને રાજા નગરસીમાડે પહોંચ્યો, ત્યારે તેણે ત્યાં એક સુંદર ખેડૂતકન્યાને જોઈ. રાજાએ તેની સાથે લગ્ન કરી તેને પટરાણી બનાવી. તેનું ખકખારાણી એવું નામ રાખ્યું. રાજાએ નગરમાં એવી ઘોષણા કરાવી કે જે કોઈ પંકપ્રિય આગળ અસંબદ્ધ વાત કરશે તેને શિક્ષા થશે. એ રીતે પંકપ્રિયે એક વર્ષ સુખથી પસાર કર્યું.

એક દિવસ રાજા, ખકખારાણી અને પંકપ્રિય શહેર બહાર ફરવા ગયાં હતાં. ત્યાં એક બોરડીનું ઝાડ જોતાં રાજાએ રાણીને તે વૃક્ષનું નામ પૂછ્યું. ખકખા બોલી કે, હું તો એ ઝાડનું નામ ભૂલી ગઈ છું. તેની આવી ખોટી વાત સાંભળી દાઝી ઊઠેલા પંકપ્રિયે માથું કૂટ્યું. તે જોઈ રાજાને થયું કે આ માણસનો સ્વભાવ બદલાશે નહીં, તેથી તેણે તેને જંગલમાં પાછો મોકલી આપ્યો. એક દિવસ જંગલમાં વાઘની ગર્જનાથી ગભરાયેલો પંકપ્રિય એક સાંકડી કૂંડીમાં પેસી જતાં તેનાં અંગો જકડાઈ ગયાં અને તે મૃત્યુ પામ્યો. મરતી વખતે તેણે દીકરાઓ માટે બે ગાથા લખી હતી. એમાં પુત્રોને અસંબદ્ધ વાત ન કરવાની શિખામણ આપી હતી.

(દૃષ્ટાંત સમાપ્ત)

પિતાએ આપેલ દૃષ્ટાંતથી ત્રણેય પુત્રોને વધુ ઈર્ષ્યા થઈ. તેમણે તો ધન્યકુમાર જુગાર રમીને પૈસા કમાયો હોવાનું જણાવ્યું. આથી પિતાએ દરેકને સો સો સોનામહોરો આપીને ત્રીજી વાર વેપાર કરવા કહ્યું. મોટા પુત્રોએ બધી જ રકમ ગુમાવી. ધન્યકુમારે બજારમાંથી લાકડાનો એક ખાટલો ખરીદ્યો. એ ખાટલો મૂળમાં તો એક કંજૂસ શેઠને ઘેરથી આવેલો હતો. પોતાના દીકરાઓ પોતાનું ધન પડાવી ન જાય તે માટે તે શેઠે ખાસ પ્રકારનાં પોલાણોવાળો ખાટલો બનાવી તેમાં મણિ સંતાડ્યાં હતાં. મરતાં પહેલાં તે શેઠે પોતાને ખાટલા સાથે બાળી દેવાની સૂચના આપી હતી. પરંતુ સ્મશાનમાં રહેતા ચાંડાળે તેમ ન કરવા દઈ ખાટલા પર પોતાનો હક કરીને તે ખાટલો મેળવી લીધો. પછી તેને બજારમાં વેચવા કાઢ્યો. ધન્યકુમારે તે ખરીદ્યો અને તેમાંથી તેને રત્નો મળ્યાં. આથી પણ ભાઈઓની ઈર્ષ્યાવૃત્તિમાં કશો ફેર પડ્યો નહીં. આથી પિતાએ તેમને રુદ્રાચાર્યનું દૃષ્ટાંત કહ્યું :

**૪. રુદ્રાચાર્યનું દૃષ્ટાંત** (ઈર્ષ્યા ન કરવા વિશે) : રુદ્રાચાર્ય નામના આચાર્યના ચાર શિષ્યો વિદ્વાન અને તપસ્વી તરીકે વિખ્યાત હતા : એક શિષ્ય દર્શનશાસ્ત્ર માટે, એક તપશ્ચર્યા માટે, એક નિમિત્તશાસ્ત્ર માટે અને એકની સત્યવક્તા અને પ્રવચનકાર તરીકે ખ્યાતિ હતી. રુદ્રાચાર્યને પોતાના શિષ્યોની જે પ્રશંસા અને આદર–સત્કાર થતાં તેથી ઈર્ષ્યા આવતી.

દર્શનશાસ્ત્રી શિષ્યે એક વાર કોઈક પંડિતને શાસ્ત્રચર્ચામાં હરાવ્યો. લોકોએ તેની પ્રશંસા કરી. તે સાંભળી રુદ્રાચાર્યને ક્રોધ ચડયો. નિમિત્તશાસ્ત્રના જાણકાર શિષ્યે એક દુરાચારી અને મિથ્યાદષ્ટિ રાજાને, તેના નવા ઘરના ગૃહપ્રવેશના પ્રસંગે વિઘ્ન આવી પડવાની ખાતરી કરાવીને તેનું અમંગળ નિવાર્યું. તેથી તે રાજા જૈન ધર્મમાં શ્રદ્ધાળુ બન્યો. તે શિષ્યને રાજ-સન્માન મળ્યું, તેથી રુદ્રાચાર્ય ઈર્ષ્યાથી બળવા લાગ્યા.

રુદ્રાચાર્ય કાળધર્મ પામી દેવલોકમાં ચાંડાળનું કામ કરનાર કિલ્બિષ દેવ તરીકે ઉત્પન્ન થયા. ત્યાંથી બીજા ભવે બ્રાહ્મણના ઘેર મૂંગા બાળક તરીકે અવતર્યા. ત્યાર બાદ તેમણે અનેક ભવમાં ભમી દુઃખ ભોગવ્યાં.

(દષ્ટાંત સમાપ્ત)

રુદ્રાચાર્યની વાત સાંભળી ધનસારના ત્રણેય પુત્રો થોડો સમય શાંત રહ્યા. પરંતુ તેમની ઈર્ષ્યા ઓછી થઈ નહીં. ધન્યકુમારના પ્રતાપે ધનસાર ૬૬ કરોડ સુવર્ણમહોરનો ધણી થયો.

**૫. ધન્યકુમારને ચમત્કારી 'તેજમતુરી' માટીની પ્રાપ્તિ :** એક દિવસ પ્રતિષ્ઠાનપુરના સમુદ્રકિનારે એક વહાણ ખેંચાઈને આવી ચઢયું. તેનો માલિક મૃત્યુ પામ્યો હતો. રાજાએ વહાણ કબજે કર્યું. તેમાંનો માલસામાન ઉતરાવી તે વેચવા નગરના વેપારીઓને બોલાવ્યા. ધનસારે ધન્યકુમારને મોકલ્યો. વેપારીઓએ તેમાંથી કીમતી વસ્તુઓ ખરીદી લીધી. વહાણના તળિયે રહેલી ખારી માટી ધન્યકુમારે ખરીદી. 'તેજમતુરી' નામની એ ચમત્કારી માટીમાં એવો ગુણ હતો કે તેના સ્પર્શથી હલકી ધાતુઓ સોનું બની જાય. ધન્યકુમારે તે માટીને ઘેર લાવી તાંબામાંથી સોનું બનાવ્યું. ધન્યકુમારને થયેલા આ લાભની રાજા પાસે કોઈએ ચાડી ખાધી. રાજાએ ધન્યકુમારને બોલાવતાં તેણે સાચી વાત જણાવી. રાજા તેથી પ્રસન્ન થયો.

**૬. ધનનિધિની પ્રાપ્તિ :** એક દિવસ માળવા દેશમાં ફરતા ધન્યકુમારને એક ખેડૂતે ભાત અને અન્ય વાનગીઓ ભોજન માટે ધરી. પરંતુ પોતે મહેનત કરીને જ મેળવેલું ખાતો હોવાનું કહીને ધન્યકુમારે ખેડૂતને તેનું ખેતર ખેડી આપ્યા બાદ જ તેની સાથે જમશે એમ જણાવ્યું. ધન્યકુમારે ખેતર ખેડવાનું ચાલુ કર્યું, ત્યાં જમીનમાંથી દાટેલો એક ચરુ મળી આવ્યો. તે તેણે ખેડૂતને આપી દીધો. ખેડૂતે એ વાત રાજાને કરી. રાજાની મંજૂરીથી ખેડૂતે ધન્યકુમારનું ગૌરવ કરવા ત્યાં ધન્યનગર વસાવ્યું.

**૭. શિયાળની લાળી સમજીને, નદીમાં તણાતા શબ પરથી રત્નપ્રાપ્તિ :** ત્યાંથી આગળ ચાલતાં ધન્યકુમારે એક નદીકિનારે રાત ગાળી. સવારે ઊઠતાં જ તેણે દુર્ગા પક્ષીનો શુકનિયાળ અવાજ સાંભળ્યો. એટલામાં શિયાળે લાળી કરી. પ્રાણીની બોલીનું જ્ઞાન ધરાવતો ધન્યકુમાર, નદીમાં તણાતા શબની કમરમાં પુષ્કળ રત્નો છે, એવો શિયાળની બોલીનો અર્થ સમજી ગયો. શબને ખેંચી લાવીને તેણે તેની કમરમાંથી રત્નો લઈ લીધાં.

**૮. તળાવમાં ઊતર્યા વિના વચ્ચેના થાંભલાને દોરડું વીંટી દેવાની કસોટી :** ત્યાંથી ધન્યકુમાર ઉજ્જયિની નગરી ગયો. ત્યાંના ચંડપ્રદ્યોત રાજાએ બુદ્ધિશાળી મંત્રીની શોધ માટે કસોટીરૂપે સરોવરની વચ્ચે ખોડેલા થાંભલાને, પાણીમાં ઊતર્યા વિના દોરડું બાંધી આપવાનું આહ્વાન આપેલું. ધન્યકુમારે તે કાર્ય પાર પાડતાં રાજાએ તેને મંત્રી બનાવ્યો. દુર્ભાગ્યે બધી ધનસંપત્તિ નાશ પામતાં, ઉજ્જયિનીમાં આવી પહોંચેલા પિતા અને ભાઈઓને ધન્યકુમારે પુષ્કળ ધન આપીને સર્વપ્રકારે મદદ કરી. પરંતુ થોડા વખત પછી ધન્યકુમારની ઈર્ષ્યાથી બળતા ભાઈઓએ પિતાને એમ ઠસાવ્યું કે ધન્યકુમારે ચોરી કરીને રાજ્યમાં સ્થાન મેળવ્યું છે.

**૯. ગંગાદેવીની મોહમુક્તિ :** એ બહાને તેઓ પિતા સહિત અન્યત્ર રહેવા ચાલ્યા ગયા. ધન્યકુમાર ઉજ્જયિનીથી નીકળી કાશીના ગંગાકિનારે આવ્યો. ત્યારે તેની સમક્ષ ગંગાદેવીએ પ્રગટ થઈ કામોત્તેજક હાવભાવ કર્યા. પણ ધન્ય-કુમાર ચલિત ન થયો તેના ઉપદેશથી ગંગાદેવીનો કામવિકાર શમી ગયો. દેવીએ તેને ચિંતામણિ રત્ન ભેટ આપ્યું.

**૧૦. ધન્યકુમાર રાજગૃહીમાં :** ત્યાંથી નીકળી ધન્યકુમાર રાજગૃહી આવ્યો, ત્યાં રાજા શ્રેણિક અને તેમનો પુત્ર અભય-કુમાર મંત્રી હતા. કુસુમપાળ નામનો શ્રેષ્ઠી હતો. કુસુમપાળના વેરાન ઉદ્યાનમાં ધન્યકુમારે વિસામો લેતાં તેનાં વૃક્ષો નવ-પલ્લવિત થઈ ગયાં. કુસુમપાળે રાજી થઈ, ધન્યકુમારનાં ઉત્તમ લક્ષણ પારખી તેણે પોતાની પુત્રી કુસુમશ્રી પરણાવી.

**૧૧. અભયકુમારની કુસામણી :** એક દિવસ માળવાનો ચંડપ્રદ્યોત રાજગૃહી ઉપર ચડી આવતાં અભયકુમારે યુદ્ધ ન કરવા વિચાર્યું. તેણે એક લેખ ચંડપ્રદ્યોતને મોકલ્યો. એમાં જણાવ્યું કે, મારા પિતા શ્રેણિકે તમારા પક્ષના બધા રાજાઓને લાંચ આપી ફોડી નાખ્યા હોઈને, તે બધા તમને પશુની જેમ બાંધશે. આ વાતનો પુરાવો એ છે કે, તમારા તંબૂની નીચે ખોદવાથી સુવર્ણમહોરો નીકળશે. ચંડપ્રદ્યોતે ખાતરી કરવા તેમ કરતાં સુવર્ણમહોરોની વાત સાચી નીકળી. આ માટે અભયકુમારે અગાઉથી જ ખાડા ખોદાવી ધન દાટી રાખવાની યુક્તિ અજમાવી હતી. દગો થવાની બીકે ચંડપ્રદ્યોત નાસી છૂટયો. તેની પાછળ બીજા રાજાઓ પણ ગયા. રાજા–

ઓએ ચંડપ્રદ્યોતને નાસી જવાનું કારણ પૂછતાં, અભયકુમારે કરેલી વાત તેમને કહી, ત્યારે રાજાઓએ તેઓ વિશ્વાસઘાતી ન હોવાની ખાતરી આપતાં, ચંડપ્રદ્યોતને તે અભયકુમારનો પ્રપંચ હોવાનું સમજાયું. આથી અભયકુમારને પકડી લાવનારને મોટું ઇનામ આપવાની ચંડપ્રદ્યોતે જાહેરાત કરી. એક ગણિકાએ તે માટે બીડું ઝડપ્યું. ગણિકા શ્રાવિકાનો કપટવેશ ધારણ કરીને રાજગૃહી પહોંચી. દેવવંદન કરતી વેળા તેનો અભયકુમાર સાથે પરિચય થયો. અભયકુમારે તેને ભોજન માટે નિમંત્રણ આપ્યું. ગણિકાએ તેને વળતું નિમંત્રણ આપ્યું. પોતાને ત્યાં ભોજન માટે આવેલા અભયકુમારને તેણે યુક્તિપૂર્વક નશીલી મદિરા પાઈને બેભાન કર્યો અને પછી તેને બાંધીને ચંડપ્રદ્યોત પાસે લઈ ગઈ. નશો ઊતરતાં અભયકુમારને ગણિકાનું કપટ સમજાઈ ગયું. અભયકુમાર પોતાનાં બુદ્ધિ અને ડહાપણથી ઉજ્જયિનીમાં સૌનો પ્રીતિપાત્ર બની ગયો.

**૧૨. ધન્યકુમારે સેચનક હાથીને વશ કર્યો** : એ દરમિયાન રાજગૃહીમાં રાજાના સેચનક નામના હાથીએ ઉપદ્રવ મચાવ્યો. તેને પકડવાના સર્વ ઉપાયો નિષ્ફળ ગયા. રાજાએ તેને વશ કરનારને પોતાની કુંવરી સોમશ્રી પરણાવવાનું અને એક હજાર ગામ બક્ષિસ આપવાનું જાહેર કર્યું. ધન્યકુમારે હાથીને વશ કરી તેને સ્તંભ સાથે બાંધી દીધો અને રાજકુમારી સોમશ્રી અને એક હજાર ગામ મેળવ્યાં.

**૧૩. શાલિભદ્રનો જન્મ** : મગધ દેશના શાલિગ્રામમાં સરળ પ્રકૃતિની ધન્ના નામે એક સ્ત્રીને સંગમ નામે વિનયશીલ પુત્ર હતો. એક વખત તેણે પોતાની માતા પાસે ખીરની માગણી કરી. પાડોશમાંથી માગેલી ચીજવસ્તુ એકઠી કરી માતાએ પુત્રને ખીર બનાવી આપી. બાળકને નજર ન લાગે તે માટે સંગમને ખીર આપી તે પડોશણને ત્યાં જઈ બેઠી. એવામાં ગોચરી માટે આવેલા એક સાધુને સંગમે ખીર વહોરાવી દીધી. માએ આવીને બીજી ખીર પીરસી. એ ખાધા પછી સંગમને ઝાડાઊલટી થતાં તે મૃત્યુ પામ્યો. દાનના પ્રભાવે બીજા ભવમાં તે રાજગૃહી નગરીમાં ગોભદ્ર નામના શ્રેષ્ઠીની ભદ્રા નામની પત્નીની કૂખે પુત્રરૂપે જન્મ્યો. ગર્ભ દરમિયાન ભદ્રાએ સ્વપ્નમાં શાલિનું ખેતર જોયું હતું, તેથી પુત્રનું નામ શાલિભદ્ર પાડવામાં આવ્યું. તે યુવાન થતાં તેને બત્રીસ કન્યાઓ પરણાવી.

**૧૪. કાણા ધૂર્તની ઠગબાજી** : રાજગૃહીમાં અભયકુમારની ગેરહાજરીનો લાભ ઉઠાવવા માગતો, એક આંખે કાણો એક ધૂર્ત, વણિકનો વેશ ધારણ કરી ગોભદ્ર શેઠ પાસે આવી કહેવા લાગ્યો : 'આપણે વેપાર કરવા ચંપાનગરી સાથે ગયા હતા, ત્યારે તમે મને એક લાખ રૂપિયા વ્યાજે આપ્યા હતા. તેના બદલામાં મેં મારી એક આંખ તમારે ત્યાં થાપણ તરીકે મૂકી હતી. તમે તે પૈસા લઈ મારી આંખ મને પાછી આપો.' ગોભદ્રે એ વાત સાચી ન હોવાનું કહ્યું. બીજા વેપારીઓએ પણ પેલાને સમજાવ્યો. પણ તે ન માન્યો. છેલ્લે ગોભદ્રે વિવાદનો ઉકેલ લાવી આપનારને પોતાની પુત્રી પરણાવવાનું કહ્યું. ધન્યકુમારે બીડું ઝડપી પેલા ધૂર્તને કહ્યું : 'ગોભદ્રને ત્યાં થાપણ તરીકે પડેલી અનેક આંખમાંથી તારી પોતાની આંખ શોધવાનું મુશ્કેલ હોઈ તારી બીજી આંખ કાઢીને મને આપ, જેથી તેની સાથે મેળવીને તારી આંખ તને પાછી આપીએ.' આથી ધૂર્ત મુશ્કેલીમાં મુકાઈ ગયો. તેનું જૂઠાણું પકડાઈ જતાં રાજાએ તેને દેશવટો આપ્યો. ગોભદ્રે પોતાની પુત્રી સુભદ્રાને ધન્યકુમાર સાથે પરણાવી. આયુષ્ય પૂર્ણ થતાં ગોભદ્ર મૃત્યુ પામ્યો અને દેવલોકમાં દેવ તરીકે અવતર્યો. તે પોતાના પુત્ર શાલિભદ્ર માટે ભોગોપભોગની અઢળક દિવ્ય સામગ્રી મોકલવા લાગ્યો.

**૧૫. ધન્યકુમાર કૌશાંબીમાં : રત્નપરીક્ષા** : રાજગૃહીમાં પોતાની પત્નીઓ સાથે રહેતા ધન્યકુમારે એક દિવસ પોતાનાં માતાપિતા અને ભાઈઓને ચીંથરેહાલ દશામાં રસ્તેથી પસાર થતાં જોયાં. તે બધાંને નોકર દ્વારા બોલાવી તેમની બેહાલીનું કારણ પૂછ્યું. પિતાએ બધી વાત કરી. ધન્યકુમારે તેમને નગર બહાર મોકલી, વસ્ત્રાભૂષણોથી સજાવી નગરપ્રવેશ કરાવ્યો. પરંતુ ભાઈઓ ફરી ધન્યકુમારની ઈર્ષ્યા કરવા લાગ્યા. તેથી બધી જ સંપત્તિ અને ત્રણેય પત્નીઓનો ત્યાગ કરી, માત્ર ચિંતામણિ રત્ન સાથે લઈ ધન્યકુમાર કૌશાંબી નગરી આવ્યો. કૌશાંબીના રાજા શતાનીકના રત્નાગારમાં સહસ્રકિરણ નામનું એક રત્ન હતું. તેની નિત્ય પૂજા કરવામાં આવતી. પરંતુ તેનાં ગુણલક્ષણોની કોઈને ખબર ન હતી. રાજાએ રત્નની ગુણ-પરીક્ષા જે કરી આપે તેને પોતાની પુત્રી સૌભાગ્યમંજરી પરણાવવાની અને પાંચસો ગામ ભેટ આપવાની જાહેરાત કરી. ધન્યકુમારે રત્નપરીક્ષા કરીને જણાવ્યું કે, એ રત્નના પ્રભાવને કારણે રાજાનો કોઈ પરાભવ નહીં કરી શકે. તેની ખાતરી કરવા ચોખાથી ભરેલા થાળ ઉપર સહસ્રકિરણ રત્ન મૂકી પક્ષીઓ છોડવામાં આવ્યાં. પરંતુ તેઓ થાળમાંથી કશું ખાઈ શક્યાં નહીં. મણિ ઉપાડી લીધા બાદ પક્ષીઓ બધા જ ચોખા ખાઈ ગયાં. ધન્યકુમારે કરેલ રત્નપરીક્ષાથી રાજી થઈ રાજાએ પોતાની પુત્રી સૌભાગ્યમંજરીને તેની સાથે પરણાવી અને પાંચસો ગામ ભેટ આપ્યાં.

**૧૬. દુર્દશામાં આવી પડેલા કુટુંબીજનોને આશ્રય : કુટુંબમેળો** : ધન્યકુમારે કૌશાંબીની નજીકમાં ધન્યપુરી નામે એક નગર વસાવ્યું. ત્યાં પાણીની મુશ્કેલી દૂર કરવા એક

સરોવર ખોદાવ્યું. બીજી બાજુ શ્રેણિકે પોતાના જમાઈ ધન્યકુમાર નગરી છોડી ચાલ્યા ગયાનું સાંભળતાં તેમના ભાઈઓ પાસેથી શિક્ષારૂપે તેમનું બધું ધન આંચકી લીધું. ધનસારે પણ ત્યાં રહેવાનું યોગ્ય ન માનીને ધન્યકુમારની પત્નીઓ સોમશ્રી અને કુસુમશ્રીને તેમને પિયર મોકલી આપી. પણ સુભદ્રાએ તો સાસરામાં જ રહેવાનો આગ્રહ રાખ્યો. ધનસાર સહિત એ આઠ જણ ફરતાં ફરતાં કૌશાંબી આવ્યાં. ત્યાં ધન્યકુમાર સરોવર ખોદાવી રહ્યો હતો તે કામમાં જોડાઈને તેમણે આજીવિકા મેળવવા માંડી. થઈ રહેલા કામની તપાસે આવેલા ધન્યકુમારે ત્યાં પોતાના આખા કુટુંબને મજૂરી કરતું જોયું. પિતાને કેટલીક પૂછપરછ કરી. ધનસાર પોતાના પુત્રને ઓળખી શક્યો નહીં. ધન્યકુમારે પિતા માટે ઘી–છાશની વ્યવસ્થા કરી. ત્રણેય વહુઓ કરતાં ચોથી વહુ સુભદ્રાને છાશ ઉપરાંત વિવિધ ખાદ્યસામગ્રી મળવા લાગી.

એક દિવસ સૌભાગ્યમંજરીના પૂછવાથી સુભદ્રાએ પોતાનાં માતાપિતા, ભાઈ અને પતિનાં નામ આપ્યાં, તેમ જ દુઃખનું કારણ જણાવ્યું. એવામાં ત્યાં આવેલા ધન્યકુમારે પતિ વિના તું કેવી રીતે રહી શકે છે ? વગેરે પ્રશ્નો કરી પોતાને પતિ તરીકે સ્વીકાર કરવા કહ્યું. ત્યારે સુભદ્રાએ તેને પરસ્ત્રીની આશા ન કરવા જણાવ્યું. છેવટે ધન્યકુમારે સંકેતો આપી પોતે તેનો પતિ હોવાની સુભદ્રાને ખાતરી કરાવી.

બીજી બાજુ સુભદ્રાને આવતાં વાર થઈ, એટલે ધનસારની પત્નીએ પતિને તપાસ કરવા કહ્યું. તપાસ કરતાં ધનસારે સુભદ્રાને નવાં વસ્ત્રાલંકાર સાથે ધન્યકુમારને ત્યાં જોઈ. આથી કુળને કલંક લાગ્યું હોવાની ધનસારને ચિંતા થઈ. પોતે નિર્ધન હોઈને કોઈ તેમની આ વાત સાંભળશે નહિ, એમ વિચારી તેણે કેટલાક વેપારીઓને વાત કરતાં તેઓએ ધન્યકુમાર અનીતિમાન ન હોવાનું કહ્યું. છતાં તપાસ કરવા વેપારીઓએ પૂછપરછ કરી ત્યારે ધન્યકુમારે એમની વાતને હસી કાઢી, એટલે તેઓ ચાલ્યા ગયા. છેવટે ધનસારે જ પોતાની પુત્રવધૂને રોકી રાખવા અંગે ધન્યકુમારને પૂછતાં તેણે પિતાને ઘરમાં બોલાવી બધી વાત કરીને તેમની ક્ષમા માગી. એ પછી માતા અને ભાઈઓને પણ બોલાવી લીધાં. તે પછી તપાસ કરવા આવેલી ત્રણેય ભાભીઓને પોતે તેમને ઓળખતા ન હોવાનું કહી ઘરમાં આવવા ન દીધી. એટલે તેમણે કૌશાંબીના મહારાજા સમક્ષ પોતાનાં સાસુસસરા અને પતિઓ ગૂમ થયાની ફરિયાદ કરી. રાજાએ તપાસ કરવા મોકલેલા માણસો સાથે ધન્યકુમારે કહેવડાવ્યું કે, તેણે સત્યનો માર્ગ છોડયો નથી. વળી, રાજા શતાનીક હોય તો, પોતે લક્ષાનીક હોવાનું જણાવ્યું. રાજાએ આથી ગુસ્સે ભરાઈ યુદ્ધ કરવા સેના મોકલી પરંતુ સેના હારવા લાગી. મંત્રીઓની સલાહથી યુદ્ધ અટકાવી રાજાએ તપાસ કરીને સાચી હકીકત જાણી. ધન્યકુમારે પણ સૌની સાથે સુમેળ કરી લીધો.

**૧૭. ધન્યકુમાર લક્ષ્મીપુરમાં : સંગીતકલાથી હરિણીને વશ કરી :** પોતાના ભાઈઓ ફરીથી અપ્રીતિવાળા ન થાય એ માટે એ નગર છોડી જવાનું વિચારી ધન્યકુમાર સુભદ્રા અને સૌભાગ્યમંજરીને લઈ રાજગૃહી જવા નીકળ્યો. રસ્તામાં તેણે સાંભળ્યું કે એક વાર લક્ષ્મીપુરના જિતશત્રુ રાજાની ગીતકલામાં વિશારદ ગીતકલા નામની કુંવરીએ તેના સંગીતને વશ થઈને આવેલી એક હરિણીના ગળામાં ગમ્મત ખાતર હાર નાખ્યો, ત્યારે તે લઈને હરિણી નાસી ગઈ. ગીતકલાથી હરિણીને પાછી બોલાવીને એ હાર પાછો મેળવી આપનારને પરણવાની કુંવરીએ પ્રતિજ્ઞા લીધી હતી. ધન્યકુમારે વનમાં જઈ વીણા સાથે ગીત ગાઈને તે હરિણીને વશ કરી અને તેના ગળામાંથી હાર કાઢી લઈને કુંવરીને પાછો આપ્યો. ગીતકલા ધન્યકુમારને પરણી.

**૧૮. દાનસમસ્યાનો ઉકેલ :** લક્ષ્મીપુરના રાજાના મંત્રીની સરસ્વતી નામની પુત્રી ઘણી બુદ્ધિશાળી અને ચતુર હતી. તેણે પ્રતિજ્ઞા કરી હતી કે, સમસ્યાબાજીમાં જે પુરુષ મને જીતશે તેને જ હું પરણીશ.

**સરસ્વતીએ પૂછેલી સમસ્યા :** સરસ્વતી રાજાની સાક્ષીએ નીચેની સમસ્યા પૂછતી : 'ગંગા નદીને કિનારે એકચિત્તથી ભાવપૂર્વક દાન દેનારો નરકમાં જાય છે અને દાન લેનાર મૃત્યુ પામે છે. તો એનો શો ખુલાસો ?'

ધન્યકુમારે તેનો સાચો ઉત્તર આ પ્રમાણે આપ્યો : 'અહીં દાન લેનાર તે માછલી છે અને દાન આપનાર માછીમાર છે. એટલે કે માછીમાર લોઢાનો અણીદાર અંકોડો માંસના ટુકડા સાથે પાણીમાં નાખે છે. માછીમારે દાનમાં આપેલી આ વસ્તુ ગ્રહણ કરવા જતાં માછલી મૃત્યુ પામે છે. આવું પાપ કરનાર માછીમારની ગતિ નરકની થાય છે.'

સરસ્વતીની સમસ્યાનો સાચો ઉત્તર આપ્યા પછી ધન્યકુમારે પોતે તેને આ પ્રમાણે સમસ્યા પૂછી : 'એવું તે શું છે જે નાગ અને નારંગ ઉપર લાગતું નથી, પરંતુ નિંબ (લીંબડો) ઉપર લાગે છે ? વળી 'લાગ' એમ કહીએ તો તે લાગતું નથી, અને 'મા' (ના) એમ કહીએ તો લાગે છે.'

આ સમસ્યાનો ઉત્તર સરસ્વતી ન આપી શકતાં તેણે પોતાની હાર સ્વીકારી. ધન્યકુમારે સમસ્યાનો ખુલાસો આ પ્રમાણે આપ્યો : 'આ સમસ્યાનો ઉત્તર 'ઓષ્ઠપુટ' છે. 'નાગ' અને 'નારંગ' જેવા શબ્દો બોલતાં હોઠ પરસ્પર જોડાતા નથી; 'નિંબ' અને 'બિમ્બ' શબ્દ બોલતાં હોઠ જોડાય છે. 'લાગ'

શબ્દ બોલતાં તે જોડાતા નથી, પરંતુ 'મા' કહેતાં તે જોડાય છે.

સરસ્વતીની દાન અંગેની સમસ્યાનો સાચો ઉત્તર ધન્યકુમારે આપ્યો. એ પછી ધન્યકુમારે પૂછેલ સમસ્યાનો સરસ્વતી ઉત્તર ન આપી શકી. એટલે મંત્રીએ પોતાની પુત્રી ધન્યકુમાર સાથે પરણાવી.

**૧૯. વારસાના કોયડાનો ઉકેલ** : લક્ષ્મીપુરમાં પત્રમલ્લ નામે એક ધનાઢ્ય વેપારીને ચાર પુત્રો અને એક પુત્રી હતાં. પોતાનો મૃત્યુસમય નજીક જાણી તેણે પોતાની સંપત્તિના ચાર સરખા ભાગ કરી દરેક પર નામ લખીને જમીનમાં દાટાવી દીધા. તે પછી તે મરણ પામ્યો. થોડા સમય બાદ પુત્રોએ વારસો વહેંચી લેવાનું નક્કી કર્યું. જમીનમાં દાટેલ કળશ બહાર કાઢ્યા. સૌથી મોટા ભાઈના કળશમાંથી શાહી, ચોપડા અને કલમ; બીજા ભાઈના કળશમાંથી માટી; ત્રીજા ભાઈના કળશમાંથી હાથી અને ઘોડા જેવાં પ્રાણીઓનાં હાડકાં; અને ચોથા ભાઈના કળશમાંથી આઠ કરોડ સોનામહોર મળી. મોટા ત્રણેયનાં મોં પડી ગયાં. તેમણે નાના ભાઈ પાસેથી ભાગ માગ્યો. નાનાએ તેનો ઇન્કાર કરતાં ઝઘડો થયો. ન્યાય માટે તેઓ રાજા પાસે ગયા. રાજાએ એ કામ ધન્યકુમારને સોંપ્યું. તેણે પેલા ચારેય ભાઈઓની વાત સાંભળી. તેમના પિતાએ તેમનો વારસો સરખે હિસ્સે વહેંચ્યાનું કહી, ચારેય કળશમાંથી મળેલ વસ્તુનો સંદર્ભ સમજાવ્યો.

**જમીનમાં દાટેલી વસ્તુનો સંદર્ભ** : શાહી અને ચોપડા દ્વારા એમ સૂચવાયું છે કે, એ પુત્રને વ્યાજે ધીરેલું દ્રવ્ય અપાયું છે. માટી દ્વારા એ સૂચવાયું છે કે, ખેતરો અને અનાજ તેને અપાયાં છે. હાથી, ઘોડા, બળદ વગેરેનાં હાડકાં જેને ભાગે આવ્યાં છે, તે એમ સૂચવે છે કે તેને ઢોરઢાંખર આપ્યાં છે, અને ચોથાને રોકડ નાણું વેપારાર્થે આપ્યું છે.

બધાય ભાઈઓએ હિસાબ કરી જોયો, તો સરખો હિસ્સો જણાયો. તેથી તેમણે પોતાની બહેન લક્ષ્મીવતીને ધન્યકુમાર સાથે પરણાવી.

**૨૦. કપટી રૂપધારી** : લક્ષ્મીપુરમાં વસતા ધનકર્મા નામે એક અતિ કંજૂસ વેપારી પાસે એક ચારણ યાચવા આવ્યો. ત્યારે તેણે તેને બીજે દિવસે આવવાનું કહ્યું. બીજે દિવસે તે ગયો ત્યારે બીજો દિવસ ન થયો હોવાનું કહી પાછો કાઢ્યો. આથી વેપારીને પાઠ ભણાવવા તે ચારણે રૂપપરાવર્તિની વિદ્યાને બળે ધનકર્મા જ્યારે બહારગામ ગયો ત્યારે ધનકર્માનું રૂપ ધારણ કરી તેના ઘરનો માલિક બની બેઠો અને આઠ દિવસમાં તેની આઠ કરોડ સોનામહોરોનું દાન કરી દીધું. સાચો ધનકર્મા બહારગામથી આવતાં, બે ધનકર્માને જોઈને કુટુંબીજનો દ્વિધામાં પડ્યાં. સાચો ધનકર્મા કયો અને બનાવટી કયો તેનો નિર્ણય ન કરી શકવાથી રાજાએ તે માટે ઘોષણા કરાવી. તે કામ ધન્યકુમારે માથે લીધું. તેણે બંનેમાંથી જે સાચો ધનકર્મા હશે તે સાંકડી નળીમાં એક છેડેથી પેસીને બીજે છેડે નીકળી શકશે એવી કસોટી યોજી. કપટી ધનકર્માએ નળીમાંથી પસાર થવાની કસોટી પાર પાડી. એટલે ધન્યકુમારે તેને પકડી પાડ્યો. રાજાએ તેનો વધ કરવા આદેશ આપ્યો. ચારણે પોતાનું મૂળ રૂપ પ્રગટ કરી ન મારવા વિનંતી કરી. પોતે શું કામ આવો પ્રપંચ કર્યો તેનો તેણે ખુલાસો કર્યો. રાજાએ તેનો અપરાધ માફ કર્યો. ધનનો સંગ્રહ ન કરવા રાજાએ કંજૂસ ધનકર્માને શિખામણ આપી. ધનકર્માએ પોતાની પુત્રી ગુણમાલિનીને ધન્યકુમાર સાથે પરણાવી.

પછી ધન્યકુમાર રાજગૃહી આવ્યો. તેનો વિધિસર નગરપ્રવેશ કરાવવામાં આવ્યો.

**૨૧. અભયકુમારનું બુદ્ધિચાતુર્ય** : ચંડપ્રદ્યોત રાજા પાસે ચાર રત્નો હતાં : (૧) કાગળપત્ર લઈ જનાર લોહજંઘ નામનો સંદેશવાહક, (૨) પટરાણી શિવાદેવી, (૩) અગ્નિભીરુ નામનો દિવ્ય રથ અને (૪) અનલગિરિ નામનો હાથી.

લોહજંઘ એક દિવસમાં પચીસ યોજન ચાલી શકતો. તે ઉજ્જયિનીથી એક દિવસમાં ભરૂચ પહોંચતો અને બીજે દિવસે પાછો ફરતો. લોહજંઘનો સમય બચાવવા તેના ખાવા-પીવાની તાબડતોબ વ્યવસ્થા કરવી પડતી. તેથી ભરૂચનો રાજા કંટાળી ગયો હતો. આથી તેણે તેને મારી નાખવા તેને માટે તૈયાર કરેલા ભાતાના લાડુમાં ઝેર ભેળવ્યું. લોહજંઘને ભૂખ લાગતાં માર્ગમાં તે બે વખત ખાવા બેઠો, પણ બંને વખત અપશુકન થવાથી ખાધું નહીં. ઉજ્જયિની પહોંચી પોતાને પડેલા વહેમ અંગે તેણે રાજાને પૂછ્યું. રાજાએ અભયકુમારને પૂછ્યું. તેણે કહ્યું કે, એ ભાતાના લાડુમાં દૃષ્ટિવિષ સર્પ હોય. વનમાં જઈ તેની પરીક્ષા કરતાં અભયકુમારની અટકળ સાચી ઠરી. ચંડપ્રદ્યોતે અભયકુમારને વરદાન માગવા કહેતાં તેણે તે અનામત રાખવા કહ્યું.

**૨૨. ઉદયન અને વાસવદત્તા** : એક વાર અનલગિરી હાથી ઉન્મત્ત થતાં અભયકુમારે ચંડપ્રદ્યોત રાજાને કહ્યું કે, જો ઉદયન રાજાનું વીણાવાદન સાંભળે તો હાથી સ્વસ્થ થાય. ચંડપ્રદ્યોતની પુત્રી વાસવદત્તાને વીણાવાદન શીખવવા ઉદયનને યુક્તિ કરીને લાવવામાં આવ્યો હતો, પરંતુ પરસ્પર પ્રેમાકર્ષણ ન થાય તે માટે બંને વચ્ચે પડદો રાખવામાં આવતો.

બંનેને પહેલેથી એકબીજાની શારીરિક ખોડની વાતથી ભરમાવવામાં આવ્યાં હતાં. એક વાર શિક્ષણકાર્ય કરતાં રોષે ભરાયેલા ઉદયને વાસવદત્તાને કાણી કહી. સામે વાસવદત્તાએ તેને કોઢિયો કહ્યો. પડદો હટાવતાં સાચી વાતની પ્રતીતિ થઈ. બંનેનો ભરમ ભાંગ્યો. પરસ્પર અનુરાગ થયો. ઉદયને ચંડપ્રદ્યોતની વિનંતીથી વીણા વગાડી અનલગિરિ હાથીને શાંત કર્યો. ચંડપ્રદ્યોતે અભયકુમારને બીજું વરદાન માગવા કહેતાં, તે પણ તેણે અનામત રખાવ્યું.

એક વાર ચંડપ્રદ્યોત આનંદપ્રમોદ કરવા ઉપવનમાં ગયા હતા, ત્યાં ઉદયનનો મંત્રી યૌગંધરાયણ આવ્યો. તે એક શ્લોક અભિમાનપૂર્વક ગમે તેમ બોલતો હતો, કારણ કે તેનો અર્થ કોઈ સમજી શકતું ન હતું. તેથી ચંડપ્રદ્યોતને ક્રોધ ચડયો, પણ તે શાંત રહ્યો.

વાસવદત્તાનો સંગીતનો અભ્યાસ કેટલો થયો છે, તે જોવા રાજાએ ઉદયન અને વાસવત્તાને ઉપવનમાં આવવાનું કહેતાં ઉદયન વેગવતી હાથણી પર બેસીને ગયો, જેથી સહેલાઈથી છટકી શકાય. આ હાથણી અંગે એક અંધ જ્યોતિષીએ કહેલું કે, તે જો એક સાથે સો જોજન દોડે તો તેના પ્રાણ છૂટી જાય. વેગવતી દોડવામાં ઝડપી હતી, પરંતુ તેની પાછળ અનલગિરિ હાથી છોડવામાં આવે તો તે તેને પકડી પાડે. આમ ન થાય તે માટે જ્યોતિષીએ કહેલું કે, વેગવતીના મૂત્રથી ભરેલા ઘડામાંથી દર પચીસ યોજને એક ઘડો ફોડવાથી તે મૂત્રની વાસથી અનલગિરિને ઘેન ચડશે અને તે ત્યાં જ ઊભો રહેશે. પછી ઘેન ઊતરતાં તે ફરી દોડશે.

ઉપવનમાં ગયા પછી ઉદયને વાસવદત્તા, દાસી કાંચનમાલા અને પોતાની વીણાને સાથે લઈ વેગવતીને દોડાવી મૂકી. ચંડપ્રદ્યોતને તેની પાછળ અનલગિરિને દોડાવ્યો પણ વેગવતીને પકડી શકયો નહીં. વેગવતી વાસવદત્તા અને ઉદયનને સો યોજન પહોંચાડી મૃત્યુ પામી. છેવટે મંત્રીના વચનથી રાજા, ઉદયન અને વાસવદત્તા પ્રત્યે ઉદાર થયો. રાજાએ વરદાન માગવા કહેતાં અભયકુમારે ત્રીજા વરદાનને પણ જમા રાખવા કહ્યું.

**૨૩. અભયકુમારની મુક્તિ** : એક વાર ઉજ્જયિનીમાં મોટી આગ લાગતાં રાજાએ અભયકુમારને તેનો ઉપાય પૂછયો. અભયકુમારે અગ્નિનું ઔષધ અગ્નિ છે એમ કહ્યું. (એટલે કે, નવો અગ્નિ પ્રગટાવી મંત્ર વડે અગ્નિદેવની આરાધના કરવામાં આવે તો અગ્નિ શાંત થઈ જાય.)

રાજાએ તેમ કરતાં અગ્નિ શાંત થયો. વળી એક વખત અવંતિમાં અશિવ (રોગચાળો, શોકના પ્રસંગો, ભૂતપ્રેતના પ્રસંગો)નો ઉપદ્રવ વધતાં રાજાએ અભયકુમારને તેનો ઉપાય પૂછયો. અભયકુમારે રાણી શિવાદેવી પોતાની દૃષ્ટિ વડે રાજાને જીતે અને ક્ષુદ્ર દેવોને બલિ આપવામાં આવે તો ઉપદ્રવ શાંત થાય એમ કહ્યું. શિવાદેવીએ તે પ્રમાણે કરતાં શાંતિ થઈ. રાજાએ અભયકુમારને ચોથું વરદાન માગવા કહ્યું. તે પણ તેણે અનામત રાખ્યું. છેવટે રાજગૃહી જવા ઉત્સુક થયેલા અભયકુમારે પોતે અનામત રાખેલાં ચાર વરદાન માગ્યાં. જે આ પ્રમાણે હતાં: (૧) અનલગિરિ હાથી ઉપર મહાવત થઈને રાજા બેસે. (૨) એ હાથી ઉપર મારી માતા જેવાં રાણી શિવાદેવીના ખોળામાં હું બેસું. (૩) અગ્નિભીરુ રથના ટુકડા કરી એની ચિતા સળગાવવી. (૪) એ ચિતામાં આપણે બધાએ પ્રવેશ કરવો. બુદ્ધિપૂર્વકનાં અશકય વરદાન સાંભળી અવંતિમાંથી તેને જવાની રજા આપી. ચંડપ્રદ્યોતે તેને આદરપૂર્વક વિદાય આપી. અભયકુમાર રાજગૃહી પહોંચ્યો.

**૨૪. અભયકુમાર અને ધન્યકુમારની મૈત્રી** : શ્રેણિકે તેને ધન્યકુમારની વાત કરી. ધન્યકુમાર અને અભયકુમાર વચ્ચે મૈત્રી બંધાઈ. આ તરફ કૌશાંબીમાં રહેતા ધન્યકુમારના ભાઈઓ અને પિતા દુર્ભાગ્યે પાયમાલ થઈ ગયા. તેઓ રાજગૃહીમાં આવ્યા. ધન્યકુમારે તેમને જોયા. ભાઈઓ અને પિતાનું સ્વાગત કરી પોતાને ઘેર લઈ ગયો. પરંતુ ભાઈઓએ જુદું ઘર માગ્યું. ધન્યકુમારે ઘર ઉપરાંત દરેકને ચૌદ–ચૌદ કરોડ સોનામહોર આપી. તેઓ ધન લઈને જતા હતા ત્યારે કોઈ દેવે તેમને અટકાવ્યા અને ધન્યકુમાર જ તેના ભોકતા હોવાનું જણાવ્યું. ત્યારે એ બધાને પોતાના ભાગ્યનું જ્ઞાન થયું. ત્યાર બાદ સૌ સાથે મળીને રહેવા લાગ્યા. એક વાર રાજગૃહીમાં પધારેલા ધર્મઘોષસૂરિને ધનસારે ધન્યકુમારની સમૃદ્ધિ અને એના ભાઈઓની નિર્ધનતાનું રહસ્ય પૂછતાં તેમણે પૂર્વભવમાં તેમણે કરેલાં દાનકર્મની અને તેની સાથે સંકળાયેલી ભાવનાની શુદ્ધિની વાત કહી. તે સાંભળી ધનસાર અને તેની પત્ની જૈન શ્રાવક બન્યાં.

**૨૫. શ્રેણિકે લીધેલી શાલિભદ્રની મુલાકાત** : એક દિવસ રાજગૃહીમાં નેપાળથી કેટલાક વેપારીઓ લાખ રૂપિયાનો એક એવા સોળ રત્નકંબલ લઈને આવ્યા. શ્રેણિકને તે બતાવ્યા, પરંતુ તેણે ખરીદવાની અશક્તિ દર્શાવી. વેપારીઓ પાછા ફરતા હતા ત્યારે શાલિભદ્રનાં માતાએ તેમને બોલાવી બધા રત્નકંબલ ખરીદી લઈ, તેના બત્રીસ ટુકડા કરાવી શાલિભદ્રની બત્રીસ પત્નીઓ માટે તેને પગલૂછણિયાં તરીકે રાખ્યા. શ્રેણિકની રાણી ચેલ્લણાને રત્નકંબલ રાજાએ ન ખરીદ્યા હોવાની જાણ થતાં તે રિસાઈ. આથી રાજાએ દાસીને એક લાખ સુવર્ણમહોર આપી રત્નકંબલ લેવા

મોકલી, તો જાણવા મળ્યું કે ભદ્રા માતાએ તે બધા ખરીદી લઈ ટુકડા કરાવી નાખ્યા હતા. એટલું જ નહીં, શાલિભદ્રની પત્નીઓએ તેનો ઉપયોગ પગ લૂછવા કર્યો હતો. આ સાંભળી શ્રેણિકને આવી સમૃદ્ધિના માલિકને મળવાની અને તેનું ઘર જોવાની ઇચ્છા થઈ. ભદ્રા માતાના નિમંત્રણથી શ્રેણિક તેમના મહેલે ગયો. શ્રેણિક રાજા શાલિભદ્રનો સાત માળનો અદ્ભુત આવાસ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો. સાતમે માળે બેઠેલા શાલિભદ્રને શ્રેણિકના આગમનના સમાચાર આપવામાં આવ્યા. ત્યારે તે એવું સમજ્યો કે, એ નામનું કોઈ કરિયાણું હશે. તેણે માતાને કહેવડાવ્યું કે, તેમને પસંદ પડે તો તે ખરીદી લો. માતાએ તે કરિયાણું નથી પણ શ્રેણિક રાજા હોવાનું કહીને તેમને પ્રણામ કરવાનું કહ્યું. ત્યારે શાલિભદ્રને પ્રશ્ન થયો કે તેમને માથે પણ કોઈ ધણી છે ? ભોજન પહેલાં સ્નાન કરવા ગયેલા શ્રેણિક રાજાની મણિમુદ્રિકા ખાળકૂંડીમાં પડી ગઈ. તે કાઢવા જતાં રાજાએ કૂંડીમાં સોનાના ઘણા અલંકારો જોયા. તપાસ કરતાં જાણવા મળ્યું કે શાલિભદ્ર જે અલંકારો રોજ પહેરતો તે સ્નાન વખતે રોજ કચરામાં નાખી દેતો. ભોજનમાં પિરસાયેલી ભાતભાતની વાનગી જોઈ રાજાએ કુતૂહલપૂર્વક પ્રશ્નો કર્યા. પછી શાલિભદ્રની સમૃદ્ધિથી પ્રભાવિત શ્રેણિક રાજા પોતાના પરિવાર સહિત મહેલમાં પાછા પધાર્યા.

**૨૬. ધન્યકુમાર અને શાલિભદ્રની દીક્ષા :** એ સમયે રાજગૃહીમાં આવેલ વૈભારગિરિ ઉપર પધારેલા ભગવાન મહાવીરની વાણી સાંભળી શાલિભદ્રને વૈરાગ્ય ઊપજ્યો. તેણે સાધુ બનવાનું નક્કી કર્યું અને એક પછી એક પત્નીઓનો ત્યાગ કરવા માંડ્યો. એ સાંભળી વ્યથિત થયેલી તેની બહેન સુભદ્રા જ્યારે તેના પતિ ધન્યકુમારનું માથું ગૂંથી આપતી હતી ત્યારે તેની આંખમાંથી ટપકતાં આંસુ ધન્યકુમારના માથા પર પડ્યાં. ધન્યકુમારે કારણ પૂછ્યું, ત્યારે સુભદ્રાએ પોતાના ભાઈએ કઈ રીતે સાંસારિક ભોગ ત્યજી દઈને દીક્ષા લેવાનું નક્કી કર્યું છે તેની વાત કરી. ધન્યકુમારે શાલિભદ્રની ક્રમે ક્રમે ભોગો છોડવાનાં પગલાંની હાંસી ઉડાવી. ત્યારે સુભદ્રાએ તેને મહેણું માર્યું કે, વાત કરવી સહેલી છે, પણ દીક્ષા લેવી તે દુષ્કર છે. જો દીક્ષા લેવી સહેલી હોય, તો તમે કેમ લેતા નથી ? એ સાંભળી ધન્યકુમારે તે ઘડીએ જ દીક્ષા લેવાનો નિશ્ચય જાહેર કર્યો. પછી તેમની સાથે તેમની આઠેય પત્નીઓ પણ દીક્ષા લેવા તૈયાર થઈ. ધન્યકુમારની દીક્ષાની વાત સાંભળી શાલિભદ્રે પણ તરત જ સર્વસ્વનો ત્યાગ કરી દીક્ષા લીધી. તેઓ બંનેએ મહાવીર ભગવાનને હાથે દીક્ષા ગ્રહણ કરી.

**૨૭.** ભદ્રાની પુત્રમોહમાંથી મુક્તિ પછી બાર વર્ષ સુધી વિહાર કરી તેઓ ભગવાન મહાવીર પાસે રાજગૃહી આવ્યા. તેમણે ગોચરી લેવા જતા ભગવાન પાસે અનુમતિ માગતાં ભગવાને શાલિભદ્રને કહ્યું : 'તમારી માતાના હાથે આજે તમને પારણું થશે.' ભિક્ષા માટે માતાને આંગણે આવી ઊભેલા શાલિભદ્ર અને ધન્યકુમારને ભદ્રા આંખમાંનાં આંસુઓને કારણે ઓળખી ન શકી અને આવકાર ન મળતાં સાધુના આચાર પ્રમાણે તે બંને ભિક્ષા લીધા વિના પાછા વળ્યા. તેઓ પાછા ફરતા હતા ત્યારે એક ભરવાડણે તેમને દહીં વહોરાવ્યું. મહાવીરે જે એમ કહ્યું હતું કે, આજે તને તારી માતા પારણું કરાવશે, એ વાત અંગે શાલિભદ્રના મનમાં પ્રશ્ન ઊઠ્યો. મહાવીરે ખુલાસો કર્યો કે, પેલી ભરવાડણ શાલિભદ્રની પૂર્વભવની માતા હતી. મહાવીરને વંદન કરવા આવેલ ભદ્રાએ સભામાં પોતાના પુત્ર અને જમાઈને ન જોતાં પૂછપરછ કરી, તો તેઓ બંને અંતિમવેળાનું અનશનવ્રત લઈને બેઠા હોવાનું જાણ્યું. ભદ્રા તેમને જોઈને ખૂબ રોઈ. શ્રેણિક રાજાએ તે બંને તપસ્વીની અંતિમ સાધનામાં અંતરાય ન કરવા કહ્યું. છેવટે ભદ્રા પુત્રમોહમાંથી મુક્ત થઈ.

[આધાર : '**ધન્ના–શાલિભદ્ર ચોપાઈ**']

**ધમ્મિલકુમાર :** કુશાવર્તનગરમાં સુરેન્દ્રદત્ત શેઠે પોતાના પુત્ર ધમ્મિલને ધનવસુ શેઠની પુત્રી યશોમતી સાથે પરણાવ્યો. થોડો સમય સુખભોગમાં વીતાવી, પછી ધર્મશાસ્ત્રો વાંચતાં ધમ્મિલને વિષયભોગ પ્રત્યે વૈરાગ્ય જન્મ્યો. તેને સંસાર તરફ વાળવા તેની માતાએ જુગારીની સંગતમાં મૂક્યો. ધમ્મિલ અનેક વ્યસનમાં ફસાયો. એ જ નગરમાં વસતી વસંતસેના ગણિકાની પુત્રી વસંતતિલકાની મોહજાળમાં તે પડ્યો અને પોતાનું ઘર છોડી તેને ત્યાં જ તે રહેવા લાગ્યો. છેવટે તેનું બધું ધન ખલાસ થતાં, વસંતતિલકાનો વિરોધ હોવા છતાં, વસંતસેનાએ તેને એક વાર કેફી મદિરા પિવડાવી, અચેતન કરી દઈ, મધરાતે દૂર વનમાં ફેંકાવી દીધો. સવારે વસંતતિલકાએ પૂછ્યું, ત્યારે તે નિર્ધન હોઈને નાસી ગયાનું વસંતસેનાએ કહ્યું. એ સાંભળી વસંતતિલકાએ પણ તેને પાછો મેળવવા પ્રતિજ્ઞા કરી. નશો ઊતરી ગયા પછી ધમ્મિલ પોતાને ઘેર ગયો, ત્યારે તેણે જાણ્યું કે, તેનાં માતાપિતા તો સ્વર્ગે સીધાવી ગયાં હતાં અને તેની સ્ત્રી જશોમતી પણ પિયર ચાલી ગઈ હતી.

આ પછી ઘેરથી નીકળી તે એક જીર્ણ ઉદ્યાનમાં પહોંચ્યો. ત્યાં સૂતેલા વનપાલકની તલવાર લઈ તે પોતાનો શિરચ્છેદ કરવા ગયો, ત્યારે વનદેવે તેને અટકાવ્યો. ત્યાર પછી પણ તેણે આત્મઘાતના ઘણા પ્રયાસો કર્યા, પણ દરેક વાર તેને દેવે ઉગારી લીધો. ત્યાંથી આગળ ચાલતાં તે ગાઢ વનમાં અગડદત્ત મુનિ પાસે

આવી લાગ્યો. તેમના ધર્મોપદેશમાં મુનિએ રાગમાં ઘેલા થયેલા રાજા વિજયપાલનું દૃષ્ટાંત આપ્યું. (એ કથા માટે જુઓ આ કથાકોશમાં **વિજયપાલ રાજા**)

ધમ્મિલે મુનિ સમક્ષ પોતાની વીતકકથા કહી. તે વખતે મુનિએ શંખપુરી નગરીની રાણી સુલસાના કુંવર અગડદત્તની દૃષ્ટાંતકથા કહી.ચોરી વગેરે વ્યસનોમાં ડૂબેલા અગડદત્ત રંજાડથી ત્રાસેલા નગરજનોએ જ્યારે રાજા સમક્ષ કુંવર વિશે ફરિયાદ કરી, ત્યારે રાજાએ અગડદત્તને ઘર છોડી જવા આદેશ દીધો. અગડદત્તે એક જોશીની સલાહથી વારાણસી તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં એક ગિરિશિખર પર રહેલા વજ્રા માતાના મંદિરમાં તેણે બે જણને સાધના કરતા જોયા. તેમાંના સુમતિ પર પ્રસન્ન થઈને માતાએ મોહિનીમંત્ર અને શત્રુપરાજયિની વિદ્યા તેને આપ્યાં. સુમતિએ મોહિનીમંત્ર અગડદત્તને આપ્યો. ત્યાંથી ચાલતો ચાલતો અગડદત્ત વારાણસી પહોંચ્યો અને પવનચંડ ઉપાધ્યાયને મળ્યો. ઉપાધ્યાયને તેણે પોતાની સઘળી બીના કહી. ઉપાધ્યાયે અગડદત્તને માતાપિતાનો ત્યાગ કરવા બદલ ઠપકો આપ્યો. અગડદત્તે વિદ્યા પ્રાપ્ત કરી તે પિતૃચરણે ધરવા ગુરુને વચન આપ્યું. પવનચંડે તેને સકલકલા અને શાસ્ત્રનું શિક્ષણ આપવા માંડ્યું.

એક વાર અગડદત્ત એક ઉદ્યાનમાં ધનુર્વિદ્યાનો અભ્યાસ કરી રહ્યો હતો ત્યારે અચાનક એક ફૂલદડો તેના પર આવી પડ્યો. તેણે પાછળ જોયું, તો એક નવયૌવના તેને મુગ્ધતાથી જોઈ રહી હતી. તેણે પોતાનો પરિચય આપ્યો: 'હું બંધુદત્ત શેઠની પુત્રી મદનમંજરી છું. મારો વિવાહ એક શેઠના પુત્ર સાથે થયેલો. તે કુષ્ઠરોગી હોવાની મને જાણ થતાં હું પિયર ચાલી આવી. તમને જોઈને હું ધન્ય થઈ છું.' અગડદત્ત પણ તેના પ્રેમમાં પડી ગયો. તેને ભવિષ્યમાં પટરાણીપદે સ્થાપવાનું તેણે વચન આપ્યું.

એક વાર વનક્રીડા કરી અશ્વારૂઢ થયેલ અગડદત્ત નગરમાં આવ્યો, ત્યારે ચંપક નામનો એક હાથી તોફાને ચડ્યો હતો. તેને જોઈ લોકોમાં ફફડાટ વ્યાપ્યો હતો. તે જોઈ અગડદત્તે તેને પકડી મુષ્ટિપ્રહારે હણ્યો. તેનું પરાક્રમ સાંભળી રાજાએ તેને તેડાવ્યો અને ઉપાધ્યાય પાસેથી તેનો વૃત્તાંત જાણીને તેનું સન્માન કર્યું.

**અદૃષ્ટ ચોરની વાર્તા :** એક દિવસ રાજસભામાં આવી લોકોએ કોઈ અદૃષ્ટ ચોર નગરીમાં ઉત્પાત મચાવી રહ્યો હોવાની રાજા સમક્ષ ફરિયાદ કરી. રાજાએ નગરીના ચારેય દરવાજે મંત્રી, સેનાપતિ, પુરોહિત અને કોટવાળની ચોકી ગોઠવી દીધી. એ જાણીને ચોરે ધોબીને ત્યાંથી ઉત્તમ વસ્ત્રો ઉઠાવી અંગ પર ધારણ કર્યાં અને નગરમાં નીકળ્યો. કોટવાળને જુગાર રમતો જોઈને તે રમતમાં જોડાયો. કોટવાળની નામાંકિત મુદ્રિકા તેણે જુગારના દાવમાં જીતી લીધી. તે પછી તેને ઘેર જઈ કોટવાળની પત્નીને કહ્યું: 'તમારા પતિને ચોરે બાંધ્યો છે, તેને જો છોડાવવો હોય તો ઘરનું સઘળું ધન કાઢી આપો.' કોટવાળની સ્ત્રીએ તેમ કર્યું. ચોર ત્યાંથી સેનાપતિ પાસે ગયો. સેનાપતિને તેણે કહ્યું: 'એક જોગીની મેં બાર વરસ સેવા કરી એટલે તેણે મને આખું વિશ્વ પ્રત્યક્ષ થાય તેવો મંત્ર આપ્યો. પણ તેનો કઠિન સાધનાવિધિ મારા જેવા વાણિયાથી થાય તેમ નથી. એ મંત્ર હું તમને શિખવાડું બદલામાં તમે મને એક ગામ આપજો.' ચોરની સૂચના પ્રમાણે સેનાપતિ વનમાં મંત્રજાપ કરવા ગયો. ભૂમિમાં પંચરત્ન દાટી, આભૂષણ, વસ્ત્ર અને ઘોડાને છોડીને તે એકાંતમાં જાપ કરવા લાગ્યો. તે દરમિયાન ચોર રત્ન વગેરે લઈને છૂ થઈ ગયો.

એ પછી તે આહીરાણીનો વેશ લઈ માથે મદિરાનો ઘડો લઈ મંત્રીશ્વરની પાસે ગયો. મંત્રીને મદિરા પાઈ મૂર્છિત કરી, તેનાં દાઢીમૂછ અર્ધાં કાપી લઈ, તેના પગમાં બેડીઓ જડી, મોઢામાં ખાસડું ભરાવી, ઘરમાંથી બધું ધન ગધેડા ઉપર લાદી, ધોબીનો વેશ લઈ મધરાતે નીકળ્યો.

પૂર્વ દ્વારે રાજાએ તેને રોકતાં ધોબીના વેશે રહેલા ચોરે કહ્યું: 'રાજાની પદ્મિની પટરાણીનાં સુગંધી ચીર ધોવા જાઉં છું, કારણ કે દિવસે ભમરાનો ડર રહે છે.' રાજાએ ચોરનું જોખમ હોવાનું જણાવ્યું અને ચોર નજરે પડે તો નગારાનો અવાજ કરી ચેતવવા કહ્યું. પછી ચોરે સરોવરતીરે પહોંચી એક ઘડાને ચૂનાથી લીંપી તેને પાણીમાં તરતો મૂકી નગારું પીટતાં, રાજા ઘોડે ચડી ધોબી પાસે આવ્યો. રાજાએ પૂછતાં તેણે કહ્યું; 'તમારાથી ડરીને, જુઓ, તે પાણીમાં ડૂબકી મારી નાસી રહ્યો છે.' વસ્ત્રો અને ઘોડો ચોરને સોંપી, લોહદંડ લઈ રાજા પાણીમાં કૂદ્યો. ચોરે રાજાનાં વસ્ત્રો પહેરી ઘોડે ચડી નગરમાં આવી ચોરને બહાર કાઢ્યો હોવાનું સુભટોને કહ્યું અને નગરીના દરવાજા બંધ કરાવી દીધા. બીજી તરફ રાજાએ દંડો ફટકારતાં પાણીમાં તરતો ઘડો ફૂટી ગયો. તે ચોરના ચરિત્રને પામી ગયો. પાછો ફરતાં નગરના બંધ દરવાજા જોઈને તે દેવાલયમાં જઈ સૂતો.

હવે પુરોહિત ગણપતિમંદિરમાં જપ કરતો હતો ત્યાં જઈ ચોરે અદૃશ્યરૂપે તેને કહ્યું: 'હું ચોરને પકડીને તારા હાથમાં સોંપું.' તેથી પુરોહિતે દોડીને ગણપતિનો હાથ પકડી લીધો. ચોરે મંત્રબળથી પુરોહિતને વાંદરો બનાવી કાખમાં ટીપણું, એક હાથમાં જપમાળા આપી, યજ્ઞોપવીત ધારણ કરાવી પીપળાના

ઝાડ ઉપર બેસાડયો અને ઝાડ ઉપર કાગળ ચોડયો કે બે દિવસ પછી આ વાંદરો પુરોહિતનું મૂળ રૂપ પાછું પામશે. સવારે રાજા ઓળખાઈ જતાં લજવાઈને ઘેર ગયો. ઠેરઠેર કૌતુક જોઈને લોકો હસતા હતા. રાજદરબારમાં ચાર ફરિયાદો આવી. પુરોહિતને બે દિવસ બાદ તેનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત થયું.

રાજા અને મંત્રીઓ ચોરને કઈ રીતે પકડવો તેની ચિંતામાં પડ્યા, ત્યારે અગડદત્તે ચોરને સાત દિવસમાં જ પકડી લાવવા બીડું ઝડપ્યું. ચોરને શોધતાં છ દિવસ વીતી ગયા. સાતમા દિવસની રાત્રે નગર બહાર જઈ વડના ઝાડ હેઠળ તે બેઠો હતો, ત્યારે પાછલે પહોરે તેણે એક ભયાનક આકૃતિવાળા પરિવ્રાજકને જોયો. અગડદત્તને તે જ ચોર હોવાની શંકા ગઈ. પરિવ્રાજકે પૂછપરછ કરતાં અગડદત્તે પોતે દરિદ્ર હોવાનું દુઃખ જણાવ્યું. પરિવ્રાજકે તેને સાગરીત તરીકે સાથે લઈને એક કરોડપતિને ત્યાં ખાતર પાડયું. ત્યાંથી અઢળક ધન ચોરી બંને યક્ષમંદિરમાં જઈને સૂતા. ચોર ઊંઘવાનો ઢોંગ કરતો હોવાનું પામી જઈ, અગડદત્ત ચુપચુપ પોતાની જગ્યાએ ચાદર પાથરી દઈ, પોતે વડના પોલાણમાં જઈ છુપાયો. પરિવ્રાજકના વેશમાં રહેલા ચોરે અગડદત્તની પથારી પર તલવારનો ઘા કર્યો, પણ તે તો ત્યાં નહોતો. અગડદત્તે આવી ચોર પર પ્રહાર કરીને તેની બંને જાંઘ કાપી નાખી. ચોરે તેની સાહસિકતા વખાણી ને કહ્યું: 'ખંડેર દેવળની સામેના ઝાડના પોલાણને જે શિલાથી ઢાંકેલ છે, તેની પાછળ ભૂગર્ભમાં રત્નભુવન છે. તેમાં રહેતી મારી બહેન વીરમતીને તું મારા ખડ્ગની નિશાની આપી, તેને પરણીને બધું ધન લેજે.' અગડદત્ત એ પ્રમાણે જઈને વીરમતીને મળ્યો. તેનું સ્વાગત કરી તેને પલંગ પર બેસાડયો, પણ વિશ્વાસઘાતની શંકા પડતાં તે ત્યાંથી ખસી ગયો. વીરમતીએ યાંત્રિકકળ ફેરવતાં પલંગ પર એક ભારે શિલા તૂટી પડી અને પલંગનો ભુક્કો બોલી ગયો. વીરમતીને પકડીને અગડદત્ત નગરીમાં આવ્યો. તેના પરાક્રમથી પ્રસન્ન થઈ રાજાએ પોતાની કુંવરી કમલસેનાને તેની સાથે પરણાવી.

એક દિવસ શંખપુરીથી બે સંદેશવાહકોએ આવીને અગડદત્તને માતાપિતાના સમાચાર આપ્યા. અગડદત્તે તેમની પાસે જવા તૈયારી કરી, ગુરુપત્નીની રજા લીધી. રાજાએ કમલસેનાને અગડદત્તની સાથે વળાવી. રસ્તામાંથી અગડદત્તે આગળ આપેલા વચન પ્રમાણે શેઠપુત્રી મદનમંજરીને પણ સાથે લીધી. ઠેર ઠેર વિશ્રામ કરતાં વિંધ્યવનમાં એક જગ્યાએ રાતવાસો કરવા સૌ રોકાયાં.

રાત્રિના ગાઢ અંધકારમાં ભીલરાજ ભીમ અગડદત્તના મુકામ પર ત્રાટક્યો, પણ અગડદત્તે યુદ્ધમાં તેને હણ્યો. ત્યાંથી આગળ ચાલતાં અગડદત્તે બે પુરુષોને શંખપુરીનો માર્ગ પૂછ્યો. તેમણે એક ટૂંકો પણ જોખમભરેલો અને બીજો લાંબો પણ સલામત માર્ગ બતાવ્યો. ટૂંકે માર્ગે થઈ આગળ વધતાં એક કાપાલિક જોગી મળ્યો. તેણે પોતે ગોકુળગામે રહેતો હોવાનું અને શંખપુરી જતો હોવાનું કહ્યું. પોતાની સાથેના જોખમને, તેણે દુર્યોધન ચોરનો ડર હોવાનું કહીને અગડદત્તને સાચવવા સોંપ્યું. પણ તેના ભિક્ષુવેશને અંગે અગડદત્તના મનમાં શંકા જન્મી.

ગોકુળગામ આવી પહોંચતાં જોગીએ અગડદત્તના સાથને પોતાના મહેમાન બનાવી મધુર ગોરસ પીરસ્યું. અગડદત્તે અને તેની બંને પત્નીઓએ તેને ઋષિનું ભોજન ગણીને ન ખાધું. ભોજનમાં ઝેર ભેળવેલું હોવાથી તે ખાનાર બાકીના સૌ મરણશરણ થયા. જોગી પોતાનું દુર્યોધન ચોરનું સ્વરૂપ પ્રગટ કરી અગડદત્ત પર તૂટી પડયો. પણ અગડદત્તના ખડ્ગપ્રહારે તે પડયો. મરતાં મરતાં તેણે પોતાના રહેઠાણનો પત્તો આપી, ત્યાંથી પોતાની પત્ની જયસુંદરી અને ધનભંડાર લઈ લેવા કહ્યું.

અગડદત્ત જયસુંદરી પાસે ગયો. બંનેનું મન એકબીજા પ્રત્યે આકર્ષાયું. પણ મદનમંજરીએ તેને ઠપકો આપ્યો, એટલે તેનું ચિત્ત નિર્મળ થયું. તે પછી અગડદત્ત શંખપુરી તરફ આગળ વધ્યો. રસ્તામાં ઉત્પાત મચાવતા એક મદમસ્ત હાથીને તેણે વશ કર્યો, સામે આવતા વાઘને કાપી નાખ્યો અને ભયાનક સર્પને પણ પૂરો કર્યો. આખરે તેઓ શંખપુરી પહોંચ્યાં. રાજા–રાણીએ તેમનું સ્વાગત કર્યું.

અગડદત્તે મદનમંજરીને પટરાણીપદે સ્થાપી. એક વાર મદનમંજરી સાથે વનવિહારે ગયેલો અગડદત્ત રાત વનમાં જ રોકાઈ ગયો. રાતે ઊંઘમાં મદનમંજરીને સાપ કરડયો. તેને મૃત્યુ પામેલી જોઈને દુઃખી થયેલ અગડદત્ત તેની સાથે જ ચિતામાં બળી મરવા તૈયાર થયો. પણ આકાશમાંથી ઊતરી આવેલા બે વિદ્યાધરોએ તેને અટકાવ્યો અને મંત્રજલ છાંટી મદનમંજરીને સજીવન કરી. પછી અગડદત્ત તેને કામદેવના દહેરામાં સુવડાવીને, ઠંડીથી બચવા તાપણું કરવા માટે અરણિનાં લાકડાં લેવા ગયો. પાછા આવતાં તેણે દહેરામાં ઉજાશ ભાળ્યો. તે વિશે મદનમંજરીને પૂછતાં તેણે કહ્યું: 'તમારા હાથમાંના ઉંબાડિયાનું જ અજવાળું અહીં પડયું હશે.' પછી મદનમંજરીના હાથમાં તલવાર સોંપી અગડદત્ત આગ પ્રગટાવવા લાગ્યો, ત્યાં મદનમંજરીના હાથમાંની તલવાર ખણખણાટ સાથે નીચે પડી. 'શું થયું ?' એમ પૂછતાં મદનમંજરીએ કહ્યું કે, ઠંડીને લીધે હાથમાંથી તલવાર છૂટી ગઈ. સવારે અગડદત્ત નગરમાં પાછો આવ્યો ત્યારે માતાએ કમલસેનાની ઉપેક્ષા કરવા બદ્દલ

તેને ઠપકો આપ્યો. એટલે તેણે કમલસેનાનો પણ ઘટતો આદર કર્યો.

એક દિવસ સભામાં બેઠેલા અગડદત્ત પાસે અશ્વના સોદાગર આવ્યા. તેમની પાસેના એક ઊંધી તાલીમ પામેલા ઘોડા ઉપર અગડદત્તે સવારી કરતાં, તે ઘોડો તેને દૂર જંગલમાં લઈ ગયો. ત્યાં એક જળાશય પરના દેવળમાં દેવપૂજા કરીને અગડદત્તે પ્રવચન દેતા મુનિવરનો ધર્મોપદેશ સાંભળ્યો. શ્રોતાઓમાં વૈરાગ્યધારી પાંચ જુવાનને જોઈ, અગડદત્તે મુનિવરને તેમના સંસારત્યાગનું કારણ પૂછ્યું. એટલે મુનિએ તેમનો વૃત્તાંત કહ્યો: 'વિંધ્યવનમાં વસતા ભીલરાજ ભીમને એક રાજકુમારે માર્યો. તેનું વેર લેવા લાગ શોધતા તેના પાંચ ભાઈઓ એક દેવળમાં છુપાઈ રહ્યા હતા. યોગાનુયોગ પેલો રાજકુમાર સર્પદંશના ઝેરથી વિદ્યાધરે બચાવેલી પોતાની પત્ની સાથે જ દેવળમાં રાતવાસો રહેવા આવ્યો. ત્યારે તેની પત્ની સંતાઈ બેઠેલા એ પાંચ ચોરમાંથી સૌથી નાનાને જોઈ તેના પર મોહી પડી અને પતિને મારી ચોરની સાથે ભાગી નીકળવાનું તેણે નક્કી કર્યું. પણ અંગારા પાડવા નીચે નમેલા રાજકુમાર ઉપર ઘા કરતાં, પત્નીના હાથમાંથી તલવાર નીચે પડી ગઈ.'

ચોરને થયું કે, જે સ્ત્રી પોતાના પતિને છેહ દે છે, તે મને શે વળગી રહેશે ?' પાંચેય ચોર 'મરેલાને શું મારવો ?' એમ વિચારી વૈરવૃત્તિ છોડી મથુરા ગયા અને યમુનામાં સ્નાન કરી ચૌટામાં બેઠા હતા ત્યારે પાણી ભરીને જતી એક સ્ત્રીનું બેડું પડીને ફૂટી જતાં સાસુના ડરથી તે રડવા લાગતાં લોકોએ તેને બીજું બેડું અપાવી ઘેર મોકલી. એટલામાં ત્યાંથી નીકળેલી બીજી એક સ્ત્રીના માથા પરની દહીંની મટુકી ભીડને કારણે પડીને ફૂટી જતાં તે ખડખડાટ હસી પડી. ત્યાં રહેલા રાજકુમારે આફતમાં રડવાને બદલે હસવાનું કારણ પૂછતાં તેણે પોતાની વીતકકથા કહી :

**આહીરાણીની વીતકકથા :** 'શિવપુર નગરના માધવ નામે બ્રાહ્મણ અને તેની પત્ની વચ્ચે અપાર સ્નેહ હતો. તેમને એક નાનું બાળક હતું, જેને ઘરમાં બેસાડી બ્રાહ્મણપત્ની પાણી ભરવા ગઈ. પાણી ભરીને પાછી ફરતી હતી ત્યારે રાજાના સુભટે તેનું અપહરણ કરી કાંપિલ્યનગરના રાજાને તે ભેટ આપી. રાજાએ તેને પટરાણી બનાવી. વિષયાસક્ત તે નારી પુત્રને વીસરી ગઈ. પુત્રે ઉંમરલાયક થતાં ગુરુ પાસેથી વિદ્યા પ્રાપ્ત કરી. માધવને પોતાની પત્ની કામલતાની ભાળ મળતાં પુત્ર કેશવને ઘર ભળાવી તે કાંપિલ્યનગરમાં આવ્યો. તપાસ દરમિયાન તેણે કામલતાને મહેલના ગોખમાં બેઠેલી જોઈ. કામલતાએ પણ તેને જોતાં વૈદ્યના બહાના નીચે બોલાવી, ખૂબ ધન આપવાની આશા આપી. મુલાકાતનું સ્થળ નક્કી કરી માધવને તેણે રવાના કર્યો અને મહેલમાં આવી પોતાના પેટમાં ચૂંક આવતી હોવાની બૂમ પાડી. રાજાએ વૈદ્ય બોલાવ્યા. રાણીએ જણાવ્યું કે અગાઉ રાજાને પીડા થયેલી ત્યારે મેં હજાર દીનાર અને બલિબાકળા કાળકા માતાને ચડાવવાની બાધા રાખી હતી, પણ તે પૂરી કરવાનું હું ભૂલી ગઈ, તેથી માતાનો કોપ થયો છે. રાજાએ માનતા પૂરી કરવાનું વચન દીધું, એટલે રાણીએ ચૂંક શમી ગયાનું જણાવ્યું.

બંને જણ કાળકાના મંદિરે આવ્યાં. રાજાએ કાલિને વંદન કરવા મસ્તક નમાવ્યું કે તરત જ રાણીએ ખડ્ગના ઘાથી તેને જુદું કર્યું. રાજાને મારી તે પોતાના કંથ માધવ પાસે ગઈ તો તેને સર્પદંશથી મૃત્યુ પામેલો જોયો. આમ બંને પુરુષને ખોવાથી તે વનમાં નાઠી. ત્યાં ચોરે તેને લૂંટી અને પછી બલદેવગામે એક વેશ્યાને ત્યાં વેચી દીધી. સમય જતાં કેશવ (બ્રાહ્મણીનો પુત્ર) ફરતો ફરતો તે ગામમાં આવી પહોંચ્યો. યૌવન અને ધનને કારણે તેણે વેશ્યાને ત્યાં જ વિસામો લીધો. તેણે વેશ્યારૂપે રહેલી પોતાની માતા કામલતા સાથે જ કામભોગ કર્યો. એક દિવસ કામલતાએ કેશવને તેનો વૃત્તાંત પૂછ્યો. પરિણામે પોતાના પુત્ર સાથે જ વ્યભિચાર કર્યો હોવાનું જાણીને તેનું પ્રાયશ્ચિત કરવા યમુનાને કાંઠે તે ચિતા પર ચડી. પણ નદીમાં પૂર આવતાં તે તેમાં તણાઈ. તણાતી તણાતી તે વૃંદાવન આવી. એક આહીરે તેને બહાર કાઢી શુશ્રૂષા કરી સાજી કરી અને પોતાની પત્ની બનાવી. એ આહીરાણી તે હું.'

જે પાંચેય ચોરે આહીરાણીની બીના સાંભળી તેઓ ત્યાંથી નીસરી કંચનપુર આવ્યા. ત્યાં તેમણે એક સ્ત્રીને મુંડેલે માથે ગધેડે બેસાડી નગર બહાર લઈ જતી જોઈ. પૂછપરછ કરતાં એક જણે તેમને બનેલી બીના કહી :

**કુલટાચરિત્ર :** કંચનપુરના સાગરદત્ત નામે વેપારીને શ્રીદત્ત નામે પુત્ર હતો. શ્રીદત્ત શ્રીપુરના સોમદત્તની પુત્રી જયશ્રી સાથે પરણ્યો. જયશ્રીને પિયર મૂકી વહાણમાં કરિયાણું ભરી પરદેશ ગયો. પાછળથી જયશ્રી યૌવનમદે યથેચ્છપણે વર્તવા લાગી.

એક દિવસ મેડીએ બેઠેલી જયશ્રીએ એક પુરુષને જોયો અને તેના પ્રેમમાં પડી. તેણે પોતાની સખી માલતીની સાથે પોતાના પ્રેમીને સંદેશ મોકલી માલણને ત્યાં મળી. એ પછી દરરોજ બંને જણ ત્યાં મળતાં.

થોડા સમય પછી શ્રીદત્ત પરદેશથી ખૂબ ધન રળીને ઘેર પાછો આવ્યો. જયશ્રીને તેડવા તે સાસરે ગયો.

રાત્રે તે પતિ પાસે આવી અને ચુપચાપ સૂઈ ગઈ. પતિને ઊંઘી ગયો જાણી તે ઊઠીને સખીને ઘેર જવા નીકળી. રસ્તામાં તે એક ચોરની નજરે પડી. ચોર તેની પાછળ પાછળ ગયો. જયશ્રી સંકેતસ્થાને પહોંચી. તેના જાર તો મોડું થવાથી ચાલ્યો ગયો હતો. પણ ત્યાં એક રાજપુરુષ કોઈ સ્ત્રી સાથે હર્યો હતો, તે સ્ત્રીને સંગ કરીને પાછો જતો હતો, ત્યારે કોટવાળે તેને ચોર માનીને તીરથી હણ્યો. તેનો જીવ ઊડી ગયો. પેલી કામાતુર સ્ત્રી તેને જોઈ, એ મૃતદેહને વળગી ચુંબન કરવા લાગી. પેલો ચોર કુલટાનાં કર્મ નિહાળી રહ્યો હતો. ત્યાં પાસેના ઝાડ ઉપર એક ભૂતડું હતું. તેણે મડદામાં પ્રવેશ કર્યો. શબે સજીવ બનીને જયશ્રી સાથે સંભોગ કરી તેનું નાક કરડી ખાધું અને પછી મડદામાંથી તે નીકળી ગયું. લોહીલુહાણ થયેલી જયશ્રીએ પોતાની સખીને ઘેર જઈ, તેને બધી બીના જણાવી. ઘેર આવી પતિની બાજુમાં સૂઈ જઈ એકદમ ઊઠીને મોટેથી રોકકળ કરવા લાગી. લોકો એકઠાં થઈ ગયાં. 'મારા દુષ્ટ વરે હું નિર્દોષ હોવા છતાં મારું નાક કરડી ખાધું,' એવો આરોપ જયશ્રીએ શ્રીદત્ત પર મૂક્યો. તે વેળા પાછળ આવેલો અને જે જે બન્યું તેનો સાક્ષી પેલો ચોર ત્યાંથી ચાલ્યો ગયો. રાજા પાસે ફરિયાદ ગઈ. તેણે શ્રીદત્તને અપરાધી ગણી શિક્ષા ફરમાવી. તે જ વેળા પેલા ચોરે રાજા પાસે આવી સાચી વાત જણાવી. શબના મોંમાંથી નાકનો ટુકડો કાઢી બતાવ્યો. રાજાએ શ્રીદત્તને સરપાવ દીધો અને જયશ્રીને ગધેડે બેસાડી આખા ગામમાં ફેરવી.

આ પ્રમાણે સ્ત્રીઓનાં કુટિલ ચરિત્ર જોઈજાણીને પાંચેય ભીલોને સંસાર પર વૈરાગ્ય આવ્યો. પહેલાં તેમણે આપઘાત કરવાનું વિચાર્યું, પણ પછી મારા ઉપદેશથી તેમણે સાધુ થવાનો સંકલ્પ કર્યો. તેમનો છઠ્ઠો ભાઈ રસ્તામાં મળતાં, બનેલી ઘટનાઓ જાણીને તે પણ તેમની સાથે જોડાયો. આ પ્રમાણે મુનિએ પોતાનો વૃત્તાંત સમાપ્ત કર્યો.

અગડદત્તે પોતે જ પેલા દેવળમાંનો રાજકુમાર હોવાનું જણાવ્યું અને પોતાની કુલટા પત્નીને સતી માની લીધાનો પસ્તાવો કર્યો. ભીલોને તેણે કહ્યું કે, હું સ્ત્રીમોહમાં આંધળા બનેલા જોગીની જેમ છેતરાયો. ભીલોના કહેવાથી તેણે જોગીનું દૃષ્ટાંત કહ્યું.

**સંસારી થયેલા જોગીનું દૃષ્ટાંત** : ધનગિરિ નામે એક જોગીએ જોગ ત્યજી દઈ એક બાલિકાને વનમાં એકાંતમાં આવેલા એક ભોંયરામાં રાખી ઉછેરી. તે યુવાન થતાં તેની સાથે તે ભોગવિલાસ માણવા લાગ્યો. તેના મોહને વશ થયેલો જોગી તે જે માગે તે ભિક્ષાવૃત્તિ કરીને તેને લાવી આપતો. ભિક્ષા માગતાં તે ઘેરઘેર જઈને પોતાને ત્યાં સતી હોવાનું કહેતો. એ વાત એક વાણિયાએ સાંભળી. તેને થયું કે આ જોગીને કોઈ સ્ત્રી મળી છે, તેને સહેલાઈથી ભોળવી શકાશે. જોગી જ્યારે ભિક્ષા માટે બહાર ગયો ત્યારે તક જોઈને વાણિયો જોગીના ઘરમાં ઘૂસી ગયો. બંધ કમાડ પાછળ જોગણી અને વાણિયો સંગમસુખ માણતાં હતાં. એટલામાં જોગીએ બારણું ખટખટાવ્યું. જોગણીએ વાણિયાને કોઠીમાં છુપાવી દીધો. જોગીને મોડો થવા માટે ધમકાવ્યો અને આંખે પાટા બાંધીને વીણા વગાડી ગીત ગાવા કહ્યું. રાગમાં અંધ બનેલા જોગીએ એ પ્રમાણે કરતાં જોગણીએ વાણિયાને નસાડી મૂક્યો. બીજે દિવસે ભિક્ષા લેવા આવેલા જોગીએ જ્યારે ઉચ્ચાર્યું કે, 'અમ ઘર સતી, બાવા અમ ઘર સતી,' ત્યારે વાણિયાએ સામે પરખાવ્યું: 'તુમ ઘર સતી, અમ ઘર હતી.' એટલે જોગીએ પૂછ્યું: 'અમે વસું રન્ને વન્ને, ત્યાં તુમે કિહાં ?' વાણિયાએ જવાબ આપ્યો: 'આંખે પાટા ને કિન્નર વાજે, ત્યારે અમે તિહાં'. એકાંત ભોંયરામાં રાખવા છતાં સ્ત્રી વંઠી જાણીને જોગીએ ફરી વૈરાગ્ય લીધો.

ભીલોએ રાજપુત્રને સાતમો ભાઈ ગણ્યો. અગડદત્તે કમળસેના સહિત, પેલા છ ભીલ ભાઈઓ સાથે સંસારત્યાગ કરી સાધુવ્રત લીધું.

છયે જણને દઢવર્મા, ધર્મરુચિ, ધર્મદાસ, સુવ્રત, દઢવ્રત, અને ધર્મપ્રિય એમ જુદાં જુદાં નામ દીધાં. ધમ્મિલે અગડદત્ત મુનિને કહ્યું કે, શીલવતી નારીઓ પણ જગતમાં હોય છે. એના દૃષ્ટાંતરૂપે તેણે ધનશ્રીની વાત કહી.

ઉજ્જૈન નગરીના જિતશત્રુ રાજાને ધારિણી નામે રાણી હતી. ત્યાં સાગરચંદ નામે શેઠને ચંદ્રશ્રી નામે સ્વરૂપવાન પત્ની અને સમુદ્રદત્ત નામે પુત્ર હતો. એક વાર પોતાની માતાને તાપસ ગુરુની સાથે અનાચાર કરતી જોઈ સમુદ્રદત્તને સ્ત્રીઓ પ્રત્યે તિરસ્કાર આવ્યો. તેણે લગ્ન નહીં કરવાનો સંકલ્પ કર્યો. એક વાર વ્યવસાયાર્થે પિતા સાગરચંદ સોરઠ દેશના ગિરિનગરમાં ગયા. ત્યાં ધન સાર્થવાહની પુત્રી ધનશ્રીને જોઈને શેઠે વિચાર્યું કે, પોતાના પુત્ર સાથે એનો વિવાહ થાય તો સરખી જોડ થાય. તેમણે ધનશ્રી સાથે સમુદ્રદત્તનો વિવાહ કુંવર ન જાણે તેવી રીતે કર્યો. લગ્નદિવસ નક્કી કરી શેઠ ઉજ્જૈન પાછા ફર્યા. પછી પુત્રને ધન સાર્થવાહ પાસેથી માલ લઈ આવવા ગિરિનગર મોકલ્યો અને ધનશેઠનું વચન ન લોપવા જણાવ્યું.

સમુદ્રદત્ત ઉજ્જૈનથી નીકળી ગિરિનગર ગયો. પિતાનું વચન ન લોપાય એવી તેના મિત્રની સમજાવટથી સમુદ્રદત્ત અનિચ્છાએ ધનશ્રીને પરણ્યો. રાત્રે ધનશ્રી પાસેથી કોઈ બહાનું કાઢીને તે નાસી ગયો. સમાચાર જાણી સાગરચંદ

ગિરિનગર આવ્યો. ચારેબાજુ તપાસ કરી, પણ સમુદ્રદત્તની ભાળ ન મળી. પતિના ચાલ્યા જવાથી વ્યથિત થયેલી ધનશ્રી ગુરુ પાસે વિદ્યાભ્યાસ કરવા લાગી. એમ કરતાં બાર વર્ષ થઈ ગયાં.

બીજી તરફ સમુદ્રદત્તે વેશપલટો કરી વિનયંધર નામ ધારણ કરી માત્ર બે ટંક ખાવાનું આપવાની બોલીએ માળીની નોકરી લીધી. થોડા દિવસમાં તેણે બાગને સરસ ખીલવ્યો. ઘરનાં સૌનો તેણે વિશ્વાસ સંપાદિત કર્યો. એક વાર ગોખમાં બેઠેલી ધનશ્રીએ પાન ચાવતાં મોંમાંથી નાખેલી પિચકારી અજાણતાં, કોટવાળ પર પડી. ઊંચે જોઈ ને કોટવાળે ધનશ્રીના પ્રેમની માગણી કરી. ધનશ્રીએ તેને ધુત્કારી કાઢયો. કોટવાળે તે પછી વિનયંધરની મૈત્રી કરી. વિનયંધરે કોટવાળની માગણી ધનશ્રી પાસે રજૂ કરતાં ધનશ્રીએ તેને ધમકાવી કાઢયો. બીજી વારના પ્રયત્ને ધનશ્રીએ કોટવાળને એક લાખ સોનૈયા લઈ ને અશોકવાડીમાં બોલાવ્યો. તે આવ્યો એટલે તેને મદિરાથી બેહોશ કરી ગુપ્ત રાખેલા સિપાઈઓ પાસે મરાવી નાખ્યો. વિનયંધરને પણ મારવા ધનશ્રીએ કહ્યું. તેણે તેની ક્ષમા માગી. ધનશ્રીના હુકમથી વિનયંધરે કોટવાળની લાશ કૂવામાં નાખી દીધી.

એક દિવસ વિનયંધરે ધનશ્રીને તેના સાસરા વિશે પૂછયું. ધનશ્રીએ બધી હકીકતો જણાવી. વિનયે તેને તેના પતિ સાથે મેળાપ કરાવી આપવા તૈયારી બતાવી. વિનય મૂળરૂપ ધારણ કરી ઉજ્જૈન જઈ માતાપિતાને મળ્યો. ધનશ્રીને તેડાવી લીધી. ફરી ધામધૂમથી વિવાહઉત્સવ કર્યો.

પછી મુનિનો ધર્મોપદેશ સાંભળી ધમ્મિલે કહ્યું: 'મારી સંસારસુખની વાસના હજી અતૃપ્ત રહી છે, તો તે માટેનો ઉપાય બતાવો.' મુનિના ઉપદેશથી ધમ્મિલે છ માસ આયંબિલ તપ કર્યું. પછી સાધુવ્રત તજી દઈ ને તે વનમાં ચાલ્યો ગયો. તેની કાયા કૃશ અને નિસ્તેજ બની ગઈ હતી. રસ્તામાં એક ભૂતમંદિર આવ્યું. તેમાં તે રાતે રોકાયો. સ્વપ્નમાં દેવે આવીને તેને કહ્યું કે, તું બત્રીસ વિદ્યાધર કન્યાઓને પરણી સુખવૈભવ ભોગવીશ. રાતને પહેલે પહોરે 'ધમ્મિલ ક્યાં છે?' એમ પૂછતી એક સુંદરી આવી. 'આ રહ્યો,' એમ કહી, મોઢું ઢાંકીને તે પેલી સુંદરી જે રથ લઈ ને આવી હતી તે હાંકવા બેઠો. રથમાં એક રૂપાળી તરુણી બેઠી હતી. તેમના કહેવા પ્રમાણે ધમ્મિલે ચંપાપુરી તરફ રથ હાંક્યો. વચ્ચે વિશ્રામ કરવા ઊતર્યાં ત્યારે પેલી તરુણીએ પોતાના જે પ્રેમી સાથે નાસી જવાનો સંકેત કર્યો હતો, તેને બદલે કોઈ દૂબળા, કદરૂપા, ગમાર જેવા ભળતા જ પુરુષને જોઈ ને તેણે ઘણો પસ્તાવો કર્યો. તેની સાથે રહેલી ધાવમાતાએ તેના મનનું સમાધાન કરવા પ્રયાસ કર્યો. પછી કુંવરીએ ધમ્મિલની ઓળખાણ પૂછી. ધમ્મિલે કહ્યું: 'કામરૂ દેશના હરિપુર શહેરનો અનાથ એવો હું બધે રખડતો ફરું છું. કોઈકનાં ઢોર ચારી, એમાંથી ઢોર ચોરી, તે વેચીને હું જુગાર રમું છું. તમારા જેવી સ્ત્રી હાથમાં આવે તો એને વેચી મારી, મળેલા ધનથી વેશ્યાનો સંગ કરું છું. તું મારું ઘરકામ કર અને રાંધી ખવરાવ તો રોજનો ત્રણ શેર બંટીબાવટો હું લાવી આપું.'

કુંવરી આવા રખડેલ–વંઠેલના હાથમાં ફસાયાનું જાણી ઊકળી ઊઠી અને પોતે ઊંચા કુળની સતી સ્ત્રી હોઈ ને એના જેવા લફંગાનો સામનો કરવાથી ડરતી ન હોવાનું જણાવ્યું. ધમ્મિલે તેની સાથે વિનયથી વર્તી તેને વશ કરવાનું નક્કી કર્યું. ધાવમાએ ચંપાપુરી પહોંચ્યા પછી જે કાંઈ કરવું હોય તે કરવા કુંવરીને સમજાવી. રથ ચંપાપુરી તરફ ચલાવ્યો.

રથ એક ગામે આવી પહોંચ્યો. ધમ્મિલે ગામધણીના દીકરાના પેટમાં પેસી ગયેલો લોઢાનો ખીલો પોતાની વૈદક વિદ્યાથી કાઢી તેને સાજો કર્યો. ગામધણીએ ધમ્મિલના સાથને પોતાને ત્યાં ઉતારો આપ્યો. રાત્રે ધમ્મિલે ધાવમાતા પાસેથી જાણ્યું કે, કુંવરી મગધના અરિદમન રાજાની પુત્રી વિમલા છે. તે પુરુષદ્વેષિણી હતી, પરંતુ એક વાર સાર્થવાહના પુત્ર ધમ્મિલને રસ્તે જતો જોઈ તેના પર તે મોહી પડી અને ધાવમાતા મારફત તેને પરણવાનું કહેણ મોકલ્યું. ધમ્મિલે પોતે વણિક હોઈ ને ના કહી. છેવટે ગુપ્તપણે પરણવા તે સંમત થયો. દૂરના ભૂતિયા દેવળમાં મળવાનું ઠરાવ્યું. રથમાં બેસીને વિમલા અને ધાવમાતા દેવળમાં આવ્યાં. પણ પેલો વણિકપુત્ર ત્યાં આવ્યો જ નહીં. તેને બદલે તેમને આ ભળતા ધમ્મિલનો જ ભેટો થયો. ધમ્મિલની પ્રાર્થનાથી ધાત્રમાતા વિમલા તેને વશ થાય તેમ કરવા સંમત થઈ. સવારે રથ આગળ ચાલ્યો. રસ્તામાં ભયાનક સર્પ, સિંહ, હાથી, અને જંગલી પાડાના આક્રમણને ધમ્મિલે બળ અને પરાક્રમથી ખાળ્યું. તે પછી પાછલી રાત્રે ભીલ સેનાપતિ અર્જુન લૂંટવા આવતાં ધમ્મિલે ભીલોના ટોળાને હરાવી, સેનાપતિને હણી નાખ્યો. કમલાએ વિમલા પાસે ધમ્મિલનાં પરાક્રમ વખાણી તેનો સ્વીકાર કરવા તેને સમજાવી, પણ વિમલાનો ધમ્મિલ તરફનો તિરસ્કાર અને અણગમો ઓછો ન થયો. સવારે આગળ જતાં રાજા અજિતસેને સામે આવીને અર્જુન લૂંટારાને હણવા માટે ધમ્મિલને શાબાશી આપી, તેમને પોતાને ત્યાં લઈ જઈ સત્કાર કર્યો.

આથી ફરી કમલાએ વિમલાને ધમ્મિલનો આદર કરવા આગ્રહ કર્યો, ત્યારે 'તું મને વારંવાર ભોળવવાનો પ્રયત્ન ન કર, —જેમ ધનશેઠને એક ધુતારે ભોળવ્યા હતા. સાંભળ, ઉજ્જેણી-

નગરીના ધનશેઠે ઘોષણા કરી હતી કે, જે કોઈ મને અપૂર્વ કથા કહેશે તેને એક સોનામહોર આપીશ. એક ધુતારાએ તેને ઘેર આવીને કહ્યું કે, ચૌટામાં મેં એક માણસને દસ મણનું રીંગણું શેકતો જોયો. શેઠ ધુતારાને ઘરમાં બેસાડી એ વાતની ખાતરી કરવા નીકળ્યો. દરમિયાન શેઠાણી પાણી ભરીને આવી. તેને ધુતારાએ કહ્યું કે, શેઠ તો કોઈક રૂપાળી સ્ત્રીની સાથે ગેલ કરવા ચૌટે ગયા છે. એવું પછાડી શેઠાણી ચૌટે પહોંચી અને શેઠ સાથે મોટો ઝઘડો કર્યો. એ ધમાલમાં ત્યાંથી નીકળેલા એક ચંડાળને અડકી જતાં બંને નદીએ નહાવા ગયાં. દરમિયાન શેઠની બહેનને ઘેર આવી ધુતારાએ કહ્યું કે, દીકરો મરી જતાં શેઠ–શેઠાણી સ્મશાને ગયાં છે. રોતીકૂટતી એ બહાર નીકળી, ત્યાં ભીને લૂગડે શેઠ–શેઠાણી મળ્યાં. નણંદને રોતીકૂટતી જોઈ ને શેઠ–શેઠાણીએ પણ પોક મેલી. સગાંસંબંધી ભેળાં થઈ ગયાં. બેસણું માંડયું. ત્યારે ધુતારાએ બધી વાતનો ફોડ પાડી શરત પ્રમાણે શેઠ પાસેથી સોનામહોર લીધી.' વિમલાએ કહ્યું: 'હું એમ ઠગાઉં તેવી નથી.'

ત્યાંથી આગળ ચાલતાં રથ ચંપાપુરી પાસે આવ્યો. ચંપકઉદ્યાનમાં કમલા અને વિમલાને રાખીને ધમ્મિલ ઉતારાની ગોઠવણ કરવા નગરમાં જતો હતો ત્યારે કમલાએ તેને ધુતારાઓથી ચેતતા રહેવા કહ્યું અને તે સંબંધમાં 'ત્રંબાવટીના કોટિપતિની પુત્રી રૂપાલી ભીમ કણબીના પ્રેમમાં પડી ધનમાલ લઈ ને નાસી ગઈ. બંને ચંપાનગરી આવ્યાં. ત્યાં સિંહ નામના ઠગ–ક્ષત્રિયે તેમના મામા તરીકે પોતાને ઓળખાવી બંનેને ઘરને ઉપલે માળે બંદી કરી તેમનું ધન કબ્જે કર્યું.' એ કથા કહી. ત્યારે ધમ્મિલે કહ્યું: 'તું એ કથા પૂરી નથી જાણતી. રૂપાલી અને ભીમ રાતે સિંહનો રત્નહાર લઈ ને પાછલી બારીએથી નાસી ગયાં. સવારે જાણ થતાં સિંહ ઘોડે ચડીને પાછળ પડયો. બાવીશ ગાઉ પર બંનેને પકડી પાડયાં. ભીમ રથ લઈ ને ભાગ્યો. રૂપાલી રત્નહાર ગળામાં પહેરી વડ ઉપર ચડી ગઈ. સિંહ તેને પકડવા વડ ઉપર ચડ્યો, એટલે રૂપાલી બીજી ડાળેથી નીચે કૂદી સિંહના ઘોડા પર બેસી ભાગી છૂટી અને ભીમની પાસે પહોંચી ગઈ.' આ પછી ધમ્મિલ ચંપાની પાસે વહેતી ચંદ્રાવતી નદીમાં કમળપત્રની વિવિધ કલાત્મક આકૃતિઓ બનાવી તેમને ઝાડની છાલમાં વીંટાળી પાણીમાં તરતી મૂકવા લાગ્યો. રાજપુત્ર રવિશેખરના બે ગોઠિયા તેની આ કળાથી પ્રસન્ન થઈ તેને કુમાર પાસે લઈ ગયા. ધમ્મિલે, કુશાગ્રપુરથી દેશભ્રમણ કરવા નીકળ્યો હોવાનું કહ્યું. પોતાની સાથે હાથી પર ધમ્મિલને બેસાડીને રવિશેખર ચંપકઉદ્યાનમાં આવ્યો. કમલા અને વિમલાને સાથે લીધાં. રાજમહેલમાં ઉતારો આપી સત્કાર કર્યો. આથી પણ વિમલાનું ચિત્ત ધમ્મિલ પ્રત્યે અનુરાગી ન બન્યું. જ્યારે ધમ્મિલે કમલા પાસેથી એ જાણ્યું ત્યારે તેણે બેતાળીસ દિવસ પરમેષ્ઠી મંત્રનો રાત્રે જાપ કર્યો. વળી રાજસત્કાર માણતાં તેની રૂપકાંતિ પણ ખીલી ઊઠી.

રવિશેખરને ધમ્મિલ અને વિમલા બોલતાંચાલતાં ન હોવાથી વહેમ ગયો અને ખાતરી કરવા બધી મિત્રમંડળી અને તેમની પત્નીઓને સાથે લઈ ને વનમાં જળક્રીડાએ જવું એમ ગોઠવ્યું. કમલાએ વિમલાને ધમ્મિલનો સ્વીકાર કરવા ખૂબ સમજાવી, નહીં તો પોતે તેને છોડી જશે એવી ધમકી આપી ને સ્વચ્છંદી વસુદત્તા તથા અરિમર્દન રાજા કેવાં દુઃખીદુઃખી થઈ ગયાં તેમનાં દૃષ્ટાંત કહ્યાં.

**વસુદત્તાનું દૃષ્ટાંત** : ઉજ્જેણીનગરના વેપારી વસુમિત્રની સ્વરૂપવતી પુત્રી વસુદત્તાનાં લગ્ન કૌશાંબીનગરીના સાર્થવાહ ધનદેવ સાથે થયાં. વસુદત્તાને બે પુત્ર થયા. તે ત્રીજી વખત ગર્ભવતી થઈ ત્યારે ધનદેવને બહારગામ જવાનું થયું. તેની ગેરહાજરીમાં વસુદત્તાને પોતાનાં માતાપિતાને મળવાની ઇચ્છા થઈ. એ વેળા વેપારીઓનો એક સાર્થ કૌશાંબી થઈ ને ઉજ્જેણી જતો હતો. સાસુસસરાએ રોકવા છતાં વસુદત્તા બંને દીકરાને લઈ ને એ સથવારા સાથે ઉજ્જેણી જવા નીકળી. પણ રસ્તામાં તે ભૂલી પડી. બીજી તરફ બહારગામથી આવી પહોંચેલા ધનદેવે વસુદત્તા પિયર ગઈ હોવાનું જાણ્યું. તે તેની પાછળ ગયો અને અડધી રાત્રે વનમાં વસુદત્તાનો પત્તો લાગ્યો. પછી વનમાં રાતવાસો રહેલી વસુદત્તાને પુત્રપ્રસવ થયો. બાળક જન્મતાં જ મૃત્યુ પામ્યું. લોહીની ગંધથી ત્યાં આવી લાગેલો વાઘ ધનદેવને ઉપાડી ગયો. પતિ અને પુત્રના મૃત્યુના શોકથી દુઃખી વસુદત્તા બંને પુત્રોને લઈ આગળ ચાલી. રસ્તામાં અકાળે વૃષ્ટિ થતાં નદીમાં પૂર આવ્યું. એક પુત્રને સામે કાંઠે ઉતારી બીજાને લેવા ગયેલી વસુદત્તાના હાથમાંથી પુત્ર છૂટી જતાં તે પ્રવાહમાં તણાઈ ગયો. પોતે પણ તણાવા લાગી. એ જોઈ બીજો દીકરો પણ નદીમાં દોડી ગયો. એમ બંને પુત્રો ખોયા. વસુદત્તા પાણીમાં વહેતા એક ઝાડને વળગી કાંઠે આવી. નિરાશ થયેલી તે વનમાં રખડતી હતી, ત્યાં એક ભીલે તેને પકડીને તેના સરદારને ભેટ કરી. સરદારની બધી સ્ત્રીઓમાં તે સૌથી માનીતી બની. બીજી બધી સ્ત્રીઓ તેનો કાંટો કાઢવાનો લાગ શોધતી હતી. વસુદત્તાને પુત્ર થયો. એ તેની મા જેવો રૂપાળો હોઈ ને, વસુદત્તાની શોકોએ વરના કાન ભંભેર્યા કે, એ દીકરો તેને બીજા કોઈના સંગથી થયો છે. સરદારે એ નવજાત પુત્રની હત્યા કરી અને વસુદત્તાનું માથું મુંડાવી તેને વસતિ બહાર ઝાડ સાથે બાંધી. એવામાં ભાગ્યજોગે ઉજ્જેણી જતો એક સાર્થ ત્યાંથી નીકળ્યો. વસુદત્તાને છોડાવી સાર્થવાહને સોંપી. પછી સાથે પ્રવાસ કરતી એક સાધ્વીના ઉપદેશથી તેણે તેની પાસે દીક્ષા

લઈ લીધી. ઉજ્જેણી પહોંચીને પોતાનાં માતાપિતાને તેણે બધી વીતકકથા કહી. પછી તપશ્ચર્યા કરીને તે સ્વર્ગે ગઈ.

(સ્વચ્છંદી વસુદત્તાની દૃષ્ટાંતકથા સમાપ્ત)

**અરિમર્દન રાજાનું દૃષ્ટાંત :** ત્રંબાવતીનગરીના રાજા અરિમર્દનને પ્રીતિમતી નામે રાણી હતી. રાજાને ધનવાહ નામે એક લંગોટિયો દોસ્ત હતો. તેને ત્યાં માબાપ વગરનો એક બાળક રહેતો હતો. તે કૂકસા (એટલે કે કૂશકા) ખાઈને રહેતો તેથી તેનું નામ કોકાસ પડ્યું. ધનવાહનો પુત્ર ધનવસુ મિત્ર કોકાસને લઈ વેપાર અર્થે યવનદ્વીપ ગયો. ત્યાંના યંત્રકળાના જાણકાર એક રથકાર પાસેથી કોકાસે, કળથી આકાશમાં ઊડતાં કાષ્ઠયંત્ર બનાવવાની કલા શીખી લીધી.

પછી શેઠ સાથે તે ત્રંબાવતી પાછો આવ્યો. કોકાસે આજીવિકા મેળવવાનો ઉપાય વિચાર્યો. તેણે લાકડાનાં એવાં બે યાંત્રિક કબૂતર બનાવ્યાં, જે ઊડીને રાજાની અગાશીમાંથી તેમ જ લોકોનાં ખળાંખેતરોમાંથી શાળ ચોરી લાવતાં. લોકોએ રાજાને ફરિયાદ કરી. તેણે તપાસ કરી રાજાને કોકાસની ચાલાકીની જાણ કરી. રાજાએ તેને યાંત્રિક વિમાન બનાવવા કહ્યું. કોકાસે કળયંત્રવાળું લાકડાનું વિમાન બનાવ્યું અને તેમાં બેસી કોકાસ અને રાજા અંતરિક્ષમાં વિહાર કરતા. એક વાર રાણીએ તેમની સાથે જવાની ઇચ્છા બતાવી. વિમાન ત્રણ જણનો ભાર ખમી શકે તેવું નથી, એવું કોકાસનું કહેવું જૂઠું માનીને રાજાએ રાણીને સાથે લીધી. માર્ગમાં અતિ ભારથી યંત્રના તાર તૂટી જતાં વિમાન તૂટી સરોવરમાં પડ્યું, પણ ત્રણેય જણ બચી ગયાં. પાણીમાંથી બહાર આવી પશ્ચાત્તાપ કરવા લાગ્યાં. કોકાસ તેમને એક જગ્યાએ બેસાડી બાજુના નગરમાં વિમાન સમું કરવાનાં ઓજાર લેવા ગયો. સુતાર રાજાનો રથ સમો કરતો હતો. કોકાસે તે કામ હાથમાં લઈ તરત જ રથ સજ્જ કરી દીધો. એની કલા જોઈ સુતારે તેને ત્રંબાવતીના કોકાસ તરીકે ઓળખી કાઢ્યો. પછી 'હું યંત્ર સમું કરવાનાં ઓજાર લઈ આવું છું,' એવું કહીને તે નગરના રાજા કાકજંઘ પાસે પહોંચ્યો. ત્રંબાવતીનો કોકાસ આવ્યાનું જાણી કાકજંઘે તેને બોલાવી મંગાવ્યો. પછી અરિમર્દનને પકડી કારાગારમાં પૂર્યો અને તેની રાણીને અંતઃપુરમાં રાખી. પછી કાકજંઘે રાજપુત્રોને તેની યંત્રકળા શીખવવા કોકાસને કહ્યું. તેણે બે યાંત્રિક ઘોડા તૈયાર કર્યા. એક વાર કોકાસ ઊંઘી ગયો હતો ત્યારે રાજાના બે કુમારો એ ઘોડા પર ચડી અંતરિક્ષમાં ઊડ્યા. ઊઠીને કોકાસે એ વાત જાણી અને કુમારો ઊતરવાની કળ ન જાણતા હોઈને ભારે અનર્થ થશે, એવો ભય વ્યક્ત કર્યો. કોપે ભરાયેલા રાજાએ કોકાસનો વધ કરવા બાકીના કુંવરોમાંથી એકને આદેશ દીધો. કોકાસે વેર લેવા યુક્તિ વિચારી. નીચે શૂળોવાળું ચક્રયંત્ર બનાવી તેણે તેમાં કુંવરોને બેસાડ્યા અને 'હું શંખનાદ કરું ત્યારે વચ્ચેની ખીલીને ઠોકજો' એવી સૂચના આપી. પછી કોકાસે શંખ ફૂંક્યો. જેવી કુંવરે ખીલીને ઠોકી તેવી જ નીચેથી નીકળેલી શૂળોથી તે બધા વીંધાઈને મરણ પામ્યા. એટલે એક સુભટે કોકાસને પકડીને મારી નાખ્યો. કાકજંઘે બધા કુમારો મરી ગયાનું સાંભળી આત્મઘાત કર્યો અને કારાગારમાં રહેલા અરિમર્દને પણ આપઘાત કર્યો.

(અરિમર્દનનું દૃષ્ટાંત સમાપ્ત)

આમ, હિતોપદેશ ન માનનારની શી દશા થાય છે તે કમળાએ વિમલાને સમજાવ્યું.

કમલાનાં વચન સાંભળી વિમલા ધમ્મિલને પરણવા તૈયાર થઈ. એથી તે રાજી થયો. લગ્નસામગ્રી તૈયાર કરી તે રાતે તેણે ગાંધર્વવિવાહ કર્યો. ધમ્મિલ નવી સ્ત્રીઓ પરણે તો પણ વિમલાને છેહ ન દેવાની કમલાએ તેને શીખ આપી. સાસુનાં વચન માથે ચઢાવી ધમ્મિલ ઘેર આવ્યો. પછી નક્કી થયા પ્રમાણે કમલા અને વિમલા સાથે ધમ્મિલ વનક્રીડા માટે વનમાં પહોંચ્યો. સૌ મિત્રોએ ભોજન, જળક્રીડા વગેરે આનંદપ્રમોદ કર્યા. ધમ્મિલ અને વિમલાની જોડી જોઈ સહુએ પ્રશંસા કરી. વિમલાને ધમ્મિલ પાસે જોઈ મિત્રોની શંકા ટળી. સૂર્યાસ્ત થતાં સહુ ઘેર આવ્યાં. એક વાર ધમ્મિલ અને વિમલા વચ્ચે ઝગડો થયો. ચિત્તની શાંતિ અર્થે ધમ્મિલ વનમાં ગયો, ત્યાં એક જૈન મુનિને જોઈ તેમને વંદન કર્યાં. ત્યાં તાજી દીક્ષા લીધેલા બે યુવાન મુનિને જોઈ ધમ્મિલે તેમનો વૃત્તાંત જાણવા ઇચ્છા કરી. ગુરુએ એ શિષ્યોની વાત કહી:

**મદન શેઠનું દૃષ્ટાંત :** કુશસ્થલ નગરમાં મદન નામે એક શેઠ વસતો હતો. તેને ચંડા–પ્રચંડા નામે બે સ્ત્રીઓ હતી. બંને કુભારજા અને કંકાસણી હતી. દુઃખી મદને છેવટે નદીના સામસામા કિનારે જુદાં જુદાં ઘર રાખ્યાં. એકાંતરે વારાફરતી તે બંને સ્ત્રીઓને ત્યાં રહેતો. એક વાર કોઈક કારણે મદન પ્રચંડાને ત્યાં બે દિવસ રહ્યો. ત્રીજે દિવસે ચંડાને ઘેર એ આવ્યો, ત્યારે ચોખા છડતી તેણે સાંબેલું મંત્રીને મદનની સામે ફેંક્યું. મંત્રબળે તે નાગ બની ગયું. મદન નાઠો. નાગ તેની પાછળ પડ્યો. મદન પ્રચંડાના ઘરમાં પેસી ગયો. પ્રચંડા સ્નાન કરી રહી હતી. શેઠે વિગત કહી. પ્રચંડાએ નાગને જોયો. તેણે શરીર પરના મેલની વાટ કરીને મંત્રબળે તેનો નોળિયો બનાવી નાગની સામે છોડ્યો. નોળિયે નાગને મારી નાખ્યો. મદન ત્યાં રાત રોકાયો. સવારે એ બે ડાકણો સાથે રહેવાથી જીવનું જોખમ જાણી તે સમૃદ્ધ ઘરબાર છોડીને પરદેશ ઊપડી ગયો.

કેટલાક દિવસે તે સંકાશનગર પહોંચ્યો. તેણે ઉતારો કર્યો હતો ત્યાંના ભાનુદત્ત શેઠે, તેમની કુળદેવીએ આગળથી ભાખ્યા પ્રમાણે મદનનું સ્વાગત કરી તેને પોતાની પુત્રી વિદ્યુલ્લતા પરણાવી. તેની સાથે સ્નેહસુખ ભોગવતા મદને એક વાર ચોમાસાની રાતે પડોશમાં રહેતી વિરહિણીનો વિલાપ સાંભળ્યો. તેના મનમાં ચંડા–પ્રચંડા પ્રત્યે અનુકંપા જાગી. વિદ્યુલ્લતાને તેણે કહ્યું કે, હું મારી પહેલાંની બંને પત્નીની ખબર કાઢી આવું. આથી ઈર્ષ્યાએ ઘેરાયેલી વિદ્યુલ્લતાએ વર્ષાઋતુ પૂરી થયે જવા કહ્યું. તે પ્રમાણે પ્રયાણ કરતા મદનને વિદ્યુલ્લતાએ મંત્રેલા દહીંભાતનું ભાતું આપ્યું. પ્રવાસમાં ભોજનવેળાએ મદને એક તાપસને ભક્તિભાવે ભાતામાંથી થોડુંક આપ્યું અને પોતે જળાશયમાં નાહવા પેઠો. પેલા તાપસે જેવા કોળિયા લીધા તેવો તે બકરો બની ગયો. મદન ભાતાનો કોળિયો મોંમાં મૂકવા જતો હતો ત્યાં કોઈકે છીંક ખાધી. એ અપશુકનથી તેણે ખાવાનું માંડી વાળ્યું. સામે જોયું તો તાપસની જગ્યાએ બકરો ભાળ્યો. મદન ભાતામાં કામણટૂમણ હોવાનું સમજી ગયો. તે પેલા બકરાની પાછળ પાછળ ચાલ્યો. બકરો વિદ્યુલ્લતાની પાસે પહોંચ્યો. તેણે બારણાં બંધ કરી 'જાને તારી એ મા પાસે' એમ કહેતાં તેને ઝૂડવા માંડ્યો. લોકોએ વચ્ચે પડી તેને છોડાવ્યો. સખીના કહેવાથી મંત્રેલું પાણી છાંટતાં બકરો તાપસ થઈ ગયો. તાપસે કહ્યું કે, એક પ્રવાસીએ આપેલું ભોજન ખાતાં મારી આ દશા થઈ. આ બધું છુપાઈને જોઈ રહેલો મદન ત્યાંથી નાઠો અને રાતોરાત દસ જોજન ચાલી હસંતીપુર પહોંચ્યો. ત્યાં દેવળમાં જઈ તે દેવવંદન કરતો હતો ત્યારે, ત્યાં એક શેઠ મળ્યા. તેને મદને પોતાની વીતકકથા કહી. તે સાંભળી શેઠે પોતાની કહાણી કહી સંભળાવી.

**ધનદેવનું દૃષ્ટાંત** : હસંતીપુરમાં ધનદેવ ધનસાર નામે બે શેઠપુત્રો પત્નીઓના કજિયાકંકાસથી થાકીને જુદા થયા. કજિયાખોર પત્નીથી ત્રાસેલા ધનદેવને ધનસારે બીજી વાર પરણાવ્યો. બીજી પત્ની પણ આગલીના સંગે તેવી જ કુભારજા બની ગઈ.

એક વાર ધનદેવ ટાઢિયા તાવથી પિડાતો હતો ત્યારે તેની બંને સ્ત્રીઓએ સ્ત્રીચરિત્ર દાખવી તેના શરીરને વસ્ત્ર ઓઢાડી પોતે શણગાર સજી બહાર નીકળી. આંગણના આંબા પર ચડી, તેને ઉડાડવા તે મંત્રપાઠ કરતી હતી ત્યારે, આંબાના મૂળ આગળ ધનદેવે પોતાને કપડાથી થડ સાથે બાંધી દીધો. આંબો ઊડીને રત્નપુર આવ્યો. ત્યાં શ્રીપુંજ શેઠની પુત્રી શ્રીમતીને પરણવા જતા વરનો વરઘોડો જોતી બંને જણી તથા તેમનાથી દૂર રહી ધનદેવ, ઊભાં હતાં. વર તોરણે પહોંચ્યો. ત્યાં અકસ્માત તોરણ તેના પર તૂટી પડ્યું અને વર મરી ગયો. કુલદેવીના કહેવાથી ત્યાં રહેલા ધનદેવને ચાંલ્લો કરી કન્યા સાથે તેના ફેરા ફેરવી દીધા. ધનદેવની નાની વહુને એ વર ધનદેવ હોવાની શંકા ગઈ, પણ મોટી વહુએ એનો વહેમ નકારી કાઢ્યો. પછી બંને નગરમાં ભમવા નીકળી.

ધનદેવે વાસભુવનમાં જઈ સૂઈ રહેલી શ્રીમતીનાં ચીર ઉપર કેસરરસથી એક શ્લોક લખી તેમાં પોતાનું નામ અને ઠામઠેકાણું જણાવ્યું. પછી બહાનું કાઢી તે પેલા આંબા પાસે આવ્યો. બંને સ્ત્રીઓએ આવી આંબા પર બેસી મંત્ર ભણતાં તે મૂળ સ્થાને આવી ગયો. ચુપચુપ નીકળીને ધનદેવ ઘેર આવી સૂઈ ગયો. તેની બંને સ્ત્રીઓ ઘેર આવી સૂઈ ગઈ. સવારે જાગીને ધનદેવના હાથ પર નાડાછડી બાંધેલી જોઈ નાનીએ શોકને પોતાની શંકા સાચી હોવા જણાવ્યું અને કહ્યું કે, મોટીએ રાત્રે જ વાત માની હોત તો ધનદેવને સમુદ્રમાં નાખી દઈને બંને જણી સુખચેનથી રહી શકત. એટલે મોટીએ દોરો મંત્રીને ધનદેવને પગે બાંધી દીધો. ધનદેવ પોપટ થઈ ગયો. તે તેને પાંજરામાં પૂરી દઈ, મારીને શાક બનાવવાની ધમકી રોજ આપતી. તે સાંભળી પોપટ ધ્રૂજતો.

પેલી તરફ ધનદેવ લખી ગયેલા શ્લોકને આધારે શ્રીપુંજ શેઠે હસંતીપુર જઈ રહેલ સાગરદત્ત વાણિયાને રત્નનો એક હાર આપી પોતાના જમાઈને તેડી લાવવાનું કામ સોંપ્યું.

સાગરદત્ત હસંતીપુર પહોંચ્યો. ત્યાં જઈ ધનદેવની બેય સ્ત્રીઓને હાર આપી શેઠ ક્યાં ગયા છે એમ પૂછ્યું. બંનેએ 'શેઠ પરદેશ ગયા છે અને બારોબાર ત્યાં આવશે અને રત્નપુરથી કોઈ આવે તો શ્રીમતીને રમવા પોપટ આપજો', એમ પણ કહેતા ગયા હોવાનું કહ્યું. પાંજરું લઈ જઈ શ્રીમતીના હાથમાં આપ્યું. શ્રીમતી જાણે પતિ મળ્યો હોય એમ તેને રમાડતી. એક દિવસ પોપટના પગમાં દોરો જોઈ તેને તોડી નાખતાં પોપટમાંથી ધનદેવ પ્રગટ્યો. એ જોઈ સહુ વિસ્મય પામ્યાં.

શ્રીપુંજ શેઠે દીકરી–જમાઈને અન્ય મહેલમાં રાખ્યાં. થોડા દિવસ પછી શ્રીપુંજ મરણ પામતાં શ્રીમતીએ ધનદેવને હસંતીપુર લઈ જવા કહ્યું. ધનદેવે શ્રીમતીને સઘળી હકીકત કહી, છતાં તેણે આગ્રહ ન છોડતાં પોતાને ગામ તેને લઈ આવ્યો. ધનદેવની પહેલી બે પત્નીઓએ તે પોતાનું દુઃખ ભૂલી ગયો હોવાનું વિચારી ફરીથી તેનો સ્વાદ ચખાડવા યોજના કરી. ધનદેવને મંત્રેલા આસને બેસાડી નાની પગ ધોવા લાગી અને મોટી મંત્રેલું પાણી છાંટવા લાગી. તે પાણી છેક ધનદેવના માથા સુધી ઊંચે ચઢતાં તે ડૂબવા લાગ્યો, ત્યારે શ્રીમતીએ મંત્ર વડે તે પાણી શોષી લીધું. એ જોઈ બંને સ્ત્રીઓ શ્રીમતીને પગે પડી. ધનદેવ આશ્ચર્યથી આ જોઈ રહ્યો.

ધનદેવે વિચાર્યું કે નસીબજોગે જો કોઈ વાર શ્રીમતી કોપે તો ત્રણેય સ્ત્રીઓ પાસેથી મને કોઈ બચાવી શકશે નહીં. એટલે ઘરત્યાગ કરી તેણે મારી પાસે આવીને દીક્ષા આપવા વિનંતી કરી.' એ પ્રમાણે મુનિએ ધનદેવનો વૃત્તાંત સમાપ્ત કર્યો. ધનદેવની કથા સાંભળી ધમ્મિલે પોતાને દીક્ષા આપવા વિનંતી કરી. મુનિએ તેને હજી પૂર્વકર્મના ભોગ ભોગવવાના બાકી હોઈ દીક્ષા આપવા ના પાડી. ધમ્મિલ મુનિને વંદીને ત્યાંથી નીકળ્યો.

**ધમ્મિલની કથા :** ધમ્મિલ રાજમાર્ગ પર ચાલ્યો જતો હતો ત્યારે તેણે એક નાગવિહાર જોયો. તેમાં નાગદેવની પૂજા કરી પ્રસન્ન થવાનું કહી રહેલી એક કન્યાને ઇચ્છિત વર મળવાના આશીર્વાદ આપતા નાગદેવને જોયા. પછી ત્યાંથી નીકળતી એ કન્યા કામદેવના અવતાર સમા ધમ્મિલને જોઈ તેના ઉપર મોહી પડી. તેની પ્રત્યેના સ્નેહને કારણે પોતે કુશાગ્રપુરથી આવ્યો હોવાનું ધમ્મિલે તેને જણાવ્યું.

કન્યાએ સાર્થવાહ નાગવસુની પુત્રી નાગદત્તા તરીકે પોતાનો પરિચય આપ્યો, પછી નાગવસુએ નાગદત્તાને ધમ્મિલની સાથે પરણાવી. ધમ્મિલ અને નાગદત્તા સુખમાં પોતાના દિવસો પસાર કરતાં હતાં.

રાજકુમારી કપિલા નાગદત્તાની સખી હતી. તે પણ સ્વયંવર રચાવી ધમ્મિલને વરી.

પેલી બાજુ વિમલા પણ ધમ્મિલને તરછોડવા બદલ પસ્તાતી હતી. એક વાર ધમ્મિલ નાગદત્તા અને કપિલા સાથે વિમલાના આવાસ પાસેથી નીકળ્યો, ત્યારે સેવકો તેને ઓળખી ગયા. વિમલાએ ધમ્મિલનું સ્વાગત કર્યું. તે પછી ત્રણેય પત્ની સાથે ધમ્મિલ ત્યાં રહેવા લાગ્યો.

એક દિવસ રાજકચેરીમાં ધમ્મિલ બેઠો હતો તે વખતે કોઈ વેરી રાજાએ સુંદર ઘોડો તેને ભેટ મોકલ્યો. અશ્વવિદ્યા જાણતો ધમ્મિલ તેની પર બેસી ઘણા અસવારો સાથે નગર બહાર નીકળ્યો. અવળી તાલીમ પામેલો ઘોડો તેને લઈ વનમાં કનકવાલુકા નદીને કાંઠે પહોંચી ગયો. ઘોડાને વૃક્ષ તળે બાંધી તે આગળ ચાલ્યો, ત્યારે એક ઘટાદાર વૃક્ષની ડાળે લટકતી અદ્ભુત તલવાર જોઈ. આસપાસ તેણે તપાસ કરી, પણ કોઈ દેખાયું નહીં. પાછા આવી તેણે તલવારને ધાર કરી તેના પાણીની પરીક્ષા કરવા વાંસજાળ પર વીંઝી. આથી વાંસજાળની સાથે જ ઊંધે માથે તપ કરી રહેલા એક તપસ્વીનું માથું કપાઈ નીચે પડ્યું. ધમ્મિલને ભારે પસ્તાવો થયો. તે આગળ ગયો. ત્યાં એક મહેલમાં એક સુંદર કન્યાને જોઈ. તેણે આ પ્રમાણે પોતાનો પરિચય આપ્યો:

'શંખપુરીના રાજકુમાર કામોન્મત્તે ચમત્કારી વિદ્યાની સાધના અર્થે પોતાની બંને બહેનોને કનકવાલુકા નદીને કિનારે મહેલ બનાવી, તેમાં રાખી. મુનિની આગાહી હતી કે કામોન્મત્તની જેને હાથે હત્યા થશે તે તેની બહેનોનો વર થશે. કામોન્મત્ત દેશદેશથી સોળ કન્યાઓનું અપહરણ કરી લાવ્યો અને વિદ્યા સિદ્ધ થયા પછી તેમની સાથે પરણવાનું નક્કી કર્યું. કામોન્મત્તે વાંસજાળમાં જઈ સાધના શરૂ કરી. મોટી રાજકુમારીના કહેવાથી હું કામોન્મત્તની ખબર લેવા જતી હતી. હું અપહૃત કન્યાઓમાંની મિત્રસેના છું.' આ વાત સાંભળી ધમ્મિલે જાણ્યું કે, સાધના કરી રહેલો કામોન્મત્ત જ તેના હાથે મરાયો. પછી ધમ્મિલે બનેલી ઘટના કહી સંભળાવતાં મિત્રસેનાને ભારે દુઃખ થયું. તેણે ધમ્મિલને ત્યાં જ ઊભા રહેવા કહ્યું. પોતે મોટી રાજકુમારીને બનેલી ઘટના જણાવી. 'જો તેને ધમ્મિલ પ્રત્યે પ્રેમભાવ થશે તો લાલ ધજા ફરકાવશે અને જો તે વિરક્ત હશે તો સફેદ ધજા', એવું કહીને મિત્રસેના ગઈ. થોડી વાર બાદ ધમ્મિલે સફેદ ધજા ફરકતી જોઈ, એટલે મિત્રસેનાની સલાહ પ્રમાણે તે ત્યાંથી નાસીને નદીકિનારે ગયો. જંગલ તરફ ચાલતાં તેણે વૃક્ષ નીચે ચાર જોગીઓને અંદરોઅંદર ઝઘડતા જોયા.

એ જોગીઓને તેમની સેવાથી પ્રસન્ન થઈ તેમના ગુરુએ મરતી વખતે ચાર ચમત્કારી વસ્તુઓ ભેટ આપેલી : (૧) રોજ સો દિનાર આપતી કંથા, (૨) હજાર કોશ સુધી લઈ જતી ઊડણપાવડી, (૩) અક્ષયપાત્ર અને (૪) એક દંડ. પણ કોણે કઈ વસ્તુ લેવી તે કહેતો ગયો ન હતો. તેમની વિનંતીથી ધમ્મિલે તેમનો ઝઘડો ચિઠ્ઠીઓ નાખીને પતાવ્યો. જોગીઓએ ધમ્મિલને ચાર ચમત્કારી ઔષધિ ભેટ આપી : રોગહરણ, રાજવશીકરણ, સો હાથીનું બળ દેનારી, શસ્ત્રપ્રહારથી રક્ષણ દેનારી.

એ પછી સવાર થતાં ધમ્મિલ જંગલ વટાવી સંબાહ ગામે ગયો. ત્યાંના રાજા સુદત્તને તેના ભાઈ ચંપાધિપતિ સાથે ઝઘડો હતો. નગરમાં તે માળણને ત્યાં રહ્યો. ત્યાં રહી ધમ્મિલે મંત્રવિજ્ઞાનથી એક પંખો ગૂંથ્યો અને તેની વચ્ચે ગુપ્ત રીતે એક રોગહર ઔષધિ મૂકી દીધી.

એ વખતે પુરોહિતની પુત્રીને થયેલો શૂલરોગ ઘણા ઉપાયો કર્યા છતાં મટતો ન હતો. પાણીમાં પલાળી પંખો વીંઝીને ધમ્મિલે તેને સાજી કરી. તે જ રીતે રાજકુમારી પદ્માવતીનો રોગ પણ મટાડ્યો. રાજાએ ધમ્મિલને પદ્માવતી પરણાવી.

રાજાને તેના મોટાભાઈ ચંપાના રાજા સાથે સદાનું વેર હોવાનું જાણી ધમ્મિલે તેમની વચ્ચે મેળ કરાવવાનું માથે લીધું. તે ચંપા પહોંચ્યો, ત્યારે નગરમાં એક ગાંડો થયેલો

હાથી ભાંગફોડ મચાવી રહ્યો હતો. તે વખતે સાર્થવાહનો પુત્ર સાગરદત્ત આઠ કન્યાઓને પરણવા નીકળ્યો હતો.

એટલામાં પેલો હાથી ત્યાં આવી પહોંચ્યો. આઠેય કન્યાઓને છોડી સાગરદત્ત નાસી ગયો. ધમ્મિલે તેમને બચાવી અને હાથીને વશ કર્યો. કન્યાઓએ કાયર સાગરદત્તને પરણવાની ના પાડી. રાજાએ તેમની ઇચ્છાથી તેમને ધમ્મિલ સાથે પરણાવી. કન્યાઓ પરણી તે વિમલાને ઘેર આવ્યો. ચંપાપતિને સમજાવીને તેના ભાઈ સંબાહપતિ સાથે ધમ્મિલે મેળાપ કરાવી દીધો. સંબાહથી પદ્માવતી પણ આવીને વિમલા સાથે રહી.

એક દિવસ ચંપાનગરી પાસે જૈન મુનિ વિજયસેન પધાર્યા ધમ્મિલ વિમલા વગેરે સ્ત્રીઓ સાથે વંદન કરવા ગયો. મુનિએ વ્રતનો મહિમા દર્શાવતું રત્નશેખર રાજાનું દૃષ્ટાંત કહ્યું :

**રત્નશેખર રાજાનું દૃષ્ટાંત :** રત્નપુરીના રત્નશેખરે વનવિહારે ગયેલા એક કિન્નરયુગલને રત્નવતીનાં વખાણ કરતું સાંભળ્યું. તેને રત્નવતીને મેળવવાની રઢ લાગી. મંત્રીએ સાત માસમાં તેને મેળવી આપવાનું વચન આપ્યું. મંત્રી દક્ષિણ દિશામાં ચાલ્યો. તેણે એક વનપ્રદેશમાં જૈન મંદિર જોયું. ત્યાં પૂજા કરવા આવેલી કન્યા પાસેથી તેણે જાણ્યું કે, રત્નદેવ યક્ષે તે મંદિરનું નિર્માણ કર્યું હતું, અને ત્યાં આગળ રહેલા અગ્નિકુંડમાં જે ઝંપલાવે તે જ યક્ષના પ્રાસાદમાં જઈ શકતો. મંત્રી અગ્નિકુંડમાં ઝંપલાવી યક્ષ પાસે પહોંચ્યો. પેલી કન્યા પણ ત્યાં ઉપસ્થિત હતી. યક્ષે તે પોતાના પૂર્વભવની પુત્રી હોવાનું જણાવી તે મંત્રીને પરણાવી. મંત્રીએ પોતે જે કામે નીકળ્યો હતો તેની વાત કહી. યક્ષે જણાવ્યું કે, એ રત્નવતી સિંહલદ્વીપના વિજયપુરના રાજાની કુંવરી છે અને પુરુષદ્વેષિણી છે. યક્ષે મંત્રીને રૂપપરાવર્તિની વિદ્યા આપી, સ્મરણ કર્યે સહાય કરવા વચન આપ્યું અને તેને વિજયપુરમાં મૂકી દીધો.

મંત્રી જોગણનું રૂપ ધારણ કરી રત્નવતીને ત્યાં પહોંચ્યો. રત્નવતીએ જોગણનો સત્કાર કર્યો અને યુવાનવયમાં જોગ લેવાનું કારણ પૂછ્યું. મંત્રીએ પોતાનો બનાવટી વૃત્તાંત કહ્યો : 'હું ગજપુરના રાજાની રાજકુમારી સુમતિ છું. ઉંમરલાયક થતાં, મારા ભાઈ, પિતા, મામા વગેરેએ અજાણપણે જુદે જુદે ચાર ઠેકાણે મારી સગાઈ કરી દીધી. વિવાહદિવસે આવેલા ચારેય મૂરતિયાઓ અંદરોઅંદર ઝઘડ્યા. આથી દુઃખી થઈને મેં અગ્નિપ્રવેશ કર્યો. એક વર મારી સાથે બળ્યો, બીજો દેશાંતરે ગયો, ત્રીજાએ મારાં અસ્થિ લઈ જઈ ગંગામાં પધરાવ્યાં, ચોથો નિત્ય મારી પાછળ પિંડ મૂકીને જમતો. પરદેશી ભિક્ષુક બની ભમતો મૂરતિયો ત્યાં એક સ્ત્રીને ઘેર જમવા બેઠો હતો ત્યારે પેલીએ બાળક રોતું છાનું નહોતું રહેતું, તેથી ગુસ્સે થઈ તેને બળતા ચૂલામાં નાખી દીધું. તે જોઈ અતિથિ જમ્યા વિના ઊઠી ગયો. સ્ત્રીએ ઘરમાંથી અમૃતકુંભ લાવી પેલા બાળક પર અમૃત છાંટી તેને સજીવન કર્યું. અતિથિ ત્યાં રાત રોકાયો. અમૃતકુંભ ચોરી લઈ તે ગજપુર આવ્યો. અમારી રાખ પર અમૃત છાંટીને અમને બંનેને જીવતાં કર્યાં. ફરી ચારેય મૂરતિયા લડવા માંડ્યા. છેવટે પંચાતિયાઓએ ન્યાય કર્યો. જેણે જીવતી કરી તે કન્યાનો પિતા ગણાય, જે તેની સાથે જીવતો થયો તે ભાઈ ગણાય, ગંગામાં અસ્થિ પધરાવનાર કન્યાનો પુત્ર ગણાય, પિંડ દઈને રહેનાર તેનો પતિ ગણાય. એટલે પિંડ દેનારની સાથે પરણી. પછી તે કુંવરને તેનું રાજ્ય મળ્યું. હું પટરાણી થઈ. એક વાર રાજા ચાંડાલણીને મીઠે સ્વરે ગીત ગાતી સાંભળી તેના પર મોહી પડ્યો. એ જાણી જોગણ થઈ ને હું યાત્રા કરતી કરતી અહીં આવી છું.' પછી રત્નવતીને પુરુષદ્વેષિણી થવાનું કારણ પૂછ્યું. રત્નવતીએ કહ્યું, 'મને મારા પૂર્વભવનું સ્મરણ છે. એ ભવમાં હું હરણી હતી. હું અને મારો પતિ મુનિનો ઉપદેશ સાંભળી જપતપ કરી મરણ પામ્યાં. મારી જેમ એ પણ રાજકુળમાં જન્મ્યો હશે. ત્યારનો મારો પતિ આ ભવમાં મને મળશે ત્યારે હું તેને જ પરણીશ.' જોગણે કહ્યું કે, મારા જોગને પ્રભાવે તારા પતિનો મેળાપ તને કામદેવના દહેરામાં એ દ્યૂત ખેલતો હશે ત્યારે થશે. ત્યારે તેને પણ તમારા પૂર્વભવનું સ્મરણ થશે. જોગણને મુક્તાફળનો હાર દીધો. જોગણે તીર્થભ્રમણ માટે જવાનું કહી રત્નવતીની વિદાય લીધી. મંત્રીએ રાજાને આપેલી સાત માસની મુદતમાં હવે એક જ દિવસ બાકી રહ્યો હતો.

જોગણવેશે રહેલા પ્રધાને યક્ષનું સ્મરણ કરતાં તે તેને રત્નપુરીના ઉદ્યાનમાં લઈ ગયો. મંત્રી પાછો ન આવ્યો અને રત્નવતી પણ ન મળી. તેથી રત્નશેખર ચિતા પર ચડવા જઈ રહ્યો હતો, ત્યારે જોગણરૂપધારી મંત્રી તેને સામે મળ્યો. તેને જ્ઞાની જાણીને પોતાના મંત્રી વિશે અને રત્નવતી વિશે પૂછતાં જોગણે કહ્યું કે, મંત્રી વનદેવીના અગ્નિકુંડમાં બળીને ભસ્મ થઈ ગયો છે અને વિજયપુરની રાજકુમારી રત્નવતીએ પોતાના હરણી તરીકેના પૂર્વભવના પતિને જ, તેના આ જન્મમાં તે મળે ત્યારે, વરવાની પ્રતિજ્ઞા લીધી છે. આ સાંભળી રત્નશેખરને પોતાના હરણ તરીકેના પૂર્વભવનું સ્મરણ થતાં તે મૂર્છિત થયો. પછી મંત્રીએ જોગણનું રૂપ તજી મૂળ રૂપ ધારણ કર્યું. રત્નશેખરને બધી હકીકત જણાવી તેને લઈને યક્ષની મદદથી તે વિજયપુરના કામદેવના મંદિરમાં

પહોંચ્યો. રત્નવતી કામદેવની પૂજા કરવા આવી, ત્યારે રત્નશેખર મંત્રીની સાથે દ્યૂત ખેલતો હતો. તેનો પૂર્વભવનો વૃત્તાંત જાણી, તેને પૂર્વભવનો પતિ માની લીધો. બંને પરણ્યાં. સૌ રત્નપુરી જવા રવાના થયાં. વચ્ચે યક્ષના આવાસેથી મંત્રીએ પરણેલી યક્ષપુત્રી લક્ષ્મીને સાથે લીધી. સૌના દિવસો સુખમાં વીતવા લાગ્યા. ધર્મિષ્ઠ જીવન જીવી મંત્રી અને મંત્રીપત્નીએ સ્વર્ગવાસ કર્યો. સ્વર્ગમાં દેવ તરીકે અવતરેલા મંત્રીએ રૂપપરિવર્તન કરી રત્નશેખરની અને રત્નવતીની ધાર્મિક વ્રતમાં કેવી દૃઢતા છે, તેની પરીક્ષા કરી. બંને જણ એ પરીક્ષામાંથી પાર ઊતર્યાં. ધર્માચરણ કરીને બંને સ્વર્ગમાં દેવ તરીકે અવતર્યાં. આ પ્રમાણે મુનિએ રત્નશેખર રાજાની દૃષ્ટાંતકથા સમાપ્ત કરી.

**ધમ્મિલકુમારની કથા** : હવે એક વાર ધમ્મિલ પોતાના મહેલમાં બેઠા હતા, ત્યારે આકાશમાંથી વિદ્યાધરકુમારી વિદ્યુલ્લતા ઊતરી આવી. તેણે જણાવ્યું કે, કામોન્મત્તની હત્યા કરી જ્યારે ધમ્મિલ તેના મહેલે આવ્યો હતો, ત્યારે મિત્રસેનાએ ઉત્સાહમાં ભૂલથી, લાલ ધજા ફરકાવવાને બદલે સફેદ ધજા ફરકાવી દીધી. તે પછી ધમ્મિલના જેમ જેમ વાવડ મળતા તેમ તેમ તે તેની ખોજમાં ભમતી રહી અને છેવટે અહીં આવી. તે તેની બહેન ને સાથેની સોળ રાજકુમારીઓને બોલાવી લાવી. તેમની સાથે ધમ્મિલે વિવાહ કર્યો. ધમ્મિલની ત્રીસેય રાણીઓ સંપીને રહેતી હતી. એક વાર, ધમ્મિલે વસંતતિલકા પ્રત્યે પોતાને અનુરાગ હોવાનો સંકેત આપેલો ત્યારે વિમલાએ તેને જે રીતે તરછોડી કાઢેલો તે સંબંધે વિદ્યુન્મતિએ તેનો ઉપહાસ કર્યો. પછી ધમ્મિલ પાસેથી વાત જાણી તે કુશાગ્રપુર ગઈ અને વસંતતિલકાની ધમ્મિલમાં પૂરી નિષ્ઠા જોઈ, પાછી આવીને તેણે ધમ્મિલને તે વાત કરી. પછી બધી પત્નીઓ સાથે ધમ્મિલ કુશાગ્રપુર આવીને રહ્યો. અરિમર્દન રાજાએ તેને રાજ્યનો ત્રીજો ભાગ આપ્યો. એક વાર એક દુષ્ટ વિદ્યાધરે ધમ્મિલનું રૂપ ધરીને વસંતતિલકા સાથે રાત ગાળી. એ વાત જાણી ધમ્મિલે વસંતતિલકાના આવાસ પાસે સિંદૂર છાંટી તેમાં પડતાં પગલાંના સંકેતથી એ વિદ્યાધરને હણ્યો. તે પછી એક દિવસે એક વિદ્યાધરી આવીને ધમ્મિલને મળી. તેની પાસેથી જાણ્યું કે, જે વિદ્યાધરને ધમ્મિલે હણ્યો, તે મેઘરથ વિદ્યાધર સ્ત્રીલંપટ હોવાથી તેના પિતાએ તેનો ત્યાગ કર્યો હતો. મેઘરથના પિતાએ પોતે સાધેલી પ્રજ્ઞપ્તિ વિદ્યા પ્રગટાવીને પૂછતાં તેણે કહ્યું હતું કે, મેઘરથને મારનાર તેની બહેનનો પતિ થશે. તે પછી મેઘરથ તેની બહેન મેઘમાલા સાથે વનમાં મહેલ બાંધી રહેતો હતો. એ મેઘમાલા તે હું ત્રણ દિવસ પહેલાં એ ગુમ થયો. મેં અહીં આવીને જાણ્યું કે, તે તમારે હાથે મરાયો છે. પહેલાં મને તમારા ઉપર રોષ થયો. પણ તમને જોઈને અનુરાગ થયો. ધમ્મિલે મેઘમાલા સાથે ગાંધર્વ-વિવાહ કર્યો. આ રીતે પોતાની બત્રીસ પત્નીઓ સાથે ધમ્મિલ સુખપૂર્વક રહેવા લાગ્યો. એક વાર વિહાર કરી આવી પહોંચેલા જૈન મુનિ પાસેથી ધમ્મિલે પોતાનો પૂર્વભવ જાણ્યો. આગલા બે જન્મમાં તેણે જીવદયા બતાવેલી અને લૂંટફાટ છોડી દીધેલી, તેથી આ ભવે તેને સુખવૈભવ મળ્યાં હતાં. એ સાંભળી ધમ્મિલને પોતાના એ પૂર્વભવોનું સ્મરણ થયું. પછી વ્રતસંયમયુક્ત જીવન જીવીને અંતે ધમ્મિલ સ્વર્ગમાં દેવ તરીકે અવતર્યો.

[આધાર : **'ધમ્મિલકુમારનો રાસ'**]

**ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ વણિક્પુત્રો (પંચાખ્યાન બાલાવબોધ**, ઘટક ૨.૧૭) : **૧.** એક સ્થાનમાં ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ નામે બે વણિક મિત્રો રહેતા હતા. તે બંને કમાવા માટે પરદેશ ગયા. ધર્મબુદ્ધિને હજાર સોનામહોરથી ભરેલ એક ઘડો અનાયાસે ક્યાંકથી મળ્યો. આમ, કાર્ય સિદ્ધ થયાથી પાપબુદ્ધિની સાથે તે વતનમાં પાછો ફર્યો. પોતાના ગામના ગોંદરે આવ્યા ત્યારે ધર્મબુદ્ધિએ કહ્યું : 'આ સોનામહોરોમાં તારો અડધો ભાગ છે તે તું લઈ લે.' કુટિલ ચિત્તવાળા દુષ્ટબુદ્ધિએ કહ્યું : 'આપણે તો એક છીએ. આ ધનને અહીં દાટીને સો સો સોનામહોર વારાફરતી ઘરે લઈ જઈશું.' પછી ધન દાટીને બંને ઘેર ગયા. પાપબુદ્ધિએ સો સોનામહોર વ્યસનોમાં ઉડાવી દીધી. ધર્મબુદ્ધિએ વહેંચેલી બીજી સો સોનામહોર પણ તેણે વેડફી નાખી. પછી તેણે એકલા જ બધું ધન લઈ લેવા વિચાર્યું. દાટેલું ધન કાઢી લઈ જમીન સરખી કરી તે ઘેર આવ્યો. એકાદ માસમાં બધું ધન કુમાર્ગે વાપરી નાખ્યું. પછી ધર્મબુદ્ધિ પાસે આવી કહેવા લાગ્યો કે, આપણે બચેલું ધન વહેંચી લઈએ. ધર્મબુદ્ધિ સંમત થયો. બંને જણે જમીન ખોદી તો ધન ન દેખાયું, એટલે પાપબુદ્ધિએ ધર્મબુદ્ધિ પર બધું ધન લઈ ગયાનો આરોપ મૂક્યો. પરસ્પર શંકા કરતા તેઓ રાજા પાસે ન્યાય કરાવવા ગયા. રાજાને સર્વ હકીકત કહી, એટલે તેણે પંચાયતમાં ન્યાય કરવા કહ્યું.

૨. હવે પાપબુદ્ધિએ મનમાં એક યુક્તિ વિચારી રાજાને કહ્યું : 'જે વૃક્ષ હેઠળ ધન દાટ્યું હતું, તે વૃક્ષનો દેવતા મારી શાખ પૂરશે. રાજાએ તે વાત સ્વીકારી. પાપબુદ્ધિએ ઘેર જઈ પિતાને પોતાની કપટી યોજના જણાવી. પિતાએ કહ્યું : 'બુદ્ધિમાને ઉપાય તેમ જ અપાય (એટલે કે વિઘ્ન)નો વિચાર કરવો જોઈએ.' એમ કહી તેણે બગલા, સાપ અને નોળિયાની દૃષ્ટાંતકથા કહી. (એ માટે જુઓ આ કથાકોશમાં **'બગલો,**

**સાપ અને નોળિયો.'**) એ દૃષ્ટાંત આપી પિતા પાપબુદ્ધિની યોજનામાં ભાગીદાર થયો.

બીજે દિવસે પ્રભાતે ધર્મબુદ્ધિ તથા રાજાના ધર્મના જાણકારોને સાથે લઈને તે વૃક્ષ પાસે ગયો અને ધન જેણે ચોર્યું હોય તેનું નામ આપવા કહ્યું. આગલે દિવસે વૃક્ષના પોલાણમાં ભરાઈ બેઠેલા પાપબુદ્ધિના વૃદ્ધ પિતાએ ધર્મબુદ્ધિનું નામ આપ્યું. આ સાંભળી સર્વલોક વિસ્મય પામ્યાં. ધર્મબુદ્ધિએ વિચાર્યું કે, દેહ વગર વાણી કેવી રીતે હોય ? નક્કી કંઈક કારણ છે. આમ વિચારી તેણે લોકોને કહ્યું : 'મેં એકલાએ ધન લીધું એ વાત સાચી, પણ મેં તે ઘરમાં ન રાખતાં જરૂર પડતાં લઈ જઈશ એમ વિચારી આ વૃક્ષના પોલાણમાં મૂક્યું છે. પરંતુ હું ધન લેવા આવ્યો ત્યારે કોટરમાંથી મોટો સર્પ નીકળતાં તેના ભયથી તે ન લીધું.' એમ કહી ધર્મબુદ્ધિએ લાકડાં એકઠાં કરીને કોટરમાં અગ્નિ મૂકતાં જ કોટરમાંથી પાપબુદ્ધિનો બળેલો–જળેલો પિતા બહાર આવ્યો. તેણે પુત્ર સાથે મળીને કરેલો પ્રપંચ કબૂલ્યો. પછી તે મરણ પામ્યો. રાજાએ પાપબુદ્ધિને શમીની ડાળી સાથે ઊંધે માથે બાંધ્યો અને ધર્મબુદ્ધિને સંતોષ્યો.

[આધાર : **'પંચાખ્યાન બાલાવબોધ,'** ઘટક ૨.૧૭ : કરટકે દમનકને કહેલું દૃષ્ટાંત.]

**ધર્મબુદ્ધિ મંત્રી અને પાપબુદ્ધિ રાજા :** ૧. શ્રીપુર નગરમાં જિતારિ રાજા. મતિસાગર મંત્રી. રાજા અને મંત્રી વચ્ચે પાપ અને પુણ્યના મહિમા અંગે વિવાદ થયો. રાજાએ અધર્મનો પક્ષ લીધો, મંત્રીએ ધર્મનો. એટલે ધર્મનો મહિમા પુરવાર કરવા મંત્રીએ પરદેશ જઈને ધર્મપ્રભાવે ધન કમાઈ લાવવું એમ નક્કી થયું. પરદેશ જતાં મતિસાગરને માર્ગમાં એક રાક્ષસ સામે મળ્યો. પાછા ફરતાં તેને જાત સોંપવાનું વચન આપી, તેનાથી તે છૂટ્યો અને આગળ ચાલ્યો. એક નગર પાસે પહોંચતાં ત્યાંના જૈન મંદિરની તેણે પૂજા કરી. રક્ષક કપર્દી યક્ષે પ્રસન્ન થઈને તેને ઘટ આપ્યો, જે અદૃશ્ય રીતે એની પૂંઠે રહે અને સર્વ ઇચ્છિત વસ્તુ આપે. પછી સ્વદેશ પાછા ફરતા મંત્રીએ રસ્તામાં પેલા રાક્ષસને કામઘટની સહાયથી વિવિધ પ્રકારનાં ભોજન જમાડી પ્રસન્ન કર્યો. રાક્ષસે તેની પાસે કામઘટ માગી લીધો અને તેના બદલામાં તેને શત્રુનાં શસ્ત્રોનું નિવારણ કરતો ચમત્કારી દંડ આપ્યો. મતિસાગરે એ જ દંડનો રાક્ષસની સામે ઉપયોગ કરીને તેની પાસેથી કામઘટ પાછો મેળવી લીધો. ત્યાર બાદ તેણે માર્ગમાં મળેલ યાત્રાળુસંઘને કામઘટની મદદથી વિવિધ વાનગીઓ જમાડી પ્રસન્ન કર્યો. સંઘપતિએ તેની પાસે કામઘટ માગી લીધો અને એના બદલામાં તેને એવી એક ચમત્કારી ચામરની જોડ આપી, જેમાં વિષ, રોગ અને શત્રુનું નિવારણ કરવાની શક્તિ હતી. તે પછી મતિસાગરે ચમત્કારી દંડનો ઉપયોગ કરીને સંઘપતિ પાસેથી કામઘટ પાછો મેળવી લીધો. ત્યાર પછી કામઘટ, દંડ અને ચામરયુગ્મ લઈને તે પોતાના નગરે પાછો ફર્યો.

૨. મતિસાગર મંત્રીએ કામઘટની સહાયથી પોતાના નિવાસના સ્થાને સુવર્ણ મહેલ બનાવરાવ્યો. નાટારંભ શરૂ કરાવ્યો. રાજા પાસે જઈને તેને રત્નોથી ભરેલ સુવર્ણથાળ ભેટ આપ્યો. રાજાએ પૂછતાં બધું ધર્મના પ્રભાવે પોતાને પ્રાપ્ત થયાનું તેણે જણાવ્યું. કામઘટની સહાયથી તેણે રાજાને વિવિધ વાનગીઓનું ભોજન કરાવ્યું. રાજાને કામઘટની જાણ થતાં, મતિસાગર પાસે એની માગણી કરી. મતિસાગરે તેને ચેતવ્યો કે કામઘટ પાપીને ત્યાં હશે, તો તે ઇષ્ટસિદ્ધિ કરશે નહિ,તેમ છતાં રાજાએ તેની પાસેથી તે મેળવી પોતાના મહેલમાં લાવીને મૂક્યો. એની રક્ષા માટે રક્ષકો મૂક્યા. મતિસાગરે બીજે દિવસે કામઘટ પાછો મેળવી આપવા રાજાના મહેલે ચમત્કારી દંડને મોકલ્યો. રક્ષકોને ગભરાવી, બેભાન બનાવી દંડે કામઘટ લાવીને મંત્રીને સુપરત કર્યો. કામઘટ ધર્મિષ્ઠને ત્યાં જ પ્રભાવક હોવાની વાત રાજાએ સ્વીકારી. મતિસાગરે રાજાના રક્ષકોને ભાનમાં આણ્યા. રાજાએ ધર્મનો મહિમા સ્વીકાર્યો

૨.૧ થોડા સમય પછી રાજાએ ધર્મના મહિમા અંગે ફરી પાછી શંકા વ્યક્ત કરી. મતિસાગર પત્નીને સાથે લઈને પરદેશ જઈ ધન કમાઈ લાવે તો તે ધર્મનો મહિમા પોતે ખરેખર સ્વીકાર કરશે, એમ રાજાએ જણાવ્યું. મતિસાગરે પત્ની વિજયસુંદરીને સાથે લઈ પરદેશ પ્રયાણ કર્યું. પ્રવાસ કરતાં તેઓ ગંભીરપુર પાસે આવી પહોંચ્યાં. જિનમંદિરે પત્નીને મૂકી તે ત્યાં સમુદ્રમાં લાંગરેલ વહાણમાં શ્રીપતિ શેઠ દાન આપતો હતો તે લેવા વહાણમાં ગયો. દાન લઈને તે પાછો ફરે તે પહેલાં વહાણ ઊપડ્યાં. શ્રીપતિએ તેને વાણોતર તરીકે સાથે લીધો.

આ બાજુ પેલા મંદિરમાં રહેલી વિજયસુંદરી પતિની રાહ જોઈ થાકી. પછી તે ત્યાંથી નીકળીને એક કુંભારને ત્યાં જઈને પુત્રી તરીકે રહી. એક વાર કોઈ રાજકુમારે એની ઉપર નજર નાખી, એટલે શીલરક્ષણ કરવા તે દેવળમાં પેસી ગઈ અને તેનાં દ્વાર બંધ કરી દીધાં. તેના શીલપ્રભાવે દ્વાર તેની ઇચ્છા વિરુદ્ધ ખૂલે તેમ ન હતાં.

૨.૨ મતિસાગર પેલા વણિકના વહાણમાં સુરપુરમાં પહોંચ્યો. તેને વેપારનો બધો કારભાર સોંપીને શ્રીપતિ વેશ્યાઓ સાથે

રંગરાગમાં પડી ગયો. એક વેશ્યા મતિસાગરને લલચાવવા આવી પણ તેણે તેને ધુત્કારી કાઢી.

સુરપુરનો રાજા સરોવર ખોદાવતો હતો. ભોંયમાંથી એક તામ્રપત્ર નીકળ્યું. મતિસાગરે તેના પરનો લેખ ઉકેલી આપ્યો. તે લખાણ પ્રમાણે ભોંય ખોદતાં તેમાંથી બાર કરોડ સોનૈયાનો ભંડાર મળ્યો. રાજાએ આગળથી જાહેર કર્યા પ્રમાણે લેખ ઉકેલી આપવા માટે મતિસાગરને પોતાનું અરધું રાજ્ય આપીને પોતાની કુંવરી સૌભાગ્યસુંદરી પરણાવી.

૨.૩ શ્રીપતિ શેઠ આ પછી પોતાને નગર પાછો આવવા નીકળ્યો. મતિસાગરે પણ તેની સાથે પાછા ફરવાનું ઠરાવ્યું. રાજાએ તેના અર્ધ રાજ્યના બદલામાં તેને સોનૈયા અને રત્નોથી ભરેલાં આઠ વહાણુ ભેટ આપ્યાં. રસ્તામાં રત્ન ભરેલાં વહાણો અને સુંદરી જોઈને, શ્રીપતિ શેઠનું મન લોભાયું. પોતાના વહાણમાં આવેલા મતિસાગરને તેણે લાગ જોઈને દરિયામાં ગબડાવી દીધો. થોડી વારે, મતિસાગર અકસ્માત દરિયામાં ગબડી પડ્યાની બૂમાબૂમ કરી બધાંને એકઠાં કર્યાં. શોધખોળ કરતાં કશું ન વળ્યું. વહાણુ આગળ ચાલ્યાં. મતિસાગરને ભાગ્યસંજોગે લાકડાનું પાટિયું મળી જતાં તે તરીને કિનારે પહોંચ્યો.

આ પછી શ્રીપતિએ સૌભાગ્યસુંદરી પાસે, શોક ભૂલી જઈ પોતાને વશ થવા માગણી કરી. સૌભાગ્યસુંદરી સમજી ગઈ કે, શ્રીપતિએ જ પોતાના પતિને સમુદ્રમાં ગબડાવી દીધો છે. તેણે યુક્તિપૂર્વક જણાવ્યું કે, નગરમાં પહોંચ્યા પછી તે આ અંગે વિચારશે. વહાણુ સ્વદેશ પહોંચ્યાં. વહાણનો સામાન પોતાના ઘેર પહોંચાડવામાં શ્રીપતિ રોકાયો હતો, તે વખતે લાગ જોઈને સૌભાગ્યસુંદરી વહાણમાંથી ઊતરી કિનારે આવેલા દેવળમાં પેસી ગઈ અને બારણાં વાસી દઈ, પોતાની શીલરક્ષા માટે તે ન ઊઘડે તેમ કરવા દેવને પ્રાર્થના કરી.

૩. પાટિયાની સહાયથી મતિસાગર એક ઉજ્જડ નગરમાં આવી પહોંચ્યો. રાજમહેલના સાતમા માળે પહોંચતાં તેણે એક ખાટ પર એક ઊંટડી બેઠેલી જોઈ. એની બાજુમાં કાળા–ધોળા આંજણુની ભરેલી કૂપીઓ પડેલી હતી. ધોળી કૂપીમાંથી તેણે ઊંટડીને આંજણુ આંજ્યું એટલે તે એક સુંદરી બની ગઈ. મતિસાગરને તેણે પોતાની વીતકકથા આ પ્રમાણે કહી : 'આ નગરીના રાજાની હું કુંવરી હતી. મારા પિતાએ અતિથિ તરીકે આવેલ મહંતને પીરસવા મને સૂચના આપી. હું પીરસવા ગઈ તે વખતે મારા રૂપથી તે મહંત મોહ પામ્યો. રાત્રે તે મારા શયનખંડમાં ધૂસવા જતો હતો ત્યારે રક્ષકોએ તેને પકડ્યો અને મારા પિતાને સોંપ્યો. પિતાએ એને ફાંસીએ લટકાવ્યો. તે મરીને રાક્ષસ થયો અને આ નગરી તેણે ઉજ્જડ બનાવી, પણ મારા પરના મોહને લીધે તેણે મને જીવતી રાખી. પોતાની વિદ્યાથી તેણે મને ઊંટડી બનાવીને રાખી છે. મારી સેવા માટે તેણે એક રાક્ષસી રાખી છે. તે દરરોજ આવે છે અને યોગ્ય વર સાથે તે મને પરણાવવા માગે છે.'

એટલામાં રાક્ષસી આવતી દેખાઈ, એટલે રાજકુમારી કાળા આંજણના પ્રયોગથી ફરી ઊંટડી બની બેઠી. રાક્ષસીએ આવીને તેને ધોળું આંજણ આંજીને સ્ત્રી બનાવી. રાજકુમારીએ રાક્ષસી પાસેથી વચન લઈને પછી ગુપ્તપણે રહેલા મતિસાગરને રજૂ કર્યો. રાક્ષસીએ રાજી થઈને કન્યાદાન આપ્યું. રાજકુમારીએ પહેલેથી કહી રાખેલું તે પ્રમાણે મતિસાગરે રાક્ષસી પાસેથી ઊડણખાટલી, ચમત્કારી શ્વેત–રક્ત કંબા અને બે દિવ્ય રત્નો ભેટ માગી લીધાં. પછીથી ઊડણ-ખાટલી પર બેસી મતિસાગર અને રાજકુમારી પોતાના નગરે જવા નીકળ્યાં. પાછળ પડેલી રાક્ષસીને રક્તકંબા વડે ફટકારી પાછી કાઢી.

૪. મતિસાગર ગંભીરપુર પહોંચ્યો. ત્યાં દેવળની અંદર વિજયસુંદરી અને સૌભાગ્યસુંદરી કમાડ બંધ કરીને બેઠી હતી. મતિસાગર રાજકુમારીને નગર બહાર ઉદ્યાનમાં રાખીને નગરમાં ગયો. એટલામાં એ ઉદ્યાન પાસેથી પસાર થતી એક ગણિકાએ રાજકુમારીને જોઈ. તેને ભોળવીને તે પોતાને આવાસે લઈ ગઈ. પોતાને ગણિકાએ ફસાવી હોવાનું સમજી જઈને રાજકુમારી લાગ જોઈને એક ઓરડામાં ધૂસી ગઈ અને તેનાં બારણાં બંધ કરી દીધાં. શીલના પ્રભાવે બારણાં પોતાની ઇચ્છા વિના ખૂલે નહીં તેવી તેણે પ્રાર્થના કરી.

ગંભીરપુરના રાજાએ કોટવાળને જાણ કરી કે, ત્રણ સ્ત્રીઓ કમાડ વાસી તેની પાછળ સંતાઈ બેઠી છે, એ રહસ્ય ઉકેલે અને કમાડ ખોલાવે તેને પોતાની કુંવરી અને અર્ધરાજ્ય આપવાનો રાજાએ ઢંઢેરો પીટાવ્યો. મતિસાગરે એ દરેક સ્ત્રીને તેનો પૂર્વવૃત્તાંત સંભળાવીને કમાડ ઉઘડાવ્યાં. પૂર્વવૃત્તાંત પરથી મતિસાગરને ઓળખી ગયેલી ત્રણે સ્ત્રીઓ તેને પગે પડી. રાજાએ તેને પોતાની કુંવરી પરણાવી અને અર્ધરાજ્ય આપ્યું. શ્રીપતિ અને વેશ્યાને બોલાવીને રાજાએ તેમને દેશવટો આપ્યો.

અર્ધરાજ્ય જેટલી સમૃદ્ધિ અને ચારેય સ્ત્રીઓને લઈને શ્રીપુર પહોંચેલા મતિસાગરે સેના વડે નગર પર આક્રમણ કર્યું. રાજા ડરી જઈને ગઢમાં સંતાઈ બેઠો. મતિસાગરે દૂત મોકલતાં રાજાએ યુદ્ધનું આહ્વાન સ્વીકાર્યું. રાજા સવારે સૈન્ય સજીને ગઢની બહાર નીકળ્યો. બન્ને સૈન્ય વચ્ચે યુદ્ધ થયું. મતિસાગરનો વિજય થયો.

પાપબુદ્ધિ રાજાને બાંધીને બધા સુભટો વચ્ચે ઊભો રાખવામાં આવ્યો. પછી ધર્મબુદ્ધિ મંત્રીએ રાજાને પોતાની ઓળખાણ આપી અને ધર્મિષ્ઠતાને પ્રભાવે પોતાને કઈ રીતે સુખસમૃદ્ધિ પ્રાપ્ત થઈ તેનો વૃત્તાંત કહ્યો. રાજાએ ધર્મનો મહિમા સ્વીકાર્યો. મંત્રીએ રાજાને મુક્ત કર્યો. આ પછી બંને વચ્ચે પ્રીતિ વધી.

[આધાર : '**ધર્મબુદ્ધિ મંત્રી અને પાપબુદ્ધિ રાજાનો રાસ**']

**ધૂર્તકથા (= ધૂર્તાખ્યાન)** : ૧. એક વાર માલવા દેશની ઉજ્જેણીનગરીની ઉત્તર દિશાએ આવેલા એક ઉદ્યાનમાં પાંચ ધૂર્તસરદારો પોતપોતાના પાંચસો પાંચસો ઠગોના પરિવાર સાથે ભમતા ભમતા આવી પહોંચ્યા. એ ઠગો નિર્દય, વિશ્વાસઘાતી, બધા પ્રકારની ઠગવિદ્યામાં અને મંત્રતંત્રમાં નિપુણ હતા. મૂલદેવ, કંડરીક, એલાષાઢ, અને શશ એ ચાર ઠગનાયકો હતા, અને પાંચમી ખંડપાના પાંચસો ધુતારણોની સરદાર હતી. એ આખા સમુદાયનો વડો મૂલદેવ હતો. તે વેળા વરસાદની ભારે હેલી થઈ. લોકોની આવ–જા બંધ થઈ જતાં, તેમને ઠગીને ધન મેળવવાનો આ ઠગોને કોઈ મોકો નહોતો મળતો. ભૂખે પીડાતા ઠગનાયકો પાસે મૂલદેવે ઠરાવ મૂકયો: 'વારાફરતી આપણામાંનો પ્રત્યેક જણ પોતે જે કાંઈક અસંભવિત લાગતું સાંભળ્યું કે અનુભવ્યું હોય તેની વાત કરે. જેનો પછી વારો હોય તે જો આગળનાએ કહેલી વાતનો મેળ બેસાડી આપી ન શકે, તો તેણે સમગ્ર ઠગપરિવારને માટે ભોજન મેળવી આપવું. પણ જો તે કહેલી વાતને ભારત, રામાયણ, પુરાણ વગેરેમાં જાણીતા પ્રસંગોથી સમર્થિત કરે, તો તે ભોજન પૂરું પાડવાની જવાબદારીમાંથી છૂટો'. એ ઠરાવ બીજા ચારેય ઠગસરદારોએ સ્વીકાર્યો અને તેમના કહેવાથી પહેલાં મૂલદેવે પોતાનો અનુભવ નીચે પ્રમાણે કહ્યો :

૨. 'હું યુવાન હતો ત્યારે મને જાણવા મળ્યું કે, જો હું છ માસ સુધી મારા માથા ઉપર જળધારા ધરું તો કાર્તિકસ્વામી પ્રસન્ન થઈને મને બધી સંપત્તિ આપે. એટલે હું ભાતું બાંધી, હાથમાં કમંડળ લઈને કાર્તિકસ્વામીની આરાધના કરવા નીકળી પડયો. રસ્તામાં એક જંગલમાંથી હું પસાર થતો હતો, ત્યાં એક જબરો મદમસ્ત જંગલી હાથી સામે આવ્યો. મૃત્યુના ડરે હું તેનાથી બચવા મારા કમંડળની અંદર પેસી ગયો. પેલો હાથી પણ દોડતો આવી મારી પાછળ કમંડળમાં પેઠો. મેં હાથીને છ મહિના સુધી એ કમંડળમાં મારી પાછળ પાછળ દોડાવ્યો. તે પછી હું જેવો કમંડળના નાળચામાંથી બહાર નીકળ્યો, તેવો જ હાથી પણ મારી પાછળ બહાર નીકળવા લાગ્યો. તે આખો બહાર નીકળી ચૂકયો હતો, પણ માત્ર તેના પુચ્છનો એક વાળ નાળચાના કાણામાં ફસાઈ ગયો. એટલે હાથી ત્યાં જ અટકી ગયો. ત્યાંથી હું આગળ ચાલ્યો. રસ્તામાં ગંગાનદી આવી. તેને બાવડાથી તરીને હું સામે કાંઠે કાર્તિકસ્વામીના દેવળે પહોંચ્યો. ત્યાં છ મહિના સુધી ભૂખ્યોતરસ્યો રહી મેં માથે જલધારા ધરી. તે પછી કાર્તિકસ્વામીને વંદન કરીને હું ઉજ્જેણીમાં આવી તમને સૌને મળ્યો. મારી આ વાત જો તમને સાચી લાગતી હોય, તો તમે દૃષ્ટાંતો વડે તેને સમર્થિત કરી બતાવો, નહીં તો ધૂર્તસમુદાયને તમે ભોજન પૂરું પાડો.'

૩. એટલે એને ઉત્તર આપતો કંડરીક બોલ્યો: 'બ્રહ્માના મુખમાંથી બ્રાહ્મણો, બાહુમાંથી ક્ષત્રિયો, સાથળમાંથી વૈશ્યો અને પગમાંથી શૂદ્રો નીકળ્યા હોવાનું કહેવાય છે. જો એટલા લોક બ્રહ્માના શરીરમાં સમાયેલા હતા, તો તું અને હાથી કમંડળમાં કેમ ન સમાઓ ? વાંસનાળમાંથી સો કીચક પ્રગટયાની ભારતકથા છે, તો જો સો કીચક વાંસનાળમાં સમાઈ શકે, તો હાથી અને તું જરૂર કમંડળમાં સમાઈ શકો. વળી શંકરની જટામાં ગંગા એક હજાર વરસ સુધી ભટકી, તો તમે કમંડળમાં છ માસ સુધી કેમ ન ભટકી શકો ? જો વિષ્ણુની નાભિમાંથી નીકળેલા કમળને છેડે બ્રહ્મા વળગી રહ્યા, તો હાથી કમંડળના છિદ્રમાં વાળને છેડે કેમ ન લટકી રહે ? કુંતીના કાનમાંથી કર્ણ નીસર્યો, તો તું કમંડળના નાળચામાંથી કેમ ન નીકળી શકે ? સીતાશોધમાં નીકળેલા હનુમાન પોતાની ભુજાથી સમુદ્ર તર્યા, તો તું તારી ભુજાથી ગંગા કેમ તરી ન શકે ? શંકરે એક હજાર દિવ્ય વરસ સુધી ગંગાને ધરી, તો તું છ માસ સુધી જળધારા માથે કેમ ન ધરી શકે?' આ પ્રમાણે કંડરીકે મૂલદેવની વાતનું સમર્થન કરી તેને સાચી ઠેરવી.

૪. એ પછી કંડરીકે પોતે જે જોયું, સાંભળ્યું, અનુભવ્યું હતું તેની વાત નીચે પ્રમાણે કરી :

'હું નાનપણમાં બહુ ભરાડી હોવાથી માબાપે મને કાઢી મૂકયો. ભમતો ભમતો હું ગાય, ભેંસ, ઊંટ, ગધેડાં વગેરે અનેક પશુઓ અને બાગબગીચાથી સમૃદ્ધ એવા એક ગામમાં પહોંચ્યો. તે ગામમાં એક જબરજસ્ત વડની નીચે કમળયક્ષનું સ્થાનક હતું. તેની યાત્રાપૂજા નિમિત્તે ગામલોકનો મેળો ભરાયો હતો અને સૌ આનંદવિનોદ ને રમતગમતમાં નિમગ્ન હતાં. એટલામાં લૂંટારાઓની ધાડ આવી. એટલે લોકો, પશુઓ અને હું–સૌ એક ચીભડાની અંદર પેસી ગયાં અને અંદર રમતગમત વગેરે ચાલુ રાખ્યાં. ગામલોક નાસી ગયાં જાણીને લૂંટારા પાછા ચાલ્યા ગયા. એટલામાં એક બકરી એ ચીભડું ગળી ગઈ. એ બકરીને એક અજગર ગળી ગયો. એક ઢેંકબગલી એ અજગરને ગળી જઈ ઊડીને વડની ડાળ પર બેઠી. ત્યાં એક

રાજાએ આવીને પડાવ નાખ્યો. બગલીના નીચે લટકતા પગને વડવાઈ સમજીને રાજાના પટ્ટહસ્તીને તેની સાથે બાંધ્યો. એટલામાં બગલીએ પગ ઉપર ખેંચ્યો. સાથે ઊંચકાયેલા હાથીની ચીસ સાંભળી. 'કોઈક હાથીને આકાશમાં ઉઠાવી જાય છે,' એમ મહાવતોએ બુમરાણ કરી મૂક્યું. સૈનિકોએ દોડી આવી બાણ-પ્રહારથી બગલીનું માથું ને પાંખ કાપી નાખી તેને નીચે પાડી. રાજાએ બગલીનું પેટ ચીરતાં તેમાંથી અજગર નીકળ્યો. અજગરનું પેટ ચીરતાં બકરી, બકરીનું પેટ ચીરતાં ચીભડું, અને ચીભડાને ચીરતાં તેમાંથી—હું, વાંસ પર નાચ કરતા ગોઠિયા, ગામ લોકો અને પશુઓનું ટોળું—બધાં બહાર આવ્યાં. બધા લોકો રાજાને પગે લાગી પોતાને ઘેર ગયાં. હું ઉજ્જેણીનગરીમાં તમારી પાસે આવ્યો. મેં અનુભવેલી આ વાતને તમે સાચી ન માનો તો સૌને ભોજન આપો, નહીં તો પુરાણ-કથા વડે આ વાતનું સમર્થન કરો.'

૫. એટલે એને ઉત્તર આપતાં એલાષાઢ બોલ્યો: 'તારો અનુભવ સાચો છે. પુરાણોમાં કહ્યું છે કે, સૃષ્ટિના આદિકાળે સમુદ્રમાં તરતા ઈંડાના અર્ધભાગમાંથી પૃથ્વી નિર્મિત થઈ. જો અરધા ઈંડામાં આખી પૃથ્વી સમાઈ, તો ચીભડામાં ગામ કેમ ન સમાય ? જો વિષ્ણુના ઉદરમાં વિશ્વ સમાય અને દેવકીના ઉદરમાં વિષ્ણુના અવતાર કૃષ્ણ સમાય તો બગલીના પેટમાં અજગર, તેમાં બકરી, તેમાં ચીભડું અને તેમાં ગામ કેમ ન સમાય ? વળી, મહાભારતમાં દ્રૌપદી સ્વયંવરમાં ધનુષ્ય ઉપર મેરુપર્વત, સમુદ્ર, પૃથ્વી વગેરેનું આરોપણ કર્યાની વાત છે, તો ધનુષ્ય જેમ, બધાનો સમાવેશ કરી શકે એવડી બગલી કેમ ન હોય ? જો જટાયુ પક્ષી પર્વત જેવડો હોય, તો બગલી પણ એવડી હોઈ શકે.'

૬. એ પછી એલાષાઢે પોતાના અનુભવની વાત નીચે પ્રમાણે કહી :

'હું યુવાનીમાં ધનના લોભે અનેક મંત્ર, જડીબુટ્ટીની શોધમાં ભટકતો હતો, ત્યારે મને સહસ્રવેધી રસના સ્થળ વિશે જાણ થઈ. તે પ્રમાણે હું પૂર્વ દિશામાં એક હજાર યોજન દૂર આવેલા પર્વત ઉપર પહોંચ્યો. ત્યાં ભૂમિગર્ભમાં રહેલા સુવર્ણકુંડ ઉપર ઢાંકેલી એક યોજનપ્રમાણ શિલાને મેં ઉપાડી, કુંડમાંથી રસ લઈ, કુંડને ફરી શિલા વડે ઢાંકી દઈને હું મારે ઘરે આવ્યો. એ રસ વડે પુષ્કળ સોનું બનાવીને હું ભોગ ભોગવતો અને છૂટે હાથે દાન કરતો સુખેથી રહેવા લાગ્યો. એક વાર મધરાતે પાંચસો ચોર મારું ઘર લૂંટવા આવ્યા. મેં એક એક બાણ વડે દસ દસ ચોર માર્યા. ચોરો મારા ઉપર તૂટી પડ્યા. મારા શરીરના ટુકડેટુકડા કરી, મારું માથું કાપીને પાસેની એક બોરડીએ લટકાવી, ઘર લૂંટીને ચોરો નાસી ગયાં. લોહીખરડ્યું માથું બોરડી પરનાં બોર ખાવા લાગ્યું. સવારે લોકોએ માથાને બોર ખાતું જોઈ, એને જીવતું જાણી, મારાં બીજાં અંગોપાંગ ગોઠવી તેના પર માથું મૂક્યું, એટલે હું સજીવન અને પહેલાં કરતાં પણ વધુ સ્વરૂપવાન થયો. આ વાત સમર્થિત કરો, નહીં તો સૌને ભોજન આપો.'

૭. એલાષાઢને ઉત્તર આપતાં શશ બોલ્યો: 'પુરાણકથામાં જે રીતે શિરચ્છેદ કર્યા પછી રેણુકા સજીવન થયાના, જરા-સન્ધનાં છૂટાં પડેલાં અંગો જરાએ સાંધ્યાની, પોતાના અંગમાંથી તલતલ જેટલો અંશ કાઢી નિર્મિત કરેલી તિલોત્તમા અપ્સરાની, સૂર્યના સ્પર્શે ચૂર્ણિત બનેલા બાળક હનુમાનને દેવોએ આખો કર્યાની અને એવી બીજી જે કથાઓ છે તે જોતાં તું પણ માથું અને અંગો કપાયા પછી ફરી સાજો થઈ ગયો, એ સાચું જ માનવું પડે.

૮. તે પછી શશે પોતાનો અનુભવ કહ્યો : 'એક ગામમાં ડુંગરાની પાસે મારું ખેતર હતું. ખેતરના પાકની તપાસે એક વાર હું ગયો, ત્યારે ડુંગર પરથી ઊતરી આવેલો એક જંગલી હાથી મારી પાછળ દોડ્યો. હું દોડીને તલના એક છોડ ઉપર ચડી ગયો. હાથી તેની ડાળોમાં સંતા-યેલા મને જોઈ ન શક્યો. એટલે તેણે એ તલના છોડને ધુણાવ્યો. છોડ પરથી ખરેલા તલના ઢગલા હાથીના પગે કચરાતાં તેમાંથી જબરી તેલનદી વહેવા લાગી. હાથી તેલના ખોળમાં ખૂંપી જઈ મરણ પામ્યો. રાત પડતાં હું તલના છોડ પરથી નીચે ઊતર્યો અને હાથીની ખાલનો કોથળો—કૂપો બનાવી તેમાં તેલ ભર્યું. હું ઘણો ભૂખ્યોતરસ્યો થયેલો, એટલે પેટ ભરીને મેં ખોળ ખાધો અને દસ ઘડા તેલ પીધું. પછી એ મોટો તેલનો કૂપો ખભે મૂકીને હું ઘર તરફ ચાલ્યો. રસ્તામાં એક ઝાડ પર એ તેલનો કૂપો લટકાવી દઈને પછી હું ઘરે પહોંચ્યો અને મારા દીકરાને એ કૂપો લઈ આવવા મોકલ્યો. એને ઝાડ ઉપર કૂપો દેખાયો નહીં, એટલે એ આખું ઝાડ મૂળમાંથી ઉખેડીને ઘરે લઈ આવ્યો. તે પછી હું ઘરેથી નીકળી અહીં તમારી પાસે આવ્યો. આ વાતની સચ્ચાઈનું તમે સમર્થન કરો, નહીં તો ડગમંડળીને ભોજન પૂરું પાડો.'

૯. શશની વાતનું ખંડપાનાએ આ પ્રમાણે સમર્થન કર્યું : 'જો પાટલીપુત્રમાં અડદના છોડમાંથી મોટી ભેરી બન્યાનું, હાથીઓના ઝરેલા મદથી રથઘોડાને તાણી જતી નદી બન્યાનું, બકાસુર માટેના હજારો મધના ઘડા અને ભોજનના ગંજ ભીમે એકલાએ ખાધાનું, ગંગાને જહ્નુ ઋષિએ પીધી હોવાનું અને સમુદ્રને અગસ્ત્યે પીધો હોવાનું, ગરુડે યોજનોની લંબાઈવાળા હાથી, કાચબા અને વડની ડાળને ઊંચકવાનું—એવા પ્રકારનું મહાભારત, રામાયણ વગેરેમાં જે કહેવાયું તે સાચું હોય, તો તેં જે જે કર્યું અને જોયું તે કેમ સાચું ન હોય ?'

**૧૦.** તે પછી ખંડપાનાએ પોતાનો અનુભવ કહ્યો: 'હું મારી યુવાનીમાં જ વિધવા બની હતી. એક વાર હું માંડવા નીચે સૂતી હતી ત્યાં પવને આવીને મને ભોગવી. તેથી મને પુત્ર થયો. તે જન્મતાંવેંત મને છોડીને ચાલ્યો ગયો. તે પછી સમયે સમયે મેં સૂર્ય અને અગ્નિ, એ દેવોને વિદ્યાબળે આકર્ષ્યા, અને તેમણે મને ભોગવી. કહો એમના સંપર્કથી હું કેમ ન બળી ગઈ? પછી મેં ઇંદ્રને આકર્ષ્યો અને તેણે મને ભોગવી. અપ્સરાઓને છોડીને ઇંદ્ર મારી સાથે કેમ ભોગ ભોગવે?'

**૧૧.** ખંડપાનાની વાતનું સમર્થન વારાફરતી મૂલદેવ, કંડરીક, એલાષાઢ અને શશે કુંતા, અંજના, વ્યાસ, અહલ્યા વગેરેની કથાથી કર્યું.

**૧૨.** પછી ખંડપાનાએ ઠગનાયકોને પૂછ્યું: 'તમે મને ઓળખો છો?' મૂળદેવે ઉત્તર આપ્યો : 'તું પાટલીપુત્રના ગૌતમગોત્રી બ્રાહ્મણ નાગશર્મા અને નાગશ્રીની પુત્રી ખંડપાના છે.' ખંડપાનાએ કહ્યું: 'તમને સરખા દેખાવને લીધે ભ્રમ થયો છે. હું તો રાજાના ધોબીની પુત્રી દગ્ધિકા છું. એક વાર હું ગાડું ભરીને રાજાનાં કપડાં ધોવા એક હજાર મજૂરને સાથે લઈ નદીએ ગઈ. ત્યાં ધોઈને કાંઠે સૂકવેલાં કપડાં વંટોળિયો ઉડાડીને લઈ ગયો. મજૂરોને નાસી જવાનું કહીને હું ઘોનું રૂપ ધારણ કરીને રાજાના ઉદ્યાનમાં રાત આખી ભમતી રહી. સવારે, ઘો જાણીને કોઈક મારી નાખશે એવા ડરે હું વેલનું રૂપ ધારણ કરી વૃક્ષને વળગી રહી. પછી રાજાએ ધોબીઓના અભયદાનની ઘોષણા કરાવી એટલે પેલા મજૂરો અને હું મૂળનું રૂપ ધરીને ઘરે પાછાં ફર્યાં. મારા પિતા નદીએ ગાડું પાછું લેવા ગયા, ત્યારે જોયું તો વાધર શિયાળ ખાઈ ગયાં હતાં. પછી એને એક ઉંદરનું પૂછડું હાથ લાગતાં તેમાંથી ઘણાં મોટાં વાધર બનાવીને તે ઘરે આવ્યો. આ મારા અનુભવને તમે સમર્પિત કરી બતાવો.' એટલે શશ બોલ્યો: 'હનુમાનના પુચ્છે આખી લંકા નગરી વીંટી હતી, એક રાજા માણસ મટી કુરબકવૃક્ષ બની ગયો હતો, ઇંદ્રના શાપે નહુષરાજા અજગર થઈ ગયો હતો—આ રામાયણ–મહાભારતનાં કથાનકો બતાવે છે કે, તેં જે જે બન્યું હોવાનું કહ્યું તે જરૂર બની શકે.'

**૧૩.** પછી ખંડપાનાએ ધૂર્તનાયકોને પોતાની પાસે હાર સ્વીકારવા કહ્યું. તેમણે તેનું કહેવું માન્યું નહીં, એટલે ખંડપાનાએ વાત આગળ ચલાવી: 'પછી વંટોળિયાએ રાજાનાં વસ્ત્રો ઉડાડી મૂક્યાં હતાં તે શોધવા હું નીકળી. તે પહેલાં મારા જે ચાર દાસ પણ નાસી ગયા હતા તેમની પણ મારે શોધ કરવી હતી. બધે ભમતી ભમતી હું અહીં આવી, તો મેં જાણ્યું કે તમે ચાર જણ જ મારા નાસી ગયેલા દાસ છો અને તમે જ રાજાનાં વસ્ત્ર ચોરી લીધાં છે. બોલો, સાચું કે ખોટું?' ખંડપાનાએ આ રીતે તેમને ફસાવતાં, ઠગસરદારોએ પોતાની હાર કબૂલી અને સાત દિવસની વરસાદની હેલીથી ભૂખે પીડાતા ઠગસમુદાયને બુદ્ધિચતુરાઈથી ભોજન પૂરું પાડવા તેમણે તેને વીનવી. એટલે ખંડપાનાએ સ્મશાનમાં કોઈક મરી ગયેલું બાળક મૂકી ગયું હતું તેને નવરાવી, કપડાં પહેરાવી, તેડીને ઉજ્જેણીનગરીમાં એક ધનવાન શેઠના ઘરના આંગણામાં પહોંચી. શેઠ ઘણા વેપારીઓ સાથે વેપારધંધાની વાતચીતમાં મગ્ન હતો, ત્યારે ખંડપાનાએ વારંવાર 'આ અનાથ, ગરીબ બ્રાહ્મણી ઉપર દયા કરો' એમ કાલાવાલા કરવા માંડ્યા. ખિજાયેલા શેઠના કહેવાથી સેવકે ખંડપાનાને ઘસડીને બહાર કાઢવા માંડી. એટલે કપટથી બાળકના શબને નીચે નાખી દઈ ભોંય પર આળોટતી ખંડપાના રડારોળ કરતી બોલી: 'આ પાપીએ, મારા એકના એક આધાર છોકરાને મારી નાખ્યો.' ગભરાયેલા શેઠે તેને રત્નજડિત વીંટી આપીને મનાવી લીધી. ખંડપાનાએ ઉદ્યાનમાં આવી ઠગનાયકોને એ વીંટી બતાવી. ચૌટામાં જઈ તે વેચીને ભોજનસામગ્રી લીધી અને ધૂર્તમંડળીને જમાડી. ખંડપાનાની બુદ્ધિચતુરાઈ વખાણીને સૌ પોતપોતાને સ્થાને ગયા.

[આધાર : **'ધૂર્તાખ્યાનકથા'** ( = **'ધૂર્તાખ્યાન બાલાવબોધ'**)]

**નગ્ન શ્રમણ અને મંત્રી : ('પંચાખ્યાન બાલાવબોધ',** ઘટક ૨-૧૫) : **૧.** અયોધ્યાનગરીમાં એક નગ્ન શ્રમણ આવ્યો. તેણે પોતાના જ્યોતિષવિદ્યાના જ્ઞાનથી બધા નગરલોકને વશ કર્યા. તે પછી તેણે રાજાનો પરિચય કેળવ્યો. એક વાર તે રાજાને મળવા હંમેશ કરતાં મોડો આવ્યો. તે વેળા તેણે રાજાને કહ્યું : 'હું આજે મઠમાં મારું આ શરીર મૂકી, બીજું દિવ્ય શરીર ધારણ કરીને સ્વર્ગમાં ગયો હતો. હું પાછો આવતો હતો, ત્યારે દેવતાઓએ તમારાં ક્ષેમકુશળ પુછાવ્યાં.' પોતે આ રીતે રોજ સ્વર્ગની મુલાકાતે જતો હતો એમ તેણે જણાવ્યું. એનું વચન સાંભળી રાજા સર્વ રાજકાજ છોડી દઈ તેની સાથે જ ગોષ્ઠી કરતો સમય પસાર કરવા લાગ્યો. શત્રુઓને વશ કરવાને રાજાએ જે મંત્રીને મોકલ્યો હતો, તે કાર્ય સિદ્ધ કરીને પાછો આવ્યો, ત્યારે તેણે રાજા અને નગ્ન શ્રમણની સંગત વિશે અને રાજા શ્રમણના પ્રભાવ હેઠળ હોવાનું જાણ્યું, પ્રધાને રાજાને પૂછ્યું : 'આ આચાર્ય દેવલોકમાં આવ–જા કરે છે એ સાચું છે?' રાજાએ તે વાત સાચી હોવાનું જણાવ્યું.

**૨.** શ્રમણે પ્રધાનના કુતૂહલને સંતોષવા તૈયારી બતાવી. તે મઠુલીમાં પ્રવેશ્યો અને બારણાનો આગળો બંધ કરીને અંદર રહ્યો. થોડી વાર બાદ પ્રધાને શ્રમણ સ્વર્ગમાંથી ક્યારે

પાછો આવશે એમ પૂછ્યું, ત્યારે રાજાએ ઉતાવળા ન થવા કહ્યું. કારણ કે શ્રમણ મઢુલીમાં પોતાનું શરીર મૂકીને બીજા દિવ્ય શરીરે સ્વર્ગમાં જતો હોય છે. પ્રધાને કહ્યું કે જો શ્રમણના મઢીમાંના કલેવરને બાળી નાખીએ તો તે હંમેશાં દિવ્ય શરીરથી જ રાજાની પાસે રહે. અને એ વિશે મંત્રીએ સર્પને પરણનારી રાજકુમારીનું દૃષ્ટાંત કહ્યું.

(એ માટે જુઓ આ કથાકોશમાં '**સર્પને પરણનારી રાજકુમારી**')

એ રીતે રાજાને સમજાવીને મંત્રીએ શ્રમણની મઢુલીને તેના ખોળિયા સાથે સળગાવી દીધી.

[આધાર : '**પંચાખ્યાન-બાલાવબોધ**' ઘટક ૨.૧૫. કરટકે દમનકને કહેલ દૃષ્ટાંતકથા]

**નટવીના દૃષ્ટાંતકથા** (સંસારની અસારતા ઉપર): રત્નપુરી નગરમાં રત્નસેન રાજા. રૂપમંજરી એની રાણી. બહુલબુદ્ધિ મુખ્યમંત્રી. એક સમયે રાજસભામાં આવેલ એક નટનો સંધ્યાસમયે નાટ્ય-નૃત્યનો પ્રયોગ રાખવામાં આવ્યો. વાજિંત્ર સાથે નાચતી નટી રાત્રિના ત્રણ પ્રહર વીત્યા પછી થાકી. ઊંઘથી ઘેરાણી એટલે તાલ ચૂકી, તેથી રંગાચાર્યે રાત્રિનો ઘણો સમય તો પસાર થઈ ગયો છે, તો હવે બાકી રહેલ થોડા સમય માટે શું થાકી જાય છે, એવી મતલબનો શ્લોક કહી એને ચેતવી. આ શ્લોક સાંભળી ત્યાં પ્રેક્ષક તરીકે હાજર રહેલાં રાજકુમાર, વણિકવધૂ, તાપસ અને નટીએ જુદા-જુદા અર્થ તારવ્યા. આ પછી નટે દાન ઉઘરાવવા માટે પ્રેક્ષકોમાં થાળી ફેરવી તો રાજકુમારે પોતાનાં કુંડલ, વણિક-વધૂએ પોતાનાં વસ્ત્રાભરણનું પોટલું, તાપસે દંડ અને ધોતી, શ્રેષ્ઠીપુત્રે પોતાના પિતાની દાઢીના વાળનું ગૂંચળું દાનરૂપે થાળીમાં નાખ્યાં. દાઢી વિનાનો શ્રેષ્ઠી ખૂબ નાચ્યો. આ કૌતુક જોઈને રાજાએ નાટક-નૃત્ય બંધ રખાવ્યું અને પેલો થાળ પોતાની પાસે મંગાવ્યો. પછી એણે રાજકુમાર, વણિકવધૂ, તાપસ અને શ્રેષ્ઠીપુત્રને બોલાવીને તે દરેકને એમણે આપેલ દાન અંગે પૂછ્યું.

રાજકુમારે કહ્યું : 'જલદીથી રાજા બનવાના લોભથી પ્રેરાઈને કુબુદ્ધિ મંત્રીની સલાહથી હું આપનો વધ કરવા તૈયાર થયો હતો. પણ આ શ્લોક સાંભળી વિચાર્યું કે, આપ જીવ્યા એટલું હવે જીવવાના નથી, તો આવી ઉતાવળ શા માટે કરવી? આમ હું પિતાના વધના પાપથી અને અપયશથી બચી ગયો. એની પ્રસન્નતાથી મેં મારાં કુંડલ દાનમાં આપ્યાં.'

વણિકવધૂએ કહ્યું : 'પતિ નપુંસક હોવાથી દેહસુખથી વંચિત હું તે મેળવવા ઘર બહાર નીકળી અને અહીં આવી. દરમિયાન રંગાચાર્યે ઉચ્ચારેલ શ્લોક સાંભળી મારો યૌવનકાળ તો વીતી ગયો છે, તો આયુષ્યના બાકી રહેલા અલ્પ સમય માટે આવું કલંકિત કાર્ય શા માટે કરવું.' એમ વિચારી હું અનુચિત કાર્ય કરતાં બચી ગઈ એટલે એની ખુશાલીમાં મેં મારાં વસ્ત્રાભરણનું દાન કરી દીધું.

તાપસે કહ્યું : 'હું શંકર વણિકનો પુત્ર છું. ગુરુના ઉપદેશથી વૈરાગ્ય પામી મુનિ થયો, પણ પછીથી એના કઠોર આચાર પાળવા મારા માટે મુશ્કેલ બન્યા. એથી મુનિપણું છોડવા તૈયાર થયો, પણ ગુરુની શરમને લીધે લાંબા સમય સુધી તેમ ન કરી શક્યો. પણ અંતે કુટુંબને મળવા જવાના બહાને ગુરુથી છૂટો પડ્યો અને અહીં નાટક જોતાં રંગાચાર્યે કહેલ શ્લોક સાંભળી વિચાર્યું કે, મારી જિંદગીનો મોટોભાગ તો મુનિ તરીકે પસાર થઈ ગયો છે, તો આયુષ્યના બાકી રહેલા અલ્પકાળ માટે મારે મુનિનો આચાર છોડવો યોગ્ય નથી. આમ હું અનુચિત કાર્ય કરતાં અટક્યો એની ખુશીમાં મારી પાસે રહેલ મૂડી 'ધોતી' અને 'દંડ' મેં દાનરૂપે થાળમાં મૂક્યાં.'

નટી પણ આ શ્લોક સાંભળી સચેત થઈ ગઈ હતી. શ્રેષ્ઠીપુત્રે કહ્યું : 'રંગાચાર્યે ઉચ્ચારેલ શ્લોક હું સમજી ન શક્યો એનું મને ભારે દુઃખ થયું અને મારા પિતા પર મને રોષ ચઢ્યો કે, નાની વયનો હોવા છતાં એમણે મને ભણાવ્યો નહીં. રોષમાં મેં એમની દાઢીના વાળ કાપી તેનું ગૂંચળું દાનરૂપે થાળીમાં મૂક્યું.'

પછી રાજાએ પેલા શ્રેષ્ઠીને આટલા ઉત્સાહપૂર્વક નાચવા માટે પૂછતાં એણે કહ્યું : 'મારા પુત્રનો હું પાડ માનું છું કે તેણે રીસમાં મારું માથું ન કાપ્યું, પણ માત્ર મારી દાઢીના વાળ કાપ્યા. આમ મને જીવતદાન મળ્યું તેની ખુશીમાં હું ઉત્સાહથી નાચ્યો.'

રાજાએ આ પછી નટીને ઘણી ભેટો આપી વિદાય કરી. રાજાએ પોતાના રાજકુમારને ગાદી આપી. વણિકવધૂ અને તાપસ ખુશીથી પોતપોતાનાં સ્થાને ગયાં.

[સંદર્ભ : '**અંબડ વિદ્યાધર**'માં આવતી દૃષ્ટાંતકથા]

**નર્મદાસુંદરી ૧.** વર્ધમાનપુર નગરમાં સંપ્રતિ રાજા રાજ્ય કરતો હતો. ત્યાં ઋષભસેન સાર્થવાહ રહેતો હતો. તેને વીરમતી નામે ભાર્યા હતી. સહદેવ અને વીરદાસ નામે બે પુત્રો તથા ઋષિદત્તા નામે અતિસ્વરૂપવાન યુવાન પુત્રી-એમ ત્રણ સંતાનો હતાં. રુદ્રદત્ત નામે એક વણિકપુત્ર વેપારાર્થે રૂપચંદપુર થઈને તે નગરમાં આવ્યો. તે તેના મિત્ર કુબેરદત્તને

ઘેર ઊતર્યો. એક વાર ઋષિદત્તાને જોઈ રુદ્રદત્ત તેના પ્રત્યે આકર્ષાયો. એ વાત તેણે કુબેરદત્ત આગળ કહી. કુબેરદત્તે તેને કહ્યું : 'શ્રેષ્ઠી જિનધર્મી સિવાયના કોઈને પુત્રી આપવા માગતો નથી.' તેથી રુદ્રદત્તે ઋષિદત્તાને મેળવવા કપટશ્રાવક બનવાનું નક્કી કરી જૈનધર્મ સ્વીકાર્યો અને ઋષભસેન સાથે મૈત્રીસંબંધ બાંધ્યો. પછી ઋષભસેને ઋષિદત્તાને રુદ્રદત્ત સાથે પરણાવી. કેટલોક સમય વીત્યા પછી રુદ્રદત્ત સસરાની રજા લઈ પત્ની સહિત પોતાના નગરમાં આવ્યો. રુદ્રદત્તે ઘેર આવીને જિનધર્મ છોડી દીધો, કારણ કે તે મૂળે શૈવધર્મી હતો. ઋષિદત્તાએ પણ પતિના સંસર્ગને કારણે તેમ કર્યું. સમય જતાં તેમને એક પુત્ર થયો. તેનું નામ મહેશ્વરદત્ત રાખ્યું. સર્વ કલા શીખતો તે પુત્ર ઉંમરલાયક થયો. ઋષિદત્તાનો મોટો ભાઈ સહદેવ તેની પત્ની સુંદરી સાથે સુખથી રહેતો હતો. સુંદરીને ગર્ભ રહ્યો ત્યારે નર્મદાનદીમાં સ્નાન કરવાનો તેને દોહદ થયો. સહદેવ સુંદરીને લઈ નર્મદાકિનારે આવ્યો. ત્યાં પૂજનઅર્ચન કરી તેમણે નર્મદાના જળમાં જળક્રીડા કરી. ત્યાંનું સુંદર વાતાવરણ જોઈ પત્નીના કહેવાથી સહદેવે ત્યાં એક નગરની સ્થાપના કરી. તેને નર્મદાપુર એવું નામ આપ્યું. સુંદરીએ પૂરા દિવસે પુત્રીને જન્મ આપ્યો. તેનું નામ નર્મદાસુંદરી રાખ્યું. તે ધાર્મિક વૃત્તિની હતી. સર્વ કલાઓનો અભ્યાસ કરતી તે યુવાવસ્થાએ પહોંચી. નર્મદાસુંદરીના રૂપની પ્રશંસા સાંભળી ઋષિદત્તાએ વિચાર્યું કે, પોતાના પુત્ર મહેશ્વરદત્ત માટે નર્મદાસુંદરીનું માગું નાખું. જિનધર્મ છોડવા માટે પોતાની જાતને ધિક્કારતી તે રોવા લાગી. એટલામાં રુદ્રદત્ત આવતાં તેણે પૂછ્યું : 'તું કેમ રડે છે ?' ત્યારે ઋષિદત્તાએ સઘળો વૃત્તાંત કહ્યો. એવામાં, માતાપિતાની વાત સાંભળી પુત્ર મહેશ્વરદત્તે કહ્યું : 'પિતાજી, મને ત્યાં મોકલો. હું સર્વને ખુશ કરી મામાની પુત્રી સાથે પરણીશ.' પિતાએ પુત્રને રજા આપી. નર્મદાપુર આવી તે સહદેવને મળ્યો. મહેશ્વરદત્તે પોતાના વર્તનવ્યવહારથી સૌને જીતી લીધાં. તે પછી મહેશ્વરદત્તની માગણીથી સહદેવે નર્મદાસુંદરી તેને આપી. મહેશ્વરે જિનધર્મના પાલનની પ્રતિજ્ઞા લીધી. નર્મદાસુંદરી સાથે તેનું પાણિગ્રહણ કરાવવામાં આવ્યું. થોડા દિવસ ત્યાં રોકાઈને સાસરેથી રજા માગી પત્ની સહિત મહેશ્વરદત્ત માતાપિતા પાસે આવ્યો. એક વાર ગોખમાં બેસીને પાન આરોગતી નર્મદાસુંદરીએ પાનની પિચકારી મારી. એ જ વખતે નીચેથી પસાર થતા એક મુનિના માથા પર તે પડી. મુનિએ શાપ ઉચ્ચાર્યો: 'આ રીતે જેણે મુનિની આશાતના કરી તે તેના ભરથારથી વિયોગ પામશે.' મુનિનાં ક્રોધભર્યાં વચન સાંભળી ગોખ પરથી નીચે ઊતરી નર્મદાસુંદરીએ તેમની ક્ષમા માગી. 'પોતાનાથી એ વચન અજાણતાં બોલાઈ ગયું છે' એમ કહી, નર્મદાસુંદરીને ધર્મબોધ કરી મુનિ પોતાના સ્થાને ગયા.

૨. એક વાર મહેશ્વરદત્ત ધંધાર્થે યવનદ્વીપ ભણી જવા ઊપડ્યો, ત્યારે નર્મદાસુંદરી તેની સંગાથે ગઈ. તેમનાં વહાણે સમુદ્રનો અડધો પંથ કાપ્યો હશે ત્યાં રાત્રે ક્યાંકથી ગીત સંભળાયું. તે ગીત સાંભળી સ્વરનાં લક્ષણ જાણતી નર્મદાસુંદરી પતિને આશ્ચર્ય ઉપજાવતી કહેવા લાગી: 'સ્વામી, આ ગાનાર વ્યક્તિ શ્યામવર્ણની છે, તેની છાતી વિશાળ છે, તેના હાથ જાડા અને દેહ પાતળો છે, તેના ગુહ્ય ભાગમાં મસો છે, તે લાલ લાંછનવાળો છે, તે બાવીસ વરસનો છે.' સ્ત્રીનાં આ વચન સાંભળી મહેશ્વરદત્તે મનમાં વિચાર્યું: 'આ નર્મદાસુંદરી કુશીલ જણાય છે, નહિ તો તે પરપુરુષ વિશે આટલું બધું કેવી રીતે જાણે ? પણ તેનાં વચનની ખાતરી કરી જોઉં.' પછી પ્રભાતે તે પુરુષને બોલાવી પૂછપરછ કરતાં જણાયું કે, નર્મદાસુંદરીએ કહ્યા પ્રમાણે જ તેનાં સર્વ લક્ષણ હતાં. આથી મહેશ્વરદત્તે નર્મદાસુંદરી શીલભ્રષ્ટ હોવાનું માની લીધું. તેને મારી નાખવાના વિચારો તેના મનમાં આવવા લાગ્યા. એવામાં જ અચાનક નાખુદાએ કૂવાથંભ પર ચઢી પાણી અને બળતણ લેવા માટે સઢ પાડવા અને લંગર મૂકવા કહ્યું. મહેશ્વર કાંઠે ઊતરી નર્મદાસુંદરીને વનમાં લઈ ગયો. સંધ્યાસમય થતાં બંને એક વનકુંજમાં જઈને સૂતાં. મહેશ્વરદત્ત તેને ઊંઘતી છોડીને ચુપચુપ વહાણ પર આવ્યો અને કહેવા લાગ્યો: 'લોકો, ભાગો, મારી પત્નીને રાક્ષસ ખાઈ ગયા. હું જેમતેમ કરી નાસી આવ્યો. તમે ચાલો, નહીં તો રાક્ષસ આવી આપણને ખાઈ જશે.' એટલે બી ગયેલા સૌ લોકો વહાણ પર ચડી ગયા. પછી યવનદ્વીપ આવી ઘણું ધન કમાઈ પોતાના નગરમાં મહેશ્વરદત્ત પાછો ફરતો હતો તે વખતે માર્ગમાં પવન પડી જતાં વહાણ ગિરિકુંડ આગળ અટક્યાં. મહેશ્વરદત્તે કિનારે ઊતરી ત્યાંના ડુંગરના શિખરે પહોંચી ત્યાં પડેલાં નગારાં જોરથી વગાડ્યાં. પરિણામે ત્યાં બેઠેલું ભારંડ પંખી ઊડ્યું. તેની પાંખના ઝપાટે કિનારાનાં વહાણો ઊપડ્યાં. મહેશ્વરદત્ત ટાપુ પર જ રહી ગયો. વહાણો રૂપચંદપુર આવ્યાં. પોતાના પુત્રને ન જોતાં ઋષિદત્તાને ચિંતા થઈ. ગિરિકુંડ પર મહેશ્વરદત્ત આમતેમ ભટકતો અંબરતરુની બખોલમાં આરામ કરવા પેઠો. વૃક્ષ ઉપરનાં દેવદેવીઓને કંચનદ્વીપ જવાની ઇચ્છા થતાં તેઓ વૃક્ષ સાથે જ ઊડ્યાં. બખોલમાં રહેલો મહેશ્વરદત્ત સમતુલા ગુમાવતાં સમુદ્રમાં પડ્યો. મગર તેને ગળી ગયો. તે મગર તરતો તરતો રૂપચંદપુર આવ્યો, જ્યાં એક માછીએ તેને પકડ્યો. મગરનું પેટ ચીરતાં તેમાંથી મહેશ્વરદત્ત નીકળ્યો. માછી તેને રાજા પાસે લઈ ગયો, જ્યાં તેની ઓળખ થતાં મહેશ્વરદત્ત પોતાને ઘેર પાછો આવ્યો. નર્મદાસુંદરીને રાક્ષસ ખાઈ ગયા હોવાનું જાહેર કરી તેની ઉત્તરક્રિયા કરી મહેશ્વરદત્ત ફરી વાર પરણ્યો.

૩. હવે નર્મદાસુંદરી ઊંઘમાંથી જાગી, ત્યારે પતિને ન જોયો. ચોતરફ તપાસ કરી પણ પતિ ન મળતાં તે વિલાપ કરવા લાગી. પાંચ દિવસ આમ જ વિતાવી છઠ્ઠા દિવસે ભમતી ભમતી તે જ્યાં વહાણ હતાં ત્યાં આવી. પણ વહાણ ચાલ્યાં ગયાં હતાં. મુનિનાં શાપવચન તેને યાદ આવ્યાં. પોતાનાં પૂર્વોપાર્જિત કર્મ ભોગવતી, વનમાં દેવને વંદન કરી, ફળાહાર કરી તે તાપસી તરીકે એક ગુફામાં રહેવા લાગી. એવામાં નર્મદાસુંદરીનો પિતરાઈ ભાઈ વીરદાસ બર્બરકુલના દેશ ભણી જતો હતો તે ત્યાં કાંઠે ઊતર્યો. પ્રાર્થનાનું સ્તોત્ર ગવાતું સાંભળી તે ગુફામાં પેઠો. તેણે પોતાની ભત્રીજી નર્મદાસુંદરીને જોઈને પૂછ્યું : 'વત્સે, તું અહીં એકલી કેમ છે ? અથવા તું અહીં કેમ કરતાં આવી પડી ?' નર્મદાસુંદરીએ પોતાનો સઘળો વૃત્તાંત કહ્યો. પછી વીરદાસ નર્મદાસુંદરીને લઈ બર્બરદેશ આવી પહોંચ્યો. ભેટ લઈને ત્યાંના રાજાને મળ્યો. રાજાએ તેનું બહુમાન કરી અડધી જકાત માફ કરી. વીરદાસે ત્યાં કરિયાણાનો વેપાર કર્યો. એ સ્થાનમાં હરિણી નામની એક રાજમાન્ય વેશ્યા હતી. તે વહાણ લઈને આવનાર વેપારી પાસેથી એક હજાર દીનાર પડાવતી હતી. તે લેવા માટે તેણે એક દાસીને વીરદાસના ઉતારે મોકલી. તે દાસીએ સ્વરૂપવાન નર્મદાસુંદરીને જોઈ પાછી ફરી હરિણીને કહ્યું : 'આવું રૂપ પૃથ્વી પર નથી. જો એ તારે ઘેર આવે તો કલ્પવેલ આવેલી માનજે. તેનાથી તને અઢળક દ્રવ્ય પ્રાપ્ત થશે.' પછી હરિણી જાતે વીરદાસને પોતાને ઘેર તેડી ગઈ. વીરદાસને ભોળવી તેના હાથ પરની વીંટી લઈ લીધી. તેણે દાસીને મોકલીને એ વીંટી બતાવી નર્મદાસુંદરીને કહેવડાવ્યું કે, વીરદાસ તને તેડાવે છે. સરળ ચિત્તવાળી તે દાસીની સાથે આવી. નર્મદાસુંદરીને હરિણીએ ભોંયરામાં પૂરી દીધી. પછી વીરદાસને તેની વીંટી પાછી આપી. અખંડ શીલવ્રત પાળતો વીરદાસ ઘેર પાછો આવ્યો. ઘરમાં જોયું તો નર્મદાસુંદરી નહોતી. તેણે હરિણીને ઘેર આવી પૂછ્યું, તો તેણે પણ પોતે કશું જાણતી ન હોવાનું કહ્યું. વીરદાસ ચિંતા કરવા લાગ્યો.

૪. ઘણું ધન કમાઈને તે પાછો સ્વદેશ જવા નીકળ્યો. વચ્ચે ભરૂચ નગરે પહોંચી તેણે ત્યાં રહેતા પોતાના પરમ મિત્ર જિનદાસ શ્રેષ્ઠી સમક્ષ બધી વાત કરી અને નર્મદાસુંદરીની તપાસ માટે તેને બર્બરદેશ ભણી મોકલ્યો. આ તરફ વીરદાસના ગયા પછી હરિણીએ નર્મદાસુંદરીને વેશ્યાવૃત્તિ સ્વીકારવા અનેક લાલચ આપી પણ તે ન માની અને તેણે પોતાનો શીલભંગ થાવ દીધો નહીં. શીલવ્રતધારી નર્મદાએ માર મારતાં હરિણી વેશ્યાનું મૃત્યુ થયું. તેથી બીજી વેશ્યાઓ ભયભીત થઈને કહેવા લાગી : 'તું અમારી સ્વામિની થા. તારી ઇચ્છા પ્રમાણે શીલવ્રતનું પાલન કર.' પણ તે માની નહીં. એક વાર પ્રધાને નર્મદાનું રૂપ જોઈ તેની પાસે અજુગતી માગણી કરી પણ તે માની નહીં. આથી પ્રધાને રાજા પાસે જઈ તેના રૂપનું વર્ણન કર્યું. રાજાએ નર્મદાસુંદરી માટે પાલખી મોકલી. રાજાના સેવકોએ જઈ, નર્મદાસુંદરીને પાલખીમાં બેસાડી, માથે છત્ર ધરી ચાલ્યા. એ વખતે નર્મદાસુંદરીએ પોતાના શીલની રક્ષા માટે ગાંડી થઈ જવાનો ઢોંગ રચ્યો. એક મોટી ખાળ પાસેથી પાલખી જ્યારે પસાર થતી હતી ત્યારે તે પાલખીમાંથી કૂદી પડી અને પોતાને શરીરે કાદવના લપેડા કરતી કહેવા લાગી : 'આ કેવો સરસ સુખડ, કપૂર અને કસ્તૂરીનો લેપ છે.' પછી તે કાદવ ઉછાળતી, પોતાનાં કપડાં ફાડતી, લોકોની સામે ધૂળ ઉડાડવા લાગી. રાજાએ તેનું ગાંડપણ કાઢવા મંત્રતંત્ર જાણનારને બોલાવ્યા. પણ નર્મદાસુંદરીએ તેમની સામે પથ્થર ફેંકી ભગાડ્યા. ત્યારથી તે નગરમાં ગાંડીની જેમ બધે ભટકવા લાગી.

૫. આ તરફ તેની તપાસ માટે ભરૂચથી ત્યાં જિનદાસ આવી પહોંચ્યો. રખડતી નર્મદાસુંદરીનો ભેટો થતાં, તેણે તેને જૈનધર્મનાં ગીત ગાતી જોઈ. ગીત સાંભળ્યાં. જિનદાસે તેની પાસે જઈને તેની આવી દુર્દશાનું કારણ પૂછતાં નર્મદાસુંદરીએ સંકેત કરી, જંગલમાં એકાંતમાં જઈ તેને પોતાની વીતકકથા કહી. જિનદાસે તેણે કરેલ શીલરક્ષણની પ્રશંસા કરી. પોતાને વીરદાસે ભરૂચથી મોકલેલો હોવાનું જણાવી, તે વાત ગુપ્ત રાખવા કહ્યું. તે પછી વીરદાસની સૂચના પ્રમાણે નર્મદાસુંદરી પનિહારીઓના ઘડા પથ્થર મારી ફોડી નાખી લોકોને સંતાપવા લાગી. આ આપત્તિ નિવારવાનો ઉપાય વિચારતા રાજાએ જિનદાસે આપેલી સલાહ પ્રમાણે નર્મદાસુંદરીને બેડીઓ ઘાલીને જિનદાસ સાથે વહાણમાં બેસાડી નગરનિકાલ કરી. પછી જિનદાસે તેની બેડીઓ કાઢી નાખી અને તેને ઘટતાં વસ્ત્રાભરણ પહેરાવી નર્મદાપુર લઈ આવ્યો અને તેનાં માતાપિતાને સોંપી. જિનદાસ વીરદાસની રજા લઈ પોતાને વતન ગયો. તે પછી એક જ્ઞાની મુનિ પાસેથી પોતાના પૂર્વભવનો વૃત્તાંત જાણી નર્મદાસુંદરીએ દીક્ષા લીધી.

[આધાર : ૧. **'શીલોપદેશમાલા–બાલાવબોધ'** સત્યાવીસમી દૃષ્ટાંતકથા ૨. **'નર્મદાસુંદરીનો રાસ'**]

**નરસિંઘો વીર** (**'સૂડાબહોંતેરી'**, અડતાળીસમી કથા) : નગરશેઠ ટેકચંદશાની વહુ લીલાવતીને એક ભારે દુઃખ હતું. તેનો ધણી રતન સોનારણની પાછળ ઘેલો હતો. એક વાર લીલાવતી દેવીને દર્શને ગઈ, ત્યારે રસ્તામાં તેને ગલો ગારુડી મળ્યો. દોરાધાગા અને મંતરજંતર જાણનાર તરીકે એની આખા ગામમાં નામના હતી. લીલાવતીએ તેને કશોક ટુચકો કરીને ટેકચંદ રતનનો મોહ છોડી દે તેમ કરવા કહ્યું. તેણે કહ્યું : 'આપણે મધરાતે મળીએ. હું એવો વશીકરણનો ટુચકો કરી

આપું કે, પછી તારો ધણી તારા સિવાય બીજી કોઈની સામે કદી પણ ન જુએ.' લીલાવતીએ કહ્યું : 'અગિયારશે અમારે ઘરે સૌ ભજન–કીર્તનના ઉત્સવમાં રોકાયેલાં હોય છે અને મારો ધણી ત્યારે મેડીએ નથી ચડતો. હું ત્રીજે માળે સૂઉં છું. પાછળ ચંપાનું ઝાડ છે. તું મધરાતે ત્યાં આવી પહોંચજે. હું મેડીએથી દોરડું બાંધીને નીચે ઊતરીશ. ટુચકો કર્યા પછી હું પાછી ઉપર ચડી જઈશ'. પછી નક્કી કર્યા પ્રમાણે અગિયારસની મધરાતે ગલો ગારુડી ટેકચંદના ઘરની પાછળ ચંપાના ઝાડ નીચે આવી રહ્યો. લીલાવતી મેડીએથી નીચે ઊતરી. પણ તે સાથે દોરડું તૂટી ગયું. હવે પાછું ઉપર કેમ પહોંચાશે એવી મૂંઝવણમાં એ હતી, ત્યાં તે બંને ચાર ચોરની નજરે પડયાં. ચોરોએ લીલાવતીનાં ઘરેણાં ઉતારી લઈને તેને રસ્તા વચ્ચે છોડી દીધી. ગલો ગારુડી એને પોતાને ઘરે લઈ ગયો. વળતે દિવસે સવારે લીલાવતી ગુમ થયાની વાત બધે ફેલાઈ ગઈ. ધણી શોધતપાસ કરી પણ ઓગણીસ દિવસ થયા તોય લીલાવતીના વાવડ ન મળ્યા. છેવટે ગલા ગારુડીને બોલાવી એની વિદ્યા અજમાવવા કહ્યું. ગલાએ મંડળ ભરીને લીલાવતીનો પત્તો લગાડવા થાય તેટલું કરી છૂટવા ખાતરી આપી. પછી ઘરે આવી લીલાવતીને કહ્યું : 'તારો પત્તો લગાડી આપવાનું હું કહી તો આવ્યો, પણ મારાં મંતરજંતર તો ઢોંગધતિંગ છે. હવે મને કશો ઉપાય દેખાતો નથી. આપણે પકડાશું તો મોત થશે.'

લીલાવતીએ તેને હિંમત આપીને યુક્તિ બતાવી. બીજે દિવસે દસબાર ડાકલાંવાળાને સાથે લઈ ગલો ગારુડી ટેકચંદને ઘરે ગયો. અડદનાં પૂતળાં કર્યાં. મંડળ રચ્યું. ધૂણતો ધૂણતો તે બોલ્યો: 'હું નરસિંઘો વીર છું મારી આકાશપાતાળમાં આણ ફરે છે. તમારા ઘરની ચાર વંતરીઓ તમારી વહુને ઉઠાવી લઈ ગઈ છે. એ કાલે એનો ભક્ષ કરવાની હતી, પણ મેં એ વંતરીઓને વશ કરી છે. કાલે તેઓ લીલાવતીને મેડીએ મૂકી જશે.' પછી બીજે દિવસે રાતની વેળા ગલો ગારુડી શેઠના ઘરના બારણામાં આવીને બેઠો અને કહ્યું: 'કોઈ મેડીએ ન જશો. મોટું જોખમ છે. લીલાવતીને વંતરીઓ ત્યાં મૂકવા આવશે.' એટલામાં વિચિત્ર બિહામણો વેશ ધરી લીલાવતી હાથમાં લાંબું ટીપણું રાખી, માથું ધુણાવતી અગડંબગડં ગણગણતી આવી પહોંચી, એટલે 'કોઈ બહાર નીકળશે તો તરત એનું મોત થશે', એવું કહીને ગલો ત્યાંથી જતો રહ્યો. બીકમાં સૌ ઘરમાં પેસી ગયાં. લીલાવતી મેડીએ ચડી પોતે સાથે લાવી હતી તે કપડાં પહેરીને સૂઈ ગઈ. સવારે તેને ઉઠાડીને પૂછયું, ત્યારે તેણે ખુલાસો કર્યો: 'અગિયારસની રાતે, કોઈક ચાર વિચિત્ર બાઈઓએ આવી મારી ઉપર કપડું ઓઢાડી મને ભોંય પર પાડીને પછી ઉપાડીને અંતરિક્ષમાં ઊડી. એક જંગલમાં વાડી જેવું હતું ત્યાં મને ઉતારી. મારાં ઘરેણાં આંચકી લીધાં. મને શેકીને ખાઈ જવાની ધમકી આપી. એટલામાં કોઈક મારમાર કરતો ત્યાં આવીને કહેવા લાગ્યો: 'હું ભૂતાવળનો રાજા નરસિંઘો છું.' પેલી ચાર જણીઓને બાંધીને એ તેમનો શિરચ્છેદ કરવા જતો હતો. એ તેને પગે પડી. પછી મને ઉઠાવીને તેઓ અહીં પથારીમાં મૂકી ગઈ. આ સાચું હોય કે સપનું, મને ખબર કશી નથી.' લીલાવતીનાં સગાસંબંધીઓએ દાનપૂજા અને ઉત્સવ કર્યાં. ગલા ગારુડીને માનપાન આપ્યાં. આખા ગામમાં એનો જશ વધ્યો.

[આધાર : **'સૂડાબહોંતેરી'** અડતાળીસમી કથા]

**નવવધૂનું વચનપાલન** : જુઓ **'અભયકુમાર મંત્રી'** પૃષ્ઠ ૯.૨.

**નંદબત્રીસી–૧ (= નંદરાજા અને વૈરોચન મંત્રી)**

**૧.** પાડલીનગરમાં રાજા નંદ, મંત્રી વિરોચન. એક દિવસ રાજસવારીએ નીકળેલ નંદરાજાએ સરોવર પાસે કૌતુક જોયું. ત્યાં ધોઈને સૂકવેલાં કપડાંમાં એક સાડી પર ભમરા ગુંજારવ કરતા હતા. એનો ખુલાસો મેળવવા રાજાએ પંડિતોને બોલાવીને પૂછતાં તેમણે કહ્યું કે, તે સાડી પહેરનારી નારી પદ્મિની હોવી જોઈએ. આવી નારીનો દેહ પુષ્પપરિમલથી મહેંકતો હોવાથી એણે ધારણ કરેલાં વસ્ત્રોમાં રહેલી તે મહેંકથી આકર્ષાઈને ભમરાઓ આવે છે. રાજાએ ધોબીને બોલાવીને પૂછતાં તેણે એ સાડી પહેરનારી પ્રધાન વિરોચનની પત્ની હોવાનું જણાવ્યું. પછી રાજા નગરમાં પાછો ફર્યો.

વિરોચનની પત્ની પદ્મિની હોવાનું જાણી રાજા નંદ એના પર આસક્ત થયો અને કામજ્વરથી પીડાવા લાગ્યો. વિરોચનને સીમાડાનું રક્ષણ કરવાને બહાને પરદેશ રવાના કરીને મધરાતે રાજા કાળો વેશ પહેરી પદ્મિનીને મળવા પ્રધાનને ઘરે પહોંચ્યો. દરવાજે ઊભેલા દ્વારપાળે તેને અંદર જતો અટકાવ્યો, પણ રાજાએ તેને મણિનાં કુંડલ ભેટ આપતાં તેણે તેને અંદર જવા દીધો.

**૨.** નંદરાજાને ઘરમાં આવેલો જોઈને ત્યાં પાંજરામાં રહેલા પોપટે એને ટપાર્યો. 'પોતે ચોર નથી પણ નંદરાજા છે', એમ તેણે જણાવ્યું. પદ્મિનીના વિરહે અકળાઈને તે મધરાતે આવ્યો હોવાનું નંદ પાસેથી જાણી પોપટે તેને પરસ્ત્રી-ગમનનું પાપ ન કરવા સમજાવ્યો. પણ એનું કહ્યું ન ગણકારતાં તે ત્યાંથી આગળ વધ્યો.

રાજા નંદ આવ્યો છે એ જાણીને પદ્મિની શય્યામાંથી ઊઠી બાજુ પર ઊભી રહી ગઈ. રાજા શય્યા પર જઈને બેઠો. તે પછી હાથ જોડીને પદ્મિનીએ રાજાના પુત્ર સમાન પ્રધાન ઘરે ન હોવા છતાં મધરાતે આવવાનું કારણ તેને પૂછ્યું. શરમાઈ જઈ રાજા પાછો ફર્યો. ઉતાવળમાં પોતાની મોજડીને બદલે તેણે પદ્મિનીની મોજડી પહેરી લીધી. તે દ્વારપાળ પાસે આવ્યો અને પોતાનું ધાર્યું કામ થયું ન હોવાથી તેણે તેની પાસેથી કુંડળ પાછાં માગ્યાં. દ્વારપાળે ભેટ પાછી આપવા ના કહી. ત્યારબાદ રાજા પોતાના મહેલે પાછો ફર્યો.

૩. રાજાના ગયા પછી તરત જ દૈવસંજોગે વિરોચન સીમાડેથી પાછો ફર્યો. ઘરમાં પ્રવેશતાં ત્યાં પડેલી રાજાની મોજડી જોઈને તે ઝંખવાઈ ગયો. મનમાં પત્નીના ચારિત્ર્ય અંગે શંકા ઊઠી. વિરોચને રાજાની મોજડી છુપાવી દીધી. તે શય્યા પર જઈને બેઠો. થોડી વારે પદ્મિની જાગી. પતિને પાછો આવેલો જોઈ તે રાજી થઈ.

વિરોચને વળતે દિવસે રાજાને મળવા જતાં રેશમી કપડું મોજડીને વીંટી એને એક છાબમાં મુકાવી. તે છાબ એક સ્ત્રીના માથે મુકાવી, બીજી દશ–પંદર સધવા સ્ત્રીઓને લઈને વાજતે-ગાજતે તે રાજાને મળવા ચાલ્યો. રાજા પાસે તે છાબ વિરોચને ભેટ તરીકે મૂકી. છાબમાંથી પોતાની મોજડી નીકળેલી જોઈને રાજા ઝંખવાઈ ગયો. પછી રાજા પોતે મધ્યરાત્રિએ વિરોચનને ઘેર ગયો હતો, પણ કશું પણ અજુગતું કર્યા વગર પાછો ફર્યો હતો, એમ વિરોચનને જણાવ્યું. આ સાંભળી વિરોચન હસ્યો, એટલે પ્રસન્ન થયેલા રાજા નંદે વિરોચનને પોતાનું અર્ધું રાજ્ય ઇનામમાં આપ્યું.

૪. એક વાર ઉદ્યાનરક્ષકે આવીને રાજસભામાં બેઠેલા રાજાને ઉદ્યાનમાં પેઠેલા સૂવરે કરેલા નુકસાનની જાણ કરી. આ સાંભળી રાજા નંદ અને પ્રધાન વિરોચન સેના સહિત વનમાં આવ્યા. સૂવરને પડકારતાં તે નાઠો. એની પાછળ પડેલા નંદરાજા અને વિરોચન સેનાથી વિખૂટા પડી ગયા. દૂર સુધી પીછો કરવા છતાં સૂવરનો પત્તો લાગ્યો નહીં. રાત પડી ગઈ. રાજા અને પ્રધાને એક વડ નીચે રાતવાસો કર્યો. સવારે તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા. માર્ગમાં રાજાને તરસ લાગી. પાણીની શોધ કરતાં તેઓ એક વાવ પાસે આવી પહોંચ્યા.

વિરોચન પાણી લેવા વાવમાં ઊતર્યો. પાણી પીધા પછી એણે ત્યાં ભીંત પર કોતરેલા શ્લોકો જોયા. એમાં જે પોતાના 'અર્ધરાજ્યનો અધિકારી હોય અને પોતાના મર્મનો જાણકાર હોય, તેનો જો પ્રથમ વધ કરવામાં નહિ આવે, તો પછી તે જ રાજાનો ઘાતક થશે.' એવી મતલબનો એક શ્લોક વાંચીને તે ભયભીત થયો. 'જો રાજા આ શ્લોક વાંચશે તો મારો ઘાત કરશે', એમ વિચારીને પ્રધાને તે શ્લોક રાજા ન વાંચે તે માટે કાદવ છાંટી ઢાંકી દીધો. પાણી લઈને વિરોચન રાજા પાસે આવ્યો. પાણી પી સંતોષ પામીને રાજા વાવ જોવા ગયો. વાવમાં કોતરેલ શ્લોકમાંથી એક શ્લોક કાદવથી ઢાંકેલો જોઈને કુતૂહલ થતાં રાજાએ પાણી છાંટી કાદવ દૂર કર્યો. શ્લોક વાંચીને રાજાને થયું: 'મારા તરફથી ભય પામેલા વિરોચનનું જ આ કામ છે.' પછીથી નિર્વિકારચિત્તે રાજા વાવમાંથી બહાર આવ્યો.

શંકામાં પડેલ વિરોચન પાણી પીવાના બહાને ફરી વાર વાવમાં ઊતર્યો. શ્લોકને ખુલ્લો કરેલો જોઈ, રાજાએ 'આ વાંચ્યો છે, એટલે હવે તે અવશ્ય મને મારશે.' એવી શંકા સેવતો તે ફરી રાજા પાસે આવ્યો. ત્યાં તેણે રાજાને ઊંઘી ગયેલો જોયો. વિરોચને ઊંઘતા રાજાને તલવારનો ઘા કરી મારી નાખ્યો અને વાવની પાસે જ ખાડો ખોદીને તેને દાટી દીધો.

વાવની પાસે આવેલ વાડીમાં એક વાનર નામનો માળી રોપાને પાણી પાતો હતો. તેણે આ આખું દૃશ્ય જોયું. 'એક જ નગરમાં રહેનાર એવા મને પ્રધાન ગમે ત્યારે ઓળખી જશે, તો તે મારો પણ ઘાત કરશે.' એમ માની ભયભીત થયેલો માળી ચંપાની ડાળી પર ચઢી ગયો. ડાળી હાલવાથી થયેલા ખડખડાટથી વિરોચનનું ધ્યાન તે તરફ ગયું, પણ તેને ત્યાં કોઈ હોવાનું દેખાયું નહીં. તેને થયું: 'ડાળ વાનરથી હલી હોય કે કોઈ માણસથી, પણ ભવિષ્યમાં મારું રહસ્ય છતું થશે, તો તેમાં કદાચ આ જ કારણરૂપ બને.' વિરોચન ત્યાંથી ગયો, એટલે માળી ઝાડ પરથી ઊતરીને નાસી ગયો.

૫. વિરોચન નગરમાં પાછો ફર્યો. તેણે રાજાને સૂવરે મારી નાખ્યો હોવાનું સૌને જણાવ્યું. રાજા નંદને તે સમયે કોઈ પુત્ર ન હોવાથી મહાજને રાજ્યકારભાર વિરોચનને સોંપ્યો. રાજાની એક રાણી નંદના ત્યારે ગર્ભવતી હતી. તેને પુત્ર અવતર્યો. એનું નામ અરિમર્દન પાડયું. અરિમર્દન બાર વર્ષનો થયો એટલે રાજા નંદનું રાજ્ય એને સોંપવામાં આવ્યું. 'મારા પિતાના મૃત્યુ અંગે સાચી હકીકત જાણીશ, ત્યારે જ હું દિવસમાં બીજે ટંક ભોજન લઈશ.' એમ પ્રતિજ્ઞા કરી પિતાના મૃત્યુનું રહસ્ય જાણવા તે રાત્રિ દરમિયાન ગુપ્તપણે નગરમાં ઠેરઠેર ભ્રમણ કરવા લાગ્યો. નગરભ્રમણ દરમિયાન એક રાત્રે તેણે માળીના ઘરમાં થતો સંવાદ સાંભળ્યો. હવે રાજ્યકારભાર પ્રધાનના નહીં, પણ અરિમર્દન રાજાના હાથમાં હોવાથી સલામતી સમજીને વાનર માળી બાર વર્ષે પોતાના ઘરે પાછો આવેલો. તેની અને માલણની વચ્ચે થતી વાતચીત

પરથી અરિમર્દને જાણ્યું કે, રાજા નંદનો પ્રધાન વિરોચને જ ઘાત કર્યો હતો.

બીજે દિવસે સવારે ગુપ્ત રીતે અરિમર્દને વાનર માળીને બોલાવી બધી હકીકતની ખાતરી કરી. માળીના કહ્યા પ્રમાણે પેલી વાવ પાસે ખોદાવતાં ત્યાંથી નંદરાજાનાં અસ્થિ મળી આવ્યાં. આમ, વિરોચનની પોલ ખૂલી ગઈ. અરિમર્દને માળીને બાર ગામ ભેટ આપ્યાં. તે પછી અરિમર્દને વિરોચનને રાજસભામાં તેડાવ્યો. રાજસભામાં જતાં માર્ગમાં અપશુકન થતાં વિરોચન ઘરે પાછો ફર્યો. પોતાના ચારેય પુત્રોને બોલાવીને જણાવ્યું: 'રાજા મારા પર ગુસ્સે થયો હોઈ, મને પ્રાણસંકટ છે. પ્રધાનપદ આપણા કુળમાં જાળવવું હોય તો હું કહું તેમ કરો. જ્યારે હું રાજાને મળવા રાજસભામાં જાઉં, ત્યાં તમે મને રાજદ્રોહી કહી હણી નાખજો. આમ કરશો તો તમારા પર રાજાને તમારી રાજભક્તિની ખાતરી થશે.' મોટા ત્રણેય પુત્રોએ પિતૃહત્યા કરવાનો ઇન્કાર કર્યો, પણ નાનો પુત્ર કબૂલ થયો.

પછી વિરોચન રાજસભામાં ગયો. એને જોતાંવેંત અરિમર્દન ગુસ્સે થઈ ગયો. તે જોઈ તરત જ પાસે ઊભેલા વિરોચનના નાના પુત્રે તલવારના ઘાથી પિતાનો શિરચ્છેદ કર્યો અને ખુલાસો કરતાં તેણે કહ્યું: 'જે તમારો શત્રુ, તે મારો શત્રુ'. આવો ભક્તિભાવ જોઈને રાજાએ વિરોચનના બીજા ત્રણે પુત્રોને પણ બોલાવ્યા અને ચારેયને મંત્રીઓ બનાવ્યા. ત્યાર પછી અરિમર્દને સુખપૂર્વક રાજ્ય કર્યું.

[આધાર : **'નંદબત્રીસી'–૧** સિંધકુલકૃત]

**નંદબત્રીસી–૨ ( = નંદ રાજા અને વૈરોચન મંત્રી)** : **૧.** નંદનનગરમાં નંદસેન રાજા, વૈરોચન મંત્રી. એક વાર મધરાતે નગરચર્યા દરમ્યાન રાજા નંદ નગર બહાર આવેલ સરોવરની પાળે ધોબીને જોઈને પૂછપરછ કરતાં તેણે જણાવ્યું કે, પદ્મિની સ્ત્રીના દેહમાંથી પ્રસરતો પુષ્પ–પરિમલ એનાં વસ્ત્રોમાં પણ જળવાઈ રહે છે. એ વસ્ત્રો દિવસ દરમ્યાન ધોતાં ભમરાઓ આવી તેને હેરાન કરે એટલે તે રાત્રે ધોવા આવ્યો હતો. એ વસ્ત્ર પહેરનારી પ્રધાન વૈરોચનની પત્ની હોવાનું તેણે જણાવ્યું. આ પછી રાજા નંદ પોતાના મહેલે પાછો ફર્યો.

રાજા નંદનું મન પ્રધાનપત્ની પર આસક્ત થયું. એની સાથે મેળાપ કરવા એણે એક યુક્તિ–પ્રપંચ રચી કાઢયો.

સવારમાં રાજસભામાં આવેલ વૈરોચનને કચ્છ દેશમાંથી તાત્કાલિક ઘોડાની જોડી લઈ આવવા તેણે રવાના કરી દીધો. મધરાતે રાજા નંદ વૈરોચનના આવાસે ગયો. દ્વારપાલને દ્વાર ખોલવા જણાવ્યું. રાજાનાં નવ કરોડના મૂલ્યનાં કુંડલ ભેટ મળતાં, એણે દ્વાર ખોલી તેને અંદર જવા દીધો.

અંદર પ્રવેશતાં રાજા નંદે ત્યાં લટકાવેલા પાંજરામાં રહેલા પોપટને જોયો. નીચે પ્રધાનપત્ની પદ્મિની બેઠેલી હતી. એનું અપૂર્વ સૌંદર્ય જોઈને રાજા નંદ મુગ્ધ થઈ ગયો. પોપટ અને પદ્મિની બન્ને રાજાની આસક્ત અવસ્થા પામી ગયાં. પોપટે રાજાનો સત્કાર કરી કહ્યું કે, તમારા પુત્ર સમાન પ્રધાનની ગેરહાજરીમાં પુત્રવધૂની તમે ખબર કાઢવા આવ્યા તે ઉચિત કર્યું. પ્રધાનપત્નીએ પોપટને સંભાળીને બોલવા કહ્યું, પણ પોપટે મા–બાપ સમાન રાજાની આગળ બોલવામાં કશો ડર ન રાખવા જણાવ્યું. પોપટ અને પદ્મિની વચ્ચેનો સંવાદ સાંભળી મૂંઝાયેલો નંદ રાજા પાટ પર જઈ બેઠો. રાજાનું સ્વાગત કરવામાં આવ્યું. પોપટે પદ્મિનીને કહ્યું કે, ધર્મનો અવતાર રાજા નંદ એને "પસલી" આપવા આવ્યો છે. પદ્મિનીએ રસોઈ કરી. રાજાએ સ્નાન બાદ ભોજન કર્યું.

બીજે દિવસે રાજાને એકની એક વાનગી જુદાંજુદાં વાસણોમાં અને જુદાજુદા રંગની પીરસીને નારીદેહનો ઉપભોગ સર્વત્ર એકસરખો હોવાનું પદ્મિનીએ સૂચવ્યું. ભોજનને અંતે રાજાએ પોતાની વીંટી વિવેકપૂર્વક પદ્મિનીને "પસલી" તરીકે આપીને વિદાય લીધી.

દ્વારપાલ પાસે આવી નંદે પોતાનાં કુંડલ પાછાં માગ્યાં. 'રાજા નંદનું કામ ન થયું, એમાં મારો વાંક નથી. હું તો કુંડલની લાલચે મારો ધર્મ ચૂક્યો હતો અને રાજાને જવા દીધો હતો' એ પ્રમાણે કહી દ્વારપાલે રાજાને કુંડલ પાછાં ન આપ્યાં. પ્રસન્ન થઈ, પોતે ઓઢેલી શાલ તેને ભેટ આપી, રાજા પોતાના મહેલે પાછો ફર્યો.

**૨.** ઘોડા લઈને પાછો ફરેલ વૈરોચન દ્વારપાલના કાનમાં નવ કરોડના મૂલ્યનાં કુંડળ અને શરીર પર કિંમતી શાલ જોઈને ચમક્યો. દ્વારપાલને ધમકાવી તે ઘરમાં પ્રવેશ્યો, એટલે પોપટ અને પદ્મિનીએ તેને જણાવ્યું કે, દુરાશયથી આવેલ રાજા નંદ અમારી ચતુરાઈથી અને પદ્મિનીના સતીત્વની દઢતાથી ધર્મનો પિતા બની "પસલી" આપીને ગયો હતો. પદ્મિનીએ પણ પોતે સતીધર્મ પૂરેપૂરો જાળવ્યાનું કહ્યું, પણ વૈરોચને તે માનવા ઇન્કાર કર્યો. વેર અને ખારભર્યા વૈરોચને પત્નીને તત્કાલ મારી ન નાખતાં ધીરે ધીરે વેર લેવાનું નક્કી કર્યું.

**૩.** વૈરોચનનાં વાણી–વર્તનથી કંટાળીને પદ્મિની આખરે પિયર ચાલી ગઈ. રાજા નંદને આ વાતની ખબર પડતાં એને

થયું કે, મારે ખાતર વૈરોચને પોતાની સ્ત્રીને છોડી દીધી છે. તે પછી એક વાર શિકાર કરવા જતી વખતે વૈરોચનને સાથે લઈ ગયો અને પાછા ફરતી વખતે પદ્મિનીને પિયર પહોંચ્યો. વૈરોચનના સસરાએ એમનું સ્વાગત કર્યું. પછી રાજા નંદ, વૈરોચન, એનો સસરો અને પદ્મિની ચોપાટ રમવા બેઠાં. જેનું સત હશે એના પાસા પોબાર પડશે, એમ ઠરાવી ચારેયે ચાર વાર પાસા નાખ્યા. વૈરોચન સિવાય ત્રણેના પાસા પોબાર પડ્યા. વૈરોચન ઝંખવાઈ ગયો. મનમાં વેર ભરેલું હોવાથી, પત્નીને પછીથી તેડાવવાનો વાયદો કરીને સવારે તે રાજા નંદ સાથે ત્યાંથી પાછો ફર્યો.

૪. માર્ગમાં વનમાંથી પસાર થતાં નંદ તરસ્યો થયો, એટલે બંને જણ એક વાવ પાસે આવ્યા. રાજા પાણી પીવા વાવમાં ઊતર્યો. પાણી પીધા પછી રાજા વાવની ભીંત પર શ્લોક લખી પાછો ફર્યો. એ પછી વાવમાં પાણી પીવા ગયેલા વૈરોચને તે શ્લોક વાંચી ઉત્તરમાં એક બીજો શ્લોક લખ્યો. આમ એક પછી એક શ્લોક લખીને તે દ્વારા વૈરોચને પોતાની ગેરહાજરીમાં રાજા ઘેરે આવ્યાની બાબત વિશે આક્ષેપ કર્યો, તો નંદે પોતે શુદ્ધભાવે પાછો ફર્યાનું કહીને બચાવ કર્યો. તે પછી સમીપમાં આવેલા ચંપાના ઝાડની છાયામાં તેઓ બેઠા. રાજા વિશ્વાસથી વૈરોચનના ખોળામાં માથું રાખી ઊંઘી ગયો. વૈરભાવ પ્રબળ બનતાં આ તકનો લાભ લઈ વૈરોચને તલવારના ઘાથી રાજાને મારી નાખ્યો અને ત્યાં જ ખાડો ખોદી તેનો દેહ દાટી દીધો. ચંપાના ઝાડ પર આગળથી ચઢી બેઠેલા માળીએ પ્રધાનનું કૃત્ય જોયું અને ડરનો માર્યો તે ધ્રૂજી ઊઠ્યો. તે સાથે ઝાડની ડાળીઓ હલી ઊઠી. બાદમાં તે ગુપ્તપણે ઝાડ પરથી ઊતરી પોતાના ઘેર ગયો અને પોતે જોયેલ ઘટના અંગે ચૂપ રહ્યો.

વૈરોચન નગરમાં પાછો આવ્યો. રાજમહેલે જઈને વૈરોચને કપટભાવે, રાજા પાછો આવ્યો છે કે કેમ તે અંગે પૂછપરછ કરી. પોતે છેલ્લા પાંચ દિવસથી રાજાને મળ્યો જ નથી, એવી તેણે રજૂઆત કરી. તે પછી ઘણી શોધ કરવા છતાં રાજાનો કાંઈ પત્તો ન લાગ્યો. અંતે નંદરાજાના બાળ-કુમારને રાજગાદીએ બેસાડવામાં આવ્યો અને રાજકારભાર વૈરોચનને સોંપાયો.

૫. એક વાર ફૂલો મોડાં આપવા આવવા માટે વૈરોચને માળીને ધમકાવી નાખ્યો. રોષે ભરાયેલા માળીએ રાજા નંદ અંગે બનેલી સર્વ બીના માલણને કહી. તેણે રાણીને કહી અને રાણીએ પોતાના પુત્રને કહી. વૈરોચનને બોલાવીને રાજાએ પૂછતાં, તેણે આરોપનો ઇન્કાર કર્યો. એટલે રાજકુમાર વૈરોચનને લઈ પેલી વાવ પાસે ગયો. ત્યાં ચંપાના વૃક્ષ તળે ખાડો ખોદાવતાં અસ્થિ મળી આવ્યાં. વૈરોચનની પોલ ખૂલી ગઈ. નંદ રાજાએ પોતાની પત્નીને ભ્રષ્ટ કરી હોવાનું માની લઈ તેના વેરની વસૂલાતમાં રાજાનો પોતે ઘાત કર્યો હોવાનું વૈરોચને કબૂલ્યું.

૬. આ ઘટના અંગે રાજાએ પ્રધાનના પોપટને પૂછપરછ કરી. તેણે જણાવ્યું કે, રાજા નંદ આવ્યો હતો ખરો, પણ પોતાની સમજાવટથી અને પદ્મિનીના વર્તનથી પ્રતિબોધ પામી, પદ્મિનીને પસલીમાં વીંટી આપીને ચાલ્યો ગયો હતો. પોપટને પોતે એક વાર શિક્ષા કરેલી તેથી તે જૂઠો અહેવાલ આપે છે, એવું પ્રધાને રાજાને કહ્યું. પછી રાજાએ પદ્મિનીને બોલાવીને પૂછપરછ કરી. પોતાનું સતીપણું સાબિત કરવા તેણે કોઈ પણ કસોટી સ્વીકારવા તૈયારી બતાવી. અગ્નિ સળગાવ્યા વિના અગ્નિપ્રવેશ કરીને સતીપણું પુરવાર કરી બતાવવા વૈરોચને જણાવ્યું. પદ્મિનીએ રેતીના ઢગલા પર બેસી સૂર્યને પ્રાર્થના કરી પોતાની આંખમાંથી અગ્નિ પ્રગટ કર્યો.

આમ છતાં, 'તારી અગ્નિની ઉપાસના હશે એટલે આમ થયું લાગે છે', એમ કહી વૈરોચને તેનું સતીપણું માનવાનો ઇન્કાર કર્યો, અને જો રાજા નંદને જીવતો કરી બતાવે તો તેનું 'સત' માનશે એમ જણાવ્યું. આગમાંથી બહાર નીકળીને પદ્મિનીએ અંદર સમાઈ જવા માટે જગ્યા આપવા ધરતી માતાને પ્રાર્થના કરી. ધરતી ફાટી. પદ્મિની અંદર ઊતરવા ગઈ, એટલામાં શેષનાગ અવધૂતવેશે ત્યાં પ્રગટ થયા. પોતાના પરનું કુલંક દૂર કરવા નંદ રાજાને જીવતો કરવા પદ્મિનીએ તેમને પ્રાર્થના કરી. વાવ પાસે જઈને નંદ રાજાના અસ્થિનો એક ટુકડો ખોદી કાઢવામાં આવ્યો. અવધૂતે એકાંતમાં જઈ અસ્થિ પર અમૃત છાંટયું. જીવતો થયેલો રાજા વાવમાંથી બહાર આવ્યો. એટલામાં અવધૂત અલોપ થઈ ગયો.

વૈરોચનના બાંધેલા હાથ અને જનસમૂહને ત્યાં જોઈને નવાઈ પામેલા પુનર્જીવિત નંદ રાજાને કુમારે બનેલી બધી ઘટના કહી. સૌ વાજતેગાજતે નગરમાં પાછા ફર્યા. નંદે વૈરોચનને ફાંસી આપવા આદેશ દીધો. વૈરોચને રાજાને પગે પડી ક્ષમા માગી. રાજાએ છેવટે તેને ક્ષમા આપી. નંદ અને પદ્મિનીના નિર્મળ રહેલા શીલની સર્વત્ર ખ્યાતિ થઈ.
[આધાર : **'નંદબત્રીસી'**–૨ શામળભટ્ટકૃત]

**નંદયંતી** : પોતનપુરના સાગરપોત શેઠને સમુદ્રદત્ત નામે પુત્ર. તે ઉંમરલાયક થતાં સોપારા–પાટણના નાગદત્ત શેઠની પુત્રી નંદયંતી સાથે તેને પરણાવવામાં આવ્યો. એક વાર સમુદ્રદત્તને તેના બાલમિત્ર સહદેવે કહ્યું કે, જે ઉત્તમ પુરુષ હોય તે પોતાના પુરુષાર્થથી રળેલી લક્ષ્મી ભોગવે, બાપીકી

લક્ષ્મી નહીં. આથી સમુદ્રદત્તે ધન રળવા વિદેશ જવા પિતા પાસે રજા માગી. પિતાએ તેને રોકવા પ્રયાસ કર્યો, પરંતુ પુત્રનો દૃઢ આગ્રહ જોઈને છેવટે રજા આપી.

સમુદ્રદત્ત વહાણમાં ચીજવસ્તુઓ ભરીને વિદેશ જવા ઊપડ્યો. નીકળતાં પહેલાં તે નંદયંતી ઋતુમતી હોવાથી તેને મળી શક્યો નહીં. પ્રવાસમાં રાત થતાં નંદયંતીનો વિરહ તેને ખટક્યો. મિત્રને તેણે કહ્યું: 'સહુને મળ્યો પણ નંદયંતીને મળી શક્યો નથી, તે મારા મનમાં ખટકે છે.' મિત્રે પાછા જઈ નંદયંતીને મળી આવવાનું કહ્યું. સમુદ્રદત્ત તે અનુસાર પોતનપુર પાછો ગયો. સુરપાળ પોળિયાને વિનંતી કરીને તેને પોતાની વીંટી ભેટ આપી, તેણે નગરનો દરવાજો ઉઘડાવી તે ઘરે પહોંચ્યો. ગુપ્ત રહીને તેણે જોયું તો તેના વિરહે તડફડતી નંદયંતી ઊઠીને ઘરની વાડીમાં ગઈ અને 'આવતે ભવે સમુદ્રદત્ત જ મારો ભરથાર થજો', એવું બોલીને પોતાના વસ્ત્રનો ગળે ફાંસો દેવા ગઈ. ત્યાં સમુદ્રદત્તે તેને અટકાવી તેના સંગમાં રાત ગાળી, વહેલી સવારે તે પાછો પોતાના વહાણ પર પહોંચી ગયો. સમુદ્રદત્ત ઘરે આવી ગયાની તેના ઘરનાં બીજાં કોઈને જાણ ન થઈ. તે રાતના સમુદ્રદત્તના સંગથી નંદયંતીને ગર્ભ રહ્યો.

પોતાનો પુત્ર વિદેશ હોઈને પુત્રવધૂ સગર્ભા બની તેથી સાગરપોતે નંદયંતીને શીલભ્રષ્ટ ગણી અને તેને માણસો સાથે નિર્જન વનમાં એકલી મોકલી ત્યજી દીધી. નંદયંતીએ આપઘાત કરવાના જે પ્રયાસ કર્યા તે દૈવયોગે નિષ્ફળ ગયા. તે વનમાં ભમી રહી હતી ત્યારે શિકાર કરવા એ વનમાં આવેલા ભરૂચના રાજા વત્સરાજે નિરાધાર નંદયંતીને જોઈ. તેને બહેન માનીને તે પોતાના નગરમાં લઈ ગયો.

એક વાર પોતનપુરનો પોળિયો સુરપાળ કોઈક કામે જે ગામે સમુદ્રદત્ત ગયો હતો ત્યાં પહોંચ્યો. કામ પતાવીને તે ત્યાંથી પાછો ફરતો હતો ત્યારે તેની સાથે સમુદ્રદત્તે પોતાનાં માતા–પિતા અને નંદયંતીને માટે મૂલ્યવાન વસ્તુઓ ભેટ મોકલી. તે લઈને સુરપાળ સાગરપોતને ત્યાં આપવા ગયો, ત્યારે નંદયંતી વિશે પૂછતાં સાગરપોતે એ કુલટાનો ત્યાગ કર્યાની વાત કરી. એટલે સુરપાળે કહ્યું કે, નંદયંતી તો પતિવ્રતા હતી. તમે તેને કાઢી મૂકીને ભારે અન્યાય કર્યો, કેમ કે, સમુદ્રદત્ત જે દિવસે વિદેશ જવા નીકળેલો તે દિવસની રાતે પાછો આવી નંદયંતીને મળ્યો હતો. અને તે વેળા સમુદ્રદત્તે તેને ભેટ આપેલી તેની નામાંકિત વીંટી તેણે બતાવી. સાગરપોતને નિર્દોષ પુત્રવધૂને કાઢી મૂક્યાનો ભારે પસ્તાવો થયો અને તેણે તેની તપાસ આદરી. દરમિયાન થોડા દિવસમાં સમુદ્રદત્ત ઘણું ધન મેળવી પોતાને નગર પાછો આવ્યો. નંદયંતીની જે દશા થઈ તે જાણીને તે અગ્નિસ્નાન કરવા તૈયાર થયો. પણ તેના મિત્રે પહેલાં નંદયંતીની બધે તપાસ કરી જોવા સલાહ આપી. તે માનીને સમુદ્રદત્ત ગામેગામ પહોંચ્યો. રખડપટ્ટી કરતાં એક વાર થાકેલો, દૂબળો અને ભૂખ્યો એવો તે ભરૂચ આવી પહોંચ્યો અને જે અન્નક્ષેત્રમાં નંદયંતી દાન દેતી હતી ત્યાં આવી લાગ્યો. બંનેએ એકબીજાને ઓળખ્યાં. રાજાએ બંનેને રાજમહેલે બોલાવી સ્વાગત કર્યું. સાગરપોત અને સુરપાળ પણ ત્યાં આવી લાગ્યા. પછી સૌ પોતનપુર આવ્યાં અને સમુદ્રદત્ત અને નંદયંતી આનંદપ્રમોદ અને દાનપુણ્ય કરતાં જીવન વ્યતીત કરવા લાગ્યાં.

[આધાર : '**શીલોપદેશમાલા–બાલાવબોધ**', ચોત્રીસમી દૃષ્ટાંતકથા]

**નંદ રાજા અને વૈરોચનમંત્રી** : જુઓ '**નંદબત્રીસી**' **૧ અને ૨.**

**નંદિષેણ** : **૧.** યજ્ઞમાં બ્રહ્મભોજન કરાવતા એક બ્રાહ્મણનો દાસ પોતાને જે વધેલું અન્ન મળતું તેમાંથી સાધુને દાન કરતો. એ પુણ્યકર્મના ફળે તે પછીના જન્મે શ્રેણિક રાજાને ત્યાં પુત્ર તરીકે અવતર્યો. તેનું નામ નંદિષેણ પાડવામાં આવ્યું. તે નંદિષેણ કુમાર યુવાન થતાં રાજાએ તેને પાંચસો કન્યાઓ પરણાવી.

૨. એક ગજેન્દ્ર પાંચસો હાથણીઓ સાથે વનમાં ક્રીડા કરતો હતો. તેણે મનમાં વિચાર્યું: 'રખે કોઈ નવો હાથી જન્મી, મને મારીને આ ગજયૂથનો રાજા થાય.' એથી તે જે જે હાથણીને પુત્ર થતો તેનો તે નાશ કરતો. હવે પેલો યજ્ઞ કરનાર બ્રાહ્મણ મરીને હાથણીના ઉદરમાં આવ્યો. પોતાનાં બચ્ચાંનો વારંવાર ઘાત થયાથી દુઃખ ધરતી હાથણીએ પોતાના આ ગર્ભનું રક્ષણ કરવાનો વિચાર કર્યો. પગે લૂલી થવાનો ઢોંગ રચીને હાથણી હાથીની નજરથી વધુ ને વધુ લાંબો સમય બચીને રહેવા લાગી. પ્રસવનો સમય થતાં તે માથે પૂળો મૂકીને તાપસના આશ્રમે આવી. તેનો મનોભાવ સમજી જઈ તાપસે તેને શરણ આપ્યું. પછી તે હાથણી પુત્રને જન્મ આપી પોતાના યૂથમાં પાછી ગઈ. તાપસે તે હાથીને પાળ્યો. એક એક દિવસના અંતરે હાથણી દૂધપાન કરાવી જતી. એમ કરતાં હાથી મોટો થવા લાગ્યો. તાપસ વૃક્ષને પાણી સીંચે ત્યારે હાથી પણ સૂંઢમાં પાણી ભરી ઝાડને સીંચતો. આથી તાપસે તેનું નામ 'સેચનક' (પાણી સીંચનાર) પાડ્યું.

૩. એક વાર પોતાના યૂથપરિવાર સહિત નદીતટે પાણી પીવા આવેલા તેના પિતાને સેચનકે હણ્યો અને પોતે યૂથપતિ થયો. પછી સેચનકે માતાનો આગલો વૃત્તાંત જાણી મનમાં

વિચાર્યું: 'જેમ મારી માતાએ મને કપટથી છુપાવી રાખ્યો હતો, તેમ મારાથી ગુપ્ત રીતે કોઈ હાથણી પોતાના પુત્રને ઉછેરે, તો મેં જેમ મારા પિતાને મારી નાખ્યો, તેમ તે મને પણ મારી નાખે. માટે છુપાવી રાખવાના સ્થાનરૂપ આ તાપસ–આશ્રમનો નાશ કરું.' એમ વિચારીને સેચનકે એ આશ્રમનાં વૃક્ષો અને તાપસનાં ઘર ભાંગી નાખ્યાં. તાપસોએ જઈ રાજા શ્રેણિકને જણાવ્યું: 'વનમાં સર્વ લક્ષણે સંપૂર્ણ એવો એક હાથી આવ્યો છે.' તે સાંભળી રાજાએ તેને પકડી, નગરમાં લાવી મજબૂત થાંભલા સાથે બાંધ્યો. આથી ગર્વ ગળી જતાં સેચનક આંખ મીંચી ઊભો રહ્યો. તે વેળા તેના પાલક તાપસોએ આવી તેને કહ્યું: 'તેં અમારા આશ્રમ ભાંગ્યા તેથી તું બંધનમાં પડ્યો. અમે તને પાળ્યો–પોષ્યો, તોયે તું અમારો ન થયો. હવે તું એનાં ફળ ભોગવ.' તે સાંભળી સેચનકે વિચાર્યું: 'મારા બંધનનું કારણ આ તાપસો જ છે.' એટલે સ્તંભને મૂળમાંથી ઉખેડી નાખી, બંધન તોડી નાખી, ફરીથી આશ્રમે જઈને તે ઝાડ ભાંગવા લાગ્યો. આથી તાપસોનો આશ્રમ બચાવવા અને સેચનકને પકડવા શ્રેણિક રાજા વનમાં આવ્યો. પણ તે કેમેય પકડાયો નહીં. એટલામાં શ્રેણિકનો પુત્ર નંદિષેણ ત્યાં આવ્યો. તેની સાથેના આગલા ભવના સંબંધનું જ્ઞાન થતાં સેચનક હાથી નંદિષેણને વશ થયો. નંદિષેણે તેને નગરમાં લાવી સ્તંભ સાથે બાંધ્યો. રાજાએ તેને પટ્ટહસ્તી બનાવ્યો.

૪. એક વાર તીર્થંકર મહાવીરનો ઉપદેશ સાંભળી નંદિષેણે દીક્ષા લેવાનો નિર્ણય લીધો. હજી તેને ભોગકર્મનું ફળ ભોગવવાનું બાકી હોવાથી આકાશવાણીએ તેમ જ મહાવીરે તેને વાર્યા છતાં તે ન માન્યો અને દીક્ષા લીધી. તેણે દુઃસહ તપ કર્યું. ભોગની ઇચ્છા ઉત્પન્ન થાય ત્યારે તેને બળાત્કારથી રોકી તે સ્મશાનમાં જઈ તપસ્યા કરતો. તે મરવાનો ઉપાય વિચારતો, પણ મરી શકતો નહીં.

એક વાર બે દિવસના ઉપવાસ પછી પારણાની ભિક્ષા લેવા તે કુંડિનપુરની એક ગણિકાને ત્યાં ગયો અને તેને 'ધર્મલાભ' કહ્યો. ગણિકાએ કહ્યું: 'અમને ધર્મલાભ નહીં, દ્રવ્યલાભ જોઈએ'. નંદિષેણે નેવામાંથી એક તરણું ખેંચીને નાખ્યું, તો તેના તપની સિદ્ધિને પ્રભાવે બાર કરોડ સુવર્ણની ત્યાં વૃષ્ટિ થઈ. પછી તે ત્યાંથી જવા લાગ્યો.

પણ ગણિકાએ કહ્યું: 'આ દ્રવ્ય ભોગવ્યા વિના તમે કેમ જઈ શકશો ?' નંદિષેણ વેશ્યાને ત્યાં રહી ગયો. તેણે એવું પણ લીધું કે, હું દરરોજ દસ જણને બોધ પમાડીશ તો જ ભોજન લઈશ. જે દિવસ તેમ નહીં કરી શકું, તે દિવસે પાછી દીક્ષા ગ્રહણ કરીશ. એક દિવસ નવ જણને બોધ પમાડ્યા પછી દસમો ટાક દેશનો આવ્યો. તેને ઘણો સમજાવ્યો છતાં તે તેને ગળે બોધ ઉતારી ન શક્યો. એટલામાં રસોઈ તૈયાર થતાં વેશ્યાએ જમવા બોલાવ્યો. નંદિષેણે કહ્યું: 'હજી દસમો જીવ પ્રબોધવો બાકી છે.' વેશ્યાએ ઉપહાસ કરતાં કહ્યું: 'આજે દસમો જણ તમે જ બનો.' એ સાંભળી નંદિષેણે તીર્થંકર મહાવીર પાસે જઈને દીક્ષા લઈ લીધી. ઉત્તમ સાધુજીવન જીવી તે સ્વર્ગે ગયો.

[આધાર : '**શીલોપદેશમાલા – બાલાવબોધ**', પંદરમી દૃષ્ટાંતકથા]

**નાગશ્રી :** જુઓ **સત્યકથા લાગતી અસત્યકથા**

**નાપિતની વાર્તા :** જુઓ **પરકાયાપ્રવેશ** (='**સિંહાસનબત્રીસી**'–૨, સાતમી કથા)

**નૂપુરપંડિતા :** ૧. રાજગૃહનગરના દેવદત્ત સોનીના પુત્ર દેવદિન્નને પોતાના રૂપમાં મોહાંધ અને દુઃશીલ દુર્ગિલા નામે સ્ત્રી હતી. એક વાર ગ્રીષ્મઋતુમાં નદીમાં સ્નાન કરતી દુર્ગિલાને એક યુવાને જોઈ. તેને પામવા ઇચ્છા કરતાં પેલી સ્ત્રીએ અવસર આવ્યે તે પૂરી કરવા કહેવડાવ્યું. એક બાળક સાથે પોતાનાં નામ–ઠામ પેલા યુવાનને તેણે મોકલ્યાં. પેલા યુવાને એક તાપસી દ્વારા તેને મળવાનો સંદેશો કહેવડાવ્યો, ત્યારે તેણે તાપસીને પાપિણી કહી, મેંશથી ખરડાયેલ હાથનો પંજો મારી કાઢી મૂકી. તેણે આવીને યુવાનને સઘળી વાત કહી અને પૂંઠ દેખાડી. યુવાન સંકેત પામી ગયો કે, કૃષ્ણપક્ષની પાંચમે આવવાનું તેણે નિમંત્રણ આપ્યું છે. પરંતુ સ્થળ જણાવ્યું નહોતું, તેથી સમજાવીને ફરીથી તાપસીને દુર્ગિલા પાસે મોકલી. દુર્ગિલાએ તેને ઘરના પાછળના છીંડેથી કાઢી મૂકી. યુવાને તેનો અર્થ કર્યો કે, તેને ઘરના પાછળના ભાગે આવવાનું કહ્યું છે. પછી તે તરુણ–પુરુષ કાળીપાંચમની રાત્રે દુર્ગિલાના ઘરની વાડીમાં ગયો. ત્યાં બંને વચ્ચે દેહસંબંધ થયો. તે પછી તે બંને ત્યાં જ ઊંઘી ગયાં. તે દરમિયાન વૃદ્ધ દેવદત્ત ઊઠીને લઘુશંકા કરવા વાડીમાં ગયો. ત્યાં તેણે પુત્રવધૂની સાથે કોઈક પરપુરુષને સૂતેલો જોયો. પછી પોતાની શંકાનું નિવારણ કરવા ઘરમાં આવીને તેણે પોતાનો પુત્ર સુંદર સૂતેલો છે તે જોઈને ખાતરી કરી. તેણે વિચાર્યું કે, હું જો સવારે પુત્રને આ વાત કરીશ તો તે માનશે નહીં. આથી તેણે વાડીમાં આવીને પુરાવા માટે દુર્ગિલાના પગનું નૂપુર (એટલે કે ઝાંઝર) હળવેકથી ઉતારી લીધું. તે વેળા દુર્ગિલા જાગી ગઈ અને જતા સસરાને ઓળખી ગઈ. તેણે જારપુરુષને વાતની જાણ કરી

નિશ્ચિંત રહેવા કહ્યું. જારને રવાના કરી દઈને તે ઘરમાં ગઈ અને પતિને જગાડીને કહ્યું: 'ઘરમાં ગરમી થાય છે, ચાલો બહાર વાડીમાં જઈ સૂઈએ.' એટલે દેવદિન્ન દુર્ગિલા સાથે વાડીમાં જઈ સૂતો. તે સૂઈ ગયો પણ દુર્ગિલા જાગતી પડી રહી. થોડી વાર પછી પતિને જગાડીને તેણે કહ્યું: 'મારા પગનું ઝાંઝર સસરાજી આવીને કાઢી ગયા. ડોસાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે. મને અત્યારે જ ઝાંઝર પાછું લાવી આપો.' દેવદિન્ને સવારે તેના પિતા શું કહે છે તે જાણીને પછી તેમને ઠપકો આપવાનું દુર્ગિલાને સમજાવી શાંત પાડી. સવારે દેવદિન્ને પિતા પાસે જઈ કહ્યું: 'તમે રાત્રે વહુના પગનું ઝાંઝર કેમ કાઢી લીધું?' ત્યારે દેવદત્તે કહ્યું કે, 'મેં વહુને કોઈક પારકા સાથે વાડીમાં સૂતેલી જોઈ અને પુરાવા લેખે જ તેનું ઝાંઝર કાઢી લીધું છે?' પુત્રે પોતે જ વાડીમાં દુર્ગિલા સાથે સૂતો હોવાનું સ્પષ્ટ કર્યું. ત્યારે પિતાએ જણાવ્યું કે ઝાંઝર કાઢી લેતાં પહેલાં મેં જોઈને ખાતરી કરી હતી કે, તું ઘરમાં જ સૂતેલો છે. તે વખતે દુર્ગિલાએ આવી પોતાના જેવી કુલીન સ્ત્રી ઉપર આળ ચડાવ્યાનું દુઃખ વ્યક્ત કર્યું અને પોતાની ચારિત્ર્યશુદ્ધિની કસોટી તરીકે નગરના શોભન નામના યક્ષની ઊભી પ્રતિમાની જાંઘ વચ્ચેથી નીકળવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો. જો સ્ત્રી કુશીલ હોય તો યક્ષ તેને જાંઘ વચ્ચે કચડી નાખે એવો તેનો પ્રભાવ હતો.

૨. દુર્ગિલા સ્નાન કરી, શોભનયક્ષના મંદિરે આવવા નીકળી. રસ્તામાં આગળથી કરેલી સંતલસ પ્રમાણે તેનો જાર પાગલ માણસ હોવાનો ઢોંગ કરી, રખડતો રખડતો તેને વળગી પડ્યો. દુર્ગિલાએ તેને દૂર કરી ઘેર આવી ફરી સ્નાન કર્યું અને પછી યક્ષમંદિરે આવીને યક્ષને કહેવા લાગી: 'હે યક્ષરાજ, મને આ જન્મે એક મારા પતિ અને બીજા રસ્તા વચ્ચે વળગી પડેલા ગાંડા સિવાય અન્ય કોઈ પુરુષે સ્પર્શ કર્યો હોય તો તેનો પરચો મને બતાવજે.' એટલું કહીને તે યક્ષના બે પગ વચ્ચેથી નીકળી ગઈ. દુર્ગિલા પવિત્ર જાહેર થતાં રાજપુરુષોએ તેના સતીત્વ માટે તેને માળા અર્પણ કરી. દુર્ગિલા ઉપરથી નૂપુરનો આરોપ ઊતરી જતાં લોકોએ તેને નૂપુરપંડિતા નામ આપ્યું.

૩. હવે વહુનું આવું જૂઠું ચારિત્ર્ય જોઈ તેના સસરા દેવદત્તને હૃદયદાહને લીધે અનિદ્રાનો રોગ થયો. તે રાતભર જાગતો જ રહેતો હોવાનું જાણીને રાજાએ તેને પોતાના અંતઃપુરનું રખવાળું સોંપ્યું. અંતઃપુરની એક રાણી રાજાના મહાવત સાથે પ્રેમમાં હતી. નિત્યનિયમ પ્રમાણે પ્રેમીને મળવા જવા માટે રાત્રે તે વારે વારે ઊઠતી, ઊઠીને નીકળતી, પણ



દેવદત્તને જાગતો જોઈને તે પાછી વળી જતી. એ જોઈ દેવદત્તને થયું કે, આની પાછળ કંઈક રહસ્ય લાગે છે. તેણે સૂવાનો ઢોંગ રચ્યો. રાણી ઊઠીને હંમેશની ગોઠવણ પ્રમાણે બારી પાસે જઈ બેઠી. હાથીએ સૂંઢ ઊંચી કરી. તેના પર ચડીને રાણી બહાર ઊતરી ગઈ. મહાવતે મોડી આવવા માટે ધમકાવીને રાણીને દાસીની જેમ સાંકળથી ફટકારી. તેની સાથે બે પહોર ગાળીને રાણી પાછલી રાત્રે સ્વસ્થાને પાછી આવી. ચોકીપહેરા નીચે રહેતી રાજરાણીનું આવું ચરિત્ર જોઈને દેવદત્તને થયું: 'આટલો જાપ્તો હોવા છતાં જો રાજમહેલમાં પણ આવું બનતું હોય, તો પછી મારી વહુનો શો દુઃખધોખો કરવો?' એ રીતે મનનો કાંટો નીકળી જતાં દેવદત્તને ઊંઘ આવી. તે ઘસઘસાટ ઊંઘી ગયો. પહેરેગીરે રાજાને જઈને આ પરિસ્થિતિની જાણ કરી, ત્યારે તેને ન જગાડવાનો રાજાએ આદેશ દીધો. ઊંઘતો દેવદત્ત સાતમા દિવસે જાગ્યો, ત્યારે રાજાએ તેની પાસે ખુલાસો માગ્યો. દેવદત્તે અભયદાન માગી રાણીનું તે રાતનું જે આચરણ તેણે જોયું હતું, તેની વાત કરી. રાજાએ સોનીને યોગ્ય બદલો આપી છૂટો કર્યો.

૪. તે પછી ભ્રષ્ટ રાણીને ઓળખી કાઢવા તેણે એક યુક્તિ રચી: 'મને એક અનિષ્ટસૂચક દુઃસ્વપ્ન આવ્યું, તેના પ્રભાવમાંથી મુક્ત થવાનો ઉપાય એવો છે કે, મારે નગ્ન રાણીઓની પીઠ પર સવારી કરવી. બીજી બધી રાણીઓ રાજાની ઇચ્છા પ્રમાણે વર્તી. પણ પેલી કુલટા રાણીએ પોતે લાજતી અને ડરતી હોવાનું કહ્યું. તે વખતે રાજાએ હાથમાંની કમળની દાંડી રાણીને સહેજ મારી, એટલામાં તો તે ઢોંગ કરી મૂર્છા ખાઈ ભોંય પર પડી. એટલે રાજા બોલી ઊઠ્યો: 'હે નિર્લજ્જ, હાથીની સૂંઢ વડે મહેલમાંથી ઊતરી મહાવતને મળવા ગઈ અને તેણે તને સાંકળથી ફટકારી, ત્યારે તું નહોતી ડરતી અને કમલની દાંડી અડકતાં તને મૂર્છા આવી ગઈ?'

(બીજા રૂપાંતર પ્રમાણે : રાજાએ લાકડાનો (અથવા તો ભીંડીનો) હાથી કરાવીને રાણીઓને એમ કહ્યું કે, મને આવેલા દુ;સ્વપ્નના ખરાબ પરિણામનું નિવારણ કરવા તમારે સૌએ નિર્વસ્ત્ર થઈને હાથી પર બેસવું. બીજી બધી રાણીઓએ એ પ્રમાણે કર્યું. પણ દુર્ગિલા બોલી કે હાથીની મને બીક લાગે છે. એટલે રાજાએ તેને કમળની દાંડી વડે પ્રહાર કર્યો, એટલે તે મૂર્છા આવ્યાનો ઢોંગ કરી નીચે ઢળી પડી. રાજાએ તેનો વાંસો ખુલ્લો કરી જોયું, તો તેના પર સાંકળના સોળ ઊઠી આવેલા હતા.)

તે પછી રાજાએ રાણી, મહાવત અને હાથીને વૈભારગિરિના શિખરેથી ફેંકી દેવાનો આદેશ દીધો. છેવટે લોકોની

વિનંતીથી હાથીને જીવતદાન આપ્યું. પોતાને જીવતદાન આપવાની શરતે મહાવતે હાથીને શિખર પરથી ઉતાર્યો. રાજાએ રાણીને અને મહાવતને દેશવટો દીધો.

**૫.** દેશવટો પામેલાં તે બંને એક ગામ બહારના દેવમંદિરમાં રાતવાસો રહ્યાં. રાત્રિ દરમિયાન એક ચોર ચોરી કરીને એ મંદિરમાં ધૂસી ગયો. તેને પકડવા આવેલા રાજાના માણસોએ મંદિરને ઘેરી લીધું. ચોર સંતાવા માટે પેલાં બે જણુ સૂતાં હતાં ત્યાં આવ્યો. ચોરના સ્પર્શથી મહાવત જાગ્યો નહિ, પણુ રાણી જાગી ગઈ. ચોર ઉપર તે મોહી પડી અને પોતાના કહ્યા પ્રમાણે કરે તો તેનો જીવ બચાવવા વચન આપ્યું. ચોર સંમત થયો. સવાર પડતાં રાજાના સુભટોએ મંદિરમાં જઈ ચોરની તપાસ કરી, ત્યારે રાણીએ જે ચોર હતો તેને પોતાના પતિ તરીકે ઓળખાવ્યો. તેની વાત માનીને જ રક્ષકોએ મહાવતને ચોર તરીકે પકડી શૂળીએ ચડાવ્યો. મરીને તે વ્યંતર દેવતા થયો.

૬. પેલી કુલટા રાણી ચોર સાથે આગળ ચાલી. રસ્તામાં એક મોટી નદી આવતાં ચોરે કપટભાવે તેને કહ્યું : 'તારાં વસ્ત્રાભરણ ઉતારી દે. હું તે સામે પાર મૂકી આવું અને પછી તને લઈ જઉં ?' સામે કાંઠે પહોંચીને 'જેણે એના ધણીનો ભોગ ધરી દીધો, તે મારી થઈને શેની રહેશે ?' એવું વિચારતો ચોર ઘરેણાંકપડાં સાથે નાસી ગયો. નગ્ન બનેલી રાણી તેને ઊભો રહેવા બૂમો પાડતી રહી. વ્યંતર બનેલા મહાવતના જીવે અવધિજ્ઞાનના બળે રાણીને નદીકાંઠે નિર્વસ્ત્ર જોઈ. તેણે શિયાળનું રૂપ લીધું અને મોઢામાં માંસનો ટુકડો પકડીને તે નદીકાંઠે આવ્યો. નદીમાં માછલી જોતાં શિયાળ માંસનો ટુકડો ફેંકી દઈ માછલી પકડવા દોડ્યો. પણુ માછલી તો નદીમાં કૂદી પડી. દરમિયાન પેલો માંસનો ટુકડો સમડી ઉઠાવી ગઈ આમ શિયાળને બેય બાજુથી લટકેલો જોઈ રાણીએ કહ્યું : 'હે મૂર્ખ, મુખમાંનો માંસનો ટુકડો નાખી દઈ માછલી પકડવા જતાં તે બંનેય ગુમાવ્યાં.' એ સાંભળી શિયાળ મનુષ્યવાણીમાં બોલ્યું : 'હે નિર્લજ્જ, હું તો બે બાજુથી ચૂક્યો, પણુ તું તો રાજા, મહાવત અને ચોર એ ત્રણેય બાજુથી ચૂકી.' છેવટે દેવતાએ પ્રગટ થઈ, તેને વૈરાગ્યધર્મનો ઉપદેશ આપ્યો. આથી રાણી દીક્ષા લઈ સાધ્વી બની.

[આધાર : (૧) **'શીલોપદેશમાલા–બાલાવબોધ',** આડત્રીસમી દૃષ્ટાંતકથા (૨) **'જંબૂસ્વામી–રાસ'**]

**નૌકાની વાર્તા** : જુઓ **'અદ્ભુત નૌકા'** (=**'સિંહાસન-બત્રીસી'–૨,** ચૌદમી કથા)

**પદ્માવતી :** ચંપાવતીના રાજા ચંપકસેન અને તેની પટરાણી પુષ્પાવતીને પુષ્પસેન નામે બત્રીસલક્ષણો એક પુત્ર હતો. ધનુર્વિદ્યામાં પારંગત એ કુંવરને પ્રધાનપુત્ર બુદ્ધિસાગર સાથે મૈત્રી હતી. એક વખત બંને જણુ મૃગયા ખેલી પાછા આવતા હતા ત્યારે તેઓ એક સુંદર સરોવરને કિનારે આવી ઊભા. એ વખતે સુલોચના નામે અત્યંત સ્વરૂપવાન કન્યા કુંવરને જોઈ તેના પર મોહી પડી અને તેણે પ્રતિજ્ઞા કરી કે, કુંવરની સાથે જ લગ્ન કરીશ, નહિ તો પ્રાણુ છોડીશ.

પાણીનું બેડું માથે મૂકી તે પુષ્પસેન પાસે આવી અને તેની તીરંદાજીની કસોટી કરતું આહ્વાન આપ્યું : 'જો તારું તીર મારા માથા પરના ઘડાને વીંધે તો હું મારો એકાવળ હાર ભેટ આપું, પણુ જો હું તારા લક્ષ્યને ચુકાવું તો તારે મારી સાથે લગ્ન કરવાં.'

પુષ્પસેને સુલોચનાની શરત કબૂલી તીર છોડ્યું, પરંતુ સુલોચનાએ તે ચુકાવી દીધું. પુષ્પસેને તેનું ઠામઠેકાણું પૂછ્યું અને રાત્રે આવવાનું વચન આપ્યું. સમસ્યાઓ દ્વારા કન્યાએ પોતાનાં નામઠામ જણાવી દીધાં.

રાત પડતાં કુંવર તૈયાર થઈને સુલોચનાને ઘેર પહોંચ્યો. સુલોચનાએ તેને જ વરવાની પ્રતિજ્ઞા કરી હોવાનું અને જો તે ના કહે તો પોતે આપઘાત કરશે એમ તેને જણાવ્યું. પુષ્પસેને પોતાના પિતાની સંમતિ મેળવ્યા પછી લગ્ન કરવા વચન આપ્યું.

બીજી તરફ નગરમાં ધૂસી ગયેલા એ વાઘે ત્રણ જણુની હત્યા કરી હોવાની રાજા ચંપકસેનને જાણ કરવામાં આવતાં તેણે નગરમાં પડો વજડાવ્યો કે, 'સહુ સુભટોએ વાઘના શિકાર માટે જંગલમાં આવવું, જે નહીં આવે તેનો અચૂક વધ કરવામાં આવશે.'

ચંપકસેને સુભટોની સહાયથી મધરાત વીતતાં સુધીમાં બેય વાઘને મારી નાખ્યા. વનમાં જ સભા ભરી તેણે વાઘ પર ઘા કરનારને શિરપાવ આપ્યો. પુષ્પસેન ગેરહાજર હોવાનું જાણીને સવારે કુંવરને પોતાને હાથે હણવાનું તેણે જાહેર કર્યું. દરમિયાન પુષ્પસેન પોતાને મહેલે પાછો ફર્યો, ત્યારે તેણે પોતાની માતા પાસેથી પિતાના આદેશની વાત જાણી. તે તેની પાસે જવા નીકળ્યો. રસ્તામાં જ સેના સાથે રાજા મળ્યો. રાજાએ કરડી આંખ કરી. ચંપકસેને સભામાં આવી કુંવરને તેડાવ્યો અને રાત ક્યાં રોકાયો હતો તે વિશે પૂછપરછ કરી. જે થવાનું હતું તે થઈ ગયું, એમ કહી પુષ્પસેને સજા ફરમાવવા રાજાને વિનંતી કરી. રાજાએ તેનો શિરચ્છેદ કરવાનો અને તેની સહાય કરનારને પણુ તેવી જ શિક્ષા કરવાનો આદેશ દીધો. એ સમાચાર

જાણી રાણીએ પુત્ર માટે જીવતદાન માગ્યું, ત્યારે રાજાએ તે આપવા ના કહી. રાણી તેની સાતસો સહેલીઓ સાથે આત્મ-વિલોપન કરવા તૈયાર થઈ, પણ પુષ્પસેને તેઓને વારી.

રાજાએ પુત્ર ઊગરી જાય, સ્ત્રીહત્યા ન થાય અને પોતાનો આદેશ પળાય એવો રસ્તો પંડિતોને પૂછતાં, તેમણે જણાવ્યું કે, કુંવરને વનમાં કાઢી મૂકવાથી તે રાજાજ્ઞાનું પાલન થયા બરાબર ગણાશે. રાજાએ કુંવરને વનવાસ દીધો.

કુંવર વિદાય થતો હતો ત્યારે પ્રધાનપુત્રે રાજાને જણાવ્યું કે, કુંવરના વનવાસથી તે વચનભંગ થઈ રહ્યો છે. આથી રાજાએ પુત્રને બોલાવી આગલા દિવસની ઘટના વિશે બધું સાચેસાચું કહી દેવા કહેતાં, પુત્રે તે નગરમાં વસતા નેણકમલ વેપારીની પુત્રી સુલોચનાને પરણવાનું પોતે વચન આપ્યું હોવાનું જણાવ્યું. સુલોચનાના પિતાની સંમતિ મેળવી બંનેના લગ્ન કરાવી આપ્યાં. પછી રાજસભામાં જઈ પિતાને વંદન કરી પુષ્પસેને રજા માગી, ત્યારે રાજાએ જો તે પોતાનો પુત્ર હોય તો વનમાં કોઈને સાથે લીધા વિના એકલો જ જવા કહ્યું. કુંવરે તેમ કરવા વચન આપ્યું.

સુલોચનાએ કુંવરને પાછા આવવા માટે બાર વરસની અવધિ આપી અને વધારાનો એક દિવસ પણ જશે તો તે દેહ પાડશે એવી પોતાની પ્રતિજ્ઞા જણાવી.

કુંવર વનમાં પહોંચ્યો ત્યારે 'તને તારા ઘોડા સાથે હું ભરખી જાઉં છું,' એમ કહી એક જક્ષણી સામે આવી. કુંવરે તેના શરણે આવ્યો હોવાનું કહેતાં જક્ષણીને દયા આવી. સંકટસમયે સંભારતાં તેની મદદે આવવાનું વચન આપીને તેણે કુંવરને જવા દીધો.

પ્રવાસ કરતો પુષ્પસેન કુંતલપુર પહોંચ્યો. ત્યાંના રાજા કુંતીભોજે તે જાતવાન હોવાનું માનીને તેને રાજસેવા માટે રાખી લીધો. પુષ્પસેનના રૂપગુણની ખ્યાતિ નગરમાં બધે પ્રસરી. કુંતીભોજની સ્વરૂપવાન પુત્રી પદ્માવતીની પાસે તેની દાસીએ પુષ્પસેનના અનુપમ રૂપની પ્રશંસા કરી. પછી તેણે એક વાર પ્રત્યક્ષ જોયો. જોતાંવેંત તે તેના પ્રેમમાં પડી ગઈ અને તેને જ પરણવાની તેણે પ્રતિજ્ઞા લીધી. તેની દાસીએ પુષ્પસેનને મળીને પદ્માવતીનાં પ્રેમ અને પ્રતિજ્ઞાની તેને વાત કરી. અને એક સાંજે તેને પદ્માવતી પાસે લઈ આવી. અરસપરસ પરિચયવાર્તા કર્યા પછી પદ્માવતી અને પુષ્પસેને બુદ્ધિચતુરાઈની કસોટી કરવા એકબીજાને સમસ્યાઓ પૂછી. દાસી પણ આ વિનોદમાં ભળી.

પુષ્પસેન સાથે જ લગ્ન કરવાની પોતાની પ્રતિજ્ઞાની પદ્માવતીએ જ્યારે વાત કરી ત્યારે પુષ્પસેને કહ્યું કે, રાજાને આ વાતની જાણ થશે તો તે આપણા બંનેનો વધ કરશે. પણ છેવટે તે લગ્ન કરવા સંમત થયો. પદ્માવતીએ તેને ભણાવવા આવતા બ્રાહ્મણને લગ્નવિધિ કરવા બોલાવી લીધો. બ્રાહ્મણે લગ્ન કરાવી આપ્યાં. દક્ષિણા લઈને પોબારા ગણી જવા વિચારી ઝટપટ લગ્નવિધિ ઉકેલ્યો. તે રાજદંડના ડરે તરત જ કાશી જવા રવાના થયો. પદ્માવતી અને કુંવર સુખચેનમાં દિવસો પસાર કરવા લાગ્યાં.

કાશીએ ગયેલો રાજગોર ત્રણ વરસે પાછો આવી રાજાને મળ્યો. રાજાએ તેને કુંવરીના અભ્યાસ અંગે પૂછપરછ કરી. બ્રાહ્મણે કુંવરી બત્રીસલક્ષણી હોવાની વાત કરી અને ત્રણ વરસથી પોતે કાશી ગયો હતો તે જણાવ્યું. આ સાંભળી રાજાએ પ્રધાનને કુંવરીના મહેલે મોકલી તેને માટે યોગ્ય વરની શોધ ચાલતી હોવાનું કહેવડાવ્યું. પદ્માવતીએ એ સાંભળી કહ્યું : 'મારે કુંવારા જ રહેવું છે; જો લગ્નની વાત થશે, તો હું પેટમાં કટારી મારી મરી જઈશ.'

પ્રધાને કુંતીભોજને કુંવરીની ઇચ્છા જણાવી. રાજા જઈને પુત્રીને મળ્યો. વાતચીત દરમિયાન પુત્રીના મુખભાવો ઉપરથી તેને કોઈ પુરુષ સાથે સંબંધ હોવાનો રાજાને વહેમ ગયો. તેણે પ્રધાન પાસે આવી, કુંવરી વિશે કરેલ અનુમાન કહ્યું. પ્રતિહારને બોલાવીને પૂછપરછ કરતાં જાણ્યું કે, પરદેશથી આવી રાજસેવામાં રહેલો જુવાન રોજ કુંવરી પાસે આવતો હતો.

તેમનું રહસ્ય ફૂટી ગયું હોવાનું દાસી પાસેથી જાણીને પદ્માવતીએ પુષ્પસેનને નગર છોડી નાસી જવા કહ્યું, પણ પુષ્પસેને ન માન્યું. કુંતીભોજે ચાંડાળોને તેડાવી રાત્રિના સમયે કુંવરને મારી નાખી તેની આંખો નિશાનીરૂપે લાવવા આદેશ આપ્યો.

પુષ્પસેનને સાથે લઈ ચાંડાળો વન તરફ ચાલ્યા. દરમિયાન પ્રધાનની સહાયથી પદ્માવતીએ પુષ્પસેનને બચાવી લેવા ઉપાય કર્યો. તેણે ચંદ્રાવલી નામની ગણિકાને કુંવરને હત્યારાઓ પાસેથી છોડાવી લાવવા મોકલી. તેણે મારાઓને ઘણું ધન આપ્યું. તેઓએ પુષ્પસેનને છોડી મૂક્યો અને મારેલા હરણની આંખો પુષ્પસેનને મારી નાખ્યાના પુરાવારૂપે રાજાને બતાવી.

આ તરફ ચંદ્રાવલી ગણિકાના સમજાવ્યાથી પુષ્પસેન પરદેશ ચાલ્યા જવાને બદલે ગુપ્ત રીતે તેને ત્યાં જ રહ્યો. પદ્માવતીએ દાસીને મોકલી કુંવરના સમાચાર જાણી લીધા.

રાજાએ રાણીને પુત્રીના રૂપમાં થયેલા ફેરફાર વિશે પૂછ્યું, ત્યારે રાણીએ પુત્રી વિશે શંકા ન કરવા અને સારું ઘર જોઈ પરણાવી દેવા કહ્યું. રાજાએ કુંવરીના મહેલે સાતસો રાવતોનો ચોકીપહેરો મૂક્યો. એક વાર કુંતીભોજની રાજસભામાં

નાચ કરવા ચંપાવતીથી આવેલી એક ગણિકાએ ચંપકસેનના કુંવર પુષ્પસેનના રૂપનાં વખાણ કર્યાં. આથી કુંતીભોજે પદ્માવતીને પુષ્પસેન સાથે પરણાવવા વિચાર્યું. તેનું માગું કરવા ભાટોને તે મોકલતો હતો, ત્યાં ચંદ્રાવલીએ આવીને જાણ કરી કે તેની સેવામાં જે પરદેશી રહ્યો હતો, તે જ પુષ્પસેન હતો. પછી રાજાએ પ્રધાન પાસે પુષ્પસેનને મરાવી નાખ્યાનો પસ્તાવો કર્યો. ત્યારે પ્રધાને સાચી હકીક્ત જણાવી. ચંદ્રાવલીને ત્યાંથી રાજાએ પુષ્પસેનને વાજતેગાજતે બોલાવી લીધો. તેની પાસેથી સ્વદેશ કેમ છોડયો, તેનું કારણ જાણ્યું. પદ્માવતી સાથે ગુપ્ત લગ્ન કર્યાનું પણ જાણ્યું, અને પછી રાજાએ પદ્માવતીને પુષ્પસેનની સાથે વિધિસર પરણાવી.

સમય જતાં પુષ્પસેનને માતાપિતાની, અને તે બાર વર્ષ પાછો ન ફરે તો સુલોચનાની પ્રાણત્યાગ કરવાની પ્રતિજ્ઞા યાદ આવી. તેણે ચંદ્રાવલીને ચંપાવતીની પરિસ્થિતિ જાણી લાવવા મોકલી. તેણે ત્યાં જઈને પુષ્પસેન કુંતીભોજ રાજાને ત્યાં હોવાનું અને તેની કુંવરી પદ્માવતીને પરણ્યો હોવાની ચંપકસેનને તથા સુલોચનાને વાત કરી. ચંપકસેને ગણિકા સાથે ગુણસાગર પ્રધાનને પુષ્પસેનને તેડવા મોકલ્યો.

કુંતીભોજે દીકરી-જમાઈને ગુણસાગરની સાથે વળાવ્યાં. પુષ્પસેન અને પદ્માવતીએ માર્ગમાં અઘોરવનમાં ઉતારો કર્યો. ત્યાં રથમાંથી ઊતરતાં જ પદ્માવતીને કોઈ વળગાડ વળગવાથી સૂધબૂધ ખોઈ બેઠી. ત્રણ દિવસ પુષ્પસેને પદ્માવતી અને સુલોચનાની પ્રાણસંકટની ચિંતામાં ગાળ્યાં. એટલામાં પોતે વનવાસે નીકળેલો, ત્યારે જે જક્ષણીનો તેને ભેટો થયો હતો તે જ સામી મળી. તેણે ઉપચાર કરી પદ્માવતીનો રોગ મટાડયો. તે પછી કુંવરે પદ્માવતી સાથે આગળ પ્રયાણ કર્યું. પુષ્પસેનને ચંપાવતી છોડી ગયાને બાર વરસ પૂરાં થવામાં ચાર દિવસ જ બાકી હતા.

અધીરી બનેલી સુલોચનાએ અંબાજીની સ્તુતિ કરી. માતાજીએ સ્વપ્નમાં આવી તેનો પતિ ચાર દિવસમાં આવી પહોંચશે, એમ જણાવી તેને આશ્વસ્ત કરી. એ પછી બીજે દિવસે રાત પડતાં પુષ્પસેન સેના સાથે આવ્યો. રાજાએ તેનું સામૈયું કર્યું. સુલોચના પદ્માવતીને મળવા ગઈ. બંને વચ્ચે સમસ્યાઓની આપ-લે થઈ. પુષ્પસેન, સુલોચના અને પદ્માવતી સુખસંપમાં જીવન ગાળવા લાગ્યાં.

[આધાર : **'પદ્માવતીની વારતા'**]

**પરકાયાપ્રવેશ (=નાપિતની વાર્તા) 'સિંહાસન-બત્રીસી'-૨,** સાતમી કથા) : ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી શ્યામકા નામની સાતમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમરાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. સિદ્ધે આપેલો મંત્ર :** એક વાર કાનફટા સિદ્ધ માણેકનાથનું વિક્રમસભામાં આગમન થયું. તે સાત દિવસ રાજાનો અતિથિ રહ્યો. રાજાની સેવાથી પ્રસન્ન થઈને, સાતમે દિવસે તેણે મધરાતે પગ ચાંપતા નાવીને બહાર કાઢીને એકાંતમાં વિક્રમને પરકાયાપ્રવેશનો મંત્ર આપ્યો. એ પછી સિદ્ધ વિદાય થયો. સિદ્ધ પાસેથી વિક્રમને કાંઈક અમૂલ્ય વસ્તુ મળી, પણ પોતાને કશુંય ન મળ્યું, તેથી નાવી ઘણો દુઃખી થયો અને તેણે મરવાનો નિર્ધાર કર્યો. રાત્રિચર્યાએ નીકળેલા વિક્રમે નાવીનો આ દુઃખે મરવાનો નિર્ધાર સાંભળીને, વળતે દિવસે તેને બોલાવીને સમજાવ્યો : 'સિદ્ધ તરફથી મને ધન નહીં, પણ વિદ્યા મળી છે, જે તારે કશા કામની નથી. હું તને જોઈએ તેટલું ધન આપું'. પણ નાવી ન માન્યો. નાછૂટકે વિક્રમે તેને પરકાયાપ્રવેશનો મંત્ર શીખવ્યો અને બીજા કોઈને એ મંત્ર ન આપવા કહ્યું.

**નાવી વિક્રમ થયો :** એક વાર સેના સાથે લઈને વિક્રમ શિકારે ગયો. શિકારમાં સેનાથી છૂટો પડી જઈને, નાસી ગયેલા એક બાંડા હરણની પાછળ પડયો. તેની પાછળ પાછળ નાવી ગયો. થાકીને પડી ગયેલા હરણને વિક્રમે બાણથી વીંધી નાખ્યો. પછી સિદ્ધે આપેલો મંત્ર કસી જોવા, એકાંત જાણીને વિક્રમે મારેલા હરણના શરીરમાં પ્રવેશ કર્યો. એ જ ક્ષણે નાવી ત્યાં આવી પહોંચ્યો. તેણે લાગ જાણીને મંત્રબળે વિક્રમના ખોળિયામાં પ્રવેશ કર્યો અને પછી હરણરૂપી વિક્રમને તે મારવા દોડયો. હરણ નાઠો. વિક્રમદેહધારી નાવી સેનામાં પાછો આવ્યો. બાંડા હરણને જે મારે તેને છ ગામ ઇનામ આપવાનું તેણે જાહેર કર્યું. પણ એ હરણને કોઈ મારી ન શક્યું. પછી 'કપટી વિક્રમ' નગરીમાં પાછો ફર્યો. તેનું સામૈયું કરાયું. રાજમહેલે તેનું સ્વાગત કરવા જ્યારે રાણીની સો સખીઓ સામે આવી, ત્યારે તેમાં જે વડી હતી તેને પટરાણી સમજી બેઠેલો 'વિક્રમ' તેનો હાથ પકડીને સ્નેહવચન કહેવા માંડયો. ચક્રની પાછળથી રાણીએ આ જોયું. તેને આ 'વિક્રમ'ના સાચાપણા બાબત શંકા આવી. એટલે પછી તેની સાથેના વ્યવહારમાં તેણે અંતર રાખ્યું. એકાંતમાં તેઓ મળ્યાં ત્યારે તેની કસોટી કરવા રાણીએ પૂછ્યું : 'કાલની વાત કહો : આપણે કાલે શું જમ્યાં હતાં ?' જવાબમાં 'વિક્રમ' માત્ર હસ્યો. એટલે, 'આવો, તમને મારે અંતરની એક ખાસ વાત કહેવી છે,' એમ કહી તેને એક ઓરડામાં લઈ જઈને રાણીએ બહારથી સાંકળ વાસી દીધી. તેણે સવારે પ્રધાનને પોતાની શંકા કહી કે, આ માણસનું રૂપ વિક્રમનું છે, પણ લક્ષણ

મૂરખનાં છે. પછી પૂરી દીધેલા 'વિક્રમ'ને અનેક સમસ્યા પૂછી, છાનગપતિયાંનાં એંધાણ પૂછ્યાં. પણ નાવી તો એ બધાંથી અજાણ હતો.

**૨. વિક્રમને પોતાના દેહની પુનઃપ્રાપ્તિ** : પેલો હરણ પંદર દિવસ વનમાં ચર્યો. એક વાર એક પોપટીને બાજ ઉપાડી ગયો. ત્યારે બીકમાં પોપટનો જીવ ઊડી ગયો. વિક્રમ હરણના શરીરમાંથી પોપટના શરીરમાં પેઠો અને પછી ઉજ્જેણી જઈને પ્રધાનના હાથ પર બેઠો. તેને તેણે બનેલી બધી વાત કહી. પછી પ્રધાન સાથે રાણીની પાસે જઈને તેને પણ વાત કરી. રાણીએ કહ્યું : 'હું તો પહેલેથી જ વરતી ગયેલી.' પછી પોપટરૂપી વિક્રમે બતાવેલી યુક્તિ પ્રમાણે રાણીએ નાવી સાથે કપટપ્રીતિ રાખી. એક વાર મહેલનો એક ઘેટો સર્પદંશથી મર્યો. રાણીએ વિક્રમરૂપી નાવીને કહ્યું કે, 'તમે સાચા વિક્રમ હો તો પરકાયાપ્રવેશ–વિદ્યાથી ઘેટાને જીવતો કરીને પારખું આપો, તો મારો સંદેહ ટળે.' એટલે નાવી મંત્રબળે ઘેટામાં પેઠો. તરત જ વિક્રમ પોપટના શરીરમાંથી નીકળીને નાવીના ખોળિયામાં પેસી ગયો. વિક્રમ એ નાવીના જીવવાળા ઘેટાને કશા ખારવેર વિના રાખતો હતો.

**૩. બ્રાહ્મણપુત્રને સજીવન કર્યો** : એક વાર પુત્ર પરણાવવા વિક્રમ પાસે ધન માગવા આવતાં બ્રાહ્મણબ્રાહ્મણી ઉપર વનમાં વાઘે છાપો માર્યો. તેમનાં કલ્પાંતથી અને બ્રહ્મહત્યાના પાપથી બીને વાઘ નાસી તો ગયો, પણ વાઘની બીકથી બ્રાહ્મણપુત્રનાં પ્રાણ ગયા. તેને ઊંચકીને માબાપ ક્ષિપ્રાતટે લાવ્યાં. બ્રાહ્મણીને શબનું ધ્યાન રાખવાનું કહી, બ્રાહ્મણ વિક્રમની પાસે ગયો અને ત્રણ ગાડી લાકડાં માગ્યાં. 'લાકડાં શા માટે જોઈએ છે?' એમ વિક્રમે પૂછ્યું, એટલે બ્રાહ્મણે નદીતટે રહેલી બ્રાહ્મણી પાસેથી તે જાણી લેવા કહ્યું. વિક્રમ ત્યાં ગયો. બ્રાહ્મણીએ બનેલી ઘટના કહી અને બંનેનો પુત્રની પાછળ મરવાનો નિર્ધાર પણ જણાવ્યો. વિક્રમે તેમને એક રાત થોભી જવા સમજાવ્યાં. બ્રાહ્મણપુત્રના શબને રાજમહેલે લાવવામાં આવ્યું. હરિસિદ્ધમાતા પાસેથી સલાહ મેળવીને વિક્રમે નાવીના જીવવાળા પેલા ઘેટાને શબની પાસે ઊભો રાખી, તેમાં પ્રવેશ કરવા તેને સમજાવ્યો. પણ નાવી આડો થયો. 'જો તું કહ્યું માનીશ તો તને મારી પુત્રી પરણાવીને વીસ ગામ આપીશ, પણ તું નહીં માને તો તારો શિરચ્છેદ કરીશ,' એમ જ્યારે વિક્રમે તેને ધમકી બતાવી, ત્યારે તે શબમાં પેઠો. બ્રાહ્મણપુત્ર જીવતો થયો. માબાપ હરખ્યાં. વિક્રમે તેને પોતાની પુત્રી પરણાવી અને ગામ ભેટ આપ્યાં. એવો મહિમા જેનો હોય, તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે. આ કથા ભોજરાજાને કહીને શ્યામકા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : '**સિંહાસનબત્રીસી**'–૨, સાતમી કથા]

**પરદુઃખભંજક રાજા વિક્રમાદિત્ય (= હંસની વાર્તા)** ('**સિંહાસનબત્રીસી**'–૨, નવમી કથા) : ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી કામાક્ષા નામની નવમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. વિક્રમના પ્રશંસક હંસને ઇંદ્રે કારાગૃહમાં પૂર્યો** : એક વાર રાજા વિક્રમ શિકારેથી પાછો ફર્યો, ત્યારે તેણે રસ્તામાં એક કણબીને ખેતરમાં ગોફણ ફેરવીને સૂડાને ઉડાડતો જોયો. આ જોઈને વિક્રમના મનમાં પંખીઓ પ્રત્યે કરુણા જાગી. તેણે વનમાં તેમ જ બીજે પંખીઓને માટે અન્નના કોઠાર અને પાણીના ઘાટ કરાવ્યા. રાજાની કીર્તિ પંખીઓમાં વિસ્તરી. માનસરોવરના દેવતાઈ હંસ વિક્રમની કીર્તિ સાંભળીને તેનાં દર્શને આવ્યા. વિક્રમે આઠ દિવસ તેમની પરોણાગત કરી.

એક વાર ઇંદ્રે સ્વર્ગમાં યજ્ઞ કર્યો અને તેમાં ઋષિઓ, દેવો, નાગો, પર્વતો, નદીઓ વગેરેને નોતર્યાં. માનસરોવરના હંસદેવ પણ યજ્ઞમાં આવ્યા. તેમણે ઇંદ્ર આગળ વિક્રમનો મહિમા ગાયો. પોતાની આગળ કોઈ માનવીની મહત્તા કરવા માટે ઇંદ્ર હંસો ઉપર કોપ્યો. તેમને કારાગૃહમાં પૂરી દીધા અને કહ્યું કે, વિક્રમમાં તાકાત હોય તો તમને છોડાવે. આ વાતની હંસણીઓને જાણ થતાં, તેમણે વિક્રમ પાસે દૂત મોકલ્યો. વિક્રમે હંસોને છોડાવવાની પ્રતિજ્ઞા લીધી. રાજપાટ પ્રધાનને સોંપીને વિક્રમ પશ્ચિમ દિશા તરફ ચાલ્યો.

**૨. પોતાનું દેહભક્ષણ કરાવી અતિથિસેવા કરતો રાજા** : રસ્તામાં સુખવંતી નગરી આવી. ત્યાં એક વણિકે તેની ઘણી સરભરા કરી. તેણે જણાવ્યું કે, નગરીમાં જે કોઈ અતિથિ આવે તેની સરભરા કરવા ત્યાંના રાજાએ દરેક પ્રજાજનના ઘરે અન્ન, પાગરણ વગેરેની બધી સગવડ પૂરી પાડી છે. રાજા આટલું બધું દ્રવ્ય કઈ રીતે ખરચી શકે છે, તે વાતની વિક્રમે રાત્રિચર્યા કરીને ભાળ મેળવી. વાત એમ હતી કે, એ નગરીનો રાજા દરરોજ મધરાતે નગરીની બહાર જઈને પોતાનો દેહ જોગણીઓને ભક્ષ તરીકે ધરી દેતો, પોતાનું લોહીમાંસ ખવરાવી દેતો. પછી જોગણીઓ તેને અમૃત છાંટીને સાજોસારો કરી દેતી અને સોનામહોરનો વરસાદ વરસાવતી. રાજા એ સોનામહોરોથી ભંડાર ભરતો.

અતિથિસેવા ખાતર એ રાજાને નિત્ય આટલું કષ્ટ ભોગવતો જોઈને પરદુઃખભંજક વિક્રમે તેનું કષ્ટ દૂર કરવું એને પોતાનો ધર્મ માન્યો. વળતા દિવસની રાત્રે વિક્રમે પોતાને હાથે પોતાનું શરીર ચીરી તેમાં મેવામીઠાઈ, કસ્તૂરી વગેરે

ભર્યાં. પૂજાથાળ સાથે લઈ વિક્રમ જ્યાં જોગણીઓ આવતી હતી તે જગ્યાએ પહોંચ્યો અને જોગણીઓને પોતાનો દેહ ભક્ષ કરાવ્યો. પછી તેને સાજો કર્યો, એટલે ખૂબ પ્રસન્ન થયેલી જોગણીઓને વિક્રમે પોતાની ઓળખાણ આપીને વરદાન માગ્યું: 'તમે આ નગરીના રાજાને દેહભક્ષણનું કષ્ટ આપ્યા વિના જ ધન આપો.' જોગણીઓએ વિક્રમને ચિંતામણિ આપ્યો, જેની પૂજા કરતાં ધન મળ્યા જ કરે. વળી તેમણે વિક્રમને જરા અને વ્યાધિને નિવારે તેવી ઝાલની એક જોડ ભેટ આપી. ત્યાંથી પાછા ફરતાં વિક્રમને નગરીનો રાજા સામો મળ્યો. બધી વાત કરીને તેણે તેને ચિંતામણિ સોંપ્યો. તે રાજાનું મન જોગણીએ વિક્રમને આપેલી ઝાલ ઉપર ચોંટયું એટલે વિક્રમે ઝાલ પણ તેને જ આપી દીધી.

**૩. પુરુષનો ભોગ લેતી રાજકુમારી** : વિક્રમ આગળ ચાલી શાલવતી નગરીમાં પહોંચ્યો. કુંભારને ત્યાં રહ્યો. રડતી કુંભારણ પાસેથી જાણ્યું કે, ત્યાંના અપુત્ર રાજાને જક્ષણીની ઉપાસનાથી થયેલી દીકરીને તે બાર વરસની થઈ ત્યારે પેટનો રોગ થયો, તેથી દરરોજ તે એક જણનો ભોગ લે છે. તે દિવસે કુંભારણના દીકરાનો વારો હતો. વિક્રમ પોતે એ છોકરાની બદલીમાં રાત્રે રાજકુંવરીના આવાસે ગયો. કુંવરી નિદ્રાધીન હતી. કપડાનો મનુષ્યાકાર કરી વિક્રમ તેની પાછળ સંતાયો. કુંવરીના પેટમાંથી નાગ બહાર નીકળ્યો. વિક્રમે તલવારના પ્રહારે તેના કટકા કરીને તે ગાંઠે બાંધી લીધા. કુંવરી સાજી થઈ ગઈ. રાજાએ વિક્રમને કુંવરી અને અરધું રાજ્ય આપવાનું ઠરાવ્યું, એટલે વિક્રમે કુંભારપુત્રને પોતાનાં કપડાં પહેરાવી તેને એ બધું અપાવ્યું.

**૪. વિક્રમ નાગલોકમાં** : વિક્રમ આગળ ચાલ્યો. એક વનમાં અંબાજીના દહેરામાં રાતવાસો રહ્યો. મધરાતે એક વિમાન આવ્યું અને દહેરામાંની ગુફામાં પેઠું. વિક્રમ તેની પાછળ પાછળ ગયો. વિમાનમાંના દેવે નાગરાજને તૈયાર થઈને ઇંદ્રના યજ્ઞમાં આવવા કહ્યું. નાગરાજે કહ્યું: 'તંબોળની વાડીએ રમવા ગયેલા અમારા પુત્રનું મરણ થવાનો સંકેત છે, કેમ કે, તેણે રોપેલો ચંપો સુકાઈને સાત દિવસ પહેલાં હેઠો પડ્યો, એટલે પુત્રશોકને લીધે અમે નહીં આવીએ.' આ સાંભળી વિક્રમે પોતાની સાથે લીધેલા નાગના કકડા નાગરાજની આગળ મૂકીને જે બન્યું હતું તે કહ્યું. અમૃત છાંટી નાગરાજે પુત્રને જીવતો કર્યો. વિક્રમને નાગપદ્મણી પરણાવી.

**૫. વિક્રમ ઇંદ્રસભામાં** : નાગરાજ સાથે વિક્રમ વિમાને ચડીને ઇંદ્રસભામાં ગયો. ઇંદ્રને આ માનવી અહીં કેમ આવ્યો, તેનો સંદેહ થયો. તેનું પારખું જોવા તેને છાબ ભરી હાર આપ્યા અને એકેય વધે કે ઘટે નહીં તે રીતે સભામાં સૌને પહોંચાડવા કહ્યું. હરિસિદ્ધમાતાનું નામ લઈને વિક્રમ એક એક હાર વહેંચતો ગયો. છાબ ખાલી થતી તેમ તેમ વેતાળ હાર પૂરા પાડતો. છેવટે એક હાર વધ્યો. પ્રસન્ન થઈ ઇંદ્રે તે વિક્રમને પહેરાવ્યો અને વરદાન માગવા કહ્યું. વિક્રમે હંસોની મુક્તિ માગી. ઇંદ્રે પોતાના કાનનાં કુંડળ વિક્રમને ભેટ આપ્યાં. હંસે તેને હાર આપ્યો. નાગરાજને ત્યાં આવીને વિક્રમે નાગકન્યા અને નાગપુષ્પ લીધાં. કુંડળ, હાર, કન્યા અને પુષ્પએ ચાર રત્ન લઈને તે ઉજ્જેણી આવ્યો. નગરીએ ઉત્સવ કર્યો.

**૬. પ્રાપ્ત વસ્તુ આદિનું દાન** : 'વિક્રમને ઇંદ્રે આપેલો હાર લઈને પછી જ મારે ત્યાં તું આવજે,' એવી માગણી એક વેશ્યાએ પોતાના જારની પાસે કરી, તેથી તે કાષ્ઠભક્ષણ કરવા તૈયાર થયો. બીજી બાજુ એક વણિકપુત્ર પોતાના વિવાહમાં 'વિક્રમ લાવ્યો તે કુંડળ મને ન પહેરાવો, તો હું મરી જઈશ', એવી હઠ લઈને બેઠો. ત્રીજી તરફ મૂછે હાથ ઘાલતાં એક ક્ષત્રિયને 'વિક્રમ લાવ્યો તે નાગપુષ્પ લઈ આવે તો તું ખરો મરદ', એવું તેની પત્નીએ મેણું માર્યું, અને એ મેળવવું અશક્ય માની ક્ષત્રિય પરદેશ જવા ઊપડ્યો. ચોથી તરફ એક વિધવા બ્રાહ્મણીનો પુત્ર પણ 'વિક્રમ લાવ્યો તે નાગપદ્મણી મને ન પરણાવો તો હું મરી જઈશ,' એવી હઠ લઈને બેઠો. એટલે બ્રાહ્મણી ગળે ફાંસો ખાવા મધરાતે રાજદ્વારે આવી. નગરચર્યા જોવા નીકળેલા રાજાએ તેને અટકાવીને સવારે કન્યા આપવાનું વચન આપ્યું. આગળ જતાં ક્ષત્રિયને પરદેશ જતો અટકાવી તેને પુષ્પ આપ્યું, પછી વાણિયાને કુંડળ આપ્યાં, અને દરિયાકાંઠે ખડકેલી આગમાં પડવા જતા જારને અટકાવી તેને હાર આપ્યો. સવાર પડતાં બ્રાહ્મણપુત્રને નાગપદ્મણી પરણાવી અને ઉપર સવા લાખ રૂપિયા આપ્યા.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે. આ કથા ભોજરાજાને કહીને કામાક્ષા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી'–૨**, નવમી કથા]

**પરિવ્રાજક અને ધુતારો (= દેવશર્મા અને આષાઢભૂતિ)** (જાતે પીડા વહોરવા વિશે દૃષ્ટાંતકથા) (**પંચાખ્યાન**, ઘટક ૨.૪) : **૧.** દેવશર્મા નામે એક પરિવ્રાજક એક મઠમાં વસતો હતો. ધનવાન લોકોએ તેને દાનમાં આપેલાં વસ્ત્રોના વેચાણમાંથી તેણે સારું એવું ધન એકત્ર કર્યું. તે ધનની થેલીને સતત પોતાની બગલમાં જ રાખતો અને કોઈનોય વિશ્વાસ કરતો નહોતો. આષાઢભૂતિ નામના એક ધુતારાએ એ થેલી મેળવવા યુક્તિ કરી. કપટવચનોથી દેવશર્માનો વિશ્વાસ જીતીને તે તેનો શિષ્ય બન્યો. દેવશર્માએ રાત્રે મઠમાં પ્રવેશ

નહીં કરવાની અને દરવાજા પાસે ઘાસની ઝૂંપડીમાં સૂઈ રહેવાની શરતે તેને શિષ્ય બનાવ્યો. આષાઢભૂતિએ દેવશર્માની ઘણી સેવા કરી, પણ તેને પેલી ધનની થેલી ઉઠાવી જવાની તક ન સાંપડી. હવે એક વાર દેવશર્માના કોઈક પરગામ રહેતા શિષ્યનો પુત્ર પવિત્રું પહેરાવવાનું નિમંત્રણ આપી ગયો. ત્યાં જવા તે આષાઢભૂતિની સાથે નીકળ્યો. માર્ગમાં નદીકિનારે ધનની થેલી કંથામાં છુપાવી. 'આ યોગેશ્વરની કંથા સાવધાનીથી સાચવજે', એમ કહી તે આષાઢભૂતિને આપીને પોતે શૌચ કરવા ગયો. આ લાગ મળતાં ધુતારો આષાઢભૂતિ ધનની થેલી લઈને નાસી છૂટયો. શૌચ કરતા દેવશર્માએ બે ઘેટાંને સામસામાં માથાં ભટકાવી લડતાં જોયાં. તેમનાં માથાંમાંથી ટપકેલું લોહી ચાટવાના લોભે એક શિયાળ તેમની વચ્ચે ગયેલો, તે બંને ઘેટાંના મસ્તકપ્રહારે ચંપાઈને મરી ગયો. મૂર્ખતાથી જાતે પીડા વહોરી લેનાર શિયાળની દુર્દશાથી દેવશર્મા દુઃખી થયો. દેવશર્માએ પાછા આવીને જોયું, તો કંથામાં ધનની થેલી નહોતી. વિલાપ કરતો દેવશર્મા આષાઢભૂતિનાં પગલાં જોતો જોતો એક ગામમાં પહોંચ્યો.

૨. તે વખતે પોતાની વહુને સાથે લઈને બાજુના ગામે શરાબ પીવા જતો એક વણકર તેને સામો મળ્યો. તેને રોકીને દેવશર્માએ પોતાને અતિથિ તરીકે આશરો આપવા કહ્યું. 'હું તારે માટે ઝાઝો શરાબ લેતો આવીશ', એમ કહી વણકરે સાધુની આગતાસ્વાગતા કરવા પત્નીને પાછી મોકલી અને પોતે રવાના થયો. વણકરની વહુને દેવશર્માએ ઘરે લઈ જઈ ભાગેલો ખાટલો આપતાં કહ્યું કે, હું પરગામથી આવેલી મારી બહેનપણીને મળીને હમણાં આવું છું'. એમ કહી તે પોતાના પ્રેમીને મળવા શણગાર સજીને બહાર નીકળી. પણ શરાબ પીને પાછા ફરતા વણકરને સામેથી આવતો જોઈ તે ઝડપથી પાછી ઘરે આવી શણગાર ઉતારીને બેઠી. તેને જતી જોઈ ગયેલા અને તેની ચાલચલગત વિશે પહેલેથી વહેમાયેલા વણકરે તેને માર મારીને થાંભલા સાથે બાંધી દીધી. અને પોતે બાજુમાં ઘોરવા લાગ્યો. તે વેળા તેની બહેનપણી અને પ્રેમીની દૂતી હજામડીએ આવીને તેનો પ્રેમી વાટ જોતો હોવાનો સંદેશો કહ્યો. વણકરની વહુની જગ્યાએ હજામડી બંધાઈ અને છૂટી થયેલી વણકરની વહુ પોતાના પ્રેમીને મળવા ગઈ. થોડી વારે વણકરનો કેફ ઓછો થતાં તે ઊઠીને વહુને કહેવા લાગ્યો : 'જો તું ઘરની બહાર ન જવાની પ્રતિજ્ઞા લે તો હું તને છોડું.' અવાજ ઓળખાઈ જવાની બીકે હજામડી મૂંગી રહી. ક્રોધે ભરાયેલા વણકરે તેનું નાક કાપી નાખ્યું અને ફરી પાછો તે ઘોરવા લાગ્યો. દેવશર્મા જે બધું બની રહ્યું હતું તેનો સાક્ષી હતો. થોડી વારે વણકરની વહુએ આવીને હજામડીને છૂટી કરી અને પોતે પહેલાંની જેમ બંધાઈને રહી. હજામડી પાસેથી તેણે જાણ્યું કે વણકરે ઊઠીને તેનું નાક કાપી નાખ્યું હતું. ફરી વાર જાગેલા વણકરે વહુને કાન કાપવાની ધમકી આપી, ત્યારે તેણે જોરશોરથી પોતે સતી હોવાનું જણાવી લોકપાલોને પ્રાર્થના કરી કે, 'હું જો સતી હોઉં તો મારું નાક અક્ષત બનાવી દેશો.' પછી તેના કહેવાથી વણકરે ઉંબાડિયાના અજવાળે જોયું તો તેની વહુનું નાક મૂળ જેવું હતું, જ્યારે નીચે ભોંય પર ઘણું લોહી પડયું હતું. તેણે વહુને સતી માનીને બંધનમાંથી છૂટી કરી મીઠાં વચને મનાવી લીધી. આ સ્ત્રી-ચરિત્ર જોતાં દેવશર્માએ જેમ તેમ એ રાત વિતાવી.

૩. પેલી હજામડી કપાયેલું નાક લઈને પોતાને ઘરે પહોંચી. તેવામાં જ રાજમહેલમાં રાત રોકાયેલ હજામ ઘેર આવ્યો. રાજાની દાઢી કરવા જવાનું હોવાથી તેણે હજામતના સામાનની કોથળી માગી. હજામડીએ કોથળીમાંથી એકલો અસ્ત્રો કાઢીને હજામ તરફ ફેંક્યો. ખિજાઈને હજામે તે પાછો ફેંક્યો એટલે હજામડીએ બૂમાબૂમ કરી મૂકી કે, આ પાપિયાએ વણવાંકે મારું નાક વાઢી નાખ્યું. હજામને ન્યાય કરવા રાજસભામાં લઈ જવામાં આવ્યો. વગરવાંકે પત્નીનું નાક કાપી નાખવા માટે તેને શૂળીએ ચઢાવવાનો હુકમ થયો. વણકરને ત્યાંથી નીકળીને ગામ બહાર ગયેલા દેવશર્માએ શૂળી દેવા લઈ જવાતા હજામને જોયો. લોકો પાસેથી વાત જાણીને તેણે રાજસેવકોને થોભવા સમજાવ્યા. પછી ધર્માધિકારીની પાસે જઈ બનેલી હકીકત જણાવી, હજામની નિર્દોષતા પુરવાર કરી તેને છોડાવ્યો. હજામડીને કાન કાપી નાખવાની સજા થઈ. જાતે પીડા વહોરવાના પોતાના અને પોતે જોયેલા બીજાઓના કિસ્સાનું દેવશર્મા રટણ કરી રહ્યો.

[આધાર : **'પંચાખ્યાન-બાલાવબોધ'** ઘટક ૨.૪, દમનકે કરટકને કહેલું દૃષ્ટાંત]

**પવનંજયકુમાર અને અંજનાસુંદરી** : જુઓ, **અંજનાસુંદરી અને પવનંજયકુમાર.**

**પહેરવેશની અદલાબદલીની યુક્તિ** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** વીસમી કથા) : શ્રીનગરમાં સૌભાગ્યચંદ્ર નગરશેઠની વહુ નંદા, પતિ પરદેશ ગયો એટલે પોતાને પિયર રહેવા ગઈ. એક વાર તે મોતીની માળા પરોવતી ગોખમાં બેઠી હતી ત્યારે રસ્તા પરથી પસાર થતા મલુકચંદ વણિકે તેને જોઈ અને મોહબાણે એનું હૃદય વીંધાઈ ગયું. કામવિહ્વળ દશામાં તે ઘેર આવ્યો. એની વહુ ચંદ્રાવલિએ એની દશા અંગે પૂછપરછ કરીને જાણ્યું કે, નંદાને જોઈને

એનું મન વિવશ થઈ ગયું છે. તેણે નંદા સાથે એનું મિલન ગોઠવી આપવાનું આશ્વાસન આપ્યું. નંદા દર રવિવારે ચતુર્ભુજના મંદિરે જતી હોવાનું જાણી લઈને તે પોતે રવિવારે ત્યાં પૂજા કરવા ગઈ અને તેની સાથે ઓળખાણ કરી. પછી નંદાને ઘેર જઈ સહીપણું દેખાડી તેના મનની વાત જાણી લીધી કે, કેટલાક દિવસ પહેલાં રસ્તા પરથી નીકળેલા એક યુવાનને જોઈ તેનું મન હાથ રહ્યું ન હતું. તેનો દેખાવ વગેરે તેને પૂછી ચંદ્રાવલિએ એ યુવાનને પોતે ઓળખતી હોવાનું જણાવી, કોઈ ન જાણે તેમ, પ્રેમી સાથે નંદાનું મિલન ગોઠવી આપવાનું માથે લીધું. નંદાના ઘરની નીચે રહેતી માલણની ઓરડીમાં મિલન રાખવું એમ નક્કી થયું.

પછી માલણ સાથે ગોઠવણ કરી ચંદ્રાવલિએ પતિને જણાવ્યું કે, રવિવારે રાત્રે માલણના ઘેર મિલન રાખ્યું છે. એ પ્રમાણે મલુકચંદ નંદાને મળવા જવા નીકળ્યો. રસ્તામાં એને એક ઓળખીતો હજામ મળ્યો. એ ગુપ્તપણે એની પાછળ પાછળ માલણના ઘર સુધી ગયો. મલુકચંદ માલણના ઘરમાં પ્રવેશ્યો. ત્યાં આવી ગયેલી નંદા સાથે રાત્રિનો પહેલો પ્રહર તેણે રંગરાગમાં ગાળ્યો. પછીથી બંને સૂઈ ગયાં. પેલા હજામે આ વાત એક ચોકીદારને કરી. બન્નેએ મલુકચંદ પાસેથી પૈસા પડાવવાનો તખતો ગોઠવ્યો. પેલો ચોકીદાર બીજા આઠેક સિપાઈને લઈને માલણને ઘેર પહોંચ્યો. માલણને પૈસા આપવાનું કહીને સાધી. પછી ઊંઘતાં નંદા અને મલુકચંદને પલંગ સાથે ઊંચકીને ચોકીદારો ચોકી પર લઈ ગયા. પલંગને ચોકીદારની ઓરડીમાં મૂકી દરવાજે તાળું માર્યું.

આ બાજુ બારીએ બેઠેલી ચંદ્રાવલિએ પલંગ ઉપાડીને જતા ચોકીદારોને જોયા. તે ચિંતામાં પડી ગઈ. પછી યુક્તિ વિચારી, કિંમતી વસ્ત્રાભૂષણ પહેરી એક માટલામાં સુખડી ભરી, ચાર સેવકોને સાથે લઈ તે ચોકીએ આવી. ઘૂંઘટથી ઢાંકેલા મોઢે તેણે ચોકીદારને કહ્યું કે, પોતે કેદીઓને સુખડી વહેંચવા માગે છે. દારોગાને સાત સોનામહોર આપીને તે ચોકીની અંદર ગઈ. પછી નંદાનાં કપડાં સાથે પોતાનાં કપડાંની અદલાબદલી કરી, તેને ચોકીની બહાર રવાના કરી, પોતે તેની જગ્યાએ અંદર રહી. બહાર આવેલી નંદા ચાર સેવકોને લઈ ત્યાંથી રવાના થઈ ગઈ. ચોકીદારે સવારે રાજાને ફરિયાદ કરી. રાજા સમક્ષ ચોકીની ઓરડી ઉઘાડતાં અંદરથી મલુકચંદ અને તેની પત્ની ચંદ્રાવલિ બહાર આવ્યાં.

રાજાએ પૂછતાં મલુકચંદે કહ્યું : 'અમે ઘેર આવેલા પરોણાને વળાવવા ગયાં હતાં. ત્યાંથી પાછા ફરતાં માલણના આગ્રહથી તેણે તૈયાર રાખેલી ફૂલપથારીમાં આરામ લેવા બેઠાં. એટલામાં ઊંઘ આવી ગઈ. દરમ્યાન આ ચોકીદાર અમને પલંગ સહિત ઉપાડી ગયો અને ચોકીમાં પૂરી દીધાં.' રાજાએ પતિ–પત્નીની માફી માગી. હજામ અને ચોકીદારને શિક્ષા કરી.

[આધાર : **'સૂડાબહોંતેરી',** વીસમી કથા]

**પંખીની વાર્તા** : જુઓ **અમરફળ–૧** (='**સિંહાસન-બત્રીસી**'–૨, સત્તરમી વાર્તા)

**પંચતંત્ર** : જુઓ **પંચાખ્યાન**

**પંચદંડ–૧** : જુઓ **ચમત્કારી પંચદંડ–૧.**

**પંચદંડ–૨,** : જુઓ **ચમત્કારી પંચદંડ–૨.**

**પંચાખ્યાન ( = પંચતંત્ર ) : કથામુખ :** દક્ષિણ દેશમાં મહિલારોપ્ય નામના નગરમાં દાનેશ્વરી, મહાપ્રતાપી અને સર્વ કલાઓમાં પારંગત અમરશક્તિ નામે રાજા હતો. તેને વસુશક્તિ, ઉગ્રશક્તિ અને અનેકશક્તિ નામે ત્રણ મહામૂર્ખ પુત્રો હતા. રાજાએ, સચિવોને બોલાવી પોતાના શાસ્ત્રવિમુખ પુત્રોની બુદ્ધિનો વિકાસ થાય એવો કોઈ ઉપાય કરવા કહ્યું. પોતાના દરબારમાં રહેલા પંડિતોને રાજાએ પોતાનો મનોરથ સિદ્ધ કરવા જણાવ્યું. એ સાંભળી કેટલાક પ્રધાનોએ કહ્યું : 'હે રાજા, વ્યાકરણ ભણતાં બાર વર્ષ લાગે, છતાં થોડું થોડું જ જાણવા મળે. પછી ધર્મશાસ્ત્ર અને અર્થ-શાસ્ત્ર જાણીએ, એ પછી જ બુદ્ધિનો પ્રબોધ થાય.'

એ વખતે ત્યાં ઉપસ્થિત સર્વ પ્રધાનોમાંના સુમતિ નામના પ્રધાને કહ્યું : 'હે રાજા, આ જીવન નાશવંત છે. શાસ્ત્રો શીખવામાં ઘણો સમય જાય એમ છે, માટે રાજકુમારોને જ્ઞાન આપવા શાસ્ત્રોના સાર તારવીને આપવાનું વિચારો. કારણ કે, શાસ્ત્રોનો પાર નથી અને મનુષ્યનું આયુષ્ય તો અલ્પ છે.' આપણા નગરમાં અનેક વિદ્યામાં પારંગત વિષ્ણુશર્મા નામે બ્રાહ્મણ છે, તેને બોલાવી ત્રણેય પુત્રો તેને સોંપો. તે ચોક્કસ તમારા પુત્રોને બુદ્ધિશાળી બનાવશે.' એટલે રાજાએ વિષ્ણુ-શર્માને બોલાવી પોતાના ત્રણેય પુત્રોને અર્થશાસ્ત્ર ભણાવી તેમને બુદ્ધિશાળી બનાવવા, અને બદલામાં તેને ખૂબ મોટું દાન આપવા કહ્યું. એ સાંભળી વિષ્ણુશર્માએ રાજાને કહ્યું : 'હું વિદ્યા વેચતો નથી. પણ આ તમારા પુત્રોને છ માસમાં જો નીતિશાસ્ત્ર જાણતા ન કરું તો મારા નામનો ત્યાગ કરીશ.'

બ્રાહ્મણ વિષ્ણુશર્માની આ અસંભવિત પ્રતિજ્ઞા સાંભળી રાજા હર્ષિત તથા વિસ્મિત થયો. તેણે પોતાના પુત્રો બ્રાહ્મણને સોંપ્યા. વિષ્ણુશર્મા તેમને પોતાની સાથે લઈ ગયો અને નીતિશાસ્ત્રનો બોધ કરતાં મિત્રભેદ, મિત્રસંપ્રાપ્તિ, કાકોલૂકીય, લબ્ધપ્રણાશ અને અપરીક્ષિતકારક એવાં નામે પાંચ તંત્રો તેમને માટે રચીને તેમને ભણાવ્યાં. રાજપુત્રો પણ તે ભણીને છ માસમાં પારંગત થઈ ગયા. ત્યારથી માંડી આ 'પંચતંત્ર' નામનું નીતિશાસ્ત્ર પૃથ્વી પર જાણીતું થયું.

એ સંસ્કૃત ભાષાના 'પંચતંત્ર'નાં અનેક રૂપાંતરો થયાં. 'પંચાખ્યાન'ને નામે થયેલા એક રૂપાંતર પરથી જૂની ગુજરાતીમાં 'પંચાખ્યાન–બાલાવબોધ' રચાયેલો છે. તેના 'મિત્રભેદ' નામના પહેલા તંત્રની કથાના સાર માટે જુઓ આ કથાકોશમાં **મિત્રભેદ** શીર્ષક નીચે. તે કથામાં દૃષ્ટાંતકથા તરીકે જે આડ-કથાઓ આવે છે, તે નીચે જણાવેલાં શીર્ષકો હેઠળ કથાકોશમાં અલગ અલગ આપી છે :

(૧) વાંદરની કથા : ફાચરનો ખીલો ખેંચનાર—(૨) શિયાળ અને દુંદુભિ (૩) દંતિલ શેઠ અને કચરો વાળનાર ગોરંભ (૪) પરિવ્રાજક અને ધુતારો (૫) કાગડાનું જોડું અને કાળો નાગ (૬) બગલો અને કરચલો (૭) સિંહ અને સસલો (૮) વણકર અને રાજકુમારી (૯) કૃતજ્ઞ પ્રાણીઓ અને કૃતઘ્ન માનવી (૧૦) ગળીથી રંગાયેલો શિયાળ (૧૧) હંસ અને ઘુવડ (૧૨) ઊંટ અને લુચ્ચા સિંહસેવકો (૧૩) સુથાર અને સિંહ (૧૪) ટિટોડો અને સમુદ્ર (૧૫) હંસનું જોડું અને કાચબો (૧૬) અનાગતવિધાતા, પ્રત્યુત્પન્નમતિ અને યદ્ભવિષ્ય (૧૭) વૃદ્ધ હંસે બચાવેલ સંકટગ્રસ્ત હંસજૂથ (૧૮) વરુ અને સિંહને ઠગનાર શિયાળ (૧૯) નગ્ન શ્રમણ અને મંત્રી (૨૦) સાપને પરણનારી રાજકુમારી (૨૧) ઇંદ્રનો સૂડો (૨૨) સુઘરી અને વાનરો (૨૩) ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ વણિકપુત્રો (૨૪) બગલો, સાપ અને નોળિયો (૨૫) લોઢું ઉંદર ખાઈ ગયા (૨૬) સંગ તેવો રંગ (૨૭) પંડિત શત્રુ અને મૂર્ખ મિત્ર. આ ઉપરાંત 'જૂ અને માંકણ' અને 'સિંહ અને ઘેટું' એ બે દૃષ્ટાંતકથાઓ મૂળમાં છે. પરંતુ તેમાં કથાતત્ત્વ ન હોવાથી તેમને અલગ આપી નથી.

('પંચાખ્યાન–બાલાવબોધ'નાં બાકીનાં ચાર તંત્રો હજી પ્રકાશિત થયાં ન હોવાથી પ્રકાશિત થયેલા માત્ર પહેલા તંત્રમાં મળતી ઉપર્યુક્ત કથાઓનો સાર જ આ કથાકોશમાં અપાયો છે.)

[આધાર : '**પંચાખ્યાન–બાલાવબોધ**']



**પંડિતને પાઠ ભણાવતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** ચોવીસમી કથા) : કનોજ દેશમાં બ્રહ્મદત્ત બ્રાહ્મણ પોતાની પત્ની જમના સાથે રહેતો હતો. એક દિવસ જમના પોતાની કણબણ, વાણિયણ અને સુતારણ એ ત્રણ બહેનપણીઓ સાથે નદીએ નહાઈને શિવને દહેરે પૂજા કરવા ગઈ. ત્યાં વટેમાર્ગુ તરીકે આવેલા એક જુવાન પંડિતને પોતાનો હાથ બતાવી ભવિષ્ય કહેવા કહ્યું. દક્ષિણામાં કણબણ લોટ, વાણિયણ ઘી અને ખાંડ, તો સુતારણ બળતણ આપવા કબૂલ થઈ. પંડિત બોલ્યો : 'ચાલો, લાડુના ભોજનનું તો પતી ગયું. હવે રાતવાસો રહેવાનું શું ?' બીજી ત્રણ જણીઓએ જમના સામે જોયું. જમનાએ પોતાને ઘરે સગવડ કરી આપવાનું માથે લીધું, એટલે પંડિતે પેલી ત્રણને કહ્યું : 'તમારી પાસે મારું લેણું બાકી રહ્યું. હું આને ત્યાં રંગેચંગે રાત ગાળીશ.' પંડિતનો ઇશારો જમના સહિત સૌ સમજી ગયાં. જમનાને તો ગમતું જ મળ્યું. તેણે પોતાનાં અને સાસરાનાં સગાંવહાલાંનાં નામથી તેમજ ઘરનાં ઠામઠેકાણાં વગેરેથી પંડિતને માહિતગાર કર્યો. એક ઘડી પછી પંડિત જમનાને ઘરે પહોંચ્યો. 'આવ મારા ભાઈ, આવ,' કહીને જમના એને ભેટી પડી. પતિ બ્રહ્મદત્તને ઓળખાણ આપી : 'આ મારો મશિયાઈ ભાઈ કાશીએ ભણીને આવ્યો, હવે ઘરે પાછો જતાં મને મળવા આવ્યો છે.' સાળોબનેવી ભેટ્યા. વાતો કરી અને સાથે જમ્યા. ભાઈબહેન નિરાંતે વાતો કરે તે માટે તેમનું સૂવાનું ઘરમાં રાખી બ્રહ્મદત્ત પડોશીને ત્યાં સૂવા ગયો. પછી જમનાએ પંડિતને મોકળે મને ભોગવવા કહ્યું. પંડિતે કહ્યું : 'તમે મને તમારા ભાઈ તરીકે ઓળખાવ્યો. ભાઈબહેન વચ્ચે એવો વહેવાર કેમ થાય ? હું એવા પાપમાં નહીં પડું.' આ સાંભળીને કોપેલી જમના બોલી : 'તારાં શાસ્ત્ર રાખ તારી પાસે. દુનિયાને બતાવવા મેં તને ભાઈ કહ્યો.' પણ પંડિત એકનો બે ન થયો. 'બૂમો પાડીને તને ફજેત કરીશ,' એવી જમનાની ધમકી સામે પણ જ્યારે પંડિત મક્કમ રહ્યો, ત્યારે જમનાએ 'દોડો દોડો' એવી મોટેથી બૂમાબૂમ કરી મૂકી. બ્રહ્મદત્ત અને પડોશીઓ દોડી આવીને બારણું ખટખટાવવા લાગ્યા. ભારે દુર્દશા થવાની બીકે ઢીલો પડી ગયેલો પંડિત હાથ જોડીને જમનાની માગણી પૂરી કરવા કબૂલ થયો. જમનાની સૂચના પ્રમાણે પંડિત પલંગમાં ચત્તોપાટ સૂઈ ગયો. પછી પલંગની બાજુમાં દહીંભાત ઢોળી જમનાએ બારણાં ઉઘાડ્યાં, અને બોલી : 'જુઓને, મારા ભાઈને એકાએક શું થઈ ગયું ? બેભાન થઈને પડ્યો છે. ગમે તેમ કરીને એને બચાવો,' એમ કહીને તે રડારોળ કરવા લાગી. તરત સૌ શેક વગેરે ઉપચાર કરવા લાગી ગયાં. થોડી વારે પંડિતે આંખ ઉઘાડી,

પછી બધા પોતપોતાને ઘેર ગયા. જમનાએ પંડિત સાથે યથેચ્છ ભોગ ભોગવી સવારે તેને વિદાય કરી દીધો.

[આધાર : **'સૂડાબહોંતેરી',** ચોવીસમી કથા]

**પંડિત શત્રુ અને મૂર્ખ મિત્ર (પંચાખ્યાન,** ઘટક ૨.૨૦) : એક રાજાના પુત્રને, વાણિયાના પુત્ર અને બ્રાહ્મણના પુત્ર સાથે મૈત્રી થઈ. રાજપુત્ર રાજકુળને ઉચિત એવું કશું શીખવામાં રસ લેતો ન હતો. આથી રાજાએ તેને ધમકાવ્યો. રાજપુત્રને આમાં પોતાનું અપમાન લાગ્યું. ત્રણે મિત્રોએ દેશ છોડી ચાલ્યા જવાનું નક્કી કર્યું. વણિકપુત્રની સલાહથી ત્રણેય મિત્રો ધન મેળવવા દ્રોણાચળ પર્વત ગયા. ત્રણેયને એક એક અમૂલ્ય રત્ન મળ્યું. ત્યાંથી પાછા ફરતાં, રસ્તામાં રત્નને સુરક્ષિત રાખવા, બ્રાહ્મણપુત્રની સલાહથી દરેક જણ પોતાના રત્નને ભોજનવેળા કોળિયામાં નાખીને ગળી ગયો. આ જોઈ જનાર એક ચોરે ત્રણેયનાં પેટ ફાડીને રત્ન લઈ લેવાનું વિચાર્યું. પેલા ત્રણેયની પાછળ પાછળ જઈ તેણે કહ્યું : 'હું એકલો વનમાં ડરું છું. તો તમારી સાથે હું મારા દેશમાં જઈશ.' તેમણે તેને સાથે લીધો. રસ્તામાં ભીલનો નેસ આવ્યો. એક ભીલ પંખીની બોલી જાણતો હતો. ભીલોનો મુખી જે પંખીઓને પકડી લાવ્યો હતો, તેમાંથી એક પંખી એવું બોલ્યું કે, રસ્તામાં જે માણસો આવી રહ્યા છે તેમની પાસે કિંમતી રત્નો છે, તે લઈ લો. તે સાંભળી બધા ભીલો વટેમાર્ગુની રાહ જોવા લાગ્યા. પેલા ચારે જણા ત્યાં આવી પહોંચ્યા. ભીલોએ ચારેયની તપાસ કરી પણ રત્ન ન મળ્યાં. આથી તેમને છોડી મૂક્યા. ફરીથી પેલું પક્ષી એ જ પ્રમાણે બોલતાં ફરીથી તેમને પકડી મંગાવી તપાસ કરી પણ રત્ન ન મળ્યાં. તે ચારેયને જવા દીધા. પછી પક્ષીએ જોરથી ત્રીજી વાર એવો જ શબ્દ કર્યો. એટલે ભીલોએ એ ચારેય મુસાફરોને ફરી પકડ્યા અને કહ્યું : 'તમારા પેટમાં રત્ન છે કે કેમ તેની તપાસ કરવા કાલે તમારાં પેટ ચીરીને જોઈશું.' એમ કહીને તેમને બંદીખાને નાખ્યા. તે વખતે પેલો ચોથો માણસ જે ચોર હતો તેને મનમાં થયું : 'જો પેટ ફાડતાં આ ત્રણેય પાસેથી રત્ન મળશે તો મારું પેટ પણ ભીલો ફાડશે અને મારું અવશ્ય મૃત્યુ થશે. માટે હું આ બીજાઓનાં જીવ અને ધન બચાવી, પરોપકાર કરીને જીવન સાર્થક કરી લઉં. મારું પેટ પહેલું ફડાવું, જેથી તેને ખાલી જોઈ ભીલો બીજાનાં પેટ ન ફાડે.' પછી ભીલોએ જ્યારે ચારેયને બોલાવ્યા ત્યારે પેલા ચોરે પોતાનું પેટ પહેલું ફાડવા વિનંતી કરી. ભીલોએ તેનું પેટ ફાડી જોયું તો કંઈ ન મળ્યું. તેમને પ્રશ્ચાત્તાપ થયો. બાકીના ત્રણેને એમ ને એમ છોડી મૂક્યા.

એ પછી એક નગરમાં જઈને એ ત્રણેયે રત્નો વેચતાં તેમને ઘણું ધન મળ્યું. રાજપુત્રે વણિકપુત્રને ભંડારી અને બ્રાહ્મણપુત્રને પ્રધાન બનાવ્યો. પછી સેના એકત્ર કરી રાજા સાથે યુદ્ધ કરી રાજપુત્રે રાજ્ય મેળવ્યું. ત્યારબાદ તે મિત્રોને રાજકાજ સોંપી સુખ ભોગવવા લાગ્યો. તેણે ઘોડારમાં રાખેલા એક વાનરને હેળવ્યો અને પાલિત કર્યો. તેના હાથમાં તે ખડ્ગ પણ આપતો. એક વાર વાડીમાં પટરાણી સાથે ક્રીડા કરવા ગયેલા રાજાએ પોતાના પાળેલા વાંદરાને પણ સાથે રાખ્યો. વિહાર કરીને થાકેલો રાજા પુષ્પમંડપ નીચે આરામ કરવા સૂતો અને કોઈ નિદ્રામાં વિઘ્ન ન કરે તેનું ધ્યાન રાખવા પેલા વાનરના હાથમાં તલવાર આપીને ઊભો રાખ્યો. લટકતી વેલના ફૂલમાં એક ભમરો આવી બેઠો. વાંદરાંએ તેને ઉડાડવા પ્રયત્ન કર્યો. તે ન ઊડ્યો એટલે તેણે તલવારનો ઝાટકો માર્યો અને તેથી વેલની નીચે સૂતેલા રાજાનું માથું વઢાઈ ગયું. રાણીએ ખૂબ આક્રંદ કર્યું. વાનરે કહ્યું કે, મેં તો ભમરો ઉડાડવા ઘા કર્યો હતો. પછી વાનરને ફિટકાર આપી કાઢી મૂક્યો.

[આધાર : **'પંચાખ્યાન બાલાવબોધ'** ઘટક ૨.૨૦ : કરટકે દમનકને કહેલ દૃષ્ટાંતકથા]

**પાટપૂજા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) **(સૂડાબહોંતેરી,** સિત્તેરમી કથા) : ભોજરાજાની ધારાનગરીમાં તારા માલણની આવ-જા રાજમહેલથી માંડીને બધા ઉચ્ચ કુળનાં કુટુંબો સુધી હતી. તારા મોતી તંબોળીના પ્રેમમાં હતી. તંબોળીએ એક વાર તેને કહ્યું : 'રાજમહેલમાં દરરોજ પાન આપવા જતાં, મારું અને રાણી રૂપાવતીનું એકબીજા સાથે મન મળી ગયું છે. તો તું ગમે તેમ કરી અમારો મેળાપ ગોઠવી આપ. એનો સંગ કર્યા વિના મારો જીવ રહેંસાય છે. વળી મારા બીજા ત્રણ મિત્રની પણ એવી જ દશા છે. એક સોનીનો દીકરો પ્રધાનપુત્રીના પ્રેમમાં છે. રજપૂતનો દીકરો નગરશેઠની દીકરીના અને એક વણિકપુત્ર વજીરની દીકરીના પ્રેમમાં છે અને એકબીજા માટે ઝૂરે છે. એમનો પણ તારે મેળાપ કરાવી આપવો પડશે. પણ ભોજરાજા અંધારપછેડો ઓઢી રાત્રિચર્યા જોવા નીકળતો હોય છે, તેને જો આ વાતની ગંધ આવી તો આપણને સૌને શૂળીએ દેશે'. તારાએ એ બધાનું કામ પાર પાડવાનું માથે લીધું. ત્રણે જુવાનોને તેણે જણાવ્યું; 'તૈયાર રહેજો. થોડા દિવસમાં મારે ઘેર બધાનું મિલન ગોઠવાશે.' પછી તારાએ પ્રધાનની, નગરશેઠની અને વજીરની દીકરીઓને મળી તેમની સંમતિ મેળવી લીધી. તે પછી રાણી રૂપાવતીની સાથે ગોઠવણી કરી કે, પરમ દિવસે રાજાની વરસગાંઠ હોઈને રાત્રે ભરાતી રાજસભામાં સૌ ગયા હશે, ત્યારે માલણને ઘેર

સૌએ મળવું. તે પ્રમાણે તંબોળી, રાણી અને બીજાં ત્રણ પ્રેમીજોડાં માલણને ઘરે નક્કી કરેલા દિવસની રાત્રે પહોંચ્યાં. ખાનપાન વગેરેનો ભારે ઠાઠ કર્યો. સૌ આનંદપ્રમોદમાં મગ્ન બન્યાં. માલણની અદેખી પડોશણ સોનારણ હંમેશાં માલણના ઘરની ઉપર આંખ રાખતી હતી. તેણે રાણીને અને બીજાં જુવાન છોકરાછોકરીઓને માલણના ઘરમાં જતાં અને રંગરાગ કરતાં ભાળ્યાં. તેણે દોડીને ભોજરાજાને જાણ કરી કે, રાણી રૂપાવતી સહિત બીજી ત્રણ યુવતીઓ અને ચાર જુવાનો માલણને ઘરે રંગરાગ કરી રહ્યાં છે. થોડા દિવસ પહેલાં ભોજ-રાજા રાત્રિચર્યા જોવા નીકળેલો ત્યારે તેણે ચાર જણીઓને પોતાના પ્રેમીને નહીં મળી શકવાનું દુઃખ એકબીજી પાસે વ્યક્ત કરતી સાંભળી હતી, પણ અંધારામાં તે કોણ હતી તે જાણી શક્યો ન હતો. સોનારણની વાત સાંભળી તેના મનમાં મેળ બેઠો કે, એ ચાર જણીઓનો જ માલણે તેમના પ્રેમીઓ સાથે મેળાપ કરવાનું ગોઠવ્યું હશે. ભોજરાજા, પ્રધાન, નગરશેઠ અને વજીરને પોતાની સાથે લઈ બીજા કોઈને જણાવ્યા વિના માલણને ઘરે પહોંચ્યો. માળિયે બેઠેલી માલણે ભોજને આવતો જોઈને પ્રેમીજોડાંઓને જાણ કરી. સૌના પ્રાણ તાળવે ચોંટી ગયા. માલણ તરત જ તૈયાર કરેલો શીરો દાબડામાં ભરીને બહાર આવી. રાજાનું અને તેના સાથીઓનું સ્વાગત કરી તેમને પરસાળમાં પાટ પર બેસાડ્યા અને દાબડો ભોજની આગળ ધરી તેને પ્રસાદ લેવા કહ્યું. ભોજ બોલ્યો : 'શેના પ્રસાદની તું વાત કરે છે ? ઘરમાં કોણ ભેળાં થયાં છે અને આ ઝાકઝમાળ ને ધમાલ શેનાં છે ?' માલણે રાજાને એક બાજુ તેડી જઈ ધીમા સ્વરે કહ્યું : 'મહારાજ, એક વાર હું રાજમહેલે ફૂલપાતરી દેવા ગઈ ત્યારે રાણી રૂપાવતીને, પેટે પુત્ર ન હોવાને કારણે દુઃખી જોઈ. મેં તેમને ધીરજ દીધી અને બાર બીજની પાટપૂજા કરવાની બાધા રાખીને એનું પુણ્ય રાણીને આપવાનું મેં કહ્યું. તે પછી મેં રાંધેલા અન્ન ને ઘીનો ત્યાગ કર્યો અને બાધા ન ફળે ત્યાં સુધી કાચો લોટ ખાતી રહી. ત્રણ માસે મારી બાધા ફળી. ગઈ કાલે હું રાણી પાસે ગઈ ત્યારે તેમણે મને છાની વાત કરી કે, એમને ગર્ભ રહ્યો છે ને એક મહિનો ને પાંચ દિવસ થયા છે. હું હરખી અને આજે અજવાળી બીજ હોવાથી બાધા છોડવા પાટપૂજા રાખી છે. અંદર પૂજાવિધિ અનુસાર જુદીજુદી કોમનાં સ્ત્રીપુરુષને એક-સાથે ભોજન લેવા બેસાડ્યાં છે. તેઓ તમે આવ્યાનું જાણી ઘણાં શરમાઈ–કરમાઈ ગયાં છે. તેથી તમે અહીં બેસી પ્રસાદ આરોગો, હું રાણીજીને પ્રસાદ દઈ આવું.' એ સાંભળી રાજા ઘણો પ્રસન્ન થયો. અંદર જવાથી પાટપૂજામાં બેઠેલા મૂંઝવણમાં મુકાશે અને પૂજામાં વિઘ્ન કરવાથી કશોક અપરાધ થશે એવી દહેશતથી ભોજ રવાના થયો. જતાં જતાં પ્રધાન વગેરેને થોડો થોડો પ્રસાદ આપ્યો અને સોનારણને શિક્ષા કરવાનું નક્કી કર્યું. એ પછી માલણે તરત રાણીને ચુપચુપ રવાના કરી દીધી. તે મહેલે પહોંચી ત્યાં ભોજે આવીને પ્રસાદ આપી રાણીને 'મારાથી વાત કેમ છાની રાખી ?' કહી વધાઈ આપી. માલણ રાજાને વળાવીને પાછી આવ્યા પછી પ્રેમીજોડાંઓએ રંગરાગમાં રાત ગાળી. બીજે દિવસે ભોજે સોનીને બોલાવીને ખોટી ચાડી ખાવા માટે સોનારણને શૂળીનો દંડ દેવાની જાણ કરી. પણ માલણે રાજસભામાં જઈ 'અજ્ઞાન સોનારણનો દોષ નથી', એમ કહીને તેને છોડાવી.

[આધાર : **'સૂડાબહોંતેરી'** સિત્તેરમી કથા]

**પાતાળવાસિની વિદ્યાધરી (વેતાલપચીસી–૧,** અગિયારમી કથા) : સાધકે આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી :

ગુણાકર નગરનો જનવલ્લભ રાજા પ્રજ્ઞાકોશ નામના પ્રધાન પર બધો રાજ્યભાર નાખીને ભોગવિલાસમાં રચ્યો-પચ્યો રહેતો. કારભારની ચિંતાથી દુબળો થયેલો પ્રધાન તેની પત્નીની સલાહથી રાજાની આજ્ઞા મેળવી તીર્થયાત્રાએ રામેશ્વર પહોંચ્યો. ત્યાં તેણે સમુદ્રમાંથી નીકળતા એક કલ્પવૃક્ષ ઉપર લતાઓથી વિંટળાયેલી એક દેવાંગનાને બેઠેલી જોઈ. પછી 'સૌને પોતાનાં પૂર્વજન્મનાં કર્મ અનુસાર ફળ મળે છે', એવું બોલતી તે પાતાળમાં જતી રહી.

પ્રધાને પોતાના નગરમાં પાછા આવીને પોતે જોયેલ આશ્ચર્યની વાત રાજાને કરી. રાજા પ્રધાનને રાજ્ય સોંપી રામેશ્વર પહોંચ્યો. ત્યાં તેણે પેલું કૌતુક જોયું. તે મંત્ર ભણીને પેલા કલ્પવૃક્ષ પર ચઢી બેઠો. વૃક્ષ પાતાળમાં ગયું. ત્યાં પેલી દેવાંગનાએ તેની પાછળ આવવાનું કારણ પૂછ્યું. રાજાએ તેના રૂપથી મોહિત થયો હોવાનું જણાવ્યું. દેવાંગનાએ રાજાનો સ્વીકાર કર્યો, પણ કાળીચૌદશે તેનો સંગ ન કરવા વચન લીધું. ભોગ ભોગવતાં કેટલાક દહાડા વીત્યા. કાળીચૌદશ આવતાં, તે દિવસે દેવાંગનાએ રાજાને તેની પાસે આવવાનો નિષેધ કર્યો. રાજા અદૃષ્ટ રહીને શું બને છે તે જોવા લાગ્યો. એક રાક્ષસ આવીને તે દેવાંગનાને ગળી ગયો. એ જોઈને રાજાએ રાક્ષસ પર ખડ્ગપ્રહાર કર્યો. તેને મારીને દેવાંગનાને પેટમાંથી બહાર કાઢી. રાજાએ ખુલાસો માગ્યો, એટલે દેવાંગનાએ કહ્યું : 'હું વિદ્યાધરની પુત્રી ત્રિભુવનસુંદરી છું.

મારી સાથે જ ભોજન લેતા મારા પિતાએ એક વાર હું ભોજનવેળાએ ન ગઈ તેથી મને શાપ આપ્યો કે, તું પાતાળ-નગરમાં જઈને વસ અને ત્યાં તને દર કાળીચૌદશે રાક્ષસ ગળી જશે. મેં ક્ષમા માગી, ત્યારે તેણે કોઈ વીરપુરુષ એ રાક્ષસને મારશે, ત્યારે તું શાપમુક્ત થઈશ એમ કહ્યું.' પછી રાજા તે વિદ્યાધરીને તે લઈ પોતાના નગરમાં આવ્યો અને તેની સાથે સુખભોગમાં રચ્યોપચ્યો રહેવા લાગ્યો. એક વાર એ વિદ્યાધરી ઉપર પ્રધાનની દૃષ્ટિ પડતાં તે પ્રધાનનું હૃદય ફાટી પડ્યું અને તે મરણ પામ્યો.

એટલી કથા કહી વેતાળે વિક્રમને પ્રધાનના મૃત્યુનું કારણ પૂછ્યું. વિક્રમે ઉત્તર આપ્યો : 'રાજા વિદ્યાધરીમાં લુબ્ધ થયો હોઈને તે રાજ્યની સારસંભાળ નહીં રાખે અને પ્રજા અનાથ થઈ જશે, એ વિચારે પ્રધાનનું હૈયું ફાટી ગયું.'

આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'–૧,** અગિયારમી કથા]

**પાતાલસુંદરી** : (સ્ત્રીચરિત્ર વિશે દૃષ્ટાંતકથા) : વિશાલ નગરીના રાજા જયંતસેને સ્ત્રીઓના શિથિલ ચારિત્ર્ય અંગેની અનેક વાતોથી પ્રેરાઈને પરપુરુષના પરિચયથી તદ્દન વંચિત હોય તેવી કન્યાને પરણવાનું નક્કી કર્યું. તે એક તરતની જન્મેલી સ્વરૂપવાન કન્યાને પરણ્યો. પછી પોતાના મહેલમાં જ ભોંયરું બનાવી તેમાં તેને ઉછેરવા માંડી. માત્ર સ્ત્રીઓના જ સંપર્કમાં રખાતી તે કન્યા જુવાન થઈ. ભોંયરામાં જ વસતી હોઈને તેનું 'પાતાલસુંદરી' એવું નામ પડ્યું. રાજા એને શુદ્ધ શીલવાળી જાણીને તેના પર સંપૂર્ણ સ્નેહ રાખવા લાગ્યો અને તેની સાથે આનંદપૂર્વક વિષયસુખ ભોગવવા લાગ્યો. એના આકર્ષણમાં તે રાજકાજમાં પણ બેદરકાર બનવા લાગ્યો.

એક વાર મણિદ્વીપનો વેપારી અનંગદેવ અનેક જાતનાં રત્નો લઈને વિશાલ નગરીમાં આવ્યો. તેણે આમળા જેવડાં મોતીનો એક કીમતી હાર રાજાને ભેટ આપ્યો. પ્રસન્ન થઈને રાજાએ તેનું દાણ માફ કર્યું. ઘણું ધન કમાયેલા અનંગદેવે પુષ્કળ દ્રવ્ય આપીને રાજાની કામપતાકા નામની ગણિકાને વશ કરી. વાતવાતમાં અનંગદેવે કામપતાકા પાસેથી જાણ્યું કે, રાજા જન્મથી ભોંયરામાં રાખેલી એક રૂપવાન કન્યામાં એવો મુગ્ધ થયો છે કે, તે રાજકાજની પણ ઉપેક્ષા કરે છે. આ વૃત્તાન્ત સાંભળી અનંગદેવને મનમાં એ સુંદરી માટે આકર્ષણ જાગ્યું. તેણે રાજા સાથે વધુ પ્રેમ કેળવવા માંડ્યો. વખત જતાં તેણે રાજાનો પૂર્ણ વિશ્વાસ સંપાદન કર્યો. અંતઃપુરમાં પણ તે વિનાસંકોચે આવ-જા કરવા લાગ્યો. ધીરે ધીરે તેણે ભોંયરા સુધી સુરંગ ખોદાવી. ત્યાર બાદ અવસર જાણીને રાજા પાતાલસુંદરી પાસેથી ગયા બાદ, સુરંગ વાટે તે ભોંયરામાં આવ્યો. નિદ્રાધીન થયેલી પાતાલસુંદરીનું અપૂર્વ સૌન્દર્ય જોઈને તે મુગ્ધ થયો. પછી તેણે એને પ્રેમવચનોથી જાગૃત કરી. પાતાલસુંદરી પણ પ્રથમ પરિચયમાં જ તેને વશ થઈ ગઈ. ત્યાર બાદ તો વિનાસંકોચે સુરંગ વાટે આવીને અનંગદેવ પાતાલસુંદરી સાથે ભોગ ભોગવવા લાગ્યો.

સંકેત અનુસાર સુરંગ વાટે આવ-જા કરતા અનંગદેવને એક વાર પાતાલસુંદરીએ એના ઘેર લઈ જઈ નગરચર્યા દેખાડવાની વાત કરી. થોડી આનાકાની બાદ તે એને પોતાના ઘરે લઈ ગયો. ત્યાં ગવાક્ષમાં બેસીને નગરચર્યા જોઈ રહેલી પાતાલસુંદરીએ રાજા જયંતસેનને ક્રીડા અર્થે ઉપવન તરફ જતો જોઈ ઈર્ષાથી પ્રેરાઈ રાજાને છેતરવાનો નિશ્ચય કર્યો.

એક દિવસ પાતાલસુંદરીએ અનંગદેવને કહ્યું : 'તમે રાજા જયંતસેનને તમારે ઘેર જમવા બોલાવો અને તે વેળા હું પીરસું એવું ગોઠવો.' અનંગદેવે થોડી આનાકાની પછી તે પ્રમાણે જયંતસેનને જમવા નોતર્યો. રાજા જમવા બેઠો, એટલે શણગાર સજી પાતાલસુંદરીએ પીરસવા માંડ્યું. રાજા જયંતસેનને તે પોતાની પાતાલસુંદરી હોવાની શંકા ગઈ. પણ પછી મનથી સમાધાન કર્યું કે, પાતાલસુંદરીને મળતી આવતી એ અનંગદેવની પત્ની જ હશે. બીજી વાર પાતાલસુંદરી પીરસવા આવી, ત્યારે જયંતસેનની શંકા દૃઢ થઈ. તેણે ભોજનની પ્રવાહી વાનીની છાંટ પાતાલસુંદરીના વસ્ત્ર પર નાખી. પાતાલ-સુંદરીએ એ જોયું. જયંતસેન જમીને તરત જ પાતાલસુંદરીના આવાસે પહોંચ્યો. પાતાલસુંદરી પણ ઝડપથી કપડાં બદલી સુરંગ વાટે પોતાને આવાસે પહોંચી ગઈ અને શય્યા પર સૂઈ ગઈ. જયંતસેન આવ્યો ત્યારે તેણે ઊંઘમાંથી જાગી હોવાનો ઢોંગ કર્યો. જયંતસેને તેનાં વસ્ત્ર પર નજર નાખી, પણ છાંટની નિશાની જોઈ નહીં.

લાંબા સમયના એકાંતવાસથી કંટાળેલી પાતાલસુંદરીએ અનંગદેવને પોતાને એના દેશમાં લઈ જવા કહ્યું. અનંગદેવે 'મારાં માતાપિતાએ મને જલદીથી બોલાવ્યો છે,' એવો કૃત્રિમ લેખ રાજાને બતાવી તેની પાસેથી જવાની ખાસ આજ્ઞા મેળવી.

અનંગદેવે વહાણો તૈયાર કર્યાં. તેની ઇચ્છાથી, જયંતસેન વળાવવા જવા અનંગદેવને આવાસે આવ્યો. પાતાલસુંદરી પણ સુરંગ વાટે અનંગદેવના આવાસે આવી. સજ્જ થઈ ત્રણે જણ સમુદ્રતીરે જવા નીકળ્યાં. ઓળખાઈ ન જવાય એ રીતે પોતાની પાલખી જયંતસેનની પાલખી પાસે રાખીને પાતાલસુંદરી તેને

કહેવા લાગી: 'આપની કૃપાથી અમે ઘણું ધન કમાયાં. જો અજ્ઞાનથી અમે કોઈ અપરાધ કર્યો હોય તો ક્ષમા કરશો.' આમ વાર્તાલાપ કરતાં તેઓ ત્રણે સમુદ્રકિનારે આવી પહોંચ્યાં. અનંગદેવ અને પાતાલસુંદરી રાજાને છેલ્લા જુહાર કરી રવાના થયાં. પાતાલસુંદરી અનંગદેવ સાથે જતી રહી એવો ખ્યાલ જયંતસેનને ન આવ્યો. જયંતસેન રાજમહેલમાં પાછો ફર્યો.

પ્રવાસમાં પાતાલસુંદરી અનંગદેવના નાનાભાઈ સુકંઠના ગાનતાનથી આકર્ષાઈને તેના પ્રેમમાં પડી ગઈ. એક વાર અનંગદેવ શરીરચિંતા અર્થે વહાણની કિનારી પર બેઠો હતો, તે વખતે લાગ સાધી પાતાલસુંદરીએ તેને સમુદ્રમાં ધકેલી દીધો અને પછી પોકાર કરીને વિલાપ કરવા લાગી કે, અનંગદેવ ક્યાંક ગૂમ થઈ ગયો. વહાણ પર તેની શોધાશોધ કરતાં પત્તો ન લાગ્યો. પાતાલસુંદરીએ સમુદ્રમાં કૂદી પડવાનો દેખાવ કર્યો. પણ સુકંઠ વગેરેએ તેને રોકી રાખી. તેની આ સર્વ કપટચેષ્ટા સમજી ગયેલા સુકંઠે વિચાર્યું : 'જેણે રાજાને છોડી અનંગદેવને પકડ્યો અને તેને પણ સમુદ્રમાં ધકેલી દીધો, તો એ મને કેમ છેહ ન દે?' એણે અનિચ્છાએ તેની સાથે સંબંધ ચાલુ રાખ્યો.

બીજી તરફ સમુદ્રમાં પડેલ અનંગદેવના હાથમાં કર્મસંજોગે એક પાટિયું આવ્યું. તેને આધારે તરતો–તણાતો તે સિંહલદ્વીપને કાંઠે પહોંચ્યો. સંસાર પ્રત્યે વૈરાગ્ય આવવાથી અનંગદેવ સાધુ થઈ ગયો. સુકંઠ પણ વહાણો સાથે સિંહલદ્વીપ પહોંચ્યો. ત્યાં અનંગદેવને સાધુવેશમાં જોઈ લજ્જિત બની સુકંઠ પણ સંસારત્યાગ કરી સાધુ બની ગયો. પાતાલસુંદરી ત્યાં વેશ્યાવૃત્તિ કરતી વસી.

આ બાજુ અનંગદેવની વિદાયથી વિષાદ અનુભવતો જયંતસેન નગરમાં પાછો ફર્યો. સત્વરે ભોંયરામાં જઈને જોયું, તો પાતાલસુંદરી ન હતી. જયંતસેનને તરત ખ્યાલ આવ્યો કે ધૂર્ત અનંગદેવ પાતાલસુંદરીને લઈ ગયો. રાજાએ સેવકોને બોલાવી સર્વત્ર તપાસ કરાવી. ભોંયરામાં તપાસ કરાવતાં ગુપ્ત સુરંગ મળી આવી. જયંતસેનને પણ સંસાર પર વૈરાગ્ય આવ્યો અને જૈન મુનિ પાસે દીક્ષા લઈ લીધી.

[સંદર્ભ : **'શૃંગારમંજરી'–૧, ઘટક : ૫**]

**પાનની વાર્તા** : જુઓ **ચમત્કારી પાનબીડાં ('સિંહાસનબત્રીસી'–૨,** એકવીસમી કથા)

**પુણ્યપાલ** : જુઓ, **ગુણસુંદરી અને પુણ્યપાલ**

**પુણ્યસાર : ૧.** ગોપાચલ નગરનાં પુરંદર શેઠ અને પુણ્યશ્રી શેઠાણી નિઃસંતાન હતાં. શેઠે કુળદેવીની આરાધના કરી. તેના વરદાનથી પુણ્યશ્રીએ પુત્રને જન્મ આપ્યો. તેનું નામ પુણ્યસાર રાખ્યું. આઠ વર્ષની ઉંમરે પુણ્યસારને નિશાળે બેસાડ્યો. નગરના બીજા એક શેઠ રત્નસારની પુત્રી રત્નવતી પણ તેની સાથે ભણતી હતી. એક દિવસ એકાંતમાં પુણ્યસારે તેને પુરુષોની નિંદા ન કરવા કહ્યું. તેણે પણ એક દિવસ પુરુષ સાથે જ પરણવું પડશે, એમ સમજાવી. રત્નવતીએ અભિમાનથી તેને મૂર્ખશિરોમણિ કહી જણાવ્યું કે, પોતે લગ્ન કરશે તો પણ કોઈ અસાધારણ પુણ્યવાન સાથે જ. પુણ્યસારની તેની સાથે વિવાહ કરવાની માગણી રત્નવતીએ નકારી. પુણ્યસારે તો ઘેર આવી અન્નજળનો ત્યાગ કરવાનું ઇમાણ કરી રત્નવતીની સાથે પરણવાની હઠ લીધી. પુરંદર શેઠે રત્નસાર પાસે તેમની દીકરીનું માગું કરતાં રત્નસારે હા પાડી, પરંતુ રત્નવતીએ પિતાને કહ્યું કે, જો મને પુણ્યસાર સાથે પરણાવશો તો હું અગ્નિપ્રવેશ કરીશ. પુરંદરે ઘેર આવીને પુણ્યસારને કહ્યું કે, એવી ઉદ્ધત કન્યા તારે યોગ્ય નથી. પુણ્યસારે કુળદેવીની આરાધના કરીને મનવાંછિત સિદ્ધ થવાના આશીર્વાદ મેળવ્યા. ભણતર પૂરું કર્યા પછી તે જુગારના વ્યસને ચડી ગયો. એક દિવસ પુરંદર શેઠને ત્યાં રાજાએ થાપણ તરીકે મૂકેલો રત્નહાર ઉઠાવી લઈને તે જુગારમાં હારી ગયો. એ વાતની જાણ થતાં પિતાએ તેને ઘર બહાર હાંકી કાઢ્યો. પુણ્યસાર નગરની બહાર જઈ રાત્રિ પસાર કરવા વડના ઝાડના કોટરમાં ભરાઈ બેઠો. પછી શેઠાણીના આગ્રહથી શેઠ પુત્રને ખોળવા ગયા. લાંબા સમય સુધી પતિ અને પુત્ર ઘેર ન આવતાં શેઠાણી ચિંતામાં પડી ગયાં.

૨. બીજી તરફ પુણ્યસાર જે વડના ઝાડના કોટરમાં ભરાયો હતો તે વડ ઉપર બે દેવીઓ વચ્ચે થતી વાતચીત તેણે સાંભળી. તેઓ ક્યાંક કૌતુક જોવા જવા વિશે વાત કરતી હતી. વલભીનગરીમાં સુંદરશેઠ સાત કન્યાઓનાં લગ્ન જોવા જવાનું નક્કી કરી તે દેવીઓએ વડના ઝાડને મંત્રશક્તિથી ઉડાડ્યું અને વલભીના ઉદ્યાનમાં ઉતાર્યું. બન્ને દેવીઓ નૃત્યાંગનાના રૂપે સુંદરશેઠને ત્યાં જવા નીકળી. તેમની પાછળ પાછળ પુણ્યસાર પણ વિવાહમંડપમાં પહોંચ્યો. સુંદરશેઠે ગણપતિ પાસેથી વરદાન મેળવેલું કે, પૂજા પછીના સાતમે દિવસે તેની કન્યાઓને યોગ્ય વર આવી પહોંચશે. આથી તેણે આવી પહોંચેલા પુણ્યસારને ગણપતિએ મોકલેલો વર સમજી સાતેય પુત્રીઓનું પાણિગ્રહણ તેની સાથે કરાવ્યું. વિવાહવિધિ પછી પુણ્યસાર પોતાની સ્ત્રીઓ સાથે પ્રશ્નોત્તર, શ્લોકરચના વગેરેમાં થોડો સમય વીતાવી દિશાએ જવાના બહાના નીચે બહાર નીકળી, ખડીથી દીવાલ ઉપર પોતાનો પરિચય આપતો એક શ્લોક લખી, ત્યાંથી છટકી ગયો અને વડના ઝાડના કોટરમાં ભરાઈ બેઠો. કન્યાઓના કેટલાક અલંકાર તે ઉઠાવી

લાવેલો થોડી વારમાં બંને દેવીઓએ આવી વડના ઝાડને ઉડાડી મૂળસ્થાને લાવી મૂક્યું. પુરંદર શેઠ પણ આખી રાત પુત્રની શોધ કરી થાક્યા અને સવાર થતાં પેલા વડના ઝાડ નીચે આવી બેઠા. એ જ વખતે કોટરમાંથી બહાર નીકળતા પુણ્યસારે પોતાના પિતાને જોયા. બંને જણ ઘરે આવ્યા. વલભીથી લાવેલા બધા અલંકારોને વેચીને પુણ્યસારે રાણીનો હાર છોડાવી રાજાને મોકલી આપ્યો અને જુગારનું વ્યસન છોડી દઈ પિતાની સાથે તે વેપારમાં જોડાયો.

૩. પેલી બાજુ પતિ પાછો ન ફરતાં મોટી બહેન ગુણસુંદરીએ તેની છ નાની બહેનોને એ વિશે જણાવ્યું. પછી ગુણસુંદરીએ દીવાલ ઉપર પુણ્યસારે લખેલો શ્લોક વાંચ્યો અને તેને આધારે પુણ્યસાર ગોપાચલ નગરનો રહેવાસી હોવાનું જાણ્યું. છ માસમાં પતિની ભાળ મેળવવાની ગુણસુંદરીએ પ્રતિજ્ઞા લીધી. પુરુષવેશે તે ગોપાચલ નગર આવી. ગુણસુંદર નામ ધારણ કરીને તે વેપાર કરવા લાગી. થોડા દિવસમાં સફળ વેપારી તરીકે તેની કીર્તિ ચારે બાજુ પ્રસરી ગઈ. એક દિવસ ગુણસુંદરને જોઈ રત્નવતીએ પોતાને તેની સાથે પરણાવવા પિતાને વિનંતી કરી. રત્નસાર શેઠના આગ્રહથી ગુણસુંદરને રત્નવતીનું પાણિગ્રહણ કરવું પડ્યું. પુણ્યસારે રત્નવતીનો વિવાહ થઈ ગયાની વાત સાંભળી કુળદેવી સમક્ષ આપઘાત કરવા પ્રયાસ કર્યો, ત્યારે દેવીએ તેને વાર્યો અને રત્નવતી તેની જ સ્ત્રી થશે એમ જણાવ્યું. છ માસમાં પતિશોધની પ્રતિજ્ઞા પૂર્ણ ન થતાં ગુણસુંદર રૂપે રહેલ ગુણસુંદરીએ અગ્નિપ્રવેશ કરવાની તૈયારી કરી. રાજાએ એમ કરવાનું કારણ પૂછતાં તેણે પ્રિયજનનો વિયોગ હોવાનું કહ્યું. રાજાએ પુણ્યસારને ગુણસુંદરના અગ્નિ-પ્રવેશની તૈયારીનું કારણ જાણી લાવવા કહ્યું. ગુણસુંદરને પૂછતાં તેણે જણાવ્યું કે, પોતાનું દુઃખ કહેવાય એવું નથી. પુણ્યસારે પણ પોતે વલભીમાં રહેલી તેની પ્રિયાઓના વિરહને કારણે દુઃખી હોવાની વાત કરી. સમદુઃખિયાં હોવાને કારણે વિશ્વાસ બેસતાં ગુણસુંદરીએ પોતે ખરેખર તો પુરુષવેશે સ્ત્રી હોવાની, પોતાને પરણીને તરત તેનો બીજી બધી રીતે અજ્ઞાત પતિ તે માત્ર ગોપાચલનો હોવાની વાત જણાવીને ચાલ્યો ગયો હોવાની, અને પોતે તેને છ માસમાં શોધી કાઢવાની પ્રતિજ્ઞા સાથે અહીં આવી હોવાની પુણ્યસારને વાત કરી. ત્યારે પુણ્યસારે તે વ્યક્તિ પોતે જ હોવાનું કહ્યું. ગુણસુંદરીએ પોતાનો પુરુષવેશ ત્યજી સ્ત્રીનો પોશાક મંગાવી ધારણ કર્યો. રાજા અને લોકો સઘળી હકીકત જાણી ચકિત થઈ ગયા. રાજાએ રત્નસારને કહ્યું કે, હવે સ્વાભાવિક રીતે જ રત્નવતીનો સ્વામી પુણ્યસાર થઈ ગયો. વલભીથી બાકીની છ પરિણિતાઓને બોલાવી લઈને પુણ્યસાર આઠેય પત્નીઓ સાથે સંસારસુખ માણવા લાગ્યો. પુરંદર શેઠે પુણ્યસારને ઘરનો કારભાર સોંપી દઈ દીક્ષા લીધી.

[આધાર : **'પુણ્યસારચરિત્ર ચઉપઈ'**]

**પુરુષચરિત્ર અને સ્ત્રીચરિત્ર (વેતાલપચીસી–૧, ત્રીજી કથા)** : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી શબને ઉતારી પોતાની પીઠ પર બાંધીને મૂંગે મૂંગે લઈ આવતો હતો ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને ફરી પાછી એક સમસ્યાગર્ભ કથા કહી :

૧. કાશીની રાજકુંવરી પુષ્પાવતીનાં લગ્ન મધ્યપ્રદેશના રાજા સાથે થયાં હતાં. સાસરે જતાં કન્યાએ પોતે પાળેલી સારિકાને એક પોપટ સાથે એક જ પાંજરામાં રાખી, તે પાંજરું શયનખંડમાં લટકાવ્યું. રાત પડતાં સારિકાને પોતાની સાથે મોજ કરવા પોપટે કહ્યું, ત્યારે સારિકાએ પુરુષ દુષ્ટ હોઈને તેનો સંગ કરવાની ના પાડી. પોપટે પુરુષ નહીં પણ સ્ત્રી દુષ્ટ હોવાનું કહ્યું. એમનો સાંવાદ સાંભળી રાજાએ બન્ને વચ્ચેના વિવાદનું કારણ પૂછ્યું. સારિકાએ પુરુષની દુષ્ટતાના સમર્થનમાં નીચેનું દૃષ્ટાંત કહ્યું.

૨. "એલાપુર નગરના મહાધન શેઠનો પુત્ર ધનક્ષય પુણ્યવર્ધન નગરના ઉભયચંદ્ર શેઠની પુત્રી રાજમતીને પરણ્યો હતો. પિતા મરણ પામતાં ધનક્ષય જુગારમાં બધું ધન હારી ગયો. પછી તે રાજમતીને પિયર તેનું આણું કરવા ગયો. તેને લઈને આવતાં રસ્તામાં તેણે તેના દાગીના ઉતારી લઈ જંગલમાં એક કૂવામાં ધકેલી દીધી. પછી જુગારમાં ફરીથી તે બધું હારી ગયો. કૂવામાં પડેલી રાજમતીને વટેમાર્ગુઓએ કૂવામાંથી બહાર કાઢીને તેને પિયર પહોંચાડી. રાજમતીએ માતાપિતાને બનાવટી વાત કરી કે અમને રસ્તામાં ચોરલૂંટારાઓ-એ લૂંટી લીધાં અને અમે જુદાં પડી ગયાં. પતિનું શું થયું તે વિશે કશી ખબર ન હોવાનું પણ જણાવ્યું. જુગારમાં પત્નીનાં ઘરેણાં હારી ગયેલો ધનક્ષય ફરી સાસરે આવ્યો. ત્યાં તેણે પોતાની પત્નીને જીવતી જોઈ. તેને પાછો ચાલ્યો જતો રાજમતીએ રોક્યો અને સખી સાથે સંદેશો કહેવડાવ્યો કે, માતાપિતાને મેં તમારો દોષ બતાવ્યો નથી, પણ ચોરલૂંટારાએ લૂંટી લીધાની બનાવટી વાત કહી છે. ધનક્ષયને આવેલો જોઈ સૌ હરખાયાં." આટલી વાત કરી સારિકાએ કહ્યું કે, આ ઘટના મેં જાણી ત્યારથી હું પુરુષને ઇચ્છતી નથી.

૩. આના પ્રતિવાદ તરીકે પોપટે સ્ત્રીની દુષ્ટતા વિશે નીચેનું દૃષ્ટાંત કહ્યું : 'કાંચનપુરના સાગરદત્ત શેઠનો પુત્ર શ્રીદત્ત શ્રીપુરનગરના શેઠ સમુદ્રદત્તની પુત્રી જયશ્રીને પરણ્યો હતો.

બંને એકબીજાને ખૂબ ચાહતાં હતાં. થોડા સમય બાદ શ્રીદત્ત જયશ્રીને તેને પિયર મૂકીને પરદેશ ગયો. એક વાર પોતાના પિતાને ત્યાં અગાશીમાં બેઠેલી જયશ્રીએ એક સુંદર પુરુષને પસાર થતો જોયો. કામાતુર થયેલી તેણે પોતાની સખી માલણને મોકલી પેલા પુરુષ પાસે મિલનની માગણી કરી. પુરુષે રાત્રે માલણને ત્યાં આવવાનું કહ્યું. માલણને ઘેર બંનેએ સુખસંભોગ કર્યો. આ પછી તો બંને જણનો રોજ સંગમ થતો. કેટલાક સમયે પરદેશથી પાછો ફરેલો શ્રીદત્ત જયશ્રીનું આણું કરવા આવ્યો. પતિની સાથે ઓરડામાં સૂતેલી જયશ્રી પતિને ઊંઘી ગયેલો જોઈ, પોતાના પ્રેમીને મળવા ઘર બહાર નીકળી. તેને મધરાતે એકલી જતી જોઈને એક ચોર તેની પાછળ પાછળ ગયો. માલણને ત્યાં પ્રેમીનો સંગ કરી જયશ્રી પાછી આવી પતિની સાથે સૂઈ ગઈ. બીજે દિવસે નક્કી કર્યા મુજબ તે રાત્રે ચૌટામાંના વડ હેઠળ પ્રેમીને મળવા ગઈ. પણ તેની વાટ જોતા પ્રેમીને ચોર જાણીને કોટવાલે મારી નાખ્યો. કામાતુર થયેલી જયશ્રીએ તેના શબને આલિંગન દીધું. વડ પર રહેતાં યક્ષે એ જોયું. તેને જયશ્રીને ભોગવવાની ઇચ્છા થતાં તે પેલા શબમાં પેઠો. જયશ્રીની સાથે તેણે સંભોગ કર્યો અને પછી જયશ્રીનું નાક કરડી લઈ યક્ષ શબમાંથી નીકળી ગયો. કરડેલું નાક શબના મોઢામાં રહી ગયું. ચોરે એ બધું જોયું. લોહી દડદડતા ચહેરે જયશ્રીએ માલણને ત્યાં જઈ બનેલી ઘટના કહી. પછી તેની સલાહ પ્રમાણે ઘરે આવી પતિની શય્યામાં બેસી રડારોળ કરતી ધાંટા પાડવા લાગી કે, મારા વરે મારું નાક કાપી નાખ્યું. બધાં કુટુંબીજનો દોડી આવ્યાં. શ્રીદત્તને પકડી રાજા પાસે ખડો કર્યો. રાજાએ તેને શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો. તે વખતે ચોરે આવીને પોતે પ્રત્યક્ષ જોયેલી બીના કહી. રાજાએ ખાતરી કરવા શબને મંગાવીને તપાસ કરી, તો તેના મોઢામાંથી નાકનો કટકો નીકળ્યો. જયશ્રીના અપરાધ અને દુરાચારની ખાતરી થતાં રાજાએ શ્રીદત્તને મુક્ત કર્યો અને જયશ્રીને અવળે ગધેડે બેસાડી ગામમાંથી કાઢી મૂકી.' આ પ્રમાણે પોપટે સ્ત્રીની દુષ્ટતાનું દૃષ્ટાંત કહ્યું.

આટલી કથા કહીને વેતાળે વિક્રમરાજાને પૂછ્યું, 'કહે, કોણ વધુ દુષ્ટ, સ્ત્રી કે પુરુષ? તું જાણતો હોય અને બોલીશ નહીં તો એનું પાપ તને.' વિક્રમ બોલ્યો: 'એમાં સ્ત્રી વધુ દુષ્ટ આ રીતે વિક્રમે મૌનભંગ કર્યો, એટલે શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[સંદર્ભ : **'વેતાલપચીસી'–૧** ત્રીજી કથામાં સારિકાએ અને પોપટે કહેલી દૃષ્ટાંતકથા]

[આધાર : **'વેતાલપચીસી'–૧**, ત્રીજી કથા]

**પૂંછડું પકડયું તે પકડયું** : એક મુખીનો છોકરો તેના બાપના મોત પછી કશું કામકાજ કર્યા વિના આળસુ બની પડી રહેતો. એક વાર દુઃખી થઈ રોતી તેની માતાએ તેને કહ્યું: 'આપણે દળદરથી આટલાં દુઃખી છીએ, પણ તને કશી ચિંતા થાય છે? તારા બાપ કેટલો વ્યવસાયવેપાર કરતા?' છોકરાને આથી ચટકો લાગ્યો અને એણે બાપની જેવો ઉદ્યમી થવાની માતાને ખાતરી આપી. પછી તે ચોરે જઈ ગામના મોટેરાની સાથે બેઠો. એટલામાં દોરડું તોડીને નાસી જતા ગધેડો અને તેને પકડવા પાછળ પડેલો કુંભાર ચોરા પાસેથી નીકળ્યા. કુંભારે બૂમ પાડી : 'કોઈ ગધેડાને પકડો, પકડો.' ગધેડો પકડી આપવા માટે કુંભાર કાંઈક આપશે એવી આશાએ મુખીનો છોકરો દોડ્યો અને તેણે ગધેડાને પૂંછડેથી ઝાલ્યો. ગધેડાએ લાતો ઝૂડવા માંડી. આસપાસના લોકોએ 'પૂંછડું છોડી દે,' એવી બૂમો પાડવા છતાં તે ન માન્યો. અંતે લાતના મારથી બેભાન થઈ તે ભોંય પર પડ્યો.

[સંદર્ભ : **'જંબૂકુમાર'**, ઘટક ૧૦, કનકશ્રીએ કહેલું દૃષ્ટાંત]

**પૃથ્વીચંદ્ર રાજા** (પુણ્યના ફળ વિશે) : **૧.** મહારાષ્ટ્ર દેશના પ્રતિષ્ઠાન નગરમાં રાજા પૃથ્વીચંદ્ર રાજ્ય કરતો હતો. પરમહંસ તેનો પ્રધાન હતો. સ્વપ્નમાં એક સુંદરીએ રાજાના કંઠમાં વરમાળ નાખી. વળતે દિવસે રાજસભામાં અયોધ્યાના રાજદૂતે આવીને કહ્યું: 'અમારા રાજા સોમદેવ અને રાણી કમલલોચનાની કન્યા રત્નમંજરી જુવાનીમાં આવી ત્યારે એક વાર ચોમાસામાં સોમદેવે કરાવેલું સરોવર જળે ભરાઈ જતાં રાજા મહોત્સવ કરાવી પરિવાર સહિત સરોવર જોવા આવ્યો. રત્નમંજરી આવીને રાજાના ખોળામાં બેઠી. તે વેળા સરોવરમાંથી એક રાજહંસ ઊડી આવીને રાજાના હાથ પર બેઠો. કુંવરીએ તે માગ્યો, એટલે રાજાએ તેને આપ્યો. હંસે જમણી પાંખ વિસ્તારી, તેની નીચે કુંવરીને ઢાંકી દઈ તેને લઈને ઊડયો. રાજા 'દોડો, દોડો,' એમ દેકારો કરતો તેની પાછળ ધસ્યો, ચોતરફ બુમરાણ મચી ગઈ. હંસ કુંવરીને લઈ સરોવરમાં પેસી અદૃશ્ય થઈ ગયો. તારાઓ સરોવરને ડહોળી વળ્યા, પણ હંસનો પત્તો ન લાગ્યો. આ વાતને છ માસ વીતી ગયા ત્યારે એક વાર માળીએ આવીને રાજાને વસંતઋતુનું આગમન થયાના સમાચાર આપ્યા. રાજા ઉદ્યાન જોવા ગયો, પેલું સરોવર જોઈને તેને કુંવરી સાંભરી. તે વેળા સરોવરમાંથી એક પુરુષ બહાર આવ્યો. તેણે સરોવરમાંથી એક કમળનું ફૂલ લઈને રાજાના હાથમાં આપ્યું, એટલે તે ફૂલમાંથી કુંવરી રત્નમંજરી નીકળી. ઉત્સવ ઊજવી કુંવરી સાથે રાજા આવાસે આવ્યો. તે કુંવરીની ઘટનાનો વિચાર કરતો હતો ત્યાં

આકાશવાણી થઈ: 'ભવિષ્યમાં આ ઘટનાનો ખુલાસો કેવળજ્ઞાન ધરાવતા મુનિ કરશે. તે પછી રાજાએ રત્નમંજરીના સ્વયંવરની તૈયારી કરી. બધા રાજવીઓ પાસે દૂત પાઠવ્યા. તે અનુસાર હું તમને નિમંત્રણ આપવા આવ્યો છું.'

૨. પૃથ્વીચંદ્ર સેના સહિત સ્વયંવરમાં જવા ઊપડ્યો. માર્ગમાં એક ભયંકર અટવી આવી. તેમાં સામે વિકરાળ ભીલોના ઝૂંડને આક્રમણ કરવા આવતું દીઠું. રાજાને ચિંતા થઈ. તેટલામાં તો આખી સેના સહિત રાજા અટવી ઉપર થઈને આકાશમાર્ગે તેને પેલે પાર, એક નગર પાસે પહોંચી ગયો. સેનાએ આને પૃથ્વીચંદ્રના પુણ્યનો ચમત્કાર માન્યો. આંબાના ઝાડ નીચે સૌએ ઉતારો કર્યો. તેટલામાં નાસતો, રડતો એક માણસ પૃથ્વીચંદ્રને શરણે આવ્યો. પાછળ તેને પકડવા હથિયારધારી નગરરક્ષક આવ્યા. તેમણે રાજાને કહ્યું : 'અસંખ્ય ચોરીઓ કરનાર આ ચોર ગઢની ખાળમાં પેસતાં પકડાયો, પણ બંધન તોડીને તે નાઠો અને અત્યારે તમારે શરણે આવ્યો છે. તો ચોરને અમને સોંપી દ્યો, નહીં તો, તમારે પદ્મપુર નગરના રાજા સમરકેતુના કોપના ભોગ બનવું પડશે.' પૃથ્વીચંદ્રના સંકેતથી તેના સૈનિકોએ એ રક્ષકોને નસાડી મૂક્યા. સમરકેતુ રાજા યુદ્ધ કરવા આવ્યો. તેણે મોકલેલ દૂતને પૃથ્વીચંદ્રે અપમાનિત કરી કાઢી મૂક્યો. ઘોર યુદ્ધ થયું. પૃથ્વીચંદ્રની સેનામાં ભંગાણ પડ્યું. રાજાને ચિંતા થઈ. તેટલામાં એક વીર અંતરિક્ષમાં દેખાયો. તેને જોતાં જ દુશ્મનોના હાથમાંનાં હથિયાર પૃથ્વીચંદ્રના સૈનિકોના હાથમાં આવી ગયાં. સમરકેતુને બાંધી પૃથ્વીચંદ્રના પગ પાસે મૂકીને તે વીર અદૃશ્ય થઈ ગયો. પૃથ્વીચંદ્રે સમરકેતુને મુક્ત કર્યો. પોતે શરણાગતવત્સલ હોવાનું જણાવ્યું. પછી પેલા ચોરે અનુગ્રહથી ગળગળા થઈ જઈને પોતાની વાત કહી :

'હું અંગદેશના શ્રીપુરી નગરના લક્ષ્મીધર શ્રેષ્ઠીનો પુત્ર. પિતાના મૃત્યુ સાથે સંપત્તિ નષ્ટ થઈ. વહાણમાં કરિયાણાં ભરીને હું પરદેશ જવા નીકળ્યો. સમુદ્ર વચ્ચે તોફાન નડ્યું. ખડક સાથે વહાણ અથડાઈને ભાંગી પડ્યું. પાટિયું પકડી દિવસે હું કાંઠે આવ્યો. વનમાં મળેલા એક યોગીએ મને બંધનછોડણી વિદ્યા આપીને બદલામાં મારું મસ્તક માગ્યું. નાસીને હું આ નગરના ગઢની ખાળમાં પેસી રાત રહ્યો, ત્યાં તો રક્ષકોએ મને પકડ્યો. મને હવે વૈરાગ્ય ઊપજ્યો હોઈને હું તાપસી દીક્ષા લઈશ. તે સાંભળી સમરકેતુ રાજાને પણ વૈરાગ્ય ઊપજ્યો. પૃથ્વીચંદ્રના કહેવાથી તે બંનેએ તાપસી દીક્ષા લેવાને બદલે ત્યાં આવી પહોંચેલા ચારણમુનિ પાસે જૈન દીક્ષા લીધી. પૃથ્વીચંદ્રે પદ્મપુર નગર પરમહંસ પ્રધાનને સોંપ્યું. પછી તે અયોધ્યા પહોંચ્યો. સોમદેવ રાજાએ તેને ઉતારો દીધો. પૃથ્વીચંદ્ર સ્વયંવરમંડપમાં આવ્યો. કન્યા વરમાળા લઈને આવી. પ્રતિહારી યશોધરાએ કન્યાની પાસે મગધ, વારાણસી, વિદર્ભ, ગૌડ વગેરે દેશોના રાજાઓનું વર્ણન કર્યું. રત્નમંજરીએ પૃથ્વીચંદ્રના કંઠમાં વરમાળા આરોપી.

૩. તે વેળા ધૂમકેતુ રાજા, જેને ધૂમકેતુ દેવનો મંત્ર સ્ફુરતો હતો તેણે ક્રોધે ભરાઈને પોતાની તલવાર ઉછાળી. તલવાર ફાટીને ભયંકર વેતાળ બની ગઈ. તેથી સૌ ભયભ્રાંત થઈ ગયા. તે દરમિયાન ધૂમકેતુ રાજાએ કન્યાને ઊંચકીને પોતાના રથમાં નાખવાનો પ્રયાસ કર્યો. સૌ રાજાઓ તેના તરફ ધસ્યા. પણ વેતાળે અંધકાર ફેલાવી દીધો. અંધકાર છ પહોર રહ્યો. પ્રભાત થયું ત્યારે રત્નમંજરી કુંવરી ગૂમ થઈ હોવાનું જણાયું. રાજસભામાં શોક પ્રસર્યો. તે વેળા સભાની ભોંય ફાટી અને તેમાંથી પ્રગટેલા સિંહાસન પર બેઠેલી દિવ્ય સ્ત્રીના ખોળામાં રત્નમંજરી બેઠી હતી. રત્નમંજરીને નીચે મૂકીને સિંહાસન સહિત તે સ્ત્રી પાછી ધરતીમાં સમાઈ ગઈ. ભોંય પૂર્વવત્ થઈ ગઈ. વિવાહોત્સવ થયો. પૃથ્વીચંદ્ર સોમદેવના આવાસે સુખભોગમાં દિવસો ગાળવા લાગ્યો. એક વાર રાજસભામાં બંને રાજવી બેઠા હતા, ત્યારે ઉદ્યાનપાલે ઉદ્યાનમાં તીર્થંકર ધર્મનાથ આવ્યા હોવાના સમાચાર આપ્યા. (અહીં જૈનોના પંદરમા તીર્થંકર ધર્મનાથનું ચરિત્ર આપ્યું છે.)

૪. સોમદેવ અને પૃથ્વીચંદ્ર ધર્મનાથના સમવસરણમાં (પ્રવચનસભામાં) આવ્યા. તીર્થંકરે ધર્મનાં, પુણ્યનાં ફળ દર્શાવતું પ્રવચન કર્યું. પ્રવચનને અંતે સોમદેવ અને પૃથ્વીચંદ્રે પોતાના ચાર સંદેહ ટાળવા તીર્થંકરને વીનવ્યા : સરોવરની પાળ, અટવી, સંગ્રામ અને સ્વયંવર એ ચાર સ્થાને થયેલા ચમત્કારોનો ખુલાસો પૂછ્યો. તેના ઉત્તરમાં તીર્થંકરે તેમના પૂર્વભવના વૃત્તાંતથી આરંભ કર્યો : ભૃગુકચ્છ નાગરના દ્રોણરાજાના કુંવર સાગર અને પૂરણ હોડીમાં બેસી નર્મદાનદીમાં માછલાં પકડવા ગયા. તે વેળા એક મત્સ્ય બોલ્યો : 'આવું પાપ કરશો તો નરકે પડશો. મારું કહેવું તમે સાચું ન માનો તો તમારા બાપને જઈને પૂછો.' ડરી જઈને કુમારો પાછા ફર્યા. ત્યાં કાંઠે એક મુનિને જોયા. તેમણે તેને નમસ્કાર કર્યા. મુનિએ કહ્યું : 'તમે મારા પૌત્ર થતા હોવાથી મારી ભક્ત વ્યંતરીએ મત્સ્યના મુખમાં ઊતરીને તમને પાપકર્મથી વાર્યા.' મુનિએ પુણ્યકર્મ કરવાનો ઉપદેશ દીધો. પછી તેઓ દાનધર્મ કરવા લાગ્યા. પુત્રોને રાજ્ય આપી દ્રોણરાજાએ રાણી સહિત દીક્ષા લીધી. મૃત્યુ પામી બીજા ભવે તેઓ પાતાળમાં બલીંદ્ર અને તેની ઇંદ્રાણી તરીકે અવતર્યા. સાગર, પૂરણ અને પદ્મશ્રી પુણ્ય કરી દેવલોક પામ્યાં. પછી મનુષ્યલોકમાં અવતર્યાં. સાગરનો જીવ સોમદેવ થયો, પૂરણનો જીવ પૃથ્વીચંદ્ર થયો, પદ્મશ્રી રત્નમંજરી

તરીકે અવતરી. સોમદેવને સરોવરપાળે પુત્રીને વરાવવાની ચિંતા થઈ ત્યારે બલીંદ્રે કુંવરીને પૃથ્વીચંદ્રને માટે રાખી મૂકવા તેનું હંસરૂપે અપહરણ કરીને છ માસ પાતાળમાં રાખી. તેણે જ પૃથ્વીચંદ્રને સ્વપ્ન મોકલ્યું અને અટવીમાં તથા સંગ્રામમાં તેને સહાય કરી. સ્વયંવરમાંથી રત્નમંજરીને ધૂમકેતુ ઉઠાવી જતો હતો ત્યારે ઇંદ્રાણીએ તેને ઉપાડી લઈને છ પ્રહર પાતાળમાં રાખી અને પછી તે તેને પાછી મૂકી ગઈ. ઇંદ્રઇંદ્રાણીએ આમ તેમનો પૂર્વભવનો સ્નેહ દર્શાવ્યો.

તે પછી પૃથ્વીચંદ્ર રત્નમંજરીને લઈને સ્વદેશ આવ્યો. રત્નમંજરીને પટરાણી તરીકે સ્થાપી. ક્રમે કરીને તેમને એક પુત્ર થયો. પૃથ્વીચંદ્રે લાખો વર્ષ રાજ કર્યું. એક વાર કાનડદેશનો રાજા પ્રતિષ્ઠાન નગર પર ચઢી આવ્યો. પૃથ્વીચંદ્ર તેનો સામનો કરવા જવા જ્યારે હાથી પર ચડ્યો ત્યારે તેના મનમાં વિમાસણ થઈ : 'હું બાહ્ય વેરીની પાછળ દોડું છું તે કરતાં અંતરંગ વેરીની પાછળ કેમ ન દોડું ?' એમ ચીંતવતાં તેને શુકલધ્યાન ઊપજ્યું, કેવળજ્ઞાન ઊપજ્યું. લોકોને ઉપદેશ દઈને અંતે તે સિદ્ધિએ પહોંચ્યો.

[આધાર : '**પૃથ્વીચંદ્રચરિત્ર**']

**પ્રિયમેલક તીર્થ** : જુઓ, '**સિંહલકુમાર**'

**પ્રેમનાં પારખાં (=હસવામાંથી હાણ) (વેતાલપચીસી–૨, પહેલી કથા)** : સિધ્ધને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા સિદ્ધવડ પરથી શબને ઉતારી પીઠે બાંધીને મૂંગો મૂંગો લઈ જતો હતો, ત્યારે શબે વિક્રમનો મૌનભંગ કરાવવા તેને નીચેની સમસ્યાગર્ભ કથા કહી. વિક્રમ હોંકારો દીધા વિના તે સાંભળતો હતો.

એક બ્રાહ્મણને ત્યાં અનેક શિષ્યો ભણતા હતા. એ શિષ્યોમાંથી આભલશર્મા નામના પરદેશી વિદ્યાર્થી જોડે કુંકુંમરોલ નામની એક કન્યાને પ્રેમ થયો. આ પ્રેમસંબંધની વાત કુંકુંમરોલે પોતાની હજામડીસખીને કરતાં કહ્યું: 'હું આભલશર્મા સાથે જ પરણીશ, બીજા કોઈ સાથે નહીં. એના વિના પ્રાણત્યાગ કરીશ ?' આ વાત તે હજામડીએ પોતાના પ્રેમી-વિદ્યાર્થી નરસંગને કહી અને ઉમેર્યું કે, તેમની વચ્ચે એટલી બધી પ્રીતિ છે કે આભલશર્માનું કદાચ કોઈ કારણે મૃત્યુ થાય તો કુંકુંમરોલ પણ પ્રાણત્યાગ કરે'.

આ પછી નરસંગે આ વાત આભલશર્માને કહી અને ઉમેર્યું': 'સ્ત્રીઓ આપણી પાસે અનેક પ્રકારના જૂઠાં પ્રીતિના સમ ખાય છે.' આભલશર્માની સંમતિથી કુંકુંમરોલના પ્રેમનું પારખું કરવા ગમ્મતમાં એક યોજના સાથી વિદ્યાર્થીઓએ ઘડી કાઢી. આભલશર્માને ઘરમાં છુપાવીને બીજા વિદ્યાર્થીઓ ભિક્ષા માગવા ગયા. કુંકુંમરોલે આભલશર્મા અંગે પૂછતાં તેને અસાધ્ય રોગ થયો હોવાનું વિદ્યાર્થીઓએ કહ્યું. આ વાત સાંભળી કુંકુંમરોલે અન્નત્યાગ કર્યો. સાત દિવસ પછી આભલશર્મા મરી ગયો હોવાનું જાહેર કરી વિદ્યાર્થીઓ રોકકળ કરીને તેને ઠાઠડીમાં બાંધીને સ્મશાન લઈ ચાલ્યા. પાણી ભરવા જતી કુંકુંમરોલે આ જોયું. બેડું ઘરે મૂકી, વાળ છૂટા મૂકી, તેણે આભલશર્મા સાથે ચિતા પર ચઢી સતી થવાનો નિર્ણય જાહેર કર્યો. માબાપ અને સગાંસંબંધીઓએ તેને એમ ન કરવા ઘણું સમજાવી, પણ તે ન માની. આભલશર્માની સાથે તે ચિતા પર ચઢી બેઠી. ગમ્મતનું આવું પરિણામ જોઈ ગભરાયેલા વિદ્યાર્થીઓ આડા-અવળા થઈ ગયા. એટલામાં આભલશર્માએ આંખ ઉઘાડી, પગ ખેંચ્યો અને હળવેથી હસ્યો. કુંકુંમરોલ વિદ્યાર્થીઓએ કરેલું તરકટ સમજી ગઈ, પણ હવે પોતાની ફજેતી થાય, તે કારણે તે ચિતા પર આગ ચાંપી આભલશર્મા સાથે બળી મરી.

આટલી કથા કહી શબે વિક્રમને પૂછ્યું: 'હે રાજા, આ સ્ત્રીહત્યા અને બ્રહ્મહત્યાનું પાપ કોને લાગે ? તું જાણતો હોય અને બોલીશ નહીં તો એ પાપ તારે માથે.' વિક્રમે ઉત્તર આપ્યો: 'બંને હત્યાનું પાપ હજામડી માથે'.

આ રીતે વિક્રમે મૌનભંગ કર્યો એટલે શબ ઊડીને સિદ્ધવડ ઉપર પહોંચી ગયું.

[આધાર : '**વેતાલપચીસી**'–૨, પહેલી કથા]

**પ્રેમલાલચ્છી** : જુઓ **ચંદરાજા અને પ્રેમલાલચ્છી**

**બગલો અને કરચલો** (બળિયા શત્રુનો નાશ કરતા નિર્બળ વિશે દૃષ્ટાંતકથા) (**પંચાખ્યાન, ઘટક ૨.૫**) : જલચરોથી ભરેલા એક સરોવર પાસે રહેતો એક બગલો વૃદ્ધ થયાથી માછલાંને પકડવા અશક્ત હોવાથી, પાસે આવે તે માછલાંના આહારથી ચલાવતો. એક કરચલાએ આવીને તેને પૂછ્યું: 'મામા, તમે હવે માછલાં કેમ નથી પકડતા ?' બગલાએ કહ્યું: 'મેં સાંભળ્યું કે, માછીમારો જાળ નાખીને બધાં જળચરોને પકડશે. તમારું બીજ પણ નહીં રહે. આથી દુ:ખી દુ:ખી થઈ ગયો છું. તો ચાલો હું તમને સૌને નગર પાસેના એક મોટા ધરામાં લઈ જઉં.' બધાં જળચર રાજી થયાં. બગલો સારા માછલાને એક એક કરી લઈ જઈ, શિલા

પર પછાડીને મારી ખાતો અને બાકીનાંને તેમના ખોટા કુશળસમાચાર કહેતો. એક વાર કરચલાના કહેવાથી તેને તે ઉપાડી લઈ ગયો. 'ક્યાં છે પેલો ધરો ?' એમ કરચલાએ પૂછ્યું, એટલે બગલાએ શિલા દેખાડી કહ્યું 'આ રહ્યો ધરો. અહીં હું તારું ભક્ષણ કરીશ.' કરચલો પેલી શિલા પર જળચરોનાં હાડકાં પડેલાં જોઈને બગલાનું કપટ સમજી ગયો. તેણે પોતાના દાંતથી બગલાની કોમળ ડોક કરડી ખાધી. પછી તેનું ગળું પકડી ધીરે ધીરે તે પોતાના સરોવરે પહોંચ્યો અને બગલાના કૂડા આચરણની જળચરોને જાણ કરી.

[સંદર્ભ : **'પંચાખ્યાન બાલાવબોધ'** ઘટક ૨.૫; શિયાળે કાગડાને કહેલું દૃષ્ટાંત, જુઓ : **કાગડાનું જોડું અને કાળો નાગ**]

**બગલો, સાપ અને નોળિયો (પંચાખ્યાન,** ઘટક ૨.૧૭) : એક વનમાં સરોવરના કાંઠે એક વૃક્ષ ઉપર બગલો-બગલી રહેતાં હતાં. એ વૃક્ષના પોલાણમાં રહેતો સાપ તેમનાં બચ્ચાં ખાઈ જતો. બગલાબગલીને સરોવરકાંઠે દુઃખી થઈ બેઠેલાં જોઈને કરચલાએ દુઃખનું કારણ પૂછ્યું. તેમણે સાપની રંજાડની વાત કરી. પોતાના આ શત્રુઓનો પણ કાંટો નીકળી જાય એવો ઉપાય કરચલાએ તેમને બતાવ્યો. ત્યાં રહેતા નોળિયાના દરથી તે સાપના રહેઠાણ સુધી માંસ વેરવું, જેથી કરીને નોળિયો સાપને મારી નાખશે. બગલાએ એ પ્રમાણે કર્યું, એટલે નોળિયાએ પહેલાં સાપને અને પછી બધાં બગલાંને મારી ખાધાં.

[સંદર્ભ : **'પંચાખ્યાન બાલાવબોધ'** ઘટક ૨.૧૭, : કરટકે દમનકને કહેલ **ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિની** દૃષ્ટાંતકથામાં પાપબુદ્ધિના પિતાએ આપેલું દૃષ્ટાંત]

**બત્રીસપૂતળીની વાર્તા** : જુઓ **'સિંહાસનબત્રીસી'–૨**

**બળી મરીને સજીવન થયાનો પ્રપંચ રચી બચતાં નર અને કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** પચીસમી કથા) : દીપો નામનો શ્રાવક. એને બે પત્ની. રૂપાવતી અને હીરા. દીપો દરરોજ ઉપાશ્રયમાં જાય અને ધર્મધ્યાન કરે. ત્યાં ધરમા નામની સ્ત્રી પણ ધર્મધ્યાન કરવા આવતી. તે બન્ને વચ્ચે પરિચય થયો અને પ્રેમસંબંધ બંધાયો. દીપાને પોતાની પત્નીઓમાં અને ધરમાને પોતાના પતિમાં રસ ન રહ્યો. દીપાએ પત્નીઓને કહ્યું: 'મને સંસારમાંથી રસ ઊડી ગયો. હું આમ તો સાધુ થવા માગું છું, પણ હાલ તુરત દેહસંબંધ તજવા માગું છું.' દીપાની પત્નીઓ સમજી ગઈ કે એને વૈરાગ્ય જાગ્યો નથી, પણ એ કોઈ અન્ય સ્ત્રી સાથે સંબંધ ધરાવતો લાગે છે. એટલે એમણે દીપાની આવ-જા પર ચાંપતી નજર રાખવાનું શરૂ કર્યું.

આ બાજુ ધરમાએ પણ પોતાના પતિને કહ્યું: 'મને સંસારમાં રસ નથી. મારું મન ધર્મધ્યાનમાં છે, એટલે હવે આપણી વચ્ચે દેહવ્યવહાર બંધ.' પતિ સમજી ગયો કે, પત્ની કોઈ અન્ય પુરુષમાં લુબ્ધ થઈ લાગે છે. એટલે તેણે પત્નીની આવ-જા પર દેખરેખ રાખવા માંડી.

દીપાએ અને ધરમાએ પોશાળમાંથી એક સુરંગ ખોદી, જે છેક કાલિકાના મંદિર પાસે નીકળતી. તેમણે ત્યાં એક છાપરી બાંધી અને રંગરાગ કરવા લાગ્યાં. છાપરીના છેડે ઘાસના પૂળા મૂકી મોઢું બંધ કરી રાખ્યું. દીપાની પત્નીઓ અને ધરમાનો પતિ પેલાં બંનેની હિલચાલ જોવા તેની પાછળપાછળ ગયાં. તેમણે છાપરીના છિદ્રમાંથી જોયું તો દીપો અને ધરમા રંગરાગ કરતાં હતાં. ધરમાને ખ્યાલ આવી ગયો કે, કોઈક તેમને જોઈ રહ્યું છે અને હવે પકડાઈ જવાશે. દીપાએ પણ આબરૂ જવાનો ભય બતાવ્યો.

આમ છતાં ધરમા હિંમત ન હારી. દીપાને સાનમાં સમજાવી દીધો કે, પોલ પકડાઈ ગઈ છે અને ઊગરવા માટે કંઈક યુક્તિ કરવી પડશે. દીપો સાવધ બની ઊભો થઈ ગયો. ધરમા હાથ જોડી બોલીઃ 'હે ભગવાન, તમે મને આજ્ઞા કરી કે તું તારો દેહ સંયમધર્મી દીપાને સોંપી દે, એટલે તમારી આજ્ઞા પાળવા માટે મેં મારો દેહ સોંપ્યો, પણ વટલાયેલા દેહ સાથે હું હવે જીવતી રહેવા માગતી નથી.' દીપાએ એમાં ઉમેરતાં કહ્યું: 'દેવે મને પણ આજ્ઞા આપી કે સંયમધર્મ સ્વીકાર્યા છતાં તું ધરમાનો દેહ ભોગવ, એટલે મારે મારી પ્રતિજ્ઞાનો ભંગ કરવો પડ્યો. પણ મારે તેમ છતાં પ્રાયશ્ચિત્ત તો કરવું પડશે, એટલે હું પણ તારી સાથે મરીશ.'

આમ બોલી બન્નેએ ઘાસનો પૂળો સળગાવ્યો. બહાર રહેલ ધરમાનો પતિ અને દીપાની પત્ની ધુમાડાને કારણે અંદર શું બને છે તે જોઈ ન શક્યાં. દીપો અને ધરમા ત્યાંથી છટકી ગયાં અને ભોંયરાના માર્ગથી પોશાળમાં આવ્યાં. અંધારામાં દીપો અને ધરમા બન્ને બળી મર્યા એ વાત આખા ગામે જાણી. પરંતુ સવાર પડી ને લોકોને આશ્ચર્ય થયું. દીપો અને ધરમા બંને જીવતાં હતાં.

આ જોતાં જ ભાવિક લોકો બોલી ઊઠ્યા: 'જોયો ચમત્કાર, દેવની આજ્ઞા પાળતાં બન્ને બળી મર્યાં તેમને ભગવાને સજીવન કરી પાછાં મોકલ્યાં.'

[આધાર : **'સૂડાબહોંતેરી',** પચીસમી કથા]

**બિલ્હણ અને શશિકલા–૧** : અણહિલવાડ પાટણમાં વીરસિંહ નામે એક નિ:સંતાન રાજા હતો. કેટલાક સમય પછી તેને ત્યાં દીકરીનો જન્મ થતાં તેનું શશિકલા નામ પાડવામાં આવ્યું. શશિકલા યુવાન થતાં નાટ્યશાસ્ત્ર, પિંગળ અને સંગીતશાસ્ત્રમાં પારંગત થઈ. એવામાં એક વાર બિલ્હણ કવિ 'કામક્રીડા' નામે સુંદર કાવ્ય રચી રાજસભામાં આવ્યો. બિલ્હણે તે રાજાને સંભળાવ્યું. રાજાએ ખુશ થઈ તેની નકલ કરાવવાનું વિચાર્યું. પણ બિલ્હણ એક વાર જે બોલે તે તરત જ લખી શકે એવો લહિયો ન મળતાં રાજા ચિંતિત થયો. રાજકુમારી શશિકલાએ તે કામ કરી આપવાની તૈયારી બતાવી. પરંતુ કામક્રીડાના વિષયનું કાવ્ય હોઈને રાજા વિચારમાં પડ્યો. તેણે પ્રધાનને બોલાવી એ અંગે મંત્રણા કરી. પછી રાજાએ શશિકલાને કવિ અંધ હોવાનું કહ્યું. અંધની સામે જોવું અમંગલ હોઈને રાજકુમારીએ બિલ્હણ સામે નહીં જોવાનું વચન આપ્યું. પ્રધાને કવિને કહ્યું: 'કાવ્યના લહિયા તરીકે સેવા આપનાર રાજકુમારી શશિકલા કોઢણી છે.' બિલ્હણે પણ કોઢ થવાના ભયે એને ન જોવાનું વચન આપ્યું. રાજાએ તે બંને એકબીજાને જોઈ ન શકે તે રીતે તેમની વચ્ચે પડદો બાંધીને લેખનકાર્ય શરૂ કરાવ્યું. કવિ જે બોલે તે શશિકલા તરત જ લખી નાખતી. એમ કરતાં ઘણા દિવસ વીત્યા.

એક દિવસ કન્યા કોઈ કારણે વ્યગ્રચિત્ત હતી ત્યારે કવિએ એક કવિત કહ્યું. તેનો પૂર્વાર્ધ શશિકલાએ લખ્યો અને ઉત્તરાર્ધ વારંવાર કહેવા છતાં ન લખી શકી. પછી બિલ્હણ ચૂપ રહ્યો. થોડી વારે શશિકલાએ કહ્યું: 'આંધળા, બોલ.' ત્યારે કવિએ કહ્યું: 'કોઢણી, લખ.' કવિએ આમ કહેતાં શશિકલાને રીસ ચઢી. તેણે પડદો હટાવી લીધો. કવિનું રૂપ જોઈ તે તેના પ્રેમમાં પડી ગઈ. બિલ્હણ પણ શશિકલાના અદ્‌ભુત રૂપને નિહાળી રહ્યો. તેમના લેખનકાર્યમાં ભંગ પડ્યો. શશિકલાના હાથમાંથી લેખિની પડી ગઈ. કવિના હાથમાંથી પુસ્તક પડી ગયું.

એ પછી રાજાએ બિલ્હણ કવિને શશિકલાના આવાસે રહેવાની વ્યવસ્થા કરી આપી કાવ્ય પૂરું કરાવ્યું. રાજાએ કવિને વ્યાસપદું આપ્યું, અને શશિકલાને ભણાવવાની જવાબદારી સોંપી. ભણતાં ભણતાં તે બંને વચ્ચે પ્રેમગાંઠ બંધાઈ. બિલ્હણ અને શશિકલાએ ગાંધર્વવિવાહ કર્યો. બંને અતિશય ક્રીડારત રહેતાં.

બિલ્હણ અને શશિકલા વચ્ચેની પ્રેમગોષ્ઠી ગુપ્તચરો સાંભળી ગયા. તેમણે રાજાને એ વાત જણાવી.

એવામાં એક વાર કવિ રાજસભામાં કથા કરતા હતા ત્યારે ગવાક્ષની જાળીમાંથી શશિકલા જોતી હતી. બિલ્હણે સભામાં શૃંગારવર્ણન કરી સભાજનોનું મનરંજન કર્યું. એ વર્ણનમાં ગોખમાં બેઠેલી શશિકલાના પ્રેમનો સંકેત પણ તેણે ગૂંથી લીધો. રાજાને ગુપ્તચરે કહેલી વાત સાચી લાગી. તે કોપી ઊઠ્યો. બિલ્હણને ચોરની જેમ બાંધી શૂળીએ ચઢાવવાનો આદેશ દીધો. રાજાના સેવકોએ બિલ્હણને બાંધી શૂળી તરફ ચલાવ્યો. અણહિલવાડ પાટણના જાહેર માર્ગો પરથી તેને લઈ જવામાં આવતો હતો ત્યારે તેને નિહાળી રહેલા વિદ્વાનોએ બિલ્હણને ઇષ્ટદેવનું ધ્યાન ધરવા કહ્યું. બિલ્હણ પોતે જેને ઇષ્ટદેવતા માનતો તે શશિકલા–તેની પ્રાણવલ્લભા–નું કાવ્યરૂપે ધ્યાન ધરતાં 'બિલ્હણ પંચાશિકા'નાં પચાસ પદ્ય તેણે રચ્યાં.

બિલ્હણને શૂળી નજીક લઈ જવાયો ત્યારે રાજકુમારી શશિકલા વિરહાકુલ થઈ. એ પછી શૂળી નજીક લવાયેલા બિલ્હણને જોઈ શશિકલાને મૂર્છા આવી ગઈ. શશિકલાની સખીઓએ જઈ રાજાને તેની મૂર્છાના સમાચાર આપ્યા. કેટલાક વૃદ્ધોએ પણ બિલ્હણની વિનંતી સાંભળવા રાજાને વીનવ્યો.

બિલ્હણે કહેવરાવ્યું હતું કે, શશિકલા સાથે તેનો ગત જન્મનો પ્રેમ હતો. ડાહ્યા માણસોએ રાજાને સમજાવ્યો કે, ગમતું મળ્યું હોય તો તેને પાછું ન ઠેલવું. વળી, ભાવિ બળવાન છે તેને નિવારી શકાતું નથી. શશિકલા અને બિલ્હણ પરસ્પરને ચાહતાં હોઈને તે બંનેનો સંયોગ થાય એમ કરવા તેમણે રાજાને સમજાવ્યું અને કહ્યું કે બિલ્હણને શૂળીએ ચઢાવવાથી બ્રહ્મહત્યાનું અને શશિકલા પણ મરશે તેથી સ્ત્રી–હત્યાનું પાપ તમને લાગશે.

છેવટે રાજા પલળ્યો. પ્રધાનોએ શૂળીએથી બિલ્હણને ઉતારી રાજા સમક્ષ રજૂ કર્યો. કામદેવ જેવા તેના રૂપથી પ્રભાવિત થયેલા રાજાએ કરુણા કરી. પ્રધાનોને ઠીક લાગે તેમ કરવા કહ્યું. પ્રધાનોએ બિલ્હણને છોડાવ્યો. રાજાએ શશિકલાને બિલ્હણ સાથે પરણાવી અને ઘણી પહેરામણી કરી. બિલ્હણ અને શશિકલા આનંદપ્રમોદ કરતાં સુખપૂર્વક રહ્યાં.
[આધાર : **'બિલ્હણ–પંચાશિકા'** દામોદરકૃત]

**બિલ્હણ અને શશિકલા–૨** : ઉત્તરદેશમાં શ્રીપુરપાટણ નગરમાં પૃથ્વીચંદ રાજા, તેની પટરાણી પ્રેમાવતી. તેને શશિકલા નામે પુત્રી. ક્રમે કરીને તે યુવાન થઈ અને ચોસઠ વિદ્યા અને સોળ કળા ભણી. તે કોઈ એક પંડિત પાસે 'નૈષધચરિત્ર'નો અભ્યાસ કરતી હતી, પણ કાવ્યનો કેટલોક ભાગ ભણ્યા પછી પંડિતનું અવસાન થયું. તેનો અભ્યાસ અધૂરો રહ્યો. બીજા પંડિતની શોધ કરતાં કલિંગ દેશથી બિલ્હણ પંડિત આવ્યો હતો તે મળ્યો. અનેક વિષયમાં પારંગત પંડિત બિલ્હણની રાજાએ પોતાની પુત્રીના શિક્ષક તરીકે નિમણૂક કરી. રાજપુત્રી અને પંડિત બન્ને યુવાન હોવાથી તેઓ વચ્ચે કોઈ અયોગ્ય કર્મ

ન થાય તે માટે રાજાએ પંડિતને ખોટેખોટું એમ સમજાવ્યું કે, રાજકુમારી આંધળી છે. તો તે વચ્ચે પડદો રાખીને ભણાવે જેથી એને આંધળી રાજપુત્રીનું મુખ જોવું ન પડે.

પુત્રીને બોલાવી રાજાએ એવું ભરમાવ્યું કે, એનો અધૂરો રહેલો અભ્યાસ ચાલુ રાખવા એક પંડિતને રાખવામાં આવ્યો છે. પણ પંડિત કોઢિયો છે. કોઢિયા પંડિતને સ્પર્શીને આવતો વાયુ એના અંગને અડે તો એને પણ કોઢ થાય, તેથી સાવચેતી માટે ભણતી વખતે આડો પડદો રાખવાની ગોઠવણ કરી છે. આ પ્રમાણે નક્કી થયા મુજબ એક એકાંત પરસાળમાં વચ્ચે પડદો રાખીને બિલ્હણ શશિકલાને ભણાવવા લાગ્યો.

અભ્યાસ કરાવતાં એક માસ વીત્યા પછી એક વાર કોઈ કૂટ શ્લોકનો અર્થ શશિકલાને ન સમજાયો, એટલે તેણે ફરી ફરીને એનો અર્થ બિલ્હણને પૂછ્યો. વારંવાર સમજાવવા છતાં શશિકલા તે સમજી શકી નહીં એટલે બિલ્હણે ચીઢાઈને તેને 'આંધળી' કહીને મહેણું માર્યું. આ સાંભળીને રાજકુમારીએ તેને કોઢિયો કહ્યો ને ઉમેર્યું કે, પોતે પોથીમાં જેવું લખેલું છે તેવું જ વાંચે છે. આ સાંભળી બિલ્હણ સમજી ગયો કે રાજકુમારી આંધળી નથી. પણ વધુ ખાતરી કરવા તેણે શૃંગારિક અર્થ ધ્વનિત કરતા આવા અર્થના બે દુહા ચિઠ્ઠીમાં લખ્યા : 'જે નલિનીએ આકાશમાં રહેલો નિર્મળ ચંદ્ર ન જોયો તેનો જન્મારો વ્યર્થ ગયો. જે ચંદ્રે ધરતી પર વિકસતી નલિની ન જોઈ તેનું ઊગવું નિષ્ફળ ગયું.' તે ચિઠ્ઠી તેણે પડદાની અંદર નાખી. રાજકુમારીએ તે દુહા વાંચ્યા અને એનો અર્થ વિચાર્યો અને હૃદયમાં ઝણઝણી થઈ રહી. રાજકુમારીએ પડદો દૂર કર્યો એટલે મદન સરખા પંડિત બિલ્હણને જોયો. તેમની દૃષ્ટાદૃષ્ટ મળી. દૃષ્ટિ સ્થિર થતાં લજ્જા ટળી ગઈ અને પરસ્પર સ્નેહ જામતાં બન્ને કંદર્પક્રીડા કરવા લાગ્યાં. પછીથી તે બન્નેએ ગાંધર્વવિવાહ કરી લીધો. બાદમાં તે બન્ને રાતદહાડો જોયા વગર રતિક્રીડા કરતાં–ભોગ ભોગવવા લાગ્યાં. આમ થોડા દિવસ પસાર થયા. એક વખતે રાજાએ કુંવરીને જોઈ અને તેણીના રૂપમાં ફેરફાર નિહાળતાં રાજા ચમક્યો અને ગુપ્તપણે તપાસ કરતાં સાચું સ્વરૂપ જાણવા મળ્યું. રાજાએ ગુસ્સે થઈ પંડિત બિલ્હણને બોલાવીને બાંધ્યો અને કોટવાલને બોલાવીને તેને ચોર્યાશી ચૌટે ફેરવીને શૂળી ઉપર ચઢાવવાનો હુકમ કર્યો.

આવો આદેશ લઈને કોટવાલ નીકળ્યો કે રસ્તામાં અનેક લોકો એની સાથે થયા. આખું ગામ આ જોવા નીકળી પડ્યું.

શૂળીએ ચઢાવતાં પહેલાં અંતકાળે પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરવા બિલ્હણને પંડિતોએ કહ્યું, એટલે બિલ્હણે કહ્યું કે, એની ઇષ્ટદેવતા શશિકલા છે, તે તેનું સ્મરણ કરશે. પછી સકલસભા–જનસમુદાય સાંભળે તેમ તેણે શશિકલાનું સ્મરણ કર્યું. નગરના ચોર્યાશી ચૌટાંમાં ફરતાં બિલ્હણ કવિએ શશિકલા સાથેની રતિક્રીડાનું વિગતપ્રચુર શૃંગારિક વર્ણન કરતાં ચોર્યાશી પદ્યની શીઘ્રરચના કરી તેમનું ઉચ્ચસ્વરે ગાન કરતો ગયો.

ચોર્યાશી ચૌટાં ફેરવીને અંતે બિલ્હણને શશિકલાના ઘર પાસે, જ્યાં શૂળીની રચના કરવામાં આવી હતી ત્યાં, લાવવામાં આવ્યો. ત્યાં તે શશિકલાની દૃષ્ટિએ પડ્યો. બધું પડતું મૂકીને તે ત્યાં દોડી આવી અને સમગ્ર સભા સમક્ષ એણે જાહેર કર્યું કે, જો બિલ્હણને શૂળીએ ચઢાવીને મારી નાખવામાં આવશે તો તે પણ એની પાછળ મરી જશે.

આ સાંભળી કોટવાલ ચમક્યો અને તે રાજા પાસે દોડી ગયો. રાજાને તેણે સર્વ વાત કહી. રાજા પાસે ઉપસ્થિત પ્રધાને રાજાને સલાહ આપી કે, પંડિતને છોડી દો અને તેની સાથે રાજકુમારીના વિવાહ કરી દો. અન્યથા બે હત્યાનો અપયશ રાજાના શિરે આવશે. પ્રધાનની સલાહ માનીને રાજાએ પોતાની પુત્રી શશિકલા બિલ્હણ સાથે પરણાવી.

[આધાર : **'બિલ્હણ–પંચાશિકા'** જ્ઞાનાચાર્યકૃત]

**બુદ્ધિ અને સિદ્ધિ ( = અતિલોભી વૃદ્ધા)**: એક ગામમાં બુદ્ધિ અને સિદ્ધિ નામની બે ડોશીઓ રહેતી હતી. બુદ્ધિ દરિદ્રતાને કારણે દુઃખી હતી. ગામબહાર એક યક્ષમંદિર હતું. બુદ્ધિએ તેમાંના દેવ ભોલક યક્ષની પૂજા–આરાધના કરીને તેને પ્રસન્ન કર્યો. યક્ષે કહ્યું: 'તને મારા પગ પાસેથી દરરોજ એક સોનામહોર મળશે.' તે પછી બુદ્ધિને રોજ એક સોનામહોર મળવા લાગી. આ રીતે બુદ્ધિની દરિદ્રતા દૂર થઈ. થોડાક વખતમાં તો તેણે મોટો મહેલ, દાસદાસી, વસ્ત્રાભૂષણ વગેરે સુખસામગ્રી વસાવી લીધાં. તેની સમૃદ્ધિનો ઠાઠ જોઈને સિદ્ધિએ વાતચીતમાં બુદ્ધિ પાસેથી જાણી લીધું કે, એ બધું યક્ષના વરદાનને પ્રતાપે તેને મળ્યું હતું. એટલે સિદ્ધિએ પણ ભોલક યક્ષને પૂજાસેવા અને વ્રતતપ કરીને પ્રસન્ન કર્યો, અને તેની પાસેથી માંગ્યું કે જેટલું બુદ્ધિને મળે તેથી બમણું મને મળે. સિદ્ધિને મળેલા આ વરદાનની વાત જાણી બુદ્ધિએ પણ યક્ષને પ્રસન્ન કરી પોતાને સિદ્ધિથી બમણું મળે એમ માગ્યું. આ રીતે તેમની વચ્ચે ઉત્તરોત્તર એકબીજાથી બમણું મેળવવાની સ્પર્ધા ચાલી. છેવટે સિદ્ધિએ બુદ્ધિને પાછી પાડવાની યુક્તિ કરી તેણે યક્ષ પાસેથી માગ્યું કે, 'મારી એક આંખ કાણી કરી દો.' એ ન જાણતી બુદ્ધિએ સિદ્ધિથી બમણું આપવાની યક્ષ પાસ

માગણી કરી, એટલે તેની બંને આંખ ગઈ અને એમ તે આંધળી થઈ.
[સંદર્ભ : **'જંબૂકુમાર'**, ઘટક ૯, નભસેનાએ જંબૂકુમારને કહેલી દૃષ્ટાંતકથા]

**બુદ્ધિચાતુર્યની કસોટી** : જુઓ, **બુદ્ધિચતુર વણિકપુત્રો**

**બોલતો ગર્દભ** : જુઓ, **ગર્દભસેન**

**બ્રાહ્મણનું મૃત્યુ: કોણ જવાબદાર? (વેતાલપચીસી–૧,** બારમી કથા) : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી :

"ચંડપુરનો પુરોહિતપુત્ર હરિણસ્વામી લાવણ્યવતી નામની કન્યાને પરણ્યો હતો.

એક વાર ઉનાળામાં રાત્રે અગાસીમાં પતિપત્ની બંને સૂતાં હતાં તે વખતે ત્યાંથી આકાશમાર્ગે પસાર થતો એક વિદ્યાધર લાવણ્યવતીને જોઈને આકર્ષાયો. આથી વિમાનમાં નાખી તે તેને ઉપાડી ગયો. લાવણ્યવતીનો પતિ જાગ્યો ત્યારે તેણે પત્નીને ન જોતાં સર્વત્ર તપાસ કરી પણ પત્તો ન લાગ્યો. દુ:ખી થઈને તે તપસ્વીનો વેશ ધારણ કરી દેશાંતર ચાલી નીકળ્યો. ભૂખ લાગતાં ખાખરાનાં પાનની પતરાળી કરી, બ્રાહ્મણને ઘેરથી ભોજન લાવી, પતરાળી વડ નીચે મૂકી પોતે સ્નાન કરવા ગયો. એટલામાં વડ ઉપર રહેલા સાપનું ઝેર એ ભોજનમાં પડ્યું. બ્રાહ્મણે તે ભોજન કરતાં તેને ઝેર ચઢ્યું. તેણે માન્યું કે બ્રાહ્મણીએ મને ઝેરી ભિક્ષા દીધી. એટલે તે બ્રાહ્મણને ઘેર જઈ બ્રાહ્મણી ઉપર ઝેર દીધાનો આક્ષેપ મૂકીને મરણ પામ્યો. આ કારણે બ્રાહ્મણે બ્રાહ્મણીને કાઢી મૂકી.'

આટલી કથા કહી વેતાળે વિક્રમને કહ્યું: 'કહે, એ તપસ્વીના મૃત્યુનું પાપ કોને લાગે? તું જાણતો હોય અને ન કહે તો એ પાપ તારે માથે.' વિક્રમે ઉત્તર આપ્યો: 'ઝેર કાઢવું એ સર્પનો સ્વભાવ જ છે. બ્રાહ્મણીએ ઝેર આપ્યું નહોતું. તેથી ખોટો આરોપ ચઢાવનાર તપસ્વીને પોતાને જ એ પાપ લાગે.'

આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.
[આધાર : **'વેતાળપચીસી'–૧**, બારમી કથા]

**ભટ્ટજીનાં પગરખાં (સૂડાબહોંતેરી,** અઢારમી કથા) : ઉજ્જેણી નગરીના ભદ્રસેન રાજાને એની રાણી પર ખૂબ પ્રીતિ હતી. તે એક ઘડીયે તેને રેઢી ન મૂકતો. રાજાની હાજરીમાં રાણી પાસે એક રૂપાળો ભટ્ટજી દરરોજ કથા કરવા આવતો. ભટ્ટજીની સુડોળ કાયા જોઈને રાણી એના પ્રત્યે આસક્ત બની. એક દિવસ રાજા શિકારે ગયો છે, એમ જાણી રાણીએ ભટ્ટજીને બોલાવ્યો. ભટ્ટજી આવીને પગરખાં બારણા પાસે કાઢી અંદર ગયો. આવાસમાં રાણી અને તેની દાસી એ જણ હતાં. રાણીએ હાથ પકડીને ભટ્ટજીને પલંગ પર બેસાડ્યો. એની પ્રેમચેષ્ટાથી ભટ્ટજી ગભરાયા. એટલામાં તો શિકારે ગયેલો રાજા અપશુકન થતાં ઓચિંતો પાછો ફર્યો. રાણીએ ઝટપટ ભટ્ટજીને ઓરડામાં રહેલા એક પટારામાં પૂરી દઈને તાળું માર્યું.

રાણીવાસમાં પ્રવેશતાં બારણે કોઈનાં પગરખાં પડેલાં જોઈ રાજા ગુસ્સે થતો અંદર આવ્યો અને બૂમ પાડી ઊઠ્યો : 'અરે, બહાર આ કોનાં પગરખાં પડેલાં છે?' રાણી બોલી : 'તમારી ગેરહાજરીમાં કથા સાંભળવા ભટ્ટજીને બોલાવ્યા હતા, એનાં એ પગરખાં છે. તમે આવ્યા જાણી મેં ભટ્ટજીને આ પટારામાં પૂરી તાળું માર્યું છે. તો, લો, આ ચાવી અને કરો ખાતરી'. રાજાએ ચાવી હાથમાં લીધી. એટલામાં તો રાણી ભોંય પર પડી કટાર હાથમાં લઈ મોટેથી બોલી : 'અરે! મારા પચીસ વર્ષના સહવાસનો તમને વિશ્વાસ ન પડ્યો ને મશ્કરી સાચી લાગી. હવે મારે જીવીને શું કામ છે,' આટલું કહીને રાણી હાથમાં કટાર લઈને બાજુના ઓરડા તરફ દોડી ગઈ. રાજા ચાવીને તે ઓરડામાં નાખી દઈને રાણીને મનાવવા દોડ્યો. તરત જ દાસીએ ચાવી લઈને પટારો ખોલ્યો અને ભટ્ટજીને પાછલે બારણેથી રવાના કરી દીધો.

દાસી ચાવી લઈને રાણીવાળા ઓરડામાં ગઈ અને ચાવી બતાવી રાણીને સંકેત કર્યો. રાણી સમજી ગઈ કે ભટ્ટજી રવાના થઈ ગયા છે, એટલે પિતા જેવા ભટ્ટજીને દુરાચારી માની લેવા માટે રાણીએ ઘણી રડારોળ કરી મૂકી. પ્રધાને આવી સમજાવીને તેને શાંત પાડી.

બીજે દિવસે ભટ્ટજી કથા કરવા આવ્યા ત્યારે રાજાએ પૂછ્યું : 'અરે! ભટ્ટજી તમારાં પગરખાં ક્યાં છે?' ભટ્ટજી બોલ્યા : 'કાલે હું કથા કરવા આવ્યો હતો. પણ આપ હાજર ન હતા એટલે હું પાછલે બારણેથી પાછો ચાલ્યો ગયો અને પગરખાં તો આગલે બારણે જ રહી ગયાં'. આ સાંભળી રાજાનું ભટ્ટજી પ્રત્યેનું માન વધી ગયું અને તેમનું ભારે સન્માન કર્યું.
[આધાર : **'સૂડાબહોંતેરી'**, અઢારમી કથા]

**ભદ્રાભામિની (સિંહાસનબત્રીસી–૨, ત્રેવીસમી કથા) :** ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી સંકટહરણા નામની ત્રેવીસમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમરાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી:

**૧. ભદ્રાના બુદ્ધિચાતુર્યની કસોટી :** ત્રંબાવટીના કોટિપતિ નગરશેઠ દંતાશાનો પુત્ર કસ્તૂરચંદ બત્રીસલક્ષણો. તે અનેક વિદ્યા ભણ્યો. સોળ વરસનો થયો. લગ્ન માટે આવતાં માગાં તે પાછાં ઠેલ્યા કરે. છેવટે પોતે લખી આપેલો દાવ જે પૂરો કરે તે કન્યાને વરવા તે કબૂલ થયો. દાવ લઈને ઓખલો પંડ્યો પશ્ચિમમાં, પૂર્વમાં, ઉત્તરમાં ને દક્ષિણમાં ઠેઠ રામેશ્વર સુધી જઈ આવ્યો. પણ દાવ પૂરો કરી આપે તેવું કોઈ મળ્યું નહીં. પાછા ફરતાં ત્રંબાવટીથી વીસ કોશ પર રહેલા ગંધાર-ગામમાં એક વણિકની હાટે તે વિસામો લેવા બેઠો. પોતાની નિરાશાની વાત તેણે વણિકને કરી. વણિકની તેર વરસની દીકરી ભદ્રાભામિનીએ એ વાત સાંભળીને દાવ માગી લઈ પૂરો કર્યો. પંડ્યો તેની સાથે કસ્તૂરચંદનો વિવાહ કરીને ત્રંબાવટી આવ્યો. પછી લગ્ન થયાં. 'હું તેડાવું ત્યારે આવજો. પાંચ લાખ સોનૈયા તમને આપી જાઉં છું, તેમાંથી તમે અહીં એક મોટો મહેલ, શિવનું દહેરું ને બંનેને જોડતી ગુપ્ત સુરંગ કરાવજો. અમે ત્રંબાવટીમાં એવાં મહેલ ને દહેરું કરાવેલાં છે.' એમ ભદ્રાને કહી કસ્તૂર પોતાને ગામ પાછો ગયો.

**૨. કસ્તૂરચંદનો ગુપ્તવેશે સાસરવાસ :** તે પછી થોડોક વખત જતાં કસ્તૂર જાતરાનું બહાનું કાઢી, વેશપલટો કરી, પોતાનું નામ દુબળીશાહ રાખી સાસરે ગયો. 'હું દંતાશાનો નોકર હતો, પણ કાંઈક વાંધો પડતાં નોકરી છોડી દઈને અહીં આવ્યો છું.' એવું જણાવીને તે માત્ર રહેવા–જમવાની બોલી કરી પોતાના સસરાને ત્યાં નોકરીમાં રહી ગયો. ભદ્રા તેને જોતાં જ જાણી ગઈ કે મારો સ્વામી મારી કસોટી કરવા આવ્યો છે.

દુબળીએ વેપારમાં શાખ જમાવી. લાખો વણઝારો પાંચ લાખ પોઠ લઈને આવ્યો. શેઠે ચાળીસેક લેવા કહ્યું. દંતાશાના નોકર તરીકે પોતાની ઓળખાણ લાખાને આપીને દુબળીએ પાંચેય લાખ પોઠનો સોદો કર્યો. બહાનામાં પોતાની નવ લાખની પહોંચી આપી અને 'હું દામ મોકલાવું ત્યાં સુધીમાં માલ ન વેચવો', એવી સૂચના આપીને તે ગયો. બીજા વેપારીઓ માલ લેવા આવ્યા. તેમને લાખાએ દુબળીની પાસે મોકલ્યા. દુબળીને તેમણે બધો માલ કબજે કરી લેવા બદલ ધમકાવ્યો. દુબળીએ કહ્યું: 'આ માલ તો ત્રંબાવટી અને બંગાળ ચડાવવાનો છે.' આથી રાજા આગળ જઈ ફરિયાદ કરવાનું કોઈએ કહ્યું. પણ છેવટે ઢીલા પડીને તેમણે પોઠ દીઠ સવા રૂપિયો વધારે આપીને જરૂરિયાત પ્રમાણે માલ ખરીદ્યો. બે દિવસમાં બધો માલ ખપી ગયો.

**૩. લાખા વણજારાને પાઠ શીખવતી ભદ્રા :** દુબળીએ લાખા સાથે દોસ્તી કરી. 'લાખો ઘેર આવવાનો છે, તો જરા આપણો મોભો દેખાય, તો તે વેપારમાં પૈસા સહેલાઈથી ધીરે', એમ દુબળીના સમજાવવાથી ભદ્રા, કાંઈક વહેમ પડવા છતાં ગોખમાં બનીઠનીને બેઠી. દુબળીએ તેને લાખાની નજરે પાડી. લાખાએ ગમે તે ભોગે પોતાનો એની સાથે મેળાપ ગોઠવી દેવા દુબળીને વિનંતી કરી. દુબળીએ લેણું માંડી વાળવાની શરત કરી. તેણે શેઠાણીને લોભમાં નાખી. શેઠાણીએ દીકરીને લાખાના ઇરાદાની વાત કરી. ભદ્રા સમજી ગઈ કે, આ દુબળીનું કારસ્તાન છે. તેણે તે રાતનો વાયદો આપ્યો. લાખો રાતે આવ્યો. ભદ્રાએ કપટવચનોથી મીઠો આવકાર આપ્યો. વછનાગની કેફી ગોળી ખવરાવીને તેને બેભાન કર્યો. પોતે ચાલી ગઈ. સવારે ઊઠીને ભોંઠો પડેલો લાખો ભાગ્યો. નિરાશામાં પોતાના ભાઈને ધંધો સોંપીને તે કાશીએ કરવત મુકાવવા ઊપડ્યો.

**૪. કસ્તૂરને પાઠ શીખવતી ભદ્રા :** દુબળીવેશે રહેલા કસ્તૂરચંદે ભદ્રાને પહોંચી આપીને લાખાના જેવી મજા પોતાને પણ કરાવવા માગણી કરી. રાતે દુબળીને પલંગ પર બેસાડી, ભદ્રાએ ભયંકર જોગણીનો વેશ લીધો ને ત્રિશૂળ ઉગામી દુબળી તરફ દોડી. ભયભીત દુબળી ધ્રૂજતો નાસી ગયો.

'દંતાશાને મારી ખબર પડી ગઈ છે ને મને તેણે પાછો બોલાવ્યો છે' એવું કહી દુબળીવેશધારી કસ્તૂર પોતાને ગામ આવ્યો. પછી તે એકલો વહેલ લઈને ભદ્રાને તેડવા આવ્યો.

**૫. ભદ્રાનો અકસ્માત પતિવિયોગ અને વીતકો :** ભદ્રાને લઈને આવતાં, રસ્તામાં રાત પડી. દોડતી વહેલમાંથી રસ્તામાં ભદ્રાનું ઝાંઝર પડી ગયું. તે લાવી દેવાની હઠ કરીને ભદ્રા રડવા લાગી. વહેલ ઊભી રાખી કસ્તૂર ઝાંઝર લેવા ગયો. ઝાંઝર પડતાંની સાથે જ એક ચોરને હાથ આવ્યું. ચોર ઝાંઝર લઈને વહેલ પાસે આવ્યો. અંધારામાં ભદ્રાએ તેને કસ્તૂર માન્યો. ચોર વહેલ પર ચડીને તેને મેવાસની દિશામાં હાંકી ગયો. સવાર થતાં ભદ્રાને ગોટાળાની ખબર પડી. ચોરને તે ધમકાવવા લાગી. એટલામાં, ત્રંબાવટીનો રાજા શિકારે નીકળેલો તે ત્યાં આવી લાગ્યો. સુંદરી ભાળીને તેણે ભદ્રાનો કબજો લીધો. નગરશેઠના બળદ રાજાએ ઓળખ્યા. બળદ ચોરને આપી દઈને તેણે તેને કાઢી મૂક્યો. રાજાએ ગુપ્ત ચોકીમાં ભદ્રાને રાખી. ચોર નિરાશામાં કાશીએ કરવત મુકાવવા ઊપડ્યો.

ઝાંઝર ન જડતાં કસ્તૂર પાછો આવ્યો, તો વહેલ કે ભદ્રાને ક્યાંય ન દીઠાં. શોક ને નિરાશામાં તે કાશીએ કરવત મુકાવવા ઊપડ્યો.

રત્નહારની ભેટ લઈને રાજા ભદ્રા પાસે આવ્યો. ભદ્રાએ પોતાને છ માસનું બ્રહ્મચર્યવ્રત હોવાનું કહ્યું. રાજા તેનું વ્રતભંગ કરવાનું કરે તો આપઘાતની ધમકી આપી. રાજાએ સો દાસીની કડક ચોકીમાં તેને રાખી. વ્રત પૂરું થતાં તે ઊજવવાને ભદ્રા દંતાશાએ બંધાવેલા દહેરે ગઈ. દાસીઓને પાંચ પાંચ સોનામહોર આપી દહેરા બહાર ઊભી રાખી. પોતે અંદર જઈને કમાડ વાસ્યાં. મરવાનો વિચાર કર્યો. ત્યાં કસ્તૂરે શિવલિંગ નીચે ભોંયરું હોવાની વાત કરેલી તે ભદ્રાને યાદ આવી. 'જીવતો નર ભદ્રા પામશે,' એ કહેવત સંભારીને તે શિવલિંગ ફેરવી, ભોંયરામાં ઊતરી. શિવલિંગને મૂળવત્ પાછું કરી દઈ તે સસરાના મહેલમાં આવી પહોંચી. સસરાને કહ્યું : 'તમારા પુત્રે મને દહેરાને ગુપ્ત રસ્તે અહીં મોકલી, પોતે જાત્રાએ ગયા.'

રાજાએ બહુ વાર થતાં શિવદહેરે તપાસ કરી, સુંદરીને અદૃશ્ય થઈ ગયેલી જાણી, તે નિરાશ થયો. કુંવરને રાજ્ય સોંપી, તે કાશીએ કરવત મુકાવવા ગયો.

**૬. નિરાશ પ્રેમીઓ : ભદ્રા અને કસ્તૂરચંદનું મિલન :** લાખાએ, ચોરે ને રાજાએ કરવતિયાને પોતાની વીતકકથા કહી. એ સાંભળી કસ્તૂરે પોતાની ઓળખાણ આપી. ત્રણેયે ભદ્રાને પોતાની દીકરી માની, મનનો રંજ દૂર કર્યો. ઘેર પાછા આવી, કસ્તૂરે લાખાને પાંચ લાખ સોનૈયા ને ચોરને બે ઝાંઝરની કિંમત આપી. સૌ પોતપોતાને સ્થાને ગયા.

**૭. કસ્તૂરચંદનું વિદેશગમન : ભદ્રા પર કુલટાનો આરોપ :** ભદ્રા ને કસ્તૂર બાર વરસ સુધી મોજ કરતાં પોતાના મહેલમાં ને મહેલમાં રહ્યાં. 'પુત્રવધૂના કામણથી પુત્રને બાર વરસથી ભાળ્યો નથી,' એવી ફરિયાદ શેઠાણીએ પડોશણો પાસે કરી. તે વાત દાસીએ ભદ્રાને કહી. ભદ્રાના કહેવાથી કસ્તૂર માબાપને મળ્યો ને બાપકમાઈ કરવા માલથી ચાળીસ વહાણ ભરી જાવા જવા ઊપડ્યો. દેશદેશની સફર ખેડતાં સાત માસ વીતી ગયા.

એક વાર વહાણ એક બેટ પાસે લાંગર્યાં. મધરાતે સૌ સૂઈ ગયા. કસ્તૂર એકલો નામું કરતો બેઠો હતો. બેટમાં મોતીનો ચારો ચરીને હંસહંસણી પાછાં ફરતાં હતાં. હંસણી થાકી, તેથી તે વહાણ પર વિસામો લેવા બેઠાં. હંસણીના પૂછવાથી હંસે કહ્યું : 'આજે શરદપૂનમ ને સ્વાતિ નક્ષત્રનો વિરલ યોગ છે. આ વેળા સતી સ્ત્રી અને એકપત્નીવ્રતવાળો પુરુષ સંગ કરે તો તેમને બત્રીસલક્ષણો પુત્ર અવતરે અને તે પુત્રની છીંકે મોતી ઝરે. એ વાત સાંભળી કસ્તૂરે ત્રણ મોટા નીસાસા મૂક્યા. એ સાંભળીને હંસણીના કહેવાથી હંસે કસ્તૂરને કારણ પૂછ્યું. ભદ્રા પાસે નથી તેથી આ વિરલ મુહૂર્ત એળે જતું હોવાનું દુઃખ કસ્તૂરે તેમને જણાવ્યું. હંસણીના કહેવાથી હંસ કસ્તૂરને પીઠ પર બેસાડીને ત્રંબાવટીમાં તેના મહેલની અગાસીમાં લઈ આવ્યો. ભદ્રાને નક્ષત્રના યોગની વાત કરી કસ્તૂરે તેની સાથે સંગ કર્યો. ભદ્રાએ કસ્તૂરને તેનાં માબાપને મળીને જવા આગ્રહ કર્યો. વેળા વીતતી હોવાથી હંસ ઊંચું ઊંચું થઈ રહ્યો. કસ્તૂરે દાસીઓને સાક્ષી રાખી ને એંધાણ તરીકે બે મોતી આપ્યાં. હંસે કસ્તૂરને વહાણમાં લાવી મૂક્યો. કસ્તૂર વહાણ સાથે જાવા પહોંચ્યો.

ભદ્રાને ગર્ભ રહ્યો. તે જોઈને નણંદે તેને કુલટા હોવાનું મહેણું માર્યું. દાસીઓની સાક્ષી સાચી ન માની. સાસરામાં સૌએ આળ મૂકીને તેને પિયર કાઢી. પિયરમાં પણ તેની વાત કોઈએ ન માની. રાજાની અને સમાજની બીકે તેને પલંગ પર બેસાડીને વનમાં મૂકી આવ્યા.

**૮. ભદ્રા ગણિકાની જાળમાં :** ભદ્રા વનમાં ધુલરના ઝાડે ચઢીને રહી. તે વખતે લાખો વણજારો ત્યાંથી નીકળ્યો. ધુલરના ઝાડ નીચે તેણે મુકામ કર્યો. ઉપર રહેલી ભદ્રાની છીંક તેણે સાંભળી. ડાકણશાકણ માનીને તેને તીરથી વીંધવા જતો હતો, ત્યાં ભદ્રાએ પોતાની ઓળખાણ આપી. લાખાએ તેને આવકારી. ભદ્રાએ પોતાની વીતકકથા કહી. તેને સાથે રાખીને લાખો ઠગપુર–પાટણ આવ્યો. વણજારીઓને ભદ્રાની અદેખાઈ આવી. 'બહેન–બહેન કરે છે, પણ પછી બૈરી કરશે,' એમ માનતી વણજારીઓએ ગણિકા સાથે મળીને ભદ્રાનો ઘાટ ઘડ્યો. ગોઠવણ પ્રમાણે ગણિકા લાખાને ડેરે નાચ કરવા આવી. ઈનામની સોનામહોર આપવા ભદ્રા આવી. એટલે ગણિકાએ તેને પકડીને લાખાને ધમકાવ્યો: 'આ મારી દાસી નાસી ગઈ હતી તેને તેં કેમ રાખી ? મને પાછી સોંપ, નહીં તો રાજાને કહી પોઠ લુંટાવું છું.' વણજારીઓએ ગણિકાને પક્ષે સાક્ષી આપવાની બીક બતાવી. આમ, ગણિકા ભદ્રાને પોતાને ત્યાં ઉઠાવી ગઈ. સમયસૂચકતા વાપરી ભદ્રા પોતાને પ્રસવ થાય તે પછી ગણિકાને ધંધામાં સાથ આપવાનું કબૂલી ત્યાં રહી. તે પછી ભદ્રાએ છીંકે બે રત્ન ઝરે એવો પુત્ર પ્રસવ્યો. ચાળીસ દિવસ થયા એટલે ગણિકાએ ભદ્રાને આવેલા ઘરાકની તહેનાતમાં જવા કહ્યું. એકાદશીને બહાને ભદ્રાએ ના કહી. 'છોકરો છે ત્યાં સુધી એ હા નહીં ભણે,' એમ જાણી ગણિકાએ રાત્રે ભદ્રા સૂતી હતી ત્યારે તેના પુત્રનું દાસીઓ

પાસે અપહરણ કરાવી તેને વનકૂપમાં નાખી દેવા મોકલ્યો. 'નીચ અવતાર તો છે, ને વળી બાળહત્યાનું પાપ ક્યાં વહોરવું ?' એવા વિચારે દાસીઓ બાળકને કૂવાના થાળામાં મૂકીને ચાલી ગઈ. ભદ્રા જાગી ત્યારે પુત્રને ન જોતાં વિલાપ કરવા લાગી. પણ 'જીવતો નર ભદ્રા પામશે,' એ વિચારે આપઘાત કરતાં અટકી. પાંચ રત્ન ગણિકાને આપીને પચાસ દિવસ સુધી પોતાને ન બોલાવવા તેને સમજાવી.

કૂવે પાણી પીવા આવેલા એક રાક્ષસે સુંદર બાળકને જોયો. તેને પ્રીતિથી પોતાની ગુફામાં લઈ ગયો. કામદુર્ગા ગાય લઈ આવી ને તેના દૂધથી તે બાળકને ઉછેરવા લાગ્યો. પછી રાક્ષસે પાસેના રાજ્યના રાજાની કુંવરીને ઉપાડી લાવી, તેને તે બાળક ઉછેરવા સોંપ્યો. રાક્ષસ જે જક્ષણીનો ઉપાસક હતો, તે પણ તેને દર્શન દેવા ગુફાએ આવતી. રાક્ષસે બાળકનું નામ રત્નસાગર પાડ્યું. બાળકની છીંકે જે રત્ન ઝરતાં, તે ભેગાં કરીને રાક્ષસે રાખ્યાં.

**૯. વિક્રમ રાજા દ્વારા ભદ્રાની મુક્તિ** : એક વાર એક ભાટને પરદુઃખભંજક વિક્રમની કીર્તિ ગાતો સાંભળી, ભદ્રાએ ભિક્ષા માટે આવેલા બ્રાહ્મણને એક રત્ન આપી, પોતાને ઉગારવા તેની દ્વારા વિક્રમને પત્ર પહોંચાડ્યો. આવીને પોતાને દુઃખમાંથી છોડાવવા સમસ્યા દ્વારા તેણે વિક્રમને વીનવ્યો. બ્રાહ્મણને ભેટ આપી, ઉત્તર સાથે વળાવી, વિક્રમ મનોવેગી સાંઢણી પર સવાર થઈ બીજે દિવસે ઠગપુર–પાટણ પહોંચ્યો. ગણિકાના ઘર સામે ઉતારો કર્યો. સાંઢણી પડાવી લેવા, ગણિકા હાવભાવ કરી વિક્રમને લોભાવવા માંડી. વિક્રમે પહેલાં તેની દાસીઓને જોવા માંગી. તેમાંથી તેણે ભદ્રાને ઓળખી. વિક્રમે ગણિકાને કહ્યું: 'હું સાત દિવસ રહીશ. તારામાં કાંઈ વિદ્યા હોય તો દેખાડ.' ગણિકાએ કહ્યું: 'ચોપાટ રમીએ, ને ત્યારે હું દીવો બિલાડીને માથે મૂકીશ. બાજી ચાલે ત્યાં સુધી બિલાડી દીવો ન પાડે, તો વિક્રમે સાંઢ આપી દેવી. પાડે તો વિક્રમ જે માગે તે ગણિકાએ આપવું.' એ પ્રકારના લખત સાથે ચોપાટની રમત માંડી. દીવાને સ્થિર જોઈ, વિક્રમે વેતાળને સ્મર્યો. તેણે વિકરાળ કૂતરાનું રૂપ લીધું. બિલ્લી સિવાય બીજું કોઈ તેને ન દેખે. કૂતરાને ભાળી બિલ્લી દીવો નાખી દઈને નાઠી. ગણિકા હારી. બદલામાં ભદ્રાને લઈને વિક્રમ ત્યાંથી ઊપડ્યો. તેણે ભદ્રાને પોતાની ઓળખાણ આપી. ભદ્રાએ આપવીતી કહી અને કાશી જઈને કરવત મુકાવવા તે તૈયાર થઈ. 'જીવતો નર ભદ્રા પામશે', કહી વિક્રમે તેને રોકી રાખી. ત્યાં સામે પેલો બ્રાહ્મણ મળ્યો. તેણે ઘણી ભેટ દઈને રાજી કર્યો. ઉજ્જેણી આવી વિક્રમે ભદ્રાને રાણીઓ પાસે રાખી.

**૧૦. ગણિકાથી ઠગાતો કસ્તૂરચંદ : તેનું સ્વદેશાગમન** : કસ્તૂરચંદ જાવાથી માલ ભરી ગૂલતાન આવ્યો. ત્યાંની એક ગણિકાને રાજાની સાથે મેળ. ગણિકાએ એક ભૂતને વશ કરેલું. કસ્તૂરનાં વહાણ આવ્યાં, એટલે ગણિકાએ દાણ માગ્યું. દાણમાં એવી શરત કે, ગણિકાની કસોટીમાં વેપારી સાચો ઠરે તેને એમને એમ જવા દે, ખોટો ઠરે તેનો બધો માલ ખૂંચવી લે. કસ્તૂરચંદ કસોટી માટે રાજસભામાં હાજર થયો. ગણિકાએ વીસ વરસના માણસનું મડદું દેખાડી પૂછ્યું : 'કહો, આ જીવતો છે કે મરેલો ?' તેને તપાસીને, કસ્તૂરે અને તેની સાથેના વેપારીઓએ તેને મરેલો કહ્યો. એટલે ગણિકાની પ્રેરણાથી ભૂતે મડદામાં પ્રવેશ કર્યો, ને મડદું જીવતું થયું. કસ્તૂરને બધો માલ સોંપી દેવો પડ્યો. રત્ન ઝરતા પુત્રને મળવાની આશાએ તે ત્રંબાવટી આવ્યો. તપાસ કરી, તો પુત્રવધૂને ખોટી રીતે કલંકિત ગણીને કાઢી મૂકયાની વાત રાજા ત્રંબકસેને જાણી. તેણે દંતાશાનું સર્વસ્વ લૂંટી લીધું હતું. અને શેઠ હવે સદાવ્રત પર નભતા હતા. આ સાંભળીને કસ્તૂર હતાશાથી કૂવે પડવા ગયો, પણ 'જીવતો નર ભદ્રા પામશે' એ સાંભરતાં, પાછો ફર્યો. પછી તે વિક્રમની સહાય લેવા ઉજ્જેણી પહોંચ્યો. પણ વિચાર ફેરવી તેણે મધરાતે મહાકાળની આગળ કમળપૂજા કરવા માંડી. તે વેળા પૂજાએ આવેલા વિક્રમે તેને વાર્યો. તેની કથની જાણીને વિક્રમે 'સૌ સારાં વાનાં થશે,' એવું તેને આશ્વાસન આપ્યું.

**૧૧. વિક્રમ દ્વારા ઠગારી ગણિકાનો પરાજય** : વળતે દિવસે એક વહાણ ભરીને કસ્તૂર સાથે વિક્રમ ગૂલતાન ગયો. ગણિકા સાથેની હોડમાં વિક્રમે વેતાળ દ્વારા ભૂતને બંધાવીને ઉજ્જેણીમાં મુકાવ્યો. મડદું ઊઠ્યું નહીં, તેથી કસ્તૂરને ઠગનારી ગણિકા હારી. વિક્રમે પ્રતાપ દેખાડવા વેતાળને મડદામાં પેસવા આજ્ઞા દીધી. મડદાએ બેઠા થઈને વિક્રમને બિરદાવ્યો. ગૂલતાનનો રાજા તેને પગે પડ્યો. ગણિકાને જીવતી મૂકી. કસ્તૂરને એક કન્યા અને મૂળથી ચાર ગણો માલ આપ્યો. બંને ઉજ્જેણી પાછાં ફર્યાં. વિક્રમે સેવક સાથે બધું ધન ત્રંબાવટી દંતાશાને ઘેર મોકલાવ્યું.

**૧૨. નાયક, નાયિકા અને પુત્રનું પુનર્મિલન** : રાત્રે હરિસિદ્ધ માતાની સ્તુતિ કરી તેમની પાસેથી જાણ્યું કે, વિંધ્યાચળ પાસેની અમુક ગુફામાં રહેતો એક રાક્ષસ તેણે બંદી બનાવેલા રત્નસાગરને અને એક સુંદરીને દિવસે ઔષધિ આંજીને લાકડું કરી નાખે છે, જેથી કોઈ તેને ઓળખી ન કાઢે. મધરાતે રાક્ષસ તેમને માણસ બનાવે છે, જક્ષણીને પોતાનું શરીર ખાવા આપે છે અને પછીથી ઔષધિથી તેને સજીવન કરે છે. હરિસિદ્ધ માતાએ વિક્રમને કહ્યું, 'તું જક્ષણીને પ્રસન્ન કરજે, એટલે તારું કામ થશે.'

વિક્રમ ચીંધેલા સ્થાને ગયો. ત્રિશૂળ ઉગામી જક્ષણી આવી. વિક્રમે પોતાની ઓળખાણ આપી. જક્ષણીએ કહ્યું: 'પરદુઃખભંજન હો તો મારી ભૂખ ભાંગ'. વિક્રમે પોતાનાં અંગો છેદીને તેને લોહી પાયું. પછી પોતાનું શીશ છેદવા તે જતો હતો ત્યાં જક્ષણીએ તેને વાર્યો અને વરદાન માગવા કહ્યું. વિક્રમે માગ્યું; 'દાનવને જીવતો ન કરશો.' પછી જે વૃક્ષ નીચે બંને જણને રાખીને દાનવ ગયો હતો, તેની ઉપર વિક્રમ ચડ્યો. દાનવે આવી રત્નસાગરને અને કુંવરીને જીવતાં કર્યાં. જક્ષણી આવી. દાનવે પોતાની કાયા કાપીને જક્ષણીને ધરી. જક્ષણી તેનો ભોગ લઈને તેને જીવતો કર્યા વિના દક્ષિણ દિશામાં ચાલી ગઈ.

વિક્રમે જાત પ્રગટ કરી. કુંવરીને તેને ઘેર પહોંચાડવાનું આશ્વાસન દીધું. વેતાળ રથ લાવ્યો. રત્ને ભરી, બંનેને સાથે લઈ વિક્રમ ઉજ્જેણી આવ્યો. ભદ્રાને એંધાણ પૂછતાં કહ્યું: 'કસ્તૂરને કમરની ડાબી બાજુએ લાખું છે. રત્નસાગરને જમણે હાથે ને ડાબે પગે છ આંગળી છે ને છીંકે રત્ન ઝરે છે'. કસ્તૂરને એંધાણ પૂછતાં તેણે કહ્યું: 'ભદ્રાના ડાબા હાથમાં સૂત્ર છે ને તેનો પુત્ર બત્રીસલક્ષણો છે.

વિક્રમે ત્રણેનો મેળાપ કરાવ્યો. આનંદ પ્રવર્ત્યો. પેલી કુંવરીને તેનાં માબાપને બોલાવીને તેમને સોંપી. તેમણે તેને કસ્તૂર સાથે પરણાવી. રાજાના કહેવાથી પ્રધાને પણ પોતાની પુત્રી કસ્તૂરને આપી. લશ્કર આપીને પ્રધાનને ત્ર્યંબાવતી મોકલ્યો ને ત્ર્યંબકસેનને કહેણ મોકલ્યું: 'દંતાશાનાં ધનમાલ સવાયાં કરીને પાછાં સોંપો, નહીં તો યુદ્ધ કરો. વિક્રમ તમારા પર નારાજ થયા છે.' ત્ર્યંબકસેને કહ્યા પ્રમાણે દંતાશાને ધનમાલ સોંપ્યાં અને ચાર સ્ત્રીઓ સાથે કસ્તૂર આવીને માબાપને મળ્યો.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.

આ કથા ભોજરાજાને કહીને સંકટહરણા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : '**સિંહાસનબત્રીસી**' – ૨, ત્રેવીસમી કથા]

**ભરથરી (=ભર્તૃહરિ રાજા) (=ભર્તૃહરિ અને અનંગસેના) (સિંહાસનબત્રીસી–૨, ત્રીસમી કથા) :** ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી સરસ્વતી નામની ત્રીસમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી.

**૧. ભરથરીની રાજ્યપ્રાપ્તિ : વિક્રમને દેશવટો :** ઉજ્જેણીના અપુત્ર રાજા કૃતવર્માએ શંકર ભગવાનના કહેવાથી શણગારેલી હાથણીને ઉત્તરાધિકારી રાજા પસંદ કરવા મોકલી. ભરથરી અને વિક્રમ એ બંને ભાઈઓ પરદેશથી ઉજ્જેણીમાં આવેલા. હાથણીએ ભરથરીને માથે કળશ ઢોળતાં તે ઉજ્જેણીનો રાજા બન્યો. ભરથરી અનંગસેનાને પરણ્યો. તેના ઉપર અત્યંત મુગ્ધ હોવાથી તેણે રાજકાજની ઉપેક્ષા કરવા માંડી, પણ વિક્રમના કહેવાથી તેણે ફરી રાજધર્મ બજાવવા માંડ્યો. આથી રોષે ભરાયેલી અનંગસેનાએ વિક્રમ ઉપર પોતાની લાજ લેવાનું આળ મૂકી તેને દેશવટો દેવરાવ્યો. વિક્રમ તીર્થયાત્રાએ નીકળી પડ્યો.

**૨. અમરફળ : ભરથરીનો વૈરાગ્ય :** કાલિકામાતાએ ઉજ્જેણીના એક બ્રાહ્મણ ઉપર પ્રસન્ન થઈને તેને અમરફળ આપ્યું. એ ફળ ખાનારને ચિરયૌવન પ્રાપ્ત થાય. બ્રાહ્મણીના કહેવાથી બ્રાહ્મણે એ ફળ ભરથરીને ભેટ આપ્યું. ભરથરીએ અનંગસેનાને, અનંગસેનાએ તેના પ્રેમી ખવાસને, ખવાસે તેની માનીતી ગણિકાને અને ગણિકાએ ભરથરીને તે અમરફળ આપ્યું. પ્રિયતમા અનંગસેનાની દુઃશીલતાથી આઘાત પામી ભરથરી બધું છોડીને વૈરાગી બની ગયો અને ગંગાકિનારે યોગસાધના કરવા લાગ્યો.

**૩. વેતાળને વશ કરી ઉજ્જેણીનો રાજા બનતો વિક્રમ :** રાજા વિહોણી ઉજ્જેણીનગરી ઉપર વીર વેતાળે ત્રાસ વર્તાવ્યો. આડેધડ થતી પ્રજાજનોની હત્યાથી બચવા, પ્રધાનોએ રોજનો એક માણસ તેને ભક્ષ તરીકે મોકલવાની શરત સ્વીકારી. જેનો વારો હોય તે એક દિવસનો રાજા બને, રાજસુખ ભોગવે અને રાત્રે વેતાળનો ભક્ષ બને. વિક્રમ તીર્થાટન કરી પાછો ક્ષિપ્રા નદીને તીર આવી પહોંચ્યો. ત્યાં ઊતરેલી એક વણજારાની પોઠ સાથે જે શકુન વાણી જાણનાર પંડિત હતો, તેણે મધરાતે વનચરની વાણી સાંભળીને ભાખ્યું કે નદીમાં ઘરેણાંથી લદાયેલું એક શબ તણાતું આવે છે. આ સાંભળીને વિક્રમ નદીમાં ઊતર્યો અને શબ ઉપરનાં ઘરેણાં કાઢી લઈ તેને કાંઠે નાખી દીધું. તે ખાતાં વનચરે આશિષ દીધી કે તું ઉજ્જેણીનો રાજા થજે. વનચરની આ વાણી સમજીને શકુનવિદ પંડિતે વણજારા સાથે વાંધો પાડીને તેને રવાના કરી દીધો, અને પોતે વિક્રમની સાથે નદીકાંઠેના ગાંધર્વ મસાણમાં સિદ્ધવડ નીચે આવીને રહ્યો. ત્યાં વિક્રમે પોતાના રુધિરનો ભોગ આપીને હરસિદ્ધ માતાને પ્રસન્ન કર્યાં અને તેમની પાસેથી એકછત્રે રાજ્ય તથા મોટા પરદુઃખભંજક અને દાતારની કીર્તિ પામવાનું વરદાન મેળવ્યું. દેણુએ તેને સ્મરણ કરે ત્યારે આવીને સહાય કરવાનું પણ

વચન આપ્યું. વિક્રમ નગરીમાં આવી કુંભારને ઘેર રાતવાસો રહ્યો. તે દિવસે વેતાળના ભક્ષ્ય તરીકે જવા કુંભારના ઘરનો વારો હતો. તેના છોકરાની બદલીમાં વિક્રમ વેતાળની પાસે ગયો અને તેને વશ કર્યો. પછી વિક્રમ ઉજ્જેણીની પાટે બેઠો. તેણે અનેક વિદ્યા સાધી અને અનેકનાં દુઃખ વામ્યાં. ઇંદ્રએ પોતાના પુત્રની કીર્તિ સાંભળીને તેને એક દેવતાઈ સિંહાસન ભેટ મોકલ્યું.

**૪. વિક્રમ અને ભરથરીનું મિલન :** વિક્રમ બધે શોધ ચલાવીને મોટાભાઈ ભરથરીને મળ્યો, અને તેને પાછા આવી રાજ્ય લેવા વીનવ્યો. ભરથરીએ અનંગસેનાથી દોરવાઈને વિક્રમ પર આળ મૂકી તેને દેશવટો દીધાનો પસ્તાવો દર્શાવ્યો, પોતાનું ચિત્ત હવે વૈરાગ્ય પર અવિચળ હોવાનું જણાવ્યું. તે સાથે ગૃહસ્થાશ્રમનો પણ ઊંચો મહિમા હોવાનું કહી, તે સંબંધે એક દૃષ્ટાંત કથા કહી.

**૫. ગૃહસ્થાશ્રમના મહિમા પર ઋષિપુત્રીનું દૃષ્ટાંત :** એક ઋષિની બે પુત્રીઓમાંથી મોટીને પરણાવી હતી અને નાની કુંવારી રહીને વનમાં તપ કરતી હતી. મોટીબહેનને એક દિવસ સૂઝી આવ્યું કે, વનમાં લાગેલી આગમાં તેની નાની-બહેનની ઝૂંપડી ઘેરાઈ ગઈ છે. મોટીબહેને કળશના પાણીથી ગોળ કુંડાળું કરીને આણ દીધી. આ જોનાર એક બ્રાહ્મણને કુતૂહલ થયું. મોટીબહેને ખુલાસો કર્યો કે, એણે એ રીતે આણ દઈને વનમાં રહેલી પોતાની નાનીબહેનને આગથી બચાવી. બ્રાહ્મણોએ વનમાં જઈને તપાસ કરી. બધું વન બળી ગયું હતું, પણ નાનીબહેન અને તેની ઝૂંપડી બચી ગયાં હતાં. નાનીબહેને પોતે તપના પ્રભાવે બચી ગઈ હોવાનો ગર્વ લીધો. પણ બ્રાહ્મણે તે તેની ગૃહસ્થાશ્રમી બહેનના પ્રભાવે બચી હોવાનું જણાવ્યું અને નાનીબહેનને મોટીબહેન પાસે લઈ જઈને તે વાતની ખાતરી કરાવી આપી. આથી ગૃહ-સ્થાશ્રમનો મહિમા પિછાણીને નાનીબહેન પરણી ગઈ.

**૬. ગૃહસ્થાશ્રમના મહિમા ઉપર બ્રાહ્મણપુત્રનું દૃષ્ટાંત :** ભરથરીએ ગૃહસ્થાશ્રમના મહિમા ઉપર બીજું પણ એક દૃષ્ટાંત કહ્યું : 'ચોરનો ધંધો કરતો એક બ્રાહ્મણ પકડાઈને શૂળીએ ચડયો. ત્યાં આવી ચડેલા બીજા બ્રાહ્મણને તેણે કહ્યું કે, 'મારી પરણવાની વાસના વણપૂરી રહી હોવાથી મારો જીવ જતો નથી.' તેની પાસે ચાર રત્ન હતાં, તેથી લોભાઈને આવેલા બ્રાહ્મણે તેને પોતાની પુત્રી પરણાવી. શૂળીએ ચડેલા બ્રાહ્મણે એક રત્ન પોતાના સસરાને આપ્યું અને ત્રણ રત્ન પોતાની વહુને આપી તે કઈ રીતે વાપરવાં તેની સૂચના આપીને તેણે પ્રાણ તજ્યા. સ્ત્રીએ પતિના કહ્યા પ્રમાણે કાશીમાં ગંગાકાંઠે વાસ કરી, ખરચી માટે એક રત્ન ઉપયોગમાં લીધું. બીજા રત્નથી એક વીર પુરુષનું વીર્ય ખરીદ્યું. દસ માસે તેને પુત્ર જન્મ્યો. બાકી રહેલા એક રત્ન સાથે પુત્રને રસ્તામાં મૂકી દીધો. શિકારે નીકળેલા કનોજના રાજાને તે મળ્યો, તેણે રાણીને આપીને ઉછેર્યો અને મોટો થતાં તેનો રાજ્યાભિષેક કરીને રાજા મૃત્યુ પામ્યો.'

**૭. એક શ્રાદ્ધપિંડ અને ત્રણ હાથ :** 'કુંવર પોતાના પિતાનું શ્રાદ્ધ કરવા બેઠો, ત્યારે પિંડ લેવા જુદા જુદા ત્રણ હાથ અંતરિક્ષમાંથી પ્રગટ થયા. પિતા તરીકે ત્રણ જણે હક કર્યો (અને પોતપોતાની વાત કહી જણાવી). પંડિતને પૂછતાં તેણે ઉકેલ કહ્યો : 'જેણે વીર્ય વેચાતું આપ્યું તે, કે જેણે પાળ્યોપોષ્યો તે ખરો પિતા નહીં, પણ જે શૂળીએ ચડયો તે જ તારો સાચો પિતા.' કુંવરે તેના હાથમાં પિંડ મૂકયો.' ગૃહસ્થાશ્રમનો આવો મહિમા જાણી વિક્રમ ઉજ્જેણીમાં પાછો આવીને રાજકારભાર ચલાવવા લાગ્યો. એક દિવસ ચાર દિશામાંથી આવેલા ચાર અનુચરો ચાર દુખિયાના સમાચાર લાવ્યા. વિક્રમ તેમનાં દુઃખ દૂર કરવા નીકળી પડયો.

**૮.૧ વિક્રમનાં પરદુઃખભંજન કાર્યો : અપુત્ર શેઠને પુત્ર અપાવ્યો :** અપુત્ર હોવાથી અન્નજળ છોડી દઈને શિવને માથું સમર્પવા બેઠેલાં ધર્મિષ્ઠ શેઠશેઠાણી પાસે જઈ, તેમના ગયા જન્મની બાર બાળહત્યા એનું કારણ હોવાનું શંકર પાસેથી જાણી, એ પાપ પોતાને માથે લઈને શેઠને ત્યાં પુત્રજન્મની વિક્રમે પ્રતીતિ આપી. પાપ માથે લેવાથી વિક્રમને કુષ્ઠરોગ થયો. શંકરને શીશ સમર્પિત કરવા જતાં તે પ્રસન્ન થયા અને વિક્રમનો દેહ મૂળ જેવો થઈ ગયો.

**૮.૨ દરિદ્ર બ્રાહ્મણને રાજકુંવરી પરણાવી :** ત્યાંથી વિક્રમ નગરઠઠ્ઠા ગયો. ત્યાં એક કદરૂપો અને ગરીબ બ્રાહ્મણ અતિશય રૂપવતી રાજકુંવરીને પરણવાની હઠ લઈને ભૂખે મરવા બેઠો હતો. વિક્રમે કામદેવના અવતાર કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્નને તપથી પ્રસન્ન કર્યા. તેમના કહ્યા પ્રમાણે વિષ્ણુપૂજાના પંચા-મૃતથી નવરાવીને બ્રાહ્મણને સ્વરૂપવાન બનાવ્યો અને પોતે વિક્રમનો વજીર હોઈ બ્રાહ્મણને વિક્રમની પુત્રી પરણાવવા માટે તેડવા આવ્યો છે એવું દર્શને આવેલા નગરઠઠ્ઠાના રાજાને જણાવ્યું. એટલે રાજાએ બ્રાહ્મણને પોતાની કુંવરી પરણાવી.

**૮.૩ કામણથી પશુ અને પાષાણ બનાવી દીધેલાનો ઉદ્ધાર :** ત્યાંથી વિક્રમ કામરૂદેશ ગયો. ત્યાંની નારીઓ મંત્ર-તંત્ર અને કામણટૂમણનો પ્રયોગ કરીને, આવનાર પરદેશી પુરુષને ઢોર બનાવી દેતી. વિક્રમનો એક અનુચર ત્યાં આવેલો તેને પણ ત્યાંની એક સ્ત્રીએ બળદ બનાવી દઈને ખેતર ખેડવા રાખ્યો. પણ એક વાર શિવદહેરાની બહાર તેને બાંધેલો, ત્યારે તેની સ્તુતિથી પાર્વતીએ કૃપા કરીને બે બાળકને મોકલ્યાં. એકે

તેને પાછો પુરુષ બનાવ્યો અને બીજાએ તેને ત્યાંથી રવાના કરી દીધો. આ વાતની જાણ પેલી સ્ત્રીને થતાં તેણે પેલાં બે બાળક ઉપર અડદની મૂઠ મારીને તેમને પથ્થરનાં પૂતળાં બનાવી દીધાં. વિક્રમે કામાક્ષાની સ્તુતિ કરીને પેલાં બાળકોનો ઉદ્ધાર કરવા વિનંતી કરી. કામાક્ષાએ પ્રત્યક્ષ થઈને વિક્રમને જણાવ્યું કે, અહીં તો હજારો માણસોને બળદ, પાડા કે ગધેડા બનાવી દેવાયા છે, તો તું કેટલાનો ઉદ્ધાર કરીશ? વિક્રમની વિનંતીથી કામાક્ષાએ કહ્યું : 'ચંડિકા પાસે અગ્નિકુંડમાં ચાળીસ બત્રીસ-લક્ષણાનો ભોગ ધરાય તો એ પશુઓ પાછાં માણસ બને.' વિક્રમે અગ્નિકુંડ તૈયાર કરી ચાળીસ દિવસ રોજનું અઢીશેર માંસ પોતાના શરીરમાંથી હોમ્યું. છેવટે તે માથું હોમવા જતો હતો, ત્યાં માતાજીએ તેને રોક્યો. સ્પર્શથી તેનો દેહ પહેલાંના જેવો કરી દીધો. પશુઓને માનવી બનાવ્યાં અને પાષાણ બની ગયેલાં બાળકોનો પણ ઉદ્ધાર કર્યો.

**૮.૪. ગુમ થયેલી રાજકુંવરીની પુનઃપ્રાપ્તિ :** પછી વિક્રમ પૂર્વદિશાના એક ગામના નરપતસેન રાજા પાસે પહોંચ્યો. તેની ગુમ થયેલી પુત્રીની ભાળ મેળવવા વિક્રમે વેતાળને કહ્યું. વેતાળે તપાસ કરી જણાવ્યું કે, નારસિંઘ નામનો શક્તિ-ભક્ત વીર તેને ઉઠાવી ગયો હતો. તે વેળાએ પ્રશ્નવિદ્યા જાણનાર બ્રાહ્મણોએ વિક્રમનું કામ સિદ્ધ થશે એવું ભવિષ્ય ભાખ્યું. વિક્રમ અને વેતાળે ત્રિવેણીને કાંઠે રહેતા નારસિંઘ પાસેથી જાણ્યું કે, કન્યાદાન કરવાનું પુણ્ય મેળવવા માટે તે રાજકુંવરીને હરી લાવ્યો હતો. વિક્રમ કુંવરીને અને વીરને લઈને નરપતસેન પાસે આવ્યો. રાજાએ નારસિંઘને હાથે કુંવરીનું કન્યાદાન કરવાનું સ્વીકાર્યું અને કુંવરીને પરણવા વિક્રમને કહ્યું. પણ વિક્રમે કુંવરીને પુત્રી સમોવડી જાણી પેલા પ્રશ્નવિદ્યાવિદ્ બ્રાહ્મણને પરણાવવા કહ્યું. નારસિંઘે કન્યાદાન દીધું. પછી વિક્રમ ઉજ્જેણી પાછો આવ્યો.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે. આ કથા ભોજરાજાને કહીને સરસ્વતી પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી'**–૨, ત્રીસમી કથા]

**ભર્તૃહરિ અને અનંગસેના :** જુઓ **ભરથરી**

**ભર્તૃહરિ રાજા :** જુઓ **ભરથરી**

**ભાડિયા કૂવામાં ઊતરીને બચતી કુલટા,** (કુલટા-ચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** ત્રીસમી કથા) : લાડકા શેઠની વહુ લાડકી એક વાર વાડીએ ફૂલ વીણવા ગઈ. ત્યાં જુગારીઓની ટોળીમાં રત્નો જુગારી જુગાર રમતો હતો. તેને જોઈને લાડકી તેના પર મોહી પડી. તેણે પોતાની સાથે આવેલી સોનારણ બહેનપણી મારફત રત્નાને સંદેશો મોકલ્યો. રત્ના સાથે વાડીમાં સમાગમ કરીને લાડકી પાછી ફરી. રત્નાએ જુગારમાં જીતેલો મોતીનો હાર લાડકીને ભેટ આપ્યો. શેઠે મોડી ઘરે આવવા માટે લાડકીને ધમકાવી. લાડકીએ ખુલાસો કર્યો : 'મારા મામા જાવાથી ઘણું ધન કમાઈને આવ્યા છે. મેં એમને હરજી શેઠની દુકાને બેઠેલા જોયા. મને બોલાવીને તેમણે આ મોતીનો હાર ભેટ આપ્યો. મેં એમને ઘરે આવવા ઘણું કહ્યું, પણ તેમનો સંગાથ તરત જ આગળ જવા નીકળતો હતો, એટલે રોકાયા નહીં.' હાર જોઈને શેઠ રાજી થઈ ગયા. પછી લાડકી સોનારણ મારફત સંદેશાની આપ-લે કરીને રત્નાને ત્યાં આવ–જા કરતી. એ રીતે પાંચ માસ વીતી ગયા. એ પછી રત્નો જુગારમાં એટલું હાર્યો કે, તે દેવાની ચૂકવણી કરી શકે તેમ નહોતો. આપઘાત કરવાનું નક્કી કરીને લાડકીને છેલ્લી વાર મળવા બોલાવીને રત્નાએ પોતાની વાત કરી. લાડકીએ કહ્યું, 'જો તું હવેથી જુગાર ન રમવાની પ્રતિજ્ઞા લે તો હું તારું દેવું ચુકવાય એટલાં મારાં સોનાનાં ઘરેણાં લાવીને તને આપું.' રત્નાએ શરત કબૂલ રાખી. બીજે દિવસે બહેનપણીના સીમંતમાં જવાનું બહાનું કરીને લાડકી ઘરેણાંથી લદાઈને રત્નાને ઘરે પહોંચી અને તેની સાથે સાત દિવસ રહી. આ તરફ ઘરેણાં પહેરીને ગયેલી લાડકી પાછી ન આવતાં, શેઠે જેને ત્યાં સીમંત હતું ત્યાં તથા આસપાસ બધે તપાસ કરાવી. ચારેબાજુ માણસો મોકલ્યા, પણ લાડકીના કશા સમાચાર ન મળ્યા. છેવટે શેઠે ગામમાં દાંડી પિટાવી. રત્ના જુગારીને લાડકીની ચિંતા થઈ. લાડકીએ એક યુક્તિ વિચારીને તેનો અમલ કર્યો. રત્નાને સાથે લઈને તે વગડામાં રહેલા જાળાઝાંખરાંથી ઢંકાયેલા એક ભાડિયા કૂવા પાસે ગઈ. અંદર લટકતાં ઝાંખરાંની મદદથી તે ભાડિયામાં ઊતરી. પછી રત્નાએ ગામમાં જઈ લોકોને વાત કરી કે, મેં ઊંડિયા કૂવામાં કોઈક બાઈનું મડદું જોયું. શેઠ પાસે વાત પહોંચતાં તે તેને પૂછવા આવ્યા. રત્નાએ કહ્યું : 'મારે ત્યાં દીકરો અવતર્યો એની રક્ષા માટે એકસો આઠ કૂવાનું પાણી લાવવાનું હોઈને હું વગડાના કૂવે કૂવે ગયેલો ત્યારે મેં આ જોયું. દોડાદોડ કરી શેઠ એ ભાડિયા કૂવા પાસે પહોંચ્યા. અંદર માણસોને ઉતારી લાડકીને બહાર કાઢી. શ્વાસ ચાલતો હતો જાણીને એને ઘેર લાવી ઘણા ઉપચાર કર્યા. બે દિવસ પછી હોશમાં આવીને લાડકીએ શું બન્યું હતું તેની વાત કહી; 'સીમંતમાંથી પાછી ફરતી હતી ત્યારે ચાર ચોર મને ઉપાડી ગયા. બધાં ઘરેણાં આંચકી લીધાં. પછી મને મારી નાખતા હતા, પણ એક ચોરને દયા આવી. તેના કહેવાથી મને ભાડિયામાં નાખી દીધી.' શેઠે લાડકી બચી

તે માટે ભગવાનનો પાડ માની તેને બીજાં ઘરેણાં કરાવી આપવાનું આશ્વાસન આપ્યું.

[આધાર : '**સૂડાબહોંતેરી**' ત્રીસમી કથા]

**ભાભારામ** : જુઓ **કણબીકુળની ઉત્પત્તિ (સિંહાસનબત્રીસી–૨,** ઓગણીસમી કથા)

**ભુવનાનંદા રાણી અને રિપુમર્દન રાજા** (સ્ત્રીના દાસ બનવા પર દૃષ્ટાંતકથા) : **૧.** ભરતક્ષેત્રના સુખાવાસ નગરમાં રાજ્ય કરતા રિપુમર્દનને બુદ્ધિસાગર નામે પ્રધાન હતો. તેની પત્નીનું નામ રતિસુંદરી હતું. તેના ઘરની પૂર્વદિશામાં દેવવિમાન જેવું શ્રી આદિનાથનું દેવાલય હતું. તેના દ્વારે એક આમ્રવૃક્ષ હતું. તેની ઉપર પોપટ–પોપટીનું એક યુગલ વસતું હતું. એક વખત પોપટીએ પુત્રીને જન્મ આપ્યો. તેથી બંનેને રાજાને ત્યાં પુત્રજન્મ થયો હોય અને જે આનંદ થાય તેનાથી વિશેષ આનંદ થયો. પછી પોપટ અન્ય પોપટીના પ્રેમમાં પડ્યો, તેથી પોપટી તેને માળામાં આવવા દેતી નહિ. પોપટે પોતાનો પુત્ર માગ્યો, ત્યારે પોપટીએ કહ્યું કે, એક તો અન્યાય કરે છે અને ઉપરથી પુત્ર પણ માગે છે. પક્ષીયુગલે રાજા સમક્ષ જઈ પોતાનો ઝઘડો ઉકેલવા કહ્યું. પ્રધાને રાજાને કહ્યું : 'સ્વામી, બેટી માતાની અને બેટો બાપનો.' એ ન્યાયે પોપટને પુત્ર મળ્યો. પોપટીએ નિરાશ થઈ કહ્યું : 'આવી રીતે ઝઘડો ઉકેલી સારું નથી કર્યું, હવે ન્યાયના ગ્રંથમાં લખી રાખ કે, 'આજ પછી પુત્ર બાપનો અને પુત્રી માતાની.' રાજાએ ન્યાયના ગ્રંથમાં તે લખાવ્યું. તે પછી પોપટી આંબા પર બેઠી હતી ત્યારે ત્યાં એક શ્રુતજ્ઞાનીને જોઈ તેણે તેને પોતાના ભાવિ વિશે પૂછ્યું. શ્રુતજ્ઞાનીએ તેને કહ્યું, 'તું મનુષ્ય આયુ બાંધી, આજથી ત્રીજા દિવસે મૃત્યુ પામી બુદ્ધિસાગર મહેતાની પત્ની રતિસુંદરીની કૂખે પુત્રીરૂપે અવતરીશ. તે પછી તું રાજાની પત્ની થઈશ.' મહાત્માનાં કહેલાં એ વચન તેણે આદિનાથના દહેરાની ભીંત પર લખ્યાં.

**૨.** પછી પોપટી આરાધનાપૂર્વક અનશન કરી અવસાન પામી. રતિસુંદરીની કૂખે તે પુત્રીરૂપે અવતરી. તેનું નામ ભુવનાનંદા પાડ્યું. મોટી થઈ તેણે સર્વ કલાઓનો અભ્યાસ કર્યો. એક દિવસ તે રમતાં રમતાં આદિનાથના દહેરામાં જતાં ભીંત પર પોપટીએ લખેલ ભવિષ્યવાણી વાંચી તેને જાતિ–સ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવ, રાજાનો ન્યાય અને પુત્રવિયોગ સર્વ તેને દેખાયા. બુદ્ધિસાગર મહેતાએ ખરીદેલ એક જાતવાન ઘોડાની રાજાએ વાત સાંભળી. પછી રાજાએ ઘણી વછેરીઓ તેની પાસે મોકલી, જેનાથી તે વછેરીઓએ ઘણા ઘોડાઓને જન્મ આપ્યો. એક દિવસ રાજાએ તે વછેરા માગ્યા. મહેતાની પુત્રીએ ના પાડીને કહ્યું : 'હું તમને લેવા નહીં દઉં, કેમકે, જેનું બીજ, તેની વસ્તુ. આ ઘોડો મારા પિતાનો, તેનાથી આ અશ્વો જન્મ્યા છે.' એ સાંભળી સેવકોએ જઈ રાજાને કહ્યું : 'સ્વામી, મહેતાની પુત્રી ઘોડા લેવા દેતી નથી. એ કહે છે જેનું બીજ, તે ધણી. સ્વામી તમને ગમે તેમ કરો.' પછી ભુવનાનંદાએ પોતાના પિતા બુદ્ધિસાગરને પોતાના પૂર્વભવની સઘળી વાત કરી. વળી ફરીથી રાજાએ પ્રધાનને મોકલી ઘોડા મંગાવ્યા. ત્યારે ભુવનાનંદાએ કહ્યું : 'જાઓ, રાજાની પોથીમાં શું લખ્યું છે તે જઈને જુઓ. જો, બેટા બાપના, એમ લખ્યું હોય, તો ઘોડા ન લેશો, નહીં તો તમારા ઘોડા લઈ જજો.' પ્રધાને જઈને રાજાને આ વાત કહી. તેણે પોથી જોવડાવી. ભુવનાનંદાના કહ્યા પ્રમાણે જ લખેલું નીકળ્યું. રાજાએ વિસ્મયથી કહ્યું : 'આ કોઈ બાલપંડિતા છે, હવે ઘોડા ન માગશો.'

**૩.** રાજાએ મહેતા પાસે તેની પુત્રીની માગણી કરી. પાણિગ્રહણ કરીને તેણે ભુવનાનંદાને કહ્યું કે, જ્યાં સુધી સર્વ લક્ષણવાળો પુત્ર તારે પેટે ન અવતરે ત્યાં સુધી મારે ઘેર ન આવીશ. ત્યારે ભુવનાનંદાએ હસીને કહ્યું : 'હે પ્રાણનાથ, પુત્રનો જન્મ થયા પછી જ હું તારે ઘેર આવીશ, એ વગર નહીં. પણ એક વાત સાંભળો. હું તો સ્ત્રી છું. એક વાર મારા પગ તારી પાસે ધોવડાવીશ અને પગની મોજડી તારી પાસે ઉપડાવીશ.' આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી પિતાને એકાંતમાં બધી વાત કહી. તે વખતે તેના પિતાએ આવી દોહ્યલી પ્રતિજ્ઞા શા માટે કરી એમ કહ્યું. પુત્રીએ બુદ્ધિશાળીઓને માટે પ્રતિજ્ઞા દોહ્યલી ન હોવાનું કહ્યું. ત્યારે પિતાએ કહ્યું : 'દૈવતાના બળ આગળ કંઈ ન ચાલે.' ભુવનાનંદાએ જણાવ્યું : 'પિતાજી, કર્મને વશવર્તીને બુદ્ધિ ચાલે છે. પણ હે પિતાજી, રાજાના ઘર નજીક આદિનાથનું એક મોટું દેરાસર રચાવી ત્યાં ત્રિકાળ નાટક મંડાવો. તેમાં પાત્રનાં સ્થાનકો કરાવી મારું પણ ઘર કરાવો.' બુદ્ધિસાગર મહેતાએ તેમ કર્યું. હવે ત્યાં ભુવનાનંદા અર્ધરાત્રિએ નાટક કરતી. તેણે પોતાનું નામ લીલાવતી રાખ્યું. એક વખત રાજાએ લીલાવતીનાં ગીત સાંભળ્યાં. તે પછી સામાન્ય રાજપુત્રનો વેશપરિધાન કરી રાત્રિના સમયે જ્યાં લીલાવતી નાચતી હતી ત્યાં આવી તે જોવા લાગ્યો. લીલાવતીએ નેત્રકટાક્ષે કરી રાજાને જીતી લીધો. દરરોજ રાત્રે રાજા ત્યાં આવતો અને રહેતો. પછી રાજા જે જે ચેષ્ટા કરતો તે સઘળી લીલાવતી પિતાને કહેતી અને પિતા પણ તે સર્વ લખી રાખતો. એમ કરતાં ઘણા દિવસો ગયા. એક દિવસ અર્ધરાત્રિએ સખીઓને છોડીને સુખાસને બેસી લીલાવતી આદિનાથના મંદિરે આવી. લીલાવતીએ રાજાને આવેલો જોઈ નાટક થંભાવી, જાણી જોઈને પોતાના પગની મોજડી ભૂલી જઈને, સુખાસને બેસી પાછી

આવી. તે જોઈ રાજાએ વિચાર્યું, 'આ બાપડી રત્નમઢેલી મોજડી ભૂલી ગઈ છે. તે રખે કોઈ ચોર લઈ જાય.' એમ વિચારી રાજા મોજડી લઈ, માથે ચડાવી, તેની પાછળ ગયો. ઘેર આવી લીલાવતીએ સખીને પોતે દહેરામાં મોજડી ભૂલી ગઈ હોવાનું કહ્યું. તે વખતે રાજાએ પોતે તે લાવ્યો હોવાનું જણાવ્યું. પછી મોજડી લઈ લીલાવતીએ રાજાને કહ્યું : 'આજ મારા પગ દુઃખે છે, તેથી સખીને જગાડું, જેથી તે દાબે.' રાજાએ કહ્યું 'સખીને શા માટે જગાડે છે ? હું તારા પગ દબાવીશ.' રાજાએ લાંબો સમય પગ દાબતાં લીલાવતીને ઊંઘ આવી ગઈ. તેણે સ્વપ્નમાં ચંદ્રમાને મુખમાં પ્રવેશતો જોયો. પછી લીલાવતી જાગતાં, રાજાને ઘણો શ્રમ પડેલો જોઈ કહેવા લાગી : 'હે પ્રાણનાથ, હમણાં મેં સ્વપ્નમાં ચંદ્રમાને મુખમાં પ્રવેશતો જોયો.' રાજાએ કહ્યું : 'હે પ્રિયે, તારો પુત્ર સર્વોત્તમ થશે.' થોડી વારે પ્રભાતનાં વાજિંત્ર વાગવાં લાગ્યાં. રાજા ઊઠીને પોતાને ઘેર આવ્યો. લીલાવતીએ બાપ પાસે આવી રાત્રિની સઘળી વાત કહી. પછી ઘરમાં તે સુખેથી ગર્ભપાલન કરવા લાગી. દેરાસરનાં બારણાં બંધ કરી દીધાં. બીજે દિવસે રાજાએ ત્યાં આવી પડોશીને પૂછ્યું, 'લીલાવતી ક્યાં ગઈ ?' તેણે પોતે જાણતી ન હોવાનું કહ્યું. આથી રાજાએ અતિ સ્નેહને કારણે રાત્રિ કષ્ટપૂર્વક ત્યાં જ વિતાવી. સવારે મહેતા સમક્ષ જઈ પૂછ્યું : 'હે મંત્રીશ્વર, તમારા દેરાસરમાં લીલાવતી નામે છોકરી હતી તે ક્યાં ગઈ ?' ત્યારે મહેતાએ કહ્યું, 'સ્વામી, તેના આચાર જોઈ મેં કાઢી મૂકી. તે કોને ઘેર જઈને રહી છે તે જાણતો નથી.' રાજા તે સાંભળી મૂંગો રહ્યો. એ પછી પૂરે માસે ભુવનાનંદાએ સર્વગુણસંપન્ન પુત્રને જન્મ આપ્યો. તેને મહેતાએ છૂપો રાખ્યો. પછી મહેતો, પુત્રી અને તેના પુત્રને લઈ રાજભવનમાં આવ્યો. તેને રાજાએ પૂછ્યું : 'મંત્રીશ્વર, આ સ્ત્રી કોણ ? આ બાળક કોનું ?' એ તકને ઝડપી લઈ મહેતાને કહ્યું; 'સ્વામી, આ ભુવનનંદા મારી પુત્રી છે અને તમારી પત્ની છે. આ તમારો પુત્ર અને મારો દૌહિત્ર છે.' આટલું કહીને રાજા કંઈ જવાબ આપે તે પહેલાં મહેતાએ વહી કાઢીને રાજાના હાથમાં આપી. તે લઈ રાજા જોવા લાગ્યો. તે જે જે બોલ્યો હતો, જે જે વાત કરી હતી તે વાંચીને તેને લજ્જા અને હર્ષ થયાં. પુત્રને ખોળામાં બેસાડી રાજાએ કહ્યું : 'વત્સ, આ સર્વ રાજરિદ્ધિ તારી છે. તારી માતાએ પોતાની પ્રતિજ્ઞા પાળી છે. આવી બુદ્ધિ અને આવાં પરાક્રમ બીજે ક્યાંય જોવા નહીં મળે.' ત્યારે પ્રધાને કહ્યું : 'સ્વામી, ચિંતા ન કરશો. આ તમારો પ્રતાપ છે. જે ધૂળથી સૂર્યનાં કિરણો આચ્છાદન પામે છે તે પ્રતાપ ધૂળનો નહીં, વાયુનો છે.' પછી રાજાએ ભુવનાનંદાને પટરાણી બનાવી.
[આધાર : **'શીલોપદેશમાલા બાલાવબોધ'**, પાંચમા દૃષ્ટાંતકથા]

**ભૂતિયા આંબલી : મામા પાંચાનો પરચો** (કુલટા-ચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોતેરી,** એકાવનમી કથા) : પાંચા પટેલની વહુ ઝીલાં ગામમાં એક પરદેશી ચાકરી કરતો તેની સાથે હળી ગઈ. ખેતરની પાછળ એક ભૂતિયા આંબલી હતી. તે એક યક્ષનું સ્થાનક હતું. ગામલોકો ત્યાં જવાથી ડરતાં. ઝીલાં અને પરદેશીનું એ સંકેતસ્થાન હતું. તેમની પ્રેમલીલાથી વહેમાયેલા કેટલાક જણે ઝીલાંનાં સાસરિયાંને કાને વાત પહોંચાડી. તેમણે પાંચાને આ બાબત ચેતવ્યો. પાંચો ભલો-ભોળો અને ઝીલાંને વશવર્તી ચાલતો હતો. તેણે ઝીલાંને તેની ચાલચલગત બાબત સાસરિયાં અને બીજાં ગામલોક વહેમાયાં હોવાનું જણાવ્યું. ઝીલાંએ રડારોળ કરી સમ ખાધા અને સાસરિયાંની સમક્ષ મોટી ધમાલ કરી મૂકી. તે પછી પેલો પરદેશી પ્રેમી ડરી ગયો અને 'હવેથી હું તને મળવા નહીં આવું.' એમ ઝીલાંને કહ્યું. ઝીલાંએ તેને કાયર કહ્યો અને હિંમત આપી કે હું બધાંને પહોંચી વળીશ. પછી નક્કી કર્યા પ્રમાણે બીજે દિવસે પેલો પરદેશી હથિયાર બાંધીને ભૂતિયા આંબલીએ જવા નીકળ્યો. લપાઈને ખેતરમાં થઈને જતા તેને આઘેથી ઝીલાંના દિયરે અને જેઠે જોયો. કોણ હતો તે તેમને કળાયું નહીં. તેઓ પાંચાને અને બીજા દસબાર માણસોને બોલાવી લાવ્યા. સૌ ધારિયાં ને લાકડી લઈને આંબલી તરફ ઊપડ્યાં. ઝીલાંને કોઈ ચોકી પહેરો કરતા હશે એવો વહેમ આવેલો, એટલે તેણે આંબલી ઉપર ચઢીને જોયું, તો ચાર દિશામાં ચાર ચાર જણને ઝાડ નીચે બેઠેલા જોયા. નીચે ઊતરીને તેણે શું કરવું તે પ્રેમીને સમજાવી દીધું. પ્રેમીએ ઝીલાંનાં કપડાં પહેરી લીધાં. માથે ચારનો ભારો લીધો. એમાં પોતાનાં કપડાં અને હથિયાર સંતાડેલાં હતાં. ઘૂમટો તાણીને એ સ્ત્રીવેશે પેલા ચોકીદારો આગળ થઈને જ નીકળી ગયો. આઘે જઈ ચાર નાખી દઈ, પોતાનાં કપડાં પહેરી લઈ, ઝીલાંનાં કપડાં પાસેના એક મહુડાના ઝાડની બખોલમાં મૂકી દીધાં. થોડીવારે ઝીલાંનાં સાસરિયાં, સાથેના માણસોને લઈ આંબલી નીચે તપાસ કરવા આવ્યાં. તેમણે ઝીલાંને સાવ નાગી અને ધૂળમાં રગદોળાયેલી જોઈ. પૂછપરછ કરતાં તે કશું બોલીચાલી નહીં. પછી તેને ઘરે લઈ આવ્યા. ભુવા–ડાકલિયાને બોલાવ્યા. એટલે ચીસ પાડીને ધૂણતી ધૂણતી ઝીલાં બોલી : 'હું મામો પાંચો છું, ભૂતપ્રેતનો બાદશાહ. પુરુષવેશે હથિયાર બાંધી હું દેખાઉં છું. અને પાછો અલોપ થઈ જાઉં છું. આ સતી સ્ત્રી મારે સ્થાનકે દહીં–રોટલાનું નૈવેદ્ય ધરવા આવી હતી. એ મારી ઝપટમાં આવી ગઈ. એણે નૈવેદ્ય ધર્યું એટલે મેં ખાધું તો નહીં, પણ એનાં લૂગડાં લઈ લીધાં. જે સોળ જણ ત્યાં આવ્યાં હતાં, તે ઝીલાંના પુણ્યે બચ્યાં. તમે સૌ મારે પગે પડો, નહીં તો ધનોતપનોત કાઢી નાખીશ.' ઝીલાંના સસરાએ કહ્યું : 'તમે

મામા પાંચા છો એની ખાતરી શી ? એનાં લૂગડાં પાછાં આપો તો માનીએ.' ઝીલાંએ મહુડાના ઝાડમાં કપડાં રાખ્યાં હોવાનું કહ્યું. એ વાતની ખાતરી થઈ, એટલે સૌ મામા પાંચાને પગે પડ્યાં. બીજે દિવસે આંબલી પાસે ગામલોકોએ ઉજાણીએ જવું અને દર આઠમચૌદશે ત્યાં દીવો મૂકવો એવો આદેશ દઈને ઝીલાંનો ઓથાર શમ્યો. ત્રણ ગોદડાં ઓઢાડી તેને સુવાડી દીધી. સતી તરીકે ઝીલાંની ગામમાં વાહવાહ થઈ. [આધાર : **'સૂડાબહોંતેરી'** , એકાવનમી કથા]

**મડદું હોવાનો ઢોંગ કરી ધન ચોરી જતો ધુતારો :** સૂર્યપુરના રત્નાકર શેઠ પાસે ઘણું ધન હતું. રાજા, ચોર વગેરે લઈ જશે એવા ડરથી તે ધનને ઘડામાં ભરી, સાથે તેના પુત્ર વિમળને લઈ ગુપચુપ મધરાતે સ્મશાનમાં દાટવા ગયો. કોઈ તેમને જોઈ જતું નથીને એની ખાતરી કરવા શેઠે પુત્રને આસપાસ તપાસ કરવા મોકલ્યો. પુત્રે એક પુરુષને સૂતેલો દીઠો. તેને બોલાવી જોયો, પણ તે બોલ્યો નહીં. તેને પગ પકડીને ખેંચ્યો, પણ પેલો શ્વાસ રુંધી રાખી, નિશ્ચેષ્ટ પડ્યો રહ્યો. પુત્ર તેને મડદું સમજીને પાછો ફર્યો. પણ વધુ ચોકસાઈ કરવા પુત્રે પિતાના કહેવાથી તલવાર વડે પેલાનાં નાક–કાન કાપી લીધાં. પછી જ્યાં ધન દાટ્યું તે સ્થળે નિશાની રાખીને પિતાપુત્ર ઘરે આવીને સૂતા. કેટલાક દિવસ પછી દાટેલા ધનમાંથી થોડુંક ધન કાઢવા બંને સ્મશાને ગયા, તો ખાલી ખાડો જોયો. દુઃખી થતાં બંને ઘરે આવ્યા. પછી નગરમાં જેનાં કાન–નાક કપાયેલાં હોય તેવા પુરુષની તપાસ કરતાં તેમનો ધનનો ઘડો ખોદીને કાઢી જનાર ધૂર્તને વેશ્યાને ઘરેથી તેમણે પકડી પાડ્યો અને તેને રાજા સમક્ષ ખડો કર્યો. ધૂર્તે કહ્યું : 'મેં શેઠને નાક–કાન આપીને તેના બદલામાં ધન લીધું છે. મારાં નાક–કાન હતાં તેવાં કરી દે, એટલે હું તેમનું ધન પાછું આપું.' રાજાએ બંને પક્ષને ધુતારા ગણી કાઢી મૂક્યા.
[સંદર્ભ : **ચંદ્રશેખર રાજાની** કથામાં આવતી ચિત્રસેન અને પદ્માવતીની સખીએ કહેલી ધૂર્તલીલા વિશેની દૃષ્ટાંતકથા]

**મડાપચીસી** : જુઓ **વેતાળપચીસી–૨**

**મદન અને મોહના : ૧.** મથુરાના રાજા મધુસૂદન અને રાણી મધુસૂદના. તેમની રૂપવતી કુંવરી મોહના મોટી થતાં તેના વિવાહ માટે સચિંત બની રાણીએ કોઈક યોગ્ય વર સાથે તેને પરણાવી તેને ઘરજમાઈ રાખવાની રાજાને વાત કરી. રાજાએ પણ વર ખોળવાનું વિચાર્યું. એટલામાં ઇન્દ્રજિત પ્રધાન આવતાં રાજાએ તેને વાત કરી. પ્રધાને વર ખોળવાનું માથે લીધું અને દૂર દેશથી આવેલા શુકદેવ પંડિત પાસે કુંવરીને ભણવા મૂકવાનું સૂચવ્યું. રાજાએ પંડિતને બોલાવી માનપાન દીધાં અને કુંવરીને બધાં શાસ્ત્રો ભણાવવા સોંપી. વસંતપંચમીનું મુહૂર્ત નક્કી કર્યું. કુંવરી અને પંડિતનો સમાગમ થતાં તેઓ પરસ્પર ન આકર્ષાય તે માટે રાજાએ પ્રપંચ કર્યો. પુત્રીને એકાંતમાં કહ્યું : 'નગરીમાં આવેલા એક મોટા પંડિત આગળ તને ભણવા મૂકવાની છે. પણ તે પંડિત કોઢિયો હોવાથી તેનું મોઢું જોતાં તને પણ દોષ લાગશે એવી મને બીક છે.' એટલે કુંવરીએ કહ્યું : 'મારે ભણવા સિવાય બીજું શું કામ ?' અને તેણે પંડિતનું મોઢું ન જોવાની પ્રતિજ્ઞા લીધી. એ પછી રાજાએ પંડિતને બોલાવી તેવી જ બનાવટી વાત કહી : 'મારી કુંવરીમાં રૂપગુણની કશી ખામી નથી. માત્ર જન્મ ચિત્રા નક્ષત્રમાં થયેલો હોવાથી તેનામાં ડાકણ જેવો દોષ છે. તેને કોઈનું મુખ જોવાનું ગમતું ન હોવાથી પોતે આંધળી હોવાનું કહી આંખે પાટા બાંધે છે.' પંડિતે પણ કુંવરીનું મુખ ન જોવાની પ્રતિજ્ઞા લીધી. આ પ્રમાણે ગોઠવણ કરી, પડદાની આડશ રાખી મોહનાને પંડિત પાસે ભણવા બેસાડી. કેટલાક સમયમાં તે બધી વિદ્યાકળામાં પારંગત થઈ ગઈ.

૨. પંડિતની પાસે કોઈ કોઈ વાર પ્રધાનનો પુત્ર મદનસેન પૂછપરછ માટે આવતો. રૂપગુણમાં તેની જોડી ન હતી. એક વાર કુંવરીની પરીક્ષા કરવા પંડિતે તેને એક એક કરીને ચોવીસ સમસ્યા પૂછી. કુંવરીને બધી સમસ્યાના સાચા ઉત્તર આવડ્યા. પચ્ચીસમી સમસ્યાનો ઉત્તર ખોટો માનીને પંડિતે આવેશમાં આવી જઈ મોહનાને કઠોર વચન કહ્યાં. પોતાના સાચા ઉત્તરને ખોટો કહી ઉતારી પાડવાથી કુંવરીએ ખીજમાં પંડિતને 'કોઢિયો' કહ્યો. સામેથી પંડિતે તેને 'આંધળી' અને 'શાકણ' કહીને નવાજી. આ સાંભળી કુંવરીને થયું : 'જેવી હું આંધળી અને શાકણ, એવો જ પંડિત કોઢિયો. મારા પિતાએ જ આ પ્રપંચ કર્યો લાગે છે. પંડિત ઘણો રૂપાળો અને ગુણવંતો હોવો જોઈએ. એટલામાં ત્યાં બેઠેલા પ્રધાનપુત્ર મદને કહ્યું : 'તમે બંને નકામાં ઝગડો છો, કેમ કે બંનેનો ઉત્તર સાચો છે' આ શબ્દો સાંભળતાં મોહનાએ પડદો હટાવ્યો, તો મદનનું અદ્ભુત રૂપ તેની નજરે પડ્યું. તે ક્ષણે જ તે પ્રેમમાં પડી ગઈ. મનમાં ને મનમાં એ જ વર આપવાની દેવી અંબિકાને પ્રાર્થના કરવા લાગી અને એના વિના બીજા પુરુષ ભાઈબાપ હોવાની તેણે પ્રતિજ્ઞા કરી. પછી પંડિતને પગે પડી અવિનય કર્યા બદલ મોહનાએ ક્ષમા માગી. રાજાએ બંનેને ખોટું ખોટું ભરમાવ્યાનો સ્ફોટ થયો. પંડિતે તેને

પુત્રી ગણી અને તેના અંતરની વાત જે કાંઈ કહેવી હોય તે કહેવા જણાવ્યું. મોહનાએ પ્રધાનપુત્ર મદનનાં સામુદ્રિકશાસ્ત્ર પ્રમાણે ઉત્તમ લક્ષણો ગણાવી, તેને જ પરણવાની પોતે પ્રતિજ્ઞા કરી હોવાનું કહી, બંનેને ગુપ્ત રીતે ગાંધર્વવિધિથી પરણાવી દેવા પંડિતને વીનવ્યો. આવી વાતને સાવ અઘટિત ગણી મદને તેનો વિરોધ કર્યો. 'એવું કરતાં વાત બધે જાહેર થયા વિના ન જ રહે, અને પરિણામે રાજા મારા ઉપર ત્રાસ ગુજારી મને શૂળીએ ચડાવે અને ઘરબાર લૂંટી લે. જગત આખું ફિટકાર વરસાવે અને મને કુલાંગાર ગણે. ક્યાં હીંગભરી તોળતો કૃપણ વાણિયો અને ક્યાં રાજકુંવરી ! બંને વચ્ચે કેટલું અંતર ?' આ રીતનાં અનેક વચન કહી રીસે ભરાઈને મદન ચાલ્યો જતો હતો, ત્યાં મોહનાએ તેનો હાથ પકડી બેસાડ્યો અને ખોળામાં મસ્તક મૂકી કહ્યું : 'જો તું મને નહીં વરે તો હું પ્રાણત્યાગ કરીશ.' આવી વિષમ પરિસ્થિતિ જોઈ પંડિતે મોહનાને કહ્યું : 'તારી હઠથી આપણા ત્રણેનો જીવ જશે. રાજાનો રોષ ભયંકર હોય છે. તું તો બાળક ગણાઈ છૂટી જઈશ, પણ અમારું મોત ઊભું થશે. પણ કળથી કામ લેશું તો કામ ધીમે ધીમે પાર પડી જશે.' એટલે મોહના બોલી : 'તમે મરો અને હું જીવું તો મારી ઉપર પ્રલયકાળનું પાપ.' એટલે ઉતાવળે કામ કરવા ઉપર મદને વણિકપુત્રનું દૃષ્ટાંત કહ્યું.

[એ માટે જુઓ આ કથાકોશમાં **વણિકપુત્રની દૃષ્ટાંતકથા** (સહસા કામ ન કરવા વિશે) ]

એટલે ઉતાવળે કામ ન કરતાં બેચાર દિવસ જવા દઈ નિરાંતે વાત વિચારી જોવાનું મદને કહ્યું. પંડિતે પણ વગર વિચાર્યું કરવાનાં માઠાં પરિણામ વિશે રાજકુમારી અને ઢેડનું દૃષ્ટાંત કહ્યું.

[એ માટે જુઓ આ કથાકોશમાં **રાજકુમારી અને ઢેડ** (સહસા કામ ન કરવા વિશે) ]

પંડિતનું દૃષ્ટાંત સાંભળી કુંવરીએ કહ્યું : 'તમે એક દૃષ્ટાંત આપ્યું. પણ સામે હું બીજાં લાખ દૃષ્ટાંત આપી શકું તેમ છું.' અને એમ કહી સ્નાન કરી, દેવપૂજા કરી, હાથમાં કટાર લઈ મોહના આપઘાત કરવા તૈયાર થઈ. મદન અને પંડિત બંને મૂંઝાયા. કાંઈ રસ્તો સૂઝતો નહોતો. મદને વળી તેને સમજાવવા માંડી : 'તું વણવાંકે મને કાં મરાવે છે ? તું રાજકુંવરી અને હું રાંક. તારી આ હઠથી તારો અવતાર અફળ થશે અને મારો જીવ જશે.' અને તેણે ઊંચનીચના સંબંધ ઉપર સિંહણ અને હરણનું દૃષ્ટાંત કહ્યું.

[એ માટે જુઓ, આ કથાકોશમાં **સિંહણ અને હરણ** (ઊંચનીચના સંબંધ વિશે)]

મોહનાને મદન કહે : 'તારો અને મારો એવો જ જોગ છે. તારી લાજમરજાદ જશે અને મારો અકાળે જીવ જશે.' મોહનાએ કાયર ન થવાનું અને કશું સંકટ નહીં આવે એવો વિશ્વાસ રાખવાનું મદનને કહી તે સંબંધમાં શિયાળ અને હરણીનું દૃષ્ટાંત કહ્યું.

[એ માટે જુઓ આ કથાકોશમાં **શિયાળ અને હરણી** (પત્નીની વફાદારી વિશે)]

દૃષ્ટાંત પૂરું કરી મોહનાએ કહ્યું : 'પશુની જાત હતી તોયે હરણી વફાદાર રહી, તો હું તો માનવી છું. તારે સુખે હું સુખી અને તારે દુઃખે દુઃખી. તને ઊની આંચ નહીં આવવા દઉં. છતાં મારું કહેવું નહીં કરે, તો હું નક્કી મરીશ.' એટલે પંડિતે કહ્યુ : 'માયારૂપ નારી કોઈની થઈ નથી, તો તું પણ કોઈની થાય એ કેમ મનાય ? અને તેણે એ સંબંધમાં ગંગસેન અને દૂધાંનું દૃષ્ટાંત કહ્યું.

[એ માટે જુઓ આ કથાકોશમાં **ગંગસેન અને દૂધાં** (સ્ત્રી–ચરિત્ર વિશે)]

પંડિતે મોહનાને કહ્યું : 'નારી ગંગ જેવા શૂરાની પણ ન થઈ તો બીજાની શું વાત ? તું આ બિચારા વાણિયાને મરાવી નખાવીશ.' મોહનાએ કહ્યું : 'સામે પક્ષે એવી લાખ વાતો કહેવી હોય તો કહેવાય. મારે તો ભવોભવનો મદન જ સ્વામી છે.' અને એમ કહી રામનું નામ લઈ તેણે હાથમાં કટાર લીધી. પંડિત અને મદન મૂંઝાઈ ગયા. છેવટે પંડિતે મદનમોહનાને ગાંધર્વવિધિથી ત્યાં જ પરણાવી દીધાં. આ પ્રસંગથી મદન દૂબળો પડી ગયો, પણ મોહનાનું તેજ વધ્યું. પંડિતે કુંવરીનું ભણતર પૂરું થયું હોવાનું અને તેને યોગ્ય વર સાથે પરણાવી દેવાનું રાજાને કહ્યું અને પોતાને ગામ જવાની રજા માગી. રાજાએ અઠવાડિયું રોકાઈ જઈ દીપોત્સવી કરીને પછી જવાનું કહ્યું.

૩. રાજાએ કુંવરી પાસે જઈ, તે કહે તે રીતે તેનો વિવાહ કરી આપવાની વાત કરી. મોહના કશું ન બોલી. રાજાના કહેવાથી રાણીએ તેને પૂછ્યું. એટલે મોહનાએ બન્યું હતું તે બધું કહ્યું. આમાં મદનનો જરાય વાંક ન હોવાનું અને આ વાત બીજું કોઈ જાણતું ન હોવાનું પણ જણાવ્યું. સાંભળીને ડઘાઈ ગયેલી માતાએ મોહનાને ફિટકાર દીધો અને જીવતાં રહેવું હોય તો નાસી જવાનું સૂચવ્યું. પણ મોહનાએ કહ્યું : 'તેમ કરતાં મદનનો વાંક આવશે અને તેના ઘરનાંને મારી નાંખશે. એ કરતાં તો મારા પિતાને વાત કરીને તમે સમજાવો.' રાણીએ રાજાને વાત કરી. રાજાનો ક્રોધ તો ભભૂકી ઊઠ્યો. મદનને પકડી મગાવી બધી વાત જાણી.

મોહનાનાં વચનનું જે લખત કરી રાખ્યું હતું તે મદને રાજાને બતાવ્યું. પોતે સમજાવવામાં બાકી રાખી ન હતી તે પણ કહ્યું. પછી રાજાએ પંડિતને બોલાવી, પ્રતિજ્ઞા તોડીને પડદો કેમ ખોલ્યો અને મોહનાનું મુખ કેમ જોયું તે પૂછ્યું. તેણે પણ બધી વાત કરી અને કુંવરી આપઘાત કરશે એ બીકે પોતે આમાં ભળ્યો હોવાનું કહ્યું. કુંવરીને બોલાવી પૂછતાં તેણે પણ પોતે પોતાની બળજબરીથી મદન સાથે પરણી હોવાનું, અને પછી તેઓ એકે વાર ન મળ્યાં હોવાનું જણાવ્યું. આ પછી રાજાએ પ્રધાનને બોલાવી બન્યું હતું તે કહ્યું. પ્રધાને પૂછ્યા વિના જ ઘટે તે દંડ દેવાનું અને બ્રાહ્મણ કે સ્ત્રીનો વાંક હોય તોપણ તેમને ન હણવાનું શાસ્ત્રવચન હોવાથી પંડિત અને મોહનાને છોડી મૂકવાનું કહ્યું. પ્રધાન સાચું બોલ્યો તેથી રાજા પ્રસન્ન થયો. પંડિતને તેણે કશું ન આપ્યું અને ઊલટું તેની પાસે હતું તે પણ ખૂંચવી લીધું. પંડિતે કહ્યું : 'ગમે તેમ પણ આ મોહનાથી જ રાજાનું રાજ્ય રહેશે અને તે એકોતેર પેઢી તારશે. બાકી તો સૌ વેળાવેળાની છાંયડી છે.' પંડિતનાં આવાં વેણ સાંભળી વળી રાજાનો કોપ થોડોક ઓછો થયો. તેણે કહ્યું : 'જાઓ, ત્રણેને જીવતાં મૂકું છું. પણ કોઈ ફરીથી મને મોઢું ન દેખાડશો.' પ્રધાને પુત્રને કહ્યું : 'હમણાં રાજા રૂઠયો છે, માટે તું અહીંથી જતો રહે.'

અશ્વ તૈયાર કરી, હથિયાર બાંધી, શણગાર સજી મદન દેશવટે નીકળ્યો. ખબર પડતાં મોહના કલ્પાંત કરતી આવી અને પોતાને સાથે લઈ જવા મદનને આગ્રહ કર્યો. એમ કરતાં અનેક સંકટ આવી પડે એવા મદનના વાંધાના જવાબમાં મોહનાએ પુરુષવેશ ધારણ કરીને પોતે આવશે એટલે કશી ચિંતા નહીં રહે એમ કહ્યું. મદનને એ ગળે ન ઊતર્યું એટલે મોહનાએ રજપૂત–રજપૂતાણીનું દૃષ્ટાંત કહ્યું.

[એ માટે જુઓ આ કથાકોશમાં **રજપૂત–રજપૂતાણી** (પુરુષવેશે પતિ સાથે પરદેશ જવા વિશે દૃષ્ટાંતકથા)]

મોહનાએ મદનને કહ્યું : 'હું તારી સાથે આવ્યા વિના નહીં રહું.' મદનને કબૂલ થવું પડયું. પંડિત પોતાને ગામ જઈને રહ્યો. મદનમોહનાએ તેનાં નામઠામ લખી રાખ્યાં.

**૪.** મદન અને મોહના ઘોડે ચડી મધરાતે પુરુષવેશે નીકળી પડયાં. વાટમાં થતાં શુકનનો અર્થ મોહના મદનને પૂછતી ગઈ. મદને કહ્યું : 'શુકન જોતાં જણાય છે કે, વાટમાં કેટલુંક કષ્ટ પડશે, પણ પછી રાજ્ય મળશે'. ઘણા જોજનનું અંતર કાપી તેમણે એક ગામના ચૌટે ઉતારો કર્યો. ગણિકા નાચ કરવા આવી. તેનો નાચ ચાલતો હતો ત્યારે મોહનાએ મદનને કાંઈક નિશાની કરી. ગણિકા તરત પામી ગઈ કે આ પુરુષવેશમાં કોઈ સ્ત્રી જ છે. તેને ફસાવવાનો તેણે તાગડો રચ્યો. મેવામીઠાઈ સાથે ગણિકાએ તેમને આંબળાં જેવડાં બે મોતી ભેટ કર્યાં. મોહનાએ જ્યારે કહ્યું કે, બે મોતીથી શું થાય, ચાર હોય તો વેચાતાં લઈ જાઉં. ત્યારે ગણિકાએ ઘરે આવી બીજાં બે લઈ જવા કહ્યું. મદનના વાર્યા છતાં મોહના જવા તૈયાર થઈ. મોહના ત્યાં પહોંચતાં ગણિકાએ તેને આદરમાન દઈ બીજાં બે મોતી તેની આગળ મૂક્યાં. બીજી તરફ ગુપ્ત રીતે એક દાસીને એવા સંદેશા સાથે મદન પાસે મોકલી કે 'તમારી સાથે છે તે સ્ત્રી હોવાની રાજાને ખબર પડી ગઈ હોવાથી તેને તે આંચકી લેવા માગે છે, એટલે મેં તેને પૂર્વ દિશાએ છ જોજન દૂર મોકલી દીધી છે. તો તમે પણ જલદી જઈને તેને મળો.' સંદેશો મળતાં જ હાંફળોફાંફળો મદન પૂર્વ દિશામાં વહેતો થયો. પછી મોહનાને ગણિકાએ કહ્યું : 'અમારા ગામના ઠાકોરને તું સ્ત્રી હોવાની ખબર પડતાં તને પકડી લાવવા કહ્યું છે, પણ મને દયા આવતાં અહીં તેડી લાવી છું અને તારા પતિને રવાના કરી દીધો છે. ગમે તો મારે ત્યાં રહી લહેર કર અને નિત્ય નવા ભરથાર ભોગવ, અને નહીં તો રાજાની દાસી થઈને રહે.' મોહના સમજી ગઈ કે, તે ફસાઈ ગઈ છે, પણ મુખ પર કશો અણગમો આવવા દીધા વિના તેણે તો ગણિકાના બોલ વધાવી લીધા. રાતે સૌ સૂઈ જતાં મોહના ઊઠી. હાથમાં કટાર લીધી. સૂતેલી ગણિકાની પાસે આવી. મોઢે ડૂચો દઈને તેનાં કાન, નાક, હોઠ અને ચોટલો કાપી લીધાં અને પછી પુરુષનો વેશ પહેરી ઘોડે ચડીને નીકળી પડી.

**૫.૧.** રસ્તે જતાં વનમાં મોહનાએ બળતા દવમાં એક નાગને તરફડતો દીઠો. દયા આવતાં તેણે બળતામાં ઢાલ મૂકી તે ઉપર પગ દઈ સાપને બચાવ્યો. જળ છાંટતાં તેને ચેતના વળી. તે નાગ વાસુકિના વંશનો હતો. તેણે પ્રસન્ન થઈને મોહનાને એક ચમત્કારી મણિ આપ્યો. તે મણિમાં સર્પવિષ, રક્તપિત્ત, કોઢ, અંધત્વ અને વંધ્યત્વનો પ્રતિકાર કરવાનો ગુણ હતો. ઉપરાંત સંકટમાં સંભારતાં આવીને મદદ કરવાનું પણ નાગે મોહનાને વચન દીધું.

**૫.૨.** આગળ ચાલતાં પુરુષવેશે રહેલી મોહના મહીડાપુર પહોંચી અને ત્યાંના કરોડપતિ કલા પારેખને ઘરે ઊતરી. તેને સંતાનનું દુઃખ હતું. બહેનની દીકરી માણેકદેને પોતાને ત્યાં રાખી હતી. મોહનાના કહેવા પ્રમાણે તેની સ્ત્રીને પેલો મણિ ધોઈને આઠ દિવસ પાતાં તેને ગર્ભ રહ્યો. કલા પારેખે માણેકદેને મોહના વેરે પરણાવી ઘણો દાયજો આપ્યો. પછી નવવધૂને પિયરમાં મૂકી મોહના જાત્રાને બહાને આગળ ચાલી.

**૫.૩.** બદરીકેદારમાં આંધળા રાજા પુરંદરસેને દુઃખ ન સહેવાતાં પોતાનું મસ્તક ઈશ્વરને સમર્પવા માંડયું. રૈયત કલ્પાંત

કરવા લાગી. તે વખતે ત્યાં આવી પહોંચેલી મોહનાએ મણિ ઘસીને તેની આંખમાં આંજતાં રાજાનો અંધાપો દૂર થયો. રાજાએ તેને પોતાની પુત્રી કનકાવતી પરણાવી. તેને પિયરમાં રાખી જાત્રાને બહાને મોહના આગળ ચાલી.

**૫.૪.** દમલપુરમાં ભીમ રાજાના પદ્માકર પ્રધાનને ત્યાં મોહનાએ ઉતારો કર્યો. તેનો પુત્ર ક્ષયરોગી હોવાથી પ્રધાન ઘણો દુઃખી હતો. મોહનાએ મણિ ઘસીને પાયો, એટલે તેની કાયા કંચન જેવી થઈ ગઈ. પ્રધાને પોતાની પુત્રી પદ્મિનીને મોહના સાથે પરણાવી ઘણો દાયજો દીધો. વીસ દિવસ ત્યાં રહી, સ્ત્રીને પિયરમાં મૂકી જાત્રાને બહાને મોહના ત્યાંથી નીકળી ગઈ.

**૫.૫.** ત્યાંથી તે ચંદ્રાવતી નગરીના ચંદ્રસેન રાજાને ત્યાં પહોંચી. રાજા કોઢિયો અને અપુત્ર હતો. વેદના સહન નહીં કરી શકવાથી, પ્રધાનને રાજપાટ સોંપી તે પ્રયાગે દેહ પાડવા તૈયાર થયો. પ્રજા કલ્પાંત કરવા લાગી. મોહનાએ મણિ ઘસીને ચોપડતાં તેનું શરીર નીરોગી થયું. રાજાએ પોતાની દીકરી ચંદ્રવદનીને મોહના સાથે પરણાવી. તેર દિવસ ત્યાં રહી જાત્રા નિમિત્તે મોહના પાછી એકલી નીકળી પડી.

**૫.૬.** દક્ષિણમાં સોપારાના રાજાને ત્યાં તે જઈ પહોંચી. રાજાનો પ્રતાપ ઘણો, પણ તેને કૃષ્ણાવતી પુત્રી સિવાય બીજું એકેય સંતાન નહીં. એકવાર કૃષ્ણાવતી ફૂલનાં વસ્ત્ર પહેરીને સૂતી હતી, ત્યાં સુગંધથી ખેંચાઈ આવેલો નાગ નીચે લટકતા કેશકલાપ ઉપર થઈને ચડ્યો. ઊંઘમાં તેને કૃષ્ણાવતીનો હાથ વાગતાં તે તેની આંગળીએ ડસ્યો, અને કુંવરીના પ્રાણ ઊડી ગયા. રાજાએ ઝેર ઉતારે તેને કુંવરી પરણાવવાની દાંડી પિટાવી. મોહનાએ ડંખ પર મણિ મૂકતાં ઝેર ચુસાઈ ગયું અને કૃષ્ણાવતી જીવતી થઈ. રાજાએ મોહના સાથે કૃષ્ણાવતીને પરણાવી અને શુભમુહૂર્તે તેનો પટ્ટાભિષેક પણ કર્યો. મોહના ઘરજમાઈ થઈને ત્યાં રહી.

**૫.૭.** મોહના મદનને સંભાર્યા કરતી હતી. તેણે કૃષ્ણાવતીને કહ્યું : 'તારું ઝેર ઉતારવા કરેલા તંત્રને કારણે છ મહિના એકબીજાને સ્પર્શ નથી કરવાનો, નહીં તો મોત આવશે.' મોહનાએ અંબિકાની પૂજા અને જપ આદર્યાં. સાથે એક યુક્તિ કરી. ચારે દિશાએ ચાર સદાવ્રત ચાલુ કરાવ્યાં, જેમાં અહોનિશ અન્ન અપાતું. ચારે જગ્યાએ સાથોસાથ શિવનાં દહેરાં કર્યાં. દહેરાંમાં મોહના, મદન, પંડિત અને પ્રધાનનાં નામ સાથે તાદશ પૂતળાં મૂકયાં. દહેરાંની અંદર રાજા અને રાજસભા ચીતરી. દેશદેશના પથિક આ સદાવ્રતે આવવા લાગ્યા.

૬. આ તરફ ગણિકાએ ભોળવીને નસાડેલો મદન શક્તિનું સ્મરણ કરતો આગળ વધ્યે જતો હતો. તે રૂપાવતી નગરી આવી પહોંચ્યો. ત્યાંનાં રાજારાણી રામચંદ્ર અને રામાદેની કુંવરી અરુણાએ ઇચ્છાવર વરવાનું નક્કી કર્યું હતું. તેની શરત એવી હતી કે, તે પૂછે તેનો ઉત્તર જે આપે, તેને તે વરે. ઉત્તર ન દઈ શકે તેનું મોઢું કાળું કરી, માથે ચૂનો ચોપડી, એક સોનામહોર આપીને તેને કાઢી મૂકે. મદનને જોઈ અરુણા મોહી પડી અને અંબામાતાને મનમાં પ્રાર્થવા લાગી : 'આને મારા પ્રશ્નોનો ઉત્તર સૂઝજો.' પછી અરુણાએ પ્રશ્ન પૂછવા માંડ્યા અને મદને પટોપટ ઉત્તર દેવા માંડયા. બધા ઉત્તર સાચા પડતાં અરુણાને મદન સાથે પરણાવી. મદન સાત દિવસ ત્યાં રહ્યો અને પછી જાત્રાનું નામ લઈ એકલો નીકળી પડ્યો. ફરતો ફરતો જ્યાં મોહના રાજ્ય કરતી હતી ત્યાં તે આવી લાગ્યો. શિવાલયમાં પૂતળાં જોતાં જ મદન મૂર્ચ્છા ખાઈને પડ્યો. સારવાર કરાતાં કાંઈ ભાનમાં આવ્યો, એટલે તે અન્ન તજીને બેઠો. તેની ખાતરી થઈ ગઈ કે, આ પૂતળાં મુકાવનાર મોહના જ છે અને તે આ શહેરમાં જ ક્યાંક છે. સાત દિવસ સુધી ખાધાપીધા કે બોલ્યા વિના અંબિકાનું ધ્યાન કરતો તે ત્યાં બેસી રહ્યો. ચોકીદારે આ સમાચાર રાજાને પહોંચાડ્યા. મોહનાએ ચોકીદારને વસ્ત્રાભૂષણની ભેટ કરી, અને છડીસવારી સાથે પોતે મદન પાસે પહોંચી. બંને પરસ્પરને જોઈ હસી રહ્યાં અને ભેટી પડ્યાં. પછી ખૂબ દાન દીધાં. હાથી પર બેસાડી વાજતેગાજતે મદનને રાજમહેલમાં તે લઈ આવી. ભોજન વગેરેથી પરવારી પરસ્પરને વીતક વાત કહી. બંનેએ હમણાં તેમનો વેશ ભજવવાનું અને પતિપત્નીનો વ્યવહાર ઘરે પહોંચ્યા પછી જ રાખવાનું નક્કી કર્યું. મદનને પ્રધાનપદ આપ્યું. એક માસ વીતી ગયો. પછી ખંડણી ઉઘરાવવા નિમિત્તે લશ્કર લઈને બંને ઉપડયાં. અનુક્રમે સોપારાથી કૃષ્ણાવતી, ચંદ્રાવતીથી ચંદ્રવદની, દમલપુરથી પદ્માવતી, બદરીકેદારથી કનકાવતી, મહીડાપુરથી માણેકદે, અને રૂપાવતીથી અરુણાને તેડીને છેવટે મથુરા આવીને પડાવ નાખ્યો. સૌ રાજારાણીને નમી પડયાં. છૂપો કાસદ મોકલી મદને, આવનાર બીજાં કોઈ નહીં પણ પોતે અને મોહના હોવાની પ્રધાનને જાણ કરી. મધુસૂદન રાજા ઘણો મૂંઝાયો અને દીકરીને કાઢી મૂકવા માટે પસ્તાયો. તેણે વિચાર્યું જો તેણે કાઢી મૂકી ન હોત તો ચઢી આવેલા રાજાને દીકરી પરણાવીને રાજ બચાવત. પ્રધાને તેને આશ્વાસન આપ્યું. પોતે જઈને મદન–મોહનાને મળ્યો. વીતક વાત બધી સાંભળી. પછી મોહનાએ સ્ત્રીવેશ પહેરી લીધો. પાંચેય કન્યાને સાચી વસ્તુસ્થિતિ જણાવી, તે સૌનો વર મદન હોવાનું કહ્યું. પ્રધાને જઈને રાજાને બધી વાત કરી. રાજાને હરખની મૂર્ચ્છા આવી

ગઈ. મદનનું સામૈયું કર્યું. મદન આવીને સસરાને પગે લાગ્યો. રાજાએ મદનનાં ખૂબ વખાણ કર્યાં. મદને સામો વિવેક કર્યો.

મદને રામરાજ્ય સ્થાપ્યું. માગ્યા મેહ વરસતાં પ્રજા બધી સુખી થઈ. અસત્ય, અન્યાયને દેશવટો દીધો. ગૌડ, દ્રવિડ અને ગુર્જર ઉપર એકછત્રે તેણે રાજ્ય કર્યું. ધર્મનાં ઘણાં કામ કર્યાં. મોહના ઘણું માન પામી. મદનને ત્યાં પાંચ પુત્ર થયા. શુકદેવ પંડિતને બોલાવી મદનમોહના તેને પગે પડ્યાં, અને માનપાન આપી તેને ત્રાંબાપત્રે ત્રીસ ગામ લખી આપ્યાં.

**મદનમોહનામાં આવતી દૃષ્ટાંતકથાઓ : વણિક પુત્રની દૃષ્ટાંતકથા** (સહસા કામ ન કરવા વિશે); **રાજકુમારી અને ઢેડ** (સહસા કામ ન કરવા વિશે); **સિંહ અને હરણ** (ઊંચનીચના સંબંધ વિશે); **શિયાળ અને હરણી** (પત્નીની વફાદારી વિશે); **ગંગસેન અને દૂધાં** (સ્ત્રીચરિત્ર વિશે); **રજપૂત–રજપૂતાણી** (પુરુષવેશે પતિ સાથે પરદેશ જવા વિશે). [આધાર : **'મદનમોહના'**]

**મંગલકલશ : ૧.** ઉજ્જેણીનગરીમાં વૈરસિંહ રાજા, એની રાણી સોમચંદ્રા, ધનદત્ત શ્રેષ્ઠી અને તેની ભાર્યા સત્યભામા રહેતાં હતાં. દેવકૃપાએ ધનદત્ત શ્રેષ્ઠીને ત્યાં મંગલકલશ નામે પુત્ર થયો. સત્યભામાને સ્વપ્નમાં સુવર્ણકલશ દેખાયા હતા તેથી પુત્રનું આવું નામ પાડ્યું હતું.

ચંપાપુરીમાં સુરસુંદર રાજા અને રાણી ગુણાવલી. એમને ત્રૈલોક્યસુંદરી નામે સ્વરૂપવાન પુત્રી હતી. યૌવનવયમાં આવેલ ત્રૈલોક્યસુંદરી અંગે રાજા સુરસુંદર ચિંતાતુર હતો. પ્રિય પુત્રીને પરદેશમાં નહિ આપવા માટે તેણે પોતાના મંત્રીપુત્ર સાથે એનું લગ્ન કરવા વિચાર્યું. રાજાના અતિ આગ્રહને કારણે પોતાની અનિચ્છા છતાં સુબુદ્ધિ મંત્રી આ વાતની ના પાડી શક્યો નહીં. પણ પોતાના પુત્રને કોઢ હોવાથી આ બાબતમાં શું કરવું એની એને ભારે ચિંતા થઈ પડી. પણ રાજકુમારી પુત્રવધૂ તરીકે આવતાં અઢળક ધન મળે એવો લોભ પણ તે છોડી શક્યો નહીં.

**૨.** મંત્રીએ કુલદેવતાની આરાધના કરી. પ્રસન્ન થયેલા દેવતા પાસે મંત્રીએ પોતાના પુત્રનો રોગ નિવારવા વિનંતી કરી. દેવતાએ કહ્યું : 'કરેલાં કર્મ ભોગવ્યા વિના એનો અંત આવતો નથી.' ત્યારે મંત્રીએ કોઈ સ્વરૂપવાન યુવાનને પરદેશથી મેળવી આપવા વિનંતી કરી, જેની સાથે રાજકુમારીનો વિવાહ કરી શકાય. દેવતાએ ઉજ્જેણીમાંથી મંગલકલશને ઉપાડી લઈ ચંપાપુરીમાં લાવી મૂક્યો. મંત્રીએ મોકલેલ માણસો એને માનભેર મંત્રી પાસે લઈ આવ્યા. પોતાનો આવો સત્કાર કરવાનું કારણ પૂછતાં, મંત્રીએ પોતાના કોઢવાળા પુત્રને બદલે મંગલકલશે રાજકન્યા સાથે પરણવાનું છે અને પછી ચાલ્યા જવાનું છે, એ યોજનાની વાત કરી. અને આ કાર્ય માટે જ કુલદેવતા એને ચંપાપુરી લઈ આવ્યા હતા એ સમજાવ્યું. આવું કુકર્મ કરવાની મંગલકલશે અનિચ્છા દર્શાવતાં, મંત્રીએ એનો વધ કરવા તલવાર ઉગામી. કેટલાક માણસો વચ્ચે પડ્યા અને પછીથી 'રાજા તરફથી જે કરિયાવર મળે તે મને આપજો તથા ઉજ્જેણીનગરી પહોંચાડજો' એ શરતે તે પરણવા તૈયાર થયો. મંત્રીએ તે શરત કબૂલ રાખી.

**૩.** મંગલકલશ અને ત્રૈલોક્યસુંદરીનાં લગ્ન ધામધૂમથી કરવામાં આવ્યાં. રાજાએ ઘણો કરિયાવર કર્યો. પત્નીને લઈ મંગલકલશ મંત્રીને ઘેર આવ્યો. અને વિધિવત્ બન્નેનો ગૃહપ્રવેશ કરાવવામાં આવ્યો. મંગલકલશ અને ત્રૈલોક્યસુંદરી શયનગૃહમાં ગયાં. થોડીવાર પછી મંગલકલશ બહાર આવ્યો. પતિને ભૂખ લાગી હશે એમ માની ત્રૈલોક્યસુંદરીએ લાડુ મંગાવ્યા, પણ તે એણે ખાધા નહિ. પછી કોઈ બહાનું બતાવીને તે બહાર નીકળ્યો અને મંત્રીને મળ્યો. મંત્રીએ આપેલી વસ્તુઓ લઈને તે ઉજ્જેણીના માર્ગે વળ્યો, જ્યાં તેને એક વણજારાનો સંગાથ મળી ગયો.

ગુમ થયેલા પુત્રને અઢળક ધન સાથે પાછો ફરેલો જોઈને મંગલકલશનાં માતાપિતા ખુશ થયાં. મંગલકલશે ચંપાપુરીમાં બનેલી સર્વ હકીકત તેમને જણાવી. મંગલકલશે આ પછી બધી કલા હસ્તગત કરવાનું નક્કી કર્યું. તે માટે તે એક પાઠકને ત્યાં જવા લાગ્યો.

**૪.** આ બાજુ ચંપાપુરીમાં, શયનગૃહમાં પાછી ફરેલી ત્રૈલોક્યસુંદરીએ શય્યામાં સૂતેલા કોઢવાળા મંત્રીપુત્રને જોઈને ભારે આશ્ચર્ય અને આઘાત અનુભવ્યાં. બહાર નીકળીને દાસીઓ સાથે તે સૂઈ રહી અને સવાર પડતાં તે પોતાના પિયર પહોંચી ગઈ અને રાજાને સર્વ બીના જણાવી. રાજાએ આ અંગે પૂછતાં મંત્રીએ કહ્યું : 'મારો પુત્ર તો લગ્ન વખતે જોયો હતો એવો સ્વરૂપવાન જ હતો, પણ આ કન્યાના સંસર્ગથી તે કોઢવાળો થઈ ગયો છે.' રાજાએ પણ તે હકીકત સાચી માની અને પુત્રીના દુર્ભાગ્યને જોઈ તેના તરફ ઉદાસીન થઈ ગયો.

પોતે જેની સાથે પરણી છે તે રાજકુમાર ઉજ્જેણી ગયો છે એવું સ્મરણ રાજકન્યાને હતું અને તેણે પોતાના ઉપરનું કલંક દૂર કરવાનું નક્કી કર્યું. પોતાના મામા સિંહ સામંત દ્વારા પિતાને સમજાવી તથા મામા સિંહને સાથે લઈ પુરુષવેશે તે ઉજ્જેણી આવી. ચંપાપુરી નગરીની રાજકન્યાનું સ્વાગત કરવા રાજા વૈરસિંહ આવ્યો. અને તેને નદીકિનારે આવેલા મહેલમાં ઉતારો આપ્યો. ત્યાં ત્રૈલોક્યસુંદરીએ કેટલાક ઘોડા જોયા અને તેને પોતાના ઘોડા તરીકે ઓળખાવ્યા. પહેરામણીમાં

મળેલા એ ઘોડા મંગલકલશ ચંપાપુરી લાવ્યો હતો. ઘોડાઓ પાછળ માણસ મોકલતા મંગલકલશના ઘરનો પત્તો લાગ્યો. પછી મામા સિંહ મારફત જે ગુરુને ત્યાં મંગલકલશ અભ્યાસ કરતો હતો, તેમને બધા વિદ્યાર્થીઓ સહિત ગૈલોક્યસુંદરીએ પોતાને ત્યાં જમવા નિમંત્ર્યા. એ વિદ્યાર્થીઓમાં પોતાના પતિને જોઈને ગૈલોક્યસુંદરીને આનંદ થયો અને બધા વિદ્યાર્થીઓ કરતાં, સવિશેષ વસ્ત્રાદિક આપી તેનો સત્કાર કર્યો. પછી ગૈલોક્યસુંદરીએ ગુરુને કહી મંગલકલશ પાસે કથા કહેવડાવી. મંગલકલશે કથા કહેવા માંડી; 'આ તે જ સ્ત્રી છે કે જેને હું ભાડેથી પરણ્યો હતો તેણે શા માટે પુરુષવેશ ધારણ કર્યો હશે ?' આ પછી બનેલી બધી વાત તેણે કહી. ગૈલોક્યસુંદરીએ પછીથી એને 'જૂઠો' કહી પોતાના નોકરો પાસે પકડાવ્યો. બધા વિદ્યાર્થીઓ નાસી ગયા. આ વાત મંગલકલશના પિતા ધનદત્ત શ્રેષ્ઠીને કરી. ધનદત્ત ગૈલોક્યસુંદરીના મહેલે આવ્યો. પછી મંગલકલશ અને ગૈલોક્યસુંદરી નવાં પરણ્યાં હોય તેમ ધનદત્ત શ્રેષ્ઠીના ઘેર આવ્યાં. ત્યાંથી બધાં ચંપાપુરી આવ્યાં. સુરસુંદર રાજાને સાચી હકીકતની જાણ થઈ અને ગૈલોક્યસુંદરીનું કલંક દૂર થયું. રાજા મંત્રી પર કોપ્યો અને તેનો વધ કરવા તૈયાર થયો. પણ મંગલકલશે રાજાને વિનંતી કરી અને તેને જીવતદાન અપાવ્યું. રાજાએ મંગલકલશને પોતાના પુત્ર તરીકે સ્થાપ્યો અને એને રાજ્ય આપ્યું અને પોતે દીક્ષા લીધી.

એક વાર જયસિંહસૂરિ આચાર્ય નગરના ઉદ્યાનમાં પધાર્યાનું જાણી મંગલકલશ તેમને વંદન કરવા ગયો. પછી મંગલકલશે પોતાના પૂર્વભવ અંગે પૂછતાં આચાર્યે જણાવ્યું કે, મંગલકલશ અને ગૈલોક્યસુંદરી પૂર્વભવમાં પણ પતિ–પત્ની હતાં. પણ તે વખતે તેણે પરદ્રવ્યથી દાન કર્યું હતું એટલે તે આવી રીતે ભાડેથી ગૈલોક્યસુંદરી પરણ્યો.

પૂર્વભવ સાંભળીને વિરક્ત થઈને મંગલકલશ અને ગૈલોક્યસુંદરીએ દીક્ષા લીધી.

[આધાર : **'મંગલકલશ–ફાગ'**]

**મંત્રસાધનામાં નિષ્ફળતા (વેતાળપચીસી–૧,** સત્તરમી કથા) : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી :

'ઉજ્જેણીનગરીના વિષ્ણુશર્મા નામે બ્રાહ્મણનો ગુણાકર નામનો પુત્ર જુગારમાં ઘણું ધન હારી જતાં પિતાએ તેને ઘરમાંથી કાઢી મૂક્યો. દેશાંતરમાં ફરતાં તે એક દેવળમાં પહોંચ્યો. ત્યાં રહેતા યોગીએ તેને ભોજન લેવા નોતર્યો. યોગીનું ભોજન બ્રાહ્મણથી ન લેવાય એમ ગુણાકરે કહ્યું. તેથી યોગીએ તેની પરોણાગત કરવા એક યક્ષિણીનું સ્મરણ કરી ધ્યાન ધર્યું. તે પ્રકટ થતાં તેને ગુણાકરની પરોણાગત કરવાનું સોંપ્યું. યક્ષિણીએ દેવોના આવાસ જેવા જ આવાસનું નિર્માણ કરી તેમાં ગુણાકરને સ્નાનભોજનાદિ કરાવી રાત્રે તેની સાથે તે સુખશય્યામાં સૂતી. સવારે બ્રાહ્મણે એ આવાસોનું અને યક્ષિણીનું નામ-નિશાન ન જોયું. તેણે યોગીને જણાવ્યું કે, એ યક્ષિણીના વિરહમાં મારું મૃત્યુ થશે. યોગીએ યક્ષિણીની સાધના મુશ્કેલ હોવાનું કહ્યું. બ્રાહ્મણે એક વાર પોતાના કુટુંબને મળી આવ્યા પછી એ મુશ્કેલ સાધના કરવા તૈયારી બતાવી. ગુણાકર ઘેર આવ્યો ત્યારે તેના પિતાએ, 'આટલા દિવસ ક્યાં રહ્યો હતો ? અને તું ઘરનું સુખ વિસરી ગયો ?' એમ પૂછ્યું. પછી ગુણાકર સર્વસ્વનો ત્યાગ કરીને યોગી પાસે આવ્યો. યોગીએ જે મંત્ર આપ્યો તેનો તે જાપ કરવા લાગ્યો. પણ યક્ષિણી પ્રગટ ન થઈ.

આટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું : 'હે રાજન, શા કારણથી યક્ષિણી ગુણાકરને સિદ્ધ ન થઈ?' વિક્રમે કહ્યું, : 'બ્રાહ્મણનું મન દ્વિધામાં હતું, તેનું ચિત્ત એકાગ્ર ન હતું, તેથી યક્ષિણી તેને સિદ્ધ ન થઈ.' વળી વેતાળે પૂછ્યું, : 'યોગી પાસે પણ યક્ષિણી કેમ ન આવી ?' વિક્રમે કહ્યું : 'તે એટલા માટે ન આવી કે તેણે ચંચળ ચિત્તવાળાને વિદ્યા આપી.'

આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'–૧,** સત્તરમી કથા]

**માથાંની અદલાબદલી ('વેતાલપચીસી–૧,** છઠ્ઠી કથા) : સિદ્ધને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી શબને ફરી ઉતારી પોતાની પીઠ પર બાંધી ને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને ફરી પાછી એક સમસ્યાગર્ભ કથા વિક્રમને કહી.

'ધર્મપુરના અપુત્ર રાજા ધર્મસેને દેવીને આરાધનાથી પ્રસન્ન કરીને પુત્ર પ્રાપ્ત કર્યો. તે પુત્ર યુવાન થતાં એક વાર પ્રધાનપુત્રની સાથે દેવીના મંદિરે નમસ્કાર કરવા ગયો, ત્યારે તેણે ત્યાં એક કન્યાને પૂજા કરતી દીઠી. તેના પર એ એટલો મુગ્ધ થઈ ગયો કે એ કન્યા સાથે જો તેનું લગ્ન થશે તો તે પોતાનું મસ્તક દેવીને ચડાવશે એવી તેણે પ્રતિજ્ઞા કરી. વિરહથી પિડાતા કુંવરની વેદના રાજાએ જાણી તેનું લગ્ન એ ઇચ્છિત કન્યા સાથે કર્યું.

થોડો વખત સુખોપભોગ કર્યા બાદ રાજકુંવરની પત્નીને પોતાને પિયર જવા ઇચ્છા થઈ. કુંવર તેના મિત્ર પ્રધાનપુત્રને સાથે લઈને તેને મૂકવા ગયો. રસ્તામાં દેવીનું મંદિર જોતાં તેને પોતાની પ્રતિજ્ઞાનું સ્મરણ થયું. મિત્રને અને પત્નીને વાડામાં ઊભાં રાખીને તે મંદિરમાં ગયો અને દેવીને પોતાનું મસ્તક ચડાવ્યું. રાજકુંવરને આવતાં મોડું થયું, તેથી મિત્રે મંદિરમાં જઈ જોયું તો કુંવરનું માથું અને ધડ જુદાં પડેલાં દીઠાં. કુંવરની પત્ની મેળવવા તેનો ઘાત કર્યાનો આરોપ પોતાના પર આવશે, એવા ડરે પ્રધાનપુત્રે પણ પોતાનું મસ્તક દેવીને ચડાવ્યું. મંદિરમાં ગયેલો તેનો પતિ અને પ્રધાનપુત્ર પાછા ન આવતાં કુંવરની પત્ની પણ મંદિરમાં ગઈ. જઈને જોયું તો પતિ અને તેના મિત્રનાં મસ્તક કપાયેલાં પડ્યાં હતાં. એટલે તેણે પણ પોતાના ગળામાં ફાંસો નાખ્યો. દેવીએ પ્રગટ થઈ આત્મહત્યા કરતી તેને અટકાવી અને વરદાન આપ્યું કે, કપાયેલાં માથાં ધડની સાથે જોડી દેતાં રાજકુંવર અને પ્રધાનપુત્ર સજીવન થશે. એ સાંભળી ઉતાવળમાં સ્ત્રીએ રાજકુંવરનું માથું પ્રધાનપુત્રના ધડ સાથે અને પ્રધાનપુત્રનું માથું રાજકુંવરના ધડ સાથે લગાડ્યું. બંને તરત સજીવન થયા. હવે એ બંને પેલી સ્ત્રી માટે લડવા લાગ્યા.

એટલી કથા કહી વેતાળે વિક્રમને પ્રશ્ન કર્યો, : 'હે રાજા વિક્રમાદિત્ય, તું કહે, એ બેમાંથી એ કોની સ્ત્રી? જો તું જાણતો હોય અને ન કહે તો તેમની હત્યાનું પાપ તારે શિરે'. વિક્રમ બોલ્યો, : 'જેના ધડ ઉપર રાજકુંવરનું મસ્તક હોય તેની તે સ્ત્રી, કારણ કે બધાં અંગોમાં મસ્તક પ્રધાન છે.' આ રીતે વિક્રમે મૌનભંગ કર્યો એટલે શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.
[આધાર : **'વેતાલપચીસી'–૧,** છઠ્ઠી કથા].

**માધવાનલ અને કામકંદલા–૧** : સરસ્વતી નદીને તીરે શુકદેવ તપ કરતા હતા. તેમને સંસારમાં પાડવા વેદવ્યાસે કામદેવને નિમંત્રણ આપ્યું. કામદેવ રતિ અને અન્ય સાથીઓને લઈને શુકદેવને મોહમાં નાખવા ગયો, પરંતુ તેમાં તે નિષ્ફળ ગયો. છેવટે રતિ વેશ્યા–વેશ ધારણ કરી શુકદેવની નજીક રહી, અને બ્રાહ્મણરૂપે તેમની સેવા કરી રહેલા કામદેવે શુકદેવને સ્ત્રીની મહત્તા દર્શાવવા પ્રયત્ન કર્યો ત્યારે તેમણે કામને શાપ આપ્યો. કામદેવ અને રતિ શાપથી તરફડતાં હતાં, તે વખતે હરણ–હરણીએ છાયા કરી તેમને શાતા પહોંચાડી. હરણ મરીને બ્રાહ્મણ થયો, હરણી તેની સ્ત્રી. અમરાવતીમાં રહેતા બ્રાહ્મણ કુરંગદત્તને ત્યાં કામદેવ પુત્ર તરીકે અવતર્યો. તેનું નામ માધવ રાખ્યું. માધવ પાંચ વરસનો થતાં એક વાર કુરંગદત્ત બહારગામ ગયો, ત્યારે માતાએ પુત્રને પૂજા માટે ફૂલ લેવા વાડીએ મોકલ્યો. તે વખતે એક જક્ષણીએ આવી ગીધડીનું રૂપ ધરી તેનું અપહરણ કર્યું અને તે આકાશમાર્ગે ઊડી ચાલી નીકળી. રસ્તામાં પુષ્પાવતીના રાજા ગોવિંદચંદે તેને ગીધડી માનીને બાણથી વીંધી. નીચે પડેલાં માતા–પુત્રને જોઈ રાજા ઝંખવાણો પડી ગયો. જક્ષણી મૃત્યુ પામી હતી. ગોવિંદચંદે બાળક પાસે તેની માતાને મારી નાખવા બદલ પશ્ચાત્તાપ કર્યો. માધવે રડતાં રડતાં કહ્યું : 'એ સ્ત્રી કોઈક અજાણી હતી. હું બ્રાહ્મણનો પુત્ર છું. મારાં માબાપ મારા વગર ઝૂરતાં હશે. મારા ગામનું નામ હું જાણતો નથી.' આથી રાજાએ બાળકને પૂજારી પંડિત દેવદત્તને ઉછેરવા સોંપ્યો. પાંચ વર્ષનો થતાં તેના જાતિ-સંસ્કાર કરવામાં આવ્યા. દેવદત્તે માધવને બધી વિદ્યાકલામાં પારંગત કર્યો. માધવ યુવાન વયે પહોંચ્યો.

૨. બીજી તરફ, કામદેવની પત્ની રતિ, કાંતિનગરીના શ્રીપતિ શેઠને ઘરે પુત્રી તરીકે અવતરી. વીંઝૂ ગણિકા શેઠની સેવા અર્થે આવતી. શેઠની રૂપાળી પુત્રીને જોઈ તેણે તેને ઉઠાવી જવાની પેરવી કરી. કપટથી શેઠપુત્રીને ફોસલાવી એક પરદેશી વહાણમાં તેને લઈને તે ચાલી નીકળી. માર્ગમાં કામાવતી નગરીના કામસેન રાજાની નીતિનિપુણતા સાંભળી ત્યાં તેણે મુકામ કર્યો. રાજાએ વીંઝૂને આશ્રય આપ્યો. શેઠપુત્રી મોટી થતાં ચૌદ વિદ્યા અને ચોસઠ કલામાં પારંગત થઈ.

શેઠપુત્રી યૌવનમાં આવી અને ચિત્તમાં કામવૃત્તિનો સંચાર થવા લાગ્યો. તેનું કામકંદલા નામ રાખ્યું. કામકંદલાનું રૂપ પૂરબહારમાં ખીલી ઊઠતાં જ વીંઝૂ વેશ્યા તેને રાજા પાસે રાજસભામાં નૃત્ય કરવા લઈ ગઈ. કામકંદલાના રૂપથી ભલભલા મંત્રમુગ્ધ બની જતા. પણ તે પોતે કોઈ પુરુષ તરફ આકર્ષાતી ન હતી અને નિષ્કલંક રહી, રાજસભામાં નૃત્ય કરવા જતી. એની આવી મનોવૃત્તિથી નિરાશ બનેલી વીંઝૂ થોડા સમય બાદ મૃત્યુ પામી. કામકંદલા નૃત્યથી કામસેનનું મનોરંજન કરતી હતી.

૩. પુષ્પાવતીના રાજા ગોવિંદચંદ અને તેની પટરાણી રુદ્રમહાદેવીને માધવ માતાપિતા ગણતો હતો. પરંતુ યુવાન માધવને જોઈને રાણીના મનમાં વાસનાનો કીડો સળવળવા લાગ્યો હતો. એક દિવસ દેવપૂજન અર્થે આવેલી રાણીએ માધવને હૃદયસરસો ચાંપી પોતાને કામ ઊપજ્યો હોવાનું કહ્યું. માધવે સંસારમાં માતા–પુત્ર વચ્ચે અનિચ્છનીય સંબંધ ન હોઈ શકે એમ રાણીને કહેતાં રાણીએ પોતે તેની માતા ન હોવાનું કહ્યું. માધવે રાજાના કોપનો ભય બતાવી રાણીની માગણી તરછોડતાં રાણીએ જાતે જ પોતાના અંગ ઉપર ઊઝરડા કર્યા, કંચૂકી ફાડી નાખી, વેણી વીંખી નાખી. એને

આવી અવસ્થામાં જોઈ રાજાએ પૂછ્યું, ત્યારે તેણે માધવે તેની ઉપર બળાત્કારનો પ્રયાસ કર્યાનું કહ્યું અને ઉમેર્યું કે, એ બ્રાહ્મણે અંતઃપુરની બધી રાણીઓને ભોગવી છે. રાણીની વાતમાં વિશ્વાસ મૂકી રાજા ગોવિંદચંદે ક્રોધે ભરાઈ માધવને નગર બહાર હાંકી કાઢયો. માધવે જગદંબાના મંદિરમાં જઈ આત્મઘાત કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે પૂજારીએ તેને બચાવી લીધો અને મીઠાં ઉપદેશવચનોથી તેને સાંત્વન આપ્યું.

લોકપ્રિય માધવને હદપાર કરાતાં નગરના લોકોને ઘણો રંજ થયો. તેના ઉપરનો આરોપ જૂઠો હોવાની લાગણી લોકોએ રાજા સમક્ષ વ્યક્ત કરી. રાજાને લોકોની વાત સાચી લાગી. તેણે માધવને શોધીને પાછો લાવવા સેવકોને આજ્ઞા દીધી. માધવે આ વાત જાણી. પણ રાજાની આણ લોપવી અયોગ્ય ગણીને તે ગુપ્તપણે પુષ્પાવતી છોડી ગયો. સેવકોએ તપાસ કરીને ગોવિંદચંદને જણાવ્યું કે, માધવ અમરાવતીના રાજા ચંદ પાસે ચાલ્યો ગયો છે.

૪. માધવ ફરતો ફરતો ચંદ રાજાની અમરાવતીમાં પહોંચ્યો. થાકને લીધે તેણે વાડીમાં વિશ્રામ કર્યો. ચંપાના વૃક્ષ હેઠળ તે ઊંઘતો હતો ત્યારે મતિ માલણ ત્યાં ફૂલ ચૂંટવા આવી. તેણે માધવનું અનુપમ રૂપ નિહાળ્યું. આગંતુકના પ્રભાવે વાડીનાં સૂકાં વૃક્ષ નવપલ્લવિત થયેલાં તેણે દીઠાં. પછી માધવે ઊઠીને નગરપ્રવેશ કર્યો. તેના અનુપમ સૌંદર્યને પેખી નગરનારીઓ સાનભાન ભૂલી ગઈ. માધવ રાજદ્વારે પહોંચ્યો ત્યારે રાજાએ તેનું ભવ્ય સ્વાગત કર્યું. રાજા ચંદે રાજસભામાં તેને માનપાન આપ્યાં. માધવે પંડિત કુરંગદત્તને પ્રણામ કર્યા.

કુરંગદત્તે તેને ગામ–ઠામ અને માતાપિતા વિશે પૂછપરછ કરી ત્યારે માધવે પોતે બ્રાહ્મણકુળમાં અવતર્યો હોવાનું કહી પોતાનો સઘળો વૃત્તાંત કહ્યો. એ સાંભળી કુરંગદત્તે તેને ઓળખી કાઢયો. રાજાએ માધવને તે કુરંગદત્તનો ખોવાયેલો પુત્ર હોવાનું કહ્યું. માધવે પિતાને વંદન કર્યાં. માતાને પણ સમાચાર મળતાં તેના આનંદનોય પાર ન રહ્યો. માધવ ચંદ-રાજાનો ગાઢ મિત્ર બની ગયો. માધવના રૂપને કારણે નગરનારીઓ તેની પાછળ ઘેલી બની ગઈ. તેને જોતાં તે સ્ખલિત બની જતી, તેથી તે ગર્ભધારણ કરતી નહોતી. કુટુંબના વડીલોને ચિંતા થવા લાગી કે, સંસાર આગળ કેવી રીતે ચાલશે? પ્રજાજનોએ સંપીને રાજા આગળ ફરિયાદ કરી. રાજાએ માધવને અબળાઓથી દૂર વાડીમાં રાખવા આદેશ આપ્યો.

મહાજને રાજાને જણાવ્યું કે, માધવની સુવાસ કસ્તૂરી જેવી છે. તેથી સ્ત્રીઓનાં મન તેની પાસે જ ખેંચાયેલાં રહે છે. પુષ્પાવતીમાં પણ રાણીનો સંગ કરવા બદલ તેને ત્યાંથી હાંકી કાઢયો હોવાનું જણાવ્યું. રાજાએ માધવની પરીક્ષા કરવા કાળા તલ પથરાવી પટરાણી સહિત કેટલીક રાણીઓ અને તરુણીઓને તેના પર બેસાડી. માધવને જોઈ સ્ત્રીઓનું સ્ખલન થયું અને તે લજવાઈ ગઈ. રાજાએ માધવને નગર છોડી જવા આજ્ઞા કરી. એ સાંભળી માધવને મૂર્છા આવી ગઈ. તેણે વિધિના લેખ ગણી રાજઆજ્ઞા માથે ચડાવી. રાજાએ તેજીલા ઘોડા અને પાનપટંબર પાઠવી શુભેચ્છા આપી. પરંતુ માધવ તો નગર છોડી પગપાળો જ ચાલી નીકળ્યો.

૫. માધવ કામસેન રાજાની કામાવતી નગરીમાં પહોંચ્યો. રાજસભામાં પ્રવેશ કરી ત્યાં થતું નૃત્ય નિહાળી તેણે સભાને મૂર્ખ કહી. એ જાણી રાજાએ પ્રતિહાર દ્વારા કારણ પુછાવ્યું. માધવે સંગીતમાં શ્રુતિભંગ થતો હોવાનું કહ્યું. એને ગુણી-જન જાણી માનપાન સાથે સભામાં લાવવામાં આવ્યો. સભામાં કામકંદલા અવનવાં નૃત્ય કરતી હતી. તેણે માધવને જોયો. તેના રૂપે મુગ્ધ બની કામકંદલાએ અદ્ભુત નૃત્ય કર્યું. તે નૃત્ય કરતી હતી તે વખતે તેની ચંદનની કંચૂકી પર બેસીને ભ્રમરે તેને ડંખ માર્યા. કામકંદલાએ વિન્યાસથી પવન પ્રગટાવી તેને ઉડાડ્યો. કામકંદલાની આ કલાચાતુરીનું રાજાને ભાન નથી થયું એ જોઈ માધવે પોતે કામકંદલાને બીડું આપ્યું. તે પછી રાજાએ કોપાયમાન થઈ માધવને કહ્યું, : 'મારે છતે તેં આવો અવિવેક કર્યો? બ્રાહ્મણ જાણી તને જતો કરું છું. બીજો કોઈ હોત તો કટકા કરી નાખ્યા હોત.' આટલું કહી રાજાએ તેને તત્કાળ પોતાનો દેશ છોડી જવા આજ્ઞા કરી. કામકંદલાને પણ સભામાં આવવાનો નિષેધ કર્યો. નગર છોડી જતા માધવને કામકંદલાએ પોતાના ઘરે રાત રોકાઈ જવા વિનંતી કરી. માધવે પોતે બાલબ્રહ્મચારી હોઈને ગણિકાના ઘેર રહેવાની ના કહી. કામકંદલાએ પોતાનું યૌવન અખંડ હોવાનું અને આજ લગી કોઈ પુરુષ સામે મીટ માંડી ન હોવાનું જણાવ્યું.

માધવ કામકંદલાને આવાસે ગયો. કામકંદલાએ તેનું સ્વાગત કર્યું. ભોજનાદિ બાદ માધવ અને કામકંદલાએ અનેક સમસ્યાઓની આપલે કરી કાવ્યવિનોદ કર્યો. કામકંદલાના મનમાં પ્રેમોદ્રેક થયો. તેણે પ્રજાપતિ સમક્ષ માધવને મેળવી આપવા પ્રાર્થના કરી. જેમ જેમ રાત વીતવા લાગી તેમ તેમ તે વધુ ને વધુ વિહ્વળ થવા માંડી. તેણે માધવને પોતાને ત્યાં ગુપ્તવાસ રહેવા વીનવ્યો. કામકંદલાના અંગેઅંગમાં કામ વ્યાપ્યો હતો. તેણે કાલિકાદેવીની આરાધના કરતાં કરતાં દેવીએ તેને પુર્નમિલનનું સાંત્વન આપ્યું. સવાર થતાં માધવ કામકંદલાના આવાસેથી નીકળ્યો. કામકંદલાએ તે વહેલો વહેલો પાછો આવે એવી અભિલાષા વ્યક્ત કરી.

૬. માધવ થોડો પલાણી ચાલી નીકળ્યો. માર્ગમાં એક જગ્યાએ શંકરની પૂજા કરી. ત્યાં એક તપસ્વી તપ કરતો હતો.

તેણે માધવની મૂંઝવણનું કારણ પૂછ્યું. માધવે કહેવાની ના પાડી, ત્યારે તપસ્વીએ તેને પડેલા સંકટનું મૂળ કારણ બતાવ્યું : 'તારા રૂપથી વશીભૂત સ્ત્રીઓના ગર્ભ ગળી જાય છે. તેનું પાપ તને લાગ્યું છે. તું અડસઠ તીર્થની યાત્રા કરીશ તો તે પાપ ધોવાઈ જશે અને તીર્થમાં જો તારો પિંડ પડશે તો તું સ્વર્ગ પામીશ અને અપ્સરા તને વરશે.' માધવે ઉત્તર આપતાં કહ્યું, 'કામકંદલાની તોલે કોઈ નહીં આવે. અડસઠ તીરથ એનામાં જ વસ્યાં છે.' તેણે શિવાલયમાં જ રાત્રિ પસાર કરી. ઊંઘમાં તે કામકંદલાના નામનું રટણ કરતો હતો. સવારે ઊઠી ભગવાં વસ્ત્ર ધારણ કરી સંન્યાસી-વેશે તે આગળ ચાલ્યો.

માધવના ગયા પછી વિરહે તરફડતી કામકંદલાને બીજી વેશ્યાઓએ સમજાવવા માંડી. તેમણે બ્રાહ્મણના સ્વભાવ અને આચારની નિંદા કરી. પુરુષના સંગ વગર જીવન વ્યર્થ હોવાનું, યૌવન ક્ષણિક હોવાનું, ઘડપણ ભૂંડું હોવાનું કહીને કામકંદલાને ચલિત કરવા ઘણું કર્યું. પણ કામકંદલાએ તો પોતાનો નિર્ણય જણાવ્યો, 'કાં તો હું માધવને ભોગવીશ, કાં તો બળી મરીશ.' માધવ માટેની વ્યાકુળતા અને અસ્વસ્થતાના અનેક ઉપાયો કર્યા, પણ તેનો કામ શાંત ન થયો. તેણે એકાંતવાસની ઇચ્છા કરી. પોતાનો જન્મ વિફલ થતો લાગ્યો. દૈવને અને આખી પ્રકૃતિને ઉપાલંભ આપ્યો. માધવને હાથમાંથી ખોયાનો ભારે પસ્તાવો કર્યો. બાર માસ વિરહની અસહ્ય વેદના તે સહેતી રહી. તેનું શરીર ક્ષીણ થઈ ગયું. કામસેન રાજાએ તેને પકડી લાવી શીલભ્રષ્ટ કરવા બળિયાઓને મોકલ્યા અને તેના આવાસે આગ લગાડી પણ શીલપ્રભાવે કામકંદલાને ઊની આંચ ન આવી.

**૭.** કામકંદલાના નામની માળા જપતો માધવ ચાલતો ચાલતો મહાવનમાં પ્રવેશ્યો. ત્યાંથી આગળ નીકળી તે નર્મદા-તટે આવ્યો. સ્નાન કરી નર્મદાની સ્તુતિ કરી. પરંતુ ચિત્ત તો કામકંદલામાં જ લુબ્ધ હતું. માધવ નર્મદાતટે રહેતો હતો એવામાં ઉજ્જેણીનો એક બ્રાહ્મણ ત્યાં આવ્યો. બંનેએ એક-બીજાના ક્ષેત્રકુશળ પૂછ્યા. બંનેએ પરસ્પરને ઠામઠેકાણું પૂછ્યું. બ્રાહ્મણે ઉજ્જેણીના પ્રજાવત્સલ વિક્રમ રાજાની પ્રશંસા કરી. એ સાંભળીને માધવ ઉજ્જેણી તરફ ચાલ્યો. ત્યાં પહોંચી મહાકાલના મંદિરમાં પૂજા કરી જપાદિ કર્યાં. પછી તેણે મંદિરના પ્રવેશ-દ્વાર પાસે 'પ્રેમનું દુઃખ ભાંગે એવો કોઈ આ અવનિ પર નાસ્તિ (એટલે કે નથી),' એવી પંક્તિ લખી, અને ત્યાં પડી રહેલા સાધુબાવાઓની વચ્ચે જઈને સૂતો. દરમિયાન રાજા વિક્રમ મહેશ્વરની પૂજા કરવા આવ્યો. તેણે ભીંત પર લખેલા શબ્દો વાંચ્યા અને તેની નીચે જ લખ્યું : 'પ્રેમનું દુઃખ ભાંગે એવો કોઈક આ અવનિ પર અસ્તિ (એટલે કે છે).' એ વાંચીને રાજી થયેલા માધવે બીજે દિવસે ત્યાં ફરી લખ્યું : 'નળ, યક્ષ, કુવલયાશ્વ અને રામ એ ચાર સિવાય કોઈ પાંચમો આ પૃથ્વી પર થયો નથી, જે અમારું દુઃખ સમજે.' બીજે દિવસે રાજાએ વાંચી એ વિરહીની ભાળ મેળવવા ગોગ ગણિકાને મોકલી. ગણિકાએ મંદિરમાં આવી જોયું, તો આગંતુકો વચ્ચે સૂતેલો કોઈ પુરુષ કામકંલાના નામનું રટણ કરતો હતો. ગોગે તેના પગ ચાંપવા હાથ લંબાવ્યા, એવામાં માધવે જાગીને પોતે પરસ્ત્રીનો ભાઈ હોઈને દૂર રહેવાનું અને તે એક જ સ્ત્રીમાં આસક્ત હોવાનું કહ્યું. ગોગે એ સ્ત્રી વિશે પૂછપરછ કરતાં માધવે કામકંદલા ગણિકા સાથેના પોતાના પ્રેમની અને કામસેને દેશવટો દીધાની પોતાની વાત કરી.

ગોગે જઈને વિક્રમ સમક્ષ માધવનો સઘળો વૃત્તાંત કહ્યો. માધવના પ્રેમની પરીક્ષા કરવા વિક્રમે તેની પાસે વેપારીવેશે નટને મોકલ્યો. તેના માણસે માધવને વાત કરી કે, કામાવતીની ગણિકા કામકંદલાએ અમારા શેઠનું બધું ધન ધૂતી લીધું. એ સાંભળી માધવે કહ્યું : 'કામાવતીની કામકંદલા એ ન હોય. એ કોઈક બીજી હશે. તારા શેઠે ધતૂરો પીધો હશે કે એવો કોઈક નશો કર્યો હશે, એટલે તે આવું બોલે છે.' નટે વિક્રમને જે બન્યું તે જણાવ્યું. બીજે દિવસે વિક્રમ માધવ પાસે ગયો અને સ્ત્રીચરિત્રનાં ઉદાહરણ આપીને વેશ્યાની આસક્તિ છોડી દેવા કહ્યું. એ સાંભળીને માધવને હૃદયાઘાત થયો. તેણે ઉત્તમ–અધમ નારીની તુલના કરી, પરદુઃખભંજક વિક્રમને પોતાનું દુઃખ ફેડવા વીનવ્યો.

સમભાવી બનેલા વિક્રમ રાજાએ નામઠામ પૂછીને કામસેન પાસેથી કામકંદલાને લઈ આવવા પોતાના પ્રધાનને કામાવતી તરફ રવાના કર્યો. ત્યાં પહોંચી તેણે વિક્રમનો સંદેશો આપી, પોતાની સાથે કામકંદલાને મોકલવા કહ્યું. કામસેને બ્રાહ્મણ અને ગણિકા વચ્ચેના પ્રેમને અનુચિત ગણી, કોઈપણ ભોગે કામકંદલાને ન મોકલવાની હઠ કરી. પાછા આવી પ્રધાને વિક્રમને એ વાત કરી. એ સાંભળી રોષે ભરાયેલા વિક્રમ રાજાએ કામાવતી પર આક્રમણ કર્યું. વિષ્ટિકારે જઈને વીર વિક્રમની આજ્ઞા ન ઉથાપવા કામસેનને ઘણું સમજાવ્યો, પરંતુ તે એકનો બે ન થયો.

એ પછી કામકંદલાના પ્રેમની પરીક્ષા કરવા સંધ્યાસમયે વિક્રમ વણિકનો વેશ ધારણ કરી કામકંદલાના આવાસે પહોંચ્યો. પ્રતિહારે તેને રોક્યો ત્યારે માણેક ભેટ આપી તેને મનાવી લીધો. અંદર પ્રવેશતાં તેણે વિરહથી પિડાતી કામકદંલાને માધવનું રટણ કરતી જોઈ.

કામકંદલાએ આગંતુકને આવવાનું કારણ પૂછ્યું અને માધવ બ્રાહ્મણ વિના અન્ય પુરુષ પોતાને બાપ સમાન છે એમ જણાવ્યું. વિક્રમે વેશ્યા તરીકે તેણે ઘણા પુરુષોનો સહવાસ કર્યો હશે એમ કહી તેને ઉપાલંભ આપ્યો. કામકંદલાએ તેના પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, દેહરૂપી મહુલીમાં તો મડદું રહે છે. મન તો માધવની પાસે છે. એમ વિક્રમ અને કામકંદલા વચ્ચે સંવાદની આપ–લે ચાલી. વિક્રમે તેને પોતાની થઈને રહેવાની અને ભરપૂર સુખ ભોગવવાની લાલચ પણ આપી. તેના પ્રેમી બ્રાહ્મણની ઘણી નિંદા કરી. એટલે કામકંદલાએ કહ્યું; 'આ સંસારમાં માધવ જેવી બીજી કોઈ વ્યક્તિ થઈ નથી. એ અત્યારે વિક્રમરાજાની ઉજેણીનગરીમાં મહાલે છે.' ત્યારે વિક્રમે જણાવ્યું કે, એક માધવ ઉજેણીમાં આવેલો તે ઘર ઘર ભીખતો, વેશ્યાઓમાં રખડતો, અને છેવટે કોઈ વેશ્યાએ તેને મદિરામાં ઝેર પાઈ મારી નાખ્યો. બ્રાહ્મણ જાણીને મેં તેને અગ્નિદાહ દીધો. એ સાંભળી કામકંદલાને આઘાત લાગ્યો. તેના પ્રાણ દસ દ્વાર છોડી ચાલ્યા ગયા. વિક્રમ બેબાકળો થઈ શિબિરમાં આવ્યો. તેણે માધવને બોલાવી ક્ષમા માગી. માધવે તો વિક્રમ અમૃતકૂપ હોવાનું કહીને તેનાથી અઘટતું કશું થાય જ નહીં એમ કહ્યું.

વિક્રમે કામકંદલા મહાસતી હોવાનું કહ્યું. તેણે પોતાને શાપ આપવા માધવને કહ્યું. માધવે શાપ આપવાને બદલે વિક્રમને આશિષ આપી અને તેનું પ્રાણપંખી પણ કામકંદલાના દુઃખે ઊડી ગયું. અત્યંત શોકાતુર થઈ વિક્રમ કટારી કાઢી આત્મઘાત કરવા ગયો, ત્યારે આગિયા વેતાળે આવી તેને એમ કરતો અટકાવ્યો. પછી તેણે પાતાળમાં પેસી અમૃતભર્યું કચોળું આણ્યું અને અમૃત છાંટીને માધવ અને કામકંદલાને સજીવન કર્યાં. રાજાને આનંદ થયો. વિક્રમ અને તેની સેનાએ કામાવતીમાં પ્રવેશ કર્યો. કોઈએ સેનાનો સામનો ન કર્યો. કામસેનના પ્રધાને કામકંદલાને પાલખીમાં પધરાવી કામસેન પાસે ઉચકાવી માધવના ચરણોમાં અર્પણ કરી. માધવ અને કામકંદલાનું સુખદ મિલન થયું. વિક્રમ પોતાની નગરી તરફ પાછો ફર્યો. કામસેન તેને સીમાડા સુધી વળાવવા ગયો. ઉજેણીમાં પહોંચી માધવ અને કામકંદલા સુખોપભોગમાં રાચવા લાગ્યાં. માધવના ભોગવિલાસ માટે બારે માસ અવનવી સામગ્રી વિક્રમ રાજા તૈયાર રખાવતો. બારેમાસ માધવ અને કામકંદલા પ્રેમાલંબનમાં ડૂબેલાં રહેવા લાગ્યાં. બંને આનંદ-પ્રમોદ કરતાં કરતાં એકબીજાં સાથે કાવ્યવિનોદ કરતાં દાંપત્ય-સુખની પરાકાષ્ઠા માણી રહ્યાં.

[આધાર : **'માધવાનલ–કામકંદલા પ્રબંધ'** ગણપતિકૃત]

**માધવાનલ અને કામકંદલા–૨ : ૧.** સ્વર્ગલોકમાં ઇંદ્રની પ્રશંસા પામેલી રૂપગર્વિતા જયંતી નામની અપ્સરા ઇંદ્રનો આદેશ અવગણીને એક વાર ઇંદ્રસભામાં નૃત્ય કરવા ન ગઈ. ઇંદ્રે શાપ આપ્યો; 'તું પથ્થરની શિલા થઈને પૃથ્વી પર પડ.' પછી જયંતીની વિનંતીથી ઇન્દ્રે શાપનું વારણ કરતાં કહ્યું; 'પુષ્પાવતી નગરીમાં બ્રાહ્મણપુત્ર માધવ જ્યારે રમત રમતમાં તારી સાથે વિવાહ કરશે, ત્યારે તું તારું મૂળરૂપ પ્રાપ્ત કરીશ.' એ પછી તરત જયંતી અપ્સરા શિલા થઈને પૃથ્વી પર પડી.

૨. એક વાર મહાદેવ બાર વર્ષની ઉગ્ર તપસ્યા કર્યા પછી પૃથ્વી પર ફરતાં ગંગાકાંઠે યોગ–સમાધિમાં બેઠા. એક વાર તેઓ ધ્યાન ચૂક્યા. અને મનમાં ઉમાનો સંગ કર્યો. વીર્યબિંદુનું સ્ખલન થયું. તે ડાબા હાથમાં ધરીને તેમણે ગંગાકાંઠે બરુની જાળીમાં બાકોરું પાડીને તેમાં મૂકયું. ગંગાકિનારે પુષ્પાવતી નગરી હતી. તેના ગોવિંદચંદ્ર રાજાને સાતસો રાણી હતી. તેમાં રુદ્રાદે મુખ્ય હતી. એનો પુરોહિત શંકરદાસ અપુત્ર હતો એટલે ચિંતા કર્યા કરતો. મહાદેવે એને સ્વપ્નમાં આવીને કહ્યું; 'હું તારા ઉપર પ્રસન્ન થયો છું. જા, ગંગાતટ પરથી તને પુત્ર પ્રાપ્ત થશે.' બીજે દિવસે પ્રભાતે પુરોહિત ગંગાસ્નાન કરીને કાંઠે દર્ભ લેવા ગયો, ત્યારે એક બરુને ખેંચતાં રડતા બાળકનો અવાજ સાંભળ્યો. એ બરુની જાળીમાં પડેલા એક બાળકને તેણે જોયો. પુરોહિત તેને ઘેર લઈ ગયો. મહાદેવના કહ્યા પ્રમાણે તેનું માધવાનલ નામ રાખ્યું. તે મોટો થતાં બધી કલામાં પ્રવીણ થયો. જ્યારે બાર વર્ષનો થયો ત્યારે પાંચ–સાત મિત્રો સાથે તે ગામબહાર રમવા ગયો. રમત રમતમાં પાદરે પડેલી એક પથ્થરની શિલા સાથે મિત્રોએ માધવનાં વિધિપૂર્વક લગ્ન કર્યાં. તે જ વેળાએ શિલા અપ્સરા બની આકાશમાં ઊડી ગઈ. છોકરાઓ ગભરાઈને ભાગી ગયા. ઘેર જઈને તેમણે આ ઘટના પુરોહિતને જણાવી. પુરોહિતને થયું કે, કોઈ ડાકણ–શાકણ પુત્રને ઉઠાવી જવા આવી હશે. તેણે તેના રક્ષણ માટે મંત્રતંત્ર કર્યાં.

સ્વર્ગમાં પાછી ફરેલી જયંતી અપ્સરાના મનમાં પોતાના મુક્તિદાતા માધવ ઉપર પતિભાવ પ્રગટયો. મધરાત્રે તેણે માધવ પાસે આવીને કહ્યું : 'તું ગંગાકાંઠે જે શિલા સાથે પરણ્યો, તે હું પોતે એક શાપિત અપ્સરા હતી. તેં રમતમાં મારી સાથે વિવાહ કર્યો. તેથી હું શાપમુક્ત બની. હવે તું જ મારો ભર્તાર છે.' આ પછી તે બન્ને છૂપી રીતે પતિ–પત્ની તરીકે રહી રતિસુખ માણવા લાગ્યાં. જયંતી દરરોજ રાત્રે ગુપ્તપણે માધવના આવાસે આવતી અને સવાર થતાં પહેલાં સ્વર્ગલોકમાં ચાલી જતી. માધવના બાપને પુત્રના શરીરની

અવસ્થા જોઈ શંકા પડી કે પુત્ર કોઈક સ્ત્રીમાં લુબ્ધ થયો લાગે છે. પુરોહિતે એકદંડિયો મહેલ બનાવી પુત્રને તેમાં રાખ્યો. આથી તો બન્ને પ્રેમીઓને મળવાનું સુગમ થઈ પડ્યું. માધવના આગ્રહથી જયંતી કેટલીક વખત દિવસે પણ મહેલમાં આવવા લાગી. જયંતીનું ચિત્ત કોઈ મનુષ્ય પર ચોંટયું છે એ જાણી ઇંદ્ર કોપ્યો. દેવોએ વચ્ચે પડીને જયંતીને બચાવી. પણ માધવનો વિરહ સાલતાં, તે તેને ગુપ્તપણે ઇંદ્રલોકમાં પોતાને ત્યાં લઈ આવતી. એક દિવસ માધવ તેની સાથે હતો ત્યારે સભામાં નૃત્ય કરવાનો ઇંદ્રે આદેશ આપ્યો. જયંતી માધવને ભમરાનું રૂપ આપી પોતાની કાંચળીમાં સંતાડીને ઇંદ્રસભામાં નૃત્ય કરવા ગઈ. નૃત્ય કરતાં માધવ હાથના દાબથી ચેપાઈ ન જાય એવી સંભાળ રાખતી. જયંતીના નૃત્યપ્રયોગમાં લયભંગ થતો જોઈ ઇંદ્ર દિવ્યદૃષ્ટિથી જાણી ગયો કે જયંતીએ ભમરારૂપે મનુષ્યને કંચુકીમાં છુપાવ્યો છે. નૃત્ય પૂરું થતાં આવાસે પાછી ફરીને જયંતી માધવને તેને ઘરે મૂકી ગઈ. બીજે દિવસે ઇંદ્રે જયંતીને બોલાવી શાપ આપ્યો : 'તું પૃથ્વીલોકમાં વેશ્યાને ત્યાં અવતર.' આથી જયંતી કર્ણાવતી નગરીની કામા વેશ્યાને ત્યાં પુત્રીરૂપે અવતરી. એનું નામ કામકંદલા રાખવામાં આવ્યું. યૌવનમાં પ્રવેશતાં તે અસાધારણ રૂપવતી બની અને સંગીત, નૃત્ય આદિ બધી વિદ્યાકલામાં પારંગત થઈ.

જયંતીના વિરહે દુબળા પડી ગયેલા માધવને પુરોહિતે પરણાવ્યો. તેને તે રાજાના દેવમંદિરે પૂજા કરવા નિત્ય પોતાની સાથે લઈ જતો. નગરમાં હરતાંફરતાં અને એના વીણાવાદનને સાંભળવા કામદેવ જેવા રૂપાળા માધવની પાછળ નગરનારીઓ ઘેલી બની ભટકવા લાગી. નગરના મહાજને રાજા પાસે આ અંગે ફરિયાદ કરી. રાજાએ માધવને બોલાવીને તેની કલાનું પ્રદર્શન કરવા કહ્યું. માધવે રાજસભામાં વીણાવાદન કરી પોતાની અસાધારણ સંગીતકલા પ્રગટ કરી. તે સાંભળતી રાજાની રાણીઓ માધવનું રૂપ જોઈને સ્ખલિત થઈ. રાજાએ માધવને દેશવટો દીધો.

નગરી છોડી જતા માધવને માર્ગમાં એક વણજારો મળ્યો. તેની સાથે તે ત્રણ મહિનાના પ્રવાસને અંતે કામસેન રાજાની કામાવતી નગરીમાં આવી પહોંચ્યો. એ નગરીમાં જ પૂર્વભવની જયંતી અપ્સરા વેશ્યાપુત્રી કામકંદલા તરીકે અવતરીને રહેતી હતી. તેનાં રૂપ અને યુવાની ભોગવવા, માગે તેટલું ધન આપવા અનેક ધનવાનો ને ઠાકોરો તૈયાર હતા. પણ કામકંદલાએ નક્કી કર્યું કે એક વાર તે રાજસભામાં નૃત્ય કરી રાજા જે ભેટ આપે એ દાનમાં દઈને તે પછી જ વેશ્યાનો કુલધર્મ અંગીકાર કરશે. આ વાત જાણી કામસેન રાજાએ ઇંદ્ર–મહોત્સવ-વેળા કામકંદલાને નૃત્ય કરવા બોલાવી. રાજસભામાં નાટારંભ ચાલતો હતો. તે વખતે માધવ ત્યાં રાજદ્વારે આવીને ઊભો રહ્યો. વાદ્યસંગીતનો નાદ સાંભળતો તે માથું ધુણાવવા લાગ્યો. દ્વારપાલે તેમ કરવાનું કારણ પૂછતાં તેણે ખુલાસો કર્યો : 'સભામાં કોઈ સંગીત જાણતું લાગતું નથી. જે બાર પખવાજી પખવાજ વગાડે છે તેમાંના એકના ડાબા હાથે અંગૂઠો નથી, તેથી તાલભંગ થાય છે. તું જોઈને તેની ખાતરી કર,' દ્વારપાલે અંદર જઈને એ વાતની ખાતરી કરી, કામસેન રાજાને તે જણાવ્યું. કામસેને માધવને સભામાં બોલાવી સન્માનીને ભેટ આપી, તેને પોતાની બાજુમાં બેસાડ્યો. માધવ કામકંદલાના નૃત્યને અને રૂપને મુગ્ધ બની નિહાળી રહ્યો. એવામાં ઊડતો ઊડતો ભમરો આવીને કામકંદલાની કંચુકીમાં ભરાયો. આ જોઈને અપ્સરા જયંતીએ તેને ભમરો કરી સ્તન વચ્ચે રાખેલો તે વાત માધવને યાદ આવી. અને આ કામકંદલા જ જયંતી અપ્સરા હોવાનું મનમાં ઊગ્યું. કામકંદલાને પણ જયંતી અપ્સરા તરીકેના પોતાના પૂર્વભવનું સ્મરણ થયું. એટલામાં ભમરાએ કામકંદલાના સ્તનને ડંખ માર્યો. તેથી તેને વેદના થઈ, પણ નૃત્ય કરતાં કામકંદલાએ શરીર કંપાવીને ભમરાને દૂર કર્યો. માધવ સિવાય કોઈએ આ જોયું કે જાણ્યું નહીં. કામકંદલાની આવી કલા–કુશળતાથી ભાવાવેશમાં આવી માધવે કામસેને તેને આપેલી ભેટ કામકંદલાને ધરી દીધી. પોતાની પહેલાં માધવે નર્તકીને નવાજી તેથી કામસેન માધવ પર કોપ્યો અને નગરી છોડી ચાલ્યા જવાનો આદેશ આપ્યો.

પોતાના કર્મનો દોષ દેતો માધવ નગર બહાર જવા નીકળ્યો. નૃત્ય પૂરું કરી પાછી ફરેલી કામકંદલા પોતાના આવાસના ગોખમાં બેઠી હતી. ત્યારે માર્ગ પરથી પસાર થતા માધવને જોઈ તેને સમજાવીને પોતાના આવાસમાં લઈ આવી. તેણે પોતે તેની પૂર્વભવની પ્રિયતમા જયંતી અપ્સરા જ હોવાનું અને ઇંદ્રના શાપથી વેશ્યાપુત્રી તરીકે અવતરી હોવાનું જણાવ્યું. આથી આનંદિત થયેલા માધવ સાથે કામકંદલાએ રંગરાગમાં અને સમસ્યાવિનોદમાં રાત ગાળી. પાછલે પહોરે માધવે વિદાય માગી. ત્યારે જ રહી જવાની, નહીં તો સાથે લઈ જવાની હઠ કામકંદલાએ કરી. પણ માધવે તેને એમ સમજાવી કે સાથે રહેવામાં રાજાનો કોપ વહોરવો પડશે અને સાથે લઈ જવામાં પ્રવાસનાં સંકટો વેઠવાં પડશે. એ પછી માધવ ચાલ્યો ગયો. એટલે વિયોગિની કામકંદલાએ શણગાર અને સુખભોગ તજી દીધાં. વેશ્યામાતાએ કુલધર્મ પ્રમાણે પુરુષોને આવકારવા દબાણ કર્યું, પણ કામકંદલાએ માત્ર નૃત્યસંગીતથી આગંતુકની સેવા કરવાનું સ્વીકાર્યું અને પોતાના શીલને અખંડ રાખીને તે રહી.

માધવ ફરતો ફરતો આખરે માળવાના વિક્રમ રાજાની ઉજ્જેણીનગરીમાં પહોંચ્યો. ત્યાં તેણે છ માસ ગાળ્યા. એક વખત અચાનક તેને એક ક્ષત્રિય મળી ગયો. એને કામાવતી નગરી જવાનું હતું. એના દ્વારા તેણે કામકંદલાને પ્રેમસંદેશ પાઠવ્યો અને કામકંદલાએ પણ એ ક્ષત્રિય સાથે વળતો સંદેશ મોકલ્યો.

માધવ દિવસે બ્રાહ્મણને ત્યાં ભોજન લઈ, ઉજ્જેણીમાં ભટકતો અને રાત્રે મહાકાલેશ્વરના મંદિરમાં સૂતો. વર્ષાકાળમાં એક મધરાતે કામકંદલાનો વિરહ ઉત્કટ બનતાં તેણે મંદિરની ભીંતે વિરહવ્યથા વ્યક્ત કરતી એક ગાથા લખી. સવારે દેવદર્શને આવેલા વિક્રમાદિત્યે એ ગાથા વાંચી, જાણ્યું કે મારી નગરીમાં કોઈક દુઃખી રહે છે. એ રીતે બીજે અને ત્રીજે દિવસે પણ માધવે ભીંતે વિરહવ્યંજક ગાથા અને શ્લોક લખ્યાં. આ દુઃખી માણસ કોણ છે, તે જાણી તેનું દુઃખ ભાંગવા પરદુઃખભંજક વિક્રમે નિશ્ચય કર્યો. તેને શોધી કાઢનારને મોટું ઇનામ આપવાનો તેણે નગરમાં ઢોલ પીટાવ્યો. ગોગ વેશ્યાએ તે કામ માથે લીધું. તે મહાકાલેશ્વર મંદિરમાં રાત્રે પહોંચી. ત્યાં સૂતેલા પરદેશી પ્રવાસી અને અનાથોમાં તેણે નિસાસા નાખતા માધવને જોઈ, તેની છાતી પર પગ મૂક્યો. અર્ધનિદ્રામાં રહેલો માધવ તે કામકંદલાનો પગ હોવાની ભ્રાંતિથી બોલી ઊઠ્યો; 'સુંદરી છાતી પરથી પગ લઈ લે અને તારું વક્ષઃસ્થળ ત્યાં સ્થાપ'. ગોગ વેશ્યાએ જઈને રાજા વિક્રમને માધવ વિશે જાણ કરી અને ઇનામ મેળવ્યું. વિક્રમ રાજાએ માધવને બોલાવી, અનેક પુરુષોને સેવતી વેશ્યાનો મોહ છોડી દેવા અને મનગમતી બીજી કોઈ કન્યાને પરણવા સમજાવ્યો. પણ માધવે કામકંદલા શીલવતી હોવાનું જણાવી તેની સાથેના પોતાના પૂર્વભવના સંબંધની વાત કરી. બંનેનો મેળાપ કરાવી આપવા વિક્રમ રાજા માધવને સાથે લઈને સેનાસહિત કામાવતી પહોંચ્યો. ગુપ્તવેશે તે કામકંદલાને ત્યાં ગયો. આવેલા ગ્રાહકની કામકંદલાએ નૃત્યસંગીત વડે સેવા કરી, પણ તેનો સંગ કરવાની ના પાડી. મધરાતે વિક્રમે કામકંદલાની છાતી પર પગ મૂક્યો. જાગી ગયેલી કામકંદલાએ હૃદયમાં રહેલા બ્રાહ્મણ માધવનું તેને પગ લગાડી અપમાન ન કરવા વિક્રમને કહ્યું. વિક્રમે તેના પ્રેમની કસોટી કરવા પૂછયું; 'કયો માધવ ?' જ્યારે કામકંદલાએ તે ઉજ્જેણીમાં હોવાનું કહ્યું ત્યારે વિક્રમે તેને કહ્યું કે, એ તો કામકંદલાનું નામ જપતો મરી ગયો. એ સાંભળતાં જ કામકંદલાના પ્રાણ ઊડી ગયા. દુઃખી થયેલા વિક્રમે એ સમાચાર માધવને આપ્યા. એટલે માધવ પણ નિષ્પ્રાણ થઈને પડ્યો. આવા પ્રેમીઓના મૃત્યુનું પાપ પોતે વહોર્યું, તે માટે પોતાના ગળા પર તલવાર ચલાવવા જતા વિક્રમને આગિયા વેતાલે કહ્યું : 'વિરહની મૂર્છા છ માસની હોય છે, તે દરમિયાન અમૃત છાંટીને મૂર્છા વાળી શકાય.' વિક્રમના કહેવાથી વેતાલ પાતાળમાંથી અમૃતકૂંપી લઈ આવ્યો. વિક્રમે અમૃત છાંટીને માધવ અને કામકંદલાને સજીવન કર્યાં. કામસેન રાજા પાસેથી કામકંદલા માધવ માટે મેળવી, વિક્રમ રાજા તેમને સાથે લઈને ઉજ્જેણી પાછો ફર્યો. માધવને પુષ્કળ ધન, ગામ વગેરે ભેટ આપ્યાં.

[આધાર : **'માધવાનલ–કામકંદલા'** કુશળલાભકૃત]

**માધવાનલ અને કામકંદલા**–૩ : પુષ્પાવતી નગરીના ગોવિંદચંદ્ર રાજાની સાતસો રાણીઓમાં રુદ્રદેવી પટરાણીને ફૂલ–પાતરી આપવા આવનાર બ્રાહ્મણ બટુક માધવાનલ અસાધારણ રૂપાળો હતો. નગરનારીઓ એની પાછળ ઘેલી થઈને ફરતી. રુદ્રદેવીએ પણ માધવના રૂપ પર મુગ્ધ થઈને તેના પ્રેમની માગણી કરી. માધવે તેને માતા સમાન ગણીને, તેની માગણી નકારી. રુદ્રદેવીએ વેર લેવા રાજાને ફરિયાદ કરી કે, માધવે નગરની સ્ત્રીઓ પર ભૂરકી નાખી છે. નગરલોકોએ પણ બધાં ઘરકામ છોડીને માધવ પર આસક્ત બનેલી પોતાના ઘરની સ્ત્રીઓથી ત્રાસી જઈ રાજાને ફરિયાદ કરી કે, કાં તો માધવ નગરી છોડી જાય, કાં તો અમે નગર છોડી જઈએ.

રાજાએ માધવને રાજસભામાં ગાન કરવા બોલાવ્યો. રાણીઓને ગાદી પર તલ પાથરીને બેસાડી. માધવના ગાનથી કામવૃત્તિનો ઉદ્રેક થતાં રાણીઓ વિહ્વળ બની. સભા પૂરી થતાં રાણીઓ ઊઠી ત્યારે તેમની પાછળ વસ્ત્ર પર તલ ચોંટેલા હતા. રાણીઓનું સ્ખલન થયું હતું. તે જોઈ રાજાએ માધવને દેશવટો દીધો. માધવ નગર છોડીને નીકળ્યો. રસ્તામાં એક વડ નીચે વિશ્રાંતિ લેતો હતો ત્યારે નગરની નારીઓએ તેને પાછા ફરવાની વિનંતી કરવા મોકલેલો સંદેશવાહક મળ્યો. પણ માધવે તેમની વિનંતી સ્વીકારી નહિ.

તે આગળ ચાલી જયચંદ્ર રાજાની અમરાવતી નગરી પહોંચ્યો. તે રાજસભામાં ગયો ત્યારે ત્યાં રહેલા કુરંગદત્ત બ્રાહ્મણે તેને પોતાના પુત્ર તરીકે ઓળખી કાઢ્યો. તે પાંચ વરસનો હતો ત્યારે કોઈ તેનું હરણ કરી ગયું હતું. તે પછી અમરાવતીમાં પણ માધવને જોઈ સ્ત્રીઓ ઘેલી થતી અને ગર્ભવતીના ગર્ભ ગળી જતા, તેથી જયચંદ્ર રાજાએ પણ માધવને દેશવટો દીધો.

માધવ અમરાવતી તજી દઈને વિરાટનગર પહોંચ્યો. ત્યાં નીલકંઠ મહાદેવને પોતાની સંગીતકળાથી તેણે પ્રસન્ન કર્યા. મહાદેવે તેને વરદાન આપ્યું કે, જે નગરમાં તું જઈશ ત્યાં

તેને બહુમાન મળશે. માધવ આગળ ચાલી કામાવતીનગરી પહોંચ્યો. ત્યાં કામસેન રાજાની રાજસભામાં અત્યંત રૂપવતી કામસેના ગણિકાનું નૃત્ય ચાલતું હતું, ત્યારે સભાની બહાર ઊભેલા માધવે પ્રતિહારને કહ્યું : 'અંદર નૃત્યની સાથે જે બાર મૃદંગવાદક તાલ આપે છે, તેમાં પશ્ચિમ તરફ બેઠેલા મૃદંગવાદકના એક હાથે અંગૂઠો નથી, તેથી તાલ તૂટે છે. અને મૂર્ખ શ્રોતાઓને આ તાલભંગની ખબર નથી પડતી.' પ્રતિહારે રાજાને એ વાતની જાણ કરી. રાજાએ એ મૃદંગ-વાદકની જગ્યા બદલીને પૂછાવતાં માધવે ઉત્તર તરફના મૃદંગના તાલની શ્રુતિ તૂટતી હોવાનું કહ્યું. રાજાએ આદરપૂર્વક માધવને સભામાં બોલાવી ભેટ આપી. કામકંદલાએ ગુણીજન સભામાં આવ્યો જાણી પોતાની નૃત્યકલા પૂર્ણપણે પ્રદર્શિત કરવા માંડી. એટલામાં એક ભમરો કામકંદલાના સ્તન પર આવી બેઠો. કામકંદલાએ નૃત્યમાં વિક્ષેપ પાડ્યા વિના સ્તન ફુલાવીને તેને ઉડાડ્યો. તેની કલાથી પ્રભાવિત થઈ ગયેલા માધવે રાજાએ આપેલ ભેટ કામકંદલાને ધરી દીધી. કામકંદલા તેના પર વારી ગઈ. આ દૃશ્ય જોઈ રાજા માધવ પર કોપ્યો અને તેને જાકારો દીધો. માધવ કામાવતીને છોડી નીકળ્યો. કામકંદલાએ અતિશય આગ્રહ કરી પોતાને ઘરે લાવીને એક રાત રાખ્યો. રંગેચંગે રાત ગાળી માધવ ચાલતો ચાલતો વિક્રમ રાજાની ઉજ્જેણીનગરીમાં પહોંચ્યો. એક બ્રાહ્મણે ભોજન માટે તેને નોતર્યો. તેણે કામકંદલાના વિરહે તેને દુઃખી જાણી એક સંદેશવાહકને કાગળ આપી કામાવતી મોકલ્યો. તે કામકંદલાનો સંદેશ લઈ પાછો આવ્યો. માધવે શિવમંદિરમાં રાતવાસો કર્યો. તેની ભક્તિથી પ્રસન્ન થઈને મહાદેવે તેની મનની ઇચ્છા પૂરી થશે અને વિક્રમ રાજા તેનું સન્માન કરશે એવું વરદાન આપ્યું.

[આધાર : **'માધવાનલ કામકંદલા'** દામોદરકૃત]

**માધવાનલ અને કામકંદલા–૪ (સિંહાસનબત્રીસી–૨, છવ્વીસમી કથા)** : ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો ત્યારે સિંહાસન પર રહેલી અઘનાશા નામની છવ્વીસમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. માધવનો જન્મ** : એક વાર શંકર કાશીમાં તપ કરવા રહ્યા. ઘણા દિવસ થયા. પાર્વતી તપાસે નીકળ્યાં. એમણે રંભાનું રૂપ ધર્યું. એને જોઈ શંકર મોહ્યા. પાર્વતીએ મૂળરૂપ પ્રગટ કર્યું. શંકરને વીર્યસ્રાવ થયો. શંકરે વીર્યબિંદુને તે જળાશયને કાંઠે એક નળામાં મૂક્યું. તેનાથી તેજસ્વી પુત્ર પ્રગટ્યો. અપુત્ર શિવદત્ત બ્રાહ્મણે શિવપૂજા કરીને વરદાન માંગ્યું, એટલે શંકરે તેને આ પુત્ર આપ્યો. નામ માધવાનલ રાખ્યું. પાંચ વરસનો થતાં તેને નિશાળે મૂક્યો.

**૨. પાષાણપૂતળી અપ્સરા** : એક વાર ઇન્દ્રસભામાં નૃત્ય કરતાં એક અપ્સરાની કશીક ભૂલ થઈ. ઇન્દ્રે તેને પૃથ્વી પર પાષાણની પૂતળીરૂપે પડવાનો શાપ દીધો. ક્ષમા માગતાં ઇન્દ્રે કહ્યું : 'એક બ્રાહ્મણપુત્ર તને વરશે. દર રાતે તું ઇન્દ્રલોકમાં પાછી આવીશ.'

અપ્સરા પૂતળી થઈને પૃથ્વી પર પડી. નિશાળિયાઓએ 'આ તારા જેવી છે' કહીને મશ્કરીમાં માધવને એ પાષાણ-પૂતળીની સાથે પરણાવ્યો. રાતે તે અપ્સરા બની માધવની પાસે આવે, ચાર ઘડી આનંદ કરી, સ્વર્ગમાં ચાલી જાય. દિવસે પથ્થરપૂતળી બનીને રહે.

**૩. ગણિકા તરીકે અવતરતી શાપિત અપ્સરા** : એક વાર તેણે માધવને પોતાની વાત કહી. માધવને તેનો નાચ જોવા ઇંદ્રલોકમાં જવાની ઇચ્છા થઈ. અપ્સરા તેને ભ્રમર બનાવી પોતાની કંચુકીમાં સંતાડીને લઈ ગઈ. ઇંદ્ર આગળ નૃત્ય કરતાં તે પોતાની કંચુકીની સંભાળ રાખતી. ઇન્દ્રને શંકા ગઈ. કોઈકને સાથે લઈ આવી છે એ જાણ થતાં તેણે તેને શાપ દીધો : 'તું ગણિકા થઈને પૃથ્વી પર પડ અને તને તારા પ્રિયતમનો વિરહ થાઓ.' પગે પડતાં શાપ વાળીને ઇન્દ્રે કહ્યું : 'કોઈક દિવસ તને માધવનો મેળાપ થશે.' એ પછી અપ્સરા મૃત્યુ પામી.

**૪. માધવના વેણુનાદની મોહિની : દેશવટો** : માધવ પોતાને ઘરે પહોંચ્યો. માધવ વેણુ વગાડતો તે સાંભળીને સૌ નગરનારીઓ ભાન ભૂલી જઈ, બધું છોડી દઈને તેની પાછળ ઘેલી થતી. રાજાને કાને વાત ગઈ. તેણે માધવને રાજસભામાં બોલાવ્યો. તેની સાથે તેને ખૂબ મૈત્રી થઈ ગઈ. રાજા તેને જ ભાળે. તેની વિરુદ્ધ કશું ન સાંભળે. માધવની મોહિની ઓર વધી. તેને જોઈને સ્ત્રીઓના કાચા ગર્ભ ગળી જતા. બધે ઉત્પાત થયો. એમ બે–ચાર વરસ ગયાં.

ત્યાંનો નગરશેઠ ઘણા વખતથી અપુત્ર હતો. સિદ્ધની કૃપાએ શેઠાણીને ગર્ભ રહ્યો. ગર્ભ ત્રણ માસનો થયો. બંને બારી પાસે બેઠાં હતાં, ત્યાં માધવ વેણુ વગાડતો નીકળ્યો. શેઠાણીનો ગર્ભ ગળી ગયો. શેઠે ઘણા દુઃખી થઈને રાજાને પોતાના ઘરની કુંચી સોંપીને કહ્યું : 'જે ઠેકાણે માધવ રહેશે તે ગામ ઉજ્જડ થશે. પ્રજાનો વંશ આગળ નહીં વધે.' રાજાએ માધવ સામેની ફરિયાદ સાચી છે કે ખોટી તે પૂછ્યું. સૌએ સાચી હોવાનું કહ્યું ને ગામ છોડી જવા તૈયાર થયા. પંદરસો ઘરની કુંચીઓ રાજા પાસે આવી પડી. રાજાએ આરોપની તપાસ કરવાનું નક્કી કર્યું. એકાદશીનો ઓચ્છવ હતો. અંતઃપુરની બધી

સ્ત્રીઓને પાથરણાની ઉપર તલ પાથરીને બેસાડી. માધવે આવીને વેણુ વગાડી. બધી રાણીઓ કામાતુર બની ગઈ ને તેમને વીર્યસ્રાવ થયો. ઊઠીને તેઓ જવા લાગી ત્યારે પાછળ તલ ચોંટેલા હતા. લોકોની વાત સાચી જાણી રાજાએ માધવને દેશવટો દીધો. ગામની સૌ સ્ત્રીઓએ વિલાપ કર્યો.

ત્યાંથી ત્રીસ યોજન દૂર નગરમાં સરોવરકાંઠે ત્યાંની રાણીની દાસીઓએ માધવને જોયો. તેના અદ્ભુત રૂપની રાણીને વાત કરી. તેણે રાજાને કહીને એ બ્રાહ્મણને બોલાવ્યો. પોતાને ત્યાં પ્રેમથી રાખ્યો. માધવ છ માસ ત્યાં રહ્યો. અપુત્ર પ્રધાનની પત્નીનો પાંચ માસનો ગર્ભ માધવની વેણુ સાંભળીને ગળી જતાં, રાજાએ માધવને કાઢી મૂક્યો.

**૫. કામકુંડલા સાથે પ્રેમ : દેશવટો :** માધવ કામાવતીનગરી આવ્યો. કામસેનના દરબારમાં કામકુંડલા ગણિકા તરીકે જન્મેલી શાપિત અપ્સરા નૃત્ય કરી રહી હતી, ત્યારે માધવ પ્રતિહાર પાસે ઊભો રહીને સાંભળવા લાગ્યો. તેણે કહ્યું : 'પૂર્વ દિશાએ બેઠેલા તબલચીના ડાબે હાથે અંગૂઠો નથી, તેથી તાલભંગ થાય છે.' પ્રતિહારે રાજાને વાત કરી. તપાસ કરતાં વાત સાચી નીકળી. રાજાએ માધવને માનથી બોલાવી રાજસભામાં રાખ્યો. નગરનારીઓ માધવ પર મુગ્ધ હતી. એકવાર નૃત્ય કરતી કામકુંડલાના સ્તન પર ભ્રમર આવીને બેઠો, તે માધવે ફૂલ મારીને ઉડાડ્યો. કામકુંડલાને તે પોતાનો પૂર્વભવનો પતિ માધવ હોવાનું જ્ઞાન થયું. તેણે માધવને સાત સલામ કરી. તેને જ સ્વામી, ને બીજાને ભાઈ-બાપ કહી તેનાં ખૂબ વખાણ કર્યાં. આથી રાજાને રીસ ચડી. તેણે માધવને શૂળીએ દેવાની આજ્ઞા કરી પણ પછી બ્રાહ્મણ જાણી પ્રધાનના કહેવાથી તેને દેશવટો દીધો. નગરીમાંથી કોઈ તેને પાણી પણ પાય તો તેને દેહાંતદંડ આપવાની રાજાએ આજ્ઞા કરી.

**૬. વિક્રમ દ્વારા પ્રેમની કસોટી : પ્રેમીઓનું મિલન :** માધવના વિરહે કામકુંડલા ખૂબ દુઃખી થઈ ગઈ. ફરતો–ફરતો માધવ ઉજ્જેણીનગરી આવ્યો. કામકુંડલાના વિરહે દુઃખી તે હરસિદ્ધ માતાના દહેરામાં રહ્યો. પોતાની વિરહદશા વિશે દરરોજ રાતે એક ધાવ રચીને તે મંદિરની ભીંત પર લખતો. ત્યાં નિત્યપૂજા કરવા આવતો વિક્રમ રાજા તે વાંચતો. આઠ દિવસ એમ ચાલ્યું. પછી રાજાએ તેની રાત્રિચર્યા ને દિનચર્યા જોઈ. તેને પૂછ્યું : 'બ્રાહ્મણ થઈને તું ગણિકામાં કેમ મોહ્યો ?' માધવે ઇંદ્રના શાપ સહિત પોતાની બધી વાત કરી. રાજાએ તેને બોલાવી પોતાને ત્યાં રાખ્યો. કામસેનને કામકુંડલા મોકલી આપવા સંદેશો મોકલ્યો. તેણે તેને ન મોકલી. વિક્રમે તેની સાથે યુદ્ધ કર્યું. એક માસ ગયો. એ પરદેશી બ્રાહ્મણ વિશે કામસેને વિક્રમને કહેરાવ્યું : 'મેં મિત્ર કરીને તેને રાખ્યો, તેણે ગણિકાને ભોળવી. એને તમે ગણિકા અપાવો, એ તો અન્યાય કહેવાય.' સામે વિક્રમે કહેવરાવ્યું, 'માધવ અને કામકુંડલા વચ્ચે એક જીવ ને બે દેહ જેવી સાચી પ્રીત છે. તું કસોટી કરી જો,' એટલે કામસેને માધવનું કૃત્રિમ માથું કામકુંડલા પાસે મોકલ્યું. તરત તે મૂર્છા પામી અને તેના પ્રાણ ઊડી ગયા. વિક્રમે માધવને સમાચાર આપ્યા : 'તારા વિરહમાં કામકુંડલાનું મૃત્યુ થયું.' એટલે માધવના પ્રાણ પણ ઊડી ગયો. વિક્રમે શિવદહેરે યજ્ઞકુંડમાં અગ્નિ પ્રગટાવી ચડીને પોતાનાં અંગોનો ભોગ આપવા માંડ્યો. જ્યાં મસ્તક હોમવા ગયો, ત્યાં માતા પ્રસન્ન થયાં. તેમના કહેવાથી વેતાલ શેષનાગની સ્તુતિ કરીને પાતાળમાંથી અમૃત અને અંજન લઈ આવ્યો. તે આંજીને માધવ અને કામકુંડલાને સજીવન કર્યાં, અને ઉજ્જેણીમાં લાવીને તેમને ઠાઠમાઠથી પરણાવ્યાં.

આવો મહિમા જેનો હોય તેને જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે. આ કથા ભોજરાજાને કહીને અધનાશા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી'**–૨, છવ્વીસમી કથા]

**માનતુંગ અને માનવતી : ૧.** માલવદેશમાં આવેલ ઉજ્જેણીનગરીમાં માનતુંગ રાજા ગુણમંજરી રાણી અને સુબુદ્ધિ પ્રધાન હતાં. એક વાર રાત્રિને સમયે નગરચર્યા જોવા નીકળેલ રાજા માનતુંગે પાંચ કન્યાઓને રમત રમતી જોઈ. રમત રમીને થાકી જતાં તેઓ વિશ્રામ કરવા એક સ્થળે બેઠી અને વાતો કરવા લાગી. રાજા છુપાઈને તેમની વાતો સાંભળતો હતો. ચાર કન્યાઓ એમ કહેતી હતી કે, પરણીને પોતે પોતાના પતિને રીઝવશે, જ્યારે પાંચમી કન્યાએ કહ્યું : 'પરણીને પ્રીતમને વશ કરીએ તો જ પરણ્યાનું પ્રમાણ કહેવાય. હું પરણીને મારા પ્રીતમને વશ કરીશ. તે મારું ચરણોદક પીશે, મારું એઠું અન્ન જમશે, મસ્તક પર મારો પ્રહાર સહેશે તથા હું ધરતી પર પગલાં માંડું ત્યારે તે પોતાની હથેલી ધરશે. હું એવું કરી દેખાડું તો મને તમે શાબાશ કહેજો.' એ પછી તે બધી કન્યાઓ પોતપોતાને ઘેર ગઈ. માનતુંગે પેલી પાંચમી કન્યાને પરણવાનો અને તે એના કહેલા બોલ તે કેવી રીતે પુરવાર કરે છે તે જોવાનો નિર્ણય કર્યો. રાજા છુપાતો છુપાતો તે કન્યાની પાછળ પાછળ ગયો. એના ઘર પર પાનની પિચકારીથી નિશાન કરી, આંગણામાં ઊગેલા ચંપકવૃક્ષની નિશાની યાદ રાખી પોતાને મહેલે પાછો ફર્યો. બીજે દિવસે રાજાએ પ્રધાન સુબુદ્ધિને એ ઘેર મોકલી તે ઘરના સ્વામી ધનદત્ત શેઠ પાસે તેની પુત્રી માનવતીનું માગું કર્યું. શેઠે તે સ્વીકાર્યું. માન-

તુંગ ઉત્સવપૂર્વક માનવતીને પરણ્યો. પરણ્યા પછી માનતુંગે માનવતીને એણે પૂર્વે જે બોલ કહ્યા હતા, 'પતિને વશ કરીશ, ચરણોદક પાઈશ', વગેરે સિદ્ધ કરી બતાવવા જણાવ્યું. માનવતીએ તે આહ્વાન સ્વીકાર્યું. રાજાએ માનવતીને એકાંતમાં આવેલ એકદંડિયા મહેલમાં ચોકીપહેરા નીચે રાખી.

**૨.૧.** માનવતીએ વૃદ્ધ ચોકીદારને મૂલ્યવાન હાર આપીને પોતાને વશ કરી લીધો. એની દ્વારા પોતાના પિતાને પત્ર પહોંચાડ્યો. પિતાએ એમના ઘરથી એકદંડિયા મહેલ સુધી ગુપ્ત રીતે સુરંગ તૈયાર કરાવી. સુરંગ વાટે માનવતી પિતાને ઘેર પહોંચી અને તેને માનતુંગ સાથે બનેલી વાત જણાવી, અને બોલ્યું પાર પાડવાની યુક્તિ વિચારી લીધી.

**૨.૨.** પિતાના ઘરમાંથી બહાર નીકળી માનવતી યોગિનીનો વેશ ધારણ કરી, હાથમાં વીણા લઈ નગરમાં ફરવા લાગી. એના વીણાવાદનથી આકર્ષાઈને માનતુંગે એને રાજમહેલમાં બોલાવી આદરસત્કાર કર્યો. માનવતીના જેવો તેનો અણસાર જોઈને રાજાને વહેમ ગયો. માનવતી ચેતી ગઈ. યોગિનીને વિદાય કરી રાજા ઝડપથી એકદંડિયા મહેલ તરફ ગયો. રાજા તપાસ કરવા આવી પહોંચે તે પહેલાં માનવતી પણ સુરંગ વાટે પોતાના મહેલમાં પહોંચી પલંગ પર સૂઈ ગઈ. મહેલમાં આવી પહોંચેલા માનતુંગે માનવતીને સૂતેલી જોઈ એટલે એનો વહેમ દૂર થયો. એણે માનવતીને જગાડી. ફરી બન્ને વચ્ચે બોલાચાલી થઈ. રાજા રીસાઈને પોતાના મહેલે પાછો ફર્યો. યોગિની તરફ આકર્ષાયેલા રાજાએ એને ફરી બોલાવી એને કાયમ પોતાની સાથે રહેવા આગ્રહ કર્યો. 'મને છોડીને તમે એક ઘડી પણ આઘાપાછા નહીં થાઓ.' એવી શરતે બાંધીને યોગિની રાજાની સાથે રહેવા લાગી.

**૨.૩.** એક વખતે મૂંગીપાટણની રાજકુમારી રત્નવતીનું માગું માનતુંગ પાસે આવ્યું. તેણે યોગિનીને વાત જણાવી પરણવા મૂંગીપાટણ જવાની તેની સંમતિ મેળવી. તે યોગિનીને સાથે લઈને ત્યાં જવા નીકળ્યો. વચ્ચે એક જગ્યાએ પડાવ નાખ્યો. યોગિની સ્નાન કરવા પાસેના સરોવરે ગઈ. ત્યાં યોગિનીનો વેશ ઉતારી સોળ શણગાર સજી, તે વૃક્ષની ડાળી પર હીંચકા ખાતી ગીત ગાવા લાગી. યોગિનીને પાછા ફરતાં વિલંબ થયો એટલે માનતુંગ તપાસ કરવા સરોવરના કિનારે આવ્યો. ત્યાં પેલી હીંચકા ખાતી રૂપવતીને જોઈ તે એના પર આસક્ત થઈ ગયો. વાતચીતમાં એ રૂપસુંદરીએ રાજાને જણાવ્યું; 'હું એક વિદ્યાધરી છું. જે મારું ચરણોદક પીવે એને હું મારો પ્રીતમ બનાવીશ, વળી હું તેને વૃષભની પેઠે ફેરવીશ.' આસક્ત થયેલા માનતુંગે કમળપત્રના દડિયામાં પાણી લાવી, એ રૂપસુંદરીના પગ ધોઈને તે પાણી પોતે પી ગયો. પછી ગોઠણભેર પડી રાજાએ રૂપસુંદરીને પોતાની ઉપર બેસાડી સરોવરની આજુબાજુ ફેરવી. તે પછી એ રૂપસુંદરીએ જ્યાં જ્યાં પગલાં મૂક્યાં ત્યાં ત્યાં માનતુંગ હથેળી ધરતો ગયો. એમ પોતાની બધી શરતો પૂરી થતાં રૂપસુંદરી માનતુંગ સાથે પરણી. 'થોડી વારમાં હું પડાવમાં આવું છું' એમ કહી એણે રાજાને ત્યાંથી વિદાય કર્યો. માનવતી ફરીથી યોગિનીનો વેશ ધારણ કરી રાજા સમક્ષ આવી પહોંચી. રાજા રૂપસુંદરીનો વિચાર કરતો યોગિની સાથે મૂંગીપાટણ આવ્યો. નગર બહાર વાટિકામાં યોગિનીને મૂકી તે રત્નવતીને પરણવા નગરમાં ગયો.

**૨.૪.** માનવતીએ યોગિનીનો વેશ ઉતારી વડારણ જેવો વેશ ધારણ કર્યો. તેણે રાજકુમારી રત્નવતીને અને રાણીને પોતે માનતુંગની વડારણ હોવાની ઓળખાણ આપી, અને તે તેમની સાથે ભળી ગઈ. પછી રત્નવતી સાથે માનતુંગનાં લગ્ન થયાં. વડારણે રત્નવતીને જણાવ્યું કે, માનતુંગના કુલાચાર પ્રમાણે ઉજ્જેણી જઈને કુળદેવીની પૂજા કર્યા પછી જ એનો રાજા સાથે દેહસંબંધ થશે.

**૨.૫.** એ પછી માનવતી સાધ્વીનો વેશ ધરીને માનતુંગ પાસે ગઈ. પોતાને રાજકુમારી રત્નવતીની ગુરુણી તરીકે ઓળખાવી માનતુંગની પાસે કંસારની થાળી મૂકીને કહ્યું : 'રાજકુમારીને જે પરણે તે મારો એંઠો કરેલો કંસાર જમે. નહીં તો વરકન્યાને ઉપદ્રવ થાય.' માનતુંગે એનું માની એણે આપેલો એંઠો કંસાર ખાધો. એ પછી માનવતીએ તેને જણાવ્યું : 'છ માસ ગુરુગોત્રજની પૂજા કરીને તે પછી રત્નવતી તમારો સમાગમ કરશે. અને એ પછી તમે ઉજ્જેણી જઈ શકશો. હું નિત્ય તમારા આવાસે તમારી સાથે વાત કરવા આવીશ.' એટલું કહી માનવતી ચાલી ગઈ. એ પછી રત્નવતીની ગુરુણી તરીકે માનવતી અવારનવાર માનતુંગ સમીપ આવવા લાગી. હાવભાવથી તેણે માનતુંગને મોહિત કર્યો. તે તેની સાથે અનેક પ્રકારના ભોગ ભોગવવા લાગ્યો. માનવતીને માનતુંગથી ગર્ભ રહ્યો. તેણે આ વાત માનતુંગને જણાવી અને નિશાની તરીકે તેની પાસેથી તેની નામાંકિત વીંટી અને મોતીનો હાર માગી લીધાં. પછી તે યુક્તિપૂર્વક માનતુંગ પાસેથી છટકીને પોતાના બહારના વાટિકાના ઉતારે આવી. ત્યાંથી તે ઉજ્જેણી ચાલી ગઈ. માતાપિતાને મળી બધી વાત જણાવી, સુરંગવાટે ફરીથી તે એકદંડિયા મહેલમાં પહોંચી ગઈ. મૂંગીપાટણમાં માનતુંગ ગુરુણીની રાહ જોતો રહ્યો. અહીં અંતઃપુરમાં માનવતીએ પોતાને ગર્ભ રહ્યાના સમાચાર પહોંચાડ્યા. રાણીએ પત્ર દ્વારા આ સમાચાર મૂંગીપાટણ માનતુંગને મોકલ્યા, પણ માનતુંગે તે સાચા ન માન્યા.

**૩.** છ માસ પૂરા થયા એટલે હવે રત્નવતીની ગોત્રજપૂજા પૂરી થઈ ગઈ હશે, એમ કહી માનતુંગે મૂંગીપાટણના રાજા પાસે

ઉજ્જેણી જવાની રજા માગી. ત્યારે રાજાએ ગોત્રજ પૂજાની બાબતે પોતે અજાણ હોવાનું તેને જણાવ્યું. માનતુંગે ગુરુણી અંગેની સર્વ હકીકત રાજાને જણાવતાં તેણે આવી કોઈ ગુરુણી ન હોવાનું કહી કોઈ ધુતારી માનતુંગને છેતરી ગઈ હોવાનું જણાવ્યું. પછી રાજા માનતુંગ ઉજ્જેણી જવા રવાના થયો. વાટિકામાં યોગિનીની તપાસ કરી પણ તેનો પત્તો ન લાગ્યો. નિરાશ થયેલો માનતુંગ આગળ વધ્યો. આગળ જતાં તેને પેલી રૂપસુંદરી યાદ આવી. એટલામાં મૂંગીપાટણના દૂતે આવીને સંદેશો આપ્યો કે ચંદેરીના રાજા જિતશત્રુને રત્નવતી આપવાને બદલે તે માનતુંગને આપી તેથી તે મૂંગીપાટણ પર ચડી આવ્યો હતો. માનતુંગ રાજા મૂંગીપાટણ પાછો ફર્યો અને રત્નવતીને ઉજ્જેણી તરફ રવાના કરી. બંને સેનાઓએ મળી જિતશત્રુને હરાવ્યો. પછી ચોમાસું શરૂ થઈ ગયું હતું તેથી માનતુંગ મૂંગીપાટણમાં જ રહી ગયો. આ બાજુ યથાસમયે માનવતીએ એક પુત્રને જન્મ આપ્યો. માનતુંગને આ સંદેશો મળતાં તે તરત જ ઉજ્જેણી આવી પહોંચ્યો. પ્રધાનને સાથે લઈ તે એકદંડિયા મહેલમાં તપાસ કરવા ગયો.

રાજાએ પોતે બધો સમય પરદેશમાં હતો તોય પુત્ર ક્યાંથી જન્મ્યો એમ માનવતીને પૂછ્યું અને તેના શીલ અંગે ગમે તેમ બોલવા લાગ્યો. માનવતીએ એ પુત્ર એનું જ સંતાન હોવાના પુરાવા લેખે માનતુંગે આપેલી વીંટી અને હાર રજૂ કર્યાં. આ જોઈ રાજાને અચંબો થયો. માનવતીએ ખુલાસો કર્યો કે, તેણે પોતે જ યોગિની, વિદ્યાધરી અને ગુરુણીનો વેશ ધારણ કર્યો હતો. આ રીતે તેણે કહેલા બોલ સાચા કરી બતાવ્યા. માનતુંગે માનવતીને અંતઃપુરમાં બોલાવી લીધી અને તેઓ સુખપૂર્વક રહેવા લાગ્યાં.

[આધાર : **'માનતુંગ–માનવતી–રાસ'**]

**મિત્રભેદ (=સિંહ અને બળદ) (પંચાખ્યાન, પહેલું તંત્ર): ૧.૧.** દક્ષિણ જનપદમાં મહિલારોપ્ય નામે નગરમાં વર્ધમાન નામનો વણિકપુત્ર રહેતો હતો. તેણે પોતાના ધન વડે વધુ ધન કમાવાનો વિચાર કર્યો. પછી મથુરા લઈ જવા માટેનો માલ એકત્ર કરી શુભતિથિએ રથ લઈને તે નીકળ્યો. એ રથની ધૂંસરીએ સંજીવક અને નંદક નામના બે ઉત્તમ બળદો જોડ્યા. તેમાંથી સંજીવક નામના બળદનો પગ યમુનાને કાંઠે કાદવના ઢગલામાં ખૂંપી જવાથી રથ ખેંચતાં તે ભાંગી ગયો. વર્ધમાનને તેનાથી દુઃખ થયું. તેણે ત્રણ રાત્રિ સુધી પ્રયાણ બંધ રાખ્યું. તેથી તેના સાર્થના માણસોએ એક બળદને ખાતર આખાય સાર્થને જંગલમાં જોખમમાં ન મૂકવા કહ્યું.

વર્ધમાને તે વાત સ્વીકારી સંજીવકની રક્ષા માટે માણસો મૂકી, બાકીના સાર્થને લઈને તે આગળ ચાલ્યો. સાર્થના ગયા પછી જંગલનાં વિઘ્નોથી ડરી ગયેલા તેના રખેવાળો સંજીવકને ત્યાં છોડી ચાલ્યા ગયા અને સંજીવક મૃત્યુ પામ્યો હોવાનું સાર્થવાહને જણાવ્યું. પેલી તરફ ધીમે ધીમે સાજો થઈ ગયેલો સંજીવક યમુનાના તટ પરનો લીલો ચારો ચરીને હૃષ્ટપુષ્ટ થઈ ગયો.

એક વાર સિંહ તરસ્યો થતાં પોતાના અનુયાયી પશુવર્ગ સાથે પાણી પીવા યમુનાકિનારે આવ્યો. તેણે સંજીવકનો ભાંભરવાનો પ્રચંડ અવાજ સાંભળ્યો. તેથી ગભરાઈ જઈ પાણી પીધા વિના સિંહ પાછો ફર્યો અને વડના ઝાડ નીચે પોતાના અનુયાયીઓ અને કર્મચારીઓની તેણે સભા ભરી. તે વખતે અધિકારથી ભ્રષ્ટ થયેલા કરટક અને દમનક નામના તેના બે શિયાળ મંત્રીપુત્રોમાંથી દમનક બોલ્યો કે તેમનો સ્વામી પિંગલક તરસથી વ્યાકુળ હોવા છતાં યમુનાકિનારેથી પાછો આવી શા માટે સભા ભરીને બેઠો હશે? ત્યારે કરટકે કહ્યું : 'તેનું આપણે શું કામ છે?' એમ કહી પોતાના કામની ન હોય એવી બાબતમાં માથું મારવા જે જાય તે ફાચરનો ખીલો ખેંચનાર વાંદરની જેમ મરણ પામે છે એ વિશે દૃષ્ટાંત આપ્યું. દમનકના પૂછવાથી કરટકે એ દૃષ્ટાંતકથા કહી બતાવી.

(એ કથા માટે જુઓ આ કથાકોશમાં **'ફાચરનો ખીલો ખેંચનાર વાંદર'**)

૧.૨. પછી કરટકે કહ્યું કે, સિંહે ખાતાં વધેલો આહાર આપણી પાસે છે, પછી બીજી કશી ખટપટમાં શું કામ પડવું? દમનકે માત્ર પેટભરુ બની રહેવાની ટીકા કરી. તેણે નક્કી કર્યું કે, ભય પામેલા પિંગલકને પોતાની બુદ્ધિના પ્રભાવથી કોઈક ઉપાયે નિર્ભય બનાવીને મંત્રીપદ પાછું મેળવવું. જ્યારે કરટકે કહ્યું કે રાજાને વશ કરવાનું કામ ઘણું દુષ્કર હોય છે અને તે માટે સેવાધર્મની જાણકારી, અવસર જોઈ વાત કરવાની આવડત વગેરે જોઈએ. ત્યારે દમનકે એ બાબતોમાં પોતે નિપુણ હોવાનું જણાવ્યું.

પછી દમનક પિંગલકની પાસે પહોંચ્યો. પિંગલકે તેને આવકાર્યો. દમનકે મોટા માણસને પણ કોઈ વાર નજીવી વસ્તુની જરૂર પડતી હોય છે, દરેકને કોઈકનું કામ પડતું જ હોય છે, એટલે પોતાની અવજ્ઞા કરાય છે એ બરાબર નથી, એવું કહી ભૂમિકા બાંધી.

પિંગલકે દમનકને નિઃસંકોચ પોતાની વાત કહેવા કહ્યું ત્યારે તેણે એકાંતમાં નિવેદન કરવાની ઇચ્છા પ્રગટ કરી. આથી સભામાં હાજર રહેલાં બીજાં પ્રાણીઓ ત્યાંથી ખસી ગયાં.

પછી દમનકે પાણી પીવા જતાં પાછા વળીને સભા ભરવાનું કારણ પિંગલકને પૂછ્યું. પિંગલકે પહેલાં વાત ઉડાવી, પણ પછી વિશ્વાસ બેસતાં ભીષણ ગર્જના સાંભળી પાછો ફરી ગયો હોવાની વાત કરી અને એવા વિકરાળ પ્રાણીને કારણે એ વન છોડી જવાનો વિચાર કરતો હોવાનું પણ કહ્યું. દમનકે કેવળ શબ્દથી ભય ન પામી, તે પ્રાણી અંગે તપાસ કરવા સલાહ આપી અને ઘણીવાર બહારથી ડરામણી લાગતી વસ્તુ ખરેખર તો સાવ પોકળ હોય છે, એ વિશે શિયાળ અને દુંદુભિનું દૃષ્ટાંત આપ્યું.

(એ કથા માટે જુઓ આ કથાકોશમાં **'શિયાળ અને દુંદુભિ'**).

**૧.૩.** પછી પિંગલકની સંમતિથી દમનક શાનો અવાજ આવ્યો હતો તેની તપાસ કરવા ગયો. દરમિયાન પિંગલકને વહેમ પડ્યો કે દમનક પેલા ભયાનક પ્રાણીને લઈ આવીને મારો નાશ કરશે. આથી તે અન્યત્ર વાટ જોતો બેઠો. દમનકે સંજીવક પાસે જઈને જોયું કે તે માત્ર એક બળદ હતો. એની સાથે પિંગલકને સંધિ કરાવી તેને વશ કરવાની યુક્તિ તેના મનમાં સ્ફુરી. પિંગલક પાસે આવી તેણે જણાવ્યું કે, હું તે ભયાનક પ્રાણીને જોઈ આવ્યો અને તેને હું તમારો તાબેદાર બનાવી દઈશ. આથી પિંગલકે તેને મંત્રીપદે સ્થાપ્યો.

એ પછી દમનકે સંજીવક પાસે જઈને તેને એ વનનો રાજા સિંહ પિંગલક બોલાવે છે એમ કહ્યું. સંજીવકે પહેલાં અભયવચન લાવી આપવા તેને પાછો મોકલ્યો. દમનકે પિંગલક પાસે જઈને જણાવ્યું : 'એ પ્રાણી શંકર ભગવાનનું વાહન સંજીવક નામનો વૃષભ છે અને ભગવાને તેને ચરવા માટે યમુનાનો કાંઠો આપ્યો છે. એટલે મેં તેને કહ્યું: 'આ વન ઉપર તો ચંડિકાના વાહન પિંગલક સિંહનો અધિકાર છે. માટે તું તેની સાથે મિત્રભાવે રહે.' એટલે તેણે તમારી પાસેથી અભયવચન લઈ આવવા મને મોકલ્યો છે.' પિંગલકે સંજીવકને અભયવચન આપી લઈ આવવા દમનકને કહ્યું. દમનકે સંજીવકને એ સંદેશો પહોંચાડ્યો અને પોતાના મંત્રીપદના પ્રભાવે તેને પિંગલકનો માનીતો બનાવી દેવાની લાલચ આપી, પણ તે સાથે ચેતવ્યો કે રાજકૃપા મેળવ્યા પછી જો તું બીજા સેવકો પ્રત્યે અભિમાનથી વર્તીશ તો દંતલની જેમ અધિકારભ્રષ્ટ થઈશ. એમ કહીને તેણે દંતિલ શેઠ અને કચરો વાળનાર ગોરંભનું દૃષ્ટાંત આપ્યું.

(એ કથા માટે જુઓ આ કથાકોશમાં **'દંતિલ શેઠ અને કચરો વાળનાર ગોરંભ'**)

**૧.૪.** દૃષ્ટાંત સાંભળી સંજીવકે દમનકના કહ્યા પ્રમાણે કરવાનું વચન આપ્યું. સંજીવકને લઈ દમનક પિંગલકની પાસે આવ્યો. સંજીવકે પિંગલકને પોતાનો વૃતાન્ત કહી, પોતે વર્ધમાન સાર્થવાહથી કેવી રીતે છૂટો પડ્યો તે જણાવ્યું. પિંગલકે તેને પોતાના જ મિત્ર તરીકે સાથે રાખ્યો. તેણે કરટક અને દમનકને રાજ્યભાર સોંપી દીધો અને સંજીવક સાથે વાર્તાવિનોદ કરતો રહેવા લાગ્યો. સંજીવકે પોતાના સહવાસથી મૂઢમતિ પિંગલકને બુદ્ધિમાન બનાવી, તેની જંગલી રીતભાત છોડાવી, નાગરિક રીતભાત શીખવી. બીજાં સર્વ પશુઓને દૂર રાખી પિંગલક સંજીવકના જ સંગમાં રહેતો. કરટક અને દમનકને પણ તેમની પાસે પ્રવેશ મળી શકતો નહોતો. સિંહના પરાક્રમના અભાવને કારણે તે જંગલનાં બધાં પશુઓ સિંહના શિકારમાંથી મળતા આહારથી વંચિત રહેવા લાગ્યાં.

ભૂખથી વ્યાકુળ થયેલા કરટક અને દમનક પરસ્પર વિચાર કરવા લાગ્યા. દમનકે કહ્યું : 'ભદ્ર, આપણે તો પાછા પ્રધાન મટી ગયા. પિંગલક માત્ર સંજીવકનું કહ્યું જ કરે છે'. સંજીવકને સિંહનો મેળાપ કરાવી આપવામાં પોતે હાથે કરીને ભૂલ કરી હોવાનું કબૂલ્યું અને કહ્યું : 'જેવી પીડા બોકડાની લડાઈમાં શિયાળે, આષાઢભૂતિથી ઠગાવામાં સંન્યાસીએ અને પારકા કામે નાક વઢાવવામાં દૂતીએ હાથે કરીને વહોરી હતી તેવી જ મેં પણ વહોરી છે.' એમ કહી તેણે પરિવ્રાજક અને ધુતારાનું દૃષ્ટાંત કહ્યું.

(એ કથા માટે જુઓ આ કથાકોશમાં **'પરિવ્રાજક અને ધુતારો'** ( = **દેવશર્મા અને આષાઢભૂતિ**)

**૧.૫** એ દૃષ્ટાંત સાંભળી કરટકે પૂછ્યું : 'હવે આ પરિસ્થિતિમાં આપણે શું કરીશું ?' દમનકે પોતાના બુદ્ધિબળથી પિંગલક અને સંજીવક વચ્ચે ફૂટ પડાવવાનો વિચાર રજૂ કર્યો. કરટકને તેમ કરવું શક્ય ન લાગ્યું. ત્યારે 'જે કામ પરાક્રમથી સિદ્ધ થતું નથી તે યુક્તિથી સિદ્ધ થાય છે' એમ કહીને તે વિશે દમનકે કાગડાનું જોડું અને કાળા નાગની દૃષ્ટાંતકથા કહી.

(એ કથા માટે જુઓ આ કથાકોશમાં **'કાગડાનું જોડું અને કાળો નાગ'**)

**૧.૬.** વળી, દમનકે કહ્યું : 'બુદ્ધિ એ જ મોટું બળ,' અને તેણે બુદ્ધિબળે સસલાએ સિંહનો કેવી રીતે નાશ કર્યો તેનું દૃષ્ટાંત કહ્યું.

(એ કથા માટે જુઓ આ કથાકોશમાં **'સિંહ અને સસલો'**)

**૧.૭.** બુદ્ધિપ્રપંચથી પિંગલક અને સંજીવકની મૈત્રીમાં ભંગ પડાવવાના દમનકના વિચારનો વિરોધ કરતાં કરટકે જ્યારે એમ કહ્યું કે, તારો પ્રપંચ ફૂટી જશે, ત્યારે દમનકે કહ્યું કે જે ઉદ્યમ કરતો રહે છે તેને સફળતા મળે જ છે. અને તે વિશે તેણે વણકર અને રાજકુમારીની દૃષ્ટાંતકથા કહી.

(એ કથા માટે જુઓ આ કથાકોશમાં **'વણકર અને રાજકુમારી'**)

**૧.૮.** એ દૃષ્ટાંત સાંભળી કરટકે દમનકને તેના કાર્યમાં સફળતા ઇચ્છી. એ પછી દમનકે પિંગલકની પાસે જઈને જણાવ્યું કે સંજીવક તેના ઉપર દ્રોહબુદ્ધિ રાખે છે અને તેને મારીને આ બધાં પશુઓનો અધિપતિ બની રહેવા માગે છે. પિંગલકે કહ્યું કે મેં સંજીવકને શરણાગત જાણીને અભયવચન આપ્યું છે, તો એ કૃતઘ્ન કેમ થાય? એ દ્રોહ કરશે તોપણ હું એની વિરુદ્ધ કશું નહીં કરું. દમનકે કહ્યું : 'જે દ્રોહ કરે તેને ક્ષમા આપવી એ રાજધર્મ નથી. વળી ધન અને બળમાં સમાન બુદ્ધિમાન, મર્મજ્ઞ અને અરધું રાજ્ય ભોગવતા મિત્રને જે રાજા મારતો નથી તે પેલાને હાથે મરે છે.' એમ કહી તેણે કૃતજ્ઞ પ્રાણીઓ અને કૃતઘ્ન મનુષ્યની દૃષ્ટાંતકથા કહી.

(એ દૃષ્ટાંતકથા માટે જુઓ આ કથાકોશમાં '**કૃતજ્ઞ પ્રાણી અને કૃતઘ્ન માનવી**')

**૧.૯.** દમનકે કહ્યું કે, તમે મારી સલાહ નહીં માનો તો પસ્તાશો. પિંગલકે કહ્યું કે, સંજીવક ઘાસ ખાનારો હોઈને આપણને માંસાહારીને શું કરી શકવાનો છે? ઉત્તરમાં દમનકે કહ્યું : 'એ પોતે અનર્થ નહીં કરી શકે તો બીજા પાસે કરાવશે. હાથી સાથે યુદ્ધ કરતાં તમે ઘાયલ થાઓ ત્યારે શરીરે ચાંદાં પડે. આ સંજીવક હમેશાં બાજુમાં રહી મૂત્રવિષ્ટા કરે અને તેમાં જે કીડા પડે તે તમારાં ચાંદાંમાં પેસી તમને ઠોલશે ને એમ તમારો વિનાશ થશે. બીજું, જેના શીલને જાણતા ન હોઈએ તેને આશ્રય ન આપવો, નહીં તો જેમ રાજાની શય્યાને છેડે રહેતી જૂએ માંકડને આશ્રય આપ્યો અને તેને પરિણામે, જ્યારે માંકડ રાજાને ચટકો ભરી પલંગની તિરાડમાં સંતાઈ ગયો, ત્યારે સેવકોએ જૂને શોધી કાઢીને મારી નાખી, તેમ આપણો વિનાશ સરજાય'.

'વળી તમે પોતીકાંને દૂર કરી પરાયાને પાસે રાખ્યો છે તે પણ વિનાશકારી છે.' એમ કહી દમનકે પિંગલકને એ વિશે ગળીથી રંગાયેલા શિયાળનું દૃષ્ટાંત કહ્યું.

(એ માટે જુઓ આ કથાકોશમાં '**ગળીથી રંગાયેલો શિયાળ**')

**૧.૧૦.** શિયાળનું દૃષ્ટાંત સાંભળી પિંગલક બોલ્યો : 'હે દમનક, તે સંજીવક મારા પ્રત્યે દુષ્ટ બુદ્ધિવાળો છે એ બાબતની ખાતરી શી?' દમનકે કહ્યું : 'તે ચોતરફ બીકથી જોતો શિંગડાંથી મારવા તાકતો દેખાય ત્યારે જાણવું કે તેની વૃત્તિ બગડેલી છે'. આટલું કહી દમનક સંજીવકની પાસે ગયો અને તેને કહ્યું કે, પિંગલક તારા ઉપર કોપ્યો છે અને તારો વધ કરી પશુપરિવારને તૃપ્ત કરવાનો તેણે નિર્ણય કર્યો છે. મેં તેને 'મિત્રદ્રોહ કરવો એ યોગ્ય નથી' એમ કહ્યું. પણ ઘાસ ખાનારા સાથે જન્મવેર હોવાનું તેણે કહ્યું. એ સાંભળી સંજીવક મૂર્છિત થયો. ભાનમાં આવી તેણે વગરવાંકે પિંગલકના કોપની વાત સાંભળી. રાજામાં વિશ્વાસ મૂકવાનો પસ્તાવો કર્યો અને કુમિત્રની સેવાનાં માઠાં ફળ વિશે હંસ અને ઘુવડનું દૃષ્ટાંત કહ્યું.

(એ માટે જુઓ આ કથાકોશમાં '**હંસ અને ઘુવડ**')

**૧.૧૧.** વળી સંજીવકે કહ્યું : 'મેં પિંગલકની મૈત્રી કરવાની ભૂલ કરી. એ માંસાહારી અને હું ઘાસ ખાનાર. મૈત્રી સમાનોની વચ્ચે જ નભે. વળી રાજાને ગુણવાનો જ ગમતા હોતા નથી. વિધિનો પણ એવો જ ખેલ છે. કપટીઓની સલાહને પ્રભાવે હવે મારો કાળ આવ્યો છે. મોટાઓ પણ કપટનો આશરો લઈને અઘટિત કાર્ય કરી પોતાનો સ્વાર્થ સાધતા હોય છે.' અને એ વિશે તેણે ઊંટનો ભોગ લેતા લુચ્ચા સિંહસેવકોનું દૃષ્ટાંત કહ્યું.

(આ માટે જુઓ આ કથાકોશમાં '**ઊંટ અને લુચ્ચા સિંહસેવકો**')

**૧.૧૨.** વળી સંજીવકે કહ્યું : 'જ્યાં રાજાના સલાહકારો ક્ષુદ્ર હોય ત્યાં સેવકનું હિત થતું નથી'. અને એ વિશે તેણે સુથાર અને સિંહનું દૃષ્ટાંત કહ્યું.

(એ માટે જુઓ આ કથાકોશમાં '**સુથાર અને સિંહ**')

**૧.૧૩.** સંજીવકે વિચાર્યું : 'પિંગલકના કાન કોણે મારા વિરુદ્ધ ભંભેર્યા હશે? તે જે હોય તે. હવે તો શત્રુ સાથે યુદ્ધ કરવું એ જ શૂરવીરને શોભે.' એ સાંભળી, સંજીવક તેનાં અણિયાળાં શિંગડાંથી પિંગલકને કદાચ વીંધી નાખે એવા ડરે યુદ્ધ નિવારવા દમનક બોલ્યો : 'શત્રુનું બળાબળ જાણ્યા વિના જે યુદ્ધ કરવા જાય તે પરાભવ જ પામે.' અને આ વિશે તેણે ટિટોડા અને સમુદ્રનું દૃષ્ટાંત કહ્યું.

(એ માટે જુઓ આ કથાકોશમાં '**ટિટોડો અને સમુદ્ર**' : એ દૃષ્ટાંતકથામાં ટિટોડાએ કહેલી પેટા દૃષ્ટાંતકથા માટે જુઓ આ કથાકોશમાં '**અનાગત વિધાતા, પ્રત્યુત્પન્નમતિ અને યદ્ભવિષ્ય**')

દમનકે સંજીવકને કહ્યું કે, તે માટે શત્રુના બળાબળની ખાતરી કરીને જ યુદ્ધનો વિચાર કરવો.

**૧.૧૪.** પછી સંજીવકે પૂછ્યું : 'પિંગલક મારા પર આક્રમણ કરવાનો છે તે મારે કેમ જાણવું?' દમનકે કહ્યું : 'જો એ પૂંછડું વાળી, ચારે પગે થઈ, કાન ઊંચા કરી તમારી સામે જુએ તો તમારે સમજવું કે એ તમને હણવા તાકી રહ્યો છે.'

તે પછી દમનકે કરટકને પોતે સંજીવક અને પિંગલક વચ્ચે ફૂટ પાડવાના રચેલા પ્રપંચની જાણ કરી. કરટકે સ્વાર્થ

ખાતર પરપીડા કરવાના કૃત્યને હીન કહ્યું. પણ દમનકે કહ્યું કે, આપણે મંત્રીપદ જોઈતું હોય તો સંજીવકનો કાંટો કાઢવો જોઈએ અને સ્વાર્થ સિદ્ધ કરવા કપટભાવે પારકાને પીડવા વિશે તેણે વરુ અને સિંહને ઠગનાર શિયાળની દૃષ્ટાંતકથા કહી.

(એ માટે જુઓ આ કથાકોશમાં **'વરુ અને સિંહને ઠગનાર શિયાળ'**)

**૧.૧૫** દમનકના ગયા પછી સંજીવકે વિચાર્યું : 'જો હું પિંગલકની પાસે જઈ તેનું શરણુ સ્વીકારીશ તો તે કદાચ મને નહીં હણે'. એમ વિચારીને સંજીવક શરીર સંકોરતો, નીચે માથે, શંકિત દૃષ્ટિએ જોતો પિંગલક પાસે પહોંચ્યો. તેની આવી ચેષ્ટા જોઈ ને પહેલેથી શંકાશીલ બનાવેલા પિંગલકે તેના પર છાપો મારી તેને ઘાયલ કર્યો. સંજીવક પણ પોતાનાં શિંગડાંથી સિંહનું પેટ ચીરીને નાઠો. બન્ને વચ્ચે મોટું વેર બંધાયું. આ જોઈ ને કરટકે દમનકના એ કાર્યને વખોડી કાઢ્યું. બંને મિત્રો વચ્ચે વેરભાવ ઊભો કરીને અને પિંગલકને કષ્ટ પહોંચાડીને સ્વાર્થ સાધવા જે છળકપટ કર્યું તે માટે તેને ઘણો ઠપકો આપ્યો અને દમનકની સલાહ પ્રમાણે વર્તવા માટે પિંગલકને પણ તેણે દોષ દીધો અને ઉત્તમ મંત્રી વિશે તેણે નગ્ન શ્રમણ અને મંત્રીનું દૃષ્ટાંત કહ્યું.

(એ માટે જુઓ આ કથાકોશમાં **'નગ્ન શ્રમણ અને મંત્રી'**): એ દૃષ્ટાંતકથામાં આવતી **'સર્પને પરણનારી રાજકુમારી'** તથા એ પેટા દૃષ્ટાંતકથાના પેટામાં આવતી **'ઇંદ્રનો સૂડો'** એ દૃષ્ટાંતકથા માટે જુઓ આ કથાકોશ)

**૧.૧૬** કરટકે દમનકને કહ્યું કે, મંત્રી હોય તો આવા હોય, તારા જેવા મૂર્ખ અને માત્ર નામધારી નહીં. મેં તને શિખામણ આપી, તો પણ એ શિખામણ તને લાગી નહીં, અથવા એમાં તારો દોષ નથી. કારણ કે શિખામણ સજ્જનને જ ગુણકારી નીવડે છે, દુર્જનને નહીં. અને એ વિશે તેણે સુધરી અને વાનરોનું દૃષ્ટાંત કહ્યું.

(એ માટે જુઓ આ કથાકોશમાં **'સુઘરી અને વાંદરો'**)

**૧.૧૭** વળી કરટકે દમનકને કહ્યું : 'તું સુપુત્ર નહીં, પણ કુપુત્ર છે. તેં આપણા સ્વામીને દુઃખી કર્યો.' અને એ વિષયમાં તેણે ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિનું દૃષ્ટાંત કહ્યું.

(એ માટે જુઓ આ કથાકોશમાં **'ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ'** : એ દૃષ્ટાંતકથાની પેટાકથા માટે જુઓ આ કથાકોશમાં **'બગલો, સાપ અને નોળિયો'**)

પાપબુદ્ધિએ ઉપાયનો વિચાર કર્યો, પણ અપાયનો વિચાર ન કર્યો. એનું એને ફળ મળ્યું. એ રીતે દમનકે સ્વામીના જીવને જોખમમાં મૂક્યો હોવાનું કરટકે તેને કહ્યું.

**૧.૧૮** જો સ્વામીની આ દશા દમનક કરતો હોય તો પોતાની શી દશા કરે, એમ કહી કરટકે તેને પોતાની પાસે ન રહેવા કહ્યું. અને તેણે વિશ્વાસઘાત કરી થાપણ ઓળવવા વિશે ઉંદર લોઢું ખાઈ ગયાનું દૃષ્ટાંત કહ્યું.

(આ માટે જુઓ આ કથાકોશમાં **'ઉંદર લોઢું ખાઈ ગયા'**)

**૧.૧૯** વળી કરટકે દમનકને કહ્યું : 'તારા જેવા મૂર્ખ અને સ્વાર્થીની સાથે પ્રીતિ કરવાથી અનર્થ જ નીપજે. કેમ કે જેવો સંગ તેવો રંગ.' અને એ વિશે તેણે બે પોપટ-બચ્ચાંનું દૃષ્ટાંત કહ્યું.

(એ માટે જુઓ આ કથાકોશમાં **'જેવો સંગ, તેવો રંગ'**)

**૧.૨૦** તે પછી કરટકે કહ્યું : 'મૂર્ખ મિત્ર કરતાં ડાહ્યો શત્રુ સારો' અને એ વિશે તેણે એક દૃષ્ટાંતકથા કહી.

(એ માટે જુઓ આ કથાકોશમાં **'પંડિત શત્રુ અને મૂર્ખ મિત્ર'**)

આ પ્રમાણે કરટકનાં અત્યંત કડવાં અનેક ન્યાયવચન સાંભળી દમનક તેની પાસેથી ચાલ્યો ગયો. ક્રોધ શમતાં પિંગલક પસ્તાવો કરવા લાગ્યો કે, મારા પ્રિય અતિથિ સંજીવક ઉપર મેં પ્રહાર કરીને ઘણું અન્યાયનું અને અણઘટતું કાર્ય કર્યું. ત્યારે દમનકે કહ્યું કે જે રાજદ્રોહ કરે તેને દંડ દેવો યોગ્ય જ ગણાય. એટલે તમે પસ્તાવો કરો છો તે ખોટું છે. એટલામાં કરટક ત્યાં આવ્યો. તેણે દમનકને કહ્યું કે, તેં પિંગલક અને સંજીવક વચ્ચે કલહ કરાવ્યો તે ઘણું અયોગ્ય કર્યું. રાજાએ પણ અન્યાયકારક સલાહને માનવી ન જોઈએ. તેણે પ્રધાનની સલાહને સારાસાર વિચારીને જ સ્વીકારવી ઘટે. એ પછી કટરકે પિંગલકને સમજાવીને સંજીવકને માર્યાના પસ્તાવા-માંથી મુક્ત કર્યો. પિંગલકે દમનકને પ્રધાનપદ આપ્યું અને પછી તે સુખશાંતિથી રાજ્ય કરવા લાગ્યો.
[આધાર : **'પંચાખ્યાન–બાલાવબોધ'**]

**મિત્રોના ત્રણ પ્રકાર :** એક રાજાના કશાક વાંકમાં આવેલો તેનો પુરોહિત, રાજા ક્રોધે ભરાયો છે અને તેને દંડ દેવાનો છે એ વાત જાણી પોતાના ત્રણ મિત્રમાંથી પહેલા નિત્યમિત્રને ત્યાં ગયો, જેની સાથે વારંવાર તેને ખાનપાન અને હળવામળવાનો સંબંધ હતો. તેને પુરોહિતે રાજાના ક્રોપની વાત કરી આશ્રય આપવા કહ્યું. નિત્યમિત્રે કહ્યું : 'આજ આપણી મૈત્રી પૂરી. તારે ખાતર હું રાજાનો ક્રોધ વેરી મારા કુટુંબનો નાશ ન વહોરું ' તે પછી પુરોહિત બીજા મિત્ર પર્વમિત્ર પાસે આશ્રય માટે ગયો. એ મિત્ર સાથે કોઈ ઉત્સવ-પ્રસંગે એકબીજાને નોતરવાનો સંબંધ હતો. પર્વમિત્રે કહ્યું; 'એક તરફ મિત્રસ્નેહ અને બીજી તરફ કુટુંબસ્નેહ. કોને

બચાવું અને કોને જતો કરું, એની ભારે મૂંઝવણ મને થાય છે. કુટુંબની આસક્તિ મને એટલી બધી છે કે ભારે દુઃખ સાથે મારે તને ના કહેવી પડે છે.' એ પછી પુરોહિત પ્રણામમિત્ર પાસે ગયો, જેની સાથે સામે મળે ત્યારે નમસ્કાર કરી એક-બે શબ્દ બોલવા પૂરતો જ સંબંધ હતો. પ્રણામમિત્ર પુરોહિતને આશ્વાસન આપી બાણ અને ભાથાથી સજ્જ થઈને તેને સહીસલામત સ્થાને મૂકી આવ્યો. માણસનો દેહ નિત્યમિત્ર જેવો છે. એને જીવનભર પાળ્યોપોષ્યો પણ તે અંતકાળે જીવનો ત્યાગ કરે છે. સગાંસંબંધી પર્વમિત્ર જેવાં છે, જે મરનાર પાછળ સ્મશાન સુધી જ સાથે જાય છે. ધર્મ પ્રણામમિત્ર જેવો છે, જે પરલોકમાં જીવની સાથે જઈ તેનું કલ્યાણ કરે છે. જંબૂકુમારે ઉમેર્યું કે, ધર્મ ત્રાતા અને વિશ્વાધાર હોઈને હું તેનો ત્યાગ નહીં કરું.

[સંદર્ભ : 'જંબૂકુમાર', ઘટક : ૧૧ જંબૂકુમારે કમલવતીને કહેલું દૃષ્ટાંત]

**મૃગાવતી** : **૧.** વત્સદેશના પાટનગર કૌશાંબીમાં શતાનીક રાજા રાજ્ય કરતો હતો. તેની રાણીનું નામ મૃગાવતી. તે વૈશાલીના રાજા ચેટકની પુત્રી હતી. મૃગાવતી અત્યંત સ્વરૂપવાન હતી. શતાનીકને યુગંધર નામે પ્રધાન હતો. મૃગાવતી સગર્ભા થઈ ત્યારે ગર્ભના પ્રભાવે તેને લોહીથી ભરેલી વાવમાં સ્નાન કરવાનો વિચિત્ર દોહદ જાગ્યો. રાજા સમક્ષ માગણી થતાં રાજાએ એવી વાવ તૈયાર કરાવવાનો આદેશ આપ્યો.

પ્રધાન યુગંધરે ઉદ્યાનમાં વાવડીના પાણીમાં મજીઠ નાંખીને લોહી ભરેલા કુંડનો આભાસ ઊભો કરાવ્યો. મૃગાવતીએ તેમાં સ્નાન કર્યું. સ્નાન કરીને બહાર આવેલી મૃગાવતીના રક્તવર્ણા દેહને માંસનો મોટો પિંડ સમજીને ભારંડ પક્ષી તેને ઊંચકીને ઊડી ગયું. રાજાએ પક્ષીની પાછળ સેનાને દોડાવી. પણ મૃગાવતીની ભાળ ન મળી. આ વાતને ચૌદ વરસ વીતી ગયાં.

એક દિવસ ભીમ નામનો ભીલ એક કીમતી કંકણ લઈને નગરમાં વેચવા આવ્યો. મહાજનને તે કંકણ મૃગાવતી રાણીનું હોવાની શંકા ગઈ. તેમણે ભીલને રાજા સમક્ષ ઉપસ્થિત કર્યો. ભીલે તેને મળેલા કંકણનો સઘળો વૃત્તાંત કહ્યો : 'હું એક મણિધર સર્પને મારતો હતો ત્યારે એક બાળકે મને રોકયો, અને મણિને બદલે તેણે મને પોતાની માતાનું કંકણ આપ્યું.' ભીલ પાસેથી આ વૃત્તાંત સાંભળી શતાનીક રાજા મૃગાવતી રાણી તથા કુમારનો પત્તો મેળવવા તે ભીલની સાથે નીકળ્યો. બાળકે જે સ્થાને ભીલને કંકણ આપેલ તે સ્થાન બતાવીને તે ભીલ વિદાય થયો. તપાસમાં ફરતો શતાનીક ત્યાં આવેલા એક તાપસના આશ્રમમાં આવી પહોંચ્યો. તે બ્રહ્મભૂતિનો આશ્રમ હતો. બ્રહ્મભૂતિના શિષ્ય વિશ્વભૂતિએ થોડાં વર્ષો પહેલાં, રસ્તામાં મૂર્છા પામેલ અવસ્થામાં પડેલી એક યુવતીને આશ્રમમાં કેવી રીતે લઈ આવ્યો હતો, અને ત્યારથી તે આશ્રમમાં રહેતી હતી તેનો વૃત્તાંત કહ્યો. આશ્રમમાં મૃગાવતીએ પુત્રને જન્મ આપીને ઉછેર્યો હતો. તેનું નામ ઉદયનકુમાર રાખ્યું હતું. તે પછી શતાનીક મૃગાવતી અને પુત્ર ઉદયનકુમારને લઈ કૌશાંબી પાછો ફર્યો.

૨. એક વાર શતાનીકની રાજસભામાં ઉદયનકુમારે એક કુશળ વીણાવાદકના વાદનમાં રહેલી કેટલીક ક્ષતિઓ બતાવી અને પોતે ઉત્તમ વીણા વગાડી સંભળાવી. પોતે મોતમાંથી ઉગારેલા નાગદેવતાએ બદલામાં વીણાવાદનની વિદ્યા અને એક દેવનિર્મિત વીણા તેને આપી હોવાનું પિતાને જણાવ્યું.

એ વેળા સભામાં બેઠેલા શતાનીકને પોતાની સમૃદ્ધિનો ગર્વ થયો. એવામાં વિદેશનો એક દૂત આવ્યો. તેણે શતાનીકનો રાજપ્રાસાદ ચિત્રરહિત હોવાથી તેને નિસ્તેજ કહીને પુષ્પશેખર રાજાના રાજપ્રાસાદની પ્રશંસા કરી. આથી શતાનીકે સારા ચિતારાઓને તેડાવી રાજપ્રાસાદમાં ચિત્રો ચિતરાવ્યાં.

એક ચિતારાએ રાણી મૃગાવતીના પગનો માત્ર અંગૂઠો જોઈને તેનું આખું ચિત્ર આલેખવા માંડયું. તે ચિત્ર બનાવતો હતો તે વખતે તેની પીંછીમાંથી કાળા રંગનું એક ટપકું ચિત્રમાં મૃગાવતીના સાથળ પર પડયું. ચિતારાએ તે ભૂંસી નાખ્યું, પણ ફરીથી ત્યાં જ ટપકું પડતાં ચિતારાએ વિચાર્યું કે, રાણીના સાથળ પર તલ હોવો જોઈએ. તેણે ચિત્રમાં ટપકું એમ જ રહેવા દીધું.

ચિતારાએ દોરેલું મૃગાવતીનું ચિત્ર જોઈ શતાનીક પ્રસન્ન થયો. પરંતુ ચિત્રમાં રાણીના સાથળ પર પડેલ તલ જેવું ટપકું જોઈને તે વહેમાયો. તેણે વિચાર્યું કે, ચિતારાને મૃગાવતી સાથે અનિચ્છનીય સંબંધ હોવો જોઈએ. રાજાએ ચિતારાનો વધ કરવા આદેશ દીધો. બચાવમાં ચિતારાએ પોતાને યક્ષનું વરદાન હોવાનું જણાવ્યું, જેથી કરીને એક અંગ ઉપરથી તે આખો દેહ ચીતરી શકતો. એ વાતની ખાતરી કરવા રાજાએ એક કુબ્જા દાસીનાં સર્વ અંગ ઢાંકી દઈ માત્ર તેના મુખને સોહામણું બનાવડાવી ચિતારાને તેનું ચિત્ર દોરવા કહેતાં તેણે કુબ્જાનું આબેહૂબ ચિત્ર દોરી બતાવ્યું. આથી રાજાએ તેનો વધ કરવાને બદલે જમણો હાથ કપાવી નાખી તેને દેશવટો દીધો.

૩. એ ચિતારાએ સાકેતનગરી આવી સુરપ્રિય યક્ષની આરાધના કરીને ડાબા હાથથી ચિત્રો દોરવાનું વરદાન મેળવ્યું.

પછી શતાનીક સાથે વેર લેવા મૃગાવતીનું ચિત્ર બનાવીને તેણે ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતને ભેટ આપ્યું. એ ચિત્ર જોઈ ચંડપ્રદ્યોત મુગ્ધ થઈ ગયો. તેણે એક દૂત મોકલી શતાનીક પાસે મૃગાવતીની માગણી કરી. શતાનીકે દૂતને કાઢી મૂક્યો. ચંડપ્રદ્યોતે કૌશાંબીને ઘેરો ઘાલ્યો. શતાનીક આઘાતથી મૃત્યુ પામ્યો.

મૃગાવતીએ શીલ અને રાજ્યને અખંડ રાખવા ચંડપ્રદ્યોત સાથે યુક્તિથી કામ લીધું. તેણે ચંડપ્રદ્યોતને કહેવડાવ્યું કે, મને મેળવવી હોય તો કૌશાંબીના જર્જરિત ગઢને સમરાવી, હથિયારોથી સજ્જ કરી અન્નભંડાર ભરાવી આપો. ચંડપ્રદ્યોતે એ પ્રમાણે બધું કરાવી આપ્યું. પછી મૃગાવતીએ તેને મનમાંથી પાપ કાઢી નાખવાનો સંદેશો મોકલ્યો અને ઉદયનકુમારનો રાજ્યાભિષેક કર્યો.

**૪.** એવામાં કૌશાંબીનગરીના ઉદ્યાનમાં જૈન તીર્થંકર મહાવીર આવ્યા. તેમનો ઉપદેશ સાંભળી મૃગાવતીએ દીક્ષા લીધી. મહાવીરે મૃગાવતીને શિષ્યા તરીકે ચંદનબાલા ગણિનીને સોંપી. ચંડપ્રદ્યોત ખાલી હાથે ઉજ્જયિની પાછો ફર્યો. મૃગાવતીએ તપસ્વી–સાધ્વી જીવન દ્વારા કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પછીથી ચંદનબાલાને પણ કેવળજ્ઞાન થયું.

[આધાર : **'મૃગાવતીચરિત્ર–ચોપાઈ'**]

**મેઘકુમાર** : જુઓ **'અભયકુમાર મંત્રી,'** ઘટક : ૮

**મેતાર્ય મુનિ** : જુઓ **'અભયકુમાર મંત્રી'**, **ઘટક : ૧૧**

**મેનાપોપટ (સિંહાસનબત્રીસી–૨, પંદરમી કથા)** : ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી વૃંદા નામની પંદરમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી.

**૧. આપઘાત કરવા જતો પોપટ :** એક વાર શિકારે ગયેલો વિક્રમ રાજા વનમાં સેનાથી વિખૂટો પડી ગયો. ત્યાં તેણે એક પોપટને સ્નાન કરી, સૂર્યસ્તુતિ કરીને બળતા દવમાં પોતાની જાતને હોમવા જતો જોયો. ઈશ્વરની આણ દઈ વિક્રમે તેને વાર્યો. પોપટના પૂછવાથી વિક્રમે તેને પોતાની ઓળખ આપી, એટલે પોપટે પોતાની વાત કહી : 'હું રાજગૃહીનગરીના નગરશેઠના દીકરા પુષ્પચંદ્રનો પોપટ. તેના પૂછવાથી મેં કહ્યું કે તારો વિવાહ, મચ્છાવતી નગરીના શેઠની પુત્રી પદ્મલોચના સાથે થશે. તે જ પ્રમાણે પદ્મલોચનાના પાસે રહેલી મેનાએ તેનો વિવાહ પુષ્પચંદ્ર સાથે થશે એમ તેને જણાવ્યું. પદ્મલોચના અને પુષ્પચંદ્ર પરણ્યાં. પદ્મલોચનાની સાથે લવાયેલી મેનાને મારા પાંજરામાં મૂકી. કામવશ થઈને મેં મેના પર બળાત્કાર કર્યો. સવારે મેનાએ શેઠાણીને વીતક વાત કરી, અને 'પોપટને શૂળીએ નહીં દ્યો, તો હું આત્મહત્યાનું પાપ તમને દઈશ' એવી હઠ લીધી. શેઠાણીએ શેઠને વાત કરી. શેઠે મને પૂછતાં મેં કહ્યું : 'કામવશ થયેલી મેનાએ હાવભાવથી મને ભોળવ્યો હતો, મારો વાંક નથી.' શેઠે શેઠાણીને વાત કરી. શેઠાણીએ શેઠ પાસે પોતાને જૂઠી પડાવવા માટે મેનાને ઠપકો આપ્યો. એટલે મેનાએ શેઠશેઠાણીને પુરુષજાતિની દુષ્ટતા પર એક દૃષ્ટાંત કહ્યું.

**૨. પુરુષજાતિની દુષ્ટતા : પહેલી આડકથા :** લખનોરના લખેશરી ધનશાનો પુત્ર ધનક્ષય પુષ્કરપાટણના મલુકચંદ શેઠની પુત્રી પ્રેમાવતીને પરણ્યો. મીનાર્ક હોવાથી કન્યા પિતાને ત્યાં રહી. દરમિયાન ધનશા મરી ગયો અને પાછળ કપૂત ધનક્ષયે બધું ધન જુગાર અને રંડીબાજીમાં ઉડાવી દીધું. ખાવા દમડી ન રહી. તેને માથે દેવું થયું. તે સાસરે ગયો. તેને એક માસ માનપાનથી રાખીને માબાપે કન્યાને તેની સાથે વળાવી. પાછા ફરતાં વીસ દિવસ વાટમાં ગયા. વહુ ઘરની ગરીબી જોશે તો પોતાની લાજ જશે, એવું વિચારીને ધનક્ષયે મનમાં ઘાટ ઘડ્યો. ચોરની બીક બતાવીને પ્રેમાવતીનાં ઘરેણાંની પોટલી પોતાની પાસે રાખી લીધી. આગળ ચાલતાં મોટા વનમાં પ્રેમાવતીને એક કૂવામાં ધકેલી દઈને ધનક્ષય પોતાના ગામમાં આવ્યો. તે જે કાંઈ લાવ્યો હતો તે બધું ગણિકાગમનમાં અને આગલું દેવું પતાવવામાં ખોયું. પેલી તરફ પ્રેમાવતી કૂવામાં થોડુંક જ પાણી હોવાથી બચી ગઈ. પાંચમે દિવસે તેને કોઈક વટેમાર્ગુએ બહાર કાઢી અને તેના બાપને ઘરે પહોંચાડી. 'મારો વર બહુ જ સારો, મને ઘણું સુખ દેતો. પણ રસ્તામાં ચોરે બધું લૂંટી લીધું અને એ ક્યાંક ભૂલો પડ્યો, એટલે હું અહીં આવી', એવી વાત તેણે સૌને કરી.

પાસેનું ધન સાવ ખલાસ થઈ જતાં ધનક્ષય, પ્રેમાવતી કૂવામાં પડતાં ડૂબી મરી ગઈ હશે અને એ વાત કોઈ નહીં જાણતું હોય એમ માની, કાંઈક મળવાની લાલચે અઢી વરસે ફરીથી સાસરે આવ્યો. ત્યાં તો તે પોતાની સ્ત્રીને જીવતી ભાળીને પાછો ભાગવા જતો હતો, પણ 'મેં કોઈને સાચી વાત નથી જણાવી, બનનાર હતું તે બની ગયું'', એમ કહીને પ્રેમાવતીએ તેને ઘરમાં લઈ જઈને રાખ્યો. દસબાર દિવસ તે સાસરે માનપાનથી રહ્યો. પણ 'આને કૂવામાં નાખી દીધી હતી એ તે કદી નહીં ભૂલે–પરાણે પ્રીત રાખે છે, તો એના ઓશિયાળા મારે શું કામ રહેવું ?' એવા વિચારે, મધરાતે ધનક્ષયે પ્રેમાવતીને ગળાટૂંપો દઈને મારી નાખી, અને બધાં ઘરેણાં

ઉતારી લઈને તે નાસી ગયો. સવારે ખબર પડી ત્યારે પ્રેમાવતીનાં માબાપ દુઃખી થયાં.'

મેનાએ વાત પૂરી કરતાં કહ્યું : 'પુરુષો આવા દુષ્ટ હોય છે.' પોપટ વિક્રમને કહે છે : મેનાએ આપેલું દૃષ્ટાંત સાંભળીને મેં કહ્યું : 'સૃષ્ટિમાં બધાં સરખાં નથી હોતાં. હું પણ સ્ત્રીજાતિની દુષ્ટતાની એક વાત કહું તે તમે સાંભળો.'

**૩. સ્ત્રીજાતિની દુષ્ટતા : બીજી આડકથા** : કનકાવતીના નગરશેઠની દીકરી સુબુદ્ધિને વહાણવટી દામોદર શાહના દીકરા વિજયપાલ સાથે પરણાવી. પરણીને તરત વિજયપાલ પરદેશ ગયો. સુબુદ્ધિ પુરુષસંગ માટે ઝૂરવા લાગી. એક વાર માળિયે બેઠી હતી ત્યારે તેણે રસ્તા પર જતા એક રૂપાળા બ્રાહ્મણ યુવકને જોયો. દાસીને મોકલીને દાન આપવા નિમિત્તે તેને બોલાવ્યો. તે આવ્યો એટલે સુબુદ્ધિએ પોતાનો સંગ કરવાની માગણી કરી. ઇજ્જત અને જીવ બંને જવાની બીકે બ્રાહ્મણ યુવકે એના ઘરમાં સંગ કરવાની માગણી નકારી. એટલે સુબુદ્ધિએ માલણને ત્યાં દરરોજ રાતે મળવાની ગોઠવણ કરી. એમ ઘણા દિવસ ચાલ્યું. એટલામાં વિજયપાલ પરદેશથી આવ્યો. મહિનો રહીને તે વહુને તેડવા સાસરે આવ્યો. તેને આવ્યાને દસબાર દિવસ થયા તોયે સુબુદ્ધિ તેની સાથે આંખ નહોતી મેળવતી. બાળક હોઈ લાજતી હશે, એમ વિજયપાલે માન્યું. તેને તેણે હીરામોતીનાં ઘરેણાં ભેટ આપ્યાં. સુબુદ્ધિની ભાભીઓએ એક વાર નણંદ અને નણદોઈને એકાંતમાં યુક્તિથી રાતે ભેગાં કરી દીધાં. સુબુદ્ધિએ ઘૂંઘટ તાણ્યો. વિજયપાલે બોલાવવા ઘણું કર્યું, પણ તે ન જ બોલી. થાકીને તે સૂઈ ગયો. એટલે સુબુદ્ધિ દોરડા વતી બારીએથી નીચે ઊતરી. ચાર ચોરે તે જોયું. તેઓ કૌતુકથી તેની પાછળ ગયા. સુબુદ્ધિ માલણને ઘેર પહોંચી. તેનો પ્રેમી વાટ જોઈને વડ હેઠળ ખાટલામાં ઊંઘી ગયેલો. ઊંઘ દરમિયાન ખાટલા પર પડેલા સાપ ઉપર તેનો પગ પડતાં, સાપ તેને કરડ્યો અને તે મરી ગયો. એટલામાં ત્યાં આવી પહોંચેલી સુબુદ્ધિ તેને સૂતેલો માનીને જગાડવા લાગી. જે વડ નીચે બ્રાહ્મણ યુવકનો ખાટલો હતો તેની ઉપર રહેતો યક્ષ આ સ્ત્રીને, જીવતાને છોડીને મરેલાને પ્રેમ કરતી જોઈને તેને શિક્ષા કરવા, બ્રાહ્મણના શબમાં પેઠો. બ્રાહ્મણ આળસ મરડીને ઊઠ્યો. સ્ત્રી સાથે સંગ કરી, તેનું નાક કરડીને યક્ષ બ્રાહ્મણના શબમાંથી નીકળી ગયો. નાકનો કટકો મરેલા બ્રાહ્મણના મોંમાં રહ્યો. પછી માલણની સલાહથી સુબુદ્ધિએ ઘેર જઈને રડારોળ કરી મૂકી કે ઝઘડો થતાં તેના વરે તેનું નાક કાપી નાખ્યું. પેલા ચોરો આ બધા તમાશાના સાક્ષી હતા. લોકો એકઠા થયા. વિજયપાલ હેબતાઈ ગયો અને કશું બોલી ન શક્યો. વાત રાજા પાસે ગઈ. અન્યાય થતો જોઈ ચોરોએ જઈને બધી વાત રાજાને કરી. માલણને ત્યાં બ્રાહ્મણના શબના મોંમાં નાકનો કટકો જોઈને રાજાએ વાતની ખાતરી કરી. સુબુદ્ધિને શૂળીની શિક્ષા કરી, પણ વિજયપાલે તેને જીવતી મુકાવી. વાત પૂરી કરતાં મેં કહ્યું કે, સ્ત્રીઓ આવી દુષ્ટ હોય છે.'

**૪. શેઠશેઠાણીને બચાવવા અદ્ભુત ઉપાયોની શોધમાં** : આટલી વાત થયા પછી પણ મેનાએ બંનેનો ન્યાય કરવાની હઠ લીધી. શેઠે મને જે ખરેખર બન્યું હોય તે જણાવવા કહ્યું. એટલે બંને એક જાતનાં અને એક સાથે હોઈને સંગ કર્યાનું મેં કબૂલ્યું. વળી મેના મને પ્રેમ કરે તો તે કહે તે કરવાની મેં તૈયારી બતાવી. એટલે મેનાએ કહ્યું : 'શેઠાણીને ગ્રહદોષને કારણે ગર્ભ રહે તેમ નથી. અને શેઠને આજથી સાતમે મહિને જે ઘાત આવવાની છે તેમાં તેને મૂર્છા આવતાં ચાર ઘડીમાં તેનો જીવ જાય તેમ છે. જો તું આ બંને આપત્તિથી શેઠશેઠાણીને બચાવે, તો હું તને વરું.' એટલે ચાર માસને વાયદે ઉપાય શોધી લાવવાની પ્રતિજ્ઞા કરીને હું ત્યાંથી નીકળ્યો, પણ મારાથી એ કામ પાર નહીં પડે, એમ લાગતાં મેં તમને મળવા વિચાર કર્યો. પણ વળી 'ભરસભામાં આવી વાત હું કેમ કરું ?' એવા વિચારે મેં દવમાં બળી મરવાનું નક્કી કર્યું. એટલામાં તમે આડા આવ્યા.

**૫. વિક્રમ અને સિદ્ધ : કૃતજ્ઞતાની કસોટી** : વિક્રમે એક માસમાં તેનું કામ પાર પાડવાનો કોલ આપીને તેને પોતાની પાસે રાખ્યો. દરમિયાન એક વાર શિકારમાં લશ્કરથી વિખૂટો પડેલો વિક્રમ વનમાં એક સિદ્ધની પાસે ભૂખ્યોતરસ્યો આવી પહોંચ્યો. સિધ્ધે આગતાસ્વાગતા કરી. વિક્રમે રાજ્યમાં આવવા નિમંત્રણ આપ્યું. સિધ્ધે તેને ચેતવ્યો કે, એક વરસના ઉપવાસ પછીના પારણાનો આહાર આપતાં તને દુઃખ થશે. રાજાએ તે જે માગે તે આપવા વચન આપ્યું.

દિવસો વીત્યા. સિધ્ધે રાજાની કસોટી કરવા ધાર્યું. કૃત્રિમ ચેલો ઊભો કરીને તેની મારફત રાજાને ખૂબ જ વહાલા એવા તેના સાત વરસના બત્રીસલક્ષણા કુંવરનું અપહરણ કર્યું. વિક્રમે ઘણી તપાસ કરી. ક્યાંયે દીકરાનો પત્તો ન લાગ્યો. પછી એક વાર કુંવર જે ઘરેણાં પહેરતો તે જ ઘરેણાં હાથમાં લઈને એક બ્રાહ્મણ ચૌટામાં વેચવા આવ્યો. લોકોએ તેને પકડીને ફિટકાર વરસાવતાં રાજાની આગળ ઊભો કર્યો. રાજાએ પૂછતાં, બ્રાહ્મણે કહ્યું : 'ગુફામાં રહેતા મારા ગુરુએ મને આ વેચવા મોકલ્યો છે.' એટલે તેને સાથે લઈને રાજા પણ સિદ્ધની પાસે આવ્યો અને ઘરેણાંના પહેરનાર વિશે પૂછપરછ કરી. સિધ્ધે કહ્યું : 'વરસના ઉપવાસને અંતે વિંધ્યવાસિની યક્ષિણીને

એક બત્રીસલક્ષણાનો ભોગ આપ્યા પછી જ મારાથી પારણાં થઈ શકે, એટલે મેં ઉજ્જેણીમાં રમતા એક બત્રીસલક્ષણા બાળકને અહીં આણીને વધેર્યો. કોનો પુત્ર હતો તે હું નથી જાણતો. આ રહ્યાં એનાં અસ્થિ, ચર્મ અને શીશ.' એ સાંભળીને લોકોએ સિદ્ધને ફિટકાર આપ્યો અને તેને શૂળી દેવાની માંગણી કરી. વિક્રમે સૌને ટાઢા પાડ્યા. સિદ્ધને પૂછ્યું : 'તમારી ભૂખ હવે ભાંગી કે હજી પણ તમને કાંઈ દુઃખ છે ?' સિધ્ધે કહ્યું : 'મારા ગુરુને યક્ષિણીની ઉપાસના છે. તે એક દિવસ ઉપવાસ અને એક દિવસ ભોજન કરે છે. જેમ મને મળ્યો તેમ તેને પણ બત્રીસલક્ષણો મળે, તો તેનો ભોગ આપ્યા પછી તેનાથી ભોજન થાય. તેને તે મળતો નથી. તો પછી મારાથીયે કેમ ભોજન લેવાય ? મેં તો હત્યા કરી, પણ તોયે હું ભૂખ્યો રહ્યો.'

વિક્રમ સિદ્ધને સાથે લઈને તેના ગુરુ પાસે પહોંચ્યો. તેને વાત પૂછી જોઈ. પછી હોમહવનની તૈયારી કરી અગ્નિ પ્રગટાવી કુંડ પાસે જઈને તે પોતાને હાથે જ્યાં પોતાનું શીશ છેદવા જતો હતો ત્યાં 'મા', 'મા' શબ્દ થયો, અને સાડાત્રણ મણ લોટનું પૂતળું બનાવી તેના કટકા હોમવાથી ચામુંડા પ્રસન્ન થશે એવો આદેશ મળ્યો. એ રીતે હવન પૂરો થયો. બંને સિદ્ધોએ પારણું કર્યું. વિક્રમના પુત્રને તેમણે જીવતો દેખાડ્યો અને કહ્યું કે, તારી કસોટી કરવા જ તેને સંતાડેલો. વિક્રમને ભેટ તરીકે એવાં બે ચમત્કારિક ફળ આપ્યાં, જે ખાવાથી વાંઝણીને પુત્ર થાય અને મૃત્યુને કાંઠે બેઠેલાની આવરદા બમણી થાય.

**૬. ઉપસંહાર :** વિક્રમ વાજતેગાજતે ઉજ્જેણી આવ્યો. તેણે પોપટને બંને ફળ આપી દીધાં. પોપટે તે શેઠશેઠાણીને સોંપ્યાં. તેમણે તે ખાધાં. શેઠાણીને ગર્ભ રહ્યો. શેઠની ઘાત ગઈ. તેમને ત્યાં બત્રીસલક્ષણો પુત્ર જન્મ્યો. પછી પોપટ અને મેના પ્રીતે પરણ્યાં.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.

આ કથા કહીને વૃંદા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી'**–૨ પંદરમી, કથા]

**મોર માર્યાના આક્ષેપમાંથી યુક્તિપૂર્વક બચતી કુલટા ( = તરતબુદ્ધિથી બચાવ)** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**'સૂડાબહોંતેરી'**, દસમી કથા) : જયંતપુરના રાજા ભીમસેનને પાળેલા મોર ઉપર અતિ સ્નેહ હતો. તે રાતદિવસ એની જ સેવા કરતો. એક વાર ગામના પરમ વૈષ્ણવ સુંદરશેઠની કુલક્ષણી પત્ની નરભેકુંવરીએ રાજાના મોરને પોતાના આંગણામાં આવી નાચતો જોયો. નરભેકુંવરીને પાંચમો માસ જતો હતો. તેને એ મોરનું માંસ ખાવાનો દોહદ થયો. એક દિવસ તે દેવદર્શન કરવા મંદિરે ગઈ, ત્યાં એનો જાર એને મળ્યો. નરભેકુંવરીએ તેને કહ્યું : 'જો તું રાજાનો પાળેલો મોર ચોરીને મને લાવી આપે, તો હું આજ રાતે તને રંગે રમાડું. મારો ધણી ઉત્સવ જોવા રાત્રિ બહાર ગાળવાનો છે, ને હું ઘરે એકલી છું.' પેલો જાર મૂળે તો ચોર હતો. એટલે લાગ જોઈને મોર ચોરી લાવ્યો અને નરભેકુંવરીને આપ્યો. તેણે તેને મારીને માંસ ખાધું. વહેલી સવારે તેણે જારને કહ્યું : 'હવે પછી કદી પણ અહીં આવતો નહીં. મારો પતિ જાણશે તો મારું મોત થશે.' એટલે જારે તેને ધમકી આપતાં કહ્યું : 'હું મારી મરજી પ્રમાણે તારે ઘેર આવવાનો જ અને તારી સાથે મોજ કરવાનો. જો તું વાંધો લઈશ તો હું રાજાને તેં એના મોરને મારી ખાધાની વાત કહી દઈશ.' નરભેકુંવરીએ એને પટાવી, કપટપ્રેમ દેખાડી મનાવી લીધો અને લાગ જોઈને છાતીમાં કટારી ભોંકી મારી નાખ્યો. લાશને ગાંસડીમાં બાંધીને તેને નદીમાં વહેવડાવી દીધી.

પોતાના જીવ જેવો માનીતો મોર ગુમ થવાથી રાજાએ અન્નજળ તજી દીધાં. સર્વત્ર તેની તપાસ કરાવી. એણે ઢંઢેરો પિટાવ્યો કે, જે મોરની ભાળ લાવી આપશે તેને મોં–માગી ભેટ આપશે.

હવે નરભેકુંવરીને એક માલણ જોડે સહીપણું હતું. તે મળવા આવી હતી અને તેઓ વાતચીત કરતાં હતાં તે દરમિયાન રાજાનો ઢંઢેરો સંભળાયો. એ સાંભળી નરભેકુંવરીએ પોતે રાજાનો મોર પોતાના જાર પાસે ચોરાવી મારીને ખાઈ ગઈ હતી, તે વાત માલણને કરી. થોડીવાર આડીઅવળી વાત કરી માલણે જલદીથી મોટું ઇનામ મેળવવાના લોભે, જઈને રાજાને જણાવ્યું કે, સુંદરશેઠની પત્ની મોરને મારીને ખાઈ ગઈ છે. પ્રતિષ્ઠિત વૈષ્ણવ શેઠની પત્ની આવું પાપ કરે એ માનવાનો રાજાએ ઇન્કાર કર્યો. એટલે માલણે તે વાત નરભેકુંવરીને મોઢે જ રાજાને સંભળાવવાનું માથે લીધું. રાજાને પોતાના ઘેર બોલાવીને એક પટારાની પાછળ સંતાડ્યો. પછી તે નરભેકુંવરીને પોતાને ત્યાં બોલાવી લાવી. માલણે એને રાજાનો મોર ખાધો હતો તેની વાત વિગતે કહેવાનું કહ્યું. એટલે નરભેકુંવરીએ પોતાના જારે ચોરેલા મોરને મારીને તેનું માંસ ખાઈ, કઈ રીતે પોતાનો દોહદ પૂરો કર્યો અને પછી જાર આડો ફાટ્યો એટલે કેવી રીતે તેને મારી નાખ્યો, એ બધી વાત વિગતે કરી. પટારા પાછળ રહેલા રાજાએ આ બધું સાંભળ્યું. નરભેકુંવરીને ફાંસી દેવાનું અને સુંદરશેઠનું માથું વાઢવાનું તેણે મનથી નક્કી કર્યું.

દરમિયાન માલણે પોતે કરેલી વાત બરાબર હોવા બાબત રાજાનું ધ્યાન ખેંચવા પટારાને હાથ વતી ઠપકાર્યો અને બોલી: 'સાંભળજે, ભીંત ભાટકા.' આ સાંભળીને નરભેકુંવરી તરત ચેતી ગઈ કે, કોઈ છુપાઈને તેમની વાતચીત સાંભળે છે, એટલે બાજી પલટી નાખતી તે બોલી: 'જારને મેં નદીમાં પધરાવી દીધો એટલામાં તો મારી આંખ ઊઘડી ગઈ. જાગી તો મને ધ્રાસ્કો પડ્યો કે, અરે, આ તે કેવું સ્વપ્ન!' ઝંખવાણી પડી ગયેલી માલણે જ્યારે તેને પૂછ્યું: 'શું કહ્યું?' ત્યારે નરભેકુંવરી બોલી: 'બહેન, અમે વૈષ્ણવ. માંકણને પણ ન મારીએ અને પરપુરુષનો મનમાં વિચાર પણ ન કરીએ. આવું ખરાબ સપનું કોણ જાણે કેમ આવ્યું?' પોતાનો વહાલો મોર ખોવાયાથી રાજાએ અન્નજળ તજ્યાં છે એ સાંભળીને મારા મનમાં દયાભાવે મોર–મોરની ઝંખના થતી હતી, તેથી રાજાના દુઃખે દુઃખી થતાં મને આવું સપનું આવ્યું હશે. સ્વપ્નમાં પણ મેં મોર મારીને ખાધાનું પાપ કર્યું છે, તેનું હવે હું પ્રાયશ્ચિત્ત કરીશ.' આ વાત સાંભળી રાજા ઘણો રાજી થઈ બહાર આવ્યો. નરભેકુંવરીની પ્રશંસા કરી, તેને સતી સાધ્વી ગણી પોતાની ધરમબહેન કહી અને માલણને ભારે દંડ દીધો.

[આધાર: **'સૂડાબહોંતેરી'**, દસમી કથા]

**મૌનવ્રતધારી જોગણીઓ (= જોગણીની વાર્તા) (સિંહાસનબત્રીસી–૨,** પચીસમી કથા): ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી સુગંધા નામની પચીસમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી:

**૧. રાજકુમાર નિધિરાજે કહેલી આપદુઃખની વાત: અપરમાનો આરોપ**: વિક્રમરાજાની ઉજ્જેણીનગરીમાં એક દિવસ એક ઘેલા જેવો માણસ આવી રહ્યો. તે કાંઈ ન કરતાં એક તંબોળીની દુકાને મસ્ત થઈને બેસી રહેતો. એટલે લોકો એને મસ્તાન તરીકે ઓળખવા લાગ્યા. આ વાત વિક્રમને કાને પહોંચી, એટલે વિક્રમ તેને મળવા આવ્યો. એની દેહકાંતિ જોઈને વિક્રમને તે કોઈ દુઃખી થયેલા રાજવીકુટુંબનો માણસ લાગ્યો. પરિચય કર્યા પછી વિક્રમે એને એની આપવીતી કહેવા વિનંતી કરી. થોડી આનાકાની બાદ તેણે પોતાની વાત આ પ્રમાણે કહી:

'રત્નાવતી નગરીમાં રત્નરાજ રાજા અને એનો પુત્ર નિધિરાજ તે પોતે. રત્નરાજને બે પત્નીઓ. એમાં નવી યુવાન રાણી પ્રત્યે રાજાને વિશેષ આસક્તિ. એક દિવસ રત્નરાજ કોઈ કામસર નગરી પ્રધાનને સોંપી બહાર ગયો હતો તે દરમિયાન રાજકુમાર નિધિરાજ અન્ય છોકરાઓ સાથે ગેડીદડાની રમત રમતો હતો. એવામાં દડો નાની રાણીના મહેલમાં જઈને પડ્યો. રાજકુમાર દડો લેવા મહેલમાં ગયો. શોક્યના યુવાન પુત્રને જોઈને નાની રાણી કામવિહ્વળ થઈ. એણે કુંવરને પોતાની સાથે રંગે રમવા કહ્યું. પણ એવું પાપકર્મ કરવાની રાજકુમારે ના પાડી. તેથી રાણીએ તેને શૂળીએ ચઢાવી દેવાની ધમકી આપી, છતાં રાજકુમાર તેમ કરવા તૈયાર થયો નહીં અને મહેલ છોડી ચાલ્યો ગયો. પણ ઉતાવળમાં તે પોતાની કટાર ત્યાં જ ભૂલી ગયો. પોતાની ઇચ્છા પૂર્ણ ન થતાં ક્રોધે ભરાયેલી રાણીએ રાજાને દાસી સાથે ગુપ્તપણે કાગળ મોકલાવી જણાવ્યું કે, નાના રાજકુમારે મારા પર બળાત્કાર કર્યો છે અને તેના પુરાવારૂપે રાજકુમાર જે કટાર ભૂલી ગયો હતો તે પણ મોકલાવી. પત્ર વાંચી અને કટાર જોઈ રાજા ક્રોધે ભરાયો અને તેણે પત્ર લખી પ્રધાનને રાજકુમારનો વધ કરવાનો હુકમ કર્યો.

પ્રધાને રાજકુમારને પોતાને ત્યાં બોલાવી એકાંતમાં પોતાની પુત્રી નેનવંતીને મોકલી એના ચારિત્ર્યની ખાતરી કરી. અને તે દૃઢ ચારિત્ર્યનો લાગતાં, તે નિર્દોષ છે એમ માની પોતાની કુંવરી એની સાથે પરણાવી. પછીથી રાજાએ એનો (કુંવરનો) વધ કરવાનો હુકમ આપ્યો છે એ વાત કહી અને પોતાને ત્યાં ગુપ્તપણે રહેવા અને ઘરબહાર ન નીકળવાની સૂચના આપી. તે સૂચના અનુસાર રાજકુમાર થોડા દિવસ પ્રધાનને ત્યાં રહ્યો. પણ પછીથી ત્યાંથી મધ્યરાત્રિએ ગુપ્તપણે ઘોડા પર બેસીને નાસી ગયો.

**૨. ભળતાં સાથે નાસી જતી રાજકુમારી**: ભાગીને રાજકુમાર વેરાવળ આવીને ગામબહાર આવેલી એક વાડીમાં ઊતર્યો. ઘોડાને ઝાડ સાથે બાંધીને તે ઉતારાની શોધમાં આમતેમ ફરવા લાગ્યો. આ સમયે વેરાવળના રાજા સુરસંગની પુત્રી રૂપાનાં લગ્નની તૈયારી ચાલતી હતી. દેવસંગના પુત્ર પદ્મસેનની જાન આવી હતી. પણ આ રૂપાંને ત્યાંના એક વણિક વેલચંદશા સાથે પ્રેમ હતો. રૂપાંએ વેલચંદને કહ્યું કે, ચાલ આપણે નાસી જઈએ. પણ વેલચંદ ઘરબાર છોડી જવા તૈયાર ન હતો. કુંવરીએ તેનું સર્વસ્વ લુંટાવી દેવાની ધમકી આપી. એટલે તે પરાણે નાસી જવા તૈયાર થયો. સાંઢણી પર બેસીને રૂપાં ગામ બહાર આવેલી વાડીએ આવી અને પૂર્વસંકેત મુજબ ત્યાં આવેલા વેલચંદને રૂપાંએ તે સાંઢણી પર બેસાડ્યો, અને બન્ને આગળ જવા નીકળ્યાં. આ દરમિયાન રૂપાંના ડાબા પગનું ઝાંઝર સરી પડ્યું. તે આમતેમ ફરતા પેલા રાજકુમારના હાથમાં આવ્યું. તે પાછું આપવા તેઓની પાછળ દોડ્યો. પેલાં બે થોડેક આગળ ગયાં

ત્યારે રૂપાંને પોતાનું ઝાંઝર પડી ગયા અંગે ખ્યાલ આવ્યો. તેણે તે લઈ આવવા વેલચંદને પાછો મોકલ્યો. વેલચંદ આ તકનો લાભ લઈને પોતાના ઘેર જ જતો રહ્યો. ઝાંઝર લઈને રાજકુમાર રાહ જોતી રૂપાં પાસે આવ્યો અને તેને ઝાંઝર આપ્યું. અંધારામાં રાજકુમારને ઝાંઝર લઈને પાછો ફરેલ વેલચંદ માની એને સાંઢણી પર બેસાડી રૂપાં ત્યાંથી આગળ વધી. સવારના અજવાળામાં કોઈ અજાણ્યાને સાંઢણી પર બેઠેલો જોઈ રૂપાં આંચકો ખાઈ ગઈ. રાજકુમારે બની હતી તે ઘટનાની વાત કરી. રૂપાંને રાજકુમાર પસંદ પડી ગયો, એટલે રૂપાં તેને સાંઢણી પર બેસાડીને એક નગરમાં આવી. ત્યાં આવેલા સરોવરની પાળે રૂપાંને રાખીને રાજકુમાર ભોજન-સામગ્રી લેવા નગરમાં ગયો.

**૩. રાજકુમારનાં વીતકો** : નગરમાં જઈને રાજકુમારે પોતાને આવશ્યક ભોજનસામગ્રી ખરીદી. તે પછી તે એક દુકાનમાં બેઠો હતો, ત્યાં એક સાધુ આવ્યો અને એણે પોતાને ભંડારો કરવો છે, એમ કહી એની પાસે ધનની યાચના કરી. રાજકુમારે કહ્યું કે, મારી પાસે હાલ કાંઈ ધન નથી, તો તું મને કોઈને વેચી દે અને જે ઊપજે એ ધનનો ભંડારા માટે ઉપયોગ કર.

સાધુએ રાજકુમારને એક હજાર રૂપિયામાં એક વહાણવટી સોદાગરને વેચ્યો. તેના વહાણે ચઢીને રાજકુમાર પરદેશ ગયો. વહાણ મણિપુર આવ્યાં. ત્યાં વહાણવટીએ પોતાનો માલ વેચ્યો. ત્યાંના રાજા પાસે બે રત્નો હતાં. તેની કસોટી કરી કોઈ એનું સાચું મૂલ્ય બતાવી શકતું ન હતું. રાજાએ વહાણવટીને તે બે રત્નોની કસોટી કરી આપવાની વિનંતિ કરી. રાજકુમારે રત્નની પરીક્ષા કરી આપવા તૈયારી બતાવી, એટલે તે એને રાજા પાસે લઈ ગયો. રાજાએ રત્નો રાજકુમારના હાથમાં મૂક્યાં. તેણે રત્નોની પરીક્ષા કરી. એક રત્નની કિંમત દસ કરોડ અને બીજા રત્નમાં વાળ આવી ગયો હોઈ એની કિંમત માત્ર પંદર લાખ મૂકી શકાય એમ તેણે જણાવ્યું. આ સાંભળી રાજાએ પેલું રત્ન તોડાવ્યું તો તેમાંથી વાળ નીકળ્યો. વહાણવટીનો આ સેવક કોઈ રાજબીજ છે એમ માની રાજાએ પોતાની કુંવરી પદ્માવતીને એની સાથે પરણાવી. વહાણ ઉપડવાનાં થયાં ત્યારે એક વહાણ સહિત બીજી મૂલ્યવાન ભેટ આપીને રાજકુમારી પદ્માવતીને રાજકુમાર સાથે વળાવવામાં આવી. પેલા વહાણવટી સોદાગરને ખટકો રહ્યો કે, મારો નોકર રાજકુમારી અને ઘણું ધન પામ્યો, તેથી લોકો મને તેની સરખામણીમાં મૂરખ ગણશે. એટલે એણે પ્રપંચ કરીને રાજકુમારનો ઘાત કરી કુંવરી પ્રાપ્ત કરવાનો વિચાર કર્યો. તે પ્રમાણે એણે રાજકુમારને પોતાના વહાણમાં આવવા આમંત્ર્યો. બે વહાણ વચ્ચે પાટિયું મૂકવામાં આવ્યું. પાટિયા પરથી રાજકુમાર આવતો હતો ત્યારે સોદાગરની સૂચનાથી પાટિયું ખસેડી લેવામાં આવ્યું. એટલે રાજકુમાર દરિયામાં જઈ પડ્યો. તરત જ એક મગરમચ્છ એને ગળી ગયો. એટલામાં એક માછીમાર ત્યાં આવ્યો. તેણે તે મગરમચ્છ પકડ્યો. તેણે તેને ચીરીને રાજકુમારને બહાર કાઢ્યો. માછીમારની ત્રણ માસની સારવાર પછી રાજકુમાર સાજો થયો. પછી ત્યાં થોડો વિશ્રામ કરી આઠ માસને અંતે તે માછીમારને પોતાની વીંટીઓ ભેટ આપીને દેશપરદેશ ફરવા નીકળ્યો. અને અંતે તે ઉજ્જેણીનગરી આવ્યો.'

આમ કહી મસ્તાને પોતાની વાત પૂરી કરી.

રાજા વિક્રમે રાજકુમારને છ માસમાં એની પત્નીઓનો મેળાપ કરાવી આપવાનું વચન દીધું.

**૪. મૌનવ્રતધારી જોગણીઓને બોલતી કરી** : થોડા સમય પછી ઉજ્જેણીનગરીમાં પરદેશથી આવીને એક જોગણી વાડીમાં ઊતરી. તે રૂપરૂપનો અંબાર હતી. તેણે મૌનવ્રત ધારણ કર્યું હતું. ગામમાં બધે તેની કીર્તિ ફેલાઈ ગઈ. સૌ કોઈ એનાં દર્શને જવા લાગ્યાં. આ વાતને સાત દિવસ થયા એટલામાં બીજી જોગણી આવીને તે જ વાડીમાં ઊતરી. તે પણ મૌનવ્રત ધારણ કરી બેસી ગઈ. આ જોગણીને આવ્યાને વીસ દિવસ થયા, એટલામાં ત્રીજી જોગણી આવી પહોંચી. તે પણ તે જ વાડીમાં આવી અને મૌનવ્રત ધારીને બેઠી. રાજા વિક્રમને આ વાતની ખબર પડી, એટલે તે ત્યાં આવ્યો, અને જોગણીઓનાં દર્શન કરી તેમને બોલાવવા પ્રયત્ન કર્યો, પણ કોઈ જોગણી બોલી નહીં.

વિક્રમ રાજાએ નગરમાં પડો વજડાવ્યો કે, જે ચતુર માણસ હોય તે જોગણીઓને બોલાવે. પણ સતીના શાપના ભયથી કોઈ માણસ આ કાર્ય કરવા આગળ આવ્યો નહીં. પછી લોકોએ વિક્રમ રાજાને વિનંતિ કરીને કહ્યું કે, તમારા સિવાય તે જોગણીઓને કોઈ બોલાવી નહીં શકે. આ પછી વિક્રમે હરસિદ્ધ માતાની આરાધના કરીને તેમને પ્રસન્ન કર્યાં. માતાએ વરદાન માગવા જણાવતાં, વિક્રમે પોતાના નગરમાં આવેલી ત્રણ જોગણીઓને બોલતી કરવા અને પેલા મસ્તાનનો પણ એની પત્નીઓ સાથે મેળાપ થાય એમ કરવા કહ્યું. માતાએ જોગણીની પૂર્વવાત કહી. તે વાત જોગણીઓ સમક્ષ રજૂ કરતાં તે ત્રણે બોલશે એમ જણાવ્યું, તથા પેલો મસ્તાન જ આ ત્રણેનો પતિ છે એમ ઉમેર્યું.

આ પછી રાજા વિક્રમ જોગણીઓ પાસે આવ્યો અને નિધિરાજ કુમારની વાત આરંભી. તે મધ્યરાત્રિએ પ્રધાનનું ઘર છોડી ભાગી નીકળ્યો ત્યાં સુધીની વાત કહેતાં પહેલી

જોગણીએ હાથ જોડીને વિક્રમને વિનંતી કરી, કે તે એના પતિનો–કુમારનો પત્તો આપે. વિક્રમે એને એના પતિ સાથે મેળાપ કરાવી આપવાનું વચન આપીને એને પોતાનો મહેલમાં મોકલી આપી. વેરાવળથી નાસીને એક વટેમાર્ગુ જોડે રાજકુમારી રૂપાં એક સરોવરને કાંઠે આવી ત્યાં સુધીની વાત કહેતાં બીજી જોગણીએ પણ તે રાજકુમાર પોતાનો પતિ હોવાનું જણાવી એની સાથે મેળાપ કરાવવાની વિક્રમને વિનંતી કરી. રાજાએ તેને પણ પતિનો મેળાપ કરાવી આપવાનું વચન આપી પોતાના રાજમહેલમાં મોકલી આપી. મણિપુરની રાજકુમારીનાં લગ્ન વહાણવટીના નોકર સાથે થયાં અને પછી એને વહાણવટીએ દગાથી દરિયામાં ગબડાવી દીધો એટલી વાત કહેતાં ત્રીજી જોગણી બોલી કે, તે એનો પતિ હતો અને મને એનો પત્તો આપો. વિક્રમે એને પણ પતિ–મેળાપનું વચન આપી રાજમહેલમાં મોકલી આપી.

આ પછી રાજા વિક્રમ પોતાના મહેલમાં આવ્યો. એટલામાં પેલો મસ્તાન આવ્યો અને હવે પોતાને અહીંથી જવા માટે મંજૂરી આપવા વિનંતિ કરી. વિક્રમે એને રાજકુમારને યોગ્ય વસ્ત્રપરિધાન કરાવ્યાં અને પછી એને લઈને પેલી જોગણીઓ પાસે આવ્યો. ત્રણે જોગણીએ એને પોતાના પતિ તરીકે ઓળખી કાઢ્યો. અને જોગણીઓ પરિવેશનો ત્યાગ કરી પોતાનાં અસલ સ્વરૂપે મસ્તાન સમીપ આવી. રાજકુમાર પણ તે ત્રણેને ઓળખી ગયો. આમ, વિક્રમના પ્રયત્નથી ત્રણે પત્નીઓનું એના પતિ સાથે મિલન થયું. આ પછી રાજા વિક્રમે પણ પોતાની પુત્રી રાજકુમાર નિધિરાજ સાથે પરણાવી. પછી ચારેય પત્નીઓને લઈને તે પોતાના ગામ આવ્યો અને પિતાને મળ્યો. તથા આરંભથી માંડી અંત પર્યંત પોતાની વીતકકથા પિતાને કહી. બાદમાં નિધિરાજ એની ચારેય પત્નીઓ સાથે સુખચેનમાં રહેવા લાગ્યો.

આવો મહિમા જેનો હોય, તેનો જ આ સિંહાસન પર બેસવાનો અધિકાર છે એમ, કહી સુગંધા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : '**સિંહાસનબત્રીસી**'–૨, પચીસમી કથા]

**યુક્તિથી શોકનું સાલ કાઢતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) ('**સૂડાબહોંતેરી**' તેત્રીસમી કથા) : જેસંગ જાટની માનીતી વહુ પ્રેમા તેના ધણી સાથે રહેતી, જ્યારે અણમાનીતી જમના બાજુના ઘરમાં એકલી રહેતી. બંને શોક એકબીજાનાં છિદ્ર શોધવા તત્પર રહેતી. એક વાર જમના નાહીધોઈને નદીએથી પાછી ફરતી હતી ત્યારે સામે તેને શ્રાવક વાણિયો નંદો દાણી મળ્યો. એના હાથમાં પામરીમાં વીંટેલું માટલું જોઈને જમનાએ માટલામાં શું છે, તે જાણવા માગ્યું. નંદાએ કહ્યું, 'એમાં મીઠાઈ છે. મારી પ્રેમિકાને એ આપવા લઈ જાઉં છું.' જમનાનું મન એ મીઠાઈ ઉપર અને નંદા ઉપર ચોંટ્યું. જેસંગ ઢોર ચારવા ગયેલો, એટલે લાગ હતો. જમનાને નોતરે નંદો માટલા સાથે જમનાની પાછળ પાછળ એને ઘેર ગયો, અને છાનોમાનો અંદર પેઠો. જમનાની શોક પ્રેમા એને અંદર જતો જોઈ ગઈ. જમનાને ફજેત કરવાનો એને બરાબર લાગ મળી ગયો. જમના અને નંદાએ રંગરાગ કર્યા. પછી નંદાને પસ્તાવો થતાં તે બોલ્યો : 'તું મને માફ કરજે, મેં તને છેતરી છે. આ માટલામાં મીઠાઈબીઠાઈ કંઈ નથી. એમાં તો મેં ઘરમાં નીકળેલા ઝેરી સાપને બાજીગર પાસે પકડાવીને પૂરેલો છે. તે હું નદીએ નાખવા જતો હતો. અમને શ્રાવકને સાપ મારતાં પાપ લાગે', એમ કહીને તે પાછલે બારણેથી ચાલ્યો ગયો. જમના મનમાં છેતરાયાનો વસવસો કરતી હતી ત્યાં પ્રેમાએ બારણું ખટખટાવ્યું. જમનાએ બારણું ઉઘાડ્યું. 'કોને ઘરમાં ઘાલ્યો છે?' પ્રેમાએ પૂછ્યું. તેના પગે પડી જમનાએ પોતાને બચાવી લેવા કાલાવાલા કર્યા અને બોલી : 'મને તું ઉઘાડી પાડીશ તો મારું મોત થશે, પણ તારા હાથમાં શું આવશે?' એટલું કહીને તેણે પ્રેમાને પોતાના ઘરેણાંનો દાબડો આપ્યો અને ત્યાં પડેલું મીઠાઈનું માટલું પણ લેતા જવા કહ્યું. પ્રેમાએ પોતાને ઘરે જઈને માટલું ઉઘાડ્યું. છંછેડાયેલો સાપ બહાર નીકળી પ્રેમાને હાથે કરડ્યો. એના પ્રાણ ચાલ્યા ગયા. એટલામાં જેસંગે આવીને કમાડ ખખડાવ્યાં. કોઈએ ઉઘાડ્યાં નહીં. એટલે જમનાએ આવીને કહ્યું : 'પ્રેમા મંદિરે પૂજા કરવા જતાં મારી પાસે પહેરવા ઘરેણાં માગી ગઈ. તે પછી સાસુ સાથે એને કશાક કારણે ઝઘડો થયો. એ પછી શું થયું તે કોણ જાણે?' કમાડ ઉતારી જેસંગ અને એકઠા થયેલા લોકો ઘરની અંદર પેઠા. સાપ કરડીને ચાલ્યો ગયો હતો. પ્રેમા મરેલી પડી હતી. પાસે ઘરેણાંનો દાબડો હતો. સાસુ સાથેના ઝઘડામાં ઝેર ખાઈને એણે આપઘાત કર્યાનું બધાએ માન્યું. જેસંગે એ પછી જમનાને બોલાવી ઘરનો બધો કારભાર સોંપ્યો.

[આધાર : '**સૂડાબહોંતેરી**', તેત્રીસમી કથા]

**યુક્તિબાજ વણજારી** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) ('**સૂડાબહોંતેરી**, આડત્રીસમી કથા) : વઢિયારા વણજારાની વહુ વાલી બધી રીતે પહોંચેલ હતી. તેમને ચાર જુવાન, રૂપાળી દીકરીઓ હતી. એક વાર વણજારો બહારગામ ગયેલો ત્યારે ગામમાં ઝવેરી હીરામોતી વેચવા આવ્યા. વાલીએ એકસો એંશી રૂપિયાનું મૂલ ઠરાવીને આઠ મોતી તેમની પાસેથી

લીધાં. ચારેય ઝવેરીઓ રાંધીને જમવા વાલીને ઘરે રોકાયા. વાલીની દાનત મોતી મફતમાં પડાવી લેવાની હતી. ઝવેરીઓએ કહ્યું : 'આજની રાત અમે અહીં છીએ. કાલે સવારે અહીંથી રવાના થઈશું, તો મોતીના દામ તું અમને ચૂકવી દે.' વાલીએ તેમને કહ્યું : 'રાત મારે ત્યાં રહો અને મારી દીકરીઓ સાથે રંગરાગ કરો. સવારે આપણે સમજી લેશું.' રૂપાળી છોકરીઓ જોઈને ઝવેરીઓની દાઢ ગળી ગઈ. હવે એ ઝવેરીઓએ ગામના તલાટીને પણ પાંચસો રૂપિયામાં સાત મોતી વેચ્યાં હતાં, પણ તેમણે તલાટીને પહેલાં સાચાં મોતી બતાવીને પછી બદલાવીને ખોટાં મોતી આપ્યાં. તલાટીએ જાણકારને મોતી બતાવતાં, તેને ઝવેરીએ ઠગ્યા હોવાની ખબર પડી. ઝવેરીઓની તપાસ કરતાં કોઈએ કહ્યું કે, તેમને વણજારાવાસમાં જતા જોયેલા. તલાટીએ વાલીને ઘેર આવી પૂછપરછ કરી. વાલીએ કહ્યું : 'મને કશી ખબર નથી.' અંદર ઓરડામાં ચારેય છોકરીઓ સાથે પેલા ચાર ઝવેરી હતા. પણ બહારથી છોકરીઓને નામ દઈ બોલાવી, ત્યારે પેલા ચાર જણ સૂનમૂન પડયા રહ્યા. તલાટી ચાલ્યો ગયો. અને ઘરની પાસે રસ્તા ઉપર અને ગામને દરવાજે ચોકી મૂકી દીધી. એ તલાટીએ વણજારાને ત્યાંથી જે ગોળ વેચાતો લીધેલો તેના પૈસા તેણે ચૂકવી આપ્યા હતા, પણ ગોળની ગુણો વણજારાને ઘેર પડી હતી. કેમકે વણજારો બહારગામ ગયો હતો, એટલે ગોળ કોણ જોખે ? પણ તલાટીએ વાલીને કહ્યું હતું કે, ગુણો તરત જ મારે ઘેર મોકલી આપ, જોખ સવારે કરી લઈશું. વાલીને યુક્તિ સૂઝી ગઈ. ગોળની બે ગુણો ખાલી કરી દરેકમાં બબ્બે ઝવેરીને સંતાડી દીધા. પંદર ગુણો રાતે ને રાતે વાલી તલાટીને ત્યાં મૂકી આવી. તેના માણસે તે ગણી લઈને કોઠારમાં ખડકી દીધી. લાગ જોઈને ગુણો ચીરી ઝવેરીઓ રાતના અંધારામાં નાસી ગયા. સવારે બહારગામથી વણજારો સાત ગુણ સાકર લઈને આવ્યો. તલાટીએ તે તેની પાસેથી વેચાતી લઈ લીધી. પછી ગોળનો હિસાબ લેવા વણજારો તલાટીને ત્યાં ગયો, ત્યારે ગુણોની તપાસ કરતાં પંદરને બદલે તેર નીકળી. તલાટીએ વાલી વણજારીએ ઓછી ગુણો મોકલી હોવાનું કહ્યું. ફરિયાદ રાજા પાસે ગઈ. રાજાએ ન્યાય ચૂકવ્યો કે તલાટીના વાણોતરે ગુણો ગણીને લીધેલી, એટલે ગુણો ઓછી થઈ હોય તો તે તલાટીને ત્યાંથી જ થઈ હોય. વણજારો નિર્દોષ ઠર્યો. આમ, વાલીએ મોતી મફતમાં પડાવ્યાં, બે ગુણ ગોળ પણ મફતમાં રાખ્યો અને પોતાને, છોકરીઓને અને ઝવેરીઓને બચાવી લીધાં.

[આધાર : 'સૂડાબહોંતેરી', આડત્રીસમી કથા]

**રજપૂત–રજપૂતાણી** (પુરુષવેશે પતિ સાથે પરદેશ જવા વિશે દૃષ્ટાંતકથા) : ૧. રામસંઘ ઠાકોરના રામપરા ગામમાં નરપતસંઘ નામે રજપૂત રહેતો હતો. તે મોટો દાનેશ્વરી હતો. તેને ત્યાં સદાવ્રત ચાલે. એક વાર રોગે પીડાયેલા તે રજપૂતનો અંતકાળ આવ્યો, પણ જીવ કેમે ન જાય. તેની સ્ત્રીએ હાથમાં પાણી મૂકયું કે, પોતે તેની સાથે સતી થશે. પછી રજપૂતે પોતાના અગિયાર વરસના પુત્રની સામે જોયું. અને તેની માની જેમ કાંઈક પણ લેવા કહ્યું. પુત્રે પિતાનું સદાવ્રત સવાયું ચલાવવાનું પાણી મૂકયું. રામનું નામ લઈ પિતાએ દેહ છોડયો. બે વરસ સદાવ્રત ચલાવ્યું એટલે તેનો કોઠાર ખાલી થઈ ગયો. પુત્રે વિચાર કર્યો કે, જાચકને નકાર ભણવો પડે તે કરતાં તો મોત રૂડું, પણ તેની સ્ત્રીના સમજાવ્યાથી તે પરદેશ રળવા માટે જવા તૈયાર થયો. રજપૂતાણીએ કહ્યું : 'હું એકલી ન રહું. મને તમે સાથે લઈ જાવ. હું પણ ચાકરી કરીશ.' સાથે સ્ત્રીને ફેરવવાનો ભાર પોતાનાથી ન ઊપડે એમ રજપૂતે વાંધો કાઢયો. એટલે રજપૂતાણીએ પુરુષવેશે, રજપૂતના ભાઈને નામે સાથે આવવા કહ્યું અને ઘેર પાછા ન ફરે ત્યાં સુધી મન પર કાબૂ રાખવાનું વચન આપ્યું. ઘોડે બેસીને બન્ને પુરુષવેશે નીકળ્યાં. ધારામાં રાજ્ય કરતા ચંદ્રાવતીના રાજા ચંદ્ર અને રાણી ઇન્દ્રાદેને ત્યાં બંને આવ્યાં. રાજાએ માનપાન દઈને તેમને બોલાવ્યાં અને નામઠામ પૂછ્યાં. તેમણે બન્ને ભાઈઓ હોવાનું કહી ચાકરીએ રહેવા ઇચ્છા બતાવી. રાજાએ બંનેને રાખી લીધાં અને ચોકીનું કામ સોંપ્યું. આનંદકલ્લોલ કરતાં ત્યાં ત્રણ વરસ વીત્યાં.

૨. એક વાર શ્રાવણ માસની એક મેઘલી રાત જામી હતી. દાદુર અને મોરના શોર અને વીજળીના ઝબકારાથી વિરહીઓની વિરહવ્યથા અસહ્ય બનતી હતી. બપૈયાના 'પિયુ', 'પિયુ' પોકાર હૈયું કોરતા હતા. એવી વેળાએ રજપૂત પાસે એક જ શય્યા પર બેઠેલી રજપૂતાણીનું હૈયું હાથ ન રહ્યું. તે રજપૂત સાથે પ્રેમ કરવા ગઈ ત્યાં પોતે લીધેલી પ્રતિજ્ઞા યાદ આવી. તરત તેણે મન વાળી લીધું અને વીજળી તથા બપૈયાને સંબોધી એવો દોહરો કહ્યો કે, અત્યારે મારો પિયુ પરદેશ છે, તો જ્યારે ઘેર પહોંચીશું ત્યારે વીરાને વર કરીશ. મહેલમાં રાણી જાગતી હતી. તેણે આ દોહરો સાંભળ્યો. ચતુર રાણી સમજી ગઈ કે, દુહો કહેનાર કોઈ વિરહિણી હોવી જોઈએ. રજપૂતાણીએ આ દુહાથી પોતાનું મન મારીને રાખ્યું. સવારે રાજાને રાણીએ પૂછ્યું : 'વચલી મેડીએ કોણ ચાકર છે ?' રાજાએ બંને ભાઈ ત્રણ વરસથી નોકરીમાં હોવાનું કહ્યું. એટલે રાણીએ કહ્યું; 'એ બંને ભાઈ નથી, પણ પતિપત્ની છે.' રાજાને ગળે એ વાત ન ઊતરી. રાણીએ તેમને બોલાવીને રાતે જે ગીત ગાતાં હતાં તે ગાઈ દેખાડવા કહ્યું. રજપૂતાણીનું મુખ

તરત કરમાઈ ગયું. રાણી તેનો હાથ પકડી અંદર લઈ ગઈ અને તેને સ્ત્રીનાં વસ્ત્ર પહેરાવી લઈ આવી. રાજાએ પૂછ્યું, એટલે એમણે બધી વાત માંડીને કહી. રાજારાણીએ પ્રસન્ન થઈ એક વહેલ ભરીને સોનામહોર દીધી અને તેમને ગામ વળાવ્યાં.
[સંદર્ભ : **મદન અને મોહના**, ઘટક ૩, મોહનાએ મદનને કહેલી દૃષ્ટાંતકથા]

**રણથંભગઢની કથા :** **૧.** રાજા ભોજે પોતાને પ્રાપ્ત થયેલા દેવતાઈ સિંહાસન પર બેસવાનું નક્કી કરી નગરજનોને ભોજન કરાવ્યું, યાચકોને દાન આપ્યાં અને બ્રાહ્મણોને સન્માન. બ્રાહ્મણોએ આપેલા મુહૂર્તે ભોજે સિંહાસન પર બેસવા તૈયારી કરી કે તરત જ એ સિંહાસન પરની મોહિની પૂતળીએ તેને તેમ કરતો અટકાવ્યો, અને કહ્યું : 'જે રાજા વિક્રમાદિત્ય જેવો અસાધારણ ગુણવાન હોય તે જ આ સિંહાસન પર બેસવાનો અધિકારી છે.' એમ કહી પૂતળીએ વિક્રમનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી.

'ઉજ્જેણીનગરીના રાજા વિક્રમે એક વાર છત્રીસેય રાગ ગાવામાં પારંગત એવા એક ગંધર્વને બોલાવીને વસંત રાગ સાંભળવાની ઇચ્છા દર્શાવી. ગંધર્વે પોતે ચિંતાથી લદાયેલો હોઈને કોઈ રાગ ગાવાની સ્થિતિમાં નથી, એમ જણાવી પોતાની વીતક વાત આ પ્રમાણે કહી : 'એક વાર હું મહાદેવની પૂજા કરીને પાછો આવતો હતો ત્યારે એક બાવો મળ્યો. તેણે પૂર્વ દેશમાં આવેલ રણથંભગઢના ચક્રસેનની અત્યંત રૂપાળી કુંવરીનો ચોથે દિવસે સ્વયંવર રચાયો હોવાની વાત કરી. મને એ કન્યાના સ્વયંવરમાં જવાની તાલાવેલી લાગી. પરંતુ રણથંભગઢ પહોંચતાં તો છ માસ લાગે. મારા પર કૃપા કરી બાવાએ મને પવનપાવડી આપી. તે પહેરી હું સવા ઘડીમાં રણથંભગઢ પહોંચ્યો. સ્વયંવરને દિવસે સ્વયંવરમંડપમાં ગયો. રાજાએ ઘોષણા કરી કે, કુંવરી શણગાર સજીને જે હાથણી પર બેઠી છે તે હાથણી જેની ઉપર કળશ ઢોળશે તેને કુંવરી વરશે. એ વેળા મેં મલ્હાર રાગ આલાપ્યો. હાથણીએ આવી કળશ મારા પર ઢોળ્યો, પણ સ્વયંવરમાં આવેલા રાજાઓએ હું રાજકુળનો ન હોવાથી મને માર મારી નગર બહાર કાઢી મૂક્યો. ચક્રસેને બીજી વાર હાથણી છૂટી મૂકી ત્યારે પણ તેણે મેં આલાપેલ મલ્હાર રાગ સાંભળતાં નગર બહાર આવીને મારા પર કળશ ઢોળ્યો. ચક્રસેને મારી સાથે કુંવરીને પરણાવવાનું નક્કી કરી ઋષિઓને તેડાવ્યા. પણ ક્રોધે ભરાયેલા રાજાઓએ યુદ્ધ કરીને કન્યા ખૂંચવી લેવાનું ઠરાવ્યું. બીજી તરફ મને શણગારીને લગ્નમંડપમાં લાવવામાં આવ્યો. લગ્નવેળા થતાં કન્યાને મંડપમાં લાવવાનું કહેવામાં આવ્યું. પરંતુ કન્યા ન આવી, કેમકે તે જ્યારે નહાવા બેઠી હતી ત્યારે એક રાક્ષસે આવી તેનું અપહરણ કર્યું હતું.

૨. રાજાએ પુત્રીની શોધખોળ કરી પણ પત્તો ન લાગ્યો. નગરનાં લોકોએ મને અભાગિયો કહી મારા પર ફિટકાર વરસાવ્યો. એ સાંભળી મેં મારો શિરચ્છેદ કરવા ખડ્ગ ઉપાડ્યું, ત્યાં તો કોઈકે મારો હાથ ઝાલી કહ્યું : 'વિધાતાએ લખ્યું હોય તે પ્રમાણે થયું છે. તું પૃથ્વીની પ્રદક્ષિણા કર અને શંભુનું ધ્યાન ધર. શિવ પ્રસન્ન થતાં તું તે કન્યા પામીશ.' તે દિવસનો હું ઈશ્વરનું ધ્યાન ધરી જાત્રા કરી રહ્યો છું. એમ કરતાં સાત માસ વીતી ગયા. તે દિવસથી હૈયે લાગેલ દાહને કારણે હું રાગ ગાઈ શકતો નથી.

ગંધર્વની વીતક વાત સાંભળી, તે કન્યા છ માસમાં લાવી આપવાનું વચન આપી વિક્રમે તેને વિદાય કર્યો. પછી તેણે હરિસિદ્ધ માતાને પ્રસન્ન કરી તેની પાસેથી જાણ્યું કે, એ કન્યાને ઉત્તર દિશામાં સાગરના બેટમાં રહેતો એક રાક્ષસ હરી ગયો છે- ત્યાં જનાર જીવતો પાછો આવતો નથી. પણ વિક્રમ અજિત હોવાનું કહી માતાએ તેને આશીર્વાદ આપ્યા.

**૩.** વિક્રમ રાજા વીર વેતાળને પોતાની સાથે લઈ રાક્ષસને હરાવવા નીકળ્યો. રસ્તામાં એક મહાવિકરાળ રાક્ષસનો ભેટો થયો. વિક્રમ તેને શરણે ગયો અને પોતે જે કામે નીકળ્યો છે તે તેને જણાવ્યું. એટલે તેણે સાગરબેટના રાક્ષસનું સ્થાન બતાવ્યું. પોતાની સ્ત્રીને પણ તે ઉપાડી ગયો હોવાનું જણાવીને કહ્યું કે, અહીંયા પહેલાં ઊકળતા તેલની કઢાઈમાં પેસી હેમખેમ પાર ઊતરી, પછી સમુદ્રનાં પાણી પર ચાલીને જે સાગરબેટ પહોંચે તે જ ત્યાંના રાક્ષસને જીતી શકે. વિક્રમ રાજાએ તે માટે તૈયારી બતાવતાં રાક્ષસે ઊકળતા તેલની કઢાઈ તૈયાર કરી. વેતાળ ઇન્દ્ર પાસે જઈને ઉપાય જાણી લાવ્યો. તે પ્રમાણે વિક્રમે અગ્નિનું ધ્યાન ધરી, હરિસિદ્ધનું સ્મરણ કરી મંત્ર ભણી, પાણી છાંટી તેલની કઢાઈમાં પ્રવેશ કર્યો. ઠંડા થઈ ગયેલા તેલમાંથી પસાર થઈ તે બહાર આવ્યો, ત્યારે રાક્ષસ વિસ્મિત થઈ વિક્રમનાં ચરણમાં પડ્યો.

તે પછી હરિસિદ્ધનું સ્મરણ કરી સાગરનાં જળ પર વિક્રમે પગ મૂકતાં પાણીએ માર્ગ કરી આપ્યો. તે જ્યારે અડધે પહોંચ્યો ત્યારે એક વિકરાળ પંખી તેને ખાઈ જવા આવ્યું, પણ વેતાળ, રાક્ષસ અને વિક્રમના શસ્ત્રપ્રહારથી તે મરણ પામ્યું. પંખી મરાતાં થયેલા કોલાહલથી સાગરબેટનો રાક્ષસ ચેતી ગયો. તે સજ્જ થઈ નગર બહાર આવ્યો. ધસમસતો આવતો દૈત્ય સાક્ષાત્ કાળ સમાન લાગતો હતો. દૈત્યના બાર હજાર યોદ્ધાઓએ વિક્રમ ઉપર આક્રમણ કર્યું. અદૃષ્ટ વિદ્યાના બળે વિક્રમ આકાશમાં ઘૂમતો હતો.

યુદ્ધ કરતાં ચાર માસ વીતી ગયા. હવે એક જ માસ બાકી રહ્યો હતો. દૈત્યે વિક્રમને આવવાનું કારણ પૂછ્યું, અને પોતાનું મૂળસ્વરૂપ તેને જણાવ્યું.

૪. દૈત્યે કહ્યું : 'હું પૂર્વાવતારમાં બ્રહ્મપુત્ર હતો. એક વાર મારા પિતાએ ફૂલ માંગતાં મેં ન લાવી આપ્યાં ત્યારે તેમણે મને બ્રહ્મરાક્ષસ થઈ પારકી સ્ત્રીઓનું હરણ કરતા રહેવાનો શાપ આપ્યો. હું અજિત છું.' યુદ્ધમાં રાક્ષસે પર્વત જેવડું રૂપ ધારણ કરતાં વિક્રમે લાગ જોઈ ખડ્ગનો પ્રહાર કર્યો અને તેના બે ટુકડા કરી નાખ્યા. રાક્ષસ અજગરનું રૂપ ધારણ કરી વિક્રમને ગળી ગયો. અને પાતાળમાં પેસી જઈ પોતાની દાઢ દાબી વિક્રમનાં હાડકાંનો ચૂરો કરવા માંડ્યો. વિક્રમે હરિસિદ્ધની સ્તુતિ કરી. દેવી પ્રસન્ન થયાં. તેમના કહ્યા પ્રમાણે, તેમણે આપેલા વજ્રદંડ સાથે વેતાળે વાયુરૂપે અજગરના પેટમાં પ્રવેશી વિક્રમના હાથમાં તે દંડ આપ્યો. વિક્રમ અજગરનું પેટ ફાડી બહાર આવ્યો. વેતાળે ખડ્ગ વડે પ્રહાર કરતાં દૈત્યનાં હાડકાં ભાંગી ગયાં. તે વિક્રમને શરણે આવ્યો. વિક્રમે તેને જીવતદાન દીધું. પછી સૌ દૈત્યના નગરમાં આવ્યાં. દૈત્ય તેર કન્યાઓ હરી લાવ્યો હતો. તેમાં એક ચક્રસેન રાજાની કુંવરી હતી. એક પેલા રાક્ષસની સ્ત્રી હતી અને બાકીની જુદા જુદા રાજાઓની કન્યાઓ હતી. ચક્રસેનની કુંવરીને દૈત્યે વિક્રમના ખાંડા સાથે પરણાવી. પછી બધી કન્યાઓને સાથે લઈ, પુષ્કળ ધન લઈ, રાક્ષસને તેની સ્ત્રી સોંપી, વિક્રમ ઉજ્જેણી આવી પહોંચ્યો. ગંધર્વને તેની વરેલી કુંવરી ઓળખી લેવા કહ્યું, પણ તેણે તો બધી કન્યાઓ અને ધન તેને વિક્રમ ન આપે તો દેહ પાડવા તૈયારી બતાવી. રાજાએ તેની વાત માની, કન્યાસહિત સઘળો માલ તેને આપ્યો. વળી, એક નવો મહેલ પણ તેને કરાવી આપ્યો.

આટલી કથા કહી મોહિની પૂતળીએ રાજા ભોજને કહ્યું : 'વિક્રમ રાજા જેવો જે દાતા હશે તે જ સિંહાસન પર બેસી શકશે.' એટલું કહીને તે આકાશમાં ઊડી ગઈ.
[આધાર : **'રણુથંભગઢની વારતા'**]

**રત્નચૂડ વણિકપુત્ર** : ૧. તામલતી (= તામ્રલિપ્તિ) નગરીમાં અજિત રાજા, મણિચૂડ શેઠ, સરસ્વતી શેઠાણી રહેતાં હતાં. શેઠાણીને હીરામાણેકના હારના સ્વપ્ને પુત્ર અવતર્યો. તેનું નામ રત્નચૂડ પાડ્યું. મોટો થતાં વિદ્યા શીખવા માટે સૌભાગ્યમંજરી વેશ્યાને ઘેર તેને મૂક્યો. વિદ્યા શીખીને આવ્યો એટલે પિતાએ તેને પરણાવ્યો. વેશ્યાને મળવાનું બંધ થયું. તેનો ડંખ મનમાં રાખીને એક વાર વેશ્યાએ તેને મહેણું માર્યું કે, તું તારા બાપની લક્ષ્મી વાપરે છે, પણ તે તો પોતાની માતા સાથે વિલાસ કરવા જેવું ગણાય. આથી રત્નચૂડ પિતાને સમજાવી, પાંચ કરોડ દ્રવ્ય તેની પાસેથી લઈ, માલથી વહાણ ભરી વેપાર અર્થે પરદેશ જવા નીકળ્યો. પિતાએ તેને ચેતવ્યો : 'કૂટકટાહ દ્વીપમાં તું ન જતો. ત્યાંનો રાજા, પ્રધાન તથા ચાર શેઠ ધુતારા છે.'

૨. બનવાજોગ તેનાં વહાણો કૂટકટાહ જ આવી પહોંચ્યાં. પેલા ચારેય ધૂર્ત શેઠ મળવા આવ્યા. એકે ભાણેજનું સગપણ કાઢી રત્નચૂડને ઘેર નોતર્યો. બધા શેઠે ભેગા મળી દસ કરોડમાં બધો માલ રાખી લીધો અને બદલામાં કશાકથી વહાણ ભરી દેશું એવું વચન પણ આપ્યું. રત્નચૂડે પૈસા મંગાવ્યા ત્યારે ધૂર્ત શેઠોએ કહેવરાવ્યું કે, તમારો માલ તો બીજા કોઈ લઈ ગયા હશે, અમે નથી લીધો. રત્નચૂડ રાજાને ફરિયાદ કરવા નીકળ્યો.

૩. રસ્તામાં એક કાણો મળ્યો. તેણે કહ્યું કે, તમારા પિતા અહીં આવેલા ત્યારે મેં તેમની પાસે મારી એક આંખ સૌની સાક્ષીએ ગીરો મૂકેલી. તો આ પાંચસો દીનાર લો અને મારી આંખ પાછી આપો. રત્નચૂડે જતી વેળા આંખ પાછી આપવા કબૂલ્યું. આગળ જતાં એક માળી સામે મળ્યો. તેણે ચોસર હાર ભેટ આપ્યો. રત્નચૂડે જતી વેળા તેને "કાંઈક" ભેટ આપવાનું વચન આપ્યું. આગળ જતાં એક સુથાર મળ્યો. તેણે પાવડી ભેટ આપી. 'પછી તને રાજી કરીશ,' એવું તેને રત્નચૂડે વચન આપ્યું. આગળ જતાં એક સ્થળે ચાર વાણિયાઓ વિવાદ કરતા હતા કે સમુદ્રમાં કેટલું પાણી હશે? તેમણે રત્નચૂડને પણ તેમાં સંડોવ્યો અને જો તે સાચું ન કહી શકે તો તેનાં વહાણ હારે એવી શરત કરી. આ બધા ઝઘડા અને વાંધામાંથી છૂટવા રાજમાન્ય વેશ્યાની સલાહ લેવા મિત્રે કહ્યું. એટલે રત્નચૂડ યમઘંટાની પુત્રી રણઘંટાને ત્યાં પહોંચ્યો. સૌ યમઘંટાની સલાહ પૂછવા આવે છે એવું રણઘંટા પાસેથી જાણીને રત્નચૂડ સ્ત્રીવેશે રણઘંટાની સખી તરીકે, યમઘંટાની પાસે આડશે રહ્યો.

૪. એટલામાં ચાર શેઠ આવ્યા. યમઘંટાએ તેમને કહ્યું કે, તમે રત્નચૂડનાં વહાણ 'કશાક'થી ભરી આપવાનું કહ્યું છે પણ જો તે મચ્છરનાં હાડકાંથી ભરી આપવાનું કહેશે તો તમે ફસાશો. શેઠોએ પૂછ્યું કે, રત્નચૂડ તો નાનો બાળક છે, તેને આટલી બુદ્ધિ ક્યાંથી હોય? ત્યારે યમઘંટાએ સાત વરસનો હોવા છતાં, પ્રધાનપદ મેળવનાર નટપુત્ર રોહાનું દૃષ્ટાંત કહ્યું.

**૪.૧ નટપુત્ર રોહાનું દૃષ્ટાંત** : (૧) ઉજ્જેણીનગરીની પાસે નટોનું ગામ. કસેલવ નટને રોહો નામે પુત્ર હતો. તે પાંચ વરસનો થયો ત્યારે તેની માતા મરી ગઈ. પિતા બીજી સ્ત્રી પરણ્યો. પુત્રને દૂબળો પડેલો જોઈને પિતાએ તેને નવી

મા કેવોક સાચવે છે તે બાબત પૂછ્યું. રોહાએ કહ્યું : 'મારી પહેલી મા જૂઠાબોલી હતી, જ્યારે આ સાચાબોલી છે. પહેલી માતા હું રમતો હોઉં ને તે જમવા બોલાવતી, ત્યારે જો હું જમવા ન જાઉં તો 'પછીથી હું જમવાનું નહીં આપું' એમ કહેતી, પણ તેમ છતાં હું મોડેથી જાઉં તોયે જમવા આપતી. પણ આ નવી માતા આપેલી ધમકી બરાબર પાળે છે.' આ વાત જાણ્યા પછી કસેલવ પોતે જ્યાં જતો ત્યાં રોહાને સાથે લઈ જતો. રોહાએ માતાનો મદ ઉતારવાનું નક્કી કર્યું. એક વાર ઘરમાંથી ચંદ્રના અજવાળામાં આવીને પિતા સાંભળે તેમ તે બોલ્યો : 'ઘરમાંથી કોઈ પુરુષ નીકળ્યો.' આથી પિતા રોહાની નવી માતા પર વહેમાયો. માતાએ રોહાને પૂછતાં તેણે કહ્યું કે, મને તું સારી રીતે રાખે તો હું પિતાનું મન તારા તરફ વાળું. માતા સંમત થઈ. એક અજવાળી રાતે ઘરમાંથી આવી રોહાએ પિતાને પોતાનો પડછાયો બતાવતાં કહ્યું : જો પેલો પુરુષ ઘરમાંથી નીકળ્યો. પહેલાં જેની વાત કરેલી તે આ જ હતો, એમ પિતાએ જાણ્યું એટલે તેનો વહેમ દૂર થયો.

(૨) બાપ સાથે ઉજ્જેણી ગયેલો રોહો, બાપ કંઈક કામે જતાં, ક્ષિપ્રા નદીને તીરે રેતીમાં ઉજ્જેણીનગરી આલેખીને રમતો હતો. ત્યાં રાજા ઘોડો ખેલાવતો નીકળ્યો. રોહાએ રાજાને કહ્યું : 'તુ ઘોડો ઊભો રાખ, નહીં તો નગરની પનિહારીઓ કચરાઈ જશે.' રાજાએ કહ્યું : 'તું મારો ઘોડો ઝાલી રાખ. હું તારું નગર જોઉં.' રોહાએ કહ્યું : 'હું શું તારો નોકર છું.' રાજા રોહાની નીડરતાથી પ્રભાવિત થયો. રાજસેવકે રોહાનો પરિચય આપ્યો અને અસાધારણ બુદ્ધિશાળી હોઈને તેને પ્રધાન બનાવવા સૂચવ્યું. રાજા વિચારતો રાજમહેલે ગયો.

(૩) રાજાએ નટોના ગામને એક હાથી મોકલીને આદેશ દીધો કે, હાથી મરી જાય તો તે મરી ગયો છે એવા સમાચાર આપવા નહીં, અને તે સમાચાર આપ્યા વિના પણ રહેવું નહીં. હાથી મરી જતાં ગામના ડાહ્યા વડીલોને રોહાએ રસ્તો સૂઝાડ્યો અને તે પ્રમાણે માણસે રાજા પાસે જઈને હાથી ખાતો–પીતો, હરતોફરતો કે શ્વાસ લેતો ન હોવાનું જણાવ્યું પણ મરી ગયો એમ ન કહ્યું. રાજાએ જાણ્યું કે આ ચતુરાઈ રોહાની છે.

(૪) તે પછી રાજાએ નટોના ગામે બકરી મોકલી અને સોંપતી વેળા તેનું જેટલું વજન હતું તેટલું જ વજન અમુક સમય પછી પાછી સોંપતી વેળા હોવું જોઈએ, એવો આદેશ ગામલોકોને દીધો. રોહાની સલાહથી દરરોજ ખવરાવી–પીવરાવીને બકરીને વાઘ દેખાડી રાજાની શરત પૂરી કરી. તે પછી રાજાએ ગાડું ભરીને તલ મોકલાવ્યા અને ઊંધે માપે લેવા અને ચત્તે માપે પાછા આપવા એવો આદેશ દીધો. રોહાની સલાહથી તલ અરીસાની ઊંધી બાજુથી માપીને લીધા અને છતી બાજુના તેટલા માપે માપી પાછા આપ્યા. રાજાએ મીઠા પાણીનો કૂવો મોકલવા આદેશ દીધો, તો રોહાએ કહેવરાવ્યું કે, તે અજાણ્યો તમારે ત્યાં આવતાં ડરે, તો તમારે ત્યાંથી એક કૂવો મોકલો જેની કોટે બાંધીને અમારા કૂવાને મોકલીએ. રાજાએ એક જ કૂકડો મોકલીને તેને લડાવવા કહ્યું. રોહાની સલાહથી તેને અરીસો દેખાડીને તેના પ્રતિબિંબ સાથે એને લડાવી બતાવ્યો. રાજાએ જ્યારે રેતીની વાટ વણી આપવા કહેવરાવ્યું, ત્યારે રોહાએ રાજાને નમૂનો મોકલવા કહ્યું. છેવટે પોતાને મળવા આવવા રાજાએ રોહાને આદેશ મોકલ્યો : 'તું નહીં મલિન કે, નહીં નાહીને, નહીં વાહનમાં કે નહીં પગે, નહીં વાટે કે નહીં આડવાટે, નહીં દિવસે કે નહીં રાતે, નહીં અંધારે કે નહીં અજવાળે, નહીં છાયામાં કે નહીં તડકામાં, નહીં ભેટ લઈને કે નહીં ખાલી હાથે, એ રીતે આવજે.' એટલે નાહીને ચંદનનો લેપ કરી, ઘેટા પર સવાર થઈ, પગ ભોંયે અડે તે રીતે વાટ મરડતો જતો, પડવાને દિને, સંધ્યાટાણે, માથે ચાળણી મૂકીને તે રાજાને જઈને મળ્યો. રાતે તે રાજાના રક્ષક તરીકે રાજાની પાસે સૂતો.

(૫) પહેલા પહોર પછી રાજા જાગ્યો. રોહો ઊંઘી ગયેલો. રાજાએ તેને પાટુ મારીને જગાડ્યો ને પૂછ્યું : 'તું ઊંઘી ગયો હતો ?' રોહાએ કહ્યું : 'હું ઊંઘી નહોતો ગયો, પણ વિચારતો હતો કે બીજાં પશુ છાણ કરે છે, પણ બકરી લીંડી કેમ કરે છે ?' 'તો તેનું શું કારણ ?' રાજાએ ખુલાસો પૂછ્યો. રોહાએ કહ્યું, 'બકરીના પેટમાં સંવર્તક વાયુ હોવાથી ગોળ લીંડી બને છે.' તે પ્રમાણે બીજે પહોરે રાજાએ ધોકો મારી જગાડ્યો. ત્યારે તેણે 'હાથી ગળેલું કોઠું બહાર કાઢે છે ત્યારે ઉપરથી અકબંધ પણ અંદરથી પોલું હોય છે' તેનો ખુલાસો 'જઠરાગ્નિના બળે અંદરનું સત્ત્વ હરી લેવાય છે,' એ રીતે આપ્યો. ત્રીજા પહોરે ચૂંટી ભરીને રાજાએ જગાડ્યો ત્યારે રોહાએ 'ખટાશથી દાંત કેમ અંબાઈ જાય છે ?' એ સમસ્યાનો ખુલાસો એમ કર્યો કે દાંત દૂધમાંથી ઉપજ્યા હોવાથી ખટાશથી ખાટા થઈ જાય છે.' ચોથે પહોરે જ્યારે રાજાએ તેને ચાબૂક ફટકારીને જગાડ્યો ત્યારે તેણે રાજાની પહેલેથી ક્ષમા માગીને તેને એક રહસ્ય જણાવ્યું કે રાજાને, એક નહીં પણ પાંચ બાપ હતા. રાજાએ તેની માતાને પૂછતાં ખુલાસો મળ્યો કે માતા એક વાર જ્યારે ઋતુમતિ હતી ત્યારે તેણે કામભાવે તેના પતિ ઉપરાંત કુંભાર, ધોબી, વીંછી અને અશ્વપાલને જોયેલા. 'આ રહસ્ય તેં કઈ રીતે જાણ્યું ?' એવું પૂછતાં રાજાને રોહાએ

કહ્યું : 'તમે મને જગાડવા પાટુ, ધોકો, ચૂંટી અને ચાબૂકનો પ્રયોગ કર્યો, તે અનુસાર મેં કુંભાર, ધોબી, વીંછી અને અશ્વપાલના જાતિગુણ તમને વારસામાં મળ્યા હોવાની અટકળ કરી'. રાજાએ પ્રસન્ન થઈને રોહાને પ્રધાનપદે નીમ્યો.

**૫.** તે વેળા કાણાએ આવીને પોતાની વાત કહી. **યમઘંટાએ કહ્યું** કે, જો રત્નચૂડ સામો એમ કહેશે કે મારા પિતાને ત્યાં તો એવી ઘણી આંખો ઘરેણે મૂકેલી છે, માટે તમારી બીજી આંખ મને કાઢી આપો, જેથી તેના તોલે જે થાય તે તમારી ઘરેણે મૂકેલી આંખ તમને પાછી સોંપું. તો તારી સહીસહી આંખ પણ જશે. બુદ્ધિશાળી ગમે તેવી વિકટ પરિસ્થિતિને સુધારી લે છે તેના સમર્થનમાં યમઘંટાએ સુબુદ્ધિ અમાત્યનું દૃષ્ટાંત કહ્યું.

**૫.૧ વિધાતાના પરાજય પર સુબુદ્ધિ અમાત્યનું દૃષ્ટાંત :** ક્ષિતપ્રતિષ્ઠ નગર, પૃથ્વીચંદ્ર રાજા, સુબુદ્ધિ અમાત્ય. રાજાને ત્યાં પુત્ર અવતર્યો. છઠ્ઠીની રાત્રે તેના અક્ષર લખીને પાછી ફરતી વિધાત્રીને પૂછતાં પ્રધાને જાણ્યું કે, એ છોકરો પારધીનો ધંધો કરશે અને રોજ એક પ્રાણી મારશે. તે પ્રમાણે બીજો પુત્ર થતાં તેના ભાગ્યમાં શીંગડે ખાંડો અને પૂંછડે બાંડો એક બળદ હોવાનું વિધાત્રીએ કહ્યું. ત્રીજી વાર પુત્રી જન્મી અને તેના ભાગ્યમાં વેશ્યા થવાનું અને રોજ માત્ર એક જ ઘરાકની આવક હોવાનું વિધાત્રીએ જણાવ્યું.

એ પછી ઘણા દિવસે ગોત્રકલહ થતાં રાજાનો વિનાશ થયો. રાજ્ય ગયું અને રાજકુટુંબ વેરવિખેર થઈ ગયું. તેને ફરી એકઠું કરી તેનું ભાગ્ય પલટવા પ્રધાન નીકળી પડ્યો. એક નગરમાં પારધી બનેલા મોટા રાજપુત્રનો પત્તો લાગ્યો. તેને રોજનું એક જ પ્રાણી શિકારમાં મળતું. દશા બૂરી હતી. પત્નીની સાડી ઘરેણે મૂકીને પ્રધાનને જમાડ્યો. શિકારમાં પ્રધાન તેની સાથે ગયો. પ્રધાને તેને બીજા કોઈ પ્રાણીને ન મારતાં દરરોજ માત્ર શ્વેત ગજરાજને જ મારી તેના કુંભ-સ્થળમાંથી મોતી કાઢવાનું બતાવ્યું.

ત્યાંથી તે ફરતો ફરતો રાજાના બીજા પુત્રને ત્યાં ગયો. તેની દશા પણ ખરાબ હતી. તેનો બળદ પ્રધાને વેચી નંખાવ્યો અને બીજે દિવસે નવો બળદ તેને આંગણે આવી ઊભેલો તે બતાવીને કહ્યું કે, દરરોજ બળદ વેચી નાખજે, તને નવો નવો બળદ મળતો રહેશે.

ત્યાંથી નીકળીને તે ફરતો ફરતો વેશ્યાનો ધંધો કરતી રાજપુત્રીને ત્યાં પહોંચ્યો. તેને પ્રધાને એવું શીખવ્યું કે, સવા લાખ આપે તે પુરુષને જ આદરવો.

આ પ્રમાણે ત્રણેયને આજીવિકા બાબત નિશ્ચિંત કરીને પ્રધાન નિરાંતે સૂતો. રાત્રે વિધાત્રીએ આવીને પોતાની કરુણ દશા તેને કહી : 'તેં મારે માટે ભારે ઉપાધિ ઊભી કરી. દરરોજ હાથી, બળદ અને સવા લાખની રકમ મારે હાજર કરવી પડે છે.' પ્રધાને રાજ્ય પાછું આપવાના બદલામાં એ પરિસ્થિતિમાંથી વિધાત્રીને મુક્ત કરી.

૬. તે પછી યમઘંટાને ત્યાં માળી આવ્યો. તેણે જણાવ્યું કે મારા ચોસર હારના બદલામાં રત્નચૂડે મને 'કાંઈક' આપવાનું કહ્યું છે, પણ હું એ બહાને તેનાં વહાણ પડાવી લઈશ. યમઘંટાએ કહ્યું કે, ઘડામાં દેડકો રાખીને તેમાં તારો હાથ નંખાવતાં 'અરે ! આમાં તો કાંઈક છે,' એમ તું બોલી ઊઠીશ એટલે એ તને દેડકો ભેટ આપશે. એટલામાં સુતાર પણ ત્યાં આવી પહોંચ્યો. તેણે કહ્યું : 'રત્નચૂડે મને રાજી કરવા કહ્યું છે. પણ મને તેનાં વહાણ આપશે તો જ હું રાજી થયો હોવાનું કહીશ.' એટલે યમઘંટાએ કહ્યું : 'રાજસભામાં રાજા સમક્ષ તને રત્નચૂડ પૂછશે કે રાજાને ત્યાં પુત્રજન્મ થયો તો તું રાજી થયો કે નારાજ ? એટલે તારે કહેવું જ પડશે કે હું રાજી થયો.' જ્યારે સુતારે એમ કહ્યું કે, એ બાળકમાં એટલી બુદ્ધિ ક્યાંથી હોય ? ત્યારે યમઘંટાએ સાત વરસની વણિકબુદ્ધિએ અર્ધું રાજ્ય બુદ્ધિબળે કેમ મેળવ્યું તેનું દૃષ્ટાંત કહ્યું.

**૬.૧ વઢકણી સોઢીનું દૃષ્ટાંત :** એક ગામમાં રહેતી સોઢી ભારે વઢકણી. સૌની સાથે ઝઘડો કરે અને બાથે આવે. ગામના લોકોએ તેની સાથે બોલવું બંધ કર્યું. એક વાર તેના પડોશીને ત્યાં એક બાઈ મહેમાન તરીકે આવેલી. તેના સાંભળતાં સોઢીએ પોતાની કામવાળીને હુકમ કર્યો : 'એક પાલી ખીચડી ખાંડ અને તેમાં એક માણું મીઠું નાખજે.' એ સાંભળી પેલી પડોશમાં પરોણા તરીકે આવેલી સ્ત્રીએ તેની રસોઈ બગડશે એવી બીકે ભલાઈથી તેને કહ્યું : 'બહેન, તેં રાંધ્યું ભલે ન હોય, પણ સાંભળ્યું યે નથી કે ખીચડીમાં કેટલા માપે મીઠું નંખાય ?' એટલે સોઢી ઊછળીને બોલી : 'તું પારકી ફિકર કરવા કાં નીકળી પડી ? હું શું તારું ખાવા આવું છું ? અને બહેન કહે છે તો હું શું તારા બાપની દીકરી છું ?'

આવી સોઢી પોતાનું ગામ છોડીને પ્રતિષ્ઠાનપુર પહોંચી. રાજસભામાં જઈને તેણે આહ્વાન આપ્યું : 'મારી સાથે વઢવાડમાં કોઈ ઊતરો, નહીં તો ખડ ખાઈને હાર સ્વીકારો.' રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે સોઢીને વઢવાડમાં જે હરાવે તેને અર્ધું રાજ્ય અપાશે. તે નગરના શેઠને ત્યાં સાત પુત્રવધૂ. સૌથી નાની સાત વરસની. તેણે આ આહ્વાન સ્વીકાર્યું. રાજસભામાં જઈને તેણે સોઢીને પૂછ્યું : 'તું કઈ રીતે વઢવા માગે છે, અને વઢવાડના કેટલા પ્રકાર હોય છે ?' સોઢી બોલી : 'વઢવાડની રીત શી ને પ્રકાર શો ? મોંમાંથી નીકળ્યું તે ભસી નાખ્યું.' શેઠની વહુએ કહ્યું, 'સાંભળ, વઢવાડ એક

દિવસની હોય, છ માસની હોય, એક વરસની હોય કે આખા જીવતરની હોય ભાડાને લગતી, ખેતરને લગતી, પટાને લગતી અને શોકની, એમ વઢવાડના ચાર પ્રકાર છે. સોઢી હારી ગઈ. તેને ગધેડે ચડાવીને કાઢી મૂકી. શેઠની વહુને અર્ધું રાજ્ય ઇનામમાં મળ્યું.

**૭.** તે વેળા યમઘંટાને સમુદ્રવાદ્દવાળા ચાર વાણિયા આવ્યા. 'રત્નચૂડ સમુદ્રજળનું ચોક્કસ માપ કેટલું છે તે કહી નહીં શકે, એટલે તેનાં વહાણ અમારાં જ થઈ ગયાં છે,' એમ તેમણે કહ્યું. યમઘંટાએ કહ્યું : 'જો તે તમને એમ કહેશે કે, નદીનાં પાણી તેમાં આવતાં અટકાવો તો હું પાણી કેટલું છે તે કહી આપું. તો તમારી આશા ધૂળમાં મળશે.' વાણિયા-ઓએ કહ્યું 'એટલી બુદ્ધિ રત્નચૂડમાં કયાંથી હોય?' એટલે યમઘંટાએ તેમને ચાર મૂર્ખાઓની કથાના મૂરખ જેવા તેમને કહ્યા અને તેમની વિનંતીથી એ દૃષ્ટાંતકથા કહી.

**૭.૧. ચાર મૂર્ખનું દૃષ્ટાંત** : (૧) ઉજ્જેણીના ચાર મૂર્ખાઓને રસ્તામાં મળેલા એક સાધુએ ધર્મલાભ કહ્યો, એટલે તેઓએ અંદરોઅંદર વાદ શરૂ કર્યો કે, આપણામાંથી કોને ધર્મલાભ કહ્યો. પાછા વળીને સાધુને પૂછતાં તેણે કહ્યું : 'તમારામાં જે સૌથી મોટો મૂરખ હોય તેને'. એટલે તે દરેક મૂરખે પોતાની મૂર્ખાઈની વાત કરી. પહેલાએ કહ્યું : 'હું મારી વહુને તેના પિયરને ગામથી તેડી લાવવા મારે ઘેરથી નીકળ્યો. ત્યારે મારી માએ મને શિખામણ દીધી કે, સાસરે તને જમવા બોલાવે તો તરત બેસી નહીં જતો, પણ થોડી તાણ કરાવવા નકાર ભણજે. હું સાસરે પહોંચ્યો અને સાસુએ જમવા બોલાવ્યો, ત્યારે મેં કહ્યું કે, હું જમીને જ આવ્યો છું. માએ એટલું જમાડ્યો છે કે જરાયે ભૂખ નથી. રાતે જમવા બોલાવ્યો, ત્યારે પણ મેં ના ભણી. 'વધારે તાણ કરીશું તો જમાઈને ખોટું લાગશે,' એવું સમજીને સાસુએ મને વધુ આગ્રહ ન કર્યો. રસોડામાં સૂવાની મારી વ્યવસ્થા કરી. ખૂબ ભૂખ્યો થયેલો, એટલે રસોડામાં છડેલા ચોખા હતા તેનો એક બૂકડો ભર્યો. ત્યાં મારી વહુ રસોડામાં આવી. તે કશું બોલી નહીં. મારા ગાલ ફૂલેલા જોઈને તેણે મારી સાસુને બોલાવી. એકાએક તબિયત બગડી છે એમ સમજીને તરત વૈદ્યને બોલાવ્યો. તેણે મને તપાસ્યો અને મોંમાં ધોળા ચોખા ભરેલા ભાળીને વૈદ્યે કહ્યું : 'તમારા જમાઈને તાંદુલરોગ થયો છે. એ અસાધ્ય ગણાય છે, પણ હું એનો ઉપચાર જાણું છું. છરી લાવો એટલે ગાલ ચીરીને એ રોગનાં જંતુ બહાર કાઢું'. સાસુએ તેને બદલામાં ભેંસ આપવાનું કબૂલ્યું. ડીબ મંગાવીને વૈદ્યે એકાંતમાં મારી પાસે ચોખા થુંકાવી નાખ્યા, અને ભેંસ લઈને તે ચાલતો થયો. આમ મેં મૂર્ખાઈ કરીને સસરાની ભેંસ ખોવરાવી.'

(૨) બીજાએ પોતાની મૂર્ખાઈ વર્ણવી : 'એક વાર હું મારી વહુને આણું કરી સાસરેથી પાછો આવ્યો ત્યારે ગામ બહાર જ રાત પડી ગઈ. નગરનો દરવાજો બંધ થઈ ગયો, એટલે અમારે દેવળમાં રાત રહેવું પડ્યું. વાત કરતાં બે પહોર વીત્યા. તે વેળા મેં કહ્યું : 'આપણામાંથી હવે જે પહેલું મૌન તોડે તે દસ લાડવા હારે', એવી શરત મારીને અમે સૂતાં. ચોરને અમારો બધો સામાન લઈને નાસી જતો મેં જોયો પણ શરત જીતવા ખાતર હું મૂંગો જ રહ્યો. આમ દસ લાડવા ખાતર મેં સર્વસ્વ ગુમાવ્યું.'

(૩) ત્રીજાએ પોતાની મૂર્ખાઈ વર્ણવી : 'મારી બૈરીઓ ખૂબ ઝઘડતી, તેથી મેં સેવા માટે અરધો અરધો દેહ તેમને વહેંચી આપ્યો. એક વાર હું બહારથી ઘેર આવ્યો ત્યારે એક સ્ત્રી જમવા બેઠેલી તેથી બીજીએ મારા બંને પગ ધોયા. તે જોઈને પહેલી સ્ત્રી દોડી અને તેણે બીજીને સોંપાયેલો મારો પગ ભાંગી નાંખ્યો. એટલે પહેલીએ મારો બાકીનો પગ ભાંગ્યો.

(૪) ચોથાએ પોતાનું પરાક્રમ વર્ણવતાં કહ્યું : 'મારે પણ બે બૈરીઓ છે. એક વાર મારી બંને બાજુએ તે ખાટ પર સૂતી હતી અને મેં તેમના પર મારો એકેક હાથ રાખેલો. તે વેળા ઉંદર દીવાની વાટ લઈને દોડ્યો. સ્ત્રીઓ જાગી જશે એ બીકે મેં તેમના પરથી હાથ ન ખસેડ્યા. પરિણામે ત્યાં આગ લાગી અને મારાં દાઢીમૂછ બળી ગયાં.'

યમઘંટાએ કહ્યું કે, આમ, મૂર્ખાઓ જાતજાતના હોય છે.

**૮.** આ રીતે બધા કોયડાના ઉકેલ જાણીને રત્નચૂડ ત્યાંથી સવારે પોતાના ઉતારે ગયો. પછી તેણે રાજા પાસે જઈને ફરિયાદ કરી. યમઘંટાની સલાહ પ્રમાણે બધા ધૂર્તને તેણે મહાત કર્યા. સોળ કોટિ દ્રવ્ય પ્રાપ્ત કર્યું.

**૯.** તેની બુદ્ધિથી પ્રસન્ન થઈને રાજાએ વરદાન માગવા કહ્યું. એટલે તેણે ન્યાયઘંટ બાંધવાની વિનંતી કરી. રાજાએ તે સ્વીકારી અને ફરી કશું માગવાનું કહેતાં તેણે રણઘંટાની માગણી કરી. રાજાએ રણઘંટાને બોલાવીને રત્નચૂડને સોંપી. પછી ત્યાંથી નીકળીને તે પોતાને નગર તામ્રલિપ્તિ આવ્યો. સૌએ સ્વાગત કર્યું. રણઘંટા, સુભગમંજરી અને રત્નશ્રી એ ત્રણ પત્નીઓ સાથે તે સુખસાહ્યબીમાં રહેવા લાગ્યો.

**૧૦.** એક વાર એક કેવળી તે નગરમાં આવ્યા, ત્યારે રત્નચૂડના પિતાના પૂછવાથી તેમણે રત્નચૂડનો પૂર્વભવ કહ્યો : 'નંદગામમાં રહેતી એક ગરીબ ડોશીનો દીકરો થાવર પરબને દહાડે ખીર ખાવાની હઠ કરી રડવા લાગ્યો. પડોશણે સામગ્રી

આપી. થાવર ખીર ખાવા બેઠો તે વેળા એક માસોપવાસી સાધુ ત્યાં આવ્યા. થાવરે ખીર વહોરાવી. એ પુણ્યે તે તમારા પુત્ર રત્નચૂડ તરીકે અવતર્યો. એ પડોશણમાંથી જે એકે કુળમદ સેવેલો તે વેશ્યા તરીકે અવતરી. બીજીએ દાનની અનુમોદના કરેલી, તે રત્નશ્રી તરીકે અવતરી. આમ, દાનથી ઉત્તમ કુળ, વિદ્યા, લક્ષ્મી વગેરે પ્રાપ્ત થાય.

[આધાર : **'રત્નચૂડ રાસ'**]

**રસમંજરી** : **૧.** ચંદનાવતી નગરીમાં ચંદ્રશેખર રાજા. ચંદનમાલા એની પટરાણી. તેમને સાત પુત્રો અને ચાર પુત્રીઓ. એ નગરમાં સોમદત્ત શેઠ. તેને નરપતિ, નરહરિ, પરમાનંદ અને પ્રેમરાજ એ નામે ચાર પુત્ર. પ્રેમરાજ પિતા પાસેથી વ્યાપારઅર્થે ચાર વહાણ મેળવી, એની અંદર અનેક પ્રકારની ચીજવસ્તુઓ લઈ વિદેશ જવા તૈયાર થયો. તે પોતાના આવાસે આવ્યો. પણ માલણ પાસેથી પતિ પ્રેમરાજ વિદેશ જાય છે એવા સમાચાર જાણીને પ્રેમરાજની પત્ની પ્રેમાવતી પોતાના પિયર ચાલી ગઈ. સોમદત્તે પોતાના દશ વાણોતરને બોલાવ્યા અને તેમને પ્રેમરાજની સોંપણી કરી. મુખ્ય વાણોતર શ્રીચંદને કાચી વયના પ્રેમરાજની સારસંભાળ રાખવા અને તેને ભાઈ સમાન ગણવા કહ્યું. માતાએ પ્રેમરાજ પાસે પરદેશથી મોતી મંગાવ્યાં. ભોજાઈએ પટોળું અને પિતાએ સાચાં હીરામાણેકથી જડેલી વીંટી મંગાવી. આ બધું શ્રીચંદ પાસે કાગળમાં લખાવ્યું. પછી પ્રેમરાજ શ્રીચંદને લઈને પ્રેમાવતીને મળવા પોતાને સાસરે ગયો. સસરા રૂપચંદને પાંચ પુત્રો હતા અને એક પુત્રી પ્રેમાવતી. પ્રેમાવતીને એક સોની સાથે પ્રેમ હતો. જો કે પ્રેમરાજ તે બાબતથી અજ્ઞાત હોવાથી એને સતી માનતો હતો. સસરાએ પ્રેમાવતી નાની હોઈને તેને પરદેશ સાથે લઈ જવાની પ્રેમરાજને સંમતિ ન આપી, અને દ્રવ્યની સહાય કરવાની તૈયારી બતાવી. પ્રેમરાજે સૌને માટે પોતે પરદેશથી જે ચીજવસ્તુઓ લાવવાનો છે તે કાગળ પ્રેમાવતીને બતાવી તેની ઇચ્છા હોય તે મંગાવવા કહ્યું. તેણે કહ્યું; 'મારે માટે સ્ત્રીચરિત્ર લાવજે'. તેની માગણી સ્વીકારીને પ્રેમરાજ શ્રીચંદ સાથે પાછો પોતાના કાફલામાં આવી પહોંચ્યો. વહાણ હંકારીને કાફલો સમુદ્રમાર્ગે વળ્યો. ચાર માસે કનકપુર પહોંચ્યો. નગરમાં લખલીલા નામે મુખ્ય ગણિકા હતી. પ્રેમરાજે પાંચ માસમાં સઘળો માલસામાન વેચી નાખ્યો. પછી સગાસંબંધીએ મંગાવેલી બધી વસ્તુઓ તેણે ખરીદી, પણ 'સ્ત્રીચરિત્ર' ક્યાંય મળ્યું નહીં.

**૨.** કોઈની સલાહથી તે ધર્મશેઠની દુકાને ગયો અને 'સ્ત્રીચરિત્ર'ની માંગણી કરી. ચતુર ધર્મશેઠ સમજી ગયા કે આ ભોળા માણસને એની પત્નીએ મૂર્ખ બનાવ્યો લાગે છે. એની સ્ત્રીએ કોઈ પુરુષને પોતાના જાર તરીકે રાખ્યો હોય, અને ધન રળવાને બહાને આને પરદેશ રવાના કર્યો હોય. પ્રેમરાજ પોતાને ત્યાં છ મહિના વાણોતર રહે એવી શરતે ધર્મશેઠે તેને સ્ત્રીચરિત્ર લાવી આપવાનું સ્વીકાર્યું. તેની સલાહથી પ્રેમરાજે શ્રીચંદને કમાયેલા દ્રવ્ય અને સૌ માટેની ભેટો સાથે ચંદનાવતી રવાના કર્યો. પ્રેમાવતી માટેની રત્નજડિત કાંચળી તેને ગુપ્તપણે આપવા પ્રેમરાજે શ્રીચંદને સૂચના આપી. પોતે જાત્રા નિમિત્તે દેશવિદેશ ફરીને એને માટે 'સ્ત્રીચરિત્ર' લાવશે એવો સંદેશો પણ મોકલાવ્યો. ધર્મશેઠને ત્યાં પ્રેમરાજે છને બદલે દસ માસ વાણોતરી કરી. પછી પ્રેમરાજે 'સ્ત્રીચરિત્ર' આપવાની યાદ દેવરાવી. ધર્મશેઠ તેને લખલીલા વેશ્યાને ત્યાં લઈ ગયો અને કહ્યું, 'આ ચંદનાવતીના વણિકની પત્નીએ એની પાસે 'સ્ત્રીચરિત્ર' મંગાવ્યું છે. તે લેવા હું તેને અહીં લાવ્યો છું.' લખલીલાએ પ્રેમરાજને કહ્યું, 'જો તું સાત માસ મારે ઘેર સ્ત્રીવેશે રહે, તો તને 'સ્ત્રીચરિત્ર' મેળવી આપીશ.' પ્રેમરાજે શરત સ્વીકારી. પછી લખલીલાની સૂચના અનુસાર પ્રેમરાજ સ્ત્રીવેશ ધારણ કરીને એને ત્યાં સાતને બદલે નવ માસ રહ્યો. તે પછી જ્યારે તેણે લખલીલાને 'સ્ત્રીચરિત્ર' આપવા અંગે યાદ દેવરાવ્યું ત્યારે લખલીલાએ સ્ત્રીવેશે રહેલા પ્રેમરાજને શણગારીને તેને રાજસભામાં આણ્યો, અને રાજાને જણાવ્યું, 'હું સવારે દરિયાકિનારે સ્નાન કરવા ગઈ હતી ત્યારે વિદેશ જતા એક વણિકે આ તેની પત્નીની તે પાછો ફરે ત્યાં સુધી રાખવા મને સોંપણી કરી છે. મારે ત્યાં અનેક પુરુષોની આવજા હોઈને આની સાચવણી નહીં થાય. તેથી તમને સોંપવા આવી છું" રાજાને સ્ત્રીવેશધારી પ્રેમરાજની ભાળવણી કરીને લખલીલા વિદાય થઈ. જુવાન રાજપુત્રો તરફથી એ રૂપવતી સ્ત્રીને માટે જોખમ રહેશે એવા ડરે રાજાએ વેપારી મહાજનને બોલાવીને તેમની સલાહથી તેને ધના શેઠને સોંપી, કેમ કે ધના શેઠનો પુત્ર પરદેશમાં હોઈ, તેને ત્યાં બીજો કોઈ જુવાન પુરુષ ન હતો, અને શેઠની પુત્રવધૂ રસમંજરી પણ ગુણવાન અને ચતુર હતી. ધના શેઠ સ્ત્રીવેશધારી પ્રેમરાજને લઈ પોતાના ઘરે આવ્યો. પત્નીએ આવી ઉપાધિમાં પડવા માટે ધના શેઠને ટોક્યા. પણ પછીથી ધના શેઠે બધી હકીકત જણાવતાં એણે એને પોતાની પુત્રવધૂ રસમંજરી જોડે ઘરના ત્રીજા માળે રાખ્યો.

**૩.** ચતુર રસમંજરી પ્રેમરાજનું સાચું સ્વરૂપ કળી ગઈ. તેની પાસેથી તેનો પરિચય અને તે ત્યાં શા માટે આવ્યો છે તેને વિશેની બધી હકીકત તેણે જાણી લીધી. પછી પોતાને છેહ નહીં દેવાનું અને પોતાને જ વફાદાર રહેવાનું પ્રેમરાજ

પાસેથી વચન લઈ, રસમંજરી તેની સાથે પ્રેમસંબંધ બાંધી ભોગવિલાસ કરવા લાગી.

આ તરફ ચંદ્રાવતી પહોંચેલા શ્રીચંદે સોમદત્ત શેઠને સોનું-રૂપું ભરેલાં સાત વહાણ અને ભેટની વસ્તુઓ સોંપી. રત્નજડિત કાંચળી પ્રેમાવતીને આપી, અને પ્રેમરાજ વિદેશ-યાત્રા કરી 'સ્ત્રીચરિત્ર' લઈને આવશે એવો સંદેશો આપ્યો. પણ પ્રેમાવતીને તે કોઈ સ્ત્રીના ફાંદામાં ફસાયો હોવાનો વહેમ ગયો.

૪. રસમંજરી સાથે રંગરાગ કરતાં પ્રેમરાજનું એક વર્ષ વીત્યું. એટલામાં રસમંજરીનો પતિ રઘુરાજ વહાણો લઈને પરદેશથી પાછો આવ્યો.

ઘરે આવેલા રઘુરાજે સ્ત્રીવેશે રહેલા પ્રેમરાજને જોઈને તે અંગે પૂછતાં રસમંજરીએ રાજાએ તેને થાપણ તરીકે સોંપી હોવાનું જણાવી બધી હકીકત કહી. રઘુરાજ સૂઈ ગયો એટલે રસમંજરીએ હાથમાં છરો લીધો. ચમકી ઊઠેલા પ્રેમરાજને તેણે કહ્યું, 'આજે મારા પતિને મારીને પછી હું તને 'સ્ત્રીચરિત્ર' આપીશ.' એટલું કહી તેણે છરી વડે પતિનું મસ્તક કાપી નાખ્યું. પ્રેમરાજ આ જોઈને બીકથી બેભાન થઈ ગયો. થોડીવારે ભાનમાં આવ્યો એટલે રસમંજરી તેને સાથે લઈ દરિયાકિનારે આવી. ત્યાં શબને દાટીને બંને જણ ઘેર પાછાં ફર્યાં. તે પછી મધરાતે રસમંજરી પ્રેમરાજને લઈને લખલીલાને ત્યાં ગઈ. બનેલી હકીકત તેને જણાવીને, તેની સાથે મસલત કરીને એક પ્રપંચ રચી કાઢ્યો. તે અનુસાર પ્રેમરાજને લખલીલાને ઘેર મૂકી પ્રેમાવતી પાછી ફરી. પાછલી રાત્રે એણે સ્ત્રીચરિત્ર કર્યું. બધા શણગાર ફગાવી દઈ, શરીર નખથી વલૂરી રડારોળ કરી મૂકી. પુત્ર ઘરમાં ન હોવાનું જાણી ધના શેઠે બધે તપાસ કરી પણ પત્તો ન લાગ્યો. પછી સમુદ્રકિનારે જઈ રસમંજરીએ જણાવ્યું કે હું સૂઈ ગઈ હતી ત્યારે તે ક્યાંક ચાલ્યા ગયા. એટલું કહી તે બેભાન બની ધરતી પર ઢળી પડી. વિલાપ કરતા ધના શેઠે વહાણમાંથી દ્રવ્ય ઘેર મંગાવી લીધું.

૫. આ તરફ પ્રેમરાજ એક મહિનો મૂળ પુરુષવેશે લખલીલાને ત્યાં રહ્યો. તે પછી લખલીલા તેને લઈને રાજા પાસે ગઈ અને કહ્યું, 'જે સ્ત્રીને હું થાપણ તરીકે તમારે ત્યાં મૂકી ગઈ હતી તેનો આ પતિ તેને પાછી લેવા આવ્યો છે. પ્રેમરાજને રાજાને ત્યાં મૂકીને લખલીલા પાછી ફરી. શીખવી રાખ્યા પ્રમાણે પ્રેમરાજે રાજાને કહ્યું, 'મેં લખલીલાને વિશ્વાસે મારી પત્ની તેને સોંપી હતી. તેણે તમને સોંપણી કરેલી. તો હવે મને મારી પત્ની પાછી આપો.' રાજાએ ધના શેઠને બોલાવીને કહ્યું; 'તમારે ત્યાં થાપણ તરીકે મૂકેલી સ્ત્રીને તેના આ પરદેશથી પાછા આવી ગયેલા પતિને સોંપી દો.' ધના શેઠે કહ્યું; 'મેં એને મારી પુત્રી તરીકે રાખી છે. તો આ જમાઈને બે દિવસ મારે ત્યાં રાખી હું એને સારો કરિયાવર કરી બંનેને વિદાય આપીશ.' ધના શેઠે પ્રેમરાજને ચાર દિવસ રાખ્યો. પછી પ્રેમરાજે પોતાની પત્ની પાછી આપવા જણાવ્યું. રસમંજરીની સલાહથી ધના શેઠ લખલીલાને ત્યાં ગયા. પરદેશથી પાછો ફરેલો પુત્ર થાપણ તરીકે રાખેલી સ્ત્રીની સાથે નાસી ગયો હોવાનું, અને તે સ્ત્રીનો પતિ આવી પહોંચ્યો હોઈ પોતાની પત્નીની માગણી કરતો હોવાનું જણાવીને હવે એ મુશ્કેલીમાંથી શો રસ્તો કાઢવો તે તેને પૂછ્યું. લખલીલાએ ધના શેઠને ઘેર આવીને પ્રેમરાજને એની પત્નીને બદલે રસમંજરી સ્વીકારવા સમજાવી લીધો. ધના શેઠે રસમંજરીને આ અંગે પૂછ્યું. તે સંમત થઈ. ધના શેઠે સારો એવો કરિયાવર આપીને પ્રેમરાજની સાથે રસમંજરીને વિદાય કરી. બંને લખલીલાને ઘેર આવ્યાં. પ્રેમરાજે રાજાને જણાવ્યું, 'ધના શેઠે એક સાચા શાહુકાર તરીકે મને મારી પત્ની પાછી આપી છે, અને સત્કાર કરી ત્રણ વહાણ ભરીને ભેટ આપી છે.' ખુશ થયેલા રાજાએ પણ પ્રેમરાજનો સત્કાર કરી તેને ચાર વહાણ ભરીને ભેટ આપી. સાત વહાણ અને રસમંજરીને લઈને પ્રેમરાજ ચંદ્રાવતી તરફ ઊપડ્યો.

૬. રસ્તામાં એક મધરાતે રસમંજરી અને પ્રેમરાજ વચ્ચે સ્ત્રીચરિત્ર અંગે વાતચીત થઈ. રસમંજરીએ ચંદ્રાવતીની નજીકમાં કોઈ ઘાટે વહાણ થોભાવવા કહ્યું, જે વખતે તે એને સ્ત્રીચરિત્ર બતાવશે. સાત મહિને વહાણ ચંદ્રાવતી પાસે આવી પહોંચ્યાં. વહાણ ત્યાં થોભાવીને પોતાને પ્રેમાવતીને પિયર લઈ જવા રસમંજરીએ જણાવ્યું. રસમંજરીએ પુરુષવેશ ધારણ કર્યો અને કમરે સોનાનો છરો બાંધી લીધો. પછી રાત્રે બંને જણ હોડીમાં બેસી સમુદ્ર પાર કરી ચંદ્રાવતીને કિનારે પહોંચ્યાં. હોડી કિનારે બાંધી, પ્રેમાવતીને ઘેર પહોંચ્યાં. પછી દોરડાની સહાયથી બંને જણ મેડી ઉપર ચડી જઈ શયનખંડમાં પહોંચ્યાં. પ્રેમાવતી તેના જાર સોનીને વળગીને સૂતી હતી. રસમંજરીએ કહ્યું, 'આ સ્ત્રીએ તમારી પાસે સ્ત્રી-ચરિત્ર મંગાવ્યું હતું પણ એ સ્ત્રીનું ચરિત્ર જુઓ. સ્ત્રીચરિત્ર એ કાંઈ રમકડું નથી કે બજારમાં મળે. તમે જે જુઓ છો તે જ સ્ત્રીચરિત્ર છે. મેં મારા પતિને મારી નાખીને સમુદ્ર-કિનારે દાટ્યો, તમને અનેક રીતે રમાડ્યા, મારા સસરા આગળ તમે સાચા થયા, રાજાએ આપણો વાંક ન કાઢ્યો અને ઉપરથી ભેટ આપી નવાજ્યા—એ બધું સ્ત્રીચરિત્ર જ છે. તેણે પ્રેમાવતી સમીપ સૂતેલા જારને મારી નાખવા પ્રેમરાજને

કહ્યું. એણે પોતાની અશક્તિ બતાવી, એટલે રસમંજરીએ છરા વડે જારનું મસ્તક કાપી, વસ્ત્રમાં વીંટળી લઈ લીધું. પછી બંને જણ મેડી પરથી ઊતરી પાછા સાગરકિનારે આવી, હોડીમાં બેસી વહાણમાં પહોંચી ગયાં. રસમંજરીએ સોનીના મસ્તકને એક સુવર્ણપેટીમાં મૂકીને તે પેટી પ્રેમરાજને આપી અને પ્રેમાવતી જ્યારે સ્ત્રીચરિત્રની માંગણી કરે ત્યારે આપવા જણાવ્યું. ત્યાં દસ દિવસ રોકાઈને પછીથી તેઓ ચંદનાવતી પહોંચ્યાં. આ તરફ પ્રેમાવતી જાગી અને મસ્તક વિનાના સોનીનું ધડ જોયું. લોહીથી એનાં વસ્ત્રો ભીંજાઈ ગયાં હતાં. પછી ધડને એક પોટલીમાં બાંધીને ગુપચુપ દરિયામાં નાખી આવી. સોનીને કોણે માર્યો તેની પ્રેમાવતીએ તપાસ કરાવી પણ કશી ખબર ન મળી. ચંદનાવતી આવી પહોંચેલા પ્રેમ-રાજનું તેના પિતાએ સામૈયું કર્યું. રસમંજરી વહુને પણ આવકારી. પ્રેમરાજે પ્રેમાવતીને પિયરથી બોલાવી લીધી. ઘરનાં સૌને અનેક મનગમતી ભેટો આપી. પ્રેમાવતીને સોળ શણગાર આપ્યા. આ પછી રસમંજરી, પ્રેમાવતી અને પ્રેમ-રાજ એકલા બેઠાં હતાં ત્યારે પ્રેમાવતીએ સ્ત્રીચરિત્ર લાવ્યા કે નહીં તે પૂછ્યું. રસમંજરીના કહેવાથી પ્રેમરાજે પેલી પેટી લાવીને પ્રેમાવતીને આપી. પ્રેમાવતીએ પેટીને ઉઘાડી તો એમાં લોહીથી ખરડાયેલું સોનીનું મસ્તક જોઈને પ્રેમાવતી ચમકી ગઈ. તે સમજી ગઈ કે આ કામ પ્રેમરાજનું નહીં, પણ રસમંજરીનું છે. પ્રેમરાજે કહ્યું કે વચન પ્રમાણે એને એણે સ્ત્રીચરિત્ર આપ્યું છે. રસમંજરીએ પ્રેમાવતીને કહ્યું, 'આ વાતનું કોઈ દુઃખ લગાડવાની જરૂર નથી. આ મૂર્ખ અને છતાં રૂપાળા પિયુને આપણે બન્ને એકઠાં મળીને ભોગ-વીશું'. પ્રેમરાજે પણ વિચાર્યું; 'જો હવે હું આને હેરાન કરીશ તો બંને મળીને મારું કાસળ કાઢશે.' એટલે તેણે પ્રેમાવતી અને રસમંજરીને સ્વીકારી લીધી. પછી ત્રણેય જણ સુખપૂર્વક સાથે રહ્યાં.

[આધાર : **'રસમંજરીની વાર્તા'**]

**રાક્ષસનું હાસ્ય (વેતાળપચીસી–૧, ઓગણીસમી કથા) :** સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પરથી બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી.

'શિકાર ખેલવા ગયેલા ચિત્રકોટ નગરના રૂપદેવ રાજાએ એક સરોવર દીઠું. નજીકમાં ફૂલ વીણવા આવેલી એક ઋષિ-કન્યાને તેણે જોઈ. કન્યાએ પણ તેને અતિથિ તરીકે આવકાર આપ્યો. એટલામાં કન્યાના પિતા ઋષિશ્વરે ત્યાં આવી રાજાને આશીર્વાદ આપ્યા. શિકારે નીકળેલ રાજાને તેમણે કોઈ પ્રાણીની હિંસા ન કરવા અને જીવદયા આચરવા ઉપદેશ દીધો.

રાજાએ હવેથી કોઈ પાપ ન કરવાનું વચન દીધું. ઋષિ આથી પ્રસન્ન થયા. રાજાએ કન્યાના હાથની માંગણી કરી. ઋષિએ કન્યાને રાજા સાથે પરણાવી. પોતાના નગર ભણી પાછા જતાં રસ્તામાં રાત પડી જતાં રાજારાણી એક ઝાડ નીચે રોકાયાં. ત્યારે મધરાતે એક રાક્ષસ રાજાની રાણીને ખાઈ જવા આવ્યો. રાજાએ તેને છોડી દેવા માટે બદલામાં રાક્ષસ જે માગે તે આપવા કહ્યું. રાક્ષસે કહ્યું; 'સાત વરસના બ્રાહ્મણનું મસ્તક વાઢીને મને તું ચડાવે તો હું રાણીને છોડું.' રાજાએ તે કબૂલ્યું. એટલે સાતમા દિવસે આવવાનું કહીને રાક્ષસ ચાલ્યો ગયો. રાજાએ નગરમાં આવી પ્રધાનને સઘળી વાત કહી. પ્રધાને એક ઉપાય કર્યો. સાત મણ સોનાનું પુરુષનું પૂતળું બનાવી, તેને અનેક રત્નો પહેરાવી નગર વચ્ચે મૂકી ઘોષણા કરી કે જે બ્રાહ્મણ પોતાનો સાત વરસનો પુત્ર આપશે તેને રાજા બદલામાં આ સોનાનું પૂતળું આપી દેશે. એ સાંભળી એક દરિદ્ર બ્રાહ્મણ પોતાનો પુત્ર સોંપીને સોનાનું પૂતળું લઈ ગયો. સાતમે દિવસે રાક્ષસ ઉપસ્થિત થયો. રાજા તલવાર ખેંચીને બ્રાહ્મણપુત્રનો શિરચ્છેદ કરવા જતો હતો તે વખતે રાક્ષસ હસ્યો.'

એટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું, 'તે રાક્ષસ શા માટે હસ્યો ?' વિક્રમ બોલ્યો, 'રાક્ષસને તે વેળા એવો વિચાર આવ્યો કે, આ સંસાર તો જુઓ ! જે માબાપે પુત્રને પાળીપોષીને રક્ષા કરી તે માબાપે ધનને ખાતર તે પુત્રને મારવા આપ્યો.' એ વિધિની એ વિચિત્રતા પર રાક્ષસ હસ્યો.

આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાળપચીસી'–૧**, ઓગણીસમી કથા]

**રાજકુમારી અને ઢેડ (સહસા કામ ન કરવા વિશે દૃષ્ટાંતકથા) :** દમલપુરના દામોદરરાયની જુવાન કુંવરીનો સ્વયંવર ચાલતો હતો. હાથણી શણગારીને તૈયાર કરેલી હતી. કન્યાએ હાથમાં વરમાળા લીધી. પિતાએ પુત્રીને દહેરે જઈને શિવશક્તિને પૂજી આવવાનું કહ્યું. દશવીસ સખીઓ સાથે કુંવરી દહેરે ગઈ. ત્યાં ઘોડા અને ઊંટ વેચીને દર્શન કરવા આવેલા એક સોદાગરને તેણે જોયો. બંનેની દૃષ્ટોદૃષ્ટ મળી અને કુંવરીની દાઢ ગળી. કુંવરીએ સોદાગરનાં નામગામ અને નાતજાત પૂછ્યાં. 'તારે એ બધાનું શું કામ ? અમે છીએ

નીચમાં નીચ, તમે રહ્યાં ઊંચામાં ઊંચા', એમ સોદાગરે ઊડતો જવાબ દીધો. કુંવરી તેના પર મોહી પડી અને તેની સાથે ભાગી જવા તૈયાર થઈ. દાસીના વારવા છતાં સાંઢણી ઉપર બેસીને તે સોદાગર સાથે ઊપડી ગઈ. પાછળ સૌ વાટ જોતાં અને ફિટકાર વરસાવતાં રહ્યાં. રાજવીઓ પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. આ તરફ સોદાગરને ઘેર પહોંચતાં કુંવરીને ખબર પડી કે, પોતે જેને શ્રીમંત માની લીધેલો તે તો ઢેડ હતો. ઘરમાં બેચાર સાળ, એક સ્ત્રી અને છ નાનાં છોકરાં હતાં. કુંવરીએ ઝાંખી પડી જઈને પૂછ્યું : 'એલા, તું મને છેતરીને કેમ ઉઠાવી લાવ્યો ? તારી જાતભાત પૂછતાં સાચી વાત કેમ ન કહી કે હું તો ઢેડ છું ?' ઢેડ કહે : 'મેં તને પહેલાં જ ચેતવી હતી, પણ તે મારું સાંભળ્યું નહીં. કુંવરીએ પોતાને શિવદહેરે પાછી મૂકી જવાનું કહેતાં ઢેડે કહ્યું : 'તું જેમ આવી, તેમ જા. હું કાંઈ તેડવા નહોતો આવ્યો. રહેવું હોય તો કાપડ વણ અને ઘરકામ કર. વૈભવ માણવો હોય તો બાપના ઘરનો રસ્તો લે.' એ સાંભળીને ક્રોધે ભરાયેલી કુંવરીએ કટાર ખેંચી અને બેચાર ઢેડની સાથે પેલાને પણ મારી નાખ્યો. પછી કટાર પોતાના પેટમાં મારી ઢગલો થઈને પડી. આમ સહસા કર્મ કર્યાથી સર્વસ્વ ગુમાવીને તેણે આપઘાત કરવો પડ્યો.

[સંદર્ભ : **'મદન અને મોહના'**, ઘટક ૨ : પંડિતે મોહનાને કહેલી દૃષ્ટાંતકથા]

**રાજા અને સૂડાનાં બે બચ્ચાં** : જુઓ **સંગ તેવો રંગ** (**પંચાખ્યાન–બાલાવબોધ**, અઠ્યાવીસમી કથા)

**રાણીવેશે પંડિતને બચાવતી પંડિતાણી** (કુલટા-ચરિત્રની દષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, છેંતાળીસમી કથા) :

વિક્રમાદિત્યની રાણી દુહિતાને પેટે ગર્ભ રહેતો ન હતો. પંડિત શુકદેવને એ માટે શાસ્ત્રમાં કોઈ ઉપાય હોય તો બતાવવા કહ્યું. પંડિતે કહ્યું કે, હરિવંશ–પુરાણનું શ્રવણ કરવાથી પુત્રપ્રાપ્તિનું ફળ મળે. વિક્રમાદિત્યે રાણી પાસે એકાંતમાં શુકદેવ એકવીસ દિવસ દરરોજ બે પહોર કથા વાંચે એવો પ્રબંધ કર્યો. શુકદેવે રાણી સાથે એકાંતમાં બેસવું અનુચિત હોવાનું વિક્રમને જણાવ્યું, પણ રાજાએ 'તમારા જેવા જ્ઞાની પંડિત શંકાથી પર હોય' એમ કહ્યું. શુકદેવે પોતાની પત્ની નિર્મળાને આ વાત કરી. નિર્મળાએ એટલા બધા દિવસ રાણી સાથે એકલા ગાળવાનું જોખમ ન ખેડવા કહ્યું. શુકદેવે પોતાનું શીલ દૃઢ હોવાનું જણાવ્યું. નિર્મળાએ સંકટમાં આવી પડે તો કહેવરાવવા કહ્યું. શુકદેવે કથા આરંભી. કેટલાક દિવસ પછી કથામાં રાધાકૃષ્ણની પ્રણયલીલાનાં ઉઘાડાં વર્ણનો સાંભળીને રાણીનું મન ગળી ગયું. પંડિતની અને રાણીની નજર એક થઈ. રાણીએ વસ્ત્રાભૂષણનો ઠાઠ કર્યો. પલંગ સજ્જ કર્યો. પરદા પાછળ રહેલી દાસીઓએ રાણીનું બદલાયેલું આચરણ બે દિવસ સુધી જોયું. એક તરફ રાજાને જાણ કરવાનાં ભયંકર પરિણામો, તો બીજી તરફ રાજભક્તિ. એ બેની વચ્ચેનો તેમણે માર્ગ કાઢ્યો. એક દાસીએ જઈને વિક્રમને જાણ કરી કે, તમે જઈને રાણીના શયનાગારની તપાસ કરો. રાણી અને પંડિત અંદર છે. તે સાથે બીજી દાસીએ પંડિતને ચેતવ્યો કે, રાજા હમણાં જ આવી રહ્યો છે. બચવા માટે જે કરતું હોય તે કરો. શુકદેવે એક દાસીને ચિઠ્ઠી આપીને પોતાની પત્ની પાસે દોડાવી. પહેરેલે કપડે પંડિતની પત્ની નિર્મળા રાણીવાસમાં આવી પહોંચી. રાણીનાં વસ્ત્રાભૂષણ પહેરીને તે શુકદેવ સાથે રાણીના શયનાગારમાં પ્રવેશી. રાણી સાદાં કપડાં પહેરી ઉપલે માળે જઈને સૂતી. વિક્રમે આવીને શયનાગારનું બારણું ખટખટાવ્યું. શુકદેવે તે ઉઘાડ્યું. પાછળ રાણીનાં કપડાં પહેરેલી નિર્મળા ઘૂમટો તાણીને ઊભી હતી. વિક્રમ બોલ્યો : 'શાબાશ છે તમને બંનેને. તમને જેવું ઘટે તેવું કર્યું. શુકદેવ, આ સ્ત્રીને હું તારા હાથમાં સોંપું છું. મારે બ્રહ્મહત્યા અને સ્ત્રીહત્યા નથી લેવી.' એમ કહીને વિક્રમે પોતાના પેટમાં મારવા કટાર કાઢી. શરમના માર્યા શુકદેવે પણ આપઘાત કરવા વિચાર્યું. એટલે નિર્મળા ઘૂમટો ઉઘાડી નાખીને વિક્રમને પગે પડી. તેનું મોં જોઈ વિક્રમ રાજા ઘા ખાઈ ગયો. તેણે પૂછ્યું; 'તું કોણ છે ? રાણી ક્યાં ગઈ ?' નિર્મળાએ ખુલાસો કર્યો : 'હું શુકદેવની પત્ની છું. આજે મારો વર કથા કહેવા આવ્યો, પણ રાણીને માસિક આવેલું, એટલે કથા કેમ સંભળાય ? એ શુકદેવ પાસે બોલી ન શકી, પણ મને કહેવરાવ્યું અને પોતે મેડીએ ચડીને સૂતી. હું પંડિતને કહેવા આવી ત્યારે રાણીનાં ઝાકઝમાળ વસ્ત્ર ત્યાં જોયાં, બાજુમાં ઘરેણાંની પેટી જોઈ, સેજ શણગારેલી જોઈ. મનમાં થયું : રાણી કેવો વૈભવ માણે છે ! સાવ એકાંત જોઈ મારું મન હાથ ન રહ્યું. મારાં કપડાં ઉતારીને મેં રાણીનાં વસ્ત્રાભૂષણ પહેરી લીધાં અને અમે પતિપત્ની કામવશ બની શયનાગારમાં ગયાં. તમારી મર્યાદા લોપી, અને અઘટિત આચર્યું. અમારે હવે જીવવા જેવું નથી રહ્યું.' એમ કહી નિર્મળાએ ઘરેણાં ઉતારવા માંડ્યાં. વિક્રમે તેને અટકાવીને કહ્યું : 'તમે દુઃખી ન થાઓ. દેવો પણ કામવશ થયા છે, તો તમારો શો વાંક ?' વિક્રમે એ વસ્ત્રાભૂષણ અને શય્યા બ્રાહ્મણદંપતીને ભેટ આપ્યાં. આશિષ આપીને તેઓ પોતાને ઘરે ગયાં. નિર્મળાએ શુકદેવને ફરી એવો ભવાડો ન થાય તેની સાવચેતી રાખવા શિખામણ દીધી.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, છેંતાળીસમી કથા]

**રુદન સાથે હાસ્ય–૧ (વેતાળપચીસી–૧,** તેરમી કથા) : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી :

‘ચંદ્રપુર નગરના ધર્મધ્વજ શેઠની ક્ષોભણી નામની સૌંદર્યવાન કન્યા પરણવા લાયક થઈ હતી. એક વખત ધર્મધ્વજે રાજા ધરણીધરને ચોરોના ભયને કારણે નગર વસતું નહીં હોવાનું કહ્યું. ત્યારે હવે પછી કોઈ ચોરી નહીં થાય, એવી ખાતરી આપતાં રાજાએ કહ્યું’, ‘જો કોઈનું કાંઈ ચોરાશે તો હું તે ભરપાઈ કરી આપીશ.’

‘શેરીએ શેરીએ ચોકીપહેરો મૂક્યો. છતાં ચોરીની ફરિયાદ આવતી રહી. છેવટે રાજા પોતે અંધારપછેડો ઓઢી નગરમાં ફરવા નીકળ્યો. એક પુરુષને જોતાં તેણે તેને પૂછ્યું : ‘તું કોણ છે ?’ ત્યારે પેલાએ પોતે ચોર હોવાનું કહ્યું. રાજાએ પણ પોતાની ઓળખાણ ચોર તરીકે આપી. બંને નગરમાં ચોરી કરીને ચોરના ગુપ્ત રહેઠાણે ગયા. ચોરનું રહેઠાણ એક કૂવાની અંદર પાતાલભુવનમાં હતું. ચોર રાજાને મૂકી નાગલોકમાં ગયો. તે વખતે એક સ્ત્રીએ આવી રાજાને કહ્યું કે, ચોર આવીને તને મારી નાખશે. તેણે બહાર નીકળવાનો માર્ગ બતાવ્યો. રાજા ત્યાંથી નીકળી નગરમાં આવ્યો. બીજે દિવસે રાજાએ ચોરને પકડવા કૂવાને ઘેરી લીધો. ચોરે યુદ્ધમાં રાજાની સેનાને હરાવી. છેવટે રાજાએ દ્વન્દ્વયુદ્ધમાં ચોરને હરાવી, પકડી કેદમાં પૂર્યો. બીજે દિવસે તે ચોરને શૂળીએ ચડાવવા લઈ જવાતો હતો, ત્યારે એને જોવા નીકળેલી ધર્મધ્વજની પુત્રી ક્ષોભણી ચોર ઉપર આસક્ત બની ગઈ. એ ચોરને છોડાવી તેની સાથે પરણાવવાની તેણે પિતા પાસે હઠ કરી. ધર્મધ્વજે રાજાને ચોરને છોડવાના બદલામાં એક કરોડ સોનામહોર આપવાનું કહ્યું. પણ રાજાએ તેને ન છોડ્યો. ધર્મધ્વજની વાત ચોરે સાંભળી. પછી જ્યારે તેને શૂળીએ ચડાવવા લીધો ત્યારે પહેલાં તે રડ્યો અને પછી હસ્યો. શૂળીએ દીધેલો ચોર મૃત્યુ પામ્યો. એટલે ક્ષોભણીએ અગ્નિ-પ્રવેશની તૈયારી કરી. તે વેળા આકાશવાણી થઈ. દેવીએ વરદાન આપી ચોરને સજીવન કર્યો. ચોર ક્ષોભણીને સાથે લઈને પાતાલભવનમાં ચાલ્યો ગયો.’

આટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું : ‘એ ચોર પહેલાં રડ્યો કેમ અને પછી હસ્યો કેમ ?’ વિક્રમે ઉત્તર દીધો : ‘ચોરના હૈયામાં એવું આવ્યું કે, વાણિયો મારે ખાતર રાજાને આટલું દ્રવ્ય આપવા તૈયાર થયો એ ઉપકારનો બદલો હું ક્યાંથી વાળીશ ?’ એવા વિચારે તે રડ્યો. પછી તે હસ્યો એ કારણે કે, તેને થયું : ‘મને તરતમાં જ શૂળી ચડાવવાનો છે તેવી વેળાએ આ સ્ત્રી મારા પર આસક્ત થઈ. કેવી છે સ્ત્રીની સાહસિક્તા !’

આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **‘વેતાળપચીસી’–૧**, તેરમી કથા]

**રુદનની સાથે હાસ્ય–૨ (વેતાલપચીસી–૧**, બાવીસમી કથા) : સાધકે આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી :

‘એક બ્રાહ્મણે યુવાન શરીર પ્રાપ્ત કરી ભોગ ભોગવવાના આશયથી યોગાભ્યાસ કરીને પરકાયાપ્રવેશની સિદ્ધિ મેળવી. પછી પોતાના કુટુંબનો અને જૂના શરીરનો ત્યાગ કરી તેણે એક મૃત યુવકના શરીરમાં વિદ્યાબળે પ્રવેશ કર્યો. પરકાયાપ્રવેશ કર્યા બાદ તે પહેલાં રોયો અને પછી તે હસ્યો.’

એટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું, ‘એ બ્રાહ્મણના રડવાનું અને હસવાનું કારણ શું ?’ વિક્રમે ઉત્તર દીધો, ‘જે શરીરનું બાળપણથી માતાપિતાએ પોષણરક્ષણ કર્યું એની સાથે બંધાયેલી મમતાને કારણે તેનો ત્યાગ કરતાં બ્રાહ્મણને દુઃખથી રડવું આવ્યું. પણ હવે તે જુવાન દેહ પામ્યો તેના આનંદથી તે હસ્યો.’ આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **‘વેતાલપચીસી’–૧**, બાવીસમી કથા]

**રૂપચંદકુમાર** : **૧.** માલવદેશમાં ઉજ્જેણીનગરી, હરસિદ્ધ માતાનું સ્થાનક, મહાકાલનું મંદિર, ત્યાં સિદ્ધવડ. રાજા વિક્રમનું રાજ્ય. ત્યાંના મુખ્ય મહાજન ધનદત્ત શેઠ. ધનસુંદરી એની ભાર્યા. પહેલાં ત્રણ પુત્રો થયેલા–રૂપદેવ, ગુણદેવ અને ગુણચંદ. પછી ચોથો પુત્ર જન્મ્યો તે રૂપચંદ. તે ભણીગણી યુવાન થયો ત્યારે રૂપસુંદરી સાથે તેનાં લગ્ન કર્યાં.

રાજા વિક્રમનો એક માંડલિક. એ કનોજ નગરીનો રાજા ગુણચંદ્ર હતો. એની પટરાણી ગુણસેના અને પુત્રી સૌભાગ્ય-સુંદરી. એક સમયે તે સહકુટુંબ ઉજ્જેણીમાં આવીને વસ્યો. સૌભાગ્યસુંદરીને જુદો આવાસ આપવામાં આવ્યો એક વાર તેણે પ્રસવકાળે નારીને થતી પીડાનું રુદન સાંભળ્યું.

આથી એણે આજીવન અવિવાહિત રહેવાનો નિર્ણય કર્યો. સોળ વરસની થતાં સૌભાગ્યસુંદરી કામવિકાર અનુભવવા લાગી. સખી શ્રીમતીને પણ આની જાણ થઈ ગઈ. એક વાર રાત્રે તે ગોખમાં બેઠી હતી, ત્યારે ધનપતિના આવાસમાં થતાં નાટક, ગીત આદિના સ્વર સાંભળી તેનું ચિત્ત ચંચળ થઈ ગયું. પતિ વગર આવાં નાટક જોવાં વૃથા હોઈને શ્રીમતીએ સૌભાગ્યસુંદરીને કોઈ ચતુર પતિ ગ્રહણ કરવા કહ્યું. સૌભાગ્ય-સુંદરીએ કહ્યું કે, એવો પતિ મળવો દુર્લભ છે. એટલે સ્ત્રી ધારે તે કરી શકે છે એવું કહીને શ્રીમતીએ સ્ત્રીચરિત્ર પર મનમોહિનીની દૃષ્ટાંતકથા કહી.

**૨. મનમોહિની અને વિક્રમચરિત્રની કથા :** એક સમયે વિક્રમ રાજાએ વિદેશમાં એક સ્ત્રી સાથે લગ્ન કર્યાં. પછી તેને છોડીને તે પાછો ઉજ્જેણી આવ્યો. પેલી સ્ત્રીને પુત્ર થયો. મોટો થતાં તેણે ઉજ્જેણીમાં આવી રાજાના અનેક લોકોને અને ખુદ રાજાને પોતાની ચતુરાઈથી છેતર્યા. અંતે વિક્રમ રાજાએ પુત્રને ઓળખ્યો. એનું અદ્ભુત ચરિત્ર જોઈ તેને આનંદપૂર્વક સ્વીકાર્યો. રાજાએ તેને વિક્રમચરિત્ર નામ આપ્યું. વિક્રમ રાજાએ વિક્રમચરિત્રની ચતુરાઈ આગળ સ્ત્રીચરિત્ર પણ પાણી ભરે એવું જાહેર કર્યું, અને સ્ત્રીચરિત્રની સરસાઈ પુરવાર કરી આપવા નગરીમાં ઢાંઢી પીટાવી. એ સાંભળી નગરમાં રહેતા સુંદર શેઠની ચતુર કન્યા મનમોહિનીએ પોતાની સખીને કહ્યું : 'રાજા મૂર્ખ છે. એ કાંઈ પણ જાણતો નથી. સ્ત્રીચરિત્ર કરતાં વિક્રમચરિત્રની ચતુરાઈ કદાપિ ચઢિયાતી હોઈ શકે નહીં.' વિક્રમને આ વાતની જાણ થતાં તેણે મનમોહિનીને બોલાવીને પોતાને મૂર્ખ કહેવા બદલ ઠપકો આપ્યો. એટલે મનમોહિનીએ સ્ત્રીચરિત્ર અગમ્ય છે અને એની સરસાઈ કોઈથી પણ થઈ શકે નહીં, એમ જણાવી એના સમર્થનમાં આભીરીની દૃષ્ટાંત-કથા કહી.

**૩. આભીરીની કથા :** ધતુરો ગામ. ત્યાં ઢોલુ નામે આહીર. એની યુવાન પત્ની ઢોલડી. ઢોલુ પરગામ જતો એટલે એની સ્ત્રી ઢોલડી પોતાના યારને ઘરે બોલાવી એની સાથે રંગરાગ માણતી. એક વાર તે ગામમાં ભજવાતું નાટક જોઈ રહી હતી ત્યારે તે એક નાટકિયા પર મોહી પડી. તે એને પોતાને ઘેર લઈ આવી. તેને જમાડવા ખીર બનાવીને થાળી પીરસી, બારણાં બંધ કરી જમવા બેસાડ્યો, ત્યાં ઢોલડીના યારે આવીને બારણાં ઠોક્યાં. ઢોલડીએ નાટકિયાને તલના ઢગલામાં સંતાડી દીધો અને યારને ઘરમાં દાખલ કર્યો. યારે વાતચીત દરમ્યાન ભૂખ લાગી છે એમ જણાવી ખાવા માગ્યું. ઢોલડીએ એને ચૂલાની રાખ બતાવી. એટલામાં તો એનો ધણી ઢોલુ આવ્યો. ભૂખ્યા થયેલા ઢોલુએ ખાવાનું માગ્યું. ઢોલડીએ કંઈ ખાવાનું નથી એમ કહ્યું, પણ ઢોલુ ખીરની થાળી જોઈ ગયો. 'એ તો દેવનું નૈવેદ્ય છે,' એમ ઢોલડીએ કહ્યા છતાં તે ખીર ખાવા બેસી ગયો. દરમ્યાન ભૂખે પિડાતો નાટકિયો ફૂંકી ફૂંકીને તલ ખાવા લાગ્યો. પછી લાગ મળતાં તે ભાગ્યો. તેની પાછળ યાર પણ નાઠો. આ જોઈને ઢોલડીનો ધણી વિમાસણમાં પડ્યો. તક સાધીને ઢોલડી નાસનારા પ્રત્યે હાથ જોડીને બોલી ઊઠી : 'અરે મારા દેવ, મારો કશો દોષ નથી તોયે તમે શા માટે ચાલ્યા જાઓ છો ?' આમ કહીને ઢોલુને તેણે સમજાવ્યો : 'મારી ભક્તિથી પ્રસન્ન થયેલાં ઈશ્વર–પાર્વતી સ્વદેહે અહીં આવ્યાં હતાં, પણ તું નૈવેદ્ય ખાવા બેઠો એટલે તેઓ જતાં રહયાં. હવે જો મહાદેવની મહાપૂજા કરાવવામાં આવે તો તેઓ પાછાં ફરે.' એટલે ઢોલુ મહાપૂજા માટે જરૂરી ધન રળવા પરદેશ ગયો. દશાર્ણપુરના દશાર્ણભદ્ર રાજા પાસે નોકરી કરીને તેણે ધન મેળવ્યું. પછી ત્યાં મહાવીર પ્રભુની વાણી સાંભળી વૈરાગ્ય ઊપજતાં તેણે દીક્ષા લઈ લીધી.

૪. આ પ્રમાણે મનમોહિનીની વાત સાંભળી વિક્રમ રાજાએ એને પોતાના પુત્ર વિક્રમચરિત્ર સાથે પરણાવી. ચોકીપહેરા નીચે એક ભોંયરામાં મનમોહિનીને પૂરીને વિક્રમચરિત્રથી એક પુત્ર પ્રાપ્ત કરીને સ્ત્રીચરિત્રનું ચઢિયાતાપણું પુરવાર કરી બતાવવા કહ્યું. તેની સેવા માટે એક દાસી રાખી. મનમોહિનીએ દાસીને સવા લાખ રૂપિયાની વીંટી આપીને સાધી લીધી. તેની મારફત એક પાનના બીડામાં પિતા સુદંત શેઠને ત્યાં સંદેશો મોકલાવ્યો. તે અનુસાર પિતાએ ભોંયરાથી થોડા અંતરે એક મહેલ બંધાવીને ત્યાંથી ભોંયરા સુધીની એક સળંગ સુરંગ ગુપ્તપણે કરાવી. આ માર્ગે મનમોહિની જોગણીના વેશમાં એ મહેલમાં જઈને વીણા વગાડતી. તે પછી તેના કહ્યા પ્રમાણે સુદંત શેઠે જમાઈ વિક્રમચરિત્રને પોતાને ઘેર જમવા નોતર્યો. વિક્રમચરિત્ર પોતાના મિત્ર પ્રધાનપુત્રને સાથે લઈને જમવા ગયો. ત્યાં જોગણીએ વીણાવાદનથી તેને મુગ્ધ કર્યો. પછી બંને મિત્રો જોગણીને આવાસે આવ્યા. જોગણીએ એમનું સ્વાગત કર્યું. તેની સાથે વાર્તાલાપ કરતાં તેની સૂચના અનુસાર અંગત વાતચીત કરવા માટે ત્રણે જણ ચન્દ્રપુરી ગામ પાસેના વનમાં પહોંચ્યાં. વિક્રમચરિત્ર અને એનો મિત્ર વનમાં જતાં થાકી ગયા. જોગણીને કહીને શરીરનો થાક ઉતારવા ચન્દ્રપુરીમાં એક નાયીને ત્યાં જઈ, માલીસ કરાવી, નાહીને તેને ત્યાં જ સૂતાં. આ બાજુ મનમોહિની પુરુષવેશ સજી ચંદ્રપુરીમાં આવી. તપાસ કરીને પેલા બંને મિત્રો ક્યાં રહ્યા છે તે જાણી લીધું. મહિયારીનો વેશ ધારણ કરી, કઢેલું દૂધ લઈને નાયીના ઘર પાસે તે બેઠી. સાંજનો સમય થતાં બંને મિત્રો ઘરમાંથી બહાર આવ્યા, એટલે મહિયારીએ એમને

સ્વાદિષ્ટ દૂધ પીને જવાનો આગ્રહ કર્યો. આગ્રહને વશ થઈ તેમણે દૂધ પીધું. સ્વાદિષ્ટ લાગતાં વધુ દૂધ પીધું. દૂધ માટે સોનૈયા આપી બન્ને જવા લાગ્યા, ત્યારે મહિયારીએ કહ્યું : 'આ વિસ્તારમાં રાત્રે રાક્ષસનો બહુ ભય છે. રાત્રે બહાર નીકળનારને તે ભરખી જાય છે.' એટલે વિક્રમચરિત્ર મહિયારીને ત્યાં વાસો રહી ગયો. બિછાવેલા પલંગ પર પોઢેલા વિક્રમચરિત્રની પગચંપી કરવા મહિયારીવેશી મનમોહિની આવી. વિક્રમચરિત્રે પરસ્ત્રીના સ્પર્શનો વાંધો લેતાં, એણે તેને જણાવ્યું કે, તે કુંવારી છે અને એનામાં મોહી છે. એની પ્રેમજાળમાં ફસાયેલા વિક્રમચરિત્રે એની જોડે ગાંધર્વવિવાહ કર્યો. ભોગ-વિલાસ દરમ્યાન મનમોહિનીએ ચાલાકીથી એની મુદ્રિકા લઈ લીધી. સવારે ઊઠીને સાથે આવેલા મિત્રને મળ્યો ત્યારે મિત્રે 'જોગણીનો કોઈ પત્તો નથી અને એને કોઈ અહીં ઓળખતું નથી' એમ કહ્યું. મહિયારીને રસોઈ તૈયાર કરવાનું જણાવી તેઓ ગામ જોવા નીકળી પડયા.

૫. ગામમાં ફરતાં ફરતાં એમણે એવી વાત સાંભળી કે, ત્યાંની કામસેના ગણિકાએ એવી ઘોષણા કરાવી છે કે, તેની સાથે પાસા રમતાં, ત્રીજા દાવમાં પાસા નાખતાં પહેલાં રમનારો જો પાસે દીવો ધરીને ઊભી રહેતી બિલાડીના હાથમાંથી દીવો પડાવી લે, તો રમનારને તે પોતાનું બધું ધન આપી દઈ તેની દાસી થઈને રહેશે. નહીં તો રમનારને બંદી બનાવી તેનું બધું ધન તે લઈ લેશે. આ રીતે કામસેનાએ કેટકેટલાને બંદીવાન બનાવેલા. આ વાત સાંભળી કૌતુક ખાતર મિત્ર સાથે વિક્રમચરિત્ર કામસેનાને ત્યાં પાસાબાજી ખેલવા ગયો. ત્રીજો દાવ નાખતાં રમતના રસમાં બિલાડીના હાથમાંથી દીવો પડાવી નાખવાનું તે ચૂકી ગયો. કામસેનાએ તુરત જ તેના હાથમાં બેડી નાખી દીધી. આમ બન્ને જણા બંદીવાન બની ગયા. મહિયારી બનેલી મનમોહિની તેમની વાટ જોઈ થાકી. તપાસ કરતાં ખબર મળી કે, બંને મિત્રો કામસેનાને ઘેર બંદીવાન થઈ પડ્યા છે એટલે પોતે પુરુષવેશ ધારણ કરી, વિક્રમ રાજાનો પોતે સેવક છે એમ ઢોંગ રચી કામસેના સાથે પાસાબાજી રમવા ગઈ. ત્રીજો દાવ નાખતાં પહેલાં મોહિનીએ પાસે રાખેલ ઉંદરને છૂટો મૂક્યો એટલે બિલાડી ધડ દઈને દીવો મૂકીને ઉંદર પાછળ દોડી ગઈ. કામસેના હારી ગઈ. મનમોહિનીએ બંધનમાં પડેલા બધાને છોડાવ્યા. બંને મિત્રોને સાથે લઈ, ઘોડા પર બેસી, ત્રણે જણે અવંતીપુરી તરફ પ્રયાણ કર્યું. પછી અવંતીપુરી પાસે આવી એટલે મનમોહિનીએ કહ્યું : 'હું તો એક રાજસેવક છું. મેં મેળવેલી જીત વિક્રમચરિત્રે જ મેળવી છે એમ પ્રસિદ્ધ થવું યોગ્ય છે.' પછી કામનું બહાનું બતાવી મનમોહિની છૂટી પડી ગઈ. બંને મિત્રો અવંતીપુરી પહોંચ્યા. વિક્રમચરિત્રની વેશ્યા પરની જીતની ખ્યાતિ બધે પ્રસરી ગઈ. સભાજનો વગેરેએ એની ખૂબ પ્રશંસા કરી. ગર્ભવતી બનેલી મનમોહિની સુરંગ વાટે ભોંયરામાં આવી રહેવા લાગી. પૂરે દહાડે એને પુત્રનો પ્રસવ થયો. પુત્રનું હાલરડું ગાતી સાંભળીને દાસીએ તપાસ કરી. પુત્રજન્મની જાણ થતાં તેણે એ વાત વિક્રમ-રાજાને જણાવી. મનમોહિની પાસે આવીને વિક્રમે તે કલંકિની હોવાનો આરોપ મૂકયો. મનમોહિનીએ પોતે કરેલી પ્રતિજ્ઞા પૂરેપૂરી પાળી બતાવી હોવાનું જણાવ્યું. વિક્રમચરિત્રને બોલાવી તેની હાજરીમાં સર્વ પૂર્વવૃત્તાન્ત સંભળાવ્યો અને બધી એંધાણીઓ રજૂ કરી. આશ્ચર્ય પામેલા વિક્રમ રાજાએ સ્ત્રીચરિત્ર ચડિયાતું હોવાનું સ્વીકાર્યું. પુત્રવધૂને આશિષ દીધી. દંપતી સુખપૂર્વક રહેવા લાગ્યાં.

૬. સૌભાગ્યસુંદરીને આ દષ્ટાંતકથા કહી, દાસી યોગ્ય પુરુષની પરીક્ષા કરીને, સૌભાગ્યસુંદરી માટે તેને લઈ આવવા પાનનું બીડું લઈને તેની શોધમાં ચૌટે ગઈ. રાત્રિના બે પ્રહર વીત્યા ત્યારે નગરચર્ચા જોવા નીકળેલા રાજા ગુણચંદ્રે દાસીને જોઈ. દાસી પાનનું બીડું રાજાના હાથમાં આપી, 'મારી બાઈ તમને બોલાવે છે' એમ કહી રાજાને સૌભાગ્યસુંદરીના આવાસે ત્રીજે માળે લઈ ગઈ. દાસીએ ગુણચંદ્રને બારી પાસે લઈ જઈને ઊભો રાખ્યો. ત્યાંથી રાજા સૌભાગ્યસુંદરીનું અપૂર્વ રૂપ જોઈ મોહ પામ્યો. સૌભાગ્યસુંદરીએ તેને જોઈને તેની જોડે સમસ્યામાં વાતચીત કરવાનો આરંભ કર્યો. પહેલાં સૌભાગ્યસુંદરીએ ફૂલની ડાંડલી હાથમાં લીધી અને પછી જમણો હાથ બતાવ્યો. પણ રાજા એમાંથી એકેય સમસ્યા સમજી શકયો નહીં. પછી સૌભાગ્યસુંદરીએ વીણા હાથમાં લીધી અને પછી પોતાની જાંઘ દેખાડી. વળી હાથમાં ફૂલદડો લઈને તે મુખ પાસે લઈ જઈને સૂંઘવા લાગી. દડો ભોંય પર મૂકીને હસી. રાજા કશું પણ ન સમજયો. સૌભાગ્યસુંદરી કળી ગઈ કે, તે ચતુર પુરુષ નથી. તેણે તેને પાછો લઈ જવાનું દાસીને કહ્યું. દાસીએ રાજાને વિદાય કરી દીધો. રાજા પોતાને મહેલે પાછો ફર્યો. બીજે દિવસે સમસ્યાઓનો અર્થ જાણવા તેણે પોતાના વિશ્વાસુ માણસને સોળ સખીઓ સાથે સૌભાગ્ય-સુંદરીના આવાસે મોકલ્યો. બીજી રાત્રે સૌભાગ્યસુંદરીએ દાસીને કહ્યું : 'આપણા આવાસ સામેના તંબોળીને હાટેથી દરરોજ ચારઘડી રાત વીત્યા પછી એક પુરુષને પાન લેવા આવતો હું ગોખમાંથી જોઉં છું. તું તેને તેડી લાવ." એ પાન લેવા આવનાર રૂપચંદકુમાર જ હતો. દાસી તેને પાનબીડું આપી સૌભાગ્યસુંદરીની પાસે ત્રીજે માળે લઈ આવી. સૌભાગ્યસુંદરી અને રૂપચંદે એકબીજાની સાથે સંકેતો દ્વારા ગૂઢ પ્રશ્નોત્તરી કરીને અરસપરસના મનના ભાવ જાણી લીધા. સૌભાગ્યસુંદરીએ કુમારનું સ્વાગત કર્યું. તેની સાથે ગાંધર્વ-

વિવાહ કર્યા. પછી વિલાસક્રીડા કરતાં પ્રભાત થયું. આ વાત કોઈને ન જણાવવાનું નક્કી કરી બન્ને છૂટાં પડ્યાં.

૭. આ વાત રાજાના સેવકોએ રાજાને પહોંચાડી. રાજાએ ધનદત્ત શેઠને પુત્રો સાથે તેડાવ્યો. કશીક મુશ્કેલ પરિસ્થિતિ છે એમ સમજીને વણિકમહાજન પણ તેમની સાથે ગયું. રાજાએ પાનબીડાં લઈને મહાજનને પાછું મોકલ્યું. પછી, ચોથો પુત્ર રૂપચંદકુમાર નહોતો આવ્યો તેને રાજાએ બોલાવી મંગાવ્યો. એ ઉપસ્થિત થયો એટલે રાજાએ શેઠને રજા આપી અને રૂપચંદને વિશ્વાસમાં લેવાનો પ્રયાસ કરી તેને એકાંતમાં પૂછ્યું કે, જે સ્ત્રીની સાથે તેં રાત ગાળી તે કોણ છે અને તેણે કરેલા સંકેતોનો શો અર્થ છે? રૂપચંદે પોતે એ બાબત કશું જાણતો ન હોવાનું કહ્યું. સમજાવટ, દબાણ અને મારથી પણ તે ન માન્યો, ત્યારે તેને રાજા સૌભાગ્યસુંદરીની સમક્ષ લઈ જઈને માર મારવા લાગ્યો. એટલે સૌભાગ્યસુંદરીના કહેવાથી તેની દાસી દૂધથી ભરેલું કચોળું લઈ કુમારની સામે રાખી, પછી મૂંગી મૂંગી તે ઉકરડે નાખી આવી. રાજાએ રૂપચંદને એ સંકેતનો અર્થ પૂછતાં તેણે કશું જાણતો ન હોવાનું કહ્યું. બીજી વાર સૌભાગ્યસુંદરીના કહેવાથી જમણા હાથમાં એક સોનૈયો અને બે મોતી અને ડાબા હાથમાં અગ્નિ રાખીને રૂપચંદકુમારને બતાવી ગઈ. રાજાએ પૂછ્યું, ત્યારે એનો અર્થ પણ પોતે ન જાણતો હોવાનું કહ્યું. રાજાએ તેને શૂળીએ ચડાવવાની તૈયારી કરી. આ જાણી લોકોમાં હાહાકાર થયો. પિતા, ભાઈ, સ્ત્રી વગેરે અત્યંત શોકમાં બેભાન થઈ ગયાં. અંતે મહાજનના આગ્રહથી પ્રધાને સમસ્યાનો અર્થ મેળવી આપવાની બાંહેધરી આપી રૂપચંદને છોડાવ્યો. પછી પ્રધાને રાજાને સમજાવ્યો કે, જો તે રાજકુંવરીને રૂપચંદ સાથે પરણાવે તો તેની પાસેથી બધી સમસ્યાના બધા અર્થ પામી શકાય. એટલે રાજાએ પોતાની પુત્રી મદનમંજરી રૂપચંદને પરણાવી. રૂપચંદન શૂળીએ ચઢાવવામાં આવી રહ્યો છે તે જાણીને મૂર્છિત થયેલી સૌભાગ્યસુંદરી જ્યારે શુદ્ધિમાં આવી ત્યારે તેણે રૂપચંદની મુક્તિની વાત જાણી. તેણે તેની સાથે વિધિસર વિવાહ કરવાનું વિચાર્યું. બન્ને વચ્ચે ગુપ્ત પત્રવ્યવહાર થવા લાગ્યો. રાજકુમારી મદનમંજરીએ સમર્પણભાવે રૂપચંદને રીઝવીને તેની પાસેથી રાજાને સમસ્યાઓનો અર્થ બતાવવાનું વચન લીધું. પછી રાજાએ તેને બોલાવ્યો એટલે તેણે બધા સંકેતોનો ખુલાસો કર્યો.

[આધાર : **'રૂપચંદકુમાર રાસ'**]

**રૂપસેન અને કનકાવતી : ૧.** વિણુજનગરમાં મન્મથ રાજા. તેને રૂપસેન અને રૂપકુમાર બે પુત્રો. તે જુવાન થતાં બધી કલામાં તેઓ નિપુણ થયા. રૂપસેન મોટો હોવા છતાં રાજાએ તેનાં લગ્ન ન કર્યાં અને નાનાભાઈ રૂપકુમારનાં લગ્ન કર્યાં. આથી માઠું લાગતાં રૂપસેન નગર છોડી ગુપ્તપણે વિદેશ જવા ચાલી નીકળ્યો. વિદેશ જતાં માર્ગમાં રૂપસેનને એક બ્રાહ્મણ મળ્યો. તેની સલાહ અનુસાર રસ્તે આગળ જતાં એને ચાર યોગી મળ્યા. તેમના પિતાએ આપેલી કંથા, પત્ર (પાન) પાવડી અને દંડ એ ચાર ચમત્કારી વસ્તુઓની વહેંચણી અંગે તેઓમાં વિવાદ જાગ્યો હતો. એ ચમત્કારી કંથા યથેચ્છ ધન આપતી, ચમત્કારી દંડ મૃત્યુ પામેલાને સજીવન કરી શકતો, ચમત્કારી પત્ર (પાન) વૃક્ષાદિને પલ્લવિત બનાવી શકતું અને પાવડી આકાશમાર્ગે ગમન કરાવી શકતી. વિવાદ શમાવવા યોગીઓએ રૂપસેનને લવાદ તરીકે નીમ્યો. છોડેલું બાણ જે વહેલો લઈ આવે તેનો પસંદગીનો પહેલો અધિકાર એવું ઠરાવીને રૂપસેને બાણ છોડ્યું. જેવા તે યોગીઓ બાણ લઈ આવવા દોડ્યા, એ વખતે જ રૂપસેન ત્રણ ચમત્કારી વસ્તુઓ ઉઠાવી લઈને પગનપાવડીને બળે આકાશમાર્ગે ઊડી ચાલ્યો. તે કનકાપુર પહોંચી માલણને ત્યાં રહ્યો.

૨. એ નગરના કનકબ્રમ રાજાની પુત્રી કનકાવતીનાં રૂપનાં વખાણ માલણ પાસેથી સાંભળીને રૂપસેન પાવડીની મદદથી રાજમહેલમાં પહોંચ્યો. કનકાવતી તેને જોઈને તેના અપૂર્વ રૂપે મોહિત થઈ ગઈ. કનકાવતી સાથે રાત ગાળીને રૂપસેન વહેલી સવારે પોતાને ઉતારે પાછો ફર્યો. પછી એ એનો નિત્યક્રમ બની ગયો. એ રીતે સુખભોગ કરતાં છ માસ વીત્યા. એક વાર રાજાના પ્રધાનની દૃષ્ટિ રાજકુમારી ઉપર પડતાં, તેના શરીરમાં થયેલાં પરિવર્તનોથી તેને તેના શીલ બાબત વહેમ ગયો. રાજાને એ બાબતની તેણે જાણ કરી. રાજાએ મહેલના રક્ષકોને અપરાધી ગણી તેમને મૃત્યુદંડ દેવાની ધમકી આપી. વાત નગરમાં સર્વત્ર પ્રસરી ગઈ. એક ગણિકાએ ખરા અપરાધીને પકડી પાડવા બીડું ઝડપી, તે માટે તેણે એક માસની મુદ્દત માગી લીધી. તેની સૂચના પ્રમાણે રાજમહેલની ફરતો વધુ કડક ચોકીપહેરો ગોઠવાયો. મુદ્દતને અંતિમ દિવસે અકસ્માત રૂપસેન રક્ષકને હાથે પકડાઈ ગયો. રાજાના આદેશથી તેને શૂળીએ ચઢાવી દેવાયો. માલણને આ ઘટનાની જાણ થતાં તે શૂળી પાસે પહોંચી અને ચમત્કારી દંડ વડે તેણે રૂપસેનને સજીવન કર્યો. રૂપસેન ફરી માલણને ઘેર ગયો.

૩. રૂપસેન ફરી પાછો પાવડીની સહાયથી કનકાવતીના મહેલે ગયો અને તેને સાથે લઈને વનમાં નાસી ગયો. ત્યાં રાત્રે રૂપસેન ઊંઘી ગયો ત્યારે કનકાવતી પેલી ચાર ચમત્કારી વસ્તુ લઈને પોતાને મહેલે ભાગી આવી. સવારે જાગી ઊઠેલા રૂપસેને કનકાવતી અને ચમત્કારી ચીજો ગુમ થયાનું જાણ્યું.

કનકાવતીને કોઈ ઉઠાવી ગયું હોવાનું જાણી શોક કરતો તે વનમાં આમતેમ ભટકવા લાગ્યો.

**૪.** અહીંતહીં ભટકતા રૂપસેને એક વડ નીચે એક યોગી-યોગિનીને જોયાં. યોગિનીની હઠને વશ થઈને તેમણે તેમની પાસેની ચમત્કારી જડીબુટ્ટીના પ્રભાવથી વાનર–વાનરીનું રૂપ ધારણ કર્યું અને કનકાપુર તરફ તેઓ રવાના થયાં. પેલી જડીબુટ્ટી તેઓ ત્યાં જ ભૂલી ગયાં. રૂપસેને તે લઈ લીધી. જડીબુટ્ટીમાં એવો ગુણ હતો કે ડાબી બાજુએથી સૂંઘે તો મનુષ્ય વાનર બની જાય અને પછી જમણી બાજુથી સૂંઘે તો તે ફરી મનુષ્યના મૂળ રૂપમાં આવી જાય. રૂપસેન જડીબુટ્ટી સૂંઘી વાનરરૂપ ધારણ કરીને, યોગી–યોગિનીની પાછળ પાછળ જવા લાગ્યો. ત્રણે જણ કનકાપુર આવી પહોંચ્યાં. પેલી માલણને ત્યાં જઈ રૂપસેન પાછો મનુષ્યરૂપ બની ગયો અને તેને જે બન્યું હતું તે જણાવ્યું. ચમત્કારી ચીજો પાછી મેળવવા રૂપસેને માલણની સહાયથી એક યોજના ઘડી. તે યોજના અનુસાર રૂપસેન જડીબુટ્ટી સૂંઘીને વાનર બની ગયો. માલણ તેને કનકાવતી પાસે લઈ ગઈ. તેનાં વખાણથી પ્રભાવિત થઈ રાજકુંવરીએ એ વાનર ખરીદી લીધો. રાજકુમારી તો બધું ભૂલીને તેની સાથે મનોરંજનમાં બધો સમય વીતાવવા લાગી. વાનરરૂપ રૂપસેને લાગ જોઈને મધરાતે કુંવરીને જડીબુટ્ટી સુંઘાડી વાનરી બનાવી દીધી. તેને ખાટના પાયા સાથે બાંધી દઈ પોતે માનવરૂપ ધારણ કરી ચમત્કારી ચીજો લઈને તે માલણને ઘેર પહોંચ્યો. કનકાવતીની આ દશાની જાણ થતાં દુઃખી થયેલા રાજા કનકબ્રહ્મે દાંડી પિટાવી કે વાનરી બની ગયેલી રાજકુમારીને જે સાજી કરશે તેને અર્ધું રાજ્ય આપી એને કુંવરી પરણાવવામાં આવશે. રૂપસેને જડીબુટ્ટી સુંઘાડીને કનકાવતીને ફરી પાછી સ્ત્રીસ્વરૂપમાં આણી. રૂપસેન પાસેથી એનાં સાચા સ્વરૂપ અને ઊંચા કુળ અંગે જાણી કનકાવતી આનંદથી એની સાથે પરણી. કનકાવતીને લઈ રૂપસેન પોતાને નગર આવ્યો. પિતાએ ધામધૂમથી તેનું સ્વાગત કર્યું.

[આધાર : **'રૂપસેનચતુષ્પદિકા'**]

**રૂપાવતી (સિંહાસનબત્રીસી–૨, એકત્રીસમી કથા):** ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી રેણુકા નામની એકત્રીસમી પૂતળીએ વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. રાજકુંવરીનો ગુરુપુત્ર સાથે પ્રણયસંબંધ :** નારસિંધ રાજાની વિદ્યાભ્યાસ કરતી પુત્રી રૂપાવતી ગુરુપુત્ર બુદ્ધિસાગરની સાથે ગુપ્તપણે સમસ્યાની આપલે કરતાં તેના પ્રેમમાં પડી. આપઘાત કરવાનો ડર બતાવી તેણે બુદ્ધિસાગરને મળવા બોલાવ્યો. રાજદંડથી ડરતો બુદ્ધિસાગર તેને મળવા ગયો અને કુંવરીની હઠ જોઈને તેની સાથે ગાંધર્વલગ્ન કર્યાં. તે પછી તેઓ ગુપ્ત રીતે રાજકુંવરીને આવાસે મળતાં. એક વાર રાજાને વહેમ ગયો, એટલે જ્યારે વાયદા પ્રમાણે કુંવરીને મળવા બુદ્ધિસાગર આવ્યો, ત્યારે તેણે પકડાવ્યો અને વળતે દિવસે સવારે તેને શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો. શૂળી પાસે રહેલા બુદ્ધિસાગરની પાસેથી નગરશેઠનો પુત્ર તેજપાળ પસાર થઈ રહ્યો હતો. તેણે પૂછ્યું એટલે ગુરુપુત્રે બધી વાત કરીને, કુંવરીને મળવાનો વાયદો ન પળાયો તેનું દુઃખ વ્યક્ત કર્યું. તેજપાળે જામીન થઈ બુદ્ધિસાગરને છોડાવ્યો. તેણે રાજકુંવરીને આવાસે જઈ રાત ગાળી. સમયસર બુદ્ધિસાગર પાછો ન આવ્યો તેથી ચોકીદારો તેજપાળને શૂળીએ ચડાવવા તૈયાર થયા. આ વાતની જાણ થતાં તેજપાળનાં માબાપ અને તેની પત્ની દોડી આવ્યાં અને તેજપાળની બદલીમાં પોતાને શૂળીએ ચડાવવાની તેમણે માગણી કરી. બુદ્ધિસાગરનાં માબાપ પણ આવી પહોંચ્યાં અને તેઓ પણ શૂળીએ ચડવા તૈયાર થયાં. એટલામાં બુદ્ધિસાગર તથા રૂપાવતી આવી પહોંચ્યાં અને તેમણે પોતાને જ શૂળીએ ચડાવવાનો આગ્રહ કર્યો. પ્રધાને રાજાને આ પરિસ્થિતિ જણાવી. બધી વાત સમજીને રાજા અને તેનો પ્રધાન પણ બદલીમાં શૂળીએ ચડવા તૈયાર થયા. તે વેળા જગન્નાથની યાત્રાએ જતો વિક્રમ રાજા ત્યાંથી પસાર થયો. બધી વાત જાણીને તેણે પણ બદલીમાં પોતાને શૂળીએ ચડાવવા કહ્યું. પછી એવો તોડ કાઢ્યો કે જો પરમેશ્વર આ સંબંધ માટે સાક્ષી પૂરે તો શૂળીનો દંડ માફ કરી શકાય અને રાજકુંવરીને બુદ્ધિસાગરની સાથે પરણાવાય. વિક્રમરાજા આઠ દિવસનો વાયદો કરીને પરમેશ્વરને પૂછવા રવાના થયો.

**૨. ભગવાનની શોધમાં નીકળેલો વિક્રમ :** પાંડવો જે રસ્તે ગયા હતા તે રસ્તે વિક્રમ હિમાલય તરફ જવા લાગ્યો. રસ્તે જતાં તેને આંબો, મગરમચ્છ, કૂવો, વાણિયો—એટલા જુદા જુદા દુઃખિયાઓએ તેમનું દુઃખ દૂર કરવાનો ઉપાય ભગવાનને પૂછી લાવવાનું કામ સોંપ્યું. વિક્રમ આઠ દિવસની અવધિમાં કામ પાર ન પડતાં, નિરાશ થઈને, મહાદેવ તથા હરસિદ્ધ માતાની સ્તુતિ કરીને અગ્નિમાં ઝંપલાવવા ગયો, ત્યારે ભગવાને પ્રત્યક્ષ થઈને તેને વાર્યો અને વિક્રમ કહે ત્યારે પ્રગટ થઈને સાક્ષી પૂરવા ધારણા દીધી. પછી વિક્રમ તેને મળેલા દુખિયાઓનાં દુઃખનાં કારણ અને ઉપાય ભગવાન પાસેથી જાણીને પાછો વળ્યો.

**૩. ભગવાન પાસેથી ઉપાયો જાણી દુઃખિયાનાં દુઃખ શમાવતો વિક્રમ :** મગરમચ્છને શરીરે આગ બળતી

હતી, કેમ કે આગલે જન્મે જ્યારે તે વિદ્વાન હતો ત્યારે તેણે કોઈને વિદ્યાદાન કર્યું નહોતું. વિક્રમે રસ્તે મળેલા બ્રાહ્મણને મગરમચ્છ આગળ લઈ જઈને તેની પાસેથી તેને વિદ્યાદાન અપાવ્યું અને મગરમચ્છનો રોગ ટાળ્યો.

આંબાનાં ફળ કોઈ ખાતું ન હતું, કેમ કે તેની નીચે ધન દટાયેલું હતું. રસ્તે મળેલા ગરીબ વણિકપુત્રને આંબા નીચેનું ધન અપાવીને વિક્રમે બંનેનું દુઃખ ટાળ્યું.

વાણિયો અપુત્ર હતો અને તેણે ગળાવેલું નવાણુ નપાણિયું રહેતું હતું, કેમ કે આગલે જન્મે તેણે વીસ બ્રહ્મહત્યાનું પાપ વહોર્યું હતું. દુઃખના ઉપાય તરીકે બત્રીસલક્ષણાનો ભોગ આપવાનો હતો વાણિયાએ પોતાની જાતનો ભોગ આપવા ના પાડી, એટલે વિક્રમે પોતાનો ભોગ આપવા માંડ્યો. હરિસિદ્ધ માતાએ તેને વાર્યો. નવાણમાં પાણી ભરાયું અને વાણિયાને પુત્રજન્મની આશા બંધાઈ.

કૂવાનું પાણી ઝેર જેવું હોઈ કોઈ પીતું ન હતું, કેમ કે તેમાં એક સાપ પોતાની પાસે પાંચ રત્ન રાખીને રહેતો હતો. વિક્રમને રસ્તામાં એક પંડિત મળ્યો. તેનો પુત્ર મૃત્યુ પામેલો અને બાપે તેને સોંપેલાં રત્નનો પત્તો લાગતો ન હતો. વિક્રમ તેને કૂવા પાસે લઈ ગયો, અને તેમાં રહેતા સાપ પાસેથી તેના આગલા જન્મના આ બાપને રત્ન અપાવ્યાં, એટલે કૂવાનું પાણી મીઠું થઈ ગયું. પાછા આવીને વિક્રમે રાજા સહિત સૌને જણાવ્યું, કે રાજકુંવરી અને બુદ્ધિસાગરનો સંબંધ ભગવાને માન્ય ગણ્યો છે. ખાતરી કરાવવા વિક્રમે ભગવાનનું સ્મરણ કર્યું. ભગવાને દર્શન દઈને સાક્ષી પૂરી. નારસિંધ રાજાએ પંથી બીજો કોઈ નહીં પણ વિક્રમ રાજા છે એવું જાણીને તેનું ઘણું સન્માન કર્યું. રાજકુંવરીને બુદ્ધિસાગર સાથે પરણાવી. વિક્રમે પોતાના પ્રધાનની પુત્રી તેજપાળને પરણાવી.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.

આ કથા ભોજરાજાને કહીને રેણુકા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી'**–૨, એકત્રીસમી કથા]

**રૂપાં અને સુંદર :** ૧. ચન્દ્રવતી નગરીના ચંદ્રસેન રાજાની પુત્રી રૂપાં પંડિત વિશ્વનાથને ત્યાં વિદ્યાભ્યાસ કરતી હતી ત્યારે તેની અને વિશ્વનાથના પુત્ર સુન્દરની વચ્ચે પરસ્પર આકર્ષણ થયું. રૂપાંએ તેની સાથે જ લગ્ન કરવાનું સુંદરને વચન આપ્યું. રૂપાંને યૌવનમાં આવેલી જોઈ રાજા ચંદ્રસેન તેને માટે વર શોધવા લાગ્યો. કોઈ કામીજનની તેની ઉપર નજર ન પડે તે રીતે તેને આનંદમાં રાખવા યત્ન કરવા લાગ્યો.

રૂપાં અને સુન્દર પરસ્પરના વિયોગથી પીડાવા લાગ્યાં. રૂપાંએ સુન્દરને મળવાનો સંચ રચી પોતાની સખી ફૂલાં મારફત મધ્યરાત્રિએ નિશ્ચિત કરેલા સ્થાને મળવા આવવા સુંદરને સંદેશો મોકલ્યો.

૨. બીજી તરફ રાજાએ નગરમાં પડો વજડાવ્યો હતો કે, જે કોઈ પહોર રાત વીત્યા પછી બહાર નીકળશે તેનો, જાત ભાત પૂછ્યા વગર વધ કરવામાં આવશે. વચન આપ્યા પ્રમાણે પોતે નહીં જાય તો સ્ત્રીવધનું પાપ લાગશે એવી ચિન્તાથી સુન્દર રૂપાંને મળવા તૈયાર થઈ નીકળ્યો. કોટવાળના વેશમાં રહેલા રાજાએ સુન્દરને પકડ્યો અને પૂછપરછ કરી. સુન્દરે બ્રાહ્મણ તરીકે પોતાની ઓળખાણ આપી અને જવા દેવા વિનંતી કરી. સવાર પડતાં જ હાજર થઈ જવાની ખાતરી આપી. રાજાના કહેવાથી તેણે પોતાના પ્રતિષ્ઠિત મિત્ર ધનશ્યામનું નામ જામીન તરીકે આપ્યું એટલે રાજાએ તેને જવા દીધો. સુન્દર સંકેતસ્થાન તરફ ચાલ્યો, ત્યારે રાજા પણ તેની પાછળ પાછળ ગયો. સુંદર મહેલની પછીતે જઈ ત્યાં બાંધેલ દોરડાની સહાયથી રૂપાંની મેડીએ પહોંચ્યો. રૂપાંએ તેની પાસે પોતાની વિરહવેદના વર્ણવી. સુન્દરે રૂપાંને મળવા આવતી વખતે બનેલી ઘટનાની વાત કરીને સવારે રાજા તેનો વધ કરશે એમ જણાવ્યું. જો સુન્દરને મૃત્યુદંડ મળશે તો પોતે પણ ગળે ફાંસો ખાઈને મરી જશે એવો નિશ્ચય રૂપાંએ વ્યક્ત કર્યો. ઘોડા પર બેસી પુરુષવેશે તે સુન્દર સાથે નાસી જવા તૈયાર થઈ. સુન્દર અને રૂપાં વચ્ચેની વાતચીત ગુપ્ત રીતે સાંભળીને ચંદ્રસેન રાજા ચિંતાતુર થયો. એ હત્યાથી ડરીને તેણે નક્કી કર્યું કે વણિક, સુન્દર અને રૂપાંની કસોટી કરીને પછી જ રૂપાંને સુન્દર સાથે પરણાવવી.

૩. સવાર પડતાં સુંદર રૂપાંની મેડીએથી ઊતરી મિત્રને ત્યાં ગયો. તેને રાતની સઘળી બિના જણાવી. એવામાં રાજાના સૈનિકો આવીને ધનશ્યામને પકડી ગયા. સુન્દર તેની પાછળ પાછળ ગયો અને તેને છોડી મૂકવા રાજાને વીનવવા લાગ્યો. વણિક મિત્રે સ્નેહી બ્રાહ્મણ મિત્ર માટે પ્રાણ આપવાની તૈયારી બતાવી. તેનાં વચનથી રાજા પ્રભાવિત થયો. રાજાએ તે પછી પોતાની પુત્રીની કસોટી કરવા વિચાર્યું. સુંદરને વધસ્થાને લઈ જવા તેણે સેવકોને આદેશ દીધો. ગામલોકો પણ તેની પાછળ ગયા. થોડી વાર બાદ રાજાએ આવીને સુન્દરને તે ક્યાં વિશેષ ગુણો કે શક્તિ ધરાવે છે તે વિશે પૂછ્યું. સુન્દરે પોતે ઊડતાં પક્ષીને બાણ મારીને નીચે પાડવાની અને અંધારામાં

શબ્દવેધી બાણ મારવાની શક્તિ ધરાવતો હોવાનું કહ્યું. રાજાએ ત્યાં જ તે અંગે પરીક્ષા કરી. સુંદરને ગુણવાન જાણી રાજાએ વાજતેગાજતે રૂપાંનું તેની સાથે લગ્ન કરી આપ્યું અને તેને અર્ધું રાજ્ય આપ્યું.

[આધાર : **'રૂપસુંદર કથા'**]

**રૂપિયો પડી ગયો (સૂડાબહોંતેરી,** ઓગણીસમી કથા) : એક ગામમાં એક રજપૂત રહે. એને રાજુલ નામે પત્ની હતી. રાજુલને એક પ્રેમી હતો. એક વાર તે તેને મળવા આવતો હતો ત્યારે રાજુલે તેને સામેના રસ્તા પર જોયો. તે વખતે રજપૂતને ત્યાં પાંચ પરોણા આવેલા હતા, એટલે રજપૂત ઘેર હતો. ઘરમાં માણસો જોઈને નિરાશ બનીને પાછા ચાલ્યા જતા પ્રેમીને રાજુલે ઇશારાથી જણાવ્યું કે, હું બહાર નીકળી તને મળું છું. પછી મહેમાનો જમવા બેસતા હતા ત્યાં રાજુલે એના ધણીને કહ્યું : 'ઘરમાં ઘી ખૂટી ગયું છે.' રજપૂત પાસે પૈસાનો જોગ ન હતો. રાજુલે કહ્યું : 'ચિંતા ન કરો. મેં મારા પિયરથી મળેલો એક રૂપિયો સાચવી રાખ્યો છે. બજાર-માંથી અબઘડી ઘી લઈને આવું છું". રાજુલ આમ ઘરની બહાર નીકળી અને પેલા પ્રેમીને જઈને મળી. રસ્તામાં પાસેના મંદિરમાં રહેતી અને કૂટણીનો ધંધો કરતી ડોશીએ તેમની વાત સાંભળીને તેમને સમાગમ માટે મંદિરમાં સગવડ કરી આપી.

આ બાજુ મહેમાન જમવાની રાહ જોતા બેઠા રહ્યા. તેમનું મહેણું સાંભળી રાજપૂત ગુસ્સે ભરાઈ ઉઘાડી તલવારે રાજુલને શોધવા નીકળ્યો. પ્રેમી સાથે મોજ માણી બહાર નીકળેલી રાજુલે પતિને ધસમસતો આવતો દૂરથી જોયો. નીચે પડી જઈને, પાટો બાંધીને ચોતરફની ધૂળ એકઠી કરી, મોટે સાદે રડતી તે ઢગલામાંથી કશુંક શોધવા લાગી. લોકો એકઠા થઈ ગયા. રજપૂતે શું થયું એની પૂછપરછ કરી. રાજુલે રડતાં રડતાં કહ્યું : 'ઘી લેવા હું ઘેરથી જતી હતી ત્યાં ઠેસ લાગી તો હું પડી ગઈ, હાથમાંથી રૂપિયો પડી ગયો. ચારેબાજુ ખૂબ શોધ કરી પણ ન મળ્યો. એટલે છેવટે આ બધી ધૂળ ભેગી કરીને એમાં રૂપિયો શોધું છું". ટાઢો પડેલો રજપૂત ચાળણી લાવી ધૂળ ચાળવા લાગ્યો. એટલે ખોવાયેલો રૂપિયો મળી આવ્યો. ઘરની લાજ રાખવા રાજુલે દોડાદોડ કરી તે માટે રજપૂતે તેનાં વખાણ કર્યાં. ગુંદરપાક ખવરાવી તેની ચાકરી કરી તેને સાજી કરી. બચી ગઈ તે માટે બ્રહ્મભોજન કરાવ્યું અને કુટુંબ જમાડ્યું અને જીવનભર તેને પ્રેમથી રાખી.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, ઓગણીસમી કથા]

**રોહિણી** (શીલપાલન વિશે દૃષ્ટાંતકથા) : પાડલિપુર નગરમાં નંદરાજા. તે નગરમાં ધનાવહ શેઠને રોહિણી નામે અત્યંત સ્વરૂપવાન પત્ની. એક વખત રોહિણીની રજા લઈ ધનાવહ ધનોપાર્જન માટે વિદેશ ગયો. રોહિણી ધર્મધ્યાન કરી શીલનું પાલન કરતી હતી. એક વાર નંદરાજાએ તેને જોઈ. કામાંધ થયેલા તેણે દૂતને મોકલી અજુગતી માગણી કરી. રોહિણીએ સમય પારખી રાત્રિએ આવવા કહ્યું. રાત્રે નંદ રોહિણીને ત્યાં આવતાં, તેણે સુવર્ણની થાળીમાં જુદાં જુદાં પાત્રોમાંથી રાજાને રસોઈ પીરસી. રાજાએ તે ચાખતાં એક જ સ્વાદ લાગ્યો. રાજાએ રોહિણીને તેનું રહસ્ય પૂછ્યું. 'જેમ આ વસ્તુ જુદી જુદી દેખાય છે પણ સ્વાદ એક જ છે, તેમ સંસારમાં બધી સ્ત્રીઓ રૂપરંગે જુદી હોવા છતાં સર્વ સ્ત્રીઓ ઇન્દ્રિયોપભોગ માટે એકસરખી જ. પરંતુ વિશેષતા એટલી જ કે, સ્વદાર-સંભોગથી સંતોષ લેવો તે સન્માર્ગ અને પરસ્ત્રીનો સંભોગ તે અસન્માર્ગ.' આ સાંભળી રાજા પ્રતિબોધ પામ્યો. રોહિણીને પગે લાગી તે ઘેર આવ્યો. થોડા વખત પછી ધનાવહ ધનપ્રાપ્તિ કરી ઘેર આવ્યો. તેણે દાસીના મુખેથી નંદરાયનો વૃત્તાંત સાંભળ્યો. એ સાંભળી ધનાવહે વિચાર્યું કે, નક્કી નંદે રોહિણીને ભોગવી હશે. તેણે રોહિણીની સાથે અબોલા લીધાં. પછી સતત વરસાદને કારણે ગંગાનદીમાં ભારે પૂર આવ્યું જેનાથી પાડલિપુત્ર ઘેરાઈ ગયું. રોહિણીએ હાથમાં અંજલિ લઈ મન, વચન, કાયાથી પોતે શુદ્ધ હોય તો પૂરના પાણીને પાછાં વળી જવા વિનંતી કરી. અંજલિ છાંટતાં જ પાણી પાછાં વળી ગયાં. આથી, તેના પતિના મનની આશંકા ટળી ગઈ. શીલનો મહિમા વધ્યો.

[આધાર : **'શીલોપદેશમાલા – બાલાવબોધ'**, પાંત્રીસમી દૃષ્ટાંતકથા]

**રોહિણિયો ચોર :** જુઓ **અભયકુમાર મંત્રી**, ઘટક ૯.૪.

**લક્ષબુદ્ધિની વાર્તા (= બુદ્ધિચતુર વણિકપુત્રો) (= બુદ્ધિચાતુર્યની કસોટી)** (**સિંહાસનબત્રીસી–૨**, સત્યાવીસમી કથા) : **૧. રત્નચોર કોણ ?** : ફરી પાછો ભોજ-રાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી તરુણી નામની સત્યાવીસમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

સિંધદેશના નગરશેઠને ચાર પુત્રો હતા: શતબુદ્ધિ, સહસ્ર-બુદ્ધિ, લક્ષબુદ્ધિ અને કરોડબુદ્ધિ. બાપનો અંતકાળ નજીક

આવ્યો. તેને ચાર દિવસ પછી પોતાનું મૃત્યુ થશે એમ સૂઝ્યું. તેણે ચાર પુત્રને એક એક રાત પોતાની પાસે વારાફરતી સૂવા બોલાવ્યા. ઓરડામાં દાટેલાં ચાર રત્ન પોતાના મૃત્યુ પછી વહેંચી લેવા અને બાકીનું બધું ધન દાનમાં આપી દેવા શેઠે તેમને કહ્યું. પછી શેઠનું મૃત્યુ થયું. શેઠનું કારજ કરી એક માસે ઓરડો ઉઘાડી રત્નનો દાબડો કાઢીને જોયું તો તેમાં ત્રણ જ રત્નો હતાં. ચોથું રત્ન કોણે લીધું હશે તે ન જણાયું. ૭ દિવસ વિચાર કરીને પુત્રોએ ઉજ્જેણીમાં વિક્રમ રાજા પાસે જવા ઠરાવ્યું. ઉજ્જેણીમાં નગરચર્યા જોતાં વિક્રમે અનેક રીતે ચારે જણની બુદ્ધિમત્તા ગુપ્ત રહીને જાણી લીધી. પછી તે પ્રકટ થયો. ચારેય પુત્રો વિક્રમની સેવામાં રહ્યા. તેમની પાસે પતાવવા માટે ચાર કજિયા આવ્યા.

**૨. ચાર કજિયા : શતબુદ્ધિએ ચૂકવેલો પહેલા કજિયાનો ન્યાય :** પહેલા કજિયામાં માલણને ત્યાંથી ચોરી કરતા પકડાયેલા એક સોનીને સભા આગળ ઊભો કરવામાં આવ્યો. શતબુદ્ધિએ એ સોનીને ઘેર જઈ તેની વહુ પાસેથી જાણ્યુ' કે સોની કોઈક બીજી સ્ત્રી પાછળ ગાંડો થયો હતો. તેથી તેણે સોનારણનાં બધાં ઘરેણાં અને તેના પિયરથી આપેલો નવસરો હાર પણ પેલીને સોંપ્યો છે. શતબુદ્ધિએ માલણને ત્યાં જઈને કહ્યું : 'તારો મિત્ર સોની મારો પણ ભાઈબંધ થાય. તેને રાજા શૂળીએ દે છે. તેણે તને આપેલો નવસરો હાર તું લાંચમાં આપે તો તે છૂટે.' માલણે તે આપ્યો. શતબુદ્ધિએ રાજાને બધી વાત કરી. માલણને ધમકી આપી એટલે તેણે, કબૂલ્યું કે મેં અને મારા વરે સોનીનો પૈસો પડાવવાની ગોઠવણ કરેલી. છેલ્લે હાર બાકી રહ્યો હતો. તે મંગાવી લઈ, 'ચોર' 'ચોર'ની બુમરાણ કરીને સોનીને પકડાવ્યો. રાજાએ સોનીને છોડી મૂક્યો. અને માળી–માલણને શિક્ષા કરી.

**૩. સહસ્રબુદ્ધિએ ચૂકવેલો બીજા કજિયાનો ન્યાય :** રજપૂતાણીને ચૂડી પહેરાવવા આવેલો રજપૂત રસ્તામાં તેનો દોસ્ત મળતાં તેની સાથે રળવા પરદેશ ઊપડી ગયો. રજપૂતાણીને એક ઝવેરી ઘરેણાં દેખાડવા પોતાને ઘરે લઈ ગયો અને તેને રખાત તરીકે રાખી. તેનાથી ચાર પુત્ર થયા. બાર વરસે રજપૂત પાછો આવ્યો. પોતાની બૈરીની ઝવેરીને ત્યાંથી ભાળ મેળવી. તેણે તેનો કબજો લેવા પ્રયત્ન કરવા માંડ્યો. વાત રાજદરબારે પહોંચી. સહસ્રબુદ્ધિએ તેમનો ન્યાય કર્યો. રત્ન રસ્તામાંથી જેને મળે તે, રત્નનો મૂળ માલિક ન મળે ત્યાં સુધી જ રાખી શકે. પછી તેના પર મૂળ ધણીનો હક એ ન્યાયે બૈરી રજપૂતને પાછી મળે. વેલની જે ડાળો પડોશીના આંગણામાં હોય તેની ઉપરનાં ફળ પર પડોશીનો હક; પુત્રો પર ઝવેરીનો હક. પરંતુ જે છોકરા એમની માતાને વળગીને આવે તે રજપૂતના.

**૪. લક્ષબુદ્ધિ અને કરોડબુદ્ધિએ ચૂકવેલો ત્રીજા અને ચોથા કજિયાનો ન્યાય :** ત્રીજા કજિયામાં સ્ત્રીપુરુષ ફરિયાદ લઈને આવ્યાં. સ્ત્રીની ફરિયાદ હતી કે 'રોજનો એક રૂપિયો અને બત્રીસ દિવસના બત્રીસ રૂપિયા મને આપવાના, જો ન આપે તો સો રૂપિયા દંડ' એવું ખત આ પુરુષે મને લખી આપેલું. તેણે એકત્રીશ ભર્યા, પણ બત્રીશમો તે ચૂક્યો. છતાં દંડ મને નથી આપતો. પુરુષે કહ્યું, 'મેં એકત્રીશ ભર્યા તે પછી આ સ્ત્રીની ધીરજ ન રહી. તેણે મારે ઘેર આવી, બળ કરીને ચાકર પાસેથી માલ ખૂંચવી લીધો. આથી મારું દેવું ભરપાઈ થઈ ગયું. હું દંડ શાનો ભરું ?' એટલામાં બીજાં સ્ત્રીપુરુષો ચોથી ફરિયાદ લાવ્યાં. સ્ત્રી કહે : 'મારા જવના લીલા ખેતરને શેઢે આ પંથીએ આવીને ઘોડો બાંધ્યો. મેં તેને ચેતવ્યો કે તારો ઘોડો મારા જવ ચરી જશે. પંથીએ કહ્યું કે, ઘોડો મારા વશમાં છે. ઘોડો મારા જવ ચરે તો સો રૂપિયા દંડના આપવાનું તેણે લખત કર્યું. રાતની પાછલી બે ઘડી બાકી હતી. ત્યારે ઘોડો બહેકીને છૂટ્યો ને મારું ખેતર ભેળ્યું. તો મને દંડના રૂપિયા મળવા જોઈએ.' પુરુષે કહ્યું, 'મેં ઘોડાને બરોબર બાંધેલો. આખી રાત હું જાગ્યો હતો. સવારે મેં જરા નિદ્રા કરી ત્યાં સ્ત્રીએ સો રૂપિયા લેવાના લોભે મારા ઘોડાને છોડી મૂક્યો એટલે તે ખેતરમાં ગયો. આમ સ્ત્રીએ ઠગાઈ કરી છે, તો હું દંડ શેનો આપું ?'

લક્ષબુદ્ધિ અને કરોડબુદ્ધિએ બન્ને પુરુષોને એકાંતમાં બોલાવીને ખરી વાત પૂછી. તેમના કહ્યા પ્રમાણે તેઓ બંને સરોવર પાસેથી જતા હતા. પાણી ભરીને જતી બે સુંદરીમાંથી એકને જોઈને તેમાંથી એક પુરુષે કહ્યું : 'આ સ્ત્રી મને રાત રાખે તો ચાર પહોરની બત્રીશ ઘડીમાં હું તેને બત્રીશ વાર ભોગવું.' એટલે બીજા પુરુષે બીજીને જોઈને કહ્યું, 'આ સુંદરીની સાથે હું રાત ગાળું તો સો ઉપાયે પણ ચળું નહી'' બંને સ્ત્રીઓએ એ વાત સાંભળીને કહ્યું : 'આજ રાત તમે આવો. જો તમે હારો તો સો રૂપિયા તમારે આપવાના' બંને પુરુષો પોતપોતાના ઘેર આવી ખાટલે પડ્યા તેમની બત્રીશ-લક્ષણી સ્ત્રીઓએ તેમની પાસેથી વાત જાણી. તેમણે તેમને જીતવાના ઉપાય બતાવ્યા. તે પ્રમાણે બંને જણ પેલી સુંદરીઓ સાથે રાત ગાળવા ગયા. પહેલાએ બત્રીશ શેર દૂધ વસાણા સાથે તૈયાર રાખેલું. એક ઘડી થાય એટલે બહાર જઈને નોકરના હાથમાંથી એક શેર દૂધ તે પી આવે. એમ એકત્રીશ વાર પીધું. પછી પેલી સ્ત્રીને શંકા પડી. તેણે બહાર આવી

નોકરના હાથમાંથી બત્રીશમી વારનું દૂધ લઈ લીધું. બત્રીશમી વાર પુરુષ બહાર આવ્યો, તો નોકર ખાલી હાથે હતો. એટલે છેલ્લીવાર તે સ્ત્રીને ભોગવી ન શક્યો.

બીજો પુરુષ બીજી સુંદરીને ઘેર ગયો. ત્યારે તે નવે નાડીએ બંધ બાંધીને રહ્યો. સ્ત્રીએ ઘણા હાવભાવ કર્યા. પણ તે વશ ન થયો. પાછલી રાતે તેને નિદ્રા આવી ગઈ ત્યારે લાગ જોઈને સ્ત્રીએ તેના બંધ છોડી નાખ્યા. તે પછી તેનો સ્પર્શ થતાં પુરુષનો કામ જાગ્યો. અને સ્ત્રી સાથે તેણે ભોગ કર્યો. આમ, બન્ને સ્ત્રીઓએ પુરુષોને છેતરીને શરતભંગ કરાવ્યો હતો. તેથી લક્ષબુદ્ધિ અને કરોડબુદ્ધિએ સ્ત્રીઓને જૂઠી ઠરાવી, અને પુરુષોને સો સો રૂપિયા અપાવ્યા. વિક્રમ તેમની બુદ્ધિ અને ન્યાયશક્તિથી પ્રસન્ન થયો.

**૫. ચારેની ચતુરાઈની કસોટી** : વિક્રમે તેમને માટે એક કસોટી યોજી. ચારેયને એક એક ગુપ્ત પત્ર આપી, જુદા જુદા દેશના રાજાઓ પાસે મોકલ્યા. શતબુદ્ધિના પત્રમાં તેનાં કાનનાક કાપી, તેને ગધેડે ફેરવવાની આજ્ઞા કરી હતી. શતબુદ્ધિએ એ માટે પોતાની તૈયારી બતાવી. રાજાએ પૂછ્યું એટલે ખુલાસો કર્યો, 'મારી પાસે ઓસડ છે, તેથી મારાં નાકકાન સાજાં થશે. પણ તમે મને ગધેડે ફેરવશો તે સાથે જ તમારા આખા ગામમાં આગ ઊપડશે.' આથી રાજાએ શતબુદ્ધિને સાજેસારો પાછો મોકલ્યો. સહસ્રબુદ્ધિના પત્રમાં તેને ખેરના અંગારામાં બાળવા લખ્યું હતું. તેણે રાજાને સમજાવ્યો કે મેં અગ્નિની ઉપાસના કરી હોવાથી હું નહીં બળું. પણ તે આગનો ધૂમાડો જેના નાકમાં જશે, તેઓને રોગ થશે. એટલે રાજાએ તેને છોડી મૂક્યો. લક્ષબુદ્ધિના પત્રમાં તેને ઝેર આપવાનું લખ્યું હતું. તેણે રાજાને સમજાવ્યું, 'કામરૂ દેશમાં રહેતા ગુરુ પાસેથી હું એવી વિદ્યા પામ્યો છું કે જે મને દારે ને મારે તે મરે. જે મને ઝેર દે તેને જ તે ચડે. તમારી ઉપર વેર હોવાથી વિક્રમે આ યુક્તિ કરી છે.' તેને પણ રાજાએ સરપાવ આવીને પાછો મોકલ્યો.

કરોડબુદ્ધિના પત્રમાં 'સભામધ્યે માથું કાપી લોહીનો ભોગ ધરતીને આપશો,' એમ લખ્યું હતું. તેણે રાજાને સમજાવ્યું કે આગલા ભવે હું ભગવાન શંકરની સેવા કરતાં કશાક વાંકમાં આવ્યો. હું શાપ પામ્યો કે તું ધરતી પર પડ. જે દિવસે કોઈ તારો શિરચ્છેદ કરશે તે દિવસે સ્વર્ગમાં તું પાછો આવીશ અને જ્યાં તારું લોહી છંટાશે ત્યાં બાર વરસનો દુકાળ પડશે. મેં વિક્રમની પાસે જઈને શિરચ્છેદ માગ્યો. તેણે મને તમારી પાસે મોકલ્યો'. આ સાંભળતાં તે રાજાએ કરોડબુદ્ધિને ભેટ સાથે પાછો મોકલ્યો. વિક્રમ રાજાએ ચારેયની ચતુરાઈ જાણી તેમની વાત પછી તેમણે રાજાને તેઓ એની પાસે કેમ આવ્યા છે તે જણાવતાં કહ્યું કે અમારી પાસે ચાર રત્નો હતાં. તેમાંથી એક રત્ન ખોવાયું છે. ચોરનાર અમારામાંથી જ કોઈ એક છે. અમે એકબીજાને તે અંગે કંઈ પૂછી શકીએ તેમ નથી તો તમે આ અમારું રત્ન ખોળી આપો.

**૬. રત્નચોર પકડાયો** : રાજાએ રત્ન ખોળી આપવાનું માથે લીધું. વાત વિસારે પડી. એક વાર એકાદશીના વ્રતનું જાગરણ હતું. ચારે ભાઈ ને રાજા બેઠા હતા. રાજા કહે; 'કોઈ વાત કરો.' તેમણે તે માટે રાજાને વિનંતી કરી રાજાએ વાત માંડી : 'એક રાજાને ચાર પુત્રો હતા. તેઓ પિતાની સેવા કરતા. ચારેય પુત્રની બુદ્ધિ કસવા પિતાએ બોલાવીને આજ્ઞા કરી. પહેલાને તલવાર આપીને કહ્યું, 'તું તારી માને મારી નાખ.' બીજાને ઝેરનો પ્યાલો આપીને કહ્યું, 'તું આ ઝેર પી જા.' ત્રીજાને રાજમહેલમાં આગ ચાંપવા કહ્યું. ચોથાને ચાર રત્ન આપ્યાં અને તે પાણીના ધરામાં નાંખી આવવા કહ્યું. પહેલાએ માતાના પેટમાં પાળી મારી. માતાના પેટમાં રોગની ગાંઠ હતી તે ફાટી ગઈ અને માતા સારી થઈ ગઈ. બીજાએ ઝેર પીતાં તે અમૃત નીકળ્યું. કંચન જેવી તેની કાયા થઈ ગઈ. ત્રીજાએ કહ્યા પ્રમાણે રાજમહેલને આગ લગાડી. ત્યાં પાટડામાં દ્રવ્ય સાચવતો યક્ષ રહેતો હતો. યક્ષ નાઠો. પાટડો ફાટ્યો અને દ્રવ્ય મળ્યું. ચોથાએ કોણ જાણવાનું છે ? એમ સમજીને રત્ન નાખી ન દેતાં પોતાની પાસે રાખ્યાં. ઝવેરી પાસે તેમની કિંમત કરાવવા તે ગયો. તો તે માત્ર બાર બદામના હોવાનું જાણ્યું. તેથી તે મનમાં દુઃખી થઈને રહ્યો. તો કહો આ ચારમાંથી વધુ ડાહ્યો કોણ ?'

શતબુદ્ધિએ કહ્યું : 'રત્નવાળો. રત્ન ખોટાં નીકળ્યાં, તે તો અકસ્માત ગણાય. બીજા તો પહેલેથી જાણતા હતા કે આ ઝેરને બદલે અમૃત નીકળશે. મહેલ સળગાવતાં દ્રવ્ય મળશે, અને પાળી મારતાં મા સાજી થશે.' સહસ્રબુદ્ધિએ કહ્યું; 'સૌથી ડાહ્યો તે મહેલને આગ લગાડનારો. તેને જીવહત્યા ન કરવી પડી.' લક્ષબુદ્ધિએ કહ્યું : 'સૌથી ડાહ્યો માતૃઘાતક, કેમ કે તેણે વિચાર્યું કે પતિને સ્ત્રી વહાલી હોય તે છતાં મારવાનું કહ્યું છે તો તેમાં તેનો કોઈ વાંક હશે. તેને પિતામાં દૃઢ વિશ્વાસ હતો.' કરોડબુદ્ધિએ કહ્યું : 'ઝેર પીનારો સૌથી ડાહ્યો કેમ કે એક વાર મરવાનું તો છે જ.'

એટલે રાજાએ માન્યું કે શતબુદ્ધિએ જ રત્ન ચોર્યું છે.

આ પછી વિક્રમે બીજી યુક્તિ વિચારી. પોતાની એક દાસીને એ યુક્તિ પાર પાડવાનું સોંપ્યું. દાસીએ ગણિકાનો વેશ લીધો ને રાજાની વાડીમાં તંબૂ નાખી પડી. શતબુદ્ધિ ગાયનવાદન ને નૃત્યોનો શોખીન હતો. નવી ગણિકાના વખાણ સાંભળીને ત્યાં જવા લાગ્યો. એક દિવસ ગણિકાએ એકલા શતબુદ્ધિ માટે

ખાસ નૃત્ય ગોઠવ્યું. મધરાત થઈ હતી, નૃત્ય પૂરજોશમાં ચાલતું હતું ત્યાં એકાએક દીવો ઓલવાઈ ગયો. સર્વત્ર અંધારું ઘોર થઈ ગયું. ગણિકાએ દીવા લાવવાની બૂમ પાડી. એટલામાં શતબુદ્ધિએ પોતાની પાસે રહેલું રત્ન કાઢી ગણિકાના તંબૂ વચ્ચે મૂક્યું. બધે અજવાળું થઈ ગયું. ગણિકાએ આ અજવાળે નૃત્ય કરવા માંડ્યું અને સફાઈથી પેલું રત્ન ઉપાડીને સંતાડી દીધું. આની કોઈ સમજણ શતબુદ્ધિને ન પડી. બધે અંધારું ઘોર થઈ ગયું. શતબુદ્ધિએ પોતાના રત્ન અંગે બૂમ પાડી એટલામાં કોઈ ઘોડો લઈને 'ચોર, ચોર'ની બૂમો પાડતો ત્યાં આવ્યો. તેણે શતબુદ્ધિને પકડ્યો અને થોડો માર માર્યો. પણ શતબુદ્ધિ એની પકડમાંથી છૂટીને ઘેર ગયો. રત્ન ખોયું પણ તે કાંઈ બોલી શકે તેમ ન હતો. દાસીએ રત્ન રાજા વિક્રમને સોંપ્યું. પછી વિક્રમે પેલા ચારેયને બોલાવી એમની પાસેનાં રત્નો કાઢવા કહ્યું. તેઓએ એ રત્નો બતાવ્યાં. પછી વિક્રમ રાજાએ પેલું રત્ન કાઢી એ ત્રણ ભેગું મૂક્યું. ચારે રત્નો એકસરખાં હતાં. આ જોઈને ચારે ભાઈ ખુશ થઈ ગયા.

રાજાએ ચારેને એક એક રત્ન વહેંચી આપ્યું.

આવો મહિમા જેનો હોય તેને જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.

આ કથા ભોજરાજાને કહીને તરુણી પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી'**–૨ સત્યાવીસમી કથા]

**લલિતાંગકુમાર** : ૧. ઉજ્જેણીનગરીના રાજા વૈરસિંહની રાણી અનંગસેનાને પેટે પુત્ર જન્મ્યો. પુત્રનું નામ લલિતાંગ રાખ્યું. કુંવર જુવાન થયો અને બધી કલાઓમાં પ્રવીણ બન્યો. તે સ્વભાવે ઉદાર અને દાનશૂર હતો. તે કોઈ પણ વસ્તુ દાનમાં આપતાં ખચકાતો નહીં. રાજાએ એને અનેકવાર આ અંગે ટોક્યો હતો. એક વાર લલિતાંગે રાજાએ ભેટ આપેલ અતિ મૂલ્યવાન એકાવલિ હાર દાનમાં આપી દીધો. રાજાને કુંવરના આવા અવિવેક પર રોષ ચડ્યો. ઉજ્જેણીમાં યથેચ્છ વિહરતા લલિતાંગના રૂપથી ઘેલી બનીને નગરનારીઓ બધું ઘરકામ છોડી, બાળક રડતાં મૂકી, એની પાછળપાછળ ભમવા લાગી. આથી મહાજન એકઠું થઈ રાજા પાસે ફરિયાદે ગયું. મહાજને કુંવરને કારણે થતી મુશ્કેલી જણાવી નગર છોડી જવાની રજા માગી. કુંવરને નગરભ્રમણ કરતો વારવાનું આશ્વાસન આપીને રાજાએ મહાજનને સન્માન સાથે વિદાય કર્યું. રાજાએ રાજકુમારને તેડાવી નગરીમાં ન ફરવા સૂચના આપી. રાજાની આજ્ઞા અનુસાર લલિતાંગકુમાર પોતાના આવાસમાં જ રહેવા લાગ્યો. તેની પાસે આવતા સજ્જન હજામની સાથે લલિતાંગકુમારે મૈત્રી કેળવી. રાતદિવસ તે બન્ને સાથે જ રહેવા લાગ્યા. બન્ને વચ્ચે અપૂર્વ સ્નેહ બંધાઈ ગયો. એક દિવસ રાજાની કોઈ એક રાણીની દાસી ચંદન લઈને જતી હતી. તેનું ચંદન લલિતાંગે આંચકી લીધું. એ જોઈ દાસીએ મર્મ-વચનો કહ્યાં : 'તું ન્યાયનો માર્ગ મૂકીને ઉછાંછળો બની ગયો છે.' આ અપમાનથી દુ:ખી થઈ લલિતાંગે નગરી છોડી પરદેશ ચાલ્યા જવા નિર્ણય કર્યો. સજ્જન હજામ પણ તેની સાથે જવા તૈયાર થયો. બીજે દિવસે પોતાનાં માતાપિતાને કહ્યા વગર લલિતાંગે સજ્જન સાથે ઘોડા પર બેસી પરદેશ પ્રયાણ કર્યું.

૨. રસ્તે જતાં વાતચીતમાં લલિતાંગે જ્યાં ધર્મ ત્યાં જય, અને જ્યાં પાપ ત્યાં વિનાશ થતો હોવાનું કહ્યું. સજ્જને કલિયુગમાં અધર્મનો જય અને ધર્મનો ક્ષય થતો હોવાનો મત દર્શાવ્યો. આ પછી લલિતાંગ અને સજ્જન વચ્ચે 'ધર્મ–અધર્મ ને જય–અજય' અંગે હોડ થઈ અને એક કણબીને આ અંગે પૂછતાં એણે આ કળિયુગમાં અધર્મનો જય અને ધર્મનો ક્ષય થતો હોવાનો અભિપ્રાય આપ્યો. આમ, હારી જતાં લલિતાંગે શરત મુજબ (બળદની) જોડી સજ્જનને આપી. તે પછી પણ બંને વચ્ચે એ બાબત વિવાદ ચાલુ રહ્યો. બીજી વાર લલિતાંગે પોતાનો ઘોડો હોડમાં મૂક્યો. માર્ગમાં એક સામાન્ય માણસ મળ્યો. તેણે સજ્જનના પક્ષનું સમર્થન કર્યું. લલિતાંગ ઘોડો હારી ગયો અને પગપાળા આગળ ચાલ્યો. આ પછી પણ બન્ને વચ્ચે પેલો વિવાદ ચાલુ રહ્યો. સજ્જન લલિતાંગકુમાર એની વાત કબૂલ રાખે તો એનું સર્વ પાછું આપવા તૈયાર થયો. પણ લલિતાંગકુમારે તેનો ઇન્કાર કરતાં ફરી વિવાદ ચાલ્યો. ત્રીજી વાર લલિતાંગકુમારે પોતાની બે આંખો હોડમાં મૂકી. આ પછી માર્ગમાં બે પુરુષો સામા મળ્યા. તેમણે સજ્જનની વાતનું સમર્થન કર્યું. શરત મુજબ સજ્જને માગણી કરતા લલિતાંગકુમારે પોતાની બે આંખો કાઢી આપી. બાદમાં અંધ બનેલ લલિતાંગને જંગલમાં એકલો છોડી સજ્જન રવાના થઈ ગયો.

૩. રાત્રિ સમયે વડ નીચે બેઠેલા લલિતાંગકુમારે વડ ઉપર રહેતાં બે ભૂતો વચ્ચે થતા સંવાદ પરથી જાણ્યું કે, અમરાવતી નગરીના અમરસેન રાજાની રાજકુમારી સુલોચના જન્મથી જ અંધ છે. રાજાએ પડો વજડાવીને જાહેર કર્યું છે કે, કુંવરીને જે કોઈ દૃષ્ટિ પ્રાપ્ત કરાવશે તેની સાથે રાજકુમારી પરણાવીને અર્ધું રાજ્ય આપવામાં આવશે. તો આ વડની નીચે રહેલ વેલનો રસ કાઢી રાજકુમારીની આંખમાં નાંખવામાં આવે, તો તેને દૃષ્ટિ પ્રાપ્ત થાય, એમ પણ ભૂતોએ જણાવ્યું. લલિતાંગકુમારે પેલી વેલ શોધી કાઢી એનો રસ પોતાની આંખમાં નાંખતાં એને પુન: દૃષ્ટિ પ્રાપ્ત થઈ. એણે

પેલી વેલ તોડીને પોતાની પાસે રાખી. એ પછી ભૂતો તે વડને આકાશમાં ઉડાડી અમરાવતી લાવ્યાં. લલિતાંગકુમાર પણ તે વડ પર ચઢી બેઠો હોવાથી અમરાવતી આવી પહોંચ્યો. તેણે વેલના રસની સહાયથી અંધ રાજકુમારીને દૃષ્ટિ પ્રાપ્ત કરાવી. આથી પ્રસન્ન થયેલા રાજાએ પોતાનું અડધું રાજ્ય લલિતાંગકુમારને આપ્યું અને ઉત્સવપૂર્વક પોતાની પુત્રી પરણાવી. લલિતાંગ ત્યાં જ રાજકુમારી સાથે સુખોપભોગ કરતો રહ્યો.

એક વાર મહેલમાં બેઠેલા લલિતાંગકુમારે રસ્તામાં પસાર થતા સજ્જનને જોયો. એટલે તે એને મહેલમાં તેડી ગયો અને ઉત્તમ વસ્ત્રો વગેરે આપીને પોતાની સાથે રાખ્યો. અમરસેને લલિતાંગકુમારના મિત્ર સજ્જનને પૂછતાં તેણે વાસ્તવમાં પોતે જ રાજા વૈરસિંહનો પુત્ર લલિતાંગકુમાર છે એમ જણાવ્યું. તેણે કહ્યું, 'મહેલમાં રહેતો લલિતાંગકુમાર તો હલકા કુળનો છે અને પોતાનો સાથી છે. એનાથી છૂટો પડીને રાજાનો જમાઈ બનેલો લલિતાંગકુમારનો વેશધારી તો એની પહેલાં અત્રે આવી પહોંચ્યો છે અને એને અજાણતાં રાજકુમારી પરણાવવામાં આવી છે.' સજ્જને કહેલ વાત સાચી માની પોતાના કુળને કલંક લાગ્યું છે એમ માની અમરસેને લલિતાંગકુમારનો ઘાત કરવા રાત્રે એને મહેલમાં આવવાનું કહેવડાવી મારાઓ ગોઠવ્યા. પણ રાજકુમારી સુલોચનાની સૂચનાથી લલિતાંગકુમારે રાત્રે પોતાને બદલે સજ્જનને મોકલતાં મારાઓએ એને લલિતાંગ સમજીને એનો જ ઘાત કર્યો. આમ આખરે અધર્મનો-પાપનો ક્ષય અને ધર્મનો જય થયો. રાજા અમરસેને પોતાને મારવા કરેલ પ્રપંચની જાણ થતાં લલિતાંગકુમારે એની સાથે યુદ્ધ કરી એને હરાવ્યો. એટલામાં લલિતાંગકુમારની શોધ કરતાં ત્યાં આવી પહોંચેલ વૈરસિંહ રાજાના ભાટ દ્વારા પ્રધાન સમક્ષ લલિતાંગકુમાર અંગે ચોખવટ થતાં, તેણે અમરસેનને તેની જાણ કરતાં લલિતાંગકુમાર જોડે સમાધાન થયું. ભાટે જઈને લલિતાંગકુમાર અંગેની બધી બીના વૈરસિંહ રાજાને જણાવતાં તેણે લલિતાંગકુમારને તેડાવ્યો. રાજા અમરસેને પુત્રી સુલોચનાનું આણું કરીને કરિયાવર આપીને જમાઈ અને પુત્રીને ઉજ્જેણીનગરી જવા વળાવ્યાં. લલિતાંગકુમારનો ધામધૂમપૂર્વક નગરપ્રવેશ કરાવી રાજા વૈરસિંહે રાજ્યભાર લલિતાંગકુમારને સોંપી દીધો અને પોતે દીક્ષા ગ્રહણ કરી. લલિતાંગને ત્યાં પુત્ર જન્મ્યો. ધર્માનુસાર રાજ્ય પાલન કરી, પુત્ર યુવાન થતાં એને રાજ્યભાર સોંપી લલિતાંગકુમારે પણ દીક્ષા અંગીકાર કરી અને સર્વ કર્મનો ક્ષય કરી અંતે તે મોક્ષે ગયો.

[આધાર : '**લલિતાંગકુમાર-રાસ**']

**લવિંગનો અર્ક** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, પાંસઠમી કથા) : એક ગામમાં કરણો કંદોઈ અને તેની વહુ કેસર રહેતાં હતાં. તેમની પુત્રી ચંદા ઘણી રૂપાળી હતી. તેને પરણાવી દીધેલી હતી, પણ માબાપની લાડકી હોવાથી પિયરમાં જ રહેતી. ચંદાનો વર ઘણો ભરાડી અને લબાડ હતો, પણ તે તેના સસરાની એટલી બધી મર્યાદા રાખતો કે તેની સાથે બોલવાનું પણ ટાળતો. દર બેચાર દિવસે તે આવીને ચંદા પાસે રહી જતો. ગામના નગરશેઠના પુત્ર ન્યાલચંદે એક વાર કંદોઈના ઘરની મેડીએ ચંદાને જોઈ. ચંદાની નજર પણ ન્યાલચંદ ઉપર પડી. બંનેનું મન એકબીજા ઉપર આસક્ત થઈ ગયું. એકબીજાનો સંગ કરવા માટે ટળવળતાં બંને માંદાં પડી ગયાં. ગામની માલણ ઘરેઘરના ભેદ જાણતી. તે પામી ગઈ કે, ચંદા અને ન્યાલચંદ એકબીજાના પ્રેમમાં પડવાથી માંદાં જેવાં થઈ ગયાં છે. તેણે એકાંતમાં ચંદાને બનાવટ કરીને કહ્યું કે, ન્યાલચંદ તને મળવા માટે ઝૂરે છે. 'હા'–'ના' કરતાં ચંદા ન્યાલચંદને મળવા કબૂલ થઈ. પછી માલણે ન્યાલચંદને ચંદા તેને માટે ઝૂરતી હોવાની વાત કરી. મિલન કેમ ગોઠવવું તેનો વિચાર કરી માલણે ચંદાની માતા કેસરને બંનેનાં મનની ઇચ્છા જણાવી અને કહ્યું કે, એવી દશાએ તેઓ પહોંચ્યાં છે કે એકબીજાને મળશે નહીં તો તેમના પ્રાણ જશે. તે પછી કેસરે ન્યાલચંદને પોતાની પાસે બોલાવ્યો. તેની દશા જોઈને કેસરે તેને બીજે દિવસે સાંજે આવવા કહ્યું, કેમ કે ત્યારે કરણો કંદોઈ કામકાજે બહારગામ જવાનો હતો. નક્કી કર્યા પ્રમાણે બીજે દિવસે સાંજે ન્યાલચંદ આવ્યો. મેડીએ પલંગ વગેરેની સજાઈ કરી. ચંદા પલંગ પર સૂતેલા ન્યાલચંદના પગ ચાંપતી હતી, ત્યાં ચંદાનો વર આવી પહોંચ્યો અને મેડીએ ચડ્યો. કેસર, ચંદા અને ન્યાલચંદને પેટમાં ફાળ પડી. ન્યાલચંદ ધ્રૂજતો ધ્રૂજતો માથે ઓઢી લઈ સોડ તાણીને સૂતો. એનો જીવ તાળવે ચોંટી ગયો હતો. તે વેળા કેસર રડારોળ કરતી, છાતી અને માથું કૂટવા લાગી. જમાઈએ રડવાનું કારણ પૂછ્યું. 'તમે કાં રોકકળ કરો છો ? આ કોણ સૂતું છે ? ચંદા કોના પગ ચાંપે છે ?' કેસરે કહ્યું: 'તમારા સસરા એકાએક માંદા થઈને આવ્યા. કશું બોલતા-ચાલતા નથી. જીવ ખૂબ ચૂંથાય છે. તાબડતોબ વૈદ્યને બોલાવ્યો. એણે કહ્યું: 'માથે જાઈનાં ફૂલ બાંધો અને લવિંગનો અર્ક પાઓ.' મેં ફૂલ તો મંગાવી લીધાં, પણ લવિંગનો અર્ક ક્યાંય ન મળ્યો. તમે આવ્યા, એટલે મને હાશ થઈ. તમે એમના ખબર પૂછી અને ગમે ત્યાંથી લવિંગનો અર્ક હમણાં ને હમણાં લઈ આવો. એમનો તો જીવ જાય છે.' એમ કહીને જમાઈના હાથમાં રૂપિયો મૂક્યો. જમાઈએ કહ્યું: 'હું એમની સાથે વાત કરતાં શરમાઉં છું, પણ હમણાં જ

લવિંગનો અર્ક ગમે ત્યાંથી લાવું છું', એમ કહીને તે ગયો અને અર્કની તપાસમાં ઘણો રખડ્યો. તે દરમિયાન ચંદ્ર અને ન્યાલચંદે તેમની મનોકામના પૂરી કરી. ન્યાલચંદ એક હજાર સોનામહોર આપીને વિદાય થયો.

[આધાર : '**સૂડાબહોંતેરી**' પાંસઠમી કથા]

**લાલચુ કાગડો** : ઘડપણને લીધે અશક્ત બની ગયેલો એક હાથી ભૂખે મરી ગયો. તેનું કલેવર એક સૂકી નદીમાં પડયું. શિયાળ, કૂતરાં વગેરે પ્રાણીઓ તેનું માંસ ખાવા લાગ્યાં. તેની ગુદાનું બાકોરું ચીરીને મોટું કર્યું. તે વાટે એક કાગડો હાથીના કલેવરમાં પેસી તેનું માંસ ખાધા કરતો હતો. માંસના લોભે તે ઠેઠ અંદર સુધી પેસી ગયેલો. એ બાકોરું સંકોચાઈ જતાં કાગડો કલેવરની અંદર ભરાઈ ગયો. ચોમાસામાં નદીમાં પૂર આવતાં હાથીનું કલેવર પ્રવાહમાં વહેતું સમુદ્રમાં પહોંચ્યું. ત્યાં મોજાંમાં અથડાતાં–કુટાતાં તેનું ગુદાદ્વાર પહોળું થઈ ગયું, અને કાગડો બહાર નીકળી એ કલેવર પર બેઠો. પણ ચોતરફ પાણી હોવાથી તે ભૂમિ પર પહોંચી શકે તેમ ન હતો. ઊડી ઊડીને પાછો કલેવર પર બેસતો. છેવટે એ કલેવર દરિયામાં ડૂબ્યું અને કાગડો પણ ડૂબી મર્યો. આ કથાને દૃષ્ટાંત ગણીને સમુદ્ર એટલે સંસારસાગર, કાગડો એટલે સંસારી જીવ અને હાથીનું કલેવર એટલે સંસારનું વિષયસુખ, એ રીતે તેનો અર્થ ઘટાવાય છે.

[સંદર્ભ : '**જંબૂકુમાર**,' ઘટક ૪]

**લીલાવતી અને સુમતિવિલાસ** : ૧. કૌશાંબીનગરીમાં સદાફલ નામે વણિક શેઠ રહેતા હતા. તેમને બત્રીસલક્ષણો, પણ કંઈક ઓછાબોલો અને રીસાળ એવો સુમતિવિલાસ નામે પુત્ર હતો. ગણિકા કામસેનાએ તેને પોતાના રૂપસૌંદર્યમાં મોહિત કર્યો. આથી માબાપનું ઘર છોડી સુમતિવિલાસ કામસેનાને ત્યાં જ રહેવા લાગ્યો. શેઠ સદાફલના કહેવાથી રાજાએ ગણિકા પર દબાણ કર્યું અને પરિણામે પાંચ દિવસ માટે સુમતિવિલાસ ઘરે પાછો આવ્યો. શેઠે ઘડિયાં લગ્ન ગોઠવી સુમતિવિલાસને સારંગપુરના શેઠની પુત્રી લીલાવતી સાથે પરણાવ્યો. એક રાત લીલાવતી સાથે ગાળીને સુમતિવિલાસ કામસેનાને ત્યાં પાછો ફર્યો. લીલાવતી પોતાને પિયર જતી રહી. સદાફલ શેઠ પુત્રવધૂને તેડવા પહેલે આણે આવ્યા. વેવાઈએ ના કહેતાં પાછા ફર્યા. બીજે આણે જઈ તેમણે વેવાઈ તથા પુત્રવધૂને સમજાવ્યાં. સમય આવે બધું ઠીક થઈ જશે અને કોઈ ઉપાય શોધી સુમતિવિલાસને પાછો લાવી શકાશે, એમ વિચારી લીલાવતી સાસરે આવી.

૨. લીલાવતી સસરાએ આણી આપેલી ભેંશો લઈ અલગ સ્થળે રહેવા લાગી. તે દરરોજ મહિયારીનો વેશ લઈ ગણિકાની શેરીએ જતી. ત્યાં રહેતા સુમતિવિલાસને જોઈ રાજી થતી. એક વાર સુમતિવિલાસે તેને બોલાવી. લીલાવતીએ રાજપુરની મહિયારી અને હુશનાગની પત્ની 'સલૂણી' તરીકે પોતાની ઓળખાણ આપી. સુમતિવિલાસ તેના તરફ આકર્ષાયો. એ જોઈ કામસેનાએ સલૂણીને ધમકાવીને કાઢી મૂકી. પણ સલૂણીના મહી વગર સુમતિવિલાસ ભોજન ન કરતો, એટલે દરરોજ એક મહોર આપી કામસેના સલૂણી પાસેથી દહીં ખરીદતી. સુમતિ–વિલાસે આપેલું ધન ખૂટતાં કામસેનાએ સુમતિવિલાસને ઘર બહાર કાઢી મૂક્યો, એટલે સુમતિવિલાસ સલૂણીની સાથે રહેવા ચાલી નીકળ્યો. બંને લીલાવતીને ઘેર આવ્યાં. એક દિવસ લીલાવતીએ સુમતિવિલાસને તેની અગાઉની બધી વિગતો પૂછી. 'પોતે નગરશેઠનો પુત્ર છે અને દેખાવે લીલાવતી જેવી સ્ત્રીને પરણ્યો છે,' એમ તેણે જણાવ્યું. સલૂણીએ રોજ લીલાવતીને ત્યાં દૂધ આપવા પોતે જતી હોઈને પોતે તેને એક દિવસ ઘેર લઈ આવશે એમ જણાવ્યું. તે અનુસાર એક રાત્રે તે મહિયારીનો વેશ ત્યજી સુમતિવિલાસ પાસે લીલાવતીરૂપે આવી. તેમના પરણ્યાની પહેલી રાતની બધી વિગત પણ તેણે કહી. સલૂણી જ લીલાવતી છે જાણી સુમતિવિલાસને આનંદ થયો. બંને કૌશાંબીમાં પોતાને ઘેર પાછાં ફર્યાં અને સુખમાં દિવસો વીતાવતાં રહ્યાં.

[આધાર : '**લીલાવતી રાણી અને સુમતિવિલાસ રાસ**']

**લોઢું ઊંદર ખાઈ ગયા ! ( = જેવા સાથે તેવા થવું = શઠં પ્રતિ શાઠયં )** : કોઈ એક નગરમાં એક વણિકપુત્ર વસતો હતો. તેનું ધન જતું રહેતાં કમાણી અર્થે તે પરદેશ જવા નીકળ્યો અને પોતાનું, બાપદાદાના વખતનું ભારે વજનદાર લોઢાનું ત્રાજવું તેના વણિક મિત્રને ઘેર થાપણ તરીકે મૂકતો ગયો. પરદેશમાં ઘણું રખડ્યા છતાં તે કશું પ્રાપ્ત કરી શક્યો નહીં. છેવટે તે સ્વદેશે પાછો આવ્યો અને મિત્રની પાસે થાપણ મૂકેલું ત્રાજવું તેણે પાછું માગ્યું. મિત્રની દાનત બગડી હોવાથી તેણે કહ્યું કે, ત્રાજવું તો ઊંદરો ખાઈ ગયા. વણિકપુત્ર મિત્રની લુચ્ચાઈ સમજી ગયો. પછી પેલો તેને મહેમાન તરીકે પોતાને ઘેર લઈ ગયો. નજીક આવેલી નદીમાં સ્નાન કરવા જવાનું કહી તે મિત્રના પુત્રને પોતાની સાથે લેતો ગયો. સ્નાન કરીને તે એકલો જ પાછો આવ્યો ત્યારે મિત્રે પોતાના પુત્ર વિશે પૂછપરછ કરી. તેણે જણાવ્યું કે, છોકરાને તો બાજપક્ષી ઉપાડી ગયો. તે સાંભળી મિત્ર ગુસ્સે થયો અને તેને ન્યાયકર્તાઓ પાસે ખડો કર્યો. પોતાના પુત્રનું અપહરણ કરી સંતાડવાનો તેના ઉપર આરોપ મૂક્યો. વણિકે કહ્યું કે,

છોકરાને તો બાજ ઉપાડી ગયો. 'એવું તે કેવી રીતે બને ?' એમ ન્યાયકર્તાઓએ પૂછ્યું એટલે વણિક બોલ્યો : 'જો ઊંદર લોઢું ખાઈ શકતા હોય તો બાજપક્ષી છોકરાને કેમ ન ઉપાડી જાય ?' અને ખુલાસારૂપે તેણે પોતાના ત્રાજવાની વાત કરી. ન્યાયકર્તાઓએ મિત્રને તેનો પુત્ર અને વણિકને તેનું ત્રાજવું અપાવ્યું.

[સંદર્ભ : '**પંચાખ્યાન બાલાવબોધ**', ઘટક ૨. ૧૮ : કરટકે દમનકને કહેલી દૃષ્ટાંતકથા]

**વચ્છરાજ અને દેવરાજ** : **૧.** સિંધુદેશની ચંદ્રાવતીના રાજા વીરસેન અને રાણી ધારિણીને બે પુત્રો હતા. મોટો દેવરાજ અને નાનો વચ્છરાજ. વચ્છરાજ દેવરાજથી નાનો પણ નિપુણ હોવાથી રાજાએ તેને રાજ્ય સોંપ્યું. દેવરાજે બળવો કરી રાજ્ય મેળવી વચ્છરાજનું હંમેશ માટે કાસળ કાઢવા મંત્રીને સાધ્યો. મંત્રીએ ધારિણીને રાજ્ય છોડી જવા સમજાવી લીધી. આથી ધારિણી, તેની બહેન વિમલા અને વચ્છરાજ માળવા આવ્યાં. તેઓ ઉજ્જેણીના કનકભ્રમ રાજાને મળ્યાં. નગરશેઠ સોમદત્તની ચાકરી સ્વીકારી. ત્રણેય તેના આવાસમાં ભાડે રહ્યાં. વચ્છરાજ શેઠનાં વાછરડાં ચારતો. ત્યાં ગુરુને ઘેર શસ્ત્રવિદ્યા શીખતા રાજકુમારને વચ્છરાજે જોયો. વચ્છરાજે રાજકુમારને પોતાની ઘોડા ખેલવવાની અને શસ્ત્ર વિદ્યાની આવડત દેખાડી, તેની સાથે પરિચય કેળવ્યો.

**૨.** ધારિણીએ લાકડાં લેવા મોકલેલા વચ્છરાજે વનમાં એક યક્ષનો પ્રાસાદ જોયો તથા ત્યાં થતાં વિદ્યાધરીઓનાં નૃત્યો જોયાં. તેમાંની મુખ્ય વિદ્યાધરીએ પોતાનો કંચુક ઝાડની ડાળીએ ભરાવ્યો હતો. વચ્છરાજે તે ઉઠાવી લીધો અને ઘેર પાછો ફર્યો. કચુંક વેચીને તેણે તેમાંથી ઘરખર્ચ કાઢવાની વ્યવસ્થા કરી. એક વાર વચ્છરાજ રાજકુમાર સાથે રાજસભામાં આવ્યો. કનકભ્રમ રાજાને તેણે પોતાની સાચી ઓળખ આપી. એને પોતાનો જ ભાણેજ જાણી રાજાએ તેને તથા ધારિણી અને વિમલાને રાજમહેલમાં તેડાવીને રાખ્યાં. વચ્છરાજે કનકભ્રમની આજ્ઞા પ્રમાણે સેવા કરવાનું સ્વીકાર્યું. એક વાર રાજા મહેલમાં સૂતો હતો, ત્યારે વચ્છરાજ ઉઘાડી તલવારે ચોકી ભરવા લાગ્યો. બે પ્રહર પછી રાજાની ઊંઘ ઊડી જતાં રાજાએ તેને ઊભા રહેવાનું કારણ પૂછ્યું. ત્યારે વચ્છરાજે આજ્ઞા વિના નહીં જવાની પ્રતિજ્ઞા જણાવી. એક વાર રાત્રે કોઈના રડવાનો અવાજ સાંભળી રાજાએ વચ્છરાજને તેની તપાસ કરવા મોકલ્યો. રુદન કરતી વ્યંતરીને પોતાની શસ્ત્ર-વિદ્યાના બળે ભગાડી તેનું ચીર લઈ વચ્છરાજ રાજમહેલે પાછો ફર્યો. કનકભ્રમે રાણીને એ ચીર ભેટ આપ્યું. એટલે એવી જ ભાતવાળો કચુંક લાવી આપવાનો રાણીએ આગ્રહ કર્યો. અગાઉ વચ્છરાજે વ્યંતરીનો જે કચુંક ઉઠાવી લઈ વેચી દીધેલો તે તેણે રાણીને લાવી આપ્યો. રાણીએ હવે એવી જ ભાતવાળું આખું વસ્ત્ર લાવી આપવા માટે હઠ લીધી. તે આપવાનું વચન આપી વચ્છરાજ ત્યાંથી ચાલી નીકળ્યો.

**૩.** વસ્ત્રની શોધમાં નીકળેલ વચ્છરાજને માર્ગે આગળ જતાં તેને ભૂમિતલના વીરસિંહ રાજાના શ્રીદત્ત શેઠ મળ્યા. તેમણે પોતાની પુત્રી શ્રીદત્તાની વીતકની વાત વચ્છરાજને કહી. જે પુરુષ રાત્રે શ્રીદત્તાની ચોકી કરતો તેનો એક વ્યંતરી રોજ વધ કરતી. આનો ઉપાય કરવા એક રાત્રે વચ્છરાજ શ્રીદત્તાની પાસે સૂઈ રહ્યો. ત્યાં તેનો વધ કરવા આવેલી વ્યંતરીનો હાથ વચ્છરાજે કાપી નાખ્યો. બદલામાં શેઠે શ્રીદત્તાને વચ્છરાજ વેરે પરણાવી. બંને લીલાવતી નગરી આવ્યાં. ત્યાંની ઠકુરાણીના કોઈ વ્યંતરીએ કાપેલા હાથને રૂઝ નથી આવતી એવી વાત જાણી વચ્છરાજે ઓસડિયાંથી તેને સાજી કરી. પોતાના હાથે રૂઝ આવી જતાં ઠકુરાણીએ પોતાની પાસે થાપણ તરીકે રહેલી ચમરચંચા રાજાની બે પુત્રીઓ–રત્નાવતી અને કનકાવતી–વચ્છરાજને ભેટ આપી. સાથે સાથે વચ્છરાજ જેવી ભાતવાળા વસ્ત્રની શોધમાં હતો એવી ભાતવાળું વસ્ત્ર પણ તેને આપ્યું. ત્રણેય ભાર્યાઓ અને વસ્ત્ર લઈ વચ્છરાજ પોતાના આવાસે પાછો ફર્યો.

**૪.** વચ્છરાજે કનકભ્રમ રાજાને પોતાને ઘેર જમવા નિમંત્ર્યો. પીરસવા આવેલી તેની ત્રણેય પત્નીઓને જોઈ રાજાએ યુક્તિપૂર્વક તેમને મેળવી આપવા પ્રધાનને કહ્યું. વચ્છરાજને રાજમહેલે જમવાનું નિમંત્રણ અપાયું. ત્યાં તેને કપટથી મારી નાખવા મંત્રીએ પ્રપંચ ગોઠવ્યો. પણ પોતાની પીઠ પાછળ છુપાઈને મુષ્ટિપ્રહાર કરતા સિંહભૂપને વચ્છરાજે મારી નાખ્યો. તે પછી રાજાએ તેને વાઘણનું દૂધ લાવી આપવાનું, ખીણની વચ્ચે આવેલા કુંડમાંથી ઊકળતું પાણી લઈ આવવાનું, અગ્નિમાં પ્રવેશ કરી યમરાજને તેડી લાવવાનું વગેરે જેવાં–અતિમુશ્કેલ કાર્યો સોંપ્યાં. પણ રત્નાવતીએ આ દરેકના બતાવેલા ઉપાયોથી વચ્છરાજ તે બધાં કામ પાર પાડી મૃત્યુના મુખમાંથી બચી ગયો. કનકભ્રમે છેવટે રાજી થઈ તેને પોતાની પુત્રી વરાવી, માળવાનું રાજ્ય સોંપ્યું. વચ્છરાજના દિવસો સુખમાં વીતવા લાગ્યા.

**૫.** એક વાર ચંદ્રાવતીથી આવેલા કોઈ અવધૂતે વચ્છરાજને દેવરાજના દમનની અને તેણે રાજ્ય વણસાડયાની વાત કહી. વચ્છરાજે ચંદ્રાવતી ઉપર ચઢી આવી દેવરાજને યુદ્ધનું નિમંત્રણ મોકલ્યું, દેવરાજ યુદ્ધમાં હાર્યો. હારેલા દેવરાજને ક્ષમા કરી ચંદ્રાવતીનું રાજ્ય સોંપી વચ્છરાજ ઉજ્જયિની પાછો

ફર્યો. સમય જતાં પોતાના પુત્રને રાજકારભાર સોંપી, વ્રત-સંયમ આદરી વચ્છરાજ સ્વર્ગમાં ગયો.

[આધાર : **'વચ્છરાજ–દેવરાજ રાસ'**]

**વણકર અને રાજકુમારી ( = વિષ્ણુરૂપધારી વણકર)** (**પંચાખ્યાન**, ઘટક ૨.૭) : પુંડ્રવર્ધન નગરમાં એક વણકર અને એક સુથાર બંને મિત્રો પોતાની કળાકારીગરીથી ઘણું ધન પ્રાપ્ત કરીને મોજશોખ કરતા હતા. એક ઉત્સવના દિવસે તેમણે ભારે રૂપાળી રાજકુંવરી સુદર્શનાને અંબિકાદેવીનાં દર્શને આવતી જોઈ. તેને જોઈ કામથી વિહ્વળ થયેલા વણકરને મૂર્છા આવી ગઈ. ભાનમાં આવી તે નિસાસા નાખવા લાગ્યો. વિલાપ કરતાં તેણે રાત્રિ પસાર કરી. બીજે દિવસે તેના મિત્ર સુથારે તેનો રાજકુમારીની સાથે મેળાપ કરવાનો ઉપાય વિચારી કાઢ્યો. અંતરિક્ષમાં ઊડી શકે તેવો કળવાળો એક લાકડાનો ગરુડ તે ઘડી લાવ્યો. તેને કેમ ચલાવવો તે વણકરને શીખવ્યું. પછી તેની સલાહ પ્રમાણે વણકર વિષ્ણુ ભગવાનનો વેશ સજી એ યાંત્રિક ગરુડ ઉપર બેસીને મોડી રાત્રે રાજકુમારી સુદર્શનાના આવાસે પહોંચ્યો. રાજકુમારીએ તેને ખરેખર વિષ્ણુ માનીને વંદન કર્યાં અને સેવા માટે આજ્ઞા માગી. વણકરે કહ્યું કે, તું આગલા ભવની મારી પત્ની છે. શાપને લીધે તું મનુષ્યજન્મ પામી છે. વણકરે તેની સાથે ગાંધર્વવિવાહ કર્યો. તે રોજ રાત્રે લાકડાના ગરુડ પર બેસીને આવે, રાત રાજકુમારીની સાથે ગાળે, સવાર થતાં ઘેર પાછો ફરે. સુદર્શનાના શરીરમાં ફેરફાર જોઈ રક્ષકોએ રાજારાણીને જાણ કરી. તેમણે પુત્રીને બોલાવી પૂછ્યું, ત્યારે ભગવાન વિષ્ણુ નિત્ય આવીને પોતાની સાથે રાત ગાળતા હોવાનું તેણે કહ્યું. રાત્રે રાજા–રાણીએ ગરુડ પર બેસીને આવતા વિષ્ણુરૂપધારી વણકરને જાળિયામાંથી જોઈને એ વાતની ખાતરી કરી. તેઓ મનોમન પોતાની જાતને ધન્ય માનવા લાગ્યાં અને પુત્રીને સુખોપભોગની બધી સામગ્રી પૂરી પાડવા લાગ્યાં. રાજકુમારી નિર્ભય થઈને વણકર સાથે સુખ ભોગવતી રહી. એવામાં રાજાધિરાજ વિક્રમસેને આ ખંડિયા રાજા પાસે એક વરસની ખંડણી ઉઘરાવવા અધિકારીઓને મોકલ્યા. સાક્ષાત્ નારાયણ પોતાના જમાઈ હોવાના અભિમાનથી રાજાએ ખંડણી ન આપતાં, વિક્રમસેનના દૂતને કાઢી મૂક્યો. વિક્રમસેન સેના લઈ ચડી આવ્યો. નગરને ચારે તરફથી ઘેરી લીધું. રાજાએ વિક્રમસેનનો પરાજય કરવા વિષ્ણુને વીનવવા પુત્રીને કહ્યું. રાજકુમારીએ વણકરને વાત કરી. વણકરે કહ્યું કે, હું સવારે ચક્ર મૂકીને વિક્રમસેનનો વધ કરીશ. 'પોતે આ ઢોંગ છોડી નાસી જાય તો રાજકુમારી હંમેશની હાથમાંથી જાય અને ઢોંગ ચાલુ રાખે તો યુદ્ધમાં પોતાનો સંહાર થાય,' આવી મૂંઝવણમાં વણકરે સાહસ કરવાનો જ માર્ગ પસંદ કર્યો. સવાર થતાં રાજાએ પડો વજડાવ્યો કે વિક્રમસેનને માર્યા પછી તેની ચીજવસ્તુ લૂંટનારને તે ભેટ તરીકે આપી દેવાશે. વણકરે એવું વિચાર્યું હતું, કે ગરુડ પર આરૂઢ થઈને આયુધ સહિત હું મારી જાતને વિષ્ણુરૂપે પ્રદર્શિત કરું તો કદાચ મને નારાયણ જાણી શત્રુઓ નાસી જશે. વણકર જ્યારે આમ વિચારતો હતો ત્યારે વૈકુંઠમાં નારાયણને ગરુડે પૃથ્વી પર પુંડ્રવર્ધન નગરમાં બની રહેલી ઘટનાની જાણ કરી અને કહ્યું કે, જો એ વણકર સંગ્રામમાં મરાશે તો લોકો કહેશે કે દક્ષિણ દેશના રાજાએ નારાયણને માર્યા. આથી લોકોની વિષ્ણુમાંથી શ્રદ્ધા ઊઠી જશે. અધર્મ અને અરાજકતા ફેલાશે અને સૃષ્ટિનો અકાળે પ્રલય થશે. આથી વિષ્ણુએ વણકરમાં, ગરુડે યાંત્રિક ગરુડમાં અને સુદર્શન ચક્રે વણકરના હાથમાં રહેલા ચક્રમાં પ્રવેશ કર્યો. સંગ્રામમાં વણકરના ચક્રથી વિક્રમસેનનું મસ્તક છેદાયું. તેનું સૈન્ય છિન્નભિન્ન થઈ ગયું. વણકરને આશ્ચર્ય થયું કે, આ તે સ્વપ્ન છે કે સત્ય? સંગ્રામમાં પુંડ્રવર્ધન રાજાનો વિજય થયો. તે પછી વણકર સુદર્શનાના સાથે સુખેથી રહ્યો.

[સંદર્ભ : **'પંચાખ્યાન બાલાવબોધ'**, ઘટક ૨.૭, બુદ્ધિપ્રપંચથી ઉદ્યમ કરનારને મળતી સફળતા ઉપર દમનકે કરટકને કહેલી દૃષ્ટાંતકથા].

**વણિકપુત્રની દૃષ્ટાંતકથા** (સહસા કામ ન કરવા વિશે): નરેંદ્રપાળ રાજાના ગોકુળપુરમાં રહેતો દેવધર બ્રાહ્મણ વિદ્વાન કવિ હતો, અજાચક હતો અને દરિદ્ર હતો. એક દિવસ દરિદ્રતામાં સબડતી તેની સ્ત્રીએ વિદ્યાને વખોડી કાઢી. એટલે વિદ્યા આગળ લક્ષ્મી દાસી હોવાનું કહી બ્રાહ્મણે એક શ્લોક રચી, લખીને બ્રાહ્મણીના હાથમાં આપ્યો અને સવાલાખના મૂલે તે વેચી આવવા કહ્યું. દીપચંદશા હાણીનો દીકરો દયાળચંદ, શ્લોકનો કાગળ હાથમાં લઈને ચૌટામાં ઊભેલી બ્રાહ્મણી પાસે આવ્યો. સહસા કામ ન કરવા ઉપર શ્લોક હતો. વાંચીને તેણે સવાલાખ ટંકા ગણી આપી શ્લોક ખરીદી લીધો. બ્રાહ્મણી સંતુષ્ટ થઈ ઘેર આવી. દયાળચંદે શ્લોકનો કાગળ લઈ જઈને મેડી ઉપરના પોતાના શયનગૃહમાં ચોડયો.

હવે સમય જતાં તેની પંદર વરસની સ્ત્રીને સીમંત આવ્યું. તેની પંચમાસી પછી દયાળચંદને વેપાર અર્થે ઠઠ્ઠાભખ્ખર અને જાવા વહાણ લઈને જવું પડ્યું. પાછળ તેને ત્યાં બત્રીસલક્ષણો પુત્ર અવતર્યો. પુત્ર મોટો થવા લાગ્યો. બાર વરસે પુષ્કળ દ્રવ્ય રળીને વહાણ પાછાં આવ્યાં. ગુપ્ત રીતે પોતાના ઘરની ચર્ચા જોવાના વિચારથી દયાળચંદ હાથમાં કટાર લઈ

મધરાતે પોતાને ઘેર આવ્યો. પોતાની સૂવાની મેડીએ દીવા બળતા દીઠા. હીંડોળાખાટ પર તેની જુવાન પત્ની સૂતેલી હતી. કેશ છૂટા અને કપડાં અસ્તવ્યસ્ત હતાં. દીકરાની પાકેલી આંગળીએ અત્યંત પીડા થતી હતી, તેથી આંગળી માના મોઢામાં રાખી, માથું ખોળામાં મૂકી તે ઊંઘતો હતો. બંનેના હાથ એકબીજા ઉપર હતા. સત્તાવીશ વરસની સ્ત્રી સત્તરની લાગતી હતી અને બાર વરસનો દીકરો બાવીસનો જણાતો હતો. દયાળચંદને થઈ ગયું કે, આ કોઈ જાર આવીને મારી સ્ત્રીને ભોગવે છે. કોપાવેશમાં આવી બારીએથી અંદર ઊતર્યો અને જ્યાં કટાર ઉગામી, ત્યાં ભીંતે ચોડેલા સહસા કર્મ ન કરવાના સવાલાખના શ્લોક ઉપર તેની નજર ગઈ. દયાળચંદ પાછો વળી ગયો. બીજે દિવસે સામૈયું કરવા આવનાર સ્વજનોમાં ઘોડેસ્વાર થઈને દયાળચંદનો પુત્ર પણ આવેલો હતો. પિતાને પૂછતાં ખબર પડી કે, રાત્રે જેને જાર માનીને મારી નાખત તે બીજો કોઈ નહીં, પોતાનો જ પુત્ર હતો. એ સાંભળીને તેને અત્યંત હર્ષ થયો અને પેલા બ્રાહ્મણકવિને બોલાવી બીજા આઠ લાખ ટંકા આપ્યા.
[સંદર્ભ : **'મદન અને મોહના,'** ઘટક ૨ : મદને મોહનાને કહેલી દૃષ્ટાંતકથા].

**વધુ ઉત્તમ આજીવિકાનું સાધન કયું ? (વેતાલપચીસી–૨,** ચોવીસમી કથા) : ચાર પુત્રોએ દુકાળ પડતાં પોતાનો અને માતાપિતાનો નિભાવ કરવા જુદા જુદા ઉપાય કર્યા. મોટા દીકરાએ એક ગાય વેચાતી લીધી. બીજાએ એક વાડો વેચાતો લઈ નોકરી સ્વીકારી. ત્રીજાએ બે બળદ ખેતી કરવા ખરીદ્યા. ચોથાએ વ્યાજવટાઉનો ધંધો શરૂ કર્યો.

આટલી વાત કહી વેતાળે પ્રશ્ન કર્યો : 'ચારમાંથી કોણે પોતાનો ધર્મ રાખ્યો ? કોણે માબાપને પોષ્યાં ? કોણે માત્ર પોતાનું પેટ પોષ્યું ? કોણ દુઃખી થયો ?' વિક્રમે ઉત્તર દીધો : 'મોટા દીકરાએ બ્રાહ્મણધર્મ જાળવ્યો. બીજો ક્ષત્રિયને યોગ્ય ચાકરી કરનાર દુઃખી થયો. કણબીને યોગ્ય ખેડ કરનારે માબાપને પોષ્યાં. વાણિયાની પેઠે વ્યાજવટાઉ કરનારે માત્ર પોતાનું પેટ પોષ્યું'
[આધાર : **'વેતાલપચીસી–૨'**, ચોવીસમી કથા]

**વધુ ઉત્તમ વિદ્યા કઈ ? (વેતાલપચીસી–૨,** તેરમી કથા) : વેતાળનો પ્રશ્ન : મલ્લવિદ્યા, ગારુડી વિદ્યા, ભૂતવિદ્યા અને વૈદકવિદ્યા; એ ચારમાંથી ઉત્તમ વિદ્યા કઈ ?

વિક્રમનો ઉત્તમ : બાહુબળ પર આધાર રાખતી મલ્લવિદ્યા.
[આધાર : **'વેતાલપચીસી–૨'**, તેરમી કથા]

**વધુ ઉદાર કોણ ?—૧ (વેતાલપચીસી–૧,** આઠમી કથા) : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો-મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી.

'મલયસ્થળના રાજા ગુણાધિપતિને ત્યાં નોકરી કરવા વિરમદેવ નામે એક રાજપુત્ર આવ્યો. તેની સેવાના બદલામાં રાજા કશું આપતો નહીં. વિરમદેવની પાસેનું ધન ખરચાઈ જતાં કુટુંબનાં માણસો તેને છોડી જતાં રહ્યાં. એક દિવસ શિકાર ખેલવા ગયેલો રાજા ભૂલો પડતાં વિરમદેવે તેની પાસે આવી પ્રણામ કર્યા. રાજાએ તેને પૂછ્યું : 'તને કેટલો ગરાસ મળે છે ?' વિરમદેવે કહ્યું : 'કશું મળતું નથી'. રાજાએ પોતે ભૂખ્યો થયો હોવાનું કહ્યું. વિરમદેવે તેને બે વનફળ લાવીને આપ્યાં. પછી નગરમાં આવી રાજાએ વિરમદેવને બત્રીસ ગામનો ગરાસ આપ્યો. એક વાર રાજાએ વિરમદેવને બીજા રાજાની મુલાકાતે મોકલ્યો. તે જતો હતો ત્યારે તેણે સમુદ્રમાંના દેવીના મંદિરમાં એક દેવાંગનાને આકાશમાંથી ઊતરતી જોઈ. તેની પાસે જઈને વિરમદેવે તેના પ્રત્યેની પોતાની કામના વ્યક્ત કરી. દેવાંગનાએ તેનો સ્વીકાર કર્યો. તે પછી વિરમદેવને થયું કે, 'હું આ દેવાંગના મારા સ્વામીને દેખાડું'. નગરમાં પાછા આવીને સઘળો વૃત્તાંત રાજાને જણાવી તેને તે દેવીના મંદિરે લઈ ગયો. દેવીપૂજા માટે આવેલી દેવાંગના રાજાને જોઈ કામપીડિત થઈ. તેણે રાજાને કહ્યું : 'તમે મને જે આદેશ દેશો તે હું કરીશ.' રાજાએ તેને વિરમદેવને વરવા કહ્યું. તેની આજ્ઞા માનીને દેવાંગનાએ વિરમદેવ સાથે ગાંધર્વ-વિવાહ કર્યો.'

આટલું કહી વેતાળે વિક્રમને પૂછ્યું : 'વધુ સાત્ત્વિક કોણ, રાજા કે વિરમદેવ ?' વિક્રમે ઉત્તર આપ્યો : 'વિરમદેવ કેમ કે, પહેલાં ઉપકાર તેણે કર્યો હતો.' આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.
[આધાર : **'વેતાલપચીસી'–૧**, આઠમી કથા]

**વધુ ઉદાર કોણ ?—૨ (વેતાલપચીસી–૧,** નવમી કથા) : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો-મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી.

'હરણદત્ત શેઠની પુત્રી મદનસેના એક વાર ક્રીડાર્થે ઉદ્યાનમાં ગઈ, ત્યારે સોમદત્ત શેઠનો પુત્ર ધર્મદત્ત તેને જોઈ

કામવશ થયો. તેણે રાત વિરહવેદનામાં વિતાવી. સવારે ધર્મદત્ત અને મદનસેના એ જ ઉદ્યાનમાં ભેગાં થયાં. ધર્મદત્તે તેનો હાથ પકડીને કહ્યું, : 'જો તું મારી કામના સંતોષીશ નહીં તો મારો પ્રાણ જશે.' મદનસેનાએ કહ્યું : 'હું કુંવારી છું અને મારા વિવાહ આજથી પાંચમે દિવસે નક્કી થયા છે. હું પરણીને મારા પતિ પાસે જઈશ, તે પહેલાં તારી પાસે આવવાનું વચન આપું છું.' તે પછી પાંચમે દિવસે તેનાં લગ્ન થયાં. પતિનો સંગ કરવા સમયે તેણે પતિને પોતે ધર્મદત્તને આપેલા વચનની વાત કરી. પતિએ તેને ધર્મદત્તને મળવા જવા સંમતિ આપી. પછી મદનસેના ધર્મદત્તના ઘર તરફ જતી હતી ત્યારે માર્ગમાં ચોરે તેને જોઈ. ઘરેણાં ઉતારી લેવાનો વિચાર કરી તેને આટલી મોડી રાત્રે એકલી બહાર નીકળવાનું કારણ પૂછ્યું. મદનસેનાએ કારણ જણાવતાં ચોરે શણગાર ઉતાર્યા વિના તેને જવા દીધી. તેને આવેલી જોઈ ધર્મદત્ત અચંબામાં પડી ગયો અને "તું કોણ છે ?" એમ પૂછ્યું, ત્યારે મદનસેનાએ પોતાની ઓળખ આપી અને આપેલું વચન પાળવા આવી હોવાનું કહ્યું. 'તું મારા તરફની પ્રીતિથી નહીં, પણ માત્ર વચન પાળવા આવી છે, એટલે હું તારો સ્વીકાર નહીં કરું,' એમ કહી ધર્મદત્તે તેને પાછી મોકલી. વળતાં ચોર ફરી મળ્યો, ત્યારે તેણે ચોરને જે બન્યું હતું તે જણાવ્યું. ચોરે તેને ઘરેણાં લઈ લીધા વિના જ જવા દીધી. પતિ પાસે આવીને મદનસેનાએ બનેલો વૃત્તાંત કહ્યો. પતિએ તેને પ્રેમપૂર્વક સ્વીકારી.'

આટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું : 'પતિ, ચોર અને પ્રેમી–એ ત્રણમાં સૌથી વધુ ઉદાર કોણ ?' વિક્રમે કહ્યું, : 'પતિએ મદનસેનાને જવા દીધી કેમ કે, તેને એમ થયું કે, તેને બીજા ઉપર પ્રેમ છે. ધર્મદત્તે તેને રાજા દંડશે એ ડરે પાછી મોકલી. પણ ચોરે તો કેવળ તેની સચ્ચાઈ પ્રત્યેના માનથી જવા દીધી. માટે ચોર સૌથી વધુ ઉદાર.' આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'–૧,** નવમી કથા]

**વધુ કામાતુર કોણ ? (વેતાલપચીસી–૧,** વીસમી કથા) **:** સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી.

'નાનપણમાં પરણીને પછી પોતાના પિતાને ઘેર રહેતી અનંગસુંદરી યુવાનીમાં આવી, તે વેળા તેના પતિને વેપાર અર્થે સમુદ્રપ્રવાસે જવાનું થયું. પોતાના આવાસમાં બેઠેલી અનંગસુંદરીએ એક વાર રસ્તે જતા એક બ્રાહ્મણયુવકને જોયો, બંનેની દૃષ્ટિ મળતાં પ્રેમભાવ પ્રગટ્યો. એ યુવકની અસહ્ય વિરહવેદનાથી પિડાતી અનંગસુંદરી ભદ્રિકાદેવીને મંદિરે જઈ ગળે ફાંસો ખાવા તૈયાર થઈ હતી, ત્યારે તેને તેની સખીએ વારી અને તે પેલા બ્રાહ્મણયુવકની પાસે ગઈ. તે યુવક પણ અનંગસુંદરીના વિરહે પાગલ બની ગયો હતો. સખીએ તેને કહ્યું કે, અનંગસુંદરીએ તને મળવા બોલાવ્યો છે. એટલે વિરહદુઃખે ભાંગી પડેલો એ બ્રાહ્મણયુવક સખીની સાથે ગયો. દેવીમંદિરે આવીને જોયું તો અનંગસુંદરી વિરહવેદનાથી મરણ પામી હતી. તે જોઈ બ્રાહ્મણયુવકનું હૃદય પણ ફાટી ગયું. દરમિયાન અનંગસુંદરીનો પતિ પણ ત્યાં આવી પહોંચ્યો. તેણે પોતાની પત્ની સાથે પરપુરુષને જોઈને આપઘાત કર્યો.'

આટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું, 'અનંગસુંદરી, બ્રાહ્મણયુવક અને અનંગસુંદરીનો પતિ એ ત્રણમાં વધુ કામાતુર કોણ ?' વિક્રમ બોલ્યો : 'અનંગસુંદરીનો પતિ સૌથી વધુ કામાતુર.' આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'–૧,** વીસમી કથા]

**વધુ કોમળ કોણ ?–૧ (વેતાલપચીસી–૧,** દસમી કથા) **:** સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી.

'પુણ્યવર્ધનનગરનો પુણ્યશેખર રાજા એક વાર વસંતઋતુમાં તેની ત્રણે રાણીઓને લઈ ઉદ્યાનક્રીડાએ ગયો. સહુ સરોવરમાં નહાવા પડ્યાં. રાજાએ એક રાણીના હાથમાં કમળ આપ્યું. તે રાણીના હાથમાંથી પડી ગયું અને તે તેના પગ પર પડ્યું. આથી તેનો પગ ભાંગ્યો. બીજી રાણીના શરીર પર ચંદ્રકિરણ પડતાં તેને પીડા થઈ. ત્રીજી રાણીએ બાજુના ઘરે સાંબેલાથી ખાંડવાનો અવાજ સાંભળ્યો ને તેને હાથે ફોલ્લો થયો.'

એટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું : 'કહે, એ ત્રણ રાણીમાં સૌથી વધુ કોમળ કઈ ?' વિક્રમે ઉત્તર દીધો : 'સાંબેલાનો અવાજ સાંભળી જેને હાથે પીડા થઈ તે સૌથી વધુ કોમળ.'

આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'–૧,** દસમી કથા]

**વધુ કોમળ કોણ ?–૨ (વેતાલપચીસી–૨, ચૌદમી કથા) :** 'એક રાજકુમારને અતિશય કોમળ હોય તેવી કન્યા પરણવાનો આગ્રહ હતો. પિતાએ તેને તેવી સાત કુંવરીઓ પરણાવી. એ સાતમાંથી જે સૌથી વધુ કોમળ હોય તેને પટરાણીપદે સ્થાપવાનું રાજકુમારે નક્કી કર્યું અને તે દરેકનું નિરીક્ષણ કરવા લાગ્યો. એક વાર પહેલી પત્નીને મહેલે તે રાત ગાળી સવારે ઊઠતાં તેણે જોયું કે ઊગતા સૂર્યનું એક કિરણ તે સુંદરી પર પડતાં તો તે બળુંબળું થઈ રહી. રાજકુમારે આડું છત્ર ધરીને તેને બચાવી લીધી. બીજે એક દિવસે બીજી રાણીની પાસે તે હતો, ત્યારે સાંજે વાદળમાંથી એક ટીપું રાણીની છાતી પર પડ્યું, એટલે તેમાં તે તણાઈને સમુદ્રમાં પહોંચી ડૂબી ગઈ હોત, પણ રાજકુમારે તેનો હાથ પકડી રાખીને બચાવી લીધી. ત્રીજી રાણી એક વાર ઊભી હતી ત્યાં ઉમરાનું ઝાડ ભાંગતાં તેની ડાળખી ઊડી અને તેના પવનની ઝપટ લાગતાં રાણી આકાશમાં ઊડી ગઈ હોત, પણ પાસે રહેલા રાજકુમારે તેનો હાથ પકડી રાખતાં તે બચી ગઈ. ચોથી રાણી એક વાર પલંગ પરથી ઊતરતાં તેનો પગ જરા જોરથી જમીનને અડ્યો અને પગે પંદરવીસ ફોલ્લા ઊઠી ગયા. પાંચમી રાણીને માથે પ્રેમથી એક વાર એક જાઈનું ફૂલ રાજકુમારે મૂક્યું, તેવી જ તે ફૂલના ભારે ધરતીમાં ઊતરી જવા માંડી, પણ રાજકુમારે તેનો હાથ પકડીને બહાર ખેંચી લીધી. છઠ્ઠી રાણીએ એક વાર ખસખસનો એક દાણો ખાતાં એનું પેટ ફૂલી ગયું અને અનેક ઉપચાર કર્યા પછી તે માંડ બચી. સાતમી રાણીએ એક વાર તેના મહેલથી પાંચમા ઘરે રહેતી પડોશણ ચોખા ખાંડતી હતી તેનો અવાજ સાંભળતાં રાણીના બંને હાથમાં ચાંદાં પડ્યાં. પાટાપિંડી કરીને તેને માંડ બચાવી.'

એટલી કથા કહીને, પીઠે બાંધીને શબને મૂંગા મૂંગા લઈ જતા વિક્રમ રાજાને શબમાં ભરાયેલા વેતાળે વિક્રમનો મૌનભંગ કરાવવા પ્રશ્ન કર્યો. 'કહે રાજા, એ સાત રાણીમાંથી સૌથી વધુ કોમળ કઈ રાણી ?' વિક્રમે ઉત્તર દીધો : 'સાતમી રાણી સૌથી વધુ કોમળ, કેમ કે બીજીઓને કશીક ચીજનો સ્પર્શ થયાથી અસર થઈ, જ્યારે સાતમીને તો માત્ર શબ્દ સાંભળીને અસર થઈ.' એ સાંભળી 'શાબાશ, સત્યવાદી' બોલી શબ ઊડીને ફરીથી સિદ્ધવડ ઉપર લટકી ગયું.

[આધાર :**'વેતાલપચીસી'–૨**, ચૌદમી કથા]

**વધુ ડાહી કોણ ? ('વેતાલપચીસી'–૨,** બાવીસમી કથા) : એક ગામમાં રહેતી રાજપુત્રી, પ્રધાનપુત્રી, નગરશેઠની પુત્રી, રાજપુરોહિતની પુત્રી, બ્રાહ્મણપુત્રી અને શૂદ્રની પુત્રી, એમ છયે જણીઓ નિયમિત રીતે ગામમાં આવેલા શિવમંદિરમાં શિવપૂજન કરતી હતી. તેથી પ્રસન્ન થઈને શિવે દરેકને એકેએક અમરફળ આપ્યું. એમાં એવો ગુણ હતો કે ખાનારને ચિરયૌવન પ્રાપ્ત થાય અને કદી પણ રોગ ન થાય. એ અમરફળ રાજપુત્રીએ પોતાના પિતાને ખવરાવ્યું. પ્રધાનપુત્રીએ પોતાના ભાઈને, નગરશેઠની પુત્રીએ પોતાના પતિને અને શૂદ્રપુત્રીએ પોતાના પુત્રને ખવરાવ્યું. પુરોહિતપુત્રીએ પોતે જ અમરફળ ખાધું. જ્યારે બ્રાહ્મણપુત્રીએ તે મહાદેવના પૂજારીને ખવરાવ્યું. આટલી કથા કહી વેતાળે પ્રશ્ન કર્યો : 'એ છ જણીઓમાં સૌથી વધુ ડાહી કોણ ?'

વિક્રમે ઉત્તર દીધો : 'બ્રાહ્મણપુત્રી. તેણે દાન કરી પરમાર્થ કર્યો, બીજીઓએ તો માત્ર સ્વાર્થ સાધ્યો.'

[આધાર : **'વેતાલપચીસી'**–૨, બાવીસમી કથા]

**વધુ નિષ્ણાત કોણ ?—૧ (વેતાલપચીસી–૨,** અઢારમી કથા) : 'એક બ્રાહ્મણને પાંચ પુત્રો હતા. તેઓ મનુષ્ય કે વસ્તુના સૂક્ષ્મતમ ગુણ પારખવામાં જુદીજુદી રીતે નિષ્ણાત હતા. એક રાજકુંવરીએ તેમાંથી જેની નિષ્ણાતતા સૌથી ચડિયાતી ગણાય તેને વરવાનું નક્કી કર્યું. દરેકની શક્તિનું પારખું લેવાની ગોઠવણ કરી. પહેલો ભોજનચંગ ખાનપાનના સ્વાદ પારખવામાં નિષ્ણાત હતો. તેને ઉત્તમ જાતના ચોખા રાંધીને પીરસવામાં આવ્યા. તેને ભાતમાં મરેલા ઊંટની દુર્ગંધ આવી. તપાસ કરતાં જાણવામાં આવ્યું કે, જે દૂરના ગામના ખેતરમાંથી એ કમોદના ચોખા આવ્યા હતા, તેની ભોંય પર પાંચસો વરસ પહેલાં એક ઊંટ મરી ગયો હતો.

એ પછી બીજો નારીચંગ હતો, જે સ્ત્રીની જાત પારખવામાં નિષ્ણાત હતો. તેને રાજાની એક અતિશય રૂપાળી રાણી બતાવી. તેણે કહ્યું કે જન્મે એ માછણની દીકરી હતી. પછી ત્રણ વરસ તેણે ધોબીનું અન્ન ખાધું છે, અને પછી રાજદ્વારે રાણી પાસે ઊછરી છે. એ વાતની તપાસ કરતાં જાણવા મળ્યું કે ગર્ભવતી બનેલી વિધવા માછણે પુત્રી જન્મતાં તેને માટલામાં મૂકી નદીમાં વહેવરાવી દીધેલી. તે કપડાં ધોતાં ધોબીને મળી. તેને ત્યાં ત્રણ વરસની થયા પછી, એક અપુત્ર રાજાએ તેને પોતાને ત્યાં લઈ જઈ પુત્રી તરીકે ઉછેરી હતી.

એ પછી બ્રાહ્મણનો ત્રીજો પુત્ર કે જે આસનચંગ હતો–તે આસનની સુંવાળપ પારખવામાં નિષ્ણાત હતો. તેને જાડી મખમલની ગાદી ઉપર બેસાડવામાં આવતાં, તેને ભારે કષ્ટ થયું અને ઊઠી જઈને બોલ્યો : 'ગાદી નીચેનું હાડકું બહુ

ખૂંચ્યું.' તપાસ કરતાં જણાયું કે જે ભોંય પર ગાદી રાખી હતી તેને ખોદતાં પાંચ ગજ નીચે હાડકાનો ટુકડો હતો.

એ પછી ચોથો બ્રાહ્મણપુત્ર કે જે શય્યાચંગ હતો–તે પથારીના સૂક્ષ્મ ગુણદોષ પારખી શકતો હતો. તેને સુખડના પલંગ પર મખમલમાં ભરેલા ગાદલા ઉપર અતલસ બિછાવી સુવાડ્યો, એટલે થોડી જ વારમાં જાણે વીંછી ડંખ્યો હોય તેવી પીડા થતાં તે ઊભો થઈ જઈ બોલ્યો : 'ગાદલામાં ઘોડાના વાળનો ટુકડો છે. તે એટલો ખૂંચે છે કે સૂઈ કેમ શકાય ?' તપાસ કરતાં ગાદલાની અંદરથી એક તસુનો વાળ નીકળ્યો.

એ પછી પાંચમો પુત્ર ભોગચંગ હતો–તે સ્ત્રીના ગુણદોષ પારખવામાં નિષ્ણાત હતો. તેની પાસે એક અત્યંત રૂપાળી ગણિકાને સુવાડતાં, તે તરત ઊભો થઈ જઈ બોલ્યો : 'ઘણો વખત બકરીનું દૂધ પીધું હોવાથી આનામાં એની વાસ આવે છે.' તપાસ કરતાં જાણવા મળ્યું કે, એ ગણિકા જન્મતાંવેંત તેની મા મરી જતાં તેને ત્રણ વરસ બકરીના દૂધ પર ઊછરી હતી.'

એટલી કથા કહી, પીઠે બાંધી શબને મૂંગા મૂંગા લઈ જતા વિક્રમ રાજાને શબમાં ભરાયેલા વેતાળે વિક્રમનો મૌનભંગ કરાવવા પ્રશ્ન કર્યો. 'કહે રાજા, એ પાંચમાં સૌથી વધુ નિષ્ણાત કોણ ? કોને રાજકુંવરી વરી ?' વિક્રમે ઉત્તર દીધો 'જેને ભોંયમાં ઊંડે રહેલું હાડકું ખૂંચ્યું એ આસનચંગ સૌથી મોટો નિષ્ણાત. જમીનના ગુણે ધાન્ય કળનાર, વાંસામાં ખૂંચતો વાળ કળનાર અને પરસેવાની ગંધથી માછણની પુત્રી અને બકરીના દૂધે ઊછરેલી ગણિકાપુત્રીને કળનાર એનાથી ઊતરતા.' એ સાંભળી, 'શાબાશ, સત્યવાદી,' બોલી શબ ઊડીને ફરી સિદ્ધવડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'**–૨, અઢારમી કથા]

**વધુ નિષ્ણાત કોણ ?–૨ (વેતાલપચીસી–૧, ત્રેવીસમી કથા)** : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાના બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી.

'પિતાએ આદરેલા યજ્ઞ માટે સમુદ્રકાંઠે કાચબો લેવા ગયેલા ત્રણ બ્રાહ્મણપુત્રોને કાચબાની દુર્ગંધે રોકયા અને તેઓ અંદરોઅંદર વાદવિવાદ કરવા લાગ્યા. વાદનો નિકાલ કરવા તેઓ રાજદ્વારે પહોંચ્યા. રાજાએ તેમને વાદનું કારણ પૂછ્યું. મોટા પુત્રે કહ્યું : 'હું ભોજનચંગ છું. ભોજનનો સૂક્ષ્મતમ સ્વાદ હું પારખી શકું છું.' વચલાએ કહ્યું : 'હું નારીચંગ છું. સ્ત્રીનો પ્રચ્છન્ન ગુણ હું પારખી શકુ છું.' નાનાએ કહ્યું : 'હું શય્યાચંગ છું. શય્યાની સુંવાળપનું મારા જેટલું કોઈને ભાન નથી.' એ ત્રણમાં સૌથી વધુ સૂક્ષ્મ ઇંદ્રિય કોની–સૌથી વધુ નિષ્ણાત કોણ ?—એ બાબત તેમની વચ્ચે વિવાદ હતો.

એ સાંભળી રાજાએ ભોજનચંગને જમવા બોલાવી સુગંધી ભાતની થાળી પીરસી. ભોજનચંગ જમ્યા વગર ઊભો થઈ ગયો. કેમ કે તેને ભોજનમાં મડદાની બૂ આવી. રાજાએ તપાસ કરાવી તો જાણવા મળ્યું કે એ ભાત જેમાંથી બનાવેલા હતા તે ડાંગર મસાણ પાસેના ખેતરમાં વાવેલી હતી. વચલા ભાઈને એક પ્રખ્યાત રૂપવતી ગણિકાને ત્યાં રાત ગાળવા મોકલ્યો. તેને ગણિકામાં બોકડાની ગંધ આવી. તેથી તે પાછો આવ્યો. રાજાએ તપાસ કરાવી તો જાણવા મળ્યું કે તે ગણિકા એક વરસની હતી ત્યારે તેની માતા મરણ પામતાં તેને બકરીનું દૂધ પાઈને ઉછેરી હતી. ત્રીજા ભાઈને ઉત્તમ રૂની સુંવાળી તળાઈ પર સુવડાવ્યો, પરંતુ તે વાળ ખૂંચવાને કારણે ઊંઘી ન શક્યો. રાજાએ તપાસ કરાવી તો રૂને તળિયેથી એક વાળ નીકળ્યો. રાજાએ ત્રણેયની શક્તિની પ્રશંસા કરી.

એટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું ; 'એ ત્રણ ભાઈમાં સૌથી સૂક્ષ્મ ઇંદ્રિયવાળો કોણ ?' વિક્રમે ઉત્તર દીધો : 'શય્યાચંગ સૌથી ચડે'. આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'–૧**, ત્રેવીસમી કથા]

**વધુ પુણ્ય કોનું ?–૧ (=જન્મજન્માન્તરનાં વિપરીત સગપણ) (વેતાલપચીસી–૨,** ચોથી કથા) : 'અયોધ્યાનગરીના રાજાની સભામાં રાજગણિકાનો નૃત્યપ્રયોગ ચાલતો હતો. આવતાજતા નગરજનો પણ કૌતુકથી તે જોતા હતા. તેમાં એક બ્રાહ્મણી અને એક વાણિયણ માથે પાણી ભરેલાં બેડાં સાથે ત્યાં ઊભી રહીને નાચ જોતી હતી. બ્રાહ્મણીએ કેડે છોકરો તેડ્યો હતો અને વાણિયણે છોકરી. માથે ભાર હતો, છોકરાં રડતાં હતાં, તોયે તે બંને અંદર અંદર હસીને તાળી દેતી એક પહોર સુધી નાચ જોતી ઊભી રહી. આ જોઈ રાજાએ તેમને બોલાવીને આવી સ્થિતિમાં એટલો બધો વખત ઊભી રહી તમે નાચ કેમ જોઈ રહી છો ? અને નાચમાં તમે શું સમજી ? એમ પૂછ્યું. બંનેએ કહ્યું : 'મહારાજ, અમે સમજ્યા પણ તમે નથી સમજ્યા.' એમના આ કથનનો ખુલાસો કરવાનું રાજાએ કહ્યું. એટલે બ્રાહ્મણી બોલી : 'બહુ મોડું થયાથી ભૂખ્યો થયેલો મારો પતિ મારા પર ખિજાશે. એ સહી લઈ

હું ગંજારમાં બળતણ લેવા જઈશ ત્યારે મને સાપ કરડશે અને મારું મોત થશે. મારા મરણ પછી મારા પંદર માસના દીકરાનું તમે પાલનપોષણ કરજો. એટલે તમે મને રોકો નહીં. તમારે ખુલાસો જોઈએ તો તમે તમારા પુરોહિતને ત્યાં આજથી દસ માસ પછી જે દીકરી જન્મશે, તે પાંચ વરસની થતાં તેનાં લગ્ન થતાં હોય ત્યારે ચોથે મંગળફેરે તમે એને પૂછજો.' એટલું કહીને બ્રાહ્મણી ચાલી ગઈ. પછી વાણિયણને પૂછતાં તેણે પણ કહ્યું : 'મને ઘણું મોડું થયું હોવાથી મારી મા વઢશે. તો તમે કાલે સવારે હું તમને ખુલાસો કરીશ.' એટલું કહીને તે ચાલી ગઈ. તે પછી બ્રાહ્મણી જેણે આગાહી કરી હતી તે પ્રમાણે મૃત્યુ પામી. એ વાત જાણી અચરજ પામેલો રાજા બીજે દિવસે સવારે વાણિયણને ખુલાસો પૂછવા ગયો. એટલે તે બોલી : 'મહારાજ, હમણાં થોડી જ વારમાં પરદેશ ગયેલા મારા પતિ મૃત્યુ પામ્યાના સમાચાર આવશે. એટલે હું ચિતા પર ચડી સતી થઈશ. મારી આ બે મહિનાની છોકરી અને તેર મહિનાનો છોકરો તમારે ખોળે મૂકું છું. તેમનું પાલન-પોષણ કરજો. તે બન્નેનાં તેમ જ બ્રાહ્મણીના પુત્રનાં એક જ દિવસે લગ્ન થશે. તે વેળા તું મારી છોકરીના વરને, મારા છોકરાની વહુને અને બ્રાહ્મણીના છોકરાને અમે જે કહ્યું તેનો ખુલાસો પૂછજે.' એ પ્રમાણે વાણિયણે રાજા સાથે વાત કરી, ત્યાં તો પરદેશ ગયેલા તેના પતિના મરણના સમાચાર આવ્યા. વાણિયણે અગ્નિસ્નાન કર્યું. રાજાએ ત્રણેય બાળકોને ઉછેરવાની ગોઠવણ કરી. પછી બ્રાહ્મણીનો છોકરો સાત વરસનો થતાં તેનો પુરોહિતની પુત્રી વેરે સંબંધ કર્યો. તેમનાં લગ્નવેળા જ્યારે વરકન્યા ચોથો ફેરો ફરતાં હતાં ત્યારે રાજાએ કન્યાને બ્રાહ્મણીએ આપેલી સૂચના પ્રમાણે નાચ-પ્રસંગે તેણે કહેલાં વચનનો ખુલાસો પૂછ્યો. એટલે કન્યા બોલી, 'આ મારો વર છે તે એ પ્રસંગે જે મારી કેડે હતો તે મારો દીકરો જ છે અને હું તેની મા, કન્યા તરીકે અવતરીને તેની વહુ બની છું.' તે પછી રાજા વાણિયણનાં દીકરોદીકરી જ્યાં પરણતાં હતાં ત્યાં પહોંચ્યો. રાજાના પ્રશ્નનો ઉત્તર દેતાં દીકરીના વરે કહ્યું : 'હું ગયા જન્મનો વાણિયણનો વર છું અને ગયા જન્મની મારી દીકરીને પરણી રહ્યો છું.'

પછી વાણિયણના દીકરાને પૂછતાં તેણે કહ્યું : 'જે માયરામાં બેઠી છે, તે ગયા જનમની મારી માતા છે.' તે પછી પુરોહિતની કન્યાને અને વાણિયણના દીકરાની વહુને બોલાવી રાજાએ એકાંતમાં પૂછ્યું : 'તમે જે એમ કહ્યું કે અમે સમજ્યા, પણ તમે ન સમજ્યા, એનો મર્મ શો હતો ?' તેમણે ખુલાસો કર્યો : 'તમે જે ગણિકા રાખી છે અને જેના નાચથી તમે ખુશ થતા હતા, તે તમારી આગલા જન્મમાં માતા હતી. તમે એના નાચથી રાજી રાજી થતા હતા, અને તમારો આગલા જન્મનો આ સંબંધ અમે જાણતા હોઈને નાચ કૌતુકથી જોતાં હતાં. તે વેળા તમને તમારા એ સંબંધની વાત કરી હોત તો તમે માનત નહીં અને અમને શૂળીએ ચઢાવત. હવે તમે અમારા અને અમારાં સંતાનના આગલા ભવના અને આ ભવના સંબંધો જાણ્યા, તેથી અમારું કહ્યું તમારે ગળે ઊતરશે.' આ વાત સાંભળી આઘાત પામેલા રાજાએ તેમને પૂર્વભવનું જ્ઞાન કઈ રીતે હતું તે પૂછ્યું. તેમણે ખુલાસો કર્યો : 'આગળના બીજા ભવમાં અમે ત્રણ બહેનો હતી. નિત્ય શિવપૂજન કરતી. તેમાંની એક જે તે વેળા તારી માતા હતી, તે જારકર્મ કરવાને પાપે પછીના ભવમાં ગણિકા તરીકે અવતરી. તું શિવપૂજનને પ્રતાપે આ ભવે રાજા થયો. તે વેળાની તારી માસીઓ–અમે બ્રાહ્મણને અને વાણિયાને ત્યાં જન્મી. શિવજીની કૃપાએ અમને પૂર્વભવોની સ્મૃતિ–જાતિસ્મરણ રહ્યું છે.'

ગયા જન્મની પોતાની માતા સાથે દેહસંબંધ કર્યાના પાપથી પરતાતા રાજાએ પ્રાયશ્ચિત્તરૂપે શિવલિંગ સામે મસ્તક-પૂજા કરી. બંને કન્યાઓએ એ વાત જાણી. એટલે રાજાને વાત કરવાથી તેણે આત્મહત્યા કરી તેથી તે પાપનું પ્રાયશ્ચિત કરવા તેમણે પણ શિવને પોતાનાં શીશ સમર્પ્યાં. તે દિવસે ધાર્મિક પર્વ હોવાથી ગણિકા શિવદહેરે પૂજા કરવા ગઈ, ત્યાં રાજાનું મસ્તક પડેલું જોઈ, તેણે પણ કમળપૂજા કરી. પર્વ હોવાથી સૌ મોટા દેવો સાથે શંકરપાર્વતી એ સ્થળે વિમાનમાં બેસીને આવ્યાં. દયા આવતાં પાર્વતીએ અમૃત છાંટીને ચારેને સજીવન કર્યાં, અને સુખમય જીવન ગાળી અંતે સ્વર્ગગમનનું વરદાન આપ્યું.'

એટલી કથા કહી વેતાળે પ્રશ્ન કર્યો : 'કહે, રાજા, બન્ને કન્યા, ગણિકા અને રાજા એમાંથી કોનું પુણ્ય વધારે ? કોના પુણ્યે ચારે જણ જીવતાં થયાં ?'

વિક્રમે ઉત્તર દીધો : 'સૌથી વધુ પુણ્ય ગણિકાનું, કેમ કે એ તો કશું જાણતી ન હતી અને એણે રાજા પાછળ તેના પ્રેમ ખાતર પોતાનું બલિદાન આપ્યું. રાજાએ તો પાપી સંબંધના પ્રાયશ્ચિત્તરૂપે અને બંને કન્યાઓએ પણ રાજાના મૃત્યુ માટે પોતાને જવાબદાર ગણીને આત્મસમર્પણ કર્યું'.

આ સાંભળી 'શાબાશ, સત્યવાદી' કહીને શબ ઊડીને ફરી સિદ્ધવડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'**–૨, ચોથી કથા]

**વધુ પુણ્ય કોનું ?–૨** : જુઓ **વર ચાર અને કન્યા એક–૪**

**વધુ બળિયો કોણ? (=ઠગનારી ઠગાઈ) (વેતાલ–પચીસી–૨**, સાતમી કથા) : 'ભરત રાજાની રાજગૃહી નગરીમાં જોરાવર નામે એક રજપૂત રહેતો હતો. એને દેતા નામની પત્ની હતી. તેમની બાર વર્ષની પુત્રી એક વાર વાણિયાની દુકાને ઘી લેવા ગઈ અને બોલી : 'મારી મા જમવા બેઠી છે અને મારા બાપા દાઝે છે, માટે મને સૌથી પહેલાં ઘી આપો.' વાણિયાએ તરત જ ઘી તોળી આપ્યું. દુકાને બેઠેલા ગામ–ધણીએ એ છોકરીના કહેવાનો મર્મ પૂછતાં વણિકે ખુલાસો કર્યો : 'એ છોકરીનો બાપ મોટો શૂરવીર છે. છોકરીની માએ એને એવો વશ કર્યો છે કે, તે એની ભોજનની થાળી પતિની પીઠ પર રાખીને જમે છે.' આ જાણી ગામધણીએ વિચાર્યું કે, 'એ છોકરીને પરણીને હું જોઉં તો ખરો કે તે મારા પર કેવું શાસન ચલાવે છે.' અને તેણે એ છોકરી સાથે લગ્ન કર્યાં.

પરણ્યા પછી દરરોજ પ્રભાતે ગામધણી પોતાની પત્નીને ઘરઆંગણામાં દૂર ઊભી રાખી, એના કાનના વીંધમાંથી તીર પસાર કરીને સામી ભીંતને ભેદે. આંખ કે છાતી વીંધાઈ જવાની બીકે સમસમીને ઊભી રહેતી પત્નીને એ પછી પૂછે : 'કહે, જગતમાં કોણ સૌથી વધુ શક્તિશાળી ?' પત્ની બિચારી ઉત્તર આપે : 'તમે જ.' નિત્યના આ ત્રાસથી મરવા જેવી થયેલી દીકરીને તેની માતા મળવા આવી. તેના દુઃખની વાત જાણી તેણે તેને પતિ પ્રશ્ન પૂછે ત્યારે, શું ઉત્તર આપવો તે શીખવ્યું.

બીજે દિવસે નિત્યના ક્રમે તીરપ્રયોગ કરીને ગામધણીએ જ્યારે હંમેશનો પ્રશ્ન કર્યો, ત્યારે પત્ની બોલી : 'જગતમાં મલ્લનો પ્રતિમલ્લ હોય જ. શેરને માટે સવાશેર હોય. નપુંસક હોય તે જ પોતાની પત્ની આગળ બળપ્રયોગ કરે.' આ વચનો સાંભળીને ગામધણી તેના કહેવાનું પારખું કરવા તીરકામઠું લઈને પોતાનાથી વધુ બળિયાની શોધમાં નીકળી પડ્યો. રસ્તે જતાં તેણે હળે બે વાઘ જોડી, નાથ તરીકે સાપનો ઉપયોગ કરી, ખેતર ખેડતા એક ખેડૂતને જોયો. એટલામાં તેની વહુ ભાત લઈને આવી અને બોલી : 'રોયા, આ ખાઈ લેજે. મને મોડું થશે તો પેલો તારું કાટલું કાઢશે.' એમ કહી તે ચાલી ગઈ. પછી ગામધણીએ એ ખેડૂત પાસેથી જાણ્યું કે દરેક વેળા હળ ચલાવતાં તે નવનવા બે વાઘ અને સાપ પકડી લાવી હળે જોડતો. તેની વીતકવાત સાંભળી તે સાંજે તેની સાથે તેને ઘેર ગયો. ત્યાં તેણે ખેડૂતની વહુને તેના પ્રેમીની સેવા કરતી જોઈ. ગામધણીએ ખેડૂતને કહ્યું : 'એને હમણાં હું તીરથી વીંધી નાખું છું.' પેલા પ્રેમીએ જવાબ આપ્યો : 'તું નવસો નવાણું તીર છોડીશ તોપણ મારો વાળ વાંકો નહીં થાય. અને તારે નાસવું હોય ત્યાં નાસ. કાલે સવારે સવા પહોર પછી હું તને પૂરો કરીશ.' એ સાંભળીને ગામધણી ત્યાંથી ભાગ્યો. કહ્યા પ્રમાણે પેલા પ્રેમીએ બીજે દિવસે સવારે તેની પાછળ જઈ તેને પકડી પાડ્યો. ગામધણી તેના પગમાં પડ્યો. એટલામાં સમીપમાં રહેલા એક રબારીએ તેને કહ્યું : 'તું મારે શરણે આવ, પછી જોઉં કે એ તને શું કરે છે ? એને જીવતો રહેવા નહીં દઉં.' એ શબ્દો સાંભળીને પેલો પ્રેમી નાઠો. પછી રબારી ગામધણીને પોતાને ઘરે તેડી ગયો. ત્યારે ગામધણીને એક વિચાર આવ્યો, અને તે અનુસાર તે રબારીને સાથે લઈ, પેલા ખેડૂતની વહુના પ્રેમીને અને ખેડૂતને મળ્યો અને ચારે બળિયા ભેગા થઈને પોતાની શક્તિના જોરે અઢળક ધન રળી લાવવા નીકળી પડ્યા.

તેઓ એક નગરના ચોકમાં પહોંચ્યા, ત્યાં એક ધુતારીએ તેમને જોયા. તેમને ઠગીને હરાવવાનું મનમાં વિચારી તે તેમને મહેમાન તરીકે પોતાને ઘેર લઈ ગઈ અને તેમની સાથે શરત કરી. 'તમે અણદીઠી, અણસાંભળી, અણવીતી અને અણકહી વાત કહી સંભળાવો. જે હારે તેનાં નાકકાન વાઢી લેવાં.' તેમણે તે કબૂલ્યું. પછી તે ધુતારી કોઈ કામે બહાર ગઈ હતી ત્યારે ચારમાંથી એક મહેમાને તેના પતિને કહ્યું : 'થોડીક વાર પછી તમને એ જરૂર કહી બતાવીશું. પણ હમણાં તો ગામમાંથી હાલ જઈ રહેલા એક ગાડામાં જે સોળ મણનું આરિયું (ચીભડું) અને જેમાંથી ટુકડા કાપી કાપીને ગામલોકો લઈ જાય છે, તે તમે લઈ આવો.' દરમિયાન ઘરે પાછી આવેલી ધુતારીએ તેનો પતિ ક્યાં ગયો તે પૂછ્યું. એટલે બીજા મહેમાને તેને કહ્યું : 'કોઈક રૂપાળી સ્ત્રીએ આવીને સાન કરી એટલે તારો પતિ પૂર્વ તરફ તેની પાછળ ગયો.' રીસે ભરાયેલી તે તેની તપાસ કરવા ગઈ. દરમિયાન પતિએ પાછા આવીને કહ્યું : 'તમે કહ્યું તેવું ગાડું મારા જોવામાં ન આવ્યું.' પછી પૂછ્યું : 'મારી વહુ ક્યાં ગઈ ?' એટલે ત્રીજા મહેમાને કહ્યું : 'કોઈક રૂપાળો જુવાન આવેલો તે તેને પ્રેમથી તેડી ગયો. એ લોકો પૂર્વ બાજુએ ગયાં.' ધુતારીનો પતિ તેને શોધવા ઊપડ્યો. બંને એક બીજાને મળ્યાં અને તે વખતે ભારે ઝઘડો કર્યો અને ગાળાગાળી કરી એકબીજાનાં કપડાં ખેંચી કાઢ્યાં. પછી તેમને ભાન થયું કે આ પેલા મહેમાનોએ ઠગવિદ્યા કરી તેમને છેતર્યાં છે. એટલે તેઓ ધૂળિયાં કપડાં અને શરીર સાફ કરવા તળાવે નહાવા ગયાં. દરમિયાન ધુતારીની મા તેને ઘેર મળવા આવી. દીકરી જમાઈ ક્યાં ગયાં. એમ પૂછતાં ચોથા મહેમાને કહ્યું,' મરણના 'રોતાંકકળતાં તેઓ નદીએ નહાવા ગયાં છે. કોઈક નજીકના સગાના મરણના સમાચાર આવ્યા છે.' એ સાંભળીને ધુતારીની માએ માની લીધું કે તેના પરદેશ

ગયેલા પતિ જ મરણનો કાગળ આવ્યો હશે, એટલે તે રડતી-કકળતી તળાવે પહોંચી. ત્યાં દીકરી જમાઈને ભીને લૂગડે જોઈને તે છાતી કૂટવા લાગી. ધુતારી અને તેનો વર પણ એમ સમજ્યાં કે એના પતિના અશુભ સમાચારે તે રોકકળ કરી રહી છે. બધાં સગાંસંબંધીને બોલાવીને તેનું ચૂડીકર્મ કરી, ચારે જણ ઘરે આવ્યાં, પછી એક બીજાને 'કાગળમાં શું વિગત છે' એવું પૂછતાં ભેદ ખૂલ્યો કે આ તો બનાવટ હતી. એટલે ચતુર મહેમાનોએ ધુતારીને કહ્યું : 'અમે તમને અણદીઠી, અણસાંભળી, અણવીતી અને અણકહી વાત કહી સંભળાવી. માટે શરત પ્રમાણે તમારાં નાકકાન કાપી તમારો ભંડાર અમે લૂંટી લેશું.' ધુતારી તેમને પગે પડી અને બદલામાં પોતાની દીકરી આપવા તૈયાર થઈ. ચારે જણે તેનું ધન વહેંચી લીધું. માત્ર કન્યા બાકી રહી.'

એટલી કથા કહીને, પીઠે બાંધીને શબને મૂંગા મૂંગા લઈ જતા વિક્રમરાજાને શબમાં ભરાયેલા વેતાળે વિક્રમનો મૌનભંગ કરાવવા પ્રશ્ન કર્યો : 'કહે રાજા, કન્યા એ ચારમાંથી કોને પરણી ?' વિક્રમરાજાએ ઉત્તર દીધો : 'જેણે ધુતારીના વરને આરિયું (ચીભડું) લેવા મોકલ્યો તે કન્યાના હાથનો અધિકારી ગણાય. બાકીની ઘટનાઓ તેને આધારે જ ગોઠવી શકાય.' આ સાંભળી 'શાબાશ, સત્યવાદી' કહીને શબ ઊડીને ફરી સિદ્ધવડ ઉપર લટકી ગયું.

[આધાર : '**વેતાલપચીસી**'–૨, સાતમી કથા]

**વધુ ભલું કોણ ?** : જુઓ **જીમૂતવાહન–૨**

**વધુ મોટું પુણ્ય કયું ?** : જુઓ **કલિયુગનો પ્રભાવ** ('**વેતાલપચીસી**'–૨, સોળમી કથા)

**વધુ લાભકર્તા શું ? (વેતાલપચીસી–૨**, વીસમી કથા) : એક રાજાએ એવી ઘોષણા કરી કે, જે કોઈ મને ઉત્તમ શિખામણ દેશે તેને સવા લાખ સોનામહોર આપીશ. ચાર બ્રાહ્મણોએ તેને જુદી જુદી શિખામણ આપી. એકે આહારમાં ઘીને સૌથી વધુ મહત્ત્વ આપવા કહ્યું. બીજાએ જાગતા રહેવાના ગુણ ગણાવ્યા. ત્રીજાએ અતિથિસત્કારનો મહિમા ગાયો. ચોથાએ પત્નીને વશ ન થવું, તેને મર્યાદામાં રાખવી, એવી શિખામણ દીધી. રાજાએ તેમને થોડીક ભેટ આપી રવાના કર્યા અને તેમની શિખામણનાં પારખાં જોવાનું નક્કી કર્યું.

રાજાએ ભોજનમાંથી ઘી વાપરવું બંધ કરી તેને સ્થાને બધે તેલ વાપરવા માંડ્યું. થોડા સમયમાં તે અશક્ત બની રોગગ્રસ્ત થયો. આમ તેણે ઘીના ગુણની પરીક્ષા કરી. તે પછી એક રાતે તે જાગતો પડ્યો હતો, ત્યારે મધરાતે કોઈ સ્ત્રી રડતી હોવાનો અવાજ સાંભળીને તપાસ કરી, તો જાણ્યું કે તે તેની નગરલક્ષ્મી હતી અને બીજા દિવસની રાતે રાજાને સર્પ દંશ દેશે એ દુઃખે રડતી હતી. આ રીતે રાજાને જાગતા રહેવાના લાભની પ્રતીતિ થઈ. દિવસ થતાં રાજાએ કેસરી દૂધના ઘડા, ઉત્તમ ખાદ્યો અને સુગંધે મઘમઘતી પુષ્પશૈયા તૈયાર રખાવ્યાં. રાત્રે નાગરાજ રાજાને કરડવા આવ્યો ત્યારે ભારે અતિથિસત્કાર માણીને તે પ્રસન્ન થયો અને બધાં પ્રાણીઓની બોલી સમજવાનું રાજાને વરદાન આપ્યું, પણ એવી શરતે કે, જો તેની એ શક્તિની કોઈને વાત કરશે તો તત્કાળ તેનું મૃત્યુ થશે. એ રીતે રાજાએ અતિથિસત્કારનો પણ પરચો જોયો. તે પછી એક વાર રાજારાણી ખીરનું ભોજન કરતાં હતાં, ત્યારે ત્યાં માળો બાંધીને રહેલી ચકલીએ ચકલાને કહ્યું : 'મારા પેટમાં બચ્ચું છે, અને મને રાજાના ભાણામાંની ખીર ચાખવાનું મન છે.' એટલે ચકલાએ ચાંચ ભરી ખીર લાવીને ચકલીને ખવરાવી. તેમના આ વ્યવહારથી રાજાને હસવું આવ્યું. પાસે બેઠેલી રાણીએ એના હસવાનું કારણ જાણવાની હઠ કરી. રાજાએ કહ્યું કે, એ તને કહીશ તો મારું મોત થશે. તોપણ રાણીએ હઠ ન છોડી. એટલે રાણીવશ રાજાએ કાશીએ જઈને હસવાનું રહસ્ય જણાવવા કહ્યું. પ્રધાનને રાજ્ય સોંપીને રાજારાણી કાશીએ જવા નીકળ્યાં. થોડાક ગાઉ ઉપર મુકામ કર્યો, ત્યારે રાજાએ ત્યાં ચરતાં બકરા-બકરીનો વાર્તાલાપ સાંભળ્યો. બકરીએ પોતે સગર્ભા હોઈ લીલું ઘાસ ખાવાની ઇચ્છા થઈ હોવાથી ઊંડાણમાં રહેલા ઘરાને કાંઠેથી તે લાવી આપવા બકરાને કહ્યું. બકરે ઘરામાં લથડી પડવાની બીકે તે લાવી આપવાની ના કહી. બકરીએ હઠ કરી, એટલે બકરાએ શીંગડાંથી દશવીશ પ્રહાર કરી બકરીને કહ્યું : 'હું આ રાજા જેવો હીજડો નથી, જે મરદ થઈને મરવા ચાલ્યો છે.' એ સાંભળીને રાજાની આંખ ઊઘડી. રાણીને દસબાર કોરડા ફટકારીને તલવાર કાઢી. રાણીએ પગે પડી હઠ કર્યા બદલ માફી માગી. વાજતેગાજતે બંને રાજધાનીમાં પાછાં ફર્યાં. આમ, રાજાએ ચોથી શિખામણનાં પણ પારખાં લીધાં. તે પછી જેની શિખામણ સૌથી ઉત્તમ હતી, તેને બોલાવી રાજકુંવરી પરણાવીને અર્ધું રાજ્ય આપ્યું.'

એટલી કથા કહી, પીઠે બાંધીને શબને મૂંગા મૂંગા લઈ જતા વિક્રમ રાજાને શબમાં ભરાયેલા વેતાળે વિક્રમનો મૌનભંગ કરાવવા પ્રશ્ન કર્યો : 'કહે રાજા, એ ચાર શિખામણમાંથી કોની શિખામણ ઉત્તમ ? કોને રાજાએ નવાજ્યો ?' વિક્રમે ઉત્તર દીધો : 'જેણે જાગતા રહેવા કહ્યું એની શિખામણ ઉત્તમ. કેમ કે, તેથી જ રાજા જીવતો રહી શક્યો.' એ

સાંભળી, 'શાબાશ, સત્યવાદી' બોલી, શબ ઊડીને ફરી સિદ્ધવડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'–૨,** વીસમી કથા]

**વધુ સાત્ત્વિક કોણ ? : (વેતાલપચીસી–૧,** સોળમી કથા) : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી.

'જયપુર નગરના ધર્મશીલ રાજા સમક્ષ ત્યાં રહેતા રત્નદત્ત શેઠે પોતાની ઉન્માદિની નામે અત્યંત રૂપવતી પુત્રી સાથે વિવાહ કરવાનો પ્રસ્તાવ મૂક્યો. રાજાએ એ કન્યાનાં લક્ષણ જોવા પ્રધાનને મોકલ્યો. કન્યાને અસાધારણ રૂપવતી જોઈને પ્રધાનને થયું કે જો રાજા તેની સાથે લગ્ન કરશે તો તેના રૂપમાં જ આસક્ત રહી રાજ્યની ચિંતા નહીં કરે. એટલે તેણે પાછા આવીને જણાવ્યું કે, કન્યા અપલક્ષણી હોઈને રાજાને યોગ્ય નથી. એટલે પછી રત્નદત્ત શેઠે ઉન્માદિનીને ધવલધીર નામના એક રાજસેવક સાથે પરણાવી. એક વાર ઉદ્યાનવિહારે જતાં રાજાએ ઉન્માદિનીને તેના પ્રાસાદના ગવાક્ષમાં બેઠેલી જોઈ. તેના અસાધારણ રૂપથી તે તેમાં આસક્ત થયો. સાથેના સેવકો પાસેથી જાણ્યું કે તે તો જેને પ્રધાને અપલક્ષણી ગણેલી તે જ રત્નદત્ત શેઠની પુત્રી હતી, જેને રાજસેવક ધવલધીર સાથે પરણાવી હતી. રાજાએ પ્રધાનને બોલાવી કન્યાનાં લક્ષણો વિશે ખોટું બોલવાનું કારણ પૂછતાં તેણે બધી વાત સ્પષ્ટ કરી. રાજાનું મન જાણી રાજસેવક ધવલધીરે ઉન્માદિનીને રાજાને સ્વેચ્છાએ સમર્પિત કરવા તૈયારી બતાવી. પણ પરસ્ત્રીગમન પાપ હોવાનું કહી રાજાએ તેને સ્વીકારવાનો ઇન્કાર કર્યો. પરંતુ ઉન્માદિની પ્રત્યેની ઊંડી આસક્તિને કારણે રાજા વિરહની અંતિમ અવસ્થાએ પહોંચી મરણ પામ્યો. તે કારણે રાજસેવક ધવલધીરે પણ અગ્નિપ્રવેશ કર્યો. તેની પાછળ ઉન્માદિની પણ સતી થઈ.'

એટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું: 'રાજા, ધવલધીર અને ઉન્માદિની એ ત્રણેમાં સૌથી વધુ સાત્ત્વિક કોણ ?' વિક્રમે કહ્યું : "રાજા સૌથી વધુ સાત્ત્વિક."

આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'–૧,** સોળમી કથા]

**વર બે અને કન્યા એક :** જુઓ **અબોલા રાણી ( સિંહાસનબત્રીસી'**–૨. છઠ્ઠી કથા), છઠ્ઠો ઘટક; આંધળો અને પાંગળો.

**વર ચાર અને કન્યા એક–૧ (વેતાલપચીસી–૧,** સાતમી કથા) : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો. ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી.

'ચંપાપુરીના ચંપકસેન રાજાની ત્રિભુવનસુંદરી નામે કન્યા ઉંમરલાયક થતાં તેને માટે વર શોધવા રાજાએ પ્રયત્નો કર્યા. ઘણા યુવકોની છબીઓ ચીતરીને કન્યાને બતાવી પણ તેમાંથી કોઈ વર ગમ્યો નહિ. રાજાએ સ્વયંવર રચવા કહ્યું તોપણ કન્યાએ ના પાડીને કહ્યું : 'જેનામાં રૂપ, બળ અને જ્ઞાન એ ત્રણેય ગુણ હોય તેની સાથે મને પરણાવજો.' કન્યાની વાત સાંભળીને જુદા જુદા દેશથી ચાર વર આવ્યા. એમણે કન્યાનું માગું કરતાં રાજાએ જેનામાં રૂપ, બળ અને જ્ઞાન હશે તેની સાથે પોતાની કન્યા પરણાવવાનું કહ્યું. દરેક જણે પોતાના ગુણ કહ્યા. એકે કહ્યું, 'હું નિત્ય પાંચ સ્ફટિકરત્નો ઉપજાવું છું. જેમાંથી એક બ્રાહ્મણને આપું છું, બીજું દેવપૂજાર્થે વાપરું છું, ત્રીજું શરીરને માટે વાપરું છું, ચોથું પત્નીને આપું છું અને પાંચમું વેચીને ઘર ચલાવું છું. વળી સંગ્રામમાં મારી આગળ કોઈ ટકી શકતું નથી અને મારું રૂપ તો પ્રત્યક્ષ છે.' બીજાએ પોતે સ્થળચર બધા જીવોની બોલી જાણતો હોવાનું કહ્યું. પોતાનું રૂપ અને બળ પ્રત્યક્ષ હોવાનું તેણે કહ્યું. ત્રીજાએ પોતે શસ્ત્રકલા જાણતો હોવાનું કહ્યું અને હાથમાં હથિયાર ધારણ કરે તો કોઈ તેને જીતી શકે નહિ—એમ જણાવ્યું. વળી, રૂપ પ્રત્યક્ષ હોવાનું કહ્યું. ચોથાએ કહ્યું કે પોતે સર્વ શાસ્ત્ર જાણે છે, રૂપ અને બળ તો પ્રત્યક્ષ છે. સઘળા વરનાં કથન સાંભળી રાજાએ વિચાર્યું : 'કન્યા કોને આપું ?'

એટલી કથા કહીને વેતાળે પૂછ્યું : 'હે રાજા, એ કન્યાને યોગ્ય કયો વર ગણાય ? વિક્રમે ખુલાસો કર્યો : 'જે પાંચ સ્ફટિકરત્ન નિપજાવે તે શૂદ્ર, જે સઘળાં પ્રાણીઓની બોલી સમજે તે વૈશ્ય, જે શાસ્ત્ર જાણે તે બ્રાહ્મણ અને જે શસ્ત્રવિદ્યા જાણે તે ક્ષત્રિય જાણવો. ક્ષત્રિયની કન્યાને યોગ્ય એ ક્ષત્રિય વર ગણાય.' આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'–૧,** સાતમી કથા]

**વર ચાર અને કન્યા એક-૨ (વેતાલપચીસી-૨,** બીજી કથા) : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા સિદ્ધવડ પરથી શબને પીઠ પર બાંધી ઉતારીને મૂંગો મૂંગો લઈ જતો હતો ત્યારે શબે વિક્રમનો મૌનભંગ કરવા તેને નીચેની સમસ્યાગર્ભ કથા કહી. વિક્રમ હોંકારો દીધા વિના તે સાંભળતો હતો.

'એક નગરમાં ચાર અભણ બ્રાહ્મણપુત્રો રહેતા હતા. એક વાર તેમના અભણપણા માટે તેમની માતાએ તેમને ટોકચા, એટલે વિદ્યા મેળવવા તેઓ વિદેશે જવા નીકળ્યા. માર્ગમાં એક સ્થળે ફરી પાછા મળવાનો સંકેત કરી કોઈ વિદ્યા શીખી લાવવા તે ચારે અલગઅલગ દિશામાં ગયા. વિદ્યા શીખીને યથાસમયે નક્કી કરેલા સ્થળે તેઓ ચારે ફરી મળ્યા. એક જણ કોઈ પણ પ્રાણીનાં હાડકાંના ટુકડા પરથી આખુંય કલેવર નિર્માણ કરી શકતો હતો. બીજો તેમાં માંસ અને ચામડી જોડી શકતો. ત્રીજો નિર્જીવ કલેવરમાં પ્રાણસંચાર કરવાનું જાણતો. ચોથો વિદ્યાબળે પ્રાણીને નિષ્પ્રાણ કરી શકતો.

પોતાની વિદ્યાનું પારખું અને પ્રતીતિ કરાવવા તેમણે હાડકાના એક ટુકડા પર વારાફરતી પોતપોતાની વિદ્યા અજમાવી. એકે તેમાંથી કલેવર ઊભું કર્યું. બીજાએ માંસ અને ચામડી જોડ્યાં, અને ત્રીજાએ પ્રાણ પૂર્યા. ત્યાં તો વાઘ જીવતો થઈ તેમના પર ત્રાટક્યો. પણ ચોથાએ તરત જ એ વાઘને નિર્જીવ કરી દીધો. પછી બીજા હાડકાના ટુકડા પર તેમણે વિદ્યાપ્રયોગ કર્યો. પહેલા ત્રણના વિદ્યાબળે એક દેવાંગના સમી સુંદરી ઊભી થઈ. ચોથાએ પોતાના વિદ્યાબળે તેને નિર્જીવ કરી દીધી. પરંતુ પછીથી તે સુંદરી પ્રત્યે મોહ પામેલા તે ચાર જણે વિરહવ્યાકુળ બની શિવલિંગ આગળ કમળપૂજા કરી. એટલામાં વિમાનમાર્ગે શિવપાર્વતી ત્યાંથી નીકળ્યાં. પાંચ જણને શિવલિંગ પાસે મરેલાં જોઈ દુઃખી થયેલાં પાર્વતીએ તેમને સજીવન કરવા શિવને અનુરોધ કર્યો. શિવે અમૃત છાંટી તેમને સજીવન કર્યાં.'

આટલી કથા કહી શબે વિક્રમને પૂછ્યું : 'હે રાજા, કહે, એ ચાર બ્રાહ્મણપુત્રોમાંથી એ સુંદરી ઉપર કોનો હક ગણાય ? તું ઉત્તર જાણતો હોય અને બોલે નહીં, તો તને બ્રહ્મહત્યાનું પાપ.'

વિક્રમ રાજાએ ઉત્તર દીધો 'જેણે સજીવન કરેલા વાઘને માર્યો, તે એ સુંદરીનો હકદાર.' એટલું બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો તેથી શબ ઊડીને સિદ્ધવડ ઉપર પહોંચી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'-૨,** બીજી કથા]

**વર ચાર અને કન્યા એક-૩ (વેતાલપચીસી-૨,** બારમી કથા) : 'રૂપાળી રાજકુંવરી માનસરૂપા શિવના દહેરે શિવપૂજન કરતી હતી. ત્યારે ત્યાં આવેલો નગરશેઠનો પુત્ર ત્રિલોચન તેને જોઈ એવો કામવિવશ થઈ ગયો કે તેને પોતાની પાસે ખેંચીને ભેટચો. રાજકુંવરીએ આમ પોતાના કૌમાર્યનો ભંગ કરવા બદલ તેને ધમકાવી પોતાના પિતા પાસે શિક્ષા કરાવવા કહ્યું, ત્યારે તે કરગરવા લાગ્યો. પછી રાજકુંવરી પોતાને આવાસે આવી મેડીએ ચડી બેઠી. ત્યાં તેને અંગૂઠે સાપ કરડ્યો. ગારુડીવિદ્યા જાણતા એક જુવાન રજપૂતે તેનું ઝેર ઉતાર્યું. પણ તે વેળા તેને એકલી જોઈ તેના રૂપથી મુગ્ધ થઈને તેને આલિંગન દીધું. રાજકુંવરીએ એવું અઘટિત કામ કરવા માટે તેને ઠપકો આપ્યો અને પોતાને જીવતદાન દીધું તેથી તેને જવા દીધો. એક વાર એક બ્રાહ્મણયુવકને રાજકુંવરીએ પોતાના તરફથી શિવપૂજન કરવા મોકલ્યો અને પૂજા પૂરી થયે આવીને સીધું અને દક્ષિણા લઈ જવા કહ્યું. બ્રાહ્મણ યુવકે આવીને રાજકુંવરીને સોળે શણગાર સજેલી જોઈ, તેથી તે તેની પર મોહી પડ્યો. કુંવરીને પકડીને તેણે તેને છાતીસરસી ચાંપી. રાજકુંવરીએ રાજાને ફરિયાદ કરવાનો ડર બતાવ્યો. બ્રાહ્મણયુવકે ક્ષમા માગી, એટલે તેને જવા દીધો. ત્રણ જણે પોતાના કૌમાર્યનો ભંગ કર્યો તેથી રાજકુંવરી મનમાં ગૂંચવાતી હતી. તેવામાં તેના પિતાએ તેના વિવાહ નક્કી કર્યા. રાજકુંવર વિષ્ણુદત્ત પરણવા આવ્યો. નગરના રિવાજ પ્રમાણે લગ્નની આગલી રાતે વરકન્યા અંબિકાની પૂજા કરવા ગયાં. વરરાજાએ દેવીને કહ્યું : 'જો, મેં આજ સુધી કોઈ પણ સ્ત્રી સામે જોયું ન હોય કે તેનો સ્પર્શ પણ કર્યો ન હોય તો હે માતા, મારો આ હાર સ્વીકારજે.' એટલે દેવીએ હસીને હાર સ્વીકાર્યો. પછી વરરાજાએ રાજકુંવરીને પણ તે પ્રમાણે કરવા કહ્યું. તે સાંભળીને રાજકુંવરીનું મોં પડી ગયું. તે અંગૂઠીમાંથી ઝેર કાઢી ગળી ગઈ અને મડદું થઈને પડી. તે જોઈ પોતાના ઉપર કુંવરીને માર્યાનો આરોપ આવશે અને રાજા શૂળીએ દેશે, એમ જાણી વરરાજાએ જાતે જ કટારી ખાઈને આપઘાત કર્યો. ત્યારે પેલો નગરશેઠનો પુત્ર, રજપૂતયુવક અને બ્રાહ્મણયુવક, રાજકુંવરીને છેલ્લી છેલ્લી જોઈ લેવા અંબિકાના દહેરાની જાળીમાંથી અંદર નજર કરતા હતા. તેમણે વરકન્યાને પ્રાણત્યાગ કરતાં જોયાં અને તેઓ ઘણા કકળી ઊઠ્યા. અને ત્યાંથી ખસી શક્યા નહીં. સવારે પૂજારીએ વરકન્યાને મરેલાં પડેલાં જોઈ રાજાને જાણ કરી. રાજા દહેરામાં પેલા ત્રણ જણને જોઈ, તેમને હત્યારા માનીને તેને બાંધીને લઈ ગયો. પછી રાજાએ વરકન્યાને શા માટે માર્યાં તે પૂછ્યું. વણિક, રજપૂત અને બ્રાહ્મણ-ત્રણે જણે વરકન્યાને પોતે જ માર્યાનું રાજાને

કહ્યું. આથી રાજાને તેમના કહેવામાં શંકા પડી. તેણે તેમને અંબિકાના દહેરામાં રાત ગાળવાનો આદેશ દીધો અને દેવીને પ્રાર્થના કરી કે, જે સાચો હોય તેને છોડી દેજો અને જૂઠાનું ભક્ષણ કરજો. રાત્રે અંબિકા તેમનું ભક્ષણ કરવા માટે પ્રગટ થયાં, ત્યારે વણિકપુત્રે કહ્યું કે, જેમ ઇંદ્ર જેવો દેવરાજ પણ અહલ્યા ઉપર મોહ્યો હતો, તેમ હું પણ રાજકુંવરી ઉપર મોહી પડેલો. માટે મારે વાંકે જ તે મરી છે, તો મારું ભક્ષણ કરો. રાજપૂતયુવકે કહ્યું કે જેમ ચંદ્ર જેવો દેવ બૃહસ્પતિની પત્ની પર મોહી પડયો હતો, તેમ હું પણ રાજકુંવરી ઉપર મોહી પડેલો, માટે મારું ભક્ષણ કરો. બ્રાહ્મણયુવકે કહ્યું કે, જેમ શંકર ભીલડી ઉપર મોહી પડેલા હતા, તેમ હું રાજકુંવરી પર મોહી પડેલો, માટે મારું ભક્ષણ કરો. તેમનાં સત્યવચનથી દેવીએ તેમને જીવતા મૂક્યા. પછી એ ત્રણે જણે રાજકુંવરીને સજીવન કરવા વિનંતી કરી. દેવીએ કહ્યું : 'તે માટે તમે પુણ્યદાન કરો.' બ્રાહ્મણે પાંચ લાખ મંત્રપાઠ કરવાની, રજપૂતે દસ ઉપવાસ કરવાની અને વણિકે પોતાની પત્નીનો સંગ ન કરવાની પ્રતિજ્ઞા લીધી. તેમણે રાજકુંવરીના હાથમાં પાણી મૂકયું, એટલે તે સજીવન થઈ. તેણે પરણવા આવેલા વરને સજીવન કરવાનું કહેતાં દેવીએ તેને પણ તેના હાથમાં પોતાનું પુણ્ય મૂકવા કહ્યું. રાજકુંવરીએ પોતે જીવનભર જે સત્કર્મ કર્યું હતું તેનું પુણ્ય વરને દીધું. એટલે તે સજીવન થયો. પાંચે જણ દેવીને પગે પડ્યા. દેવીએ તેમને પોતપોતાનાં પુણ્યનું ફળ ભોગવવાનું વરદાન દીધું. સવાર થતાં રાજા દહેરે આવ્યો, ત્યારે તેણે પાંચેને જીવતાં દીઠાં. પછી તેમને શું બન્યું તે પૂછતાં પ્રત્યેકે સાચી વાત કહી. રાજાએ એ ચાર યુવકમાંથી એકને કન્યા પરણાવી.'

આટલી કથા કહી, પોતાની પીઠે શબને બાંધીને મૂંગા મૂંગા લઈ જતા વિક્રમ રાજાને શબમાં ભરાયેલા વેતાળે તેનું મૌનભંગ કરવા પ્રશ્ન કર્યો : 'કહે રાજા, વરકન્યા કોને પાપે મર્યાં ? એ કોને પુણ્યે સજીવન થયાં ? ચારમાંથી કોને કન્યા પરણાવી ?' વિક્રમે ઉત્તર દીધો : 'પરણવા આવેલા વરના અહંકારના કારણે કન્યાને મરવું પડ્યું, તેથી એ પાપ તેને લાગે. બ્રાહ્મણયુવકે કરેલા મંત્રજાપનું પુણ્ય સૌથી વધુ. તેથી તેના પુણ્યે રાજકુંવરી સજીવન થઈ. અને કન્યા વણિકપુત્રને પરણાવી, કારણ કે, પહેલું એ સાચું બોલ્યો.' એ સાંભળી 'શાબાશ, સત્યવાદી' કહીને શબ ઊડીને ફરી સિધ્ધવડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'–૨,** બારમી કથા]

**વર ચાર અને કન્યા એક–૪ (વધુ પુણ્ય કોનું ?–૨) (વેતાલપચીસી–૨,** સત્તરમી કથા) **:** 'જંબરીનગરીની રાજકુંવરી કુંકુમવતી અસાધારણ રૂપગુણ ધરાવતી હતી. તેણે પોતાના પિતાને કહ્યું કે, હું સ્વેચ્છાએ મારો વર પસંદ કરીશ. દર રવિવારે તે શિવપૂજન કરવા જતી, ત્યારે કોઈ પણ પુરુષને એ જે રસ્તે જતી ત્યાંથી પસાર થવાની મનાઈ હતી. સંજોગવશ ચાર જુદાંજુદાં રાજ્યોના ચાર રાજકુમાર અલગ અલગ કુંકુમવતીને વરવાની ઇચ્છાથી જંબરીનગરીમાં જુદેજુદે સ્થાને આવી રહ્યા. ગુપ્ત રીતે તેમણે કુંકુમવતીને જોઈ અને તેનામાં આસક્ત થઈ ગયા. ચારેય જણે શિવની આરાધના કરી. મહાદેવે તેમને કહ્યું : 'હું કહું તે વ્રતતપ કરો. તે વિના તમે કન્યા નહીં પામો.' ચારે રાજકુમારોએ મહાદેવનાં વચન માથે ચડાવ્યાં. તેમના કહેવા પ્રમાણે એક જણ પૃથ્વીની પ્રદક્ષિણા કરવા નીસર્યો. બીજાએ પોતાનું રાજ્ય કૃષ્ણાર્પણ કર્યું. ત્રીજો પંચાગ્નિ તપ તપવા લાગ્યો. ચોથો બધા ભોગ ત્યજીને શિવદહેરે બેસી રહ્યો. આ પ્રમાણે સોળ માસ વીત્યા, પછી ચારે જણ ફરી શિવને દહેરે ભેળા થયા. કુંકુમવતીના પિતાએ દબાણ કર્યું કે, તું આજે જ જઈને અંબિકાને વર આપવાનું કહેજે. તે પ્રમાણે કુંકુમવતી તે રાત્રે એકલી શિવને દહેરે ગઈ. ચારે રાજકુમાર પણ ત્યાં પહોંચ્યા. ત્યાં એક પરદેશી પ્રવાસી બ્રાહ્મણ પણ શિવરાત્રિ હોવાથી શિવપૂજન કરતો હતો. કકુમવતી પૂજા કરવા દહેરે પહોંચી ત્યાં તેને સાપ કરડ્યો અને ઝેર ચડતાં તે મૃત્યુ પામી. સવારે તેનાં માતાપિતાને જાણ થઈ. રાજાએ ઢંઢેરો પિટાવ્યો કે જે કુંવરીનું ઝેર ઉતારે તે તેને વરે. પેલા ચાર રાજકુમારોમાંથી ત્રણે કુંકુમવતીને પામવા જે જે તપ કે દાન કર્યું હતું તેનું પુણ્ય તેને સજીવન કરવા માટે આપ્યું. ચોથાએ પોતાનું શીશ સમર્પિત કર્યું પેલા પરદેશી બ્રાહ્મણે પણ ઢંઢેરો સાંભળી કુંકુમવતીને જિવાડવા પોતાનું શીશ સમર્પિત કર્યું. પાર્વતીના કહેવાથી મહાદેવે કુંકુમવતીને સજીવન કરી, અને તેની પ્રાર્થનાથી પેલા શીશ સમર્પનાર બેને શિવે અમૃત છાંટી સજીવન કર્યા.'

આટલી કથા કહી વેતાળે પ્રશ્ન કર્યો : 'કુંકુમવતી એ પાંચમાંથી કોને વરી ?'

વિક્રમે ઉત્તર દીધો : 'કુંકુમવતી પરદેશી બ્રાહ્મણને વરી. જેણે પૃથ્વી પ્રદક્ષિણા કરી તે કુંવરીના પુત્રને સ્થાને ગણાય. જેણે પંચાગ્નિ તપ કર્યું તે તેનો ભાઈ થયો. જેણે રાજત્યાગ કર્યો તે તેનો પિતા થયો. જે રાજકુંવરે મસ્તકપૂજા કરી તે ઇશ્વરને સ્થાને ગણાય. એ સૌએ જે કાંઈ કર્યું તે કુંકુમવતીને પરણવાની લાલચથી કર્યું. પણ પેલા બ્રાહ્મણને એવો લોભ કે લાલચ ન હતાં. એના પુણ્યે કુંકુમવતીને મહાદેવે સજીવન કરી.'

[આધાર : **'વેતાલપચીસી'–૨,** સત્તરમી કથા]

**વર ચાર અને કન્યા એક–૫ (સુંદરી ચાર નિર્માતામાંથી કોને વરે ?) (વેતાલપચીસી-૨,** એકવીસમી કથા) : 'એક કુંવારા રહી ગયેલા સલાટે જ્યોતિષી બ્રાહ્મણ પાસે જઈને પૂછ્યું : 'મહારાજ, હું શું પુણ્ય કરું તો મને કન્યા મળે ?' બ્રાહ્મણે કહ્યું : 'આપણા ગામના શિવમંદિરમાં પાર્વતીની પ્રતિમા નથી. તે ઘડીને તું ત્યાં મૂકીશ, તો 'જેવું કરે તેવું પામે' એ ન્યાયે તને એવી રૂપાળી કન્યા મળશે.' સલાટે આરસની સરસ પૂતળી ઘડીને શિવના મંદિરમાં મૂકી. તે પછી ત્યાં જાત્રાએ આવેલા એક દોશી વાણિયાએ પૂતળીને નગ્ન જોઈને તેને સુંદર વસ્ત્ર પહેરાવ્યાં. તે પછી એક દિવસ ટંકશાળમાંથી ત્યાં દર્શને આવેલા શેઠપુત્રે પ્રતિમાને સોળ આભૂષણ લાવી શણગારી. હવે સલાટ, દોશી વાણિયો અને શેઠપુત્ર દર્શન કરતાં ત્યાં ઊભા હતા, ત્યારે એક બ્રાહ્મણે અનેક સ્તોત્રો ભણી, શિવપૂજા કરીને મહાદેવને વિનંતી કરી કે, આ પ્રતિમામાં પ્રાણ પૂરો. મહાદેવે પ્રગટ થઈ પ્રતિમા ઉપર અમૃત છાંટી તેને સજીવન કરી અને 'તમે ચારમાંથી એક જણ આ તરુણીને વરજો.' એવો આદેશ દઈ અદૃશ્ય થઈ ગયા. ચારે જણે એ સુંદરીને માટે પોતાનો દાવો આગળ કર્યો. પંચે ન્યાય કરીને તેમાંથી એક જણને કન્યા આપી.'

વેતાળનો પ્રશ્ન : 'એ કન્યા કોને મળી ?' વિક્રમનો ઉત્તર : 'પૂતળીને ઘડનાર તેના પિતાને સ્થાને, વસ્ત્ર પહેરાવનાર ભાઈને સ્થાને, સજીવન કરાવનાર બ્રહ્માને સ્થાને, ઘરેણાંથી શણગારનાર વરને સ્થાને, એટલે શેઠપુત્રને કન્યા મળી.'
[આધાર : **'વેતાલપચીસી'–૨,** એકવીસમી કથા]

**વર ત્રણ અને કન્યા એક–૧ (વેતાલપચીસી–૧,** બીજી કથા) : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી શબને ફરી ઉતારી પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને ફરી પાછી એક સમસ્યાગર્ભ કથા વિક્રમને કહી :

'વિષ્ણુશર્મા બ્રાહ્મણને મંદારવતી નામે એક સ્વરૂપવાન કન્યા હતી. ઉંમરલાયક થતાં કન્યાનાં માગાં આવવા લાગ્યાં. માગું કરવા ત્રણ વર આવ્યા. ત્રણેય રૂપગુણમાં યોગ્ય જણાતાં બ્રાહ્મણ દ્વિધામાં પડ્યો. પરંતુ રાતના સમયે કન્યાને કાળાનાગે દંશ દેતાં તે મૃત્યુ પામી. બ્રાહ્મણે કન્યાનો અગ્નિસંસ્કાર કર્યો. આ કારણે ત્રણેય વરોને વૈરાગ્ય ઊપજ્યો. એક જણ કન્યાનાં અસ્થિ લઈ ગંગામાં પધરાવવા ગયો. બીજો તેની ભસ્મ લઈ દેશાંતર ગયો અને ત્રીજો સ્મશાનમાં જ મઢી બનાવીને બેઠો. દેશાંતર ગયેલા યુવકે એક બ્રાહ્મણને ઘેર જઈ ભોજન માગ્યું. બ્રાહ્મણી તેને પીરસવા આવી, ત્યારે તેનું બાળક રડવા લાગ્યું. ગુસ્સે ભરાઈને બ્રાહ્મણી બાળકને ચૂલામાં નાખી દેતાં તે ભસ્મ થઈ ગયું. જમવા બેઠેલો અતિથિ આ જોઈ ભાણા પરથી ઊઠી ગયો. એટલામાં ઘરનો ધણી આવ્યો. તેણે અતિથિને જમતાં જમતાં ઊઠી જતો જોઈને કારણ પૂછતાં તેના ઘેર રાક્ષસનું કર્મ જોયું હોવાનું તેણે કહ્યું. ઘરના ધણીએ તેને જતો રોક્યો અને ઘરમાંથી સંજીવની વિદ્યાનું પુસ્તક કાઢી તેમાંથી મંત્રપાઠ કરીને બાળકને સજીવન કર્યું. યુવકે તે પછી ભોજન લીધું, પણ તેણે લાગ જોઈને એ પુસ્તક ઉઠાવી જઈ પેલી કન્યાને જિવાડવા વિચાર્યું. પુસ્તક ચોરીને તે જ્યાં કન્યાને અગ્નિદાહ દીધેલો તે સ્મશાનમાં આવ્યો. દરમિયાન ગંગામાં અસ્થિ પધરાવવા ગયેલો યુવક પણ આવી પહોંચ્યો. મઢી બનાવી બેઠેલો યુવક તો ત્યાં હાજર હતો જ. પુસ્તક લઈને આવેલા યુવકે મંત્રપાઠથી કન્યાને સજીવન કરી. હવે ત્રણેય યુવકો એ કન્યા માટે અંદર અંદર લડવા માંડ્યા.'

આટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું : 'એ કન્યા ઉપર પેલા ત્રણમાંથી કોનો હક, તે તું કહે ? જો તું જાણતો હોઈશ ને નહીં બોલે તો કન્યાની હત્યાનું પાપ તને.' વિક્રમ બોલ્યો : 'કન્યાને જિવાડનાર તેના પિતાને સ્થાને ગણાય. ગંગામાં અસ્થિ પધરાવનાર કન્યાના પુત્રને સ્થાને ગણાય. જે મઢી બનાવી સ્થાનકે બેસી રહ્યો હતો, તેને તેનો પતિ ગણવો જોઈએ. આ રીતે વિક્રમે મૌનભંગ કર્યો એટલે શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.
[આધાર : **'વેતાલપચીસી'–૧,** બીજી કથા]

**વર ત્રણ અને કન્યા એક–૨ (વેતાલપચીસી–૧,** પાંચમી કથા) : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને ફરી પાછી એક સમસ્યાગર્ભ કથા કહી.

'ઉજ્જેણીનગરીના મહાબલ રાજાના હરદાસ નામે પ્રધાનને મંદારવતી નામે એક કન્યા હતી. મંદારવતીનો આગ્રહ હતો કે, કોઈક સર્વોત્તમ ગુણ ધરાવતો હોય તેવા વરને જ પરણવું. હરદાસ વરની શોધમાં દક્ષિણમાં ગયો. ત્યાં એક રથકારે અદ્‌ભુત રથ ઘડીને તેને બતાવ્યો. તે રથમાં બેસી બંને જણ આકાશમાર્ગે ઊડીને ઉજ્જેણીનગરી આવ્યા. હરદાસે તેને મંદારવતી પરણાવવાનું વચન આપ્યું. દરમિયાન મંદારવતીનો ભાઈ એવા વરને લઈને આવ્યો જે ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણેય કાળનું જ્ઞાન ધરાવતો હતો. વળી, ત્રીજો

એક જણ કન્યાની માતા પાસે આવ્યો અને પોતે સર્વોત્તમ ખડ્ગધર હોવાનું જણાવ્યું. માતાએ મંદારવતી તેને પરણાવવાનું વચન દીધું. તે પછી ત્રણેય વર ભેગા થયા. પરસ્પર કન્યાદાન વિશે સાંભળી દુઃખ કરવા લાગ્યા કે, એક કન્યા ત્રણ વરને શી રીતે પરણે ? હરદાસને પણ ચિંતા થઈ. એવામાં વિંધ્યાચળ પર્વત પર રહેતો એક રાક્ષસ કન્યાનું હરણ કરી ગયો. સવારે ત્રણેય વર હરદાસ પાસે આવ્યા. ત્યારે હરદાસે ત્રિકાળજ્ઞાનીને પોતાની પુત્રીનું હરણ કોણે કર્યું તે વિશે પૂછ્યું. વિંધ્યાચળવાસી રાક્ષસ તેને હરી ગયો હોવાનું ત્રિકાળજ્ઞાનીને કહ્યું. ખડ્ગધરે તેને રાક્ષસ પાસેથી પાછી લઈ આવવા તૈયારી બતાવી. રથકાર પોતાના આકાશગામી રથમાં બેસાડીને ખડ્ગધરને વિંધ્યાચળ લઈ ગયો. તેણે રાક્ષસને માર્યો અને કન્યાને લઈને તેઓ પાછા ઉજ્જેણી આવ્યા. એ પછી એ કન્યા મેળવવા ત્રણે વચ્ચે વિવાદ થયો. હરદાસ પણ મૂંઝાયો.'

એટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું : 'એ ત્રણમાંથી મંદારવતી પર કોનો હક થાય ?' વિક્રમે ઉત્તર દીધો, 'એ કન્યા ખડ્ગધરને મળે. સાહસ અને પરાક્રમ એ સર્વાધિક ગુણ ગણાય.' આ રીતે વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[**બીજા રૂપાંતરમાં** કેટલોક ફરક છે : ત્રણને બદલે ચાર વર છે. ચોથો ધરતીમાં દટાયેલો ખજાનો જોવાની દૃષ્ટિ ધરાવતો હતો. કન્યાને પાછી લાવતાં, ચોથા વરે બતાવ્યા પ્રમાણે રાક્ષસનો ભૂમિમાં દાટેલો ભંડાર બતાવી તે હસ્તગત કરાવ્યો. વિક્રમ એવો ઉત્તર આપે છે કે કન્યા પર ત્રિકાળજ્ઞાનીનો હક થાય, કેમ કે કન્યાનો પત્તો લાગે તે પછી જ બીજાઓની વિદ્યા કામ લાગે.]

[આધાર : **'વેતાલપચીસી'–૧.** પાંચમી કથા. **'વેતાલપચીસી'–૨,** પાંચમી કથા)

**વરુ અને સિંહને ઠગતો શિયાળ : (પંચાખ્યાન,** ઘટક ૨.૧૪) : એક વનમાં વરુ, શિયાળ, ઊંટ અને સિંહ રહેતાં હતાં. એક વાર હાથી સાથે યુદ્ધ કરતાં ઘવાયેલો સિંહ સાત દિવસથી ભૂખ્યો–તરસ્યો પડ્યો હતો. ક્ષુધાથી પિડાતા સિંહે સેવકોને કોઈક જીવને મારી લાવવા કહ્યું. તપાસ કરતાં કંઈ પણ મળ્યું નહીં. એટલે લુચ્ચા શિયાળે ઊંટને સમજાવ્યું કે, સ્વામીના હિત ખાતર તું મરે તો તને પુણ્યથી પછી બમણું શરીર પ્રાપ્ત થશે. ઊંટ ધર્મરાજાની સાક્ષીએ બમણું શરીર આપવાની શરતે પોતાનો ભોગ આપવા તૈયાર થયું. શિયાળે સિંહને આ વાત કરી. સિંહે ઊંટને મારી નાખ્યું. લોહીથી ખરડાયેલા સિંહને સ્નાન કરી આવવા શિયાળે મોકલ્યો. પછી તેના કહેવાથી વરુએ ઊંટનું હૃદય ખાધું. પાછા આવેલા સિંહે હૃદય ન જોતાં શિયાળને પૂછ્યું. શિયાળે કહ્યું કે, ઊંટનાં કર્મ એવાં હતાં કે તેનું હૃદય માંસ વગરનું હતું. દરમિયાન વરુ ડરીમે નાઠું. એવામાં ત્યાંથી પસાર થતા એક કાફલામાં મોખરે રહેલા મોટા ઊંટને ગળે બાંધેલા ટોકરાનો ભારે રણકાર સાંભળી, ઊંટને જોઈ સિંહ ડરી ગયો. શિયાળે કહ્યું કે, આ તો ધર્મરાજા સિંહે મારેલા ઊંટને બમણું શરીર તેણે ન આપ્યું હોવાથી તેના પર સોગણું શરીર લેવા ચડી આવ્યો છે. સિંહ નાઠો. શિયાળે વરુ અને સિંહને આ રીતે ભગાડી મૂકીને પોતે એકલાએ ઊંટનું માંસ ઘણા દિવસ સુધી આરોગ્યું.

[આધાર : **'પંચાખ્યાન બાલાવબોધ'** ઘટક ૨.૧૪ : દમનકે કરટકને કહેલી દૃષ્ટાંતકથા]

**વલ્કલચીરી** : **૧.** મગધ દેશના રાજગૃહ નગરમાં સૂર્યની તપશ્ચર્યા કરતા એક મહામુનિએ ત્યાંથી પસાર થઈ રહેલા એક રાજદૂતને આ પ્રમાણે બોલતો સાંભળ્યો : 'આ કાયર રાજા તપ કરવા નીકળ્યો છે, પણ શત્રુઓ તક જોઈને તેના પુત્રને મારી, રાણીઓને કેદ કરી, તેનું રાજ્ય આંચકી લેશે.' એવાં વચન સાંભળીને મુનિરાજના મનમાં પુત્ર માટે મોહ ઉત્પન્ન થયો. આથી તેનું મન રૌદ્ર ધ્યાનમાં લાગી ગયું. તે મનમાં ને મનમાં શત્રુઓ સાથે લડાઈ કરવા લાગ્યો. તે વેળા ત્યાં થઈને જઈ રહેલા શ્રેણિક રાજાએ એ તપસ્વી મુનિને વંદન કર્યાં, અને પછી તે મહાવીરનો ધર્મોપદેશ સાંભળવા ગયો. ઉપદેશને અંતે તેણે મહાવીરને પૂછ્યું : 'માર્ગમાં મેં એક મુનિને ઉગ્ર તપસ્યા કરતાં જોયા. એ તપસ્વી અત્યારે જો અવસાન પામે તો તે કઈ ગતિમાં જાય ?' મહાવીરે ઉત્તર આપ્યો : 'સાતમા નરકમાં' આથી શ્રેણિકના મનનું સમાધાન ન થયું. આવો ઉગ્ર તપસ્વી નરકમાં કેમ જાય ? એમ વિચારી તેણે થોડી વાર બાદ ફરીથી એ જ પ્રશ્ન મહાવીરને પૂછ્યો, ત્યારે મહાવીરે ઉત્તર આપ્યો કે, એ તપસ્વીનું આ ક્ષણે અવસાન થાય તો તે સર્વાર્થસિદ્ધિ સ્વર્ગમાં જાય. આવાં વચનવિરોધનો મહાવીરે ખુલાસો કર્યો કે, પહેલી વારના પ્રશ્ન વખતે એ તપસ્વી રૌદ્ર ધ્યાનમાં લીન થઈ માનસિક સંગ્રામ કરતા હતા. તેને પરિણામે તે નરકગામી થાય તેમ હતા, પરંતુ બીજી વારના પ્રશ્ન વખતે એવા દુર્ભાવનો પસ્તાવો થતાં તે શુભધ્યાનમાં આરૂઢ થયા, તેથી સર્વાર્થસિદ્ધ સ્વર્ગના અધિકારી બન્યા. પછી શ્રેણિકના પૂછવાથી મહાવીરે એ રાજર્ષિનો પૂર્વવૃત્તાંત કહ્યો.

૨. 'પોતનપુરના રાજા સોમચંદ્રની ધારિણી રાણીએ રાજાના માથામાં એક ધોળો વાળ જોતાં કહ્યું : 'યમનો દૂત આવ્યો.' આથી રાજાને વૈરાગ્ય પ્રગટ્યો. પુત્ર પ્રસન્નચંદ્ર હજી બાળક હોવા છતાં રાજાએ તાપસી દીક્ષા લીધી. રાણીએ પણ રાજાની સાથે જ આશ્રમમાં રહેવાનું પસંદ કર્યું.

આશ્રમમાં રહેતી ધારિણીને ગર્ભ હોવાનું જાણી સોમચંદ્રે કારણ પૂછ્યું. રાણીએ ગર્ભ ગૃહસ્થ અવસ્થામાં રહ્યો હોવાનું અને દીક્ષા લેવામાં અંતરાયરૂપ ન થાય એ માટે એ વાત ગુપ્ત રાખી હોવાનું કહ્યું. પછી પુત્રને જન્મ આપી ધારિણી મરણ પામી. વલ્કલવસ્ત્રમાં લપેટ્યો હોવાથી પિતાએ બાળકનું નામ વલ્કલચીરી પાડ્યું. તેને ભેંસના દૂધ ને વનફળ પર ઉછેરી મોટો કર્યો. વલ્કલચીરી મૃગબાળ સાથે રમતો, લખતો-વાંચતો અને પિતાની સેવા કરતો. તરુણાવસ્થા પ્રાપ્ત કર્યા છતાં તે નિર્દોષ બ્રહ્મચારી જ રહ્યો હતો. સ્ત્રીજાતિ વિશે તેને કશું ભાન કે જ્ઞાન નહોતું. રાજા પ્રસન્નચંદ્રને વલ્કલચીરી વિશે જાણીને થયું કે, પોતાનો નાનો ભાઈ તરુણ અવસ્થામાં આવું આકરું કષ્ટ ભોગવે છે અને પોતે અહીં સમૃદ્ધિ ભોગવે છે તે બરાબર નથી. એણે પોતાના ભાઈને ભોળવી રાજ્યમાં બોલાવી લાવવાનું કેટલીક વેશ્યાઓને કામ સોંપ્યું.

૩. તાપસવેશે આવેલી તરુણીઓને તપસ્વીકુમાર સમજી વલ્કલચીરીએ તેમનું સ્વાગત કર્યું. વેશ્યાઓ તેને સ્વાદિષ્ઠ લાડુથી અને સ્તનસ્પર્શથી ફોસલાવી–લોભાવીને અને વલ્કલને બદલે સુંદર વસ્ત્રો પહેરાવીને પોતાની સાથે લઈ ચાલી. માર્ગમાં વલ્કલચીરીના પિતા સોમચંદ્ર ઋષિને આવતા જોઈ વેશ્યાઓ ભાગી ગઈ. વેશ્યાઓની શોધમાં ઘૂમતો વલ્કલચીરી વનમાંથી પસાર થતાં, પોતનપુર જતા એક રથની પાછળ પાછળ જવા લાગ્યો. રથીની પત્નીને 'તાત' 'તાત' કહી તે સંબોધતો હતો અને રથે જોડેલા ઘોડાને તે હરણ સમજતો હતો. રથી જાણી ગયો કે, આ વનમાં જ ઊછરેલો ભોટ ઋષિકુમાર છે. જંગલમાંથી પસાર થતાં રથી ઉપર એક ચોરે છાપો માર્યો. રથીએ તેને પરાસ્ત કર્યો અને તેનું ધન કબજે કર્યું. પોતનપુર પહોંચી તેણે એમાંથી એક ભાગ વલ્કલચીરીને મિત્ર ગણીને આપ્યો. વલ્કલચીરી તો નગરની શોભા જોતો જોતો આમતેમ ફરવા લાગ્યો. નગરલોકોને 'તાત' 'તાત' કહીને બોલાવતો અને એમનો હાંસીપાત્ર બનતો વલ્કલચીરી રાતવાસો કરવા એક વેશ્યાને ત્યાં રોકાયો. વેશ્યાએ તેનું પોતાની પુત્રીની સાથે પાણિગ્રહણ કરાવી દીધું. સોમચંદ્રના ડરથી ભાગી ગયેલી વેશ્યાઓએ જઈને પ્રસન્નચંદ્ર રાજાને સઘળો વૃત્તાંત કહ્યો. વલ્કલચીરી આશ્રમમાંથી નીકળી ગયો છે અને નગરમાં નથી પહોંચ્યો એ જાણી પ્રસન્નચંદ્રને ચિંતા થઈ. દુઃખી પ્રસન્નચંદ્રે ગીત–સંગીત વગાડવાની મનાઈ ફરમાવી. એ ફરમાનનો ભંગ કરી વેશ્યાને ત્યાં વાગતાં ગીતવાજિંત્ર તેણે સાંભળ્યાં. એ વગાડનારને પકડી લાવવા રાજાએ હુકમ કર્યો. રાજપુરુષોએ વેશ્યાને રાજા સમક્ષ ખડી કરી દીધી. વેશ્યાએ રાજાને જણાવ્યું કે, જ્યોતિષીના વચન અનુસાર ઘરમાં અચાનક આવી ચડેલ ઋષિપુત્ર સાથે પોતાની પુત્રીનાં લગ્ન કર્યાં હોવાથી એના આનંદમાં ગીતવાજિંત્ર વાગતાં હતાં. તેને રાજાના આદેશની ખબર ન હોઈને ક્ષમા યાચી. થોડાક સમય પહેલાં ચિત્રકારોને મોકલીને રાજાએ વલ્કલચીરીનું ચિત્ર બનાવી રાખેલું તેને આધારે તેની શોધ ચલાવવા માણસોને આદેશ દીધો. તપાસ કરતાં જાણવા મળ્યું કે વેશ્યાની પુત્રી સાથે પરણેલ યુવક એ જ પોતાનો ભાઈ વલ્કલચીરી છે. પ્રસન્નચંદ્ર ઉત્સવપૂર્વક તેને ગજારૂઢ કરી રાજમહેલમાં લઈ આવ્યો. રાજાએ તેનાં લગ્ન અનેક સુંદર કન્યાઓ સાથે કર્યાં.

૪. બીજી તરફ વલ્કલચીરીને વનમાં મળેલ રથી જ્યારે ચોર પાસેથી મળેલાં ઘરેણાં બજારમાં વેચવા ગયો ત્યારે તે ચોરીનો માલ હોવાનું ઓળખાતાં તેને પકડવામાં આવ્યો. પણ વલ્કલચીરીએ રથીએ તે માલ ચોરને મારીને તેની પાસેથી મળ્યો હોવાનું જણાવ્યું અને એમ તેણે પોતાના મિત્રને છોડાવ્યો. આ બાજુ વલ્કલચીરી એકાએક ગુમ થયો, તેથી રાજર્ષિ સોમચંદ્રને ભારે દુઃખ થયું. તેની ચિંતામાં ઝૂરતા તે અંધ થઈ ગયા. છેવટે વલ્કલચીરી પોતનપુરમાં હોવાના સમાચારથી તેમને શાંતિ થઈ. પોતનપુરમાં રહેતાં બહુ વર્ષો વીત્યાં પછી વલ્કલચીરીની ઇચ્છાથી બંને ભાઈઓ પિતાને મળવા આશ્રમમાં ગયા. વલ્કલચીરીએ ત્યાં એક ઝૂંપડીમાં પોતાના તાપસકાળની વસ્તુઓ જોઈ. આથી વૈરાગ્યભાવનો ઉદય થયો. દેવતાઓએ પ્રગટ થઈ તેને સાધુવેશ આપ્યો. વલ્કલચીરી પ્રત્યેક બુદ્ધ થયા અને પિતા તથા ભાઈને પ્રતિબોધ આપ્યો. આથી પ્રસન્નચંદ્રે પણ પુત્રને ગાદી સોંપી દીધી અને દીક્ષા લીધી'.

આ રીતે મહાવીરે પ્રસન્નચંદ્ર રાજર્ષિનો વૃત્તાંત પૂરો કર્યો.

[આધાર : '**વલ્કલચીરી ચઉપઈ**']

**વહાણની વાર્તા** : જુઓ **ઠગારી ગણિકા** ('**સિંહાસનબત્રીસી**'–૨, અઢારમી કથા)

**વંકચૂલ** : ૧. રથનૂપુર નગરમાં વિમલયશ રાજાને સુમંગલા નામે પટરાણી હતી. તેની કૂખે વંકચૂલ નામે પુત્ર હતો અને વંકચૂલા નામે પુત્રી હતી. તે યુવાન થતાં વિમલયશે કોઈ

એક રાજાની પુત્રી સાથે વંકચૂલને પરણાવ્યો. જ્યારે વંકચૂલાને પરણાવી પણ તે વિધવા થઈ. રાજાએ પોતાનાથી નાના ઓરમાન ભાઈને રાજ્ય આપવાની ઇચ્છા કરી, તે વંકચૂલ સાંખી ન શક્યો. આથી ગમે તેમ બોલીને તે ઘર છોડી જતો હતો, તે વખતે ભાઈ પ્રત્યેના સ્નેહને કારણે વંકચૂલા પણ તેની સાથે ચાલી નીકળી. લાંબો પંથ કાપીને તે એક વનમાં આવી પહોંચ્યો. તેની આકૃતિ અને ચેષ્ટાઓ જોઈ ભીલોએ તેને રાજકુમાર તરીકે ઓળખી, પ્રણામ કરી, આવવાનું કારણ પૂછ્યું. કુમારે સર્વ વૃત્તાંત કહ્યો. ભીલોએ તેને પોતાના રાજા તરીકે સ્થાપ્યો. વંકચૂલ વનનો અધિપતિ થયો.

૨. એક વખત શ્રી ચન્દ્રયશસૂરિ પૃથ્વી પર વિહાર કરતા હતા ત્યારે વરસાદ આવ્યો. આથી પલ્લીમાં આવી તેમણે વંકચૂલ પાસે આશ્રય માગ્યો. તે વખતે વંકચૂલે તેમને કહ્યું : 'જો ધર્મનો ઉપદેશ ન આપવો હોય તો રહો. કારણ કે ચોરી–છેતરપિંડી ઉપર જ અમારી આજીવિકા નભે છે. તેથી તમારે ધર્મકથા ન કહેવી.' આચાર્યે એ વાત કબૂલ કરી. ત્યાં ચોમાસુ પસાર કરી વિહાર કર્યો. વંકચૂલ ગુરુને વિદાય આપવા પોતાની સીમ સુધી આવ્યો. પછી પારકી સીમમાં ન અવાય, એમ કહી તે ત્યાં ઊભો રહ્યો. ત્યારે બીજાની હદમાં ઊભા રહીને ગુરુએ તેને નિયમ આપવાની ઇચ્છા કરી. વંકચૂલે પોતાનાથી પાળી શકાય તેવા નિયમ આપવાનું કહેતાં ગુરુએ તેને ચાર નિયમ આપ્યા : (૧) જ્યારે જીવવધ કરે ત્યારે સાત પગલાં પાછો હઠીને પછી ઘા કરજે. (૨) જે ફળનું નામ ન જાણતો હોય તે ફળ ખાઈશ નહીં. (૩) રાજાની પટરાણીને માતા સમાન ગણજે. (૪) કાગડાનું માંસ ખાઈશ નહીં. વંકચૂલે "તેમ કરીશ" એમ કહીને એ નિયમો ગ્રહણ કર્યા.

૩. વંકચૂલે ઘણા ભીલોને એકઠા કરી એક ગામમાં ધાડ પાડવાનું નક્કી કર્યું. પરંતુ ગામલોકોને તેની જાણ થઈ જતાં ગામ ખાલી કરીને તેઓ જતા રહ્યા. વંકચૂલ ત્યાં ગયો પણ ખાલી હાથે પાછો ફર્યો. ભૂખ્યા–તરસ્યા ભીલોમાંથી કેટલાક વનફળ શોધવા નીકળ્યા. તેઓએ વિષવૃક્ષને લાગેલાં ફળ તોડી લાવી વંકચૂલ સમક્ષ મૂક્યાં. વંકચૂલે તેનું નામ પૂછ્યું. તેઓએ નામ ન જાણતા હોવાનું કહ્યું. અજાણ્યાં ફળ ન ખાવાનો ગુરુએ આપેલો નિયમ તેને યાદ આવ્યો. તેણે સાથીઓને જે ફળનું નામ ન જાણતો હોય તે નહીં ખાવાનો પોતાનો નિયમ કહ્યો. સેવકોએ એક બાજુ જઈ ફળ ખાધાં. એક સેવકે સ્વામી પ્રત્યેની ભક્તિને કારણે ન ખાધાં. એક પ્રહર રાત્રિ વીત્યા પછી કુમારે સેવકને બધાને ઉઠાડવા કહ્યું. સેવકે ત્યાં જઈ જોયું તો બધા જ મૃત્યુ પામ્યા હતા. વંકચૂલ પાસે આવીને તેણે બધા અવસાન પામ્યા હોવાનું કહ્યું.

૪. સેવકોનાં મરણથી દુ:ખી થયેલા વંકચૂલને પોતાના નિયમના ફળથી આનંદ થયો. તે ઘેર આવ્યો ત્યારે ઘરનાં બારણાં બંધ જોયાં. બારણાના છિદ્રમાંથી જોયું તો તેની ભાર્યાને કોઈ પુરુષ સાથે સૂતેલી જોઈ. ગુસ્સે થઈ, ખડ્ગ કાઢી છાપરેથી ઘરમાં આવ્યો. 'બેયને એક જ ઘાથી હણીશ' એમ વિચારી ઘા કરવા ગયો ત્યાં ગુરુનો નિયમ યાદ આવ્યો. આથી તે સાત ડગલાં પાછો હટ્યો. એવામાં ખડ્ગ અથડાવાનો અવાજ થતાં તેની બહેન વંકચૂલા જાગી ગઈ. બહેનને ઓળખી તેણે તેને પુરુષવેશે સૂવાનું કારણ પૂછ્યું. બહેને કહ્યું : 'સાંભળ ભાઈ, જે વખતે તું ધાડ પાડવા ગયો, ત્યારે નટ લોકો આવ્યા. તેમણે ખેલ કરવા માંડ્યો. મેં વિચાર્યું કે, જો એમ કહીશ કે વંકચૂલ ઘેર નથી તો તે બીજાને જઈને પલ્લી સૂની હોવાનું કહેશે. રખે કોઈ આવીને તેને લૂંટે. તેથી રાત્રે હું તારાં વસ્ત્રો પહેરી સભામાં જઈ બેઠી અને નટ લોકોને દાન આપ્યું. પછી તે ગયા. મોડું થઈ જતાં એ જ વસ્ત્રો પહેરી રાખી ભાભીની સાથે સૂઈ ગઈ.' એ સાંભળી વંકચૂલે નિયમ આપનાર ગુરુને ધન્યવાદ આપ્યા. આમ તેને બે નિયમો તો ફળ્યા.

૫. 'ભીલ તો બધા મૃત્યુ પામ્યા, હવે રખે કોઈ મને હણે' એમ વિચારી પલ્લી છોડી ઉજ્જેણીમાં આવી કોઈ શેઠને ઘેર પત્ની અને બહેનને મૂકીને પોતે ચોરી કરવા લાગ્યો. એમ કરતાં ઘણા દિવસ વીત્યા. એક વખત તેણે વિચાર્યું કે, સામાન્ય લોકોને લૂંટવાને બદલે ચોરી જ કરવી તો રાજાને ઘેર કરવી. આથી વર્ષાઋતુમાં એક મોટી ઘો પકડી લાવી, તેની પૂંછડી પકડી રાત્રિના સમયે રાજાના ઘરમાં ચોરી કરવા પેઠો. રાજા–રાણી વચ્ચે પ્રેમકલહ ચાલતો હતો. રાજા રિસાઈને બીજા ઓરડામાં જઈને રાણીની ચેષ્ટાઓ જોતો હતો. વંકચૂલ ઘોની સહાયથી જ્યાં રાણી હતી ત્યાં આવ્યો. રાણીએ વંકચૂલને જોયો. તેના રૂપથી મોહિત થયેલી રાણીએ તેને પ્રાર્થના કરી : 'અહો પુરુષ, ઉકરડો ફેંદતાં જેમ રત્નરાશિની પ્રાપ્તિ થાય, તેમ તું આજે ચોરીથી અહીં પ્રવેશ્યો અને મારી પ્રાપ્તિ તને થઈ. તું એમ માન કે દેવ તારી ઉપર ત્રૂઠ્યા છે. પણ તું કોણ છે એ તો કહે?' વંકચૂલે પોતે ચોર હોવાનું કહ્યું. રાણીએ ત્યાં આવવાનું કારણ પૂછ્યું. વંકચૂલે મણિ–રત્ન લેવા આવ્યો હોવાનું કહ્યું. રાણીએ પોતાની વાત માને તો તેના મનોરથ પૂરવા કહ્યું. વંકચૂલે પૂછ્યું : 'હે દેવી, તું કોણ છે?' તેણે કહ્યું : 'હું રાજાની પટરાણી. જેની ઉપર ત્રૂઠું તેને રાજ્ય આપું, જેની ઉપર રોષે ભરાઉં તેનો જીવ લઉં.' વંકચૂલે કહ્યું : 'તું તો મારી માતા છે. શાસ્ત્રો કહે છે : રાજાની સ્ત્રી, ગુરુની સ્ત્રી, મિત્રની સ્ત્રી તેમ જ પોતાની સ્ત્રીની મા અને પોતાની માતા એ પાંચ માતા છે.' રાણીએ તેનું વચન માનવા કહ્યું.

વંકચૂલે રાણીની માગણીનો ઇન્કાર કરતાં રાણીએ પોતાનાં વસ્ત્રો ફાડી નાંખ્યાં અને શરીર પર ઉઝરડા કરી, 'દોડો, દોડો, કોઈ ચોર કે જાર પેઠો છે,' એવી બૂમો પાડવા લાગી. સુભટો 'મારો, મારો' કરતાં દોડ્યા. આ બધી ચેષ્ટા જોઈ રહેલા બારણે ઊભેલા રાજાએ ચોરને ન મારવા અને સવારે પોતાની પાસે લાવવા કહ્યું. રક્ષકોને રાણીએ કહ્યું : 'આ એ જારપુરુષ છે. તેને ઝાલી, બાંધીને મારો.' રાજાએ સ્ત્રીના ચરિત્ર વિશે વિચાર કર્યો. મનમાં વંકચૂલના ગુણ પણ સ્મર્યા અને વિચાર્યું કે આ કોઈ ઉત્તમ પુરુષ છે. સવારે સભામાં આવી રાજાએ ચોરને બોલાવ્યો અને પૂછ્યું : 'તું કોણ છે? અને શા માટે આવ્યો હતો?' વંકચૂલે કહ્યું : 'હું ચોરી કરવા આવ્યો હતો, પણ રાણી મને જોઈ ગઈ. તેણે ડરીને બૂમ પાડી અને હું પકડાઈ ગયો.' રાજાએ વિચાર્યું : 'આની ધીરજ જોઈ, તેણે પોતાનો દોષ કાઢ્યો પણ રાણીનો દોષ જરાય પણ ન જોયો. તો એ મારા પુત્રને સ્થાને છે.' રાજાએ તેની પરીક્ષા કરવા પોતાની રાણી આપવાનું કહ્યું. ત્યારે વંકચૂલે એ પોતાની માતા હોવાનું કહ્યું. આથી ગુસ્સે ભરાયેલા રાજાએ તેને શૂળીએ ચડાવવા રક્ષકોને આદેશ આપ્યો. તો પણ વંકચૂલે રાજાની માફી માગી નહીં. પછી રક્ષકો વંકચૂલને લઈને નીકળ્યા. શૂળી સમીપ લાવ્યા તો પણ તે માન્યો નહીં. પછી વંકચૂલનું સત્ત્વ જાણી, તેને યુવરાજપદ આપ્યું. વંકચૂલની પત્ની અને તેની બહેનને તેડાવ્યાં. પોતાના કુટુંબ સાથે સુખ ભોગવતા તેને ગુરુ યાદ આવ્યા. એટલામાં એક દિવસ ગુરુએ આવીને ધર્મોપદેશ આપ્યો. વંકચૂલે સમ્યક્ત્વ લીધું.

૬. ઉજ્જૈનની નજીક શાલિગ્રામમાં જિનદાસ નામનો શ્રાવક વંકચૂલનો મિત્ર હતો. ભીમ નામના એક લૂંટારા વિશેની ફરિયાદ લોકોએ રાજાને કરી. રાજા તેને પકડવા નીકળ્યો, ત્યારે વંકચૂલે રાજાને પ્રણામ કરીને કીડી ઉપર કટક ન લઈ જવા કહ્યું. પોતે તે કામ માથે લીધું. વંકચૂલે ભીમને હરાવી બંધનમાં નાખ્યો. પરંતુ લડાઈમાં વંકચૂલને ઘણા ઘા વાગ્યા. તેના ઘા રુઝવવાના ઉપાય રાજાએ વૈદ્યને પૂછ્યા. વૈદ્યે કહ્યું : 'જો કાગમાંસ ખાય તો ફાયદો થાય.' વંકચૂલે પોતાને કાગડાનું માંસ ન ખાવાનો નિયમ હોવાનું કહ્યું. રાજાએ કહ્યું : 'જીવતો નર ભદ્રા પામે. એક વાર ખા. પછી નિયમ પાળજે.' પણ કુમારે માંસ ન ખાધું. રાજાએ સેવકોને વંકચૂલનો કોઈ મિત્ર હોય તો જણાવવા કહ્યું, ત્યારે સેવકોએ શાલિગ્રામમાં વસતો જિનદાસ નામનો શ્રાવક તેનો પરમ મિત્ર હોવાનું કહ્યું. રાજાએ તરત જ જિનદાસને તેડાવ્યો. જિનદાસ આવતો હતો, ત્યારે રસ્તામાં તેણે બે સ્ત્રીઓને રડતી જોઈ. અને તેમને રડવાનું કારણ પૂછતાં દેવાંગનાઓએ જણાવ્યું, 'આ વંકચૂલ કાગમાંસ લેશે તો અમારો પતિ થશે નહીં. તું તો એનો પરમ મિત્ર છે. તેથી અમારી ઉપર દયા કર અને તે કાગમાંસ ન લે એમ કરજે.' જિનદાસ એવાં વચન સાંભળી વંકચૂલ પાસે આવ્યો. રાજાએ તેને વંકચૂલને મનાવવા કહ્યું. જિનદાસે વંકચૂલની નાડી જોઈ રાજાને કહ્યું : 'હવે આને માટે ધર્મ એ જ ઔષધ છે. તેમાં વિલંબ ન કરો.' પછી આરાધનાપૂર્વક અનશન લેવડાવી, દુષ્કૃત્યની ક્ષમા અને સુકૃત્યની અનુમોદના કરાવતાં, નવકાર ભણતાં તે અવસાન પામ્યો. વંકચૂલ મૃત્યુ પામી બારમા દેવલોકમાં દેવતા થયો. વંકચૂલની ઉત્તરક્રિયા કરી જિનદાસ પાછો વળ્યો. ત્યારે પણ દેવાંગનાઓને રુદન કરતી જોઈને તેણે પૂછ્યું : 'હવે કેમ રડો છો? મેં તમારા કહેવા પ્રમાણે કાગમાંસનો ત્યાગ કરાવ્યો હતો.' તે વખતે દેવાંગનાએ કહ્યું : 'તમે માંસભક્ષણ કરાવ્યું નથી, પરંતુ એવો ધર્મોપદેશ અપાવ્યો કે તે મરીને બારમા દેવલોકમાં ગયો. અમારી આશા નિરાશામાં ફેરવાઈ ગઈ.'

[આધાર : **'શીલોપદેશમાલા–બાલાવબોધ'**, બાવીસમી દૃષ્ટાંતકથા]

**વંતરી બનેલી શોકનો વળગાડ** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** એકોતેરમી કથા) : વછવો વાઘરી ભૂવો હતો. અને ઘરે મેલડી માતાનું સ્થાનક હતું. જંતરમંતર, દોરાધાગા વગેરે માટે ગામ લોકો એની પાસે જતાં. ગામમાં પદમો રાવળિયો જંતર બહુ સરસ વગાડતો. વછવાની વહુ બૌકા પદમાને વારંવાર બોલાવી જંતર વગડાવતી. પદમો એના મનમાં વસી ગયો. તેણે તેને સમજાવીને ઘરે આવી એક રાત સાથે ગાળવા સંમત કર્યો. એક વાર ગામના પટેલની નવી વહુને આંખનો રોગ થયો. ઘણાં ઓસડવેસડ કર્યાં પણ પીડા ન મટી. પટેલે વછવા ભૂવાને બોલાવ્યો. તેણે અડદનું પૂતળું કરી, ડાકલાં માંડયાં ને ધૂણી દીધી. વછવો પટેલને ત્યાં રોકાયેલો જાણીને વાઘરણે પદમાને ઘરે બોલાવ્યો. આગતા-સ્વાગતા કરી. બંને રંગરાગમાં મગન થઈ ગયાં. આ બાજુ પટેલની વહુને સુવાણ થઈ ગઈ. આંખનું તેજ પાછું આવ્યું. એટલે પટેલે વછવાને માનપાન અને ભેટસોગાદો આપી. અને સગાંસંબંધી અને ભૂવાઓને સાથે લઈને પટેલ વાજતેગાજતે વછવાને વળાવવા અને મેલડી માતાને પગે લાગવા નીકળ્યો. ધામધૂમથી લોકોના ટોળા સાથે વછવાને આવતો જોઈને બૌકા અને પદમાને ફાળ પડી. પદમો આપઘાત કરવાનું કરતો હતો, પણ બૌકાએ એને વાર્યો અને તેને કશી આંચ આવવા નહીં દે એવી ખાતરી આપી. તે પછી તેણે બધાં કપડાં કાઢી નાખી, વાળ છૂટા મૂકી બારણું ઉઘાડયું અને વછવાને

બાઝી પડી, ચીસો પાડતી બચકાં ભરવા લાગી. સૌ આ જોઈ ડઘાઈ ગયા. દસબાર જણે ભૂવાને છોડાવી બૌકાને કપડાંથી ઢાંકી, પછી પટેલે તેને સૌથી દૂર લઈ જઈ હાથ જોડીને પૂછ્યું : 'માતાજી, તમે કોણ છો અને કેમ આવ્યાં છો ? સાચું બોલો, નહીં તો આ ભૂવો તમને બાળી નાખશે.' બૌકાએ કહ્યું : 'હું તમારી આગલી વહુ છું. હું પહેલી સુવાવડમાં મરીને વંતરી થઈ છું અને મારી શોકનો જીવ લેવાની છું, પણ આ ભૂવો આડો આવ્યો, એટલે એની વહુને હું વળગી છું. પણ બૌકા મેલડીની ભક્ત હોવાથી તેની મારી ન શકી. હવે હું જાઉં છું અને એક માસમાં વછવાનો જીવ લઈશ અને તે પછી નવીની પણ એ જ વલે કરીશ. પણ જો તમે તીરથજાતરા અને યજ્ઞયાગ કરશો તો હું પાછી નહીં આવું. આ ધમાલ દરમિયાન પદમો ગુપચુપ ભાગી છૂટ્યો. તે પછી વછવો બૌકાને વશવર્તી રહેવા લાગ્યો.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, એકોતેરમી કથા]

**વાઘને સજીવન કરનાર મૂર્ખ (વેતાલપચીસી–૧,** એકવીસમી કથા) : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ-રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યા-ગર્ભ કથા કહી.

'એક બ્રાહ્મણના ચાર નિર્ગુણ અને રખડેલ પુત્રોએ એક વાર પરદેશ જઈને કોઈક વિદ્યા શીખવાનું નક્કી કર્યું. ચારે જણ જુદી જુદી દિશામાં નીકળી પડ્યા. થોડા દિવસ બાદ તેઓ ભેગા મળ્યા, ત્યારે તેમણે પ્રાપ્ત કરેલી વિદ્યાની પરસ્પરને વાત કરી. એક જણે એવી વિદ્યા મેળવી હતી કે હાડકાના એક ટુકડા પરથી તે પ્રાણીનું આખું હાડપિંજર ઊભું કરી દે. બીજો પોતાની વિદ્યાના બળે હાડપિંજરને ચામડીથી મઢી દઈ શકે. ત્રીજો તે હાડપિંજરમાં માંસમેદ પૂરી શકે. જ્યારે ચોથો એ હાડપિંજરને સજીવન કરી શકે. પછી તેઓ પોતાના નગર ભણી ચાલ્યા. રસ્તામાં આવેલા વનમાં તેમણે એક હાડકું પડેલું દીઠું. ચારે જણે તેના પર પોતાની વિદ્યા વારાફરતી અજમાવી અને હાડપિંજર ઊભું કરી, તેને ચામડીથી મઢી દઈ, તેમાં માંસમેદ પૂરતાં વાઘનું શરીર બની ગયું. ચોથાએ તેમાં જેવો જીવસંચાર કર્યો તેવો જ જીવતો થયેલો તે વાઘ ચારેય જણને મારીને ખાઈ ગયો.'

એટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું : 'એ ચારેયમાં મૂર્ખ કોણ ?' વિક્રમે ઉત્તર દીધો, 'વાઘના શરીરમાં જીવ મૂકનાર મૂર્ખ'. આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'–૧**, એકવીસમી કથા]

**વાઘણનું દૂધ** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડા-બહોંતેરી,** અડસઠમી કથા) : એક ગામમાં જયકરણ જાટ રહેતો હતો. તે ઘણો બહાદુર અને વટવાળો હતો. એને એક વાર હડકાયું કૂતરું કરડ્યું. જાણકારે કહ્યું કે, રેચ લેશો, કવાથ પીશો, ખાવાપીવામાં બધી જાતની કરી પાળશો અને સ્ત્રીનો સંગ નહીં કરો તો કદાચ કૂતરાનું ઝેર પાંચસાત મહિને ટળે, નહીં તો તમારું મોત નક્કી. તેની વહુ કીકાજી બદચાલની હતી. જાટનો ભાઈબંધ રજપૂત જસાજી એને એ બાબત ચેતવતો હતો, પણ જાટે તેની વાત ન માની અને જાટણીને કોઈ પરપુરુષ સાથે દુરાચાર કરતી દેખાડવા કહ્યું. જસાજીએ એ વાત મનમાં રાખી. એક વાર જાટણી તળાવે પાણી ભરવા ગઈ, ત્યારે જુવાન વાણિયાને તળાવે પાણી પીવા આવેલો જોયો. પૂછપરછ કરીને જાણ્યું કે તે બાજુના ગામનો હતો અને મોતીનાં નંગ વેચતો હતો. તેનામાં આસક્ત બનેલી જાટણીએ તેને સમજાવી, લોભાવીને રાતે પોતાને ઘેર બોલાવ્યો. દરરોજ રાતે જાટ જસાને ઘરે ચોપાટ રમવા અને અમલ કરવા જતો. ઠરાવેલા વખતે વાણિયો આવ્યો અને જાટણીએ એને પલંગ પર બેસાડી આગતા-સ્વાગતા કરી. તેને પીવા માટે દૂધ કઢ્યું. એ જ વખતે જસો રજપૂત જાટને એની બૈરીનાં ચરિત્રોની ખાતરી કરાવવા એની સાથે ત્યાં આવી પહોંચ્યો. જાટણીએ અને વાણિયાએ તેમને બારીમાંથી દીઠા. એટલે જાટણીએ વાણિયાને સહેજ પણ ન ગભરાવાનું કહીને બારણું ઉઘાડ્યું અને જયકરણની સામે જઈને બોલી : 'સારું થયું તમે આવી પહોંચ્યા, હું હમણાં જ તમને બોલાવવા આવતી હતી'. બંને ઘરમાં આવ્યાં એટલે જાટણીએ કહ્યું : 'આ ભાઈને પગે પડો, એણે તો તમને જીવતદાન આપ્યું. એને સાક્ષાત્ ભગવાન જ ગણજો.' જાટે એ કોણ છે અને કેમ આવ્યો છે એમ પૂછતાં જાટણીએ કહ્યું : 'એ બાજુના ગામના છે. પંદરવીસ દિવસ પહેલાં મોતીનું નંગ વેચવા આ તરફ આવેલા, ત્યારે મને તમારા દુઃખે રડતી જોઈ. મને પૂછતાં મેં તમને હડકાયું કૂતરું કરડ્યાની અને જે દસબાર જણને કરડેલું તેમાંથી પાંચનું મોત થયું હોવાની વાત કરી. તેમણે કહ્યું કે વાઘણનું દૂધ મળે તો માત્ર તેનાથી જ હડકવા મટે. એ પછી એમના ગામમાં આવી ચડેલી એક વાઘણને ગામના, પટેલના છોકરાએ તલવાર ઝીંકી મારી નાખી, એટલે આ ભાઈએ તરત જ તેનું દૂધ કાઢ્યું

અને દોડતાં અહીં આપવા આવ્યા છે. મેં તેમાં ગાયનું દૂધ મેળવીને કઢી રાખ્યું છે. જલદી જલદી પી લ્યો, ને સાજા થઈ જાઓ.' જાટે દૂધ પીધું. જાટ અને જસો વાણિયાને પગે પડ્યા. તેની ભારે મહેમાનગતિ કરી વસ્ત્રાભૂષણ ભેટ આપીને તેને વળાવ્યો.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, અડસઠમી કથા.]

**વાંદર : ફાચરનો ખીલો ખેંચનાર**–(નિરર્થક કામમાં માથું ન મારવા વિશે દૃષ્ટાંતકથા) (**પંચાખ્યાન,** ઘટક ૨.૧): કોઈ એક નગર પાસે એક વાણિયો મંદિર બંધાવતો હતો. તેના કારીગરો બપોરે ભોજન કરવા નગરમાં જતા. એક વાર એ જ સમયે વાંદરાઓનું એક ટોળું ત્યાં આવી પહોંચ્યું. એમાંથી એક વાંદરાએ, અળવીતરાઈ કરીને, કારીગરોએ અર્ધા વહેરેલા લાકડામાં ખોસેલા ફાચરના ખીલાને વહેરેલા ભાગ પર બેસીને ખેંચ્યો. એ ખીલો બહાર નીકળી આવતાં વાંદરાનાં વૃષણ ચીરેલા લાકડાની વચ્ચે ચેપાઈ ગયાં ને તે તત્કાળ મરી ગયો. એટલે એવું બોધવચન છે કે, પોતાને લાગેવળગે નહીં તેવી બાબતમાં જે માથું મારવા જાય, તે ફાચરનો ખીલો ખેંચી કાઢનાર વાંદરની જેમ મરે.

[આધાર : **'પંચાખ્યાન બાલાવબોધ,'** ઘટક ૨.૧. કરટકે દમનકને કહેલું દૃષ્ટાંત]

**વિક્રમચરિત્ર કુમાર–૧ (વિક્રમ રાજા અને લીલાવતી):** **૧.** ઉજ્જેણીનગરીના રાજા વિક્રમાદિત્યને એક વાર એવું સ્વપ્ન આવ્યું કે, ચંપાનગરીની અતિશય સુંદર રાજકુમારી લીલાવતી સાથે તેનાં લગ્ન થયાં છે. આ સ્વપ્ન જોતાં તે મોડે સુધી સૂઈ રહ્યો. તેથી ચિંતિત બનેલા તેના પ્રધાને તેને જગાડ્યો. સ્વપ્નાની સુંદરી સાથે આમ વિયોગ કરાવવા બદલ વિક્રમ પ્રધાનનો ઘાત કરવા ઊઠ્યો. પ્રધાને તેને શાંત પાડ્યો અને તેના કોપનું કારણ જાણી, તપાસ કરીને લીલાવતી વિક્રમને છ માસમાં મેળવી આપવા તે બંધાયો. પ્રધાને સદાવ્રત માંડ્યું. તેમાં આવતા પરદેશી પ્રવાસીઓ અને સાધુસંન્યાસીઓને પૂછપરછ કરતા રહેતાં એક માસ પછી તેણે એક અવધૂત પાસેથી વાત જાણી કે, ચંપાનગરીની અતિ સુંદર રાજકુમારી લીલાવતી તેના પૂર્વજન્મના જ્ઞાનને લઈને પુરુષદ્વેષિણી બની છે. કોઈ પુરુષનું તે મોં પણ જોતી નથી. તે અવધૂત પાસેથી ચંપાનગરીનું સ્થાન જાણી પ્રધાને એ યોગીને વિક્રમ પાસેથી એક કરોડ સોનામહોરની ભેટ અપાવી. પછી વિક્રમ અને તેનો પ્રધાન વેશપલટો કરી ચંપાનગરી જવા નીકળ્યા. રસ્તામાં આવેલા એક વનમાં એક લતાકુંજમાં તેમણે રાતવાસો કર્યો. વિક્રમ નિદ્રાવશ થયો. પ્રધાન ચોકી કરતો હતો. ત્યાં એક વિદ્યાધરયુગલ આવ્યું. વિદ્યાધરે સૂતેલા વિક્રમને પગે એક મંત્રેલી જડીબુટ્ટી બાંધીને તેને એક સુંદરી બનાવી દીધો. એટલામાં ત્યાં યુવતીઓનું એક ટોળું આવ્યું. તેમાંની એક યુવતીએ સુંદરી બનાવેલા વિક્રમને પગે બીજી જડીબુટ્ટી બાંધીને તેને પુરુષ બનાવી દીધો. પ્રધાને તે યુવતી પાસેથી જાણ્યું કે પેલો વિદ્યાધર તેનો પતિ હતો અને તે રૂપાળી સ્ત્રીઓની પાછળ ઘેલો હતો, તેથી તે યુવતીએ વિક્રમને સ્ત્રીમાંથી પુરુષ બનાવી દીધો હતો. પ્રધાને એ બંને પ્રકારની જડીબુટ્ટી તેની પાસેથી મેળવી લીધી. પછી સવાર થતાં વિક્રમ અને પ્રધાન ત્યાંથી નીકળ્યા અને ચાર માસનો પ્રવાસ કરી ચંપાનગરી પહોંચ્યા. ત્યાં એક માલણને ઘેર રહ્યા. પ્રધાને જાણ્યું કે રાજકુમારી લીલાવતી મહિનામાં ચાર વાર ચામુંડાના મંદિરે દર્શન કરવા જાય છે અને ત્યાં પુરુષનું બલિદાન આપે છે. પ્રધાન જડીબુટ્ટીની સહાયથી સ્ત્રીનું રૂપ ધારણ કરીને ચામુંડાને મંદિરે પહોંચ્યો. લીલાવતી ત્યાં આવી પહોંચી એટલે તે વિલાપ કરવા લાગ્યો. લીલાવતીએ પૂછતાં પ્રધાને કહ્યું કે, મારો પતિ મને નિરાધાર છોડી ગયો છે. લીલાવતી તેને પોતાને આવાસે લઈ ગઈ. તેની સખી તરીકે રહેતા પ્રધાને તેને પુરુષદ્વેષનું કારણ પૂછ્યું. લીલાવતીએ જણાવ્યું કે, મૃગલી તરીકેના તેના આગલા જન્મમાં વનમાં દાવાનળ લાગ્યો ત્યારે તેનો મૃગ તેને છોડીને નાસી ગયો અને પોતાને બચ્ચાં સહિત એ દાવાનળમાં બળી મરવું પડ્યું હતું.

તે પછી લાગ જોઈ પ્રધાન એક રાત્રે લીલાવતી પાસેથી સરકી ગયો. વિક્રમ પાસે જઈને પ્રધાને લીલાવતીની બધી વાત કહી. તેમણે એક યોજના ઘડી કાઢી. એક નાટકમંડળી ઊભી કરી મદનમંદિરમાં નાટક રજૂ કર્યું. એ નાટકનાં વખાણ સાંભળીને લીલાવતી તે જોવા ગઈ. ત્યાં વિક્રમ પણ યોગીના વેશે ઉપસ્થિત હતો. તેની અને લીલાવતી વચ્ચે પુરુષ નિંદાપાત્ર કે સ્ત્રી નિંદાપાત્ર એ બાબત વાદવિવાદ થયો. યોગીએ પોતાના મતના સમર્થનમાં પોતાને યાદ રહેલા પૂર્વજન્મની વાત કરી, જેમાં વનમાં દાવાનળ લાગતાં મૃગલી એ બચ્ચાં પોતાની પાસે રાખીને નાસી ગઈ, એ કારણે આ અવતારે પોતે યોગી બની સ્ત્રીને વર્જ્ય ગણે છે. લીલાવતીએ તેના મતનો વિરોધ કર્યો, એટલે વિક્રમના આદેશથી વેતાળે કામદેવની મૂર્તિમાં પ્રવેશ કર્યો. મૂર્તિના મુખમાંથી વાણી નીકળી કે, મૃગ અને બચ્ચાંને છોડીને મૃગલી નાસી ગયાની યોગીની વાત સાચી છે. વળી ઉમેર્યું કે, આ યોગી જ લીલાવતીના પૂર્વજન્મનો પતિ છે. લીલાવતી યોગીને પગે પડી અને તે પછી તે તેને પરણી. વિક્રમ છ માસ ચંપા-

નગરીમાં રહ્યો. લીલાવતીને ગર્ભ રહ્યો. હવે વિક્રમે ઉજ્જેણીમાં પાછા ફરવાનું નક્કી કર્યું. પોતાને છોડીને પતિ જતો હોવાનું જાણી લીલાવતીએ આક્રંદ કર્યું. વિક્રમે પાટડા ઉપર પોતાનું નામઠામ વગેરે જણાવતી ગાથા લખી, અને તે વાત ભવિષ્યમાં તેને થનાર પુત્ર સિવાય કોઈને નહીં કહેવા લીલાવતીને જણાવ્યું. વિક્રમના ગયા પછી યથાસમયે લીલાવતીએ પુત્ર પ્રસવ્યો. પતિના આદેશ પ્રમાણે તેનું નામ 'વિક્રમચરિત્ર' રાખ્યું.

૨.૧ વિક્રમચરિત્ર મોટો થતાં ભણીને વિદ્યામાં પારંગત થયો. તેના ગોઠિયા પાસેથી નબાપો હોવાનું મહેણું સાંભળી તેણે પોતાના પિતા બાબત માતાને પૂછ્યું. લીલાવતીએ વિક્રમ જે ગાથા લખી ગયો હતો તે બતાવી અને કહ્યું કે, તારો પિતા મને છેહ દઈને ચાલ્યો ગયો છે. ગાથા વાંચીને વિક્રમચરિત્રે કહ્યું : 'જો હું તારો પુત્ર હોઉં તો તેને અનેક રીતે ઠગીને પાઠ ભણાવીશ.' લીલાવતીના વાર્યા છતાં વિક્રમ-ચરિત્ર ઘોડેસવાર થઈને ઉજ્જેણી પહોંચ્યો. ઘોડાને વેચી દીધો. ચંપક નામના વણિકની સાથે મૈત્રી થતાં તે તેને ઘેર જઈ રહ્યો. તેને પોતાનો પરિચય આપ્યો અને શા હેતુથી આવ્યો છે તે પણ જણાવ્યું. એક વાર ક્ષત્રિયનો વેશ ધારણ કરી તેઓ વાળંદને ઘેર પહોંચ્યા અને તેને પૈસા આપી તેલની માલિશ કરી આપવા કહ્યું. વાળંદને ત્યાં તેલ ખૂટી ગયું હતું, એટલે તે લાવી આપવા વિક્રમચરિત્ર અને ચંપક નીકળ્યા અને તેલવાળાની દુકાન બતાવવા હજામડીને સાથે લીધી. રસ્તામાં તેમણે તેને કહ્યું : 'અમે તને તારા વર પાસેથી પૈસા આપી ખરીદી લીધી છે.' હજામડી ખુશીથી એ ઠાકોરો સાથે ચાલી. તેને તેઓ કાપડિયાની દુકાને લઈ ગયા. ઢગલાબંધ કિંમતી પટોળાં પસંદ કરી તેમનું પોટલું બાંધી ચંપકને સોંપતાં વિક્રમે કાપડિયાને કહ્યું કે, એ ઘેરથી પૈસા લઈને હમણાં આવે છે. ચંપક પોટલું લઈને ગયો. તેને પાછા આવતાં વાર થઈ એટલે વિક્રમ હજામડીને કાપડિયાની દુકાને બેસાડીને પોતે પૈસા લઈ આવવાને બહાને ત્યાંથી છટકી ગયો અને પાછળ શું બને છે તે ગુપ્ત રહીને જોવા ચંપકને મોકલ્યો. આ તરફ ઘરાકને અને હજામડીને પાછાં આવતાં વાર થઈ એટલે હજામ તપાસ કરવા નીકળ્યો. કાપડિયાની દુકાને કિંમતી કપડાં પહેરીને હજામડીને બેઠેલી જોઈને તે તેને ધમકાવીને ઉઠાડવા લાગ્યો. કાપડિયાએ એ ઠકરાણી હોવાનું કહ્યું અને હજામને લેભાગુ કહ્યો. કાપડિયા અને હજામની વચ્ચે મારામારી થઈ. લોકો એકઠા થઈ ગયા. વિક્રમ રાજા ત્યાં આવી પહોંચ્યો. તેણે હજામડીનો ક્ષત્રિયાણી હોવાનો દાવો નકારીને તેને હજામને સોંપી દીધી.

૨.૨ કાપડિયા અને હજામની સાથે છેતરપિંડી કરનાર ઠગને પકડી લાવે તેને મોટું ઇનામ આપવાની વિક્રમે ઘોષણા કરી. એક સુભટે એ કામ માથે લીધું, અને ઠગને પકડીને પૂરી દેવા માટે હેડ સાથે લઈને રાત્રે તે નગરને ચોરે બેઠો. ચંપક મારફત એ સમાચાર જાણી, વિક્રમચરિત્ર વસ્ત્રાભૂષણે સજ્જ માલણનો વેશ લઈને એ સુભટ પાસે પહોંચ્યો. સુંદરી ઉપર મોહિત બનેલા સુભટને વિક્રમચરિત્રે યુક્તિપૂર્વક તેની હેડમાં પગ નખાવીને ખીલો બેસાડી દીધો અને તેનાં કપડાં અને હથિયાર ઉઠાવી ચાલ્યો ગયો. સવાર થતાં લોકોના હાસ્યાસ્પદ બનેલા સુભટને વિક્રમે આવીને છૂટો કર્યો.

૨.૩ ઠગને પકડવા જાણીતા ધૂર્તશિરોમણિ શશ અને મૂળદેવે બીડું ઝડપ્યું અને નગરમાં સર્વત્ર ચોકીઓ મૂકી દીધી. કોઈ સાથે મૂળદેવ પોતાની વાત કરતો હતો તે સાંભળીને ચંપકે વિક્રમચરિત્રને તે જણાવી. વિક્રમચરિત્રે યુક્તિ વિચારીને અમલમાં મૂકી. મૂળદેવની આંધળી બહેનને તેનો ભાણેજ જાત્રા કરાવવા લઈ ગયો હતો, એ હકીકત જાણીને વિક્રમચરિત્ર કાવડિયો બની મૂળદેવને ઘરે પહોંચ્યો અને પોતે જાત્રાએથી પાછો ફરેલો મૂળદેવનો ભાણેજ હોવાનું જણાવી, એની માનું મૃત્યુ થયાની ખબર આપી. મૂળદેવ અને બીજા સ્વજનોએ શોક કર્યો. વિક્રમચરિત્ર મૂળદેવને ત્યાં રહીને ઘરનો ભોમિયો થઈ ગયો. મૂળદેવની ગેરહાજરીમાં તેણે એક દિવસ મામીને કહ્યું : 'રાજા મૂળદેવ ઉપર કોપ્યો છે, તો રાજાના માણસો આવે તે પહેલાં ઝટ આપણે જરજવાહર, વસ્ત્રાભૂષણ વગેરે લઈને બીજે ચાલ્યાં જઈએ'. અને એ રીતે ઘરમાંથી બધું લઈને તે રવાના થઈ ગયો. આમ, આ ઠગ ઠગના સરદાર જેવા મૂળદેવને પણ બનાવી ગયો તેથી નગરલોક તેને વખાણવા લાગ્યા.

૨.૪ તે પછી દામોદર પંડિતે ઠગને પકડવાનું બીડું ઝડપ્યું. લોકોએ કહ્યું : 'જ્યાં મૂળદેવ અને શશ જેવા ધૂર્તો ન ફાવ્યા ત્યાં તારું શું ચાલશે?' દામોદર પંડિતે કહ્યું : 'એ ધૂર્તોની હોંશિયારી કેટલી? એક વાર એમને વીરમતીએ બરોબર પાઠ ભણાવ્યો હતો.' એમ કહી તેણે એ પ્રસંગ વર્ણવ્યો :

સાસુ સાથે ઝગડો થતાં થાંભલો પકડીને ઊભેલી વીરમતીને સાસુએ કહ્યું : 'એ થાંભલો તને ખાવાનું આપશે, ત્યાં જ ખોડાઈ રહેજે.' એ સાંભળી વીરમતી એ થાંભલો કાઢી બજારમાં લઈ ગઈ અને તેનું મૂલ્ય એક લાખ દામ હોવાનું લોકોને કહેવા લાગી. રાજાએ એ વાત જાણી. આવીને તેણે વીરમતીને એ વિશે પૂછ્યું, ત્યારે તે બોલી કે, થાંભલામાં એવું ભારે મૂલ્ય છે. રાજાએ સુતારને બોલાવી થાંભલો વહેરાવ્યો.

અંદરથી કશું જ ન નીકળ્યું. પણ વીરમતીએ થાંભલાના ટુકડા કરી તેને નકામો કરવા બદલ રાજા પાસેથી તેની કિંમત તરીકે એક લાખ દ્રામ મેળવ્યા. પછી રાજાએ આ બનાવટનો બદલો લેવા મૂળદેવને અને શશને રોક્યા. તેમણે એવી જાહેરાત કરી કે, 'અમે કહેલી વાતને જે ખોટી હોવાનું કહે તે અમને એક લાખ દ્રામ ચૂકવે અને અમે સામાની કહેલી વાત ખોટી છે એમ કહીએ તો અમે એક લાખ ચૂકવીએ.' પછી વીરમતી પાસે જઈને તેમણે આ જણાવ્યું. વીરમતીએ વાત કહેવા કહ્યું. મૂળદેવે કહ્યું : 'એક ગાયને બે મોં, આઠ પગ, બે પુચ્છ અને નરમાદા બંનેનાં લિંગ ધરાવતો વાછડો જન્મ્યો. તેનું એક મોઢું શરીરને એક દિશામાં ચલાવે છે અને બીજું મોઢું ઊલટી દિશામાં.' વીરમતીએ એ વાત સાચી હોવાનું કહ્યું. પછી વીરમતીએ તેમને કહ્યું : 'એક દુકાળના વખતમાં મારા પિતાએ એક લાખ દ્રામ આપીને બે છોકરાને વેચાતા લીધા હતા. પછી એ છોકરા ક્યાંક નાસી ગયા. આજે એમનો પત્તો લાગ્યો છે, કેમ કે એ જ બે છોકરા તમે બંને છો. આ વાત સાચી છે કે ખોટી ?' આ એવો સાણસો હતો કે મૂળદેવ ને શશ કોઈ પણ જવાબ આપે, તો પણ તેમને એક લાખ વીરમતીને આપવા પડે. મૂળદેવ અને શશ પાસે એટલું ધન હતું નહીં, એટલે વીરમતીએ તેમને એક વેપારીને ત્યાં ગીરો મૂક્યા. વેપારીએ મૂળદેવને કૂવામાંથી પાણી ખેંચીને એક કાણી કુંડી ભરવાનું કામ સોંપ્યું અને શશને ગાયભેંસના ધણ સાથે ઊંટનું ટોળું ચારવાનું કામ સોંપ્યું. કુંડી કેમે ભરાય નહીં અને ગાય, ભેંસ ઊંટોથી ભડકીને ભાગે. સાંજે થાકીને લોથ થયેલા મૂળદેવ અને શશે એકબીજાને મળીને પોતપોતાનું કામ સહેલું હોવાનું કહીને કામનો અદલોબદલો કર્યો. થોડા દિવસમાં ત્રાસી જઈને તેઓ વીરમતીને શરણે ગયા. વીરમતી રબારણનો વેશ લઈ, માથે ઘી ભરેલું વાસણ, કેડે મરેલું બાળક તેડી પેલા વેપારીની દુકાન પાસેથી નીકળી. વેપારીએ તેને બોલાવી, પણ તે ઊભી ન રહી. એટલે વેપારીએ તેનો હાથ ઝાલ્યો. તરત જ ઘીનું વાસણ અને બાળકના મરદાને ભોંય પર નાખી દઈને વીરમતીએ રોકકળ કરી મૂકી : 'મારા છોકરાને આ વેપારીએ મારી નાખ્યો ને મારું બધું ઘી ઢોળી નાખ્યું.' વેપારી ફસાયો. છેવટે મૂળદેવ અને શશને વિના શરતે મુક્ત કરવાનું કબૂલાવીને તેને જવા દીધો.

**૨.૫** દામોદર પંડિતે એક માસમાં ઠગને પકડી આપવાનું માથે લીધું. ચંપક દ્વારા આ વાતની જાણ થતાં વિક્રમચરિત્રે બ્રાહ્મણ પંડિતનો વેશ લઈ કેટલાક બટુકોને વિદ્યાર્થી તરીકે રાખી, નગર બહાર જળાશય પાસે વિદ્યાશાળા માંડી. તેની પંડિત તરીકેની ખ્યાતિ સાંભળી દામોદર તેને મળવા ગયો. વાતવાતમાં વિક્રમચરિત્રે દામોદર પંડિતને કહ્યું : 'તમારા માથાના સફેદ વાળ હું મારી વિદ્યાથી સોનેરી કરી આપું.' પછી તેની સૂચના પ્રમાણે માથું મૂંડાવી, ઉપર વિક્રમચરિત્રે આપેલું ઔષધ ચોપડી, 'ઓમ ગરબડ' મંત્ર જપતો દામોદર પંડિત ઠગાયો.

**૨.૬** એ પછી ગોગ વેશ્યાએ ઠગને ત્રણ દિવસમાં પકડી લાવવાનું માથે લીધું. વિક્રમચરિત્રને આ વાતની જાણ થતાં, તે ગોગ વેશ્યાને ત્યાં પહોંચ્યો અને તે ઊંઘતી હતી તે દરમ્યાન તેના ઘરમાંનાં બધાં પાણીનાં માટલાં ભાંગી નાંખ્યાં. પછી જાગેલી વેશ્યાની પાસે તેણે પાણી માગ્યું. માટલાં ફૂટેલાં હોવાથી વાડીના કૂવા પાસે પાણી લેવા બંને ગયાં. ત્યાં પાણી ખેંચવાના ઢીંકવા પર વજન નહોતું, એટલે વિક્રમચરિત્રે ગોગ વેશ્યાને નગ્ન કરીને એ વજનને સ્થાને બાંધી અને તેના ઘરમાંથી જરઝવેરાત લઈને તે નાસી ગયો. સવારે દાસીએ તપાસ કરતાં ગોગને ઢીંકવા પર બાંધેલી જોઈને તેણે બૂમરાણ મચાવ્યું, ગોગની પણ દુર્દશા થયાનું વિક્રમે જાણ્યું.

**૨.૭** ઠગને પકડવાની હવે કોઈએ તૈયારી ન બતાવી. એટલે વિક્રમે પોતે એ કામ માથે લીધું, અને દરવાનને નગરનો દરવાજો બંધ રાખી કોઈને બહાર ન જવા દેવાનો આદેશ દીધો. વહેલી સવારે ધોબી વિક્રમ રાજાનાં કપડાં ગધેડાં પર લાદીને ધોવા નીકળતો હતો, ત્યારે લાગ જોઈ વિક્રમચરિત્ર એ ગધેડાંને હાંકી નગરને દરવાજે આવ્યો અને રાજાનાં કપડાં ધોવાનાં છે કહીને દરવાન પાસે દરવાજો ઉઘડાવ્યો. પછી આગળ એક વડના ઝાડ પાસે પહોંચી ગધેડાંને નદીના પાણીમાં ઉતારી પોતે વડની નીચે સોડ તાણીને સૂતો. ધોબીએ પોતાનાં ગધેડાં ગુમ થયેલાં જાણીને બૂમરાણ કર્યું. વિક્રમને જાણ કરવામાં આવી. વિક્રમ ગધેડાં ઉઠાવી જનારની તપાસમાં નગરના દરવાજા બહાર નીકળ્યો. વડ નીચે કોઈક માણસને સૂતેલો જોઈ તેને ઉઠાડ્યો. વિક્રમચરિત્રે પોતે પ્રવાસી હોવાનું જણાવ્યું. વિક્રમે પૂછ્યું : 'તેં કોઈ માણસને ગધેડાં હાંકી જતો જોયો ?' ત્યારે વિક્રમચરિત્રે કહ્યું, 'એ માણસ અને ગધેડાંને નદી તરફ જતાં તેણે જોયાં હતાં.' વિક્રમ નદીકાંઠે પહોંચ્યો અને તેમાં દૂર રહેલાં ગધેડાં જોઈ, કપડાં કાઢી પાણીમાં પડ્યો. એટલે વિક્રમચરિત્ર એ કપડાં પહેરી લઈ રાજવેશે દરવાન પાસે આવ્યો અને તેને ચેતવ્યો કે, હવેથી કોઈને અંદર આવવા ન દઈશ, કેમ કે પેલો ઠગ 'હું રાજા છું' એવું કહીને દરવાજો ઉઘડાવીને અંદર ઘૂસશે, અને તો રાજા તને દંડશે.' આ તરફ વિક્રમે નદીમાં કોઈ માણસને ન ભાળ્યો, એટલે તે સમજી ગયો કે, ઠગે જ તેને છેતર્યો. તે દરવાજા પાસે આવ્યો અને દરવાનને તે ઉઘાડવા કહ્યું. દરવાને તેને ઠગ માનીને દાદ ન આપી. સવારે રાજસભામાં વિક્રમ ન આવ્યો, તેથી

તેની તપાસ કરવામાં આવી. છેવટે દરવાજા બહાર લગભગ નવસ્ત્રી હાલતમાં તેનો પત્તો લાગ્યો.

૩. તે પછી વિક્રમે ઠગ પોતે પ્રગટ થાય તો તેને અડધું રાજ્ય આપવાની ઘોષણા કરી. વિક્રમચરિત્રના કહેવાથી સાતમે દિવસે ચંપકે વિક્રમ પાસે જઈને વિક્રમચરિત્રની બધી હકીકત નિવેદિત કરી. વિક્રમ પુત્રની ચતુરાઈથી ખુશ થઈ તેને બોલાવીને ભેટ્યો. વિક્રમચરિત્ર પિતાને પગે પડ્યો અને પોતાની માતા લીલાવતીની પિતાએ ઉપેક્ષા કરી તેનું વેર વાળવા ઠગવિદ્યા કરવી પડી એમ જણાવ્યું. પછી વિક્રમ ચંપાનગર જઈ લીલાવતીને સન્માનપૂર્વક ઉજ્જેણી લઈ આવ્યો. વિક્રમચરિત્રને અનેક રાજકન્યાઓ પરણાવીને મંત્રીપદે નીમ્યો.

૪. પોતનપુરના નરવાહન રાજાએ પોતાની આણ સ્વીકારવાના સંદેશા સાથે વિક્રમ રાજા પાસે દૂત મોકલ્યો. વિક્રમે દૂતનું અપમાન કરી કાઢી મૂક્યો અને પોતનપુર ઉપર આક્રમણ કરવા તૈયારી કરી. વિક્રમચરિત્રે પોતે એ કામ માથે લીધું. મોટી સેના સાથે તે પોતનપુર પહોંચ્યો. સાત દિવસના ઘમસાણ યુદ્ધ પછી તેણે નરવાહનને હરાવ્યો. પોતનપુરની ગાદીએ નરવાહનના પુત્રને બેસાડીને વિક્રમચરિત્ર ઉજ્જેણી પાછો ફર્યો. વૃદ્ધ થયેલા વિક્રમે ઉજ્જેણીનું રાજ્ય વિક્રમચરિત્રને સોંપ્યું. [આધાર : **'વિક્રમચરિત્ર–રાસ'**]

**'વિક્રમચરિત્રકુમાર'–૨ (= કાવડિયાની વાર્તા) (સિંહાસનબત્રીસી–૨,** બારમી કથા) : ફરી પાછો ભોજરાજા વિક્રમને સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી સિંહિકા નામની બારમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમરાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. રાજા વિક્રમ કાવડિયો બને છે : વિક્રમચરિત્રનો જન્મ** : એક વાર હરદ્વારથી કાવડમાં ગંગાજળ ભરીને વૈજનાથને ચડાવવા જતા કાવડિયા દેશ દેશ જોતા જોતા વિક્રમસભામાં આવી પહોંચ્યા. વિક્રમે તેમને માનપાન આપ્યાં. પછી પોતે પણ પ્રધાનને રાજ સોંપી જાત્રાળુવેશે કાંધે કાવડ ધરી તીરથ કરવા નીકળ્યો. ફરતો ફરતો વિક્રમ કર્ણાટકમાં એક વાણિયાની હાટે વિસામો કરવા બેઠો. તેને પગલે વાણિયાને મોટો લાભ થયો. દેવાંશી માની વાણિયાએ તેને પોતાને ઘરે ઉતારો આપ્યો. વિક્રમ નવરાત્ર કરવા ત્યાં રહ્યો. આઠ દિવસમાં વાણિયો ખૂબ કમાયો. પોતાની તેર વરસની દીકરીની સગાઈ માટે તેણે વર ખોળવા માંડ્યો. કન્યાને કોઈ વર પસંદ નહોતો પડતો, એટલે ભાભીએ તેને મહેણું માર્યું : 'એ કાંઈ વાણિયાને વરે ? એ તો વિક્રમ રાજાને વરવાની.' એટલે કન્યાએ 'વરું તો વિક્રમને જ' એવું પણ લીધું. એ બંને વચ્ચે થતી આ વાત વિક્રમ સાંભળી ગયો. રાતે કૂવે પડવા જતી કન્યાને વિક્રમે અટકાવી, પોતાની ઓળખાણ આપી. ઉજ્જેણી ગયા પછી તેને પરણવા વચન આપ્યું. પણ કામવશ કન્યાએ હઠ કરી, એટલે વિક્રમે ત્યાંને ત્યાં તેનો સંગ કર્યો. વળતે દિવસે ગુપ્ત રીતે તેને એક ચિઠ્ઠી અને એક હજાર સોનામહોર આપીને વિક્રમ ત્યાંથી નીકળી ઉજ્જેણી પહોંચી ગયો. વણિકપુત્રીને સગર્ભા જોઈને સૌએ કલંક ચડાવ્યું. બાપે કાઢી મૂકી. તે ગામબહાર શિવદહેરે રહી. યોગ્ય સમયે તેણે બત્રીસલક્ષણો પુત્ર પ્રસવ્યો. સાત વરસનો થતાં પુત્રને નિશાળે મૂક્યો. વગરભણ્યે તેને વિદ્યા આવડતી. તે બાર વરસનો થયો, ત્યારે એક વાર છોકરાએ તેને નબાપાનું મહેણું માર્યું. તેણે પોતાની માતાને પૂછ્યું. માતાએ તેને વિક્રમની ચિઠ્ઠી બતાવી. એ ચિઠ્ઠીમાં 'જો તને પુત્રી અવતરે તો આપેલી ખરચીમાંથી માદીકરી નિર્વાહ કરજો, પણ જો પુત્ર આવે તો ઉજ્જેણીમાં આવીને તે મને જગાડે. ચતુરાઈથી મને પણ છેતરીને પોતે બત્રીસલક્ષણો હોવાની સાબિતી આપે.' એ પ્રમાણે લખેલું હતું.

**૨. ઉજ્જેણીમાં વિક્રમચરિત્રનાં પરાક્રમ :** ચિઠ્ઠી વાંચી માતાની રજા લઈ ઘોડે ચડી છોકરો ઉજ્જેણી જઈ પહોંચ્યો. માલણને ત્યાં રહ્યો. 'હું વિક્રમનો ચોર છું, એક માસ પછી મારી સાચી ઓળખાણ આપીશ'. એમ કહ્યા છતાં તેજસ્વી જાણી માલણે તેને દરેક સગવડ આપવાની તૈયારી બતાવી. વળતે દિવસે કુંવરે એક ચિઠ્ઠી લખીને માલણ દ્વારા સભામાં ધા નંખાવી કે, 'વિક્રમ રાજા, મારો બાર વરસનો ગરાસ આપો, નહીં તો હું તમારું રાજ લઈશ.' ધમકી ભરી ચિઠ્ઠી વાંચી, વિક્રમે લખનારને પકડી લાવવા સભામાં બીડું ફેરવ્યું. સહદેવ અને મૂળદેવ એ બે મોટા પંડિતોએ બીડું ઝડપ્યું. 'રાત્રે જે બહાર નીકળશે, તે રાજાનો ચોર ઠરશે' એવો પડો વજડાવી, ઊગમણી અને આથમણી પોળ સિવાયના બધા દરવાજા બંધ કરાવી, બંને પંડિતો ચોકી કરવા લાગ્યા.

**૨.૧ પંડિત સહદેવ અને મૂળદેવની હાર :** બધા સમાચાર માલણ પાસેથી જાણી, કુંવરે સુંદરીનો વેશ લીધો. પૂજાથાળ લઈ મધરાતે સહદેવ પાસે તે આવ્યો. પ્રધાનપત્ની તરીકે પોતાની ઓળખાણ આપી. તેને જોઈને સહદેવની દાઢ ગળી. પૂજા કરીને પાછા ફરી તેણે વાતવાતમાં લટ્ટુ સહદેવને વશ કરી લીધો. પછી ચોરને પૂરવાની હેડ તરફ આંગળી ચીંધી 'આ હેડમાં કઈ રીતે પુરાવાતું હશે ?' એવું કુતૂહલ સંતોષવાના બહાને સહદેવને સાચે જ તેણે હેડમાં પૂરી દીધો. પછી તેને મોઢે મેશ અને માથે ચૂનો લગાડ્યો. તે પછી મૂળદેવની પણ એવી જ દશા કરી. તે પછી કુંવર ઘરે આવીને

સૂતો. સવારે ચોકીદારોએ સહદેવ અને મૂળદેવને ઠગ માનીને નગરમાં ગધેડે ફેરવ્યા. પછી જ્યારે તેમને રાજસભામાં લાવવામાં આવ્યા, ત્યારે વિક્રમે તેમને ઓળખ્યા. બંનેએ પોતાની વીતક વાત કહી.

**૨.૨ કંદોઈ લલા અને પતાની હાર** : વિક્રમે બીજી વાર સભામાં બીડું ફેરવ્યું. રાજાના કંદોઈ લલા અને પતાએ એ બીડું ઝડપ્યું, અને ઠગનો જમણો હાથ કાપી લાવવાની તેમણે બડાશ હાંકી. તેમણે 'જે કોઈ રાત્રે બહાર નીકળશે, તે પ્રાણ ખોશે' એવી રાજાની આણ ફેરવી. આ વાત માલણે કુંવરને કહી. કુંવર પરદેશી વટેમાર્ગુને વેશે કંદોઈના બંધ હાટની જાળીની બહાર, 'ભૂખે મરું છું, મને સુખડી આપો' કહીને ઊભો રહ્યો. કંદોઈએ રાજાની આણની વાત કરી અને જલદી ભાગીને કોઈક ખૂણે પડી રહેવા કહ્યું. કુંવરે સુખડી આપવા કાલાવાલા કર્યા. લલાએ પૈસા લેવા જાળીમાંથી હાથ બહાર કાઢ્યો. કુંવરે તેમાં પૈસા મૂકીને તે પકડી રાખ્યો અને પોતાને સુખડી આપવા કહ્યું. એટલે પતાએ સુખડી આપવા જેવો હાથ જાળીમાંથી બહાર કાઢ્યો, તેવો જ કુંવરે તે ખેંચી લીધો અને બંનેના હાથ સાથે બાંધી દીધા. બંને જણની બૂમોને ઠગવિદ્યા ગણીને કોઈ મદદે ન આવ્યું. કુંવરે બંનેના પહોંચા કાપી લઈ, જઈને રાજપ્રતિહારને આપ્યા ને કહ્યું : 'કંદોઈને હાટે પકડીને બાંધેલા બે ઠગના આ પહોંચા તું જઈને રાજાને આપ, તને વધામણી મળશે,' એવું કહીને કુંવર ઘરે આવ્યો. પ્રતિહારે રાજાને વાત કરી. સેવકો દોડ્યા. લલા અને પતાને પકડી લાવ્યા. તેઓ પોતાની સાચી ઓળખાણ આપવા લાગ્યા, પણ કોણ માને ? તેમને ઊંધે માથે ટાંગી, સવારે રાજસભામાં લાવવાનો રાજાએ હુકમ કર્યો. સવાર સુધીમાં બધે વાત પ્રસરી કે, ઠગને લલા અને પતાએ પકડ્યા છે. જોવા મેદની ઊમટી. લલા–પતાને સભામાં રાજા પાસે લાવી ઊભા કર્યા. રાજાએ બંનેને ઓળખ્યા અને છૂટા કર્યા. તેમણે પોતાની વીતક વાત કહી.

**૨.૩ ગણિકાની હાર** : ત્રીજી વારનું બીડું ગણિકાએ ઝડપ્યું : 'ખરો હશે તો ઠગ મારે ત્યાં આવશે, અને તો એનું નાક કાપીને રાજાને સોંપવાની મારી પ્રતિજ્ઞા છે.' એમ તેણે જાહેર કર્યું. માલણ પાસેથી વાત જાણી રાત્રે કુંવર ગણિકાને ત્યાં ગયો અને કહ્યું : 'ચાલો, તમને હમણાં જ મહારાજા બોલાવે છે. ઠગ પકડ્યો છે. રાજસભામાં તેને ઊભો કર્યો છે.' ગણિકા આ સાચું માની ગઈ. તેણે વહેલ જોડી. હાંકનાર ન હોવાથી કુંવર હાંકવા બેઠો. રસ્તામાં નિશાળ તરીકે વપરાતી ધર્મશાળામાં ઊતરીને કુંવરે ગણિકાને પકડીને ભારોટિયા સાથે બાંધી દીધી અને તેનાં નાક, કાન અને હોઠ કાપી લીધાં. તેના આખા અંગે મેશ ચોપડી. ગણિકાએ ઘણી રાડારાડ કરી પણ બચાવવા કોઈ ન આવ્યું. કુંવર ઘરે પાછો ફર્યો. સવારે નિશાળે ભણવા આવેલા છોકરાઓએ છતે ડાકણ જેવું વિકરાળ રૂપ જોઈ હોહા કરી મૂકી. લોકો ભેગા થયા. રાજા પાસે વાત પહોંચી. સેવકોએ એને લાવીને સભામાં ઊભી કરી. રાજાએ તેને ઓળખી. એણે પોતાની વીતક વાત કહી.

**૨.૪ વિક્રમની હાર** : વિક્રમે ફરી બીડું ફેરવ્યું. પાન કોઈએ લીધું નહીં, એટલે 'આ કામ હવે હું જ માથે લઉં છું'' એમ તેણે સભામાં જાહેર કર્યું. માલણે કુંવરને જાણ કરી. કુંવરે ચંડીની પૂજા કરી આશિષ માગી. રાત્રે વિક્રમ હરિસિદ્ધ માતાની પૂજા કરવા મંદિરમાં ગયો. કુંવર રાજમહેલે આવ્યો. વિક્રમનું પગેરું કાઢી તે મંદિરે પહોંચ્યો. અંદર તેણે વિક્રમને માળા ફેરવતો જોયો. મંદિરનું બારણું બહારથી વાસી કુંવરે તાળું દીધું. ઉપર પોતાની મહોર મારીને ભીંતે અક્ષર લખ્યા : 'અંદર ઠગના બાપને પૂર્યો છે. પૂરનાર હું પોતે. ઉઘાડશે તે માર ખાશે.' પૂજા પૂરી કરી રાજા બહાર નીકળવા ગયો, તો બારણાં બંધ. 'જે હોય તે ઉઘાડો, નહીં તો મરવું પડશે.' વિક્રમે હાક મારી. કુંવરે કહ્યું : 'મારો ગરાસ આપો, નહીં તો આજે તો અહીં પૂર્યા, પણ કાલે કારાગૃહે પૂરીશ.' વિક્રમે ઓળખાણ પૂછી અને વેતાળની બીક બતાવી. પોતાને પગે પડી જોઈએ તે માગવા કહ્યું. કુંવરે કહ્યું : 'મારું ઉત્તમ કુળ, હું રાજબીજ, તમારે હાથે લખી આપેલો ગરાસ મને આપો, નહીંતર હું આખા નગરને દમીશ. હરિસિદ્ધ મારા પિતાની માતા થાય અને વેતાળ મારા પિતાનો ચોર. તમારું રાજ લઉં તો જ હું મારી માનો બેટો.' એટલામાં સવાર થવા આવ્યું. કુંવરે જઈને પ્રતિહારને કહ્યું : 'રાજાનો આદેશ છે : પ્રધાન પાસે જઈને કહે કે, ઠગને પકડીને હરિસિદ્ધના મંદિરમાં પૂર્યો છે, તો લશ્કર લઈને જલદી ત્યાં પહોંચે'. એટલું કહીને કુંવર ઘરે ગયો. પ્રધાનને અને નગરજનોને વાત પહોંચી. સૌ દહેરે આવ્યાં. બહાર લખેલા અક્ષર વાંચ્યા. રાજા ક્યાંયે ન દેખાયા. મહેલે તપાસ કરી, તો ત્યાં ન હતા. પ્રધાનને શંકા પડતાં દહેરાના જાળિયામાંથી જોયું. વિક્રમને દીઠો. દહેરું ઉઘડાવી પ્રધાન અંદર ગયો. બધી વાત જાણી. રાજા મહેલે આવ્યો. રાજા પણ ઠગાયાનું લોકોએ જાણ્યું. વિક્રમે છેવટે દાંડી પિટાવી : 'ચોર છતો થઈને રાજા પાસે આવે. તેનું પરાક્રમ રાજાએ જોયું છે. તેનો દંડ ન કરવાનો અને પ્રધાનપદ આપવાનો રાજા કોલ આપે છે.' આ સાંભળી કુંવરે મોકલેલી માલણે સભામાં જઈ કહ્યું : 'તમારો ઠગ મારે ત્યાં ઊતર્યો છે. શણગાર મોકલો અને પ્રધાનને તેડવા મોકલો, એટલે તે તરત આવે.' વિક્રમે માનપાન

સહિત કુંવરને તેડાવ્યો. પાસે બેસાડ્યો. કુંવરે પત્ર આપ્યો. વાંચીને વિક્રમ તેને ભેટ્યો. તેની માતાના કુશળ પૂછ્યા. કુંવરે બધી વીતક વાત કહી. વિક્રમે પ્રધાનને કર્ણાટક મોકલ્યો. રાણીને તથા તેનાં સગાંને તેડાવ્યાં. કુંવરનું નામ વિક્રમચરિત્ર રાખી, પાટવી તરીકે તેનો અભિષેક કરવાનો સમારંભ કર્યો.

**૩. વિક્રમચરિત્રનું બલિદાન** : અભિષેકની વેળાએ એક દુઃખી વૃદ્ધ વાણિયાને વિક્રમે રડતો જોયો. પૂછતાં તેણે પોતાની વીતક કથા કહી: 'પલ્લવપુરનો હું વાણિયો. અપુત્ર હોવાથી પુત્ર મેળવવા મેં શિવપૂજા કરી. શિવના આદેશથી મેં નવાણુ ગળાવ્યું. એના પુણ્યે મને પુત્ર થયો. પણ પુત્ર જન્મ્યો તેની સાથે જ આખા ગામનું પાણી સુકાઈ ગયું. સૌ દુઃખી થઈ ગયા. જોશીએ કહ્યું કે, પુત્ર બત્રીસલક્ષણો છે, પણ મૂળ નક્ષત્રમાં જન્મ્યો છે, તેથી ગામનું પાણી સુકાઈ ગયું. આથી સૌ 'દુકાળિયો' કહી પુત્રને ગાળ દેવા લાગ્યા. મેં ફરી શિવને ઉપાસ્યા એટલે તેમણે કહ્યું : 'તું બત્રીસ-લક્ષણાનો ભોગ આપે, તો નવાણમાં પાણી આવે. મારો પુત્ર બત્રીસલક્ષણો હતો. પણ તેનો હું કેમ ભોગ આપું ? એટલે બાર વરસથી હું બત્રીસલક્ષણાની શોધમાં ફરું છું. તમે તેને મેળવી આપો.' વિક્રમે પોતાને લઈ જવા તેને કહ્યું. રાજહત્યાનું પાપ માથે લેવા વાણિયાએ ના કહી. એટલે વિક્રમે વિક્રમચરિત્રને લઈ જવા કહ્યું. આશાભર્યા પુત્રને પરાણે લઈ જવાની વાણિયાએ ના પાડી. વિક્રમે પુત્રને બોલાવીને બધી વાત કહી. તે વધેરાવા તૈયાર થયો. 'રાજપુત્રને હું પોતાને હાથે મારું તો મારી શી દશા થાય ?' એવી વાણિયાની બીક જાણીને વિક્રમ પોતાને હાથે પુત્રનો ભોગ આપવા ઊપડ્યો. નવાણુ આગળ જઈને તેણે પોતાને હાથે પુત્રને વધેર્યો. લોહી છંટાતાં નવાણુ ભરાયું. રાજા પણ તેમાં ડૂબ્યો. સર્વત્ર હાહાકાર થયો. વળતે દિવસે સવારે સૌ નવાણને કાંઠે આવ્યા. ત્યાં તો પ્રસન્ન થયેલી જળદેવી શીતળા, કુંવરને જીવતો કરી, તેને તથા વિક્રમને વિમાનમાં બેસાડીને જળમાંથી બહાર લાવી. પછી વિક્રમની પ્રાર્થનાથી દેવીએ લોકોને વરદાન દીધું કે, શ્રાવણવદ સાતમે વ્રત કરી 'જે ટાઢું ખાશે અને આ કથા સુણશે તેની મનની ઇચ્છા ફળશે.' પછી માતા અંતર્ધાન થયાં. પુત્રની સાથે વિક્રમ ઉજ્જેણી આવ્યો. અને તેને રાજપાટ સોંપ્યું.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.

આ કથા ભોજરાજાને કહીને સિંહિકા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી'**–૨, બારમી કથા]

**વિક્રમ રાજા અને ખાપરો ચોર** : ૧. વિક્રમ રાજાની ઉજ્જેણીનગરીમાં સુદંત શેઠ, ધૂર્ત નગરરક્ષક, રુદ્દો કલલ અને જ્યોતિષી વિજયચંદ રહેતા હતા. ખાપરો નામનો એક ચોર પણ ત્યાં વસતો હતો. વિક્રમ રાજાની ગેરહાજરીમાં ખાપરા ચોરે ગુપ્ત રહીને અનેક પ્રકારે ચોરી કરી નગરમાં હાહાકાર મચાવી દીધો. લોકો ત્રાસી ગયા. આ સમય દરમિયાન ખાપરો ચોર નગરમાં સુદંત શેઠને ત્યાં ઉત્સવના ઉપક્રમે રાસ રમવા આવેલ નવસો કુંવારી કન્યાઓનું તથા ધનનું ગુપ્તપણે અપહરણ કરી ગયો. સુદંત શેઠે આ કન્યાઓની અનેક પ્રકારે શોધ કરી અને કરાવી, પણ કોઈ જગ્યાએથી એમની ભાળ ન મળી. ચિંતાતુર સુદંતને વિક્રમ રાજાએ પૂછતાં એણે સર્વ હકીકત જણાવી અને નગરરક્ષકને વારંવાર કહેવા છતાં તે તપાસ કરી શોધી કાઢતો નથી એવી ફરિયાદ પણ કરી. વિક્રમ રાજાએ તે કન્યાઓ અને ધન પાછાં મેળવી આપી, તેના ચોરને શિક્ષા કરશે એમ શેઠને આશ્વાસન આપ્યું. વિક્રમે નગરરક્ષકને બોલાવી આ અંગે પૂછતાં તેણે ચોરની પૂરતી તપાસ કરાવ્યા છતાં તે કોઈ પણ જગ્યાએ દેખાતો નથી. તે ગુપ્તપણે મંત્ર-શક્તિ વડે દ્વાર ઉઘાડી ચોરી કરતો હોવાથી પકડાતો નથી, એમ કહ્યું. આ પછી જો તેને એક હજાર ઘોડેસવાર અને પાંચસો હાથી આપવામાં આવે તો તે રાતદિવસ નગરમાં ઘેર ઘેર એની તપાસ કરે એમ કહ્યું. રાજા વિક્રમે એની માગણી પ્રમાણે સર્વ વ્યવસ્થા કરાવી આપી. તેમ છતાં ચોરનો પત્તો લાગ્યો નહીં.

૨. આખરે રાજા વિક્રમ પોતે અગ્નિવેતાલને લઈને ચોરની તપાસ કરતો સ્મશાનમાં આવ્યો. અહીં એને ભૂતો ઘેરી વળ્યાં. પણ તલવાર ઉગામી વિક્રમે તે બધાંને ભગાડી મૂક્યાં. બાદમાં વિક્રમે મહાકાલ મંદિરમાં મહાદેવની પૂજા કરી, તેમને પ્રસન્ન કરી ચોરનું સ્થાન બતાવવા કહેતાં મહાદેવે જણાવ્યું કે, એ ચોર એમની આરતી, ભેરી, મેખલા અને નવલખ મોતીનું આભરણ વગેરે ચોરી ગયો છે. આ પછી મહાદેવે વિક્રમને ચોર અંગે પૃચ્છા કરવા હરિસિદ્ધ માતા પાસે જવા સૂચવ્યું. વિક્રમે હરિસિદ્ધ માતાને ચોર અંગે પૂછતાં, તેમણે તે અંગે ગણપતિ પાસે જવા કહ્યું. પછી વિક્રમ ગણપતિ પાસે આવ્યો. એટલામાં ખાપરો ચોર ત્યાં આવી પહોંચ્યો. એને જોઈને ગણપતિ પણ ધ્રૂજવા લાગ્યા. ખાપરા ચોરે વિક્રમને પૂછતાં એને ઓળખી ગયેલ વિક્રમે પોતાને ભાર ઉપાડવાની નોકરી કરનાર તરીકે ઓળખાવ્યો. વળી, અગાઉ પોતે ચોરી કરતો હતો તેમ પણ જણાવ્યું. પછી વિક્રમને પોતાના સાથી તરીકે સ્વીકારી ખાપરો ચોર ચોરી કરવા નીકળ્યો.

૩. આ પછી બન્ને રુદ્દા કલાલને ત્યાં આવ્યા. ખાપરાએ વિક્રમ રાજાને મારીને તેનું રાજ્ય આપવાની રુદ્દાને લાલચ

આપી. એની પાસેથી તેણે બે ઘડા ભરીને મધ મેળવ્યું અને તેને કાવડમાં વિક્રમના ખભે મુકાવી તે ગંગા માલણના ઘરે આવ્યો. રસ્તામાં વિક્રમની અનુમતિ મળતાં સાથે રહેલા અગ્નિવેતાલે કાવડની એક બાજુ રહેલા ઘડામાંથી મધ પીધું. આમ થતાં સમતોલપણું જતું રહેતાં સામે છેડે રહેલો ઘડો જમીન પર પડીને ફૂટી ગયો અને મધ ઢોળાઈ ગયું. આ જોઈ ખાપરો ગુસ્સે થઈ તલવાર લઈ વિક્રમને મારવા ધસ્યો, એવો વિક્રમ દોડીને નાસી ગયો. ખાપરો એની પાછળ પડ્યો. નાસતો નાસતો વિક્રમ એક બ્રાહ્મણના ઘરના વાડામાં વિયાયેલી ગાયની ઓથે શરીર સંકોચી સંતાઈ રહ્યો. એટલામાં ખાપરો ત્યાં બહાર આવી પહોંચ્યો.

૪. દરમ્યાન જાગૃત થયેલા બ્રાહ્મણે આકાશનું નિરીક્ષણ કરી, પોથી જોઈ રાજા વિક્રમને સંકટમાં આવેલો જોઈ તેના નિવારણ અર્થે "હોમાદિ" કરી આહુતિ આપી અને પછીથી સૂઈ ગયો. આ પછી વરસાદ તૂટી પડતાં બહાર રહેલો ખાપરો ત્યાંથી નીકળીને આગળ ગાંગી માલણના ઘર તરફ ગયો.

૫. વિક્રમ ચાલતો ચાલતો ગાંગી માલણના ઘેર આવ્યો. ત્યાં ખાપરાને બેઠેલો જોઈ તે બહાર રહી ગુપ્તપણે અંદરની વાતચીત સાંભળતો રહ્યો. ખાપરો માલણને, પોતે જ્યારે ચોરી કરવા જશે તે વખતે પુત્ર પાલુને પોતાના સાથીદાર તરીકે લઈ જશે, એમ કહી બહાર નીકળ્યો. ખાપરાને બહાર નીકળતો જોઈ વિક્રમે સામેથી આવીને પોતાને માલણના પુત્ર પાલુ તરીકે ઓળખાવ્યો. ખાપરે ચોરી કરવા જતાં એને પોતાના સાથીદાર તરીકે સાથે લીધો.

૬. આ પછી ખાપરો અને પાલુ–વિક્રમ સિદ્ધવડ પાસે આવ્યા. એટલામાં ચોરી કરવામાં કુશળ એવા જોગી, બ્રાહ્મણ, કાપાલિક અને શ્રમણ ત્યાં આવી પહોંચ્યા. મધ્યરાત્રિએ આ છ જણ મળીને ચોરી કરવા જવા અંગે મંત્રણા કરવા બેઠા. તે પછી દરેક જણે પોતાની વિશિષ્ટ શક્તિ અંગે જણાવ્યું. બ્રાહ્મણે પોતે જ્યોતિષ વિદ્યાના પ્રતાપે કોઈ પણ વ્યક્તિના મનની વાત જાણી શકે છે એમ કહ્યું. જોગીએ પોતે પાતાલમાં સંતાડેલું ધન પણ જોઈ શકતો હોવાનું, કાપાલિકે પોતે કોઈ પણ તાળું કૂંચી વગર ઉઘાડવાનો મંત્ર જાણતો હોવાનું, શ્રમણે પશુપક્ષીની બોલી જાણતો હોવાનું અને પાલુએ હથિયાર ઉગામનારનું મસ્તક તલવારના એક પ્રહારથી ઉડાવી દઈ શકતો હોવાનું જણાવ્યું. આ સાંભળી ખાપરો ખુશ થયો. એ વખતે શિયાળની લાળી સંભળાઈ. તે સાંભળી શ્રમણે એનું અર્થઘટન કરતાં કહ્યું કે, આ શિયાળ એમ કહે છે કે, આપણા છમાંથી કોઈ એક વિક્રમ રાજા છે. આ સાંભળી વિક્રમ ગુસ્સે થઈ ગયો. અને બોલ્યો કે, અહીં વિક્રમને જોશે તો તે એને અવશ્ય પૂરો કરી નાખશે. આ સાંભળી ખાપરો ખુશ થયો. આ પછી વિક્રમની ઇચ્છા પૂરી કરવા માટે અન્ય પાંચે જણાએ શ્રમણના મસ્તકે ટકોરા માર્યા. વિક્રમે ટકોરા મારતાં શ્રમણ ચીસ પાડી ઊઠ્યો.

૭. આ પછી છ જણ વિક્રમની આગેવાની નીચે રાજ-ભંડાર ચોરવા ચાલી નીકળ્યા. રાજભંડારમાંથી એ છયે જણ પોતે ખભે ઊંચકી લઈ જઈ શકે એટલાં રત્ન અને મણિ ભરેલા સુવર્ણકળશ લઈને ચાલી નીકળ્યા. બીજા ચાર ચોર સિદ્ધવડ તરફ ગયા.

૮. પાલુને ખાપરો બીજા દિવસે પોતાના ઘેર આવવાનું કહી ત્યાંથી તે વિક્રમ રાજાના અંતઃપુરમાં ગયો. રાજા વિક્રમ પણ પોતાના અંતઃપુરમાં ગયો. ધનુષ્યની સહાય વડે ખાપરો અંતઃપુરમાં પ્રવેશ્યો, ત્યાં એણે પાલુને ઊભેલો જોયો. પછી એને લઈને ખાપરો પટરાણી ઝેલની પાસે ગયો. ઘણા દિવસે ખાપરો આવ્યો એટલે એના પર ગુસ્સે થઈને ઝેલે એને તમાચો ચોડી દીધો. પાલુની ઉપસ્થિતિમાં રાણીએ આમ કર્યું એટલે ખાપરે પાસે પડેલો પાટલો ઝેલને મારતાં તે જમીન પર પડી ગઈ. પછી બૂમ મારી ખાપરે એને ઊભી કરી અને રાણી સાથે ભોગ ભોગવ્યો. પછી ખાપરે પોતાના ભાણેજ પાલુ માટે પણ કોઈ રાણીની વ્યવસ્થા કરવા જણાવ્યું. રાણી ઝેલે રાણી ચેલને બોલાવવા દાસીને રવાના કરી. દાસીએ જઈને ચેલને ઝેલનો સંદેશો કહ્યો. તે વખતે ત્યાં બેઠેલા જ્યોતિષે લગ્ન માંડીને ત્યાં વિક્રમ રાજા હોવાની આગાહી કરી. રાણી ચેલ ઝેલના આવાસે આવી. રાણી ઝેલે પાલુ સાથે યૌવનલહાવો લેવાની સૂચના કરી, પણ ચેલે ગુસ્સે થઈ એનો ઇન્કાર કર્યો. આથી ખાપરે ગુસ્સે થઈ ચેલનો વધ કરવાની ચેષ્ટા કરી. પણ પાલુ–વિક્રમે પોતાને પરસ્ત્રી સાથે સંગ કરવાની બાધા છે, એમ કહી એને મુક્ત કરવા વિનંતી કરતાં ખાપરાએ તેને છોડી મૂકી. આનંદ પામતી ચેલ ત્યાંથી ચાલી નીકળી.

૯. રાત્રે રાણી ઝેલ સાથે ભોગ ભોગવી પ્રભાતે રાણીને શય્યામાં જ છોડી ખાપરો પાલુને સાથે લઈને પોતાની ગુફામાં આવ્યો. ગુફાદ્વારે મોટી શિલા મૂકીને ખાપરો વિક્રમ–પાલુને લઈ આગળ વધ્યો. ત્યાં વિક્રમે પેલી અપહરણ કરાયેલી નવસો કન્યાઓ જોઈ. ત્યાંથી આગળ વધતાં તેમને રાણી તિલકસુંદરી મળી. રાજાને તે ઓળખી ગઈ. એણે રાજાને ત્યાંથી ચાલ્યા જવાનો સંકેત કર્યો, કેમકે, નહીં તો ખાપરો એનો વધ કરશે એમ જણાવ્યું, પણ વિક્રમ એ સૂચના અવગણી ખાપરાની પાછળ પાછળ ગયો. પછી ખાપરે તિલકસુંદરીને

સૂચના આપી કે કાચા તાંતણે વણેલા વાણવાળા પલંગ પર પોતાના ભાણેજ પાલુ માટે શય્યા તૈયાર કરાવવી. તે પ્રમાણે રાણીએ અંધકૂપ પર તેવી શય્યા તૈયાર કરાવી. આ બાબત વિક્રમે અગાઉથી જાણી લીધી હોવાથી અને અગ્નિવેતાલને તેની સૂચના આપી દીધી હોવાથી, રાણી તિલકમંજરીની સૂચનાથી પેલી શય્યા પર સૂતો, તો પણ તે નીચે પડી ગયો નહીં. ખાપરે પણ આ જોયું.

૧૦. પછી કપટનિદ્રામાં વિક્રમ પોઢેલો હતો, ત્યારે રાણીએ જ શય્યાનો ભેદ પાલુને જણાવી દીધો છે એમ માની એ તિલકસુંદરીને મારવા તત્પર થયો. વિક્રમે એને છોડી મૂકવા સમજાવ્યો પણ તે સમજ્યો નહીં. આ પછી બન્ને વચ્ચે યુદ્ધ થયું. યુદ્ધ લાંબો સમય ચાલવા છતાં પણ કોઈ એક-બીજાને મહાત કરી શક્યા નહીં. એટલે ગુફાબહાર જ એને હણી શકાશે એવું ખાપરાના મૃત્યુનું રહસ્ય જાણતા અગ્નિ-વેતાલે રાજા વિક્રમને જણાવ્યું કે, તે પોતે ગુપ્તપણે ગુફાદ્વાર સમીપ મૂકેલી શિલા દૂર કરે તે વખતે વિક્રમ યુક્તિપૂર્વક લડતાં લડતાં ખાપરાને ગુફા બહાર લઈ જાય, કે જેથી તેને હણી શકાય. તે પ્રમાણે વિક્રમે ખાપરાને ગુફા બહાર કાઢ્યો અને પોતાની તલવારથી એનું મસ્તક ઉડાવી દીધું. ખાપરાનું લોહી અગ્નિવેતાલે પીધું. રાજા વિક્રમે ખાપરાએ ચોરેલ ધન જે તે લોકોને પાછું આપ્યું. ખાપરાનું મસ્તક એક ટોપલીમાં બાંધી તે પર એક વીંટી બાંધી તે પોટલી અગ્નિવેતાલ દ્વારા રાણી ઝેલ પાસે મોકલાવી. રાજા વિક્રમ સ્ત્રીરાજ્યમાંથી પાછા આવી ગયા છે અને ત્યાંથી લાવેલ આ ભેટ મોકલી છે એમ કહેવડાવ્યું. ખુશ થયેલી રાણીએ આપેલ સૂચનાથી અગ્નિવેતાલે પેલી પોટલી ખોલતાં એમાંથી ખાપરાનું મસ્તક નીકળેલ જોઈ રાણી ઝંખવાણી પડી ગઈ. રાજા વિક્રમ ગુફામાંથી નીકળી સિદ્ધવડ આવ્યો અને પેલા ચારેચાર ચોરને બોલાવ્યા અને એમનો વધ કર્યો. પછી ઉજ્જેણીમાં જઈને પેલા રુદ્રા કલાલને ચોટલી પકડીને મારી નાખ્યો. ગાંગી માલણના પરિવારનો સંહાર કરી એનાં ઘરબાર લૂંટી લીધાં. રાણી ઝેલને બોલાવીને એનાં નાક–કાન કાપી લઈ એને માળવા બહાર દેશનિકાલ કરી. પેલા વિજયચંદ બ્રાહ્મણને બોલાવી એને જ્યોતિષરાજનું બિરુદ આપી બે ગામ ગરાસ તરીકે આપ્યાં. રાણી ચેલને પટરાણી બનાવી.

[આધાર : **'વિક્રમ–ખાપરા ચરિત્ર'**]

**વિક્રમ રાજા અને લીલાવતી** : જુઓ **'વિક્રમચરિત્ર-કુમાર'–૧**

**વિક્રમ રાજા અને સમુદ્રદેવ** (=**સમુદ્રની વાર્તા**) (**સિંહાસનબત્રીસી–૨,** તેરમી કથા) : ફરી પાછો ભોજ-રાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી મદલાજી નામની તેરમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી.

**૧. સમુદ્રને નોતરું** : 'એક વાર, 'જેનાથી જશ થાય, સઘળું સુખ મળે, દુઃખ જાય અને સૌ વશ થાય તેવું શું ?'' એમ પંડિતોને પૂછતાં છેવટે, તેમણે લક્ષ્મીનું પદ એ રીતે સૌથી ઊંચું હોવાનું કહ્યું. અખૂટ લક્ષ્મી પામવાના ઉપાય તરીકે પંડિતોએ વિક્રમને વિષ્ણુયાગ કરવા કહ્યું. વિષ્ણુયાગમાં આરંભે સાગરને નોતરું આપવું પડે અને સાગરદાન કરવું પડે. નરનારી એક વસ્ત્ર પહેરીને ઘરની બહાર નીકળી જાય અને સર્વસ્વ શિવાર્પણ કરી દે તેનું નામ સાગરદાન. એ પછી સાગરના આવતાં, મનવાંછિત લક્ષ્મી મળે. આ વાત જાણીને વિક્રમે વિષ્ણુયાગ માંડ્યો. સાગરને નોતરવા એક બ્રાહ્મણને મોકલ્યો. સમુદ્રકાંઠે જઈ બ્રાહ્મણે સાગરને પૂજી વિક્રમ તરફથી નોતરું દીધું. સમુદ્રે પ્રકટ થઈ દર્શન દીધાં અને કહ્યું કે, પોતે વિક્રમ પાસે જાય તે કરતાં વિક્રમ તેને મળવા આવે તો તેનામાં રહેલાં સૌ જીવજંતુને પણ વિક્રમ જેવા પુણ્ય-શાળીનાં દર્શન થાય. એટલે બ્રાહ્મણે કહ્યું કે, વિક્રમની તો સૌ આશા કરે છે, તો એ સમુદ્રની પાસે ક્યાંથી આવે ? આથી સમુદ્રે ગુસ્સે થઈને કહ્યું : 'વિક્રમ ગમે તેટલે મોટો, પણ એક માનવી છે, મારે તોલે તે ન આવે. જા, હું એના જગનમાં નહીં આવું'. એનો જગન એળે ગયો'. એમ કહી સમુદ્રે વિક્રમને અને બ્રાહ્મણને ગાળો દીધી. આ તરફ યજ્ઞ પૂરો કરી, સર્વસ્વ દાન કરી વિક્રમ પહેરેલ વસ્ત્રે બહાર નીકળ્યો. એટલે રાજાને ત્યાં પાંચ રાત સુધી સોનાનો વરસાદ વરસ્યો.

**૨. વિક્રમ અને સમુદ્રની લડાઈ** : એટલામાં બ્રાહ્મણે આવી સમુદ્રે કરેલા અપમાનની વાત કરી. વિક્રમ પ્રધાનને રાજ્ય સોંપીને સાગરતીરે આવ્યો અને સાગરને આહ્વાન દીધું. સાગર પ્રગટ થયો. બંને વચ્ચે બોલાચાલી થઈ. સાગર અલોપ થયો અને તેણે વિક્રમને પાણીમાં તાણ્યો. વિક્રમે વરુણમંત્ર સ્મર્યો. એટલે પાણી તેના અંગથી આઘું રહ્યું. સમુદ્રની આજ્ઞાથી જળજંતુઓ વિક્રમને દુઃખ દેવા લાગ્યાં. વિક્રમે હરિસિદ્ધ માતાને સ્તવી. માતાની આજ્ઞાથી વાયુએ સમુદ્રનું જળ આકાશે ઉડાડ્યું અને અગ્નિ જળજીવોને બાળવા લાગ્યો. ઉપરથી આગિયા વેતાળનો માર પડતો હતો. સમુદ્રે મૂંઝાઈને વાયુ અને અગ્નિને વેરનું કારણ પૂછ્યું. તેમણે હરિસિદ્ધના કોપની વાત કરી. તેમની સલાહથી ગર્વ મૂકીને સાગરે વિક્રમને વેર તજવા વીનવ્યો. વિક્રમે ઉજ્જેણી આવીને

યજ્ઞ સફળ કરવાની સાગરની પાસે માગણી કરી. પોતે આવે તો બધાં જીવજંતુની હત્યા થાય, એટલે તેને બદલે સમુદ્રે વિક્રમને પાંચ અમૂલ્ય રત્ન આપ્યાં. હાથમાં રાખીને ચિંતવવાથી એક રત્ન ધન આપે, બીજું સેના આપે, ત્રીજું વસ્ત્રાભૂષણ આપે; ચોથું ભોજન આપે અને પાંચમું મોક્ષપદ આપે. પછી વિક્રમે વાયુ અને અગ્નિને વિદાય કર્યા. સાગરની આજ્ઞા લઈને તે ઉજ્જેણી આવ્યો.

૩. **બ્રાહ્મણને દક્ષિણા :** સમુદ્રને નોતરવા જનાર બ્રાહ્મણે પોતે એકલો જ યજ્ઞમાં દક્ષિણા વગરનો રહી ગયાની ફરિયાદ કરી. વિક્રમે સમુદ્રે આપેલાં પાંચ રત્નમાંથી ગમે તે એક લઈ લેવા કહ્યું. બ્રાહ્મણના ઘરમાં પાંચ માણસ હતાં. પોતે પત્ની, પુત્ર, પુત્રવધૂ ને બાપ. કયું રત્ન લેવું એ બાબતમાં સૌનો જુદોજુદો મત પડ્યો. બ્રાહ્મણે દ્રવ્યરત્ન, પત્નીએ ભોજનરત્ન, પુત્રે સેનારત્ન, પુત્રવધૂએ વસ્ત્રાભૂષણરત્ન અને પિતાએ મોક્ષ-રત્નને ઇષ્ટ ગણ્યું. એ કારણે તેમની અંદરોઅંદર વઢવાડ થઈ. બ્રાહ્મણે રીસે ભરાઈને વિક્રમને વાત કરી. વિક્રમે પાંચેય રત્ન તેને આપી દઈને આશીર્વાદ લીધા.

આવો મહિમા જેનો હોય, તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.

આ કથા ભોજરાજાને કહીને માદલાજી પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી'–૨,** તેરમી કથા].

**વિજયપાલ રાજા** (પત્ની–આસક્તિ વિશે દૃષ્ટાંતકથા) : **૧.** પુરિમતાલ નગરના વિજયપાલ રાજાને રંભા નામની પટરાણી હતી. એક વાર ગજારૂઢ થઈ નગરમાં નીકળેલા રાજાએ શ્રેષ્ઠિની પુત્રી લક્ષ્મીનું રૂપ જોયું અને તેની માગણી કરી. રાજા તેની સાથે લગ્ન કરી વિષયાસક્ત થઈ અંતઃપુરમાં જ રહેવા લાગ્યો. તે રાજ્યની જરાય ચિંતા નહોતો કરતો, તેથી પ્રધાને તેની પાસે આવી વિનંતી કરી : 'સ્વામી, અતિ વિષયાસક્તિ શોભે નહીં. વિષયને કારણે મનુષ્ય લઘુતા પામે છે. તે છોડી તમે રાજ્યની ચિંતા કરો.' તેને જવાબ આપતાં રાજાએ કહ્યું : 'જ્યાં સુધી આ મૃગાક્ષી લક્ષ્મી જીવે છે ત્યાં સુધી જ મારું જીવન છે.' રાજાનો એવો અભિપ્રાય સાંભળી પ્રધાન કંઈ વિચારે તે પહેલાં જ રાજાની પ્રિયા મૃત્યુ પામી. પ્રભાત સમયે રાજાએ એ વાત સાંભળી. તે બેભાન થઈ ગયો. ઉપચારથી રાજાને સચેત કરી પ્રધાને કહ્યું : 'સ્વામી, આ દેવી મૃત્યુ પામી છે. તેને અગ્નિદાહ આપો.' રાજાએ ગુસ્સે થઈને કહ્યું : 'તારાં માબાપને અગ્નિદાહ દે.' એમ કહી રાજાએ ભોજનનો ત્યાગ કર્યો. પ્રધાને એક ચાલાક પુરુષને શીખવીને રાજા પાસે મોકલ્યો કે, તું જઈને રાજાને આ પ્રમાણે કહેજે : 'મહારાજ, તમારી પ્રિયાએ મને સ્વર્ગમાંથી મોકલ્યો છે અને કહેવડાવ્યું છે કે, મનુષ્યલોકમાં અસ્વચ્છતા–દુર્ગંધ હોવાથી હું આવીશ નહીં. જો મારી આરત હોય તો તમે વેગથી અહીં આવજો.' ત્યારે રાજાએ પ્રધાનને સ્વર્ગમાં કેવી રીતે જવાય તે વિશે પૂછ્યું. પ્રધાને કહ્યું : 'પહેલાં ભોજન કરી, પુણ્યકાર્ય સાધો. જેમ આ આવ્યો છે તેમ તેને પાછો વળાવો.' એમ કહીને રાજાને ભોજન કરાવ્યું. પ્રધાને પેલા પુરુષને ક્યાંક છુપાવી રાખી બે દિવસ બાદ કપૂરવાસિત સોપારી અને પાન લઈ પેલા માણસને મોકલ્યો. રાજાએ તે લઈ આનંદપૂર્વક આરોગ્યાં. વળી પાછો બે દિવસ બાદ અપૂર્વ ફળ લઈને આવ્યો અને રાજાને ભેટ આપ્યાં. હવે પ્રધાને વિચાર્યું કે, રખે કોઈ ધૂર્ત–શિરોમણિ આ ભેદ ફોડી નાખે, તેથી કોઈ ઉપાય રચવો જોઈએ. પછી એક ભોજપત્ર ઉપર લખાણ કરીને પેલા માણસ દ્વારા રાજાને તે મોકલાવ્યું તેમાં લખ્યું હતું : 'સ્વસ્તિ શ્રી પુરિમતાલ–નગરી. શ્રી વિજયપાલ રાજાનાં ચરણમાં વંદન કરીને સ્વર્ગમાંથી લક્ષ્મીરાણી વિનંતી કરે છે કે, અહીંથી ઇંદ્ર આવવા દેતા નથી. તેથી આ માણસ સાથે આભરણ–વસ્ત્ર મોકલજો. વળી બીજા એકાદ માસ પછી મોકલજો.'

૨. પ્રધાને કહ્યું : 'સ્વામી, દેવીને કંઈક મોકલવું જોઈએ.' રાજાએ પ્રધાનને પૂછ્યું : 'આ માણસ કેવી રીતે જશે?' પછી પ્રધાને કહ્યું : 'વેદીની આગમાં પ્રવેશી આ વૃદ્ધ માણસ ત્યાં જશે.' પ્રધાને કરેલી ચાલાકીને ખુલ્લી પાડવા પદ્મ નામના શ્રેષ્ઠિએ રાજા સમક્ષ જઈને કહ્યું : 'સ્વામી, આ વૃદ્ધ આટલો ભાર લઈ જઈ શકશે નહીં. તેને બદલે કોઈ યુવાન પુરુષને મોકલો.' એટલે પ્રધાને વિચારીને કહ્યું : 'આ શ્રેષ્ઠિ જ તરુણ દેખાય છે, તેને જ મોકલો.' રાજાએ કહ્યું : 'એમ જ કરો.' પછી તે શ્રેષ્ઠિને પકડીને લઈ જતા હતા ત્યારે લોકોએ માર્ગમાં તેના ગુના વિશે પૂછતાં પ્રધાને કહ્યું : 'વાણીનો દોષ છે.' પછી પદ્મના મિત્રની વિનંતીથી પ્રધાને તેને છોડી મૂક્યો.

૩.રાજાએ એક દિવસ પ્રધાનને કહ્યું : 'લક્ષ્મીરાણીને ગયાને ઘણા દિવસ થયા. હવે તેને સ્વર્ગમાંથી અહીં તેડાવો. હું રાણી વગર રહી શકતો નથી.' પછી પ્રધાને વિચાર કરી એક યુવાન વિલાસિનીને રાજાનાં દીધેલાં આભરણ પહેરાવી, લક્ષ્મી એવું નામ આપી, ઉદ્યાનમાં લાવી મૂકી. પ્રધાને રાજાને કહ્યું : 'સ્વામી, સ્વર્ગમાં એક જણને મોકલેલ છે.' બીજે દિવસે પ્રધાને રાજાને કહ્યું : 'સ્વામી, વધામણી. દેવી લક્ષ્મી વનમાં આવ્યાં છે.' રાજાને તે સાંભળી અત્યંત આનંદ થયો. પછી રાજા વનમાં રાણીને લેવા ગયો. રાણીનો ગૌરવર્ણ જોઈ

પ્રધાનને રાજાએ પૂછ્યું : 'આ તો પહેલાં શ્યામવર્ણની હતી, હવે ગૌરવર્ણની કેમ લાગે છે ?' પ્રધાને કહ્યું : 'સ્વામી, તમને કેમ આવો ભ્રમ થાય છે ? ઇંદ્રે સંતુષ્ટ થઈ તેને સર્વાંગસુંદર બનાવી મોકલી છે.' રાજાએ એ વાત સાચી માની, હાથી પર બેસાડી તે સુંદરીને નગરમાં આણી. રાજા રાણીને સ્વર્ગની વાત પૂછવા લાગ્યો. સુંદરીએ તો પ્રધાને શીખવ્યા મુજબ ઉત્તર આપ્યા. વિલાસિનીએ રાજાના ચિત્તનું રંજન કર્યું. રાજા બધી વાત માની ગયો.
[આધાર : **'શીલોપદેશમાલા – બાલાવબોધ',** સાતમી દૃષ્ટાંતકથા]

**વિદ્યાચતુર અને બુદ્ધિચતુર શીલવતી :** ૧. રત્નાકર શેઠના પુત્ર અજિતસેનનાં લગ્ન મંગલાપુરીના દત્ત શેઠની વિદ્યાકળામાં નિપુણ પુત્રી શીલવતી સાથે થયાં. એક વાર શીલવતી મધરાતે શિયાળવીની લાળી સાંભળી પાણી ભરવાનો ઘડો લઈને બહાર નીકળી અને એક પહોર પછી પાછી આવી. તેના સસરાએ તેને જતીઆવતી જોઈ. તેથી તેના ચારિત્ર્ય વિશે તે વહેમાયો. સવારે પુત્રને વાત કરી, અને 'તારી માતા માંદી હોવાના રાતે સમાચાર આવ્યા છે, તો તેને મળવા હું તને પિયર મૂકી આવું.' એમ કહી, રથ જોડીને રત્નાકર શીલવતીને લઈને નીકળ્યો. રસ્તામાં નદી આવતાં રથમાંથી ઊતરી બંને પગપાળાં ચાલ્યાં. સસરાએ મોજડી ભીની થાય તેથી તે કાઢીને નદી પાર કરવા શીલવતીને સૂચના આપી. પણ શીલવતી મોજડી પહેરીને પાણીમાં ચાલી. પછી આગળ ચાલતાં એક શહેર આવ્યું, ત્યારે સસરાએ કહ્યું : 'આ વિખ્યાત શહેરમાં આપણે રાતવાસો કરીએ.' શીલવતીએ કહ્યું : 'આ તો ઉજ્જડ ગામ છે, એમાં વસતી જ ક્યાં છે ?' સસરાને શીલવતી અવળચંડી હોવાની ખાતરી થઈ. તે પછી આગળ ચાલતાં એક પચાસેક ઝૂંપડાંનું ગામડું આવ્યું. શીલવતી બોલી : 'આ સરસ શહેરમાં આપણે રાતવાસો કરીએ.' ત્યાં પાણી ભરવા આવેલી, શીલવતીના મામાની પુત્રીએ ઘરે જઈને ખબર આપ્યા. મામાએ પ્રેમપૂર્વક બંનેને ઘરે તેડી ઘણી આગતાસ્વાગતા કરી. પિયર જવાનું કારણ પૂછતાં જ્યારે શીલવતીએ કહ્યું : 'માતા માંદી હોવાના સમાચાર મળ્યા તેથી હું એની ખબર કાઢવા જાઉં છું.' ત્યારે મામાએ તે સમાચાર ખોટા હોવાનું જણાવ્યું. આથી શીલવતી સમજી ગઈ કે પોતાને રાત્રે ઘર બહાર નીકળેલી જોઈને સસરાએ વહેમાઈને આ તરકટ રચ્યું છે. પણ તેણે તે વેળા કશો ખુલાસો કર્યો નહીં. ત્યાંથી નીકળી સસરોવહુ આગળ ચાલ્યાં. એક મગનું ખેતર જોઈને સસરો બોલ્યો : 'મગનો પાક સારો થશે,' એટલે શીલવતીએ કહ્યું : 'મગનાં ફોતરાં થશે, ને ધાનની ધૂળ થશે.' વહુની અવળચંડાઈથી સસરો દુઃખી થયો. આગળ ચાલતાં હથિયારથી ઘાયલ થયેલા એક પુરુષને સામે આવતો જોઈ સસરાએ કહ્યું : 'ખરો શૂરવીર છે.' શીલવતી બોલી : 'એ શૂરવીર નથી, કાયર છે.' આગળ જતાં સસરાએ શીલવતીને વડના છાંયડામાં બેસવા બોલાવી, તો શીલવતી તડકે બેઠી. એક હંસલીને જોઈ સસરાને એ હરખમાં ફરતી લાગી, તો શીલવતીને એ વિલાપ કરતી લાગી. તે પછી એક જણને આવતું જોઈ સસરાએ કહ્યું : 'આ કોઈ જાતવાન પુરુષ છે.' શીલવતીએ કહ્યું : 'એ પુરુષ નથી, નરવેશે નારી છે.' પછી યક્ષમંદિરમાં રાત ગાળીને સવારે આગળ ચાલતાં કૂવે સ્ત્રીઓ જળ ભરતી હતી, ત્યાં ચકવાચકવીનું જોડું જોઈ સસરાએ કહ્યું : 'સૂર્યોદય થયો, તેથી આ બંને આનંદની ચિચિયારી કરે છે.' શીલવતી બોલી : 'ના, એ બંને શોકમાં રડે છે.' પછી આગળ ચાલતાં પિયરનું ગામ આઠ ગાઉ દૂર રહ્યું ત્યારે એક વિશાળ લીંબડાના તળે સસરો ભાતું ખાવા બેઠો. શીલવતી દૂર બેઠી. સસરો લીંબડાના થડ પાસે સૂતો. શીલવતી એક કેરડા પાસે સૂતી.

૨. તે વેળા એક કાગડો કા કા કરવા લાગ્યો. એટલે શીલવતી તેને ઉદ્દેશીને બોલી : 'મૂંગો રહે. તારા કહેવા પ્રમાણે મારે નથી કરવું. એક પશુનું બોલવું સાંભળીને મેં જે કર્યું તેથી મારે વરને છોડીને નીકળવું પડ્યું. હવે જો તારું કહેવું કરું, તો તો મારા પૂરણ ભોગ લાગે.' આ સાંભળી સસરે પૂછ્યું : 'તું શું બોલે છે ?' શીલવતીએ કહ્યું : 'હું નાનપણમાં મારા ભાઈ સાથે પ્રાણીપક્ષીની બોલી સમજવાની વિદ્યા શીખી છું. આ કાગડો કહે છે કે, મને ખાવાનું આપે તો હું દસ લાખનો ખજાનો દેખાડું. સસરાના કહેવાથી શીલવતીએ કાગડાને માટે ખાવાનું નાખ્યું. એટલે પછી કાગડો જે બોલ્યો તેનો શીલવતીએ એવો અર્થ કર્યો : 'આ કેરડાની નીચે ભોંયમાં સાત સોનાના ચરુ છે.' સસરાએ ત્યાં ખોદ્યું તો સાત ચરુ નીકળ્યા. પછી સસરાએ ઘરે પાછા ફરવાનું કહી, શીલવતીની માફી માગી અને સન્માન સાથે તેને રથમાં બેસાડીને બંને ઘરે પાછાં ફર્યાં. પિતાએ પુત્ર પાસે શીલવતીનાં ઘણાં વખાણ કર્યાં.

૩. પછી ઘરનાં સૌ સાથે બેઠાં હતાં ત્યારે સસરે જે અગિયાર બાબતમાં વહુએ અવળું કહ્યું કે કર્યું હતું તેના ખુલાસા કરવા તેને વીનવી. શીલવતીએ પોતાના કહેવા–કરવા પાછળ જે સમજ હતી તે તેમને આ પ્રમાણે કહી બતાવી : શિયાળની બોલી સમજીને તે રાત્રે ઘડો લઈને નદીએ ગઈ હતી. ઘડાને આધારે તરી, પાણીમાંથી મડદું બહાર કાઢી,

તેના પરનાં ઘરેણાં કાઢી લઈ, મડદું શિયાળને ખાવા નાખીને તે ઘેરે આવી હતી. દાટેલાં એ ઘરેણાં તેણે કાઢીને સાસુસસરાને બતાવ્યાં. પિયર જતાં રસ્તામાં પોતે જે રીતે વરતી હતી તે બધી બાબતના ખુલાસા તેણે આ પ્રમાણે કર્યા : નદીમાં કાંટા-ઝાંખરાં હોય તેથી મોજડી પહેરીને ચાલવું હિતાવહ હતું. મોટા શહેરમાં કોણ કોને ઓળખે ? એટલે શહેર ઉજ્જડ જેવું જ ગણાય; જ્યારે નાના ગામમાં તેના મામાએ ભાવભીની પરોણાગત કરી હતી, એટલે એ જ સારું શહેર. ખેતરમાંથી કૂંણી કૂંણી શીંગો ખેતરધણીએ તોડી લીધી હતી અને બાકીની કીડાએ પોલી કરી હતી, એટલે ધાનની ધૂળ થાય તેમ હતું. જે ઘાયલ પુરુષ સામે મળેલો, તેની પીઠે ઘા પડેલા હતા, તેથી એને નાસીને આવેલો કાયર કહ્યો. વડની નીચે બેસતાં જો કાગડો માથે ચરકે તો સ્ત્રીના ધણીનું છ માસમાં મૃત્યુ થાય. હંસલીની વાણી સમજીને મેં એને વિલાપ કરતી કહી હતી. સામે મળેલો પુરુષ ડાબો પગ પહેલાં ઉપાડતો હતો, એટલે તે નરવેશમાં નારી હોવાનું કહ્યું હતું. પાણી ભરતી સ્ત્રીઓનાં મુખચંદ્ર અને તેમના હારનાં તારા સમાં ઝગમગતાં મોતી જોઈને ચકવીને ફરી રાત થઈ હોવાની ભ્રમણા થતાં તે ખરેખર તો રોતી હતી. વડ નીચે ભાતું ખાવામાં ઉપરથી પક્ષીની ચરક અને સાપનું ઝેર પડવાનું જોખમ હોય છે, તેથી તે દૂર બેઠી હતી. આ ખુલાસા સાંભળી શીલવતીની બુદ્ધિ અને અન્ય ગુણોથી કુટુંબનાં સૌની તે માનીતી બની.

૪. સમય જતાં અજિતસેનનાં માતપિતા સ્વર્ગે ગયાં. અજિતસેન ઘરનો કારભાર સંભાળવા લાગ્યો. એક વાર રાજાએ એક પ્રશ્ન રજૂ કરીને જણાવ્યું કે, જે એનો સાચો ઉત્તર આપે તેને રાજા પોતાના ચારસો નવાણું પ્રધાનોનો વડો-પાંચસોમો પ્રધાન–બનાવે. પ્રશ્ન આ પ્રમાણે હતા : 'રાજાને જે પગથી લાત મારે તેનો શો દંડ કરવો ?' અજિતસેને શીલવતી પાસે એ પ્રશ્ન રજૂ કરતાં શીલવતીએ ઉત્તર કહ્યો : 'એ લાત મારનારને રત્નનું આભૂષણ આપવું.' અજિતસેને રાજાને આ ઉત્તર કર્યો અને તેને રાજાએ પોતાનો પ્રધાન બનાવ્યો. પ્રશ્નનો ખુલાસો એ હતો કે, રાજાને એના ખોળામાં રહેલું નાનું બાળક જ પગ ઉછાળે ત્યારે લાત વાગે. બીજું તો કોણ રાજાને લાત મારવાની હિંમત કરે ? એટલે બાળકને રત્નનાં આભૂષણ પહેરાવીને પિતા શણગારે. આવા બુદ્ધિચાતુર્યથી શીલવતી અજિતસેનનું અધિક સન્માન પામી.

૫. એક વાર બળવો કરી ઊઠેલા એક સામંતને વશ કરવા રાજા અજિતસેનની સાથે નીકળ્યો. તે વેળા શીલવતીએ સ્વાભાવિક રીતે જ અજિતસેનની ગેરહાજરીમાં પોતે શીલનું પૂરું રક્ષણ કરશે એમ કહીને તેના ગળામાં એક ફૂલની માળા પહેરેલી અને કહ્યું : 'મારું શીલ અખંડ હશે ત્યાં સુધી આ માળા નહીં કરમાય.' રાજા સેના સહિત જંગલમાં પડાવ નાખીને રહ્યો, ત્યારે તેણે હંમેશાં તાજી રહેતી ફૂલમાળા અજિતસેનના ગળામાં જોઈને તેનું રહસ્ય પૂછ્યું. અજિતસેને પોતાની સતી સ્ત્રીનો એ પ્રભાવ હોવાનું જણાવ્યું. રાજાએ શીલવતીના શીલની કસોટી કરવાનું વિચાર્યું. તેણે એક પ્રધાનને એક લાખ આપીને શીલવતીને શીલભ્રષ્ટ કરવા મોકલ્યો. એ પ્રધાને દૂતી દ્વારા શીલવતીને સાધવા પ્રયત્ન કરવા માંડ્યા. તેને પાઠ શીખવવાનું શીલવતીએ નક્કી કર્યું. તેની પાસેથી એક લાખની ભેટ દાસી દ્વારા મેળવીને તેણે તેને પાંચ દિવસ પછી ઘેર લાવવાનો વાયદો કર્યો. દરમિયાન ઘરમાં ઊંડો ખાડો ખોદાવી તેને ઢાંકી દઈ તેની ઉપર કપડાંથી ઢાંકેલો પાટી વગરનો પલંગ મૂકયો. પેલો પ્રધાન આવીને જેવો પલંગ પર બેઠો તેવો જ તે નીચેના ખાડામાં પડયો. શીલવતી ચાર દિવસે તેને એક વાર ખાવાનું આપતી. એ રીતે રાજાએ એક પછી એક મોકલેલા બીજા ત્રણ પ્રધાનોને પણ શીલવતીએ ખાડામાં નાખ્યા.

૬. વિજય કરીને રાજા પાછો ફર્યો, ત્યારે શીલવતીએ અજિતસેનને જે બન્યું હતું તે કહ્યું. પછી રાજાને તેના રસાલા સાથે અજિતસેને પોતાને ઘેર ભોજન માટે નોતર્યો. શીલવતીએ ખાડામાં પડેલા પ્રધાનોને કહ્યું કે, 'જો તમારે છૂટવું હોય તો એક શરત છે. જ્યારે અમે તમને પૂછીએ ત્યારે તમારે 'એવમસ્તુ' એવો જવાબ આપવો'. તે પછી આગળથી રસોઈ કરીને સંતાડી રાખી. રાજા તેના રસાલા સાથે આવ્યો. ત્યારે ભોજનની કશી તૈયારી ન જોતાં વિચારમાં પડયો. પછી સૌ જમવા બેઠા, ત્યારે રાજા સાંભળે તેમ પેલા ખાડા પાસે જઈને અજિતસેને ભોજનની વિવિધ વાનીઓના થાળની માગણી કરી. દર વખતે જવાબમાં 'એવમસ્તુ' એમ સંભળાયું. પછી ભરેલા થાળ લાવી મહેમાનોને ભોજન પીરસ્યું. ભોજનને અંતે અજિતસેને રાજાએ મોકલેલા પ્રધાનો પાસેથી શીલવતીએ જે ચાર લાખ મેળવ્યા હતા તેને તેણે બળે રાજાને રત્નજડિત વસ્ત્રાભૂષણ ભેટ ધર્યાં. આ બધું શું રહસ્ય છે તે વિશે રાજાએ પૂછપરછ કરી એટલે અજિતસેને કહ્યું : 'અમારે ત્યાં ચાર યક્ષ છે. તેઓ ઇચ્છિત ભોજન અને વસ્ત્રાભૂષણ અમને આપે છે.' રાજાએ અજિતસેન અને શીલવતી પ્રત્યે આદરસન્માનનો ભાવ દર્શાવી, એ યક્ષોને પોતાને ભેટ આપવા માગણી કરી. અજિતસેન અને શીલવતીએ પ્રસન્નતા બતાવીને વળતે દિવસે યક્ષો રાજાને ત્યાં મોકલી આપીશું એમ કહ્યું.

બીજે દિવસે ખાડામાંથી પ્રધાનોને બહાર કાઢી નવ-રાવી, ફૂલમાળા પહેરાવી, ચાર કરંડિયામાં બંધ કરી, રથમાં

મૂકીને રાજાને ત્યાં મોકલ્યા. રાજાએ મહેલમાં રસોઈ કરવાની ના કહી દીધી હતી, કેમ કે યક્ષો ભાવતાં ભોજન પૂરાં પાડવાના હતા. કરંડિયા રાજાની સમક્ષ મુકાયા, એટલે રાજાએ તેમની પાસે ભોજનની બેત્રણ વાર માગણી કરી. દર વખતે કરંડિયામાંથી અવાજ આવ્યો : 'એવમસ્તુ', પણ ભોજનથાળનાં કોઈ ચિહ્ન દેખાયાં નહીં. છેવટે કરંડિયા ખોલવામાં આવ્યા, તો તેમાંથી હાડપિંજર સમા બની ગયેલા પ્રધાનો બહાર નીકળ્યા. 'આ તો યક્ષો નહીં, પણ રાક્ષસો છે.' એમ રાજા બોલી ઊઠ્યો, ત્યારે પેલાઓએ કહ્યું : 'મહારાજ, અમે રાક્ષસો નથી, પણ તમે શીલવતીનું શીલભ્રષ્ટ કરવા મોકલેલા પ્રધાનો છીએ.' જે બન્યું હતું તે તેમણે રાજાને જણાવ્યું. રાજાએ તેમને ઘરે વિદાય કર્યા અને શીલવતીના શીલની અને બુદ્ધિની ભારે પ્રસંસા કરી. પછી પેલા ચાર પ્રધાનો સંસાર પર વૈરાગ્ય આવતાં દીક્ષા લઈને સાધુ બની ગયા.

[સંદર્ભ : **'ચંદ્રશેખર રાજા'**ની કથામાં ચંદ્રશેખરને તીર્થયાત્રા દરમિયાન મળેલા ચાર યુવાન મુનિઓએ કહેલો આત્મવૃત્તાંત ]

**વિદ્યાવિલાસ વણિકપુત્ર : ૧.** ઉજ્જેણીનગરીના ધનાવહ શેઠે પોતાના ચાર પુત્રોને બોલાવીને પૂછ્યું : 'તમે ઘરનો ભાર કઈ રીતે ઉપાડશો ?' પહેલા પુત્રે કહ્યું : 'હું હાટ માંડી વેપાર કરીશ.' બીજાએ કહ્યું : 'હું વહાણમાં પરદેશ જઈને સોનું લાવીશ.' ત્રીજાએ કહ્યું : 'હું આપણાં ઢોરઢાંખરની સંભાળ લઈશ.' ચોથા પુત્ર ધનસાગરે કહ્યું : 'હું ઉજ્જેણીના રાજાને જીતી તેનું રાજ્ય લઈશ.' ચોથા પુત્રનું કહ્યું સાંભળી બાપે રાજાના ડરે તેનું અપમાન કરી ઘરમાંથી કાઢી મૂક્યો. ઘર છોડીને નીકળેલો ધનસાગર એક સાર્થવાહને આશ્રયે શ્રીપુરનગર પહોંચ્યો. ત્યાં એક પંડિતની પાસે વિદ્યા ભણવા રહ્યો. મંત્રીના પુત્રે એના ભોજનની ગોઠવણ કરી આપી. ખૂબ ખંતથી ભણવા છતાં તેને કશું આવડતું નહિ. બધા એને 'મૂર્ખચટ્ટ' તરીકે ઓળખવા લાગ્યા. આથી તે દુઃખી રહેવા લાગ્યો. આ સ્થિતિ જોઈને પંડિતે એક દિવસ એને બોલાવી બધા વિદ્યાર્થીઓની પાટીઓ માંજવાનું કામ સોંપ્યું અને તે વિનયી હોવાથી 'વિનયચટ્ટ' નામ આપ્યું.

૨. એ પંડિતની નિશાળમાં રાજકુમારી સોહગસુંદરી અને મંત્રીપુત્ર મનમોહન પણ ભણતાં હતાં. સોહગસુંદરીએ મનમોહનના પ્રેમમાં પડીને તેને પોતાને પરણવા કહ્યું. બંનેનાં કુળ વચ્ચે મોટું અંતર હોવાને કારણે મનમોહને અનિચ્છા બતાવી. પણ સોહગસુંદરીના આગ્રહને લીધે તેણે ઉપર-ઉપરથી સંમતિ બતાવી. આઠમની રાતે કામદેવના મંદિરમાં મળવાનું નક્કી કર્યું. મનમોહને વિનયચટ્ટને (એટલે કે ધનસાગરને) પોતાને બદલે પોતાને વેશે સંકેતસ્થાને રાજકુમારીને મળીને પરણવા સમજાવ્યો. વિનયચટ્ટે આવો લાગ જતો નહીં કરવાના વિચારે તેનો પ્રસ્તાવ સ્વીકાર્યો. પરંતુ એક તરફ વિદ્યાકળામાં નિપુણ રાજકુમારી અને બીજી બાજુ વિદ્યા વગરનો પોતે–એમ કજોડું થશે એ વિચારે તે દુઃખી થયો. પછી નિશાળમાંની સરસ્વતી દેવીની મૂર્તિ આગળ જઈ સ્તુતિ કરીને તે પોતાના મસ્તકનું બલિદાન આપવા જતો હતો, ત્યાં સરસ્વતીએ પ્રસન્ન થઈ તેને રોક્યો અને બધી વિદ્યાકળા વરદાનમાં આપી. પછી 'હવે મારે ઘેર જવાનું છે,' એમ કહી ગુરુની વિદાય લીધી. ગુરુએ તેને સરસ્વતીમંત્ર આપ્યો. પછી વિનયચટ્ટ મંત્રીપુત્રનો પહેરવેશ પહેરીને સંકેતસ્થાને કામદેવના મંદિરે આવ્યો. ત્યાં પોતાની સખી સહિત રાજકુમારી ત્રણ ઘોડા લઈ આવી હતી. સાથે સોનું, ઝવેરાત અને વસ્ત્રાદિ પણ લાવી હતી. પછી સખી દ્વારા પાણિગ્રહણની વિધિ કરવામાં આવી. તે પછી રાજકુમારીના કહેવાથી ત્રણે જણ ઘોડા પર સવાર થઈને નગરમાંથી પલાયન થઈ ગયાં.

પ્રવાસ દરમિયાન એ પતિને મંત્રીપુત્ર સમજતી સોહગસુંદરીએ કાવ્યવિનોદ કરવા અનેક કાવ્યાત્મક સમસ્યાઓ પૂછી, પણ વિનયચટ્ટ સાવ ગમાર હોય તેમ મૂંગો જ રહ્યો. માબાપથી વિખૂટો પડ્યો હોવાને કારણે એ દુઃખી હોય માટે કશો ઉત્તર દીધો નથી, એમ સખીએ સોહગસુંદરીના મનનું સમાધાન કર્યું. સવાર થતાં સોહગસુંદરીએ પતિની સામે જોયું, તો મનમોહનને બદલે મૂર્ખચટ્ટને જોયો. તેને ભારે આઘાત થયો. 'ભાગ્યમાં લખ્યું હોય તે જ થાય', એમ કહી સખીએ તેને આશ્વાસન આપ્યું.

થોડી વારે તેઓ આહડનગરીમાં આવી પહોંચ્યાં. એક આવાસ લઈને ત્રણે જણ ત્યાં રહ્યાં. સોહગસુંદરી વિનયચટ્ટને મૂર્ખ માનીને તેની સાથે બોલતી કે તેની સામે જોતી પણ નહીં.

૩. આ બાજુ વરદાન પામેલો વિનયચટ્ટ પોતાની વિદ્યા વડે મનરંજન કરીને ઘણો લોકપ્રિય બની ગયો. લોકો તેને વિદ્યાવિલાસના લાડકા નામે ઓળખવા લાગ્યા.

એ નગરીનો રાજા તળાવ ખોદાવતો હતો, તેમાંથી એક પુરાણો લેખ મળી આવ્યો. રાજાએ ઘોષણા કરી કે, જે કોઈ એ લેખની લિપિ ઉકેલી આપશે તેને રાજા પોતાના સૌ પ્રધાનોનો ઉપરી બનાવશે. વિદ્યાવિલાસે (એટલે કે વિનયચટ્ટે) એ લિપિ ઉકેલીને રાજાને જણાવ્યું કે, લખાણનો અર્થ એવો છે કે, જે સ્થાનેથી લેખ નીકળ્યો ત્યાંથી પૂર્વ દિશામાં અગિયાર હાથ જતાં તે સ્થળે ભીમરાયે સોળ કરોડ સુવર્ણ

દાટેલું છે. રાજાએ એ સ્થળે ખોદાવીને ધનભંડાર હાથ કર્યો, અને વિદ્યાવિલાસને મુખ્ય પ્રધાન નીમ્યો. સોહગસુંદરીને તેની સખીએ વિદ્યાવિલાસને રાજા તરફથી મળેલા સન્માનની અને લોકાદરની ઉત્સાહપૂર્વક વાત કરી તેનો સ્વીકાર કરવા કહ્યું, પણ સોહગસુંદરીએ એ બધો માત્ર પોતાના ધનનો પ્રતાપ હોવાનું કહ્યું.

૪. રાતદિવસ નિષ્ઠાથી સેવા કરતા વિદ્યાવિલાસના સદ્ગુણોથી રાજા ઘણો પ્રભાવિત થયો. વિદ્યાવિલાસની પત્ની પણ એના જેવી ગુણવાન હશે કે કેમ એ જાણવાનું રાજાને કુતૂહલ થયું. તેણે એક દિવસ વિદ્યાવિલાસને કહ્યું કે, 'મુખ્યમંત્રીપદ મળ્યાની ઉજવણી લેખે તેં એક વાર પણ મને ભોજન માટે ન નોતર્યો, ભલા ? કાલે સવારે અમે ત્યારે ત્યાં ભોજન લેશું. વિદ્યાવિલાસે આદરપૂર્વક રાજાને નિમંત્રણ આપ્યું. ઘરે આવી વિદ્યાવિલાસને ચિંતા થઈ કે, સોહગસુંદરી રાજાનું આતિથ્ય કરવા સાથ આપશે ખરી ? સખીએ તેની પાસેથી એ વાત જાણી સોહગસુંદરીને સમજાવી. વિદ્યાવિલાસ પોતાના જેવી સોળ સ્ત્રીઓનો ભોજન પીરસવા માટે પ્રબંધ કરે તો રાજાની પરોણાગત કરવા સોહગસુંદરી સંમત થઈ. વિદ્યાવિલાસે એ પ્રમાણે પ્રબંધ કર્યો. રાજા જમવા આવ્યો, ત્યારે એકસરખી સત્તર સુંદરીઓને સરખી વેશભૂષા ધારણ કરી પીરસતી જોઈને તેમાંથી કઈ પ્રધાનપત્ની તે જાણી ન શક્યો. તેની ચતુરાઈ પર ખુશ થઈ રાજાએ તેને જાણવા બીજી એક યુક્તિ યોજી. વિદ્યાવિલાસને રાજાએ કહ્યું કે, 'દર વરસે અહીં જયવંતી દેવીની જાતરા થાય છે. તેમાં એક પુરુષ મૃદંગ વગાડે અને તેની પત્ની નૃત્ય કરે. તું નવો પ્રધાન હોવાથી આ વરસે એ બહુમાન અમારે તને આપવું છે. તો આજ સાંજે એ ઉત્સવમાં નગરલોક સહિત આપણે સૌને જવાનું છે.' વિદ્યાવિલાસે ઘરે આવી સોહગસુંદરીની સખીને આ વાત કરી. પોતે તો ભરત નાટ્યમાં પ્રવીણ છે. જ્યારે મૂર્ખચટ્ટને તો કશું તાલબાલનું ભાન પણ નથી. તો નૃત્ય કરવાનો મેળ ક્યાંથી બેસે ? એમ દુઃખી થઈને કહેતી સોહગસુંદરીને સખીએ સમજાવીને નૃત્ય કરવા સંમત કરી. સૌ દેવીને મંદિરે આવ્યાં. સોહગસુંદરીએ નૃત્ય શરૂ કર્યું. વિદ્યાવિલાસે એટલી નિપુણતાથી વિવિધ તાલવાદન કર્યું કે સોહગસુંદરીએ ભારે ઊલટથી નૃત્ય કર્યું. રાજા અને નગરજનોએ નૃત્યની વાહવાહ કરી.

૫. પાછા વળતાં સોહગસુંદરીએ વિદ્યાવિલાસને કહ્યું : 'પ્રાણનાથ, નૃત્ય કરતાં મારી વીંટી દેવળમાં ક્યાંક પડી ગઈ.' આ વચન સાંભળી પ્રસન્નતા અનુભવતો વિદ્યાવિલાસ દેવળમાંથી વીંટી શોધી કાઢીને પાછો ફર્યો ત્યાં નગરના દરવાજા બંધ થઈ ગયા. ખાળ વાટે તે નગરમાં પ્રવેશ્યો, ત્યારે તેને સર્પ ડસ્યો. જેમતેમ ઘર તરફ આગળ વધતાં સુરસેના ગણિકાના દ્વાર પાસે ઢળી પડ્યો. ગણિકા તેને મુખ્ય પ્રધાન તરીકે ઓળખી ગઈ. મણિ ઝબોળેલું પાણી પાઈને તેનું ઝેર ઉતાર્યું. ગણિકા તેને મંત્રેલો દોરો બાંધીને દિવસે પોપટ બનાવી રાખતી, રાત્રે તેની સાથે ભોગ માણતી. આ તરફ સોહગસુંદરીએ વિદ્યાવિલાસ પાછો ન આવ્યો, તેથી આખી રાત તેના વિરહમાં તરફડતાં વિતાવી. બીજે દિવસે બધે તેની તપાસ કરાવી, પણ પત્તો ન લાગ્યો. રાજાને જાણ કરી. તેણે ઘોષણા કરી કે, જે કોઈ વિદ્યાવિલાસની ભાળ આપશે, તેને રાજકુમારી ગુણસુંદરી પરણાવીને રાજા અર્ધું રાજ્ય આપશે.

એક વાર પાંજરું ઉઘાડું રહી જતાં પોપટ બનેલો વિદ્યાવિલાસ ઊડીને રાજકુમારી ગુણસુંદરીની પાસે આવી બેઠો. ગુણસુંદરીએ તેને પંપાળી ચણ નાખી અને પગે બાંધેલો દોરો જોઈ તે છોડી નાખ્યો. તરત જ પોપટ વિદ્યાવિલાસ બની ગયો. તેણે રાજકુમારીને બધી વાત કરી. તેણે ફરીથી વિદ્યાવિલાસને પેલો મંત્રેલો દોરો બાંધીને પોપટ બનાવી દીધો. પોપટ ઊડીને સુરસેના ગણિકાના પાંજરામાં જઈ બેઠો. ગુણસુંદરીએ સોહગસુંદરીને બધી વાત કરી. તેણે રાજાને આ વાતની જાણ કરી. રાજાએ સુરસેનાને બોલાવીને પૂછપરછ કરી. તો સુરસેનાએ સાચી વાત કબૂલી. રાજાએ વિદ્યાવિલાસને સુરસેના ભેટ તરીકે આપી અને ગુણસુંદરી પરણાવીને અર્ધું રાજ્ય આપ્યું. તે પછી સેના લઈને વિદ્યાવિલાસે ઉજ્જેણીનગરી ઉપર આક્રમણ કર્યું. યુદ્ધમાં તેનો વિજય થયો. પ્રજાજનોએ તેનું સ્વાગત કર્યું. વિદ્યાવિલાસ ઉજ્જેણીનો રાજા થયો. તેણે ધનાવહ શેઠને બોલાવીને તેને કેટલા પુત્ર છે તે પૂછ્યું. શેઠે કહ્યું : 'મારે ત્રણ પુત્ર છે, અને ચોથો સૌથી નાનો રિસાઈને પરદેશ ભાગી ગયો છે. તેના કશા ખબર મળ્યા નથી.' વિદ્યાવિલાસે પગે લાગીને પોતે એ ચોથો પુત્ર હોવાનું જણાવ્યું. ધનાવહે તેણે પોતાનું બોલ્યું પાળી બતાવ્યું તે માટે તેની ખૂબ પ્રશંસા કરી. વિદ્યાવિલાસ ઉજ્જેણીનું રાજ્ય સુખપૂર્વક ભોગવતો રહ્યો. એક વાર ઉજ્જેણી આવેલા જૈન સૂરીશ્વર પાસેથી તેણે જાણ્યું કે, તેણે જે સુખદુઃખ ભોગવ્યાં તે બધાં પૂર્વભવમાં કરેલાં કર્મનાં ફળ હતાં. તે પછી સંસાર અસાર જાણી વિદ્યાવિલાસે દીક્ષા લીધી.

[આધાર : '**વિદ્યાવિલાસ પવાડઉ**']

**વિધાતાના લેખ : જુઓ વિધાતાની વાર્તા**

**વિધાતાનીવાર્તા (છઠ્ઠીના લેખ = વિધાતાના લેખ) (=સિંહાસનબત્રીસી–૨, બીજી કથા)** : ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી સુભદ્રા

નામની બીજી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી.

**૧. છઠ્ઠીના લેખ** : વિક્રમરાજા શિકારે ગયો. જંગલમાં ભૂલો પડ્યો. પાસેના નગરમાં બ્રાહ્મણને ઘરે રાતવાસો રહેવા ગયો. રાત્રે જાગતો રહી વિક્રમ ચોકી કરી રહ્યો હતો. મધરાતે વિધાતા બ્રાહ્મણના તરતમાં જન્મેલા પુત્રના છઠ્ઠીના લેખ લખવા આવી. લેખમાં શું લખ્યું તે વિક્રમે જાણવા માગ્યું. વિધાતા ધર્મરાજા મારફત બ્રહ્માને પૂછીને ખબર આપી ગઈ કે, બ્રાહ્મણપુત્ર નવમે વરસે જ્યારે લગ્નવેળા ચોરીમાં મંગળફેરા ફરતો હશે ત્યારે ચોથા ફેરામાં વાઘ તેને મારી નાખશે. સવારે વિક્રમે બ્રાહ્મણને એક પત્ર લખીને આપ્યો અને દીકરાના લગ્ન પહેલાં ઉજ્જેણી આવીને પોતાને એ પત્ર સાથે મળી જવાનું તેની પાસેથી વચન લીધું. પુત્ર નવ વરસનો થતાં તેનાં લગ્ન લેવામાં આવ્યાં. બ્રાહ્મણ વિક્રમને બોલાવી લાવ્યો. સાતથરી ચોકી વચ્ચે; વિક્રમની નજર નીચે, લોઢાની કોઠીમાં બ્રાહ્મણપુત્ર ચોથું મંગળ ફરતો હતો, ત્યારે ઉપર બાંધેલા ચંદરવામાંનો ચીતરેલો વાઘ સજીવન થયો અને છોકરાને મારી નાખીને ચિતરામણમાં પાછો સમાઈ ગયો. વિક્રમે બ્રાહ્મણપુત્રના દેહને પેટીમાં મુકાવી તેને એક વરસ સાચવવાની ગોઠવણ કરીને તેને સજીવન કરવાના ઉપાયની ખોજમાં પોતે ગંગાકાંઠે જવા ઊપડ્યો.

**૨. નાગને ઉદરમાં આશ્રય આપતો વિક્રમ** : રસ્તે જતાં, અંગે બળતરા ભોગવતા એક નાગની માગણીથી વિક્રમે તેને પોતાના શીતળ પેટમાં આશ્રય આપ્યો. વિક્રમનાં અંગો ગળી ગયાં. પેટ ફૂલી ગયું. મરણતોલ હાલતમાં એક નગરીના બજાર વચ્ચે તે પડ્યો.

**૩. આપકમીં કુંવરી** : તે નગરીના રાજાની મોટી કુંવરીએ પોતે બાપકમીં હોવાનું, પણ નાની કુંવરીએ પોતે બાપકમીં નહીં, પણ માણસ માત્રની જેમ આપકમીં હોવાનું કહ્યું, તેથી કોપેલા રાજાએ તેને પેલા મરણતોલ પ્રવાસી(વિક્રમ)-ની સાથે પરણાવી દીધી. વિક્રમની સેવા કરતી કુંવરી રાત્રિએ જાગતી હતી ત્યારે વિક્રમના પેટમાંનો નાગ મોં વાટે અરધો બહાર નીકળ્યો. ઘરના ખૂણાના દરમાંથી એક બીજો નાગ પણ બહાર નીકળ્યો. બંને વચ્ચે બોલાચાલી થઈ. તેમાંથી ઉપાય જાણી લઈને કુંવરીએ વળતે દિવસે કકડતું તેલ રેડી દરના નાગને મારી નાખ્યો અને દરમાંથી ધનનો ચરુ કાઢી લીધો. તે પછી છાશ અને ઝેરકોચલું વિક્રમને પાઈને તેના પેટમાંના નાગનું કાસળ કાઢ્યું અને વિક્રમને સાજો કર્યો.

**૪. અમૃતની પ્રાપ્તિ** : કુંવરીએ કરેલી નાગની હત્યાનું પ્રાયશ્ચિત્ત કરવા કુંવરીને સાથે લઈ, મરેલા બંને નાગના ટુકડાને કરંડિયામાં ભરી, ખભે કાવડ મૂકીને વિક્રમ કાશીએ કરવત મુકાવા ઊપડ્યો. વચ્ચે જે વડ નીચે નાગને પોતે પેટમાં આશ્રય આપેલો ત્યાં આવી પહોંચ્યો, ત્યારે એ નાગની માતા મળી. વિક્રમે તેને બનેલી વાત કહી. ત્રણ જણને જીવતાં કરી શકાય તેટલું અમૃત નાગણને તેના બાપે આપેલું. તેનાથી વિક્રમે બંને નાગોને જીવતા કર્યા અને પાછા આવીને પેલા બ્રાહ્મણના પુત્રને તેની આંખમાં અમૃત આંજીને સજીવન કર્યો.

આવો મહિમા જેનો હોય તેનો જ વિક્રમ રાજાના આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે. આ કથા ભોજરાજાને કહીને સુભદ્રા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી'**–૨, બીજી કથા]

**વિભક્ત કુટુંબ** : જુઓ **ચંદન અને મલયાગિરી**

**વિયુક્ત કુટુંબ** : જુઓ **ચંદન અને મલયાગિરી**

**વિષ્ણુરૂપધારી વણકર** : જુઓ **વણકર અને રાજકુમારી**

**વીર્ય વેચાતું લેતી વેજા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** છાસઠમી કથા) : તલા તલાટીની વહુ વેજા નિઃસંતાન હતી. જોશીએ તેનો હાથ જોઈ કહ્યું કે, તારા પતિથી તને સંતાન થશે નહીં. તું વીર્ય વેચાતું લઈને પુત્રપ્રાપ્તિ કરી શકીશ. એ પાપનું પ્રાયશ્ચિત્ત પુત્ર થતાં દાનપુણ્ય કરીને કરજે. કોઈ સાધુવૃત્તિના પરપુરુષનો સંગ કરીને સંતાન મેળવજે. હવે એક વાર તલો તલાટી ચણાના લીલવાનું પોટલું ઘરે લાવ્યો. 'ક્યાંથી લાવ્યા ?' એમ વેજાએ તલાને પૂછ્યું, ત્યારે તેણે ઉડાઉ જવાબ આપ્યો. પછી પાડોશણ પાસેથી વેજાને ખબર પડી કે, ગજા ગરાસિયાની વહુએ ગજાથી છાનામાના એ લીલવા તલાને આપ્યા હતા. ગજાની વહુ સાથેના તલાના સુંવાળા સંબંધથી દાઝીને વેજાએ જોશીની સલાહ પ્રમાણે કરવાની મનમાં ગાંઠ વાળી. એક વાર તલા તલાટીને પાંચસાત દિવસ માટે પરગામ જવાનું થયું. જતાં તેણે વેજાને કહ્યું : 'સંભાળીને રહેજે અને કોઈ આલતુફાલતુને ઘરમાં નહીં ઘાલતી.' વેજાએ સણસણતો જવાબ આપ્યો : 'તું બૈરામાં ભટકે છે, એટલે મારા ઉપર પણ શંકા કરે છે.' તલાના ગયા પછી વેજા તેમના ભાણેજને ઘેર ગઈ. માબાપ વગરનો જુવાન ભાણેજ ઘણો ધર્મિષ્ઠ

અને ભલોભોળો હતો. તલાને તે ગમતો નહીં, તેથી તેનો કયાંય પાટો બાઝવા દેતો નહીં. તે જેમતેમ કરી પોતાનું ગુજરાન ચલાવતો. ભાણેજે મામીને આવકાર આપ્યો. પછી વેજાએ તેને અનેક સમ આપી વચનથી બાંધી લઈને પોતાના પેટની વાત કરી. મામીની સાથે વ્યભિચાર કરવાની વાતે ભાણેજનો જીવ ઊકળી ઊઠયો. પણ મામીએ તેને સમજાવીને ટાઢો પાડયો અને એ કામના બદલામાં ઘણું ધન આપવાની વાત કરી, જેથી કરીને ભાણેજ પરણીને પોતાનો સંસાર માંડી શકે. એ લાલચથી ભાણેજનું મન પલળ્યું, પણ તે પકડાઈ જવાથી ઘણો ડરતો હતો. વેજાએ ઘણા સમ ખાઈ તેને આંચ નહીં આવવા દે એવી ખાતરી આપી. વેજાએ કહ્યું કે, તારો મામો થોડા દિવસ માટે ગામતરે ગયો છે, એટલે બીજે દિવસે સાંજે વેજાને ત્યાં જવાનું ભાણેજે સ્વીકાર્યું. ગોઠવણ પ્રમાણે વળતે દિવસે ભાણેજ આવ્યો, ત્યારે વેજાએ તેને સરસ રસોઈ કરી જમાડયો અને પછી બંને રંગરાગમાં ડૂબ્યાં. એટલામાં તલો તલાટી, જેને મળવા ગયેલો તેની વહુ મરી જતાં પાછો આવ્યો. અને ઘરમાં ઝાકઝમાળ જોઈ, ઘરમાં કોઈ પુરુષ હોવાનું દીવાને અજવાળે જોતાં, તે ધૂંઆપૂંઆ થઈ ગયો. મામીભાણેજે ફળિયામાં બળદના ઘૂઘરા સાંભળ્યા એટલે તેમને ફાળ પડી. બદનામી અને દંડાવાના ડરે, ભાણેજ કટારી કાઢીને પોતાના પેટમાં મારવા ગયો. વેજાએ તેનો હાથ પકડી અટકાવ્યો અને પોતે યુક્તિથી તેને બચાવી લેશે એવી ખાતરી આપી. પછી તે બારણું ઉઘાડીને તલાની સામે દોડી, તેને દસવીસ ઠોંસા મારીને 'તારે જીવતા રહેવું હોય તો ભાગ. છાનીમાની તને બચાવવા આવી છું. અંદર હાથમાં ધારિયું લઈ તારો બાપ બેઠો છે'. તલાટીએ કહ્યું : 'મને મારવાવાળો કોણ છે ?' વેજાએ કહ્યું : 'ગજો ગરાશિયો—જેણે પોતાના બાપને મારી નાખ્યો અને *જેની ગામમાં ફેં ફાટે છે. એની વૈરી સાથે તું હળ્યો છે,* એટલે એ આવીને ઘર બાળવાની અને મને મારી નાખવાની ધમકી આપતો હતો. મેં પગે પડીને તેને વારી રાખ્યો છે. તું હમણાં ભાગ. હું તેને ગમેતેમ કરી મનાવું છું.' બીકે ધ્રૂજતા તલાટીને બાજુના ઓરડામાં પૂરી, વેજાએ તાળું માર્યું. પછી મોટેથી બોલવા લાગી : 'હું ખોળા પાથરી તમારી પાસે મારા વરનું જીવતદાન માગું છું. એ તો બહારગામ ગયો છે. તમે આ મારાં ઘરેણાં લઈ લ્યો, અને માતાજીના સોગન ખાઈને કહો કે હવેથી તલા સાથે વેરવૃત્તિ નહીં રાખું.' અને ઘરેણાં આપીને વેજાએ ભાણેજને રવાના કરી દીધો. પછી તાળું ઉઘાડી તલાને બહાર કાઢયો. તે વેજાને પગે પડયો. 'મારો વાંક ન હતો, પણ ગજાની વહુએ મારો હાથ પકડયો તે ગજો જોઈ ગયો હતો, પણ એની વહુ આગળ એ શિયાળ જેવો હતો.' પછી તલાએ કદી પણ પરનારી સામે નહીં જોવાની પ્રતિજ્ઞા કરી અને નવાં ઘરેણાં ઘડાવવા વેજાને જોઈતું ધન આપ્યું.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, છાસઠમી કથા]

**વૃદ્ધ હંસે બચાવેલ સંકટગ્રસ્ત હંસજૂથ : (પંચાખ્યાન**, ઘટક ૨.૧૩) : વનમાં એક વડના ઝાડ ઉપર હંસનું ટોળું રહેતું હતું. તે વડ તળે એક વેલ ઊગેલી જોઈને ઘરડા હંસે કહ્યું : "આ વેલ મોટી થતાં તેની મદદથી કોઈક વડ પર ચડીને આપણો નાશ કરશે માટે અત્યારથી જ એ વેલ કાપી કાઢો". પણ હંસોએ તેનું વચન ગણકાર્યું નહીં. એક વાર પારધિએ વડ પર ચડી પોતાની જાળ બિછાવી. સાંજે પક્ષીઓ માળામાં આવ્યાં ત્યારે પારધિની જાળમાં ફસાયાં. તેમણે એમાંથી છૂટવાનો માર્ગ વૃદ્ધ હંસને પૂછયો, ત્યારે તેણે મૃતવત્ પડી રહેવા જણાવ્યું અને કહ્યું કે, તમને મરેલાં જાણી પારધિ ભોંય નાંખે એટલે બધાં એક સાથે ઊડી જજો. સવારે પારધિ આવ્યો. ત્યારે તેણે બધા હંસને મૃત જોઈને જાળમાંથી બહાર નાખ્યા, એટલે તે ઊડી ગયા.

[આધાર : **'પંચાખ્યાન બાલાવબોધ,'** ઘટક ૨.૧૩ : દમનકે સંજીવકને કહેલ ટીટોડો અને સમુદ્ર એ દૃષ્ટાંતકથામાં–એક પક્ષીએ ટીટોડાને કહેલ દૃષ્ટાંતકથા]

**વેજાવાણિયણ અને જોગી** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** બાસઠમી કથા) : એક ગામમાં નાનો નામે વાણિયો હતો. તેની વહુનું નામ વેજા હતું. એ ભારે પાકી અને પહોંચેલી હતી. ગામની નદીને પાર સ્મશાનમાં એક *નાની ગુફામાં જોગી રહેતો હતો. મંત્રતંત્ર અને કામણટૂમણનો* એ જાણકાર હોવાની તેની ખ્યાતિ હતી. તે ભિક્ષા માગીને ગુજરાન કરતો. એક વાર વેજાને ઘેરે તે ભિક્ષા માગવા આવ્યો, ત્યારે વેજાએ પોતે નિઃસંતાન હોવાની વાત કરી અને કશોક દોરોધાગો કરી આપવા અને એ વાત છાની રાખવા જોગીને વીનવ્યો. ખુશખુશ થઈ જોગીએ બડાશ હાંકી કે, 'તું બીશ નહીં, મેં તો કેંકને વશ કર્યાં છે અને પાર વગરનાં ભૂતપ્રેત હાંકી કાઢયાં છે. તું આજથી આઠમે દિવસે સંધ્યાવેળાએ આવી મને મળી જજે. હું મંત્રેલો દોરો આપીશ, જેથી તને સંતાન થશે.' એ પછી તરતમાં વેજાનો વર માંદો પડયો. વૈદ્યોને બોલાવી ઘણાં ઓસડવેસડ કર્યાં. તેને થોડુંક ઠીક થયું. એટલામાં વેજાએ જોગી સાથે જે દિવસનો વાયદો કર્યો હતો, તે દિવસ આવી લાગ્યો. લોટે જવાને બહાને તે સાંજે નીકળી,

નદી પાર કરી જોગીની મઢીએ પહોંચી. બે ઘડી તેની સાથે ભોગવિલાસ કરી, મંત્રેલો દોરો લઈને વેજા પાછી આવવા નીકળી. એટલામાં નદીમાં મોટું પૂર આવ્યું. વેજા પાછી જોગીની મઢીએ આવી. બંનેએ આખી રાત સુખ ભોગવ્યું. સવાર થતાં તેમને ચિંતા થઈ. વેજાને થયું : 'ક્યાં ગઈ હતી એનો હું શું જવાબ આપીશ.' જોગી ગભરાયો કે વ્યભિચાર કરતાં પકડાયાના આરોપે લોકો ફિટકાર વરસાવશે અને રાજા શૂળીએ દેશે. તેણે વેજાને કહ્યું : 'હું તો ગામ છોડીને ભાગી જાઉં છું.' વેજાએ જ્યારે તેને કહ્યું કે, 'ભૂતપ્રેતને પણ વશ કરનારો ને મંત્રતંત્રનો જાણનારો થઈને તું કેમ બીવે છે?' ત્યારે જોગીએ કબૂલ્યું કે, એ બધા ઢોંગ હતા, હું કશું જ જાણતો નથી. પછી વેજાએ તેને કહ્યું : 'ગભરાઈશ નહીં, હું કહું તે પ્રમાણે કર.' સવારે નદીનું પૂર ઊતરી ગયું એટલે વેજાએ જોગીને શિખવાડીને ગામમાં પોતાને ઘરે મોકલ્યો. તેના ઘરના સૌએ અને આસપાસના લોકોએ વેજા ગુમ થયાથી ઘણી તપાસ અને શોધાશોધ કરી મૂકી હતી. જોગીએ તેને ઘેર જઈને કહ્યું કે, 'ભગવાનનો પાડ માનો કે વેજા જીવતી બચી છે. હું રાતે મારી મઢીમાં ધ્યાનમાં બેઠો હતો, ત્યારે મેં 'બચાવો', 'બચાવો'ની કોઈ સ્ત્રીની ચીસ સાંભળી. હું બળતું ખોડ લઈને દોડ્યો. તારી વહુ ઉપર વાઘ ત્રાટકતો હતો તેને ભગાડ્યો. ધ્રૂજતી, મરણતોલ દશામાં તેને મઢીએ લઈ આવ્યો. મઢીમાં એક જ જણની સૂવાની જગ્યા હતી, એટલે તેને ત્યાં સુવાડી મેં ઝાડ ઉપર ચડીને રાત ગાળી. નદીમાં પૂર ઊતર્યું એટલે તને જાણ કરવા આવ્યો.' સગાંસંબંધીઓ દોડીને જોગીની મઢીએ પહોંચ્યાં. ત્યાં વેજાને ધ્રૂજતી ખાટલામાં પડેલી જોઈ. ઘરે લાવીને તેના ઉપચાર કર્યા. વેજાએ ખુલાસો કર્યો : 'વૈદ્યે કહ્યું હતું કે નગોડ, લીંબુડી અને બકાન લીમડાનાં પાન પેટે બાંધવાથી મારા વરને સુવાણ થઈ જશે. એટલે હું દિશાએ જવાને બહાને નદીને સામે કાંઠેના જંગલમાં એ પાંદડાં લેવા ગઈ. ત્યાં ત્રાડ નાખતો વાઘ આવ્યો. મારા મોંમાંથી ચીસ નીકળી ગઈ. જોગી આવ્યો ન હોત તો વાઘે મને ભરખી હોત.' સૌએ વેજાનાં વખાણ કર્યાં. તેના વરે દેવપૂજા કરી ગામલોકોને જમાડ્યાં. જોગીની વાહવાહ થઈ અને લોકો તેની માનતા રાખવા લાગ્યા.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, બાસઠમી કથા]

**વેણી–વત્સરાજ** : ૧. તેજનગરનો રાજા વત્સરાજ એક વાર રાજવાટિકામાં ગયો, ત્યારે માળીએ ફરિયાદ કરી કે, "દરરોજ આવીને કોઈક પુષ્પો ચોરી જાય છે, પણ તે ચોરનો પત્તો લાગતો નથી." રાજાએ રાજવાટિકામાં હથિયારબંધ ચોકી મૂકી અને રાજા પોતે રાત્રે એક વડના ઝાડ નીચે ચોકી કરતો ઊભો રહ્યો. મધરાત પછી એક ભોંયરામાંથી વાસુકિનાગની પુત્રીને તેની સોળ સખીઓ સાથે નીકળતી તેણે જોઈ. નાગકન્યાએ ફૂલ ચૂંટીને હાથમાં રહેલો કરંડિયો ભર્યો અને તે ભોંયરા તરફ જવા લાગી. રાજા તેને રોકવા ગયો, પણ તે સખી સાથે ભોંયરામાં પેસી ગઈ. રાજાએ તેની વેણી પકડી લીધેલી તે તેના હાથમાં રહી ગઈ. એની તેજસ્વિતા જોઈને રાજાને થયું; 'કોઈ નાગકન્યા કે દેવકન્યાનો પરાભવ કરીને મેં વેર બાંધ્યું છે.' આ વેરના શમન અર્થે રાજાએ તે વેણીને વાજતેગાજતે સિંહાસન પર સ્થાપિત કરી. રાજા સિંહાસન સમક્ષ વેણી સામે ધ્યાન ધરતો બેસતો અને એની પૂજા કરતો. વાદ્ય, નાટક અને ગીત દ્વારા વેણીની ભક્તિમાં તે તન્મય રહેવા લાગ્યો.

૨. દુઃખી નાગકન્યાએ પિતાને ફરિયાદ કરી, બનેલી ઘટના કહી. રાજા વાસુકિએ ક્રોધાયમાન થઈ નવકુલના નાગ, ચોરાશી રાવત અને કોટવાળ તક્ષકને બોલાવી તેજનગરના રાજાને દંશ દેવા માટે બીડું ઝડપવાની આજ્ઞા કરી. તક્ષકે કહ્યું : 'બીડું રહેવા દો, નાગસેનાની જરૂર નથી. હું એકલો જ જઈને આપના આદેશનો અમલ કરીશ.' તક્ષક બ્રાહ્મણનું રૂપ ધારણ કરી, તેજનગરના સરોવરની પાળે જઈને ઊભો રહ્યો. ત્યાં પાણી ભરવા આવેલી પનિહારીઓને તક્ષકે નગરનો રાજા કોણ છે તે પૂછ્યું. તેમણે ઉત્તર આપ્યો કે, રાજા તો વત્સરાજ છે, પણ આણ વેણીની પ્રવર્તે છે. તક્ષકે વેણીનું રહસ્ય પૂછ્યું. એટલે પનિહારીઓએ બનેલો વૃત્તાન્ત કહ્યો. તક્ષક રાજદ્વારે પહોંચ્યો. વત્સરાજે તેનું ભક્તિભાવે સ્વાગત કર્યું. તક્ષકે કહ્યું : 'રાજન્, જલદી પાતાળલોક ચાલો. તમને વાસુકિરાય બોલાવે છે.' આ સાંભળી રાજાએ તે કોણ છે, એમ પૂછતાં તક્ષકે પોતાનું ફણામણિવાળું, દેદીપ્યમાન, વિકટ નાગરૂપ પ્રગટ કર્યું. આ જોઈ રાજાએ કહ્યું : 'આજે મારો જન્મ સફળ થયો. આપનું દર્શન થયું. પહેલાં આપ મારું આતિથ્ય સ્વીકારો.' પછી વત્સરાજે સેવાસત્કારથી તક્ષકનું મન જીતી લીધું. પ્રસન્ન થયેલા તક્ષકે રાજા વત્સરાજને કહ્યું : 'રાજન્, મેં તમને વાસુકિરાયની પુત્રી વિવાહ અર્થે આપી, તમે જાન લઈને જલદી આવો.' જાન તૈયાર કરીને પાતાળ જતાં વત્સરાજને પિતા શતાનીક અને માતા મૃગાવતીએ એટલે દૂર પાતાળ જતાં રોક્યો, પણ વિનયવચનથી તેઓને સમજાવી વત્સરાજે પ્રયાણ કર્યું.

૩. વત્સરાજ જાન સાથે વડવામુખથી પ્રતિજ્ઞલપુર અને ત્યાંથી પૂર્વ દિશામાં કુંચહરણપુર પહોંચ્યો. ત્યાંનો રાજા શેષરાય તેના પર કોપ્યો. તે વિષમય અંગારવૃષ્ટિ કરવા લાગ્યો.

એટલે તક્ષક નાગે તે વિષમય વૃષ્ટિમાંથી વિષ ગ્રહણ કરી લીધું અને તેની સમજાવટથી શેષરાય, લલીયાદેવી અને ભાદલકુમાર વત્સરાજની જાનમાં જોડાઈ ગયાં. જાન વસોહનગર પહોંચી. ત્યાંનો રાજા અનંત ક્રોધાયમાન થઈ વિષમય અંગાર વરસાવવા લાગ્યો. તક્ષકે ફૂંક દ્વારા વિષ પચાવી લઈ તેને સમજાવ્યો. એટલે અનંત રાજા પણ ભાવલદેવી અને વિગલકુમારની સાથે જાનમાં જોડાયો. જાન સિંહનગર પહોંચી. ત્યાંના રાજાનો પણ તક્ષકે વિરોધ સમાવ્યો. એટલે સૂર્યહંસ રાજા, જાહલદેવી અને યમઘંટકુમારને લઈ જાનમાં જોડાઈ ગયો. જાન આગળ ઉત્તરમાં વસ્ત્રહરણ નગરમાં પહોંચી. ત્યાંથી તક્ષકરાજાની રાણી વિષમાદેવી અને એકલકુંવર જાનમાં સામેલ થયાં. પછી જાન અમોઘ સરોવર પહોંચી. શેષરાજા અને સૂર્યહંસ રાજાએ વાસુકિ રાજા પાસે જઈ પ્રણામ કર્યા અને તક્ષક કોટવાળ મનુષ્યલોકથી જાન લઈને નાગલોકમાં આવ્યો હોવાનું જણાવ્યું. આ સાંભળી વાસુકિરાયે પચાસ કોટિભાર વિષ મંગાવ્યું. ૨૧ કાળાનાગ અને ૮૪ રાવતોને બોલાવી દૂબરકુમારને બીડું આપીને આદેશ દીધો : 'તક્ષક સહિત સર્વને મારી નાખો.'

૪. રાજાજ્ઞાથી ગડગડાટ સાથે વિષવર્ષા થવા લાગી. સર્વત્ર અંધકાર છવાઈ ગયો. તક્ષકે એકલકુમારને બોલાવીને વાસુકિ રાજાના કોપમાંથી વત્સરાજનું રક્ષણ કરવા કહ્યું. એકલકુમારે વિકરાળ રૂપ ધારણ કરી ઘોર યુદ્ધ કર્યું. જેથી બધા નાગ ગભરાઈ ગયા. તેણે ૫૦ કોટિભાર વિષનું શોષણ કરી ૨૧ કાળા નાગને હરાવી દૂબરકુમાર પર આક્રમણ કર્યું. વાસુકિ રાજાને આ સમાચાર મળ્યા, ત્યારે તક્ષકે તેને વત્સરાજની વેણીપૂજાનો વૃત્તાંત કહ્યો. વૃત્તાંત જાણી વાસુકિ રાજાએ પોતાની રાણી નામલદેવીને ઊંઘમાંથી ઉઠાડીને સત્કાર કરવા કહ્યું. પણ તે તો રિસાઈને અમોઘ સરોવરના કિનારે ચંદનવૃક્ષ નીચે જઈને બેઠી. તક્ષકે તેને સમજાવ્યું કે વત્સરાજ મૃત્યુલોકમાં રાજા હોઈને આપણો સમોવડિયો છે, અને વળી તે ઇન્દ્રનો દૌહિત્ર હોવાથી પણ નાગની જેમ તે દેવસ્વરૂપ ગણાય. એ જાણીને નામલદેવીના મનનું સમાધાન થયું. વિવાહ–ઉત્સવનો આરંભ થયો. બ્રહ્મા, નારદ, ઇન્દ્ર–ઇન્દ્રાણી, રોહિણી, ગાયત્રી, સાવિત્રી, રાંદલ, ઋષિપત્નીઓ એમ સૌ દેવદેવીઓ ઉત્સવમાં સામેલ થયાં. પણ ઉમંગપૂર્વક ચોરીમાં બેઠેલા વત્સરાજને કોઈ નાગણે ડંશ માર્યો અને તે બેભાન બની ગયો. આ જોઈને સર્વત્ર હાહાકાર છવાયો. હર્ષ શોકમાં ફેરવાઈ ગયો. અચેત વત્સરાજને જોઈને નાગકન્યા સુંદરી ચિતાપ્રવેશ કરવા તૈયાર થઈ. પણ વાસુકિએ અમૃતનું સિંચન કરી વત્સરાજને સચેત કર્યો અને વિવાહવિધિ પાર પાડ્યો. વિદાય-વેળા સુંદરીએ પિતા પાસે વરદાન માગ્યું : 'મૃત્યુલોકમાં અમારું રાજ્ય હોય ત્યાં સુધી કાળા નાગે કોઈને દંશ ન દેવો.' નાગલોકોએ તે સ્વીકાર્યું. વત્સરાજ સુંદરીને લઈ પાછો મૃત્યુલોકમાં આવી પહોંચ્યો. રાજા શતાનીકે પુત્રનું સ્વાગત કર્યું. ધામધૂમથી વત્સરાજનો નગરપ્રવેશ કરાવ્યો. [આધાર : **'વેણી–વત્સરાજ–રાસ'**]

**વેતાલપચીસી–૧** (મુખ્ય કથા) : **૧.** ઉજ્જેણીનગરીના રાજા વિક્રમાદિત્યની સભામાં એક વાર એક દિગંબર સાધુ આવ્યો. રાજાને એક ફળ ભેટ આપીને ચાલ્યો ગયો. આ ક્રમ નિયમિત એક વર્ષ સુધી ચાલ્યો. વિક્રમાદિત્ય ફળ વિશે કશું પૂછતો નહોતો કે દિગંબર તે અંગે કંઈ કહેતો નહોતો. એક વાર વિક્રમાદિત્ય માંકડું રમાડતો હતો, ત્યારે તે માંકડું ફળ લઈ નાસી ગયું અને ખાવા લાગ્યું. માંકડાએ તે ફળ ચીરતાં તેમાંથી એક રત્ન નીકળ્યું. તે જોઈ રાજા આશ્ચર્ય પામ્યો. પછી રાજાએ ભંડારી પાસેથી દિગંબર સાધુએ આપેલાં બધાં ફળ મંગાવ્યાં. તે દરેકમાંથી એકેક રત્ન નીકળતાં રાજા વિચારમાં પડ્યો. બીજે દિવસે દિગંબર ફળ લઈને આવ્યો, ત્યારે રાજાએ તેને આટલી કીમતી ભેટ લાવવાનું કારણ પૂછ્યું. તેણે રાજાને એકાંતમાં લઈ જઈને જણાવ્યું : 'મારે અઘોરમંત્રની સાધનામાં કાળીચૌદશને દિવસે બત્રીસલક્ષણા પુરુષની ઉત્તર–સાધક તરીકે જરૂર છે, તો તું ઉત્તર–સાધક થા એવી મારી માગણી છે.' રાજાએ તેની માગણી સ્વીકારી.

**૨.** દિગંબર સાધુ કાળીચૌદશને દિવસે બધી પૂજાસામગ્રી લઈ સ્મશાનમાં ગયો. રાજા તેની પાછળ પાછળ ગયો. સાધુએ રાજાને સ્મશાનથી બે ગાઉ ઉપર આવેલ શીમળાના વૃક્ષની ડાળી પર લટકતા એક શબને મૌન જાળવીને લઈ આવવા કહ્યું અને ચેતવ્યો કે, જો તું મૌનભંગ કરીશ તો તે શબ ઊડીને પાછું ચાલ્યું જશે. સાધુના કહ્યા પ્રમાણે વિક્રમે તે વૃક્ષ પાસે જઈ ઉપર ચડી, લટકતા શબના બંધ કાપી નાખીને તેને ભોંય પર નાખ્યું. પોતે નીચે ઊતર્યો, ત્યાં તો શબ પાછું વૃક્ષ પર જઈને વળગી ગયું. વિક્રમ ફરીથી વૃક્ષ પર ચડી શબને પીઠ પર બાંધી નીચે ઊતર્યો. તે વખતે શબમાં પેઠેલા વેતાળે અરસપરસ વાતચીત કરી રસ્તો કાપવા કહ્યું. વગર બોલ્યે વિક્રમે તેને વાત કરવાનો સંકેત કર્યો. વેતાળે કથા કહેવી શરૂ કરી. કથા સમસ્યાગર્ભ હતી. કથાને અંતે વેતાળે વિક્રમને કથાની સમસ્યાનો ઉકેલ પૂછ્યો અને કહ્યું : 'જો તું જાણતો હોય અને નહીં બોલે, તો તારું હૃદય ફાટી જશે અને તું મરણ પામીશ.' એટલે વિક્રમે એ સમસ્યાનો ઉકેલ કહ્યો. તેણે મૌનભંગ કર્યો તેથી શબ ઊડીને ફરીથી શીમળાના ઝાડ પર લટકી ગયું. આ રીતે ચોવીસ વાર વેતાળે વિક્રમને રસ્તો

કાપવાને બહાને એક પછી એક સમસ્યાગર્ભ કથાઓ કહી અને વિક્રમે દરેકનો ઉત્તર આપવા મૌનભંગ કર્યો, તેથી દર વખતે શબ ઊડીને શીમળાના ઝાડે ફરીથી લટકી જતું.

૩. એ કથાઓ નીચે પ્રમાણે છે :

(૧) છળકપટથી કન્યાપ્રાપ્તિ, (૨) વર ત્રણ અને કન્યા એક–૧, (૩) પુરુષચરિત્ર અને સ્ત્રીચરિત્ર (સારિકાએ અને પોપટે કહેલી દૃષ્ટાંતકથા), (૪) સ્વામીભક્ત સેવકનું સ્વાર્પણ, (૫) વર ત્રણ અને કન્યા એક–૨, (૬) માથાંની અદલાબદલી, (૭) વર ચાર અને કન્યા એક–૧, (૮) વધુ ઉદાર કોણ?–૧, (૯) વધુ ઉદાર કોણ ?–૨, (૧૦) વધુ કોમળ કોણ ?, (૧૧) પાતાળવાસિની વિદ્યાધરી, (૧૨) બ્રાહ્મણનું મૃત્યુ : કોણ જવાબદાર ?, (૧૩) રુદન સાથે હાસ્ય–૧, (૧૪) સ્ત્રીરૂપે અંતઃપુરમાં પ્રવેશી પ્રેયસીનો સહવાસ, (૧૫) જીમૂતવાહન–૧, (૧૬) વધુ સાત્ત્વિક કોણ ?, (૧૭) અસ્થિર ચિત્તે કરેલી મંત્રસાધના, (૧૮) શ્રાદ્ધ એક, લેનાર હાથ ત્રણ, (૧૯) રાક્ષસનું હાસ્ય, (૨૦) વધુ કામાતુર કોણ ? (૨૧) વાઘને સજીવન કરનાર મૂર્ખ, (૨૨) રુદનની સાથે હાસ્ય–૨, (૨૩) વધુ નિષ્ણાત કોણ ? (૨૪) સગપણની સંબંધજાળ–૧

૪. વિક્રમ ચોવીસમી સમસ્યાનો ઉત્તર ન આપી શક્યો. આમ છેવટે સાધકને આપેલા વચન પ્રમાણે તે શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં રહેલા વેતાળે વિક્રમને કહ્યું : 'હે રાજેન્દ્ર, હું તારા પર તુષ્ટમાન થયો છું. તું વર માગ,' રાજાએ સર્વ સિદ્ધિ આપવા કહ્યું, ત્યારે વેતાળે યોગીનું માથું કાપી દેવીને અર્ઘ્ય આપવાની સૂચના આપી અને યોગીને કેમ મારવો તેનો રસ્તો બતાવ્યો. વિક્રમ શબ લઈને યોગી પાસે ગયો, ત્યારે યોગીએ તેને શાબાશી આપી અને તેણે સાધના માટે દોરેલા તાંત્રિકમંડળને પ્રદક્ષિણા કરી નમસ્કાર કરવા કહ્યું. વિક્રમે વેતાળની સૂચનાને અનુસરીને યોગીને તેને નમસ્કાર કેમ કરવા તે બતાવવા કહ્યું. જેવું યોગીએ માથું નમાવ્યું કે તરત જ વિક્રમે યોગીનું માથું ખડ્ગથી વાઢીને એ બત્રીસલક્ષણાના રુધિરથી દેવીને અર્ઘ્ય આપ્યો. તે યોગીનું શરીર સોનાનું પૂતળું બની ગયું. પછી દેવતાઓએ રાજાને પૃથ્વીપતિ થવાનું વરદાન આપ્યું. ઇન્દ્રે વરદાન માગવાનું કહેતાં રાજાએ માગ્યું : 'આ સોનાના પૂતળાને પ્રતાપે મને અષ્ટ મહાસિદ્ધિ મળે, જેથી કરીને હું પૃથ્વીને ઋણમુક્ત કરી શકું, એટલે કે જગતના પ્રત્યેક માનવીનું દેવું ફેડી શકું અને મારી કથા જગતમાં પ્રસિદ્ધ થાય.'

[આધાર : **'વેતાલપચીસી'–૧**, આરંભકથા અને પચીસમી કથા]

**વેતાલપચીસી–૨ (= સિદ્ધ અને ચેલો) (= મડાપચીસી)** (મુખ્ય કથા) **(સિંહાસનબત્રીસી–૨,** બત્રીસમી કથા) : **૧.** કાશીનગરીમાં એક અતિશય ધાર્મિક બ્રાહ્મણ રહેતો હતો. તે અપુત્ર હતો. ચંદ્રવિજય નામના એક જૈન સિદ્ધની સાથે તેણે મૈત્રી બાંધી અને પોતાની પુત્રેચ્છા તેને જણાવી. સિદ્ધે તેને એક ગુટિકા એવી શરતે આપી કે, એ ગુટિકા ગળતાં બ્રાહ્મણને જે બે પુત્ર થશે, તેમને તેઓ સાત વર્ષના થશે ત્યારે ચંદ્રવિજય સિદ્ધવિદ્યા ભણાવવા લઈ જશે અને બાર વરસે તેમનો વિદ્યાભ્યાસ પૂરો થતાં તેમાંથી–બેમાંથી જ એક પુત્ર બ્રાહ્મણને જે ગમે તે તેને આપશે અને બીજો પુત્ર સિદ્ધ પોતે રાખશે. બ્રાહ્મણે એ શરત માનીને ગુટિકા મેળવી. ગુટિકા ગળતાં અને મહાદેવની કૃપાથી બ્રાહ્મણીને ગર્ભ રહ્યો. પુત્રબેલડી જન્મી. તે સાત વરસના થયા ત્યારે સિદ્ધ આવીને તેમને લઈ ગયો, અને પોતાની પાસે રાખ્યા. તેમાંથી મોટો બત્રીસલક્ષણો બુદ્ધિશાળી હતો, જ્યારે નાનો મંદ બુદ્ધિનો હતો. સિદ્ધે મોટાને બધાં શાસ્ત્ર, વિદ્યા અને કળા શીખવ્યાં, પણ નાનાને તદ્દન અબુધ રાખ્યો. મોટો દૂબળો હતો અને સિદ્ધ તેને ફાટયાંતૂટયાં કપડાં પહેરાવીને દેખાવે મેલોઘેલો રાખતો. નાનો તગડો હતો અને તેને સારાં વસ્ત્રાભૂષણથી શણગારીને રાખતો. પુત્રો બાર વર્ષના થતાં, બ્રાહ્મણબ્રાહ્મણી એક પુત્રને લેવા આવ્યાં. સિદ્ધ જ્યારે પૂજામાં બેઠો હતો ત્યારે મોટા પુત્રે ગુપ્ત રીતે માતાપિતા પાસે આવીને, તેમને ચેતવ્યાં : 'તમે રૂપાળા, ફૂલફટાક દેખાતા નાના પુત્રને નહીં, પણ મને માગજો. કારણ કે નાનો તદ્દન મૂર્ખ છે, જ્યારે હું બધી વિદ્યા ભણ્યો છું. સિદ્ધ ગમે તેમ કહે કે લાલચ આપે, પણ તમે તેનું માનશો નહીં, કેમ કે તે મને રાખી મારી નાખીને મારો રસ કાઢી લેવા માગે છે. તેણે આવી રીતે એકસો છ બત્રીસલક્ષણાને માર્યા છે. તેણે એક ઓરડામાં તેમની ખોપરીઓ રાખેલી છે તે એક વાર હું જોઈ ગયો, ત્યારે એ ખોપરીઓએ મને જણાવ્યું કે, અમારી જેમ તને પણ સિદ્ધ મારી નાખશે અને પછી એક બીજા બત્રીસલક્ષણાને મારીને એ એકસો આઠ બત્રીસલક્ષણાના રસથી સિદ્ધ કરેલું સુવર્ણનું અક્ષય પૂતળું મેળવશે. માટે તમે મને સિદ્ધના હાથમાં ન સોંપશો. તે પછી સિદ્ધ આવ્યો, ત્યારે બ્રાહ્મણબ્રાહ્મણીએ મોટા પુત્રને માગી લીધો. નાના પુત્રને લઈ જવા સિદ્ધે ગમે તેટલું સમજાવ્યાં–લોભાવ્યાં, છતાં તેઓ પોતાની માગણીને વળગી રહ્યાં. સિદ્ધ સમજી ગયો કે, ચેલાએ આગળથી માબાપના કાન ફૂંક્યા છે. માબાપ મોટા પુત્રને લઈ જતા હતા ત્યારે સિદ્ધે તેને ધમકી આપી કે, મારું વિદ્યાબળ એટલું છે કે તું ગમે તેમ કરીશ તોપણ તારો

ઘાત કર્યા વિના હું નહીં રહું. ચેલાએ પોતે તેનાથી સવાયો થઈ બતાવશે એવો તેની સામે પડકાર કર્યો.

૨. મોટા પુત્રને બ્રાહ્મણબ્રાહ્મણી લઈ જતાં હતાં, ત્યારે રસ્તામાં એક કોળાં વેચનારને જોઈને પુત્ર વિદ્યાબળે એક કોળું બનીને તેમાં ભળી ગયો. પાછળ આવતો સિદ્ધ તે કોળું વેચાતું લઈ ઘેર લઈ આવ્યો અને તેને કાપવા છરી લેવા ગયો. ત્યાં ચેલો વંટોળિયો બની ગયો. તે જાણીને સિદ્ધ મનરૂપ થયો. એ પ્રમાણે ઉત્તરોત્તર ચેલો અને સિદ્ધ વિદ્યાબળે રૂપ બદલીને સર્પ–ગરુડ અને અંધકાર–સૂરજ બન્યા. પછી ચેલાએ ઘોડાનું રૂપ લેતાં માબાપને કહ્યું કે, 'મને વેચતાં તમને ઘણું ધન મળશે, પણ મને વેચાતો લેનારને તમે મારું ચોકડું આપશો નહીં, નહીં તો મારું મોત થશે.' ચેલાને ઘોડો બનેલો જાણી સિદ્ધે સોદાગરનું રૂપ લીધું અને પુષ્કળ ધન આપી ઘોડો ખરીદ્યો. બ્રાહ્મણબ્રાહ્મણીએ ચોકડું પોતાની પાસે રાખ્યું, પણ હીરારત્ન જડેલું ચોકડું સોદાગર તેમને આપવા આવ્યો, એટલે તેનાથી લોભાઈને બ્રાહ્મણબ્રાહ્મણીએ મૂળ ચોકડું બદલામાં તેને આપી દીધું. સિદ્ધ તે લઈને પોતાના આવાસે ગયો. ઘોડારૂપ ચેલાને તે ઘાસપાણી મુદ્દલ ન આપતો અને રોજ સો કોરડા મારતો. એક વાર સિદ્ધ કામકાજે શહેરમાં જતાં પોતાના બીજા ચેલાઓને સૂચના આપતો ગયો કે, તમે ઘોડાને કશું ખાવાપીવા ન આપશો અને તેનું ચોકડું ન કાઢશો. સિદ્ધના ગયા પછી ઘોડાને દુઃખથી આંસુ સારતો જોઈને દયા આવતાં ચેલાઓ તેને નદીએ પાણી પાવા લઈ ગયા, અને જ્યાં તેનું ચોકડું કાઢ્યું ત્યાં પેલો ચેલો માછલું થઈ પાણીમાં પેસી ગયો. સિધ્ધે આવીને વાત જાણી એટલે તેણે પાણીમાં જાળ નાખીને માછલારૂપ ચેલાને પકડ્યો. તે પછી ઉત્તરોત્તર ચેલો અને સિદ્ધ વિદ્યાબળે રૂપ બદલતાં ઊંદર–બિલાડો, કૂતરો–ચિત્તો, હાથી–સિંહ, અને પાણીનો પોરો-માછલું બન્યા. પાણી ભરવા આવેલી એક સ્ત્રીના ઘડામાં પોરો પેસી ગયો. તે સ્ત્રીએ પાણી પોતાના પાડાને પાયું. સિદ્ધ તે પાડો ખરીદી લઈ ગયો અને તે તેનું પેટ ચીરવા જતો હતો, ત્યાં પોરો છાણમાં પેસી ગયો. સિધ્ધે છાણનું અડાયું બનાવ્યું અને તેને બાળવાનું કરે ત્યાં ચેલો કીડો બની ગયો. સિદ્ધ ચકલો થયો અને કીડાને પકડવા જાય ત્યાં ચેલો પોપટ થઈને ઊડ્યો. સિદ્ધ શકરો થઈ તેની પાછળ પડ્યો, એટલે ચેલો ગોખમાં બેઠેલી રાણીએ પહેરેલા મોતીના હારમાંનું એક મોતી બની ગયો. સિદ્ધ વીંછી બની રાણીને કરડ્યો. રાણીએ પીડાથી હાર તોડી મોતી વેરી દીધાં. ચેલાએ દશવીસ મકોડાનું રૂપ ધર્યું. સિદ્ધ કૂકડો બની તે ચરવા માંડ્યો. ચેલો ફરી પોપટ થઈને ઊડ્યો. સિદ્ધ બાજ થઈને પાછળ પડ્યો. પોપટ ગજપુરની રાજકુમારી કનકાવતીના હાથ પર જઈ બેઠો. રાજકુમારીએ ગલોલ તાકી બાજને ભગાડ્યો. પોપટે પોતાની સાથેના સિદ્ધના વેરની વાત કરીને કહ્યું : 'એ ગમે તે રૂપ લઈને મને મારી નાખવા આવશે; અથવા તો બ્રાહ્મણ કે જોગી થઈ તારા પિતા પાસેથી મને માગી લઈ જશે.' કનકાવતીએ પ્રતિજ્ઞા કરી કહ્યું : 'મારા જીવને ભોગે પણ હું તારી રાતદિવસ રક્ષા કરીશ.'

૩. સિદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈ પોતાની સાથે વિદ્યાબળે નિર્મિત એક સ્ત્રી લઈને રાજસભામાં આવ્યો. પોતે આખા વિશ્વના ભૂત, ભવિષ્ય, વર્તમાન જાણતો હોવાનો તેણે દાવો કર્યો. સભાજનોએ તેની કસોટી કરવા પૂછ્યું : 'અત્યારે વૈકુંઠમાં શું ચાલી રહ્યું છે?' સિધ્ધે કહ્યું : 'એક દુષ્ટને વૈકુંઠમાંથી કાઢવા ભગવાન વિષ્ણુ તેની સાથે યુદ્ધ કરે છે.' સભાજનોએ એ વાતને ગપ્પું માન્યું. સિધ્ધે રાજાની આંખમાં ચમત્કારી અંજન આંજ્યું એટલે રાજાને વૈકુંઠમાં થતું યુદ્ધ દેખાયું. ત્યાં તો સભામાં લોહીના છાંટા પડ્યા. રાજાએ પૂછ્યું : 'એ યુદ્ધમાં કોણ જીત્યું ?' સિધ્ધે કહ્યું : 'હું તપાસ કરી આવું.' એમ કહી પોતાની પત્નીને રાખવાનું કહી એક દોરડું વિદ્યા-બળે ઊભું કરી, તેના પર ચડીને સિદ્ધ અંતરિક્ષમાં અદૃશ્ય થઈ ગયો. થોડી વારે આકાશમાંથી તેના હાથ, પગ, માથું અને ધડ કપાયેલાં નીચે પડ્યાં. તે જોઈ વિલાપ કરતી તેની પત્ની સ્મશાનમાં જઈ એ કપાયેલાં અંગો સાથે બળીને સતી થઈ. રાજા અને સભાજનો સભામાં પાછા આવ્યા, ત્યારે સિદ્ધ જીવતો અંતરિક્ષમાં ઊતર્યો અને વિષ્ણુ ભગવાનની જીત થઈ હોવાનું જણાવીને પોતાની પત્ની પાછી સોંપવા કહ્યું. રાજાએ તે તેનાં આકાશમાંથી પડેલાં અંગો સાથે બળી મરી હોવાનું જણાવ્યું. સિધ્ધે ભારે કકળાટ કરી મૂક્યો અને આપઘાત કરી બ્રહ્મહત્યા આપવાની ધમકી આપી. રાજાએ પોતાનું રાજ્ય, રાણી, રાજકુમારી, ધન જે ગમે તે બદલામાં માગી લેવા કહ્યું. સિદ્ધને રાજમહેલમાં ફેરવ્યો. તેણે રાજકુમારી પાસેના પોપટને જોઈને તે માગ્યો. રાજકુમારીનો ભારે વિરોધ છતાં રાજાએ તે આપી દેવા દબાણ કર્યું. રાજકુમારીએ પાંજરું ઉઘાડ્યું તેવો જ પોપટ ઊડીને નાઠો. તરત જ સિદ્ધ બાજ થઈને તેની પાછળ પડ્યો. જીવ લઈને અહીંથી તહીં નાસતો નાસતો પોપટરૂપે રહેલો ચેલો ઉજ્જેણીના ગંધર્વ મસાણમાં રહેલા સિદ્ધવડની વચ્ચે જઈને ભરાયો. પેલો સિદ્ધ ત્યાંથી નાઠો, કારણ કે એક વાર એ સિદ્ધવડ નીચે દેવીની ઉપાસના કરી રહેલા સિદ્ધને દેવીએ નવ નિધિ આપીને તે પછી એવો શાપ આપ્યો હતો કે, તું માગ માગ કર્યા જ કરે છે, તો હવેથી જો તું આ સિદ્ધવડ નીચે આવીશ તો તારું મૃત્યુ થશે. સિદ્ધના ભયથી બચેલા ચેલાને થયું કે, હું અહીં

ખાધાપીધા વિના કેમ રહી શકીશ? પછી જીવને બ્રહ્મરંધ્રમાં ચઢાવી દઈ શબવત થઈને ચેલો તે વડમાં સંતાઈ રહ્યો.

૪. સિધ્ધે ચેલાને હાથ કરવા નવી યુક્તિ વિચારી કાઢી. જોગીરૂપે તે ઉજ્જેણીના રાજા વિક્રમાદિત્યની સભામાં પહોંચ્યો અને આશીર્વચનથી રાજાને પ્રભાવિત કર્યો. સભામાં નિત્ય આવીને તે એક દાડમનું ફળ રાજાને ભેટ આપતો અને આખા દિવસમાં જે બનવાનું હોય તે ચિટ્ઠીમાં લખી આપતો. બીજે દિવસે એ ચિટ્ઠી ઉઘાડીને જોતાં તેની આગાહી સાચી પડી હોવાનું રાજા જોઈ શકતો. એક વાર વિક્રમે તેને બે અમૂલખ મોતી ભેટ આપવા માંડ્યાં, ત્યારે જોગીએ તેને એક વાડીમાં લઈ જઈને ત્યાં વાવેલું વૃક્ષ બતાવ્યું, જેના પર દસ હજાર મોતી લટકતાં હતાં. વળી બાવનાચંદનનું વૃક્ષ પણ બતાવ્યું. વિક્રમ જોગીને પગે પડ્યો. એક વાર વિક્રમે જોગીએ ભેટ આપેલું દાડમનું ફળ ભાંગી જોતાં તેમાંથી રત્નોનો ઢગલો થયો. પહેલાં ભેટ આપેલાં બધાં ફળ રાજાએ ભંડારી પાસેથી મંગાવીને ભંગાવ્યાં, તો તે દરેકમાંથી મૂલ્યવાન રત્નો નીકળ્યાં. તે પછી એક દિવસે જોગીએ કહ્યું કે, આજે હું ઉજ્જેણી છોડીને જાઉં છું. વિક્રમે પોતાની પાસેથી ગમે તે માગી લેવાનું જોગી પાસેથી વચન લીધું, એટલે જોગીએ વિક્રમ પાસે માગ્યું કે, સિદ્ધવડ પર જે એક શબ છે, તે ઉતારી લાવીને તું મને આપ. તેણે વિક્રમને ચેતવ્યો 'અનેક યુક્તિ–પ્રયુક્તિ અને બળપ્રયોગ કરીને તે શબ તારી પાસેથી છટકી જશે અને પાછું વડની અંદર પહોંચી જશે, માટે સંભાળજે.' વિક્રમને થયું : 'આવો સિદ્ધ જેને વશ ન કરી શક્યો તો તે શબ જરૂર મારી હત્યા કરશે.' પણ આપેલું વચન પાળવા વિક્રમ હરિસિદ્ધ માતા અને મહાદેવને સ્મરીને સિદ્ધવડ પાસે પહોંચ્યો. વડ ઉપર ચડીને ઉપર રહેલા શબને વિક્રમ જેવું નીચે નાખ્યું તેવું તે ઊડી ફરી પાછું વડ પર ચડી બેઠું. આમ આખી રાત શબ ઉતારવાની મથામણમાં ગાળીને વિક્રમ ખાલી હાથે પાછો ફર્યો. જ્યારે તેણે જોગીને જે બન્યું તે જણાવ્યું, ત્યારે જોગીએ તેને પીઠ ઉપર શબ બાંધીને ઉતારવા કહ્યું અને જણાવ્યું : 'જો તું પૂરેપૂરું મૌન જાળવીને લાવીશ તો જ તે આવશે. કશું પણ બોલતાંની સાથે જ શબ વડ પર પાછું પહોંચી જશે.'

૫. બીજે દિવસે વિક્રમ વડ પર ચડી શબને પીઠે બાંધીને નીચે ઊતારીને ચાલવા લાગ્યો. શબે તેને સંબોધીને કથા કહેવા માંડી અને આરંભે કહ્યું, 'મારી વાતને અંતે હું તને જે પ્રશ્ન પૂછીશ તેનો ઉત્તર તું જાણતો હોવા છતાં જો નહીં આપે તો તને મારી હત્યાનું પાપ લાગશે.' એ રીતે શબે કથા કહેવાનું શરૂ કર્યું અને વિક્રમ હોંકારો દીધા વિના સાંભળવા લાગ્યો. કથા પૂરી કરતાં છેલ્લે શબે વિક્રમને એ કથાને લગતી સમસ્યાનો ઉત્તર આપવા કહ્યું અને ઉમેર્યું, 'તું જાણતો હોય ને ઉત્તર નહીં આપે તો તારું હૃદય ફાટી જશે અને કથાનાં પાત્રોનાં મૃત્યુનું પાપ તને લાગશે.' એટલે વિક્રમે કથાગત સમસ્યાનો ઉત્તર આપ્યો અને એમ મૌનભંગ થતાં શબ ઊડીને ફરી સિદ્ધવડ પર પહોંચી ગયું. વિક્રમ વળી બીજે દિવસે શબને એ જ રીતે પીઠ પર બાંધી નીચે ઊતર્યો અને શબે વિક્રમને બીજી સમસ્યાગર્ભ કથા કહી. એ રીતે શબે નીચે પ્રમાણેની પચીસ સમસ્યાગર્ભ કથાઓ કહી અને તેમાંની ચોવીસને અંતે વિક્રમે આપેલા ઉત્તરથી તેનો મૌન-ભંગ થતાં દર વખતે શબ ઊડીને ચાલ્યું જતું.

(૧) પ્રેમનાં પારખાં (હસવામાંથી હાણ.) (૨) વર ચાર અને કન્યા એક–૨, (૩) સ્વામીભક્ત સેવકનું સ્વાર્પણ (જુઓ : વેતાળપચીસી–૧, વાર્તા–૪, (૪) વધુ પુણ્ય કોનું ?–૧ (જન્માંતરનાં વિપરીત સગપણ), (૫) વર ચાર અને કન્યા એક, (૬) ચાર પ્રકારના વૈદ્યમાં કયો વૈદ્ય ઉત્તમ ?, (૭) વધુ બળિયો કોણ ? (ઠગનારી ઠગાઈ), (૮) ચંદન અને મલયાગિરી–૨, (૯) સતનાં પારખાં–૧, (૧૦) કલિયુગનો પ્રભાવ (કયું પુણ્ય વધે ?), (૧૧) ડાકણનું આળ (સાંકેતિક ભાષાપ્રયોગ), (૧૨) વર ચાર અને કન્યા એક–૩, (૧૩) વધુ ઉત્તમ વિદ્યા કઈ ?, (૧૪) વધુ કોમળ કોણ ?, (૧૫) જીમૂતવાહન–૨, (વધુ ભલું કોણ ?) (૧૬) પ્રેયસીના મિલન માટે અંતઃપુરમાં સ્ત્રીરૂપે પ્રવેશ. (વેતાળપચીસી–૧, ચૌદમી કથા) (૧૭) ચાર વર અને કન્યા એક–૪ (વધુ પુણ્ય કોનું ?–૨) (૧૮) વધુ નિષ્ણાત કોણ ? ભોજન-ચંગ, નારીચંગ, આસનચંગ, શય્યાચંગ કે ભોગચંગ ?, (૧૯) સંસારમાં સારમાં સાર શું ?, (૨૦) વધુ લાભકર્તા શું ? ઘીનું સેવન, જાગતા રહેવું, અતિથિધર્મ કે પત્ની પરનો અંકુશ ? (૨૧) ચાર વર અને કન્યા એક–૫, (૨૨) વધુ ડાહી કોણ ? (અમરફળ), (૨૩) કન્યાને અનુરૂપ વર : ચારમાં કોને કયો અનુરૂપ ?, (૨૪) આજીવિકાનાં ચાર સાધનમાંથી ઉત્તમ સાધન કયું ? (૨૫) સગપણની સંબંધજાળ.

[આમાંથી પાંચમી કથા સિવાયની બાકીની બીજી બધી કથાઓ માટે જુઓ તેમનાં શીર્ષક પ્રમાણે આ કથાકોશ. પાંચમી કથા માટે જુઓ આ કથાકોશમાં 'વર ત્રણ અને કન્યા એક'–૨]

૬. આમ શબે કહેલી પચીસમી કથાની સમસ્યાનો ઉત્તર વિક્રમ ન આપી શક્યો અને તેણે મૌન પાળ્યું, એટલે શબ ઊડીને પાછું ન જઈ શક્યું. વિક્રમ શબને લઈને ઉજ્જેણીમાં આવ્યો અને પોતાની શય્યા પાથરીને તેને તેમાં સુવાડ્યું. એ પછી શબે વિક્રમને પોતાની કથની માંડીને કહી અને જણાવ્યું :

'સિદ્ધ કાલે મને મારશે અને પરમદિવસે તને મારશે. એણે અત્યાર સુધીમાં એકસો છ બત્રીસલક્ષણાને મારીને એકસો છ સોનાનાં પૂતળાં સિદ્ધ કર્યાં છે. તે ઉપરાંત તેમનો અર્ક કાઢીને એકસો છ રતિ અમૃત તેણે સિદ્ધ કર્યું છે. આપણને બંનેને મારી, અર્ક કાઢી તે એકસો આઠ સુવર્ણ પુરુષ અને એકસો આઠ રતિ અમૃત સિદ્ધ કરશે. વળી મને સોંપતાં તને બ્રહ્મહત્યાનું પાપ લાગશે અને પરદુઃખભંજક તરીકેની તારી કીર્તિને કલંક લાગશે તે વધારામાં.' આ હકીકત જાણીને વિક્રમે પોતાનું વચન કેમ પાળવું અને તે છતાં બ્રાહ્મણપુત્રને અને પોતાની જાતને કેમ બચાવવી તેનો ઉપાય શબને પૂછ્યો. શબે ઉપાય બતાવ્યો. તે અનુસાર સવારે વિક્રમે સિદ્ધને એ શબનું બલિદાન આપીને સોનાનું પૂતળું સિદ્ધ કર્યું અને તેના અર્કમાંથી નીપજેલું એક રતિ અમૃત પોતાની અમૃતકૂપીમાં ઉમેર્યું. હવે બાકી રહેલા એક બત્રીસલક્ષણા તરીકે વિક્રમને વાપરવા તે તેની પાસે ગયો અને કહ્યું : 'હું તારી સેવાથી પ્રસન્ન થઈને તને સોનાનું અક્ષય પૂતળું કેમ સિદ્ધ કરવું તેનો કીમિયો શીખવવા માગું છું.' તેનું કહેવું સ્વીકારીને કીમિયો શીખવા વિક્રમ સિદ્ધની પાસે ગયો. સિદ્ધે અઢળક પૂજાસામગ્રી વડે યજ્ઞ કર્યો. તે પછી કાળીચૌદશની મધરાતે સિદ્ધ વિક્રમને સાથે લઈને સ્મશાનમાં ગયો અને ત્યાં તૈયાર કરેલી ઊકળતા તેલની કઢાઈની પાંચ પ્રદક્ષિણા કરવા તેણે વિક્રમને કહ્યું. ચેલાએ પહેલેથી વિક્રમને ચેતવ્યો હતો : 'કઢાઈની પ્રદક્ષિણા કરતાં લાગ જોઈને સિદ્ધ તને તેલની કઢાઈમાં હોમી દેશે.' એટલે વિક્રમે સિદ્ધને કહ્યું : 'પ્રથમ ગુરુ કરે તે પ્રમાણે હું કરું ?' આથી સિદ્ધ આગળ અને વિક્રમ તેની પાછળ એ પ્રમાણે તેલકઢાઈના ફેરા ફરવા તેમણે શરૂ કર્યા. ત્રણ ફેરા પૂરા થતાં, લાગ જોઈને વિક્રમે 'લેજે ભવાની ભોગ' બોલીને, ચેલાની સૂચના પ્રમાણે, સિદ્ધને ઊંચકી તેલકઢાઈમાં હોમી દીધો. તેનું સાડાત્રણ મણ સોનાનું પૂતળું બની ગયું અને તેના અર્કમાંથી એક રતિભાર અમૃત પણ નીપજ્યું.

૭. પછી વિક્રમને પોતાના ઉપકારી સાધુની આ રીતે દગાથી હત્યા કરવાના પાપનો પસ્તાવો થયો. એટલે તેનાં હાડકાં પર અમૃત છાંટીને તેણે તેને સજીવન કર્યો અને કરેલા પાપના પ્રાયશ્ચિત્ત તરીકે પોતાનું બલિદાન આપવા તેણે સિદ્ધ પાસે પોતાની જાતને ધરી દીધી. ઉપરાંત પોતાનો આખો સુવર્ણભંડાર પણ તેને ચરણે ધર્યો. તેના હૃદયની આવી ઉદારતા જોઈ સિદ્ધમાં પણ સાત્ત્વિક વૃત્તિનો ઉદય થયો. વિક્રમની પ્રશંસા કરીને તેણે અમૃત છાંટીને પહેલાં તો ચેલાને સજીવન કર્યો. ચેલો સિદ્ધને પગે પડ્યો અને પોતે અહંકાર કર્યો તે માટે તથા ગુરુની સામો થયો તે માટે તેણે ક્ષમા માગી. સિદ્ધે તેને આશીર્વાદ આપ્યા. તે પછી બાકીના એકસો છ બત્રીસલક્ષણાનાં હાડકાં ઉપર અમૃત છાંટીને તેમને સજીવન કર્યા અને તેમને એક એક સોનાનું પૂતળું ભેટ આપ્યું. તેઓ વિક્રમની સ્તુતિ કરીને પોતપોતાને સ્થાને ગયા. સિદ્ધ સિદ્ધાચલ અને સમેતશિખરની યાત્રાએ ગયો. બ્રાહ્મણપુત્ર કાશી જઈને પોતાનાં માતાપિતાને મળ્યો. જતાં જતાં તે બંનેએ વિક્રમને આશીર્વાદ આપ્યા કે, તારો સંવત પ્રવર્તજો અને તારી કીર્તિ યાવચ્ચંદ્રદિવાકરી રહેજો.

[આધાર : **'સિંહાસનબત્રીસી'-૨,** બત્રીસમી કથા]

**વેતાળ ભાટ (સિંહાસનબત્રીસી–૨,** વીસમી કથા) ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી સભારંજની નામની વીસમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમરાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. શિવકૃપાએ ભાટની પુત્રપ્રાપ્તિ :** કનોજનો ભીમ ભાટ શેષનાગનો ભાટ હોવાથી કરોડપતિ હતો, પણ વાંઝિયો હતો. તેણે વનમાં જઈ શિવપૂજન કર્યું. સ્વપ્નમાં આવી શિવે કહ્યું : 'તારા પૂર્વજન્મનાં પાપ આડાં આવે છે.' ભીમે ઘરે આવીને ઘણાં દાનપુણ્ય અને હોમહવન કર્યાં, અને ફરી વનમાં જઈ શિવદહેરે એક વરસ તપ કર્યું. એવામાં એક અપુત્ર માછીમારે શિવને માથે માછલાં પછાડવાની ધમકી આપી, એટલે શિવે તેને પાંચ પુત્રનું વરદાન આપ્યું. આ જોઈને અન્યાયથી દુઃખી થયેલો ભાટ પોતાના પેટમાં પાળી મારવા જતો હતો, ત્યાં શંકરે તેને વાર્યો અને છાણના પોદળામાં ખદબદતા કીડામાંથી પાંચ પાપિયા જીવ માછીમારને આપ્યાનું જણાવ્યું. વળી કહ્યું કે, તારા તપને યોગ્ય પ્રતાપી પુત્ર આપવા માટે મારી એક કલા તારે ત્યાં પુત્ર તરીકે અવતરશે. તે તારું ઘણું ધન ખરચશે, પણ તું તેને વારીશ તો તે ઘર છોડીને ચાલ્યો જશે.

**૨. લાખા ગણિકા અને વેતાળ ભાટ :** ભીમને ત્યાં દેવાંશી પુત્ર જન્મ્યો. વેતાળ નામ પાડ્યું. વિદ્યાવંત, સત્યવાદી અને દાનેશ્વરી થયો. જુગારની લત લાગી. જુગારમાં જે જીતતો તેનું તે દાન કરી દેતો. પચાસ કરોડ આ રીતે વાપરી નાખ્યા. ભીમ ભાટે ટકોર કરી, એટલે વેતાલ વાપર્યાથી દસગણું ધન લાવી આપવાની પ્રતિજ્ઞા કરીને ઘર છોડી ગયો. રસ્તામાં પડેલી એક મોજડી તેણે ઉપાડી એટલે ગેબી શબ્દ થયો : 'ઇંદ્રની અપ્સરા શાપિત થઈને લાખા ગણિકા તરીકે ઉજેણીમાં અવતરી છે. તું લાખા ગણિકાની શય્યા છોડી શકે તો જ

મને ઉપાડજે.' વેતાળ મોજડી લઈ અવધૂતનો વેશ ધરીને ઉજ્જેણી આવ્યો. કોઈને ન જાચવાનો તેણે નિર્ણય કર્યો. જેણે લાખાનો સમાગમ કરવો હોય તેણે તેના આવાસને દરવાજે રાખેલા દુંદુભિ ઉપર સાત ઘા દઈ સાત લાખ સોનામહોર આપવી પડે, એવું પ્રતિહાર પાસેથી જાણીને વેતાળે મોજડીથી દુંદુભિ ઉપર સો જેટલા ઘા કરી તેને તોડી નાખ્યું. લાખાએ વેતાળને બોલાવીને સત્કાર્યો. રાતે તેની સેવામાં લાગી ગઈ, પણ તે નિર્વિકાર રહ્યો. લાખાએ પુરુષાતન વગરનો હોવાનું મહેણું માર્યું, ત્યારે વેતાળે પોતે સ્ત્રીજિત હોવાનું કહ્યું. બંને વચ્ચે સ્ત્રીઓના ગુણ–અવગુણ બાબત વિવાદ થયો. વેતાળે પરસ્ત્રી વિનાશનું મૂળ હોવા વિશે દૃષ્ટાંત કહ્યું.

**૩. જારને ફસાવતી કુલટા** : દીપાશાની દીકરીએ વહોરવા જતા વરતિયાને બોલાવીને તેની સાથે રાત ગાળી. સવારે શેઠ આવી પહોંચતાં વરતિયો સંડાસમાં સંતાયો. અને શેઠ સંડાસે ગયા, એટલે બીકનો માર્યો, વરતિયો મળકૂપમાં પડ્યો. સાત દિવસ ત્યાં રહ્યા પછી વરસાદ વરસતાં ખાળનો ધોરિયો પડ્યો. તે વડે શરીર ધોઈને પાછો તે તરુણી પાસે આવીને સમાગમ કરવા ગયો, ત્યાં શેઠ આવ્યો. એટલે તરુણીએ વરતિયાને પેટીમાં સંતાડ્યો. વહેમ જતાં શેઠે પેટીમાં જોયું. તરુણીએ અજાણ બનીને બધો વાંક વરતિયા પર ઢોળી દીધો. શેઠે માર મારી, નાકકાન વાઢીને વરતિયાને તગડી મૂક્યો.

**૪. વિક્રમ વડે વેતાળ ભાટને દાન–સંમાન** : રાત વીતી જતાં વેતાળ જવા ઊપડ્યો. લાખાએ નિયમ પ્રમાણે ધન માગ્યું. 'વિક્રમને આશિષ દેતાં જે મને મળશે તે તારું.' એવું વચન આપીને વેતાળ રાજસભામાં પહોંચ્યો. વિક્રમે "આવો," "ધન્ય ધન્ય" અને "કલ્યાણ" કહેતાં તે તે શબ્દ લઈ વેતાળે શીઘ્ર કવિતા રચી આશીર્વાદ દીધા. વળી ગૂઢ અને અવળવાણીમાં પણ અનેક આશીર્વાદ ઉચ્ચાર્યા. વિક્રમે પૂછેલી સમસ્યાના ઉત્તર આપ્યા, તથા પોતાનો પરિચય દેતાં પાંડિત્ય અને ચતુરાઈ પ્રગટ કર્યાં. પ્રસન્ન થઈને વિક્રમે સિંહલદેશના રાજા તરફથી પાંચ વરસની ખંડણી પેટે અઢળક ધન, હાથીઘોડા વગેરે જે આવ્યું હતું તે વેતાળ ભાટને ભેટ આપ્યું અને એ ઉપરાંત પોતાનો મહેરામણ હાથી પણ તેને આપી દીધો. વેતાળે એ બધી ભેટ–સોગાદ લાખાને ઘેર મોકલી આપી અને પોતે સ્મશાનમાં જઈ રોટલા શેકવા બેઠો. લાખા મહેરામણ હાથી ઉપર બેસીને વિક્રમને મુજરો કરવા આવી. વચન આપ્યા પ્રમાણે વેતાળે તેને એ ભેટ આપી હોવાનું તેણે જણાવ્યું, એટલે વિક્રમે સ્મશાનમાં જઈને ગણિકા પાસેથી હાથી પાછો લઈ લેવા વેતાળને કહ્યું. પણ પોતે રાજભાટ હોઈને વચનભંગ કરવાની વેતાળે ના કહી. વિક્રમના પ્રધાને, અને ફરીથી વિક્રમે પણ વેતાળ ભાટને નવાજ્યો. વેતાળ આશિષ દઈને પોતાને ગામ જવા નીકળ્યો.

**૫. વેતાળ ભાટનું બ્રાહ્મણને દાન** : રસ્તામાં એક બ્રાહ્મણ મળ્યો. પોતાની મનમાની કન્યાને વરવાની તેના પુત્રની પ્રતિજ્ઞા હતી. બીજા એક બ્રાહ્મણની પુત્રીને એવી પ્રતિજ્ઞા હતી કે, જે તેનું કહ્યું કરે તેને જ તે વરશે. પહેલા બ્રાહ્મણના પુત્રને એ કન્યાને પરણવાની ઇચ્છા થઈ. કન્યાએ ઘણું મોટું પલ્લું માગ્યું, એટલે પુત્રનો બાપ વિક્રમ રાજા પાસે યાચવા નીકળ્યો. તેણે વેતાળ ભાટનો વૈભવ જોઈ તેને વિક્રમ રાજા માનીને આશીર્વાદ આપ્યા. વેતાળ ભાટે તેની વાત જાણીને પોતાને મળેલી બધી ભેટનું તેને દાન કરી દીધું, પણ બ્રાહ્મણે જે માગીને મળેલું હોય તેનું દાન લેવા ના પાડી. વિક્રમને આ વાતની જાણ થઈ. તેણે બ્રાહ્મણને વેતાળે આપેલું દાન લઈ લેવા સમજાવ્યો અને વેતાળને ફરીથી મોટી ભેટ આપી. ઘરે આવીને બધું પિતાને સોંપ્યું.

**૬. વેતાલેશ્વરનું પ્રાગટ્ય** : થોડાં વરસ પછી તપ કરવા માટે વનમાં જવા તેણે પિતા પાસે વિદાય માગી. પછી શિવદહેરામાં પૂજા કરીને બારણાં વાસી દીધાં. વીસ પહોર પછી લોકોએ બારણાં ઉઘાડ્યાં. તો વેતાળને બદલે ત્યાં નવું શિવલિંગ પ્રગટેલું જોયું. કનોજમાં તે વેતાલેશ્વરના લિંગ તરીકે પ્રખ્યાત થયું.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર દાનેશ્વરી તરીકે બેસવાનો અધિકાર છે.

આ કથા ભોજરાજાને કહીને સભારંજની પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : '**સિંહાસનબત્રીસી**'–૨, વીસમી કથા]

**વેશપલટાની યુક્તિથી બચવું** (કુલટાચરિત્રની દૃષ્ટાંત-કથા) (**સૂડાબહોંતેરી**, ઓગણસાઠમી કથા) : એક વાર સુખા સલાટની વહુ સારા સલાટણ પાણી ભરવા જતી હતી ત્યારે ધીરાજી ઠાકોર તેનું રૂપ જોઈને આકુળવ્યાકુળ થઈ ગયો. પછી તો રાતદિવસ તેને જ ચિંતવતો તે મરવા પડ્યો. તેના લાડકા નામે ખવાસે એના મનની વાત જાણીને એક વાર સારા તળાવે લૂગડાં ધોતી હતી ત્યારે તેને મળીને ધીરાજીની હાલત જણાવી. સારાનું મન જાણીને તેણે ધીરાજીને વાત કરી. ધીરાજી નાહવાને બહાને તળાવે આવ્યો. પૂનમને દિવસે ધીરાજીની ગરાસણી તેને પિયર જવાની હતી. એટલે બપોરે સારા ધીરાજીને ઘરે આવે એવું નક્કી કર્યું. ધીરાજીનો પડોશી વીરિયો તે વેળા તળાવકાંઠેના વડ પર ચડેલો હતો.

એને ધીરાજી સાથે વેર હતું. એ સારા અને ધીરાજીની વાત સાંભળી ગયો. વેર લેવાનો આવો લાગ તેને મળે તેમ ન હતો. પૂનમે સવારે ગરાસણી ગઈ એટલે લાડકો સારાને સંદેશો આપી આવ્યો. બપોરે સારા ધીરાજીને ઘરે આવી. બંને જણ રમતાંજમતાં મનના કોડ પૂરા કરતાં હતાં, ત્યારે, વીશિયાએ હાકેમ પાસે જઈને ધીરાજી કોઈક પારકી બૈરી સાથે છીનાળું કરતો હોવાનું જણાવ્યું. 'વાત ખોટી નીકળશે તો તને દંડીશ', કહીને હાકેમ સો માણસને લઈને ધીરાજીના ગામે આવ્યો. માણસોને ઝાંપે ચોકી કરવા મૂકી, બેચાર જણ સાથે તે ધીરાજીના ઘર તરફ આવ્યો. લાડકો ધીરાજીના ઘરની બહાર ચોકીપહેરો કરતો હતો. તે દોડતો અંદર આવ્યો અને ધીરાજીને જાણ કરી કે, વીશિયો હાકેમને લઈ આવ્યો છે એવા ખબર મને હમણાં જ મળ્યા. ધીરાજીને મોતના ઓળા દેખાયા. સારાએ સહેજ પણ ન ગભરાવાનું કહી, રજપૂત જુવાનનો વેશ સજ્યો. હાથમાં ભાલો લીધો, પોતાનાં કપડાંની પોટલી વાળી ખવાસના હાથમાં આપી અને ઘોડા પર પલાણી સાથે ખવાસને લઈને, ધીરાજીનો કોઈ સગો હોય તેમ વટથી ઘોડા ખેલાવતી ગામના પાછળના ભાગમાં પહોંચી ગઈ અને ત્યાં પોતાનાં કપડાં પહેરી લઈ, રવિવાર હોવાથી ચોકમાં રહેલા મંદિરે દેવીપૂજા કરવા નીકળી. આ તરફ હાકેમ ધીરાજીને ઘરે પહોંચ્યો. એટલે ધીરાજીએ તેની આગતાસ્વાગતા કરીને ઘેર પધારવાનું કારણ પૂછ્યું. હાકેમે વીશિયાએ ખોટી ચાડી ખાધી તેની તપાસ કરવા આવ્યો હોવાનું જણાવ્યું. પછી વીશિયાનું ઘર લૂંટી લઈ એને ભૂંડે હાલે શૂળીએ દેવા લઈ જવાતો હતો ત્યારે સારાએ તેને છોડાવ્યો.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, ઓગણસાઠમી કથા]

**વૈદ્યના ચાર પ્રકારમાંથી કયો ઉત્તમ? (વેતાલ-પચીસી–૨ છઠ્ઠી કથા)** : એક વૈદ્ય નાડીપરીક્ષા કરી રોગ-ચિકિત્સા કરવામાં નિષ્ણાત, બીજો કયા રોગમાં કયું ઔષધ લાગુ પડે તેનો નિષ્ણાત. ત્રીજો બધી વનસ્પતિ ઓળખવામાં નિષ્ણાત. ચોથો ઔષધિ પરથી ઔષધ બનાવવામાં નિષ્ણાત.

વેતાળનો પ્રશ્ન : આ ચારમાં સૌથી ઉત્તમ કોણ?

વિક્રમનો ઉત્તર : રોગપારખુ. રોગની પરખ થયા પછી બાકીના બીજાઓની વિદ્યા કામ લાગે.

[આધાર : **'વેતાલપચીસી'**–૨, છઠ્ઠી કથા]

**શકુંતલા** : ૧. સાકેતપુર નગરમાં દુષ્યંત નામે એક ન્યાયપ્રિય રાજા હતો. એક વખત તે વનમાં કેલિ કરવા ગયો હતો, ત્યારે તેણે એક કુરંગ જોયો. આથી તે તેનો શિકાર કરવા તેની પાછળ ગયો. કુરંગ ઝડપથી ગાઢ વનમાં પ્રવેશી ગયો. રાજા ત્યાં પહોંચ્યો અને તેની ઉપર શરસંધાન કર્યું. એ વખતે એક તાપસે અચાનક 'રહેવા દે' 'રહેવા દે' એમ કહી, 'રાજા તો અન્યાયથી રક્ષણ કરનાર કહેવાય, તે તો પૃથ્વીનો પાલક છે' વગેરે વગેરે શીખ આપી અને પાસે રહેલા આશ્રમમાં જઈ ગુરુને વંદન કરવા કહ્યું.

રથ છોડીને રાજા આશ્રમના પવિત્ર સ્થળે પહોંચ્યો. ત્યાં લતામંડપમાં તે આરામ કરતો હતો તે વેળાએ પાણી ભરવા આવેલી પ્રિયંવદા નામની એક કન્યાને વાત કરતી સાંભળી : 'કુંઠ નામના અહીંના કુલપતિ અને શકુંતલાના પિતા પોતાની યુવાન પુત્રી માટે વર શોધવા યાત્રાનું નિમિત્ત કરી પ્રભાસતીર્થ તરફ ગયા હતા. પાછળથી પરોણારૂપે આવેલા દુર્વાસાને શકુંતલા ઓળખતી ન હોવાથી આદર ન આપ્યો. આથી કોપેલા દુર્વાસાએ તેને શાપ આપ્યો કે, તને પરણનાર પરણ્યા પછી તને ભૂલી જશે. આટલું કહીને એ જતા હતા ત્યારે મેં તેમને પગે લાગીને શકુંતલા ભોળી હોવાનું કહી ક્ષમા આપવા કહ્યું. ઘણી વિનંતી કર્યા પછી દુર્વાસાએ કહ્યું : 'મારો શાપ ફોક નહીં થાય, પણ જો તે કન્યા પતિને વીંટીનું એંધાણ આપશે તો તે તેને ઓળખી જશે. પ્રિયંવદા રમતી રમતી શકુંતલા વૃક્ષોને પાણી સીંચતી હતી ત્યાં આવી.

શકુંતલાને જોઈને રાજાનું ચિત્ત કામબાણથી વીંધાયું. તેને ગમે તે રીતે મેળવવા તેણે વિચાર કર્યો. રાજાએ પોતાના મિત્રને જગાડીને કન્યા વિશે પૂછપરછ કરી. સખીએ સઘળી વિગતો આપી. મેનકા નામની ઇંદ્રની અપ્સરાને વિશ્વામિત્ર ઋષિથી જન્મેલી એ કન્યા હોવાનું તેણે જણાવ્યું.

કન્યાનો સર્વ વૃત્તાંત સાંભળી મિત્ર રાજા પાસે આવ્યો. તેની પાછળ શકુંતલા પણ આવી. રાજાના રૂપને જોઈ તેને અનુરાગ થયો. સખીઓ તેની પાસેથી આઘીપાછી થઈ. તે વખતે શકુંતલા ગંધર્વવિવાહથી ભૂપતિ સાથે પરણી ગઈ.

રાજા તાપસના ભયને કારણે પોતાને નગર જવા તૈયાર થયો. ત્યારે શકુંતલાએ તેને તે ભૂલી ન જાય તે માટે નામાંકિત વીંટી આપવા કહ્યું. રાજા નગરમાં પહોંચ્યો ત્યારે કુલપતિ આશ્રમમાં આવ્યા. સખીએ શકુંતલાના પાણિગ્રહણનો સઘળો વૃત્તાંત કહ્યો. મુનિ રાજી થયા, કેમ કે દુષ્યંત એક મહાપુરુષ હોઈને પોતાની મનોવાંછના સિદ્ધ થઈ.

૨. શકુંતલાને ગર્ભ રહ્યો. આશ્રમમાં પ્રસવ થાય તો તે અપવિત્ર થાય એમ કહી ઋષિએ તેને તાપસી તથા બે શિષ્યો સાથે તેને સાસરે રવાના કરી. કુલપતિએ તેને શીખ આપી વળાવી. ચાલતાં ચાલતાં તે સાકેતપુરી પાસે આવી પહોંચી.

તે જલ પીવા એક સરોવર નજીક ગઈ. ત્યારે હાથપગ ધોતાં હાથમાંની વીંટી પાણીમાં પડી ગઈ. શકુંતલાને તેનું ભાન ન રહ્યું.

પછી રાજસભામાં જઈ મુનિના શિષ્યે દુષ્યંતને તેની પરણેતર શકુંતલાને લઈ આવ્યાનું જણાવી એનો સ્વીકાર કરવા કહ્યું, ત્યારે રાજાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું 'કોણ કુંઠ મુનિ અને કોણ શકુંતલા ?' શકુંતલાનું નામ પણ ન સાંભળ્યું હોવાનું તેણે કહ્યું, ત્યારે 'કન્યાને પરણીને તે તેને કેમ ભૂલી ગયો ?' એવો શિષ્યે આક્ષેપ કર્યો. એથી રાજા ક્રોધે ભરાયો. ઋષિશિષ્યે દુષ્યંતને નારીલંપટ કહ્યો. પ્રધાને રાજાને ઋષિનો કોપ ન વહોરવા સમજાવી, એક વાર તે સ્ત્રીને જોઈ લેવા અને સાચી વાત પામવા કહ્યું. પ્રધાને શકુંતલાને રાજાને પરણી હોવાની કોઈ એંધાણી હોય તો તે પ્રકટ કરવા કહ્યું. શકુંતલાએ મુદ્રિકાનું એંધાણ છે એમ કહી, તે બતાવવા જતાં આંગળીમાં મુદ્રિકા ન જોઈ. શકુંતલાને તેથી ફાળ પડી. રાજાએ તેને અસતી કહીને આશ્રમમાં પાછી લઈ જવા શિષ્યોને કહ્યું. શિષ્યો તો તેને મૂકીને ચાલતા થયા. શકુંતલાને આશ્રમવાસીઓનાં કડવાં વેણ સાંભળી ભારે આઘાત લાગ્યો. તેણે પોતાનાં પાપનું ફળ ભોગવી રહી હોવાનું વિચાર્યું. એવામાં નાગેશ્રીએ તેને બહેન માની પોતાને ઘરે રાખી. પૂરે દિવસે તેણે તેજસ્વી પુત્રને જન્મ આપ્યો.

૩. હવે એક વાર ઝવેરીને ત્યાં વીંટી વેચવા ગયેલા માછીમાર પાસેની વીંટીને ઓળખી જઈને શેઠે તેને પકડી રાજાને જાણ કરી. વીંટી જોઈને રાજાને પોતાનો પૂર્વવૃત્તાંત સાંભરી આવ્યો. વીંટી ક્યાંથી મળી એમ પૂછતાં માછીમારે તે સરોવરમાંથી મળી હોવાનું જણાવ્યું.

દુષ્યંત શકુંતલાના વિરહમાં ટળવળવા લાગ્યો. દુઃખ ભૂલવા વનવિહાર કરવા ગયેલા રાજાએ સિંહ સાથે અતુલબળથી ઝૂઝતા એક બાળકને જોયો. બાળકે સિંહને મારી નાખ્યો જાણી રાજાનાં લોચન ઉલ્લાસમય થયાં. તે બાળકને ભેટ્યો.

બાળકે પોતાનો પિતા દુષ્યંત અને માતા શકુંતલા હોવાનું જણાવ્યું. દુષ્યંતે પુત્રને ઓળખ્યો. તેની પાસેથી શકુંતલાની ભાળ મેળવી તેની ક્ષમા માગી. દુષ્યંત તેમને સંમાન સાથે નગરમાં લઈ આવ્યો અને કુંવરને યુવરાજપદે સ્થાપ્યો.
[આધાર : '**શકુંતલા–રાસ**']

**શઠની સામે શઠતા–૧** : જુઓ, **લોઢું ઊંદર ખાઈ ગયા.**

**શઠની સામે શઠતા–૨** : જુઓ, **ઠગારી ગણિકા અને ચતુર પોપટ**

**શંખધમક** : શાલિગ્રામનો એક ખેડૂત ખેતરના પાકનું પ્રાણીઓથી રક્ષણ કરવા રાતે માંચડા પર ચડીને શંખ ફૂંકતો. એક વાર ગાયોનું ધણ ચોરીને ચોર એ ખેતર પાસે આવી પહોંચ્યા. શંખનાદ સાંભળી તેમને થયું કે, વહાર કરવા માટે ગામલોકો આવી રહ્યા છે, એટલે તેઓ ગાયોને મૂકી દઈ નાસી ગયા. સવારે ખેડૂતે ગાયોને જોઈ અને ગામલોકોને સોંપતાં, પોતે શંખ વગાડી ચોરોને ભગાડ્યા અને ગાયોને બચાવી એ પ્રમાણે જશ લીધો. ગામ લોકોએ તેનું સન્માન કર્યું. આથી તે રોજ રાતે વધુ જોરથી શંખ ફૂંકવા લાગ્યો. બીજી વાર ચોરો બીજે ગામથી ગાયોને ભગાડી લઈ જતા એ ખેતર આગળથી નીકળ્યા અને શંખનાદ સાંભળતાં તેઓ સમજી ગયા કે, આ તો કોઈક પોતાના ખેતરની રખવાળી કરવા શંખ ફૂંકી રહ્યો છે. આ પહેલાં છેતરાયાની ખીજ સાથે ચોરોએ ખેડૂત પાસે આવી એનો માંચડો તોડી પાડ્યો, એને સારી રીતે પીટ્યો અને નાગો કરીને બાંધી દીધો. સવારે ત્યાંથી નીકળેલા ગોવાળોએ ખેડૂતની દુર્દશા જોઈ શું બન્યું તે પૂછ્યું. શંખધમકે કહ્યું : ધમો, ધમો પણ અતિશય ન ધમશો, નહીં તો મેળવેલું ખોશો.' અને તેણે પોતાની આપવીતી કહી.
[આધાર : '**જંબૂકુમાર**', ઘટક : ૮, કનકસેનાએ જંબૂકુમારને કહેલું દૃષ્ટાંત]

**શાલિભદ્ર અને ધન્યકુમાર** : જુઓ, **ધન્યકુમાર અને શાલિભદ્ર**

**શિયાળ અને દુંદુભિ** (**પંચાખ્યાન**, ઘટક ૨.૨) : કોઈક સ્થળે રણભૂમિમાં પડેલ એક દુંદુભિ ઉપર લટકતી વેલોની ડાળીઓના છેડા અથડાતાં, દુંદુભિમાંથી અવાજ ઊઠ્યા કરતો હતો. તે સાંભળીને ગભરાયેલા એક શિયાળે તે વન છોડીને બીજે ચાલ્યા જવા વિચાર્યું. પણ પછી એ અવાજના કારણની તપાસ કરવાનું તેણે નક્કી કર્યું. પાસે જઈને જોયું, તો દુંદુભિમાંથી અવાજ ઊઠતો હતો. તેણે કૌતુકથી તે વગાડ્યું. તેને લાગ્યું કે તે પુષ્કળ માંસ, મેદ અને લોહીથી ભરેલું છે. એવા સ્વાદિષ્ઠ ભોજનની આશામાં તેણે દુંદુભિના ચામડાને ચીરવા માંડ્યું. ચીરતાં તેની દાઢ તૂટી ગઈ. પણ તે ન

ગણકારતાં તેણે દુંદુભિની અંદર પ્રવેશ કર્યો. જોયું તો માત્ર લાકડું જ હતું અને તે પણ ખાલીખમ.

[આધાર : **'પંચાખ્યાન–બાલાવબોધ,'** ઘટક ૨.૨, દમનકે પિંગલકને કહેલું દૃષ્ટાંત]

**શિયાળ અને હરણી** (પત્નીની વફાદારી વિશે દૃષ્ટાંત-કથા) : હંમેશના આડેધડ પ્રાણીને મારતાં વાઘથી ત્રાસીને, જનાવરોએ વાઘને બોલાવીને એવું ઠરાવ્યું કે, તેને હંમેશાં તેઓ એક પશુ પૂરું પાડશે. ઘણા દિવસ આ ગોઠવણ ચાલી. એક વાર એક ખોડા શિયાળનો વારો આવ્યો. સૌના કહેવાથી તે વારાને આગલે દિવસે જ રવાના થયો. રાત પડતાં એક ગુફામાં તેણે આશરો લીધો. ત્યાં પહેલેથી જ એક હરણીએ વાસો કર્યો હતો. સાથે રાતવાસો રહેવાનો જોગ થતાં જાતિસ્વભાવ પ્રમાણે તેમણે પરસ્પરનો સંગ કર્યો. સવારે હરણીએ જ્યારે કહ્યું : 'આપણે બંને એકલા છીએ તો ધણી-ધણિયાણી તરીકે સાથે કેમ ન રહીએ ?' ત્યારે શિયાળે ખુલાસો કર્યો કે, 'મારે તો વાઘ પાસે તેના ભક્ષ તરીકે જવાનું છે.' અને એમ કહી શિયાળ ચાલવા માંડ્યો. હરણી પણ એક જ રાતની પ્રીત છતાં તેના પ્રેમથી ખેંચાઈને તેની સાથે જ ગઈ. 'એકને બદલે બે કેમ આવ્યાં ?' એવો પ્રશ્ન કરતાં તેમણે માંડીને પોતાની વાત કરી. પછી શિયાળ કહે : 'મને પહેલો ખા.' હરણી કહે : 'મને.' તેમની આવી પ્રીતિથી ખુશ થઈને વાઘે બંનેને જીવતાં છોડી મૂક્યાં.

[સંદર્ભ : **'મદન અને મોહના,'** ઘટક ૨, મોહનાએ મદનને કહેલી દૃષ્ટાંતકથા]

**શિવ મુનિ** : જુઓ, **'અભયકુમાર મંત્રી'**, ઘટક ૧૨.૧

**શીલવતી–૧ : ૧.** ઉજ્જેણીનગરીમાં વિક્રમાદિત્ય રાજા. તેણે બે કુમારીઓને વાતચીત કરતી સાંભળી : એક કહેતી હતી, 'હું જે વરને પરણીશ તેને દેવની જેમ પૂજીશ.' બીજી કહેતી હતી 'હું તેને મારો વશવર્તી દાસ બનાવીને રાખીશ.' વિક્રમ તે પછી તરત એ બીજી કન્યાનું માગું કરી તેને પરણ્યો, તેને એકદંડિયા મહેલમાં બીજા કોઈ પુરુષનો સંપર્ક ન થાય એ રીતે રાખી. માત્ર પોતે એકલો જ ત્યાં આવતો જતો.

**૨.** એકવાર મહેલના ગવાક્ષમાં બેઠેલી રાણીએ નીચે રસ્તા પર પાલખીમાં બેસી એક તરુણ વેપારીને આવતો જોયો. નાગરવેલના પાન પર પ્રેમસંદેશ ઝડપથી લખી તેનું બીડું વાળી તેના પર નાખ્યું. ગગનધૂલિ નામના એ તરુણે ઊંચે જોયું. રાણીની આંખ સાથે તેણે આંખ મેળવી. પછી બીડું ઉઠાવી લઈ સંદેશો વાંચ્યો. રાત્રે તે પાટલા ઘો નાખીને દોરડાથી ચડી મહેલમાં પ્રવેશ્યો. બંને પ્રેમીએ સમાગમ કર્યો. ત્યાં વિક્રમના આવવાનો સમય થયો એટલે રાણીએ ગગનધૂલિને સંતાડી દીધો. વિક્રમ પર રાણીએ પૂરો પ્રેમ ઢોળ્યો. પણ કેટલાક સંકેતો પરથી વિક્રમને કોઈ પરપુરુષ આવેલો હોવાની શંકા ગઈ. પણ તે કશું બોલ્યો નહીં.

**૩.** તે પછી એક રાતે નગરચર્યાએ નીકળેલા વિક્રમે એ એકદંડિયા મહેલની સમીપમાં રહેલા દેવાલયમાં એક તરુણ યોગીને ધ્યાનસ્થ બેઠેલો જોયો. અંધારું ગાઢ થતાં યોગીએ પોતાની પાસે રહેલી અંધારીમાંથી મંત્રબળે યોગિનીને પ્રગટ કરી. બંનેએ ભોગવિલાસ કર્યો. તે પછી યોગી નિદ્રાધીન થતાં પેલી યોગિનીએ પોતાની પાસેની ઝોળીમાંથી મંત્રબળે એક પુરુષને પ્રગટ કર્યો, અને તેની સાથે ભોગવિલાસ કર્યો. યોગી જાગે તે પહેલાં તેણે તે પુરુષને પાછો પોતાની ઝોળીમાં છુપાવી દીધો. આ સ્ત્રીચરિત્ર જોઈને રાજાનો પોતાની રાણીના ચરિત્રનો આઘાત હળવો થયો. યોગી પાસેથી તેની વિદ્યા શીખવા વિક્રમે વિચાર્યું. વળતે દિવસે તેને તેણે પોતાને ત્યાં ભોજન માટે નિમંત્ર્યો.

વિક્રમે રાણીને પાંચ જણની રસોઈ કરાવવાનું અને જમવા માટે પાંચ આસન મૂકવા કહ્યું. સમય થતાં, પહેલા આસન પર વિક્રમ બેઠો. બીજા આસન પર યોગીને બેસાડ્યો. પછી વિક્રમે યોગીને અંધારીમાંથી 'યોગિની' પ્રગટ કરવા જણાવ્યું. ચમકેલા યોગીએ યોગિનીને પ્રગટ કરી. વિક્રમે એને ત્રીજા આસન પર બેસાડી. પછી યોગિનીએ એની ઝોળમાંના પુરુષને પ્રગટ કરવા કહ્યું. આથી ચમકી ગયેલી યોગિનીએ તે પ્રમાણે કર્યું. વિક્રમે એ પુરુષને ચોથા આસન પર બેસાડ્યો. પછી વિક્રમે રાણીને એના પ્રેમીને બોલાવીને પાંચમા આસન પર બેસાડવા જણાવ્યું. રાણીને ફ્રાસકો પડ્યો પણ કોઈ છૂટકો ન હોવાથી ગગનધૂલિને બોલાવી લાવી અને તેને પાંચમા આસન પર બેસાડ્યો. ભોજન કરાવ્યા બાદ વિક્રમે યોગી–યોગિનીને વસ્ત્રાદિ આપી વિદાય કર્યાં.

**૪.** ગગનધૂલિ સાથે તે પછી એકાંતમાં બેસી વાતચીત કરતાં વિક્રમે તેના ગળામાં વણકરમાયેલી ફૂલમાળા જોઈને તેનું રહસ્ય તેને પૂછ્યું, એટલે ગગનધૂલિએ પોતાનો વૃત્તાંત કહ્યો : 'હું ચંપાનગરીના ધનાવહ શેઠનો પુત્ર ધનકેલિ છું. મને વેપારવણજની ઊંડી સૂઝ છે. વેપારી કાફલામાં હું સેંકડો પશુઓ ઉપર પરદેશથી માલ લાદીને લાવતો અને કાફલાના ચાલવાથી ધૂળની ડમરીઓ ચડતી તેથી લોકોએ મારું ગગનધૂલિ

એવું નામ પાડ્યું. મારાં લગ્ન કૌશાંબીના વિમલવાહન શેઠની પુત્રી સાથે થયાં. તે પછી થોડા સમયે હું ચંપાનગરીની કામપતાકા વેશ્યાના મોહમાં પડ્યો. હું તેને ત્યાં જ પડ્યો રહેતો. મારું બધું ધન મેં તેને લૂંટાવી દીધું. માતાપિતાએ મને ઘરે પાછો લાવવા ઘણું કર્યું, પણ હું ન માન્યો. છેવટે માબાપ મરણશરણ થયાં. મારું બધુંય ધન ખલાસ થયું. કામપતાકાએ મને કાઢી મૂક્યો. ઘરે પાછો આવ્યો ત્યારે ઘરની દુર્દશાની, માબાપના મૃત્યુની અને પત્ની પિયર ચાલી ગયાની મને ખબર પડી. હું પત્નીને તેડી લાવવા કૌશાંબી-મારે સાસરે ગયો. મારી કંગાળ દશામાં મને કોઈએ ઓળખ્યો નહીં. એક અજાણ્યા ભિખારી તરીકે પત્ની પાસેથી ભિક્ષા લઈ તેનાથી પેટ ભરી રાત્રે પોળને ઓટલે હું સૂતો. મધરાતે મારી સ્ત્રીએ હાથમાં લાડુનો થાળ લઈ ચુપચુપ ઘરમાંથી નીકળી, મને જગાડી લાડુનો થાળ મારા હાથમાં આપી પોતાની સાથે આવવા કહ્યું. ચાલતાં ચાલતાં અમે એક સોનીની દુકાન પાસે ત્યાં રહેલા એક પુરુષે મારી સ્ત્રીને લાત મારી, આગલી રાત્રે પહોંચ્યાં. ન આવવા માટે ધમકાવી. લાત વાગતાં તે મારા પગ પાસે આવી પડી, ત્યારે મેં અંધારામાં તેના ગળામાંથી માદળિયું કાઢી લીધું. પછી મારી પત્નીએ તેના જારને વીનવી લાડુ ખવરાવ્યા અને એ બંનેએ સમાગમ કર્યો. પછી હું અને મારી પત્ની પોતપોતાને સ્થાને પાછાં ફર્યાં.

૬. બીજે દિવસે મેં પેલું માદળિયું ખોલીને જોયું તો તેમાંથી મારા પિતાની લખેલી ચિઠ્ઠી મળી કે, આપણા ઘરમાં અમુક જગ્યાએ ચાર કરોડ સોનામહોરો દાટેલી છે. મેં ચંપાનગર આવી, ઘરમાં તે જગ્યાએ ખોદી બધું ધન હાથવગું કર્યું. તેનાથી વેપારનો માલ ખરીદી વહાણુ ભરી ઠાઠમાઠથી હું કૌશાંબી પહોંચ્યો. સાસરે મારું ભવ્ય સ્વાગત થયું. રાત્રે હું શય્યામાં સૂતો હતો ત્યારે મારી સેવા માટે મારી પત્ની આવી પહોંચી. જેવો તેણે મને સ્પર્શ કર્યો, એટલે મેં ઊંઘમાંથી જાગી ઊઠ્યાનો ડોળ કરી તેને કહ્યું કે, તેં મારો સ્વપ્નભંગ કર્યો. તેણે સ્વપ્નની વાત પૂછતાં મેં તે રાતે તેણે તેના પ્રેમી સાથે કરેલા રંગરાગની વાત કરી. એ સાંભળી તે બેભાન થઈ ગઈ. એટલે મેં તેને ઉપાડીને તેના પ્રેમી સોનીના ઘરના દ્વાર પાસે મૂકી દીધી અને છુપાઈને તેમનો વ્યવહાર જોતો રહ્યો. સોની તેને અંદર લઈ ગયો અને તેને ભાનમાં આણ્યા પછી બંનેએ સમાગમ કર્યો. આથી ક્રોધવશ બની મેં તે બંનેને તલવારને ઝાટકે મારી નાખ્યાં અને દુકાન પાસે ખાડો ખોદીને દાટી દીધાં. સસરાને ઘરે પાછો આવીને હું સૂઈ ગયો. સવાર પડતાં પુત્રી ગુમ થયાનું જણાતાં ઘણી ધમાલ અને શોધાશોધ થઈ પડી. છેવટે મેં મારા સસરાને બનેલી ઘટના જણાવી. તે ઘણા દુઃખી થયા. તે પછી હું સાસરેથી વિદાય થતો હતો, ત્યારે મારી કુંવારી સાળીએ આડા ફરીને તેનાં માતાપિતાની ઇચ્છાને માન આપી પોતાની સાથે લગ્ન કરવા મને વીનવ્યો. તેની બહેનનું ચરિત્ર જોઈ આખી સ્ત્રીજાતિ પ્રત્યે તિરસ્કાર થયો હોવાનું મેં તેને કહ્યું. તેણે પોતાના શીલ અને સતીત્વ વિશે પ્રતિજ્ઞાપૂર્વક એટલું બધું કહ્યું કે છેવટે મેં તેની સાથે લગ્ન કર્યાં. પછી તેને લઈને હું ચંપાનગરી આવ્યો.

૭. થોડા સમય પછી મારે વેપાર અર્થે વિદેશ જવાનું થયું, ત્યારે મારી નવી પત્નીએ પોતે શીલરક્ષણ કરીને રહેશે તેની પ્રતીતિ તરીકે મને આ ફૂલમાળા પહેરાવી અને કહ્યું કે, જ્યાં સુધી હું શીલવતી હોઈશ ત્યાં સુધી આ ફૂલમાળા નહીં કરમાય. પછી હું રવાના થઈ દેશેદેશ માલનું ખરીદ–વેચાણ કરતો અહીં ઉજ્જેણીમાં આવી પહોંચ્યો.’ ગગનધૂલિની પત્નીના શીલ–પ્રતીકરૂપ અમ્લાન રહેતી ફૂલમાળાનું આવું રહસ્ય હોવાનું સાંભળીને વિક્રમ પ્રભાવિત થયો. પણ તેણે અત્યાર સુધીમાં જે સ્ત્રીચરિત્ર જોયાં, તેથી તેને ગગનધૂલિની પત્નીની અડગતા પર વિશ્વાસ ન બેઠો. તેણે વળતે દિવસે રાજસભામાં ગગનધૂલિની વાત કરીને તેની સ્ત્રીની શીલપરીક્ષા કરવાનું કોણ માથે લે છે એમ પૂછ્યું. મંત્રી મૂલદેવે બીડું ઝડપ્યું. ચંપાનગરી જઈને મૂલદેવે ગગનધૂલિની પડોશણ એક ડોશીને સાધી. ડોશી ગગનધૂલિની પત્ની પાસે વારંવાર આવી મૂલદેવનો સમાગમ કરવા તેને કીંમતી ભેટોથી લલચાવવા લાગી. આ વાતથી આખરે કંટાળેલી ગગનધૂલિની પત્નીએ મૂલદેવને કંઈક પાઠ ભણાવવાનું વિચારીને ડોશીને અમુક દિવસે મૂલદેવને લઈ આવવા કહ્યું. નક્કી કરેલે દિવસે આવેલા મૂલદેવનું ગગનધૂલિની પત્નીએ સ્વાગત કર્યું. સ્નાન વગેરે કરી જેવો મૂલદેવ વાણુ વિનાના પલંગ પર બિછાવેલી શય્યા પર ચડ્યો તેવો જ ભોંયતળિયે રહેલા ભંડકિયામાં પટકાઈ પડ્યો. તેનાં હાડકાંપાસળાં ખોખરાં થયાં. ચાર દિવસ પછી શીલવતીએ ઉપરથી દોરડી વડે એને ભોજન આપવાનું શરૂ કર્યું. આમ કેટલોક સમય પસાર થયો. મૂલદેવને ગયાને કેટલાક દિવસ થયા છતાં ગગનધૂલિની ફૂલમાળા વણકરમાયેલી જેઈને વિક્રમે પોતાના બીજા મંત્રી સહદેવને મૂલદેવની તપાસ કરવા અને શીલવતીની શીલપરીક્ષા કરવા મોકલ્યો. સહદેવે પણ પેલી ડોશીની સહાય લીધી અને તેની પણ શીલવતીએ મૂલદેવ જેવી જ ભૂંડી દશા કરી. તે પછી બેચાર દિવસે પેલી ડોશી મૂલદેવ–સહદેવના ખબર પૂછવા આવી, ત્યારે તેને પણ યુક્તિપૂર્વક ભંડકિયામાં ધકેલી દીધી. આમ ત્રણે જણ છ માસ સુધી નરકયાતના ભોગવતાં એ ભંડકિયામાં રહ્યાં.

૮. આ તરફ ગગનધૂલિએ પોતાનું વેપારનું કામકાજ પૂરું થતાં વિક્રમ પાસે પોતાને નગર જવાની રજા માગી. રાજાના મનમાં ચંપાનગરી મોકલેલ બે મંત્રીઓ અત્યાર સુધી પાછા આવ્યા ન હતા એની ચિંતા હતી. એટલે એ પણ ચંપાનગરી જોવા જવાને બહાને ગગનધૂલિની સાથે ગયો. ગગનધૂલિએ ચંપાનગરીમાં વિક્રમના ઉતારા માટે અલાયદો પ્રબંધ કર્યો. ફૂલમાળા કરમાઈ નથી તે જોઈજાણી ગગનધૂલિ અને શીલવતીને સંતોષ થયો. શીલવતીએ મૂલદેવ-સહદેવવાળી ઘટના ગગનધૂલિને જણાવી. ગગનધૂલિએ વિક્રમને પોતાના ઘેર જમવાનું નિમંત્રણ આપ્યું. જમવા માટે વિક્રમ અને તેનો પરિવાર આસન પર બેઠાં, એટલે ગગનધૂલિ ભંડકિયા પાસે જઈ બોલ્યો : 'હે યક્ષો, રસોઈ હાજર કરો.' આગળથી કરેલી ગોઠવણ પ્રમાણે ભંડકિયામાંથી ભોજનથાળ ઉપર આપવામાં આવ્યા. વિક્રમને ગગનધૂલિએ જણાવ્યું કે, પોતે સાધેલાં યક્ષયક્ષિણી તેમની રસોઈ તૈયાર કરી આપે છે. ભોજન કર્યા પછી વિક્રમે શીલવતીને બોલાવી તેના શીલની પ્રશંસા કરી, પુત્રી ગણીને મૂલ્યવાન ભેટ આપી. પછી તેણે ગગનધૂલિને તેના વશવર્તી યક્ષયક્ષિણી બતાવવા કહ્યું. ભંડકિયામાંથી ત્રણે જણને બહાર કાઢી નવરાવી-ધોવરાવી એક બંધ પેટીમાં તેમને વિક્રમની સમક્ષ રજૂ કર્યાં. વિક્રમે પેટી ઉઘાડી, એટલે તેમાં હાડપિંજર બની ગયેલાં મૂળદેવ, સહદેવ અને મરણતોલ બનેલી ડોશીને જોયાં. શીલવતીએ પોતાની બુદ્ધિચતુરાઈથી કઈ રીતે તેમને પાઠ શિખવાડ્યો તે વર્ણન ગગનધૂલિએ વિક્રમને કહી બતાવ્યું. ત્રણેયે વિક્રમને અને શીલવતીને પગે લાગી પોતાના કર્મનો પસ્તાવો કર્યો. તેમને ક્ષમા આપવામાં આવી. વિક્રમ પણ શીલવતીને પગે લાગી ઉજ્જેણીમાં પાછો આવ્યો. ગગનધૂલિ અને શીલવતીએ સુખપૂર્વક જીવન વિતાવ્યું.

[આધાર : '**શીલવતી ચોપાઈ**', ઉદયકલશકૃત]

**શીલવતી-૨** : ૧. ચંપાપુરીના અપુત્ર રાજા સિંહસેનને કુળદેવીની આરાધનાથી પુત્રી પ્રાપ્ત થઈ. તેનું નામ શીલવતી રાખ્યું. શીલવતી યુવાનવયે પહોંચી ત્યારે સિંહસેને તેને કેવો વર મળશે તે અંગે જ્યોતિષીને પૂછ્યું. જ્યોતિષીએ જણાવ્યું કે, કન્યાને યોગ્ય વર તો મળશે, પણ તેનાથી તેને બાર વરસ સુધી વિયોગ થશે. એક વાર સિંહસેને તિલંગદેશની તિલકાપુરીના રાજકુમાર ચંદ્રગુપ્તની પ્રશંસા ત્યાંથી આવેલા વેપારીઓ પાસેથી સાંભળી. રાજાએ મંત્રીઓને મોકલીને શીલવતીની સગાઈ ચંદ્રગુપ્ત સાથે કરી. પછી પરણવા માટે ચંદ્રગુપ્ત ચંપાપુરી આવ્યો. શીલવતીના રૂપનાં વખાણ સાંભળીને તેણે તેને લગ્નવિધિ પહેલાં એક વાર જોઈ લેવાનું નક્કી કર્યું. વેશપલટો કરી એક મિત્રને સાથે લઈ, માલણને સાધીને એક ઉદ્યાનમાં સખીઓ સાથે શીલવતી આવેલી, ત્યારે તેને જોવાની ચંદ્રગુપ્તે ગોઠવણ કરી. સખીઓ સાથેની વાતચીતમાં વરના ગુણદોષની ચર્ચા નીકળી. એક સખીએ ચંદ્રગુપ્ત શીલવતી માટે યોગ્ય ન હોવાનું કહ્યું. ત્યારે શીલવતી એવું બોલી કે, 'જેવો ભાગ્યમાં લખ્યો હશે તેવો વર મને મળ્યો, પછી એમાં કોઈને દોષ દેવો યોગ્ય નથી.' એ વચનો સાંભળી ચંદ્રગુપ્તે માની લીધું કે પોતે શીલવતીને અણગમતો છે. આથી તલવાર ખેંચી શીલવતીને મારવા જતાં મિત્રે તેને વાર્યો. તે પછી મિત્રની સમજાવટથી અનિચ્છાએ તેણે શીલવતી સાથે લગ્ન કર્યાં. એક માસ ત્યાં રહ્યો તે દરમિયાન શીલવતી સાથે બોલ્યો પણ નહીં. શીલવતી આથી દુઃખી થઈ. પછી તે શીલવતીને લઈ સ્વદેશ આવ્યો. પણ શીલવતી સાથે કશો વ્યવહાર ન રાખ્યો. મિત્રે તે સુશીલ છે એવું સમજાવવા છતાં, અને શીલવતીએ અનેક રીતે વિનવણી કર્યા છતાં, તે સહેજ પણ પલળ્યો નહીં અને એક વાર કોઈને પણ જાણ કર્યા વગર બાવાને વેશે તે ઘર અને દેશ છોડી ચાલ્યો ગયો.

૨. ચંદ્રગુપ્ત ભટકતો ભટકતો કર્ણાટક દેશના કોટકનગરમાં આવી પહોંચ્યો. ત્યાંના શ્રીપતિ શેઠની દુકાને તે વિશ્રામ લેવા બેઠો. શેઠને ત્યારે એટલી બધી ઘરાકી થઈ કે તેણે ચંદ્રગુપ્તને શુકનિયાળ માન્યો. પોતાને ત્યાં તેને લઈ જઈ તેનો અતિથિસત્કાર કર્યો. તેની સેવામાં પોતાની યુવાન પુત્રી પ્રીતિમતીને મૂકી. તેણે ચંદ્રગુપ્તનો વિશ્વાસ પ્રાપ્ત કરીને તેનો વૃત્તાંત જાણ્યો. તેણે ચંદ્રગુપ્તને શીલવતીનો તેના પ્રત્યે પ્રેમ ન હોવાની શંકા નિરાધાર હોવાનું તેને ગળે ઉતાર્યું. નિર્દોષ પત્નીનો અનાદર કર્યાનો ચંદ્રગુપ્તને ભારે પસ્તાવો થયો. ઘેર પાછા ફરવામાં તેને લજ્જા લાગી. દરમિયાન પ્રીતિમતીએ તેનું મન જીતી લીધું. શ્રીપતિ શેઠે પુત્રીને ચંદ્રગુપ્ત સાથે પરણાવી. કેટલોક સમય વીત્યા પછી તિલકપુરીથી કોટકનગર આવેલા એક ભાટ સાથે ભેટો થતાં ચંદ્રગુપ્તે જાણ્યું કે, તેનાં માતા-પિતા તેના ચાલ્યા જવાથી ઘણાં દુઃખી રહેતાં હતાં. એટલે ચંદ્રગુપ્ત પ્રીતિમતીને થોડા સમય પછી બોલાવી લેવાનું વચન આપી, પિયરમાં જ રાખીને પોતે બાવાને વેશે તિલકાપુરી ભણી રવાના થયો.

૩.૧ કેટલેક દિવસે તે વસંતપુર પહોંચ્યો. દિવસ ચડી ગયો હોવા છતાં નગરના દરવાજા બંધ હતા. દરવાન પાસેથી તેણે કારણ જાણ્યું. નગરનો મંત્રી મરણ પામ્યો હતો. પણ તેનું શબ સ્મશાનમાં કોઈ રીતે બાળી શકાતું નહોતું. શબને ત્યાં મૂકીને આવે છે તો તે ઘરે પાછું આવી જાય છે. શબને જે બાળી આપે તેને રાજકુમારી મદનમંજરી પરણાવવાની

રાજાએ ઘોષણા કરી છે. એ વાત સાંભળી ચંદ્રગુપ્તે એ કામ પાર પાડવાનું માથે લીધું. મંત્રીનું શબ સાથે લઈ સ્મશાનમાં તેને સાચવતો તે બેઠો. રાતના પહેલા પહોરે એક કૌતુક થયું. તેણે દૂર કોઈ સ્ત્રીના રડવાનો અવાજ સાંભળ્યો. તપાસ કરતાં તેણે શૂળીએ લટકતા એક પુરુષની નીચે બેસીને રડતી એક સ્ત્રીને જોઈ. દુશ્મનોએ શૂળીએ ચડાવેલા પોતાના વરની છેલ્લી ઇચ્છા પૂરી કરવા તે કંસાર બનાવી લઈ આવી હતી, પણ તેના મોં સુધી તેનો હાથ પહોંચતો ન હતો. દયા લાવી ચંદ્રગુપ્તે પોતાના ખભા પર તે સ્ત્રીને ચડાવી ટેકો કર્યો. થોડી વારે તેણે ઊંચે જોયું, તો પેલી સ્ત્રી પુરુષને કંસાર ખવરાવવાને બદલે તેના શરીરમાંથી માંસના લોચા તોડીને ખાતી હતી. તેણે તરત તેને નીચે નાખી દઈ, તેનાં વસ્ત્રાભરણ ઉતારી લીધાં. એ વ્યંતરી નાગી નાગી નાઠી. તેનાં ઘરેણાંલૂગડાંની પોટકી બાંધી લઈને તે શબ પાસે આવીને બેઠો અને ભૂતપ્રેત સામે રક્ષણ મેળવવા તે સતી શીલવતીનું સ્મરણ કરી રહ્યો.

૩.૨ એટલામાં ત્યાં એક ભૂતનાયક દેખાયો. તેના કહેવાથી તે તેની ગુફા પાસે પહોંચ્યો. ત્યાં રહેલાં સોળસો ભૂતડાં ચંદ્રગુપ્તને જોઈ ખડખડાટ હસી પડ્યાં. ચંદ્રગુપ્તે પણ અટ્ટહાસ્ય કર્યું. હાસ્યનું કારણ પૂછતાં ભૂતડાં બોલ્યાં: 'તને એકને અમે આટલાં બધાં કઈ રીતે વહેંચી ખાશું તે વિચારે અમને હસવું આવ્યું.' ચંદ્રગુપ્તે પણ પોતાના હાસ્યનો ખુલાસો કર્યો: 'આ નગરના મરણ પામેલા મંત્રીને બાળવા માટે મારે બત્રીસસો ભૂતડાંને ઘાણીમાં ઘાલી તેલ કાઢી લઈ જવાનું છે. તેમાં તમે સોળસો મળી ગયાં, તેથી હું ખુશ થયો.' ડરી ગયેલાં ભૂત ચંદ્રગુપ્તનાં આજ્ઞાકારી બન્યાં. તેની આજ્ઞાથી તેમણે તરત જ એક જિનમંદિરનું નિર્માણ કરી દીધું, ઘરેણાંલૂગડાંની પોટલી શીલવતીને પહોંચાડી આવ્યાં અને સંભારે ત્યારે સેવામાં હાજર થવાનું કહીને તેમણે વિદાય લીધી. ચંદ્રગુપ્ત શબની ચોકી કરવા પાછો આવ્યો.

૩.૩ ત્રીજે પહોરે ચંદ્રગુપ્તે ચંદ્રના પ્રકાશમાં એક મનુષ્યનો પડછાયો જોયો. આ જોઈ તે તરત ઊઠ્યો અને પડછાયાની પાછળ પાછળ જવા લાગ્યો. એ ચોર હતો. તે રાજમહેલમાંથી રાજકુમારી વસુમતીને ઊંઘતી ઉપાડીને જંગલમાં લઈ ગયો, અને ત્યાં એક વડના પોલાણમાં ઊતરી નીચે રહેલા ભોંયરામાં પહોંચ્યો. જાગી ઊઠેલી રાજકુમારીને ચોરે કહ્યું: 'કાં તો તું મને પતિ તરીકે સ્વીકાર, નહીં તો આ સામે રહેલા અગ્નિકુંડના તું સાત ફેરા ફર, એટલે તને તેમાં હોમી દઉં.' રાજકુમારીએ પોતે શીલવતીના પતિ ચંદ્રગુપ્તને મનથી વરી હોવાનું કહ્યું અને પછી કુંડના ફેરા ફરવા લાગી. સાતમે ફેરે ચંદ્રગુપ્તે ચોરને ઊંચકીને અગ્નિકુંડમાં ફેંક્યો, તેવો જ તે સોનાનું પૂતળું બની ગયો. તેને કુંડમાંથી કાઢીને ભોંયરામાં જ રાખ્યું. પોતાને વરેલી વસુમતીને નિર્ભયપણે ભોંયરામાં રહેવાનું કહી, તેનું બારણું વાસીને તે ફરી શબની પાસે પહોંચ્યો.

૩.૪ ચોથે પહોરે શબ ધ્રૂજવા અને ઊછળવા લાગ્યું. ચંદ્રગુપ્તે તેની અંદર રહેલા વ્યંતરને યુદ્ધનું આહ્વાન આપ્યું. શબમાંથી નીકળી એક યક્ષ પ્રગટ થયો. ચંદ્રગુપ્તે તેને યુદ્ધમાં પરાજિત કર્યો. હારેલા યક્ષે તેને જણાવ્યું કે, શબના મોઢામાં બે ચમત્કારી રત્ન છે. એક જળમાં ડૂબવા દેતું નથી અને બીજું અગ્નિમાં બળવા દેતું નથી. પછી યક્ષ અદૃશ્ય થઈ ગયો. ચંદ્રગુપ્તે શબના મોઢામાંથી એ રત્નો કાઢી લીધાં અને ચિતા સળગાવી શબનું દહન કર્યું.

૩.૫ સવાર થતાં જ રાજના રક્ષકો આવ્યા. તેમણે ચંદ્રગુપ્તને જીવતો જોયો, શબ બળતું જોયું અને સમીપમાં એક શિખરબદ્ધ જિનમંદિર ઊભું થયેલું જોયું. અચરજ પામી તેઓ ચંદ્રગુપ્તને રાજા પાસે લઈ ગયા. રાજાએ તેની જાતિ અને કુળ પૂછ્યાં. 'હું નીચ કુળનો હોઉં તોયે શું થયું? મેં શરત પૂરી કરી છે. એટલે ઘોષણા કર્યા પ્રમાણે તમારે પ્રધાનપુત્રી મદન-મંજરી મને પરણાવવી જ રહી.' ચંદ્રગુપ્તે કહ્યું. આથી રાજા વિમાસણમાં પડ્યો. ત્યાં તો અંતઃપુરમાંથી પોકાર ઊઠ્યો કે, મહેલમાંથી કોઈક કન્યાનું હરણ કરી ગયું છે. આ સાંભળી રાજા ખૂબ પરિતાપ પામ્યો અને એણે ઘોષણા કરી કે, રાજકુમારીને પાછી લાવી આપે તેની સાથે તેને પરણાવશે. ચંદ્રગુપ્તે રાજા પાસેથી એ ઘોષણા પ્રમાણે વચન પાળવાની ખાતરી મેળવીને તેને તેના અનુયાયીઓ સાથે પેલા ભોંયરામાં લઈ ગયો અને રાજકન્યા બતાવી. રાજાએ પ્રધાનપુત્રી અને રાજકુંવરી ચંદ્રગુપ્તને પરણાવી.

૪. થોડો વખત તેમની સાથે રહ્યા પછી, ચંદ્રગુપ્તને શીલવતી સાંભરી આવી. બંનેને થોડા દિવસમાં બોલાવી લેવાનું વચન આપી, તેમને ત્યાં જ રાખી ચંદ્રગુપ્ત સાધુ બાવાનો વેશ ધરી ત્યાંથી જવા નીકળ્યો. રસ્તામાં એક કાયસ્થ વેપારી કામદત્ત મળ્યો. તે વહાણ લઈ સિંહલદ્વીપ જતો હતો. એ શેઠના નોકર તરીકે રહી ચંદ્રગુપ્ત તેની સાથે ગયો. સમુદ્રમાં વહાણ ચાલતાં હતાં તેવામાં એક રાત્રે કોઈ દેવ આકાશમાંથી બોલ્યો, 'આ મુહૂર્તમાં જો સ્ત્રીપુરુષનો સમાગમ થાય અને જે પુત્ર જન્મે તેના મુખમાંથી નિત્ય એક રત્ન ખરે.' આ વચનો સાંભળી જાગતા ચંદ્રગુપ્તને પોતે શીલવતીથી દૂર હોવાનો પસ્તાવો થયો. તે જાણી જઈ આકાશચારી દેવે ગરુડનું રૂપ ધરી ચંદ્રગુપ્તને પીઠ પર બેસાડી શીલવતીના મહેલમાં લાવી મૂક્યો. શીલવતી સાથે ચંદ્રગુપ્તે સમાગમ કર્યો. પછી પોતે નોકર તરીકે બંધાયો હોવાથી પાછા ફરવું પડે

એમ જણાવી, ચંદ્રગુપ્તે પોતે આવ્યો હોવાની એંધાણી તરીકે શીલવતીને પોતાની નામાંકિત વીંટી આપી અને ફરી પેલા ગરુડની પીઠે સવાર થઈને રાતોરાત વહાણમાં પાછો પહોંચી ગયો.

૫. વહાણ સિંહલદ્વીપ આવી પહોંચ્યું. ત્યાં રાજા પાસેનાં બે મોતીની પરીક્ષા ચંદ્રગુપ્તે કરી આપી. તેથી તેના પર મોહી પડેલી રાજકુંવરી રત્નાવતીને રાજાએ તેની સાથે પરણાવી અને વહાણવટી સ્વદેશ પાછો જતો હોવાથી રત્નાવતીને વળાવી. શેઠ કામદત્તની દાઢ રત્નાવતીને જોઈને સળકી. રસ્તામાં એક વખત લાગ જોઈને ચંદ્રગુપ્તને સમુદ્રમાં ધકેલી દીધો અને પછી રત્નાવતીને પોતાને વશ થવા દબાણ કર્યું. રત્નાવતી અડગ રહી.

વહાણ આગળ ચાલી ભરૂચ પહોંચ્યું. ત્યાં કામદત્તે લોકોને કહ્યું કે, હું સિંહલદ્વીપની રાજકુમારીને પરણી લાવ્યો છું, પણ રત્નાવતીએ ભરૂચના રાજા પાસે જઈને સાચો વૃત્તાન્ત જણાવ્યો. રાજાએ કામદત્તને કારાગારમાં નાખ્યો અને રત્નાવતીને પોતાની પુત્રી સુલોચના સાથે પુત્રીની પેઠે રાખી.

૬. સમુદ્રમાં પડેલા ચંદ્રગુપ્તને રક્ષકદેવે ઉપાડી લઈ કિનારે મૂક્યો. ચંદ્રગુપ્ત ચાલવા લાગ્યો અને ધુતારાપુર નગરમાં આવી પહોંચ્યો. ત્યાં પણ તે રાજપુત્રી હંસાવલી અને પ્રધાનપુત્રી કામાવતીને પરણ્યો.

ધુતારાપુરની એક વેશ્યા સુવર્ણસિદ્ધિનો મંત્ર મેળવવા જોગણીઓને સાધતી હતી. તેમને બલિદાન તરીકે આપવા ઘણા પુરુષોને તેણે પોતાને ત્યાં ગોંધી રાખ્યા હતા. ચંદ્રગુપ્તને તે ભોળવીને પોતાને ત્યાં લઈ ગઈ. પછી ચાર પુરુષોને મારી તેનું બલિદાન જોગણીઓને આપવા તે અંતરીક્ષમાં ઊડીને ગઈ. વ્યંતરની સહાયથી ચંદ્રગુપ્ત તેની પાછળ ગયો. વેશ્યાએ જોગણીઓને ભોગ ધરીને કહ્યું કે, તમને ભોગ ધરવા મેં મારે ત્યાં બત્રીસલક્ષણો પુરુષ રાખ્યો છે. આ બધું ગુપ્ત રહી ચંદ્રગુપ્ત જોતો હતો. દરમિયાન લીલાવતી નામની વિદ્યાધર-કન્યા તેની પાસે આવી અને તેના આગ્રહથી ચંદ્રગુપ્ત તેની સાથે પરણ્યો. લીલાવતી માટે જ્યોતિષીઓએ પહેલેથી આવી આગાહી કરી હતી. પણ તેના ભાઈ મણિચૂડ અને રત્નચૂડ એવું થવા દેવા માગતા ન હતા. તેઓએ સેના સાથે આવીને ચંદ્રગુપ્ત ઉપર આક્રમણ કર્યું. ચંદ્રગુપ્તે વ્યંતરની સહાયથી તેમને હરાવ્યા. લીલાવતીના પિતા હેમરથે જમાઈનું સ્વાગત કર્યું. તેણે આપેલા તથા ધુતારાપુરના રાજાએ આપેલા સૈન્ય સાથે ચંદ્રગુપ્ત સોપારાપુર પહોંચ્યો. નગરમાં તે ફરવા નીકળ્યો ત્યારે જાણ્યું કે, જે પુરુષ ત્યાંની રાજકુમારી રતિસુંદરીની પાસે રાતે રહેતો તે સવારે મરેલો પડેલો જોવા મળતો. ચંદ્રગુપ્તે રાજકુંવરી સાથે રાત ગાળવાનું માથે લીધું. જાગતા રહેલા ચંદ્રગુપ્તે રાજકુંવરીના પેટમાંથી નીકળેલા ઝેરી સાપને ઝટકે દીધો. સવારે તેને જીવતો જોઈ રાજાએ તેને રતિસુંદરી પરણાવી. ચંદ્રગુપ્ત પોતાનો ભાણેજ હોવાની પણ રાજાને જાણ થઈ. ત્યાંથી ભરૂચ પાછા ફરેલા ચંદ્રગુપ્તે રાજકુમારી ત્રિલોચનાને કરડેલા સાપનું ઝેર ચમત્કારી રત્નના પ્રભાવે ઉતાર્યું અને બદલામાં રાજાએ ત્રિલોચનાને ચંદ્રગુપ્ત સાથે પરણાવી.

૭. શીલવતીને ચંદ્રગુપ્ત સાથેના સમાગમથી ગર્ભ રહ્યો. ગર્ભનાં ચિહ્ન પ્રગટ થતાં, સાસુએ તેના પર શીલભ્રષ્ટ હોવાનો આરોપ મૂક્યો. પેલી ઘરેણાંલૂગડાંની પોટલી જે ભૂતડાં સાથે ચંદ્રગુપ્તે મોકલાવેલી તેને કોઈ જાર તરફથી મળેલી ભેટ ગણી. ચંદ્રગુપ્તે આપેલી વીંટી શીલવતીએ પુરાવા તરીકે રજૂ કરી, પણ તેનું કોઈએ માન્યું નહીં. તેને ત્રાસ આપીને પછી તેને કાળાં વસ્ત્ર પહેરાવીને જંગલમાં મૂકી આવ્યાં. ત્યાંથી શીલવતી પોતાને પિયર પહોંચી. પણ માતાપિતાએ તેને દુરાચારી માનીને જાકારો દીધો. આગળ ચાલતાં શીલવતીને એક વણઝારાનો સાથ મળ્યો પણ વણઝારાના જુવાન પુત્રની આંખમાં તે વસી ગઈ વણઝારાએ તેને વિદાય કરી દીધી. જંગલનાં જોખમોથી જેમતેમ બચી શીલવતી શ્રીપુર પહોંચી અને અજાણ્યા લોકમાં એકલી આશ્રય વિનાની નદીકાંઠે બેઠી. એટલામાં એક વેશ્યા ત્યાં આવી અને શીલવતીને ફોસલાવીને પોતાના ઘેર તેડી ગઈ. તેને ત્યાં શીલવતીએ પુત્ર પ્રસવ્યો. શીલવતીને પોતાના ધંધામાં જોડવાના આશયથી વેશ્યાએ શીલવતી નદીએ કપડાં ધોવા ગઈ ત્યારે તેના પુત્રને મારી નાખવા દાસીને સોંપ્યો. રૂપાળા બાળકની હત્યા કરવાનો જીવ ન ચાલતાં દાસી તેને કામદેવના દહેરામાં મૂકી આવી. નદીએથી પાછી આવેલી શીલવતીને વેશ્યાએ કહ્યું કે, તારા છોકરાને બિલાડું તાણી ગયું. શીલવતી વેશ્યાને ઘરેથી નાસી છૂટી. રસ્તામાં શ્રીદત્ત શેઠ મળ્યા. તેણે તેનો વૃત્તાંત જાણીને તેને પોતાને ઘેર દીકરી તરીકે રાખી. કામદેવના દહેરામાંથી શીલવતીના પુત્રને વસુદત્ત શેઠની અપુત્ર પત્ની લક્ષ્મીવતી ઈશ્વરકૃપા ગણી પોતાને ઘેર લઈ ગઈ. તેનું નામ રત્નગુપ્ત રાખ્યું. થોડોક મોટો થતાં, એક વાર શ્રીપુર ઉપર ચડી આવેલી ભીલસેનાને તેણે પોતે બાળક હોવા છતાં યુદ્ધમાં હરાવી તેથી રાજાએ તેને પાંચસો ગામ ભેટ આપ્યાં.

૮. ભરૂચમાં રહેલા ચંદ્રગુપ્તને કેટલાક સમય પછી શીલવતીની યાદ આવતાં તે ચંપાપુરી આવ્યો. શીલવતીની કરવામાં આવેલી દુર્દશા વિશે જાણીને તે તેની શોધમાં

ભટકતો છેવટે શ્રીપુર નગરની પાસે નદીકાંઠે આવી પહોંચ્યો. થાક્યોપાક્યો તે એક ઝાડ તળે સૂતો. ત્રણ દિવસ પહેલાં અપુત્ર મરણ પામેલા ત્યાંના શ્રીષેણ રાજાના પ્રધાનો નવો રાજા નીમવા જે હાથણીની સૂંઢમાં કળશ આપીને નીકળેલા, તે હાથણીએ આવીને સૂતેલા ચંદ્રગુપ્ત ઉપર કળશ ઢોળ્યો. ચંદ્રગુપ્ત શ્રીપુરનું રાજ્ય અને રાજકુંવરી માનવતી પામ્યો.

ચંદ્રગુપ્તે એક વાર શ્રીપુરનગરનાં બાળકોને એકઠાં કર્યાં. તેમાં રત્નગુપ્ત પણ આવ્યો હતો. આ બાળકને અતિ તેજસ્વી જોઈને પૂછપરછ કરતાં તેના પરાક્રમની ખબર પડી. ચંદ્રગુપ્તે તેને એકાંતમાં બોલાવી તેના મોંમાં આંગળી ઘાલી, તો એક રત્ન હાથમાં આવ્યું. તે પછી રત્નની જોડીનું બીજું રત્ન શ્રીદત્ત શેઠને ત્યાંથી મળતાં, શીલવતી ત્યાં હોવાની ચંદ્રગુપ્તને ખાતરી થઈ. પછી નગરની બધી પરદેશી સ્ત્રીઓને ચંદ્રગુપ્તે એકઠી બોલાવી અને તેમાંથી તેને શીલવતીનો ભેટો થયો. તેથી તેને ખાતરી થઈ કે, એ જ એનો પુત્ર છે. પણ તે વખતે તો તેણે એને વિદાય કર્યો.

બીજી વાર તેણે શેઠિયાઓને પુત્રના મુખમાંથી નીકળેલું પોતાની પાસેનું રત્ન બતાવીને કહ્યું કે, આની જોડીનું રત્ન મેળવી આપો. છેવટે શીલવતીના ધર્મપિતા શ્રીદત્તે એવું રત્ન આપ્યું અને પછી તે ચંદ્રગુપ્તને બતાવવામાં આવ્યું એટલે એને ખાતરી થઈ કે શીલવતી શ્રીદત્તના ઘરમાં જ છે.

આ પછી ચંદ્રગુપ્તે નગરમાં રહેલી પરદેશી સ્ત્રીઓને એકઠી કરવાનો હુકમ કર્યો. એકઠી થયેલી સ્ત્રીઓમાં શીલવતી હતી. પડદામાં રહીને શીલવતીએ રાજા સાથે વાત કરી પછી તે ચંદ્રગુપ્તને જોઈને એને મળી.

શીલવતીના કહેવાથી પેલી વેશ્યાને બોલાવી તેને શિક્ષા કરી, પુત્રને બચાવનારી દાસીને ઇનામ આપ્યું. વસુદત્ત શેઠને બોલાવી રત્નગુપ્તની હકીકત પૂછી. તેણે રત્નગુપ્તને રાજાને સોંપી દીધો. શ્રીદત્ત તથા વસુદત્તને ઊંચો અધિકાર આપ્યો.

રસ્તામાં શીલવતીને જ્યાં સિંહ મળ્યો હતો ત્યાં તેણે એના નામની નગરી વસાવી અને દેવળ બંધાવ્યું.

ચંદ્રગુપ્ત અનેક રાજવીઓ પર યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી તેમની કુંવરીઓને પરણ્યો. બધી પત્નીઓને સાથે લઈને તે ચંપાપુરી પાછો આવ્યો. શીલવતીને સૌમાં અગ્રણી બનાવી. શીલવતીની સાસુએ શીલવતીની ક્ષમા માગી. ચંદ્રગુપ્ત સુખ ભોગમાં ગૃહસ્થ જીવન વિતાવી અંતે સંસારત્યાગ કરી સાધુ બન્યો.

[આધાર : **'શીલવતી રાસ'** નેમવિજયકૃત]

**શુકસારિકા : (સિંહાસનબત્રીસી–૨,** અઠ્યાવીસમી **કથા)** ફરી પાછો ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી પદ્માસના નામની અઠ્યાવીસમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી :

**૧. મેનાપોપટનો ઝઘડો** : એક વાર એકબીજા સાથે લડતાં મેનાપોપટ વિક્રમ રાજા પાસે ન્યાય કરાવવા આવ્યાં. મેનાએ ફરિયાદ કરી કે, રાત્રે વરસાદમાં મારો માળો વીંખાઈ ગયો, એટલે હું મારા આ મિત્ર પોપટના માળે આશરો લેવા ગઈ, પણ તેણે મને અંદર આવવા ન દીધી. પોપટે જણાવ્યું કે, સ્ત્રીઓ સ્ત્રીચરિત્રમાં નિપુણ હોવાથી મેં મધરાતે આવેલી તેનો વિશ્વાસ ન કર્યો. વિક્રમે પૂછ્યું, એટલે પોપટે સ્ત્રીચરિત્રના દૃષ્ટાંત લેખે નીચેની કથા કહી.

**૨. સ્ત્રીચરિત્રની દૃષ્ટાંતકથા** : રાજસેનનગરીના તરુણ રાજાને પોતાની રાણી ઉપર અનહદ પ્રીતિ હતી. એક દિવસ રાણી સર્પદંશથી મૃત્યુ પામી. તેની સાથે બળી મરવા જતા રાજાને પ્રધાને સમજાવીને વાર્યો. રાણીના શબને કાવડમાં ઊંચકીને તેણે અડસઠ તીર્થની યાત્રા બાર વરસે પૂરી કરી. તેનાં રૂપરંગ ઊડી ગયાં અને સુકાઈને લાકડું થઈ ગયો. પછી ચિતા ખડકી રાણીની સાથે તે બળી મરવા જતો હતો, ત્યારે શંકરપાર્વતી ત્યાંથી પસાર થતાં હતાં. પાર્વતીના કહેવાથી શંકરે જોગીનું રૂપ લઈ રાજાને ચિતામાં પડતો અટકાવ્યો. રાજાએ પોતાનું અર્ધું આયુષ્ય રાણીને આપ્યું, એટલે શિવકૃપાએ રાણી સજીવન થઈ. પછી રાજારાણી પોતાની નગરી તરફ જવા ઊપડયાં. રસ્તામાં ભોજન કરી રાજા રાણીના ખોળામાં માથું રાખીને સૂતો. એટલામાં પરદેશથી ઘણી સમૃદ્ધિ રળીને આવેલો એક વહાણવટી વાણિયો ત્યાંથી પસાર થયો. તેણે કૂબડા પતિને મૂકી દઈ પોતાની સાથે આવવા રાણીને પલાળી. ઊંઘતા પતિના માથા નીચે પથ્થર મૂકીને રાણી વાણિયાની સાથે ચાલી નીકળી. જાગેલો રાજા રાણીને શોધતો વાણિયાને ઘેર પહોંચ્યો અને શણગાર સજી બેઠેલી રાણીને પોતાની સાથે ચાલવા કહ્યું. રાણીએ તેને ગળેપડુ કહી ધમકાવ્યો. ફરિયાદ કરવા બંને પક્ષ તે ગામના રાજા પાસે ગયા. રાણી જ્યારે નામક્કર ગઈ ત્યારે તેના અસલ પતિ રાજાએ તેને પોતે આપેલું અર્ધું આયુષ્ય પાછું આપવા કહ્યું. જેવું રાણીએ પાણી મૂકીને 'તેં આપેલું અર્ધું આયુષ્ય પાછું આપું છું' એમ કહ્યું, તેવું જ તેનું શરીર નિર્જીવ થઈને પડયું. સૌ સાચી વાત સમજી ગયા.

રાજા પોતાની નગરીમાં પાછો ફર્યો, અને સ્ત્રીઓમાં તેણે વિશ્વાસ ગુમાવ્યો હોવાથી તે બીજી વાર ન પરણ્યો.

**૩. પુરુષચરિત્રની દૃષ્ટાંતકથા** : આ વાર્તા સાંભળી મેનાએ પુરુષચરિત્રની એક દૃષ્ટાંતકથા કહી : દરિદ્રતાને લીધે વાંઢો રહેલો એક બ્રાહ્મણપુત્ર ઘર છોડી દક્ષિણદેશના એક ગામમાં ભિક્ષાથી નિર્વાહ કરતો અગિયાર વરસ રહ્યો. એક બ્રાહ્મણને ત્યાં તે ભિક્ષા માગવા ગયો ત્યારે તેની રૂપાળી પુત્રીને જોઈને તેણે નિઃશ્વાસ નાખ્યો. તેના મનની વાત જાણીને બ્રાહ્મણપુત્રી તેના માબાપની સમજાવટ અને વિરોધ છતાં તેને પરણી. કેટલાક દિવસ પછી બ્રાહ્મણ માબાપની ખબર કાઢવા પોતાને ગામ જવા નીકળ્યો. ત્યારે તેની પત્નીએ પણ સાથે જવાનો આગ્રહ રાખ્યો. એક હાકેમના કાફલા સાથે બંને પ્રવાસ કરતાં આગળ ચાલ્યાં. બ્રાહ્મણીના રૂપથી મોહીને હાકેમે બ્રાહ્મણને લોભમાં નાખ્યો. બ્રાહ્મણે ચાર હજાર રૂપિયા અને બીજી ભેટો લઈને બ્રાહ્મણીને વેચી દીધી. પાણી પીવા જવાને બહાને તે પાછો વળી ગયો. બ્રાહ્મણે પોતાને વેચી મારી હોવાની વાત જાણીને બ્રાહ્મણીનું તાળવું ફાટી જતાં તે મૃત્યુ પામી. બ્રાહ્મણ પાસેથી ચોરોએ બધું ખૂંચવી લઈ તેને માર મારીને કાઢી મૂકયો.

**૪. શુકસારિકાનાં બચ્ચાંની વિક્રમ દ્વારા પુનઃપ્રાપ્તિ** :

વિક્રમ શુકસારિકાના ઝઘડાનો નિકાલ ન કરી શકયો. તેણે બંનેને પોતાને ત્યાં રહેવા કહ્યું, પણ પોપટનો પુત્ર ખોવાયો હતો અને સારિકાનાં બચ્ચાં માળા સાથે તણાઈ ગયાં હતાં તેથી બંનેએ ગંગામાં પડીને જીવનનો અંત આણવાનું વિચાર્યું. વિક્રમે તેમને થોડા દિવસ થોભી જવા કહ્યું. હરિસિદ્ધ માતા પાસેથી શુકસારિકાનાં બચ્ચાં કયાં છે તે જાણી લઈને વિક્રમ પહેલાં નંદસેન રાજાને ત્યાંથી પોપટના પુત્રને લાવવા જયંતપુર ગયો. નગરમાં બે રસ્તે પ્રવેશ મળતો. જે રાંક, કાયર, નામર્દ હોય તેને બારી વાટે પ્રવેશ મળતો. જે રાણીજાયો હોય તેને નગરદ્વાર વાટે પ્રવેશ મળતો અને તેને રાજા સાથે સોગઠાંબાજી રમવી પડતી. જો તે જીતે તો રાજા તેને માગ્યું આપતો, પણ જો તે હારે તો તળાવ ખોદવા તેને મજૂર તરીકે રહેવું પડતું.

વિક્રમે દ્વાર વાટે નગરમાં પ્રવેશ કર્યો. સોગઠાંબાજીની રમતમાં રાજા જે વીરની સહાયથી જીતતો હતો તેને વેતાળે સમજાવીને વિક્રમના પક્ષમાં લઈ લીધો. રાજા બે વાર હાર્યો. પછી વિક્રમ એક બ્રાહ્મણને માર્ગદર્શક બનાવીને નગર જોવા નીકળ્યો. તેણે પેલા પોપટના પુત્રને અને નંદસેનથી હારીને મજૂરી કરતા દસહજાર રાજાઓને જોયા. જુગારમાં જીત્યો તે પેટે વિક્રમે રાજા પાસેથી પોપટપુત્ર અને મજૂર બનાવેલા રાજાઓની મુક્તિ માગી લીધી. જીતનાર વિક્રમ રાજા છે એવું જાણતાં નંદસેને તેને પોતાની પુત્રી આપી, જે વિક્રમે બીજી ભેટો સાથે બ્રાહ્મણને આપી દીધી. પછી જે બેટમાં તુંબડીમાં સારિકાનાં બચ્ચાં હતાં, ત્યાં જઈને તુંબડી ઉઠાવી લાવ્યો. વિક્રમે પાછા આવીને શુક અને સારિકાને તેમનાં સંતાન સોંપ્યાં અને તેમને સુખસગવડ સાથે સોનાનાં પાંજરામાં રાખ્યાં.

આટલો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.

આ કથા ભોજરાજાને કહીને પદ્માસના પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી'–૨**, અઠ્યાવીસમી કથા]

**શૃંગારમંજરી–૧** : નંદનગરના શેઠને ત્યાં અજિતબલા દેવીની કૃપાથી પુત્ર જન્મ્યો. તેનું નામ અજિતસેન રાખ્યું. યુવાન થતાં તેને સયંગલાનગરીના જિનદત્ત શેઠની પુત્રી શીલવતી સાથે પરણાવ્યો. શીલવતી પશુપંખીની ભાષા સમજતી હતી.

એક વાર મધરાતે શીલવતીએ શિયાળની લાળી સાંભળી. તે એવા અર્થનું બોલતું હતું કે, 'નદીના જળમાં તણાઈને જતા એક શબ સાથે પાંચ રત્નો બાંધેલાં છે. કોઈ તે છોડી લઈ શબ મને ભક્ષ્ય તરીકે આપો.' શીલવતી ઘડો લઈ પાણી ભરવાને બહાને નદીએ પહોંચી. પાણીમાં ઊતરી શબ પરથી રત્નો લઈ તે શબ શિયાળને ભક્ષણ માટે આપી દીધું. શીલવતી ઘેર આવી અને સવારે બધો વૃત્તાંત પતિને જણાવીશ એમ વિચારીને તે સૂઈ ગઈ.

શીલવતીના જવાના–આવવાના સંચારથી જાગી ગયેલો અજિતસેન તેના શીલ અંગે શંકાશીલ બન્યો. બીજે દિવસે અજિતસેને આ વાત પિતાને જણાવી અને શીલવતીને એના પિયર મોકલી દેવાનું નક્કી કર્યું. તારા પિતાએ તને સત્વરે બોલાવી છે એવા અર્થનો પત્ર બતાવીને એને પિયર મોકલવાની તેમણે તજવીજ કરી. શીલવતી સમજી ગઈ કે, મેં તે રાત્રે કરેલા વ્યવહારનું આ ફળ છે. સસરો રત્નાકર શેઠ રથ જોડી શીલવતીને લઈને તેને પિયર મૂકી આવવા નીકળ્યો.

૨. આગળ જતાં રસ્તામાં એક નદી આવી. રત્નાકરે શીલવતીને મોજડી ઉતારીને પાર કરવા કહ્યું, તે છતાં શીલવતી મોજડી પહેરી રાખીને જ નદી ઊતરી. આગળ ચાલતાં રસ્તામાં એક ઘાયલ થયેલો સુભટ દેખાયો. રત્નાકરે એને શૂરવીર કહી બિરદાવ્યો, પણ શીલવતીએ એ કાયર હોવાનું

કહ્યું. આથી રત્નાકરે શીલવતીને અવળચંડી ગણી. આગળ જતાં એક દેવળ આવ્યું. રત્નાકરે એના અનુપમ સૌન્દર્યની પ્રશંસા કરી. જ્યારે શીલવતીએ એને કંદર સમ ગણાવ્યું. બાદમાં એક નગર આવ્યું. રત્નાકરે એને ઇન્દ્રભવન સમ ગણાવ્યું. જ્યારે શીલવતીએ એને જંગલ જેવું ગણાવ્યું. નગર છોડી જતાં એક નેસડો આવ્યો અને રત્નાકરે એને ગહન વન જેવો ગણાવ્યો, ત્યારે શીલવતીએ એને ઉત્તમ ગણાવ્યો. એટલામાં ત્યાંના નેસમાંથી શીલવતીનો મામો આવ્યો. તેણે બંનેને ઘેર લઈ જઈ જમાડી ચાદર ભેટ આપીને વિદાય કર્યાં. આગળ ચાલતાં રત્નાકર એક વડના ઝાડ નીચે વિશ્રામ કરવા બેઠો, ત્યારે શીલવતી વડનો છાંયડો છોડીને રથની છાયામાં બેઠી. વડ પર બેઠેલા કાગડાને વારંવાર કા કા કરતો સાંભળીને, એની ભાષા સમજતી શીલવતી તેને ઉત્તર આપતાં બોલી : 'આગળ કરેલી એક ભૂલને પરિણામે, મારે વરને છોડીને જવું પડે છે, તો જો બીજી ભૂલ કરું તો તો વળી મોટી આફત આવે.' રત્નાકરે તેને આવાં વચનો બોલવાનું પ્રયોજન પૂછ્યું, એટલે શીલવતીએ કહ્યું : 'તે રાત્રે હું શિયાળની લાળીનો અર્થ સમજીને નદીમાં તણાતા શબ પરથી જે પાંચ રત્ન લઈ આવી એ રત્ન મારી પથારી નીચે મેં મૂકેલાં છે. પણ એ કારણે મારા ચારિત્ર્ય પર શંકા આવી અને હું આ દશા પામી. હવે આ કાગડો કહે છે : 'આ વડ નીચે ધન દાટેલું છે. તે લઈ મને આહાર આપો.' હવે હું એના કહેવા પ્રમાણે કરવા જાઉં તો કદાચ પિયર ભેગી પણ ન થાઉં. એટલે મેં કાગડાને આવો ઉત્તર આપ્યો.' શીલવતીએ જે કહ્યું તેની ખાતરી કરવા રત્નાકરે બાજુના ગામમાંથી સાધનો લાવી વડ નીચે ખોદાવતાં ધનભંડાર મળી આવ્યો. આથી રત્નાકરને શીલવતી નિર્દોષ હોવાની પ્રતીતિ થઈ. પછી તેના આગ્રહથી બંને પોતાને ઘેર પાછાં આવવા નીકળ્યાં.

રસ્તામાં રત્નાકરે શીલવતીના આગળના વિચિત્ર વર્તન અંગે પૂછ્યું. શીલવતીએ ખુલાસો કર્યો : 'નદીના પાણીમાં રહેલા કાંટાકાંકરાથી બચવા મેં મોજડી પહેરી રાખી. સામે મળેલા સુભટની છાતી ઉપર નહીં, પણ પીઠ પર ઘા હતા, એટલે મેં એને કાયર કહ્યો. દહેરાને મેં જંગલ કહ્યું, કેમ કે ત્યાં રખડું, લફંગા અને જુગારીઓનો અડ્ડો હતો. નગરને મેં અરણ્ય કહ્યું, કેમ કે ત્યાં આપણું સ્વાગત કરનાર કોઈ ઓળખીતું ન હતું. નેસને મેં ઉત્તમ આવાસ કહ્યો, કેમ કે ત્યાં મારા મામાએ આપણો સત્કાર કર્યો. વડના છાંયડામાં હું ન બેઠી, કેમ કે સ્ત્રીને માથે જો પક્ષીની ચરક પડે તો તે અપશુકનથી છ માસમાં તે સ્ત્રી વિધવા થાય.' શીલવતીની આ બધી ડહાપણભરી વાત સાંભળીને રત્નાકરને તે અતિશય ચારિત્ર્યશીલ અને ગુણવાન હોવાની ખાતરી થઈ. તે શીલવતીને લઈને પોતાના ઘેર પાછો ફર્યો. રત્નાકરે અજિતસેનને સર્વ વૃત્તાંત જણાવતાં તેને પણ શીલવતીના શીલ અંગે ખાતરી થઈ અને તે પૂર્વવત્ એની સાથે આનંદપૂર્વક રહેવા લાગ્યો.

૩. શીલવતીની સલાહથી અજિતસેન નિત્ય રાજદરબારમાં જવા લાગ્યો. તેણે રાજાનો ખૂબ આદર મેળવ્યો. અરિમર્દન રાજાને ચારસો નવાણું પ્રધાન હતા. બુદ્ધિચાતુર્યમાં સર્વશ્રેષ્ઠ એવો તેમનો ઉપરી મુખ્ય પ્રધાન શોધવા અરિમર્દન રાજાએ કેટલીક કસોટી યોજી. અજિતસેન તેમાંથી પસાર થયો. એટલે તેને મુખ્ય પ્રધાન નીમ્યો.

૪. એક વાર શીલવતીએ અજિતસેનને કહ્યું : 'મારું શીલ ખંડન કરવા દેવ પણ સમર્થ નથી, તો અન્યની શી વાત ? પણ દૈવવશાત્ કદાચ તમારા મનમાં શંકા જાય તો ?' એમ કહી અજિતસેનના હાથમાં એક કમલનું ફૂલ આપતાં તે બોલી : 'મન, વચન અને કાયાએ કરીને જો મેં અન્ય પુરુષને વાંછ્યો હોય તો આ કમળ કરમાઈ જાઓ. જો હું શીલવતી હોઉં તો આ કમળ સદા વિકસિત રહો.' અજિતસેને આનંદપૂર્વક કમળનો સ્વીકાર કર્યો. અને સદા એને ધારણ કરતો રહેવા લાગ્યો.

૫. એક વાર શત્રુરાજ્યની સામે યુદ્ધ કરવા રાજા સાથે અજિતસેનને પણ જવાનું થયું. શીલવતીથી વિખૂટા પડવાના વિરહથી વ્યાકુળ બનેલ અજિતસેને નછૂટકે રાજા સાથે પ્રયાણ કર્યું. માર્ગમાં સેનાએ મરુભૂમિમાં પડાવ નાખ્યો. એવી પરિસ્થિતિમાં અરિમર્દને અજિતસેન પાસે તાજું, સુવાસિત કમળ જોઈ તે અંગે તેને પૂછ્યું. અજિતસેને તે પોતાની પત્નીના શીલનું પ્રતીક હોવાનું જણાવ્યું. કોઈ પણ સ્ત્રી અડગ શીલવાળી ન હોય એવું માનતા અરિમર્દને પોતાના ચાર પ્રધાનોને એકાંતમાં બોલાવી આ બાબતની ચર્ચા કરી. પ્રધાનોએ પણ એવો મત દર્શાવ્યો કે, 'સ્ત્રીઓ સ્વભાવથી જ માયાવી હોય છે. આ કળિયુગમાં કોઈ સ્ત્રી સતી હોતી નથી.' પોતાના મંતવ્યના સમર્થનમાં તેમણે સ્ત્રીચરિત્ર પર પાતાલસુંદરીની કથા કહી.

(આ માટે જુઓ આ **કથાકોશમાં 'પાતાલસુંદરી'** સ્ત્રીચરિત્ર વિશે)

અરિમર્દનને ચાર પ્રધાનોએ વ્યભિચારી નારી પાતાલસુંદરીની કથા કહી. શીલવતીના શીલ વિશે શંકાશીલ અરિમર્દને શીલવતીનું શીલ ભંગ કરવા ગુપ્ત રીતે એ ચાર પ્રધાનોને નંદનગર મોકલ્યા. તેમણે દાસીને વારંવાર મોકલીને શીલવતીના

સંગની માગણી કરી. શીલવતી પામી ગઈ કે મારા પતિ પાસે ન કરમાતું કમળ જોઈને મારા શીલની કસોટી કરવા આ લોકો આવ્યા છે. તેમને બરાબર પાઠ ભણાવવાનું નક્કી કરીને તેણે તેમને દરેકને એક લાખ ટંકા લઈને પાંચમા દિવસની રાત્રે પોતાને ઘેર આવવા દાસી મારફતે કહેવરાવ્યું. એક એકને રાતના પહેલા પ્રહર સુધીમાં વારાફરતી બોલાવ્યા હતા. દરમિયાન તેણે વિશ્વાસુ દાસી વડે એક ઓરડામાં ઊંડો ખાડો ખોદાવી, તેના પર પાટી વગરનો પલંગ મૂકી, તેના પર ચાદર ઢાંકી આકર્ષક શય્યા બનાવી. નિર્ધારિત સમયે પહેલા પ્રહરે પ્રધાન આવ્યો. તેનો સત્કાર કરી લાખ ટંકા લઈ પેલા ઓરડામાં તેડી જઈને પાથરેલા પલંગ પર બેસાડ્યો. બેસતાંની સાથે જ તે નીચે ઊંડા ખાડામાં પછડાયો. એ પછી એ જ રીતે વારાફરતી આવી પહોંચેલા બાકીના ત્રણ પ્રધાનોની પણ તેણે દુર્દશા કરી. તેમને દરરોજ દોરડાથી બાંધેલી કુંડી દ્વારા ખાવાપીવાનું અપાતું. તે પછી થોડાક સમયમાં અરિમર્દન અને અજિતસેન, શત્રુને જીતીને નંદનગર પાછા ફર્યા. અજિતસેનને શીલવતીએ એની ગેરહાજરીમાં બનેલી ચાર પ્રધાનો અંગેની સર્વ વિગત જણાવી. અજિતસેનને પણ આશ્ચર્ય થયું. અરિમર્દન રાજાએ પ્રધાનોની શોધ કરાવી, પણ કંઈ પત્તો મળ્યો નહીં. શીલવતીના ઘેર જઈ, તેની ખબર કાઢવાનું રાજાએ નક્કી કર્યું. રાજાએ વિનોદમાં અજિતસેનને પોતાને ઘેર હજી સુધી જમવા ન નોતરવા માટે ટોક્યો. શીલવતીની સલાહસૂચનાને અનુસરીને અજિતસેને રાજાને જમવાનું આમંત્રણ આપ્યું.

શીલવતીએ ભોજનની સર્વસામગ્રી તૈયાર કરાવી. પછી ખાડામાં પડેલા ચાર પ્રધાનોને શીલવતીએ કહ્યું : 'જો હું જે રીતે કહું તે રીતે તમે કરવા કબૂલ થાઓ, તો તમને બહાર કાઢી પછી મુક્ત કરીશ.' પ્રધાનો કબૂલ થયા. એટલે ચારને બહાર કાઢીને ચારેનાં શરીર વિકરાળ લાગે એવી રીતે મર્દન વડે ચિતરી તેમને યક્ષનું રૂપ આપ્યું અને કહ્યું : 'રાજા જમવા આવે ત્યારે ઓરડામાંથી બધી રસોઈ હું જેમ મંગાવું તેમ લઈ આવવી ને પીરસવી.' નિર્ધારિત સમયે અરિમર્દન સપરિવાર, અજિતસેનને ઘેર આવી જમવા બેઠા. શીલવતી યક્ષોને જેમ જેમ આજ્ઞા આપતી ગઈ તેમ તેમ સર્વ વસ્તુઓ યક્ષો દ્વારા પીરસાતી ગઈ. અરિમર્દનને થયું : 'ચાર યક્ષો શીલવતીની સર્વ માગણી પૂરી કરે છે. આ યક્ષો મારે ત્યાં હોય તો કેવું સારું ?' ભોજનને અંતે અજિતસેન પાસે યક્ષોની માગણી કરી. અજિતસેને એ માગણી ખુશીથી સ્વીકારી અને કહ્યું કે, વળતે દિવસે યક્ષો રાજાને ભેટ આપીશ. બીજે દિવસે પ્રત્યેક પ્રધાનને એક એક પેટીમાં બંધ કરીને શીલવતીએ એ ચાર પેટીઓ રાજસભામાં મોકલી આપી. બધા સભાજનો સમક્ષ પેટીઓ ખોલતાં તેમાંથી વિચિત્ર રૂપમાં ચાર પ્રધાનો બહાર નીકળ્યા. એ યક્ષો નથી, સામાન્ય માણસો છે, એ રાજા સમજી ગયો. તેમની ઓળખાણ પૂછતાં તેઓ મૂંગા રહ્યા. છેવટે રાજાએ તેમને પોતાના પ્રધાન તરીકે ઓળખી કાઢ્યા. તેમણે તેમની જે રીતે દુર્દશા કરવામાં આવી તેની વાત કરી. અરિમર્દને શીલવતીના અડગ શીલની પ્રશંસા કરી તેનું સન્માન કર્યું.

[આધાર : **'શૃંગારમંજરી'**, જયવંતસૂરિકૃત]

**શૃંગારમંજરી–૨ (દત્તપુત્રી)** : **૧.** જયપુર નગરના જયરથ રાજાને દત્ત નામે પ્રધાન હતો. તેને શૃંગારમંજરી નામે સ્વરૂપવાન પુત્રી હતી, જે સર્વને મોહ ઉપજાવતી, પરંતુ પૂર્વકર્મના દોષને કારણે અસતીપણું તેને સ્વભાવગત હતું. એક વાર જયરથે તેને જોઈને પ્રધાન પાસે તેના હાથની માગણી કરી. રાજાએ તેનું પાણિગ્રહણ કરી તેને સાત માળવાળા પ્રાસાદમાં રાખી. પણ ચંચળ સ્વભાવની તે યથેચ્છ વિહાર કરતી. રાજા તેનામાં લુબ્ધ રહેતો. એ જ નગરમાં ધનંજય નામે એક વણિકપુત્ર હતો. માર્ગ પરથી તે પસાર થતો હતો, ત્યારે તેનું મનોહર રૂપ જોઈને શૃંગારમંજરી તેના પર મુગ્ધ થઈ ગઈ અને કપડાં પર સંદેશ લખી, પોતાના ગળામાંના હાર સાથે કપડું બાંધીને પસાર થતા તેના ગળામાં નાખ્યું. સંદેશ વાંચી ધનંજયને પણ તેના પ્રત્યે અનુરાગ થયો. ઘણું ધન ખરચીને તેણે પોતાના ઘરથી રાણીના મહેલ સુધી એક સુરંગ ખોદાવી. તે સુરંગ વાટે ધનંજય અને રાણી એકબીજાને ત્યાં આવ–જા કરતાં. એક વખત ધનંજયના ઘરના ગોખમાં રાણીને ક્રીડા કરતી ભાળીને રાજા તપાસ કરવા તત્કાળ મહેલમાં પાછો આવીને રાણીવાસમાં પહોંચ્યો, પણ તેની પહેલાં જ રાણી સુરંગ વાટે સ્વસ્થાને આવી ગઈ હોવાથી રાજાની શંકા ટળી ગઈ. એક વાર રાજાએ યોજેલ નાટ્યસમારંભમાં તેની જાણ બહાર શૃંગારમંજરીને ત્યાં ઉપસ્થિત રહેલી જોઈને રાજા ક્ષુબ્ધ થયો. સભા વિખેરી નાખીને પોતાના આવાસે આવ્યો. ત્યાં પણ રાણીને બગાસાં ખાતી જોઈને તેની શંકા નિર્મૂળ થઈ ગઈ.

**૨.** એક વાર વનમાં રાણી અને નગરજનો સહિત રાજા ક્રીડા કરવા ગયો. રાજા રાત્રે રાણી સાથે વનમાં જ સૂતો. ઊંઘમાં સર્પદંશ થતાં રાણીનું મૃત્યુ થયું. તેના વિરહદુઃખે રાજા ચિતા પર ચડવા તૈયાર થયો, ત્યારે ત્યાંથી પસાર થતા એક વિદ્યાધરે રાણીને સજીવન કરી. તે રાત્રે પણ રાણી તે વનમાં રહી અને ગુપ્તપણે ધનંજય પાસે આવી ક્યાંક દૂર દેશાંતરમાં નાસી જવાનો પ્રસ્તાવ મૂક્યો. ધનંજયે રાજાના

ડરથી ના પાડી. રાણીએ રાજાની હત્યા કરવાનું નક્કી કર્યું. ખડ્ગ ઉઠાવીને તેને મારવા ગઈ ત્યાં ધનંજયે તે લઈ લીધું. 'જતે દહાડે આ સ્ત્રી મારી પણ આવી જ દશા કરશે,' એમ વિચારી ધનંજયે ત્યાંથી નાસી છૂટી ગુરુ પાસે જઈ દીક્ષા લઈ લીધી.

૩. એક વખત એક વણઝારાના તેજીલા ઘોડા પર સવાર થયેલા રાજાને ઘોડો વનમાં દૂર લઈ ગયો. ત્યાં તપ કરી રહેલા એક મુનિ પૂર્વકાળના ધનંજય પાસેથી તેણે ધર્મોપદેશ સાંભળ્યો. એ ઉપદેશ સાંભળીને રાજાએ દીક્ષા લેવાનું વિચાર્યું. પછી રાજાએ મુનિને યુવાનીમાં દીક્ષા લેવાનું કારણ પૂછતાં જે કારણ માટે રાજા દીક્ષા લેવા તૈયાર થયો હતો તે કહીને વિગતો આપી. મુનિએ રાજાની રાણીએ તેને (રાજાને) મારી નાખવા રચેલા પ્રપંચની વાત કરી, જે સાંભળી રાજાએ દીક્ષા લીધી. લોકોએ કુશીલ રાણીની નિંદા કરી.

[આધાર: **'શીલોપદેશમાલા-બાલાવબોધ'**, ઓગણચાળીસમી દૃષ્ટાંતકથા]

**શ્રાદ્ધપિંડ એક, લેનાર હાથ ત્રણ : (વેતાલપચીસી–૧,** અઢારમી કથા) : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી.

અલકાનગરના ગૌરદત્ત વણિકની પત્ની ધનવતીએ એક પુત્રીને જન્મ આપ્યો. તેનું નામ મોહિની પાડ્યું. મોહિનીના જન્મ પછી તરત જ ગૌરદત્તનું મૃત્યુ થયું. ધનવતીને અપુત્ર જાણી ગૌરદત્તના પિતરાઈઓએ તેની મિલકત પડાવી લીધી. ધનવતી મોહિનીને લઈને ત્યાંથી નાઠી. રસ્તામાં શૂળીએ ચડાવેલા ચોરને તેણે તેનું દુઃખ રડતો સાંભળ્યો. પૂછતાં તેણે જણાવ્યું, 'હું અપરિણીત છું અને મરતાં પહેલાં પરણવાની ઇચ્છા છે. જો તું તારી પુત્રી મને પરણાવે તો હું એક લાખ સોનામહોર આપું.' આથી ધનવતીએ ચોરની સાથે મોહિનીને પરણાવી. પછી ચોરે પૂર્વદિશામાં જે ઝાડ નીચે લાખ સોનામહોર દાટી હતી તે સ્થાનનો નિર્દેશ આપ્યો અને કોઈ બ્રાહ્મણને ધન દઈ તેના દ્વારા મોહિનીને સંતાન ઉત્પન્ન કરવાનું કહીને ચોર મૃત્યુ પામ્યો. બતાવેલા સ્થળેથી ધન કાઢી લઈને ધનવતી કંકોલનગરમાં ગઈ. મોહિની જુવાન થઈ, ત્યારે રસ્તે જતા એક બ્રાહ્મણને જોઈને તેને આસક્તિ થઈ. ધનવતીએ એ બ્રાહ્મણને બોલાવી, સો સોનામહોર આપીને મોહિનીનો સંગ કરવા કહ્યું. તેને પરિણામે મોહિનીને ગર્ભ રહ્યો. દસ માસે પુત્ર જન્મ્યો. એક પેટીમાં દસ હજાર સોનામહોર સાથે પુત્રને મૂકીને તે પેટી ધનવતી રાજદ્વાર પાસે મૂકી આવી. તે રાત્રે રાજાને સ્વપ્નમાં મહાદેવનાં દર્શન થયાં. સવારે પોળિયાએ દરવાજે પેટી પડી હોવાનું જણાવ્યું. તે મંગાવી ઉઘાડતાં અંદર એક બાળક અને દશ હજાર સોનામહોર દીઠી. બાળકને બત્રીસલક્ષણો જાણી રાજાએ તેને પુત્ર તરીકે સ્થાપી, મહાદેવની કૃપાથી પ્રાપ્ત થયો ગણીને તેનું હરદાસ નામ રાખ્યું. તેને સર્વ શાસ્ત્રોમાં પારંગત બનાવ્યો. રાજા મરણ પામતાં હરદાસ ગાદીએ બેઠો. માતા–પિતાની સદ્‌ગતિ અર્થે તે ગયાતીર્થની યાત્રાએ ગયો. ત્યાં પિંડદાન કરવા જેવો પિંડ મૂક્યો તે વખતે પિંડ લેવાને ત્રણ હાથ પ્રગટ થયા. વિસ્મય પામેલ હરદાસને થયું : 'કયા હાથમાં હું પિંડ મૂકું ?'

એટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું : 'એ ત્રણમાં પિંડનો અધિકારી કોનો હાથ ?' વિક્રમે ઉત્તર દીધો : 'ચોરનો હાથ.' વેતાલે કારણ પૂછતાં વિક્રમે ખુલાસો કર્યો : 'બ્રાહ્મણનું વીર્ય તો વેચાતું લીધું હતું, તેથી તેનો અધિકાર ન ગણાય. રાજાએ દશ હજાર સોનામહોર રાખીને પુત્રને પાળ્યો. તેથી તેનો પણ અધિકાર ન થાય. મોહિની ચોરની પરિણીતા પત્ની હતી. તેમાં ઉત્પન્ન થયેલા પુત્ર પર ચોરનો અધિકાર ગણાય.'

આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'**–૧, અઢારમી કથા]

**શ્રીપાલ રાજા અને ગુણવતી રાણી** : જુઓ **સંઘર્યો સાપ પણ કામનો**

**શ્રેણિક રાજા** : જુઓ **અભયકુમાર મંત્રી,** ઘટક **૧.૧**

**સગપણની સંબંધજાળ–૧ (=અટપટાં સગપણ) (વેતાળપચીસી–૧,** ચોવીસમી કથા) : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગો મૂંગો લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી.

'પ્રભાવતીનગરના પ્રદ્યુમ્ન રાજાને પ્રીતિકરા નામે રાણી અને ચંદ્રસૂતા નામે કન્યા હતી. કન્યાને દક્ષિણ દેશના

'વિજયકર્ણ' રાજા સાથે પરણાવી હતી. ચંદ્રસુતાએ લાવણ્યવતી નામે એક કન્યાને જન્મ આપેલો. એક વખતે યુદ્ધમાં વિજયકર્ણ માર્યો જતાં ચંદ્રસુતા લાવણ્યવતીને લઈને ભાગી. માર્ગમાં એક સરોવરકિનારે તેઓ રાત રહ્યાં. સવારે ઊઠીને ચાલ્યાં, ત્યારે હુસંગપુરનો રાજા કુસુમશેખર પોતાના પુત્ર સાથે શિકારે નીકળેલો. માદીકરીનાં લક્ષણવંતાં પગલાં જોઈ રાજાએ કહ્યું કે, 'આ રસ્તે કોઈ રાજાની રાણી ગઈ છે. વળી, એ સ્ત્રીઓમાંથી એક મોટા પહોંચાવાળી અને બીજી નાના પહોંચાવાળી છે.' તેણે પુત્રને કહ્યું : 'જેનાં નાનાં પગલાં છે તેને તું તારી સ્ત્રી કરજે અને જેનાં મોટાં પગલાં છે તેને હું મારી સ્ત્રી કરીશ.' બંનેએ આગળ જઈને જોયું, તો નાનાં પગલાંવાળી માતા હતી અને મોટાં પગલાંવાળી દીકરી હતી. તે જોઈ રાજાએ પુત્રને કહ્યું : 'હે પુત્ર, દીર્ઘપદી તે તારી સ્ત્રી.' પુત્રે ના પાડતાં કહ્યું કે, પહેલાં નક્કી થયું હતું તેમ જ કરવાનું. પછી જે લઘુપદી માતા હતી તેને દીકરો પરણ્યો અને દીર્ઘપદી પુત્રી હતી તેની સાથે બાપ પરણ્યો. સમય જતાં એકે પુત્રને જન્મ આપ્યો અને બીજીએ પુત્રીને.'

એટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું : 'એ છોકરાઓ વચ્ચે શું શું સગપણ થાય ?' વિક્રમે પગે લાગી કહ્યું : 'હું એ સગપણો કયાં કયાં તે કહી શકતો નથી.' આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'**–૧, ચોવીસમી કથા]

**સગપણની સંબંધજાળ–૨ (= અટપટાં સગપણ) (વેતાલપચીસી–૨**, પચીસમી કથા) : ચંદ્રાવતીના રાજા ચંદ્રને પ્રતાપસંધ નામે પુત્ર હતો. એક દિવસ ઘોડા પર બેસીને શિકારે નીકળેલા પિતા–પુત્ર અરણ્યમાં સેનાને પાછળ મૂકીને આગળ નીકળી ગયા. તેઓ અરણ્યમાં એકલા ચાલ્યા જતા હતા, ત્યારે તેમણે ભોંય પર કેટલાંક પગલાં જોયાં. પિતાએ એ પગલાં પુત્રને બતાવીને કહ્યું : 'આ કોઈ બે સ્ત્રીઓનાં પગલાં જણાય છે. એમાંથી મોટાં પગલાંવાળી સ્ત્રીને હું પરણીશ અને નાનાં પગલાંવાળીને તું પરણજે.' આ પછી તેઓએ ઉતાવળે ચાલી પેલી બે સ્ત્રીને પકડી પાડી. તેઓ મા–દીકરી હતાં. મોટાં પગલાંવાળી દીકરી હતી. નાનાં પગલાંવાળી મા હતી. તેમને લઈ નગરમાં પાછા આવીને પછી નક્કી કર્યા પ્રમાણે જે પુત્રી હતી તેને રાજા પરણ્યો અને જે માતા હતી તેને રાજકુમાર પરણ્યો. સમય જતાં એ બંનેને સંતાન થયાં.

એટલી કથા કહી વેતાળે વિક્રમને પ્રશ્ન કર્યો, : 'એ સંતાનો વચ્ચે કયા કયા સગપણસંબંધ થાય ?' વિક્રમ રાજા એ પ્રશ્નનો ઉત્તર આપી ન શક્યો, કારણ કે એક તરફથી જેઓ પહેલાં માતાપુત્રીના સંબંધે જોડાયેલી હતી તે માતાઓનાં એ સંતાન હતાં. તો બીજી તરફથી જેઓ અત્યારે પુત્ર અને પિતાના સંબંધથી જોડાયેલા હતા તે પિતાઓનાં એ સંતાન હતાં. તેમની વચ્ચે અનેક પરસ્પર ગુંચવાયેલાં કેટલાં સગપણ થાય, તે ગણી બતાવવાનું ઘણું મુશ્કેલ હતું. એટલે વિક્રમ ચૂપ રહ્યો અને ખભે બાંધેલા શબ સાથે તે પોતાના આવાસે ઉજ્જેણીમાં આવ્યો.

[આધાર : **'વેતાલપચીસી'**–૨, પચીસમી કથા]

**સગાળશા શેઠ : ૧.** ધર્મનગરીના બંગાલ શેઠ અને તેની પત્ની બંગાલીને ઘેર એક દેવ પુત્રરૂપે જન્મ્યા. તેનું નામ સગાળ પાડવામાં આવ્યું. ચંગાવતી સાથે સગાળનાં લગ્ન થયાં. તેમને થયેલા પુત્રનું નામ ચેલૈયો પાડ્યું. બંગાલશેઠનું અવસાન થતાં સગાળને શેઠપદ મળ્યું. પિતાનું દાન–પુણ્યનું ધર્મકાર્ય ચાલુ રાખવાનું વિચારતા સગાળને ત્યાં નારદમુનિ પધાર્યા. તેમણે સગાળને અતિથિધર્મ, ચંગાવતીને નારીધર્મ અને ચેલૈયાને બાળકધર્મ સમજાવ્યો. સગાળના અન્નદાનના નિયમથી તેની કીર્તિ સ્વર્ગલોકમાં પહોંચી. ઇન્દ્રે દેવસભામાં સગાળ શેઠની પ્રશંસા કરી. એક દેવને તેમાં શ્રદ્ધા ન બેઠી. એટલે ઇન્દ્રે ભૂતળ પર પણ ભલા કે ટેકીલા પુરુષો હોય છે એમ કહી દૃષ્ટાંતમાં શ્રીદત્ત શેઠની કથા કહી.

૨. 'રાજગૃહ નગરીના ધનિક શ્રીદત્ત શેઠ ભોજન કરતી વેળા નિત્ય પોતાની પત્ની સુંદરીને એક પ્રશ્ન પૂછતો : 'કહે, મારાથી વધુ ભલો કોણ ?' સુંદરી પૃથ્વી પર ઘણા સત્વવંત, ભલા પુરુષો હોય છે એવો ઉત્તર જો આપે તો પતિનું મન દુઃખાય અને ઉત્તર ન આપે તો પત્નીધર્મ લોપાય, એવા ધર્મસંકટ વચ્ચે દુઃખી રહેતી. એક વાર સુંદરીને ત્યાં પરોણા બનેલા તેના ભાઈએ 'ભલા ભલેરી પૃથ્વી કહી', (જગતમાં ભલાથીયે ભલેરા હોય છે) એવો ઉત્તર આપવાની સુંદરીને સલાહ દીધી. બીજે દિવસે જમતી વખતે સુંદરીએ પતિના પ્રશ્નનો એ પ્રમાણે ઉત્તર આપ્યો. શ્રીદત્ત શેઠે પત્નીનો આ બોલ મનમાં રાખ્યો. શ્રીદત્ત શેઠનાં માલ ભરેલાં વહાણ લઈ વેપાર અર્થે પરદેશ જતા તેના વાણોતરોએ જ્યારે શા ભાવે માલ વેચવો તેની સૂચના માગી, ત્યારે સુંદરીએ સૂચવ્યું કે, વહાણમાં જે એક મણ અને પાંચ શેર કસ્તૂરી છે, તે બધી કોઈ એક જ શેઠ ખરીદે તેને વેચવી અને બદલામાં એ શેઠની વખારનાં જ જસતનાં પતરાં લેવાં. વાણોતરો માલ

લઈ ધરણીમંડણ નગરી પહોંચ્યા. ત્યાંના ધનિક ધોરી શેઠે વાણોતરોની શરત પ્રમાણે કસ્તૂરી ખરીદી તે બધી ગારામાં ભેળવી, એનો ઉપયોગ કરી ધોરી શેઠે એક ભવ્ય પ્રાસાદ બનાવરાવ્યો. આથી તેની કીર્તિ ચોમેર પ્રસરી. ધોરી શેઠે શ્રીદત્તના વણોતરોને કસ્તૂરીના બદલામાં જસતનાં પતરાં આપતાં તેમાં બે ઘડી ઓછી પડી. એટલે તેણે વાણોતરોને ખબર ન પડે એ રીતે રૂપાની બે ઘડીઓ એમાં ભેગી મૂકી દીધી. વાણોતરો રાજગૃહ પાછા ફર્યા અને માલ લે-વેચની બધી વિગત શ્રીદત્ત શેઠને જણાવી. સુંદરીએ પેલી જસતનાં પતરાંની ઘડીઓ તપાસી તો તેમાં રૂપાની બે ઘડીઓ નીકળી. સુંદરીએ પતિને એ બતાવ્યું. હવે શ્રીદત્તને પ્રતીતિ થઈ કે, 'ધરતીમાં શેરને માથે સવાશેર હોય છે.' ઇંદ્રે આ દૃષ્ટાંત આપ્યું, તે છતાં પેલો દેવ સગાળ શેઠની પરીક્ષા કરવા ધર્મ-નગરી આવી ભિક્ષુકવેશે ત્યાંના ઉજ્જડ દેવમંદિરમાં સૂતો. તે વેળા શિયાળો હતો, તોપણ દેવના પ્રભાવથી સાત દિવસ સતત વરસાદ વરસ્યો

૩. નિત્ય એક અતિથિને જમાડીને જમવાનો નિયમ પાળતા સગાળ શેઠને આવી પરિસ્થિતિમાં કોઈ અતિથિ ન મળતાં તેના આખા કુટુંબને સાત લાંઘણો થઈ. ચંગાવતીની વિનવણીથી અતિથિની શોધમાં નીકળેલો સગાળ શેઠ પેલા નિર્જન મંદિરમાં આવી પહોંચ્યો. ત્યાં સૂતેલા ભિક્ષુકને તેણે પોતાને ત્યાં ભોજન કરવા આવવા વિનંતી કરી. તે ઇચ્છા-ભોજન આપવાની શરતે આવવા તૈયાર થયો, પણ તેણે ચાલીને જવાની પોતાની અશક્તિ જણાવી. આથી સગાળ શેઠ તેને ઉપાડવા ભોઈઓને લઈ આવ્યો. કોઈ ભૂપતિને પાલખીમાં લઈ જવાના હશે એમ વિચારી શેઠ સાથે આવેલા ભોઈઓએ ગંધાતા અને રોગિષ્ઠ ભિક્ષુકને જોઈને તેને ઉપાડવા જેવું હલકું કામ કરવાની ના પાડી અને સગાળ શેઠ પોતાને અહીં છેતરીને લાવ્યા છે એમ કહી તેમને લુચ્ચા શિયાળ અને ભોળા ગર્દભનું દૃષ્ટાંત કહ્યું.

૪. એક શિયાળ નિત્ય એક પ્રાણીને ભોળવી-છેતરીને પોતાના મિત્ર સિંહ માટે ભોજનરૂપે લઈ જતું. એક વાર તેણે એક ઘરડા ગધેડાને છેતરીને સિંહનું ભોજન બનાવેલો. પણ સિંહથી છાનામાના તે પોતે ગધેડાનું કાળજું અને કાન ખાઈ ગયેલો.

૫. ભોઈઓએ ના પાડતાં સગાળ શેઠ ઘેર પાછો આવી ચંગાવતીને સાથે લઈ દેવમંદિરે આવ્યો. ચંગાવતીએ ભિક્ષુકને ટોપલામાં બેસાડીને ઘેર આણ્યો. ભિક્ષુકે પોતાને મનગમતા ભોજન તરીકે માંસનું ભોજન માગ્યું. આ તો વણિકના ધર્મથી તદ્દન વિરુદ્ધનું હતું. તેની અનુચિત માગણીથી સગાળ શેઠને ચિંતા થઈ. પણ ચંગાવતીની વિનંતીથી સગાળ શેઠે ફાંસીએ લટકાવેલા એક ચોરનું માંસ કાપીને આણ્યું. ચંગાવતીએ તે રાંધીને ભિક્ષુકને પીરસ્યું. પણ ચોરીનું પાપ કરનારનું માંસ ખાવાની ભિક્ષુકે ના પાડી. તેણે સગાળ શેઠના સાત વરસના પુત્રનું માંસ ખાવાની હઠ લીધી. સગાળ શેઠ નિરાશ થયો. પણ ચંગાવતીએ હરિશ્ચંદ્રનું દૃષ્ટાંત આપી પુત્ર ચેલૈયાને નિશાળેથી લઈ આવવા વીનવ્યો.

૬. આ બાજુ, ભિક્ષુકે બ્રાહ્મણરૂપે નિશાળે જઈ ચેલૈયાને પોતાને ઘેર પાછો ન જવા ભરમાવ્યો. પિતા તેને લેવા નિશાળે આવ્યા અને બધી પરિસ્થિતિ જણાવી. માતાપિતા પ્રત્યેનો બાળકધર્મ સમજી ચેલૈયો પ્રાણત્યાગ કરવા તૈયાર થયો. પિતા સાથે તે ઘેર આવ્યો. એનું સત્ત્વ જોઈ ભિક્ષુકે સગાળ શેઠને અજ્ઞાત રીતે તેને અદૃશ્ય કરી નિશાળમાં પાછો મૂક્યો અને તેની જગ્યાએ એક કોળાને ચેલૈયાના રૂપમાં રાખી દીધો. સગાળ શેઠે વ્યાકુળ મને પુત્રનો વધ કર્યો. તેના મસ્તકને શીકે મૂકી બાકીનું માંસ રાંધી બંનેએ ભિક્ષુકને જમવા કહ્યું. પણ ભિક્ષુકે 'ચાર સત્ત્વવાળું મસ્તક જ મારે ભોજનમાં જોઈએ', એવો આગ્રહ રાખ્યો. છેવટે પતિ-પત્નીએ મસ્તકને ખાંડી-રાંધીને ભિક્ષુકને પીરસ્યું. એટલે ભિક્ષુકે 'હવે તારે પુત્ર નથી રહ્યો, તું વંધ્ય છે અને વાંઝિયાનું માંસ ન ખવાય', એવો વાંધો ઉઠાવ્યો. સગાળ શેઠ ફરીથી મૂંઝાયા. ચંગાવતીએ પોતે સગર્ભા હોવાનું અને સાત માસ થયાનું પતિને કહ્યું. ભિક્ષુકે સગાળ શેઠને ચંગાવતીનું પેટ ચીરી એની ખાતરી કરાવવા કહ્યું. તે છરી લઈ ચંગાવતીનું પેટ ચીરવા ગયો કે તરત જ ભિક્ષુકે તેનો હાથ પકડી લીધો અને પોતાનું દેવસ્વરૂપ પ્રગટ કર્યું. તેણે સગાળ શેઠને વરદાન માગવા કહ્યું. 'પુત્ર વિના હવે શું જીવવું ?' એમ કહેતા સગાળ શેઠને દેવે પુત્ર જીવતો અને નિશાળમાં હોવાનું જણાવ્યું. સગાળ શેઠ નિશાળેથી પુત્રને ઘેર લાવ્યો. ત્રણેએ દેવની પાસે વ્રતપાલનમાં અવિચળ રહેવાય એવું વરદાન મેળવ્યું. તે પછી દેવ સ્વર્ગલોક પાછો ફર્યો. સગાળ શેઠની કીર્તિ ચોમેર પ્રસરી. નગરના રાજાએ તેનું બહુમાન કર્યું. ત્યારપછી શેઠે ઘણાં અન્નક્ષેત્રો સ્થાપ્યાં. આથી પ્રસન્ન થયેલા તેને શંભુએ કૈલાસવાસનું વરદાન આપ્યું. [આધાર : **'સગાળશા આખ્યાન'**]

**સતનાં પારખાં-૧ (વેતાલપચીસી-૨,** નવમી કથા) : **૧.** 'જયપુર નગરના જયંત રાજાની રાજકુમારી એવી પુરુષ-દ્વેષિણી હતી કે પુરુષવાચક કોઈ શબ્દ કે ચીજવસ્તુઓનો ઉપયોગ ન કરવાનું તેણે વ્રત લીધું હતું.

એક દિવસ એની દાસી પાનવાળાની દુકાને પાન લેવા આવી અને કથા-ચૂના વગરનાં લૂખાં પાન લઈ ગઈ. આથી

નવાઈ પામી, ત્યાં બેઠેલા ચાર પરદેશી યુવાનોએ પાનવાળાને પૂછ્યું. પાનવાળાએ પુરુષદ્વેષિણી રાજકુમારી અને એના વ્રતની વાત કરી. વળી જણાવ્યું કે, તે દર રવિવારે શક્તિપૂજા કરવા જાય છે, ત્યારે કોઈપણ પુરુષ બહાર ન નીકળે એવો ઢંઢેરો પિટાવે છે. આ સાંભળી અચરજ પામેલા તે યુવાનો રાજકુમારીને જોવાની ઇચ્છાથી ત્યાં જ રોકાઈ ગયા. પછી એક રવિવારે મંદિરે જતી રાજકુમારીને ગુપ્ત રહીને જોઈને તેઓ એના પર મોહી પડ્યા. એને પરણવાની ઇચ્છાવાળા તે ચારેય જણે અનુક્રમે શિવ, શક્તિ, વિષ્ણુ અને લક્ષ્મીની આરાધના કરી અને એમની પાસેથી 'તે રાજકુમારી તને જ વરશે' એવું વરદાન દરેકે પ્રાપ્ત કર્યું. તે પછી ઘણો સમય પ્રતીક્ષા કર્યા છતાં કશું પરિણામ ન આવ્યું એટલે રોષે ભરાઈને પ્રાણત્યાગ કરવા ચારેય જણ કાશીએ કરવત મુકાવવા નીકળ્યા. તે વેળા નગરમાં જ તેમને રાજકુમારીની એક દાસી મળી. તેણે તેમની વાત જાણી અને જઈને એ સર્વ વિગત રાજકુમારીને જણાવી. રાજકુમારીએ તેઓ આમ પ્રાણત્યાગ કરશે તો એમની હત્યાનું પાપ પોતાને લાગશે એમ વિચારી તેમને પોતાના મહેલમાં પાછા બોલાવ્યા અને ચારેય સાથે ગાંધર્વવિવાહ કરી એમને ગુપ્તપણે નારીવેશે પોતાના અંતઃપુરમાં રાખ્યા. રાત્રિના ચાર પ્રહર દરમ્યાન તે એક એક પ્રહર એક એક પતિની સાથે રહેતી. તેણે આ ચાર સિવાય અન્ય કોઈ પણ પુરુષનો સંગ ન કરવાનું વ્રત લીધું.

**૨.** એક સમયે નવરાત્રિની આઠમના દિવસે શક્તિપૂજા માટે રાજકુમારીએ માછલાં મંગાવ્યાં. એમાં એક નર મત્સ્ય આવેલો જોઈને રાજકુમારીએ તેને પોતે લીધેલા વ્રત પ્રમાણે દૂર કરાવ્યો. એટલે તે મરેલો મત્સ્ય ખડખડ હસ્યો. બાજુમાં રહેલો રાજા આથી આશ્ચર્ય પામ્યો. રાજાએ પંડિતોની સભા ભરી. એમાં 'મરેલા મત્સ્યના હસવાનું રહસ્ય શું હતું ?' એવો પ્રશ્ન પૂછ્યો. એક જાણકાર પંડિતે તે મત્સ્યનો મંત્રો વડે અભિષેક કર્યો એટલે તે બોલ્યો : 'રાજા, તારી આ રાજકુમારી અંતઃપુરમાં રાખેલા ચાર પુરુષો સાથે ભોગ ભોગવે છે અને છતાં મને અડવાથી અભડાવાનો દોષ લાગશે એમ માની દૂર કર્યો. એ વિચિત્રતા જોઈને હું હસ્યો.' એટલે રાજાએ એ વાતનું પારખું કરવા એક ઉપાય કર્યો. રાજાએ મહેલ પાસેની વાડીમાં પાણીની એક નીક તૈયાર કરાવી અને રાજકુમારીની બધી દાસીઓને તે ઓળંગીને આવવા આદેશ દીધો. બધી દાસીઓ પહેલાં ડાબો પગ આગળ કરીને નીક ઓળંગી, જ્યારે દાસી-વેશમાં રહેલા ચારેય પુરુષોએ પહેલાં જમણો પગ આગળ કરીને તે ઓળંગી. એટલે રાજાએ તેમને પુરુષો તરીકે ઓળખી લીધા અને ચારેયને શૂળીએ ચડાવવાની શિક્ષા કરી. એટલે રાજકુમારીએ એ પુરુષો નિર્દોષ હોવાનું અને પોતે જ એમને સ્વેચ્છાએ પરણી હોવાનું જણાવ્યું.

**૩.** એટલે રાજાએ તેમના સાચની કસોટી કરવા તે ચાર જણને ઊકળતા તેલની કઢાઈમાં ત્રણ દિવસ રાખી તેમની અગ્નિપરીક્ષા કરી. પાંચે જણે પોતે સાચા હોય તો રક્ષણ કરવા સૂર્યદેવને પ્રાર્થના કરી.' એટલી કથા કહીને, પીઠે બાંધીને શબને મૂંગા મૂંગા લઈ જતા વિક્રમ રાજાને શબમાં ભરાયેલા વેતાળે વિક્રમનો મૌનભંગ કરાવવા પ્રશ્ન કર્યો : '**કહે** રાજા, એ ચારેય જણ જીવ્યા હશે કે મૃત્યુ પામ્યા હશે ?' વિક્રમે ઉત્તર દીધો : 'તે પાંચેય જીવ્યાં, કેમ કે તે સત્યવાદી હતાં. રાજકુમારી એક પ્રહર એક જ પતિને ભોગવતી હતી. તે વેળા બીજા ત્રણને તે ભાઈ કે બાપ માનતી હોઈને તે દ્રૌપદીની જેમ પતિવ્રતા હતી. માટે એકેય જણને આંચ ન આવી. એટલે રાજાએ તેમનો સંબંધ માન્ય રાખી સૌને સન્માન્યા.' એ સાંભળી 'શાબાશ, સત્યવાદી' બોલીને શબ ઊડીને ફરી પાછું સિદ્ધવડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'–૨,** નવમી કથા]

**સતનાં પારખાં–૨** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડા-બહોંતેરી,** ચુમ્માળીસમી કથા) : કેશવ કંસારાની વહુ ધોળી ગામ આખામાં કાળકા માતાના ભગત તરીકે જાણીતી હતી અને બધાને દોરાધાગા કરી આપતી. કેશવ તેને આવા ઢોંગધતૂરા કરી લોકોને ન ઠગવા સમજાવતો, પણ નટખટ ધોળી એની સાથે રોજ વઢતી. ધોળી એક જોરાવર ધારાળાની સાથે હળી ગઈ હતી. એક વાર કેશવે ધોળીનો કેડો લીધો. ધોળી કાળકાને મંદિરે પહોંચી અને પૂજા કરવા બેઠી, એટલે કેશવ મૂર્તિ નીચેના ભોંયરામાં ભરાયો. ધોળીએ માતાજી પાસે માગ્યું કે, કૃપા કરીને મારા ધણીને આંધળો કરી દેજો. ભોંયરામાં રહેલો કેશવ આ સાંભળીને સ્વરફેર કરી બોલ્યો : 'પુત્રી, તું તારા વરને રોજ ત્રણ વાર ઘી-સાકરનો શીરો ખવરાવજે. તું એ મુદ્દલ ચાખતી નહીં. એકવીસ દિવસે તે આંધળો થઈ જશે.' ધોળી હરખાતી હરખાતી ઘરે આવી. શીરો બનાવીને કેશવને કહ્યું : 'તમારું શરીર લેવાઈ ગયું જોઈને હું વૈદ્યને ઉપાય પૂછી આવી છું. તમને રોજ ઘી-સાકરનો શીરો ખવરાવવાનું કહ્યું છે.' કેશવે કહ્યું : 'આપણને એવો ખરચ કરવો ન પોસાય.' ધોળીએ કહ્યું : 'હું પિયરથી પાંચ રૂપિયા લાવી છું. તેમાંથી વધારાનો ખરચ નભી જશે'. થોડા દિવસ શીરો ખાધા પછી કેશવે ઢોંગ કરી કહ્યું : 'હમણાં-હમણાં મને આંખે ઓછું દેખાય છે ?' ધોળીએ કહ્યું : 'એની દવા કરાવીશું.' એકવીસ દિવસ થયા એટલે કેશવે કહ્યું : 'મને

આંખે કશું સૂઝતું નથી.' ધોળીનો હરખ માતો ન હતો. એ પોતાના પ્રેમીને રાતે આવવાનું કહી આવી. રાત પડતાં ગરાસિયાને ઘરમાં દાખલ થતો જોઈને કેશવ બોલ્યો : 'કોઈક આવ્યાનાં પગલાં સંભળાય છે. કોણ છે?' ધોળીએ કહ્યું, : 'હવે મૂંગા રહોને, કોણ હોય વળી? એ તો મારી દેરાણી છે.' કેશવની જોરૂકા ધારાળાનું નામ લેવાની હિંમત ન ચાલી. ધોળી અને એનો જાર અંદર ઓરડામાં ગયાં. કેશવથી આ સહન ન થયું. એણે બારણામાં ઊભા રહીને બૂમાબૂમ કરી મૂકી: 'દોડો, દોડો, મારા ઘરમાં ચોર ઘૂસ્યો છે.' એ સાંભળીને ધારાળો અંદરથી નીકળ્યો અને કેશવને ધક્કો મારી પાડી દઈને અંધારામાં નાસી ગયો. તરત આસપાસના લોક દોડી આવ્યા. હોહા થઈ ગઈ. ધોળી કહેવા લાગી : 'એ ઊંઘમાંથી ઝબકીને જાગ્યા અને સપનામાં ઓથાર આવતાં ખોટી રાડારાડ કરે છે. ઘરમાં કોઈ નથી.'

કેશવ કહે : 'ધોળી જૂઠી છે. એણે કોઈક પારકા પુરુષને ઘરમાં ઘાલ્યો હતો. મારી સગી આંખે મેં જોયું. એ હવે ખોટા ફંદ કરે છે. હું એને ઘરમાંથી હાંકી કાઢીશ'. અને એણે પોતાને આંધળો બનાવવાનું ધોળીએ માતાજી પાસે જે માગેલું અને પોતે ત્યાં સંતાઈને માતાજીને નામે શીરો ખવરાવવાનું કહેલું અને પછી આંધળો થવાનો ઢોંગ કરેલો તેની સૌને વાત કરી. સવારે સગાંસંબંધી, ગામધણી આવ્યાં. ધોળી કહે, 'મારામાં કશો દોષ નથી, હું સતી છું. મારા વરને ખાલી સપનું આવેલું.' ગામધણીએ કહ્યું : 'તારા વરને સંતોષ થાય તેમ તારે સતનાં પારખાં કરાવવાં પડશે.' ધોળી તેમ કરવા તૈયાર થઈ. કેશવે કહ્યું : 'એ માતાજીની આગળ ઝેર ઘોળીને પીવે અને ઊકળતા તેલમાં નાખેલી વીંટી બહાર કાઢી બતાવે તો હું એને સતી માનું અને ખોટો આરોપ મૂકવા માટે હું શૂળીએ ચડું.' ધોળીએ વાત માની. વસ્ત્રાભૂષણથી સજ્જ થઈ, કપાળમાં કંકુની આડ કરીને સૌની સાથે કાળિકાને મંદિર પહોંચી. વાડકીમાં વછનાગ ઘોળી તૈયાર રાખ્યો હતો. અગ્નિ ઉપર ઊકળતા તેલની કઢાઈમાં વીંટી નાખી હતી. ધોળીને સતી માની કેટલાય લોકો પગે લાગતા હતા. ધોળી કોઈને ફૂલ, કોઈને દોરાધાગા, કોઈને કંકુમઅક્ષત્ આપતી હતી. ટોળામાંથી તેની પાસે આવી પહોંચેલા ધારાળાને તેણે એક ચિઠ્ઠી આપી. તે પછી ધોળી માતાજીની સ્તુતિ કરવા લાગી અને બોલી: 'માતાજી, મારી લાજ રાખજે ને મારું કલંક ફિટાડજે.' એટલું કહીને તેણે ઝેરની વાડકી હાથમાં લીધી. એટલામાં પેલો ધારાળો નગ્ન બની શરીરે રાખ અને ધૂળ લીંપી હાથમાં ત્રિશૂળ લઈને ત્યાં દોડી આવ્યો અને ધોળીને વળગીને એની છાતી ઉપર હાથ નાખ્યો. લોકોએ એ ગાંડાને પકડીને આઘે ધકેલી મેલ્યો. પછી ધોળી માતાજીને ઉદ્દેશીને બોલી : 'હે માતાજી, જો મેં મારો વર અને પેલો ગાંડિયો એ બે સિવાય કોઈ ત્રીજા પુરુષને સ્પર્શ ન કર્યો હોય તો મને કશી આંચ ન આવજો.' એટલું બોલીને ધોળી ઝેર ગટગટાવી ગઈ અને પછી ઊકળતા તેલમાં હાથ નાખી તેણે વીંટી બહાર કાઢી. સૌ લોકોએ સતીનો જયજયકાર કર્યો. કેશવે એને પગે પડીને પોતાને ભ્રમણા થયાનું કબૂલ્યું. લોકોએ તેને મારવા લીધો. ધોળીએ વચ્ચે પડીને તેને છોડાવતાં કહ્યું : 'એમાં એનો વાંક નથી. એ બહુ કરકસરિયો અને શરીરની સંભાળ લેતો ન હતો, એટલે મેં કપટ કરીને થોડા દિવસ પહેલાં માતાજી પાસે માગ્યું કે, મારા વરને આંધળો કરજો. એ નીચે સંતાયો હોવાની મને ખબર હતી. એટલે મેં એના કહેવાથી એને શીરો ખવરાવી સશક્ત કર્યો.' માતાજીને પગે લાગી ધોળી ઘરે આવી. ગામધણી સહિત સૌ સતીને પગે લાગ્યા અને તેને મોતીએ વધાવી.

[આધાર : **'સૂડાબહોંતેરી'** ચુમ્માળીસમી કથા]

**સતી બનતી હત્યારી કુલટા : રહસ્ય ખુલ્લું પાડવા આવનારનો ભોગ લેતી**—(કુલટાચરિત્રની દૃષ્ટાંત-કથા) (**સૂડાબહોંતેરી,** બારમી કથા) : ભાવસંગ કણબીના દીકરા કલ્યાણની વહુ ગાલાં એક વાર નહાવા બેઠી હતી, ત્યારે તેના સસરાએ નાવણિયામાં એક મોટા સાપને પેસતો દીઠો. 'હવે શું થશે' એમ ભાવસંગ ગાભરો બની વિચારતો હતો, ત્યાં તો ગાલાંએ સાપને ડોકેથી પકડી બાજઠ નીચે દબાવી દીધો અને તેના મડદાને ઉછાળીને બહાર ફેંકી દીધું. એ જોઈને ભાવસંગ હેબતાઈ ગયો. આવી જોરૂકી વહુ કદીક એના વરની પણ હત્યા કરે, એમ જાણી ભાવસંગે પુત્રને કશું કહ્યા વિના તેના પર દબાણ કરીને છૂટાછેડા લેવરાવ્યા અને ગરીબ ઘરની છોકરી સાથે એને ફરી પરણાવ્યો. લોકોએ આને ભાવસંગની શિરજોરી ગણી.

તે પછી ગાલાં બાજુના ઘરમાં જ નાતરું કરીને આવી અને એના વરના મિત્ર એક યુવાન પરમાર જોડે પ્રેમમાં પડી. પેલો ગુપ્તપણે ગાલાં સાથે રંગરાગ માણવા ઘરે આવતો, પણ હમેશાં એના પતિથી ફફડતો રહેતો. એક વાર તેણે ગાલાંને પોતાની બીક જણાવી અને એ સંબંધ તોડી નાખવા કહ્યું. ગાલાંએ કહ્યું : 'આપણી વચ્ચેનો કાંટો હું કાઢી નાખીશ.' લાગ જોઈ ગાલાંએ તેના વરનું ડોકું તલવારથી ઉડાડી દીધું. પરમાર તેને ત્યાં આવ્યો, ત્યારે તેણે તેના વરનું મડદું બતાવ્યું. આ ક્રૂરતાથી હેબતાઈ ગયેલો પરમાર તેને ધુત્કારી કાઢીને ચાલ્યો જવા લાગ્યો. પણ ગાલાંએ કાલાવાલા કરી તેને જતાં પહેલાં ખાડો ખોદી

આપવા કહ્યું, જેથી તે પતિના શબને ત્યાં દાટી દે. જેવો પરમાર ખાડો ખોદવા નીચો વળ્યો, તેવો ગાલાંએ તેને પણ તલવારના ઘાએ પૂરો કર્યો. તે પછી ઘરના એક ખૂણામાં ખાતર પાડી બૂમાબૂમ કરી મૂકી કે, 'ધાડપાડુઓ મારા ધણીને મારી નાખી ભાગી ગયા. મળવા આવેલા એના મિત્રને પણ મારી નાંખ્યો.' લોકોએ આજુબાજુ તપાસ કરી પણ ધાડપાડુઓનું કોઈ પગેરું મળી આવ્યું નહીં. એટલામાં રાજ્યના પાંચ અધિકારીઓ ત્યાં તપાસ અર્થે આવી પહોંચ્યા. એમણે ટોળાને દૂર કર્યું અને તપાસ કરી. ગાલાંને કહ્યું : 'અહીં કોઈ ધાડપાડુ આવ્યાનાં ચિહ્ન દેખાતાં નથી. તેં જ બંનેની હત્યા કરી લાગે છે, જો તારે બચવું હોય તો લાંચ આપ. તારા ધણીને પૈસાની ખોટ નહોતી.' ગાલાંએ એક એક અધિકારીને લાંચના પૈસા આપવા એકાંતમાં બોલાવીને મારી નાખ્યા. અને પછી ઘર બહાર નીકળી 'ચોરો અધિકારીઓને મારી નાખી પાછલી બાજુથી ભાગી છૂટ્યા છે,' એમ બુમરાણ કરી મૂક્યું. બીકના માર્યા લોકોમાં ભાગંભાગ થઈ. સવાર પડતાં ગાલાંએ સતી થવાનું જાહેર કર્યું. લોકો બધા એને પગે પડવા લાગ્યા. ઘરમાં પડેલાં પેલાં સાત મડદાં પણ લોકો બાળવા લઈ ગયા. પતિના શબની સાથે ઘોડે ચડી, સતીનાં આશિષ ઝીલતાં ટોળાંની વચ્ચે ગાલાં ધામધૂમથી સતી થવા સ્મશાને પહોંચી. તેનો આગલો સસરો ભાવસંગ ગાલાંનાં આ બધાં કરતૂત જાણતો હતો. ગાલાંનો ભાંડો ફોડવાનું નક્કી કરી તે 'મારે ગાલાંને સતી ન થવા સમજાવવી છે' એમ કહી ચિતા પર ચડેલી ગાલાંની પાસે આવ્યો અને બધાને આઘા કરી એકલો ગાલાંને કહેવા લાગ્યો : 'તું ગામ આખાને બનાવે છે અને તારી જાતને સતીમાં ખપાવે છે, પણ તું મને છેતરી નહીં શકે. તેં પહેલાં સાપને માર્યો. પછી પતિને માર્યો, પ્રેમીને માર્યો અને તપાસ કરવા આવેલા અધિકારીઓને પણ તેં જ માર્યા.' આ સાંભળી છેવટની ઘડીએ બાજી ખુલ્લી પડી જતાં સ્થિતિ પામી જઈને ગાલાંએ ડોસાને સળગતી ચિતામાં ખેંચી લીધો અને સાથે પોતે પણ બળી મરી.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, બારમી કથા]

**સત્યકથા લાગતી અસત્યકથા (=નાગશ્રી)** : રમણીય નગરમાં કથાપ્રિય નામનો રાજા. તે નગરના લોકો પાસેથી વારાફરતી નવી નવી કથા સાંભળતો. તે નગરમાં રહેલા એક દરિદ્ર બ્રાહ્મણની જીભ અચકાતી હતી. એટલે એનો કથા કહેવાનો વારો આવ્યો. ત્યારે તે ચિંતાતુર બન્યો. એને બદલે એની કુંવારી દીકરી રાજાને કથા કહેવા ગઈ. એણે આ પ્રમાણે કથા કહી : 'આ જ નગરમાં રહેતાં નાગશર્મા બ્રાહ્મણ અને તેની પત્ની સોમશ્રીની હું નાગશ્રી નામે પુત્રી છું. મારી જેની સાથે સગાઈ કરવામાં આવી હતી તે બ્રાહ્મણપુત્ર મારે ઘેર આવ્યો ત્યારે મારાં માતાપિતા કશાક કામે બહારગામ ગયેલાં હોઈને હું એકલી જ ઘરમાં હતી. એને ભોજન આદિ કરાવ્યા પછી રાત્રે સૂવા માટે મેં ઘરમાં હતો તે એકનો એક ખાટલો આપ્યો. મારા ઘરમાં બહુ સાપ નીકળતા હતા, એટલે ભોંય પર સૂતાં મારો જીવ ન ચાલ્યો. હું મન મક્કમ કરીને તેની સાથે ખાટલામાં સૂતી. આથી એ બ્રાહ્મણપુત્રને કામવિકાર થયો. પણ શરમનો માર્યો તે બોલ્યો નહીં. કામવિકારને દબાવી દેવાથી તેનું મૃત્યુ થયું. તેનું શૂળ ઉપડવાથી મૃત્યુ થયું એમ સમજી, એને માટે મારી જાતને જવાબદાર માનીને હું તે વેળા શું કરવું તે બાબતે ખૂબ મૂંઝાઈ ગઈ. છેવટે મેં તેના શબના ટુકડા કરી તે ખાડામાં દાટ્યા. ઉપર માટી નાખી ભોંય સરખી કરી ધૂપ અને ફૂલની સુવાસ પ્રસરાવી. ત્યારપછી મારાં માતાપિતા ઘરે પાછાં આવી ગયાં'. તેની આટલી કથા સાંભળી રાજાએ પૂછ્યું : 'તેં આ કથા કહી તે બનાવટી છે કે સાચી ?' નાગશ્રીએ કહ્યું : 'તમે જે બીજી કથાઓ સાંભળો છો તેવી જ આ કથા છે.' આમ કહી નાગશ્રીએ રાજાને વિસ્મિત કર્યો.

આ કથા બનાવટી એટલા માટે હતી કે, ઘરમાં સાપ નીકળતા અને એક જ ખાટલો હતો, તો હંમેશાં નાગશ્રી અને તેનાં માતાપિતા ક્યાં સૂતાં ?

[સંદર્ભ : **'જંબૂકુમાર**, ઘટક ૧૨ : જયશ્રીએ જંબૂકુમારને કહેલી દૃષ્ટાંતકથા]

**સદયવત્સ અને સાવલિંગા–૨** : ૧. ઉજ્જેણીનગરીના પ્રભુવત્સ રાજા અને લક્ષ્મીરાણીનો કુંવર સદયવત્સ ઘણો દાની, માની, પરાક્રમી અને દ્યૂતપ્રિય હતો. તે પ્રતિષ્ઠાનની રાજકુમારી સાવલિંગાને પરણ્યો હતો. એક વાર એક બ્રાહ્મણ પોતાની પત્નીની વીનવણીથી રાજા પાસે યાચવા ગયો. રાજાએ તેને 'તમે કઈ વિદ્યા જાણો છો ?' એમ પૂછ્યું, એટલે બ્રાહ્મણે કહ્યું : 'મહારાજ, હું જ્યોતિષવિદ્યાના બળે ત્રણ ભુવન અને ત્રણ કાળની વસ્તુ જાણી શકું છું.' બ્રાહ્મણની બડાશથી રોષે ભરાઈ રાજાએ તેની વિદ્યાની કસોટી કરવા પોતાના જયમંગલ હાથીનું કેટલું આયુષ્ય છે તે પૂછ્યું. જોશીએ જોશ જોઈને કહ્યું : 'આવતી કાલે બપોરે તમારો હાથી ગાંડો થઈને નાસશે અને દિવસ આથમતાં તેનું મૃત્યુ થશે.' રાજાએ જો જોશી સાચો પડે તો એને ભેટથી નવાજવાનું, અને જો તે ખોટો પડે તો તેનાં જનોઈ અને

તિલકને સ્થાને ડામ દેવાનું ઠરાવ્યું. બીજે દિવસે રાજાએ હાથીની ફરતા પાંચસો રક્ષકો મૂકયા. અંકુશધારી મહાવતોની ચોકી મૂકી. તે સહેજ પણ ચસકી શકે નહીં તેમ લોઢાની સાંકળે તેને બાંધ્યો. પરંતુ બપોર થતાં હાથી ગાંડો થયો અને સાંકળ અને ખંભ તોડી મદમત્ત બનેલો તે નગરમાં ભાંગફોડ અને રમખાણ કરતો ઘૂમી રહ્યો. લોકોમાં નાસભાગ મચી ગઈ. હાથીએ કલાલની દુકાનેથી દારૂ ઢીંચ્યો અને તેનાં ગાંડપણે માઝા મૂકી. તે વેળા એક બ્રાહ્મણીને તેના સીમંત પ્રસંગે શેષ ભરી પિયરથી વાજતેગાજતે વળાવતા હતા. ચોઘડિયાંનો અવાજ સાંભળી હાથી તે તરફ વળ્યો. સૌ બ્રાહ્મણીને મૂકીને ભાગી ગયાં. હાથીએ સગર્ભા બ્રાહ્મણીને સૂંઢમાં પકડી. એના પતિએ ધા નાખી. જુગાર રમવા જતા સદયવત્સે તે સાંભળી ને હાથીને ખડ્ગપ્રહારે પાડયો અને બ્રાહ્મણીને બચાવી લીધી. તેના આ સત્કાર્ય અને પરાક્રમનું રાજાએ સન્માન કરી તેને યુવરાજપદ આપ્યું. હવે રાજાના પ્રધાનને કુંવર સદયવત્સની સાથે સંબંધ બગડેલો હતો, કેમ કે તેણે સદયવત્સના વિવાહપ્રસંગે ખર્ચ કરવામાં લોભ કર્યો હતો. આથી સદયવત્સને યુવરાજપદ મળતાં એ પોતાને હેરાન કરશે એવા ડરે તેણે રાજાને ભંભેર્યો કે સદયવત્સે યુદ્ધમાં વિજય અપાવનાર અમૂલ્ય જયમંગલ હાથીને મારી નાખ્યો, તેથી રાજ્યનું નિકંદન નીકળી જશે. આમ, રાજાનું મન ફેરવી તેને કુંવરની તદ્દન વિરુદ્ધ કરી મૂકયો. વળતે દિવસે પ્રભાતે સદયવત્સ પિતાને પ્રણામ કરવા ગયો ત્યારે તેને રાજાએ કડવાં વેણ કહ્યાં. અપમાનિત સદયવત્સ મૂંગો મૂંગો પાછો વળ્યો. દેશત્યાગ કરવાનો નિર્ણય કરીને તે જતાં પહેલાં પોતાની માતાને મળવા ગયો. રાજા પોતા ઉપર રૂઠયા હોવાની વાત કરી અને પ્રધાનની ચડામણીથી રાજા ગમે ત્યારે પોતાને મારી પણ નાખે એવો ડર હોવાથી દેશ છોડી જવાનો નિશ્ચય જણાવ્યો. માતાને ઘણું દુઃખ થયું. પુત્રનું મંગળ વાંછી તેને વિદાય આપી. એટલામાં સાવલિંગાએ સદયવત્સ ચાલ્યો જતો હોવાનું જાણ્યું. સુખદુઃખમાં પતિવ્રતા પતિનો સાથ ન છોડે એમ કહીને, તેની સાથે જવા તૈયાર થઈ. સદયવત્સે તેને ઘરે જ રહેવાનો આગ્રહ કર્યો તે છતાં, સાવલિંગા તેની સાથે ચાલી નીકળી.

૨. પગે ચાલતાં બંને નગરીમાંથી બહાર નીકળ્યાં. તેમને ઘણાં શુભ શુકન અને થોડાંક અપશુકન થયાં. તેમનો અર્થ સદયવત્સે એમ ઘટાવ્યો કે દેવીની કૃપા થશે, સુંદરીની અને રાજ્યની પ્રાપ્તિ થશે, ખજાનો મળશે, સગાંઓ સાથે કલહ થશે અને મનોરથ સફળ થશે. પહાડ ઓળંગી તેની બીજી બાજુ રહેલા અરણ્યમાંથી પસાર થતાં સાવલિંગાને તરસ લાગી. તપાસ કરતાં એક પરબ દીઠી. ત્યાં જઈ પાણી માગતાં પરબવાળીએ કહ્યું : 'આ હરિસિદ્ધ માતાની પરબે જેટલું પાણી જોઈએ તેટલું લોહી આપવું પડે.' સદયવત્સે શરત સ્વીકારી. પવાલું ભરી સાવલિંગાને પાણી પાઈને તરવારથી પોતાની નસ કાપી, પણ લોહી નીકળ્યું નહીં. છેવટે તેણે પોતાનું માથું વાઢવા તરવાર ઉગામી. હરિસિદ્ધ માતાએ પ્રગટ થઈ તેનો હાથ ઝાલ્યો અને બોલ્યાં : 'હું ઉજ્જેણીની દેવતા છું. હું તને વળાવવા આવી છું. તારી સાહસિકતાથી પ્રસન્ન થઈ છું. તું વરદાન માગ'. સદયવત્સે યુદ્ધમાં વિજય થાય અને દ્યૂતમાં જીત થાય એવું વરદાન આપવા કહ્યું. એટલે પોલાદની છરી અને દ્યૂતમાં જીત અપાવતી કાળી કોડી એમ બે ચમત્કારી વસ્તુ આશીર્વાદ સાથે આપીને દેવી અદૃશ્ય થઈ ગયાં. પરબ પણ ત્યાંથી અલોપ થઈ ગઈ.

૩. પોતાને લીધે સદયવત્સને પ્રાણસંકટ આવ્યું તેથી દુઃખી થઈ સાવલિંગાએ એને પિયર મૂકવા જવા કહ્યું. સદયવત્સને પણ એ યોગ્ય લાગ્યું. પોતે બીજા કોઈ રાજવીને ત્યાં સેવામાં રહીને પછીથી સાવલિંગાને બોલાવી લેશે એમ વિચારીને બંને પ્રતિષ્ઠાન નગરની દિશામાં ચાલ્યાં. માર્ગમાં સદાશિવનું વન આવ્યું, જ્યાં બારે માસ વસંત રહેતી. અને પાપી પ્રવેશી શકતા નહીં. વનરાજીમાં થઈને આગળ ચાલતાં તેઓ સરોવરતીરે રહેલા મહાદેવના મંદિર પાસે આવી પહોંચ્યાં. અંદર દર્શન કરવા ગયાં, ત્યારે ત્યાં તેમણે ઘણી સુંદરીઓને જોઈ. તેમાં જે મુખ્ય હતી તે લીલાવતીએ સાવલિંગાને પોતાની વાત કરી : 'હું પાસેના નગરના ધરવીર રાજાની પુત્રી લીલાવતી છું. પરદેશી ભાટે આવી રાજસભામાં ઉજ્જેણીના રાજકુમાર સદયવત્સની પ્રસંશા કરી, તેથી મેં તેને જ વરવાનો નિશ્ચય કર્યો. તે મળે માટે હું અહીં મહાદેવને મંદિરે આવીને છ માસથી તપ કરું છું. આ તીર્થ મનની ઇચ્છા પૂરી કરનારું—કામિતપ્રદ—તીર્થ છે : આજે મારા તપનો છેલ્લો દિવસ છે. કાં તો મારી ઇચ્છા પૂરી થશે, નહીં તો હું અગ્નિપ્રવેશ કરીશ.' સદયવત્સ લીલાવતીની વાત સાંભળતો હતો. સાવલિંગાએ લીલાવતીને સદયવત્સ સાથે મેળવી. લીલાવતી તપ કરતી હતી તે દરમિયાન ધરવીર રાજાએ ઉજ્જેણી મોકલેલા ભાટે આવીને સદયવત્સ ઉજ્જેણી છોડી ગયાના સમાચાર આપ્યા. રાજારાણી કુંવરીની તપાસ કરવા મહાદેવને મંદિરે પહોંચ્યાં. સદયવત્સ ત્યાં આવ્યો હોવાનું જાણી, રાજાએ તેનું સ્વાગત કર્યું. સૌ નગરમાં આવ્યાં અને ધામધૂમથી લીલાવતીને સદયવત્સની સાથે પરણાવી. રાજાએ તેને અર્ધું રાજ્ય આપ્યું. સાળાઓ સાથે જુગાર રમતાં સદયવત્સે માતાએ આપેલ કોડીને પ્રભાવે સાળાઓને હરાવી, જીતેલા

ધનનું દાન કરી દીધું. પછી લીલાવતીને ત્યાં જ રાખી સાવલિંગા સાથે તે આગળ ચાલ્યો.

૪. તેઓ ઘોર જંગલમાં પ્રવેશ્યાં. એક ગુફામાંથી જુગારીઓના રમવાનો અવાજ સાંભળી સદયવત્સ ગુફાને ઢાંકતી ભારે શિલાને ખસેડી અંદર પેઠો. ત્યાં જુગાર રમતાં પાંચ જણે આગંતુકને રમવા બોલાવ્યો. સદયવત્સે તેમને માથું હોડમાં મૂકવા સંમત કર્યા અને માતાને પ્રભાવે પાંચેયને હરાવ્યા. તેમણે સદયવત્સના હાથમાં કટાર આપીને માથાં વાઢી લેવા કહ્યું. સદયવત્સે તેમને ઉદારતાથી જતા કર્યા. જે જોઈએ તે માગી લેવા તેમણે કહ્યું, પણ સદયવત્સે કશું લીધું નહીં. પાંચે જણે પોતાની ઓળખાણ આપતાં કહ્યું : 'અમને અમારા ભાઈએ રાજ્યમાંથી ગરાસ ન આપ્યો, તેથી તેના રાજ્યમાં લૂંટફાટ કરતાં અમે જંગલમાં આ ગુફામાં રહીએ છીએ.' તેમણે સંકટ સમયે સહાય કરવાનું વચન આપ્યું. સદયવત્સે એમને પોતાના ભાઈ ગણી વિદાય લીધી. તે પહેલાં એક ચોરે સદયવત્સની તલવારના મ્યાનમાં હીરાજડિત કાંચળી સંતાડી દીધી હતી.

૫. આગળ ચાલતાં તેમણે એક ડુંગર ઉપર ગઢ જોયો. અંદર પ્રવેશીને જોયું તો તે ઉજ્જડ નગરી હતી. સદયવત્સ અને સાવલિંગાએ રાજમહેલમાં જઈને ત્યાં રાતવાસો કર્યો. મધરાતે સદયવત્સે રાજમહેલમાંથી કોઈક રડતી સ્ત્રીના વિલાપના સૂર સાંભળ્યા. એ રડતી સ્ત્રીની પૂછપરછ કરતાં તે બોલી : 'હું નંદરાજાની લક્ષ્મી છું. હે વીર, તું મારો સ્વીકાર કરીને ભોગવ.' સાવલિંગા નિદ્રાધીન હોવાથી તેણે આ કશું સાંભળ્યું નહીં. સવારે મહેલમાં તપાસ કરતાં હીરામાણેકનો ખજાનો સદયવત્સના જોવામાં આવ્યો. પણ પૂજા અને બલિદાન વગર લક્ષ્મી ન લેવાય એમ જાણીને દ્વાર બંધ કરી તે ત્યાંથી પાછો વળ્યો. પછી ગઢમાં બધે ફરીને જોયું અને અવસર મળ્યે એ ઉજ્જડ નગરીને ફરી વસાવવાની તેણે મનમાં ગાંઠ બાંધી.

૬. ત્યાંથી આગળ ચાલતાં તેઓ પ્રતિષ્ઠાન નગર પાસે આવી પહોંચ્યાં. સામે મળેલા ભાટે તેમને ઘરે લઈ જઈ આગતા-સ્વાગતા કરી. સદયવત્સે સાવલિંગાને કહ્યું : 'તું પાંચ દિવસ અહીં રહેજે, હું નગરમાં જઈ દ્યૂતમાં ધન જીતી તારે માટે વસ્ત્રાભૂષણ ખરીદીને આવું છું. તને આવે વેશે તારે પિયર મૂકું તો આપણી આબરૂ જાય.' સાવલિંગાએ સદયવત્સથી છૂટા પડવાનું જાણી આંસુ સાર્યાં. પ્રતિષ્ઠાન કેવું નગર છે અને કેવા લોકો વસે છે તેનો ખ્યાલ આપ્યો અને પાંચ દિવસની અંદર પાછા આવવાનું વચન લીધું. નગર તરફ જતા સદયવત્સને રસ્તામાં એક હાથપગ અને કાન કપાયેલો ઠૂંઠો માણસ સામે મળ્યો. એ અપશુકનથી નગરમાં કોઈક ઝઘડામાં ફસાવાનું થશે એમ જાણીને સદયવત્સ બાજુના ગણપતિના મંદિરમાં પ્રવેશ્યો. ઠૂંઠો આ સમજી ગયો. તે ભેટ લઈને સદયવત્સને મળ્યો. તેણે પોતાનો પરિચય આપતાં કહ્યું : 'હું સિંહલદેશનો રાજકુમાર દેશભ્રમણ કરતો અહીં આવી પહોંચ્યો. જુગારમાં બધું ધન હારી ગયો. દેણું ચૂકવી ન શક્યો, એટલે જુગારીઓએ મારાં હાથપગ અને કાન કાપ્યાં.' તેણે બાવનવીર જુગારમાં એક્કા હોવાનું કહ્યું. સદયવત્સે ઠૂંઠા પ્રત્યે મૈત્રીભાવ દાખવ્યો. પછી બંનેએ ત્યાંથી નીકળી નગરમાં પ્રવેશ કર્યો. સૂર્યમંદિરની પાસે લોકોનું ટોળું જોયું. પૂછતાં જાણ્યું કે, કામસેના ગણિકાને એવું સ્વપ્ન આવ્યું કે શેઠના છોકરા સોમદત્તે તેનો ઉપભોગ કર્યો અને તેથી વેશ્યામાતા એકદંતી તેના મૂલ્ય પેટે પાંચસો સોનામહોર શેઠ પાસે માગી રહી છે. ગણિકા રાજમાન્ય હોવાથી તેના ડરે સોમદત્ત અડધા પૈસા આપવા તૈયાર થયો, પણ ગણિકા માનતી નથી. દેખાવ પરથી કુલીન ગણીને સદયવત્સને ઝઘડામાં લવાદ નીમ્યો. સદયવત્સે અરીસો મંગાવી સોનામહોરના ઢગલા સામે મૂકીને એકદંતીને અરીસામાંનું પ્રતિબિંબ લઈ લેવા કહ્યું. આમ, ઠગવા આવેલી ઠગાઈ. એ વાત એકદંતી પાસેથી જાણીને કામસેના નૃત્ય કરવાને બહાને સૂર્યમંદિરે આવી. સદયવત્સને જોઈને તેના પર મોહી પડી. એક દૂતીને તેને બોલાવી લાવવા મોકલી. ઠૂંઠો એ વાતમાં આડો પડ્યો. તેનો બીજી એક ગણિકાને ત્યાં પ્રબંધ કરી દીધો, એટલે સદયવત્સે કામસેનાને ત્યાં જઈ રાતવાસો કર્યો. સવારે તે જુગારખાનામાં પહોંચ્યો. ત્યાં શક્તિકુમાર વગેરે વીરોને દ્યૂતમાં હરાવીને પુષ્કળ ધન જીત્યો. છૂટે હાથ દાન દઈ, સાવલિંગા માટે કપડાંઘરેણાં ખરીદી, કામસેનાને આવાસે આવ્યો. ત્યાં ચાર દિવસ ગાળી, કામસેનાને ઘણું ધન આપીને તેણે વિદાય લીધી. જતાં જતાં ભીંતે લટકતી પોતાની તરવાર તેણે ઉતારી. તે કામસેનાની ઓઢણીમાં અટવાતાં તેણે છૂટી કરવા ઝટકો માર્યો, એટલે મ્યાન જુદું પડી ગયું અને તેમાંથી હીરાજડિત કાંચળી નીચે પડી. કામસેનાએ તે માગી લીધી. સદયવત્સ જુગારખાના તરફ ચાલ્યો અને કામસેના પેલી કાંચળી પહેરીને પાલખીમાં બેસી રાજસભામાં જવા નીકળી.

૭. રસ્તામાં નગરશેઠની નજર તેની કાંચળી ઉપર પડી. તેણે તરત રાજા પાસે પહોંચીને ફરિયાદ કરી કે, પોતાને ત્યાંથી ચોરાયેલી કાંચળી કામસેનાએ પહેરેલી છે. કામસેનાને બોલાવીને પૂછતાં તેણે કહ્યું : 'ઘણા ઘરાક આવતા હોય, તેમાંથી કોણે કઈ ભેટ આપી તે કેમ યાદ રહે ?' રાજાએ કામસેનાનો નિગ્રહ

કર્યો, પણ મારઝૂડ કરવા છતાં તેણે નામ ન દીધું. રાજાએ તેને શૂળીએ ચડાવવાનો આદેશ દીધો. એકદંતી ગણિકાઓનું ટોળું લઈને રાજાને વિનંતી કરવા આવી. પણ રાજાએ મચક ન આપી. પછી એકદંતી સદયવત્સને શોધતી જુગારખાનામાં પહોંચી અને કામસેનાના પ્રાણસંકટની વાત કરી. સદયવત્સ દોડીને જ્યાં કામસેનાને બાંધીને શૂળી પાસે રાખી હતી ત્યાં પહોંચ્યો અને તેના બંધ કાપીને મુક્ત કરી. તેની સાથે સૈનિક લઈને લડવા આવેલ કોટવાળને તગડી મૂક્યો. તમાસો જોવા આવેલા માણસોમાં સોમદત્ત શેઠ પણ હતો. તેને સદયવત્સે કહ્યું : 'તું મારો સંદેશો ભાટને ત્યાં રહેલી સાવલિંગાને પહોંચાડ, નહીં તો આપેલી અવધિ આજે પૂરી થતાં તે બળી મરશે.' સોમદત્ત ધન આપી રાજાના માણસોને વશ કરીને સદયવત્સને છોડાવવા તૈયાર થયો. પણ તેમ કરતાં કામસેના ન બચે અને પોતાનું ગૌરવ ન રહે એમ સદયવત્સે કહ્યું. પછી સોમદત્તે રાજા પાસે જઈને થોડો સમય સદયવત્સને મુક્ત કરી તેને સ્થાને પોતાને બાનમાં રાખવા તેને સંમત કર્યો. અવધિ પૂરી થવા આવી. સૂર્યાસ્ત થયા આવ્યો હતો, એટલે સાવલિંગા સ્મશાનમાં જઈ ચિતા પર ચડવાની તૈયારી કરતી હતી. એટલામાં સદયવત્સ ધસમસતો આવી પહોંચ્યો. પછી રાત સાવલિંગા સાથે ગાળીને સવાર થતાં 'ઉતાવળે આવતાં મારાં હથિયાર હાટમાં ભૂલી ગયો, તે લઈ આવું" એવું બહાનું કાઢીને સદયવત્સ ભાટને ઘરેથી નીકળ્યો અને શૂળીને સ્થાને આવી પહોંચ્યો. રાજાએ કામસેનાને પૂછગાછ કરતાં કામસેનાએ જે તલવારના મ્યાનમાંથી કાંચળી નીકળી હતી તે તલવાર રાજાને બતાવી. રાજા તેના ઉપર સદયવત્સનું નામ વાંચી ચમક્યો. તેણે ચોર તરીકે પકડેલા સદયવત્સને આ બાબત પૂછ્યું, ત્યારે સદયવત્સે કહ્યું : 'મેં તો એ તલવાર કોઈક જુગારી પાસેથી જુગારમાં જીતી છે.' રાજાએ ચોરને જીવતો પકડવા પ્રધાનોને સૂચના આપી. પ્રધાને સેનાપતિને સેના સહિત મોકલ્યો. એકલા સદયવત્સે સેનાને નસાડી મૂકી. તે પછી બાવનવીરને સદયવત્સની સામે મોકલ્યો. નારદે આ જોયું, એટલે તેણે જંગલની ગુફામાં રહેલા પાંચ ચોરોને જાણ કરી. એ પાંચ ચોર વિદ્યાબળે અંતરિક્ષમાં ઊડીને સદયવત્સ પાસે આવી પહોંચ્યા. તેમણે બાવન વીરને પરાજિત કર્યા. પછી રાજા પગપાળો સંધિ કરવા આવ્યો. સદયવત્સ સામે ચાલીને મળવા ગયો. એ પોતાનો જમાઈ હોવાનું જાણી રાજા હરખાયો. સાવલિંગાને બોલાવી લીધી. રાજાએ દીકરી–જમાઈનાં સ્વાગતસત્કાર કર્યાં.

૮. સદયવત્સને એક બ્રાહ્મણ, વણિક અને ક્ષત્રિયની સાથે મૈત્રી થઈ. એક વાર જુગારખાનામાં વાત સાંભળી કે તુંબપુરના એક શેઠના બાપનું મડું સ્મશાને ચિતા પર ચડાવ્યા પછી પાછું ઘરે પહોંચી જાય છે. શેઠે મડાને દાહ દેવાનું કામ પાર પાડે તેને બે લાખ સોનામહોર અને પોતાની પુત્રી આપવાની ઘોષણા કરી છે. સદયવત્સ તેના મિત્રો સાથે તુંબપુર પહોંચ્યો અને મડાને દાહ દેવાનું માથે લીધું. તે દરમિયાન એ ગામના પુરોહિતની દીકરીને શાકણ વળગી હતી, તેને કાઢવા એક વરસથી ઉપાય ચાલતા હતા, પણ કશું પરિણામ ન આવતાં, પુરોહિતે ઘોષણા કરાવી હતી કે, જે શાકણને કાઢશે તેને મારી પુત્રી પરણાવીશ. સદયવત્સ પુરોહિતને ઘરે ગયો. હરિસિદ્ધ માતાએ આપેલી છરીને પ્રભાવે શાકણ ચાલી ગઈ. સદયવત્સના કહેવાથી તે કન્યા તેના બ્રાહ્મણમિત્ર સાથે પરણાવી. પછી મડાને લઈને ચારે જણ સ્મશાને પહોંચ્યા. સદયવત્સે કહ્યું : 'મડામાં ભરાયેલો કોઈ વેતાળ તેને બળવા દેતો નથી. આપણે ચારે જણે એક એક પહોર ચોકી કરવાની છે.' તે પ્રમાણે પહેલે પહોરે બ્રાહ્મણ મડાની ચોકી કરતો હતો, ત્યારે શૂળી નીચે રડતી કોઈ સ્ત્રીનો અવાજ સાંભળી, મડાને પીઠે બાંધી તે ત્યાં પહોંચ્યો. પૂછતાં સ્ત્રીએ કહ્યું : 'મારા પતિ શૂળીએ લટકે છે. તેને મારે ખવરાવવું છે, પણ મારો હાથ પહોંચતો નથી.' એટલે બ્રાહ્મણે તેને દયાભાવે પોતાની ખાંધ પર ચડીને પતિને જમાડવા કહ્યું. તે પ્રમાણે બ્રાહ્મણ નીચો નમી ઊભો હતો ત્યાં તેના ઉપર માંસના લોચા પડ્યા. બ્રાહ્મણ તે સ્ત્રી ડાકણ હોવાનું સમજી ગયો. તેણે તેને નીચે નાખી દીધી. તે સ્ત્રી નાસવા લાગી. બ્રાહ્મણે તલવારને ઝાટકે ચૂડીસહિત તેનો એક હાથ વાઢી નાખ્યો. બીજે પહોરે વણિક ચોકી કરતો હતો ત્યારે ચિતા માટે લાવી રાખેલો અગ્નિ ઓલવાઈ ગયો. આઘે પ્રકાશ જોઈને મડું પીઠે બાંધીને વણિક ત્યાં પહોંચ્યો. ભૂતો ખીચડી પકાવતાં હતાં અને સાથે ખાવા માટે બાવીસ રાજકુમારોને બાંધી રાખ્યા હતા. વણિક સળગતું લાકડું ઉઠાવીને બોલ્યો : 'મારા સ્વામીએ એકને પકડ્યો છે અને હવે તમારા સૌનો વારો આવે છે.' ભૂતડાં નાસી ગયાં. ત્રીજે પહોરે ચોકી કરતા ક્ષત્રિયે કોઈક તરુણીને ઉઠાવીને જતા એક રાક્ષસને જોયો. તે મડું પીઠે બાંધી તેની પાછળ પાછળ એક ગુફામાં ગયો. સાત દરવાજા ખોલીને તેણે શય્યામાં તે તરુણીને સૂતેલી જોઈ. તેને જગાડીને પોતાની પાસે રાખી અને પડછાયાની આડશે રહીને, જેવો રાક્ષસ આવ્યો કે તરત જ તેણે તેના તલવારથી બે ટુકડા કરી નાખ્યા. પેલી તરુણી તુંબપુરના રાજાની જ કુંવરી હતી. ચોથે પહોરે ચોકી કરતા

સદયવત્સને મડાએ (અંદર પેઠેલા વેતાળને બળે) ઊઠીને જુગાર રમવા નોતર્યો. તેણે હાથ લંબાવી રાજમહેલમાંથી ચોપાટ, સોગઠાં અને કોડીઓ આણ્યાં. હારે તેનું માથું કાપી લેવાની શરત હતી. મડું હાર્યું એટલે ચારે જણે મડાને બાળી નાખ્યું.

૯. શરત પ્રમાણે 'તમે મડું મારી દેખતાં કેમ ન બાળ્યું ?' એમ કહીને શેઠે સદયવત્સને કશું આપવાની ના પાડી. ચારે મિત્રોએ રાજા પાસે જઈ ફરિયાદ કરી. રાજાએ સાબિતી રજૂ કરવા કહ્યું. બ્રાહ્મણે ચૂડીવાળો કાપેલો હાથ બતાવ્યો. એ હાથ રાજાની રાણીનો હોવાનું જણાતાં, તે ડાકણ ઠરી. તે પછી વણિકે છોડાવેલા રાજકુમારોને બોલાવીને બતાવ્યા. ક્ષત્રિયે રાજકુમારીને બોલાવીને સાક્ષી પૂરવા કહ્યું. તેણે અપહરણ કરી ગયેલા રાક્ષસને ક્ષત્રિયે મારીને પોતાને કઈ રીતે બચાવી તેનું વર્ણન કર્યું. ગુફામાં જઈને ત્યાં કપાયેલા પડેલા રાક્ષસને રાજાના માણસો જોઈ આવ્યા. રાજાએ રાજકુમારી એ ક્ષત્રિયમિત્રને આપી. તે પછી સદયવત્સે ચોપાટ, સોગઠાં વગેરે રજૂ કર્યાં. એ ચીજો રાજાની પોતાની હતી. વેતાળે વિદ્યાબળે તે રાજમહેલમાંથી ઉઠાવેલી હોવાનું સદયવત્સે જણાવ્યું. રાજા સૌની સાહસિકતાથી પ્રસન્ન થયો. તેમનું સ્વાગત કર્યું. શેઠને નક્કી કરેલ ધન અને કન્યા આપી દેવા આદેશ દીધો. એ શેઠપુત્રી વણિકમિત્રને પરણાવી.

૧૦. તે પછી સેના સજ્જ કરીને સદયવત્સ જ્યાં નંદરાજાની લક્ષ્મી તેની પાસે પ્રગટ થઈ હતી, તે ઉજ્જડ નગરી પહોંચ્યો અને તેને વસાવી વીરકોટ નામ આપ્યું. પૂજાવિધિ કરીને નંદરાજાનો ખજાનો હસ્તગત કર્યો. પછી સાવલિંગા અને લીલાવતીને બોલાવી લીધાં. સમય જતાં બંનેને એક એક પુત્ર થયો. પુત્રો મોટા થતાં વિદ્યાકલામાં નિપુણ અને પરાક્રમી થયા. એક વાર ઉજ્જેણીથી આવેલા ભાટ પાસેથી સમાચાર મળ્યા કે, કોઈ શત્રુરાજાએ ઉજ્જેણીને ઘેરો ઘાલ્યો છે. સદયવત્સના પુત્રો સેના લઈને ઉજ્જેણી પહોંચ્યા. શત્રુરાજવીને હરાવીને હાંકી કાઢ્યો. પ્રભુવત્સને જાણ થઈ કે, સહાય કરનાર વીરો પોતાના જ પૌત્રો હતા. સદયવત્સ પણ બંને પત્નીઓ સાથે આવી પિતાને પગે પડ્યો. સર્વત્ર આનંદઉત્સવ પ્રવર્ત્યો. પ્રભુવત્સે સદયવત્સનો રાજ્યાભિષેક કર્યો.

[આધાર : **'સદયવત્સ-વીર-પ્રબંધ'**]

**સદયવત્સ અને સાવલિંગા–૨ :** ૧. કોંકણ દેશના વિજયપુરમાં રાજ્ય કરતા રાજા મહીરાજે પોતાના કુંવર સદયવત્સને તે તરુણ વયે પહોંચ્યો ત્યારે ઉપાધ્યાય મતિસારની નિશાળે વિદ્યાભ્યાસ કરવા મૂક્યો. તેની તીક્ષ્ણ બુદ્ધિને લીધે થોડા દિવસમાં ગુરુએ તેને વડો નિશાળિયો બનાવ્યો. રાજાના મંત્રી સોમે પણ મતિસારને બોલાવીને પોતાની તરુણ પુત્રી સાવલિંગાને, બીજા નિશાળિયાથી અલગ રાખીને ગુપ્ત રીતે વિદ્યાભ્યાસ કરાવવા માટે સોંપી. ઉપાધ્યાય મતિસારના ઘર પાસે તેની વાડી હતી. તેમાં તે ડાંગર પણ વાવતા અને નિશાળિયાઓને તેનું રખોપું કરવા વારાફરતી મોકલતા. એક વાર સદયવત્સે ગુરુને પૂછ્યું : 'ઘરની અંદર તમે કોને ભણાવો છો ?' ગુરુએ કહ્યું : 'સોમમંત્રીની પુત્રી સાવલિંગા આંખે આંધળી હોવાથી તે ઘરની અંદર રહીને ભણે છે.' સાવલિંગાને પણ રાજકુમારને જોવાની ઇચ્છા હોવાથી ગુરુને પૂછ્યું : 'સદયવત્સ કેમ અંદર આવતો નથી ?' ગુરુએ કહ્યું : 'એને કોઢ છે, એટલે તારી આંખોથી દૂર રાખું છું.' તે પછી એક વાર ગુરુ મતિસારને કામકાજે નગરમાં જવાનું થયું. તેણે સદયવત્સને કહ્યું : 'તું તારી લખેલી પાટી પ્રમાણે ભણાવજે. પણ આંધળી સાવલિંગા અંદર છે, તે બારણું ખોલીશ નહીં.' તે પછી વિદ્યાર્થીઓને ભણાવતાં સદયવત્સ, સાવલિંગા જે બોલતી હતી તે સાંભળીને બોલ્યો : 'આંધળી, તું ખોટો પાઠ બોલી રહી છે.' સાવલિંગાએ જવાબ દીધો : 'કોઢિયા, હું જેવું પાટીમાં લખેલું છે તેવું જ વાંચું છું.' સદયવત્સ સમજી ગયો કે, જેમ હું કોઢિયો નથી તેમ સાવલિંગા આંધળી હોવાની વાત ખોટી છે. સદયવત્સે કમાડ ખોલ્યાં. બંને જણ એકબીજાને જોઈ મુગ્ધ થઈ ગયાં. ગુરુએ ભોળવ્યાનું સમજી ગયાં. બોલચાલ અને હાવભાવથી એકબીજાનું મન પામી ગયાં. પરસ્પર ચુંબન આલિંગન દેતાં હતાં, ત્યાં ગુરુને આવતા જોઈને સદયવત્સ ઉતાવળે બહાર નીકળી ગયો, પણ ઉપાધ્યાય તે બંનેના આકારઇંગિત ઉપરથી તેમની વચ્ચે મનમેળ થયો હોવાનું સમજી ગયો. પણ વાત તેણે મનમાં રાખી.

૨. ગુરુજીના ખેતરની રખેવાળી કરવાનો એક વાર સદયવત્સનો વારો આવ્યો. સાવલિંગા ભાત લઈને ત્યાં ગઈ. બંનેનું ઇષ્ટ મિલન થયું. સદયવત્સે સાવલિંગા પાસે સંગની માગણી કરી. સાવલિંગાએ વચન દીધું કે, મારા વિવાહ પછીની પહેલી રાત હું તારી સાથે ગાળીશ. બંનેએ ફૂલશય્યામાં સાંજ સુધીનો સમય વિતાવ્યો.

૩. તે પછી સાવલિંગાની સગાઈ પુષ્પાવતીના ધનસાર શેઠ સાથે થઈ. આ તરફ સદયવત્સને પણ યોગ્ય રાજકન્યા સાથે પિતાએ પરણાવી દીધો. દરમિયાન સદયવત્સે એક ગણિકાને પોતાના સાવલિંગા સાથેના પ્રેમસંબંધની વાત કરી. તે સદયવત્સને સ્ત્રીવેશે પોતાની સાથે લઈને સાવલિંગાને મળી. સાવલિંગાએ સદયવત્સને સાત દિવસ પછી વિવાહવિધિ પૂરી થતાં દેવીમંદિરમાં મળવાનો વાયદો આપ્યો. નક્કી કરેલા

દિવસની રાતે સદયવત્સ અફીણનો અમલ ચડાવી દેવીમંદિરમાં જઈને સૂતો. સાવલિંગાએ પોતાના પતિને જણાવ્યું : 'હું દેવીનાં દર્શને જઈ બાધા પૂરી કરી આવું અને પછી તમારો સંગ કરું.' તે પ્રમાણે તે દેવીમંદિરે જવા નીકળી. રસ્તામાં ખાપરો અને કોડિયો એ બે પ્રખ્યાત ચોર તેને મળ્યા. સોળ શણગાર સજેલી સાવલિંગાએ પોતે સાક્ષાત્ દેવી હોઈ તેમની ઉપર પ્રસન્ન થયાનું અને વરદાન માગવાનું કહ્યું. ચોર તેને પગે પડ્યા. સાવલિંગાએ તેમને નાકનું મોતી આપ્યું. અરધું કાજળથી શ્યામ અને અરધું કંકુથી રાતું થયેલું તે મોતી ચોરે ચણોઠી માની પાછું આપ્યું. પછી પગમાંથી ઝાંઝર કાઢી આપીને સાવલિંગા આગળ ચાલી અને દેવીમંદિરે પહોંચી. પણ ત્યાં સદયવત્સ ઘેનમાં સૂતેલો હતો ઘણા પ્રયત્ને પણ તે જાગ્યો નહીં. સાવલિંગા તેની હથેળીમાં ફરી મળીશું એવા ભાવની ગાથા લખીને ચાલી ગઈ અને જઈને પતિને કહ્યું કે, દેવીએ એવો આદેશ આપ્યો કે પુષ્પાવતીમાં તું મારું મંદિર બંધાવી, દર્શને આવજે અને પછી તારા પતિનો સંગ કરજે, નહીં તો તેનું મૃત્યુ થશે. આ તરફ સદયવત્સ જાગ્યો અને સાવલિંગાએ વચનભંગ કર્યાનો પસ્તાવો કરતો ઘેર પાછો ફર્યો. તેની પત્નીએ તેના મુખ પર ચુંબનનાં ચિહ્ન વગેરે જોઈને કોનો સંગ કરી આવ્યા એમ પૂછ્યું. પછી હાથ ધોવા પાણી લેતાં સદયવત્સનું ધ્યાન હથેળીમાં લખેલા અક્ષર પર પડ્યું અને સાવલિંગા મળવા આવી ગયાની તેને ખાતરી થઈ.

૪. સદયવત્સ રાજપાટ અને ઘરબાર છોડી એકલો પુષ્પાવતી જવા નીકળ્યો. રસ્તામાં કામાવતી નગરી પાસે તેને એક જોગી મળ્યો. એના કહેવા પ્રમાણે તે 'ગોરખ' 'ગોરખ' જપતો આગળ ચાલ્યો. પુષ્પાવતી પહોંચી તેણે રાત ગામબહાર દેવળ પાસે સરોવરની પાળ પર ગાળી. સવારે ઊઠી ગામમાં એક કુંભારને ત્યાં આશરો લીધો. પછી મજૂરને વેશે જ્યાં સાવલિંગાના ઘર પાસે મંદિરનું બાંધકામ થતું હતું, ત્યાં તે પહોંચ્યો. ત્યાં સાવલિંગાને તેના પતિ સાથે ચોપાટ રમતી જોઈને તે 'સાવલિંગા' એમ બોલી ઊઠ્યો. સાવલિંગા તેને જાણી ગઈ અને રમતને ઓઠે તેને ગુપ્ત રહેવા ચેતવ્યો. સદયવત્સ ઉતારે જઈ જોગીનો વેશ ધારણ કરીને ભિક્ષા લેવા સાવલિંગાને ઘેર ગયો. તેના હાથે જ ભિક્ષા લેવાની હઠ કરી. સાવલિંગા થાળ ભરી ભિક્ષા આપવા આવી, એટલે બંનેની ચાર આંખો એક થઈ. પાસેના આવાસના ગોખમાંથી રાજકુંવરીએ એ જોઈને ટીકા કરી. સદયવત્સે આથી ક્રોધે ભરાઈ કુંવરીને પાઠ ભણાવવા નિશ્ચય કર્યો.

૫. સદયવત્સની તપાસમાં નીકળેલો પ્રધાન, સેના સાથે પુષ્પાવતી આવી પહોંચ્યો. તેની સાથે સદયવત્સ પોતાને નગર પાછો ગયો. તેના પિતાએ પુષ્પાવતીના ભોજરાજાને તેની કુંવરીને બાંધીને દૂતની સાથે મોકલી આપવા કહેવરાવ્યું. પરિણામે બંને રાજાઓ વચ્ચે યુદ્ધ થયું. સદયવત્સે ભોજરાજાને હરાવ્યો. ભોજે તેને પોતાની કુંવરી પરણાવી. સદયવત્સે વિવાહમાં કશી ભેટસોગાદ લેવાની ના પાડી, પણ ધનદત્ત શેઠને બાંધી પેલાને સોંપવા માગણી કરી. તે પ્રમાણે ધનદત્તને બાંધીને સદયવત્સ પાસે લઈ આવ્યા. સદયવત્સે સાવલિંગા પોતાને સોંપી દેવાની શરતે તેને છોડ્યો. સદયવત્સ અને સાવલિંગા વાજતેગાજતે વિજયપુર આવ્યાં અને આનંદપ્રમોદમાં દિવસો વિતાવી રહ્યાં.

[આધાર : '**સદયવત્સ–સાવલિંગા ચઉપઈ**']

**સપનાનું ભૂત સાક્ષાત થયું** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, ત્રેપનમી કથા) છળિયા છીપાની રૂપાળી વહુ છકાં તેના નામ પ્રમાણે છકેલી હતી. એની જ નાતનો ભગો ભગત વૈષ્ણવ હતો અને ગામમાં કથાકીર્તન કરવા માટે જાણીતો હતો. તેના પર મોહીને છકાંએ તેને લલચાવવા ઘણું કર્યું, પણ ભગત મક્કમ રહ્યો અને એવા પાપમાં પડવાની ઘસીને ના પાડી. પણ છકાં તેને છોડે એવી ન હતી. એક વાર ગામમાં વૈષ્ણવોના ગોંસાઈ મહારાજની પધરામણી નગરશેઠને ઘરે થઈ. તે રાતે કથાકીર્તન થવાનાં હતાં તેમાં જવાનું છીપાએ નક્કી કર્યું. છકાં કહે : 'હું આખી રાત એકલી કેમ રહું. હું તો બીકે છળી મરું. વળી ગઈ કાલે રાતે મને સપનું આવેલું. એક જમદૂત જેવા ઝાંપડાનું ભૂત 'ખાઉ' 'ખાઉ' કરતું આવીને કહે: હું આઠ દિવસથી તારા ઘરમાં આવીને રહ્યો છું. તેરમે દિવસે તારા વર, દિયર અને જેઠનો હું ભોગ લઈશ.' છીપાએ છીપણને કહ્યું : 'આપણે વૈષ્ણવ હરિજન છીએ. આપણને ભૂતપ્રેત કશું ન કરે.' એમ તેને મનાવીને છીપો ઓચ્છવમાં ગયો. છકાં ભગા ભગતને ઘરે પહોંચી અને પોતાને ત્યાં આવી કંઠી બાંધી, મંત્ર આપીને ગુરુ થવા આગ્રહ કર્યો. ઘણી હા–ના કર્યા પછી ભગત માન્યો. તેને ઘરે લાવી ભાવતાં ભોજન કરાવી, દીવા પ્રગટાવ્યા, પલંગ સજાવ્યો. ભગતનું મન ગળી ગયું. કંઠી અને મંત્રની વાત બાજુએ રહી અને બંને જણ આનંદકલ્લોલ કરી રહ્યાં. એક પહોર રાત ગઈ, ત્યાં ઓચ્છવનાં ગાવાબજાવવાથી કંટાળેલા છીપાએ આવીને કમાડની સાંકળ ખખડાવી. છકાં અને ભગતને ફાળ પડી. ભગતને પોતાનો કાળ આવ્યો હોય એમ લાગ્યું. છકાંને યુક્તિ સૂઝી. ચૂલા

ઉપર ગળીના રંગથી ભરેલો મોટો દેગડો હતો. ભગો દોડીને તેમાં સંતાયો. પછી છકાંએ બારણું ખોલ્યું. 'ઝાંપડો દેખાશે એવી બીકે દીવા પ્રગટાવીને હું તમારી વાટ જોતી જાગતી બેસી રહી,' એમ કહી તેણે પ્રેમભાવ બતાવી છીપાને પલંગ તરફ ખેંચ્યો. પણ છીપાએ કહ્યું : 'ઘરાકને કપડાં રંગીને કાલે સવારે આપવાનો વાયદો છે.' અને તેણે ચૂલો સળગાવ્યો. દેગડામાં રંગનું પાણી ગરમ થવા માંડ્યું, એટલે અંદરથી ગળીમાં આખો રંગાયેલો, નાગો ભગો કૂદીને બહાર નીકળ્યો. 'બાપ રે, ખાધો, ખાધો' બોલીને છીપો એ બિહામણા ભૂતડાને જોતાં જ ભોંય પર પટકાયો. દોડી આવીને છકાંએ અંબા ને કાળકા માતાને પોકારતી, વરનાં ઓવારણાં લેતી, 'ભાઈ, તું મને ખા, પણ મારા વરને મૂક, તને સવામણ ખીચડો ચડાવીશ.' એમ કહીને ભગાને કાઢી મૂક્યો. છીપાનાં સાનસૂધ પાછાં આવ્યાં. 'તેં મને જીવતદાન દીધું' કહીને છીપો છકાંની હિંમત અને લાગણીનાં વખાણ કરતાં થાકતો ન હતો. 'મેં તારું સપનું ખોટું માન્યું હતું, પણ એ ઝાંપડો ખરેખર મારો ભોગ લેત. તારા પુણ્યે જ હું ઊગર્યો.' એમ કહેતો છીપો તે પછી જીવનભર છકાંનો વશવર્તી બનીને રહ્યો.

[આધાર : '**સૂડાબહોંતેરી**', ત્રેપનમી કથા]

**સમસ્યાપ્રેમી ભોજરાજા :** ધારાનગરીમાં રહેતા એક દરિદ્ર, અભણ બ્રાહ્મણને તેની પત્નીએ કાગળમાં એક સમસ્યા લખી આપીને, ભોજની રાજસભામાં જઈને રાજા પાસેથી ઇનામ લેવા મોકલ્યો. રસ્તે જતાં અનુક્રમે રાજાની રાણી, પ્રધાન, રાજપુત્ર, રાજાનો ભાણેજ, રાજાનો સાળો, રાજનર્તકી અને રાજાનો ભત્રીજો–એટલાંનો બ્રાહ્મણને ભેટો થયો. તેમણે બ્રાહ્મણના હાથમાં રહેલા કાગળમાં લખેલી નીચેની કવિતા વાંચી.

પાય–પંખે સુખે પળે, મુખ વિના ગાજંત,
શ્વેત છે ને શ્યામ છે, અજાચીક જાચંત.

એ સમસ્યારૂપ દોહરાનો વાંચનાર દરેક જણે પોતપોતાની તત્કાલીન પરિસ્થિતિ અનુસાર જુદો જુદો અર્થ કર્યો. તે અરસામાં રાણીને પોતાના પિયરથી પત્ર આવેલો, એટલે તેણે સમસ્યાનો "પત્ર" એવો અર્થ કર્યો. સોગઠે રમતા પ્રધાને તેનો "સોગઠાં" એવો અર્થ કર્યો. પતંગ ચગાવતા રાજપુત્રે "પતંગ" એવો અર્થ કર્યો. કોયલનું રમકડું ફેરવતા રાજાના ભાણેજે 'કોયલ" એવો અર્થ કર્યો. હોડીમાં સહેલ કરીને આવેલા રાજાના સાળાએ "નૌકા" એવો અર્થ કર્યો. ચકડોળમાં બેઠેલા રાજાના ભત્રીજાએ "ચકડોળ" એવો અર્થ કર્યો. દરેકે બ્રાહ્મણને સવા લાખ ભેટ આપવાની ચિઠ્ઠી ભોજરાજા પર લખી આપી.

પછી બ્રાહ્મણે રાજસભામાં જઈ ભોજરાજાને કાગળ આપ્યો. તે વેળા ભોજની નજર વરસાદનાં વાદળાં ઉપર ગઈ. તેણે સમસ્યાનો "વાદળાં" એવો અર્થ કરીને બ્રાહ્મણને સવા લાખની ચિઠ્ઠી આપી. બ્રાહ્મણની પોટલીમાં બીજી ચિઠ્ઠીઓ જોઈને તેણે બ્રાહ્મણને પૂછ્યું. જેમણે જેમણે ભેટ આપેલી તેમને તેમને પોતે કઈ કઈ પરિસ્થિતિમાં મળ્યો હતો, તેની વિગત બ્રાહ્મણે જણાવી. રાજાએ એ સૌને બોલાવી તેમણે સમસ્યાનો અર્થ કઈ રીતે ઘટાવ્યો તે પૂછી જોયું. પોતે પણ કઈ રીતે અર્થ સમજ્યો તે જણાવ્યું. પછી બ્રાહ્મણના કહેવાથી બ્રાહ્મણીને બોલાવીને પૂછ્યું, ત્યારે તેણે સમસ્યાનો "રેંટિયો" એવો અર્થ પોતાના મનમાં હોવાનું જણાવ્યું. આ જાણી ઉદાર ભોજરાજાએ સવા લાખની ચિઠ્ઠીઓને અઢી લાખની કરી આપી.

[આધાર : '**સિંહાસનબત્રીસી**'–૨ (એકત્રીસમી કથા : '**રૂપાવતી**'ની પૂર્વપીઠિકા)

**સમુદ્રની વાર્તા (સિંહાસનબત્રીસી–૨.** તેરમી કથા) : જુઓ **વિક્રમરાજા અને સમુદ્રદેવ**

**સંગ તેવો રંગ (=રાજા અને સૂડાનાં બે બચ્ચાં) (પંચાખ્યાન,** ઘટક ૨.૧૯) એક વનમાં પોપટી ચણવા ગઈ, ત્યારે તેનાં બે બચ્ચાંને એક પારધીએ પકડ્યાં. તેમાંનું એક ઊડી ગયું. બીજા બચ્ચાને પારધીએ પાંજરામાં પૂરી તેને પઢાવવા માંડ્યો. જે બચ્ચું ઊડી ગયું હતું, તે એક ઋષિના આશ્રમમાં પહોંચ્યું. તેને ઋષિએ પકડીને પાળ્યુંપોષ્યું. થોડા વખત બાદ શિકારે નીકળેલો કોઈક રાજા જ્યાં પારધી રહેતો હતો તે વનમાં આવ્યો. તેને જોઈ પોપટે કોલાહલ કરી મૂક્યો, 'હે પારધી, રાજા ઘોડે બેસીને આવ્યો છે, તેને મારીને ઘોડો લઈ લે.' રાજા આ સાંભળીને ત્યાંથી નાઠો. થોડે દૂર જતાં તેણે પેલા ઋષિનો આશ્રમ જોયો. આશ્રમના પોપટે રાજાને જોઈને કહ્યું : 'હે ઋષિવર, રાજા આવ્યો છે. તેનાં પૂજાસત્કાર કરી ભોજન આપો.' આ સાંભળી રાજા આશ્ચર્ય પામી બોલ્યો, 'પારધીનો પોપટ મને જોઈને "મારો મારો, બાંધો બાંધો", બોલવા લાગ્યો, જ્યારે તેના જેવો જ આ પોપટ આદરસત્કારનાં વચનો બોલ્યો. એટલે પોપટે કહ્યું : 'અમારાં બંનેનાં માતાપિતા એક જ છે પણ તે પારધીને ત્યાં ઊછર્યો, જ્યારે હું મુનિને ત્યાં.'

[સંદર્ભ : '**પંચાખ્યાન–બાલાવબોધ**' : ઘટક ૨ : ૧૯, કરટકે દમનકને કહેલી દૃષ્ટાંતકથા]

**સર્પ ડસ્યાનો ઢોંગ કરી બચતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા), (**સૂડાબહોંતેરી**, સોળમી કથા) : બાળો રજપૂત ઘણો જોરૂકો હતો, તેની વહુ કાનાજી વરની બીકે તેના પ્રત્યે કપટ-પ્રેમ દેખાડતી હતી. પણ સ્વભાવે તેને પરપુરુષ પ્રત્યે આકર્ષણ રહેતું, તેથી બાળો ન જાણે તેમ બીજાઓ સાથે ટહેલટપારા કરતી. એક મિત્રે એને એની પત્નીના ચારિત્ર્ય અંગે ચેતવ્યો, પણ બાળાએ ઊલટો એને ધમકાવ્યો. મા–બાપે પણ આ બાબત તેનું ધ્યાન દોર્યું, પણ તે માનવા તૈયાર થયો નહીં. એક વાર ગામના ઠાકોરની સાથે બાળા રજપૂતને બહારગામ જવાનું નક્કી થયું. તેણે કાનાજીની વિદાય માગી, ત્યારે કાનાજીએ તેના વિના દુઃખના દિવસો કેમ વીતશે એવું કહી ઘણો પ્રેમ દર્શાવ્યો.

બાળાના ગયા પછી માલણ ફૂલ લઈને આવી. તેણે પતિની ગેરહાજરીમાં પરપુરુષનું સેવન કરવા એને લલચાવી. એટલે ગોવિંદા ગાંધર્વની ગાયકીથી મોહિત થયેલી કાનાજીએ તેને બોલાવી લાવવા કહ્યું. 'હા'–'ના' કરતા ગોવિંદાને સમજાવીને માલણ લઈ આવી. કાનાજીએ ગોવિંદા સાથે સમાગમ-સુખ માણ્યું. એણે ગોવિંદાને માટલી ભરીને સુખડી આપી. તે પછી કાનાજી ચોકમાં ચત્તીપાટ સૂતી. એક તરફ સુખડી ભરેલી માટલી હતી. બાજુમાં ગોવિંદો પોતડી પહેરી, તેલફૂલથી શણગારાઈને બેઠો. માલણ આઘે ઊભી રહી. કોઈની બીક ન હોઈને બારણાં ઉઘાડાં હતાં. ઠાકોરે બાળાને પરગામ સાથે આવવાને બદલે ગામની ચોકી કરવા રહે તેમ કહ્યું, એટલે બાળો ઘરે પાછો ફર્યો. બારણા પાસે કોઈનાં પગરખાં જોયાં. સૂતેલી કાનાજી પાસે પોતડી પહેરી શણગારાઈને બેઠેલા ગોવિંદાને, માટલીને અને ઊભેલી માલણને જોઈને અને માબાપે ચેતવ્યા પ્રમાણે કાનાજી કુલટા હોવા બાબત તેને શંકા ન રહી. તે ક્રોધે ધ્રૂજવા લાગ્યો. એટલામાં કાનાજીએ આવતા બાળાનો પડછાયો જોયો. એટલે તેણે ગોવિંદાને અને માલણને ચેતવાને શું કરવું, તેની સૂચના ઝડપથી આપી દીધી. પોતે બેભાન બની ગઈ અને ગોવિંદો તેના પગનો અંગૂઠો ચૂસવા લાગ્યો. 'કાળો નાગ ડસ્યો છે, બચે તો સારું'', એમ એને બોલતા રહેવા કહ્યું. બાળો અંદર આવ્યો, ત્યારે ગોવિંદો ઘોઘા ચૌહાણનું નામ દઈને મંત્રો બોલતો હતો. ઘડીકમાં લોકો ભેગા થઈ ગયા. બાળો ટાઢો પડી ગયો. માલણે તેને કહ્યું : 'હું સવારે ફૂલ આપવા આવી ત્યારે કાનાજીને સાપ કરડ્યાનું મેં જાણ્યું, એટલે હું ગોવિંદા ગારુડીને બોલાવી લાવી.'

થોડી વારમાં કાનાજી ભાનમાં આવી. સૌએ કહ્યું : 'ગોવિંદાએ કાનાજીને મોતના મોંમાંથી ઉગારી.' પછી બાળાએ શું બન્યું હતું તે કાનાજીને પૂછ્યું. તેણે કહ્યું : ''તમારા ગયા પછી હું દેવને દીવો કરવા કોડિયામાં ઘી પૂરવા ગઈ, ત્યાં ડાબે અંગૂઠે ઝટકો વાગ્યો. ત્યાં તો માલણ આવી. એણે પકડીને સાપને આ માટલીમાં પૂર્યો. પછી એ ગોવિંદા ગારુડીને બોલાવવા ગઈ. એટલામાં મેં ભાન ગુમાવ્યું.'

ગોવિંદાએ કહ્યું : 'આને જાગતી રાખજો, નહીં તો ઝેર ચઢશે.' એટલે બાળાએ તેને અને માલણને રોકી રાખ્યાં અને કાનાજીને વાતચીતમાં રોકી રાખી જાગતી રાખવા કહ્યું. બંનેનો આભાર માની, તેમને ભેટો આપી નવાજ્યાં અને સાપવાળી માટલી ગામ બહાર પધરાવવા ગોવિંદાને સોંપી. સાસુસસરાએ ત્યારથી કાનાજીને ગુણવંતી ગણી અને બાળો તેના પર પ્રેમ વરસાવતો રહ્યો.

[આધાર : '**સૂડાબહોંતેરી**,' સોળમી કથા]

**સંઘર્યો સાપ પણ કામનો** (=**શ્રીપાલ રાજા અને ગુણવતી રાણી**) : વસુમતી નગરીના કામી રાજા શ્રીપાલે પાંચસો રાણી એકઠી કરી હતી. તેમાં શ્રીજયા પટરાણી. એક સંન્યાસી મિત્રે સોરઠના રાજાની કુંવરી ગુણવતીની રૂપપ્રશંસા કરતાં તેના પર આસક્ત થયેલા શ્રીપાલે ખાંડું મોકલી એની સાથે વિવાહ કરી, પોતાને મહેલે આણી. નવી રાણી સાથે તે શ્રીજયાની ઉપેક્ષા કરીને ભોગ ભોગવવા લાગ્યો.

શ્રીજયા સર્વ વસ્તુ સંગ્રહી રાખવાની વૃત્તિવાળી હતી. એક દિવસ તે ઘરઆંગણામાં શ્રીપાલ રાજા સાથે બેઠી હતી, તે વખતે એક સમડીએ એક મૃત સાપ આંગણામાં નાખ્યો. શ્રીજયાએ તે લઈ તેને એક ઘડામાં સંગ્રહી રાખવા મૂક્યો.

એક વખતે રાણી ગુણવતીને એક અત્યંત પીડાકારી ગૂમડું થયું. વૈદ્યે જણાવ્યું કે, એક વર્ષ પૂર્વે મરેલા સર્પનું તેલ લગાડવામાં આવે તો તેની પીડા મટે. રાજાને પેલો શ્રીજયાએ સંગ્રહેલો સાપ યાદ આવ્યો અને તે શ્રીજયા પાસે આવ્યો. સર્પ માગી લઈ જઈ રાજા વૈદ્ય પાસે આવ્યો. વૈદ્ય તે વડે ઉપચાર કરતાં રાણી ગુણવતી પીડામુક્ત થઈ. આમ સંઘરેલો સાપ પણ કામ આવે છે.

[સંદર્ભ : '**અંબડવિદ્યાધર**'માં આવતી દૃષ્ટાંતકથા]

**સાક્ષાત મહાલક્ષ્મી પ્રસન્ન થયાં** : (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, છપ્પનમી કથા) : લાખો લાહોરી શાહસોદાગર હતો. દેશદેશાવરમાં એની કોઠીઓ હતી. તેની વહુ સેજાં એના પિયરમાં સીમંતનો પ્રસંગ હતો, એટલે ઠાઠમાઠથી વેલ જોડીને પિયરને ગામ જવા નીકળી. પાંચ દિવસનો રસ્તો હતો. ત્રણ દિવસના પ્રવાસ પછી વચ્ચે લાખાના

આડતિયા વિભાનું ગામ આવ્યું. વિભાએ આગ્રહ કરીને સેજાંને તેના કાફલા સાથે બેત્રણ દિવસ પોતાને ત્યાં રોકી રાખી. રાત્રે સેજાં સૂતી હતી, ત્યારે નજીકમાંથી કોઈને કસાયેલે કંઠે બિહાગડો રાગ અને પ્રભાતે પંચમ રાગ ગવાતો સાંભળ્યો. એ વિશે વિભાને પૂછતાં તેણે કહ્યું : 'એ તો સામે ઘરે મારો વાણોતર વિમળચંદ રહે છે, તે ગાતો હતો. ગરીબ છે, પણ સંગીતનો ભારે જાણકાર છે'. સેજાંએ તેને તેડાવ્યો. તેને જોઈને તેના પર મોહી પડી. એના સંગની માગણી કરી. શેઠના શેઠની વૈભવમાં આળોટતી રૂપસુંદરીની આ માગણીથી ગરીબડો વિમળ ડઘાઈ ગયો. ઘણા હાથ જોડ્યા, પણ સેજાંએ વાત ન છોડી અને ન્યાલ કરી દેવાની લાલચ આપી. વિમળની વહુ કોઈક પ્રસંગે તે દિવસે ગામમાં જ આવેલા એના પિયરે ગઈ હતી અને ત્યાં રાત રોકાવાની હતી. એક ઘડી રાત જતાં વિમળને ઘરે જવાનું સેજાંએ ઠરાવ્યું. વખત થતાં સેજાં વસ્ત્રાભૂષણનો ઠાઠ કરી ઉપર કાળી પછેડી ઓઢીને વિમળને ત્યાં જવા નીકળી. જતાં જતાં પોતાની વિશ્વાસુ દાસીને સૂચના આપતી ગઈ કે, કોઈ પૂછે તો કહેજે : 'મારી શેઠાણી ગામમાં શેઠે બંધાવેલા દેવળે પૂજા-ઓચ્છવ કરવા ગયાં છે અને સવારે આવશે.' વિમળને ઘરે પહોંચીને બંને પ્રેમીઓ રંગરાગમાં મગ્ન હતાં, ત્યાં રાતની ત્રીજી ઘડીએ વિમળની વહુએ આવીને કમાડની સાંકળ ખખડાવી. તેની માએ જમાઈને મેવામીઠાઈનો ટોપલો આપવા તેને મોકલી હતી. વહુ ભારે વઢકણી અને માથાભારે હતી. વિમળની તો છાતી જ બેસી ગઈ. સેજાંએ સહેજ પણ ન ગભરાવાનું કહીને તેને ઘસઘસાટ ઊંઘી ગયાનો ઢોંગ કરવાની સૂચના આપી. પછી થાળીમાં દીવેટો મૂકી દીવા સળગાવી માથે સગડી લીધી અને કમાડની સાંકળી ખોલી નાખી સૂતેલા વિમળની આરતી ઉતારવા લાગી. રૂપે અને વસ્ત્રાભૂષણે કોઈ રાજરાણી જેવી લાગતી સુંદરીને વિમળની આરતી ઉતારતી જોઈને તેની વહુ તેના પગમાં પડી ગઈ અને 'માતાજી, તમે કોણ છો ?' એમ પૂછ્યું. સેજાંએ તેને માથે હાથ મૂકતાં કહ્યું : 'હું મહાલક્ષ્મી છું. તારા વર પર પ્રસન્ન છું. તે ઊંઘતો હોય ત્યારે તેની આરતી ઉતારું છું. તેને લખપતિ કરી દઈશ. હમણાં દસહજાર આપું છું અને તેને પાંચ પુત્રોના આશીર્વાદ આપું છું. જા, અંદરના ઓરડામાં જઈ આ દીવાનું અને સગડીનું સ્થાપન કર અને મારા આવ્યાની વાત બહારના કોઈને કરીશ મા'. વિમળની વહુ અંદર ગઈ એટલે સેજાં ઘરમાંથી બહાર નીકળી ગઈ અને ઉતારે પહોંચી ગઈ. વિમળની વહુએ વિમળને જગાડ્યો અને મહાલક્ષ્મી એમના પર પ્રસન્ન થયાની એકીશ્વાસે વાત કરી. વિમળે તેનું કહેવું ન માનવાનો ઢોંગ કર્યો. પણ વહુએ આરતી બતાવીને ખાતરી કરાવી. બીજે દિવસે વિમળ સેજાંને મળ્યો, ત્યારે તેણે તેને હજાર સોનામહોરનો હાર ભેટ આપ્યો અને પછી પોતાના કાફલા સાથે ત્યાંથી પિયર જવા રવાના થઈ. [આધાર : '**સૂડાબહોંતેરી**,' છપ્પનમી કથા].

**સાત પ્રેમીઓને બચાવી લેતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, બાવીસમી કથા) : ચાંપો માળી ચોથી વારના નાતરામાં જુવાન અને રૂપાળી ચાંપલીને લઈ આવ્યો. એ ચારિત્ર્યની શિથિલ હતી. એ ઘરાકોને ઘેર રોજ ફૂલપાતરી આપવા જતી. એક દિવસ એને રસ્તામાં ગામનો પટેલ, હવાલદાર, તલાટી, ગરાસિયો, સીમાડિયો, શેલોત, અને રાજગોર—એક પછી એક મળ્યા અને દરેકે તેની સાથે સમાગમ કરવા માગણી કરી. ચાંપો માળી તે દિવસે મધરાત્રે પાછો આવવાનું કહીને બહારગામ ગયેલો. ચાંપલીએ પેલા આશકોને, અનુક્રમે ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી અને દશમી ઘડી વીત્યે પોતાને ઘેર આવવાનો સંકેત કર્યો. તે દિવસે ચાર ઘડી રાત જતાં પટેલ ચાંપલીને ઘરે આવ્યો. તેને બાજઠ પર બેસાડી ચાંપલીએ તેની આગતા-સ્વાગતા કરી. ત્યાં તો કોઈક કમાડની સાંકળ ખખડાવતાં બોલ્યું : 'કમાડ ઉઘાડો'. 'ચાંપાનો મિત્ર હવાલદાર આવ્યો લાગે છે.' એમ ચાંપલીએ કહ્યું, એટલે પટેલ ગભરાઈ ગયો. એને ખાલી કોઠીમાં સંતાવાનું કહી ચાંપલીએ દરવાજો ઉઘાડી હવાલદારને અંદર બોલાવ્યો. હવાલદારને બાજઠ પર બેસાડીને તેને ચાંપલી માનપાનથી રિઝવતી હતી, ત્યાં ફરી સાંકળ ખખડી. 'તલાટી આવ્યો લાગે છે', એવું ચાંપલીએ જણાવ્યું, અને ગભરાટમાં પડેલા હવાલદારને તેણે સાડલો પહેરાવી, બંટીનો ટોપલો આપીને ગંજારમાં ઘંટીએ દળવા બેસાડી દીધો. એ જ રીતે એક પછી એક ગરાસિયો, સીમાડિયો અને શેલોત આવી પહોંચ્યા. ચાંપલીએ તલાટીને કોઠીની ઉપર સંતાઈ જવા કહ્યું અને ચેતવ્યો : 'કોઠીમાં સાપણ વિયાઈ છે, તો ઊંચા બેસજો, નહીં તો ડસશે'. ગરાસિયાને ચૂલા ઉપરના શીકામાં સંતાઈ રહેવા કહ્યું. સીમાડિયાને ઊંધો સુવડાવી, ઉપર બાજોઠ મૂકી, તેના પર દીવો મૂક્યો. શેલોતને ગાયની ગમાણમાં ચારના પૂળામાં સંતાઈ જવા કહ્યું. એ પછી રાજગોર આવીને પાટે બેઠો. ચાંપલી તેની પરોણાગત કરતી હતી, ત્યાં ચાંપા માળીએ આવીને કમાડ ખખડાવ્યાં. ચાંપલીએ રાજગોરને ખાટલા નીચે સંતાઈ જવા કહ્યું. ચાંપો આવીને ખાટલા પર બેઠો અને બોલ્યો : 'મને બહુ ભૂખ લાગી છે. ખાવાનું આપ'. ચાંપલીએ કહ્યું : 'રોટલા શેના કરું ? કામવાળીએ અત્યાર સુધી લોટ નથી દળ્યો'. એટલે ચાંપાએ ગંજારમાં જઈને ઘૂંઘટમાં મોં સંતાડી ઘંટી

ચલાવતા હવાલદારને માથાપર દસબાર વાર મોજડી ફટકારી. ચાંપલીએ હવાલદારને છોડાવી, ઘરબહાર રવાના કરી દીધો. પછી ચાંપો ખાટલા પર આવીને બેઠો. એટલામાં ખાટલા નીચે રહેલા રાજગોરને વાછૂટ થઈ. 'કશુંક ગંધાય છે' એમ ચાંપો બોલ્યો, એટલે ચાંપલીએ કહ્યું : 'ખાટલા નીચે કોળ મરી ગયો લાગે છે'. ચાંપો ચોકમાં ગયો, એટલે ટોપલામાં રાજગોરને બેસાડી તેને બહાર મૂકી આવી. પછી ચાંપો રસોડામાં ગયો. ત્યાં પણ એને દુર્ગંધ આવી, એટલે 'શીકામાં કોળું કોહવાઈ ગયું છે,' એમ કહીને શીકું ઉતારી માથે મૂકીને ચાંપલી એને ઉકરડે નાખવા ગઈ. ચાંપો રસ્તો દેખાડવા દીવો લઈને સાથે ગયો. દરમ્યાન સીમાડિયો બાજોઠ નીચેથી નીકળીને નાઠો. પછી ચાંપલી ગાય દોહવા ગઈ, ત્યારે તેણે પૂળામાં સંતાયેલા શેલોતને ચાર સાથે ઉપાડી બહાર ચોકમાં નાખ્યો. ખીર બનાવીને ચાંપો અને ચાંપલી જમવા બેઠાં, ત્યારે ગરમ ખીરની વાડકી કોઠીના નીચેના બાકોરા પાસે મૂકી. કોઠીમાં ઊંધે માથે સંતાયેલ પટેલનો હાથ અજાણતાં બાકોરામાંથી બહાર નીકળ્યો અને ખીરની વાટકીને અડચો. હાથે દાઝતાં તેણે સિસકારો કર્યો. એટલે કોઠી ઉપર બેઠેલો તલાટી સાપણ કરડવા આવે છે એમ માનીને ભડકચો. ગભરાટમાં એને પેશાબ થઈ ગયો. ભાણામાં પડેલી ધારથી ચાંપે માન્યું કે, ચાંપલી ઘીની ધાર કરે છે. એણે 'બસ, બસ', કહેતાં વાઢીનું નાળચું પકડી રાખ્યું. ગભરાટમાં તલાટીએ કરેલી કૂદાકૂદથી કોઠી ભાંગી પડી. પટેલ અને તલાટી ઝડપથી ઘરની બહાર નાઠા. 'આ શી ધમાલ થઈ?' ચાંપો દીવો લઈને જોવા લાગ્યો. ચાંપલીએ કહ્યું : 'એ હતા તમારા પિતૃઓ. એમને તમે પોષ્યા નથી, એટલે આપણને હેરાન કરે છે.' બંનેએ બીજે દિવસે લાડવા બનાવી પિતૃઓને પિંડ આપવાની બાધા લીધી. સવારે ચાંપલી ફૂલપાતરી આપવા નીકળી, ત્યારે તેને રાત્રે મોજ માણવા આવેલા સાતેય જણ રસ્તામાં એક પછી એક મળ્યા. દરેકને ચાંપલીએ રાત્રે ફરી પાછા ઘરે આવવા નોતર્યા. પણ દરેકે રાત્રે તેમના પર જે વીત્યું હતું તેથી હાથ જોડયા.

[આધાર : **'સૂડાબહોંતેરી,'** બાવીસમી કથા]

**સાપને પરણનારી રાજકુમારી** (**પંચાખ્યાન,** ઘટક ૨.૧૫) : **૧.** દેવશર્મા નામે એક નિઃસંતાન બ્રાહ્મણ હતો. તેની સ્ત્રી બીજાનાં બાળકોને જોઈને રોતી. દેવશર્માએ તેને દુઃખી ન થવા કહ્યું. પુત્રપ્રાપ્તિ માટે તેણે યજ્ઞ કર્યો. યજ્ઞ પછી દેવવાણી થઈ. તેણે બ્રાહ્મણીને ઉત્તમ પુત્ર થશે એમ કહ્યું. તે પછી બ્રાહ્મણીને ગર્ભ રહ્યો. યોગ્ય સમયે પ્રસવ થયો. પણ પુત્રને બદલે તેને સર્પ જન્મ્યો. આથી કુટુંબના લોકોએ તેનો ત્યાગ કરવા કહ્યું, પણ બ્રાહ્મણીએ ન માન્યું. તેણે એક વાસણમાં સર્પને રાખી તેને દૂધ–માખણ વગેરે ખવરાવી મોટો કર્યો. એક દિવસ ઘેર ઘેર લોકોના પુત્રના વિવાહ જોઈને બ્રાહ્મણીને પણ પોતાના પુત્રનો વિવાહ કરવાની ઇચ્છા થઈ, એટલે દેવશર્મા કન્યાની શોધમાં નીકળ્યો. એક નગરમાં પહોંચી, ત્યાં એક સંબંધીને ઘરે રહ્યો. યજમાને તેના આગમનનું કારણ જાણી, પોતાની સ્વરૂપવાન કન્યા તેને આપી. દેવશર્મા કન્યાને લઈ તેનાં સંબંધીઓ સાથે પોતાને ગામ આવ્યો.

**૨.** કન્યાનાં કુટુંબીઓને લોકોએ કહ્યું : 'આવી રૂપાળી કન્યાને સર્પ સાથે શા માટે પરણાવો છો?' સંબંધીઓએ કન્યાને લઈ પાછા જવાનું નક્કી કર્યું, પણ પિતાએ વચન આપ્યું હોઈ, 'કન્યાદાન એક વાર જ દેવાય' એ ન્યાયે કન્યાએ સર્પ સાથે પરણવાનો પોતાનો નિશ્ચય જણાવ્યો. વળી તેણે કહ્યું કે, વિધિનિર્મિત ભાવી ફેરવી ન શકાય. તે ઉપર તેણે ઇંદ્રના સૂડાનું દૃષ્ટાંત કહ્યું. (એ માટે જુઓ આ કથાકોશમાં **ઇન્દ્રનો સૂડો**).

**૩.** કન્યાએ સર્પની સાથે લગ્ન કર્યાં. તે ભક્તિપૂર્વક સર્પની સેવા કરતી. એક વાર રાત્રે સર્પ પેટીમાંથી પુરુષાકારે નીકળીને સ્ત્રીની શય્યા પર બેઠો. તેને પરપુરુષ માનીને કાંપતી તે સ્ત્રી બહાર જવા લાગી, ત્યારે એણે પોતે તેનો પતિ હોવાનું જણાવ્યું અને ખાતરી કરાવવા પેટીમાં પડેલો સર્પ શરીરમાં પ્રવેશ્યો અને પુરુષરૂપે દિવ્ય વસ્ત્રાભૂષણ સાથે બહાર નીકળ્યો. તે જોઈને સ્ત્રી તેને પતિ તરીકે સ્વીકારી પગે લાગી. અને બંને જણે સુખભોગમાં રાત ગાળી. વહેલા ઊઠેલા સર્પના પિતાએ આ વાત જાણીને, ફરીથી પુત્ર સર્પના ખોળિયામાં ન પ્રવેશે તે માટે તેણે પુત્ર રાતે સૂઈ ગયો હતો, ત્યારે પેટીમાંથી સર્પનું ખોળિયું કાઢી બાળી નાંખ્યું. તે પછી પુત્ર પુરુષરૂપે જ રહ્યો.

[સંદર્ભ : **'પંચાખ્યાન–બાલાવબોધ',** ઘટક ૨.૧૫ : કરટકે દમનકને કહેલ **નગ્ન શ્રમણ અને મંત્રી**ની દૃષ્ટાંતકથામાં મંત્રીએ કહેલી દૃષ્ટાંતકથા]

**સારમાં સાર શું ?** (**વેતાલપચીસી–૨,** ઓગણીસમી કથા) : વેતાળનો પ્રશ્ન **:** સ્ત્રી, ધન, પુત્ર, ભગવાનનું નામ, અન્ન અને વિદ્યા–એમાંથી સૌથી વધુ મહત્ત્વ શાનું ?

સંસારનો સાચો સાર શાને ગણવો ?

વિક્રમનો ઉત્તર : અન્નનું સૌથી વધુ મહત્ત્વ. એ જ સારમાં સાર. તે હોય તો બાકીના નભે કે તેમને માટે અવકાશ રહે. [આધાર : **'વેતાલપચીસી'**–૨, ઓગણીસમી કથા]

**સાંકેતિક ભાષાપ્રયોગ** : જુઓ, **ડાકણનું આળ**

**સિદ્ધ અને ચેલો** : જુઓ, **વેતાલપચીસી**–૨, કથાપીઠ

**સિંઘલશી કુમાર** : જુઓ, **સિંહલકુમાર**

**સિંહ અને બળદ (=પંચાખ્યાન,** ઘટક–૨) : જુઓ, **મિત્રભેદ**

**સિંહ અને સસલો**, (બુદ્ધિના બળ વિશે દૃષ્ટાંતકથા) (**પંચાખ્યાન,** ઘટક ૨.૬) : એક વનમાં રહેતો ભાસુરક નામનો સિંહ દરરોજ વનના અસંખ્ય જીવોને મારી નાખતો. તેથી વનનાં સર્વ પશુઓએ એકત્ર થઈ વિનંતી કરી કે, રોજ અનેક જીવોને મારી નાખવાને બદલે એક જ જીવને મારીને ભક્ષ્ય કરશો તો અમારો સર્વનાશ નહીં થાય અને તમારી આજીવિકા ચાલ્યા કરશે. અમે તમારા આહાર માટે વારા કાઢી રોજ એક પ્રાણી મોકલીશું. સિંહે તેમની વિનંતીનો સ્વીકાર કર્યો. વારાપ્રમાણે એક એક જીવને સિંહ પાસે મોકલવામાં આવતો હતો. એક વાર એક બુદ્ધિમાન સસલાનો વારો આવ્યો, ત્યારે તે મોતથી બચવા માટે ઉપાય વિચારવા લાગ્યો. સિંહ પાસે જતાં, રસ્તામાં તે એક કૂવા પાસે પહોંચ્યો. તેમાં તે ડોકાયો અને પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું, એટલે તેને સિંહનો નિકાલ કરવાની યુક્તિ સ્ફુરી. ધીરે ધીરે ચાલતો તે સિંહ પાસે ઘણો મોડો પહોંચ્યો. ધૂંઆંપૂંઆં થઈ ગયેલા સિંહે બધાં પ્રાણીઓને મારી નાખવાની ધમકી આપીને, મોડા આવવાનો ખુલાસો માગ્યો. સસલાએ કહ્યું, 'વચ્ચે તેણે બીજો સિંહ જોયો. તેનાથી બચવા તે બીજે રસ્તે થઈને આવ્યો, તેથી મોડું થયું.' સિંહે તે ક્યાં છે તે દેખાડવા કહ્યું. સસલો સિંહને પેલા કૂવા પાસે લઈ ગયો અને તમારો પ્રતિસ્પર્ધી કૂવાની અંદર છે, એમ સિંહને કહ્યું. સિંહે કૂવામાં પોતાનું પ્રતિબિંબ જોઈને ત્રાડ નાખી. તેનો પડઘો સાંભળીને પડકાર આપતા સિંહને મહાત કરવા તે કૂવામાં કૂદી પડયો અને ડૂબી મર્યો.

[આધાર : **'પંચાખ્યાન–બાલાવબોધ,'** ઘટક ૨.૬]

**સિંહણ અને હરણ** (ઊંચનીચના સંબંધ વિશે દૃષ્ટાંતકથા) : હિમાચળ પાસેના એક ભયંકર પહાડમાં એક સિંહ તેની જુવાન અને ગર્વીલી સિંહણ સાથે રહેતો હતો. એક વાર ચારો કરવા સિંહણ વનમાં ગઈ. હરણાં નાસવા લાગ્યાં. એક હરણ થાકનો માર્યો હેઠો પડયો. તેનાં સુંદર શિંગડાં અને રૂપાળો દેહ જોઈને સિંહણ તેની ઉપર મોહી પડી. કાંપતા હરણને તેણે છાતીસરસો ચાંપ્યો. તેની ઘણી સારવાર કરી. હરણે આ વિપરીત પ્રેમસંબંધ સામે ઘણું કહ્યું. સિંહણની ઇજ્જત અને પોતાનો જીવ બંને જવાનો ભય દેખાડયો, પણ નીચબુદ્ધિની નારીએ કશું કાને ન ધર્યું. પ્રેમવશ સિંહણ હરણને પોતાને ઘરે તેડી ગઈ. સિંહને તેણે કહ્યું : 'આ મારા વીરનું શરીર ઢીલું હતું, એટલે દયાથી આપણે ત્યાં બોલાવી લાવી છું.' સ્ત્રીચરિત્રનો પાર કોઈ પામ્યું છે ? સિંહ હંમેશાં સિંહણ અને હરણની ચર્ચા જોતો. રીસે ભરાઈને તેણે એક પ્રપંચ રચ્યો. કેટલાક દિવસ તે મૂંગે મોઢે સહી રહ્યો અને બંનેને લહેર કરવા દીધી. પછી એક દિવસ પ્રેમપૂર્વક બોલાવીને તેણે સિંહણને કહ્યું : 'તારા ભાઈ ઉપર મને ઘણો ભાવ છે. તેનાં જેટલાં સગાં, એટલાં તારાં પિયરિયાં થયાં. તે બિચારાં વનમાં રહી દુઃખી થતાં હશે, જ્યારે તમે તો અહીં આનંદ કરો છો. બધાંને અહીં જ તેડી લાવોને!' સિંહણે રાજી થઈને એક હજાર હરણને પોતાને ત્યાં બોલાવ્યાં. તે આવ્યાં એટલે સિંહે બધાંયને મસળીને મારી નાંખ્યાં. એકને વાંકે સૌ મર્યાં. એ રીતે સિંહણનું પાણી ગયું અને હરણના કુળનું નિકંદન થયું.

[સંદર્ભ : **'મદન અને મોહના,'** ઘટક–૨ : મદને મોહનાને કહેલી દૃષ્ટાંતકથા]

**સિંહલકુમાર–૧** : **૧.** સિંહલદ્વીપના રાજાને સિંહલી નામે રાણી અને સિંહલસિંહ નામે કુંવર હતાં. કુંવર ઉત્તમ ગુણલક્ષણવાળો હતો. એક વખત વસંતઋતુમાં ક્રીડા કરવા કુટુંબકબીલા સહિત કુંવર વનમાં ગયો. ત્યાં તેણે નગરશેઠની ધનવતી નામની કન્યાને અકસ્માત્ હાથીએ સૂંઢમાં પકડેલી જોઈ. બચાવવા માટે તેની બૂમો સાંભળી કુંવરે તેને હાથીની સૂંઢમાંથી છોડાવી. એ વાત નગરમાં પ્રસરી ગઈ. કન્યાને કુંવર પ્રત્યે અનુરાગ જન્મ્યો. તે જોઈ શેઠે તેને તેની સાથે પરણાવી. સિંહલસિંહ ધનવતી સાથે સુખપૂર્વક કાલનિર્ગમન કરવા લાગ્યો. રાજકુંવર અતિ સ્વરૂપવાન હોઈ તેના સૌંદર્યથી મુગ્ધ થયેલી નગરવનિતાઓ ગૃહકાર્ય છોડી તેની પાછળ પાછળ ફરતી. આથી પંચે એકઠા થઈ સિંહલનરેશ સમક્ષ ધા નાખી કે કાં તો કુમારની ક્રીડા ઉપર નિયંત્રણ મૂકો અથવા અમને

રાજ્ય છોડી જવા દો. રાજાએ કુમારને નગરની શેરીઓમાં ક્રીડા કરવાની મનાઈ ફરમાવી. આને પોતાનું અપમાન ગણીને કુમારે સ્વદેશત્યાગનો નિર્ણય કર્યો. ધનવતીને સાથે લઈ વહાણમાં બેસી તેણે પ્રયાણ કર્યું.

૨. રસ્તામાં સમુદ્રમાં મોજાંનું તોફાન થતાં વહાણ ભાંગી ગયું. મુસાફરો દરિયામાં પડ્યા. ધનવતી એક પાટિયાનો આધાર લઈને સમુદ્રતટે પહોંચી. વસ્તીની શોધમાં નીકળેલી ધનવતી એક નગર પાસે પહોંચી. ત્યાં એક ધ્વજયુક્ત પ્રાસાદ જોઈને ત્યાંની ધર્મિષ્ઠ મહિલાને નગરનાં નામઠામ પૂછ્યાં. તેણે એ કુસુમપુર નગરનું વિખ્યાત પ્રિયમેલક તીર્થ હોવાનું કહ્યું. તેનો મહિમા એવો હતો કે, જે કોઈ ત્યાં બેસીને મૌન તપ કરે તેને વિખૂટા પડેલા સ્વજનનો મેળાપ થાય. એ સાંભળી ધનવતી મૌન ધારણ કરીને ત્યાં બેઠી.

૩. બીજી તરફ, સિંહલકુમાર પણ હાથ લાગેલા પાટિયાને આધારે કિનારે પહોંચ્યો. ત્યાંથી તે રતનપુર પહોંચ્યો. ત્યાંના રાજા રત્નપ્રભ અને રાણી રત્નસુંદરીની પુત્રી રત્નવતીને સાપ કરડવાથી તેનું ઝેર ઉતારવા અંગે રાજાએ ઢંઢેરો પિટાવ્યો હતો. એ સાંભળી પરોપકારી સિંહલસિંહે પોતાની વીંટીને પાણીમાં ઝબકોળી, તે પાણી રાજકુમારી ઉપર છાંટયું અને થોડું પિવડાવ્યું. કુંવરી સચેત થઈ. રાજાએ કુમારને કુલીન જાણી તેની સાથે રત્નવતીને પરણાવી. રાત્રે કુમાર પલંગ છોડી ભૂમિ પર સૂતો. રત્નવતીએ કારણ પૂછતાં કુમારે માતા-પિતાના વિયોગને કારણે ભૂમિશયન અને બ્રહ્મચર્યનું વ્રત લીધું હોવાનું જણાવ્યું. રાજાને આની જાણ થતાં કુળવંશ પૂછીને પુત્રી તથા જમાઈની વિદાયની તૈયારી કરી. એક વહાણમાં ભેટ સાથે તેમને વિદાય કર્યાં. તેમને સુખરૂપ પહોંચાડવા, સાથે રુદ્ર પુરોહિતને પણ મોકલ્યો. વહાણ સિંહલ-દ્વીપ તરફ ચાલ્યું.

૪. રત્નવતીના રૂપમાં અંધ બનેલ રુદ્ર પુરોહિતે તક મળતાં જ કુમારને પાણીમાં ધકેલી કુંવરી સમક્ષ રડવાનો ઢોંગ રચ્યો, અને પોતાને વશ થવા રત્નવતી પાસે માગણી કરી. રત્નવતીએ પતિની ઉત્તરક્રિયા પતે પછી પુરોહિતના કહેવા મુજબ કરવાનું કહીને છૂટકારો મેળવ્યો. આગળ જતાં દરિયાના તોફાનથી વહાણ ભાંગી ગયું. રત્નવતીને લાકડું હાથ આવતાં તે તરીને કાંઠે પહોંચી. પ્રિયમેલક તીર્થનો મહિમા જાણી જ્યાં ધનવતી બેઠી હતી, ત્યાં આવીને તે પણ મૌન ધારણ કરીને બેસી ગઈ. પુરોહિત પણ જીવતો બચીને કુસુમપુર પહોંચ્યો અને તેણે રાજાનું મંત્રીપદ ગ્રહણ કર્યું.

૫. સાગરમાં પડેલા સિંહલકુમારને કોઈએ ઉગારી લઈને એક તાપસના આશ્રમમાં પહોંચાડ્યો. તેને લક્ષણવંતો જાણીને તાપસે પોતાની રૂપવતી નામે પુત્રીનું તેની સાથે પાણિગ્રહણ કરાવ્યું. કન્યાદાનમાં તેને એક ચમત્કારિક કંથા આપી, જેને ખંખેરવાથી પ્રતિદિન સો રૂપિયા મળતા. સાથે એક ઊડણ-ખટોલો પણ આપ્યો. તેના પર બેસી કુમાર અને રૂપવતી ઊડીને કુસુમપુર નજીક ઊતર્યાં. તરસી થયેલી રૂપવતીને માટે કુમાર પાણી લેવા એક કૂવા પાસે પહોંચ્યો, ત્યારે તેમાં રહેલા એક નાગે મનુષ્યની વાણીમાં તેને કૂવામાંથી બહાર કાઢવા કહ્યું. કુમારે તેને બહાર કાઢતાં જ તે કુમારને ડસ્યો અને તેને કદરૂપો બનાવી દીધો. કુમારે તેને કૃતઘ્ન બન્યાનો ઠપકો આપતાં નાગે તેના ભલા માટે એમ કર્યું હોવાનું કહ્યું. પછી કુમાર પાણી લઈને રૂપવતી પાસે આવ્યો, પરંતુ કૂબડાને જોઈને રૂપવતીએ મોં ફેરવી લીધું અને તરસી જ તે ત્યાંથી ચાલી નીકળી. નિરાશ થયેલી તે પણ પ્રિયમેલક તીર્થ પહોંચીને મૌન ધારણ કરી તપસ્યા કરવા લાગી.

૬. સિંહલકુમાર પણ કંથા અને ઊડણખટોલો છોડીને આમતેમ ફરતો હતો, ત્યારે તેણે પોતાની ત્રણેય પત્નીઓને તપસ્યા કરતી જોઈ. ત્રણ સુંદરીઓ તપ કરી રહી હોવાની વાત ચારે બાજુ પ્રસરી ગઈ. રાજાને કાને આ વાત પહોંચતાં તેણે નગરમાં ઢંઢેરો પિટાવ્યો કે, જે આ તરુણીઓનું મૌન છોડાવશે તેને તે પોતાની કન્યા પરણાવશે. કૂબડા–કુમારે આહ્વાન ઉપાડી લીધું અને તે રાજા પાસે પહોંચ્યો. નક્કી કર્યા પ્રમાણે બીજે દિવસે રાજા, મંત્રી અને મહાજનોની હાજરીમાં કોરાં પાનાં લઈને કૂબડો તપ કરતી તરુણીઓ આગળ વાંચવા માંડ્યો. તેણે સિંહલકુમાર પોતાની પ્રિયા સાથે વહાણ પર ચઢીને યાત્રા કરવા નીકળ્યો, અને માર્ગમાં વહાણ ભાંગી ગયું, એટલે સુધીનો વૃત્તાંત કહ્યો અને પછી કહ્યું : 'આટલી કથા આજે કહી, બાકીની કાલે કહીશ.' પણ કૂબડાએ વાત અધૂરી મૂકતાં ધનવતીએ આતુરતાપૂર્વક પૂછ્યું : 'પછી શું થયું ?' કૂબડાએ કહ્યું : 'રાજન્, જુઓ, આ બોલી ગઈ.' બીજે દિવસે કૂબડાએ રત્નવતી સાથે કેવી રીતે લગ્ન થયાં અને ત્યારબાદ સમુદ્રયાત્રા દરમિયાન પુરોહિતે પાણીમાં તેને કેવી રીતે ધકેલી દીધો એટલી વાત કહી તે અટકી ગયો. એટલે રત્નવતીએ પછીનો વૃત્તાંત કહેવા માગણી કરી. આ રીતે તે પણ બોલી ગઈ. ત્રીજા દિવસે, કુમારને પોતાની રૂપવતી કન્યા પરણાવીને ચમત્કારિક કંથા તથા ઊડણખટોલો આપ્યાં હતાં તેની વાત કરી અને ઊડણખટોલા પર બેસીને ઊડ્યા બાદ કુસુમપુરમાં શું બન્યું, નાગ કેવી રીતે કરડ્યો ? વગેરે કહી તે અટકી ગયો. એ

સાંભળી રૂપવતી ચૂપ ન રહી શકી. તેણે પછીની ઘટના વિશે પૂછ્યું. આમ ત્રણેય સ્ત્રીઓનો કૂબડાએ વારાફરતી મૌનભંગ કરાવ્યો. શરત મુજબ કૂબડાએ રાજા પાસે કુંવરી કુસુમવતીની માગણી કરી. રાજાએ તે સ્વીકારી લગ્નની તૈયારીઓ આરંભી. બીજી તરફ કૂબડાએ કહેલી વાર્તાની પૂરી વિગતો સાંભળવા ઉત્સુક બનેલી સિંહલકુમારની પત્નીઓએ લગ્નમંડપમાં ગીત ગાયાં. કન્યાદાનમાં કૂબડાના સાળાએ 'સાપ લો' કહેતાં, કુમારે સાપને યાદ કર્યો. તેણે આવીને કુમારને દંશ દીધો. તે મૂર્છિત થતાં બધી કન્યાઓ આકળી થઈને તેની સાથે જ મરવા તૈયાર થઈ. એટલામાં દેવે પ્રગટ થઈ કુમારને તેના મૂળ સ્વરૂપમાં મૂકી દીધો. પછી સિંહલસિંહ પત્નીઓ સાથે સુખચેનમાં સમય પસાર કરવા લાગ્યો. કુમારે દેવને તે કોણ છે અને શા માટે તેના (કુમાર) પર ઉપકાર કરી રહ્યા છે ? એમ પૂછતાં દેવે પોતે નાગકુમાર હોવાનું કહી, કેવી રીતે કુમારને બચાવ્યો તેનો સઘળો વૃત્તાંત કહ્યો. કુમારના પૂછવા પર દેવે (કુમારને) તેનો પૂર્વભવ કહ્યો.

એ પછી માતાપિતાને મળવાની ઉત્કટ ઇચ્છાવાળો કુમાર ચારેય પત્નીઓને સાથે લઈ ઊડનખટોલાની મદદથી આકાશમાર્ગે પોતાના દેશમાં આવ્યો.

[આધાર : '**સિંહલસુત ચોપાઈ**']

**સિંહલકુમાર–૨** : સિંહલદ્વીપમાં સિંધ નામના રાજાને સિંધલશી નામનો વિદ્યાસંપન્ન અને કલાભિજ્ઞ પુત્ર હતો. એક વખત વસંતઋતુમાં એ કુમાર ક્રીડા કરતો હતો, ત્યાં કેટલીક સ્ત્રીઓને તેણે શ્વાસભરી દોડી આવતી દીઠી. તે જોઈને એ ત્વરાથી ત્યાં ધસી ગયો. તો તેણે ત્યાં એક હાથીએ પકડેલી એક સ્ત્રીને દીઠી. તેણે પોતાના પરાક્રમથી તેને છોડાવી. હાથીએ તેને કેવી રીતે પકડી તે પૂછ્યું. એના જવાબમાં એણે પોતાની હકીકત કહી કે, આ નગરમાં ધનદત્ત નામનો વેપારી છે અને હું તેની પુત્રી છું. મારું નામ ધનવતી છે. હું સખીઓ સાથે રમતી હતી, ત્યાં આવીને હાથીએ મને પકડી. જો તમોએ મને સહાય ન કરી હોત તો મારો અંત જ આવત. રાજકુમારે તે કન્યાને તેની માતાને સોંપી. એનું પરાક્રમ જોઈને પ્રસન્ન થયેલાં માતાપિતાએ એ ધનવતી તેની સાથે પરણાવવાની ઇચ્છા પ્રગટ કરી અને અત્યંત આનંદપૂર્વક એ વિવાહ ઉજવાયો. ત્યાર પછી પત્નીની સાથે તે અનેક પ્રકારના ભોગ ભોગવવા લાગ્યો અને નગરની સ્ત્રીઓ પણ એની પાછળ પાછળ ભમવા લાગી. લોકોએ રાજા પાસે જઈને એ વિષે ફરિયાદ કરી. રાજાએ કુમારને ઠપકો આપ્યો એટલે એને પરદેશ જવાની ઇચ્છા થઈ. પત્નીએ આગ્રહપૂર્વક તેની સાથે જવાની હઠ લીધી.

પતિપત્ની બેઉ ચાલી નીકળ્યાં. અનેક સુંદર પ્રદેશો જોતાં જોતાં તેઓ સાગરકિનારે આવ્યાં. એક સુંદર વહાણમાં બેસીને તે પ્રવાસ કરતાં હતાં, ત્યાં સાગરમાં ઓચિંતું તોફાન થયું અને વહાણ ભાંગી ગયું. ધનવતીના હાથમાં એક પાટિયું આવી ગયું. તેના આધારે એણે પોતાના પ્રાણ બચાવ્યા. સાગરનાં મોજાંએ તેને કિનારે ફેંકી દીધી. જતાં જતાં ધનવતીને માણસો મળ્યા. એમણે એના સમાચાર પૂછ્યા. 'જ્યાં સુધી મારો સ્વામી નહીં મળે ત્યાં સુધી હું તપ કરીશ', એવી ધનવતીએ પ્રતિજ્ઞા કરી.

સિંધલશીને પણ એક પાટિયું મળી ગયેલું. તેને આધારે તે પણ બહાર નીકળ્યો અને સાગરકિનારે રતનપુર પાસે આવ્યો. ત્યાં અનેક માણસો આક્રંદ કરતાં હતા, કેમ કે ત્યાંના રત્નપ્રભ રાજાની રત્નવતી નામે પુત્રીને ભયંકર સાપ કરડ્યો હતો. અને તેથી રાજારાણી કાષ્ઠભક્ષણ કરવાની તૈયારી કરતાં હતાં. ત્યાં આવીને સિંધલશીએ રત્નવતીને કરડેલ સાપનું વિષ ઉતાર્યું. રાજપુત્રીએ તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા વ્યક્ત કરી. રાજાએ તેમને પરણાવ્યાં. રાજપુત્ર ધનવતીના વિયોગનાં કારણે સંયમી જીવન ગાળતો હતો.

ત્યાર પછી રત્નવતીને બધી હકીકત જણાવી કુમાર તેને સાથે લઈને ત્યાંથી નીકળવા તૈયાર થયો. રાજાએ તેને પુષ્કળ ધન આપ્યું. તે લઈને તેઓ જળમાર્ગે વહાણમાં જવા લાગ્યાં. ત્યાં રસ્તામાં કોઈક લોભી અને પાપીએ કુમારને પાણીમાં પાડી નાખ્યો. રત્નવતી રુદન કરવા લાગી અને વહાણ એને લઈને દૂર નીકળી ગયું. લોકોએ રત્નવતીને ધીરજ આપી. સાથે જે મહેતો તેને વળાવવા માટે મોકલેલો હતો તેણે તેને પોતાની પત્ની થવાનું સૂચવ્યું. રત્નવતી પોતાનું ચારિત્ર્ય શી રીતે શુદ્ધ રાખવું એનો જ વિચાર કરતી હતી.

ત્યાર પછી રત્નવતી અને મહેતો કુશલનગરમાં ગયાં અને મહેતાએ રાજાને પોતાનો પરિચય આપ્યો. રાજાએ તેને માનપૂર્વક રાખ્યો. આ તરફ સિંધલશીને કોઈકે ઉપાડીને એક તાપસ પાસે મૂકી દીધો. તેનાં ચિહ્ન જોઈને તાપસે પોતાની રૂપવતી નામે પુત્રી તેને પરણાવી અને તેને એક કંથા અને એક ખાટ આપ્યાં. એ કંથાને ખંખેરે ત્યારે સાતસો દિનાર એમાંથી મળતા અને ખાટ જ્યાં ઇચ્છે ત્યાં લઈ જતી.

પછી ખાટ ઉપર બેસીને કુમારે કહ્યું કે, જ્યાં ધનવતી હોય ત્યાં જા. રસ્તામાં કુસુમનગરી પાસે રૂપવતી તરસી થઈ. એણે પાણી માગ્યું. સિંધલશી પાણી લેવા ગયો, ત્યાં કૂવામાં એક ભયંકર સાપ જોયો. સાપે પોતાને બહાર કાઢવાની વિનંતી કરી. કુમાર પહેલાં તો અચકાયો, પણ સાપના અત્યંત

આગ્રહથી તેને બહાર કાઢયો. એટલે સાપ તેને કરડયો. તેથી તે કદરૂપો બની ગયો. ખુલાસો કરતાં સાપે કહ્યું, 'તારે માટે આ સમય ખરાબ છે, એટલે મેં આમ કર્યું છે. તું જ્યારે મને યાદ કરીશ, ત્યારે તારું મૂળ સ્વરૂપ પામીશ.' (ત્યાર પછી કવિએ 'ગુણુ કેડે દોષ'ની અનેક વાતો ઘણા સંક્ષેપમાં રજૂ કરી છે.) જેવો સિંઘલશી પાણી લઈને તાપસકન્યા રૂપવતી પાસે ગયો, તેવી તે પાણી પીને પતિને શોધવા દોડાદોડ કરવા લાગી કેમ કે, સિંઘલશીનું રૂપ બદલાઈ ગયું હતું, તેથી તેણે તેને પરપુરુષ માન્યો. સિંઘલશી પણ તેની પાછળ ગયો. ત્યાં કુસુમનગરીના રાજાએ જ્યોતિષીની સલાહ પ્રમાણે અર્ધું રાજ્ય આપીને પોતાની કુસુમવતી નામે કન્યાનું લગ્ન તેની સાથે કર્યું. સિંઘલશીએ પેલા નાગનું સ્મરણ કર્યું. એટલે નાગ ત્યાં આવ્યો અને તેને કરડયો, એટલે સિંઘલશી અત્યંત સુંદર સ્વરૂપે પ્રગટ થયો. તેની પત્નીઓ પણ ત્યાં જ હતી. બધાંને આશ્ચર્ય થયું. એટલામાં ચલાયમાન કુંડલ જેણે ધારણ કરેલાં હતાં એવો એક દેવ ત્યાં પ્રગટ થયો. તેણે કહ્યું, 'આ મારો ભાઈ છે. પૂર્વભવમાં ધનપુર નગરમાં ધનંજય શેઠની ધનશ્રી નામની પત્નીના અમે બેઉ પુત્રો હતા. અમારાં નામ ધનદેવ અને ધનદત્ત હતાં. એક વાર ઉનાળામાં વનવિલાસ કરતાં ધનદેવ તરસ્યો થયો. કચોળામાં ભરીને તે દૂધસાકર પીતો હતો ત્યાં તેણે એક મુનિવરને જોયા. તેણે તેમને પ્રેમપૂર્વક દૂધસાકર વહોરાવ્યાં. તે પુણ્યથી તે દેવયોનિ પામ્યો. ધનદત્ત ઈક્ષુરસ લઈને વનમાં યતિઓનાં પાત્ર ભરતો હતો. હે સિંઘલ! ધનદત્તનો જીવ તે તું છે. તેં એ રસનું દાન ચાર ભાગે રાહ જોઈ જોઈને કર્યું હતું તેથી તેં ચાર આપત્તિઓ ભોગવી. પણ તે દાનના પ્રભાવથી તું ચાર સ્ત્રીઓ અને સુખ પામ્યો છે. તું ડૂબતો હતો ત્યારે તને બંધુપ્રેમથી હું તાપસના આશ્રમે લાવ્યો. તમારો વેરી સાપ થયો હતો અને અહીં વસતો હતો. તેના ઝેરથી તું કૂબડો થયો અને એ ઝેર તેણે તને કરડીને પાછું ચૂસી લીધું, એટલે તું મૂળસ્વરૂપે પ્રગટ થયો.'

આ સાંભળીને સિંઘલશીને પૂર્વજન્મ યાદ આવ્યો અને દેવ અદૃશ્ય થઈ ગયો. કુંવરે પોતાની હકીકત કહી. રાજા સર્પને મારી નાખતો હતો, તેને તેણે છોડાવ્યો. પાંચ દિવસ પછી રાજાની વિદાય લઈ રાજપદના યોગમાં તે પોતાના શહેરમાં આવ્યો. ચારેય પત્નીઓ સાથે પિતાને નમ્યો. માતાને અત્યંત હર્ષ થયો. રાજાએ પુત્રને રાજ્ય આપ્યું. તેણે પૃથ્વી ઉપર જિન ભગવાનનાં દેવળ બંધાવ્યાં, જૈન ધર્મનો વિસ્તાર કર્યો અને કંથાના પ્રભાવથી દરરોજ સાદ પાડીને ગરીબોને દાન આપીને દારિદ્ર હર્યું. પોતાના પુત્ર સુરસેનને રાજ્ય આપીને પોતે તો સુકાર્ય જ કરવા લાગ્યો અને ચારેય સ્ત્રીઓની સાથે સંયમ રાખીને મુક્તિરમણીને સહેજે વર્યો. [આધાર : **'સિંઘલશીચરિત્ર'**]

**સિંહલદેશની પદ્મિની** (=**સિંહાસનબત્રીસી–૨, ચોથી** વાર્તા) : જુઓ, **સ્વપ્નસુંદરી**

**સિંહલસુત** : જુઓ **સિંહલકુમાર**

**સિંહાસનબત્રીસી–૧ : કથાપીઠ ૧.** ઉજ્જયિનીમાં ભોજરાજાને એક લોભી બ્રાહ્મણના ખેતરમાંથી બત્રીસ હાથના પરિઘવાળું, આઠ હાથ ઊંચું, ચંદ્રકાન્તમણિ અને બત્રીસ પૂતળીઓથી મઢેલ એક સિંહાસન મળ્યું. તેની સ્થાપના માટે સર્વ ધાર્મિક વિધિઓ પૂરી કરી રાજા ભોજ સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન ઉપરની પહેલી પૂતળીએ તેને રોકીને કહ્યું કે, જે રાજા વિક્રમાદિત્ય જેવો ઉદાર હોય, તે જ આની ઉપર બેસી શકે. આ પછી તે પૂતળીએ સિંહાસનની ઉત્પત્તિની કથા નીચે પ્રમાણે કહી :

૨. અવંતીનગરીની સ્થાપના કરનાર આદિનાથના પુત્ર અવંતીકુમાર હતા. એ પછી ત્યાં ભર્તૃહરિ રાજા થયો. તેનો ભાઈ વિક્રમાદિત્ય હતો. ભર્તૃહરિના રાજ્યાભિષેક વખતે તે રિસાઈને પરદેશ ચાલ્યો ગયો. ભર્તૃહરિની રાણી અનંગસેના હતી. અવંતીમાં રહેતા એક બ્રાહ્મણે ભુવનેશ્વરી દેવીને આરાધીને તેની પાસેથી અજરામર પદ દેતું ફળ? — તેની પાસેથી અજરામર પદ દેતું માગી. દેવીએ તેને અમરફળ આપ્યું. બ્રાહ્મણે એ ફળ માટે રાજા યોગ્ય છે, એમ સમજીને તે ભર્તૃહરિને ભેટ આપ્યું. રાજાએ તે ફળ અનંગસેનાને, અનંગસેનાએ પોતાના પ્રેમી મહાવતને અને મહાવતે તે ભર્તૃહરિને ભેટ આપ્યું. રાણીની કુશીલતાથી દુઃખી થઈને ભર્તૃહરિએ સંન્યાસ લીધો. રાજા વગરના રાજ્યનો એક અગ્નિવેતાલે કબજો લીધો. તે નિત્ય નવા રાજાને ગાદી પર બેસાડીને મારી નાખતો. એવામાં વિક્રમ અવધૂતવેશે પાછો આવ્યો. એને સાહસિક જાણીને વેતાલે રાજ્ય સોંપ્યું. આમ, વિક્રમાદિત્ય ગાદીપતિ થયો. તેણે વેતાલને બલિ અને પકવાન ધરાવીને પ્રસન્ન કર્યો અને તેના પોતાના આયુષ્યની અવધિ કેટલી તે પૂછ્યું. ત્યારે વેતાલે તેનું આયુષ્ય ૧૦૦ વર્ષનું હોવાનું કહ્યું. વિક્રમાદિત્યે પોતાના આયુષ્યનાં વર્ષોમાં રહેલી બે શૂન્યમાંથી એક ઓછી કરી ૯૯ કરવા અથવા એક વધારી ૧૦૧ કરવા કહેતાં, વેતાલે તેમાં કંઈ વધારે–ઓછું ન થાય એવો જવાબ આપ્યો. વેતાલે વિક્રમાદિત્યને તે જ્યારે સ્મરે ત્યારે કાર્ય કરવાનું વરદાન આપ્યું.

૩. એક વાર એક યોગીએ વિક્રમાદિત્ય પાસે આવી તેની પ્રશંસા કરી મંત્રસાધનામાં સહાયક સાધન બનવા માગણી કરી. વિક્રમે એની માગણી સ્વીકારી. તે અનુસાર યોગીના કહેવાથી વિક્રમ સ્મશાનમાં વડની શાખાએ લટકતા શબને લેવા ગયો. એ વખતે શબે વિક્રમનું કષ્ટ જાણી, સત્કાર થયું ત્યાં

સુધી જુદી જુદી વાતો કહી. શબે કહ્યું : 'હે રાજા, આ તો કપટી યોગી છે. તેને બત્રીસલક્ષણાનો બલિ આપવો છે. સુવર્ણ-પુરુષ સિદ્ધ કરીને તે પોતાનો અર્થ સિદ્ધ કરશે'. બીજી રાત્રિએ યોગીની આહુતિ આપી તે કામ વિક્રમે સિદ્ધ કર્યું. સુવર્ણપુરુષ લઈને તે રાજભવનમાં આવ્યો.

૪. વિક્રમનાં દાનપુણ્ય જાણી ઇન્દ્રે બત્રીસ પૂતળીઓવાળું એક સિંહાસન તેને આપ્યું. પરંતુ વિક્રમના મૃત્યુ પછી સિંહાસન ઉપર કોઈ બેસતું નહીં, તેથી તેને દાટી દેવામાં આવ્યું. છેવટે તે જ સિંહાસન પેલા લોભી બ્રાહ્મણના ખેતર-માંથી ભોજને હાથ લાગ્યું. એ પછી સિંહાસન ઉપર રહેલી બત્રીસ પૂતળીઓએ એક પછી એક વિક્રમના ઉદારપણા સહિત અનેક અસાધારણ ગુણો વર્ણવતી બત્રીસ વાર્તાઓ કહી.

**પહેલી કથા : બહુશ્રુત પ્રધાન** : વિશાલાનગરીમાં નંદ નામે રાજાને વિજયપાલ નામે પુત્ર હતો. રાજાને ભાનુ-મતી નામે રાણી હતી. તેના પ્રધાનનું નામ બહુશ્રુત હતું. રાજા પોતાની રાણીને હંમેશાં સાથે રાખતો, તેથી મંત્રીએ એમ ન કરવા સલાહ આપી. એક વખત ચિત્રકારે આબેહૂબ ભાનુમતી જેવું રૂપ આલેખી પુરોહિત શારદાનંદનને તે વિશે પૂછયું. શારદાનંદને તેમાં દોષ જોયો. તેણે કહ્યું કે, તલ વિના જેવું રૂપ શોભે, તેવું આ ચિત્ર લાગે છે. રાજાના મનમાં શારદાનંદનના ચારિત્ર્ય વિશે શંકા જતાં તેને મારી નાખવાનો હુકમ કર્યો. મંત્રીએ વિચાર્યા વગરનું પગલું ન ભરવાનું નક્કી કરી, શારદાનંદનને મારી ન નાખતાં ભોંયરામાં છુપાવી દીધો. મંત્રીએ રાજાને માંડ માંડ મનાવ્યો.

એક વાર રાજકુમારને ઘણા જ અપશુકન થયા. શિકારે ગયેલો રાજકુમાર વાઘને જોઈને એક ઝાડ પર ચડી ગયો. ત્યાં એક વ્યંતર રહેતો હતો. તે વાનરરૂપ ધારણ કરી રમતો હતો. વ્યંતરે રાજકુમારને માનવવાણી દ્વારા ઝાડ પર જ પોતાના ખોળામાં સૂઈ જવા કહ્યું. વાઘે વાનરને માનવીનો વિશ્વાસ ન કરવા કહીને સાથે મળીને રાજકુમારનો આહાર કરવા કહ્યું. વાનરે વિશ્વાસઘાત કરવા ના કહી.

થોડા સમય પછી રાજકુમાર જાગી ગયો અને વાનર તેની સંમતિથી તેના ખોળામાં ઊંઘી ગયો. વાઘે ઊંઘતા વાનરને નીચે નાખવા રાજકુમારને કહ્યું. કુંવરે તેમ કર્યું, ત્યારે વાનર ઝાડની ડાળીએ વળગીને બચી ગયો. તેણે કુંવરને પોતાના કર્મનું ફળ ભોગવવાનો શાપ આપ્યો અને "વિસે મિરા" એવી રીતે શીખવ્યું કે કુંવર પહેલાંના જેવું બોલતો બંધ થઈ ગયો. રાજકુમારના વાઘથી ત્રાસેલા ઘોડાને જોઈ રાજા નંદ શોકાતુર થયો. તપાસ કરતાં નંદે પોતાના ઘેલા થયેલા પુત્રને જોયો. તેના દાહ વિશે પૂછતાં કુંવરે "વિસે મિરા" એવો જવાબ આપ્યો.

હવે રાજા શારદાનંદનની હત્યા અંગે પસ્તાવા લાગ્યો. રાજાએ કુંવરને સાજો કરનારને અર્ધું રાજ્ય આપવાનું જાહેર કર્યું. શારદાનંદને એ સાંભળીને મંત્રી દ્વારા સંદેશો કહાવ્યો કે, તેની સાત વર્ષની કન્યા તેનો ઉપચાર કરશે. રાજા પુત્રને સાથે લઈ પ્રધાનને ઘેર ગયો. પડદામાં રહીને ચાર અક્ષર વિશે કન્યાએ આ પ્રમાણે કહ્યું : "વિશ્વાસ રાખનારને છેતરવામાં શી મોટી ચતુરાઈ ? સેતુબંધ રામેશ્વર–જ્યાં ગંગા સાગરને મળે છે ત્યાં–જવાથી બ્રહ્મહત્યાનું પાપ ટળે પણ મિત્રદ્રોહનું પાપ ટળતું નથી. મિત્રદ્રોહી, કૃતઘ્ન, ચોર અને વિશ્વાસઘાતી નરકમાં જાય છે. હે રાજા, જો તું રાજકુમારનું કલ્યાણ ઇચ્છતો હોય તો સુપાત્રને દાન દે.' "વિસે મિરા"નો અર્થ જાણી રાજાએ કન્યાને તેણે વાઘ–વાનર ને માનવીની વાત કેવી રીતે જાણી તે પૂછયું. ત્યારે તેણે કહ્યું : 'ભાનુમતીના તિલકની જેમ !' સાજો થયા બાદ કુંવરે સઘળો વૃત્તાંત કહ્યો. આ પછી પડદો ખસેડયો તો શારદાનંદન પ્રગટ થયો. રાજાએ બહુશ્રુત મંત્રીનાં વખાણ કર્યાં.

**બીજી કથા : ભાવશુદ્ધિ વગરનું તપ નિષ્ફળ હોવા ઉપર દૃષ્ટાંતકથા** : ઉજ્જયિનીના વીર વિક્રમને કોઈ કે જણાવ્યું કે, ચિત્રકૂટ પર્વતમાંથી વહેતી એક નદીનું પાણી ચમત્કારી છે. તેમાં પુણ્યવંત સ્નાન કરે તો તેના શરીરે પાણી દૂધ જેવું થઈ જાય, પાપી સ્નાન કરે તો તે કાજળ જેવું થઈ જાય. વીર વિક્રમ આ કૌતુક જોવા ગયો. ત્યાં કાંઠે આવેલા દેવીમંદિરમાં તપ કરતા એક સાધકના દેહ પર નદીનું પાણી દૂધ જેવું થઈ જતું. વિક્રમ સ્નાન કરી પવિત્ર બન્યો. વિક્રમના પૂછવાથી સાધકે જણાવ્યું કે, હું સો વરસથી તપ કરી રહ્યો છું, પણ દેવી હજી પ્રસન્ન થઈ નથી. વિક્રમે દેવીને ધરવા પોતાનું શિર છેદવા માંડયું ત્યારે દેવી પ્રસન્ન થઈ પ્રત્યક્ષ થયાં. રાજાએ પોતાના પર સાધક કરતાં વહેલા પ્રસન્ન થવાનું કારણ પૂછયું, ત્યારે સાધકમાં ભાવની શુદ્ધિ અને મનની એકા-ગ્રતા ન હોવાનું દેવીએ કહ્યું. વિક્રમે તપસ્વીને દેવી પાસે વરદાન અપાવ્યું અને પછી તે સ્વસ્થાને પાછો ફર્યો. (વાર્તા કહેનાર પૂતળી વિજયા)

**ત્રીજી કથા : દાનશીલતા ઉપર દૃષ્ટાંતકથા** : અસ્થિર લક્ષ્મીનું દાન કરીને પુણ્ય સાથે તેનો યોગ કરવા વિક્રમે આરંભેલા ઉત્સવમાં અઢારે વર્ણો, દેવો, ક્ષેત્રપાલો, સ્વર્ગ અને પાતાળવાસીઓ તથા દશેય દિક્પાલોને નિમંત્રણ મોકલ્યાં. જલદેવતા સાગરને તેડું કરવા એક બ્રાહ્મણ ગયો. સાગરે પ્રગટ થઈને દ્રવ્યરત્ન, ભોજનરત્ન, સેનારત્ન અને આભરણરત્ન–એવાં

ચાર ચમત્કારી રત્ન વિક્રમને ભેટ તરીકે આપવા બ્રાહ્મણના હાથમાં આપ્યાં. દક્ષિણા તરીકે એક રત્ન રાખી લેવા વિક્રમે બ્રાહ્મણને કહ્યું. બ્રાહ્મણની ઇચ્છા દ્રવ્યરત્ન લેવાની હતી; પણ તેની પત્નીએ ભોજનરત્ન, પુત્રે સેનારત્ન, તો પુત્રવધૂએ આભરણરત્ન ઇચ્છ્યું. વિક્રમે કલહ ટાળવા ચારેય રત્ન બ્રાહ્મણને આપી દીધાં. વિક્રમ આવો ઉદાર હતો. (વાર્તા કહેનાર પૂતળી જયંતિ)

**ચોથી કથા : કૃતજ્ઞતાની કસોટી :** ઉજ્જયિનીમાં એક નિઃસંતાન બ્રાહ્મણ રહેતો હતો. તેણે ગોત્રદેવીને પ્રસન્ન કરી વરદાનમાં પુત્ર મેળવ્યો. તેનું નામ દેવદત્ત રાખ્યું. એક વાર પિતા તીર્થયાત્રાએ જતાં યજ્ઞકર્મ કરવા માટે દેવદત્ત વનમાં ઇંધન લેવા ગયો. ત્યાં એણે ભૂલા પડેલા વિક્રમ રાજાને માર્ગ બતાવ્યો. રાજાએ તેને નગરમાં નિમંત્રી ખૂબ દાન અને આદરમાન આપ્યાં. દેવદત્તે રાજાના સ્નેહભાવનું પારખું લેવાનું વિચારીને રાજકુંવરને સંતાડી દીધો અને તેના ગળામાંની હાંસડી કાઢી લઈ બજારમાં તે વેચવા ગયો, પણ પકડાઈ ગયો. તેને રાજસભામાં લાવવામાં આવ્યો. સભાએ દેવદત્તને શૂળીએ ચઢાવવાની શિક્ષા કરવા કહ્યું. પણ વિક્રમે તેના ઉપકારને યાદ કરી તેને છોડી મૂક્યો. દેવદત્તે કુંવરને લાવી વિક્રમને સોંપ્યો. વિક્રમ આવો કૃતજ્ઞ હતો. (વાર્તા કહેનાર પૂતળી અપરાજિતા)

**પાંચમી કથા : ગાંભીર્યગુણ વિશે દૃષ્ટાંતકથા :** રત્નના એક વેપારી પાસેથી વિક્રમે રત્ન ખરીદ્યું. દસ કરોડ રૂપિયા અગાઉ આપી વિક્રમે બીજાં દસ ઉત્તમ રત્નો તેની પાસે મંગાવ્યાં. વેપારીએ ચાર દિવસમાં તે લાવી આપવા વચન આપ્યું. રત્નો લઈને તે પાછો ફર્યો, ત્યારે નદીમાં પૂર આવ્યું હતું. સમય ચૂકી જાય તો વચનભંગ થાય એ બીકે પાંચ રત્નો તરવૈયાને આપી નદી પાર કરી તે રાજા પાસે પહોંચ્યો. રાજાએ વાત જાણી ત્યારે બીજાં પાંચેય રત્નો વેપારીને આપી દીધાં. (વાર્તા કહેનાર પૂતળી ઘોષા)

**છઠ્ઠી કથા : ઔદાર્યગુણ વિશે દૃષ્ટાંતકથા :** વસંત સમયે ખીલી ઊઠેલા ઉપવનમાં ક્રીડા કરવા વિક્રમની સાથે ગયેલી અપાર વારાંગનાઓનાં હાસ્ય, લાસ્ય, હાવભાવના વિલાસ અને ચાતુર્ય જોઈને ત્યાં રહેતા એક તાપસનું મન ચલિત થયું. તેણે રાજાને પોતાનું મનવાંછિત આપવા વિનંતી કરી, ત્યારે રાજાએ તેને સુંદર વારાંગના આપી. નગર સ્થાપી આપ્યું અને ઇચ્છા પૂરી કરનારો દેશ આપ્યો. (વાર્તા કહેનાર પૂતળી મંજુઘોષા)

**સાતમી કથા : સત્ત્વશીલતા વિશે દૃષ્ટાંતકથા :** વિક્રમના રાજ્યકાળમાં લોકો નિર્વ્યસની, આચારપાલક અને ધર્મપાલન કરનાર હોવા ઉપરાંત કીર્તિની ઇચ્છાવાળા અને પાપની બીકવાળા, પરોપકાર કરનાર, સત્યવાદી અને પરનિંદાથી દૂર રહેનાર હતા. તે વખતે ધન નામના એક વેપારી પાસે અઢળક દ્રવ્ય હતું. તેનો સદુપયોગ કરવા દેશદેશાવરમાં તેણે તીર્થાટન કર્યું અને એક વિશાળ બેટમાં ચંદ્રકાંતમણિની શિલાઓથી એક સરોવર બનાવ્યું. ત્યાં પાસેના દેવળમાં દેવતાની પ્રતિષ્ઠા કરી. એ સમયે ત્યાં દિવ્ય પુરુષ અને સ્ત્રીનાં ધડ અને શિર છૂટાં થઈને પડ્યાં હતાં. તેની બાજુમાં પાટી પર લખેલું હતું કે, જે સત્ત્વશીલ વ્યક્તિ પોતાના શિરનું બલિદાન આપશે તેનાથી આ સ્ત્રીપુરુષ જીવતાં થશે. ધને આવીને રાજાને આ વાત કરી, ત્યારે વિક્રમ રાજા બલિદાન આપવા તૈયાર થયો. દેવતાએ પ્રસન્ન થઈ પેલાં સ્ત્રીપુરુષને સજીવન કર્યાં અને રાજાને જીવતદાન આપ્યું. આવો હતો સત્ત્વશીલ વિક્રમ. (વાર્તા કહેનાર પૂતળી લીલાવતી)

**આઠમી કથા : બત્રીસલક્ષણાનું બલિદાન** (= ધૃષ્ટતાગુણ વિશે દૃષ્ટાંતકથા) : વીર વિક્રમે કૌતુક જોવા માણસોને પરદેશ મોકલ્યા. એક જણ કાશ્મીર ગયો અને એક વેપારીએ બંધાવેલા સરોવરને કાંઠે આવી રહ્યો. એ સરોવરમાં એક ખામી એ હતી કે તેમાં પાણી રહેતું નહોતું.

એક વાર આકાશવાણી થઈ કે, બલિદાનમાં બત્રીસલક્ષણાનું લોહી અપાય તો જલ સ્થિર થઈને રહે. આવું બલિદાન આપનારને દશ ભારનો સુવર્ણપુરુષ આપવાનું વેપારીએ જાહેર કર્યું, પણ તે લેનાર કોઈ ન નીકળ્યું. કાશ્મીરથી પાછા ફરેલા માણસે આવીને વિક્રમને આ વાત કરી. વિક્રમ પોતાનું બલિદાન આપવા કાશ્મીર ગયો. ત્યારે દેવતાએ પ્રસન્ન થઈ વરદાન આપ્યું અને સરોવરને જળથી ભરી દીધું. પોતે આ કામ સિદ્ધ કર્યાની વાત કોઈને ન જણાવવા દેવીને વીનવીને વિક્રમ ઉજ્જેણી પાછો આવ્યો. તે આવો ધૃષ્ટ-સાહસિક હતો. (વાર્તા કહેનાર પૂતળી જયવતી) (રૂપાંતર : '**સિંહાસનબત્રીસી**'–૨, 'કાવડિયો,' બારમી કથા : ચોથો ઘટક)

**નવમી કથા : નરમોહિની (પુરુષઘાતક સુંદરી) :** વિક્રમના પુરોહિતને કમલાકર નામે પુત્ર હતો. પુરોહિતે પુત્રને મૂર્ખ જાણી વિદ્યા પ્રાપ્ત કરવા શિખામણ આપી, તેથી કમલાકરે કાશ્મીર આવી પંડિત પાસેથી સારસ્વત મંત્ર પ્રાપ્ત કર્યો. તે કાશ્મીરથી પાછો ફરતો હતો, ત્યારે કાંતિપુરીમાં નરમોહિની નામની સુંદરી ઉપર મોહિત થયો. પરંતુ નરમોહિનીની સાથે રાત ગાળનારને કોઈક રાક્ષસ મારી નાખતો. આ સાંભળી કમલાકરે વિક્રમની મદદ માગી. વિક્રમે રાક્ષસને હણ્યો અને નરમોહિનીને કમલાકર સાથે પરણાવી. વિક્રમ આવો ઉદાર હતો. (વાર્તા કહેનાર પૂતળી જયસેના) (રૂપાંતર :

'સિંહાસનબત્રીસી'–૨, 'હંસની વાર્તા' (નવમી) અંતર્ગત ત્રીજો પ્રસંગ).

**દસમી કથા : ઔદાર્યગુણ વિશે દષ્ટાંતકથા :** એક વાર ઉજ્જયિનીના ઉપવનમાં અષ્ટાંગયોગને જાણનાર એક યોગી આવ્યો. તેણે રાજાને એક ફળ આપ્યું, જેનાથી સર્વ રોગ મટી જાય. રાજાએ (વિક્રમે) એક કુષ્ઠરોગીને જોઈ તેને એ ફળ આપી દીધું. વિક્રમ આવો ઉદાર હતો. (વાર્તા કહેનાર પૂતળી મદનસેના)

**અગિયારમી કથા : રાક્ષસરાજ :** એક વાર વિક્રમ પૃથ્વીનું સ્વરૂપ જોવા નીકળ્યો. પર્વતના કોતરમાં એક ઝાડ નીચે તે બેઠો હતો, ત્યારે ચણવા ગયેલાં પંખીઓ પાછાં ફરીને કોણે શું દીઠું, તેની વાત કરતાં હતાં. એક પંખી દુઃખ ધરતું બીજા પંખીને કહેતું હતું : 'સાગરબેટમાં રહેતો એક રાક્ષસરાજ રોજ એક માણસનો ભક્ષ્ય કરે છે. રાક્ષસ પાછલા ભવના મારા એક મિત્રનો આજે ભક્ષ્ય કરવાનો છે.' અકસ્માત્ આ સાંભળીને વિક્રમ તે દ્વીપ પર ગયો અને ભક્ષ્ય બનનાર માણસને સ્થાને પોતે રહ્યો. વીર વિક્રમે રાક્ષસરાજનો રથ પાછો વાળ્યો. (વાર્તા કહેનાર પૂતળી મદનમંજરી)

**બારમી કથા : બ્રાહ્મણી અને તેના પૂર્વભવનો પતિ :** ઉજ્જયિનીમાં ભદ્રસેન નામના વેપારીનો દીકરો પુરંદર વિલાસી અને ઉડાઉ હતો. લોકોએ તેને વાર્યા છતાં તેણે પૈસા ઉડાવી દીધા. પછી તે દેશાવર ચાલ્યો ગયો. મલયાચલ પર્વત પાસે આવેલા એક નગર પાસેથી તે પસાર થતો હતો, ત્યારે રાત્રે એક સ્ત્રીને તેણે રડતી સાંભળી. તેણે લોકોને તેના વિશે પૂછ્યું, પણ કોઈને કશી ખબર ન હતી. એટલે પુરંદરે ઉજ્જયિની જઈ વિક્રમ રાજાને વાત કરી. વિક્રમે આવીને સ્ત્રીને નડનાર રાક્ષસને માર્યો. વિક્રમે સ્ત્રીને પૂછ્યું : 'શા માટે તને એ ત્રાસ આપતો હતો ?' તેણે જણાવ્યું : 'હું બ્રાહ્મણી છું. આગલા ભવમાં તે મારો પતિ હતો અને મને ચાહતો હતો. પણ હું તેનાથી વિરક્ત હતી. તેથી આ ભવે તે રાક્ષસ થઈને મને ત્રાસ આપતો હતો.' ઉપકારના બદલામાં તેણે વિક્રમને સોનાથી ભરેલા નવ ચરૂ આપ્યા. વિક્રમે તે પુરંદરને આપી દીધા. (વાર્તા કહેનાર પૂતળી શૃંગારકલિકા)

**તેરમી કથા : જીવદયાધર્મ ઉપર દષ્ટાંતકથા :** એક વાર વિક્રમે નદીકિનારે આવેલા દહેરા પાસે ડાહ્યા માણસોને ધર્મશાસ્ત્રની ચર્ચા કરતા સાંભળ્યા. તેઓ ફક્ત ચર્ચા જ કરતા હતા. તેમણે ધર્મને અંતરમાં નહોતો ઉતાર્યો. વિક્રમે પરોપકાર અને જીવદયારૂપી ધર્મને તત્ત્વનો મર્મ કહ્યો. વિક્રમે જેનાં વખાણ કર્યા તે ડાહ્યા માણસો નદીના પૂરમાં તણાવા લાગ્યા. સાથે અપાર સુંદર રૂપવતી સ્ત્રી હતી. તેણે પૂરમાંથી ઉગારવા ધા નાખી, પણ ચર્ચા કરનારાઓમાંથી કોઈ મદદે ગયું નહીં. વિક્રમે નદીમાં ઝંપલાવી તેમને બચાવ્યા. આ ઉપકારના બદલામાં તેમણે ઇચ્છિત વસ્તુ આપનાર મૂળિયાંની વિક્રમને ભેટ આપી. વિક્રમે એક દળદરીને તેનું દાન કરી દીધું. (વાર્તા કહેનાર પૂતળી રતિપ્રિયા)

**ચૌદમી કથા : પાંચ યક્ષ અને રાજાની કથા :** એક વાર વિક્રમ ફરતો ફરતો વનમાં રહેલા એક મહેલમાં પેઠો. ત્યાં તેણે કોઈ સિદ્ધને બેઠેલો જોયો. સિદ્ધે વિક્રમને નામથી સંબોધ્યો, તેથી તેને આશ્ચર્ય થયું. 'નામ-ઠામ કેવી રીતે જાણ્યાં ?' એમ વિક્રમે પૂછ્યું. ત્યારે યોગીએ તેને રાજ મૂકીને આમ ન ભમવા કહ્યું. વિક્રમે 'રાજ્ય આપનાર જ એની ચિંતા કરશે,' એમ જણાવ્યું. આ પછી વિક્રમે પોતાની શ્રદ્ધાના સમર્થનમાં યોગીને, પાંચ યક્ષ અને રાજાની વાત કહી :

'એક રાત્રે એક રાજા ફરતો હતો, ત્યારે ઊંઘ આવવાથી તે વડ હેઠળ સૂઈ ગયો. ત્યાં પાંચ યક્ષો રહેતા હતા. તે ઉપકારનો બદલો વાળવા તૈયાર થયા. આગલા ભવમાં એ પાંચેય યક્ષો માછલાં હતાં અને વડ હેઠળ સૂતેલ રાજા કુંભાર હતો. તાપમાં તરફડતાં પાંચેય માછલાંને કુંભારે તળાવમાં મૂકેલાં એ તેનો ઉપકાર હતો. પાંચેય યક્ષોએ તેને રાજ્ય આપવા વિચાર્યું. એ વખતે નગરનો રાજા અપુત્ર મરણ પામતાં નસીબે તેને સારું રાજ્ય આપ્યું. પરંતુ દુશ્મન રાજાઓએ સામાડે ઘેરો ઘાલ્યો. છેવટે દેવે તે વેરીઓને હરાવી દીધા.'

આ કથા સાંભળીને સિદ્ધે વિક્રમને ચિંતામણિ ભેટ આપ્યો. રસ્તામાં વિક્રમે તે મણિ ચોરને આપી દીધો. (વાર્તા કહેનાર પૂતળી નરમોહિની)

**પંદરમી કથા : ઊકળતી તેલકઢાઈમાં ઝંપલાવવાનું સાહસ :** ઉજ્જયિનીમાં રાજ્ય કરતા રાજા વિક્રમને સુમિત્ર નામે સુંદર મિત્ર હતો. તે દેશાવરમાં ફરતો હતો. ફરતો ફરતો સુમિત્ર એક વાર એક દેવળમાં આવ્યો. ત્યાં તેણે તેલની એક કઢાઈ ઊકળતી જોઈ. દેવળના ક્ષેત્રમાં મદનસંજીવની રાજ કરતી હતી. તેણે પ્રતિજ્ઞા કરેલી કે, ઊકળતી તેલની કઢાઈમાં જે ઝંપલાવે તેને હું પરણીશ. સુમિત્રે એ વાત સાંભળી. ઉજ્જયિની આવીને તેણે વિક્રમને આ વાત જણાવી. વિક્રમ એ સ્થળે પહોંચ્યો અને કઢાઈમાં ઝંપલાવ્યું અને વડ નીચે માંસનો ટુકડો નાખ્યો. લક્ષ્મીદેવીએ પ્રસન્ન થઈ અમી સીંચ્યું તેથી વિક્રમ પોતાનું અસલ સ્વરૂપ પામ્યો. એણે વિક્રમને પોતાનું રાજ્ય આપ્યું. તે વિક્રમે સુમિત્રને આપી દીધું. (વાર્તા કહેનાર પૂતળી ભોગવિધિ)

**સોળમી કથા : ઇંદ્રિયવિજય ઉપર દૃષ્ટાંતકથા :** ચતુર્દિશામાં વિજય મેળવીને, દુશ્મનોનો નાશ કરીને ઉજ્જયિની આવેલ વિક્રમ રાજા એક વાર તપોવનમાં ગયો. ત્યાં નર્તિકાઓ નાચતી હતી. આખું કદલીગૃહ સુવાસથી મહેકતું હતું. રાજાએ પણ વસંતમહોત્સવની ક્રીડા કરી. પછી વિક્રમે ધર્માધિકારીને મોહ ઉતારવા શું કરવું એમ પૂછતાં ધર્માધિકારીએ કહ્યું : 'સંસારમાં એ જ સાર છે કે માણસ પોતાનો ઉદ્ધાર કરે. લક્ષ્મી અને યૌવન ચંચળ છે અને આયુષ્યનું સ્વરૂપ અસ્થિર છે. જે ઇંદ્રિયવિજય કરે તે સુખ પામે.' આ સાંભળી રાજાએ ધર્માધિકારીને આઠ કરોડ સોનાના સિક્કાનું દાન કર્યું. (વાર્તા કહેનાર પૂતળી પ્રભાવતી)

**સત્તરમી કથા : અતિથિસેવક રાજા:** ચંદ્રશેખર રાજાને વિક્રમની સાથે શત્રુતા હતી. એક વાર તેની સભામાં જઈ એક ભાટે વિક્રમની દાનશીલતાનાં વખાણ કર્યાં. આથી ચંદ્રશેખરે વિક્રમના જેવો દાનશીલ થવાનો વિચાર કરી, દેવીનું આરાધન કરી, તેને પ્રસન્ન કરી, અક્ષયધન માટે વરદાન માગ્યું. દેવીએ તેને કહ્યું : 'જો તું અગ્નિકુંડમાં ઝંપલાવીશ તો રોજ તને ધન પ્રાપ્ત થશે અને તારો દેહ રોજરોજ નવો થશે'. ચંદ્રશેખરે એ પ્રમાણે રોજ કરવા માંડ્યું. ભાટે વિક્રમને વાત કહી. ચંદ્રશેખરને પડતું કષ્ટ નિવારવા વિક્રમ અગ્નિકુંડમાં ઝંપલાવવા તૈયાર થયો, ત્યારે દેવતાએ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું. વિક્રમે ચંદ્રશેખરનો અગ્નિકુંડમાં પ્રવેશ ટળે એવું વરદાન માગ્યું. આવો ઉદાર હતો વિક્રમ રાજા. (વાર્તા કહેનાર પૂતળી સુપ્રભા)

**અઢારમી કથા : પાપ–વિનાશન તીર્થ (વિક્રમ સૂર્યમંડળમાં) :** ઉજ્જયિનીમાં આવેલા એક પરદેશીને વિક્રમે કહ્યું : 'તમે કોઈ આશ્ચર્ય જોયું હોય તો કહો.' એટલે પરદેશીએ તેને એક વાત કહી :

'ઉદયાચલ શિખર ઉપરના સુંદર દેવમંદિર પાસેના સુંદર સરોવરમાં સોનાનો એક થાંભલો છે અને તે થાંભલા ઉપર એક સિંહાસન છે. એ સિંહાસન સૂર્યોદય થતાં પાણીમાંથી બહાર નીકળે છે. દિવસ ચડતો જાય તેમ ઊંચે ચડે છે. દિવસ નમતાં નીચું આવે છે અને સૂર્યાસ્ત થતાં પાણીમાં પેસી જાય છે.

આ સાંભળી વિક્રમ પાપ–વિનાશન તીર્થ તરીકે ઓળખાતા એ સ્થળે પહોંચ્યો અને મહાપ્રયત્ને તે થાંભલા પર ચઢી બેઠો. ધીમેધીમે તે સૂર્યમંડળ સુધી ગયો. એના સાહસથી પ્રસન્ન થઈ સૂર્યદેવે એક ભાર સોનું ઝરે એવાં કુંડળ વિક્રમને ભેટ આપ્યાં. સમય જતાં થાંભલેથી નીચે ઊતરીને નગરમાં પાછા ફરતા વિક્રમને રસ્તામાં એક યાચકે તેની આશા પૂરી કરવા વિનંતી કરી, એટલે વિક્રમે તેને એ કુંડળ આપી દીધાં. (વાર્તા કહેનાર પૂતળી ચંદ્રવતી)

**ઓગણીસમી કથા : વિક્રમનું પાતાલગમન (બલિરાજા સાથે મિલન):** સદાચાર અને સદ્‌વૃત્તિથી રાજ્ય કરનાર વિક્રમ પાસે એક વાર વનરક્ષકે આવી, સૂવર વનનો નાશ કરતો હોવાની ફરિયાદ કરી. વિક્રમ સૂવરની પાછળ ગયો, તો તેણે એક પર્વતની તળેટી પાસે બારણાં જોયાં. તે સાવધાન થયો. ઘોડો મૂકીને બારણાં ખસેડી તે અંદર ગયો, તો ઊંડે સુધી જતાં તેણે સુવર્ણકળશોથી ઝળહળતું, વિશાળ ભવનોથી શોભતું, બલિરાજાનું નગર જોયું. દાનવરાજ બલિરાજાએ વિક્રમનો આદરસત્કાર કરી રસસિદ્ધિ અને સુવર્ણસિદ્ધિ ભેટરૂપે આપી. રાજા વિક્રમ એ લઈને જતો હતો, ત્યારે માર્ગમાં એક બ્રાહ્મણ અને તેનો પુત્ર મળ્યા. રાજાએ બ્રાહ્મણને રસસિદ્ધિ આપી. પુત્રે સુવર્ણસિદ્ધિ માટે પસંદગી બતાવી. બાપદીકરા વચ્ચે કજિયો થતો જોઈ વિક્રમે બેઉ સિદ્ધિઓ તેમને આપી દીધી. (વાર્તા કહેનાર પૂતળી મદનસેના)

**વીસમી કથા : ચમત્કારી કંથા, ખડી અને દંડ :** કૌતુક જોવા નીકળેલા વિક્રમે શ્રીનિવાસપુરની બહાર ચાર ભિક્ષુકોને કનકકૂટ પર્વતના ત્રિકાળનાથ યોગીને ન જોયાનો અફસોસ કરતા દીઠા. એ દુર્ગમ પહાડ ઉપર જઈ શકાતું નથી, એ સાંભળી યોગપાદુકા પર બેસી વિક્રમ ત્યાં ગયો અને યોગીને મળ્યો. યોગીએ પ્રસન્ન થઈ રાજાને ચમત્કારી કંથા, ખડી અને દંડ આપ્યાં. ખડી વડે સેનાનું ચિત્ર દોરી તેનો જમણે હાથે દંડથી સ્પર્શ કરતાં સેના જીવતી થાય અને ડાબે હાથે સ્પર્શ કરે તો સેના તત્ક્ષણ અદૃશ્ય થઈ જાય. કંથાને ખંખેરવાથી અઢળક ધન, વસ્ત્રો અને અલંકારો મળે. યોગી વિક્રમને વિદાય આપી પાછો વળ્યો. વિક્રમ પાછો ફરતો હતો, ત્યારે તેણે ચિતામાં પ્રવેશ કરવા તૈયાર થયેલા એક માણસને જોયો. વિક્રમે તેને તેમ કરવાનું કારણ પૂછતાં પેલા માણસે તેનું રાજ્ય સગાંસંબંધીઓએ પડાવી લીધું હોવાથી પ્રાણત્યાગ કરતો હોવાનું કહ્યું. વિક્રમે એ સાંભળી કંથા, ખડી ને દંડ ત્રણેય વસ્તુઓ અને રાજ્ય આપી દીધાં. (વાર્તા કહેનાર પૂતળી મૃગનયના)

**એકવીસમી કથા: અષ્ટ મહાસિદ્ધિ :** વિક્રમના બુદ્ધિસાગર મંત્રીનો પુત્ર મતિશેખર વિદ્યાપ્રાપ્ત કરીને પરદેશથી સ્વદેશ પાછો ફરતો હતો, ત્યારે રસ્તામાં તેણે એક દેવળમાં રાતવાસો કર્યો. રાત્રે દેવળ પાસેના સરોવરમાં રહેનારી દેવાંગના આવી અને બે પ્રહર વીત્યા ત્યારે તેણે નૃત્ય શરૂ કર્યું. આઠ અપ્સરાઓ પણ તે સુકૃત્ય કરતી હતી. નૃત્ય કરીને પછી પાછી ફરતી અપ્સરાઓમાંથી એકે સંકેતથી

મતિશેખરને આમંત્રણ આપ્યું. મતિશેખર તેની પાછળ ગયો. અપ્સરાઓએ સરોવરનો એક ભાગ ગરમ પાણીથી ઊકળતો હતો તેમાં ઝંપલાવ્યું, પણ તેમ કરવા મતિશેખરનો જીવ ન ચાલ્યો. તેણે આવીને વિક્રમને એ વાત કરી. વિક્રમ એ સ્થળે પહોંચ્યો અને ઊકળતા પાણીમાં તેણે ઝંપલાવ્યું. પાણીની નીચે એક મહાન નગર હતું. તે નગરના રાજાએ વિક્રમને ત્યાં રહી જઈ ભોગ ભોગવવા કહ્યું. વિક્રમે તે કોણ છે? અને અહીં શા કારણથી રહે છે? એમ પૂછતાં તેમણે, 'અમે અષ્ટ મહાસિદ્ધિ છીએ', એમ કહ્યું અને મહાપ્રભાવ-વાળાં રત્નો લેવાનું કહેતાં વિક્રમે આઠ રત્નો લીધાં અને રસ્તે જતા યાચકોને તેણે આપી દીધાં. (વાર્તા કહેનાર પૂતળી લવણવતી)

**બાવીસમી કથા : કામાક્ષાદેવીના સ્થાનકેથી સુવર્ણસિદ્ધિ રસની પ્રાપ્તિ :** એકવાર કૌતુક જોતો જોતો વિક્રમ દેશાવરમાં લક્ષ્મીનારાયણના મંદિર પાસે પહોંચ્યો. સ્તવન કરીને એ રંગમંડપમાં બેઠો હતો, ત્યારે એક પરદેશીએ આવીને તેનામાં (વિક્રમમાં) રાજવી લક્ષણ હોવાનું કહ્યું અને વાત વાતમાં નીલગિરિની ગુફામાં રહેલા કામાક્ષાદેવીના સ્થાનકમાં સુવર્ણસિદ્ધિ રસ હોવાની વાત કરી. પરદેશીએ પોતે બાર વર્ષ જપ કર્યા, પણ દેવીમંદિરનાં દ્વાર ન ઊઘડયાં હોવાનું કહ્યું. એ સાંભળી વિક્રમે કંઈક ઉપાય કરવાનું કહ્યું અને દેવભવનમાં જઈને સૂઈ ગયો. એ વખતે તેણે દેવને એવું કહેતાં સાંભળ્યા કે, બત્રીસલક્ષણો માણસ બલિ થાય, તો આ દ્વાર ચોક્કસ ખૂલશે. પેલા માણસને સૂતો મૂકીને વિક્રમ જેવો પોતાનું શિર છેદવા જાય છે તેવો જ દેવે તેનો હાથ પકડી રોક્યો. વિક્રમે પેલા માણસને વરદાન અને સિદ્ધિ અપાવ્યાં. (વાર્તા કહેનાર પૂતળી સૌભાગ્યસુંદરી).

**ત્રેવીસમી કથા : દુઃસ્વપ્નના અમંગળનું નિવારણ :** એક વાર વિક્રમે તેને આવેલા દુઃસ્વપ્નના વિષાદને દૂર કરવા ત્રણ દિવસ સુધી જેને જે જોઈએ તે લઈ જવા ભંડાર ખુલ્લો મૂકી દીધો. વિક્રમ એવો ઉદાર હતો. (વાર્તા કહેનાર પૂતળી સૂર્યકાન્તા)

**ચોવીસમી કથા : વિચિત્ર વારસો :** પુરંદરનગરના ધનપતિ શેઠે પોતાના મરણસમયે વારસાની વહેંચણી બાબત ચાર પુત્રોને સૂચના આપેલી હતી. તે પ્રમાણે તેના ખાટલાના ચાર પાયા નીચેથી ખોદીને જે ચાર કળશ બહાર કાઢ્યા તેમાંથી એકમાં માટી હતી, બીજામાં હાડકાં, ત્રીજામાં કોલસા અને ચોથામાં કુશકા હતા. આનું રહસ્ય સમજવા શેઠપુત્રો વિક્રમ પાસે ગયા, પણ વિક્રમસભામાંથી કોઈ પણ એ રહસ્ય ઉકેલી ન શક્યું.

એવામાં એક કૌતુક બન્યું કે, પ્રતિષ્ઠાનપુરમાં એક અત્યંત સ્વરૂપવાન બાલવિધવા બ્રાહ્મણીનો દેવોએ ઉપભોગ કરતાં તેને ગર્ભ રહ્યો. લોકાપવાદના ડરથી તેના બે ભાઈઓ તેને છોડીને નાસી ગયા, ત્યારે નાગકુમાર દેવે તેની રક્ષા કરી. વિધવા બ્રાહ્મણી એક કુંભારને ઘેર રહી. ત્યાં તેણે પુત્રને જન્મ આપ્યો. તેનું નામ શાલિવાહન રાખ્યું. છેવટે પ્રતિષ્ઠાન-પુરના શાલિવાહને ભેદ કહ્યો કે, જેમાં માટી છે તેને ભૂમિ સોંપી છે. જેમાં કોલસો છે તેને સોનું આપ્યું છે. જે કળશમાં હાડકાં છે તેને દાસદાસીઓ અને પશુઓ સોંપ્યાં છે અને જેના કળશમાં કુશકા છે એને બધાં ધાન્ય આપ્યાં છે.

વિક્રમે વારસાનું રહસ્ય શાલિવાહને ઉકેલ્યાનું જાણી તેને તેડાં મોકલ્યાં, પણ તે આવ્યો નહીં. તેથી વિક્રમે પ્રતિષ્ઠાન-પુરને ઘેરી લીધું. શાલિવાહને પોતાના રાજાને હિંમત ન હારવા કહ્યું. એણે ઘોડા–હાથી વગેરે ચતુરંગ સેના માટીની ઘડીને નાગદેવના પ્રભાવથી એ રમકડાંને સાચી સેનામાં ફેરવી નાખ્યાં. જીવતાં થયેલાં રમકડાં યુદ્ધમેદાનમાં ઝૂઝવા લાગ્યાં. રાત્રે વિક્રમની સેનાને નાગે દંશ દીધો. વિક્રમ વાસુકિ પાસેથી અમૃત લેવા ગયો. તે લઈને તે પાછો ફરતો હતો, ત્યારે રસ્તામાં એક માણસે તેની પાસે તે અમૃત માગ્યું. રાજાએ તેને કોણે મોકલ્યો હોવાનું પૂછ્યું, ત્યારે તેણે શાલિવાહનનું નામ દીધું. વિક્રમે દુશ્મન હોવા છતાં તેને અમૃતકુંભ આપી દીધો. એ લઈને તેણે શાલિવાહનને આપ્યો અને સઘળી હકીકત કહી. સત્ત્વથી જ વાસુકિએ આશા પૂરી કરી અને વિક્રમના સૈન્યને સજ્જ કર્યું. (વાર્તા કહેનાર પૂતળી હંસગમના)

**પચીસમી કથા : વિક્રમનું આત્મસમર્પણ :** વિક્રમની સભામાં આવી એક પ્રખર જ્યોતિષીએ 'બાર વર્ષનો દુષ્કાળ પડશે અને રાજાનો વિનાશ થશે,' એવું ભવિષ્યકથન કર્યું. પોતે નીતિનિયમ પ્રમાણે રાજ્ય કરતો હોવા છતાં દુકાળ કેમ પડે, એવું પૂછતાં જ્યોતિષીએ ગ્રહદશાનું કારણ આપ્યું. એ ટાળવા વિક્રમે દાનધર્મ કર્યાં, તોપણ દુષ્કાળ પડ્યો. આથી વિક્રમ મેઘદેવને પોતાનું બલિદાન આપવા તૈયાર થયો. મેઘદેવે પ્રત્યક્ષ દર્શન દઈ તેને રોક્યો અને દુકાળ ન પડવાનું વરદાન આપ્યું. (વાર્તા કહેનાર પૂતળી વિદ્યુત્પ્રભા)

**છવીસમી કથા : પરોપકારિતા ઉપર દૃષ્ટાંતકથા :** વિક્રમના પરોપકારીપણાનાં વખાણ ઇંદ્ર પાસેથી સાંભળીને સભામાં બેઠેલા બે દેવોએ તેની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. એક દેવ ગાય થઈ પોતાનું શરીર કાદવમાં ખૂંપાવી દઈ બચાવ માટે બરાડવા લાગ્યો, એટલે વિક્રમ તેને બચાવવા ગયો. તે વખતે જ બીજા દેવે સિંહ થઈને ગર્જના કરી. ગાયની રક્ષા માટે વિક્રમ ત્યાં રહ્યો. દેવોએ પ્રસન્ન થઈ

વિક્રમને કામધેનુ આપી. તે તેણે સામે મળેલ એક યાચકને આપી દીધી. (વાર્તા કહેનાર પૂતળી આનંદપ્રભા)

**સત્યાવીસમી કથા : જુગારીને વરદાનપ્રાપ્તિ :** કૌતુક જોવા નીકળેલ વિક્રમને દારિદ્ર્યથી પીડાતા એક માણસનો ભેટો થયો. તે જુગાર રમવાને કારણે ગરીબીમાં આવી પડ્યો હતો. રાજાએ (વિક્રમે) તેને જુગારનું વ્યસન છોડે તો તેનું જે કામ હોય તે કરવા કહ્યું. જુગારીએ મનસિદ્ધિ દેવતાના મંદિર આગળ આવેલ એક ચમત્કારિક કૂવાની વાત કરી. તેનાં જળ વડે દેવીને સ્નાન કરાવી બત્રીસલક્ષણાનું બલિદાન આપી વરદાન મેળવી આપવાની માગણી કરી. વિક્રમ એ સ્થળે જઈ દેવીને સ્નાન કરાવી પોતાનું બલિદાન આપવા લાગ્યો, એટલે દેવી પ્રસન્ન થયાં. વિક્રમે પેલા જુગારીને દેવી પાસેથી વરદાન અપાવ્યું. (વાર્તા કહેનાર પૂતળી રત્નપ્રભા)

**અઠ્યાવીસમી કથા : શોણિતપ્રિયા દેવી** (જીવહિંસાનું નિવારણ) : ભ્રમણ કરતાં, વિક્રમે એક વાર ચાર પરદેશીઓને વેતાલનગરની શોણિતપ્રિયા નામની નરમાંસ-ભક્ષક દેવીની વાત કરતા સાંભળ્યા. પછી જ્યારે તેમણે બતાવેલા સ્થાને વિક્રમ પહોંચ્યો, ત્યારે ત્યાં બલિદાન આપવા એક માણસનો વધ કરવાની તૈયારી થતી જોઈને, વિક્રમે તેને બદલે પોતાનું શિર છેદવા તૈયારી કરી. એટલે દેવી પ્રસન્ન થઈ અને ત્યારથી પૂજામાં જીવહિંસા નિવારી. (વાર્તા કહેનાર પૂતળી રૂપકાન્તા)

**ઓગણત્રીસમી કથા : કઠિયારો અને સામુદ્રિક :** વિક્રમની રાજસભામાં એક સામુદ્રિકે આવીને કહ્યું : 'સામુદ્રિકશાસ્ત્ર પ્રમાણે તું કુલક્ષણો હોવા છતાં રાજસુખ ભોગવે છે અને એક કઠિયારો રાજવી લક્ષણો ધરાવતો હોવા છતાં તે કઠિયારો જ રહ્યો છે. તેથી સામુદ્રિકશાસ્ત્ર ખોટું પડે છે.' વિક્રમે તેને પૂછ્યું : 'એમાં કોઈ અપવાદ દર્શાવેલો છે ?' સામુદ્રિકે કહ્યું : 'હા, જો રાજવી લક્ષણવાળાને તાળવે કાકપદ હોય તો તેનાં લક્ષણ નકામાં. રાજાએ કઠિયારાને બોલાવીને સામુદ્રિક દ્વારા તેની તપાસ કરાવી. કઠિયારાને તાળવે કાકપદ-ચિહ્ન હતું. કાકપદની કસોટી સામુદ્રિકે કણકના લોચા દ્વારા કરી. એને શ્રી મળી હોત તો ન્યાયયુક્ત હતું. વળી, સામુદ્રિકે બીજો અપવાદ પણ કહ્યો કે, જો ડાબું આંતરડું ભૂખરું (કાબરા રંગનું) હોય તો બધાં લક્ષણો સુલક્ષણ બની જાય.

વિક્રમ પોતાના દેહ પર આ બધાં ચિહ્નો છે કે કેમ, તે તપાસવા શરીર ચીરતો હતો, ત્યારે સામુદ્રિકે તેને અટકાવ્યો. (વાર્તા કહેનાર પૂતળી દેવાનંદા)

**ત્રીસમી કથા : ઇંદ્રજાલિક** (દાનશીલતા ઉપર દૃષ્ટાંત-કથા) : એક હાથમાં લાંબી તલવાર રાખી ડાબે હાથે દેવાંગના જેવી સુંદરીને દોરતો એક વૈતાલિક વિક્રમની રાજસભામાં પોતાની કલા બતાવવા આવ્યો. 'દેવદાનવના સંગ્રામમાં ઇન્દ્રને મદદ કરીને હું પાછો આવું ત્યાં સુધી આ સ્ત્રીને બહેનની જેમ સાચવજો,' એવું વિક્રમને કહી તે અંતરિક્ષમાં ઊડી ગયો. થોડીવારે હોકારા પડકારા સંભળાયા બાદ અંતરિક્ષમાંથી એક હાથ પડ્યો. તે પેલી સ્ત્રીએ ઓળખ્યો. ત્યારબાદ બીજો હાથ, બેઉ પગના ટુકડા, માથા વિનાનું ધડ અને છેલ્લે માથું નીચે પડ્યું એ પોતાના પતિનાં અંગો હોવાનું કહીને રાજા પાસે રહેલી પેલી સ્ત્રીએ ચિતામાં પ્રવેશ કર્યો. એ પછી થોડી જ વારમાં વૈતાલિક ત્યાં આવી લાગ્યો અને તેણે પોતાની સ્ત્રી પાછી માગી. વિક્રમની સભાએ જે બન્યું હતું તેની વૈતાલિકને વાત કરી, પણ વૈતાલિકે તો પોતાની સ્ત્રી લઈ લેવાનો વિક્રમ ઉપર આક્ષેપ કર્યો. તે પછી વૈતાલિકે બૂમ પાડીને પોતાની સ્ત્રીને બોલાવી. તે આવી લાગી. વૈતાલિકે એ બધું ઇન્દ્રજાળ હોવાનું જણાવ્યું. એની કલાથી ખુશ થયેલા રાજાએ પાણી પીવાની ઇચ્છા દર્શાવતાં વૈતાલિકે વિવિધ દ્રવ્યોથી સુગંધિત પાણી પોતાની કલાથી પ્રગટાવીને પાયું.

એટલામાં એક ભાટે આવીને કહ્યું કે, દક્ષિણ દિશાનો કોઈ સામંત-રાજા આઠ કોટિ સુવર્ણ, તેટલાં મોતી, પચાસ હાથી, દશ હજાર ઘોડા અને સો દાસીઓની ભેટ લઈને આવ્યો છે. રાજાએ તે વૈતાલિકને એ ભેટ દઈ દીધું. વૈતાલિકે તે ભેટનું પોતે જેને ત્યાં રહ્યો હતો તે ગણિકાને દાન કરી દીધું. વેશ્યાએ તેને નિરંતર સુખ આપ્યું. એ પછી વિક્રમ ભણી પાછા વળીને વૈતાલિકે એ બધું ખોવાઈ ગયું હોવાનું કહ્યું. હવે દાન આપો તો કામ સિદ્ધ થાય એમ પણ કહ્યું. વિક્રમે તેને દાન આપ્યું. (વાર્તા કહેનાર પૂતળી દેવપ્રિયા)

**એકત્રીસમી કથા : સુવર્ણપુરુષની પ્રાપ્તિ :** ઉજ્જયિનીમાં એક સંપત્તિવાન શેઠ રહેતા હતા. તેના પુત્રે નવું ધવલગૃહ બંધાવ્યું. ત્યારે બાંધકામના દરેક તબક્કાનો આરંભ નિમિત્તશાસ્ત્ર પ્રમાણે શુભ પુષ્ય નક્ષત્રમાં કર્યો. છેલ્લે ગૃહપ્રવેશ પણ પુષ્યનક્ષત્રમાં કર્યો. તે રાત્રિએ ત્યાં તે સૂતો ત્યારે 'પડું છું', એવો ગેબી શબ્દ સંભળાતાં તેણે ઘર ભૂતાવિષ્ટ હોવાનું માન્યું અને વિક્રમને ફરિયાદ કરી. વિક્રમે પૂરી કિંમત ચૂકવી તે આવાસ રાખી લીધો અને પોતે રાત્રે ત્યાં સૂતો. રાતમાં 'પડું છું,' 'પડું છું', એવો શબ્દ સાંભળતાં વિક્રમે "પડ" એમ કહ્યું એટલે સુવર્ણપુરુષ પડ્યો.

તે સુવર્ણપુરુષની સાથે જ આવાસ વિક્રમે શેઠને આપી દીધો. (વાર્તા કહેનાર પૂતળી પદ્માવતી)

**બત્રીસમી કથા : લક્ષ્મી, વિવેક અને સત્ત્વ :** ઉજ્જયિનીમાં વેચાવા આવેલી કોઈ પણ વસ્તુ ન વેચાય તો રાજકુળ માટે તે ખરીદી લેવાનો વિક્રમનો આદેશ હતો. એ સાંભળી એક લોભી વેપારી ધાતુપુરુષ બનાવીને હજાર દીનારમાં વેચવા ઉજ્જયિનીમાં ફર્યો. પરંતુ ધાતુપુરુષ ખરીદવાથી દારિદ્ર આવી પડે તે બીકથી કોઈએ તે ખરીદ્યો નહિ. સાંજે રાજાએ તે ખરીદી લીધો અને ભંડારમાં મૂક્યો. આ દારિદ્ર્યની નિશાનીરૂપ ધાતુપુરુષ ભંડારમાં આવતાં રાત્રે રાજલક્ષ્મી અને વિવેક રાજ્યમાંથી ચાલી નીકળ્યાં. છેવટે જ્યારે સત્ત્વે જવાનું કહ્યું, ત્યારે વિક્રમને પણ જીવવું અકારું લાગતાં સત્ત્વના હાથમાં માથું છેદવા લાગ્યો. ત્યારે સત્ત્વે વિક્રમને તેમ કરતાં વાર્યો અને પોતે વિક્રમના રાજ્યમાં રોકાતો હોવાનું કહ્યું. તેની સાથે વિવેક અને લક્ષ્મીએ પણ વાસ કર્યો.

**બત્રીસ કથાઓની સૂચિ :** ૧. બહુશ્રુત પ્રધાન, ૨. ભાવશુદ્ધિ વગરનું તપ નિષ્ફળ હોવા ઉપર દૃષ્ટાંતકથા, ૩. દાનશીલતા ઉપર દૃષ્ટાંતકથા, ૪. કૃતજ્ઞતાની કસોટી, ૫. ગાંભીર્યગુણ વિશે દૃષ્ટાંતકથા, ૬. ઔદાર્યગુણ વિશે દૃષ્ટાંતકથા, ૭. સત્ત્વશીલતા વિશે દૃષ્ટાંતકથા, ૮. બત્રીસલક્ષણાનું બલિદાન (= ધૃષ્ટતાગુણ વિશે દૃષ્ટાંતકથા), ૯. નરમોહિની (પુરુષઘાતક સુંદરી), ૧૦. ઔદાર્યગુણ વિશે દૃષ્ટાંતકથા, ૧૧. રાક્ષસરાજ, ૧૨. બ્રાહ્મણી અને તેના પૂર્વભવનો પતિ, ૧૩. જીવદયાધર્મ ઉપર દૃષ્ટાંતકથા, ૧૪. પાંચ યક્ષ અને રાજાની કથા, ૧૫. ઊકળતી તેલકઢાઈમાં ઝંપલાવવાનું સાહસ, ૧૬. ઇંદ્રિયવિજય ઉપર દૃષ્ટાંતકથા, ૧૭. અતિથિસેવક રાજા, ૧૮. પાપ–વિનાશન તીર્થ (વિક્રમ સૂર્યમંડળમાં), ૧૯. વિક્રમનું પાતાલગમન, (બલિરાજા સાથે મિલન), ૨૦. ચમત્કારી કંથા, ખડી અને દંડ, ૨૧. અષ્ટ મહાસિદ્ધિ, ૨૨. કામાક્ષાદેવીના સ્થાનકેથી સુવર્ણસિદ્ધિ રસની પ્રાપ્તિ, ૨૩. દુઃસ્વપ્નના અમંગળનું નિવારણ, ૨૪, વિચિત્ર વારસો, ૨૫. વિક્રમનું આત્મસમર્પણ, ૨૬. પરોપકારિતા ઉપર દૃષ્ટાંતકથા ૨૭. જુગારીને વરદાનપ્રાપ્તિ, ૨૮. શોણિતપ્રિયાદેવી (જીવહિંસાનું નિવારણ) ૨૯. કઠિયારો અને સામુદ્રિક, ૩૦. ઇન્દ્રજાલિક (દાનશીલતા ઉપર દૃષ્ટાંતકથા), ૩૧. સુવર્ણપુરુષની પ્રાપ્તિ, ૩૨. લક્ષ્મી, વિવેક અને સત્ત્વ. [આધાર : **'સિંહાસનબત્રીસી'–૧**]

**સિંહાસનબત્રીસી–૨, (= બત્રીસ પૂતળીની વાર્તા કથાપીઠ ૧. અદ્‌ભુત સિંહાસન :** એક વાર વિશ્વકર્માએ એક અદ્‌ભુત સિંહાસન બનાવી શંકર ભગવાનને ભેટ ધર્યું. પાર્વતીએ પોતાને હાથે ઘડીને તેના પર પૂતળીઓ બેસાડી. કેટલાક સમય પછી શંકરે ઇંદ્રને તે સિંહાસન ભેટ આપ્યું, અને ઇંદ્રે પોતાના પુત્ર વિક્રમાદિત્યની પરદુઃખભંજક સાહસિક અને ઉદાર રાજવી તરીકે કીર્તિ સાંભળીને તેને તે ભેટ મોકલ્યું. શેષનાગના પુત્ર શાલિવાહનને હાથે વિક્રમ હાર્યો. તેના વૈકુંઠવાસ પછી તેનું સિંહાસન ભોંયમાં ઊતરી ગયું.
[આધાર : **'સિંહાસનબત્રીસી'**–૨ની ત્રીસમી વાર્તા **'ભરથરીની વાર્તા'** ત્રીજો ઘટક]

**૨. ભોજરાજાનો પૂર્વભવ :** એક ગોવાળે આડી ચાલતી સગર્ભા ગાયને મારી. તે મરી ગઈ. એ જોનાર બ્રાહ્મણે વાત ગામમાં કહી દેવાની બીક બતાવી, એટલે ગોવાળે તેને મારી નાખ્યો. રાત્રે ગાયને ગોવાળના પેટમાંથી બોલતી તેની સ્ત્રીએ સાંભળી, અને ગોવાળના મોંમાં કીડા ખદબદતા જોયા. તેણે પાપમાંથી છૂટવા કાશી જઈને કરવત મુકાવવા પતિને કહ્યું. ગોવાળ કાશીએ પહોંચ્યો, પણ કરવતિયાએ હત્યારાને ગંગામાં પેસવા ન દીધો. પછી તે ચિતામાં પડવા જતો હતો, ત્યાં ચ્યવનઋષિએ તેને વાર્યો. ગૌહત્યા અને બ્રહ્મહત્યાનું પાપ બાળવા તે તેને નર્મદાતીરે ગૌતમઋષિની પાસે લઈ આવ્યા. ગૌતમના કહેવાથી વિક્રમચરિત્રની બત્રીસ કથા ચાળીસ દિવસ વિધિપૂર્વક ગોવાળે સાંભળી અને તે ગૌહત્યા અને બ્રહ્મહત્યાના પાતકમાંથી છૂટ્યો. તે કાશીથી પાછો આવ્યો. પછીથી તે ધારાનગરીના રાજા તરીકે અવતર્યો. ભોજ અને શાર્દૂલ એ બંને એ જ રાજાના પુત્ર હતા. પછીથી વિક્રમ રાજાની એ બત્રીસ વાર્તાઓ ભોજરાજાએ કઈ રીતે સાંભળી અને એ વાર્તાઓ કેમ 'સિંહાસનબત્રીસી'ને નામે પ્રખ્યાત થઈ તે કથાપ્રસંગ નીચે પ્રમાણે છે.
[આધાર : **'સિંહાસનબત્રીસી'**–૨, બારમી વાર્તા **'કાવડિયાની વાર્તા'** (– **'વિક્રમચરિત્રકુમાર'**)ની પૂર્વપીઠિકા]

**૨. કથાપીઠ : ૧. વિક્રમ રાજાના અદ્‌ભુત સિંહાસનની ભોજરાજાને પ્રાપ્તિ (– ગોવાળિયાનો ન્યાય : ચમત્કારી ટીંબો : ક. પહેલું રૂપાંતર : દગાખોર સોની :** પરદુઃખભંજન વિક્રમાદિત્ય રાજાના વંશમાં થયેલો મુંજ રાજાનો ભત્રીજો મહારાજા ભોજ ધારાનગરમાં રાજ્ય કરતો હતો. તે ગુણવાન, ધાર્મિક અને દાતાર હતો. ધારાનગરમાં એક બ્રાહ્મણ અને સોની મિત્ર હતા. તેઓ પરદેશ રળવા ગયા. પશ્ચિમ દેશના એક ગામમાં તેઓ સ્થિર થયા. બ્રાહ્મણે ત્યાંના રાજકુંવરને ભણાવવાનું કામ લીધું. સોનીએ પોતાનો ધંધો માંડ્યો. બાર વરસે સોનીએ ઘરે પાછા ફરવાની બ્રાહ્મણ પાસે વાત મૂકી. રાજકુમારનું શિક્ષણ હજી પૂરું થયું ન હોવાથી

બ્રાહ્મણે ના કહી અને તેણે રાજાએ આપેલાં ચાર રત્ન પોતાની પત્નીને આપવા માટે સોનીને સોંપ્યાં.

સોનીની દાનત બગડી. પરદેશથી ઘરે આવીને તેણે પોતાની પત્નીને કહ્યું : 'હું ચાર રત્ન રળીને લાવ્યો છું.' રત્નને તેણે પોતાના ઘરમાં પલંગ નીચે દાટી દીધાં. પછી લાંચ આપીને ચાર જણને સાક્ષી તરીકે રાખી તેણે બ્રાહ્મણીના હાથમાં ચાર સોનામહોર આપીને કહ્યું : 'થોડા દિવસમાં બ્રાહ્મણ આવશે, તેણે આ ચાર સોનામહોર તમને આપવા કહ્યું છે.' બ્રાહ્મણીએ પોતે કરેલા દેવા પેટે અને ઘરખરચ માટે એ સોનામહોર વાપરી નાખી. થોડા દિવસ પછી બ્રાહ્મણ પરદેશથી પાછો આવ્યો. બ્રાહ્મણીએ તેને જણાવ્યું કે, સોનીએ તો તેને ચાર રત્ન નહીં, પણ ચાર સોનામહોર આપેલી, જે ઘરખરચમાં વપરાઈ ગઈ. બ્રાહ્મણે સોનીને પૂછ્યું, તો તેણે કહ્યું : 'મેં તો ચારેય રત્ન બ્રાહ્મણીને તરત જ સોંપી દીધાં હતાં'. ભોજ રાજા પાસે બ્રાહ્મણે ફરિયાદ કરી, ત્યારે સોનીએ પંચને સાક્ષી તરીકે રજૂ કર્યા. બ્રાહ્મણ–બ્રાહ્મણી જૂઠાં ઠર્યાં. લોકોમાં તેમની હાંસી થઈ. રાજાએ તેમને ગામબહાર કાઢી મૂક્યાં.

ગામભાગોળે એક બ્રાહ્મણનું ખેતર હતું. ખેતરમાં એક ટીંબો હતો. તેના પરના માળિયે જ્યારે બ્રાહ્મણ ચડતો, ત્યારે તે આવતાજતા લોકોને ઉદારતાથી પાકમાંથી ખાવા આપતો. પણ માળિયેથી ઊતરે ત્યારે તે તદ્દન કૃપણ બની જતો. તે ટીંબા પર એક ગોવાળનો છોકરો રમતમાં રાજા બની બેસતો અને તેની સાથે રમતા છોકરા તેની પ્રજા બનતા. બ્રાહ્મણ–બ્રાહ્મણી રોતાંરોતાં ત્યાંથી નીકળ્યાં, એટલે તેને છોકરાઓએ એ ગોવાળિયા–રાજાની પાસે લાવીને ખડાં કર્યાં. તેમણે પોતાની વીતક વાત કહી. ગોવાળિયાઓ સોની અને તેના ચાર સાક્ષીઓને પકડી લાવ્યા. ગોપરાજાએ સાક્ષીઓને એકબીજાથી જુદા રાખી તેમના હાથમાં માટીના લોંદા આપીને કહ્યું : 'જેવા આકારનાં રત્ન હતાં, તેવા આકાર બનાવો.' ચારેય સાક્ષીઓએ જુદાજુદા આકાર બનાવ્યા. તેમને જૂઠા ઠરાવી, સોની સહિત તેમને ભારે શિક્ષા કરી. સોનીએ ઘેરથી રત્ન લાવીને બ્રાહ્મણને સોંપ્યાં. ભોજ રાજાને બ્રાહ્મણનો સાચો ન્યાય ગોપબાળકે કર્યાની જાણ થતાં, તે પ્રધાન સાથે ટીંબા પાસે ગયો અને ગોપરાજાની બુદ્ધિની અનેક રીતે કસોટી કરી, જેમાંથી તે પાર ઊતર્યો. સાંજ પડતાં, ગાયોનું ધણ પાછું વાળીને ગોપરાજા નગરમાં આવ્યો. ભોજ રાજાએ ત્યારે તેને બોલાવીને તેની સાથે વાતચીત કરી, તો તે સાવ ગમારની જેમ વર્ત્યો. આ ઉપરથી પ્રધાને અનુમાન કર્યું કે, ગોવાળને સ્વયંબુદ્ધિ ન હતી. તેની ચતુરતા એ જે ટીંબા પર બેસતો હતો તે ટીંબાને જ પ્રભાવે હતી. રાજાએ એ ટીંબો ખોદાવ્યો, એટલે તેને તળિયેથી રત્નજડિત, છત્રચામરવાળું, ઉપર બત્રીસ પૂતળીઓથી શોભતું એક અદ્ભુત સિંહાસન નીકળ્યું.

[આધાર : શામળભટ્ટકૃત '**સિંહાસનબત્રીસી**'ની પહેલી વાર્તા –'**હરણની વાર્તા**'ની કેટલીક હસ્તપ્રતોમાં મળતી પૂર્વપીઠિકા]

**ઘ. બીજું રૂપાંતર : કપટી રૂપધારી :** ધારાનગરનો ભાનુચંદ્રશા દરિયો ખેડવા જતો હતો. સૌ તેને વળાવવા ગયા. તેની સ્ત્રીએ કહ્યું : "વહેલા આવજો." ત્યાં આંબલીના ઝાડ પર રહેલા ખેચરે આ સાંભળ્યું. વળાવનારા પોતપોતાને ઘેર જવા પાછા ફર્યા, એટલે તેમની પાછળ પાછળ એ ખેચર ભાનુચંદ્રનું રૂપ લઈને ગયો. સૌએ પૂછ્યું : 'કેમ વહાણેથી તરત પાછા ફર્યા ?' ભૂતે કહ્યું : 'દાણ તરીકે ભરવાના (પરઠણના) પૈસા પૂરા ન થયા, તેથી હું પાછો આવ્યો.' એ ખેચર ભાનુચંદ્રને રૂપે તેને ઘરે રહ્યો. તે તેનું બધું કામકાજ કરતો. તેનાથી ભાનુની સ્ત્રીને પાંચ પુત્ર થયા.

બાર વરસે દ્રવ્ય રળીને પરદેશથી મૂળ ભાનુચંદ્ર પાછો ફર્યો. એક જોજન પરથી બ્રાહ્મણને પત્ર આપી ઘરે ખબર કરવા મોકલ્યો. ત્યાં બીજા ભાનુચંદ્રને જોઈને બ્રાહ્મણ આભો બની ગયો. કપટી ભાનુએ તેને ધમકાવી કાઢી મૂક્યો. બ્રાહ્મણે મૂળ ભાનુને આ વાત કરી. ભાનુએ તે ભૂલથી કોઈક બીજા સાથે ભટકાયો હશે એમ કહીને તેને મહેનતાણું ન આપ્યું. સૌ સૌદાગર ધારાનગરીમાં આવી પહોંચ્યા. ભાનુચંદ્ર પોતાને ઘરે ગયો. પણ બીજા ભાનુએ તેને કાઢી મૂક્યો. બૈરી–છોકરાંઓએ તેમની સાથે રહેતા બનાવટી ભાનુને જ સાચો ભાનુ કહ્યો. વાત રાજા પાસે ગઈ. સૌએ ખોટા ભાનુના પક્ષે સાક્ષી આપી. વેપારીઓએ સાચા ભાનુનો પક્ષ લીધો, પણ પ્રધાને ભાનુ પોતાનો સગો હોવાનું અને બાર વરસથી પોતે તેને જાણતો હોવાનું કહીને ખોટા ભાનુનો પક્ષ લીધો અને સાચા ભાનુને ગળેપડુ ઠરાવ્યો. આથી તેનું સર્વસ્વ આંચકી લઈને શૂળીએ ચડાવવાનો રાજાએ હુકમ દીધો.

તેને શૂળીએ ચડાવવા લઈ જતા હતા, ત્યાં ટીંબા પરના ગોવાળનું ધ્યાન ગયું. તેણે તેને અને ખોટા ભાનુને બોલાવી ન્યાય કરવાનું માથે લીધું. એક કાણો કરવડો (નાળચાવાળો લોટો) મંગાવીને કહ્યું : 'જે આમાં પેસીને નીકળે તે સાચો અને તે જ બૈરીનો અને ધનનો હકદાર'. સાચો ભાનુ કહે : 'હું ન નીકળી શકું.' ખોટો ભાનુ કહે : 'એક વાર શું દસ વાર હું નીકળી બતાવું.' એમ કહીને જેવો તે કરવડામાં પેસવા ગયો તેવો ગોવાળે ચોટલીથી પકડીને તેને ફટકાર્યો. પોતે ખરેખર ભૂત હોવાનું તેણે કબૂલ્યું. ગોવાળે સાચા ભાનુને તેનું સર્વસ્વ પાછું અપાવ્યું. ગોવાળે આ રીતે ન્યાય કર્યાની જાણ રાજાને થઈ. એ ટીંબાનો

પ્રતાપ હોવાનું માનીને તેણે ટીંબો ખોદાવ્યો. નીચેથી દેવતાઈ સિંહાસન નીકળ્યું.
[આધાર : શામળભટ્ટકૃત **'સિંહાસનબત્રીસી'**ની બાવીસમી વાર્તાની પૂર્વપીઠિકા].

**૩. વાર્તાકાર પૂતળીઓ : કથાશરીર** : [પૂતળીઓએ કહેલી વિક્રમની ગુણવાર્તા] : એ સિંહાસનને વાજતેગાજતે નગરમાં લાવી, વિધિસર તેની પૂજા કરીને રાજા ભોજે એના પર બેસવા જ્યાં પગ મૂક્યો, ત્યાં સિંહાસન પર રહેલી સોનાની પૂતળીઓમાંથી નંદા નામની એક પૂતળી મનુષ્યની વાચામાં બોલી ઊઠી : 'રાજા ભોજ, આ સિંહાસન પરદુ:ખભંજન વિક્રમ રાજાનું છે. તમે એના જેવા ઉદાર અને સાહસિક હો તો જ આના ઉપર બેસવાના અધિકારી'. આ સાંભળીને ભોજે વિક્રમની કથા કહેવા પૂતળીને વીનવી. ભોજ રાજાની વિનંતીને માન આપીને નંદા પૂતળીએ વિક્રમ રાજાનો મહિમા દર્શાવતી 'હરણની વાર્તા' કહી. અને એ રીતે એ વિક્રમ રાજાના સિંહાસન પર રહેલી બત્રીસ પૂતળીઓ એક પછી એક એમ બત્રીસ વાર્તા ભોજરાજાને કહે છે, જે વિક્રમ રાજાનો મહિમા, તેની ઉદારતા, સાહસિકતા, દેવભક્તિ, પરોપકારવૃત્તિ, પરાક્રમ અને પ્રતાપ જેવા ગુણોના નિદર્શનરૂપ હોય છે. એ બત્રીસ વાર્તાઓનાં નામ અનુક્રમે નીચે પ્રમાણે છે. (એ વાર્તાઓના સાર માટે જુઓ, કથાકોશમાં વાર્તાઓનાં અલગ અલગ નામ નીચે) :

૧. હરણની વાર્તા (=હરણ રાજા તથા જુઓ અદ્ભુત રચના)
૨. વિધાતાની વાર્તા (= છઠ્ઠીના લેખ)
૩. કમળની વાર્તા (= અદ્ભુત કમળ)
૪. સિંહલદેશની પદ્મિની (= સ્વપ્નસુંદરી)
૫. પંચદંડ. (૨) (= ચમત્કારી પંચદંડ)
૬. અબોલા રાણી
૭. નાપિતની વાર્તા (=પરકાયાપ્રવેશ)
૮. ધનવંત શેઠ (= ચમત્કારી જડીબુટ્ટી)
૯. હંસની વાર્તા (= પરદુ:ખભંજક રાજા વિક્રમાદિત્ય)
૧૦. ગર્દભસેન (= ગર્દભ રાજા)
૧૧. કળશની વાર્તા (= ચોરની ઓળખ)
૧૨. કાવડિયાની વાર્તા (= વિક્રમચરિત્રકુમાર)
૧૩. સમુદ્રની વાર્તા (=વિક્રમરાજા અને સમુદ્રદેવ)
૧૪. નૌકાની વાર્તા (=અદ્ભુત નૌકા)
૧૫. મેના–પોપટ
૧૬. કાષ્ઠનો ઘોડો
૧૭. પંખીની વાર્તા (= અમરફળ)
૧૮. વહાણની વાર્તા (= ઠગારી ગણિકા)
૧૯. ભાભારામની વાર્તા (= કણબીકુળની ઉત્પત્તિ)
૨૦. વેતાલ ભાટ
૨૧. પાનની વાર્તા (= ચમત્કારી પાનબીડાં)
૨૨. કામધેનુ
૨૩. ભદ્રાભામિની
૨૪. ગુટિકાની વાર્તા (= ચમત્કારી ગુટિકા)
૨૫. જોગણીની વાર્તા (= મૌનવ્રતધારી જોગણીઓ)
૨૬. માધવાનલ
૨૭. લક્ષબુદ્ધિની વાર્તા (બુદ્ધિચતુર વણિકપુત્રો)
૨૮. શુકસારિકા
૨૯. સ્ત્રીચરિત્રની વાર્તા
૩૦. ભરથરી
૩૧. રૂપાવતી
૩૨. મહાપચીસી (=વેતાલપચીસી)

**૪. ઉપસંહાર** : વિક્રમના અદ્ભુત સિંહાસન પરની બત્રીસમી પૂતળી ઇંદ્રાણી. બત્રીસમી વાર્તા **'વેતાલપચીસી'** પૂરી કરી, 'તમે જો વિક્રમ જેવાં પુણ્ય અને પરાક્રમ કરો તો જ સિંહાસન ઉપર બેસવાને પાત્ર ગણાઓ, નહીં તો એ સિંહાસનની વિધિસર પૂજા કરો.' એવું કહીને આકાશમાં ઊડી સ્વર્ગે પહોંચી ગઈ.

ભોજનો ગર્વ ગળી ગયો. તેણે વિક્રમકથાઓ સાંભળીને પુણ્યનાં અને પરમાર્થનાં અનેક કાર્ય કર્યાં.
[આધાર : **'સિંહાસનબત્રીસી'**–૨, બત્રીસમી કથા)

**સુગંધદશમી–કથા** : ઉજ્જેણીમાં રહેતા એક ગરીબ બ્રાહ્મણને ત્યાં અવતરેલી પુત્રીના શરીરમાંથી દુર્ગંધ નીકળ્યા કરતી હતી. માબાપનાં મૃત્યુ પછી કઠિયારણ તરીકે ગુજારો કરતી એ દુર્ગંધા એક વાર એક જૈન મુનિ ઉપદેશ દેતા હતા ત્યાં આવી પહોંચી અને તેમને જોઈ તેનો પોતાનો આગલો ભવ યાદ આવતાં તે મૂર્છિત બની. ઉપદેશ સાંભળવા આવેલા રાજાએ મુનિને એનું કારણ પૂછ્યું, એટલે તેમણે કહ્યું કે, એ સ્ત્રી તેના એક પૂર્વભવમાં રાજરાણી હતી ત્યારે તેણે જૈન મુનિને કડવી તૂંબડીનું શાક વહોરાવ્યું. અને એ પાપકર્મના ફળ તરીકે તે અનેક નીચ યોનિઓમાં ભમતી છેવટે દુર્ગંધા તરીકે અવતરી હતી. તેને પોતાના આગલા જન્મનાં દુષ્કર્મનું જ્ઞાન થતાં મૂર્છા પામી હતી. રાજાએ એની દુર્ગંધ દૂર થવાનો ઉપાય પૂછ્યો, એટલે મુનિએ જણાવ્યું : સુગંધીદશમી વ્રત કરવાથી એની દુર્ગંધ જશે. તેમાં દસ વરસ સુધી ભાદરવા સુદ દશમથી માંડી પાંચ દિવસ સુધી ઉપવાસ કરી જિનદેવની સુગંધી ફૂલ, ફળ અને સુગંધી દ્રવ્યથી વિધિપૂર્વક પૂજા કરવાની હોય છે. મુનિનાં એ વચનો સાંભળી દુર્ગંધાએ સુગંધદશમીનું વ્રત કર્યું અને દુર્ગંધા તેની જન્મજાત દુર્ગંધથી

મુક્ત થઈ ગઈ અને દુર્ગંધા પછી સંસારત્યાગ કરીને સાધ્વી બની અને આયુષ્ય પૂરું થયે મૃત્યુ પામી.

પછીના ભવે તે જિનદાસ શ્રાવકને ત્યાં સ્વરૂપવાન પુત્રી તરીકે અવતરી. તેના શરીરમાં સુગંધ નીકળતી હોવાથી તેનું નામ સુગંધા પાડ્યું. થોડા સમયમાં તેની માતા મરણ પામી. જિનદાસ રૂપિણી નામની બીજી કન્યાને પરણ્યો. તેને એક પુત્રી થઈ. તેનું નામ શ્યામા રાખ્યું. રૂપિણી પોતાની ઓરમાન પુત્રી સુગંધા પર ખાર રાખી તેને ઘણો ત્રાસ આપતી. જિનદાસના ઘણા પ્રયત્ન છતાં તેનો આ દુર્વ્યવહાર ચાલુ રહ્યો. એક વાર રાજાએ જિનદાસને રત્નો લાવવા રત્નદ્વીપ મોકલ્યો. બંને પુત્રીઓ ઉંમરલાયક થઈ હોવાથી યોગ્ય વરને પરણાવવાનું કહીને તે પરદેશ જવા નીકળ્યો. એક દિવસ એક સારા ઘરનું સુગંધા માટે માગું આવ્યું. રૂપિણીએ સુગંધાને વખોડી શ્યામાને આગળ ધરી, છતાં માગું કરનારાએ સુગંધા સાથે જ સગાઈ કરી. વર પરણવા આવે તે પહેલાં રૂપિણી સુગંધાને, 'આપણા કુળની આવી પ્રથા છે' એમ કહીને સ્મશાનમાં મૂકી ગઈ. ચારે બાજુ ધજાઓ ખોડી, દીવા કર્યા અને 'વર અહીં પરણવા આવશે' કહીને તે ચાલી ગઈ. ઘરે વર પરણવા આવ્યો ત્યારે તેને કહ્યું કે, સુગંધા ક્યાંક નાસી ગઈ છે. એટલે આવેલા વરે નછૂટકે શ્યામાની સાથે લગ્ન કરી લીધાં.

હવે એ નગરનો રાજા કનકપ્રભ મધરાતે પોતાના ગોખમાંથી સ્મશાનમાં બળતા દીવા જોઈ ત્યાં તપાસ કરવા આવ્યો. સુગંધાને પૂછપરછ કરતાં તેણે પોતાની હકીકત કહી. પોતે એ વર હોવાનું જણાવી રાજા તેને પરણીને પાછો જતાં કહેતો ગયો : 'હું ગોવાળ છું. દિવસે કામે જાઉં છું. રાત્રે તારે ઘરે તારી પાસે આવીશ.'

સવારે રૂપિણી સુગંધાની તપાસ કરવા આવી. તેણે ગોવાળ આવીને પરણી ગયાની અને રાતે મળવા આવશે, એ વાત તેને કહી. બંને જણ ઘરે આવ્યાં. રૂપિણીએ સુગંધાને સૂવા માટે બાજુના મકાનમાં અલગ ગોઠવણ કરી. રાજા રાતે અંધારામાં સુગંધા પાસે પાનફૂલ અને મેવામીઠાઈ લઈને આવ્યો. રાત તેની સાથે ગાળીને વહેલા પરોઢના અંધારામાં તે ચાલ્યો ગયો. રૂપિણીએ સુગંધાનો વર રાતે તેની પાસે આવ્યો હતો એમ જાણ્યું. એટલે તેણે સુગંધાને કહ્યું : 'આજે રાતે એ આવે ત્યારે તું એ ગોવાળની પાસે ચણોઠીનો હાર અને ગોવાળિયા પહેરે છે તેવાં ઘરેણાં માગજે.' રાતે આવેલા રાજા પાસે સુગંધાએ તે પ્રમાણે માગણી કરી, એટલે બીજે દિવસે રાજાએ તેને મોતીનો હાર, રત્નજડિત કંચુકી, પટોળું વગેરે રાણીને યોગ્ય વસ્ત્રાભૂષણ લાવીને આપ્યાં. સુગંધાએ તે રૂપિણીને બતાવ્યાં. રાજરાણી પહેરે તેવાં વસ્ત્રાભરણ જોઈ ને રૂપિણીએ માની લીધું કે, સુગંધાનો વર મોટો ચોર છે, જે રાજાને ત્યાંથી બધું ચોરી લાવ્યો છે. એટલામાં જિનદાસ પરદેશથી આવ્યો. રૂપિણીએ સુગંધા લગ્નને મુહૂર્તે નાસી ગઈ, પછી આવેલા મૂરતિયા સાથે શ્યામાને પરણાવી દીધી અને સુગંધા કોઈક ચોરને પરણી ગઈ છે, એવી વાત જણાવીને તેનાં ઘરેણાં બતાવ્યાં. જિનદાસે ઘરેણાં પર રાજાનું નામ વાંચ્યું. ચિંતા કરતો તે રાજાને મળવા ગયો. રત્નદ્વીપથી લાવેલાં રત્ન રાજાને આપીને, 'હું પરદેશ હતો તે દરમિયાન મારી દીકરી કોઈક અજાણ્યાને પરણી ગઈ અને એનો વર જે ઘરેણાં તેને ભેટ આપી ગયો છે તે તમારે ત્યાંથી ચોરેલાં હોવાનું લાગે છે.' એમ કહ્યું. રાજાએ કહ્યું : 'તમે તમારી પુત્રીને પૂછી જુઓ કે, એનો વર દેખાવે કેવો છે? તો આપણે તેને ઓળખી કાઢીએ.' જિનદાસે પુત્રીને પૂછીને રાજાને જણાવ્યું કે એ તો એના પગ ધોતી હોવાથી માત્ર એના ઉપરથી જ એને ઓળખી શકે તેમ છે.' પછી તેણે રાજાની સૂચના પ્રમાણે રાજા સહિત કેટલાક કુંવરોને પોતાને ઘરે જમવા નોતર્યા. આડો પડદો બાંધીને સુગંધાને પ્રત્યેકનાં માત્ર ચરણ બતાવવામાં આવ્યાં. સુગંધાએ રાજાનાં ચરણ જોઈને એને પોતાના પતિ તરીકે ઓળખાવ્યો. પછી રાજાએ પ્રગટપણે બનેલી હકીકત જણાવી. વિધિસર ધામધૂમથી વિવાહઉત્સવ કર્યો અને સુગંધાને પટરાણીને પદે સ્થાપી. પછી રૂપિણીને તેના કપટનો દંડ દેવાનું રાજાએ કહ્યું, પણ સુગંધાના કહેવાથી તેને ક્ષમા આપી.

[આધાર : **'સુગંધદશમી–કથા'**]

**સુઘરી અને વાનર** (**પંચાખ્યાન**, ઘટક ૨.૧૬) : કોઈ એક વનમાં રહેતું વાનરોનું ટોળું શિયાળાની ટાઢથી કાંપતું હતું. સંધ્યાસમયે તેમણે એક આગિયાને ઊડતો દીઠો. તેને અગ્નિ માની તેમણે પકડ્યો અને તેના પર સૂકાં પાંદડાં મૂકી હાથપગ ગરમ કરવા તેને વીંટળાઈને બેઠાં. એક વાનરે તેને ફૂંક મારી આગ પેટાવવા મથ્યો. એ જોઈને બાજુના ઝાડ પર રહેતી સુઘરીએ વાનરોને કહ્યું : 'આ તો આગિયો છે, એનાથી તાપી ન શકાય'. તેના વચનને અવગણીને પેલા વાનરોએ ફૂંકવાનું ચાલુ રાખતાં સુઘરીએ બીજી વાર તેમને સમજાવવા એ જ વચન કહ્યાં. એટલે ખિજાયેલા વાનરોએ સુઘરીને પકડી પથ્થર ઉપર પછાડી દાંત વડે કરડી મારી નાખી.

[સંદર્ભ : **'પંચાખ્યાન–બાલાવબોધ'**, ઘટક ૨.૧૫ : કરટકે દમનકને કહેલી દૃષ્ટાંતકથા]

**સુદર્શનકુમાર** : ૧. રાજકુમાર સુદર્શન દાનપ્રિય હતો. એક વાર દાનશાળામાં બેસીને તે દાન આપતો હતો, ત્યારે મંદિર શેઠની પુત્રી પદ્માને રસ્તે જતી જોઈ. પદ્માએ પણ તેની સામે જોયું. સંકેત દ્વારા બંનેએ સાંજે નગર બહાર વડ તળે મળવાનું ઠરાવ્યું. પાણી ભરવાને બહાને પદ્મા સાંજે સંકેત-સ્થાને પહોંચી. સુદર્શન અને પદ્મા પ્રેમચેષ્ટા કરતાં હતાં તે વેળા પદ્માને સર્પ કરડ્યો. તે બેભાન બની ગઈ. મરણ પામી જાણીને સુદર્શને આજુબાજુથી લાકડાં લાવી ચિતા ખડકીને તેના પર પદ્માને સુવાડી. પછી અગ્નિની શોધમાં તે બાજુના સ્મશાનમાં ધૂણી ધખાવીને બેઠેલા જોગીની પાસે તેની મઢીમાં પહોંચ્યો. જોગીએ તેને બત્રીસલક્ષણો જાણીને તેનું બલિદાન દઈને સોનાનું પૂતળું પ્રાપ્ત કરવાનું મનમાં ઠરાવ્યું. તેણે સુદર્શનને કહ્યું : 'આ તો સ્મશાનનો અપવિત્ર અગ્નિ છે. તું અહીં બેસ, હું બીજો અગ્નિ તને લાવી આપું. પણ અહીં ભૂત-પ્રેતનો ભારે ડર છે. તારા રક્ષણ માટે તને આ દોરો બાંધું છું.' એમ કહીને એક મંત્રેલો કાળો દોરો સુદર્શનને ગળે બાંધ્યો, તેવો જ સુદર્શન સર્પ બની ગયો. જોગીએ તેને પકડીને માટલામાં પૂરી દીધો અને ભોંયમાં ખાડો ખોદી, તેમાં માટલું મૂકી તેના પર પથ્થર ઢાંકી દીધો. પછી જોગી મઢીમાં રાખેલી મંત્રેલી ઔષધિ લેવા ગયો, ત્યારે તેને સાપ કરડ્યો અને નિર્જીવ થઈને પડ્યો.

૨. પેલી તરફ ખડકેલી ચિતા પર રાખેલી પદ્મા, એ લાકડા સાથે આવેલી વિષહર વેલના સ્પર્શે ધીમે ધીમે નિર્વિષ બની ઊઠીને જુએ છે તો સુદર્શન ત્યાં ન હતો. પાણીનું બેડું ભરીને તે ઘરે જવા ચાલી. હવે તે વેળા ગામમાં મરકીનો ઉપદ્રવ ચાલતો હતો. નગરરક્ષકો કોઈ મેલી વિદ્યાના પ્રયોગથી મરકી ફેલાવે છે કે કેમ, તેની તપાસમાં ફરતા હતા. વળી, સુદર્શનકુમાર ગુમ થયો હતો તેની પણ શોધ ચાલતી હતી. વહેલી સવારે માથે ઘડો મૂકીને નગરના દરવાજામાં પ્રવેશતી પદ્માને જોઈ રક્ષકોએ તેને મરકી ફેલાવતી ડાકણ ગણીને પકડી. હાથ બાંધી, આંખે પાટા બાંધી, બંદીખાને નાખી. પછી સમય થતાં તેને રાજાની સામે ખડી કરી. તેનું રૂપ જોઈ રાજાએ પાટા છોડાવીને પૂછપરછ કરી. પદ્માએ પોતાની ઓળખાણ આપી અને કહ્યું : 'કામકાજને લીધે મોડેથી હું પાણી ભરવા ગઈ. પાછી ફરતાં નગરના દરવાજા બંધ થઈ ગયા. સવારે મને ડાકણ માની રક્ષકોએ પકડી. હું નિર્દોષ છું. કહો તે પરીક્ષા દેવા તૈયાર છું.' રાજાએ સર્પદિવ્યથી તેની પરીક્ષા કરવાનું ઠરાવ્યું. રક્ષકો નાગની શોધમાં નીકળ્યા. જોગાનુજોગ તેઓ પેલા જોગીની મઢીએથી માટલામાં રાખેલો સાપ લઈ આવ્યા. પદ્માએ માટલામાં હાથ નાખી સર્પને બહાર કાઢી ગળા પર લટકાવ્યો. તે વેળા સર્પના ગળામાં કાળો દોરો ભાળી શંકા જતાં પદ્માએ એ દોરો તોડી નાખ્યો, એટલે સર્પ મટી સુદર્શનકુંવર પ્રગટ થયો. પછી રાજાની ક્ષમા માગીને જે બન્યું હતું તે તેમણે કહી બતાવ્યું. રાજાએ શેઠને બોલાવી, સુદર્શન અને પદ્માના વિવાહની ગોઠવણ કરી.
[સંદર્ભ : '**ચંદ્રશેખરની કથા**'માં વીરસેન પ્રધાનને વાનરમાંથી ફરી મનુષ્યરૂપ પ્રાપ્ત થયું ત્યારે રાજાએ કહેલી દૃષ્ટાંતકથા]

**સુથાર અને સિંહ (પંચાખ્યાન ઘટક ૨.૧૨)** : કોઈ એક નગરમાં રહેતો સુથાર અને તેની પત્ની ખાવાનું સાથે લઈને જંગલમાં લાકડાં કાપવા જતાં. એ જંગલમાં એક સિંહ રહેતો હતો. કાગડો અને શિયાળ તેનાં સેવકો હતાં. સિંહે જંગલમાં આવેલા સુથારને જોયો. સુથાર તેને જોઈને ડરી ગયો. પણ તેણે સમયસૂચકતા વાપરી સિંહને પ્રણામ કરી, તેને પોતાની પત્નીએ આપેલ ભાત ધર્યું. સિંહે કહ્યું : 'હું માંસાહારી હોઈ મને અન્નથી તૃપ્તિ નહીં થાય.' તેમ છતાં સુથારનો પ્રેમ જોઈને તેણે થોડુંક ખાધું. પછી સિંહે સુથારને અભયદાન આપ્યું. સુથારે સિંહને રોજ ભોજન માટે એકલા આવવા નિમંત્રણ આપ્યું. સિંહ તેનો સ્વીકાર કરીને રોજ આહારાર્થે સુથાર પાસે આવવા લાગ્યો.

ભૂખથી પિડાતા સિંહના સેવકોએ સિંહને તે રોજ ક્યાં ભક્ષ કરી આવે છે, તે વિશે પૂછતાં તેણે સર્વ હકીકત કહી. આથી શિયાળ અને કાગડાએ સુથારને મારીને તેના માંસથી તૃપ્ત થવાનું વિચાર્યું. તે સાંભળી સિંહે સુથારને પોતે અભયદાન આપ્યાનું કહ્યું. સુથારને બદલે બીજો કોઈ સારો ભક્ષ લાવી આપવાનું કહેવા છતાં પેલાં બે માન્યાં નહીં અને ક્રમને સિંહ તેમનું વચન માની સુથાર પાસે તેમને લઈ જવા તૈયાર થયો. સિંહને શિયાળ તથા કાગડા સાથે આવતો જોઈને સુથાર ચેતી ગયો. પત્નીને લઈને તે ઝાડ પર ચડી ગયો. તે જોઈ સિંહે સુથારને એમ કરવાનું કારણ પૂછતાં સુથારે કહ્યું કે, તારાં સંગાથી વિશ્વાસપાત્ર નથી.
[સંદર્ભ : '**પંચાખ્યાન–બાલાવબોધ**' ઘટક ૨. ૧૨ : સંજીવકે દમનકને કહેલી દૃષ્ટાંતકથા]

**સુરસુંદરી અને અમરકુમાર** : ૧. ચંપાનગરીના રાજા રિપુમર્દન અને પટરાણી રતિસુંદરીની પુત્રી સુરસુંદરી અને ધનાવહ શેઠનો પુત્ર અમરકુમાર બંને જણ એક જ શાળામાં ગુરુને ત્યાં વિદ્યાભ્યાસ કરતાં હતાં. વડો નિશાળિયો અમર-કુમાર ગુરુની આજ્ઞાથી બધા છાત્રોને ભણાવતો. એક દિવસ અમરકુમાર નિશાળે આવ્યો, ત્યારે તેણે સુરસુંદરીને ઊંઘતી જોઈને તેના પાલવે બાંધેલી સાત કોડીઓ ચોરી લીધી.

પછી તેની સુખડી મંગાવી બધા છાત્રોએ વહેંચીને ખાધી. અમરકુમારે સુરસુંદરીને તેની સુખડીનો ભાગ ખાઈ લેવા અને આગળ ભણવા જગાડી. કોડીઓ ચોરાયાનું જાણી સુરસુંદરીને ઘણું દુઃખ થયું. સુરસુંદરીએ અમરકુમારને એ સાત કોડીઓથી તો રાજ્ય મેળવી શકાય એટલું એનું મૂલ્ય હતું એમ કહ્યું. બધી કલાઓ અને શાસ્ત્રોમાં પારંગત થતાં અને એમ વિદ્યાભ્યાસ પૂરો થતાં ગુરુ બંનેને રાજસભામાં લાવ્યા. રાજાએ સૌની સમક્ષ બંને પાસે શાસ્ત્રાર્થ કરાવ્યો. બંને સરખે-સરખાં ઊતરતાં રાજા પ્રસન્ન થયો. તેણે ધનાવહ શેઠને દરબારમાં બોલાવી તેમની સંમતિથી એ બંનેને પરણાવ્યાં. લગ્નસુખમાં દિવસો વીતવા લાગ્યા.

૨. એક દિવસ પિતાનાં માલભર્યાં વહાણ ઘેર આવેલાં જોઈ અમરકુમારને પરદેશ જઈ વેપાર ખેડવાની ઇચ્છા થઈ. સુરસુંદરીના હઠાગ્રહને વશ થઈ અમરકુમાર તેને સાથે લઈ વેપાર અર્થે નીકળ્યો. યક્ષદ્વીપ આવતાં ત્યાંથી મીઠું પાણી લેવા અને દ્વીપ જોવા બંને જણ કાંઠે ઊતર્યાં. બધું જોતાં થાકી ગયેલી સુરસુંદરી પતિના ખોળામાં સૂઈ ગઈ. એ વખતે તેને જોઈ અમરકુમારને એક કુવિચાર આવ્યો. અગાઉ પોતે ચોરેલી કોડીઓને કારણે સુરસુંદરીએ તેને કડવાં વેણ કહ્યાં હતાં, તે યાદ કરી અમરકુમારે સૂતેલી સુરસુંદરીના પાલવે સાત કોડીઓ સાથે એક પત્ર બાંધ્યો. પત્રમાં તેણે લખ્યું હતું કે, 'સાત કોડીઓથી તો રાજ્ય મેળવી શકાય, એવાં તેં કહેલાં વચનોને તું ખરાં કરી બતાવજે.' સૂતેલી સુરસુંદરીને ત્યાં એકલી છોડી દઈને અમરકુમાર ત્યાંથી ચાલી નીકળ્યો.

૩ કુંવરીએ જાગી પાલવમાં બાંધેલી કોડીઓ તથા પત્ર જોયાં. પતિ છોડી જતાં એકલી વિલાપ કરતી સુરસુંદરીએ ભયથી બચવા પવિત્ર નવકારમંત્રના જપ આદર્યા. તેનો ભોગ લેવા આવેલા યક્ષે તેની બધી વિગત જાણી તેનો ભક્ષ ન કર્યો. હવે સુરસુંદરીની કર્મની કઠણાઈ શરૂ થઈ. પતિની શોધ અર્થે આગળ જતાં તે ત્રણચાર કામી પુરુષોના હાથે ચડી. પવિત્ર નવકારમંત્રના પ્રભાવથી તે ઊગરી ગઈ. અંતે કોઈ સરોવરના કિનારે એ સૂતેલી હતી ત્યારે તેને માંસપિંડ માનીને એક ભારંડ પક્ષી ઊંચકીને તેને આકાશમાં લઈ ગયું, પણ ભક્ષ્ય જીવતું હોવાનું જાણી ચાંચમાંથી તેને પડતું મૂક્યું. સુરસુંદરી આકાશમાં વિહરતા કોઈ વિદ્યાધરના વિમાનમાં જઈ પડી. તેની વીતકકથા જાણી, દયા લાવી, વિદ્યાધરે તેને બહેન ગણી અને તેને પોતાના આવાસે લઈ ગયો. સુરસુંદરીની સેવા-શુશ્રૂષા કરી. તે પછી વિદ્યાધરના વિમાનમાં બેસી સુરસુંદરીએ ઘણાં તીર્થધામોની યાત્રા કરી. એમ કરતાં ઘણો સમય વીત્યો.

૪. સુરસુંદરીના રૂપથી રખેને પોતાનું મન બગડે એમ વિચારી વિદ્યાધરે તેને તેના સ્વામીને ત્યાં પાછી મૂકી આવવા વિચાર્યું. (અહીં પુરુષોની કામવાસના કેવી પ્રબળ હોય છે તે બતાવવા શ્રોતાજનોને વસંતપુરીના રાજા, પ્રધાન, સેનાપતિ તથા રાજપુરોહિત વિશે કવિ એક આડકથા કહે છે. આડકથા માટે, જુઓ આ કોશમાં 'કામી પુરુષોને ઠગતી શીલવતી').

વિદાયવખતે વિદ્યાધરની પત્નીઓએ તેને ઉપયોગી એવી બેત્રણ વિદ્યાઓ શીખવી. વિદ્યાધરે તેને બેનાતટ નગરમાં પહોંચાડી. ત્યાં પહોંચતાં સુરસુંદરીએ પુરુષવેશ ધારણ કર્યો અને વિમલયશ નામ ધારણ કરી માલણને ત્યાં રહેવા લાગી. સુરસુંદરીએ બનાવેલો જીર્ણજ્વરનાશક ચમત્કારી વીંઝણો માલણ પાસેથી ખરીદી લઈને કોઈક વણિકે તે ત્યાંના રાજાને ભેટ આપ્યો. ચમત્કારી વીંઝણો બનાવનાર વિમલયશ છે એમ જાણી રાજાએ વિમલયશને દરબારમાં તેડાવી ધનદોલત, આવાસ વગેરે આપ્યાં.

૫. હવે એવું બન્યું કે, કોઈક અઠંગ બહુરૂપી ચોરે વિદ્યાને બળે બેનાતટ નગરના પ્રધાન, પ્રતિહાર તથા છેલ્લે રાજાને પણ ઠગ્યા. રાજાએ ચોરને પકડી લાવનારને અડધું રાજ્ય તથા પોતાની કન્યા પરણાવવાનું બીડું ફેરવ્યું. વિમલયશે તે ઝડપ્યું. પોતે અગાઉ શીખેલી વિદ્યાઓથી તેણે ચોરને પકડી રાજાને હવાલે કર્યો. રાજાએ અડધું રાજ્ય આપીને તેને પુત્રી પરણાવી.

૬. એક દિવસ અમરકુમાર માલભર્યાં વહાણ લઈ બેનાતટ આવી પહોંચ્યો. તે રાજાને મળવા આવ્યો. વિમલયશે તેને ઓળખ્યો. તેણે તેના પર દાણચોરીનો આરોપ મૂક્યો. 'ઘી વડે જો તું મારા પગ તળાંસે તો તને બચાવું." એમ તેને વિમલયશે કહ્યું. અમરકુમાર તેમ કરવા કબૂલ થયો. પગ તળાંસતાં તળાંસતાં અમરકુમાર ચોરીછૂપીથી થોડુંક ઘી પી ગયો. 'નાનપણથી જ તને ચોરીની ટેવ છે,' એમ કહી વિમલયશે તેના નાનપણના પ્રસંગોની બધી વિગત કહી બતાવી. રાત્રે વિમલયશ સુરસુંદરીરૂપે અમરકુમારની આગળ પ્રગટ થયો. પોતે સાત કોડીઓથી કેવી રીતે રાજ્ય લીધું તે પણ જણાવ્યું. તે પછી તેમના દિવસો સુખચેનમાં વીતવા લાગ્યા.

૭. માબાપ સાંભરી આવતાં અમરકુમાર સુરસુંદરીને લઈ સ્વદેશ પાછો ફર્યો.

[આધાર : **'સુરસુંદરીરાસ'**]

**સુલસાપુત્રો** : જુઓ, **'અભયકુમાર મંત્રી'**, ઘટક : ૫

**સુવ્રત મુનિ** : જુઓ, **'અભયકુમાર મંત્રી'**, ઘટક : ૧૨.૨

**સુંદરી ચાર નિર્માતામાંથી કોને વરે?** : જુઓ, **'વર ચાર અને કન્યા એક'–૫.**

**સૂચીમુખ પક્ષી અને વાનરો** : જુઓ, **'સુઘરી અને વાનરો.'**

**'સૂડાબહોંતેરી'** ( = જારવિદ્યાની દૃષ્ટાંતકથાઓ = જારી-વિજારીની દૃષ્ટાંતકથાઓ = કુલટાચરિત્રની દૃષ્ટાંતકથાઓ) :

**મુખ્યકથા** : પુરંદરનગરમાં દેશવિદેશ સાથે વેપાર કરતો એક જૈન શેઠ રહેતો હતો. તે ઘણો ધનાઢ્ય પણ અપુત્ર હતો. પાંસઠ વર્ષની વયે પત્નીનું અવસાન થતાં પુત્ર ઝંખતા એ શેઠે એક સોળ વર્ષની સુંદર કન્યા પ્રભાવતી જોડે લગ્ન કર્યું. વયભેદ હોવા છતાં બન્ને વચ્ચે ગાઢ સ્નેહ થયો. એક સમયે લેવડદેવડમાં કશોક વાંધો પડતાં શેઠને આઠ માસ જેવા લાંબા સમય માટે ઠઠ્ઠાભખ્ખર જવાનું થયું. પાછળ યુવાન પત્નીને એકલી મૂકી જવાના જોખમનો વિચાર કરીને શેઠે પ્રભાવતીની દેખરેખ રાખવાનું કામ ઘરમાં રહેલ પાળેલાં મેના–પોપટને સોંપ્યું.

વાયદા પ્રમાણે શેઠ ઘેર પાછા આવી શક્યા નહીં. પછી વસંતઋતુ આવતાં યુવાન પત્ની પ્રભાવતી કામવ્યાકુળ થઈ અને પુરુષનો સંગ ઝંખવા લાગી. અકળાઈને પ્રભાવતીએ એ વાત દાસીને કહી. દાસીએ પરપુરુષનો સંગ કરવા તેને લલચાવી. થોડી આનાકાની બાદ દાસીએ તેની ગોઠવણ કરી રાખ્યા પ્રમાણે પ્રભાવતી એક પ્રેમીને મળવા જવા સોળ શણગાર સજી નીકળી, એટલે મેનાએ તેને ટોકી અને વ્યભિચાર ન કરવા ચેતવી. આથી ગુસ્સે થયેલી પ્રભાવતીએ મેનાને પાંખેથી ચીરી, ડોક મરડીને ખાળમાં નાખી દીધી. બીજે દિવસે પ્રભાવતી એ જ પ્રમાણે બહાર જતી હતી, ત્યારે તેને જોઈ પોપટે યુક્તિપૂર્વક કામ લેવાનું વિચાર્યું. પોપટે યૌવન વયનો લહાવો લેવા જવા માટે તેનું અનુમોદન કર્યું પણ તે સાથે કહ્યું : 'જે જારી કરવા જાય તેની પાસે તે કશા સંકટમાં ફસાઈ જાય, ત્યારે તેમાંથી છૂટવાની વિજારી કરવાની આવડત અને ચતુરાઈ ન હોય તો, તેને મરવાનો પ્રસંગ આવે.' અને તે સંબંધમાં પોપટે નંદારાણીની દૃષ્ટાંતકથાનો નિર્દેશ કર્યો. પ્રભાવતી જવાનું માંડી વાળી એ દૃષ્ટાંતકથા સાંભળવા બેઠી. (એ પછી પોપટ પ્રભાવતીને એક કથા કહીને તે રાત પૂરતી ઘરે રોકી રાખે છે. તે પ્રમાણે બોતેર દિવસની બોતેર કથા કહીને તે પ્રેમીને મળવા બહાર નીકળતી પ્રભાવતીને અટકાવે છે. દરેક કથામાં જારકર્મ કરતાં સંકટમાં આવી પડતી–પકડાઈ જવાની પરિસ્થિતિમાં આવી પડતી–કુલટા સ્ત્રી કેવી રીતે કશીક યુક્તિ, પ્રપંચ કે ચતુરાઈ યોજીને નિર્દોષ તરીકે છૂટી જાય છે, અને તે દ્વારા પોતે શીલવતી, ગુણિયલ સતી હોવાની છાપ પોતાનાં પતિ, સગાં અને લોકોમાં સ્થાપે છે– એની વાત હોય છે. દરેક કથામાં પોપટ પકડાઈ જવા કે ફસાવાની પરિસ્થિતિ ઊભી થાય ત્યાં સુધીની અરધી કથા કહીને પછી પ્રભાવતીને પ્રશ્ન પૂછે કે, વ્યભિચાર કરતાં પકડાયેલી એ સ્ત્રી અને એનો જાર કઈ રીતે નિર્દોષ છૂટશે? પ્રભાવતી ઉત્તર આપે કે રંગે હાથે પકડાયાં હોઈને તેમને માટે ઊગરવાનો કોઈ રસ્તો નથી. તે પછી પોપટ પ્રભાવતીને 'તે રાત પૂરતી બહાર જવાનું માંડી વાળે તો, કેવી વિજારી વિદ્યા કરીને જારી કરનારાં બચ્યાં એ બતાવું' એમ કહે. કથા સાંભળવાના કૌતુકથી પ્રભાવતી તે રાત પૂરતું જવાનું માંડી વાળે. પોપટ બાકીની કથા પૂરી કરીને કહે કે, એ જારકર્મ કરતાં તમે સંકટમાં આવી પડશો તો તે વેળા આવી યુક્તિ તમને આવડતી હોય તો જ તમે બચી શકશો. તે પછી બીજે દિવસે પ્રભાવતી શણગાર સજીને ફરી પણ કોઈક નક્કી કરેલા પરપુરુષને મળવા જવા નીકળે, ત્યારે પોપટ તેને તેના કામમાં સફળતા ઇચ્છતાં કહે કે, ફલાણી સ્ત્રીએ જે યુક્તિ વડે પોતાને અને પોતાના પ્રેમીને બચાવ્યા અને પોતે સતી હોવાનો જશ લીધો એવી યુક્તિ જો તમે જાણતાં હો તો જરૂર જારકર્મ કરવા જાઓ. એટલે એ કથા સંભળાવવા પ્રભાવતી પોપટને કહે. પોપટ તેને કથા સંભળાવવાને બહાને ઘરમાં રોકી રાખે.) આવી ચતુરાઈ અને યુક્તિથી બોતેર દિવસ સુધી પોપટે પ્રભાવતીને શીલભ્રષ્ટ થતાં અટકાવી.

એ સૂડાબહોંતેરીની કથાઓ નીચે પ્રમાણે છે

૧. કાળકા માતાની આજ્ઞાને બહાને બચતી કુલટા
૨. જારને ધણી પાસે લવરાવતી અને વળાવતી કુલટા
૩. જોશીનાં જોશનું બહાનું બનાવીને બચતી કુલટા
૪. ઝાંઝરના પુરાવાને ખોટો પાડીને બચતી કુલટા
૫. ધણીને ઘાતમાંથી ઉગારવાનું બહાનું બતાવીને બચતી કુલટા
૬. કૂવે પડ્યાનો પ્રપંચ રચી બચતી કુલટા
૭. કાપેલું નાક સાજું કરી બતાવી સાચી સતી ઠરતી કુલટા
૮. કાળકાનો ઓતાર આવ્યાનો ઢોંગ કરીને બચતી કુલટા
૯. ધણીને ફસાવતી કુલટા
૧૦. પોતે પોતાની ભાભી બનીને બચતી કુલટા
૧૧. સ્ત્રીચરિત્રનો નમૂનો બતાવતી કુલટા
૧૨. સતી બનતી ધણીની હત્યારી કુલટા–રહસ્ય ખુલ્લું કરવા આવનારનો ભોગ લેતી–
૧૩. જક્ષ ઉઠાવી ગયાનો પ્રપંચ રચીને બચતી કુલટા

૧૪. કૂવામાં લટકીને બચતી કુલટા
૧૫. જ્વાળામુખી કાળકાદેવી બનીને બચતી કુલટા
૧૬. સર્પ ડસ્યાનો ઢોંગ કરીને બચતી કુલટા
૧૭. જારને ભૂતમાં ખપાવીને બચતી કુલટા
૧૮. ભટ્ટજીનાં પગરખાં
૧૯. રૂપિયો પડી ગયો
૨૦. પહેરવેશની અદલાબદલી
૨૧. ક્ષત્રિયવટનો પ્રપંચ રચીને બચતી કુલટા
૨૨. સાત પ્રેમીઓને બચાવી લેતી કુલટા
૨૩. જારને બેપિયા તરીકે ખપાવીને બચતી કુલટા
૨૪. પંડિતને પાઠ ભણાવતી કુલટા
૨૫. બળી મરીને સજીવન થયાનો પ્રપંચ રચી બચતાં જાર અને કુલટા
૨૬. દિયરની મનગમતી વસ્તુઓ મેળવવાને બહાને બચતી કુલટા
૨૭. જારને કાસદ તરીકે ખપાવીને બચતી કુલટા.
૨૮. કેરી લાડવાને સાપના ઝેરથી દૂષિત થયેલા કહીને બચતી કુલટા
૨૯. જારને બૈરીનાં કપડાં પહેરાવી બચતી કુલટા–૧
૩૦. ભાડિયા કૂવામાં ઊતરીને બચતી કુલટા
૩૧. જારને બૈરીમાં ખપાવી, પ્રપંચથી શોકને ફસાવીને બચતી કુલટા
૩૨. જારને દાસીની બદલીમાં રવાના કરી દઈને બચતી કુલટા
૩૩. યુક્તિથી શોકનું સાલ કાઢતી કુલટા
૩૪. જારને સાપ પકડનાર તરીકે ખપાવીને બચતી કુલટા
૩૫. જારને ધણી તરીકે ખપાવીને બચતી કુલટા
૩૬. જારને પોતાનાં કપડાં પહેરાવી રવાના કરીને બચતી કુલટા
૩૭. ઠગાઈ કરનાર જારને ઠગતી કુલટા
૩૮. જારને ગોળની ગુણમાં ઘાલીને બચતી કુલટા
૩૯. જારને બૈરીનાં કપડાં પહેરાવી બચતી કુલટા–૨
૪૦. જારને પોતાની માતા તરીકે ઓળખાવીને બચતી કુલટા
૪૧. જારને ગોવાળિયો બનાવીને બચાવતી કુલટા
૪૨. જારને બચાવવા રાજાને અને પતિને એક સાથે થાપ દેતી કુલટા
૪૩. જારનું ભાભીરૂપે આગમન, દેરાણીરૂપે વિદાય
૪૪. સતનાં પારખાં
૪૫. ઝેર ચઢ્યાનો ઢોંગ
૪૬. રાણીવેશે પંડિતને બચાવતી પંડિતાણી
૪૭. દાઢી વધારનાર પર બદલો લીધો
૪૮. નરસિંગો વીર
૪૯. જારને ઓરમાન દીકરો ઠરાવી બચતી કુલટા
૫૦. ઘરેણાં ઉતરાવ્યાં અને પાછાં ચડાવ્યાં
૫૧. ભૂતિયા આંબલી : મામા પાંચાનો પરચો
૫૨. જારનો સ્ત્રીવેશે અંતઃપુરપ્રવેશ
૫૩. સપનાનું ભૂત સાક્ષાત્ થયું
૫૪. જારને તકિયામાં સંતાડીને બચાવતી કુલટા
૫૫. સ્થાનબદલો : પોતાને સાટે બીજીને મોકલી શીલ બચાવવું.
૫૬. સાક્ષાત્ મહાલક્ષ્મી પ્રસન્ન થયાં
૫૭. દેવીનો પરચો
૫૮. જાર અને પતિની અદલાબદલી કરી બચતી કુલટા
૫૯. વેશપલટાની યુક્તિથી બચતી કુલટા
૬૦. અવધૂતનો ચમત્કાર
૬૧. હાલતીચાલતી કઠપૂતળી
૬૨. વેજા વાણિયણ અને જોગી
૬૩. જોગણીરૂપધારી જાર સાથે મિલન
૬૪. ચંદરવાનું પોટલું
૬૫. લવિંગનો અર્ક
૬૬. વીર્ય વેચાતું લેતી વેજા
૬૭. જારને ભાભીવેશે બચાવતી કુલટા
૬૮. વાઘણનું દૂધ
૬૯. જારને કનાતમાં વીંટીને બચાવતી કુલટા
૭૦. પાટપૂજા
૭૧. વંતરી બનેલી શોકયનો વળગાડ
૭૨. ઝેર ખાધાનો ઢોંગ

(તે તે કથા માટે જુઓ, તેમનાં શીર્ષકના પહેલા શબ્દના વર્ણાનુક્રમે આ કથાકોશમાં.)

તેંતેરમે દિવસે પ્રભાવતી કથાકીર્તન કરતી, સદાવ્રત આપતી ઘરને આંગણે બેઠી છે ગોરગોરાણીનો સત્કાર કરે છે, એટલામાં તેનો ધણી પરદેશથી આવી પહોંચ્યો. પોપટે જારીવિજારીની દષ્ટાંતકથાઓ કહીને પ્રભાવતીને બોતેર દિવસ સુધી પ્રેમીને મળવા જતી રોકી રાખી અને એ રીતે તેના શીલનું રક્ષણ કર્યું, તે માટે શેઠે તેની ઘણી પ્રશંસા કરી. અને પ્રભાવતી પણ પ્રેમ અને આદરથી પોપટનું પાલનપોષણ કરતી રહી.

[આધાર : '**સૂડાબહોંતેરી**']

**સેનક અને સુમંગલ** : જુઓ, **'અભયકુમાર મંત્રી,'** **ઘટક : ૭.**

**સ્ત્રીચરિત્રનો નમૂનો બતાવતી કુલટા** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, અગિયારમી કથા) : પોતાની પ્રેમાળ પત્ની પાસે છ માસે પાછા ફરવાનો વાયદો કરીને ચિત્રસેન રજપૂત કમાણી અર્થે પરગામ ગયો. વાયદામાં ચાર દિવસ બાકી રહ્યા, ત્યારે તે પોતાને ગામ પાછો જવા નીકળ્યો. રસ્તામાં દિવસને પાછલે પહોરે ચાંપાનેરની ભાગોળેથી તે ઘોડે બેસીને પસાર થતો હતો, ત્યારે ત્યાંના સબળસંગ રજપૂતની વહુ જશોદા તળાવે પાણી ભરવા ગયેલી, તેની નજરે પડયો. તેના તરફ આકર્ષાઈને તેણે નામઠામ પૂછ્યાં. ચિત્રસેને પોતાની વાત કરી અને કહ્યું કે, વાયદામાં ત્રણ જ દિવસ બાકી છે. જો મોડો પહોંચીશ તો મારી રજપૂતાણી આપઘાત કરશે. જશોદાએ તેને હસી કાઢયો અને સ્ત્રીચરિત્ર ન જાણતો હોવાનું કહી, તે બતાવવા પોતાને ત્યાં એક રાત ગાળવા તેને સંમત કર્યો. તેની સાથે તેના ઘોડે બેસીને તે ઘેર આવી. ચિત્રસેનની પાછળ ઘૂમટો તાણીને તેની પત્ની તરીકે ઘરમાં પેસી ગઈ. સબળસંગે મહેમાનને આવકાર આપ્યો. દરમિયાનમાં જશોદા પાછલી બારીએથી નીકળી જઈ પાણીનું બેડું ભરીને ઘરમાં દાખલ થઈ. ચિત્રસેનને જોઈને તેની પોતાના પિતરાઈ ભાઈ તરીકે ઓળખાણ આપી. બરાબર આગતાસ્વાગતા કરવાનું કહી સબળસંગ ચોરે ગયો. જશોદાએ ચિત્રસેનને જમાડી તેની સાથે રંગરાગ કર્યો. એટલામાં સબળસંગ પાછો આવ્યો. તેણે મહેમાનને માટે અંદરના ઓરડામાં સૂવાની ગોઠવણી કરી, પોતે બહાર પરસાળમાં સૂતો. જશોદાએ દસ માસના પુત્રને સંભાળવા તેને સોંપી પોતે ગરબા ગાવાને બહાને બહાર નીકળી અને બારીએથી પાછી ઘરમાં આવી ગઈ. ચિત્રસેન સાથે રંગે રમતાં મધરાત થઈ ત્યાં બાળક રડયું, એટલે 'મારી રજપૂતાણીને ધવરાવવા આપો. અમારું બાળક આઠ દિવસ પહેલાં જ મરી ગયું છે,' એમ સબળસંગને ચિત્રસેને કહેતાં, સબળસંગે અંધારા ઓરડામાં જઈ જશોદાને છોકરો આપ્યો. ધવરાવીને બાળક પાછું આપવાને સબળસંગ પાસે તે બેઠી અને છોકરો સોંપતાં સબળસંગનો હાથ તેને અડ્યો. આમાં કોનો વાંક, એ સમજાય તે પહેલાં જશોદાએ સબળસંગને એક તમાચો ચોડી દીધો. સવારે ચિત્રસેન રવાના થયો, ત્યારે જશોદા ઘૂમટો કાઢી તેની સાથે નીકળી. પછી બારીએથી ઘરમાં આવી, પાણી ભરવાને બહાને બહાર નાકળીને ચિત્રસેનને મળી. 'આવું સ્ત્રીચરિત્ર તારી વહુ પણ કરતી હશે', એમ કહી પગનાં ઝાંઝર સંભારણાં તરીકે આપ્યાં. એક વાળંદ આ બધો તમાશો જોતો હતો. સબળસંગ જશોદાને પાણી ભરીને આવતાં કેમ વાર થઈ તેની તપાસે નીકળ્યો, ત્યાં વાળંદ સામો મળ્યો. તેણે પોતે જે જોયેલું–સાંભળેલું તે સબળસંગને જણાવ્યું. એટલામાં જશોદા આવી પહોંચી. ધૂંઆપૂંઆ થતો સબળસંગ તેની પાછળ ઘરમાં આવ્યો. જશોદાને મારી નાખવા તેણે કટારી કાઢીને, મહેમાન સાથેનાં નખરાંનો ને ઝાંઝર આપી દીધાનો ખુલાસો માગ્યો. 'મારો ભાઈ, એની વહુ પર રાત્રે તમે હાથ નાખ્યાથી, રાતોપીળો થઈ તમારા એ પરાક્રમની વાત મારાં માબાપ અને સગાંને કરીને ફજેતી કરવાનું કહેતો હતો. પણ મેં તેને ઝાંઝર આપી માંડ ટાઢો પાડયો.' એમ જ્યારે જશોદાએ કહ્યું, ત્યારે સબળસંગ ભેવાઈ ગયો. તે પછી તે જશોદાનો ઓશિયાળો બની હંમેશ તેને વશવર્તીને રહ્યો.

[આધાર : '**સૂડાબહોંતેરી**', અગિયારમી કથા]

**સ્ત્રીચરિત્રની વાર્તા** ('**સિંહાસનબત્રીસી**'–૨, ઓગણત્રીસમી કથા) : ફરી પાછો ભોજરાજ વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી શીલવતી નામની ઓગણીસમી પૂતળીએ તેને અટકાવીને વિક્રમનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી સંભળાવી.

**૧. શેઠપુત્રીએ સ્વીકારેલું આહ્વાન** : વિક્રમ રાજાએ ઉજેણીમાં દાંડી પિટાવી કે મારો પુત્ર વિક્રમચરિત્ર સ્ત્રીચરિત્ર ઉપર પણ સરસાઈ મેળવી શકે તેવો છે. તેની મહત્તાને જેણે પડકારવી હોય તે આગળ આવે. ત્રિલોચન શેઠની પુત્રીએ દાંડી પીટનારને કહ્યું; 'વિક્રમ રાજાને કહેજે કે, સ્ત્રીચરિત્ર આગળ વિક્રમચરિત્રના ચરિત્રની વડાઈ કરવી એ તો મૂર્ખતા ગણાય.' વિક્રમ રાજાએ આ વાત ધ્યાનમાં રાખી, વિક્રમચરિત્રને શેઠપુત્રી સાથે પરણાવ્યો. વિક્રમચરિત્રે નવવધૂનું મોઢું પણ ન જોયું. વિક્રમ રાજાએ તરત જ શેઠપુત્રીને એકાંતવાસ આપ્યો અને તેનાથી તદ્દન અલિપ્ત રહેવાની વિક્રમચરિત્ર પાસે પ્રતિજ્ઞા લેવરાવી.

**૨. પ્રપંચ દ્વારા પુત્રપ્રાપ્તિ** : શેઠપુત્રીએ પિતાને કહીને પોતાના એકાંતવાસથી પિતાના ઘર સુધીની સુરંગ તૈયાર કરાવી અને પછી પોતાની જગ્યાએ એક દાસી રાખીને પોતે પિયર ચાલી ગઈ. એક વાર વિક્રમચરિત્ર સેના લઈને પરદેશ ગયો, ત્યારે શેઠપુત્રીએ દૂધવાળીનો વેશ લઈ તેને લલચાવી તેની સાથે એક રાત ગાળી અને કેફી દૂધ પાઈ, તેનાં વસ્ત્રાભૂષણ લઈ લીધાં ને ચાલી ગઈ. શેઠપુત્રીને ગર્ભ રહ્યો અને પુત્ર જન્મ્યો. પછી તેણે બીજો એક પ્રપંચ રચ્યો. ઉજેણીનગરીના ચોકમાં તંબુ તાણી જોગણવેશે તે રહેવા લાગી. લોકોમાં તેનો મહિમા થવા લાગ્યો. સર્પદંશથી મરેલા અને ચિતા પર રાખેલા એક પુરુષને મહાદેવના મંત્રના બળે તેણે જીવતો કર્યો. તેની આ શક્તિથી પ્રભાવિત થયેલ વિક્રમચરિત્રે

પોતાને સંજીવનમંત્ર શીખવવા પ્રાર્થના કરી. પોતાને પરણવાની શરતે જોગણીએ એ મંત્ર શીખવવાનું સ્વીકાર્યું. વિક્રમચરિત્ર ધનરત્ન ભેટ લઈને રાત્રે જોગણીની પાસે ગયો. તેના સંગમાં રાત ગાળી. "કાલે મંત્ર શીખવીશ" એવું કહીને જોગણીએ તેને રવાના કર્યો. તંબુ ઉઠાવી લઈને, કોઈને ખબર ન પડે તેમ, તે પિતાને ઘરે જતી રહી. તેને બીજો પુત્ર જન્મ્યો. પછી બંને પુત્રોને સાથે લઈને તે પિયરથી પોતાને આવાસે પાછી આવી અને પિતાને કહીને પેલી સુરંગ પુરાવી દીધી. વિક્રમ રાજાએ આવીને તેને સ્ત્રીચરિત્રની હાર સ્વીકારવા કહ્યું. શેઠપુત્રીએ પોતાને બહાર કાઢવા વિનંતી કરી. વિક્રમે કહ્યું : 'જ્યારે તમે વિક્રમચરિત્રથી થયેલો પુત્ર બતાવશો ત્યારે હું તમને મુક્ત કરીશ.' તે પછી વિક્રમે પોતાને આવાસે જઈને વિક્રમચરિત્ર પાસેથી ખાતરી મેળવી કે, તેણે આપેલા વચન પ્રમાણે શેઠપુત્રીનો કદી પણ સંગ કે સંપર્ક કર્યો નથી.

**૩. સ્ત્રીચરિત્રની સરસાઈનો સ્વીકાર** : સવારે વિક્રમે શેઠપુત્રીનાં માબાપ અને બીજા સંબંધીઓને બોલાવ્યાં. તેમની તથા અનેક નગરલોકોની હાજરીમાં શેઠપુત્રીએ પોતે હારી હોવાનું કહ્યું. એટલે વિક્રમે તેને એકાંતવાસમાંથી મુક્તિ આપી. શેઠપુત્રી પાંચ વરસનો અને એક વરસનો એવા બે પુત્રોને પોતાની સાથે લઈને આવાસમાંથી બહાર આવી. સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. સાસુએ કુશીલતાનો આરોપ મૂક્યો. પુત્રો વિક્રમચરિત્ર દ્વારા જ થયેલા હોવાનું કહીને શેઠપુત્રીએ તેને પૂછી જોવા કહ્યું. પોતે શેઠપુત્રીને કદી પણ મળ્યો ન હોવાનું વિક્રમચરિત્રે પ્રતિજ્ઞાપૂર્વક જણાવ્યું. શેઠપુત્રીએ દૂધવાળી અને જોગણી સાથેના તેના પ્રસંગોની યાદ આપીને પુરાવા તરીકે વિક્રમચરિત્રનાં લઈ લીધેલાં વસ્ત્રાભૂષણ તથા ધનરત્નની ભેટો રજૂ કરી. વિક્રમ સહિત સૌ લોકોએ સ્ત્રીચરિત્રની સરસાઈ સ્વીકારી અને શેઠપુત્રીને સંમાનપૂર્વક આવકારી.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.'

આ કથા ભોજરાજાને કહીને શીલવતી પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : '**સિંહાસનબત્રીસી**' ઓગણત્રીસમી કથા]

**સ્ત્રીરૂપે અંતઃપુરમાં પ્રવેશી પ્રેયસીનો સહવાસ (વેતાળપચીસી-૧, ચૌદમી કથા)** : સાધકને આપેલા વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠ પર બાંધીને મૂંગે મૂંગે લઈ આવતો હતો, ત્યારે એ શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને નીચેની સમસ્યાગર્ભ કથા કહી.

'કૌશાંબી નગરના સુવિચાર રાજાની ચંદ્રપ્રભા નામની કન્યા ફૂલ વીણવા વાડીમાં ગઈ, ત્યારે વામન નામના એક બ્રાહ્મણને તેણે જોયો અને બ્રાહ્મણે તેને જોઈ. બંને એકબીજા પર આસક્ત થઈ ગયાં. રાજકુમારી પોતાની સખીઓ સાથે ઘેર ગઈ. વામન તેના વિરહમાં પાગલની ચેષ્ટા કરવા લાગ્યો. એટલામાં મૂળદેવ અને સહદેવ તેમના પાંચસો ઠગો સાથે ત્યાંથી નીકળ્યા. વામનની દશા પર દયા લાવી, તેની વાત જાણી મૂળદેવે પોતાની પાસેથી કોથળામાંથી બે ચમત્કારી ગુટિકા કાઢી. એક વામનને મોઢામાં રાખવા કહ્યું. તેમ કરતાં તે સ્ત્રી બની ગયો. બીજી મૂળદેવે પોતાના મોંમાં રાખી એટલે તે વૃદ્ધ બ્રાહ્મણ બની ગયો. સ્ત્રીરૂપ વામનને રાજા પાસે લઈ જઈને તેણે વિનંતી કરી, : 'હું વારાણસીનો બ્રાહ્મણ છું. સેનાએ આક્રમણ કરી વારાણસી ભાંગ્યું. નાસભાગમાં મારો પુત્ર ખોવાઈ ગયો. તેના દુઃખે મારી પત્ની મૃત્યુ પામી. મારા પુત્રને હું શોધી લાવું ત્યાં સુધી આ મારી પુત્રવધૂને તમારી પાસે રાખો'. રાજાએ તે બ્રાહ્મણીને પોતાની દીકરીની સંભાળ હેઠળ મૂકી. મૂળદેવ પેલા બ્રાહ્મણને 'જ્યાં સુધી ગુટિકા મુખમાં રાખશે ત્યાં સુધી તે સ્ત્રી રહેશે અને ગુટિકા મુખમાંથી કાઢશે ત્યારે પુરુષ થઈ જશે', એમ કહીને અને મુશ્કેલી પડે ત્યારે તેને સંભારવાનું કહીને ચાલ્યો ગયો. એકાંત મળતાં બ્રાહ્મણીએ કુંવરીને દૂબળી થઈ જવાનું કારણ પૂછ્યું. ત્યારે તેણે ઉદ્યાનમાં મળેલા બ્રાહ્મણના વિરહદુઃખની વાત કરી. બ્રાહ્મણીએ મોંમાંથી ગુટિકા કાઢી નાખતાં તે તેના મૂળ વામનરૂપે પ્રગટ થયો. ગાંધર્વવિવાહ કરી બંને પરણ્યાં અને સુખભોગમાં દિવસો વિતાવવા લાગ્યાં. બ્રાહ્મણ રોજ દિવસે સ્ત્રીનું રૂપ ધરે અને રાત્રે પુરુષનું રૂપ. સમય જતાં રાજકુમારીને ગર્ભ રહ્યો. એક વાર પ્રધાનને ઘરે વિવાહપ્રસંગે રાજપરિવાર ગયો, ત્યારે પ્રધાનપુત્ર બ્રાહ્મણીને જોઈ તેના પર મુગ્ધ થયો. રાજાએ તેને બ્રાહ્મણી પરણાવવાની ના પાડી. બ્રાહ્મણીએ પણ પોતે પરણેલી હોઈને પ્રધાનપુત્રને સ્વીકારવા ના પાડી. પ્રધાનપુત્રને બ્રાહ્મણી નહીં મળે, તો તે પ્રાણત્યાગ કરશે, એમ જાણી રાજાએ બ્રાહ્મણીને આગ્રહ કર્યો. બ્રાહ્મણીએ એવી શરતે પ્રધાનપુત્રને પરણવા હા પાડી કે, વિવાહ પછી તરત જ પ્રધાનપુત્ર રામેશ્વરની યાત્રાએ જાય. તે જાત્રા કરીને આવે પછી જ તેનો સંગ કરશે. પ્રધાનપુત્રે એ શરત સ્વીકારી. બંનેનાં લગ્ન થયાં. પ્રધાનપુત્ર જાત્રાએ જતાં પોતાની આગલી પત્નીને બ્રાહ્મણીની સોંપણી કરતો ગયો. તેના ગયા પછી તેની આગલી પત્નીને પરપુરુષના સંગની ઇચ્છુક જાણી, બ્રાહ્મણીએ મોંમાંથી ગુટિકા કાઢી લઈ પુરુષરૂપ ધર્યું. બંને ભોગ ભોગવતાં સુખથી રહેવા લાગ્યાં. દરમિયાન પ્રધાનપુત્ર આવવાના સમાચાર મળતાં બંને જણ દૂર નાસી ગયાં. ત્યાં

વામને મૂળદેવનું સ્મરણ કર્યું. મૂળદેવ ઉપસ્થિત થયો. વામને તેને પોતાનો બધો વૃત્તાંત કહ્યો. મૂળદેવે ગુટિકાપ્રયોગથી તે બંનેને પોતાને નગર પહોંચાડ્યાં અને વામનને ગરાસ આપ્યો. તે પછી વામને પોતાની રાજકુમારીપત્ની ગર્ભવતી હોઈને તેને લાવી આપવા કહ્યું. મૂળદેવે ગુટિકાના પ્રયોગથી વૃદ્ધ બ્રાહ્મણ બની, તેવી જ રીતે સહદેવને બ્રાહ્મણપુત્ર બનાવી રાજા પાસે જઈ, પોતાની પુત્રવધૂ પાછી આપવા માગણી કરી. રાજાએ તેને પ્રધાનપુત્ર સાથે પરણાવી દીધાનું કહેતાં મૂળદેવે કહ્યું : 'મારી પુત્રવધૂના બદલામાં રાજકુંવરી આપો, નહીં તો આખું રાજ્ય હું શાપથી ભસ્મ કરી દઈશ.' રાજાએ રાજકુમારીને સહદેવ સાથે પરણાવી. સહદેવ કન્યા પરણીને ઘેર આવ્યો. હવે એ રાજકુમારી માટે વામન અને સહદેવ વચ્ચે ઝઘડો થયો. બંનેએ કુંવરીનો પતિ પોતે હોવાનો દાવો કર્યો.'

એટલી કથા કહી વેતાળે રાજાને પૂછ્યું : 'વામન અને સહદેવમાંથી રાજકુંવરી ઉપર કોનો હક ?' વિક્રમે ઉત્તર દીધો : 'વામન રાજકુંવરીને ચોરીથી પરણેલો, જ્યારે સહદેવે તેની સાથે લોકસમક્ષ લગ્ન કર્યાં હતાં, એટલે રાજકુમારીનો સાચો પતિ સહદેવ ગણાય.'

આ શબ્દો બોલતાં વિક્રમે મૌનભંગ કર્યો, તેથી શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડ પર લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'–૧**, ચૌદમી કથા; **'વેતાલ-પચીસી'–૨**, સોળમી કથા]

[**વેતાલપચીસી–૨**, સોળમી કથામાં મળતા રૂપાંતરમાં કેટલોક વિગતફેર છે. બદલામાં મળતી સ્ત્રી ઉપર કોનો હક તે બાબત સહદેવ, મૂળદેવ અને બ્રાહ્મણ વચ્ચે ઝઘડો થાય છે અને વિક્રમ એવો ઉત્તર આપે છે કે, કન્યા ઉપર બ્રાહ્મણનો હક ગણાય, કેમ કે તેણે તેની સાથે સંગ કર્યો હતો અને તેનાથી તે ગર્ભવતી થઈ હતી.]

**સ્ત્રીહઠ અને બ્રહ્મદત્ત ચક્રવર્તી** : જુઓ, **'અભય-કુમાર મંત્રી'**, ઘટક ૧૦.

**સ્થાનબદલો : પોતાને સાટે બીજીને મોકલી શીલ બચાવવું** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી**, પંચાવનમી કથા) : સોમચંદશાહ શેઠે વ્રત લીધું કે કદી પરનારીનો સંગ ન કરવો. સાથે તેની પત્ની સૌભાગ્ય શેઠાણીએ પણ વ્રત લીધું કે, કદી પરપુરુષનો સંગ ન કરવો. શેઠશેઠાણી સંતાન ન થયું હોવાને કારણે દુઃખી હતાં. એક વિદ્વાન પંડિતને ત્યાં જઈને ભાગ્ય પૂછ્યું. પંડિતે કહ્યું : 'હું તમારે ત્યાં આવી તમારી જન્મોત્રી જોઈને જોશ જોઈ આપીશ.' શેઠશેઠાણી ગયાં. પણ શેઠાણીને જોઈને પંડિતને મોહબાણ વાગ્યાં. બીજે દિવસે શેઠને ત્યાં જઈ જન્મોત્રી જોઈ પંડિતે કહ્યું : 'આગલા જન્મમાં તમે કોઈના પર વેર વાળવા એના ઘરને આગ લગાડી. તેમાં જમતા ચોવીસ બ્રાહ્મણ બળી મૂઆ. તે પછી તમે પ્રાયશ્ચિત તરીકે દાનપુણ્ય અને તીર્થયાત્રા કર્યાં. એ પુણ્યે તમે શેઠશેઠાણી જન્મ્યાં, પણ બ્રહ્મહત્યાને કારણે તમે વીસ અવતાર વાંઝિયા રહેશો અને તમારે શરીરે કોઢ થશે.' એટલું કહીને પંડિત ગયો. પણ તેનું મન શેઠાણીનો સંગ કરવા ઘણું વ્યાકુળ થઈ ગયું, અને તેણે ઝેર ઘોળી પીવાની તૈયારી કરી. ત્યાં તેનો એક વિદ્યાર્થી આવી પહોંચ્યો. તેણે ગુરુના હાથમાંથી ઝેર ઢોળી નાખ્યું. પછી તેના મનની વાત જાણીને તેણે શેઠાણી પાસે જઈ તેનો સંગ મેળવવા ઝંખતો પંડિત જીવ આપવા તૈયાર થયો છે એમ જણાવ્યું. શેઠાણીએ કહ્યું : 'એ રીતે તો કોઈ પણ આવીને કહે કે હું જીવ દઈશ. તેથી નીતિ ને ધરમ છોડી ન દેવાય.' વિદ્યાર્થીએ કહ્યું : 'મેં જે માગવું હતું તે તમારી પાસે માગ્યું. તમે મારી પાસે જે માગો તે આપવાની મારી પ્રતિજ્ઞા છે.' શેઠાણીએ કહ્યું : 'તું બ્રાહ્મણ પાસેથી જાણી આવ કે અમારું પૂર્વ ભવનું પાપ કેમ ભુંસાય અને વાંઝિયામહેણું કેમ ટળે.' વિદ્યાર્થીએ જઈને પંડિતને બધી વાત કરી. પંડિતે શેઠાણી પાસે આવીને પોતાના જપતપનું બધું પુણ્ય શેઠ–શેઠાણીને આપ્યું. તેના પ્રભાવે શેઠશેઠાણીના શરીર ઉપરના કોઢનાં ચાઠાં અદૃશ્ય થયાં. પંડિતે આપેલા પુણ્યના ફળનો પરચો તેમણે તરત જોયો. પછી પંડિતે પોતાની ઇચ્છા પૂરી કરવા શેઠાણીને વીનવી. શેઠાણીએ પોતાનો ધરમ રહે અને પંડિતનું મન પણ રહે એવો ઉપાય વિચારી પંડિતને ત્રણ ઘડી દિવસ બાકી હોય ત્યારે આવી પહોંચવા કહ્યું. પંડિતે શેઠાણીને કહ્યું : 'હું રાત તમારી સાથે ગાળીશ, અને મેં તમને પહેલાં જોયાં ત્યારે તમે જે વસ્ત્રાભૂષણ પહેર્યાં હતાં તે જ પહેરજો.' નક્કી કરેલે વખતે પંડિત શેઠાણીને ત્યાં આવી પહોંચ્યો. શેઠાણીએ તેની આવતાસ્વાગતા કરી અને પછી કહ્યું : 'મેં લીધેલા વ્રત પ્રમાણે હું રાત્રે એક પણ અક્ષર બોલીશ નહીં અને અંધારામાં જ તારો સંગ કરીશ. વળી કાલે સવાર પડે ત્યારથી તું મારો બાપ અને હું તારી પુત્રી.' તે પછી રાત થતાં ઓરડામાંથી દીવો લઈ જઈ, બહાર જઈને શેઠાણીએ પહેલેથી કરેલી ગોઠવણ પ્રમાણે પોતાની દાસીને પોતાનાં વસ્ત્રાભૂષણ પહેરાવીને પંડિત પાસે મોકલી. શેઠને શેઠાણીએ બધી વાત કરી. સવારે પંડિતને ઉઠાડ્યો, ત્યારે પોતાના આ પાપકૃત્ય માટે તેનો જીવ કકળી ઊઠ્યો.

પ્રસ્તાવો પ્રગટ કરતો તે કાશીએ કરવત મુકાવા જવાનું કહેવા લાગ્યો. શેઠાણીએ તેને વાર્યો અને ભારે તપવ્રત કરીને પાપ ટાળવા સમજાવ્યો. તેને ભરપૂર ધન આપીને લખપતિ કર્યો.
[આધાર : 'સૂડાબહોંતેરી', પંચાવનમી કથા]

**સ્વપ્નસુંદરી, (સિંહાસનબત્રીસી-૨,** ચોથી વાર્તા): ફરી ભોજરાજા વિક્રમના સિંહાસને બેસવા ગયો, ત્યારે માનવતી નામની ચોથી પૂતળીએ તેને અટકાવીને વિક્રમનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી :

'એક વાર રાત્રે અંધારપછેડો ઓઢીને વિક્રમ રાજા નગરચર્યા જોવા નીકળ્યો. સળગતી ચિતામાં પડવા જતા એક માણસે રોકતાં તેણે તેને આપવીતી કહી. તે માલવ દેશનો બ્રાહ્મણ હતો. પત્ની મરી જવાથી તે દુઃખી હતો. એક વાર તેને સુદ ચૌદશે એવું સ્વપ્નું આવ્યું કે હાથણી ઉપર બેઠેલી સુંદરીએ કંઠમાં મોતીની માળા આરોપવા તેને પાસે બોલાવ્યો, પણ મશ્કરી માનીને તે ન ગયો. બીજી વાર બોલાવ્યો એટલે સાચું માનીને તે ગયો. ત્યાં તો તરત ઝબકીને તે જાગી ગયો. પછી એ સુંદરીને માટે તેને ભારે તલસાટ થયો. પોતાની ઇચ્છા પરદુઃખભંજન વિક્રમ પાર પાડશે, એવા વિચારે તે ઉજ્જેણી આવ્યો. પણ તેય સ્વપ્નાની સુંદરી ક્યાંથી અપાવશે એવા વિચારે પોતે બળી મરવા તત્પર થયો હતો. તેની વાત સાંભળી વિક્રમે એક માસમાં તેની ઇચ્છા પૂરી કરવાનો કોલ આપ્યો.

હરિસિદ્ધ માતા આગળ જઈ વિક્રમે શીશ આપવા માંડયું, એટલે દેવીએ સુંદરીની ભાળ આપી. એ સિંહલદેશની પદ્મિની હતી. પણ એ સિંહલદેશ અગમ્ય હતો. તેની આડે દૈત્યની, અગ્નિની, ગીધડાંની, કૃત્યાની અને પથ્થરિયા પવનોની—એમ પાંચ ચોકી હતી. ઉપરાંત ત્યાં મનુષ્યઘાતક હાથીનાં ઝુંડ હતાં. પણ જે દેવીભક્ત હોય તેને આંચ ન આવે.

વિક્રમ પદ્મિનીને મેળવવા ઊપડયો. પ્રથમ તેને દૈત્ય મળ્યો. પ્રચંડ રૂપ ધરીને વિક્રમ તેની સાથે ચાર દિવસ સુધી લડયો. છેવટે દૈત્ય પાછે પગે ચાલીને પોતાના આવાસમાં ગયો. વિક્રમ તેની પાછળ ગયો, ત્યાં કનકાવતીની રાજકુંવરી, કે જેને દૈત્ય હરી લાવેલો, તેની પાસેથી વિક્રમે દૈત્યનું મોત કેમ થાય તે જાણી લીધું. બદલામાં તેણે તેને સ્વીકારવાનું વચન આપ્યું. દૈત્ય અજિત બનવા માટે જક્ષણીની ઉપાસનામાં જ્યાં બેઠો હતો તે ગુપ્ત સ્થાનકે રાજકુંવરી ચમત્કારી મણિને અજવાળે વિક્રમને દોરી ગઈ. કુંવરીની સૂચના પ્રમાણે જ્યારે દેવીએ પ્રસન્ન થઈને દૈત્યને ત્રિશૂળ આપ્યું, અને તે દેવીને પગે પડવા નીચે નમ્યો, ત્યારે વિક્રમે કુંવરીએ સૂચિત કર્યા પ્રમાણે, એ ત્રિશૂળથી તેને મારીને પૂરો કર્યો. સિંઘલદેશથી પાછા ફરતાં સાથે લઈ જવાનું કુંવરીને વચન આપી, એ જગ્યાએ વેતાળની ચોકી મૂકીને વિક્રમ આગળ ચાલ્યો.

રસ્તે એક યોજન સુધી બળતા અગ્નિની ચોકી આવી. વિક્રમે વેતાળને ઇન્દ્ર પાસે મોકલી, વરસાદ મંગાવ્યો. ઇન્દ્રની આણ આપી, એટલે અગ્નિએ વચ્ચેથી જવાનો મારગ આપ્યો. વરસાદે વરસીને મારગ શીતળ કર્યો. વિક્રમ ચોકી વટી ગયો.

પછી પોતાની જાંઘ કાપીને એ લોહીવાળા પથ્થર ગીધોની આગળ ધરતાં, તેઓ તે ખાઈને મર્યાં. બીજાં ગીધ બીકથી નાઠાં. એમ, એ ચોકી પણ વિક્રમે વટાવી.

આગળ જતાં કૃત્યા મળી. તેને નમીને વિક્રમે શરણ માગ્યું ને આવવાનું કારણ કહ્યું. કૃત્યાએ પાછા જવા કહ્યું. વિક્રમે તેની સામે બળ અજમાવી જોયું, પણ કશું વળે એમ લાગ્યું નહીં. એટલે પાછે પગલે ચાલીને થોડોક પાછો આવીને વિક્રમે વેતાળની મદદથી સુરંગ ખોદી અને એ રસ્તે આગળ વધી તે કૃત્યાને વટાવી ગયો.

તે પછી સ્પર્શથી પથ્થર બનાવી દેતા પવનની ચોકી આવી. વેતાળ પાસે મંગાવેલી લોઢાની કોઠીમાં પેસીને પછી વાયુરૂપ વેતાળથી દોડાવરાવીને વિક્રમે એ ચોકી પણ વટાવી.

સિંહલદેશ પહોંચ્યા ત્યારે વેતાળે સિંહ રૂપ ધરીને આક્રમક હાથીઓને નસાડયા.

સિંહલદેશના સિંહલગઢ નગરની વાડીમાં બાર સુંદરીઓ દીઠી. વિક્રમે ઓળખાણ આપીને પોતાના આવવાનું કારણ કહ્યું. પોતાને પણ પેલા બ્રાહ્મણના જેવું સ્વપ્ન આવેલું, એમ એ સુંદરીએ કહ્યું. પછી બારેય જણીઓ ખાંડા સાથે પરણી. સિંહલદેશથી પાછા જનારને ચોકીઓ નહોતી નડતી. વળતાં પેલી દૈત્યવાળી રાજકુંવરીને સાથે લીધી.

ધારાનગરીમાં આવીને વિક્રમે બ્રાહ્મણને તેની સ્વપ્નસુંદરી આપવા માંડી. પણ તેનું મન દુખાતું જોઈને તેની ઇચ્છા પ્રમાણે વિક્રમે બધી સુંદરીઓ તેમ જ પ્રાપ્ત કરેલી સંપત્તિ પણ તેને આપી દીધા.

આવો મહિમા જેનો હોય તેનો જ આ સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.'

આ કથા ભોજરાજાને કહીને માનવતી પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : 'સિંહાસનબત્રીસી'-૨, ચોથી કથા]

**સ્વામીભક્ત સેવકનું સ્વાર્પણ, (વેતાલપચીસી-૧,** ચોથી કથા; **વેતાલપચીસી-૨,** ત્રીજી કથા) : સાધકને આપેલા

વચન પ્રમાણે વિક્રમ રાજા શીમળાના ઝાડ પરથી ઉતારેલા શબને પોતાની પીઠે બાંધીને લઈ આવતો હતો, ત્યારે તે શબમાં પેઠેલા વેતાળે રસ્તો કાપવાને બહાને બીજી એક સમસ્યાગર્ભ કથા વિક્રમને કહી.

'વર્ધમાનનગરના રાજાના દરબારમાં એક વખત વીરવર નામે એક સેવક ચાકરી કરવા આવ્યો. રાજાએ તેને રોજનું શું લેશો ? એમ પૂછતાં તેણે હજાર સોનામહોર કહી. રાજાએ તેને તેના કુટુંબમાં કેટલા સભ્યો છે, એમ પૂછતાં વીરવરે પત્ની, પુત્ર, પુત્રી અને પોતે, એમ ચાર સભ્યો હોવાનું કહ્યું, ત્યારે સભા હસી પડી. આટલું બધું વેતન માગે છે તેનું કશુંક કારણ હોવું જોઈએ એમ, સમજીને રાજાએ વીરવરની માગણી કબૂલ રાખી. વીરવર પોતાને મળતી રોજીમાંથી ઘર-ખર્ચ કરતો અને બાકીનાનું દાન કરી દેતો. રાત્રે જ્યાં રાજા સૂતો તે મહેલને દરવાજે વીરવર ચોકી કરતો અને રાજા જાગીને કંઈ પૂછે તો તેનો તે ઉત્તર દેતો. એક વાર મધરાતે સ્મશાનની દિશામાંથી કોઈ સ્ત્રીના રડવાનો અવાજ સાંભળતાં રાજાએ વીરવરને તપાસ કરવા મોકલ્યો. પોતે પણ વેશપલટો કરી તેની પાછળ ગયો. વીરવરે સ્મશાનમાં પહોંચી રડતી સ્ત્રીની પૂછપરછ કરી. સ્ત્રીએ પોતે રાજલક્ષ્મી હોવાનું જણાવીને કહ્યું કે, આવતીકાલે સવા પહોર દિવસ ચડતાં રાજાનું મૃત્યુ થવાનું છે તેથી હું રડું છું. વીરવરે રાજાને બચાવવાના ઉપાય વિશે પૂછ્યું, ત્યારે રાજલક્ષ્મીએ કહ્યું : 'બત્રીસલક્ષણા પુરુષનો ભોગ આપવામાં આવે તો રાજા વધુ સો વર્ષ જીવે.' વીરવરે એવા પુરુષ વિશે પૂછતાં તેણે કહ્યું : 'તારો પુત્ર બત્રીસ-લક્ષણો છે.' વીરવરે પોતાની સ્ત્રી પાસે પુત્રના બલિદાનની વાત મૂકી. સ્ત્રી સંમત થઈ. પુત્રે પણ રાજા માટે બલિદાન તરીકે અપાવા માટે પોતાની જાતને ધન્ય માની. રાજા આ બધું સાંભળતો હતો. વીરવરે કુટુંબ સહિત ભદ્રિકા માતા પાસે જઈ પુત્રનું બલિદાન આપ્યું. પુત્રી પોતાના ભાઈના વિયોગે પેટ ચીરીને મૃત્યુને વરી. માતા પુત્રપુત્રીના વિયોગમાં મરણ પામી. વીરવરે પણ ખડ્ગ વડે પોતાનું મસ્તક છેદી નાખ્યું. પોતાને કારણે આ આખા કુટુંબનો ક્ષય થયો તેથી રાજાને લાગી આવતાં તે પણ પોતાનું મસ્તક છેદવા ગયો, તે વખતે ભદ્રિકા દેવીએ તેને અટકાવી વરદાન માગવા કહ્યું. રાજાએ વીરવર સહિત ચારેયને સજીવન કરવા કહ્યું. દેવીએ અમૃત છાંટી ચારે જણને સજીવન કર્યાં. સવારે રાજાએ વીરવરને અડધું રાજ્ય ભેટ આપ્યું.'

આટલી કથા કહી વેતાળે વિક્રમને પૂછ્યું : 'આ બધામાં સૌથી વધુ સાત્ત્વિક કોણ ? જો તું જાણતો હોય અને ન બોલે તો એ હત્યાઓનું પાપ તને ?' વિક્રમ બોલ્યો : સૌમાં રાજા વધુ સાત્ત્વિક ગણાય, કારણ કે સ્વામીને માટે પ્રાણ આપવા તે તો સેવકનો ધર્મ છે, પણ સેવક માટે રાજ્ય તૃણ સમાન ગણીને પોતાના પ્રાણ આપવામાં ખરી સાત્ત્વિકતા છે.'

આ રીતે વિક્રમે મૌનભંગ કર્યો, એટલે શબ ઊડીને ફરી પાછું શીમળાના ઝાડે લટકી ગયું.

[આધાર : **'વેતાલપચીસી'–૧.** ચોથી કથા; **'વેતાલ-પચીસી'–૨,** ત્રીજી કથા]

**હરણની વાર્તા,** (**'સિંહાસનબત્રીસી'–૨,** પહેલી કથા) : જુઓ, **'હરણ રાજા'**

**હરણ રાજા : મધરાતની નગરીનો**–(=**હરણની વાર્તા**) (**સિંહાસનબત્રીસી–૨,** પહેલી કથા) : ભોજરાજા વિક્રમના અદ્ભુત સિંહાસને બેસવા ગયો, ત્યારે સિંહાસન પર રહેલી નંદા નામની પહેલી પૂતળીએ તેને અટકાવીને વિક્રમરાજાનો મહિમા દર્શાવતી નીચેની કથા કહી.

૧. 'ઉજ્જેણીનગરીનો એક શિકારી, દિવસ આખો શિકાર ન મળતાં રાત્રે જ્યારે તે વનમાં એક વડલા પર બેસીને રાત ગાળતો હતો ત્યારે, મધરાત પછી તેણે એ વડલા નીચે એક અદ્ભુત રચના થતી જોઈ : કેટલાક માણસો આવીને ઠાઠમાઠથી એક સોનાનું સિંહાસન મૂકી ગયા. તેના ઉપર એક કાળિયાર હરણ રાજાની વેશભૂષામાં આવીને બેઠો. છત્રચામર વગેરે રાજોચિત ઠાઠથી તેનું સંમાન થવા લાગ્યું. તે સાથે ત્યાં એકાએક મહેલમેડી, હાથીઘોડા અને હાટચૌટા સહિત એક સમૃદ્ધ નગર વસી ગયું. રાજકાજ અને બીજી બધી પ્રવૃત્તિ ચાલી રહી. પણ જેવો સવારે અરુણોદય થયો, તેવું જ એ નગર અલોપ થઈ ગયું અને પેલો હરણ-રાજા પણ ઊઠીને જાળામાં ચાલ્યો ગયો. શિકારીએ ઘેર આવી પોતાની પત્નીને આ ચમત્કારની વાત કરી. તેને વિશ્વાસ ન બેઠો, એટલે બીજી રાતે શિકારીએ પત્નીને સાથે લાવીને જંગલના એ વડ પર રાતવાસો કર્યો અને તેને એ અદ્ભુત રચના બતાવી. સવારે શિકારીએ વિક્રમ રાજા પાસે જઈને આ ઘટના જણાવી. ત્રીજી રાતે રાજાને લઈને શિકારી ફરી પાછો એ વડલા પર રહ્યો. વિક્રમે બધી ચમત્કારી રચના જોઈ. સવાર થતાં જેવો હરણ રાજા ઊઠીને જવા લાગ્યો, તેવો જ વિક્રમે તેને બાણ મારીને વીંધી નાખ્યો, અને પોતે જઈને તેના સિંહાસન ઉપર બેસી ગયો. આથી ચમત્કાર થયો. વસેલું નગર અને બીજી બધી શોભા અલોપ ન થતાં એમ ને એમ બની રહ્યાં. એટલામાં આકાશમાંથી એક વિમાન નીચે ઊતર્યું. પેલો હરણરાજા તેમાં બેસીને જતો હતો, ત્યાં વિક્રમે તેનો

હાથ પકડીને તે કોણ હતો તે પૂછ્યું. ખુલાસો કરતાં તેણે કહ્યું : 'હું ઇન્દ્રનો પુત્ર છું. એક વાર મેં પિતાનું વચન ઉથાપ્યું, તેથી તેમણે મને શાપ દીધો કે, તું પૃથ્વી ઉપર વનચર તરીકે પડ. મેં જ્યારે ક્ષમા માગી તેમને રિઝવ્યા ત્યારે શાપના નિવારણરૂપે તેમણે કહ્યું કે, 'તું દિવસે વનચર-રૂપે રહીશ, પણ રાત્રે રાજવી ઠાઠ ભોગવીશ અને જ્યારે વિક્રમ રાજાનું બાણ તને વીંધશે, ત્યારે તું શાપથી છૂટીશ.' આટલું કહીને હરણરાજા સ્વર્ગે ગયો. નિર્મિત નગરીનું રાજ્ય તે વિક્રમને આપી ગયો. પછી વિક્રમે પ્રસન્ન થઈને શિકારીને જોઈએ તેટલું ધન માગી લેવા કહ્યું. પણ પોતે જો હરણને બાણ માર્યું હોત તો તેને નગરની સમૃદ્ધિ મળત એવા દુઃખે તેને દુઃખી થતો જોઈને વિક્રમે તેને એ નગરના રાજા તરીકે સ્થાપ્યો. નીચા કુળનો હોવાથી પોતે લજ્જિત થાય છે, એમ જ્યારે શિકારીએ મૂંઝવણ જણાવી, ત્યારે વિક્રમે તેને પોતાની પુત્રી ઠાઠમાઠની પરણાવીને તેને પોતાના જેવો મોભો આપ્યો.

આવો દાતાર અને પરદુઃખભંજન જે હોય તેનો જ આ વિક્રમ રાજાના સિંહાસન ઉપર બેસવાનો અધિકાર છે.'

આ કથા ભોજરાજાને કહીને નંદા પૂતળી આકાશમાં ઊડી ગઈ.

[આધાર : **'સિંહાસનબત્રીસી'-૨,** પહેલી કથા]

**હરિબળ માછી : ૧.** કંચનપુરમાં રહેતો હરિબળ માછી એક વાર જાળ લઈ માછલાં પકડવા ગયો, ત્યારે એક સાધુ મળ્યા. તેમણે તેને જીવદયા રાખવા ઉપદેશ આપ્યો. હરિબળે તેની જાળમાં જે પહેલું માછલું પકડાય તેને છોડી મૂકવાનું નીમ લીધું. એક દિવસ તેણે પહેલી વાર જાળ નાખી. તેમાં એક મોટું માછલું પકડાયું. તેને તેણે દોરો બાંધી છોડી મૂક્યું. બીજી વાર જાળ નાખતાં પણ તે જ માછલું પકડાયું અને ફરી તેણે તેને છોડી મૂક્યું. એ પ્રમાણે સાંજ સુધી બન્યા કર્યું. તેને તેના નીમમાં અચળ જોઈને સમુદ્રદેવે પ્રગટ થઈ તેને વરદાન માગવા કહ્યું. હરિબળે માત્ર એટલું માગ્યું કે, સંકટસમયે તમને સંભારું ત્યારે મારી સહાય કરજો. એ પછી એકે માછલું પકડાયું ન હોવાથી તેની વઢકણી સ્ત્રીથી ડરીને હરિબળ ઘરે ન જતાં પાસેના એક ઉજ્જડ દેવળમાં રાતવાસો રહ્યો.

**૨.** નગરના રાજા વસંતસેનની કુંવરી વસંતશ્રી હરિબળ નામના વણિકપુત્રને જોઈને તેના પ્રેમમાં પડી ગઈ હતી. તેણે તેને બોલાવીને પોતાનો મનોભાવ પ્રગટ કર્યો. હરિબળ વણિકે તેનો સ્વીકાર કર્યો. વસંતશ્રીએ તેની સાથે નાસી જઈને દેશાંતરમાં લગ્ન કરવાની ગોઠવણ કરી અને બંનેએ મળવાનો સમય અને સંકેતસ્થાન નક્કી કર્યાં. તે પછી હરિબળ વણિક ડરી ગયો કે, રાજાને તેમના નાસી ગયાની જાણ થતાં તે પોતાના કુટુંબને નષ્ટભ્રષ્ટ કરી નાખશે. તેથી તે નક્કી કરેલા સમયે ઘરની બહાર જ ન નીકળ્યો. વસંતશ્રી રત્નસુવર્ણ અને આભૂષણો લઈને જે ઉજ્જડ દેવળમાં હરિબળ માછી રાતવાસો કરી રહ્યો હતો તે જ દેવળમાં તે જ રાતે પોતાના પ્રેમી સાથે નક્કી કર્યા પ્રમાણે આવી પહોંચી અને હરિબળના નામનો સાદ પાડ્યો. અંદર રહેલો હરિબળ માછી સ્ત્રીનો અવાજ સાંભળીને કશોક ગોટાળો હોવાનું પામી ગયો અને પરિસ્થિતિનો લાભ ઉઠાવવાનું નક્કી કરી તેણે હોંકારો આપ્યો. વસંતશ્રીના બોલાવવાથી તે દેવળની બહાર આવ્યો. અંધારામાં વસંતશ્રીને કશો ખ્યાલ ન ગયો. બંને ઘોડા પર બેસી ઝડપભેર નાઠાં.

**૩.** વસંતશ્રીએ હરિબળ સાથે વાત કરવા પ્રયાસ કર્યો પણ તે દર વખતે માત્ર હોંકારો ભણ્યા કરતો. માબાપને છોડી જવાના દુઃખે તે મૂંગો બની ગયો હશે એમ તેણે મનનું સમાધાન કર્યું. સવારના અજવાળામાં હરિબળ માછીનું મોં જોઈને વસંતશ્રી મૂંઝાઈ ગઈ અને ગભરાટથી રડારોળ કરતી બેભાન બની ગઈ. હરિબળ માછીએ ઉપચાર કરી તેને ભાનમાં આણી. એટલામાં સમુદ્રદેવે આકાશવાણી કરીને તેને સુખી થવા ઇચ્છતી હોય તો હરિબળ માછીને પતિ તરીકે સ્વીકારવા કહ્યું. આગળ જતાં વનવગડામાં ખૂબ રખડીને હરિબળ માછી તરસી થયેલી વસંતશ્રી માટે પાણી લઈ આવ્યો. આથી વસંતશ્રીનું મન પલળ્યું અને હરિબળ માછીને તે રાજીખુશીથી પરણી. આગળ પ્રવાસ કરતાં તેઓ વિલાસપુર પહોંચ્યાં. ત્યાં વૈભવશાળી આવાસ બનાવી રહેવા લાગ્યાં. હરિબળ ઉદાર હાથે દાનપુણ્ય કરવા લાગ્યો. તેની કીર્તિ પ્રસરી અને વિલાસપુરના રાજા મદનવેગે તેને મળવા બોલાવ્યો. બંને મિત્રો બની ગયા.

**૪.** એક વાર મદનવેગે હરિબળ અને વસંતશ્રીને પોતાને મહેલે ભોજન લેવા નોતર્યાં, ત્યારે વસંતશ્રીનું રૂપ જોઈને રાજા તેનામાં આસક્ત બની ગયો. પછી તેણે પોતાના પ્રધાન સાથે મંત્રણા કરી અને તેની સલાહ પ્રમાણે હરિબળને પોતાના કુંવરના વિવાહપ્રસંગે લંકાના રાજા વિભીષણને નોતરું આપી આવવાનું કામ સોંપ્યું. ઘરે આવી હરિબળે વસંતશ્રીને વાત કરી. વસંતશ્રીએ રાજાને ત્યાં ભોજન લેવા ગયા ત્યારથી તેનો ડોળો પોતાના ઉપર હોવાની અને પોતાને હાથ કરવા તે હરિબળને દૂર પ્રવાસે ધકેલતો હોવાની શંકા વ્યક્ત કરી. રાજાએ સોંપેલા કામમાંથી હવે હરિબળથી છટકી શકાય તેમ ન હતું. વસંતશ્રીએ ગમે તે ભોગે શીલરક્ષણ કરવાની ખાતરી આપી, એટલે હરિબળ લંકા જવા નીકળ્યો.

**૫.** તે સમુદ્રકાંઠે આવ્યો અને સમુદ્રદેવનું સ્મરણ કર્યું એટલે તેણે મોટા મત્સ્યનું રૂપ ધારણ કરી પીઠ પર હરિબળને

બેસાડી તેને સામે પાર લંકાના ઉપવનમાં પહોંચાડયો. ત્યાં સોનાનો મહેલ જોઈ તેમાં તેણે પ્રવેશ કર્યો. તે સાવ સૂનો લાગતો હતો. તેમાં ફરતાં ફરતાં હરિબળે એક બાળાને મૃતપ્રાય પડેલી જોઈ. તેની બાજુમાં પડેલી તુંબડીમાં કશુંક પ્રવાહી ભરેલું હતું. તેમાંથી થોડુંક હરિબળે એ બાળાના અંગ પર છાંટયું, એટલે તે સ્ફુર્તિલી નવયૌવના બની ગઈ. તેણે પોતાનો વૃત્તાંત કહ્યો; 'હું લંકાના રાજા વિભીષણની કુંવરી કુસુમશ્રી છું. દેવળનો પૂજારી મારામાં આસક્ત બન્યો, અને જ્યારે તેણે જાણ્યું કે જ્યોતિષીએ એવી આગાહી કરી છે કે, મને પરણનારને રાજ્યપ્રાપ્તિ થશે, ત્યારે તેની મારો હાથ મેળવવાની ઇચ્છા ઘણી વધી ગઈ. મારા પિતાને એના આશયની જાણ થતાં, તેણે તેને કાઢી મૂકયો. પૂજારીએ મેલી વિદ્યાના બળે મારું હરણ કરી મને ગુપ્તપણે આ સુવર્ણપ્રાસાદમાં રાખી. એ બહાર જાય છે, ત્યારે મને વિદ્યાબળે મૃતપ્રાય કરીને જાય છે, અને પાછો આવીને તે અમૃત છાંટી મને સજીવન કરે છે.' તેની આ વીતકકથા સાંભળીને પછી હરિબળ કુસુમશ્રીને ગાંધર્વવિધિથી પરણ્યો. કુસુમશ્રીએ તેને જણાવ્યું કે, વિભીષણ વિદ્યાધર હોઈને મનુષ્યના ઉત્સવમાં ભાગ લેવા નહીં આવે. તેણે હરિબળને ચંદ્રહાસ ખડ્ગ આપી તે તેના રાજાને ભેટ આપવા કહ્યું. તે પછી હરિબળ ધનભંડાર, અમૃતકુંભ અને કુસુમશ્રીને લઈને સમુદ્રકિનારે આવ્યો અને સમુદ્રદેવે તેમને વિલાસપુર પાસે પહોંચાડયાં.

૬. આ તરફ હરિબળના ગયા પછી મદનવેગે વસંતશ્રીને ભેટસોગાદ મોકલીને તેનું મન જીતવા પ્રયાસ કર્યો અને એક રાતે તેને ઘરે પહોંચી પોતાની સાથે ભોગ ભોગવવા માગણી કરી. પતિ જીવતો હોય ત્યાં સુધી એમ કરવું અનુચિત જણાવીને વસંતશ્રીએ તેના સમાચાર આવે ત્યાં સુધી થોભી જવા કહ્યું. રાજા પાછો ફર્યો.

૭. વિલાસપુર આવી પહોંચેલો હરિબળ કુસુમશ્રીને નગર બહારના ઉદ્યાનમાં રાખી ઘરે તપાસ કરવા આવ્યો. તેણે વસંતશ્રીને સચિંત બની પોતાની દાસીને એમ કહેતી સાંભળી કે, સ્વામી આવશે તો રાજા ગમે તેમ કરી તેનું કાટલું કાઢશે. હરિબળ પ્રગટ થઈ વસંતશ્રીને મળ્યો. બંનેએ પરસ્પર વીતકકથા કહી. વસંતશ્રી કુસુમશ્રીનું સ્વાગત કરી તેને ઘરે લઈ આવી. તે પછી હરિબળે મદનવેગને મળીને પોતાના પ્રવાસની વાત બનાવીને કહી : 'હું સમુદ્રકિનારે પહોંચીને સામે પાર કેમ જવું તેની ચિંતામાં હતો, ત્યાં એક રાક્ષસે મને રસ્તો બતાવ્યો. તે અનુસાર અગ્નિપ્રવેશ કરીને હું ભસ્મરૂપ થઈ ગયો. તે રાક્ષસ લંકાપતિ વિભીષણ પાસે મારી ભસ્મ લઈ ગયો. તેથી પ્રસન્ન થઈ, મને પુનર્જીવિત કરી વિભીષણે પોતાની કુંવરી પરણાવી અને પુષ્કળ ધન ભેટ આપ્યું. મેં તેમને તમારા કુંવરના વિવાહમાં આવવાનું તમારા તરફથી નિમંત્રણ આપ્યું. તેણે તે સ્વીકાર્યું અને તમારે માટે ભેટ તરીકે ચંદ્રહાસ ખડ્ગ મોકલ્યું". એટલું કહી તેણે રાજાને તે ખડ્ગ આપ્યું. હરિબળ જીવતો પાછો આવ્યો અને વિભિષણની પુત્રી પરણી લાવ્યો જાણીને મદનવેગ અંદરથી સમસમી રહ્યો અને પોતાની ઇચ્છા ફળીભૂત ન થયાનો વસવસો કરવા લાગ્યો.

૮. તે પછી હરિબળે મદનવેગને પોતાને ઘરે ભોજન માટે નોતર્યો. વસંતશ્રી અને કુસુમશ્રી વિવિધ વેશભૂષા ધારણ કરી રાજાને પીરસવા લાગી. એમના રૂપથી અભિભૂત થયેલો રાજા એ સુંદરીઓને મેળવવાની યુક્તિ વિચારવા લાગ્યો. પ્રધાને પાછી સલાહ આપી કે, હરિબળે કહ્યું છે કે તે અગ્નિપ્રવેશ કરીને લંકા પહોંચ્યો હતો, તો હવે તેને અગ્નિપ્રવેશ કરી યમરાજાને નોતરું આપવા મોકલો. એ નક્કી બળી મરશે અને પછી નિર્વિઘ્ને તેની બંને સ્ત્રી તમારા હાથમાં આવશે. મદનવેગે હરિબળને બોલાવી યમરાજાને નોતરું આપી આવવાનું કામ સોંપ્યું. હરિબળે તે સ્વીકાર્યું. પછી નગરજનો સમક્ષ નગરબહાર ખડકેલી સળગતી ચિતામાં હરિબળે પ્રવેશ કર્યો. દેવના પ્રભાવે તે ચિતાની અંદર અદશ્યરૂપે રહ્યો. રાત્રે તે પ્રચ્છન્નપણે પોતાને ઘેર પહોંચ્યો. રાત્રે મદનવેગ હરિબળને ત્યાં આવી બળજબરીથી વસંતશ્રીને પોતાને વશ કરવા ગયો, ત્યારે ગુપ્ત રહી દેવની સહાયથી તેને બાંધી, લાઠીના પ્રહારે તેના દાંત પાડી નાખ્યા. પછી દયા લાવી તેને છોડયો. શરમિંદો બની મદનવેગ પોતાને મહેલે પાછો ફર્યો.

૯. હવે હરિબળે પ્રધાનનો નિકાલ કરવા માટે એક યુક્તિ રચી. દેવની સહાયથી પોતે દિવ્ય રૂપ ધારણ કર્યું અને એક કદરૂપા વિકરાળ માણસનું નિર્માણ કરી તેને સાથે લઈ તે રાજસભામાં ગયો. મદનવેગને તેણે કહ્યું : 'મેં ચિતાપ્રવેશ કર્યો, ત્યારે યમરાજે તેમના એક દૂતને મોકલી મને બચાવી લીધો. તેમણે મારું રૂપ દિવ્ય કરી દીધું અને મને પોતાની પુત્રી આપવા માંડી. પણ મેં તેમને તમારું નિમંત્રણ આપ્યું અને તેમની પુત્રી તમારે યોગ્ય હોવાનું કહ્યું. એટલે યમરાજાએ તમને બોલાવી લાવવા આ તેના દૂત ચંડને મારી સાથે મોકલ્યો છે.' પેલા પુરુષે પણ એ વાતની સાક્ષી પૂરી. હરિબળની વાતને રાજાએ અને પ્રધાને સાચી માની. પછી ચિતા ખડકાવીને મદનવેગ સળગતી ચિતામાં પ્રવેશ કરવા જતો હતો, ત્યારે હરિબળે તેને અટકાવીને પહેલાં પ્રધાનને ચિતાપ્રવેશ કરવા કહ્યું. પ્રધાને તેમ કર્યું અને તે ભસ્મીભૂત થઈ ગયો. પછી મદનવેગ ચિતામાં પ્રવેશવા જતો હતો, ત્યારે હરિબળે

તેને અટકાવ્યો અને પ્રધાનનો નિકાલ કરવા એ તાગડો રચેલો હોવાનું તેને જણાવ્યું. હરિબળની શક્તિથી અને સદ્ભાવથી પ્રભાવિત થયેલા મદનવેગે પોતાની કુંવરી મદનમંજરીને હરિબળ સાથે પરણાવી અને પછી તેને વિલાસપુરનું રાજ્ય સોંપીને પોતે દીક્ષા લઈ સાધુ બન્યો. કંચનપુરના રાજાએ પણ હરિબળને બોલાવીને પોતાનું રાજ્ય સોંપી દીક્ષા લીધી.
[આધાર : '**હરિબલ માછી-રાસ**']

**હસવામાંથી હાણ** : જુઓ, '**પ્રેમનાં પારખાં**'

**હંસ અને ઘુવડ** (**પંચાખ્યાન,** ઘટક ૨.૧૦): એક વાર એક વનમાં આવેલા વિશાળ સરોવરમાં રહેતા એક હંસ પાસે એક ઘુવડ આવ્યો. હંસે તેને આવવાનું કારણ પૂછતાં હંસના અસાધારણ ગુણથી આકર્ષાઈને આવ્યો હોવાનું તેણે કહ્યું. રાજી થઈને હંસે તેની સાથે મૈત્રી કરી. ઘુવડ ઘણો સમય ત્યાં રહ્યો. તે પછી એક દિવસ ઘુવડે કહ્યું : 'હું મારા પદ્મવન આશ્રમમાં પાછો જાઉં છું, તું ત્યાં આવજે.' ઘુવડના ચાલ્યા ગયા પછી કેટલાક દિવસે હંસને તેની પાસે જવા ઇચ્છા થઈ. પદ્મવનને બદલે તે કોતરમાં રહેતો હતો. દિવસે આંધળો હોવાથી તેણે હંસને રાત્રે મળવા આવવા કહ્યું. હંસ રાત્રે તેને મળીને પછી સૂઈ ગયો. એ વનમાં સેવકપરિવાર સાથે મુકામ કરી રહેલા એક ઠાકોરે સવારે પ્રયાણ-શંખ વગડાવ્યો. શંખનો અવાજ સાંભળી ઘુવડે ઘુત્કાર કર્યો અને પછી તે કોતરમાં ભરાઈ બેઠું. અપશુકનનો શબ્દ સાંભળી ઠાકોરે તપાસ કરી અને વનમાં હંસને ભાળ્યો. એણે જ અપશુકન કર્યા માનીને ઠાકોરે હંસને બાણથી વીંધી નાખ્યો.
[સંદર્ભ : '**પંચાખ્યાન**'-**બાલાવબોધ**', ઘટક ૨.૧૦, સંજીવકે દમનકને કહેલી દૃષ્ટાંતકથા]

**હંસની વાર્તા** (**સિંહાસનબત્રીસી**-૨, નવમી કથા) : જુઓ, '**પરદુઃખભંજક રાજા વિક્રમાદિત્ય**'

**હંસનું જોડું અને કાચબો** (**=અકાળે બોલવાનાં માઠાં પરિણામ**) **પંચાખ્યાન**, ઘટક ૨.૧૩) : એક જળાશયમાં રહેતા કાચબાને બે હંસ મિત્રો હતા. તે બંને મિત્રો દિવસ આખો દેવો-ઋષિઓની કથાઓ કહી સાંજ પડ્યે પોતાને સ્થાને જતા. થોડા સમય બાદ અનાવૃષ્ટિને કારણે સરોવર સુકાઈ ગયું. કાચબાએ હંસોને કહ્યું કે, તમે મને બીજા મોટા સરોવરમાં લઈ જાઓ. એક લાકડીને હું વચ્ચેથી મારા દાંતમાં પકડીશ અને તમે એ લાકડીને એક એક છેડેથી પકડીને ઊડજો અને મને એ સરોવરમાં પહોંચાડજો. બંને હંસો એમ કરવા તૈયાર થયા અને તેમણે કાચબાને કહ્યું કે, લાકડી પકડી હોય ત્યારે તું મૂંગો રહેજે, નહીં તો પડીશ. પછી યોજના મુજબ લાકડું લાવી બે હંસોએ તેને ચાંચમાં ભરાવ્યું અને કાચબાને દાંતમાં પકડાવી તે ઊડ્યા. આકાશમાર્ગે કાચબાને લઈ જતા હંસને જોઈ, કૌતુકથી નીચે નગરલોકો કોલાહલ કરવા લાગ્યા. એ સાંભળી કાચબો બોલી ઊઠ્યો : 'આ કોલાહલ શાનો થાય છે?' એમ કહેતાં જ તે ભોંય પર પટકાયો ને મરણ પામ્યો.
[સંદર્ભ : '**પંચાખ્યાન-બાલાવબોધ,**' ઘટક ૨.૧૩ : દમનકે સંજીવકને કહેલી દૃષ્ટાંકથામાં ટીટોડાને કહેલી દૃષ્ટાંતકથા]

**હંસરાજ અને વત્સરાજ** : જુઓ, '**હંસાવલી**'

**હંસાવતી અને વિક્રમચરિત્ર** : **૧,** ઉજ્જયિની નગરીના રાજા વિક્રમાદિત્યની વીરતા અને ઉદારતાની ખ્યાતિ ચોમેર પ્રસરી હતી. સમૃદ્ધ અને સુખી નગરજનો આનંદથી દિવસો પસાર કરતા હતા. એક દિવસ ઉજ્જયિનીના રાજા વિક્રમાદિત્યની રાજસભામાં તેનો પુત્ર વિક્રમચરિત્ર આવી લાગ્યો. તેનાં રૂપગુણને અનુરૂપ કોઈક પદ્મિની રાજકન્યા સાથે તેનો વિવાહ થાય એવી ઇચ્છા રાજાએ પ્રગટ કરી. પ્રધાન રાજપાલે સાત દિવસમાં એવી કન્યા આણી આપવાનું વચન આપ્યું. રાજપાલે કન્યાની શોધ અર્થે ઉત્તરના દેશો તરફ પ્રયાણ આદર્યું. દેશ-પ્રદેશો જોતો જોતો પાટણ, ધંધુકા થઈ ત્ર્યંબકસેન રાજાના ખંભાતનગરમાં આવી પહોંચ્યો. નગરમાં ફરતાં તેને નવો આગન્તુક જાણીને નગરજનો માંહોમાંહે પૂછપરછ કરવા લાગ્યા. એવામાં એક માલણ રાજપાલ પાસે આવી. તેને પોતાના મહેમાન થવા નિમંત્રણ આપ્યું. ઉજ્જયિનીના રાજકુંવર માટે પદ્મિની રાજકન્યા તરતમાં જ શોધી લાવવા પોતે નીકળ્યો હોવાનું જણાવી રાજપાલે નિમંત્રણ નકાર્યું. એટલે માલણ તેને સીધો જ ખંભાતના પ્રધાન લક્ષ્મણસેનને ત્યાં લઈ ગઈ. રાજપાલની વાત સાંભળી લક્ષ્મણસેને કહ્યું કે, અમારી રાજકુંવરી હંસા પદ્મિની છે. પછી તે રાજપાલને ત્ર્યંબકસેન પાસે લઈ ગયો. ત્ર્યંબકસેને ઉજ્જયિનીના પ્રધાનનું માગું સહર્ષ સ્વીકાર્યું, પણ તે સાથે એવી શરત કરી કે, જો સાત દિવસમાં વિક્રમચરિત્ર જાન લઈ પરણવા નહીં આવે, તો વિવાહ ફોક થશે.

૨. ખંભાત સુધીના પ્રવાસમાં જ રાજપાલને અઢી વર્ષ અને સાત માસ વીતેલા. છતાં તેણે ઝડપથી પાછા ફરી રાજા વિક્રમાદિત્યને હકીકત જણાવી. ઉજ્જયિનીથી સાત દિવસમાં જાન લઈને ખંભાત પહોંચવાનો સંભવ ન હતો. ટૂંકી મુદત નક્કી કરવા માટે અને પાછા આવવામાં વિલંબ કરવા માટે કોપેલા વિક્રમાદિત્યે રાજપાલને બરતરફ કર્યો. રાજપાલે વિક્રમચરિત્ર પાસે જઈ પોતાની વીતકકથા કહી. હંસાના અસાધારણ રૂપગુણનાં વખાણ કર્યાં. મુગ્ધ બનેલ વિક્રમચરિત્રે હંસાનું મુખદર્શન કર્યા પછી જ અન્ન ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા લીધી અને ગંગાજળા ઘોડા પર બેસીને તેણે ખંભાત તરફ પ્રયાણ કર્યું. આ બાજુ સાત દિવસની અવધિ પૂરી થયા છતાં વિક્રમચરિત્ર પરણવા ન આવ્યો. એટલે ત્ર્યંબકસેને હંસાનાં લગ્ન કનોજના રાજપુત્ર ભીમરાય સાથે ગોઠવ્યાં. ખંભાતમાં જાન પ્રવેશવાની તૈયારી હતી તે સમયે વિક્રમચરિત્ર પણ ખંભાત આવી પહોંચ્યો. તે પેલી માલણને મળ્યો. તે તેને પ્રધાન લક્ષ્મણસેનના આવાસે લઈ ગઈ. પ્રધાનપત્ની લીલાવતીએ તેનો સત્કાર કરી ભોજન લેવા જણાવ્યું. વિક્રમચરિત્રે પોતાની પ્રતિજ્ઞા કહી. તેનો સ્નેહ સાચો જાણી લીલાવતીએ હંસા સાથે તેનો મેળાપ કરાવી આપવાની યુક્તિ કરી. હંસાને જમવાને બહાને પોતાને ત્યાં તેડી, તેનો ગુપ્ત રીતે વિક્રમચરિત્ર સાથે મેળાપ કરાવી આપ્યો. હંસાવતીએ વિક્રમચરિત્રને પ્રત્યક્ષ જોઈ, તેને ભવેભવનો ભરથાર માન્યો અને પોતાને હાથે તેને જમાડ્યો. બંનેએ ચોરીછૂપીથી નાસી જવા માટે સાંજનો સમય અને સંકેત નક્કી કરી લીધા.

૩. સાંજે ભીમકરાયની જાન આવી પહોંચી. તેનો આદર-સત્કાર થયો. પોંખણની ઘડી આવી પહોંચી. વર તોરણે કન્યાની રાહ જોતો હતો. વિલંબ થતાં સૌ કોઈ અધીર બન્યા. એટલામાં એક દાસીએ આવીને સમાચાર આપ્યા કે કન્યાને કોઈક ભગાડી ગયું છે. બધે હોહા થઈ ગઈ.

દરમિયાનમાં સંકેત પ્રમાણે હંસાને લેવા ઘોડો લઈ વિક્રચરિત્ર તેના મહેલ પાસે આવ્યો. હંસાને આવતાં વાર થતાં એક રક્ષકના હાથમાં ઘોડો સોંપી તે ગુપ્તપણે મહેલમાં પેઠો. મહેલમાંથી બીજે રસ્તે ઊતરીને નીચે આવેલી હંસા અંધકારને કારણે પેલા રક્ષકને જ વિક્રમચરિત્ર સમજીને તેની સાથે ઘોડા પર ચઢી બેઠી. રક્ષકે ઘોડો મારી મૂક્યો. રાત્રિએ માર્ગમાં આગળ જતાં હંસાએ વિક્રમચરિત્ર માની લીધેલા રક્ષકને સમસ્યાઓ પૂછી. ગમાર રક્ષક મૂંગો રહ્યો. સવાર થતાં હંસાને પોતાની ભૂલ સમજાઈ. કર્મની ગતિ ન્યારી છે, એમ વિચારી તે શોક કરવા લાગી. મહેલમાં હંસાની તપાસ કરી પાછા ફરેલા વિક્રમચરિત્રે રક્ષક કે ઘોડાને જોયા નહીં. આ તરફ, સ્ત્રીચરિત્ર આદરી હંસાએ રક્ષકને લગ્ન માટેની ચીજવસ્તુઓની ખરીદી કરવા બજારમાં મોકલ્યો. પુરુષવેશ ધારણ કરી, ઘોડેસવાર થઈ તે પ્રયાગતીર્થ તરફ કરવત મુકાવવા ચાલી નીકળી. બે–ત્રણ દિવસના પ્રવાસ પછી તે એક રાત્રે અઘોરવનમાં આવી પહોંચી. વડની નીચે આરામ કરવા બેઠી. વડ ઉપર રહેતા ગરુડપંખીના ત્રણ પુત્રોએ અનુક્રમે ઉજ્જયિની, ખંભાત અને કનોજમાં જે જે બની ગયું તે પોતાના પિતાને વિગતે જણાવ્યું. ચોથા પુત્રે પ્રયાગના અપુત્રવંત વૃદ્ધ રાજાની વિગત કહી. બીજી સવારે હંસા પ્રયાગ આવી પહોંચી. કરવતસ્થળે જઈ તેણે કરવતિયાને કરવત મૂકી દેવા કહ્યું. તે સમયે, પોતાના અપુત્રવંત વૃદ્ધ રાજા માટે કોઈ ધર્મપુત્રની શોધમાં ત્યાં આવી પહોંચેલા બ્રાહ્મણોએ પુરુષવેશી હંસાને જોઈ. તેને ધર્મપુત્ર થવાને યોગ્ય ગણી, સમજાવીને રાજા પાસે લઈ ગયા. રાજાએ તેને ધર્મપુત્ર તરીકે સ્થાપીને રાજ્યકારભાર સોંપ્યો. હંસાએ કરવતપ્રથા બંધ કરાવી અને હવેથી કરવત મુકાવવા આવનારને પોતાની પાસે લઈ આવવા આદેશ દીધો.

૪. આ બાજુ, પેલો રક્ષક, ભીમકરાય અને વિક્રમચરિત્ર એ ત્રણેયે હંસા ન મળતાં નિરાશ થઈ પ્રયાગ જઈ કરવત મુકાવવાનો વિચાર કર્યો. પહેલાં રક્ષક અને ભીમકરાય પ્રયાગ આવી પહોંચ્યા. ત્યાંનો ચોકીદાર તેમને રાજવીરૂપે રહેલી હંસા પાસે લઈ આવ્યો. હંસાએ તેમને ઘટતી ભેટ આપીને વિદાય કર્યા. તે પછી વિક્રમચરિત્ર પણ ત્યાં આવી પહોંચ્યો. એ સમાચાર મળતાં રાજવીવેશે રહેલી હંસા કરવતસ્થળે આવી. વિક્રમચરિત્રને સમજાવી પોતાના આવાસે લઈ જઈ તેની સમક્ષ હંસાએ પોતાનું સ્ત્રીરૂપ પ્રગટ કર્યું. બંને ખૂબ રાજી થયાં. વૃદ્ધ રાજાને આની કશી પણ જાણ કરવામાં ન આવી. એક દિવસ હંસાએ વૃદ્ધ રાજાને પોતાની પાસે ગુપ્ત રહેતી એક કન્યા સાથે લગ્ન કરવાનું અને એમ થાય તો જ રાજગાદી સ્વીકારવાનું કહ્યું. એટલે રાજાએ બંનેનાં લગ્ન કરાવી આપ્યાં. હવે જ વિક્રમચરિત્ર અને હંસા ખરાં પતિ–પત્ની બન્યાં. તે પછી વિક્રમચરિત્રે પિતાને મળવાની યુક્તિ વિચારી. વૃદ્ધ રાજાની સંમતિથી વિક્રમચરિત્રે હંસાને સાથે લઈ માલવદેશ ઉપર ચઢાઈ કરી. પાદરે આવી તેણે વિક્રમાદિત્યને સમાચાર આપ્યા, તથા પોતાની સાથે ભેગા બેસી જમવાનું નિમંત્રણ પાઠવ્યું. જો તે જમવાનું નિમંત્રણ નહીં સ્વીકારે તો યુદ્ધ થશે એમ પણ કહેવડાવ્યું. વિક્રમાદિત્ય જમવા આવ્યો. પુત્રને જોતાં જ તેને ઓળખી કાઢ્યો. તેણે પ્રધાન રાજપાલને પુનઃ તેડાવી ખંભાત વધામણી મોકલાવી. બધી વિગત જાણીને ખંભાતનાં રાજારાણી રાજી થયાં. કિંમતી ભેટો સાથે રાજપાલ ઉજ્જયિની પાછો ફર્યો. નગરમાં ધામધૂમથી લગ્નોત્સવ ઉજવાયો.
[આધાર '**હંસાવતી–વિક્રમચરિત્ર–વિવાહ**']

**હંસાવલી (=હંસરાજ અને વત્સરાજ) : ૧. પૂર્વભવ-કથા** : કૂપ અને કેલ્હણ એ બે મિત્રો પ્રવાસે નીકળ્યા હતા. માર્ગમાં કૂપે પૂછેલા પ્રશ્નોનો કેલ્હણ ઉત્તર આપતો. બંને કેદાર જઈ ત્યાં થતાં કૌતુકો જોવાનું વિચારી આગળ વધ્યા. માર્ગમાં ચંદ્રાપુર આવ્યું. બંને ભોજન અર્થે ત્યાંની પૂતળી નામની રસોયણને ત્યાં આવ્યા. તેની નવયૌવના પુત્રી ગંગા કૂપને હૈયે વસી ગઈ. તેને જોઈને તેને લાગલી જ મૂર્છા આવી. પૂતળીએ ઘરગથ્થુ ઉપચારો કરતાં તેની મૂર્છા ટળી. ત્યાંથી નીકળી કૂપ અને કેલ્હણ કેદાર આવ્યા. અહીં ઘણા લોકો મનવાંછિતની પ્રાપ્તિ અર્થે કરવત મુકાવીને દેહત્યાગ કરતા હતા. કૂપે પણ આવતે ભવે પોતાને રાજપાટ સાથે ગંગા પત્ની તરીકે મળે એવી કામના સાથે કરવત મુકાવી. કેલ્હણે પાછા ફરી આ સમાચાર પૂતળીને કહ્યા. પોતાના કારણે એક અજાણ્યા પરદેશીએ કરવત મુકાવ્યાનું જાણી ગંગા ઘણી દુ:ખી થઈ. તેણે પણ કેદાર જઈ 'આવતા ભવે કૂપ મારો ભાઈ બને' એવી કામનાથી કરવત મુકાવી. કેલ્હણે પણ 'આ બંને જ્યાં જન્મે ત્યાં હું તેમની સાથે રહુ' એવી કામના કરી કરવત મુકાવી. ત્યાં એકઠા થયેલા લોકોને કૂપ અને ગંગાની પરસ્પરની વિરૂદ્ધ એવી મનવાંછિત માગણી કેવી રીતે પૂરી થશે તેનું કૌતુક થયું. પણ વિધિએ આનો ઉપાય કર્યો. બંનેને આંબાના વૃક્ષ પર પોપટ-પોપટી તરીકે અવતાર આપ્યો. કેલ્હણને પારેવાનો અવતાર મળ્યો. પોપટ પોપટી બાળપણમાં ભાઈબહેન અને તે પછી પતિપત્ની બન્યાં. સમય જતાં પોપટીએ બે બચ્ચાં પ્રસવ્યાં. એક દિવસ વનના દવની ઝાળ ડાળી સુધી આવતાં પોપટીએ પોપટને પાણી લેવા મોકલ્યો. તેને આવતાં મોડું થતાં પોપટીને થયું કે, પોપટ પોતાની જાતને બચાવવા પાછો ન આવ્યો. એમ માનીને પોપટી બચ્ચાં સાથે દવમાં બળી મરી. પાણી લઈ આવેલા પોપટે એ જોઈને 'ભવોભવ મને આ પોપટી જ મારી પત્ની તરીકે મળે' એમ ઇચ્છી દવમાં ઝંપલાવ્યું. પેલા પારેવાએ પણ 'આ બંને જ્યાં જન્મે ત્યાં હું અવતરું' એમ ઇચ્છી પ્રાણત્યાગ કર્યો. મરહઠ દેશમાં ગોદાવરી નદીને કાંઠે વસેલા પ્રતિષ્ઠાનપુરના યાદવવંશી શાલિવાહન રાજાની પ્રેમાવતી પટરાણીને પેટે પેલો પોપટ પુત્રરૂપે અવતર્યો. તેનું નરવાહન નામ પડયું. સમય જતાં યુવાન બન્યો અને ત્રણસો સાઠ રાણીઓ પરણ્યો. તેના ઉત્તમ સુભટોમાં બાવન વીર હતા. ગતજન્મનું પારેવું તેના મુનિકેસર પ્રધાન તરીકે અવતર્યું. પોપટી કનકપુર પાટણના કનકભ્રમ રાજાની કનકમાલા પટરાણીને પેટે પુત્રીરૂપે અવતરી. એનું નામ હંસાવલી રાખ્યું.

**૨. સ્વપ્નની સુંદરી** : નરવાહન રાજાને એક વાર સ્વપ્ન આવ્યું : કનકાપુરના રાજાની કુંવરી હંસાવલી સાથે પોતાનો હસ્તમેળાપ થઈ રહ્યો હતો. પણ ત્યાં તો પ્રધાને આવીને રાજાનો નિદ્રાભંગ કર્યો. રાજાએ ક્રોધે ભરાઈને પ્રધાનને મારવા છરી લીધી. પ્રધાને રાજાને સ્વપ્નની કુંવરી સાથે જ એક માસમાં પરણાવવાનું માથે લીધું. સત્રાગારમાં આવેલા એક પરદેશીએ કનકાપુરનું ઠેકાણું જણાવ્યું, યાત્રાનું બહાનું આપી, નાના ભાઈ શક્તિકુમારને ગાદી સોંપી રાજા પ્રધાન સાથે ત્રણ માસે કનકાપુર પહોંચ્યો. ત્યાં તે રામી માલણને ત્યાં ઊતર્યો. માલણે નગરની વિશિષ્ટતા જણાવી : આઠમ, ચૌદશ, પૂનમ, રવિવાર અને સોમવાર–એ પાંચ દિવસ રાજકુંવરી હંસાવલી પાંચસો હથિયારબંધ ઘોડેસવાર સ્ત્રીઓ સાથે શક્તિપીઠની પૂજાએ નીકળે છે અને તે વેળા રસ્તામાં કોઈ પણ પુરુષ મળે, તો તેનો વધ કરે છે. રાજસભા તે દિવસો પૂરતી બંધ રહે છે.

૩. નરવાહન રાજાને કહીને પ્રધાન કુંવરીની સવારી નીકળવાને દિવસે શક્તિપીઠ પહોંચ્યો. સંધ્યાવેળાએ હંસાવલી ત્યાં આવી ત્યારે પ્રધાન દેવીની મૂર્તિ પાછળ સંતાઈ બેઠો. હંસાવલીએ મઢમાં પ્રવેશ કર્યો એટલે સંતાઈ રહેલો પ્રધાન બોલ્યો. 'પાપણી ! તું મારા મઢમાંથી ચાલી જા, તેં ઘણી નરહત્યા કરી છે.' દેવીનો કોપ જાણીને કુંવરીએ તેને પોતાના પૂર્વભવની વીતકકથા કહી : આગલા ભવમાં તે પંખિણી હતી. વનમાં દવ લાગ્યો, ત્યારે એનો પતિ એને અને બચ્ચાંઓને મૂકીને નાસી ગયો. પંખિણીએ બચ્ચાં સાથે પોતાની જાતને આગમાં હોમી. એ પૂર્વભવના સ્મરણથી કુંવરી પુરુષદ્વેષિણી બની, પુરુષોની હત્યા કરતી હતી. દેવીને ઓથે રહેલા પ્રધાને કહ્યું : 'તારા પતિએ જે સાહસ કર્યું હતું, તેની તને ખબર નથી. તો તું હવે મારી પૂજા કરવા ન આવતી.' ક્ષમા માગી, હવે પછી પુરુષહત્યા ન કરવાનું સ્વીકારીને કુંવરી ગઈ. પ્રધાન બહાર આવ્યો એટલે દેવી હસી. પ્રધાને દેવીની સ્તુતિ કરી અને પોતાના સ્વામીને કાજે કપટ કર્યા બદલ ક્ષમા માગી. દેવી પ્રસન્ન થઈ. પ્રધાને માગેલી ચિત્રકારની વિદ્યા તેને વરદાન લેખે આપી.

**૪. પૂર્વભવ દર્શાવતી ચિત્રાવલિ : પૂર્વભવના પતિની પ્રાપ્તિ** : ચિત્રકાર બનેલા પ્રધાને રાજમહેલમાં રાજાના કહેવાથી ત્રણ લોક આળેખ્યા. કુંવરીએ ચિતારાને સુંદર ચિત્રો ચીતરી આપવાનું કામ સોંપ્યું. ચિતારાએ રામાયણ ને મહાભારતના પ્રસંગો ઉપરાંત ચિત્રોમાં વન, આંબાનું ઝાડ, પોપટપોપટી અને બચ્ચાં, દાવાનળ, પાણી લેવા જતો પોપટ, પોપટી અને બચ્ચાંનું અગ્નિસ્નાન, પાછા આવેલા પોપટનું દુ:ખે અગ્નિસ્નાન–વગેરે પ્રસંગોની ચિત્રાવલી શીર્ષકો સાથે આલેખી. પછી મહેનતાણું લઈને તે ચાલ્યો ગયો. હંસાવલીએ ચિત્રાવલિમાં પોતાના પૂર્વભવનો પ્રસંગ

ઓળખ્યો. પોપટનો પ્રેમ જાણીને પશ્ચાત્તાપ અને વિલાપ કરતી તે મૂર્છિત થઈ. તેને સાજી કરવા દાસીઓ ચિતારાને પકડી લાવી. ચિતારાએ કુંવરીના કાનમાં કહ્યું: 'પોપટ ફરીથી અવતર્યો છે.' કુંવરી ભાનમાં આવી. એકાંતમાં ચિતારાએ કુંવરીને જણાવ્યું: 'શક્તિના પ્રભાવે હું જાણું છું કે પોપટ પ્રતિષ્ઠાનના યાદવવંશી શાલિવાહનના પુત્ર નરવાહન રાજા તરીકે અવતરેલો છે.' કુંવરીની વિનંતીથી નરવાહનને એક માસમાં ત્યાં બોલાવી લાવવાનું અને દરમિયાન સ્વયંવરની તૈયારી કરવાનું જણાવીને ચિતારો ગયો. સત્યાવીસમે દિવસે ચિતારાએ નરવાહન રાજા આવી ગયો હોવાના કુંવરીને સમાચાર આપ્યા. સ્વયંવરમાં નરવાહનને ઓળખવા તેની પડખે ઊભા રહેવાનું ચિતારાને કુંવરીએ કહ્યું. સ્વયંવરમાં હંસાવલી નરવાહનને વરી. નરવાહન પ્રતિષ્ઠાન પાછો આવ્યો. વિવાહોત્સવ ઊજવ્યો.

**૫. પુત્રબેલડીનો જન્મ: પરદેશમાં ઉછેર અને વિદ્યાભ્યાસ:** હંસાવલીને પુત્રબેલડી જન્મી. તેમને ધાવમાતાના હાથમાં આપી, વૃક્ષ તળે મૂકી, રાજા અને દાસી છુપાઈ ગયાં. તે વેળા બાળકો બોલ્યાં: 'અમે બત્રીસલક્ષણા વીર છીએ'. રાજા બન્ને બાળકોને લઈ પાછો આવ્યો. મોટાનું હંસ અને નાનાનું વત્સરાજ એવાં નામો પાડ્યાં. બાવન વીરની બીકે રાજાએ ધાત્રી અને પુરોહિતની સાથે પુત્રોને ગુપ્ત રીતે પરદેશમાં ઉછેરવા મોકલી આપ્યા. ભણાવીને પંદર વરસે પુરોહિત બંને કુંવરને લઈ સ્વદેશ આવ્યો. રાજાએ બીજે દિવસે તેમની માતાને મળવાનું મુહૂર્ત હોવાનું કુંવરોને કહ્યું. ગોદાવરીતીરે ગેડીદડો રમતાં બે વાર કુંવરોએ બાવન વીરને હરાવ્યા. ત્રીજી વારના દાવમાં હંસના ફટકાથી સવા કરોડનો દડો રાજગઢમાં ગયો. હંસ તે લેવા ગયો. વત્સરાજે ત્રણસો સાઠ માતાઓ સાથે વાત કરવા ન રોકાવા તેને ચેતવ્યો. હંસ પ્રથમ પોતાની માતા હંસાવલીના મહેલે પહોંચ્યો. માતાને પુત્રે પ્રણામ કર્યા. ખરાબ મુહૂર્તે મળવા આવ્યો, તેથી માતાએ પુત્રના ભાવિ અમંગળની શંકા કરી.

**૬. અપરમાનું આળ: કુંવરોને દેશવટો:** દડાની તપાસમાં કુંવર પટરાણી લીલાવતીના મહેલે આવ્યો. તે સોળ શણગાર સજીને ઊભી હતી. કુંવરે તેને માતા કહીને પ્રણામ કર્યા. પણ કુંવરને જોઈ કામાતુર બનેલી લીલાવતીએ દડો દેખાડી, પોતાની સાથે કામભોગ ભોગવવાનો હંસને આગ્રહ કર્યો. રાજાને મરાવીને તેને ગાદી અપાવવાનું પ્રલોભન પણ આપ્યું. પણ હંસ તેને અવગણી, દડો લઈને ચાલતો થયો. લીલાવતીએ પોતાનાં ચીર ફાડી, શરીરને નખે વલૂરીને હંસે બળાત્કારનો પ્રયત્ન કર્યાની રાજા આગળ ફરિયાદ કરી. રાજાએ પ્રધાનને બોલાવીને બંને અપરાધી કુંવરોને મારી નાખવા આદેશ દીધો. કુંવરોને નિર્દોષ જાણતા પ્રધાને રાણીના આરોપની અને રાજાના આદેશની તેમને વાત કરી. બે અશ્વ, ભાતું અને બાર રત્ન આપીને છાનામાના તેમને પરદેશ રવાના કરી દીધા. પછી હરણને મારી તેમની આંખો રાજા-રાણીને બતાવી. લીલાવતીનું કહ્યું ન કર્યા બદલ કુંવરોએ મરતી વેળા પસ્તાવો કર્યાનું પ્રધાન પાસેથી જાણીને રાણી બોલી: 'કંદર્પ સમા કુંવરોને તું પાછા લઈ આવત તો હું તેમને મારા મહેલમાં રાખત'.

**૭. હંસને સર્પદંશ: વિષમોચન: બંને ભાઈઓનો વિયોગ:** કુંવરો વનમાં ભૂલા પડ્યા. તેમની પાસેનું પાણી ખૂટ્યું. હંસને તરસ લાગી. તે વડ નીચે ઘોડો બાંધીને સૂતો અને ઊંઘી ગયો. વત્સરાજ કમળપત્રના દડિયામાં પાણી લઈ આવ્યો. એ વખતે હંસને ડસીને તેના ઉપર એક સર્પને તેણે બેઠેલો જોયો. તેને ભાળીને સર્પ નાઠો. હંસને નિષ્પ્રાણ જાણીને વત્સરાજે કરુણ વિલાપ કર્યો. સરોવરને તીરથ ગણી, ત્યાં ભાઈના અંતિમસંસ્કાર કરવા તેના દેહને ઘોડા પર બાંધીને તે લઈ ગયો.

શબને સરોવર કાંઠેના વડવૃક્ષની ડાળે બાંધ્યું. એક ઘોડે બેસી, બીજાને દોરી ચંદનકાષ્ઠ લઈ આવવા તે કાંતીનગરમાં પહોંચ્યો.

વત્સરાજના ગયા પછી સરોવરકાંઠે આવેલ ગરુડપક્ષીના પાંખના વાથી હંસનું ઝેર ઊતર્યું, બંધન છોડી ઝાડ ઉપરથી તે નાચે ઊતરી ગયો. (**'હંસાઉલી' બીજો ખંડ સમાપ્ત**)

**૮. હંસ કાંતીનગરીમાં:** વનમાં વત્સરાજ ક્યાંક ભૂલો પડયો હશે એમ વિમાસતો હંસ તેની ખોજમાં આગળ ચાલ્યો. તેટલામાં તેણે એક મુનિવરને દીઠા. જ્ઞાનપ્રભાવે તેણે કહ્યું: 'તારો ભાઈ કાંતીનગરમાં ગયો છે. તેની સાથે છ માસ અને ત્રણ દિવસ પછી તારો ભેટો થશે'. ભાઈની તપાસમાં હંસ કાંતીનગરના એક ચૌટામાં આવ્યો. એક કબાડીને ત્યાં મહેમાન તરીકે રહ્યો.

**૯. વત્સની વેપારી વડે ફસામણી: શેઠપુત્ર સાથે વિદેશગમન:** બીજી તરફ વત્સરાજ ચંદનની તપાસમાં નગરમાં સૂમણ શેઠની વખારે પહોંચ્યો. બાર રત્ન અને બંને ઘોડા તેને ત્યાં થાપણ તરીકે મૂકી, જોઈતું ચંદન લઈને તે પાછો સરોવરપાળે આવ્યો. શબને વડની ડાળીએ ન જોયું. જંગલી જાનવર ઉપાડી ગયાની તેને શંકા પડી. પછી સરોવરકાંઠે પગલાં જોયાં. તે હંસનાં પગલાં હોવાનું ઓળખી આશ્ચર્ય પામી

રડતો તે તેને મોટેથી સાદ પાડવા લાગ્યો. નગરમાં આવીને શેઠને ચંદન પાછું સોંપ્યું અને પોતાની થાપણ માગી. જેવો તે પાછા સોંપેલા એક ઘોડા પર બેઠો અને બીજાની લગામ હાથમાં લીધી તેવું શેઠે "ચોર, ચોર"નું બૂમરાણ કરી મૂક્યું. લોક એકઠું થઈ ગયું. નગરરક્ષક વત્સરાજને બાંધીને રાજાના આદેશથી તેને વેપારીઓ પાસે ન્યાય કરાવવા લાવ્યો. નગરરક્ષકની સ્ત્રીએ કુંવરને નિર્દોષ ગણી તેને ધરમના પુત્ર તરીકે પાળવાનું પોતાના પતિને કહ્યું. તેણે ધમકાવીને લોકોને કાઢી મૂક્યા અને કુંવરને પુત્ર કરી રાખ્યો. આ વાત સૂમણ શેઠે જાણી. શેઠે વહાણમાં વસ્તુઓ ભરી પોતાના પુત્ર પુષ્પદંતને સોંપી તેને પરદેશ મોકલવા તૈયારી કરી. હંકારવા છતાં વહાણ સહેજે ખસ્યું નહીં. જોશીને પૂછતાં તેણે કહ્યું : 'જેણે બીજાની થાપણ ઓળવી હોય તેના વહાણની આવી દશા થાય. બત્રીસલક્ષણા પુરુષનો ભોગ આપશો તો વિઘ્ન ટળશે.' શેઠને યુક્તિ સૂઝી. જેની થાપણ પોતે પચાવી પાડી છે તે માણસ બત્રીસલક્ષણો હોવાથી એનો જ ભોગ ધરવો. શેઠના સમજાવવાથી રાજાએ નગરરક્ષકને વત્સરાજને પરદેશ મોકલી દેવા આદેશ આપ્યો. વહાણ પર પગ દેતાં વત્સરાજે મર્મમાં કહ્યું : 'હંસની થાપણથી ધર્મ થજો'. એટલે તરત વહાણ ચાલ્યું. શેઠે પુત્રને શીખામણ દીધી; 'આ આફત હવે ટળે તેમ કરજો.'

**૧૦. વત્સને રાજકુંવરીની પ્રાપ્તિ** : વહાણ સનકાવતી નગરીએ પહોંચ્યું. પુષ્પદંતે વત્સરાજને પેલા બે ઘોડા દરરોજ ચરાવવાનું કામ સોંપ્યું. ઘણી ખૂબીથી ઘોડા ખેલવતો તેને જોઈને ગોખે બેઠેલી સનકબ્રહ્મ રાજાની કુંવરી ચિત્રલેખાએ દાસીને ઘોડા ખેલાવનાર વિશે ખબર જાણી લાવવા મોકલી. અસવાર બત્રીસલક્ષણો અને કુંવરીને વરવાયોગ્ય હોવાનું તેણે જણાવ્યું. માતાને કહીને કુંવરીએ વિવાહની તૈયારી કરાવી.

સ્વયંવરમાં કુંવરીએ સૌની પાછળ રહેલા કામળી પહેરેલા વત્સરાજને વરમાળ પહેરાવી. એ માણસ પોતાના ઘોડાનો રખેવાળ અને અજાણ્યા કુળનો હોવાનું પુષ્પદંતે રાજાને જણાવ્યું. રાજાએ જમાઈને હલકો ગણી, નગરને છેવાડે ઘર આપ્યું. તેનું કાસળ કાઢવા રાજાએ ચાર મલ્લ અંગમર્દન કરવાને બહાને મોકલ્યા. વત્સરાજે તેમનાં મોં ને હાથ અવળાં કરીને પાછા કાઢ્યા. પછી પ્રધાનની વિનંતીથી તેણે તેમનાં અંગ સવળાં કરી આપ્યાં, રાજાએ મોકલેલા પંચકલ્યાણી ઘોડાને અંતરિક્ષમાં ઉડાડીને કુંવર સફળ સવારી કરી પાછો આવ્યો. બાપના કહેવાથી કુંવરીએ પતિને નામગોત્ર, માતાપિતા, દેશ વગેરે પૂછ્યાં. વત્સરાજે આપવીતી કહી. **(હંસાઉલી, ત્રીજો ખંડ સમાપ્ત).**

વીતકવાત જાણી, રાજાએ જમાઈનો આદર કર્યો. શેઠને શિક્ષા કરવાનું કહ્યું, પણ વત્સરાજે તેને ક્ષમા કરવાનું કહ્યું અને પુષ્પદંતની સાથે પણ તેણે પ્રેમસંબંધ રાખ્યો.

**૧૧. હંસને રાજ્યપ્રાપ્તિ** : જે કર્મગતિએ વત્સરાજને દુઃખી કર્યો, તેણે જ હંસરાજને સુખી કર્યો. કાંતીનગરનો રાજા અપુત્ર મૃત્યુ પામ્યો. હાથણીએ કળશ હંસરાજ પર ઢોળ્યો. તેણે પેલા કઠિયારાના પાંચ પુત્રોને પ્રધાન નીમ્યા. વત્સરાજનું હંસને સતત સ્મરણ રહ્યા કરતું હતું.

**૧૨. સમુદ્રમાં ધકેલાયેલા વત્સનો ચમત્કારી બચાવ : કાંતીનગરીમાં આગમન** : પુષ્પદંતે વત્સરાજની વિનંતીથી કાંતીનગર પાછા ફરવાનું નક્કી કર્યું. રાજાએ પોતાની ગાદી વત્સરાજને આપવા ઇચ્છા બતાવી, પણ વત્સરાજે હંસરાજની ભાળ મેળવીને પાછા આવવાનો આગ્રહ રાખ્યો. કુંવરીએ સાથે જવા હઠ લીધી. રાજાએ હાથીદાંતની માંડવી ભેટ આપી. વહાણ ઊપડ્યું. ચિત્રલેખાએ સમુદ્રને પોતાનો હાર ચડાવ્યો. ત્રણ-ચાર દિવસ વીત્યા. કુંવરીને જોઈ પુષ્પદંત પોતાના કર્મને દોષ દેવા લાગ્યો. તેના માણસોએ વત્સરાજનું કાસળ કાઢવા તૈયારી બતાવી. 'જુઓ, જળમનુષ્ય જાય' એવો દેકારો સાંભળીને વત્સરાજ જેવો જોવા આવ્યો તેવો પુષ્પદંતના માણસોએ તેને સમુદ્રમાં ધકેલી દીધો. પડતાં પડતાં વત્સરાજ વિદ્યામંત્ર ભણ્યો. એક મગરમચ્છે તેને ઝીલી લઈને કાંઠા પર જીવતો મૂકી દીધો. કુંવરીએ વિલાપ કરી સમુદ્રને પોતાના સ્વામીને ઉગારવા વીનવ્યો. જળમાંથી વાણી પ્રગટી : 'તેં મને હાર ચડાવ્યો તેના ફળથી હું તારા સ્વામીને તારીશ. તારો ભર્તાર તને કાંતીનગર પાછો મળશે.' પુષ્પદંતે પોતાને પતિ તરીકે સ્વીકારવા કુંવરીને કહ્યું. કુંવરીએ પતિનું પ્રેત ન નડે તે માટે છ માસની મુદત માગી.

વત્સરાજ કાંતીનગરમાં એક વાડીમાં વૃક્ષ નીચે સૂતો. તેના પ્રભાવે ઉજ્જડ વાડી નવપલ્લવિત બની. માલણે આવી વત્સરાજને ઉઠાડ્યો અને તેને ધરમનો પુત્ર કરી રાખ્યો. વત્સરાજ માલણને માળા ગૂંથી આપતો.

**૧૩. રાજકુંવરીને લઈને શેઠપુત્રનું કાંતીનગરમાં આગમન** : પુષ્પદંતનું વહાણ કાંતીનગર આવી પહોંચ્યું, લોકોએ હાથીદાંતની માંડવીની અને સુંદર વહુની પ્રશંસા કરી. માલણે વત્સરાજને આ સમાચાર આપ્યા. તે પુષ્પદંતને ત્યાં નિત્ય ફૂલપાતરી આપતી હતી. વત્સરાજે ચિત્રલેખાના દેહ પ્રમાણે પુષ્પનાં આભરણ અને કંચુકી તૈયાર કરી આપ્યાં. માલણે તે ચિત્રલેખાને ભેટ આપ્યાં. અંદર વત્સરાજનું નામ લખેલું જોઈને ચિત્રલેખાએ શણગાર પહેર્યો. કેવડાની ફડસ

પર કાજળથી લખેલો સંદેશો વાંચ્યો : 'હું માલણને ત્યાં રહું છું.' માલણે પણ જણાવ્યું કે, ફૂલનાં આભરણ ગૂંથનાર જુવાન મારે ત્યાં દીકરા તરીકે આવીને રહ્યો છે. ચિત્રલેખાએ બીડામાં ગુપ્ત સંદેશો મોકલ્યો : 'સ્વામી, મારું શીલ અખંડિત છે'.

**૧૪. રાજકુંવરી દ્વારા હંસ આગળ ઘટસ્ફોટ : બંને ભાઈનું મિલન** : હંસરાજે વત્સરાજના સમાચાર આપનારને અર્ધું રાજ્ય આપવાનો પડો વજડાવ્યો. ચિત્રલેખા રાજસભામાં પહોંચી. પુષ્પદંત ને સૂમણ શેઠ પણ પરિવાર અને મહાજન સાથે રાજસભામાં પહોંચ્યા. હંસરાજ પરસ્ત્રી સામે જોતો ન હોવાથી પરદા પાછળ બેસી ચિત્રલેખાએ વાત શરૂ કરી. બંને ભાઈઓની પૂર્વકથા–આદિથી માંડીને માલણના ઘરે વત્સરાજ આવીને રહ્યો ત્યાં સુધીની–કહી. વચ્ચે આવતી સૂમણ શેઠના કપટની વાતથી મહાજનમાં ખળભળાટ થઈ ગયો. અને જ્યારે ચિત્રલેખાએ પોતે હંસની ભાભી હોવાનું કહ્યું, ત્યારે હંસ આવીને તેને પગે લાગ્યો. પછી હંસ વાજતેગાજતે જઈને ભાઈને ભેટયો. સૂમણ શેઠની સંપત્તિ આંચકી લઈ દયાભાવે તેને જીવતો મૂક્યો. પ્રતિષ્ઠાનનગર જઈને બંને ભાઈઓ માબાપને મળ્યા. વત્સરાજ પ્રતિષ્ઠાનનગરના અને હંસ કાંતીનગરના રાજા તરીકે રાજ કરવા લાગ્યા. **(ચોથો ખંડ સમાપ્ત)**

[આધાર : પૂર્વભવની કથા માટે **'હંસાઉલી પૂર્વભવ-કથા'**; પછીની કથા માટે **'હંસાઉલી'**]

**હાલતીચાલતી કઠપૂતળી** (કુલટાચરિત્રની દૃષ્ટાંતકથા) (**સૂડાબહોંતેરી,** એકસઠમી કથા) : કનોજ દેશના એક ગામમાં રહેતા વાણિયા ઇંદ્ર અગરાળાને એક વાર કામકાજ અર્થે એક અઠવાડિયું બહારગામ જવાનું થયું. તેણે પોતાની વહુ અગરાને પોતાની ગેરહાજરી દરમિયાન સાસુસસરા, જેઠજેઠાણી અને દિયર, નણંદ સાથે સુમેળથી રહેવા કહ્યું અને પોતાનાં માબાપ વગેરે કુટુંબીઓને પણ અગરાને ખોટું લાગે તેવું કશું ન કરવા જણાવ્યું. અગરાળાના ગયા પછી તે જ દિવસે એક સુતારે અગરા પાસે આવીને તેને એક પૂતળી ભેટ આપી. તે આકારે અને દેખાવે બધી રીતે આબેહૂબ અગરાળા જેવી જ હતી. પૂતળી સાથે જોડેલી જુદી જુદી દોરીઓનો ઉપયોગ કરવાથી પૂતળી બેસતી, ઊઠતી, સૂઈ જતી અને હાલતીચાલતી. તેના ભાગો છૂટા કરી શકાતા અને જોડી શકાતા. અગરાએ આ ભેટથી ઘણી રાજી થઈને સુતારને તેના બદલામાં કશું માગવા કહ્યું. ત્યારે અગરા પાસેથી વચન લઈને સુતારે તેને કહ્યું : 'પાંચ માસ પહેલાં મેં તને એક વાર જોઈ હતી, ત્યારથી તારા રૂપથી મોહિત થઈને મને તારો સંગ કરવાની ઊંડી ઇચ્છા છે. એ માટે તો મેં મારી બધી કળા વાપરીને આ પૂતળી તને ભેટ આપવા માટે ઘડી. તો તું મારી ઇચ્છા પૂરી કર'. વચનબદ્ધ થયેલી અગરાએ તેને બીજે દિવસે આવી જવા કહ્યું. સુતાર નક્કી કર્યા પ્રમાણે અગરાને ત્યાં છ દિવસ સુધી આવ્યો અને તેની સાથે ભોગવિલાસ કર્યો. તે કસુંબી, પીળો, લીલો, લાલ, સફેદ અને ટીપકીદાર એમ એકએક દિવસે જુદાજુદા રંગનો પોશાક પહેરીને આવ્યો. અગરાના સસરા, જેઠ, દિયર, નણંદ, સાસુ અને જેઠાણી એમ એક એક જણે જાળીમાંથી તેને ઘરે આવેલો એકેએક દિવસે જોયો. દરેક જણે અગરાને સ્વગત કુલટા કહી, ગાળો દઈને તેના જારના આવ્યાના પુરાવારૂપે એક એક નિશાની રાખી. પણ કુટુંબફજેતો થવાની બીકે કોઈ કશું બોલ્યું નહીં. સાતમે દિવસે અગરાળો પરગામથી પાછો આવ્યો, ત્યારે અગરાએ તેને કહ્યું : તમે ગામતરે ગયા હતા, ત્યારે મેં એક પુરુષને છ દિવસ બોલાવીને તેનો સંગ કર્યો હતો. એ વાતની ખાતરી કરવા તમે ઘરનાં સૌને પૂછી જુઓ' આઘાત પામેલા અગરાળાએ માબાપ, ભાઈબહેન અને ભાભીને પૂછ્યું. સૌએ અગરાને હલકટ કહીને છયે દિવસ તેમણે વસ્ત્ર વગેરેનો ઠાઠ કરીને અગરા પાસે આવતા કોઈક અજાણ્યા પુરુષની વાત કહી અને અગરાને નાકકાન કાપી કાઢી મૂકવા કહ્યું. અગરાળાએ અગરા પાસે આવીને તેને શિક્ષા કરે તે પહેલાં જે કાંઈ બન્યું હતું તે સાચેસાચું જણાવવા કહ્યું. પછી અગરાએ સુતારે આપેલી પેલી પૂતળી કાઢી. તેને કસુંબી પોશાક પહેરાવ્યો. પછી સસરાને જાળીમાંથી જોવાનું કહીને દોરીથી એ પૂતળીને ચાલતી કરીને અગરાના ખંડમાં પ્રવેશતી બતાવી. તે જ પ્રમાણે સુતાર જે જે દિવસે જે રંગનો પોશાક પહેરીને આવ્યો હતો, તે રંગનો પોશાક પૂતળીને પહેરાવી, તેને દોરીસંચારથી ચાલતી કરી, પૂર્વના ક્રમ પ્રમાણે એકએક કુટુંબીને બતાવી. તેમણે એ જ પુરુષ આવ્યો હોવાનું કહ્યું. અગરાએ અગરાળાને કહ્યું કે, સુતાર તમારા જ જેવી આ કળવાળી પૂતળી બનાવીને ભેટ આપી ગયેલો, એટલે તમારા વિરહમાં હું તેને હલાવીચલાવી, રમાડી, મારી સેજમાં સુવાડીને આશ્વાસન મેળવતી. અગરાળાએ અને બધાં કુટુંબીઓએ આથી અગરા પર ખોટું આળ મૂક્યાનો પસ્તાવો પ્રગટ કર્યો અને તેનું ગૌરવ કર્યું.

[આધાર : **'સૂડાબહોંતેરી'**, એકસઠમી કથા]

# ઐતિહાસિક–તુલનાત્મક ટિપ્પણ

**: સંક્ષેપો :**

અ. ના. : 'અરેબિઅન નાયૂટ્સ.'
આ. કો. વૃ. : આખ્યાનક-મણિ-કોશ-વૃત્તિ.
ક. સ. સા. : કથાસરિત્સાગર.
ક. પ્ર. : કથાપ્રકૃતિ
ટૉ. પે. : ટૉની-પેન્ઝર : 'ધી ઓશન ઑવ સ્ટોરી.
ત્રિષષ્ટિ : ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત.
ધ. વિ. : ધર્મોપદેશમાલાવિવરણ
પં. પ્ર. પંચશતી-પ્રબંધ-સંગ્રહ.
પુ. પ્ર. : પુરાતન-પ્રબંધ-સંગ્રહ.
ફો. : 'ફોકટેય્લ.'
લો. મૂ. : લોકસાહિત્યનાં મૂળ અને કુળ.
સિં. દ્વા. : સિંહાસનદ્વાત્રિંશિકા
સિ. બ. : સિંહાસનબત્રીસી
સૂ. બ. : સૂડાબહોંતેરી.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મળતી કથાઓમાંની ઘણીખરી પૂર્વપરંપરામાંથી—સંસ્કૃત, પાલિ, પ્રાકૃત સાહિત્યમાં મળતી કથાઓમાંથી ઊતરી આવેલી છે. ઉપરાંત અન્ય ભારતીય ભાષા–સાહિત્યોમાં તથા વિદેશી લોકકથાઓમાં પણ સમાંતર કથાઓ, ઘટકો કે રૂપાંતરો મળે છે. એ અઢળક સામગ્રીના માત્ર નિર્દેશો આપવાનું કામ પણ એક અલગ સંશોધનયોજના અને સુસજ્જ પુસ્તકાલય વિના ન થઈ શકે. તે જ રીતે જે કથાસારો આ કોશમાં પ્રસ્તુત કર્યા છે તેમની પ્રકૃતિ અને ઘટકોને આર્ને–ટોમ્પ્સનની કથાપ્રકૃતિ-સૂચિ અને કથાઘટક–સૂચિ અનુસાર ક્રમાંક આપવાનું કામ પણ સારો એવો પરિશ્રમ અને સમય માગી લે. અહીં તો મુખ્યત્વે કથાસારોના સમાન અંશોનો નિર્દેશ કર્યો છે. તે ઉપરાંત વરસોથી કથાસાહિત્ય સાથે વિવિધ દૃષ્ટિએ કામ પડતું રહ્યું હોઈને તે તે સમયે જે કેટલીક નોંધો ટપકાવેલી કે જે કેટલુંક સ્મૃતિમાં સંઘરાયેલું તે એકઠું કરીને મૂક્યું છે. આમાં અનેક જાણીતાં રૂપાંતરોનો પણ ઉલ્લેખ રહી ગયો હશે. તેમ છતાં આ અસ્તવ્યસ્ત નોંધોમાંથી, અભ્યાસીને સહેજે ધ્યાનમાં ન આવે એવી કેટલીક મૂલ્યવાન સામગ્રી પણ મળશે. તે ઉપરાંત સળંગ કથાઓમાંના જે અંશો કથાઘટક લેખે નોંધપાત્ર લાગ્યા તેમને પણ તારવીને દર્શાવ્યા છે, અથવા તો કથાકોશમાં આપેલાં મથાળાના વિકલ્પો ચીંધ્યાં છે. ટિપ્પણના હવાલાને કૌંસમાં 'ટિ.' મૂકીને દર્શાવ્યા છે.

**અગડદત્ત** : આના બીજા રૂપાંતર માટે જુઓ **ધમ્મિલકુમાર**ની પેટાકથા. પ્રાકૃત મૂળ કથા માટે જુઓ 'વસુદેવહિંડી' પૃ. ૩૫ અને પછીનાં; ગુજરાતી અનુવાદ પૃ. ૫૩ અને પછીનાં. એ પછીના પ્રાકૃત રૂપાંતર માટે જુઓ, 'A new version of Agaḍadatta story, L. Alsdorf, New Indian Antiquary, 1. પૃ. ૨૮૧—૨૯૯. અગડદત્તની કથાનો આરંભનો ઘટક 'ઉત્તરાધ્યયન–સૂત્ર'ની ટીકાઓમાં આપેલી કપિલની કથાના આરંભ જેવો છે. એ કથામાં કપિલ પિતાના મૃત્યુ પછી તેને સ્થાને આવેલા અમોઘપ્રહારી સારથિને જોઈ તે દુઃખથી કૌશાંબીમાં રહેતા પિતાના મિત્રને ત્યાં શસ્ત્રવિદ્યા શીખવા જાય છે અને ત્યાં પ્રેમમાં પડે છે. અનેક કુમારિકાઓનું પાણિગ્રહણ કરવું એ 'બૃહત્કથા'નો નરવાહનદત્ત, 'વસુદેવહિંડી'નો વસુદેવ, ગુણભદ્રના 'ઉત્તરપુરાણ'માં સત્યંધરનો પુત્ર જીવંધર, તિરુત્તક્કદેવર ( = શ્રીદક્ષદેવ) કૃત તમિળભાષાના 'જીવકચિંતામણિ'(૧૦મી–૧૧-મી સદી)માંનો જીવક, વર્ધમાનસૂરિકૃત 'મનોરમાકહા'માં આવતો તેજસાર અને ટૉની–અનુવાદિત 'કથાકોશ'માંનો દીપશિખ વગેરે જેવા નાયકોની કથામાં સમાનપણે મળે છે.

**અટપટાં સગપણ** અથવા **સગપણની સંબંધજાળ** : **વેતાલપચીસી–૧,** ચોવીશમી કથા, **વેતાલપચીસી–૨,** પચીશમી કથા અને **કુબેરદત્ત અને કુબેરદત્તા**ની દૃષ્ટાંતકથામાં આવતી અઢાર સગપણની વાત (અઢાર નાતરાંની કથા). **વેતાલપચીસી–૨,** ચોથી કથામાં પણ જન્માંતરના આવા સગાઈસંબંધની વાત છે.

**અણદીઠી, અણસાંભળી, અણવીતી અને અણકહી વાત** અથવા **અશ્રુતપૂર્વ કથા** : **વેતાલપચીસી–૨** સાતમી કથા, ત્રીજો ઘટક. 'પુરાતનપ્રબંધસંગ્રહ'માં વિક્રમાર્કપ્રબંધમાં અશ્રુતપૂર્વ વાર્તા કહેનારને વિક્રમાદિત્ય પાંચ સો દિનાર ભેટ આપતો તે સંબંધમાં ખાપરો ચોર તથા વિક્રમનો વૃદ્ધ પ્રધાન એવી વાર્તા કહે છે. પ્રધાને અશ્રુતપૂર્વ રામકથા કહી છે. ધૂર્તાખ્યાન-કથાનો મૂળ આધાર પણ આ જ છે. જુઓ **ધૂર્તકથા.** 'દશવૈકાલિક–સૂત્ર'ની હરિભદ્રકૃત વૃત્તિમાં (પૃ. ૧૧૨) અશ્રુતપૂર્વ કથા કહેનારને સુવર્ણપાત્ર ભેટ આપવાની, અને

'તમારા પિતાએ મારા પિતા પાસેથી એક લાખ સુવર્ણ ઉછીના લીધેલા' એમ કહીને તે પાત્ર પ્રાપ્ત કરનારની વાત છે.

**અદ્ભુત સિંહાસનની પ્રાપ્તિ** અથવા **દૈવી સિંહાસનની પ્રાપ્તિ** : ૧. (ભોજરાજાને) : (૧) **સિં.બ.-૨** પૂર્વ-પીઠિકા બીજો ઘટક, (૨) **સિં.બ.-૨**, પૂર્વપીઠિકા. એનો સંક્ષિપ્ત સાર સિં.બ. ની ત્રેવીસમી કથા 'ભદ્રાભામિની'ના આરંભે, છવ્વીસમી કથા 'માધવાનલ'ના આરંભે, ત્રીસમી કથા 'ભરથરી'ના આરંભે (પૂર્વપીઠિકાનો બીજો ઘટક), બત્રીસમી કથા 'વેતાલપચીસી'ના આરંભે (પૂર્વપીઠિકાનો ત્રીજો ઘટક) મળે છે. ઉપરાંત જુઓ **અબંડ વિદ્યાધર.**

૨. (વિક્રમાદિત્યને): **પંચદંડ-૧** અને **પંચદંડ-૨** (નવમો ઘટક).

**અનલગિરિ હાથી** : જુઓ **ધન્નો અને શાલિભદ્ર**, ચોવીસમો અને પચીસમો ઘટક. તેના નલગિરિ કે નડાગિરિ એવાં નામાંતર પણ મળે છે.

**અન્યાયપુર પાટણ** અથવા **ઠગપુર પાટણ** : જુઓ **રત્નચૂડ**માં કૂટકટાહદ્દીપનો નિર્દેશ. આ સંબંધમાં જુઓ લો. મૂ. પૃ. ૨૩૯ અને પછીનાં તથા ૧૬૮ અને પછીનાં. આ ઉપરાંત જુઓ **ચંપકશેઠ**, બીજો ઘટક.

**અપહરણ** (પક્ષી વડે) : **મૃગાવતી,** પહેલો ઘટક. **માધવાનલ અને કામકંદલા-૧,** પહેલો ઘટક. જુઓ—ટૉ. પે., ૧, પૃ. ૯૭-૯૯.

**અબોલા રાણી** : આમ્રદેવસૂરિની 'આખ્યાનકમણિકોશ' ઉપરની વૃત્તિમાં (ઈ. સ. ૧૧૩૩) ભાવટ્ટિકાની કથા આવે છે (પૃ. ૧૯૩ અને પછીનાં). તેમાં યક્ષના મંદિરમાં રાત્રિના ચાર પ્રહર ગાળતી ભાવટ્ટિકા યક્ષને એકએક પ્રહરની એકએક વાર્તા—એમ ચાર વાર્તા—કહીને રાત પૂરી કરે છે અને પોતે યક્ષના મૃત્યુદંડમાંથી મુક્ત થઈ જાય છે. આ કથાની રચના અબોલા રાણીની કથા સાથે સરખાવવા જેવી છે. મૌનવ્રત ધારીને રહેલી હોવાથી તેને અબોલા કહી છે અને એકએક પ્રહરે વિક્રમ તેનો મૌનભંગ કરે છે અને એમ તેને ચાર વાર બોલાવે છે, માટે કથા 'ચઉબોલા રાણી' કે 'ચોબોલા રાણી'ના નામે પણ જાણીતી છે. આમાં **ચાર ઘડવૈયા અને એક સુંદરી; માથાંની અદલાબદલી; વર ત્રણ ને કન્યા એક** અને **આંધળો અને પાંગળો**-એ ચાર અવાંતર કથાઓ આવે છે. એ ચાર કથાઓના સંસ્કૃત રૂપાંતર માટે જુઓ પુ. પ્ર., 'વિક્રમસેનપ્રબંધ,' પૃ. ૭-૮. **સિં.બ.-૨**ની સોળમી કથા **(કાષ્ઠનો ઘોડો)**માં ત્રીયારાજ્યની પુરુષદ્વેષિણી સુંદરી ઇંદુમતીના ચાર પડદા, કાષ્ઠના ઘોડાની કથા ચાર પ્રહર સુધી કહીને, વિક્રમ રાજા એક પછી એક છોડાવે છે એવી વાત છે. દરેક રાતે એક કથા સંભળાવવાનો ઘટક ભારતીય કથા-સાહિત્યમાં 'ચિત્રકરદારિકા' અને તેનાં રૂપાંતરોમાં તથા 'અરેબિયન નાયટ્સ'ની આરંભકથામાં મળે છે. જુઓ **ચિતારાની પુત્રી** (ટિ.)

**અભયકુમાર** : એનું ચરિત્ર કેટલેક અંશે **ધન્યકુમાર અને શાલિભદ્ર**માં પણ મળે છે.

**અભેદ્ય ભીંત** (વિક્રમરાજાની સવારીના માર્ગમાં—) : જુઓ **ચમત્કારી પંચદંડ-૨**, પહેલો ઘટક તથા ઉપસંહાર.

**અમરફળ** : **સિં.બ.-૨**, સત્તરમી કથા(**પંખીની વાર્તા**)માં મળતા ઘટકથી જુદો જ ઘટક ભરથરી અને તેની રાણીની કથામાં મળે છે. જુઓ (૧) **સિં.બ.-૧,** બીજો ઘટક (૨); **સિં.બ.-૨,** ત્રીશમી કથા **(ભરથરી)**, ત્રીજો ઘટક. આ ઉપરાંત અમરફળની વાત **સિં.બ.-૧,** દસમી કથામાં (રોગનિવારક ફળ) તથા **વેતાલપચીસી-૨,** બાવીસમી કથામાં પણ (ચમત્કારી ફળ) છે.

**અમરફળ-૨** : જુઓ **વધુ ડાહી કોણ ?**

**અસંતોષી વાંદર** : જુઓ **વાનર** (ટિ.).

**અસંભવિત સંભવિત બનવા પર દૃષ્ટાંતકથા** : **કનકરથ રાજા અને મતિસાગર મંત્રી (અંબડ વિદ્યાધર,** ઘટક ૩.૧).

**અંજનાસુંદરી** : સ્ત્રીની ઉપર કુશીલ હોવાનું આળ/ચારિત્ર્યભ્રષ્ટતાનું આળ/કુલટાનું આળ/અસતીનું આળ અને પરિણામે નિર્વાસન (પતિનો પરદેશવાસ છતાં સગર્ભા બન્યાથી—). જુઓ **અંજનાસુંદરી અને પવનંજય, નંદયંતી, ભદ્રાભામિની(સિં.બ.-૨,** ત્રેવીસમી કથા)ના આઠથી દસ સુધીના ઘટક.

**આકસ્મિક ગર્ભાધાન** : જુઓ **કાદંબરી**માં પુંડરીકના જન્મનો વૃત્તાંત. **માધવાનલ અને કામકંદલા-૨**માં માધવનો જન્મ (બીજો ઘટક). કથાઘટકસૂચિના ક્રમાંક ટી. ૫૧૧, ટી. ૫૩૯ આને લગતા છે. ટી. ૫૩૧.૧.૧માં સ્ખલિત વીર્યને કારણે થતા ગર્ભાધાનવાળી કથાઓના નિર્દેશ છે. સ્વાહા અને અગ્નિને લગતી કથામાં પણ આ ઘટક મળે છે. જુઓ, 'ઋગ્વેદ', મંડળ ૧૦, સૂક્ત ૫૧; 'શોધ અને સ્વાધ્યાય', પૃ. ૩૨૮ થી ૩૩૩.

**અરેબિયન નાયટ્સ** : પછીથી જે 'અલ્ફ-લયૂલાહ-વ-લયૂલાહ' (=એક હજાર ને એક રાત) તરીકે જાણીતો થયો, એ કથાસંગ્રહનો પહેલો મુસદ્દો ઈરાકમાં દસમી શતાબ્દીના મધ્ય

પહેલાં થોડા સમયે તૈયાર થયો હતો. ૯૪૨માં અલ-જહશિયારીએ તૈયાર કરેલા એ મુસદ્દાનો આધાર હતો 'હઝાર અફ્સાના' (=હજાર કથાઓ) નામનો એક ફારસી કથાસંગ્રહ, જેમાં કેટલીક વાર્તાઓ ભારતીય સ્રોતની હતી. અલ-જહશિયારીએ સ્થાનિક વાર્તાકારોની પણ કેટલીક વાર્તાઓ તેમાં ઉમેરી. વ્યાપક કથાવસ્તુ, સામાન્ય ઢાંચો અને શહરાઝાદ સહિત મુખ્ય નાયક–નાયિકાઓનાં નામ 'અફ્સાના'એ પૂરાં પાડ્યાં. સમયના વહેવા સાથે આમાં ભારતીય, ગ્રીક, હિબ્રૂ, મિસરી વગેરે અનેક સ્રોતોમાંથી વાર્તાઓ ઉમેરાતી ગઈ. શતાબ્દીઓના ગાળામાં દરેક પ્રકારની પૌર્વાત્ય લોકકથાનો સમાવેશ થતો ગયો. હારુન-અલ-રશીદના દરબારે ટૂચકાઓ અને પ્રેમકથાઓનો સારો એવો પુરવઠો પૂરો પાડ્યો. મિસ્રના ૧૨૫૦થી ૧૫૧૭ના મામલુક–યુગના પાછળના ભાગ સુધી આવા ઉમેરા થતા રહ્યા અને ત્યારે એને છેવટનું સ્વરૂપ મળ્યું. એક વિવેચકે 'નાયટ્સ'ના આ ભેળસેળિયા સ્વરૂપને અનુલક્ષીને હળવાશથી કહ્યું છે કે, 'અરેબિયન નાયટ્સ' એટલે ચૌદમી શતાબ્દીમાં કાહિરામાં રાણી એસ્થરે હારુન-અલ-રશીદને બુદ્ધની ઢબે કહેલી ફારસી વાર્તાઓ. યુરોપમાં ગાલારે (૧૭૦૪–૧૭૧૭) ફ્રેન્ચ ભાષામાં તેનો અનુવાદ કર્યો, અને ત્યારથી અર્વાચીન યુરોપ અને એશિયાની બધી મુખ્ય ભાષાઓમાં એ વાર્તાઓએ માર્ગ કરી લીધો છે. અરબી વાર્તાઓ પૂર્વના મુસ્લિમો કરતાં પશ્ચિમના લોકોમાં ઘણી વધુ લોકપ્રિય બની છે. અંગ્રેજીમાં તૈયાર થયેલો પહેલો (અધૂરો છતાં ચોકસાઈવાળો) અનુવાદ એડવર્ડ લેઇનનો છે (૧૮૩૯–૧૮૪૧). તેમાં સર્વત્ર મૂલ્યવાન ટિપ્પણ આપેલાં છે અને તેની અનેક આવૃત્તિઓ થઈ છે. જોન પેઇનનો અનુવાદ (૧૮૮૨–૧૮૮૪) અંગ્રેજી અનુવાદોમાં ઉત્તમ છે. તેમાં મૂળનો સંપૂર્ણ અનુવાદ આપેલો છે, પણ ટિપ્પણ આપ્યાં નથી. રિચાર્ડ બર્ટનનો અનુવાદ (૧૮૮૫–૧૮૮૮) કાવ્યભાગ સિવાય પેઇનના અનુવાદને અનુસરે છે, અને તે મૂળના પૌર્વાત્ય 'સ્વાદ'નું પુનર્નિર્માણ કરવા મથતો હોઈને પેઇનના અનુવાદ કરતાં વધુ રોચક બન્યો છે.

(ગાલારના અનુવાદમાં મૂળ અરબી કથાની મને–કમને સહી લેવાતી સિન્ડરેલાનું, પશ્ચિમની લોકકલ્પના અને સાહિત્યિક કલ્પનાની સૌની વહાલી, ઉદાર હાથવાળી પરીમાં રૂપાંતર થઈ ગયું છે.)

(ઈ. લિટ્માન, 'અરેબિયન નાયટ્સ'ના જર્મન અનુવાદના પરિશિષ્ટમાં, ૧૯૫૩, પૃ. ૬૪૭–૭૩૮).

**આપકર્મી અને બાપકર્મી** અથવા **અન્યકર્મી** : જુઓ **ગુણસુંદરી અને પુણ્યપાલ**, પહેલો ઘટક, **સિં.બ.–૨**, ૪૫ બીજી કથા **વિધાતાની વાર્તા**, ત્રીજો ઘટક. આ કથાઘટક ગુણાવલી અને ગુણકરંડની કથામાં, શ્રીપાલરાજા અને મદનસુંદરીની કથામાં, તથા સંસ્કૃતમાં પં. પ્ર. ની ૧૨૩મી અને ૪૧૧મી કથામાં, 'ભોજચરિત્ર'માં કાલિદાસને લગતી દંતકથામાં–એમ કથાસાહિત્યમાં અનેક સ્થળે મળે છે. જુઓ, 'રાસ–સાહિત્ય', પૃ. ૪૨૬–૨૭. ઉપરાંત 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ'માં તે 'વીર વિક્રમ અને બાવો બાળનાથ' એ કથામાં પાંચમા ઘટક તરીકે આવે છે.

**આરામશોભા** : દિગંબર જૈનપરંપરામાં આ કથા 'સુગંધદશમી–કથા' તરીકે જાણીતી છે. જુઓ **સુગંધદશમી**. આ કથાનાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ તથા અર્વાચીન ભારતીય ભાષાઓમાં પણ વિવિધ રૂપાંતરો મળે છે. વિદેશી કથા-સાહિત્યમાં જાણીતી 'સિન્ડરેલા'ની કથા એ આ કથાનું જ રૂપાંતર છે. આ બધા માટે જુઓ હીરાલાલ જૈન સંપાદિત 'સુગંધદશમી–કથા', ૧૯૬૬; જયંત કોઠારી અને કીર્તિદા જોશી સંપાદિત 'આરામશોભા રાસમાળા', ૧૯૮૯. ઉપરાંત જુઓ લો. મૂ. પૃ. ૩૩૧ ૩૩. આરામશોભાની કથામાં મસ્તક પર રહેતા સદાબહાર ઉદ્યાનનો જે ઘટક આવે છે તે **અંબડ વિદ્યાધર**, ઘટક ૪.૧માં પણ મળે છે.

વ્રજના લોકકથા-સાહિત્યમાં આનું રૂપાંતર 'ફૂલનદેવી-કોલનદેવી' એવા નામે મળે છે. જુઓ સત્યેન્દ્ર, 'લોકસાહિત્ય-વિજ્ઞાન' પૃ. ૨૨૯–૨૩૯. પશ્ચિમની પરંપરામાં આ કથા 'Mother Holle' તરીકે જાણીતી છે. (ગ્રીમકૃત 'ફેરી ટેય્લ્ઝ'માં તે મળે છે.) આ કથાઘટક એલ. ૫૫ છે (Step daughter Heroine). આરામશોભાની કથામાં અપરમા સાવકી દીકરીના મૃત્યુ માટે ષડ્યંત્ર ગોઠવે છે. આ કથાઘટક મિસિસ બર્ન્સના અનુક્રમાંક ૫૫ ('સ્નો વાયટ')માં નોંધાયેલું છે. જુઓ 'કથામંજૂષા'-૭, પૃ. ૩૫. ગુજરાતની મૌખિક પરંપરામાં એ કથા 'હાય મારી કાણી, તું ક્યાંય ન સમાણી' એવે નામે પ્રચલિત છે. શાંતિભાઈ આચાર્યે ઉત્તર ગુજરાતમાંથી 'સાસી આય' એવે નામે તથા જોરાવરસિંહ જાદવે 'નાગદેવતા'ને નામે આ લોકકથા નોંધી છે. જુઓ **નાગકથાઓ** (ટિ.)

**ઇંદ્રસભામાં નર્તકીની સેવા આપતી માનવસુંદરી** : જુઓ **નાચી ફાડેલી મોજડી** (ટિ.)

**ઈર્ષ્યા ન કરવા ઉપર દૃષ્ટાંતકથા** : **ધન્યકુમાર અને શાલિભદ્ર**, બીજા ઘટકમાં વેશધારી પતિત મુનિનું અને ચોથા ઘટકમાં રુદ્રાચાર્યનું દૃષ્ટાંત આપ્યું છે.

**ઉદયન અને વાસવદત્તા** : **અભયકુમાર મંત્રી**, તેરમો ઘટક. **ધન્યકુમાર અને શાલિભદ્ર**, બાવીસમો ઘટક. સંસ્કૃતમાં

'કથાસરિત્સાગર' વગેરેમાં આ કથા અત્યંત જાણીતી છે. જુઓ ટૉ. પે.–૧, પૃ. ૧૩૩ અને પછીનાં.

**ઉજ્જડ નગરીનો દૈત્ય કે રાક્ષસ : ચમત્કારી પંચદંડ–૨, સિં.બ.–૨,** પાંચમી કથા, ચોથો ઘટક.

**ઊડતું વૃક્ષ** (મંત્રબળે કે વિદ્યાબળે–) (એ વૃક્ષ પર ચડી ભ્રમણ કરવા નીકળતી સ્ત્રીઓ કે કુમારીઓ) : (૧) **ચમત્કારી પંચદંડ-૨,** ત્રીજો ઘટક. (૨) **ચંદરાજા અને પ્રેમલાલચ્છી,** ત્રીજો ઘટક. (૩) **કૃપણ શેઠ શૃંગદત્ત** તથા (૪) તેનું સંસ્કૃત રૂપાંતર, પં. પ્ર. ૪૧૮મી કથા. (૫) **અંબડ વિદ્યાધર,** ઘટક ૪.૧માં; ઘટક ૭.૩માં મંત્રબળે ચાલતા રથમાં બેસી પાતાળમાં જવાની વાત છે. 'કથાસરિત્સાગર'(૩.૨૦)માં ઉપાધ્યાયપત્ની કાલરાત્રિ યોગિની હોઈને રાત્રે તે અંતરિક્ષમાં ઊડતી અને ઉપાધ્યાયનો શિષ્ય પણ ઊડવાનો મંત્ર શીખ્યો એ પ્રકારની વાત છે.

**ઊડતો કાષ્ઠનો ઘોડો :** (યાંત્રિક, ચમત્કારી વિદ્યાબળે) : જુઓ **કાષ્ઠનો ઘોડો, કર્પૂરમંજરી,** ચોથો અને પાંચમો ઘટક; ટૉ. પે. ૩, પૃ. ૫૬–૫૯, ૬, પૃ. ૧૫૧–૧૫૩; ૨૮૧–૨૮૫; 'વસુદેવહિંડી', પૃ. ૬૧ અને પછીનાં. આલ્સ્ડોર્ફે 'અરેબિયન નાયટ્સ'માં મળતી એક કથાના મૂળમાં 'વસુદેવહિંડી'માં આવતી કોક્કાસની કથા હોવાનું દર્શાવ્યું છે. જુઓ Kleine Schriften, પૃ. ૫૬૮ અને પછીનાં, અને એ પુસ્તકનું અવલોકન, ભાયાણી, 'સંબોધિ', ગ્રં. ૯, પૃ. ૭૬.

**ઊંઘ વેચી ઉજાગરો લીધો :** ભેંસનું નામ 'ઊંઘ' અને વછેરાનું નામ 'ઉજાગરો' દેખીતાં જ કૃત્રિમ છે. ચાલુ કહેવત ઉપરથી કથા ઘડી કાઢેલી જણાય છે. કીમતી ચીજના બદલામાં નિરુપયોગી ચીજ લઈને ખોટનું સાટું કર્યું એવા ભાવાર્થની આ કહેવત છે. 'બ્રાહ્મણિયા મત થોડી, વેચી ભેંસ અને લીધી ઘોડી,' એ કહેવત સાથે સંકળાયેલો ટુચકો પ્રસ્તુત કહેવત સાથે વીરવિજયે જોડી દીધો લાગે છે. 'અગમબુદ્ધિ વાણિયો, પચ્છમબુદ્ધિ બ્રહ્મ, તરતબુદ્ધિ તરકડો, ઢીંકો મારે ઢમ' એ કહેવત પણ અહીં યાદ આવે. કેટલીક કહેવતો ટુચકાના નિષ્કર્ષરૂપે હોય છે, તો કેટલીક કહેવતો ઉપરથી ટુચકો ઘડી કઢાતો હોય છે. એનાં ઉદાહરણ સ્વામી 'પ્રણવતીર્થકૃત' 'કહેવત–કથાનકો', કથાનક ૩ વગેરેમાં જોઈ શકાય છે.

**ઊંચનીચ વચ્ચે સંબંધ :** સિંહણ અને હરણ વચ્ચે સંબંધ. જુઓ **મદન અને મોહના,** ચોથો ઘટક.

**ઋષિદત્તા :** મેરુસુંદરે આપેલા રૂપાંતર ઉપરાંત જૂની ગુજરાતીમાં જયવંતસૂરિ, દેવકલશ, રંગસાર, મતિસાર, ગુણવિનય ઇત્યાદિની આ કથાને લગતી રચનાઓ મળે છે. ઉપરાંત જુઓ, 'પુરાતનપ્રબંધસંગ્રહ', પૃ. ૨૬–૨૯. જુઓ, જયવંતસૂરિકૃત 'ઋષિદત્તા–રાસ' (સં. નિપુણા દલાલ). આ ઉપરાંત રાજર્ષિ–કન્યા અમરાવતી અને અંબડ વિદ્યાધરવાળા પ્રસંગનો આધાર પણ ઋષિદત્તાની કથા છે. જુઓ **અંબડ વિદ્યાધર,** ઘટક ૫.૧ થી ૫.૩.

**ઋષ્યશૃંગની કથા :** જુઓ **વલ્કલચીરી.**

**ઐન્દ્રજાલિક : સિં.બ.–૧,** ત્રીશમી કથા. **વેતાલ-પચીસી–૨** કથાપીઠ, ત્રીજો ઘટક. શામળમાં સંસ્કૃત સિં.બ.ની ક્ષેમંકરીય વાચનાની ત્રીસમી કથાનું વિભાજન અને વિસ્તરણ છે. ઉપરાંત જુઓ **અંબડ વિદ્યાધર,** ઘટક ૭.૧

**'કખદઘન'નું દૃષ્ટાંત :** કોશમાં આ કથા રમણલાલ શાહ સંપાદિત 'જંબૂસ્વામી રાસ' પૃ. ૧૮૭–૮૮ ઉપરથી ઉદ્ધૃત કરેલી છે.

**કટાહદ્વીપ :** જુઓ **ધુતારાનગરી** (ટિ.).

**કટોકટીની પળે બચાવતી સદુક્તિ :** જુઓ **માર્મિક પદ્યોક્તિ** (ટિ.).

**કનકાવતી :** જુઓ **રૂપસેન અને કનકાવતી.**

**કપટી આશયવાળો સિદ્ધ કે યોગી : (૧)** જુઓ **મંત્રસિદ્ધિ માટે મનુષ્યનું બલિદાન** (ટિ.). **(૨) વેતાલ-પચીસી–૨,** આરંભકથા.

**કપટી રૂપધારી :** આ કથાનાં બીજાં રૂપાંતર પાલિમાં 'ઇલ્લીસજાતક'માં, સંસ્કૃતમાં 'જિનદત્તાકથાનક'માં પૃ. ૨૮-૩૩, પં. પ્ર.માં ૪૧૮મી કથામાં, 'શુકસપ્તતિ'ની ત્રીજી કથામાં અને 'દેવકુમારચરિત્ર'માં તથા જૂની ગુજરાતીમાં 'ધન્ના–શાલિભદ્ર ચોપાઈ' (ગુણવિનય)માં મળે છે. એ જ રીતે **અંબડ વિદ્યાધર,** ઘટક ૪.૨માં, **જુગારી દેવદાસ અને કૃપણ શેઠ**માં તથા **સિં.બ.–૨ની** છવ્વીસમી કથા **માધવાનલ**ની પૂર્વપીઠિકામાંની 'ભાનુચંદ્ર શેઠ અને ખેચરની કથા'માં આનાં રૂપાંતર મળે છે. આ ઉપરાંત જૈન રામાયણમાં કપટી સુગ્રીવનો પ્રસંગ અને પૌરાણિક 'જાલંધર–આખ્યાન'માં મળતો જાલંધર–રૂપધારી વિષ્ણુનો પ્રસંગ પણ રૂપ બદલીને બીજાને છેતરવાના ઘટક સાથે જોડાયેલા છે. જુઓ લો. મૂ. પૃ. ૧૧૪–૧૨૦.

શુભશીલકૃત સંસ્કૃત 'વિક્રમચરિત્ર'માં ખાપરા ચોરની ઉત્પત્તિકથામાં પણ આનું એક રૂપાંતર મળે છે. શેઠપુત્ર ગુણસાર વેપાર અર્થે પરદેશ ગયો ત્યારે એક યક્ષ ગુણસારનું રૂપ લઈને તેને ઘરે રહ્યો. ગુણસાર પરદેશથી પાછો આવ્યો ત્યારે સાચો ગુણસાર કોણ તે બાબત ઝગડો થયો. બંનેમાંથી જે દ્વાર બંધ કરેલ નિઃચ્છિદ્ર ભુવનમાંથી બહાર નીકળી બતાવે તે

સાચો ગુણસાર, એવી કસોટી વેશ્યાએ નક્કી કરી. યક્ષે કસોટી પાર કરી. તેને કાઢી મૂકીને બીજાને સાચા ગુણસાર તરીકે સ્વીકારવામાં આવ્યો.

**કપટી વેશધારી તપસ્વિની** : જુઓ **અંબડ વિદ્યાધર**, ઘટક ૬.૧.

**કરવત મુકાવવી** (કાશીએ અથવા પ્રયાગમાં જઈ–) : જીવનમાં પૂરી ન થયેલી ઇચ્છા, ઇષ્ટ પ્રેમપાત્ર મેળવવું વગેરે બીજે ભવે પૂરી કરવાની કામના સાથે જે વિવિધ પ્રકારના આપઘાતો કરાતા તેમાંનો આ એક પ્રકાર છે. જુઓ **હંસાવતી અને વિક્રમચરિત્ર**, ત્રીજો અને ચોથો ઘટક; **ભદ્રાભામિની** (**સિં.બ.–૨** ત્રેવીસમી કથા), છઠ્ઠો ઘટક. આવા બીજા પ્રકાર તે ભૈરવજાપ અને પ્રયાગવડથી પતન. ભૈરવજાપના બે પ્રાચીન ઉલ્લેખ માટે જુઓ પ્રાકૃત 'કુવલયમાલાકથા' (પૃ. ૫૫, પંક્તિ ૨૧); 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત,' (૨, ૬, ૪૮ ભૃગુ પરથી ઝંપાપાત). ઉપરાંત જુઓ 'મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ' પૃ. ૧૩૫.

**કર્પૂરમંજરી** : મતિસાર ઉપરાંત કનકસુંદરે પણ ૧૫૫૭ માં 'કર્પૂરમંજરી' નામક રચના કરી છે. ભો. જ. સાંડેસરાએ મતિસારની કૃતિના સંપાદનની ભૂમિકામાં એનો સાર આપેલો છે. પૂતળી જોઈને તેના મોહમાં પડવાનો કથાઘટક **ચિત્રસેન** અને **પદ્માવતી**માં પણ મળે છે. એનો આધાર સંસ્કૃત 'ચિત્રસેન–પદ્માવતી'ની કથા છે, જેનું મૂળ ક. સ. સા. (ટૉ. પે. ૩, ૨૯૧ અને પછીનાં)માં છે. જુઓ લો. મૂ. પૃ. ૩૦૧–૩૦૨.

પ્રાકૃતમાં આ કથાઘટક માટે જુઓ 'જિનદત્તઆખ્યાન', પૃ. ૬; 'અમરદત્ત–મિત્રાણંદ કથા' (આ. કો. વૃ. પૃ. ૨૦૨ અને પછીનાં). જૂની ગુજરાતીમાં સાતેક રૂપાંતરો મળે છે. (લો. મૂ. પૃ. ૨૫).

ઉપરાંત જુઓ સત્યેન્દ્રકૃત 'લોકસાહિત્ય–વિજ્ઞાન' પૃ. ૩૦૬; ફ્રે.માં ક. પ્ર. ૫૧૬(Faithful John); **શિલ્પસુંદરી** (ટિ.); 'મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ,' પૃ. ૪૪–૫૫.

**કાગડાનું જોડું અને કાળો નાગ** : શુભશીલકૃત સંસ્કૃત 'વિક્રમચરિત્ર'માં (પત્ર ૨૩) કાગડીનાં ઈંડાં ખાઈ જતા સાપને, કાગડીએ સોનાનો હાર ઉઠાવી લાવી, તેને સાપના દર પર નાખીને મરાવ્યાની કથા આપેલી છે. પત્ર ૧૫૮ ઉપર શ્લોક પણ આપેલો છે :

ઉપાયેન હિ તત્ કુર્યાદ્, યન્ન શક્યં પરાક્રમૈઃ ।
કાકથા કનકસૂત્રેણ, કૃષ્ણસર્પો નિપાતિતઃ ।। (૮, ૧૩૭૯)

**કાબરું આંતરડું** : જુઓ **સિં.બ. ૧**, ઓગણત્રીશમી કથા. સંસ્કૃતમાં પુ. પ્ર., પૃ. ૪, પરિચ્છેદ ૮; પૃ. ૧૦, પરિચ્છેદ ૧૪.

**કામરૂ દેશનું ત્રીયારાજ** : જુઓ **કાષ્ઠનો ઘોડો**, **સિં.બ.–૨**, સોળમી કથા, પહેલો ઘટક.

**કામી પુરુષને પાઠ ભણાવતી ચતુર શીલવતી** : **ઠગારી ગણિકા** (**સિં. બ. ૨**, અઢારમી કથા), પાંચમો ઘટક; **ભદ્રાભામિની** (**સિં. બ.–૨** ત્રેવીશમી કથા), ત્રીજો ઘટક; ઉપરાંત જુઓ **ફસાવનારની ફસામણી** (ટિ.) તથા **શીલ-પરીક્ષા** અને **શીલરક્ષા** (ટિ.).

**કાષ્ઠશેઠ** : જુઓ **જાદુઈ પક્ષી** (ટિ.).

**કુબેરદત્ત અને કુબેરદત્તા** : જૈન પરંપરામાં આ કથા આશરે છઠ્ઠી શતાબ્દીથી આજ સુધી અનેક રૂપાંતરે જાણીતી છે. 'જંબૂચરિત'ની એક આડકથા તરીકે 'વસુદેવહિંડી'માં (મૂળ, પૃ. ૧૦–૧૨; ગુજરાતી અનુવાદ, પૃ. ૧૬–૧૯; અંગ્રેજી અનુવાદ, જૈન, પૃ. ૫૬૪–૫૬૬). પછી પ્રાકૃતમાં જ ગુણપાલકૃત 'જંબુચરિય' (આ. આઠમી શતાબ્દી) (પૃ. ૮૭–૯૧) અને 'કત્તિગેયાનુપેક્ખા'માં, સંસ્કૃતમાં હેમચંદ્રના 'પરિશિષ્ટપર્વ'ના જંબૂચરિત્રમાં (સર્ગ બીજો) : યાકોબીની આવૃત્તિની ભૂમિકામાં આ કથાનાં અન્ય રૂપાંતર નોંધેલાં છે); હેર્ટેલનો જર્મન અનુવાદ (Ausgewahltes Erzahlungen aus H.'s Pariśiṣṭaparvan, ૧૯૦૮; ત્યાં પણ સમાંતર કથાઓ નોંધી છે). પં. પ્ર.માં પણ તે સંક્ષિપ્ત રૂપમાં છે (પૃ. ૧૩૪–૧૩૫). વિમલપ્રકાશ જૈન સંપાદિત વીરકૃત અપભ્રંશ 'જંબૂસામિચરિય'ની ભૂમિકામાં જે જંબૂસ્વામીના ચરિત્રને લગતી સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, જૂની હિંદી કૃતિઓની સૂચિ આપી છે, તેમાંથી પણ કેટલીકમાં આ કથા હોવાનો ઘણો સંભવ છે. દક્ષિણ ભારતની ભાષાઓના જૂના સાહિત્યમાં પણ તે હોય, એ. કે. રામાનુજને કન્નડ લોકકથામાંના એક રૂપાંતરની ચર્ચા કરી છે. જુઓ 'The Indian Oedipus'–A Folklore Casebook, ed. L. Edmunds, A. Dundes, ૧૯૮૩, પૃ. ૨૩૪–૨૬૩; કથાનું લાક્ષણિક અંતિમ હાલરડું ઘણાં રૂપાંતરોમાં જળવાયું છે.

**કુલટાચરિત્ર** (જારકર્મ માટે લલચાવીને દગો દેતી કુલટા) : **વેતાળ ભાટ** (**સિં.બ.–૨**, વીસમી કથા), ત્રીજો ઘટક.

પતિને સંતાયેલો જાણી જારને પોતે પતિવ્રતા કહીને કાઢી મૂકતી કુલટા માટે જુઓ **સૂ.બ.**; 'પંચતંત્ર,' ૪, સાતમી કથા (સાંડેસરાનો અનુવાદ, પૃ. ૩૯૫ અને પછીનાં); ક.સ.સા. પૃ. ૩૨૭.

**કુલટાની સહાય કરતાં નાક વઢાવતી દૂતી** : **પરિવ્રાજક અને ધુતારો** (**પંચાખ્યાન**, ઘટક ૨.૪ બીજો અને ત્રીજો ઘટક), **કાપેલું નાક સાજુ કરી બતાવી સાચી સતી ઠરતી કુલટા** (**સૂ.બ.** સાતમી કથા); **ઠગારી ગણિકા** (**સિં.બ.–૨**, અઢારમી કથા : **વહાણની વાર્તા**, બીજો ઘટક).

**ફૂટકટાહ** : જુઓ **ધુતારાનગરી** (ટિ.).

**કૃતઘ્ન માનવી અને કૃતજ્ઞ પ્રાણી** : (૧) **સિં.બ.–૧**, પહેલી કથા (મૂળ **સિં.દ્વા.**, પહેલી કથા)(જુઓ '**વિસેમિરા**'ની સમસ્યા) (ટિ.); સંસ્કૃત રૂપાંતર, ક. સ. સા. (ટૉ. પે. ૧, પૃ. ૫૩–૫૫).

(૨) **બ્રાહ્મણ, વાઘ, વાનર, સાપ અને સોની** : **પંચાખ્યાન**, નવમી કથા. ક. સ. સા (ટૉ. પે. ૫, પૃ. ૧૫૭ અને પછીનાં)માં કૃતજ્ઞ પ્રાણીઓ અને કૃતઘ્ન સ્ત્રીની કથા છે. પેન્ઝરે બીજાં રૂપાંતર ત્યાં નોંધ્યાં છે.

**કૃતજ્ઞતાની કસોટી** : **સિં.બ.–૧**, ચોથી કથા; **સિં.બ. ૨**, પંદરમી કથા (**મેનાપોપટ**, પાંચમો ઘટક). **સિં.દ્વા.**(ક્ષેમંકરીયવાચના)માં પણ આ ચોથી વાર્તા છે. સિદ્ધ કે યોગીએ જંગલમાં સંકટવેળાએ રાજાને બે ફળ આપીને તેની આગતાસ્વાગતા કરી. તેથી કૃતજ્ઞતા અનુભવતા રાજાની લાગણીની કસોટી કરવા સિદ્ધ રાજકુમારનું અપહરણ કરી તેને પોતે મારી નાખ્યો હોવાનું રાજાને કહે છે, પણ રાજા હજી તો માત્ર એક જ ફળનો બદલો વળ્યાનું જણાવી સિદ્ધને કશી શિક્ષા કરતો નથી.

**કૃપણ શેઠ શૃંગદત્ત** : પં. પ્ર. ૪૧૮મી કથામાં આનું સંસ્કૃત રૂપાંતર મળે છે.

**ક્ષત્રિયવટનો પ્રપંચ રચીને બચતી કુલટા** (**સૂ.બ.**, એકવીશમી કથા) : અ. ના.ની ૫૮૧મી રાતની કથામાં આનું જ એક રૂપાંતર છે. The Lady and Her Two Lovers (બર્ટન, પૃ. ૧૩૮).

**ખાપરો ચોર** : જુઓ **વિક્રમાદિત્ય રાજા અને ખાપરો ચોર**; શુભશીલગણિકૃત 'વિક્રમચરિત્ર' (ઈ.સ. ૧૪૪૩) અંતર્ગત પ્રાપ્ત ખાપરા ચોરની કથા, પૃ. ૨૫–૩૧; સોમદેવકૃત 'કથાસરિત્સાગર' અંતર્ગત 'મૃગાંકદત્ત અને માયાબટુ'ની કથા, ગ્રંથ ૬, પૃ. ૩૭–૩૯ તથા 'શાહુકારની પુત્રી અને ચોરની કથા' ગ્રંથ ૮, પૃ. ૧૧૮–૧૧૯; 'કથામંજૂષા'–૫, પૃ. ૩૫–૩૯.

**ગુફાનગરી** (ગુપ્ત ગુફામાર્ગે પહોંચી શકાય તેવી અદ્ભુત નગરી) : જુઓ **અબોલા રાણી**, પહેલો ઘટક; **અદ્ભુત નૌકા**, ત્રીજો ઘટક.

**ભૂગર્ભ–નગરી** : સંસ્કૃત 'સિંહાસન–દ્વાત્રિંશિકા,' ઓગણીસમી કથા : વિક્રમનો પાતાળપ્રવેશ અને બલિરાજા પાસેથી ચમત્કારી વસ્તુની ભેટ તરીકે પ્રાપ્તિ.

**ગુરુ–શિષ્યા વચ્ચે પ્રણયસંબંધ** : આ ઘટકના કેટલીક કથાઓમાં થયેલા ઉપયોગ માટે જુઓ લો. મૂ. પૃ. ૨૭૧ અને પછીનાં, તથા **ધન્યકુમાર અને શાલિભદ્ર**, બાવીશમો ઘટક.

**ગૃહસ્થાશ્રમનો મહિમા** : ઋષિપુત્રીની દૃષ્ટાંતકથા, જુઓ **ભરથરી**, છઠ્ઠો ઘટક; બ્રાહ્મણપુત્રની દૃષ્ટાંતકથા, **ભરથરી**, સાતમો ઘટક.

**ગોબ્રાહ્મણનો પ્રતિપાલક રાજા** : (૧) **સિં.બ.**–૧, છવ્વીસમી કથા ગોરક્ષા કરતા વિક્રમને લગતી છે. આનો આધાર સંસ્કૃત સિં.દ્વા.ની છવ્વીસમી કથા છે. એનું વિસ્તરણ **સિં.બ.**–૨ બાવીશમી કથા **કામધેનુ** અંતર્ગત ગોરક્ષાનો પહેલો ઘટક અને બ્રાહ્મણની માગણી પૂરી કર્યાનો બીજો ઘટક –એમાં થયેલું છે. કાલિદાસના 'રઘુવંશ'માં ગોસેવા કરતો દિલીપરાજા સિંહના આક્રમણમાંથી ગાયને બચાવવા પોતાની જાત ધરી દે છે એ પ્રસંગ જાણીતો છે.

**ગોપબાળકનો ન્યાય** : જુઓ **ચમત્કારી ટીંબો** (ટિ.).

**ગોરખયોગિની** : જુઓ **અંબડ વિદ્યાધર.**

**ગોવાળિયાનો ન્યાય** : જુઓ **ચમત્કારી ટીંબો** (ટિ.).

**ઘરેણાં વેચતાં પકડાતો ચોર** (તે પરથી પહેરનારનો અથવા મૂળ ચોરનો પત્તો લાગવો) : **મૃગાવતી, પહેલો** ઘટક; **કૃતજ્ઞ પ્રાણીઓ અને કૃતઘ્ન માનવી** (**પંચાખ્યાન**, ઘટક ૨.૮). **સદયવત્સ અને સાવલિંગા**–૧ માં ગણિકાએ પહેરેલી કાંચળી જે નગરશેઠને ત્યાંથી ચોરાઈ હતી તે જ હોવાનો પ્રસંગ છે; અને **શકુંતલા**માં વિસરાઈ ગયેલી પત્નીનું, તેની વીંટી વેચવા નીકળેલા દ્વારા પતિને સ્મરણ જાગૃત થવાની વાત છે.

**ચતુર પુત્રવધૂ** : જુઓ **શૃંગારમંજરી.** જૈન આગમગ્રંથ 'જ્ઞાતાધર્મકથા'માં આવતી રોહિણીની કથામાં પણ પુત્રવધૂઓની ચતુરાઈની કસોટીની વાત છે, પણ કસોટીનો પ્રકાર જુદો છે.

**ચમત્કારી પંચદંડ** : જુઓ **ચમત્કારી વસ્તુઓ કે રત્નો** (ટિ.) નીચે 'ચમત્કારી દંડ'. પંચદંડની કથાની સમગ્ર પરંપરા વિશે જુઓ સોમાભાઈ પારેખ 'પંચદંડની વાર્તા'.

**ચમત્કારી વસ્તુઓ કે રત્નો** : ૧. ત્રણ ચમત્કારી વસ્તુઓની પ્રાપ્તિ : (૧) ચમત્કારી ઘોડો, ઇચ્છાગામી પલંગ અને ચમત્કારી પોપટ. જુઓ **કુસુમશ્રી અને વીરસેન.** (૨) કામઘટ, ચમત્કારી દંડ અને ચામર. જુઓ **ધર્મબુદ્ધિ મંત્રી અને પાપબુદ્ધિ રાજા**, ઘટક ૧.૧. (૩) ઊડણ ખાટલી, શ્વેત અને રક્ત કંબા અને બે દિવ્ય રત્ન. જુઓ **ધર્મબુદ્ધિ મંત્રી અને પાપબુદ્ધિ રાજા**, ત્રીજો ઘટક.

૨. **ચમત્કારી અશ્વ : કુસુમશ્રી અને વીરસેન**, પહેલો ઘટક.

૩. **ચમત્કારી અંજન : ચમત્કારી પંચદંડ–૧**, ઘટક ૨.૩; **ચમત્કારી પંચદંડ–૨**, ચોથો ઘટક; **ધર્મબુદ્ધિ મંત્રી અને પાપબુદ્ધિ રાજા**, ત્રીજો ઘટક.

**૪. ચમત્કારી ગુટિકા** : (૧) નરનું વાનરમાં અને વાનરનું નરમાં રૂપાંતર કરવાનો પ્રભાવધ ધરાવતી : **રૂપસેન અને કનકાવતી**, ચોથો અને પાંચમો ઘટક. (૨) મનુષ્યનું ગર્દભમાં અને ગર્દભનું મનુષ્યમાં રૂપાંતર કરવાનો પ્રભાવ ધરાવતી : **જાદુઈ પક્ષીહૃદય** એ કથાપ્રકૃતિનાં વિવિધ રૂપાંતરોમાં. (લો. મૂ. પૃ. ૩૯ અને પછીનાં). (૩) મોંમાં રાખનારને અદૃશ્ય બનાવી દેવાનો પ્રભાવ ધરાવતી : **ચમત્કારી ગુટિકા** અથવા **ગુટિકાની વાર્તા**.

૫. **ચમત્કારી ચૂર્ણ** : મનુષ્યનું ગર્દભ વગેરેમાં તથા ગર્દભ વગેરેનું મનુષ્યમાં રૂપાંતર કરતું : **અંબડ વિદ્યાધર**, ઘટક ૪.૧.

૬. **ચમત્કારી જળ** : (૧) વિદ્યાપ્રયોગથી કૂકડો બનાવી દીધેલા મનુષ્યનું મૂળરૂપમાં પરિવર્તન કરી શકતું : **અંબડ વિદ્યાધર**, ત્રીજો ઘટક. (૨) વિદ્યાબળે ગર્દભ બનાવી દીધેલા મનુષ્યનું મૂળરૂપમાં પરિવર્તન કરી શકતું : **અંબડ વિદ્યાધર**, ઘટક ૩.૩.

૭. **ચમત્કારી જડીબૂટી : ધનવંત શેઠ**, પહેલો ઘટક.

૮. **ચમત્કારી ટીંબો** અથવા **ગોપબાળકનો ન્યાય** : **સિં.બ.–૨** પૂર્વપીઠિકા. (૧) ટીંબા ઉપરના માળિયે ચડતાં કૃપણ ખેડૂતની ઉદારતા; (૨) ઓળવેલી થાપણ પકડી પાડવી.

ક. સ. સા. ત્રીજા લંબક, અઢારમા તરંગમાં એવી વાત છે કે ગોવાળનો છોકરો અમુક સ્થળે પથ્થર પર બેસતો ત્યારે રાજાની જેમ વર્તતો. તે જોઈ ને ઉદયનના પ્રધાન, યૌગંધરાયણે એ જગા ખોદાવી. અંદરથી ધનભંડાર અને રત્નસિંહાસન નીકળ્યાં. ઉદયનના પૂર્વજોનું એ સિંહાસન હતું. દિગ્વિજય કર્યા પછી એ સિંહાસન ઉપર બેસવાનું ઉદયને ઠરાવ્યું. જુઓ **દૈવી સિંહાસનની પ્રાપ્તિ** તથા **વારસાની સમસ્યા** (ટિ.). પુ. પ્ર. (પૃ. ૧૨૧–૧૨૮)માં એવી કથા છે કે પરદેશ ગયેલા વેપારીએ પોતાના ઓળખીતા એક વણિકપુત્ર સાથે પોતાની પત્નીને ચાર રત્ન મોકલ્યાં. વણિકપુત્રે તે કપટ કરીને ઓળવી લીધાં. એનો ન્યાય ન્યાયાધીશના યુવાન પુત્રે ઉપર પ્રમાણે જ કરી બતાવ્યો.

**૯. ચમત્કારી દંડ** : (૧) સિદ્ધદંડ, વિજયદંડ, મહાગુણદંડ, કામિકદંડ, વિષહરદંડ, અને તમહરદંડ : નરપતિકૃત 'પંચદંડ'માં. (૨) ઊડણદંડ, અજિતદંડ, અભયદંડ વિષહરદંડ અને પ્રતાપદંડ : **ચમત્કારી પંચદંડ–૨** માં. (૩) સર્વાર્થસિદ્ધિદંડ અને કર્મદંડ : **અંબડ વિદ્યાધર**, સાતમો ઘટક. શુભશીલકૃત સંસ્કૃત 'વિક્રમચરિત્ર'ના નવમા સર્ગમાં પંચદંડછત્રની કથા છે.

૧૦. **ચમત્કારી દીપક** : રવિચંદ્ર દીપક : **અંબડ વિદ્યાધર**, છઠ્ઠો ઘટક.

૧૧. **ચમત્કારી દોરો** : મંત્રેલો દોરો બાંધીને મનુષ્યને પોપટ બનાવી દેવાનો ઘટક અનેક કથાઓમાં મળે છે. જેમ કે **ચંદરાજા અને પ્રેમલાલચ્છી**, ત્રીજો ઘટક; **વિદ્યાવિલાસ વણિકપુત્ર**, પાંચમો ઘટક.

૧૨. **ચમત્કારી પલંગ** (કામિત પલંગ, ઇચ્છાગામી પલંગ) : **કુસુમશ્રી અને વીરસેન**, પહેલો ઘટક. આ ઘટક 'અરેબિયન નાય્ટ્સ' કે 'અલ્ફ લયલા વ લયલાહ'ની કથાઓમાં આવતી 'જાદુઈ શેતરંજી' ને અનુરૂપ છે.

૧૩. **ચમત્કારી પછેડી : અંબડ વિદ્યાધર**, આઠમો ઘટક.

૧૪. **ચમત્કારી પોપટ** અથવા **સ્વામીભક્ત, ચતુર પોપટ** : (૧) ચૂડામણિ પોપટ : **કુસુમશ્રી અને વીરસેન**, (૨) **ચંદ્રશેખર રાજા**, દસમો ઘટક. (૩) **ગંગસેન અને દૂધાં**માંનો દામોદરો પોપટ. (૪) **સૂડાબહોંતરી** અને 'શુકસપ્તતિ'ના આરંભે આવતાં મેના–પોપટ. (૫) **નંદબત્રીસી**માં પ્રધાનપત્નીની ચોકી કરતાં મેના–પોપટ. (૬) **કાદંબરી**માંનો વૈશંપાયન પોપટ (૭) 'રાધજાતક'માંના રાધ અને પૌષ્ઠપાદ નામના પોપટબંધુઓ. વિશેષ માટે જુઓ : લો. મૂ. પૃ. ૨૯૨ અને પછીનાં તથા પૃ. ૫૬ અને પછીના; ટો. પે. ગ્રંથ ૧૦ની ગ્રંથસૂચિમાં Parrot and Maina નીચેના ઉલ્લેખો. **સૂડાબહોંતેરી**નો પોપટ ('શુકસપ્તતિ' અનુસાર) નાયિકાને જારીવિજારીની દૃષ્ટાંતકથાઓ કહીને જારકર્મ કરતી અટકાવે છે.

૧૫. **ચમત્કારી ફળ** : (૧) ભૂખતરસનું શામક આમ્રફળ : **અંબડ વિદ્યાધર**, આઠમો ઘટક. (૨) નિત્યયૌવન અને આરોગ્ય આપતું અમરફળ : જુઓ **અમરફળ–૧**, પહેલો ઘટક **ભરથરી**, બીજો ઘટક, **અમરફળ–૨**. (૩) મનુષ્યનું ગર્દભમાં રૂપાંતર કરી શકતું ફળ : **અંબડ વિદ્યાધર**, ઘટક ૩.૩.

૧૬. **ચમત્કારી માટી** : જુઓ **તેજમતૂરી માટી** (ટિ.).

૧૭. **ચમત્કારી મૂળી** : નારીનું નરમાં પરિવર્તન કરતી : **અંબડ વિદ્યાધર**, ઘટક ૩.૧.

૧૮. **ચમત્કારી રત્નમાલા** : રૂપપરાવર્તન કરતી : **અંબડ વિદ્યાધર**, ચોથો ઘટક.

૧૯. **ચમત્કારી વાંદરી** (નિત્ય લાખેણું રત્ન આપતી લખી વાંદરી) : **અંબડ વિદ્યાધર**, પાંચમો ઘટક.

૨૦. **ચમત્કારી સોટી અથવા કંબા** : (૧) મંત્રેલી સોટીને બળે અંતરિક્ષમાં ઉડાડી શકાતું વૃક્ષ : જુઓ **ચંદરાજા અને પ્રેમલાલચ્છી,** ત્રીજો ઘટક. 'પંચદંડ'ની વાર્તામાં આ માટે મંત્રેલો ચમત્કારી દંડ વપરાતો હોવાનું કહ્યું છે. (૨) મનુષ્યનું હરણમાં અને હરણનું મનુષ્યમાં રૂપાંતર કરી શકતી શ્વેત અને રક્ત કંબા : **અંબડ વિદ્યાધર,** ઘટક ૭.૧.

૨૧. **ચમત્કારી શબ** (વેતાળથી કે યક્ષથી અધિષ્ઠિત, મૌનભંગ થતાં પકડમાંથી છટકીને ફરી વૃક્ષે લટકી જતું-) :

(૧) શ્મશાનમાંથી ઘરે પાછું આવી જતું : **સદયવત્સ અને સાવલિંગા–૧,** ઘટક ૯. (૨) સમસ્યાગર્ભ કથાઓ કહેતું : **વેતાલપચીસી.**

**ચંડપ્રદ્યોત રાજા** : જુઓ **ધન્યકુમાર અને શાલિભદ્ર,** ઘટક ૧૨–૧૩ અને ૨૩ થી ૨૭.

**ચંદરાજા અને પ્રેમલાલચ્છી** : જૂની ગુજરાતીમાં આ કથાને લગતી મોહનવિજય ઉપરાંત દર્શનવિજય, તેજમુનિ, વિદ્યારુચિ અને લબ્ધિરુચિની; હિન્દીમાં વલ્લભસુત વિષ્ણુની અને જ્ઞાનસાગરની તથા રાજસ્થાનીમાં રામસુતની અને રાજસ્થાની લોકકથાઓમાં 'ચંદ રાજાકી બાત'—એ રચનાઓ મળે છે. જુઓ અગરચંદ નાહટાનો લેખ : 'શોધપત્રિકા' ૭, ૨–૩, ૧૯૫૬, પૃ. ૩૭–૪૮.

**ચંદન અને મલયાગિરી** : જૂની ગુજરાતીમાં બારેક જેટલી કૃતિઓ આ કથાને લઈને રચાઈ છે. પ્રાકૃતમાં તે ગુણચંદ્રકૃત 'મહાવીરચરિત્ર'માં (૧૨ મું શતક), આ. કો. વૃ.માં તથા સંસ્કૃતમાં પં. પ્ર.ની ૫૪૩ મી કથામાં મળે છે. રમેશ જાનીએ 'The Jaina and non-Jaina Versions of the Popular Tale of Candana Malayāgiri from Prakrit and Other Early Literary Sources' એ લેખમાં કેટલાંક રૂપાંતરોની તુલના કરી છે. જુઓ, 'મહાવીર જૈન વિદ્યાલય સુવર્ણ મહોત્સવ ગ્રંથ'–૧, ૧૯૬૮, પૃ. ૨૨૫–૩૨. ઉત્તર ગુજરાતની લોકકથાઓમાં મળતાં બે રૂપાંતરો માટે જુઓ : **જાદુઈ પક્ષીહૃદય** (ટિ.); **વિયુક્ત કુટુંબ** (ટિ.). બૌદ્ધ સાહિત્યમાં 'ધમ્મપદ'ની ટીકામાં આપેલી 'ધમ્મદિન્ના'ની કથામાં પતિનું માન્યા વિના સગર્ભા પત્ની વનમાં થઈને જતી હતી ત્યારે તેના બે પુત્રો નદીમાં તણાયા અને પોતે ગાંડી થઈ ગઈ એવી વાત છે. આનું રૂપાંતર 'વસુદેવહિંડી'માં 'વસુદત્તાની કથા'માં મળે છે. જુઓ : ગુજરાતી અનુવાદ, પૃ. ૮૮ અને પછીનાં.

**ચાર ઘડવૈયા અને એક સુંદરી** : આ કથા **અબોલા રાણી**માં આડકથા તરીકે પણ આવે છે. જુઓ તેનો ત્રીજો ઘટક.

**ચાર પતિવાળી પતિવ્રતા પત્ની** : જુઓ **સતનાં પારખાં, વેતાલપચીસી–૨,** નવમી કથા.

**ચાલાક ચોર** : (૧) **વિક્રમચરિત્રકુમાર–૧ અને ૨** (કાવડિયાની વાર્તા). (૨) **સુરસુંદર અને અમરકુમાર.** સંસ્કૃતમાં ક. સ. સા.માં ઘટ અને કર્પર એ બે ચાલાક ચોરની કથા આવે છે. તે પ્રકારની કથાઓ વિશે જુઓ : ટૉ. પે., ૫, પૃ. ૧૪૨–૧૫૧ અને ૨૪૫–૨૮૬.

**ચિતારાની પુત્રી** (ચિત્રકરદારિકા કે ચિત્રકરસુતા) : આ કથા મૂળે પ્રાકૃતમાં હરિભદ્રસૂરિની 'આવશ્યકચૂર્ણિ'માં, જયસિંહસૂરિકૃત 'ધર્મોપદેશમાલાવિવરણ'માં ('ગર્વનિષેધે ચિત્રકરસુતા-કથા'), તથા હરિભદ્રકૃત 'મલ્લિનાથચરિત્ર' (અપ્રકાશિત)-માંની ભાવનાના દૃષ્ટાંતલેખે આપેલી 'મતિસુંદરીની કથા'માં મળે છે. સંસ્કૃતમાં પુ. પ્ર.માં મળતા આ કથાના રૂપાંતરમાં જે પાંચ વાર્તાઓ ચિતારાની પુત્રી કહે છે તે આ પ્રમાણે છે : (૧) 'ભોંયરામાં રહી રાણીઓનાં ઘરેણાં ઘડતા સોનીએ રાત પડી તે કઈ રીતે જાણ્યું ?' એનો ઉત્તર : 'સોની રતાંધળો હતો.' (૨) આ **વર ત્રણ અને કન્યા એક–૨** (**વેતાલપચીસી–૧,** બીજી કથા)નું રૂપાંતર છે. આમાં ચાર વર છે. પહેલો કન્યાની સાથે બળી મરે છે. બીજો તેનાં હાડકાં તીર્થમાં નાખવા જાય છે. ત્રીજો તેને માટે પિંડદાન કરે છે. ચોથો મૃતસંજીવની વિદ્યા લેવા જાય છે. કન્યા પિંડદાન કરનારને મળે છે. (૩) 'પેટીમાં પૂરેલા ચોરે તે ચાર દિવસ સુધી પુરાયેલો રહ્યો હોવાનું કેમ જાણ્યું ?' તેનો ઉત્તર : 'તેને ચોથિયો તાવ આવતો હતો.' (૪) 'પેટીમાંથી હાર ચોરાયેલો હોવાનું પેટી બંધ હતી તોયે કેમ જાણી લીધું ?' તેનો ઉત્તર : 'પેટી કાચની હતી.' (૫) આ **વર ત્રણ અને કન્યા એક–૨** (**વેતાલપચીસી–૨,** પાંચમી કથા)નું રૂપાંતર છે. પરંતુ એમાં એક મહત્ત્વનો તફાવત છે. કન્યાનું અપહરણ કરનાર વિદ્યાધર તેને મારી નાખે છે. ચોથો ધરતીમાં દટાયેલો ખજાનો જોવાની દૃષ્ટિ ધરાવનારને બદલે અહીં વૈદ્ય છે. તે કન્યાને સજીવન કરે છે. ચારેય વર વચ્ચે વિવાદ થતાં કન્યા બળી મરવાનો દેખાવ કરે છે. નૈમિત્તિક કે જ્યોતિષી પણ તેની સાથે બળી મર્યો હોય એમ લોકોને લાગે છે : પરંતુ આ એક યુક્તિ છે અને કન્યા તથા નૈમિત્તિક સુરંગ વાટે ગુપ્ત રીતે નાસી છૂટે છે. આ યુક્તિનો ઉપયોગ આપણને 'સૂડાબહોંતેરી'ની પચીશમી કથા (**બળી મરીને સજીવન થયાનો પ્રપંચ રચતી કુલટા**)-માં મળે છે.

'આવશ્યકચૂર્ણિ' (હરિભદ્રની વૃત્તિ, પૃ. ૩૮૪)માં પોપટે હજામડી, માછણ, વણિકપુત્રીને લગતી પાંચ સો કથાઓ કહ્યાનો નિર્દેશ છે.

**ચિત્રકાર : એક અંગ પરથી સમગ્ર રૂપનું નિર્માણ કરી શકતો** (વરદાન, કે વિદ્યાબળે–) : (૧) **સિં. બ.–૨,** પહેલી કથા, પહેલો ઘટક (સંસ્કૃત સિં. દ્વા.નાં વિવિધ રૂપાંતરોમાં મળતી 'વિસેમિરા'ની પહેલી કથામાં મળતા આ ઘટક માટે જુઓ મલયચંદ્રકૃત 'સિંહાસનબત્રીસી', ભૂમિકા. પૃ. ૧૬૬ અને પછીનાં. (૨) **મૃગાવતી,** બીજો ઘટક. (૩) 'જ્ઞાતાધર્મકથા'ના 'મલ્લિજ્ઞાત'માં પણ આ ઘટક મળે છે (પૃ. ૧૬૭). (૪) સંસ્કૃતમાં ક. સ. સા. (ટૉ. પે. ૧, પૃ. ૯–૫૧) તથા (૫) 'ભોજચરિત્ર' (પૃ. ૨૪૪–૨૫૫)માં આ પ્રસંગ છે. 'ભોજચરિત્ર'માં ભોજ વરરુચિ પ્રધાનને શોધવા ગામલોકોને બુદ્ધિચાતુર્યના કોયડા પૂછે છે. આ નટપુત્ર રોહકની કથાનું રૂપાંતર છે. જુઓ, **રત્નચૂડ વણિકપુત્ર.** શિવરામમૂર્તિએ Indian Sculptureમાં આ ઘટકનો નિર્દેશ કર્યો છે. (પૃ. ૧૧) તેમણે નોંધેલી અનુશ્રુતિ આ પ્રમાણે છે : તિરુમાલ નાયકની રાણીના સાથળ ઉપર તલ હતો. શિલ્પીએ કરેલી તેની પ્રતિમામાં એ સ્થળે ત્યાં કાળું ટપકું અણધાર્યું આવે. રાજાના અમાત્ય નીલકંઠ દીક્ષિતે પોતાની ધ્યાનશક્તિથી એવો ખુલાસો આપ્યો કે તે જગ્યાએ તલ છે. રાજાને આની જાણ થતાં અમાત્યની આંખો ફોડી નાખવા તેને બોલાવવા માણસોને મોકલ્યા. અમાત્ય તે વેળા પૂજામાં બેઠેલ. તેમણે પોતાની આંખો કાઢીને માણસોને આપી. તેમની શક્તિનો આ પરચો જોઈ રાજાને પશ્ચાત્તાપ થયો. તેણે મીનાક્ષીદેવીની પ્રાર્થના કરીને અમાત્યને આંખો પાછી અપાવી.

**ચિત્રફલક કે પૂતળાના પ્રદર્શન દ્વારા પતિની પ્રાપ્તિ** : (૧) પૂર્વભવની ચિત્રાવલીવાળું ફલક : તે દ્વારા પૂર્વભવના પતિની ભાળ અને પ્રાપ્તિ : **હંસાવલિ,** ત્રીજો ઘટક. પ્રાકૃત 'તરંગવઈ–કહા'માં આ ઘટક હોઈને તે બીજી શતાબ્દી જેટલો પ્રાચીન છે. (૨) પૂર્વભવની ચિત્રાવલીવાળું ફલક : તે દ્વારા વિયુક્ત પતિ સાથે પુનર્મિલન : **કામાવતી,** છઠ્ઠો ઘટક. (૩) પતિનું પૂતળું પ્રદર્શિત કરવું : **મદન અને મોહના.** જુઓ લો. મૂ., પૃ. ૩૦૧–૩૦૨.

**ચિત્રસેન અને પદ્માવતી** : સંસ્કૃતમાં મળતી બુદ્ધિવિજયકૃત 'ચિત્રસેન–પદ્માવતી'માં મળતું રૂપાંતર આ કથાનો આધાર છે. તેનું મૂળ ક.સ.સા.માં છે. જુઓ લો. મૂ., પૃ. ૩૦૧.

**ચોરની ઠગવિદ્યા** : જુઓ **ચાલાક ચોર** (ટિ.). વર્ધમાનસૂરિકૃત 'પ્રાકૃત 'મણોરમાકહા'માં આવતી સારણ જુગારીની કથામાં સારણ ચોર મડદું હોવાનો ઢોંગ કરીને સ્મશાનમાં શેઠે દાટેલું ધન કાઢી લેતો હોવાની વાત છે.

**ચોરશિરોમણિ** : જુઓ **ચાલાક ચોર** (ટિ.).

**છઠ્ઠીના લેખ** : જુઓ **વિધાતાની વાર્તા (સિં.બ.–૨,** બીજી કથા).

**જાદુઈ પક્ષીહૃદય** (ક. પ્ર. ૫૬૭) : આનું એક રૂપાંતર **હંસાવલી**માં છઠ્ઠા ઘટકથી અંત સુધીમાં મળે છે. એ કથાપ્રકૃતિનાં જૂની ગુજરાતીમાં વિવિધ રૂપાંતરો (૧) અમરસેન વયરસેનની કથાને લગતી દસબાર રચનાઓમાં, (૨) હંસરાજ-વચ્છરાજને લગતી આઠદસ કૃતિઓમાં, (૩) વીરભાણ-ઉદયભાણને લગતી કૃતિઓમાં તથા (૪) મુનિપતિચરિતને લગતી તેર કૃતિઓમાં મળે છે. **વેતાલપચીસી–૨**ની આઠમી કથા **ચંદન–મલયાગિરિની કથા**માં પણ આ કથા જોડાઈ ગઈ છે (જુઓ લો. મૂ. પૃ. ૨૧.).

આ કથાપ્રકૃતિનાં સંસ્કૃત–પ્રાકૃત તથા અપભ્રંશમાં પણ અનેક રૂપાંતર મળે છે. જાતકકથામાં, ભોજકૃત 'શૃંગારમંજરી-કથા'માં, રત્નપ્રભસૂરિકૃત 'ઉપદેશમાલા-દોઘટ્ટીવૃત્તિ'માં, ભાવદેવકૃત 'પાર્શ્વનાથ-ચરિત્ર'માં, 'કથાકોષ'માં અને જિનકીર્તિના 'પાલગોપાલ-કથાનક'માં. વળી (૨) 'આવશ્યકચૂર્ણિ'માં તથા હરિભદ્ર અને મલયગિરિની 'આવશ્યકવૃત્તિ'માં, 'નંદિસૂત્ર'ની ટીકાઓમાં, જયસિંહ–સૂરિકૃત 'ધર્મોપદેશમાલા–વિવરણ'માં, 'પુહઇચિંદચરિય'માં (ઈ. સ. ૧૧૦૫) વીરાંગદ અને સુમિત્રની કથામાં, હેમવિજયકૃત 'કથારત્નાકર'માં તથા ઉપદેશપ્રાસાદમાં મળતી કાષ્ઠશેઠની દૃષ્ટાંતકથામાં પણ તેનું એક રૂપાંતર મળે છે, જે 'મુનિપતિચરિત્ર' કે 'મણિપતિચરિત'ને લગતી પાંચેક સંસ્કૃત–પ્રાકૃત રચનાઓમાં તથા તેર જેટલી જૂની ગુજરાતી રચનાઓનો એક ભાગ છે. જુઓ લો. મૂ., પૃ. ૩૯ અને પછીનાં. ગુજરાતની લોકકથાઓમાં પણ એનાં બે રૂપાંતર નોંધાયાં છે. જુઓ 'હેંડો વાત માંડીએ'માં 'ભાડાનો વર' અને 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ'માં 'ચંદણ મેળાગરી.' 'ચંદણ મેળાગરી'માં ચંદન અને મલયાગિરીની વાર્તા સાથે આ વાર્તા જોડાઈ ગઈ છે. પૅરિસથી પ્રસિદ્ધ થતા 'કોમ્યુનિકાસ્યાં' એ અર્ધવાર્ષિકનો ૩૮મો અંક (૧૯૮૪) આ કથાનાં ભારતીય અને વિદેશી રૂપાંતરો વિશે જ છે. તેમાં બંગાળી લોકકથા 'શીત અને વસંત'ની પણ આ સંદર્ભમાં ચર્ચા કરેલી છે. તે અંકની ભૂમિકામાં સંપાદકે ૫૬૭મી અને ૯૩૮મી કથાપ્રકૃતિ(આનું ભારતીય રૂપાંતર 'ચંદન–મલયાગિરિ'ની કથા દ્વારા આપણને જાણીતું છે.)નાં વિવિધ પૌર્વાત્ય અને પાશ્ચાત્ય રૂપાંતરોની સવિસ્તર તુલના કરીને તેમના આંતર-સંબંધોનું વંશવૃક્ષ આપેલું છે. પરંતુ ભારતીય પરંપરા જોતાં 'વેસ્સંતરજાતક' થી મળતી ૯૩૮મી કથાપ્રકૃતિ અને 'જાદુઈ પક્ષીહૃદય' એ મૂળે સ્વતંત્ર કથાપ્રકૃતિઓ હોવાનું અને

પછીથી તે જોડાઈ હોવાનું આપણે માનવું પડશે. 'કોમ્યુનિકાસ્યાં'ના સંપાદક બ્રેમેએ તેમને મૂળે એક ગણીને પછીથી તે જુદી પડી હોવાનું માન્યું છે, અને એટલે તેમણે એ કથાપ્રકૃતિને સંયુક્તપણે **વિભક્ત કુટુંબ કે વિયુક્ત કુટુંબ** (ટિ.) એવું શીર્ષક આપ્યું છે. પરંતુ તે ચંદન-મલયાગિરિવાળી મૂળ પરંપરાને વિશેષ લાગુ પડે છે. એ નોંધવું રસપ્રદ છે કે ઉપર નોંધેલી બંને ઉત્તર ગુજરાતની લોકકથાઓમાં ઉપર્યુક્ત બંને કથાપ્રકૃતિઓનું સંયોજન થયું છે. જુઓ લો. મૂ., પૃ. ૫૮–૬૧.

**જારકર્મ કરતાં પકડાતી કુલટાની બચાવયુક્તિઓ** (વિજારી વિદ્યા) : જુઓ **સૂડાબહોંતેરી.**

**જોગણીઓના બલિ બનવામાંથી બચાવ** : જુઓ **મંત્રસિદ્ધિ માટે મનુષ્યનું બલિદાન** (૨) (ટિ.).

**જોગણી બનેલી પત્નીઓનું અકસ્માત મિલન અને પતિ સાથે મેળાપ:** જુઓ **વિયુક્ત પત્નીઓનું પતિ સાથે મિલન** (ટિ.).

**જોગી બનતા વિયુક્ત પ્રેમીઓ : કામાવતી,** ઘટક ૩.૪.

**જોગીને સ્ત્રીચરિત્રથી છેતરતી જોગણી** : જુઓ **શીલવતી–૧,** ત્રીજો ઘટક. જોગી પોતાની પાસેની અંધારીમાં સંતાડેલી જોગણીને પ્રગટ કરે છે અને જોગી ઊંઘી જતાં જોગણી પોતાની ઝોળીમાંથી મંત્રબળે એક પુરુષને પ્રગટ કરે છે. આ બધું જોતો વિક્રમાદિત્ય જોગીને ભોજન માટે નિમંત્રે છે, ત્યારે પોતાને માટે, રાણીને માટે અને જોગીને માટે આસન મુકાવવા ઉપરાંત બે આસન વધારે મુકાવે છે. ગુજરાતી લોકકથામાં મળતા આના રૂપાંતર માટે જુઓ, જયંતીલાલ દવે સંપાદિત 'ઉત્તર ગુજરાતની લોકવાર્તાઓ'માં 'વીર વિક્રમ અને બાવો બાળનાથ'ની વાર્તા.

**જોસેફ અને પોટિફર** અથવા **પોટિફરની પત્ની** : જુઓ **બળાત્કારનું આળ** (ટિ.).

**ટઉઆનો ટચાકો** : જુઓ **સપના તરીકે ખપાવાતી સત્ય ઘટના** (ટિ.).

**ટીખળના ભોગ બનવું** (પોતાના ટીખળનો પોતે જ ભોગ બનવું) : **વેતાલપચીસી**–૨, પહેલી કથા.

**ટેકની કપરી કસોટી** : જુઓ **સગાળશા શેઠ.** સંસ્કૃતમાં પૌરાણિક હરિશ્ચંદ્રની કથા.

**ઠગપુરપાટણ** : જુઓ : **ધુતારાનગરી** (ટિ.).

**ઠગારું માગણું, ઠગારી ચૂકવણી** (જેવા સાથે તેવા) : **સદયવત્સ–સાવલિંગા**ના છઠ્ઠા ઘટકમાં સ્વપ્ન-સમાગમને બહાને સોમદત્ત શેઠ પાસે, પાંચ સો સોનામહોર માગી રહેલી કામસેના ગણિકાની માતાને દર્પણમાંનું સોના-મહોરનું પ્રતિબિંબ લેવાનું કહીને સદયવત્સ પાઠ ભણાવે છે. આનું પ્રાચીન રૂપાંતર 'મહાવસ્તુ'ના 'પુણ્યવંત જાતક'માં મળે છે. બીજા રૂપાંતર માટે તથા એ કથાઘટક માટે જુઓ 'શોધ અને સ્વાધ્યાય', લો. મૂ. પૃ. ૨૫; પં. પ્ર., કથા ૮૯, પૃ. ૪૭, ૪૯.

**ડાકણનું આળ** : (૧) **વેતાલપચીસી**–૨, અગિયારમી કથા. આ કથાનું (૧) પ્રાચીન સંસ્કૃત રૂપાંતર 'દશકુમારચરિત'-માં આવતી નિતંબવતીની કથામાં, (૨) ક.સ.સા.માં આવતી 'વેતાલપંચવિંશતિકા'ની કથામાં (ટૉ. પે. ૬, પૃ. ૧૬૮–૧૭૮; ત્યાં અરબી કથાસાહિત્યની 'સાત વઝીર'ની કથામાં પણ તે મળતું હોવાની નોંધ છે), (૩) પ્રાકૃત રૂપાંતર આ. કો. વૃ. માં આવતી અમરદત્ત–મિત્રાનંદની કથામાં (તથા બીજા પ્રાકૃત કથાગ્રંથોમાં પણ), તથા પ્રાકૃત ઉપરથી થયેલાં જૂની ગુજરાતી રૂપાંતરોમાં મળે છે.

**ઋષિદત્તાની** કથામાં નાયિકા રાક્ષસી હોવાના આળનો ઘટક છે. બીજા પ્રકારનાં આળો માટે જુઓ 'લોક-કથામાં આળ,' લો. મૂ., પૃ. ૧૨૬ અને પછીનાં.

**ડાકણ રાજકુમારી : સદયવત્સ અને સાવલિંગા,** આઠમો ઘટક. સંસ્કૃત રૂપાંતર માટે જુઓ ક.સ.સા.માં 'અશોકદત્ત અને વિજયદત્ત,' ખંડ ૨, પૃ. ૧૯૬–૨૧૩.

**તેજમતૂરી માટી** અથવા **ચમત્કારી માટી** (ટિ.) : જુઓ **ધન્યકુમાર અને શાલિભદ્ર,** પાંચમો ઘટક.

**ત્રીયારાજ** : જુઓ **કામરૂ દેશનું ત્રીયારાજ** (ટિ.)

**દળદરનું પૂતળું** (દરિદ્રપુત્રક) : જુઓ **સિં.બ.–૧,** બત્રીશમી કથા. એનો આધાર ક્ષેમંકરની સિં.દ્વા.ની બત્રીશમી કથા છે. બીજાં રૂપાંતરો માટે જુઓ રણજિત પટેલ, 'સિંહાસનબત્રીસી', ભૂમિકા, પૃ. ૨૩૭ અને પછીનાં. આનું એક રૂપાંતર સંસ્કૃતમાં પુ. પ્ર. માં મળે છે (પૃ. ૨).

**દાનસમસ્યા** : જુઓ **ધન્યકુમાર અને શાલિભદ્ર,** અઢારમો ઘટક.

**દાનેશ્વરી રાજા** (પરદુઃખભંજક રાજા : નિત્ય સ્વશરીરનું બલિદાન દેતો—): **સિં.બ.–૧,** સત્તરમી કથા. **સિં.બ.–૨,** નવમી કથા, **હંસની વાર્તા**ના બીજા ઘટકમાં આનું વિસ્તરણ મળે છે. આ ઉપરાંત **ભદ્રાભામિની** (**સિં.બ.**–૨, ત્રેવીસમી કથા)ના બારમા ઘટકમાં આવો પ્રસંગ છે. આનાં પ્રાકૃત રૂપાંતર માટે જુઓ 'મૂલશુદ્ધિ–પ્રકરણવૃત્તિ'માં દેવદિન્નનું કથાનક, પૃ. ૧૭૫ અને પછીનાં.

**દિવ્યો** : જુઓ **સતનાં પારખાં** (ટિ.).

**દુઃખના અનુભવથી અજાણ રાણી** : જુઓ **અશોકચંદ્ર અને રોહિણી.**

**દુઃખિયાનાં દુઃખ ટાળવાના ઉપાય દેવી–દેવતા પાસેથી જાણી લાવવા** : જુઓ **વિધાતાની શોધમાં** (ટિ.).

**દેવદમની(નાચી ફાડેલી મોજડી : રાજકુમારીની ભેદી રાત્રિચર્યા)** : **ચમત્કારી પંચદંડ–૨**ની આરંભકથામાં આ ઘટક મળે છે. સંસ્કૃતમાં પણ શુભશીલગણિકૃત 'વિક્રમચરિત્ર'ના નવમા સર્ગમાં આપેલી 'પંચદંડછત્ર'ની કથામાં પણ તે છે. આનું પ્રાકૃત રૂપાંતર શીલાંકના 'ચઉપ્પન્નમહાપુરુષચરિય'ની 'ગુણવર્મા અને કનકવતી'ની કથામાં મળે છે. જિનેશ્વરસૂરિના 'કથાકોશ'માં તથા ભદ્રેશ્વરની 'કહાવલિ'માં તે શીલાંક પરથી લીધેલી છે. આ કથાને લઈને ૧૭મી શતાબ્દીમાં 'ગુણવર્માકુમાર–રાસ' પણ રચાયેલો છે. આ ક. પ્ર. ક્રમાંક ૩૦૬ છે. (Danced out Shoes) જુઓ લો. મૂ., પૃ. ૧૧ તથા ૨૯, ૩૧૭–૩૨૫.

**દેવલોકમાં આવજા કરવાનો દાવો કરતો ધૂર્ત શ્રમણ** : જુઓ **નગ્ન શ્રમણ અને મંત્રી, પંચાખ્યાન,** એકવીશમી કથા.

**દોહદ** (સગર્ભાને થતો—) : જુઓ **મૃગાવતી,** પહેલો ઘટક (રુધિરસ્નાનનો દોહદ). ઉપરાંત જુઓ **રુધિરસ્નાન** (ટિ.)

શ્રેણિકની રાણી ચેલ્લણાને તેના પતિનું માંસ ખાવાનો દોહદ થાય છે, જે અભયકુમાર મંત્રી અમુક યુક્તિથી પૂરો કરે છે અને પછી જન્મતા પુત્રનો આવા કારણે ત્યાગ કરવામાં આવે છે, એવો પ્રસંગ શ્રેણિકચરિત્રમાં મળે છે. જુઓ **અભયકુમાર મંત્રી.**

**ધમ્મિલકુમાર** : મૂળ પ્રાકૃત કથા માટે જુઓ 'વસુદેવહિંડી' પૃ. ૨૭ અને પછીનાં. ગુજરાતી અનુવાદ, પૃ. ૪૧ અને પછીનાં. અગડદત્તની કથા ધમ્મિલની કથામાં પેટાકથા તરીકે આવે છે.

**ધરણેંદ્રનો પ્રભાવ** : જૈન ધર્મ પ્રમાણે ધરણેંદ્ર નાગકુમાર દેવોનો દક્ષિણ દિશાનો ઇંદ્ર છે. જુઓ **અંબડ વિદ્યાધર** ઘટક, ૮.૧. વિદ્યાધરોની અધિકારમર્યાદા બાંધવા **ધરણેંદ્રે** ભજવેલા ભાગ વિશે જુઓ 'વસુદેવહિંડી–મધ્યમ ખંડ,' પૃ. ૬૭ અને પછીનાં.

**ધર્મબુદ્ધિ મંત્રી અને પાપબુદ્ધિ રાજા** : કથાપ્રકૃતિ-સૂચિમાં આનો ક્રમાંક ૬૧૩ છે. ટૉમ્પ્સને 'ફોકટેલ્સ'માં તેની ચર્ચા પૃ. ૮૦–૮૧ પર કરેલી છે. પ્રાકૃતમાં શાંતિસૂરિકૃત 'પૃથ્વીચંદ્રચરિત્ર'(ઈ.સ. ૧૧૦૫)માં મળતું 'ધન અને ધરણ'નું કથાનક આનું જ એક રૂપાંતર રજૂ કરે છે. 'બે પ્રવાસીઓ' તરીકે પણ આ કથાપ્રકૃતિનો નિર્દેશ થયો છે. જુઓ : લો. મૂ., પૃ. ૮૫ અને પછીનાં. 'કથામંજૂષા'–૩, પ્રસ્તાવના, પૃ. ૨૯–૩૩. 'શુકસપ્તતિ'ની પચાસમી કથામાં દાટેલાં રત્ન કાઢી લઈ જનાર પાપબુદ્ધિ ધર્મબુદ્ધિ પર મૂકીને આરોપ તે સાબિત કરવા પોતાના પિતાને વૃક્ષના થડના પોલાણમાં સંતાડી, તેનાં વચનોને વૃક્ષદેવતાની સાક્ષી તરીકે ખપાવે છે, અને વૃક્ષને ધર્મબુદ્ધિ આગ લગાડે છે ત્યારે પાપબુદ્ધિનો અરધો બળેલો પિતા બહાર નીકળી આવે છે એવી વાત છે.

**ધુતારાનગરી(ઠગપુરપાટણ, અન્યાયપત્તન, કૂટકટાહ)** : જુઓ **રત્નચૂડ,** પહેલો અને બીજો ઘટક. તેમાં ધુતારાનગરીનો 'કૂટકટાહ' તરીકે ઉલ્લેખ છે. ક. સ. સા. માં 'ગુહસેન અને દેવસ્મિતાની કથા'માં પણ કૂટકટાહ આવે છે. આ કટાહદ્વીપ માટે જુઓ લો. મૂ., પૃ. ૧૬૮ અને પછીનાં. પુ. પ્ર. માં પૃ. ૧૧૦, પરિચ્છેદ ૨૩૬માં અન્યાયનગરનો નિર્દેશ છે. પં. પ્ર. માં તોંતેરમી કથામાં અન્યાયપત્તન છે. શુભશીલકૃત સંસ્કૃત 'વિક્રમચરિત્ર'માં 'અંધેરીનગરી અને ગંડુ રાજા'ની કથાનું જે પ્રાચીન રૂપાંતર મળે છે તેમાં પદ્મપુરમાં અન્યાયી ભૂપતિ અને સર્વભુક્ સચિવ હોવાનું કહ્યું છે.

**ધૂર્તકથા** : આના મૂળમાં હરિભદ્રસૂરિકૃત પ્રાકૃત 'ધૂર્તાખ્યાન' (આઠમું શતક) છે. હકીકતે સંઘતિલકસૂરિએ ચૌદમા શતકમાં કરેલા એ કૃતિના સંસ્કૃત રૂપાંતર ઉપરથી ગુજરાતી રચના કરાઈ છે. આ પ્રકારનું કથાસ્વરૂપ 'ધર્મપરીક્ષા' નામક સંસ્કૃત–પ્રાકૃત અને અપભ્રંશ ગ્રંથોમાં પણ જોવા મળે છે. જુઓ 'ધૂર્તાખ્યાન'ની ભૂમિકા, પૃ. ૪૧ અને પછીનાં. 'જૈન ગૂર્જર કવિઓ'માં સુમતિકીર્તિસૂરિકૃત 'ધર્મપરીક્ષારાસ' (સોળમું શતક) એ જૂની ગુજરાતી કૃતિનો પરિચય આપેલો છે.

**ધૂર્તાખ્યાન** : આમાંની 'ખંડપાનાની કથા'ના (જુઓ દસથી બાર સુધીના ઘટક) એક રૂપાંતર માટે જુઓ **વિક્રમચરિત્રકુમાર–૧,** ઘટક ૨.૪.

**નગરલક્ષ્મીનું મધરાતે રુદન** (રાજા પર આવનારી આપત્તિ માટે ચેતવવા–) : **વેતાલપચીસી–૨,** વીશમી કથા, ત્રીજો ઘટક.

**નટપુત્ર રોહક (બાલપંડિત)** : ઔત્પત્તિકી બુદ્ધિના દૃષ્ટાંત તરીકે આ કથા પ્રાકૃતમાં 'આવશ્યકસૂત્ર'ની ચૂર્ણિ અને વૃત્તિમાં, ધ.વિ.માં, તથા બીજા અનેક ગ્રંથોમાં મળે છે. ક.સ.સા.માંની 'બાલવિનષ્ટકની કથા', (ટૉ. પે. ૧. ૧૮૪–૧૮૬), આનું જ રૂપાંતર છે. આ સર્વ સમસ્યા ઉકેલતા અને અસાધારણ બુદ્ધિપ્રતિભા ધરાવતા ચમત્કારી બાળક(કે પ્રધાન, પંડિત વગેરે)ના કથાઘટકો સાથે જોડાયેલા છે. જૂની ગુજરાતી

માટે જુઓ **રત્નચૂડ વણિકપુત્ર,** ઘટક ૪.૧. જુઓ **બાલપંડિત** (ટિ.), 'કથામંજૂષા'–૪.

**નટવીની દૃષ્ટાંતકથા**(સંસારની અસારતા પર) : **અંબડ વિદ્યાધર**, ઘટક ૬.૨ તથા **કટોકટીની પળે બચાવતી સદુક્તિ** (ટિ.) અને **બહોત ગઈ ને થોડી રહી** (ટિ.). પ્રાકૃતમાં જયસિંહસૂરિકૃત ધ. વિ. (પૃ ૬૨–૬૬)માં આપેલી 'શુભમાર્ગાદરે ક્ષુલ્લકકથા' એવે નામે આ કથાનું જૂનું રૂપાંતર મળે છે. નટીના મંદ પડેલા ઉત્સાહને દૃઢ કરતો શ્લોક **અંબડ વિદ્યાધર**માં નીચે પ્રમાણે છે:

ગતં બહુતરં ભદ્રે, સ્વલ્પં તદનુતિષ્ઠતિ ।
ઇતિ ચિત્તે સમાધાય, કુરુષ્વ જનરંજનમ્ ॥

આને આધારે જ **બહુત ગઈ અને થોડી રહી** એવું આનું વૈકલ્પિક શીર્ષક કોશમાં આપેલું છે. રંગાચાર્યની એ ઉક્તિને સ્થાને ધ. વિ. માં નીચેની ગીતિકા આપેલી છે :

સુટ્ઠુ ગાઇયં સુટ્ઠુ વાઇયં, સુટ્ઠુ નચ્ચિયં સામસુંદરિ ।
અણુપાલિય દીહરાઈએ, ઉ સુમિણુંતએ મા પમાયએ ॥

અર્થ છે: 'સુંદર ગાયું, સુંદર વગાડ્યું, સુંદર નૃત્ય કર્યું. હે શ્યામસુંદરી! આખી લાંબી રાત ગાળીને છેવટે સ્વપ્નનિદ્રાનો અંત આવી રહ્યો છે ત્યારે તું પ્રમાદ ન કર.'

**નર્મદાનો મહિમા (રેવાનો મહિમા): ચમત્કારી ગુટિકા (ગુટિકાની વાર્તા, સિં.બ.–૨,** ચોવીશમી કથા) પાંચમો ઘટક.

**નવાણુ ગળાવતાં નાયક સાથે દુર્દશાગ્રસ્ત કુટુંબીઓનો મેળાપ : ધન્યકુમાર અને શાલિભદ્ર,** સોળમો ઘટક, **કામાવતી,** સાતમો ઘટક; લોકકથામાં 'રાણી રળકાદે'ની કથા, જુઓ **કંકાવટી.**

**નંદબત્રીસી** : આ કથાનાં આઠ જેટલાં જૂની ગુજરાતી અને રાજસ્થાની રૂપાંતરો મળે છે. પાંચના કર્તા નરપતિ, સિંધકુલ, જસરાજ, વિમલકીર્તિ અને નિત્યસૌભાગ્ય છે અને ત્રણેક રચનાઓ અજ્ઞાતકર્તૃક છે. ત્રણ સંસ્કૃત રૂપાંતરો પણ મળે છે. એ કથાને લગતા બત્રીશ શ્લોકો અનેક પાઠભેદે મળે છે. કથાનાં મૂળ ઠેઠ જાતકકથા સુધી પહોંચે છે અને કેટલાંક રૂપાંતરો પ્રાકૃતમાંથી તથા જૂની કન્નડામાં પણ જાણીતાં છે. આ માટે જુઓ The Nandopākhyan, The Nanda-Prabodhana and The Book of Sindbad (હ.ચૂ. ભાયાણી), Journal of the Asiatic Society of Bombay, પુ. ૫૬–૫૯, ૧૯૮૧–૮૪ (૧૯૮૬); લો. મૂ., પૃ. ૩૦૭–૩૧૧; ભાયાણી અને શેઠ સંપાદિત 'નંદબત્રીસી' ૧૯૯૦. બર્ટને નોંધ્યું છે કે, કેટલાંક રૂપાંતરોમાં રાજા વીંટી ભૂલી જાય છે, કેટલાંકમાં પોતાની યષ્ટિ (કે દંડ), તો કેટલાંકમાં પોતાની મોજડી (બર્ટન, પૃ. ૧૨૯).

**નંદ રાજાની લક્ષ્મી (દટાયેલો ખજાનો)** : જુઓ **સદયવત્સ અને સાવલિંગા**, પાંચમો અને દસમો ઘટક.

**નંદિષેણ** : આ કથા જૈન આગમ પરના ટીકાસાહિત્યમાં તથા તેને આધારે અન્યત્ર પણ જૈન કથાસાહિત્યમાં (જેમ કે ત્રિષષ્ટિ, પર્વ ૧૦માંના શ્રેણિકચરિત્રમાં) મળે છે. આનું રૂપાંતર પાલિ જાતકકથાના ૫૮ મા 'તયોધમ્મજાતક'માં મળે છે. જુઓ લો. મૂ., પૃ. ૩૪૫–૩૪૭.

**નાગકથાઓ** : (૧) **નાગપંચમીની કથા** (ટિ.) જુઓ 'કંકાવટી', પૃ. ૫૩; ચૈતન્યબાળા મજમુદાર સંપાદિત 'નાગપાંચમ', 'ગુણસુંદરી અને હિતોપદેશ' (એપ્રિલ, ૧૯૨૬); ચૈતન્યબાળા અને શ્રીમતીબાળા મજમુદાર સંપાદિત 'નાગદેવતાની કથા' : 'સૂરજની સાખે અને તુલસીને ક્યારે', 'ગુજરાતી લોકસાહિત્યમાળા'–૨. સંસ્કૃતમાં આ કથા 'આર્યનંદિલપ્રબંધ' (પ્રબંધકોશ પૃ. ૫, તથા પ્ર. પં. ૪૬૦, પૃ. ૨૪૯)માં મળે છે. અન્ય નાગકથાઓ માટે જુઓ **સુગંધદશમીકથા** કે **આરામશોભા**, જોરાવરસિંહ જાદવ સંપાદિત 'લોકસાહિત્યની નાગકથાઓ'; લો. મૂ. પૃ. ૨૯–૩૦.

**નાગને ઉદરમાં આશ્રય આપતો નાયક** : જુઓ **વિધાતાના લેખ (સિં. બ.–૨,** બીજી કથા), બીજો અને ત્રીજો ઘટક. અહીં રાજા વિક્રમાદિત્ય છે, અને કથા **આપકર્મી** કે **બાપકર્મી** એ ઘટકની સાથે સંકળાયેલ છે. સંસ્કૃતમાં આ ઘટક પૂર્ણભદ્રના 'પંચાખ્યાન' (૩, ૧૧)માં મળે છે. (સાંડેસરા, 'પંચતંત્ર,'' પૃ. ૪૧૮–૪૧૯). ઉપરાંત 'કહાવલિ'માં, 'વીરભદ્ર-કથાનક'માં, 'જિનદત્તાખ્યાન'માં અને પં. પ્ર. માં (ક્રમાંક ૪૧૧, પૃ. ૨૨૧) પણ આ મળે છે. ત્યાં દેવશક્તિ રાજાના પુત્રના પેટમાં કોઈ કારણે સર્પ રહેલો હોવાની વાત છે. **સિંહલકુમાર**માં (પાંચમો ઘટક) કુમાર સર્પદંશથી કૂબડો બની જાય છે. આનો મૂળ આધાર 'નલાખ્યાન'માં અગ્નિમાંથી કર્કોટક નાગને બચાવ્યા પછી તે નળને દંશ દે છે અને નળ કૂબડો—બાહુક બની જાય છે તે છે. **આરામશોભા**માં એક રૂપાંતરમાં વિપ્રબાળા નાગને ગારુડીથી બચાવે છે. જુઓ લો. મૂ., પૃ. ૩૦૦–૩૦૧.

**નાચી ફાડેલી મોજડી** : જુઓ **દેવદમની** (ટિ.)

**નાતરાની પ્રથાનું મૂળ : ભાભારામ (સિં. બ.–૨,** ઓગણીશમી કથા, પહેલો ઘટક.)

**નૂપુરપંડિતા** : જૈન સંસ્કૃત–પ્રાકૃત સાહિત્યમાં આ કથા અનેક વાર મળે છે. યશોવિજયજીકૃત 'જંબૂસ્વામી રાસ'માં પણ તે છે. 'દશવૈકાલિક ચૂર્ણિ' (પૃ. ૮૯–૯૧)માં 'દુર્ગિલાની

કથા'માં તેનું પ્રાચીન રૂપ મળે છે. 'સૂડાબહોંતેરી' ની ચોથી અને તેરમી કથામાં આનાં રૂપાતર મળે છે. સંસ્કૃત 'શુકસપ્તતિ'ની નવમી તથા પંદરમી કથામાં આનું રૂપાંતર છે : 'પંચતંત્ર' ૪, ૧૧ (સાંડેસરા, પૃ. ૩૧૧ અને પછીનામાં તેનો પાછલો ઘટક મળે છે. ચીની 'ત્રિપિટક'માં (પાંચમી શતાબ્દી) આનું સૌથી જૂનું રૂપાંતર મળે છે. જુઓ : Winternitz, 'History of Indian Literature'–૩, ૧, પૃ. ૮૯–૯૧. પ્રાકૃતમાં પણ 'દશવૈકાલિક સૂત્ત' ઉપરની અગસ્ત્યસિંહની ચૂર્ણિમાં નૂપુરપંડિતાનું ઉદાહરણ આપેલું છે (પૃ. ૪૭).

**ન્યાયઘંટા :** જુઓ **રત્નચૂડ** નવમો ઘટક. 'પ્રબંધ-ચિંતામણિ'(ઈ. સ. ૧૩૦૫)ના 'ગોવર્ધનનૃપપ્રબંધ' માં એવી વાત છે કે ચોલદેશનો રાજા ન્યાયપ્રિય હોઈ તેણે પ્રજાની ફરિયાદ સાંભળવા સોનાનો ઘંટ બંધાવેલો. એક દેવે તેની પરીક્ષા કરવા ગાય અને વાછરડાનું રૂપ લીધું. રાજકુમારના રથ નીચે વાછરડું કચરાતાં ગાયે ઘંટ વગાડી રાજાને ફરિયાદ કરી. રાજાએ શિક્ષા તરીકે કુમારને રથ નીચે કચડયો. પરંતુ કુમાર અક્ષત રહ્યો અને દેવે રાજાની ન્યાયપ્રિયતાની પ્રશંસા કરી. (પં. પ્ર. માં આ કથા કલ્યાણકટકના યશોવર્મા રાજાને નામે આપેલી છે. દક્ષિણના તિરુવારૂરના ત્યાગરાજ સ્વામીમંદિરમાં ચોલરાજા વિક્રમચોલ (ઈ.સ. ૧૧૧૮–૧૧૩૫)-ના પાંચમા વર્ષમાં ઉત્કીર્ણ કરાયેલા લેખમાં આ કથાપ્રસંગ મળે છે. એ કથાઘટક તમિળ 'શિલપ્પદિકારમ્' (પાંચમી–છઠ્ઠી શતાબ્દી) અને 'પેરિયપુરાણ'(બારમી શતાબ્દી)માં પણ મળે છે. શેખ સાદીની 'હારુન–અલ–રશીદ' ને લગતી કથામાં, 'તુઝુક-ઈ-જહાંગીરી'માં તથા ઈ. સ. ૧૭૨૦ માં થયેલા મહમ્મદશાહના સંદર્ભમાં પણ આ અનુશ્રુતિ છે. વિજયલક્ષ્મી-સૂરિના 'ઉપદેશપ્રાસાદ'માં પણ તે મળે છે. જુઓ શિવપ્રસાદ ગુપ્ત, 'પ્રબંધચિંતામણિકા–એક અચર્ચિત પ્રબંધ', 'જૈન વિદ્યા કે આયામ' ગ્રંથ–૨, પૃ. ૧૧૧–૧૧૨.

**નૌકાની વાર્તા :** સરખાવો : 'પ્રબંધપંચશતિ', ક્રમાંક ૧૨૩, ઉત્તરાર્ધ, સુંદરની કથા.

**'પડું પડું' એવો ગેબી અવાજ :** (૧) વિક્રમચરિત્રમાં સુવર્ણપુરુષની પ્રાપ્તિવાળા પ્રસંગમાં દંતકશ્રેષ્ઠિએ બધાં શુભ મુહૂર્તો જોઈને વાસ્તુશાસ્ત્ર પ્રમાણે બનાવેલા પ્રાસાદમાં મધ્યરાત્રે 'પડું પડું' એવા શબ્દો સંભળાય છે. તેથી ડરીને વિક્રમાદિત્યને તે પ્રાસાદ વેચી દેતાં, જ્યારે રાજા ત્યાં રાતવાસો રહે છે અને 'પડું છું' 'પડું છું' સંભળાતાં 'પડ' એમ નિર્ભયપણે કહે છે, ત્યારે સોનાનું પૂતળું નીચે પડે છે. જુઓ પુ. પ્ર. પૃ. ૨. (૨) **ચંદન અને મલયાગિરી**–૨માં મધરાતે રાજારાણી 'પડું છું'' 'પડું છું' એવો અવાજ સાંભળે છે અને 'પડ' એમ રાજા કહે છે. એ ઘટનાનો જ્યોતિષી એવો અર્થ સમજાવે છે કે તમારા પર આફત પડવાની છે.

**પરકાયા પ્રવેશ :** પુ. પ્ર. પૃ. ૬ માં ('વિક્રમસેનપ્રબંધ' નો ત્રીજો ઘટક) અને પ્ર. પં. ક્રમાંક ૫૬૬માં આ કથા સંસ્કૃતમાં મળે છે.

**પરદુઃખભંજક રાજા :** વિક્રમરાજાની કથાઓમાં આજ સુધી તેનું પરોપકારીપણું અને પરદુઃખભંજનનો ગુણ સૌથી વધુ જાણીતાં છે. સિં. બ.–૨, નવમી કથા અને એનું જ રૂપાંતર સિં. બ.–૧, સત્તરમી કથામાં બીજો એક રાજા પણ વિક્રમની આવી ખ્યાતિ સાંભળીને નિત્ય પોતાની જાતને અગ્નિ-કુંડમાં હોમી પ્રજાકલ્યાણ ખાતર ધન પ્રાપ્ત કરતો હોવાની અને વિક્રમ તેને આ યાતનામાંથી બચાવતો હોવાની વાત છે. આનું સંસ્કૃત રૂપાંતર પુ. પ્ર.(પૃ. ૬)માં મળે છે. આનું વધુ પ્રાચીન રૂપ 'મૂલશુદ્ધિવૃત્તિ' માં 'દેવદિન્ન'(એટલે કે દેવદત્ત)ની કથામાં મળે છે (પૃ. ૧૭૫ અને પછીનાં). ત્યાં રત્નપુરના આવી જ રીતે પરોપકાર કરતા શકરાજાને દેવદત્તકુમાર યક્ષને પ્રસન્ન કરીને તેને બલિદાન–યાતનામાંથી મુક્ત કરે છે. **ભરથરી** (**સિં.બ.–૨**), ઘટક ૮.૩ માં વિક્રમરાજા પોતાને ચાળીસ દિવસ અગ્નિકુંડમાં હોમીને વરદાન મેળવી પશુ અને પાષાણ બનાવેલા માનવીનો ઉદ્ધાર કરે છે. **અમરફલ–૧** માં (**સિં.બ.–૨**, સત્તરમી કથા) અન્ય રાજાનો કોઢ મટાડવા વિક્રમ તેલકઢાઈમાં પોતાના શરીરમાંથી તેલ કાઢીને રેડે છે.

**પંકપ્રિય કુંભારનું દૃષ્ટાંત**(ઇર્ષ્યા ન કરવા વિશે) : જુઓ **ધન્યકુમાર અને શાલિભદ્ર,** ત્રીજો ઘટક. આ કથા વિવિધ રૂપાંતરે પૂર્વવર્તી પ્રાકૃત અને સંસ્કૃત સાહિત્યમાં મળે છે. એના તાત્પર્યમાં પણ કેટલોક ફરક છે. એમ લાગે છે કે મૂળ રૂપાંતરમાં કુંભાર કોઈની અસંગત વાત કે અસંગત આચરણ સહી શકતો નથી એવો એનો સ્વભાવ છે. જ્યારે પછીનાં રૂપાંતરોમાં કોઈની મોટાઈ, વૈભવ, કે ગૌરવ ન સહી શકતો હોવાના નિર્દેશ છે. આવા સ્વભાવવાળા કુંભારને પ્રાકૃતમાં ' અણુક્ખ–બહુલ ' કુંભાર કહ્યો છે. સંસ્કૃતમાં તેનું 'અણુક્ષક–કુંભકાર' એવું સ્વરૂપ ઘડી કાઢેલું છે. પ્રાકૃતમાં 'અણુક્ખ'નો 'રોષ' કે 'લજ્જા' એવો અર્થ તેના ઉત્તરકાલીન પ્રયોગોને આધારે નોંધાયો છે. પણ ગુજરાતીમાં 'અણખ' નો 'ઇર્ષ્યા' કે 'અદેખાઈ' એવો પણ અર્થ મળે છે. અસહિષ્ણુતાને લીધે ઊપજતો રોષ કે ખટકો એવો એનો મૂળ અર્થ હોય અને એ અસહિષ્ણુતા સામાના દંભ કે અસંગતિને કારણે જેમ હોય, તેમ એની મહત્તાની અદેખાઈને કારણે પણ હોય. આનાં રૂપાંતર પ્ર. પં., પૃ. ૧૫૨ ઉપરની 'અણુક્ષત–કુંભકાર' કથામાં

તથા રત્નમંદિરગણિકૃત 'ઉપદેશતરંગિણી', પૃ. ૪૬ ઉપર આપેલી 'પંકપ્રિય-કુંભકાર-કથા' માં મળે છે. એનો ચાવીરૂપ દોહો આ પ્રમાણે છે :

કલ્લિહિં બોર જિ વીણતી, અજ્જુ ન જાણુઈ ખક્ખ,

પુણુરવિ અડવિહિં કરિસુ ઘર, ન સહઉં એહ અણુક્ખ.

પુ. પ્ર., પૃ. ૧૧૩, પ્રબંધક્રમાંક ૨૪૪ ઉપર એવી વાત છે કે એક વાર વિહારે નીકળેલા રાજાએ એક માણસને કેરડાંની ટોચ ઉપરનાં કેરડાં-ફળોને તોડતો જોઈને પૂછ્યું કે, 'સહેલાઈથી લઈ શકાય એવાં નીચેનાં કેરડાં તોડવાને બદલે દુ:ખી થઈને તું ઊંચેનાં કેમ તોડે છે?' ત્યારે પેલાએ ઉત્તર દીધો કે 'સહેલાઈથી તોડાય તેવાં પછી તોડી લઈશ, પહેલાં બહુ મુશ્કેલ હોય તેવાં હું તોડી લઉં'. આથી રાજાએ તેના પર પ્રસન્ન થઈને તેને એક અધિકારી બનાવ્યો. એ ઘણો સુખી થઈ ગયો. પછી એક વાર રાજાએ એક સવારે તેને પૂછ્યું : 'કેમ તું ઉદાસ દેખાય છે?' ત્યારે તેણે ઉત્તર આપ્યો કે, 'રાત્રે હું પુષ્પશૈયામાં સૂતેલો ત્યારે, એક ડીંટું મને ખૂંચતું હતું, તેથી મને ઊંઘ ન આવી.' રાજાએ તેનો અધિકાર આંચકી લઈને દેશવટો દીધો. કથામાં જે મુખ્ય પ્રસંગ છે તેમાં ગામડાની ગમાર છોકરી રાણી બને છે ત્યારે બોરડીનું ઝાડ જોઈને આ કયું ઝાડ છે એમ પૂછવાનો દંભ કે ઢોંગ કરે છે; જ્યારે હકીકતે તો એ નાનપણથી જ બોરડીઓ વચ્ચે જ રખડતી હોય છે. અને આ જોઈને કુંભાર રાજાનો આશ્રય તજીને ફરી વનમાં ચાલ્યો જાય છે. આથી મૂળે તો બીજાનો ઢોંગ સહી ન શકતો હોય તેવો કુંભારનો સ્વભાવ નિરૂપવાનો ઉદ્દેશ જણાય છે. કથાનાં વિવિધ રૂપાંતરો 'મનોરમાકહા' પૃ. ૩૯-૪૦ ઉપર.

**પાણી માટે લોહી આપવાની કસોટી** : **સદયવત્સ અને સાવલિંગા-૧**, બીજો ઘટક; **ગર્દભરાજા (સિં.બ.-૨**, દસમી કથા.), પાંચમો ઘટક; **ભરથરી(સિં.બ.-૨**, ત્રીસમી કથા), ત્રીજો ઘટક,

**પાતાલનગરી (ભૂગર્ભમાં રહેલી નગરી)** : જુઓ **અદ્દભુત કમળ સિં.બ.-૨**, ત્રીજી કથા, પહેલો ઘટક),

**પાતાળલોકની પદ્મિની** : જુઓ **પાતાલસુંદરી**. સંસ્કૃત 'વેતાલપંચવિંશતિકા'ની સાતમી કથામાં અને ક. સા.ની વેતાલકથાઓમાંથી અઢારમી કથામાં પણ આ ઘટક છે.

**પિતાથી સવાયો પુત્ર** (બુદ્ધિચાતુર્યમાં કે યુક્તિબાજીમાં) : જુઓ **વિક્રમચરિત્રકુમાર**. સંસ્કૃતમાં ક. સા.માં. 'વિક્રમશીલલંબક'માં પણ આ ઘટક મળે છે. જુઓ ટૉ. પે. ૯, પૃ. ૮૨ અને પછીનાં.

**પુત્રના હાથે પિતૃહત્યા** (પ્રધાનપદ કુળમાં ટકાવી રાખવા-) : **નંદબત્રીસી-૧**, પાંચમો ઘટક.

**પુરુષઘાતક રાજકુમારી** : (**સિં.બ.-૧**, નવમી કથા; **સિં.બ.-૨**, નવમી કથા) (પરદુ:ખભંજક રાજા વિક્રમાદિત્ય), ત્રીજો ઘટક; સિં.દ્વા. નવમી કથા.

**પુરુષજાતિની દુષ્ટતા** : (પુરુષચરિત્ર). **મેનાપોપટ (સિં.બ.-૨**, પંદરમી કથા) બીજો ઘટક; **શુકસારિકા (સિં.બ.-૨** અઠ્યાવીશમી કથા), ત્રીજો ઘટક.

**પુરુષદ્વેષિણી કન્યા** : બહુ જ સામાન્યપણે કથાસાહિત્યમાં આ ઘટક મળે છે. થોડાંક ઉદાહરણ : **હંસાવલી**, બીજો અને ત્રીજો ઘટક; **વિક્રમચરિત્રકુમાર-૧**, પહેલો ઘટક; **સતનાં પારખાં-૧ (વેતાલપચીસી-૨**, નવમી કથા); **કામાવતી** (આમાં હંસાવલીવાળું જ રૂપાંતર છે), ત્રીજો ઘટક; સંસ્કૃતમાં **ચિત્રસેન-પદ્માવતીની કથામાં** તથા ક.સા.(ટૉ. પે. ૩, ૨૬૦)માં. 'ભોજચરિત્ર'(૪, ૧૫૫-૧૮૧, ૨૫૯-૨૬૬)માં પૂર્વજન્મમાં દવ લાગતાં પાણી લેવા ગયેલો સીંચાણો મોડો આવ્યો અને સીંચાણી બચ્ચાં સાથે બળી મરીને બીજે ભવે પુરુષદ્વેષિણી રાજકુમારી થઈ એવી કથા છે.

**પુરુષની સગર્ભતા** : **અંબડ વિદ્યાધર**, ઘટક ૮.૯.

**પુરુષવેશધારી (કે પુરુષરૂપધારી નાયિકા** : (૧) પતિ સાથે પ્રવાસે જતી. **મદનમોહના**, ઘટક-૪, **હંસાવતી અને વિક્રમચરિત્ર**, ચોથો ઘટક; **સુરસુંદરી અને અમરકુમાર**, ચોથો ઘટક; **કામાવતી**, ઘટક ૩.૪.

(૨) આત્મરક્ષણ માટે. **ઋષિદત્તા**, ચોથો ઘટક. આ ઉપરાંત જુઓ **રાજકુમારીનો ગુપ્તપણે રાજકુમાર તરીકે ઉછેર**(ટિ.).

**પૂતળી**(વિદ્યાબળે કે દૈવીશક્તિથી સજીવન થતી-): **અબોલા રાણી**, બીજો અને ત્રીજો ઘટક; **વર ચાર અને કન્યા એક-૫ (વેતાલપચીસી-૨**, એકવીસમી કથા).

**પૂર્વભવના ચરિત્રકથન દ્વારા કન્યાપ્રાપ્તિ** : **હંસાવલી**, દસમો ઘટક; **સદયવત્સ અને સાવલિંગા**, 'સદેવંત સાવલિંગા'ની ગુજરાતમાં પ્રચલિત લોકકથામાં તેમના પોપટ પોપટી વગેરે વિવિધ પ્રકારના પૂર્વભવની વાત આવે છે. **વિક્રમચરિત્રકુમાર-૧**, પહેલો ઘટક, પ્રાકૃત 'તરંગવતીકથા' માં સૌથી જૂનું રૂપાંતર છે. તે ઉપરાંત સંસ્કૃતમાં ક. સા.માં (ટૉ. પે. ૩, પૃ. ૨૯૧-૯૨) તથા 'ચિત્રસેન-પદ્માવતી'ની કથામાં તે મળે છે. નાયકનાયિકાનો પૂર્વભવ ચક્રવાક-ચક્રવાકીનો, હંસ-હંસીનો, પોપટ-પોપટીનો કે હરણ-હરણીનો હોય છે.

**પૂર્વભવની સ્મૃતિ :** આ ઘટકનો ઉપયોગ કરતી–વાનર-યુગલ, કઠિયારો–કઠિયારણ, ઘણુકો–ઘણુકી, કૂકડી–માકડી વગેરેને લગતી કથાઓ માટે જુઓ : લો. મૂ., પૃ. ૧૦૫, ૧૪૮–૧૫૩, ૩૬૪–૩૬૫. ઉપરાંત જુઓ **પૂર્વભવના ચરિત્રકથન દ્વારા કન્યાપ્રાપ્તિ** (ટિ.)

**પૃથ્વીચંદ્ર રાજા :** મૂળ આધાર ક. સા. અલંકારવતી લંબક, ૯, ૧, ૧૧૬–૨૦૦(પૃથ્વીનૃપ-કથા)-શ્રીપતિની આડકથાનો આધાર; ક. સા. ૯, ૪, ૯૭–૧૩૫ (સમુદ્રશૂરકથા)–રત્નમંજરી, હરણ અને બાળકની કથાનો આધાર; ક. સા. ૯, ૫, ૨૬–૨૩૮). જુઓ કા.બ. વ્યાસ, 'The Prthvicamdracaritra of Manikyasunder Suri and its sources,' ગુજરાત રિસર્ચ સોસાયટીનું ત્રૈમાસિક, ૧૪, ૨, એપ્રિલ ૧૯૫૨, પૃ. ૭૨–૮૪.

**પોપટ અને બિલાડી** અથવા **પોપટ અને મેના** (ઘરના ચોકીદાર તરીકે) : **નંદબત્રીસી** બીજો ઘટક; **સૂડા-બહોંતેરી.** ઉપરાંત જુઓ **ચમત્કારી પોપટ** (ટિ.)

**પ્રાણીઓની બોલી સમજવી** (વરદાનથી કે વિદ્યાથી) : (૧) **વધુ લાભકર્તા શું ? (વેતાલપચીસી-૨,** વીશમી કથા) આનાં પ્રાચીન રૂપાંતરો જાતકકથાથી માંડીને પછીના સાહિત્યમાં મળે છે. (૨) **શૃંગારમંજરી-૧,** પહેલો ઘટક; (૩) **ગર્દભરાજ (સિં.બ.–૨,** દસમી કથા), ચોથો ઘટક.

**પ્રિયતમ કે પ્રિયતમાના મૃત્યુના સમાચારે અન્યનો પ્રાણત્યાગ : માધવાનલ અને કામકંદલા–૧,** સાતમો ઘટક; **માધવાનલ અને કામકંદલા–૪,** (સિં.બ.–૨, છવ્વીશમી વાર્તા) છઠ્ઠો ઘટક, ક. સા.માં(૧૦, ૨) વેશ્યાઓનો પ્રેમ કૃત્રિમ હોવા વિશે ગોમુખ નરવાહનદત્તને વિક્રમસિંહ અને કુમુદિકા વેશ્યાની કથા કહે છે.

**પ્રિયમેલક તીર્થ** : જુઓ **સિંહલકુમાર.** એવું તીર્થ-સ્થળ કે પવિત્રસ્થાન જેના પ્રભાવથી વિયોગી પ્રેમીઓનું પરસ્પર મિલન સિદ્ધ થાય છે. ઘટક તરીકે એ અનેક કથાઓમાં મળે છે. તેનો 'કામિતપ્રદતીર્થ'(કે 'કામિકતીર્થ') તરીકે સંસ્કૃત 'ભોજચરિત્ર'(૪,૪૬૧)માં, તેમજ 'સદયવત્સ વીરપ્રબંધ'માં ઉલ્લેખ છે.(ભૂમિકા, પૃ. ૫, મૂળકૃતિ ૨૪૫મી કડી તરીકે આપેલી પ્રાકૃત ગાથા) તથા 'પૂર્ણ-મનોરથતીર્થ' તરીકે પણ ઉલ્લેખ પામેલ છે.(પ્રાકૃતમાં 'પુહવીચંદચરિય,' પૃ. ૧૫૭) સંસ્કૃતમાં બાલચંદ્રસૂરિકૃત 'વસંતવિલાસ' કાવ્યમાં (સર્ગ ૧૧, શ્લોક ૩૮) એ તીર્થ પ્રભાસમાં હોવાનું કહ્યું છે. પ્રાકૃત 'મણોરમાકહા'માં (પૃ. ૩૭) સર્વ-કામિત-પતન-શિખરિ-શિખર' એટલે કે બધી ઇચ્છા પૂરી કરવા જેના શિખર પરથી પડતું મુકાય છે એવા પર્વતનો ઉલ્લેખ છે : જુઓ **ભૈરવજાપ** (ટિ.).

**પ્રેમીને બદલે ભળતા સાથે અજાણ્યે નાસી જતી પ્રેમિકા : વિદ્યાવિલાસ,** બીજો ઘટક; **હંસાવલી અને વિક્રમચરિત્ર,** ત્રીજો ઘટક; **ચમત્કારી પંચદંડ,** પાંચમો ઘટક; **કામાવતી,** ઘટક ૩.૩.

**ફસાવનારી ફસામણી**(Entrapped suitors) : (કથાપ્રકૃતિ, ૧૭૩૦; કથાઘટક, કે ૧૨૮૮.૧) : (૧) 'શીલોપદેશ-માલા બાલાવબોધ'ની શીલવતીની કથા (જુઓ **શીલવતી–૧**) સાતમો, આઠમો ઘટક; (૨) **કુસુમશ્રી અને વીરસેનમાં** ધનવતીનું દૃષ્ટાંત, છઠ્ઠો ઘટક; (૩) **શૃંગારમંજરી–૧,** પાંચમો ઘટક. સંસ્કૃતમાં ક.સા.માં ઉપકોશા અને તેના ચાર પ્રેમાઓ (ટૉ. પે., ૧, ૩૨) પ્રાકૃતમાં 'સમરાઈચ્ચકહા' નવમા ભવના વૃત્તાંતમાં શુભંકર અને રતિની કથા. 'કુમારપાલપ્રતિબોધ'માં શીલવતીની કથા. આ કથાપ્રકૃતિનાં સંસ્કૃત-પ્રાકૃત અને વિવિધ પરદેશી રૂપાંતરોની વિસ્તૃત નોંધ માટે જુઓ 'કથા મંજૂષા'–૧ પ્રસ્તાવના પૃ. ૩૬–૪૦; લો.મૂ., પૃ. ૨૭; ક. સા., ૧-૪; ટૉ. પે. ૧-૩૨ અને પછીનાં તથા પૃ. ૪૨ થી ૪૪ પરની નોંધ.

**ફાચરનો ખીલો ખેંચનાર વાંદર :** જુઓ **વાંદર.**

**બત્રીસપૂતળીઓની ઉત્પત્તિ :** (દૈવી સિંહાસન પરની બોલતી–) : **અંબડ વિદ્યાધર,** ઘટક ૯.૨.

**બત્રીસલક્ષણા પુરુષનું બલિદાન : સિં.બ.–૧** આઠમી કથા (**વિક્રમચરિત્રકુમાર–૨**), ત્રીજો ઘટક; **સિં.બ.–૨,** બારમી કથા (**અમરફળ-૧,**) ત્રીજો ઘટક (બત્રીશલક્ષણાને મારીને તેની મલાઈ ખાવાથી રક્તપિત્તનો કોઢ મટાડવો).

**બલિદાન આપતાં પોતે બલિદાન બની જવું બીજાનું–) : અંબડ વિદ્યાધર,** ઘટક ૩.૨; **વેતાલચીસી-૧; વેતાલચીસી-૨** (મુખ્ય કથાનો અંતભાગ).

**બહુચરાના સ્થાનકની ઉત્પત્તિ : કાષ્ઠનો ઘોડો** (સિં.બ.–૨, સોળમી કથા), આઠમા ઘટકની અંતર્ગત.

**બહોત ગઈ ને થોડી રહી :** જુઓ **નટવીની દૃષ્ટાંતકથા**

**બળાત્કારનું આળ (પોટિફરની પત્ની, જોસેફ અને પોટિફર)** : (કથાઘટકસૂચિ ક્રમાંક કે. ૨૧૧૧) : **હંસાવલી,** ઘટક જુઓ : Bloomfield, 'Joseph and Potipher in Hindu Fiction', Trans. Amer. Phil. Asso. ૫૪,૧૯૨૩, પૃ. ૧૪૧–૧૬૭; ટૉ. પે. ૪, પૃ. ૧૦૪ અને પછીનાં, લો. મૂ., પૃ. ૧૩૪, ૧૩૫. **હંસાવતી,** છઠ્ઠો ઘટક; **જોગણીની વાર્તા (સિં.બ.–૨,** પચીશમી કથા) **સૂડાબહોંતેરી,** ચોવીશમી કથા.

**બળિયો ખેડૂત** (સાપના દોરડાથી વાઘને હળે જોતરીને ખેતર ખેડતો–) : **વેતાલપચીસી–૨,** સાતમી કથા.

**બાલપંડિત** : પાલિ જાતકકથાઓમાં 'મહાઉમ્મગ્ગ જાતક'નો મહૌષધ; પ્રાકૃતમાં 'આવશ્યક'ની કથાઓને લગતા સાહિત્યમાંનો નટપુત્ર રોહક, જૈન કથાસાહિત્યમાંનો શ્રેણિક-રાજાનો મંત્રી અભયકુમાર વગેરેની નાનપણથી અસાધારણ બુદ્ધિપ્રતિભાને લગતી કથાઓ જાણીતી છે.

**બાલપંડિતા : ભુવનાનંદા રાણી અને રિપુમર્દન રાજા.** બીજા સંદર્ભો માટે જુઓ **બુદ્ધિચતુર પત્ની** (ટિ.).

**બાવનાચંદનની પ્રાપ્તિ : અદ્ભુત નૌકાની વાર્તા** (**સિં.બ.–૨**, ચૌદમી કથા), ત્રીજો ઘટક. સંસ્કૃતપ્રાકૃત માટે જુઓ 'વસુદેવહિંડી–મધ્યમખંડ' તથા ક.સા.

**બે પ્રવાસીઓ** : ક. પ્ર. સૂ. ક્રમાંક ૬૧૩. આ કથા ભારતીય પરંપરામાં 'ભલો અને ભૂંડો' કે 'ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ' તરીકે જાણીતી છે. તેનાં જૂનાં રૂપાંતરો માટે જુઓ ફો. પૃ. ૮૦–૮૧; પ્રાકૃતમાં 'કુવલયમાલા-કથા'માં આવતી માયાદિત્યની કથા તથા આ.કો.વૃ.માંની બંધુદત્ત-વસુદત્તની કથા; શાંતિસૂરિકૃત 'પૃથ્વીચંદ્રચરિત'(ઈ.સ. ૧૧૦૫) અંતર્ગત 'ધન અને ધરણ' પૃ. ૧૧૧, ૧૧૩. જુઓ લો. મૂ., પૃ. ૮૫-૮૭, 'કથામંજૂષા,' ૩, પ્રસ્તાવના, પૃ. ૨૯-૩૩. વલ્લભને નામે પ્રકાશિત 'મિત્રધર્માખ્યાન'નો આધાર, પણ આ જ કથા છે.

**બુદ્ધિકસોટી** : તળાવ વચ્ચેના થાંભલાને બહારથી દોરડું બાંધી દેવું. **ધન્યકુમાર અને શાલિભદ્ર,** આઠમો ઘટક.

**બુદ્ધિચતુર પત્ની** (બુદ્ધિકુશળતાનો વટ તોડવા પતિએ આપેલ અસંભવિત કાર્યો સિદ્ધ કરવાનું આહ્વાન ઝીલતી–): **સ્ત્રીચરિત્રની વાર્તા** (**સિં. બ.–૨**, ઓગણીશમી કથા), તે જ પ્રમાણે **અમરકુમાર અને સુરસુંદરી, માનતુંગ અને માનવતી,** ગુણાવલી અને ગુણકરંડ, ચંદ્રલેખા, **લીલાવતી અને સુમતિવિલાસ,** વગેરે આજ કથાને લગતા જૂની ગુજરાતીમાં પંદરવીશ રાસાઓ છે. જુઓ રા. સા. પૃ. ૪૨૨. તેનું એક રૂપાંતર **વીરસિંહ અને સુંદરાબાઈની** લોકકથામાં મળે છે. સંસ્કૃત રૂપાંતર માટે જુઓ ક. સા ના. વિષમશીલ લંબકમાંની મૂલદેવની કથા (ટૉ. પૅ. ૯, પૃ.૭૭–૮૫) જૂની ગુજરાતીમાં આનું બીજું એક રૂપાંતર **ભુવનાનંદા રાણી અને રિપુમર્દન રાજા**માં મળે છે. એનું જૂનું પ્રાકૃત રૂપાંતર 'મણોરમાકહા'માં ચોથા વ્રતના ત્રીજા અતિચારના દૃષ્ટાંત તરીકે આવેલ ધન અને ધનદેવની કથામાં બાલપંડિતા **ભુવનાનંદાની** વાતમાં છે (પૃ. ૩૯૬) આ ઉપરાંત 'સુપાસનાહચરિય'માં (પૃ. ૩૯૧), અને પ્ર. પં માં (શુકીકથા, ક્રમાંક ૯૬ પણ આનું જ રૂપાંતર છે આ સંબંધમાં જુઓ જગદીશચંદ્ર જૈન, 'દો હજાર વર્ષ પુરાની કહાનિયાં' લો. મૂ. પૃ. ૩૭-૩૮. **સૂડાબહોંતેરીની** બીજી કથા (**જારને ધણી પાસે લવરાવતી અને વળાવતી કુલટા**)માં તથા ઓગણીશમી કથા (**રૂપિયો પડી ગયો**)માં અણગમતી સ્ત્રી વેશબદલો કરી પતિનો સંગ કરી પુત્ર પ્રાપ્ત કરતી હોવાનો ઘટક આ ઘટકનો જ બીજો પ્રકાર છે. સિદ્ધરાજ જયસિંહ પરણ્યા પછી મયણલ્લા સામે જોતા ન હતો, તેથી મંત્રીઓએ મયણલ્લાને ડોમણીના વેશે પતિ પાસે મોકલીને સમાગમ કરાવ્યાની વાત પ્ર. પં. ('ભાગ્યે જયસિંહનૃપકથા')માં છે.

**બુદ્ધિચતુર વણિકપુત્ર : ભદ્રાભામિની** (**સિં.બ.–૨,** ત્રેવીશમી વાર્તા), પહેલો ઘટક.

**બુદ્ધિચાતુર્યની કથાઓ** : જુઓ **બાલપંડિત** (ટિ.); જુઓ લો.મૂ., પૃ. ૩૪; લો. સા. સં. પૃ. ૨૫–૨૬.

**ભલો અને ભૂંડો** : જુઓ **બે પ્રવાસીઓ** (ટિ.).

**ભાગ્યની પ્રબળતા પર દૃષ્ટાંતકથા : રત્નદત્ત અને ચંદ્રાવતી** (ટિ.) ; **ચંપક શેઠ,** ઘટક ૧.૧

**ભાગ્યની વિચિત્રતા ઉપર દૃષ્ટાંતકથા** (દગો ન કિસીકો સગો) : જુઓ **ધનવંત વણિક.**

**ભાડૂતી વર : મંગલકલશ,** ચોથો ઘટક; **ચમત્કારી દંડ (= પંચદંડ),** ચોથો ઘટક; **અંબડ વિદ્યાધર** ઘટક; ૩. **ચંદરાજા અને પ્રેમલાલચ્છી** ઘટક ૪.૧.

સંસ્કૃત રૂપાંતર માટે જુઓ ક.સા. ના વિષમશીલ લંબકમાં કેશટ અને કંદર્પની કથા. ગુજરાતી લોકકથામાં મળતા આ ઘટક માટે જુઓ 'ભાડાનો વર' (હેંડો વાત માંડીએ પૃ. ૪૮–૭૭)

**ભુવનાનંદા રાણી અને રિપુમર્દન રાજા** : સંસ્કૃતમાં 'ભોજચરિત્ર'ના ચોથા પ્રસ્તાવમાં આગલે ભવે ચકલા–ચકલીના ઝઘડામાં બચ્ચાં પિતાનાં એવો રાજાએ ન્યાય કર્યો તેથી બીજે ભવે બાલપંડિતા સત્યવતીએ વછેરાં પોતાનાં પિતાનાં હોવાનો દાવો કર્યો અને તેને પરણી રાજાએ જે આહ્વાન આપ્યું તે ઝીલીને પાર પાડ્યું એવી કથા છે. જુઓ **બાલપંડિતા** (ટિ.), **બુદ્ધિચતુર પત્ની** (ટિ.).

**ભૂગર્ભમાં રહેલી નગરી** : જુઓ **પાતાળનગરી**

**ભોજરાજાને દૈવી સિંહાસનની પ્રાપ્તિ** : સિં. બ.–૧, સિં. બ.–૨ ની આરંભ કથા; જુઓ **ચમત્કારી ટીંબો** (ટિ.).

**ભોંયરામાં જન્મથી રાખેલી રૂપવંત કન્યા** : જુઓ **પાતાલસુંદરી.**

**ભૈરવજાપ** : અમુક પહાડની કરાડ પરથી ઝંપાપાત કરવો, 'આ જન્મમાં મનની ઇચ્છા પૂરી ન થઈ હોય તે આવતા

જન્મે પૂરી થાય' એવી અંતિમ ભાવના સાથે, એ રીતે કૂદીને મૃત્યુને ભેટવું, આપઘાત કરવો તે ભૈરવજાપ. જુઓ **કામાવતી**, પહેલો ઘટક. જુઓ **પ્રિયમેલક તીર્થ** (ટિ.) નીચે 'સર્વ–કામિત–પતન–શિખરિ–શિખર'નો ઉલ્લેખ.

**મત્સ્યહસિત (માછલાનું હાસ્ય) : સતનાં પારખાં–૧**, (**વેતાલપચીસી–૨**, નવમી કથા) સંસ્કૃત રૂપાંતરો માટે જુઓ ક.સા. (ટૉ. પે. ૧, ૪૬–૪૯); 'શુકસપ્તતિ', પાંચમી કથા; 'પુરાતનપ્રબંધસંગ્રહ'માં સાતવાહન પ્રબંધ, પૃ. ૧૬.

**મદનમોહના** : આના બીજા એક રૂપાંતર માટે **જુઓ** રાજવિજયકૃત 'શીલસુંદરી' (૧૭૩૩). આનાં **અન્ય રૂપાંતર** રાજસ્થાની સાહિત્યમાં પણ મળે છે : (૧) 'પ્રથીસિંઘ પુંવાર રી અર ખૂબાંરી વાત', (૨) 'વાત રાજપૂત અર બોહરેરી' (સોદાગર રી), (૩) 'દંપતીવિનોદ', (૪) 'વિક્રમચરિત્ર ઔર શુભમતી', (૫) 'શેઠકી બેટી' ('શોધપત્રિકા, ૧૧, ૩–૪).

**મસ્તક પર રહેતું સદાબહાર (સર્વર્તુ) ઉદ્યાન** : (૧) **આરામશોભા**, પહેલો ઘટક (૨); **અંબડ વિદ્યાધર**, ઘટક ૪. ૧.

**મંત્રસિદ્ધિ માટે મનુષ્યનું બલિદાન** : (૧) ઉત્તરસાધકનું કપટભાવે બલિદાન આપવાનો પ્રયાસ. **વેતાલપચીસી–૧**, પહેલો અને ચોથો ઘટક. **વેતાલપચીસી–૨**, ચોથો અને છઠ્ઠો ઘટક; **અંબડ વિદ્યાધર**, ઘટક ૭.૧. સંસ્કૃત માટે જુઓ ટૉ. પે. ૩, ૨૦૯–૧૦. પ્રાકૃતમાં 'મહાવીર ચરિય'માં 'નરવિક્રમની વાર્તા'માં. (૨) જોગણીને કે ઈતર દેવને સુવર્ણસિદ્ધિ માટે અથવા બીજી કોઈ વિદ્યાની સિદ્ધિ માટે મનુષ્યનું બલિદાન આપવું : **ચમત્કારી પંચદંડ–૨** ત્રીજો ઘટક; **ચંદ્રશેખર રાજા**, છઠ્ઠો ઘટક. **અંબડ વિદ્યાધર**, ઘટક ૩.૨; **શીલવતી–૨**, છઠ્ઠો ઘટક.

**માછલાનું હાસ્ય** (મરેલા–) : જુઓ **મત્સ્યહસિત.**

**માછીમારની શિવપૂજા** : **વેતાલ ભાટ** **સિં.બ.–૨**, વીશમી કથા), પહેલા ઘટકની અંતર્ગત.

**માથાંની અદલાબદલી** : બીજા રૂપાંતર માટે જુઓ **અબોલારાણી** (સિં.બ.–૨, છઠ્ઠી કથા)ની બીજી આડકથા.

**માર્મિક પદ્યોક્તિ** : કથાઓની રચનામાં કોઈક લાક્ષણિક પદ્યાત્મક ઉક્તિનો ઉપયોગ અનેક રીતે થતો હોય છે. (૧) કટોકટીની પળે એકાએક અણધાર્યા બચાવ માટે, (૨) વાતને નવો વળાંક આપવા માટે, (૩) ઓળખાણની એંધાણી તરીકે, અથવા તો (૪) કાકતાલીયન્યાયે કૌતુક ઉપજાવવા–એમ વિવિધ રીતે કથામાં સદુક્તિ અથવા સૂચક, બોધક કે માર્મિક મુક્તક (અથવા તો જોડકણું પણ) વપરાય છે. (લો. મૂ.. પૃ. ૩૨, ૨૭૮–૨૮૦). **અંબડ વિદ્યાધર**માં નટવીની દૃષ્ટાંતકથામાં '**રૂપાવતીની વાર્તા**'માં **મદન અને મોહના**માં **પરિવ્રાજક અને ધુતારો**માં તથા 'પુહવી-ચંદચરિય' માંની સિદ્ધિદત્ત અને કપિલની આડકથામાં તે મળે છે. છેલ્લે જેનો નિર્દેશ કર્યો તે કથામાં દેવીએ આપેલી પોથીને બ્રાહ્મણની પાસેથી વેચાતી લેનાર વણિકપુત્રને તે પોથીમાંના શ્લોકનું એક ચરણ અણધાર્યું ફળે છે : નક્કી કરેલાં પ્રેમીને બદલે અજાણ્યે આ વણિકપુત્રને પરણી બેસનાર રાજકુમારી અને તેની ચાર સખીઓ એકબીજીને આ શ્લોક-ચરણને આધારે કરેલી પાદપૂર્તિ દ્વારા સંકેત પહોંચાડે છે. કાકતાલીયન્યાયે જોડકણું ફળતું કે બચાવતું હોવાની કથાઓ ('ડૉકટર નો ઑલ' ક. પ્ર સૂ. ક્રમાંક ૧૬૮૧) માટે જુઓ લો. મૂ., પૃ. ૮.

**મા–સાહસ પક્ષી** : કથાઓમાં અનેક સ્થળે વાણીવિરુદ્ધ આચારના દૃષ્ટાંત તરીકે આ પક્ષીનો ઉલ્લેખ કરેલો છે. જેમકે, જંબૂકુમારની કથામાં પત્ની કમલવતી મા–સાહસ પક્ષીનું ઉદાહરણ આપે છે. તે પક્ષી વિશે એવી માન્યતા છે કે તે, 'મા સાહસ' (સાહસ ન કરો) એમ બોલ્યા કરતું હોય છે, અને તે સાથે તે વાઘના મોઢામાં દાંતે વળગેલા માંસના ટુકડાને લઈને ઝાડ પર ચડી જતું હોય છે.

**મિત્ર દ્વારા ચાર ઘાતમાંથી બચાવ** : **કર્પૂરમંજરી**, છઠ્ઠો અને સાતમો ઘટક.

**મિત્રની શૂળીએ ચડવા તૈયારી (નાયકની બદલીમાં)** : **સદયવત્સ અને સાવલિંગા**, સાતમો ઘટક; **રૂપાં અને સુંદર**, બીજો અને ત્રીજો ઘટક; **રૂપાવતી** (સિં.બ.–૨ એકત્રીશમી કથા), પહેલો ઘટક; હિંદી 'મધુમાલતી'ની કથામાં, જુઓ લો.મૂ.,પૃ. ૨૭૩.

**મુગ્ધમતિ રાણી** (મૃત્યુપ્રસંગે થતા શોકપ્રદર્શનને નૃત્ય-પ્રયોગ સમજતી–) : **અશોકચંદ્ર અને રોહિણી.**

**મૂર્ખકથાઓ** : ક.સા. (ટૉ. પે. ૫, પૃ. ૬૭–૧૭૧)માં મુગ્ધકથાઓ આપેલી છે. વળી જુઓ સાંડેસરા, 'પંચતંત્ર' પૃ. ૪૫૭–૪૯૭. ક.ધ.સૂ.ના આને લગતા ક્રમાંકો તથા કથા-સાહિત્યના સંદર્ભો માટે જુઓ લો.મૂ., પૃ. ૨૫૦–૨૫૧; **રત્નચૂડ**માં આવતી ચાર મૂર્ખકથાઓમાં પહેલી મૂર્ખકથાનું રૂપાંતર ક.સા.ની ૧૩૭મી મુગ્ધકથા (=સાંડેસરામાં ૯૨ મી); બીજી મૂર્ખકથા(મૌનપાલન)નું લોકકથામાં મળતું રૂપાંતર 'બોલે તે બે ખાય' તરીકે જાણીતું છે. અમિતગતિની 'ધર્મપરીક્ષા'(૧૦૧૪)માં પણ આ આવે છે. જુઓ **રત્નચૂડ વણિકપુત્ર** (ટિ.) નીચે. ક.પ્ર.સૂ. ક્રમાંક ૧૩૫૧ અને ક.ધ.સૂ.

ક. જે. ૨૫૧૧ છે. જુઓ 'ફોકટેયૂલ', પૃ. ૧૯૫. ત્રીજી મૂર્ખકથાનું રૂપાંતર ક.સા.ની ૧૩૫મી મુગ્ધકથા(=સાંડેસરામાં ૯૦ મી).

**મૂર્ખચટ્ટ અને વિનયચટ્ટ : વિદ્યાવિલાસ વણિકપુત્ર,** પહેલો ઘટક.

**મૂલદેવ : ધૂર્તાખ્યાન** કથામાં એ મુખ્ય ધૂર્તનાયક છે, મૂલદેવ ને દેવદત્તા ગણિકાની કથા દેવેન્દ્રસૂરિકૃત 'સ્થાનકવૃત્તિ'માં, જયસિંહસૂરિકૃત 'ધર્મોપદેશમાલાવિવરણ'માં, સોમપ્રભસૂરિકૃત 'કુમારપાલપ્રતિબોધ'માં, આમ્રદેવસૂરિકૃત આ. કો. વૃત્તિમાં એમ અનેક જગાએ મળે છે. જુઓ લો.મૂ., પૃ. ૩૩૧–૩૩. **શીલવતી–૧,** સાતમા ઘટકમાં મૂલદેવને અને સહદેવને ગગનધૂલિની શીલવતી પત્નીનું શીલભ્રંશ કરવા માટે મોકલાતો હોવાની વાત છે.

કેટલીક કથાઓમાં મૂલદેવની સાથે શશ અને / અથવા સહદેવ હોય છે. જુઓ, બ્લૂમફિલ્ડ 'Art of stealing in Hindu fiction', American journal of Philology. પુ. ૪૪, ભાગ–૨ પૃ. ૯૭–૧૩૩, ભાગ–૩ પૃ. ૧૦૩–૨૨૯, ૧૯૨૩. મૂલદેવ અને શશની કથા માટે જુઓ ટો.પે.–૯ પૃ. ૭૭–૮૫. એ ઉપરાંત મૂલદેવ માટે જુઓ ટો.પે. ભાગ–૨ પૃ. ૧૮૩, ભાગ–૭ પૃ. ૨૧૭–૨૨૩. ભોજકૃત સાહિત્યશાસ્ત્રના ગ્રંથ 'શૃંગારપ્રકાશ'માં (૧૧મી શતાબ્દી) કોઈ અજ્ઞાત પ્રાકૃત કથાકૃતિમાંથી આપેલાં ઉદ્ધરણમાં મૂલદેવ અને અચલસ્વામીનો ઉલ્લેખ છે.

**મૃગાવતી :** રાજવલ્લભ પાઠકના સંસ્કૃત 'ભોજચરિત્ર' (ઈ.સ. ૧૪૪૦)માં માણસના લોહીથી ભરેલી વાવમાં સ્નાન કરવાનો નાયિકાને દોહદ થાય છે, અને તે સ્નાન કરતી હતી ત્યારે તેને માંસપિંડ માનીને ભારંડ પક્ષી ઊંચકી જાય છે એ પ્રસંગ છે(૪, ૧૨૦–૧૩૬).

**મૃતસંજીવન :** નટવીની દૃષ્ટાંતકથા (**અંબડ વિદ્યાધર,** ઘટક ૬.૨)માં.

**મૃત્યુલેખ** ('ધ લેટર ઑવ ડેથ') : નાયકનો ઘાત કરાવવા તેની દ્વારા જ એ મતલબનો પત્ર બીજા પર મોકલવો, અને વચ્ચે પત્રના લખાણમાં નજીવા ફેરફારથી નાયકની હત્યાને બદલે તેને કન્યાપ્રાપ્તિ. **ચંપક શેઠ,** ઘટક ૧.૨.

પૌરાણિક ચંદ્રહાસ આખ્યાનમાં 'વિષ' આપવાના લખાણને બદલી કન્યા 'વિષયા' આપવી એવું પરિવર્તન. એ કથા બૌદ્ધ પરંપરામાં ઘોસકની અને જૈન પરંપરામાં દામન્નકની કથાને નામે મળે છે. ઘોસકની કથા 'અંગુત્તર–નિકાય'માં આ કથા મળે છે. જુઓ હાર્ડીનો લેખ, JRNS, ૧૮૯૮, પૃ. ૭૪૧–૭૯૪. દામન્નક માટે જુઓ ટો. પે. 'કથાકોશ', પૃ. ૧૬૮ અને પછીનાં. સામાન્ય રીતે આ કથાઘટક માટે જુઓ ટો.પે. ૩, ૨૭૯–૨૮૦. ત્યાં Schlickના આ કથાઘટકના અધ્યયન Das Glücksskind dem Todbrief(=The lucky child with the letter of Death)નો નિર્દેશ છે. જૈન પરંપરામાં મળતા કુણાલ-ચરિત્રમાં પરગામ રહેલા કુમારને अधीयताम् = ('ભણાવજો')ને એવું જે સંદેશમાં લખેલું તેમાં અ ઉપર અનુસ્વાર ઉમેરીને દ્વેષભાવે સાવકી માતાએ अंधीयताम् કરી દીધું, અને પરિણામે તેને આંધળો કરી દેવામાં આવ્યો.

**મૌનવ્રત અને મૌનભંગ :** (૧) ચાર વાર મૌનભંગ કરાવનારને વરવાની પ્રતિજ્ઞા કરનાર, ચાર પરદા પાછળની કન્યા. **અબોલા રાણી (સિં.બ.–૨,** છઠ્ઠી કથા); **કાષ્ઠનો ઘોડો (સિં.બ.–૨,** સોળમી કથા), બીજાથી છઠ્ઠા સુધીના ઘટક. આ.કો.વૃ.માંની ભાવદ્વિકાની કથામાં મંદિરમાં યક્ષને ચાર પ્રહરની ચાર વાર્તા કહીને સવારે છૂટી જતી કુલટાની વાત છે. (૨) **જોગણીની વાર્તા (સિં.બ.–૨,** પચીશમી કથા)-માં નાયક પોતાનો વૃત્તાંત કહીને જોગણી બનેલી પત્નીઓનો મૌનભંગ કરાવે છે. જુઓ **ચિતારાની પુત્રી** (ટિ.). આ ઉપરાંત જુઓ **ધર્મબુદ્ધિ મંત્રી અને પાપબુદ્ધિ રાજા,** ચોથો ઘટક; **સિંહલકુમાર,** બીજો ઘટક. 'વીરભદ્ર–કથાનક'(શીલાંકકૃત, 'ચઉપન્ન મહાપુરિસચરિય'માં અઢારમા તીર્થંકર અરસ્વામીના ચરિત્રમાં આપેલી આડકથા)માં વીરભદ્રની ત્રણેય વિયુક્ત પત્નીઓ ઉપાશ્રયમાં સાધ્વીઓ સાથે રહી મૌનવ્રત પાળે છે, અને વામનરૂપ ધારણ કરેલો તેમનો પતિ વીરભદ્ર તેમને આત્મવૃત્તાંત કહીને બોલતી કરે છે. રૂપાંતરો માટે જુઓ રમણીકભાઈ શાહ સંપાદિત 'વીરભદ્ર–કથાનક'ની ભૂમિકા.

**મૌનવ્રતધારી જોગણીઓ :** જુઓ **મૌનવ્રત અને મૌનભંગ** (ટિ.). સંસ્કૃત 'જિનદત્તકથાનક'માં વામનરૂપધારી જિનદત્ત મૌનવ્રત ધારણ કરી રહેલી પોતાની ત્રણ પત્નીઓને તેમનો પૂર્વવૃત્તાંત કહીને મૌનભંગ કરાવે છે. પૃ. ૨૬–૨૮.

ભદ્રેશ્વરની 'કહાવલી'માં મળતી વીરભદ્રની કથાનું જ રૂપાંતર જિનદત્તની કથા છે. જુઓ ('જિનદત્તઆખ્યાનદ્વય', ભૂમિકા, પૃ. ૪).

**રત્નકંબલ** (નેપાળનાં–) : જુઓ **ધન્નો અને શાલિભદ્ર,** પચીસમો ઘટક.

**રત્નચૂડ વણિકપુત્ર :** 'કાંઈક' આપવાની માગણી માટે સરખાવો ક.સા. ૫, (પૃ. ૬૭–૧૭૧ ઉપર આપેલી મુગ્ધકથાઓમાં) ૧૨૦મી મુગ્ધકથા ( = સાંડેસરામાં ૭૫મી) **વઢકણી**

**(લઠકણી) સોઢી** (ટિ.). સંસ્કૃત રૂપાંતર માટે જુઓ પ્ર.પં. ક્રમાંક ૫૩૪.

મૌનભંગવાળી મૂર્ખકથા અમિતગતિની 'ધર્મપરીક્ષા' (૧.૧૪)માં તથા 'વેતાલપંચવિંશતિ'માં મળે છે. ચીની ત્રિપિટકમાં (ઈ.સ. ૪૯૨) પણ તે છે. આ વિશેની તુલનાત્મક નોંધ માટે જુઓ Winternitz, History of Indian Literature II, પૃ. ૫૬૪–૫૬૫, ટિપ્પણી ૧.

અમિતગતિકૃત 'ધર્મપરીક્ષા' (Winternitz, History of Indian Literature' II, 565)માં એવી એક કથા છે કે મહાભારતકાર વ્યાસે માણસોની મૂર્ખતાની ખાતરી કરવા એક પ્રયોગ કર્યો : ગંગાકાંઠે ઘડો રેતીમાં દાટી ઉપર વેળુનો ઢગ કર્યો. આ જોઈ લોકોએ પણ એમ કરવા માંડયું. આથી મૂળ ઘડો કયાં દાટયો હતો તેની નિશાની રહી નહીં:

'ગતાનુગતિકો લોકો ન સમીક્ષિતકારકઃ ।
પરમ બ્રાહ્મણ-મૂર્ખેણ હારિતં તામ્રભાજનમ્' ।।

'ધર્મપરીક્ષા'માં 'ધર્મલાભ' કોને કહ્યો તે બાબત ઝઘડતા ચાર મૂર્ખાઓએ પોતપોતાની મૂર્ખાઈની વાત 'રત્નચૂડરાસ' પ્રમાણે જ કરી છે.

સાધુએ આશીર્વાદ આપતાં ચાર મૂર્ખાઓએ પૂછયું, 'કોને આપ્યા ?' એટલે સાધુએ કહ્યું 'જે સૌથી મોટો મૂર્ખ હોય તેને' એટલે ચાર જણે પોતપોતાની મૂર્ખાઈની વાત કરી :

(૧) બંને પત્નીઓને ખલેલ ન પહોંચે તેથી આંખો બળી જવા દીધી.
(૨) બંને પત્નીઓએ પગ ભાંગી નાંખ્યા.
(૩) ચોખા ખાઈ ગયેલો મૂર્ખ.
(૪) 'બોલે તે બે ખાય'ની શરત લગાવતાં પતિ–પત્ની (વિન્ટર્નિટ્સમાં, પૃ. ૫૬૪)

'ગેલહાધરા(મૂરખાઓ)નું ગામ' એ નામની કહેવતકથામાં એવી વાત છે કે ગામની એક વહુઆરુએ દરબારની ડેલીએ બેઠેલા દરબાર ગોવુભા, પ્રેમજી પટેલ, ગિરજાશંકર ગોર, કાનો કોળી અને ભીમલા ભરવાડમાંથી કોની લાજ કાઢી એ અંગે વિવાદ થતાં અને વહુઆરુને પૂછતાં તેણે જવાબ આપ્યો 'મેં તો ગેલહાધરામાં ગેલહાધરો(મૂરખનો સરદાર)હોય એની લાજ કાઢી'તી લે; કારણ કે ભૂંડાથી ભૂતેય ભાગે.' આથી દરબાર સહિત બધા જ પોતપોતાને ગેલહાધરો(મૂરખ) પુરવાર કરવા પ્રયાસ કરે છે. (જુઓ જોરાવરસિંહ જાદવ, 'જનસત્તા' દૈનિક તા. ૧–૭–૯૦)

**રત્નદત્ત અને ચંદ્રાવતી** : જુઓ **ભાગ્યની પ્રબળતા પર દષ્ટાંતકથા** (ટિ.).

**રત્નપારખુ** : જુઓ **ધન્યકુમાર અને શાલિભદ્ર**, સત્તરમો ઘટક.

**રવિચંદ્ર દીપક** : **અંબડ વિદ્યાધર**, છઠ્ઠો ઘટક.

**રસમંજરી** : આનું પ્રાકૃત રૂપાંતર ધ.વિ.માં('યુવતિ-ચરિતે દ્વિજતનયા–કથા' પૃ. ૧૪૬–૧૪૭ પછીનાં), તથા 'ઉપદેશપદ' પરની મુનિચંદ્રસૂરિની 'સુખબોધા' ટીકામાં (પૃ. ૩૨૭ અને પછીનાં) રતિસુંદરીની કથામાં મળે છે.

**રાજકુમારીનો ગુપ્તપણે રાજકુમાર તરીકે ઉછેર** : જુઓ **કનકરથ રાજા અને અતિસાગર મંત્રી** (અસંભવિત સંભવિત બનવા પર દષ્ટાંતકથા), **અંબડ વિદ્યાધર**, ત્રીજા ઘટકમાં આવતી દષ્ટાંતકથા. પ્રાકૃતમાં 'વસુદેવહિંડી', 'પઉમચરિય'.

**રાજકુમારીની ભેદી રાત્રિચર્યા** : જુઓ **દેવદમની** (ટિ.).

**રિપુમર્દન રાજા** : જુઓ **ભુવનાનંદા રાણી અને રિપુમર્દન રાજા.**

**રુદનપ્રસંગે હાસ્ય : રુદન સાથે હાસ્ય–૧ (વેતાલ-પચીસી–૧,** તેરમી કથા) **રુદન સાથે હાસ્ય–૨ (વેતાલ-પચીસી–૧,** બાવીશમી કથા) સંસ્કૃતમાં પુ.પ્ર., 'સાતવાહન પ્રબંધ'માં (પૃ. ૧૧).

**રુદ્રાચાર્યની દષ્ટાંતકથા** : **ધન્યકુમાર અને શાલિભદ્ર**, ચોથો ઘટક.

**રુધિરસ્નાન** : (૧) કોઢ કે દાહ મટાડવા. વ. હિં. માં આવતી 'ધમ્મિલહિંડી'માંની અગડદત્તની કથામાં કૌશાંબીના પ્રધાનના પુત્રનો કોઢ મટાડવા માટે ગ્રીસનો રાજદૂત તેને ઘોડાના લોહીમાં સ્નાન કરાવવાનું કહે છે. ક.સા.માં શરીરે દાહ મટાડવા અરવિંદના પુત્ર કુરુવિંદને સ્નાન કરવા માટે પ્રાણીઓના લોહીનું બાબોચિયું તૈયાર કરવા કહે છે. (ટૉ.પે., ૧,૯૮)

(૨) સગર્ભાને થતો દોહદ પૂરવા : જુઓ **દોહદ** (ટિ.)

**રૂપવાન (કે સંગીતજ્ઞ) નાયકનું નગરનારીઓ પર કામણ** : જુઓ **માધવાનલ અને કામકંદલા; સિંહલ-કુમાર–૧ અને ૨,** પહેલો ઘટક. જૈન પરંપરા પ્રમાણેના વસુદેવચરિત્રમાં વસુદેવના રૂપનું કામણ આ જ રીતે વર્ણવાયું છે, અને લોકગીતોમાં કૃષ્ણની મોરલીના નાદે ઘેલી ગોપીઓનું વર્ણન પણ આવું જ છે. જુઓ 'કૃષ્ણકાવ્ય', પૃ. ૧૦૭–૧૦૮.

**રૂપસેન અને કનકાવતી** : સંસ્કૃત રૂપાંતર માટે જુઓ ક.સા., કથાપીઠ લંબક, ત્રીજા તરંગમાં પુત્રકની કથા (ટૉ. પે., ૧, પૃ. ૨૧–૨૪)

**રૂપાંતર** : મનુષ્યનું પશુપંખીમાં, પાષાણમાં વગેરે) : **(૧) મનુષ્યનું (સ્ત્રીનું) ઊંટડીમાં : ધર્મબુદ્ધિ મંત્રી અને પાપબુદ્ધિ રાજા,** ત્રીજો ઘટક, (૨) **મનુષ્યનું કૂકડામાં : અંબડ વિદ્યાધર,** ત્રીજો ઘટક (૩) **મનુષ્યનું ગર્દભમાં : અંબડ વિદ્યાધર,** ઘટક ૩.૩, ૭.૩; તથા 'જાદુઈ પક્ષીહૃદય'નાં રૂપાંતરોમાં : જુઓ લો.મૂ.,પૃ. ૪૧, ૪૯. **(૪) મનુષ્યનું પાષાણમાં : ભરથરી (સિં.બ.–૨)** ઘટક ૮.૩ **(૫) મનુષ્યનું પોપટમાં : વિદ્યાવિલાસ વણિકપુત્ર,** પાંચમો ઘટક; **અંબડ વિદ્યાધર,** ઘટક ૫.૧ (**સિં.બ. ૨**, સાતમી કથા); બીજો ઘટક; **વેતાલપચીસી–૨,** ઉત્તમકુમાર, ચોથો અને પાંચમો ઘટક. (૬) **મનુષ્યનું બકરામાં : અંબડ વિદ્યાધર** ઘટક ૫.૩. (૭) **મનુષ્યનું બળદમાં : ભરથરી (સિં.બ.–૨)** ઘટક ૮.૩. (૮) **મનુષ્યનું બિલાડીમાં** : જુઓ **ચમત્કારી અંજન** (ટિ.). **(૯) મનુષ્યનું વાનરમાં** અને **વાનરનું મનુષ્યમાં** : જુઓ **અસંતોષી વાનર** (ટિ.) **(૧૦) મનુષ્યનું હરણમાં**(રાજકુમારીનું હરણીમાં) : **અંબડ વિદ્યાધર** ઘટક ૭.૧. **(૧૧) નારીનું નરમાં** અથવા **નપુંસકનું નરમાં : અંબડ વિદ્યાધર,** ઘટક ૩.૧; **'કાષ્ઠનો ઘોડો',** છઠ્ઠો ઘટક 'અરેબિયન નાઈટ્સ'ની ૫૮૩મી રાતની કથામાં ઝરણાનું જળ પીતાં નરનું નારીમાં રૂપાંતર થયાની વાત છે. મહાભારત કથામાં અંબાનું શિખંડીમાં રૂપાંતર થાય છે.

**રૂપિયો પડી ગયો : (સૂડાબહોંતેરી,** ઓગણીશમી કથા) અ.ના.ની પંદરમી રાતની કથામાં આનું જ એક રૂપાંતર છે : The woman who made her husband sift dust. એ મૂળે 'સિંદબાદનામા'ની કથા છે (બર્ટન, પૃ. ૧૪૩).

**રેવાનો મહિમા** : જુઓ **નર્મદાનો મહિમા (ટિ.).**

**રોહિણીતપના ફળની કથા** : જુઓ **અશોકચંદ્ર અને રોહિણી.**

**લખી વાંદરી** : જુઓ **ચમત્કારી વાંદરી** (ટિ.).

**લજ્જા લોપી હોવાનું આળ** : (સમાગમનો અસ્વીકાર કરતાં ઓરમાન પુત્ર ઉપર માતા દ્વારા–) : આ કથાઘટક ઘણા પ્રાચીન સમયથી (ઈ.સ. પૂર્વેની બીજી સહસ્રાબ્દી લગભગ મળતી ઇજિપ્તની કથાથી શરૂ કરીને) મળે છે. **હંસાવલી**માં (પાંચમો ઘટક) આને લગતો જ છે. વિશેષ માટે જુઓ 'લોકકથામાં આળ' (લો.મૂ., પૃ. ૧૨૬ અને પછીનાં).

**લોહજંઘ સંદેશવાહક : ધન્યકુમાર અને શાલિભદ્ર,** ત્રીશમો ઘટક, બૌદ્ધસાહિત્યમાં જીવક કૌમારભૃત્યની કથામાં ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતના દૂતને આ સાથે સરખાવી શકાય.

**વગર વિચાર્યું ન કરવા પર દૃષ્ટાંતકથા** : જુઓ **સહસા કામ કરવાનાં માઠાં પરિણામ** (ટિ).

**વચનપાલન માટે પહેલી રાતે પરપુરુષ પાસે જતી નવવધૂ** : આ કથા સ્વતંત્રપણે તેમ જ **ચોરની ઓળખ**ના એક ભાગ તરીકે પણ આવે છે. (૧) તે સ્વતંત્ર કથાલેખે સંસ્કૃત 'કથાસરિત્સાગર'માં આવતી 'વેતાલપંચવિંશતિકા'ની કથાઓમાં દસમી કથા તરીકે મળે છે. આના ઉપરની નોંધ માટે જુઓ ટૉ. પે. ૭, પૃ. ૧૯૯ અને પછીનાં. તેના આધારે **વેતાલપચીસી–૧,** નવમી કથા, **વધુ ઉદાર કોણ ?–૨,** જાતકકથામાં 'અંબજાતક'(ચોથો ખંડ, પૃ. ૪૦૦–૪૦૬)માં તથા 'દશવૈકાલિકવૃત્તિ'ની ગાથા–૬૨(પૃ. ૮૧)માં પણ આ કથાનાં પ્રાચીન રૂપાંતર મળે છે, જુઓ નેમિચંદ્ર શાસ્ત્રીકૃત 'હરિભદ્ર' કે 'પ્રાકૃત કથાસાહિત્યકા આલોચનાત્મક પરિશીલન' પૃ. ૧૭૬, ૨૦૪. 'દશવૈકાલિકવૃત્તિ'માં 'એકસ્તંભપ્રાસાદ'ની કથામાં નવવધૂને ઉત્તરોત્તર ચોર અને રાક્ષસ મળે છે. 'ઉપદેશપદ'માંની શ્રેણિકરાજાની કથામાં પણ આ આડકથારૂપે છે. (૨) ચોર શોધી કાઢવા માટેની આંતરકથા તરીકે : **કળશની વાર્તા (સિં.બ.–૨,** અગિયારમી કથા)નો બીજો ઘટક. હેમવિજયકૃત 'કથારત્નાકર'માં સર્વર્તુ આંબાની કેરી ચોરી લેનાર ચાંડાલને પકડવા અભયકુમારે કહેલી કથા તરીકે આ આવે છે. એનું ગુજરાતી રૂપાંતર **અભયકુમાર મંત્રી** ઘટક ૯.૧ થી ૯.૨માં મળે છે. 'ઉપદેશપદ'ની વૃત્તિમાં પણ આનું એક રૂપાંતર છે.

**વઢકણી (લઢકણી) સોઢી** : જુઓ **રત્નચૂડ વણિક પુત્ર** (ટિ.),

**વત્સરાજ અને હંસરાજ** : જુઓ **હંસાવલી.**

**વધુ કોમળ કોણ ?** : આ વિષયનું લોકગીત પણ છે :

દેરાણી–જેઠાણી ખાંડે ધાન, મેં સાંભળ્યું'તું કાનોકાન
મારી પાડોશણ ચોખા છડે, મારા હાથે ચાઠાં પડે
મારા પિયુને પૂછું એમ, ધાન ખાંડે તે જીવે કેમ.—૧
મેં ચૂંટી ચંપાની કળી, દસ મહિના પેચૂટી ટળી
મારા પિયુને પૂછું એમ, ખડ વાઢે તે જીવે કેમ.—૨
મારે માથે ફૂલનો દડો, મેં જાણ્યું પાણીનો ઘડો,
મારા પિયુને પૂછું એમ, પાણી ભરે તે જીવે કેમ.—૩

ખડી સાકરનો શીરો કર્યો, સાત ફેરા મેં ઘીમાં તળ્યો,
કેમે કરી એ ગળે ઊતર્યો,
મારા પિયુને પૂછું એમ, ખીચડી ખાય તે જીવે કેમ.—૪
મેં પહેર્યાં હીર ને ચીર, તોય મારું છોલાણું ડીલ
મારા પિયુને પૂછું એમ, જાડાં પહેરે તે જીવે કેમ.—૫

**વધુ બળિયો કોણ?** (પત્નીના કાનના વીંધમાંથી નિત્ય બાણ પસાર કરતો બાણાવળી—): **વેતાલપચીસી–૨,** સાતમી કથા.

**વર ત્રણ અને કન્યા એક–૧ : વેતાલપચીસી–૧,** બીજી કથા. આનું જે એક રૂપાંતર સંસ્કૃતમાં મળે છે તેમાં ચાર વર છે. તે માટે જુઓ **ચિતારાની પુત્રી** (ટિ.).

**વરબદલો :** (૧) અજાણ્યે : જુઓ **પ્રેમીને બદલે ભળતા સાથે અજાણ્યે નાસી જતી પ્રેમિકા** (ટિ.). જુઓ લો. મૂ., પૃ. ૨૮–૨૯, ૬૩. (૨) **ભાડૂતી વર : મંગલકલશ; ચમત્કારી પંચદંડ.** સંસ્કૃતમાં ક.સા.માં વિષમશીલલંબકમાં કેશટ અને કંદર્પની કથા(ટૉ.પે. ૯, ૫૪–૬૧)માં.

**વલ્કલચીરી :** આ વૈદિક–પૌરાણિક પરંપરામાં ઋષ્યશૃંગની કથા તરીકે જાણીતી છે. પ્રાકૃત રૂપાંતરો માટે જુઓ પાલિ જાતકકથાઓમાં અલંબુષા જાતક (ક્ર. ૫૨૩) તથા નલિનિકા જાતક (ક્ર. ૫૨૬).

**વણિક્પુત્રની વેપારી કુનેહની પરીક્ષા :** જુઓ **ધન્યકુમાર અને શાલિભદ્ર,** પહેલો ઘટક. જુઓ બૌદ્ધ-સાહિત્યમાં.

**વારસાની સમસ્યા**(વિચિત્ર વારસો) **: સિં.બ.–૧,** ચોવીશમી કથા(=સિં.દ્વા. ચોવીશમી કથા), પહેલો ઘટક; **સિં.બ.–૨,** કથાપીઠ (સિંહાસનની ઉત્પત્તિ)ના પાઠાંતરમાં બીજો ઘટક; **ધન્યકુમાર અને શાલિભદ્ર,** એકવીશમો ઘટક: મલયચંદ્રમાં શાલિવાહન સમસ્યા ઉકેલે છે, જૈન પરંપરામાં અભયકુમાર, શામળમાં ગોપબાળક પ્રાકૃત ઉકેલે છે. રૂપાંતર 'પુહઈચંદ્ચરિય'માં 'ધન્ન–સેટ્ઠીપુત્ર ચઉક્કકખાણય' (એટલે 'ધન્ય શેઠના ચાર પુત્રની કથા'), પૃ. ૧૮–૨૦; 'મણોરમા–કહા' પૃ. ૪૨–૪૩. સંસ્કૃત રૂપાંતરો : 'પ્રબંધકોશ', સાતવાહન–પ્રબંધ, પૃ. ૬૬–૬૭; પુ. પ્ર., પૃ. ૩૭.

**વાંદર : (૧) અસંતોષી વાંદર:** આનાં રૂપાંતરો માટે તેમ જ તે ઘટકનો ઉપયોગ કરતી કથાઓ માટે જુઓ કઠિયારા–કઠિયારણની કથા('સ્થાનકવૃત્તિ', 'કુમારપાળ–પ્રતિબોધ', પ્ર. ૫ં.); બ્રાહ્મણ–બ્રાહ્મણીની કથા(પ્ર. ૫), ઘણુકા–ઘણુકીની કથા. એ સૌ માટે જુઓ પૂર્વભવની સ્મૃતિના ઘટકવાળું એક કથાજૂથ' (લો. મૂ., પૃ. ૭ અને ૧૪૮ અને પછીનાં). (૨) **ફાચરનો ખીલો ખેંચનાર વાંદર : પંચાખ્યાન.**

**વિક્રમચરિત્રકુમાર–૧** (વિક્રમરાજા અને લીલાવતી) : આમાં આવતી વીરમતીની આડકથા (ઘટક ૨.૪) એ ધૂર્તકથા (=ધૂર્તાખ્યાન)માં આવતી ખંડપાનાની જ વાત છે. (જુઓ દસથી બાર સુધીના ઘટક).

**વિક્રમાદિત્ય રાજા** (ઉજ્જયિની નગરીનો–) :

**—અને કોઢિયો રાજા : અમરફલ–૧** (**સિં.બ.–૨,** સત્તરમી કથા), બીજો ઘટક.

**—અને જૈન યતિ : અદ્‌ભુત નૌકા સિં.બ.–૨,** ચૌદમી કથા), પાંચમો ઘટક,

**—અને લીલાવતી : હંસાવલીના** પહેલા ખંડમાં આ કથાનું જ રૂપાંતર છે. પણ ત્યાં પ્રતિષ્ઠાનના શાલિવાહન રાજાનો પુત્ર નરવાહન અને કનકાપુરની રાજકુમારી હંસાવલી નાયક–નાયિકા છે.

**—અને વિદ્યાવંત ચોર ચોરની ઓળખ :** (**સિં.બ.–૨,** અગિયારમી કથા), પહેલો ઘટક.

**—અને શાલિવાહન :** (**સિં.બ.–૧,** ચોવીશમી કથાની અંતર્ગત.

**—અને સિદ્ધ** (કે જોગી) **: વેતાલપચીસી–૧,** કથાપીઠ, **ચોથો** ઘટક, **વેતાલપચીસી–૨,** કથાપીઠ, છઠ્ઠો અને સાતમો ઘટક; **મેનાપોપટ** (**સિં.બ.–૨,** પંદરમી કથા), પાંચમો **ઘટક.**

**—ઇંદ્રસભામાં : પરદુઃખભંજક રાજા વિક્રમાદિત્ય** (**સિં.બ.–૨,** નવમી કથા), પાંચમો ઘટક.

**—નાગલોકમાં : પરદુઃખભંજક રાજા વિક્રમાદિત્ય** (**સિં.બ.–૨,** નવમી કથા), ચોથો ઘટક.

**—ની કથાનો મહિમા વિક્રમચરિત્રકુમાર–૨** (**સિં.બ–૨,** બારમી કથા), પહેલો ઘટક.

**—ની રાણીઓ જેલ અને ચેલ : વિક્રમ રાજા અને ખાપરો ચોર,** આઠમાથી દસમા સુધીના ઘટક.

**—નું ચરિત્ર :** (જન્મ, વેતાળને વશ કરવો, રાજ્ય પ્રાપ્તિ, સિંહાસનપ્રાપ્તિ) (**સિં.બ.–૨** કથાપીઠ;) **ગર્દભરાજા** (**સિં.બ.–૨** દસમી કથા) ત્રીજો ઘટક; **સિં.બ.–૧** કથાપીઠ, બીજો ઘટક, **ભરથરી** (**સિં.બ.–૨** ત્રીશમી કથા), ત્રીજો ઘટક; **વેતાલપચીસી–૨,** કથાપીઠ, ચોથો ઘટક,

**—નું પાતાળલોકના બલિરાજા સાથે મિલન : સિં.બ.–૧** ઓગણીશમી કથા.

**વિખૂટા પડેલા પતિ** (કે **પ્રિયજનની**) **ભાળ મેળવવી: (૧)** (અન્નસત્ર સદાવ્રત, સત્કાર ચાલુ કરીને–) (૧) **કુસુમશ્રી**

**અને વીરસેન**, પાંચમો ઘટક; (૨) **ધન્યકુમાર અને શાલિભદ્ર**, સોળમો ઘટક. (૩) સંસ્કૃતમાં નલાખ્યાનમાં દમયંતી દ્વારા. (**૨ ચિત્રફલક કે ચિત્રાવલીના પ્રદર્શન** દ્વારા જુઓ (ટિ.).માં વર્ણાનુક્રમે (**૩**) પૂતળીના પ્રદર્શન દ્વારા જુઓ (ટિ.)માં વર્ણાનુક્રમે ઉપરાંત જુઓ **વિયુક્ત કુટુંબ** (ટિ.). અને **જાદુઈ હૃદય** (ટિ.).

**વિચિત્ર વારસો** : જુઓ **વારસાની સમસ્યા** (ટિ.)

**વિધાતાની શોધમાં** : આ ક.પ્ર. ક્રમાંક ૪૬૦ બી છે. ક.પ્ર. ક્રમાંક ૪૬૧ **શેતાનની દાઢીના ત્રણ વાળ** (ટિ.). આની સાથે સંકળાયેલ છે. એનું એક રૂપાંતર **રૂપાવતી** (**સિં.બ.–૨**, એકત્રીસમી કથા, ત્રીજો ઘટક)માં મળે છે. આ ઘણી પ્રચલિત ક.પ્ર. છે, અને જાતકકથાના ૨૫૭માં 'ગામણીચંડ જાતક'થી લઈને શીતળા સાતમની લોકકથા સુધી એનાં અનેક રૂપાંતરો મળે છે, જુઓ લો.મૂ., પૃ. ૭૨ અને પછીનાં પુ.પ્ર. માં આનું એક સંસ્કૃત રૂપાંતર છે (પૃ. ૧૦૯–૧૧૦).

**વિદ્યાધરોનો વૃત્તાંત** : **અંબડ વિદ્યાધર**, ઘટક ૮.૧.

**વિદ્યાભ્યાસ કરતાં પ્રણયસંબંધ** : (શિષ્ય અને શિષ્યા વચ્ચે ગુરુપુત્ર અને શિષ્યા વચ્ચે અથવા ગુરુ અને શિષ્યા વચ્ચે) (૧) **વિદ્યાવિલાસ વણિકપુત્ર**. (૨) **સદયવત્સ અને સાવલિંગા**નું કીર્તિવર્ધનનું તથા નિત્યલાભનું રૂપાંતર. (૩) **બિલ્હણ અને શશિકલા**. (૪) **રૂપાં અને સુંદર**. (૫) **રૂપાવતી**. (૬) **મદન અને મોહના** (૭) **પદ્માવતી**. હિંદીમાં ચતુર્ભુજદાસની **મધુમાલતી**. જુઓ લો. મૂ., પૃ. ૨૪, ૨૭૧-૨૭૭.

**વિધાતાના લેખ** : જુઓ **વિધાતાની વાર્તા** **સિં.બ.–૨**, બીજી કથા).

**વિધાતાના લેખ પર મેખ મારવી** : **ચંપક શેઠ**માં સુબુદ્ધિમંત્રીનું દૃષ્ટાંત, ઘટક **૧.૨**; **રત્નચૂડ વણિકપુત્ર**, ઘટક ૫.૧. આનાં સંસ્કૃત અને ઇતર રૂપાંતરો માટે જુઓ લો.મૂ., પૃ. ૨૪૯.

**વિભક્ત કુટુંબ** ; જુઓ **વિયુક્ત કુટુંબ** (ટિ.)

**વિયુક્ત કુટુંબ** : **ચંદન અને મલયાગિરી** (**વેતાલપચીસી–૨**, આઠમી કથા); **કાષ્ઠનો ઘોડો** (**સિં.બ.–૨**, સોળમી કથા) ચોથાથી છઠ્ઠા ઘટક સુધી; **ભદ્રાભામિની** (**સિં.બ.–૨**, ત્રેવીશમી કથા), આઠમાથી બારમા ઘટક સુધી. ઉપરાંત જુઓ **વિખૂટા પડેલા પતિ (કે પ્રિયજનની) ભાળ મેળવવી** (ટિ.) અને **જાદુઈ પક્ષી** (ટિ.).

**વિયુક્ત પત્નીઓનું પતિ સાથે મિલન** : જુઓ **મૌનવ્રતધારી જોગણીઓ**, (**સિં.બ.–૨**, પચીસમી કથા)

**વિશ્વાસઘાતથી પત્ની પચાવી પાડવી** (સાથીને સમુદ્રમાં ધકેલી દઈને–) : (૧) **હંસાવલી**, બારમો ઘટક; (૨) **સિંહલકુમાર–૧**, ત્રીજો અને ચોથો ઘટક; (૩) **ઉત્તમકુમાર**, ત્રીજો ઘટક, (૪) **કુસુમશ્રી અને વીરસેન**, ચોથો ઘટક. સંસ્કૃત–પ્રાકૃતમાં અનેક કથાઓમાં આ ઘટક મળે છે. જેમ કે; અપભ્રંશ 'ભવિયસત્ત–કહા'માં, સંસ્કૃત 'લીલાવતી –સાર'માં.

**વિશ્વાસઘાતી પ્રધાન** : જુઓ **નંદબત્રીસી**

**'વિસેમિરા'ની કથા** : જુઓ **કૃતજ્ઞ પ્રાણીઓ અને કૃતઘ્ન માનવ**.

**વેતાલને વશ કરતો વિક્રમાદિત્ય રાજા** : **સિં.બ.–૧** કથાપીઠ, ચોથો ઘટક, (સિં.દ્વા. પહેલી કથા, બીજો ઘટક); **ભરથરી** (**સિં.બ.–૨**, ત્રીશમી કથા), ચોથો ઘટક; **વેતાલપચીસી**–૨, કથાપીઠ, પાંચમો ઘટક.

**વેતાલપચીસી** : સંસ્કૃત તથા જૂની ગુજરાતીમાં મળતી રચનાઓ અને પરંપરા માટે જુઓ લો. મૂ., પૃ. ૨૦૦ અને પછીનાં.

**વેતાલ ભાટ** : **સિં.બ.–૧**, ત્રીશમી કથા (ઉત્તરાર્ધ) (=સિં. દ્વા., ત્રીશમી કથા, ઉત્તરાર્ધ), **સિં.બ.–૨** વીશમી કથા; પં.પ્ર., ક્રમાંક ૧૦૪.

**વ્યભિચારીની દુર્દશા** : **વેતાલ ભાટ** (**સિં.બ.–૨**, વીશમી કથા), ત્રીજો ઘટક, જૈન પરંપરામાં **લલિતાંગની કથા** (વ. હિં., અનુવાદ, પૃ. ૧૩ અને પછીનાં).

**શકુનવિદ** (શણુવી) : **ગર્દભ રાજા** (**સિં.બ.–૨** દશમી કથા), ચોથો ઘટક, **વિક્રમાદિત્ય રાજા અને ખાપરો ચોર**, છઠ્ઠો ઘટક; **ધન્યકુમાર અને શાલિભદ્ર**, સાતમો ઘટક.

**શઠની સામે શઠતા** : (શઠં પ્રતિ શાઠ્યં અથવા જેવા સાથે તેવા થવું) : (૧) **લોઢું ઊંદર ખાઈ ગયા** : 'પંચાખ્યાન બાલવબોધ' ઘટક ૨.૧૮; 'જાતકકથા' ક્રમાંક ૨૧૮–કૂટવાણિજ –જાતક.

(૨) કાણા ઠગની ઠગબાજી : જુઓ **રત્નચૂડ**, ત્રીજો અને પાંચમો ઘટક; **ધન્યકુમાર અને શાલિભદ્ર**, ચૌદમો ઘટક.

(૩) ગણિકાની ઠગબાજી : **સદયવત્સ અને સાવલિંગા**, છઠ્ઠો ઘટક, આ કથાનાં જૂનાં રૂપાંતરો માટે જુઓ લો. મૂ., પૃ. ૨૫૪ અને પછીનાં. ત્યાં શબ્દછળ અને તર્કછળને લગતી બીજી કેટલીક કથાઓ પણ નોંધેલી છે.

**શતશર્કરા ફળ** : **અંબડ વિદ્યાધર**, બીજો ઘટક.

**શબ** : જુઓ **ચમત્કારી શબ** (ટિ.).

**શબ્દછળ** : **રત્નચૂડ વણિકપુત્ર**, છઠ્ઠો ઘટક, શુકસપ્તતિ ૫૫ મી કથા. જુઓ લો. મૂ., પૃ. ૧૫૯–૧૬૧.

**શંખધમક** : **જંબૂકુમાર**, આઠમો ઘટક.

**શાપિત ઇંદ્રપુત્ર** : હરણુ રાજા (**સિં.બ.–ર**, પહેલી કથા); **ગર્દભરાજા** (સિં.બ.–ર દશમી કથા).

**શાલિભદ્ર**, જુઓ **ધન્યકુમાર અને શાલિભદ્ર.**

**શિલ્પસુંદરી** : જુઓ **કપૂરમંજરી** જુઓ; લો. મૂ., પૃ. ૨૫

**શીલ અને તપની કસોટી** (નાગ સારથિની પત્ની સુલસાની–) : **અભયકુમાર મંત્રી,** પાંચમો અને છઠ્ઠો ઘટક. પાલિ રૂપાંતર–બંધૂલ અને મલ્લિકા

**શીલપરીક્ષા અને શીલરક્ષા** : **નંદબત્રીસી; શૃંગારમંજરી–૧** પાંચમો ઘટક; **શીલવતી–૧; ચંદ્રશેખર રાજા,** તેરમો ઘટક; **કુસુમશ્રી અને વીરસેન,** છઠ્ઠો અને સાતમો ઘટક; **મૃગાવતી**, ત્રીજો ઘટક, **વિદ્યાચતુર અને બુદ્ધિચતુર શીલવતી.** ઉપરાંત જુઓ **ફસાવનારની ફસામણી** (ટિ.).

**શીલરક્ષાનું પ્રતીક** : કમળ : **શૃંગારમંજરી** ચોથો ઘટક. ફૂલમાળા : **શીલવતી–૧** સાતમો ઘટક.

**શીલવતી–૧**, સંસ્કૃત–પ્રાકૃત રૂપાંતર માટે જુઓ 'શ્રાદ્ધપ્રતિક્રમણ–સૂત્ર', પૃ. ૮૫ ખ–૯૯ ક.

**શીલવતી પર અસતી હોવાનું આળ** : જુઓ **કુલટાનું આળ.**

**શીલોપદેશમાલા બાલાવબોધની દૃષ્ટાંતકથાઓ** : મેરુસુન્દરસૂરિએ આ કથાઓ સોમતિલકસૂરિની 'શીલતરંગિણી' નામની ટીકામાં આપેલી કથાઓને આધારે પોતાના બાલાવબોધમાં આપી છે. 'શીલતરંગિણી'નો ગુજરાતી અનુવાદ ઈ.સ. ૧૯૦૦માં અમદાવાદથી પ્રકાશિત 'શીલોપદેશમાલા'માં આપેલો છે. આમાંની ઘણી કથાઓ જૈન પરંપરામાં અન્યત્ર અનેક સ્થળે મળે છે.

**શુકસારિકા** : વનમાં દાવાનળ લાગતાં પોપટ માળો છોડી નાસી ગયો એવી ગેરસમજે પોપટીનો બચ્ચાં સાથે અગ્નિપ્રવેશ. **હંસાવલી** પહેલો ઘટક; **કામાવતી** બીજો ઘટક.

**શુદ્ધ શીલતાની કસોટી** (ગુપ્તવેશે રહેલા પતિ દ્વારા પત્નીની–) : જુઓ 'ધનશ્રી અને સમુદ્રદત્ત.' પ્રાકૃતમાં 'વસુદેવહિંડી'ની 'ધમ્મિલહિંડી'માં આપેલી ધનશ્રી અને સમુદ્રદત્તની આંતરકથા આનું જ એક પ્રાચીન રૂપાંતર છે (જગદીશચંદ્ર જૈનકૃત Vasudeva–hindi, પૃ. ૬૧૪–૬૧૮, સાંડેસરાનો ગુજરાતી અનુવાદ, પૃ. ૭૪–૭૭). બીજું ગુજરાતી રૂપાંતર **ભદ્રાભામિની (સિં.બ.–ર,** ત્રેવીશમી કથા), પહેલાથી ચોથા ઘટકમાં મળે છે.

**શેતાનની દાઢીનાં ત્રણ વાળ** : જુઓ **વિધાતાની શોધમાં** (ટિ.).

**શેરને માથે સવાશેર** : આ કથાઘટક જૂના સાહિત્યમાં 'ભલા ભલેરી પૃથ્વી કહી' (એટલે કે દરેક શૂરાથી કોઈ વધુ શૂરો આ ધરતી પર મળવાનો જ) એવે નામે મળે છે **વેતાલપચીસી–૨,** સાતમી કથાના પહેલા અને બીજા ઘટકમાં આ કથાઘટક મળે છે. રાજસ્થાની લોકસાહિત્યમાં કુંતલ દેવડાની કથામાં આનું રૂપાંતર મળે છે. જુઓ 'શોધપત્રિકા', ૧૪, ૪.

**શ્રાદ્ધપિંડ એક, હાથ ત્રણ** અથવા **સાચો પિતા કોણ ?** : જુઓ **સિંહાસનબત્રીસી–૨,** ત્રીશમી કથા, 'ભરથરીની વાર્તા' (= **ભરથરી**), આઠમો ઘટક.

**શ્રીમંત સસરો અને ગરીબ જમાઈ** : જુઓ **મૃત્યુલેખ** (ટિ.)

**સગર્ભા નાયિકા(ત્યક્તા, નિર્વાસિત કે અકસ્માત વિખૂટી પડેલી)નો વનમાં(આશ્રમમાં) પ્રસવ અને પછી પતિ સાથે પુનર્મિલન** : **મૃગાવતી** પહેલો ઘટક, **નંદયંતી, અંજનાસુંદરી, શકુંતલા,** રામાયણકથામાં સીતાનો વનવાસ અને લવકુશજન્મ.

**સગર્ભા પુત્રવધૂ પર કુલટા હોવાનું આળ અને તેનું નિર્વાસન** : આમાં પ્રવાસે નીકળેલો નાયક ગુપ્ત રીતે પાછો આવી નાયિકા સાથે રાત ગાળી ચાલ્યો જાય છે એ પ્રસંગ પાયાનો છે. જુઓ **નંદયંતી, અંજનાસુંદરી.** અમુક અંશે રામાયણકથાનો સીતાત્યાગ પણ આ સંદર્ભમાં યાદ કરી શકાય.

**સગાળશા** : કર્ણાટક અને મહારાષ્ટ્રમાં સિરુતોનંદરને શ્રીયાલ સેટ્ટી કહેવામાં આવે છે. મહારાષ્ટ્રમાં આ ઉત્સવ ગૃહિણીઓ દ્વારા વિશિષ્ટ રૂપે તેના નામે ઊજવવામાં આવે છે. ભાવિક સ્ત્રીઓ કદાચ જાણતી નહિ હોય કે એ તહેવાર જેના નામે ઊજવાય છે તે તાંજોર જિલ્લાના તિરુચેન કટ્ટનકુડીમાં રહેતો હતો. તેનો સમય ઈ. સ. ૬૫૦ હોવાનું કહેવાય છે. જુઓ, ડી.એલ.એ. ન્યૂઝ (અંગ્રેજી), મે ૧૯૯૦.

**સતનાં પારખાં–૧**, ૨ (સાચનાં પારખાં, સત્યની કસોટી, સત્યક્રિયા, દિવ્યો.) : (૧) પોતા પરનો આરોપ ખોટો હોવાનું અને પોતે નિર્દોષ કે સાચા હોવાનું પુરવાર કરવા, કોઈ કથાપાત્ર ધગધગતો લોઢાનો ગોળો હાથમાં પકડે (અગ્નિદિવ્ય), દેવતાના અભિષેક જળની પ્રતિજ્ઞાપૂર્વક અંજલિ પીએ (કોશપાન દિવ્ય), સર્પવાળા ઘડામાં હાથ નાખે (ઘટસર્પ દિવ્ય). અને અંતે તે અક્ષત રહે તો નિર્દોષ હોવાનું પુરવાર થાય. આવી કસોટીઓને 'યાજ્ઞવલ્કય સ્મૃતિ' વગેરે સ્મૃતિશાસ્ત્રમાં 'દિવ્ય' કહી છે (જુઓ, 'હાલ સાતવાહનચી ગાથાસપ્તશતી' ભૂમિકા, પૃ. ૧૯૬–૧૯૮). આ ઉપરાંત અગ્નિપ્રવેશ, કાચા સૂતરને તાંતણે ઘડા વડે કૂવામાંથી પાણી કાઢવું, ઊકળતી તેલ કઢાઈમાં હાથ બોળવા, ધગધગતા તેલમાં કૂદી પડવું, ઝેરી નાગને ઝાલવો વગેરે આવી કસોટીના બીજા પ્રકારો પણ કથાસાહિત્યમાં મળે છે.

પ્રાચીન તેમજ મધ્યકાલીન કથાસાહિત્યમાં તેનો વારંવાર ઉપયોગ થયો છે, અને આજે પણ 'હડમાને હાથ મૂકવા'ની અને એવી બીજી કસોટીઓ લોકપ્રચલિત છે. 'જાતકકથા'માં 'વટ્ટક' (૩૫) 'મૂગપક્ત' '(૫૩૮) 'સામ' (૫૪૦) વગેરે જાતક-કથાઓમાં સત્યક્રિયાનો ઉપયોગ છે.' ઈ. સ. ૧૯૧૭માં બર્લિંગેમ્યે આ કથાઘટક (**એચ**-૨૫૨) અંગે એક લેખ પ્રકાશિત કરેલો છે.

**સત્યક્રિયા** : જુઓ **સતનાં પારખાં** (ટિ.).

**સત્યની કસોટી** : જુઓ **સતનાં પારખાં** (ટિ.).

**સપના તરીકે ખપાવાતી સત્ય ઘટના : (પ્રત્યુત્પન્ન-મતિનું દૃષ્ટાંત; તરતબુદ્ધિથી બચાવ, એકાએક થતી અંતઃસ્ફુરણાનું દૃષ્ટાંત).** જુઓ **પોતે પોતાની ભાભી બનીને બચતી કુલટા સૂડાબહોંતેરી**, દશમી કથા) સંસ્કૃતમાં 'શુકસપ્તતિ'ની એકવીશમી કથામાં આનું રૂપાંતર મળે છે. આના પ્રાકૃત રૂપાંતર માટે જુઓ 'કુમારપાલપ્રતિબોધ' ત્યાં પ્રસન્નચંદ્ર રાજર્ષિને એકાએક થતા જ્ઞાનના ઝબકારા માટે દૃષ્ટાંત તરીકે આ કથા આપી છે. તેમાં રાજાનું પુરાવારૂપ વચનો તરફ ધ્યાન દોરવા જ્યાં રાજા સંતાયો છે તે જગ્યાએ વાતની વચ્ચે વચ્ચે દંડૂકાથી ઠપકારતી જાય છે, અને એ 'ટઉઆના ટચાકા'('ટઉઆટચ્ચકેન')ને સાંભળીને કોઈ ગુપ્ત રીતે પોતાની વાત સાંભળતું હોવાની સદ્યઃસ્ફુરણા થાય છે. એટલે તે કહેલી વાત સપનાની વાત હોવાનું કહી છૂટી જાય છે. એ પ્રકારની પ્રસંગઘટના છે.

**સમસ્યા : શ્લોકને ચરણના પ્રથમાક્ષરો પરથી પૂરેપૂરો ઓળખી કાઢવો** (કે બનાવી કાઢવો) : સિં.દ્વા. પહેલી કથામાં 'વિસેમિરા' વાળો શ્લોક : 'ભોજચરિત્ર'માં 'ઉશરટ' વાળો શ્લોક(ગભરાટમાં મૂળ શ્લોક ભૂલી બોલાયેલા ગરબડિયા અક્ષરો પરથી

'ઉમિયાસહિતો રુદ્રઃ શંકરઃ શૂલપાણિભૃત્ ।
રક્ષતુ ત્વાં મહારાજ, ટંકારબલગર્વિતઃ ।।

એવો શ્લોક બનાવી કાઢે છે.) પ્રાકૃત 'રયણચૂડરાય-ચરિય'માં કુમાર 'રાભરમ્' એ સમસ્યા પૂરી રાજહંસીકુમારીને પરણે છે.

ક. સા.માં આને મળતો ઘટક કાલિદાસને લગતી એ અનુશ્રુતિમાં મળે છે. તેમને 'અસ્તિ કશ્ચિત્ વાગ્વિષય:' એવો પ્રશ્ન કરવામાં આવતાં તેમણે અનુક્રમે એ પ્રત્યેક શબ્દથી શરૂ થતાં 'કુમારસંભવ', 'મેઘદૂત' અને 'રઘુવંશ' એ કાવ્યો રચ્યાં.

**સમસ્યાનિષ્ઠ કે સમસ્યાગર્ભ કથાઓ : વેતાલપચીસી**ની આ પ્રકારની કથાઓ માટે જુઓ લો.મૂ., પૃ. ૨૧૯–૨૨૧.

(૧) **વધુ ઉત્તમ આજીવિકાનું સાધન કયું ? (વેતાલપચીસી**–૨, ચોવીશમી કથા).
(૨) **વધુ ઉત્તમ વિદ્યા કઈ ? (વેતાલપચીસી–૨,** તેરમી કથા).
(૩) **વધુ ઉદાર કોણ ?–૧ (વેતાલપચીસી–૧,** આઠમી કથા).
(૪) **વધુ ઉદાર કોણ ?–૨ (વેતાલપચીસી–૧,** નવમી કથા).
(૫) **વધુ કામાતુર કોણ ? (વેતાલપચીસી–૧,** વીશમી કથા).
(૬) **વધુ કોમળ કોણ ?–૧ (વેતાલપચીસી–૧,** દશમી કથા).
(૭) **વધુ કોમળ કોણ ?–૨ (વેતાલપચીસી**–૨, ચૌદમી કથા).
(૮) **વધુ ડાહી કોણ ? (વેતાલપચીસી**–૨, બાવીશમી કથા).
(૯) **વધુ નિષ્ણાત કોણ ?–૧ (વેતાલપચીસી–૨,** અઢારમી કથા).
(૧૦) **વધુ નિષ્ણાત કોણ ?–૨ (વેતાલપચીસી–૧,** ત્રેવીશમી કથા).
(૧૧) **વધુ પુણ્ય કોનું ?–૧ (વેતાલપચીસી**–૨, ચોથી કથા).
(૧૨) **વધુ બળિયો કોણ ? (વેતાલપચીસી**–૨, સાતમી કથા).
(૧૩) **વધુ લાભકર્તા શું ? (વેતાલપચીસી**–૨, વીશમી કથા).
(૧૪) **વધુ સાત્ત્વિક કોણ? (વેતાલપચીસી–૧,** સોળમી કથા).
(૧૫) **વર ચાર કન્યા એક–૧ (વેતાલપચીસી–૧,** સાતમી કથા).
(૧૬) **વર ચાર અને કન્યા એક–૨ (વેતાલપચીસી–૨,** બીજી કથા).
(૧૭) **વર ચાર અને કન્યા એક–૩ (વેતાલપચીસી–૨,** બારમી કથા).
(૧૮) **વર ચાર અને કન્યા એક–૪ (વેતાલપચીસી–૨,** સત્તરમી કથા).
(૧૯) **વર ત્રણ અને કન્યા એક–૨ (વેતાલપચીસી–૧,** બીજી કથા).
(૨૦) **વર ત્રણ અને કન્યા એક–૨ (વેતાલપચીસી–૧,** પાંચમી કથા).

**સમસ્યાવિનોદ** (નવા પ્રેમીઓનો–) : 'વિદ્યાવિલાસ પવાડો', 'માધવાનલ–કામકંદલા', 'શૃંગારમંજરી', 'નંદબત્રીસી', 'ચંદ્રચંદ્રાવતી', 'ધન્ના–શાલિભદ્ર–ચોપાઈ' વગેરેમાં નાયક–નાયિકા વચ્ચે થતા સમસ્યાવિનોદનો ઘટક છે. જુઓ હીરા પાઠક, ચંદ્રચંદ્રાવતી, પૃ. ૨૧–૨૫, લો.મૂ., પૃ. ૨૭૭–૨૭૮.

**સર્પદંશથી કૂબડો બનતો પરોપકારી નાયક** : જુઓ **નાગને ઉદરમાં આશ્રય આપતો** (ટિ.).

**સહસા કામ કરવાનાં માઠાં પરિણામ : મદન અને મોહના**, બીજો ઘટક (વણિકપુત્રનું દૃષ્ટાંત); **અમરફળ–૧ ((=પંખીની વાર્તા)** (સિં.બ.–૨, સત્તરમી કથા), બીજો ઘટક. આનાં પ્રાકૃત રૂપાંતરો માટે જુઓ હરિભદ્રકૃત 'આવશ્યકવૃત્તિ'માં વંકચૂલિની કથા 'ધર્મોપદેશમાલા વિવરણ'માં મહાકવિ ભારવિ વિષયક દંતકથામાં પણ આનું રૂપાંતર મળે છે અને તેના મૂળમાં તેનું સાહસા વિદધીત ન ક્રિયાં એ પદ્ય હોવાનું જણાય છે.

**સંગીતકલાથી હરણીને વશ કરવી : ધન્યકુમાર અને શાલિભદ્ર**, વીસમો ઘટક.

**સંગીતદોષ ચીંધી બતાવતો નાયક : માધવાનલ અને કામકંદલા–૧; માધવાનલ અને કામકંદલા–૨**, ત્રીજો ઘટક. પ્રાકૃત કથા 'વસુદેવહિંડી'ના ચારુદત્તચરિત્રમાં ચારુદત્ત વીણામાં રહેલો દોષ બતાવે છે.

**સાગરદાન** : સિં.બ.–૧, ત્રીજી કથા (=સિં.દ્વા. ત્રીજી કથા); સિં.બ.–૨, તેરમી કથા, પહેલો અને ત્રીજો ઘટક.

**સાચનાં પારખાં** : જુઓ **સતના પારખાં** (ટિ.).

**સાત પ્રેમીઓને બચાવી લેતી કુલટા** : આનો આધાર સંસ્કૃત 'શુકસપ્તતિ'ની તેત્રીશમી કથા છે. પ્રાકૃતમાં 'મૂલશુદ્ધિ-વૃત્તિ'માં (પૃ. ૧૭–૧૯) જે ગજાગ્રપદ–પર્વતની ઉત્પત્તિકથા આપેલી છે તેમાં ભગાડી મૂકેલા બંને જાર એ ઉમા–મહેશ્વરનું જોડું હોવાનું કુલટા પોતાના પતિને સમજાવી દે છે.

**સાંકેતિક ભાષા** : (૧) શરત કરીને સાથે રાત ગાળનાર સ્ત્રીપુરુષનાં એ જોડાં તરફથી સામી વ્યક્તિએ શરતભંગ કર્યો હોવાની સાંકેતિક શબ્દોમાં ફરિયાદ : **લક્ષબુદ્ધિની વાર્તા** (**સિં.બ.–૨** સત્યાવીશમી કથા), બીજો ઘટક (ત્રીજો અને ચોથો કજિયો).

(૨) સાંકેતિક ચેષ્ટા દ્વારા અપાતો સંદેશ : **વેતાલપચીસી ૨**, અગિયારમી કથા, ઘટક. વે. પં. પહેલી કથા.

**સિન્ડેરેલ્લા** : જુઓ **આરામશોભા** (ટિ.).

**સિદ્ધ અને ચેલો** : **વેતાલપચીસી–૨**, કથાપીઠ

**સિંદબાદનામા** : Clouston, The book of Sindibad(૧૮૮૪ માં પુનર્મુદ્રિત). ફારસી 'સિંદબાદનામા' અત્યારના સ્વરૂપે ૧૩૭૫માં તૈયાર થયેલું છે. 'અલ્ફ–લયૂલા–વ–લયલા'( = અ. ના.)માં બર્ટને 'સિંદબાદનામા'ની કથાઓનો ૫૭૮ મી રાતની કથાથી શરૂ થતી કથાઓમાં સમાવેશ કરેલો છે. તેની આરંભકથા Craft and Malice of Women or The Tale of the king, his son, his Concubine and the seven Wazirs (પૃ. ૧૨૨ અને પછીનાં). આ કથાઓ પશ્ચિમમાં Seven Wazirsને નામે પણ જાણીતી છે. 'સિંદબાદનામા'ના મૂળ સ્વરૂપ અને અને રૂપાંતર વિશે બર્ટને પૃ. ૧૨૨ પર નોંધ આપી છે. એની વિશેષ ચર્ચા માટે જુઓ આર્ટોલાકૃત The Banner of Kamadeva (૧૯૭૭) અને ભાયાણી અને શેઠ સંપાદિત 'નંદબત્તીસી'(૧૯૯૦)ની ભૂમિકા.

**સિંહલકુમાર** : જુઓ અગરચંદ નાહટા, 'પ્રિયમેલક તીર્થ'.

**સિંહાસનબત્રીસી** : સિંહાસનબત્રીસીની કથાઓની સમગ્ર પરંપરા વિશે જુઓ રણજિત પટેલ, 'સિંહાસનબત્રીસી' તથા લો. મૂ., પૃ. ૧૭૩ અને પછીનાં, શુભશીલગણિકૃત 'વિક્રમાદિત્યચરિત્ર'માં પણ ઘણી કથાઓ મળે છે.

**સુમતિવિલાસ** : જુઓ **લીલાવતી અને સુમતિવિલાસ**

**સુલસા(નાગ સારથિની પત્ની)** : જુઓ **અભયકુમાર મંત્રી**, પાંચમો અને છઠ્ઠો ઘટક. આનું પ્રાકૃત રૂપાંતર ધ. વિ. માંની 'સુલસા–કથા'માં મળે છે (પૃ. ૧૧૫–૧૧૬). ત્યાં જયસિંહસૂરિએ કહ્યું છે કે તેમણે એ કથા સવિસ્તર પોતાના 'ઉપદેશમાલા–વિવરણ'માં આપેલી છે. એ કૃતિ લુપ્ત થયેલી છે.

**સુલસા સતી** : જુઓ **અંબડ વિદ્યાધર**, ઘટક ૯.૧

**સુવર્ણપુરુષ-સિદ્ધિ** : મંત્રસાધનાથી એવું સોનાનું પૂતળું મેળવવું, જેમાંથી ગમે તેટલું સોનું કાપી લેવાય, તો પણ તે અખંડ જ બની રહે.

(૧) સિં.બ.–૧, એકત્રીશમી કથા, **વેતાલપચીસી–૨.**

(૨) વાસ્તુશાસ્ત્ર પ્રમાણે બનાવેલા પ્રાસાદમાંથી પડતો સુવર્ણપુરુષ. જુઓ **'પડું પડું' એવો ગેબી અવાજ'** (ટિ).

(૩) **અંબડ વિદ્યાધર**, ઘટક ૭.૧; ઉત્તર ગુજરાતની લોકકથામાં 'વીર વિક્રમ' અને બાવો બાળનાથ', છઠ્ઠો ઘટક.

**સૂડાબહોંતેરી** : આનો મૂળ આધાર 'સંસ્કૃત 'શુકસપ્તતિ' છે. એ સંસ્કૃત કથાઓમાંની અનેક કથાઓ ઉત્તરકાલીન પ્રાદેશિક ભાષાઓની પરંપરામાં નીકળી ગઈ છે, કેટલીક નવી ઉમેરાઈ છે કે મૂળની કથાઓમાં વધતો ઓછો ફેરફાર થયો છે. સંસ્કૃત 'શુકસપ્તતિ'ની (તથા **સૂડાબહોંતેરીની**) કથાઓના સાર અને પુનઃકથન માટે જુઓ 'કામકથા' ભાગ- ૧, ૨. જૂની ગુજરાતીમાં શામળની પૂર્વે રત્નસુંદરની 'સૂડા-બહોંતેરી' અથવા 'રસમંજરી' (૧૫૮૨) મળે છે. એ હજી અપ્રકાશિત છે. હેમચંદ્રાચાર્યના 'યોગશાસ્ત્ર'માં 'કથા–સપ્તતિ-સંશંસી માર્જાર્યૈવ શુકો હતઃ' એ રીતે 'શુકસપ્તતિ'નો નિર્દેશ મળે છે. ભોજકૃત 'શૃંગારપ્રકાશ'માં નિદર્શન નામક સાહિત્યપ્રકારના દૃષ્ટાંત તરીકે 'ગદ્યપ્રધાન–પદ્યમિશ્ર મયૂર–શુક–માર્જારી'–એવો ઉલ્લેખ છે, જે હેમચંદ્રાચાર્યે 'કાવ્યાનુશાસન'માં ઉદ્ધૃત કરેલ છે.

**સેચનક હસ્તી** : જુઓ **ધન્યકુમાર અને શાલિભદ્ર**, બારમો ઘટક; **ફૂલવાલુઆ મુનિ**, ત્રીજો ઘટક.

**સ્ત્રીચરિત્ર** : ભારતીય કથાપરંપરામાં પ્રારંભથી જ શીલવતી સ્ત્રી અને શીલભ્રષ્ટ કૂલટા સ્ત્રીને લગતી કથાઓનો પ્રવાહ સતત વહેતો અને પુષ્ટ–પુષ્ટતર થતો રહ્યો છે. 'જાતકકથા', 'બૃહત્કથા' સિંદબાદની કથાઓના ભારતીય મૂળ સ્રોતો, અનેક પ્રાકૃત કથાઓ, 'શુકસપ્તતિ' વગેરેની પરંપરાઓમાંથી આ પ્રકારની સેંકડો કથાઓ જાણીતી છે. આમાંથી સ્ત્રી પ્રકૃતિથી જ ચંચલચિત્ત, કુશીલ અને કપટી હોવાનું પુરવાર કરવા રચાયેલી દૃષ્ટાંતકથાઓ મધ્યકાળમાં સ્ત્રીચરિત્રની કથાઓ તરીકે જાણીતી થઈ. 'શુકસપ્તતિ'ની રચના થઈ ત્યારથી એનો એક મોટો પ્રવાહ વહેતો થયો. (લો. મૂ., પૃ. ૧૦૮). ધ.વિ.માં સ્ત્રીચરિત્રને લગતી 'દ્વિજતનયા' કથા આપેલી છે. (પૃ. ૧૪૬–૪૭) **બ્રાહ્મણપુત્ર**

સોમપ્રભ પાટલિપુત્ર જઈ બધાં શાસ્ત્રો અને ચૌદ વિદ્યાઓ શીખીને ઘેર પાછો આવ્યો ત્યારે તેની પત્નીએ 'તું સ્ત્રીચરિત્ર જાણે છે કે કેમ ?' એવું પૂછ્યું. સોમપ્રભે એ શાસ્ત્રનું નામ પણ પોતે ન સાંભળ્યું હોવાનું કહ્યું અને તેનું જ્ઞાન મેળવવા તે પાછો પાટલિપુત્ર જવા નીકળ્યો. ત્યાં રસ્તામાં મથુરામાં તેને એક બ્રાહ્મણકન્યા મળી અને તેણે તેને સ્ત્રીચરિત્ર પ્રત્યક્ષ પ્રયોગથી શીખવ્યું. પુ. પ્ર.માં (પૃ. ૨–૪) એવી વાત છે કે અગ્નિક વેતાલે વિક્રમ રાજાને કહ્યું કે તું નારીહૃદય જાણે છે પણ સ્ત્રીચરિત્ર જાણતો નથી. એટલે વિક્રમ તેની શોધમાં નીકળ્યો. એવો બીજો પ્રસંગ પણ પુ.પ્ર.માં છે. તે અનુસાર વિક્રમે પોતાની રાણી આગળ પોતાનો ડાબો પગ ધોવા માટે પહેલાં ધર્યો. રાણીએ કહ્યું કે તું સ્ત્રીચરિત્ર જાણતો હોય તો તારો ડાબો પગ પહેલાં ધોઉં. એટલે તે સ્ત્રીચરિત્રની શોધમાં નીકળ્યો. સિં.બ.–૨ ની ઓગણીશમી કથા(**સ્ત્રીચરિત્રની વાર્તા**)માં સ્ત્રીચરિત્ર કરતાં વિક્રમપુત્ર વિક્રમચરિત્રનું ચરિત્ર ચડે એ જાતનું પ્રસંગનિરૂપણ છે. **રસમંજરી**માં કુશીલ પત્ની પરદેશ જતાં પોતાના પતિ પાસે સ્ત્રીચરિત્ર મંગાવે છે. આનો આધાર સંસ્કૃત 'શુકસપ્તતિ'ની અગિયારમી કથા છે.

**સ્ત્રીજાતિની દુષ્ટતા પર દૃષ્ટાંતકથા** : જુઓ **મેના-પોપટ** (**સિં.બ.–૨**, પંદરમી કથા), ત્રીજો ઘટક; **શુકસારિકા** (**સિં.બ.–૨**, અઠ્યાવીશમી કથા), બીજો ઘટક.

**સ્ત્રીના દાસ બનવા પર દૃષ્ટાંતકથા** : જુઓ **ભુવનાનંદા રાણી અને રિપુમર્દન રાજા.**

**સ્ત્રીવેશે કે સ્ત્રીરૂપે પુરુષનો અંતઃપુરપ્રવેશ** (અને તે દ્વારા ઇષ્ટ સ્ત્રીની પ્રાપ્તિ) : સ્ત્રીચરિત્રની વાર્તા (**સિં.બ.–૨**, ઓગણીશમી કથા); **રસમંજરી**, બીજાથી પાંચમા સુધીના ઘટક; **અંબડ વિદ્યાધર**, ઘટક ૬.૧; **વેતાલપચીસી**, બત્રીશમી કથા; **સૂડાબહોંતેરી**, સંસ્કૃત રૂપાંતર માટે જુઓ ક.સા માંની 'વેતાલપંચવિંશતિકા'; પંદરમી કથામાં મૂલદેવે આપેલી ગુટિકાથી મનઃસ્વામીનું સ્ત્રીમાં રૂપાંતર અને અંતઃપુરપ્રવેશ. ભવભૂતિકૃત 'માલતીમાધવ' નાટકમાં આ ઘટકનો ઉપયોગ થયો છે.

**સ્વગત વચનોચ્ચારની યુક્તિ વડે સામાને સીધો કરવો** : જુઓ **દંતિલ શ્રેષ્ઠી અને ગોરંભ સેવક.** સંસ્કૃતમાં બલ્લાલકૃત 'ભોજપ્રબંધ'માં (પૃ. ૯૬–૯૭) રાજા ભોજની પરિચારિકા તરંગવતી ઇર્ષ્યાળુ વિદ્વાનોના કહેવાથી, રાજાની પગચંપી કરતાં ઝોલું આવી ગયાનો ઢોંગ કરીને, 'કવિ કાલિદાસ સ્ત્રીવેશે, અંતઃપુરમાં પ્રવેશીને રાણી લીલાવતી સાથે વ્યભિચાર કરે છે' એવા શબ્દો રાજા સાંભળે તેમ મોટેથી બોલે છે, અને સ્વપ્નમાં પોતાની સખી મદનલતા સાથે એ બોલતી હોવાનો દેખાવ કરીને રાજાને વહેમાવે છે.

**સ્વધર્મનિષ્ઠાની કસોટી** : જુઓ **સુલતા સતી** (ટિ.).

**સ્વપ્નવચન કે અવશ બબડાટના ઢોંગથી શ્રોતાને વહેમાવવો** : જુઓ **સ્વગત વચનોચ્ચારની યુક્તિથી સામાને સીધો કરવો** (ટિ.).

**સ્વપ્નસુંદરી** : જુઓ **હંસાવલી**, પહેલાથી ત્રીજા સુધીના ઘટક; **વિક્રમચરિત્ર–૧**, પહેલાથી ચોથા સુધીના ઘટક; **સિંહલદેશની પદ્મિની** (સિં.બ.–૨, ચોથી કથા). સંસ્કૃતમાં ક.સા માં વિષમશીલ લંબકમાં 'વિક્રમાદિત્ય અને મલયવતીની કથા.'

**હંસરાજ અને વત્સરાજ** : જુઓ **હંસાવલી.**

**હંસાવલી** : જુઓ **જાદુઈ પક્ષીહૃદય** (ટિ.). પૂર્વભવની કથાનાં રૂપાંતરો માટે જુઓ **વિક્રમચરિત્ર–૧** આરંભનો ભાગ; **કામાવતી**, ત્રીજો ઘટક,

**હંસાવતી અને વિક્રમચરિત્રકુમાર** : આનો આધાર શુભશીલકૃત સંસ્કૃત 'વિક્રમચરિત્ર' હોવાનું જણાય છે (પત્ર ૬૨ અને પછીનાં). વિક્રમચરિત્રકુમાર વલભીની રાજકુમારી શુભમતીનું હરણ કરી લાવવા ગયો. તે રાજકુમારી કોઈ બીજાને આપેલી. વિક્રમચરિત્રે શુભમતી સાથે ગુપ્ત રીતે નાસી જવાની યોજના કરી. શુભમતીને આવતાં વાર થઈ, એટલે તે એક અજાણ્યા પુરુષને ઘોડો સોંપી તેની તપાસ કરવા મહેલમાં ગયો. દરમિયાન બીજે રસ્તે આવી પહોંચેલી શુભમતી ઘોડા સાથે ઊભેલા ખેડૂતને વિક્રમચરિત્ર માની તેની સાથે નાઠી. સવારે સાચી હકીકત જાણતાં શુભમતી ખેડૂતને વિવાહસામગ્રી લાવવાને બહાને તેને ઘરે મોકલી, ખેતરમાંથી નાસી જઈ, એક વૃક્ષ પર ચડી ગઈ. વૃક્ષ પર રહેલા ભારંડપક્ષીનાં ચાર દિશામાંથી પાછાં ફરેલાં બચ્ચાંઓએ સમાચાર કહ્યા : (૧) વલભીની રાજકુમારી શુભમતી ગુમ થતાં મંત્રીઓ તેની શોધમાં નીકળ્યા છે. (૨) વામનસ્થળીની આંધળી રાજકુમારીને જે દેખતી કરે તેને તે જે માગે તે આપવાની રાજાએ ઘોષણા કરી છે. (ભારંડપક્ષીએ આ સંબંધમાં કહ્યું કે આપણી ચરકમાંથી બનાવેલું ઓસડ આંજવાથી આંધળું દેખતું થાય). (૩) પાસેના ગામનો ખેડૂત પોતાની આગલી વહુને કાઢી મૂકી કોઈક નવીને પરણવા લઈ આવેલો, પણ ખેતરમાંથી તે ગુમ થઈ ગઈ. (૪) અવંતીનો રાજકુમાર વિક્રમચરિત્ર શુભમતીને ગુમાવવાથી રૈવતાચલ પર્વત પર અનશન કરી આપઘાત કરવા નીકળ્યો છે.

શુભમતીએ આ બધું સાંભળ્યું. ભારંડપક્ષીની ચરક એકઠી કરી પુરુષવેશ ધારણ કરી તે વામનસ્થળી પહોંચી અને ત્યાંની રાજકુમારી રૂપશ્રીને દેખતી કરી. બદલામાં તેની પાસેથી તે જેની સાથે તેને પરણાવે તેને પરણવાનું વચન લીધું. એક માસ સુધી રાજ્યની હદમાં કોઈએ અનશન કરી આપઘાત ન કરવો એમ નિષેધ ફરમાવ્યો. શુભમતીનું જેની સાથે વાગ્દાન થયું હતું તે રાજકુમાર ધર્મધ્વજ, તેને ઉપાડી જનાર ખેડૂત, શુભમતીનો પિતા વલભીપતિ અને રાજકુમાર વિક્રમચરિત્ર એ ચારેયને અનશન કરવા માટે પકડીને શુભમતી પાસે લાવવામાં આવ્યા. શુભમતી મૂળ સ્વરૂપે પિતા પાસે પ્રગટ થઈને વિક્રમચરિત્રને પરણી. ધર્મધ્વજને રૂપશ્રી સાથે પરણાવ્યો. ખેડૂતને તેને યોગ્ય કન્યા સાથે પરણાવ્યો.

Art of Stealing in Hindu Fiction.
M. Bloomfield. American Journal of Philology, 44,2, pp. 97–133; 3, pp. 193–229, 1923.

(The) Banner of Kāmadeva
G. T. Artola. Bombay, 1977.

(The) Book of Sindibād
The Story of King, His Son, the Damsel and the Seven Vazirs.
W. A. Clouston. Glasgow, 1884.

Communications
Ed. Bremond. 39, Paris, 1984.

Das Gluckskind dem Todbrief.
J. Schick. Corpus Helmeticum 1,1. Berlin, 1912.

Dictionary of Pali Proper Names.
G.P. Malalashekhara. 1960.

(The) Folktale
Stith Thompson. Newyork, 1946.

Die Dharmapariksa des Amitagati
N. Mironov. Leipzig, 1903.

Folktales of Kashmir
J. H. Knowles. London, 1812.

Folk-tales of Bengal
L. B. Day. London, 1912.

History of Indian Literature
M. Winternitz. Calcutta, 1933.

'The Jaina and non-Jaina Versions of the popular tale of Candana and Malayāgiri from Prakrit and other early Gujarati sources'. R. Jani. Mahāvir Jain Vidyālaya Golden Jubilee Volume 1, p. 225–232. Bombay, 1968.

(The) Jātaka
(Translation). Ed. E. B. Cowel. Cambridge, 1895–1907.

Joseph and Potiphar in Hindu fiction
M. Bloomfield. Transactions of the American Philological Association, 54, 1923, pp. 141–167.

(A) Folklore Casebook
ed. L. Edmunds, A. Dundes, 1983.

Kāthākośa : A treasury of tales (translation). C. H. Tawny. London, 1895.

Kleine Schriften
Ludwig Alsdorf. Ed. Albrecht Wezler. Wiesbaden, 1974.

Mahāvastu
Ed. E. Senart. Paris, 1882–1897.

The Mādhavānala–Kāmakandala–Kathā and its Sources.
L. Sternbach. ABORI, 54. (1974).

Motif-Index of Folk-literature.
S. Thompson. Helsinki. 1932–1936.

The Pañcatantra–text of Pūrṇabhadra (1199). J. Hertel. 1908.

(The) Nandopākhyāna, the Nanda-prabodhana and the Book of Sindbad
H. C. Bhayani, Journal of the Asiatic Society of Bombay, 56–59, 1981–84 (1986), p. 104–113.

(A) new version of Agaḍadatta story
L. Alsdorf, New Indian Antiquary, 1, p. 281–299.

(The) Ocean of Story
(Somadeva's Kathā Sarit Sāgara).
C. H. Tawny, N. M. Penzer. Delhi, 1961 (Reprint).

Pariśiṣṭaparvan
H. Jacobi. Calcutta, 1891.

(A) Study of Civakacintāmaṇi
R. Vijailakshmi. Ahmedabad, 1981.

Two Prakrit Versions of the Maṇipati Carita. R. Williams. London, 1959.

(The) Pṛthvicandracaritra of Māṇikya-sundara-sūri and its Sources
K. B. Vyas.
Journal of the Gujarat Research Society, 14, 2, 1952.

Samarāicca-kahā
Haribhdra (8th cent.). Ed. H. Jacobi, 1926.

The Sources of Padmāvaṭa
H. L. Jain. Madhya Bhāratī Bulletin (No. II) of the Institute of Languages and Research, University of Jabalpur, 16–40.

Sriyāla Seṭṭi
N. Sethuraman. DLA News, Vol. XIV, No. 5, May. 1990, Trivandrum.

Śukasaptati
R. Schmidt. Leipzig, 1893.

(The) Types of the Folktale
Antti Aarne, Stith Thompson. Helsinki, 1928.

Vasudevahiṇḍi
Jagdish Chandra Jain, L. D. Series No. 59. Ahmedabad, 1977.

Vasudevahiṇḍi–Madhyama khaṇḍa
Ed. H.C. Bhayani, R. M. Shah. L.D. Institute of Indology, Ahmedabad, 1987.

Vikrama's Adventures (Part I–II)
(The Thirty–two tales of Throne)
Franklin Edgerton. London, 1926.

# શુદ્ધિવૃદ્ધિ

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| [૬] | | છેલ્લેથી ચોથી | માર્ગાદર્શનમાં | માર્ગદર્શનમાં |
| ૩ | ૧ | ૮ | કુબેરદત્ત અને કુબેરદત્ત | કુબેરદત્ત અને કુબેરદત્તા |
| ૩ | ૨ | ૧૬–૧૯ | "સાત વર્ષની ચોખાની બાધા છોડવા માટે" એ શબ્દો ભૂલથી ૧૬મી અને ૧૭મી પંક્તિમાં મુકાયા છે. | એ શબ્દો ત્યાંથી ખસેડીને ૧૯મી પંક્તિમાં 'સંભળાવી'. પછી વાંચવા. |
| ૩ | ૨ | ૩૦ | દીનહીનને | દીનહીન ને |
| ૫ | ૨ | ૧૨ | આઠસોતેર | |
| ૫ | ૨ | ૨૯ | નિમતિ | નિર્માતા |
| ૭ | ૧ | ૧૩ | પંગળો | પાંગળો |
| ૭ | ૨ | ૨૧ | પિતાના ચરણ પખાળ્યા | પિતાનાં ચરણ પખાળ્યાં |
| ૭ | ૨ | ૨૮ | તોરી | ભેરી |
| ૮ | ૧ | ૩૪ | મુખ્ય પટરાણી | પટરાણી |
| ૮ | ૨ | ૯ | નંદવર્ધન | ૦ નંદિવર્ધન |
| ૮ | ૨ | ૨૫ | સુજેષ્ઠા | સુજ્યેષ્ઠાએ |
| ૮ | ૨ | ૨૭ | એટલે રાજા | એટલે ચેટક રાજા |
| ૮ | ૨ | ૨૯ | વિવાદ | વિવાહ |
| ૯ | ૧ | ૧૩ | અમર | અપર |
| ૯ | ૧ | છેલ્લી | અનેક | એક |
| ૯ | ૨ | ૩૨ | ખૂબ દુર્ગંધ | ખૂબ અસહ્ય દુર્ગંધ |
| ૧૦ | ૧ | ૫ | તે વખતે પેલી | તે વખતે ઉત્સવ જોતી પેલી |
| ૧૦ | ૨ | ૧૨ | આદ્રિકા રાણીને આર્દ્ર– | આર્દ્રિકા રાણીને આર્દ્ર– |
| ૧૦ | ૨ | છેલ્લીની પહેલાની | મખલિપુત્રને | મંખલિપુત્રને |
| ૧૧ | ૨ | ૩૨–૩૩ | બાકી આપવાની અડધો લાખ | આપવાની બાકી અડધો લાખ સોનામહોર |
| ૧૨ | ૧ | ૧૨ | કાપતાં પેલી | કાપતાં તેમાંથી પેલી. |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૧૨ | ૧ | ૩૧ | અને | મને |
| ૧૨ | ૧ | ૩૮ | બોલશે | બોલીશ |
| ૧૨ | ૨ | ૧૧ | પોહોર | પહોરે |
| ૧૩ | ૧ | ૧ | બાંધ્યો | વીંધ્યો |
| ૧૩ | ૧ | ૩૧ | રાજગૃહી | રાજગૃહ નગરી |
| ૧૩ | ૧ | ૩૨ | રાજકુમારે | અભયકુમારે |
| ૧૩ | ૨ | ૩ | રાજગૃહી | રાજગૃહ |
| ૧૩ | ૨ | ૧૧ | ફઈ | માસી |
| ,, | ,, | ૧૨ | કુમારને | કુમારની |
| ,, | ,, | ૨૭ | લોહજંગ | લોહજંઘ |
| ,, | ,, | ૨૯ | લોહજંગ | લોહજંઘ |
| ૧૩ | ૨ | ૩૦–૩૧ | અભયકુમારે | (રદ કરો) |
| ૧૪ | ૧ | ૩ | કાણી | કાણી ! |
| ,, | ૧ | ૪ | કોઢિયા | કોઢિયા ! |
| ,, | ૧ | ૧૭ | વસ્તુ ઉઠાવી | ત્રણ વસ્તુ ઉઠાવી |
| ,, | ૧ | છેલ્લેથી ત્રીજી | પત્નીને | પત્નીની |
| ,, | ૨ | ૧૬ | (કેકયવન્ના)ને | (કે કયવન્ના) તેને |
| ૧૫ | ૧ | ૧૧ | જયશ્રીએ | પત્નીએ |
| ૧૫ | ૧ | ૧૫ | એનો | એને |
| ૧૬ | ૧ | ૩૦ | પૂછવા | પૂજવા |
| ૧૭ | ૧ | ૩૪–૩૫ ની વચ્ચે | | ઉમેરો : [આધાર : **સિંહાસન-બત્રીસી–૨**, ૧૭મી કથા : **પંખીની વાર્તા**] |
| ૧૮ | ૧ | ૩ | રમાડમાં | રમાડતાં |
| ,, | ૧ | ૨૩ | નથી. | નથી." |
| ,, | ૨ | ૨૦ | છે. | છે," |
| ,, | ૨ | ૨૭ | પ્રહલાદનપુર પ્રહલાદ | પ્રહ્લાદનપુર પ્રહ્લાદન |
| ,, | ,, | ૩૫ | રાજાને | અંજનકેતુ રાજાને |
| ૧૯ | ૧ | | | બધે 'પ્રહલાદને' બદલે 'પ્રહ્લાદ' વાંચવું |
| ૧૯ | ૧ | ૨૧ | રાજાએ | અંજનકેતુ રાજાએ |
| ,, | ,, | ૨૩ | જેમ | જેમ મને |
| ,, | ૨ | ૧૨ | મુદ્રિકા રત્ન | મુદ્રિકારત્ન |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૧૯ | ૨ | ૧૩ | તેને | તેનો |
| ,, | ,, | ૩૧ | પડશે "અજનાએ | પડશે." અંજનાએ |
| ,, | ,, | ૩૫ | સત્યનું આચરણ કરતી રહી. | મન દૃઢ કરીને રહી. |
| ૨૦ | ૧ | ૧૬ | તેણે | (રદ કરો) |
| ,, | ,, | છેલ્લેથી ત્રીજી | વાસપુરી | શ્રીવાસપુરી |
| ૨૧ | ૧ | ૩૨ | અંધારીની | અંધ્યારીની |
| ,, | ,, | ૩૫ | અંધારીને | અંધ્યારીને |
| ,, | ૨ | ૧ | થવા પર | થવા પર કનકરથ રાજા અને મતિસાગર મંત્રીનું |
| ૨૧ | ૨ | ૨ | ઉમેરો : એ માટે જુઓ આ કથાકોશમાં **કનકરથ** રાજા અને **મતિસાગર** મંત્રી. | |
| ૨૧ | ૨ | ૧૨ | શ્રીમતિની | શ્રીમતીની |
| ,, | ,, | ૨૮ | કન્યાઓતે | કન્યાઓને |
| ,, | ,, | ૩૧–૩૨ | | વાક્ય આ પ્રમાણે સુધારો : અને કહ્યું "વિધિ કરતી વેળા ધારણ કરવાથી આ તારા દેહનું રક્ષણ કરશે" |
| ૨૧ | ૨ | છેલ્લેથી ચોથી | પંડિતોએ | પંડિતાએ |
| ,, | ,, | છેલ્લેથી ત્રીજી | દરિમ્યાન | દરિમ્યાન પંડિતા |
| ૨૨ | ૧ | ૬ | અંબડે | અંબડ |
| ,, | ,, | | | બધે 'અંધારી'ને બદલે 'અંધ્યારી' વાંચવું. |
| ૨૩ | ૧ | ૨૦ | આ કથાકોશમાં | આ કથાકોશમાં **જુગારી દેવદાસ કૃપણશેઠ** |
| ,, | ,, | ૨૭ | રથનૂપુર | રથનૂપુર નગર |
| ૨૪ | ૧ | ૧૯ | પહોચ્યા | પહોંચ્યાં |
| ,, | ૨ | ૧૨ | પત્નીઓ | પત્નીઓ અને લખી વાંદરી |
| ,, | ,, | ૧૫ | પ્રસંશા | પ્રશંસા |
| ૨૬ | ૧ | ૧૧ | દ્વવસ | દિવસ |
| ,, | ,, | | | બધે 'વૈરસિંહ' ને બદલ 'વૈરિસિંહ' વાંચવું. |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૨૬ | ૨ | ૧૦–૧૨ | આહિરાણી | આહીરાણી |
| ,, | ,, | ૧૫ | તે હસી | તે ખડખડ હસી |
| ,, | ,, | ૧૭ | ઘનદ્દપુરીમાં | ધનદ્દપુરીમાં |
| ,, | ,, | ૧૮ | ગર્વિષ્ટ | ગર્વિષ્ઠ |
| ૨૭ | ૧ | ૧૩–૧૪ | | 'દૃષ્ટાંત સમાપ્ત' પછીની બે પંક્તિ પછી જોઈએ. |
| ૨૮ | ૨ | ૨૭ | | (હંસ રાજાની ઉક્તિ ચાલુ છે અને તે ૩૧મી પંક્તિમાં 'શકશે' પછી પૂરી થાય છે). |
| ૨૯ | ૨ | ૨૫, ૨૭, ૩૫ | ધ્યાનકુંડિલિકા | ધ્યાનકુંડલિકા |
| ૩૦ | ૨ | ૧૩–૧૫ | સ્વાદિષ્ટ | સ્વાદિષ્ઠ |
| ૩૩ | ૧ | છેલ્લેથી છઠ્ઠી | આહિરાણીની | આહીરાણીની |
| ૩૪ | ૧ | ૪ | સોનાની બાર કોડીઓ | બાર કરોડ સુવર્ણ |
| ૩૫ | ૨ | ૧૬ | વિવાહ | (રદ કરો) |
| ૩૫ | ૨ | ૩૦ | કટકનો | સૈન્યનો |
| ૩૬ | ૧–૨ | | | બધે 'પ્રીતિમતિ'ને બદલે 'પ્રીતિમતી' વાંચવું |
| ૩૬ | ૨ | ૩૦ | સુલભા | સુલસા |
| ૩૭ | ૧ | ૫ | તે | 'તે' |
| ,, | ,, | ૧૬ | તેને | તે |
| ,, | ,, | છેલ્લેથી ત્રીજી | પુરુષને | પુરુષને ઊંધાડી– |
| ૩૮ | ૧ | ૯ | ભમી | કરી |
| ,, | ,, | ૩૦ | તાપસ ત્યાંથી વિદાય થયા. | ઋષિદત્તા ત્યાંથી વિદાય થઈ— |
| ,, | ૨ | છેલ્લેથી આઠમી | | 'ક'–'ખ'–'દ'–'ધ'–'ન' એમ વાંચવું |
| ૩૯ | ૧ | ૨૯ | ગયો | ગયા |
| ,, | ૨ | ૧૪ | કનક રાજા | કનકરથ રાજા |
| ૪૦ | ૨ | ૯ | અદ્દભુત કમલ | **અદ્દભુત કમલ** |
| ,, | ,, | ૨૫ | ખ્યતિ | ખ્યાતિ |
| ,, | ,, | છેલ્લેથી ચોથી | ગોવિદ | ગોવિંદ |
| ૪૧ | ૨ | ૨–૩ છેલ્લી | તેમણે | તેણે |
| ,, | ,, | છેલ્લી | સુતરને | સુથારની |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૪૪ | ૧ | છેલ્લેથી છઠ્ઠી | વિખૂટું | વિખૂટા |
| ૪૪ | ૨ | ૮ | કરતો હતો. | કરતો હતો.” |
| ,, | ,, | ૨૮ | સાથે મહાશ્વેતાને | સાથે મારે |
| ૪૫ | ૨ | ૧૦ | એણે | (રદ કરો) |
| ૪૬ | ૨ | ૧૪ | થઈશ. | થઈશ.” |
| ,, | ,, | ૨ | ચતુર્ભૂજ | ચતુર્ભુજ |
| ,, | ,, | ૨૪ | ભૂખ્ય | ભૂખ્યો |
| ૫૧ | ૨ | ૩૧ | પુરોહીતને | પુરોહિતને |
| ૫૨ | ૨ | ૨૬ | કોઈ કોઈ | કોઈ કાંઈ |
| ૫૫ | ૨ | છેલ્લેથી ચોથી | નંદાએ કહ્યું. | પ્રભાવતીએ કહ્યું. |
| ૫૬ | ૧ | ૧૦ | તમને | તેમને |
| ,, | ૨ | ૨૩ | શૌરપુર | શૌરિપુર |
| ૫૭ | ૨ | ૨૯ | કુલટા– | (પછીની સૂચિમાં ક્રમાંક ૧,૮,૯,૧૨, ૨૮,૩૧,૩૨,૩૬, ૩૭,૪૦,૪૨,૪૫,૪૬,૪૮,૫૦,- ૫૧, ૫૩,૫૫–૬૪,૬૬,૬૮,- ૬૯,૭૧,૭૨ એ શીર્ષકો સિવાયનાં શીર્ષકો પછી ‘કુલટા’ શબ્દ પૂરો પાડવો). |
| ૫૮ | ૧ | છેલ્લેથી ચોથી | સ્વચ્છંદ | સ્વચ્છંદે |
| ,, | ૨ | ૯ | પૂજો | પૂજા |
| ૫૯ | ૨ | ૧ | વીરસેને | વીરસેન |
| ૬૦ | ૨ | ૧૧ | તેણે | (રદ કરો) |
| ,, | ૨ | છેલ્લેથી આઠમી | કડીને બૂમરાણ મચાવી મૂકી. | કહીને બૂમરાણ મચાવી મૂકયું. |
| ૬૧ | ૨ | ૯ | જોતો | જોતે |
| ૬૨ | ૧ | ૨૩–૨૬ | ત્યાર પછી...પરંતુ કેદમાં રહેલા. | આને બદલે નીચે પ્રમાણે વાંચવું: —“એટલામાં શ્રેણિકનું મૃત્યુ થયું. પછી કોણિક ગાદીએ બેઠો.” |
| ૬૩ | ૧ | ૩ | ઋષિ | ઋષિએ |
| ,, | ,, | ૪ | ખંડન કરી | ખંડન કર્યું તેથી તે |
| ,, | ,, | ૨૭ | પણિયારી | પાણિયારી |
| ,, | ૨ | ૧૯ | માંડણુ | મંડણુ |
| ૬૫ | ૧ | ૩ | કામ | કામમાં |
| ૬૫ | ૧ | ૭ | પાણી | પાણીએ |
| ૬૯ | ૧ | છેલ્લી | નટવર્મા | નરવર્મા |
| ,, | ૨ | છેલ્લેથી ચોથી | તે | (રદ કરો) |
| ૭૦ | ૧ | ૩ | રત્નાવલી રત્નાવલીને | કનકાવતી કનકાવતીને |
| ,, | ૨ | ૬ | રહી છું. | રહી છું.” |
| ,, | ,, | ૧૯ | કંદોઈની | કંદોઈને |
| ,, | ,, | ૨૧ | ગાંધીની | ગાંધીને |
| ,, | ,, | ૨૯–૩૦ | સર્વ પરીક્ષા | સર્વ વસ્તુની–ગુણ પરીક્ષા |
| ૭૨ | ૧ | ૨૪ | દઈશ. | દઈશ.’ |
| ,, | ,, | છેલ્લેથી બીજી | મોઢામાં | જે મોઢામાં |
| ,, | ૨ | ૧ | બીજો | ૨. બીજો |
| ,, | ,, | ,, | શેઠપુત્રી | શેઠપુત્ર |
| ,, | ,, | ૨ | કરતી હતી | કરતો હતો |
| ,, | ,, | ૮ | ‘મુકાવું. | મુકાવું.’ |
| ,, | ,, | ૧૫ | રહ્યા પાછી | રહ્યા પછી પાછી |
| ,, | ,, | ૨૦ | માની | માની પણ |
| ,, | ,, | ૨૩ | શેઠપુત્રીનો | શેઠપુત્રનો |
| ,, | ,, | ૩૧ | ચોર | જાર |
| ૭૩ | ૨ | છેલ્લેથી બીજી | તરીકે તે | તરીકે |
| ૭૪ | ૧ | ૧૩ | પાંગળા સિદ્ધની વાત | પાંગળા સિદ્ધની આ પ્રમાણે વાત |
| ,, | ૧ | ૧૪ | આ પ્રમાણે | (રદ કરો) |
| ૭૪ | ૨ | ૨૯ | શ્રીમંત | શ્રીવંત |
| ૭૫ | ૨ | ૨૧ | બલિબાકળાને | બલિબાકળા ને |
| ,, | ,, | ૨૨ | લઈ | દઈ |
| ,, | ,, | ૩૩ | રાજાનો નિંદ્રાભંગ | નિંદ્રાભંગથી કોપાયમાન |
| ,, | ,, | છેલ્લેથી ત્રીજી | કોપાયમાન થયેલા તેણે | થયેલા રાજાએ |
| ,, | ,, | | તેના | (રદ કરો) |
| ૭૬ | ૧ | ૫ | કરી. | કરી, |
| ,, | ,, | ૧૨ | દેવદમનીએ | દેવદમનીએ તેને |
| ,, | ,, | ૩૨ | ઉમાદેએ | ઉમાદે |
| ,, | ૨ | ૫ | જોગણીઓને | જોગણીઓના |
| ,, | ,, | ૧૬ | ઉમાદેએ | ઉમાદે |
| ,, | ,, | ,, | લઈને | લઈને પોતે |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ,, | ,, | ૧૭ | તમારી | "તમારી |
| ,, | ,, | ૧૮ | કરવું છે | કરવું છે" |
| ૭૭ | ૧ | ૬ | અન્યથી | અન્યથા |
| ,, | ,, | છેલ્લેથી બીજી | ઉજ્જૈન | ઉજ્જેણી |
| ,, | ૨ | ૯ | વિક્રમે | વિક્રમ |
| ,, | ,, | ૧૭ | રાજા તેના | રાજા તમારા |
| ૭૮ | ૨ | ૯ | રોગિષ્ટ | રોગિષ્ઠ |
| ,, | ,, | ૧૭ | વિક્રમ | વિક્રમે |
| ૭૯ | ૧ | છેલ્લેથી ચોથી | દાસીને | દાસીને મોકલી |
| ,, | ૨ | ૧૭ | ચર | ચાર |
| ,, | ,, | ૨૨ | પલાસના | પલાશના |
| ,, | ,, | ૩૧ | વરનાં, માબાપ, | વર, તેનાં માબાપ, |
| ૮૦ | ૧ | ૮ | કહેવાથી મૂળના | કહેવાથી વેતાલ મૂળના |
| ,, | ૨ | ૧૪ | ચોપાટની, રમતે | ચોપાટની રમત રમતાં |
| ૮૨ | ૨ | ૧૦ | વિદ્યાર્થી | વિદ્યાથી |
| ૮૫ | ૨ | ૧૧ | ચંદને | ચંદન |
| ,, | ,, | ૧૬ | પંચદ્રવ્ય | પંચ દિવ્ય |
| ,, | ,, | છેલ્લેથી પાંચમી | કરડયો, ને મૃત્યુ પામ્યો | કરડયો. તે મૃત્યુ પામ્યો |
| ૮૬ | ૨ | ૩૧ | રાજાતે | રાજાને |
| ૮૯ | ૨ | ૨૫ | પ્રેમલાએ મને | પ્રેમલાએ મારાઓને |
| ૯૦ | ૧ | ૧૧ | ઊલટો | વીરમતીએ ઊલટો |
| ૯૨ | ૧ | ૨૮ | રાણીનો પુત્ર | રાણીના પુત્ર |
| ,, | ,, | છેલ્લી | મોહિત | મોહિત થઈ |
| ,, | ૨ | ૨૪ | કાષ્ટનો | કાષ્ઠનો |
| ૯૩ | ૨ | ૨૪ | માશી | નાસી |
| ૯૪ | ૧ | ૨૪ | વાતે | વાતો. |
| ૯૬ | ૨ | ૩ | માશ | મારા |
| ,, | ,, | ૭ | ભાઈઓને યમુનાના કાંઠે | ભાઈઓએ યમુના-કાંઠે |
| ,, | ,, | ૨૨ | તમે જ | તમે |
| ૯૭ | ૧ | ૧ | (શરૂઆતમાં ૧૪ પછી ઉમેરો: મુનિઓને નમીને ચંદ્રશેખર વિમાનમાં બેસી આગળ ચાલ્યો. વચ્ચે વનમાં ઉદ્યાન અને જિનેશ્વરનું મંદિર જોઈ ઊતર્યો. ત્યાં એક મુનિને જોયા. એટલામાં જયપુરનો જયરથ રાજા એકલો ત્યાં આવી પહોંચ્યો. તેણે મુનિને પૂછ્યું, "તમે સંસારત્યાગ કેમ કર્યો ?" મુનિએ કહ્યું, "તમારે નિમિત્તે." એટલે ચંદ્રશેખરે મુનિને પોતાનો વૃત્તાન્ત કહેવા વીનવ્યા. મુનિએ આ પ્રમાણે આત્મવૃત્તાન્ત કહ્યો : | |
| ૯૭ | ૧ | ૨૨ | રહીએ. | રહીએ." |
| ૯૮ | ૧ | ૨૭ | એક વૃદ્ધ તપસ્વીને કરતો તેણે જોયો | તપસ્વીવૃંદને કરતા તેણે જોયા. |
| ,, | ,, | ૨૮ | તેને એ તપસ્વી વિશે | એ તપસ્વીઓને તે સ્વર વિશે |
| ૧૦૦ | ૨ | ૩૪ | વિદ્યાદેવીએ | વિદ્યાદેવી |
| ,, | ,, | ૩૫ | મૂકીને તે | મૂકીને |
| ૧૦૧ | ૨ | ૧ | રાજકુમારે | રાજકુમારને |
| ,, | ,, | | બધે 'ઉજ્જૈન'ને બદલે 'ઉજ્જેણી' વાંચવું. | |
| ૧૦૨ | ૧ | ૨૯ | તેને | તે |
| ૧૦૩ | ૧ | ૧૦ | વિદ્યાધરે | જે વિદ્યાધરે સુરસુંદરીને બચાવી હતી તેણે |
| ,, | ,, | ૧૩ ત્રીજી | અદષ્ટિકરણ | અદષ્ટીકરણ |
| ,, | ૨ | છેલ્લેથી ત્રીજી | તેણે અદષ્ટિકરણ | તે અદષ્ટીકરણ |
| ૧૦૮ | ૨ | ૧૦ | તે | (રદ કરો) |
| ,, | ,, | ૧૪ | અને મારાં | અને મેં મારાં |
| ૧૦૯ | ૧ | ૧૭ | મોચના | મોચન |
| ૧૧૩ | ૨ | ૬ | વોરો | વહોરો |
| ૧૧૪ | ૨ | ૧૦ | તે | (રદ કરો.) |
| ,, | ,, | છેલ્લેથી બીજી | પ્રસ્તાવો | પસ્તાવો |
| ૧૧૫ | ૧ | ૨૨ | સુંદર | અંદર |
| ૧૧૬ | ૨ | છેલ્લેથી પાંચમી | ધરમો | ઘરમો |
| ૧૧૭ | ૨ | ૨૪ | જવા દે. | જવા દે ? |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૧૧૮ | ૧ | ૧૫ | તારી | તમારી |
| ,, | ૨ | છેલ્લેથી ૬–૭ | | શીર્ષક આ પ્રમાણે વાંચવું : જારની જગ્યાએ પોતાની માને ગોઠવી દઈને બચતી કુલટા. |
| ૧૧૯ | ૨ | ૨૪ | મોટે | માટે |
| ,, | ,, | ૨૮ | તમે | તને |
| ૧૨૩ | ૨ | છેલ્લેથી બીજી | બાવનતી | બાવનમી |
| ૧૨૫ | ૨ | ૧૩ | સ્વાદિષ્ટ | સ્વાદિષ્ઠ |
| ૧૨૭ | ૨ | ૭ | આજે તેને | આજે કર્મચંદને |
| ,, | ,, | ૮ | ગયા કે | કર્મચંદ નાસી ગયો. |
| ૧૨૮ | ૧ | ૨૬ | તેણે | તે |
| ૧૩૦ | ૨ | છેલ્લેથી છઠ્ઠી | ટિટોડી દંપતી | ટિટોડીદંપતી |
| ૧૩૧ | ૨ | છેલ્લેથી નવમી | રાજમહેલની | રાજમહેલના |
| ,, | ,, | છેલ્લેથી આઠમી | ભાગવા | ભાંગવા |
| ૧૩૪ | ૧ | ૯ | તું | (રદ કરો) |
| ૧૩૮ | ૧ | ૩ | પુરુપ | પુરુષ |
| ,, | ,, | છેલ્લી | શૃંગારમંજરી | શૃંગારમંજરી–૨ |
| ૧૪૨ | ૧ | ૨૨ | તેનું | ગુલાબવહુનું |
| ,, | ,, | ૨૩ | લીધું | લીધું |
| ૧૪૪ | ૧ | ૪ | વસતા હતા | વસતો હતો. |
| ,, | ,, | ૨૬ | નાખ્યો | નાખ્યું |
| ૧૪૯ | ૧ | છેલ્લેથી ત્રીજી | ચારણે | ચારણુ |
| ૧૫૦ | ૧ | ૯–૧૦ | ગયા હતા | ગયો હતો. |
| ૧૫૫ | ૨ | ૧૬ | | ઉમેરો : (દૃષ્ટાંત-કથા સમાપ્ત). |
| ૧૫૫ | ૨ | ૨૪ | | શરૂઆતમાં ઉમેરો: શીલવતી ધનશ્રીનું દૃષ્ટાંત |
| ૧૫૬ | ૧ | ૨૪ | | પછી ઉમેરો:(દૃષ્ટાંત-કથા સમાપ્ત) |
| ,, | ૨ | છેલ્લી | ભોળવ્યા હતા. | (તે પછી 'ધનશ્રી અને ધુતારાની કથા' ઉમેરો) |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૧૫૭ | ૧ | ૧૬ | | (તે પછી ઉમેરો : (દૃષ્ટાંતકથા સમાપ્ત.)) |
| ,, | ,, | ૩૨ | પહોંચી ગઈ". આ | પહોંચી ગઈ. આ પ્રમાણે કથા પૂરી કરીને |
| ,, | ૨ | ૧ | પરમેષ્ટી | પરમેષ્ઠી |
| ૧૬૦ | ૧ | ૪ | વિનંતિ કરી | (એ પછી ઉમેરો: (દૃષ્ટાંત સમાપ્ત)) |
| ,, | ૧ | છેલ્લેથી સાતમી | તપારી કરી | તપાસ કરી |
| ૧૬૦ | ૧ | છેલ્લેથી છઠ્ઠી | ધાર કરી | ધાર કાઢી |
| ,, | ૨ | ૨૯ | સંબાહ | સંબાહ નગર |
| ,, | ,, | ૩૦ | ગામે ગયો | ગામે પહોંચ્યો |
| ૧૬૧ | ૧ | ૮ | મેળાપ | મેળ |
| ૧૬૬ | ૧ | ૨૩ | ધનુષ્ય | ધનુષ્યની |
| ૧૬૯ | ૨ | ૧૯ | ઊંધતી | ઊંઘતી |
| ૧૭૦ | ૧ | છેલ્લેથી ચોથી | થાવા | થવા |
| ,, | ,, | ,, | નર્મદાએ | નર્મદાને |
| ૧૭૧ | ૨ | ૯–૧૦ | મને ખબર કશી નથી.' | મને કશી જ ખબર નથી.' |
| ૧૭૨ | ૨ | ૧૦ | રાજાએ 'આ | 'રાજાએ આ |
| ,, | ,, | ૨૪ | માણસથી | નરથી |
| ,, | ,, | ૩૦ | રાજાની એક રાણી નંદના | નંદ રાજાની એક રાણી |
| ૧૭૩ | ૧ | ૨૭ | નંદ | નંદે |
| ૧૭૪ | ૨ | ૨૩ | કુલંક | કલંક |
| ૧૭૫ | ૧ | ૧૦–૧૨ | | વાકય આ પ્રમાણે વાંચવું : સુરપાળ પોળિયાને ઘરનો દરવાજો ઉઘાડવા વિનંતી કરી, અને બધી વાત કરી ખાતરી માટે પોતાની વીંટી તેને સોંપી. |
| ૧૭૮ | ૧ | છેલ્લેથી નવમી | તે | તેં |
| ,, | ,, | ,, છઠ્ઠી | ચૂકી. | ચૂકી.' |
| ૧૮૦ | ૨ | છેલ્લેથી નવમી | ચકની | ચકની |
| ૧૮૧ | ૧ | છેલ્લેથી ચોથી | | 'એવો'થી નવો ફકરો |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૧૮૧ | ૧ | છેલ્લેથી ત્રીજી | | 'આ કથા'થી નવો ફકરો |
| ૧૮૨ | ૨ | ૨૮ | | 'આ કથા'થી નવો ફકરો |
| ૨૦૧ | ૧ | ૧૮ | છે. | છે.' |
| ,, | ૨ | ૨૮ | શકુન વાણી | શકુનવાણી |
| ,, | ,, | છેલ્લી | દેણુએ | દેવીએ |
| ૨૦૨ | ૧ | ૫ | ઈંદ્રએ | ઈંદ્રે |
| ૨૦૩ | ૧ | ૩૧ | | 'આ કથા'થી નવો ફકરો. |
| ,, | ૨ | ૩૦ | ઝંડિયા | ભાડિયા |
| ,, | ,, | ૩૪ | જોયું. | જોયું.' |
| ૨૦૪ | ૨ | ૧૬ | પ્રાણિગ્રહણ | પાણિગ્રહણ |
| ,, | ,, | ૨૦ | સાંભળો. | સાંભળ. |
| ,, | ,, | છેલ્લેથી દસમી | લીલા વતીનાં | લીલાવતીનાં |
| ,, | ,, | ,, બીજી | વતીએ | વતી |
| ૨૦૫ | ૧ | ૧૮ | પડોશીને | પડોશણને |
| ૨૦૯ | ૨ | ૧૫ | કાંઈ | કાંઈક |
| ૨૧૧ | ૧ | ૯ | ગુરુને કહી મંગલ-કલશ પાસે કથા કહેવડાવી. મંગલ-કલશે કથા કહેવા માંડી. | વિદ્યાર્થીઓને કોઈ રસપ્રદ કથા કહેવા કહ્યું. સૌના આગ્રહ-થી મંગલકલશે પોતાની વીતક વાત કથા તરીકે કહેવા માંડી. |
| ,, | ,, | છેલ્લેથી સાતમી | સાધકને | સિદ્ધને |
| ,, | ૨ | ૮૯ | | આ પ્રમાણે વાંચવું: જણાવ્યું, 'એ યક્ષિણીના વિરહમાં મારું મૃત્યુ થશે.' |
| ૨૧૨ | ૧ | ૮ | ધાત | ઘાત |
| ,, | ૨ | ૧૧ | પાંચ વર્ષનો થતાં | (રદ કરો) |
| ૨૧૩ | ૧ | ૫ | આત્મધાત | આત્મઘાત |
| ૨૧૪ | ૨ | ૭ | કામકંલાના | કામકંદલાના |
| ૨૧૬ | ૨ | ૨૪ | પોતાના કર્મનો | પોતાનાં કર્મને |
| ,, | ,, | છેલ્લેથી નવમી | ત્યારે | ત્યાં |
| ૨૧૮ | ૧ | ૩ | કામસેના | કામકંદલા |
| ,, | ,, | છેલ્લેથી નવમી | અધનાશા | અઘનાશા |
| ૨૧૯ | ૨ | ૮ | ગયો. | ગયા. |
| ૨૧૯ | ૨ | ૧૬ | | 'આ કથા'થી જુદો ફકરો. |
| ૨૨૨ | ૧ | છેલ્લેથી સાતમી | દંતલ | દંતિલ |
| ૨૨૪ | ૧ | છેલ્લેથી દસમી | વાનરો | વાનર |
| ,, | ૨ | ,, ચોથી | વહોરું | વહોરું. |
| ૨૨૫ | ૨ | ૧૩ | પિતાને | તેણે પિતાને |
| ૨૩૧ | ૧ | ૨૦ | પરિવેશનો | વેશનો |
| ,, | ,, | ૨૫ | પોતાના | પોતાને |
| ૨૩૨ | ૨ | ૨૦ | ધારામાં રાજ્ય કરતા | (રદ કરો) |
| ૨૪૧ | ૧ | ૧૨ | તે | તેં |
| ૨૪૪ | ૨ | ૧૬ | નગન ચર્ચા | નગરચર્ચા |
| ,, | ૨ | ૨૬ | જાંધ | જાંઘ |
| ૨૪૮ | ૨ | ૧ | પાડલિપુર | પાટલિપુત્ર |
| ,, | ,, | ૨૧ | પાડલિપુત્ર | પાટલિપુત્ર |
| ૨૪૯ | ૧ | ૧૦ | બુદ્ધિમતા | બુદ્ધિમત્તા |
| ૨૫૦ | ૧ | ૨૮ | મને ઠારે ને | મને ઠારે તે ઠરે ને |
| ,, | ,, | છેલ્લી | પછી | પૂછી. |
| ૨૫૧ | ૧ | ૭ | કોઈ | કશી |
| ,, | ૨ | ૮ | છે.' | છે. તેથી તને રાજાએ મહેલમાં પૂરી રાખ્યો છે.' |
| ,, | ,, | છેલ્લેથી ત્રીજી-બીજી | ભૂતોએ જણાવ્યું | ભૂતો વાતચીતમાં બોલ્યા. |
| ૨૫૨ | ૨ | છેલ્લેથી ચોથી | પૂછી અને | પૂછી, પછી |
| ૨૫૩ | ૨ | ૧૪ | 'પોતે | પોતે |
| ,, | ,, | ,, | સ્ત્રીને | સ્ત્રી સલૂણીને |
| ,, | ,, | ૧૫ | પરણ્યો છે,' | પરણ્યો છે, |
| ,, | ,, | ૨૮ | તેના | પોતાના |
| ૨૫૪ | ૨ | ૨ | વ્યંતરીનો | વિદ્યાધરીનો |
| ,, | ,, | ૪ | આખું વસ્ત્ર | બીજી જોડ |
| ,, | ,, | ૭ | ભૂમિતલના | ભૂમિતલ નગરના |
| ૨૫૬ | ૧ | છેલ્લેથી બીજી | ઉત્તમ | ઉત્તર |
| ,, | ૨ | ૨૦ | દેખાડું. | દેખાડું.' |
| ૨૫૮ | ૧ | ૬ | તે | (રદ કરો) |
| ,, | ,, | ૧૪ | ઉમરાનું | ઊમરાનું |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૨૬૦ | ૧ | ૯ | સવારે | સવારે આવજો. |
| ,, | ,, | ૧૦ | જેણે આગાહી કરી હતી તે | તેણે કરેલી આગાહી |
| ૨૬૦ | ૨ | ૧૫ | પરતાતા | પસ્તાતા |
| ૨૬૧ | ૨ | છેલ્લેથી સાતમી | આ પેલા | આવેલા |
| ,, | ,, | ,, ત્રીજી | કહ્યું, મરણના | કહ્યું, |
| ૨૬૫ | ૨ | ૧૮ | કકુમવતી | કુંકુમવતી |
| ૨૬૮ | ૨ | ૨૮ | પ્રત્યેક બુદ્ધ | પ્રત્યેકબુદ્ધ |
| ,, | ૨ | છેલ્લેથી બીજી | થયો | (રદ કરો) |
| ,, | ,, | છેલ્લી | હતી | જન્મ્યાં. |
| ,, | ,, | ,, | તે | વંકચૂલ |
| ૨૬૯ | ૧ | ૧ | વંકચૂલને | તેને |
| ,, | ,, | ૨૨ | જ્યારે | જ્યારે તું |
| ,, | ,, | ૨૩ | ફળતું | ફળતું તું |
| ,, | ૨ | ૭ | હટયો. | હઠયો. |
| ,, | ,, | ૧૨ | તે | તેઓ |
| ,, | ,, | ૧૩ | તેને | પલ્લીને |
| ,, | ,, | ૨૩–૨૪ | એક મોટી ઘો... પકડી | તે ચંદન ઘોની મદદથી |
| ,, | ,, | છેલ્લી | તેનું વચન માનવા | પોતાનું વચન માનવા તેને |
| ૨૭૦ | ૧ | ૧૪ | જોઈ | જોઈ ? |
| ,, | ,, | ૨૧ | જાણી, | જાણી, રાજાએ |
| ૨૭૧ | ૧ | ૯ | તેની | તેને |
| ૨૭૩ | ૧ | ૨૦ | તેલની | તેલથી |
| ૨૭૪ | ૨ | છેલ્લેથી પાંચમી | તો રાજા તને દંડશે.’ | તો હું તને દંડ દઈશ.’ |
| ૨૭૫ | ૧ | છેલ્લેથી સાતમી | વાણિયાની | વાણિયાને |
| ૨૭૭ | ૨ | ૧૬ | ચોરની | ‘ચોરની |
| ,, | ,, | ૧૮ | નથી, | નથી,’ |
| ,, | ,, | ૧૯ | આ પછી | અને નિવેદન કર્યું કે |
| ,, | ,, | ૨૧ | કરે એમ કહ્યું. | કરે. |
| ,, | ,, | છેલ્લેથી છ–પાંચ | ભાર ઉપાડવાની નોકરી કરનાર | ભારવાહક |
| ૨૭૮ | ૧ | ૧,૪,૬ | મધ | મદ્ય |
| ,, | ,, | ૯ | એક | વિજયચંદ |
| ,, | ,, | ૧૪ | સઈ | તે સઈ |
| ,, | ,, | ૨૭ | પહોંચ્યા | પહોંચ્યા |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૨૭૮ | ૨ | ૨ | વિક્રમને જોશે તો ને એને અવશ્ય પૂરો કરી નાંખશે | વિક્રમને હું જોઈશ તો એને અવશ્ય પૂરો કરી નાંખીશ |
| ,, | ,, | ૩ | આ પછી વિક્રમની | આ પછી શ્રમણને શિક્ષા કરવાની પાલુ–વિક્રમની |
| ,, | ,, | ૯ | ચાલી | બહાર પાલુ અને ખાપર ત્યાં રહ્યા. |
| ,, | ,, | ૧૨ | અંતઃપુરમાં | અંતઃપુર તરફ |
| ,, | ,, | ૧૩ | ધનુષ્યની સહાય વડે | (રદ કરો) |
| ,, | ,, | ૨૪ | જ્યોતિષે | જ્યોતિષીએ |
| ,, | ,, | છેલ્લેથી ચોથી | એણે | એણે એકાંતમાં |
| ,, | ,, | છેલ્લેથી ત્રીજી | જવાનો સંકેત કર્યો | જવાનું કહ્યું |
| ,, | ,, | છેલ્લેથી બીજી | કરશે એમ જણાવ્યું. | કરશે. |
| ૨૮૦ | ૧ | ૧૧ | હતા. પોતે | હતા : પોતે, |
| ,, | ૨ | ૪ | મારી આરત | મારે માટે પ્રેમ |
| ,, | ૨ | ૧૦ | પેલા માણસને | તેને રાજા પાસે |
| ,, | ૨ | ૧૨ | આવ્યો | તે આવ્યો |
| ૨૮૧ | ૨ | ૨૬ | દેખાડું. | દેખાડું’ |
| ૨૮૨ | ૧ | ૨૭ | હતા | હતો |
| ,, | ૧ | ૩૧ | કર્યો | કહ્યો |
| ,, | ૨ | ૧ | પહેરેલી | પહેરાવી |
| ,, | ,, | ૩૧–૩૨ | તેણે બળે | તેને બળે તેણે |
| ૨૮૩ | ૧ | ૧૦ | શીલભ્રષ્ટ | શીલ ભ્રષ્ટ |
| ૨૮૪ | ૧ | ૧૨ | ત્યારે ત્યાં ભોજન લેશું. | તારે ત્યાં ભોજન લેશું.’ |
| ૨૮૪ | ૧ | ૨૯ | છે. | છે, |
| ,, | ૨ | ૧ | પાસે | પાસે તે |
| ૨૮૬ | ૨ | ૧૫ | ભોંય | ભોંયે |
| ૨૮૭ | ૧ | ૬ | આપીશ.’ | આપીશ ?’ |
| ,, | ૨ | ૨૮ | દેદીપ્યમાન, | દેદીપ્યમાન, |
| ૨૮૯ | ૧ | ૨૬ | શબ | શબને |
| ,, | ,, | ૨૯ | અનુસરીને | અનુસરીને, |
| ,, | ,, | ૩૦ | યોગીને તેને... બતાવવા | નમસ્કાર કેમ કરવા તે બતાવવા યોગીને |
| ,, | ૨ | ૯ | તેમાંથી | તે |
| ,, | ,, | ૧૦ | એમાંથી જ | –એમાંથી જે |
| ,, | ,, | છેલ્લેથી સાતમી | જે ગમે સોંપશો. | ગમે સોંપશો.’ |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૨૯૦ | ૨ | ૨૩ | અંતરિક્ષમાં | અંતરિક્ષમાંથી |
| ૨૯૧ | ૧ | ૨૭ | વિક્રમ | વિક્રમે |
| ૨૯૨ | ૧ | ૧૨ | શબનું બલિદાન | શબ સોંપ્યું. સિદ્ધે શબનું બલિદાન |
| ,, | ૨ | ૧૫ | ભાટની | ભાટને |
| ૨૯૩ | ૨ | ૧૫ | ધરે | વેતાળે ધરે |
| ૨૯૫ | ૧ | ૧૯ | નાગશ્રીએ | નાગરાજે |
| ૨૯૬ | ૨ | ૨૬ | યોનિનીએ એની ઝોળમાંના | યોગિનીને એની ઝોળીમાંના |
| ૨૯૭ | ૧ | ૧૬ | ત્યાં | પહોંચ્યાં. ત્યાં |
| ,, | ,, | ૧૭ | પહોંચ્યાં. | (રદ કરો) |
| ૨૯૯ | ૨ | ૨૯ | સાધુ બાવાનો | સાધુબાવાનો |
| ૩૦૪ | ૧ | ૨૯ | મર્દન | ચંદન |
| ૩૦૫ | ૧ | ૬ | વણઝારાના | વણજારાના |
| ,, | ,, | ૮ | પૂર્વકાળના ધનંજય | જે પૂર્વકાળનો ધનંજય હતો તેની |
| ૩૦૭ | ૨ | છેલ્લી | કથા–ચૂના | કાથા–ચૂના |
| ૩૦૯ | ૨ | ૨૧ | થશે | થશે ?' |
| ૩૧૧ | ૨ | ૨૬ | પ્રસંશા | પ્રશંસા |
| ૩૧૨ | ૨ | છેલ્લેથી છઠ્ઠી | રાજસળામાં | રાજસભામાં |
| ૩૧૩ | ૧ | ૧૭ | થયા | થવા |
| ,, | ,, | છેલ્લેથી આઠમી | બાવનવીરને... મોકલ્યો. | બાવન વીરને... મોકલ્યા. |
| ૩૧૫ | ૨ | ૮ | પેલાને | પોતાને |
| ,, | ,, | ૨૪ | રહું. | રહું ? |
| ૩૧૬ | ૧ | ૨૯ | દોહરાનો | દોહરાના |
| ,, | ૨ | ૨૨ | માંડ્યો. | માંડ્યું. |
| ૩૧૮ | ૧ | ૩ | ત્યારે | ત્યારે તેણે |
| ,, | ૨ | ૨ | તેણે તેને | તેને સેજાએ |
| ૩૧૯ | ૨ | ૨૪ | પેટીમાં પડેલો સર્પ | તે પેટીમાં પડેલા સર્પના |
| ૩૨૦ | ૧ | છેલ્લેથી નવમી | 'વચ્ચે તેણે | 'વચ્ચે મેં |
| ,, | ,, | ,, આઠમી | તે બીજે | હું બીજે |
| ,, | ,, | ,, છઠ્ઠી | તમારો | 'તમારો |
| ,, | ,, | ,, પાંચમી | છે, | છે,' |
| ,, | ,, | ,, ત્રીજી | તેનો પડઘો સાંભળીને | પડઘો સાંભળીને, |
| ,, | ,, | ,, બીજી | પડકાર આપતા સિંહને | કૂવામાંનો સિંહ પડકાર આપે છે એમ સમજી તેને |
| ૩૨૧ | ૨ | ,, ચોથી | કુમારને | કુમારને એક તાપસે |
| ૩૨૨ | ૧ | ૧૦ | દેવે | એક દેવે |
| ,, | ,, | ૩૧ | તમોએ | તમે |
| ,, | ,, | ૩૩ | ધનવતી | ધનવતીને |
| ૩૨૩ | ૧ | છેલ્લેથી બીજી | સ્ત્રીઓની સાથે સંયમ રાખીને | સ્ત્રીઓ સહિત સંયમ પાળીને |
| ,, | ૨ | ૨૫–૨૭ | એને સાહસિક... થયો. | (આ વાક્યો ૩૨ મી પંક્તિ પછી વાંચવાં) |
| ,, | ,, | છેલ્લેથી ચોથી | સહાયક સાધન | ઉત્તરસાધક |
| ૩૨૯ | ૧ | છેલ્લેથી પાંચમી | લક્ષણો | કુલક્ષણો |
| ,, | ,, | ,, ત્રીજી | દેહ પર આ બધાં ચિહ્નો | દેહમાં કાબરું આંતરડું |
| ,, | ,, | ,, બીજી | ત્યારે | ત્યારે વિક્રમના સત્ત્વનો પુરાવો જોઈ |
| ૩૨૯ | ૨ | ૧૨ | ત્યાં આવી લાગ્યો | સભામાં ઉપસ્થિત થયો. |
| ૩૩૦ | ૧ | ૧૫ | | ઉમેરો : (વાર્તા કહેનાર પૂતળી રતન) |
| ૩૩૭ | ૨ | છેલ્લેથી દશમી | બેઠી છે | બેઠી છે, |
| ,, | ,, | છેલ્લેથી આઠમી | બોતેર | બોંતેર |
| ૩૩૮ | ૧ | ૧૦ | વાયદામાં | 'વાયદામાં |
| ,, | ,, | ૧૨ | કરશે. | કરશે.' |
| ,, | ,, | ૧૮ | ભરીને | ભરીને દરવાજેથી |
| ,, | ૨ | ૧૩ | ભોજરાજ | ભોજરાજા |
| ૩૩૯ | ૨ | ૧૮–૧૯ | ગુટિકા મુખમાં... થઈ જશે,' | ગુટિકા તું મુખમાં રાખીશ,...રહીશ ...કાઢીશ..જઈશ,' |
| ૩૪૧ | ૧ | ૧૧ | માણસે | માણસને |
| ૩૪૩ | ૧ | ૧૫ | ઠાઠમાઠની | ઠાઠમાઠથી |
| ,, | ૨ | ૨૯ | નોતર્યો | નોતર્યા |
| ૩૪૫ | ૧ | ૧૭ | પદ્મવનને બદલે તે દિવસે | ધુવડ પદ્મવનમાં નહીં, પણ દિવસે તે |
| ,, | ,, | ૧૮ | તેણે હંસને | હંસને તેણે |
| ,, | ,, | છેલ્લેથી પાંચમી | પંચાખ્યાન | (પંચાખ્યાન |
| ૩૪૬ | ૧ | ૭ | હસાના | હંસાના |
| ,, | ૨ | ૩૧ | વિક્રચરિત્ર | વિક્રમચરિત્ર |
| ૩૪૭ | ૨ | ૧૪ | પહોંચ્યો | પહોંચ્યો |
| ૩૪૯ | ૨ | ૯ પછી | | ઉમેરો : ('હંસાઉલી' પહેલો ખંડ સમાપ્ત.) |
| ૩૫૦ | ૧ | ૨૦ | હસ | હંસ |
| ૩૫૧ | ૧ | ૨ | | ઉમેરો : ઉ.પ. : ઉપદેશપદ (ગુજરાતી અનુવાદ) |
| ,, | ૨ | ૧ | સંગ્રહ | સંબંધ |
| ,, | ૨ | ૩ પછી | | ઉમેરો : રા. સા. : રાસ સાહિત્ય |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૩૫૧ | ૨ | ૪ પછી | | ઉમેરો : |
| | | | લો.સા.સં. : લોકસાહિત્ય : સંપાદન અને સંશોધન. | |
| | | | વ.હિં : વસુદેવ હિન્ડી(ગુજરાતી અનુવાદ). | |
| | | | શી. બા. : શીલોપદેશમાલા-બાલાવબોધ | |
| ૩૫૨ | ૧ | ૧૦ | અબંડ | અંબડ |
| ૩૫૬ | ૨ | ૩ | ગૃહથાશ્રમનો | ગૃહસ્થાશ્રમનો |
| ,, | ,, | ૧૭ | પડકાતો | પકડાતો |
| ૩૫૭ | ૧ | ૬ | પ્રભાવધ | પ્રભાવ. |
| ,, | ૨ | ૧ | અભયદંડ | અભય દંડ, |
| ,, | ૨ | ૧૬ | ચમત્કારી | ચમત્કારી |
| ૩૬૧ | ૧ | ૮ | પુરુષચરિય | પુરિસચરિય |
| ,, | ૨ | ૪ | મૂકીને આરોપ | અરાપ મૂકી |
| ૩૬૨ | ૧ | ૧૫ | સુહૃ | સુદ્દહુ |
| ૩૬૩ | ૧ | ૪ | પછીનામાં | પછીના)માં |
| ૩૬૩ | ૧ | ૮ | સૂત્ત | સૂત્ર |
| ૩૬૩ | ૧ | ૨૮ | 'પ્રબંધચિંતા-મણિકા—એક | 'પ્રબંધચિંતા-મણિકા એક |
| ૩૬૩ | ૨ | ૨૩ | તેલ | લોહી |
| ૩૬૪ | ૧ | ૪ | જાણુઈ | જાણુઈ |
| ,, | ,, | ૨૬ | રૂપાંતરો | રૂપાંતરો માટે જુઓ |
| ,, | ,, | ૩૦ | ઘટક, | ઘટક. |
| ,, | ,, | ૩૨ | કમળ | કમળ. |
| ,, | ૨ | ૧૩ | હંસાવલી | 'હંસાવલી' |
| ૩૬૫ | ૧ | છેલ્લેથી ત્રીજી | સર્વ— | 'સર્વ— |
| ,, | ૨ | ૧૧ | સમરાઈચ્ચિકહા | સમરાઇચ્ચકહા |
| ,, | ,, | છેલ્લેથી આઠમી | ઘટક | ઘટક ૬. |
| ,, | ,, | ,, ચોથી | હંસાવતી, છઠ્ઠો ઘટક (રદ કરો) | |
| ,, | ,, | ,, ત્રીજી | કથા) | કથા); |
| ૩૬૬ | ૧ | ૧૬ | 'પૃથ્વીચંદ્રચરિત' | 'પૃથ્વીચંદ્રચરિત' |
| ,, | ,, | ૨૭ | ગુણાવલી અને ગુણકરંડ, ચંદ્રલેખા | **ગુણાવલી અને ગુણકરંડ, ચંદ્રલેખા,** |
| ૩૬૬ | ૧ | ૨૮ | સુમતિવિલાસ, વગેરે આજ | સુમતિવિલાસ વગેરે. આ જ |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૩૬૬ | ૧ | ૩૨ | —૮૫) | —૮૫). |
| ,, | ,, | છેલ્લેથી બીજી | ૯૬ | ૯૬) |
| ,, | ૨ | ૧ | કહાનિયાં' | કહાનિયા.' |
| ,, | ,, | ૨૪ | હેંડો વાત માંડીએ | 'હેંડો વાત માંડીએ,' |
| ૩૬૭ | ૧ | ૬ | કથા) | કથા). |
| ,, | ,, | ૧૫ | ઉ દ્યાન | ઉદ્યાન |
| ,, | ,, | ૨૩ | ઈતર | ઇતર |
| ,, | ,, | ૨૪ | મ્રનુષ્યનું | મનુષ્યનું |
| ,, | ,, | ૨૯ | માછીમારની | (માછીમાર)ની |
| ,, | ૨ | ૩ | કથામાં | કથામાં, |
| ,, | ,, | ૩ | વાર્તા'માં | વાર્તા'માં, |
| ,, | ,, | ૪ | મોહના માં | મોહનામાં, |
| ૩૬૮ | ૧ | છેલ્લેથી ૧૧મી | વિદ્યાધર | વિદ્યાધર |
| ,, | ,, | બીજી—પહેલી | ઘોસકની... મળે છે. | 'અંગુત્તર-નિકાય'માં મળતી ઘોસકની કથા પણ આનું જ એક રૂપાંતર છે. |
| ,, | ૨ | ૪ | Gliickskind | Gluckskind |
| ,, | ,, | ૭ | ('ભણાવજો')ને | ('ભણાવજો') |
| ,, | ,, | ૯ | અધીયતામ્ | અંધીયતામ્ |
| ૩૬૯ | ૧ | ૧૫ | પરમ | પશ્ય |
| ,, | ૨ | ૧૨ | દૃષ્ટાંત કથા) | દૃષ્ટાંત કથા); |
| ,, | ,, | ૧૪ | 'પઉમચરિય' | 'પઉમચરિય'માં. |
| " | ,, | ૧૯ | કથા) | કથા); |
| ,, | ,, | ૨૦ | કથા) | કથા); |
| ૩૭૦ | ૧ | ૪ | રૂપાંતર : મનુષ્યનું | રૂપાંતર (મનુષ્યનું |
| ,, | ,, | ૬ | ઘટક | ઘટક. |
| ,, | ,, | ૭ | ઘટક | ઘટક. |
| ,, | ,, | ૧૦ | (સિં. બ.—૨) | (સિં. બ.—૨), |
| ,, | ,, | ૧૨ | કથા) | કથા |
| ,, | ,, | ૧૩ | ઘટક; | ઘટક); |
| ,, | ,, | ,, | વેતાલપચીસ—૨ | વેતાલપચીસી—૨; |
| ,, | ,, | ૨૧ | ઘટક | ઘટક. |
| ,, | ,, | ૨૫ | ગયો: | ગયો |
| ,, | ,, | ,, | કથા) | કથા) : |
| ,, | ૨ | ૧૭ | 'હરિભદ્ર' કે 'પ્રાકૃત | 'હરિભદ્ર કે પ્રાકૃત |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૩૭૧ | ૧ | ૨૩ | સાહિત્યમાં | સાહિત્યમાં 'દિવ્યાવદાન' વગેરેમાં જે પૂર્ણ શ્રેષ્ઠીની કથા મળે છે તેમાંનો શરૂઆતનો અંશ આને મળતો છે. જુઓ 'કમળના તંતુ', પૃ.૨૪૮ અને પછીનાં. |
| ,, | ,, | ૨૯ | પ્રાકૃત ઉકેલે છે. | ઉકેલે છે. પ્રાકૃત |
| ,, | ,, | ૩૦ | 'ધન્ન-પુત્ર ચઉક્કક્ખાણય' | 'ધન્ન-પુત્ત-ચઉક્કક્ખાણય' |
| ,, | ,, | છેલ્લેથી ત્રીજી | 'કુમારપાળ- | 'કુમારપાલ- |
| ,, | ,, | બીજી | ધણુકા-ધણુકીની | ધણુકા-ધણુક્કાની |
| ,, | ,, | છેલ્લી | પૂર્વભવની | 'પૂર્વભવની |
| ,, | ૨ | ૧૬ | ચોર ચોરની | ચોર : ચોરની |
| ,, | ,, | ૨૬ | મહિમા | મહિમા : |
| ,, | ,, | છેલ્લી | અન્નસત્ર | અન્નસત્ર, |
| ૩૭૨ | ૧ | ૩ | (૨ ચિત્ર | (૨) ચિત્ર |
| ,, | ,, | ,, | દ્વારા | દ્વારા: |
| ,, | ,, | ૪ | વર્ણાનુક્રમે | વર્ણાનુક્રમે. |
| ,, | ,, | ,, | દ્વારા | દ્વારા: |
| ,, | ,, | ૬ | વિચિત્ર વારસો | આ નોંધની પછી **વિદ્યાચતુર અને બુદ્ધિચતુર શીલવતી** (કથાકોશ, પૃ. ૨૮૧) ને લગતી નીચેની નોંધ મૂકવી. ખરી રીતે આ કથાનું સ્થાન **શીલવતી-૧** તરીકે **શીલવતી-૨** (કથાકોશ, પૃ. ૩૦૧) પછી હોવું જોઈએ. |
| ,, | ,, | ૭ | **વિધાતાની શોધમાં** | (આ નોંધ ક્રમાનુસાર અહીંને બદલે **વિભક્ત કુટુંબ** એ નોંધની પહેલાં મૂકવી) |
| ૩૭૨ | ૧ | ૯ | (ટિ). | (ટિ) |
| ,, | ,, | ૧૪ | પછીનાં | પછીનાં. |
| ,, | ,, | ૧૮ | વચ્ચે ગુરુપુત્ર | વચ્ચે, ગુરુપુત્ર |
| ,, | ,, | છેલ્લેથી ત્રીજી | જોગણીઓ. | જોગણીઓ |

| પૃષ્ઠ | સ્તંભ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૩૭૨ | ૧ | છેલ્લેથી ત્રીજી | કથા) | કથા). |
| ,, | ૨ | ૪ | 'ભવિયસત્ત- | 'ભવિસયત્ત- |
| ,, | ,, | ૧૦ | ઘટક. | ઘટક |
| ,, | ,, | ૨૦ | ઘટક, | ઘટક; |
| ,, | ,, | ૨૩ | ઘટક, | ઘટક; |
| ,, | ,, | ૨૭ | બાલવબોધ' | બાલાવબોધ', |
| ,, | ,, | છેલ્લેથી | ઘટક, | ઘટક; |
| ૩૭૩ | ૧ | ૮ ત્રીજી | બંધૂલ અને મલ્લિકા | બંધુલ અને મલ્લિકા. જુઓ Dictionary of Pali Proper Names : Bandhula નીચે |
| ,, | ,, | ૩૦ | શુદ્ધ શીલતા | શુદ્ધશીલતા |
| ,, | ૨ | ૫ | ત્રણુ | ત્રણુ પિંડ |
| ,, | ૨ | ૨૪ | તિરુચેન કટ્ટનકુડીમાં | તિરુચેનકટ્ટનકુડીમાં |
| ,, | ૨ | ૩૨ | દિવ્ય) | દિવ્ય), |
| ૩૭૪ | ૧ | ૪ | મૂગપક્ત | મૂગપક્ખ |
| ,, | ,, | ૭ | કરેલો છે. | કરેલો છે. જુઓ સંદર્ભસૂચિમાં The Act ot Truth. |
| ,, | ,, | ૧૬ | બોધ' | બોધ.' (પૃ. ૩૭૬). |
| ,, | ,, | ૧૮ | દોરવા | દોરવા, |
| ,, | ,, | ૨૩ | જાય છે. | જાય છે- |
| ,, | ,, | ૨૯ | ઉમિયાસહિતો | ઉમયા સહિતો |
| ,, | ,, | ૩૪ | એ | એક |
| ,, | ૨ | ૩૩ | ચંદ્રચંદ્રાવતી | 'ચંદ્રચંદ્રાવતી', |
| ,, | ,, | ૩૫ | આપતો | આપતો નાયક |
| ,, | ,, | છેલ્લેથી ચોથી | કથા | કથા. |
| ૩૭૫ | ૧ | ૨૦ | ( ) સાંકેતિક | (૨) સાંકેતિક |
| ,, | ,, | છેલ્લેથી પાંચમી | | |
| ,, | ,, | ૧૫ | 'વીર વિક્રમ' | 'વીર વિક્રમ |
| ,, | ,, | ૧૮ | પરંપરામાં | પરંપરામાંથી |
| ,, | ,, | ૩૩ | ફૂલટા | કુલટા |
| ,, | ,, | ૩૫ | 'બૃહત્કથા' | 'બૃહત્કથા', |
| ,, | ,, | છેલ્લી | -૪૭) | -૪૭). |
| ૩૭૬ | ૧ | ૨૮ | સૂડાબહોંતેરી, | સૂડાબહોંતેરી. |
| ,, | ,, | ૨૯ | વિંશતિકા; | વિંશતિકા, |

૩૮૪. સંદર્ભસૂચિમાં ઉમેરો :

સિંહલસુત-ચોપાઇ (=સિંહલસુત-પ્રિયમેલક-રાસ) સમયસુંદર(૧૬૧૬). સમયસુંદરરાસપંચક. સંપા. ભંવરલાલ નાહટા. બીકાનેર, ૧૯૬૧.

# વિશેષ નોંધ

**સિંહાસન-બત્રીસી-૧.** મલયચંદ્રકૃત 'સિંહાસનબત્રીસી'માં કથાઓ અત્યંત સંક્ષિપ્તરૂપમાં આપેલી હોવાથી, તથા પાઠ ઘણે સ્થળે ભ્રષ્ટ હોવાથી તેના કોઈ કોઈ કથાસારમાં કેટલીક અસ્પષ્ટતા અનિવાર્યપણે રહેલી છે. સંદર્ભ, પાઠાંતર વગેરેને આધારે અહીં કેટલીક અસ્પષ્ટતા દૂર કરવા પ્રયાસ કર્યો છે. તે તે સ્થળના કથાસારના સુધારા નીચે દર્શાવ્યા છે.

**પા. ૩૨૪** પહેલી ચાર પંક્તિ આ પ્રમાણે વાંચવી : સુધી જુદી જુદી કથાઓ કહી. એ 'વૈતાલ-પંચવીસી' નામે જાણીતી થઈ. પછી શબે કહ્યું, 'હે રાજા, આ તો કપટી યોગી છે. તેનો બત્રીસલક્ષણાનો બલિ આપીને સુવર્ણપુરુષ સિદ્ધ કરવો છે. તેથી તે તારું બલિદાન આપશે.' બીજી રાત્રિએ વિક્રમે યોગીની જ આહુતિ આપીને તે કામ પોતે સિદ્ધ કર્યું.

**પહેલી કથા :** **પહેલા સ્તંભમાં** છઠ્ઠી પંક્તિ આ પ્રમાણે વાંચવી : ભાનુમતી જેવું રૂપ આલેખી જ્ઞાની પુરોહિત શારદાનંદને તે

૧૩મી-૧૪મી પંક્તિ આ પ્રમાણે વાંચવી : એક વાર રાજકુમારને શિકારે જતાં ઘણાં જ અપશુકન થયાં. ત્યાં વાઘને જોઈને તે એક ઝાડ પર ચડી ગયો.

૨૩મીથી ૨૬મી પંકિત આ પ્રમાણે વાંચવી : ઝાડની ડાળીએ વળગીને બચી ગયો. તેણે કુંવરને કૃતઘ્નતા આચરવા બદલ શાપ આપ્યો, એટલે કુંવર બીજું કશું પણ બોલવાને બદલે માત્ર 'વિસેમિરા' એટલું જ રટવા લાગ્યો. રાજકુમારનો વાઘથી ત્રાસેલો ઘોડો રાજ્યમાં પાછો ફર્યો તેને જોઈ રાજા નંદ

**બીજા સ્તંભમાં** ત્રીજી ૮મી પંક્તિ આ પ્રમાણે વાંચવી : હવે રાજા પોતાના જ્ઞાની પુરોહિત શારદાનંદની હત્યા અંગે પસ્તાવા લાગ્યો. રાજાએ કુંવરને સાજો કરનારને અર્ધું રાજ્ય આપવાનું જાહેર કર્યું. શારદાનંદને એ સાંભળીને મંત્રીને સમજાવીને રાજાને એમ કહેવા કહ્યું કે શારદાનંદની સાત વરસની પુત્રી કુંવરનો ઉપચાર કરશે. રાજા પુત્રને સાથે લઈને પ્રધાનને ઘેર ગયો. પડદા પાછળ રહીને શારદાનંદને 'વિસેમિરા' એ ચાર અક્ષરનો ખુલાસો આ પ્રમાણે આપ્યો : **વિશ્વાસ** રાખનારને છેતરવામાં (આ પછીની ૯ મીથી ૧૨ મી પંકિતમાં '**સેતુબંધ**' '**મિત્રદ્રોહ**' અને '**રાજા**' એમ સુધારી લેવું).

**પૃ. ૩૨૬, સ્તંભ બીજો**

**ચૌદમી કથા :** નવમી પંક્તિ આ પ્રમાણે વાંચવી : એક રાત્રે એક રાજપૂત ફરતો ફરતો, ઊંઘ આવવાથી ૧૫મી-૧૬મી પંક્તિ આ પ્રમાણે વાંચવી : વિચાર્યું એ વખતે નગરનો અપુત્ર રાજા મરણ પામતાં પંચ દિવ્યોએ આ રજપૂત પર કળશ ઢોળી રાજછત્ર ધર્યું. તે રાજ્ય કરવા લાગ્યો. એક વાર તે પોતાની રાણી સાથે ચોપાટ રમતો હતો ત્યારે શત્રુઓએ ઘેરો ઘાલ્યો. રાણીએ રાજાને કહ્યું, 'શત્રુ પર વિજય કરીને આવો પછી રમત રમીએ'. રાજાએ કહ્યું, 'જે વડયક્ષે રાજ્ય દીધું છે તે જ ચિંતા કરશે.' એટલે યક્ષે શત્રુઓને ભગાડયા.

**પંદરમી કથા :** પંકિત ૯મીથી ૧૩મી આ પ્રમાણે વાંચવી : પહોંચ્યો અને કઢાઈમાં ઝંપલાવ્યું. તે માંસનો પિંડ બની ગયો. દેવીએ પ્રસન્ન થઈ અમી સીંચી વિક્રમને સજીવન કર્યો. મદનસંજીવનીએ પોતા સહિત વિક્રમને પોતાનું રાજ્ય સોંપ્યું. વિક્રમે તે બંને સુમિત્રને આપી દીધાં. (વાર્તા કહેનાર પૂતળી ભોગનિધિ).

**પૃ. ૩૨૭ પહેલો સ્તંભ :**

**સોળમી કથા :** ત્રીજી પંકિત આ પ્રમાણે વાંચવી : ઉજ્જયિની આવેલ વિક્રમરાજા એક વાર ઉપવનમાં ગયો.

છઠ્ઠી પંકિત આ પ્રમાણે વાંચવી : વિક્રમે ધર્માધિકારીને સંસારનો મોહ ઉતારવા શું કરવું એમ પૂછતાં.

**સત્તરમી કથા :** પંકિત ૧૦મીથી ૧૨મી આ પ્રમાણે વાંચવી : નિવારવા વિક્રમ તેના રાજ્યમાં ગયો અને અગ્નિકુંડમાં ઝંપલાવવા તૈયાર થયો. દેવતાએ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું. વિક્રમે, 'અગ્નિકુંડમાં પડયા સિવાય ચંદ્રશેખરનું વાંછિત મળે' એવું વરદાન માગ્યું. આવો ઉદાર

**પૃ. ૩૨૭. બીજો સ્તંભ :**

**ઓગણીસમી કથા :** પંક્તિ પાંચમી–છઠ્ઠી આ પ્રમાણે વાંચવી : ગયો, તો તેણે એક પર્વતની તળેટી પાસે બંધ ગુફાદ્વાર જોયું. તે ઘોડો મૂકીને બારણાં ઉઘાડી અંદર ગયો.

નવમી પંક્તિ આ પ્રમાણે વાંચવી : બલિરાજાએ વિક્રમનો આદરસત્કાર કર્યો, અને તેને નીરોગી બનાવતો અને સુવર્ણ બનાવતો એમ બે ચમત્કારી રસ.

પંક્તિ ૧૧મી આ પ્રમાણે વાંચવી : એક બ્રાહ્મણ અને તેનો પુત્ર મળ્યા. રાજાએ બ્રાહ્મણને નીરોગી–રસ–સિદ્ધિ

**વીસમી કથા :** ૧૬મી પંક્તિ આ પ્રમાણે વાંચવી : ત્રણેય વસ્તુઓ તેને આપી દીધી અને તેની સહાયથી પેલાએ પોતાનું રાજ્ય પાછું મેળવ્યું.

**પૃ. ૩૨૮. પહેલો સ્તંભ.** છઠ્ઠી–સાતમી પંક્તિ આ પ્રમાણે વાંચવી : પાણીની નીચે એક મહાનગર હતું. તે નગરમાં રાજ્ય કરતી દેવીએ વિક્રમને ત્યાં રહી જઈ ભોગ ભોગવવા કહ્યું. વિક્રમે 'તમે કોણ

નવમી પંક્તિ આ પ્રમાણે વાંચવી : વાળાં આઠ રત્નો વિક્રમને આપ્યાં. વિક્રમે તે રત્નો લીધાં અને

**બાવીસમી કથા :** ત્રીજી પંક્તિ આ પ્રમાણે વાંચવી : વિક્રમ દેશાવરમાં ઋષભદેવના મંદિર પાસે પહોંચ્યો. સ્તવન

પંક્તિ દસમી–અગિયારમી આ પ્રમાણે વાંચવી : દેવીમંદિરે પહોંચીને ત્યાં તે સૂઈ ગયો. એ વખતે દેવે સ્વપ્નમાં આવીને તેને એવું કહ્યું કે બત્રીસલક્ષણો માણસ બલિ થાય, તો આ

**બીજો સ્તંભ :** બીજી પંક્તિ આ પ્રમાણે વાંચવી : સ્વરૂપવાન બાલવિધવા બ્રાહ્મણીનો એક દેવે ઉપભોગ કરતાં તેને

પંક્તિ છઠ્ઠી–સાતમી આ પ્રમાણે વાંચવી : જન્મ આપ્યો તેનું નામ શાલિવાહન રાખ્યું. રાજસભામાં ગયેલા એ શાલિવાહને શેઠપુત્રોને વારસાનું રહસ્ય ઉકેલતાં કહ્યું કે...

---